


# નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચન

## ભાગ-૨








—: પ્રકાશક :—

શ્રી કુંદકુંદકહાન દિગંબર
જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ
(પાર્લા-સાંતાક્રુઝ) મુંબઈ

वीतरागाय नमः।

# નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચન

## (ભાગ - ૨)

**શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર**
**પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના**
**પ્રવચનોનું અક્ષરશઃ પુસ્તક**

(નાટક સમયસાર  અજીવ દ્વાર પદ ૮ થી ૧૪,
કર્તા કર્મ ક્રિયાદ્વાર પદ ૧ થી ૩૬, પુણ્ય-પાપ એકત્વદ્વાર પદ
૧ થી ૧૬, આસ્રવ દ્વાર પદ ૧ થી ૧૫ તથા
સંવર દ્વાર પદ ૧ થી ૧૧)

(પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન નં. ૩૪ થી ૬૮)

—: પ્રકાશક :—
શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ,
(પાર્લા-સાંતાક્રુઝ) મુંબઈ-૪૦૦૦૫૬

પ્રથમ આવૃત્તિ    પ્રત : ૧૦૦૦

વિ.સં. ૨૦૭૧    વીર સં. ૨૫૪૧    ઈ.સ. ૨૦૧૫

**-: પ્રકાશન તિથિ :-**

શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર, પાર્લા–સાંતાક્રુઝ પ્રતિષ્ઠા પ્રસંગે
તા. ૧૭–૫–૨૦૧૫ થી ૨૨–૫–૨૦૧૫, વૈશાખ વદ–૧૪ થી જેઠ સુદ ૫

**નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચન ભાગ-૨**

*** પુસ્તક પુરસ્કૃતકર્તા ***

**ડો. લીનાબેન અનિલકુમાર મોદી, પાર્લા**

**શ્રી ઇવેટ મીલન શાહ, એન્ટવર્પ**

## : પ્રાપ્તિસ્થાન :

(૧) **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ-૩૬૪૨૫૦**
જિ. ભાવનગર
**ફોન નં. ૦૨૮૪૬-૨૪૪૩૩૪**

(૨) **શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિર**
**C/o શ્રી કુંદકુંદકહાન દિગંબર**
**જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝ**
૪૭, ચર્ચ રોડ, ધનજી મહેતા ગ્રાઉન્ડ સામે
વિલેપાર્લા-(વેસ્ટ)
**મુંબઈ—૪૦૦૦૫૬**
**ફોન નં. ૦૨૨-૨૬૬૩૧૧૬૫**

(૩) **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ,
વીલેપાર્લા (વેસ્ટ)
**મુંબઈ—૪૦૦૦૫૬**
ટે.નં. ૦૨૨–૨૬૧૩ ૦૮૨૦ / ૨૬૧૦ ૪૯૧૨

(૪) **શ્રી સીમંધર ભગવાન દિ. જિનમંદિર**
**C/o શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**
પ્લોટ નં. ૭૪૨, પૂજ્ય ગુરુદેવ
શ્રી કાનજીસ્વામી માર્ગ, સીંપોલી કોર્નર,
સોનીવાડી સામે, બોરીવલી (વેસ્ટ),
**મુંબઈ—૪૦૦૦૯૨**
**ફોન નં. ૦૨૨-૨૮૯૯ ૧૩૭૮**

## મૂલ્ય : સ્વાધ્યાય

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**મો. ૦૯૮૨૪૯૪૪૪૦૧**

ટાઈપ સેટીંગ :
**અરિહંત કોમ્પ્યુટર ગ્રાફિક્સ**
**સોનગઢ (જિ. ભાવનગર)**
**મો. ૦૯૯૦૪૧૦૪૪૩૨**



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!



અધ્યાત્મયુગસ્રષ્ટા પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# ગુરુભક્ત શિરોમણિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હૃદયસાગરમાંથી વહેલા ગુરુ ઉપકાર મહિમાવંત ઉદ્‌ગાર

## આ કાળે ગુરુદેવ મળવા દુર્લભ છે.

આ પંચમકાળે પૂજ્ય ગુરુદેવ મળવા મુશ્કેલ છે. ગુરુદેવ મળ્યા તે જ બેડો પાર છે. તેમના જેટલા ગુણગાન કરીએ એટલા ઓછા છે. તેમની નિરંતર વાણી ને નિરંતર સાન્નિધ્ય મળવું મુશ્કેલ છે. તેમનો એક એક શબ્દ આત્માને બતાવનારો, આત્માને જગાડનારો ને જે પુરુષાર્થ કરે તેને અનુભૂતિ થઈ જાય તેવી વાણી હતી. ગુરુદેવે તો સ્વયં ચૈતન્યને પ્રગટ કર્યો. 'તરણ—તારણ' પોતે તરીને બીજાને તારનાર હતા.

## કલ્યાણકારી વાણી ટેપમાં

શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની પૂજ્ય ગુરુદેવની શક્તિ કોઈ અજબની હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતાં ગંભીર ભાવો સાંભળતાં ઘણીવાર એમ થતું કે આ તો શું શ્રુતસાગર ઊછળ્યો છે! આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે? ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા જાણે કે સાંભળ્યા જ કરીએ. અનુભવરસમાંથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા. પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભુક્કા ઉડાડી દે તેવી દૈવી તેમની વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેપ(સીડી)માં ઉતરીને જીવંત રહી. ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે આ મુમુક્ષુ સમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે.

## શ્રુતની શૈલી ગજબ

ગુરુદેવની શ્રુતની શૈલી ગજબ છે. તેમાં નિશ્ચય-વ્યવહાર, અસ્તિ-નાસ્તિ, ઉપાદાન-નિમિત્ત બધું જ તેઓએ સમજાવ્યું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે નહિ, દિગંબર ધર્મથી જ મોક્ષ છે. બધો ખુલાસો કર્યો. મુક્તિનો માર્ગ ગુરુદેવે સ્પષ્ટ કર્યો, શ્રીમદ્‌ રાજચંદ્રના કેટલાક અર્થો પૂજ્ય ગુરુદેવે ખુલ્લા કરી સમજાવ્યા. તીર્થંકર ભગવાનની જેમ માર્ગ પ્રકાશ્યો....શ્રુતની ધારા જુદી જ....

મને(પૂ. બહેનશ્રીને) તત્ત્વની ઝંખના ઘણી. અંદરથી પોકાર આવતો પણ માર્ગની સ્પષ્ટતા તો ગુરુદેવે જ કરી. જેનાથી ઉપકાર થયો હોય તેનું નામ કેમ ભુલાય ?

*

# પ્રસ્તાવના

નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાયભાવાય: સર્વ ભાવાન્તરચ્છિદે ॥

સદેહે વિદેહ જઈ મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરનાર, ભરતક્ષેત્રના સીમંધર લઘુનંદન, જ્ઞાનસામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ, શુદ્ધાત્મામાં નિરંતર કેલી કરનાર હાલતા-ચાલતા સિદ્ધસમ ભગવાન **શ્રી કુંદકુંદાચાર્ય** વિક્રમ સંવત ૪૯ની સાલમાં થયા હતા.

ભગવાન મહાવીરથી ચાલતા આવતા જ્ઞાનમાં આચાર્યોની પરંપરાથી શ્રી ગુણધર આચાર્યને જ્ઞાનપ્રવાદ પૂર્વના દસમાં વસ્તુ અધિકારના ત્રીજા પ્રાભૃતનું જ્ઞાન હતું. ત્યાર પછીના આચાર્યોએ અનુક્રમે સિદ્ધાંતો રચ્યા અને પરંપરાથી તે જ્ઞાન ભગવાન **કુંદકુંદાચાર્ય**ને પ્રાપ્ત થયું હતું.

ભગવાન **કુંદકુંદાચાર્ય** વિ.સં. ૪૯માં સદેહે મહાવિદેહમાં ૮ દિવસ ગયા હતા. તેમણે શ્રી સીમંધર ભગવાનના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મચર્ચાનો અમૂલ્ય ખજાનો હૃદયગત કરીને ભરતક્ષેત્રમાં આવી પંચ પરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મશાસ્ત્ર છે. જેમાં શ્રી **કુંદકુંદાચાર્યે** ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે, જે ભવરહિત અશરીરી થવાનું શાસ્ત્ર છે.

**શ્રી કુંદકુંદઆચાર્ય** બાદ લગભગ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગત કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાન હૃદયને ખોલનાર, સિદ્ધપદ સાધક, મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી શ્રી સમયસાર શાસ્ત્રની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય **શ્રી અમૃતચંદ્ર આચાર્યદેવ**ને થયું. તેમણે ''આત્મખ્યાતિ'' નામની ટીકાની રચના કરી. તે ઉપરાંત તે ગાથા ઉપર ૨૭૮ માર્મિક કળશો તેમજ પરિશિષ્ટની રચના કરી. આ ટીકા વાંચતા પરમાર્થતત્ત્વના મધુર રસાસ્વાદી ધર્મજિજ્ઞાસુઓના હૃદયમાં

નિઃસંદેહ આત્માનો અપાર મહિમા આવે છે, કેમકે આચાર્યદેવે તેમાં પરમ હિતોપદેશક, સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર ભગવંતોના હાર્દ ખોલીને અધ્યાત્મતત્ત્વના નિધાનો ઠાંસીઠાંસીને ભરી દીધા છે. અધ્યાત્મતત્ત્વના હાર્દને સર્વાંગ પ્રકાશનારી આ ''આત્મખ્યાતિ'' જેવી સુંદર ટીકા હજુ સુધી બીજા કોઈ જૈન અધ્યાત્મગ્રંથની લખાયેલી નથી.

**શ્રી સમયસાર કળશ** ઉપર અધ્યાત્મરસિક **પંડિત શ્રી રાજમલજી પાંડે**એ ટીકા લખી છે, જે વિ.સં. સત્તરમી શતાબ્દીમાં થયા હતા. તે તેમણે રાજસ્થાનના ઢૂંઢાર પ્રદેશમાં બોલાતી જૂની ઢૂંઢારી ભાષામાં લખેલી છે. સામાન્યબુદ્ધિના જિજ્ઞાસુ જીવો પણ સરળતાથી સમજી શકે એ રીતે વિસ્તારથી સ્પષ્ટતાપૂર્વક અને જોરદાર શૈલીથી ખુલ્લા કર્યા છે. ટીકામાં સ્થાને-સ્થાને નિર્વિકલ્પ સહજ સ્વાનુભવનું અતિશય મહત્વ બતાવ્યું છે અને તેની પ્રાપ્તિ કરવા પ્રેરણા આપી છે. તેઓ **કવિવર શ્રી બનારસીદાસ**થી થોડાક વર્ષો પહેલાં થઈ ગયા હોય એમ વિદ્વાનોનું માનવું છે.

**શ્રી સમયસાર કળશ**ની વિદ્વાન **પં. રાજમલજી**એ ટીકા કરી અને તેના ઉપરથી વિદ્વાન **પં. કવિવર શ્રી બનારસીદાસજીએ ''નાટક સમયસાર''**ની રચના કરી છે. આ ગ્રંથ અધ્યાત્મનું એક ઉજ્જવલ રત્ન છે.

પં. બનારસીદાસજીનો જન્મ વિ.સં. ૧૬૪૩ના મહા મહિનામાં મધ્ય ભારતમાં રોહતકપુર પાસે બિહોલી ગામમાં થયો હતો. તેમનું કુળ શ્રીમાળ હતું અને ગોત્ર બિહોલિયા હતું. વિદ્વાન કવિવર શ્રી બનારસીદાસજીએ પંડિત રાજમલજી રચિત ''સમયસાર કળશ'' ઉપરથી ''નાટક સમયસાર''ની રચના કરી હતી. તેમાં મંગલાચરણ તથા ઉત્થાનિકાના ૫૧ કળશ, જીવ દ્વારના ૩૫ કળશ, અજીવ દ્વાર–૧૪, કર્તા કર્મ ક્રિયા દ્વાર–૩૬, પુણ્ય-પાપ એકત્વ દ્વાર–૧૬, આસ્રવ દ્વાર–૧૫, સંવર દ્વાર–૧૧, નિર્જરા દ્વાર–૬૧, બંધ દ્વાર–૫૮, મોક્ષ દ્વાર–૫૩, સર્વવિશુદ્ધિ દ્વાર–૧૩૭, સ્યાદ્વાદ દ્વાર–૨૧+૧, સાધક સાધ્ય દ્વાર–૫૬, ચૌદ ગુણસ્થાનાધિકાર (ચતુર્દશ ગુણસ્થાનાધિકાર)–૧૧૫, ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિના–૪૦ પદની રચના કરવામાં આવી છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયઃ લુપ્ત થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજુદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ, અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મયુગસ્રષ્ટા, આત્મજ્ઞસંત, અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ **પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી**નો ઉદય થયો.

ભારતની ભવ્ય વસુંધરા એ સંતરત્નો પાકવાની પવિત્ર ભૂમિ છે. તેમાં સૌરાષ્ટ્ર આગળ પડતું નામ છે. અર્વાચીનયુગમાં, અધ્યાત્મપ્રધાન જૈન ગગનમંડળમાં ચમકતા નક્ષત્રો સમા સમીપ સમયજ્ઞ **શ્રીમદ્ રાજચંદ્ર**, અધ્યાત્મ યુગસ્રષ્ટા આત્મજ્ઞ સંત **પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી** અને પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પવિત્રાત્મા **બહેનશ્રી ચંપાબેન** જેવા અસાધારણ સ્વાનુભૂતિ ધર્મપ્રકાશક સાધક મહાત્માઓની જગતને ભેટ આપી, સૌરાષ્ટ્રની ધરતી પુણ્યભૂમિ બની છે. તેમ જ સોનગઢમાં એક જ રાતમાં સમ્યગ્દર્શન પામી **શ્રી નિહાલચંદ સોગાની**એ સોનગઢથી પોતાની મોક્ષયાત્રા શરૂ કરી.

પરમ દેવાધિદેવ ચરમતીર્થંકર પરમ પૂજ્ય શ્રી મહાવીરસ્વામીના દિવ્યધ્વનિ દ્વારા પુનઃ પ્રવાહિત અને ગુરુ પરંપરા દ્વારા સંપ્રાપ્ત જે પરમ પાવન અધ્યાત્મપ્રવાહને ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ''પરમાગમ સમયસાર'' વગેરે પ્રાભૃતભાજનોમાં સૂત્રબદ્ધ કરી ચિરંજીવી કર્યો છે, તે પુનિત પ્રવાહના અમૃતનું પાન કરી, અંતરના પુરુષાર્થ વડે સ્વાનુભૂતિ સમૃદ્ધ આત્મસાક્ષાત્કાર પામી, જેમણે સૌરાષ્ટ્ર, ગુજરાત, સમગ્ર ભારતવર્ષ તેમજ વિદેશમાં પણ શુદ્ધાત્મતત્ત્વ પ્રમુખ અધ્યાત્મવિદ્યાનું પવિત્ર આંદોલન પ્રસરાવી વર્તમાન સદીના વિષમય ભૌતિકયુગમાં દુઃખી જીવોનો ઉદ્ધાર કર્યો છે, તે જિનશાસન પ્રભાવક, કરુણામૂર્તિ પરમોપકારી **પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી**ની શુદ્ધાત્મ સુધારસ મંગલમય પવિત્રતા, પુરુષાર્થથી ધબકતું ધ્યેયનિષ્ઠ સહજ વૈરાગ્ય નીતરતું ઉત્તમ બાલબ્રહ્મચર્ય સહિત પવિત્ર જીવન, સ્વાનુભૂતિમૂલક વીતરાગમાર્ગદર્શક સદુપદેશો અને બીજા અનેકાનેક ઉપકારોનું વર્ણન ગમે તેટલું સંક્ષિપ્તરૂપે કરવામાં આવે તો પણ ઘણા પૃષ્ઠો ભરાય તેમ છે.

**પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી**એ ૪૫-૪૫ વર્ષો સુધી અલૌકિક પ્રવચનો તથા તત્ત્વચર્ચાઓ દ્વારા મુમુક્ષુઓને ન્યાલ કરી દીધા. તેમણે ૧૫ શાસ્ત્રો ઉપર સળંગ તેમજ અન્ય સાત શાસ્ત્ર ઉપર અમુક પ્રવચનો તથા અમુક શાસ્ત્રો ઉપર ઘણીવાર પ્રવચનો કરેલા છે. અંદાજે ૯૪૦૦ કલાકના પ્રવચનો ટેપ તથા સીડીમાં સંગ્રહીત કરવામાં આવેલ છે.

જો અક્ષરશઃ પ્રવચનના પુસ્તક બનાવવામાં આવે તો તેના ઘણા ફાયદા મુમુક્ષુઓને થાય. પ્રવચનમાં આવેલ બાબતને શાંતચિત્તે વિશેષ ઘોલન કરી શકે. ન સમજાતી બાબતને પૂછી શકે, તેમ જ કઈ અપેક્ષા અને ન્યાય પૂજ્ય ગુરુદેવ કાઢીને આપે છે તેનું અવલોકન પણ કરી શકે વગેરે. જુદા જુદા મંડળો તથા વ્યક્તિઓની ભાવના હતી કે બધા શાસ્ત્રોના અક્ષરશઃ પ્રવચન છપાય તો મુમુક્ષુઓને ઘણું લાભનું કારણ થશે.

અમારા પાર્લા મંડળમાં ટ્રસ્ટીઓ સમક્ષ મુમુક્ષુઓએ રજૂઆત કરતાં તેઓએ સહર્ષ અનુમોદના આપી અને પાર્લા મંડળે શ્રી નાટક સમયસાર ઉપર અક્ષરશઃ પ્રવચનો છપાવવાનું નક્કી કર્યું અને તે સંબંધી સંપૂર્ણ કાર્યવાહી શ્રી પંકજભાઈ પ્રાણભાઈ કામદારને સોંપવામાં આવી. જેવી કે મુમુક્ષુઓ પાસે પ્રવચનો લખાવવા, તેને તપાસવા, કંપોઝ કરાવવા, બે વાર પ્રૂફ રીડિંગ તથા ભાષાકીય ચેક કરાવવા તથા છપાવવા વગેરે.

જેઓએ પ્રવચન લખવામાં તથા તપાસવામાં મદદ કરી છે તે મુમુક્ષુઓના નામ આ પ્રમાણે છે. વીણાબેન નંદુ, મંજુબેન ગાલા, સ્વાતિબેન બાબુભાઈ મોદી, કલ્પેશભાઈ બાબુભાઈ મોદી, આશિષભાઈ કીર્તિભાઈ કોઠારી, હેતલબેન અમીતભાઈ કોઠારી, કિરીટભાઈ જોબાલિયા, નીતાબેન મધુભાઈ દોશી, ચંદ્રકાંતભાઈ કેશવલાલ શાહ, લક્ષ્મીબેન સાવલા, દિલિપભાઈ સવાઈલાલ શાહ, પ્રીતિબેન ભાવેશભાઈ શાહ, જયંતભાઈ બ્રોકર, રૂપાબેન જયંતભાઈ બ્રોકર, ફોરમબેન મનહરભાઈ પારેખ, દીવાળીબેન ગડા, ભવ્યભાઈ મહેતા, પારૂલબેન અનુજભાઈ શેઠ, ઉષાબેન અરૂણભાઈ શાહ, ઝરણાબેન કેતનભાઈ શાહ, કેતનભાઈ ગોપાણી, વંદનાબેન સાવલા, ભારતીબેન સાવલા, મનીષભાઈ પીપલીયા, જયાબેન ગાલા, બેલાબેન દફતરી, અમીબેન રવાણી, મિનાક્ષીબેન નંદુ, આશાબેન જિતેન્દ્રભાઈ મહેતા, સૌમિલભાઈ મહેતા, અજયભાઈ શાહ, રજનીબેન જયેશભાઈ, ઝવેરબેન છેડા, હંસાબેન રાંભીયા, અનિલભાઈ પુનાતર, રાજીવભાઈ ચંદ્રકાંતભાઈ વાધર, બિપિનભાઈ શાહ, રમીલાબેન પ્રતાપભાઈ શાહ, રજનીભાઈ શેઠ, આશીષભાઈ ગાંધી, અતુલભાઈ ગાંધી, મીનાબેન ભરતભાઈ શાહ તથા કૌશિકભાઈ માણેકલાલ મુલંડવાળા.

આ ઉપરાંત અતિ સૌથી મહત્વની અને ખૂબ જ ચીવટપૂર્વક સંપૂર્ણ જવાબદારી મલાડ મંડળના મુમુક્ષુ શ્રી અતુલભાઈ પ્રેમજીભાઈ જૈને નિભાવી છે. જેમકે તપાસેલ પ્રવચનને સાંભળીને તપાસવા અને કંપોઝ થયેલ પ્રૂફને પ્રવચન સાંભળીને તપાસવા વગેરે. ભાષાકીય રીતે શ્રી જયેશભાઈ નાગરદાસ કોઠારી (બોટાદ/કાંદીવલી)એ તપાસી આપેલ છે. આ પ્રવચન ગ્રંથનું પ્રિન્ટીંગ કાર્ય સ્મૃતિ ઑફસેટ, સોનગઢે કરી આપેલ છે. ઉપરોક્ત સર્વેનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

**જેટલા પ્રવચનો હિંદીમાં થયેલા છે, એની ભાષા હિંદી રાખીને ગુજરાતી લિપીમાં લખેલા છે. જ્યાં શબ્દો સ્પષ્ટ સંભળાતાં નથી ત્યાં .......(ડોટ) મૂકેલ છે.** અમે અમારો પૂરો પ્રયાસ કર્યો છે કે ક્યાંય ભૂલ ન રહી જાય છતાં જો અમારાથી

શરતચૂકથી જો કોઈ ભૂલ રહી ગઈ હોય તો દેવ-શાસ્ત્ર-ગુરુની ક્ષમા માંગીએ છીએ. જો કોઈ ભૂલ તમારા ખ્યાલમાં આવે તો ધ્યાન દોરવા વિનંતી, જેથી આગળના પ્રકાશનમાં સુધારી શકાય.

કુલ ૧૯૭ પ્રવચન ૬ ભાગમાં પ્રકાશિત થશે. તેમાં અનુમોદના કરી દાન આપ્યું છે તે સર્વેનો હૃદયથી આભાર માનવામાં આવે છે. દાનરાશી અન્યત્ર છાપવામાં આવેલ છે. આ પ્રવચન ગ્રંથ માટે દાનરાશિ આપનાર મુમુક્ષુઓની ભાવના અનુસાર આ પુસ્તક દરેક તત્ત્વપ્રેમી મુમુક્ષુઓને વિનામૂલ્યે સ્વાધ્યાય અર્થે ભેટ આપવામાં આવશે.

**અમારા પાર્લા જિનમંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે નાટક સમયસારના અક્ષરશઃ પ્રવચન ભાગ-૨ પ્રકાશિત કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ.**

અંતમાં, શ્રી નાટક સમયસાર ઉપરના અક્ષરશઃ પ્રવચનોનો સ્વાધ્યાય કરી આપણે સૌ પૂર્ણતા પ્રાપ્ત કરી જ્ઞાની ધર્માત્માઓના ઉપકારને યથાર્થ કરીએ એવી મંગલ ભાવના.

નૂતન શિખરબંધ જિનમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ
તા. ૧૭-૫-૧૫ થી ૨૨-૫-૧૫
વૈશાખ વદ-૧૪ થી જેઠ સુદ-૫
વિ.સં. ૨૦૭૧ વિ.સં. ૨૫૪૧

લિ.
**શ્રી કુંદકુંદકહાન દિ. જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ પાર્લા–સાંતાક્રુઝના**
જય જિનેન્દ્ર

**સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ**



# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમ | અધિકાર તથા પદ નંબર | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૩૪ | **અજીવદ્વાર** પદ ૮, ૯, ૧૦ ----------- | ૧ |
| ૩૫ | અજીવદ્વાર પદ ૧૧,૧૨,૧૩ ઉપર પ્રવચન ઉપલબ્ધ નથી. ------- | ૧૯ |
| ૩૬ | અજીવદ્વાર પદ ૧૪ તથા અજીવદ્વારના સાર ----------------- | ૨૨ |
| ૩૭ | અજીવ અધિકારનો સાર, કર્તા કર્મ ક્રિયા પદ ૧,૨,૩ ------------------ | ૩૮ |
| ૩૮ | **કર્તા-કર્મ-ક્રિયાદ્વાર** પદ ૪, ૫ . --- | ૫૩ |
| ૩૯ | કર્તા કર્મ ક્રિયાદ્વાર પદ ૬, ૭, ૮ ---- | ૬૭ |
| ૪૦ | કર્તા કર્મ ક્રિયાદ્વાર પદ્ય ૯, ૧૦ ----- | ૮૩ |
| ૪૧ | કર્તા કર્મ ક્રિયાદ્વાર પદ નં. ૧૧-૧૨ (હિંદી) -------- | ૧૦૦ |
| ૪૨ | કર્તા-કર્મ ક્રિયાદ્વાર પદ નં. ૧૩, ૧૪ (હિંદી)------------- | ૧૧૩ |
| ૪૩ | કર્તા-કર્મ ક્રિયાદ્વાર પદ નં. ૧૫, ૧૬ (હિંદી)-------- | ૧૨૯ |
| ૪૪ | કર્તા-કર્મ ક્રિયાદ્વાર પદ ૧૭ થી ૨૧ ------------------ | ૧૪૪ |
| ૪૫ | કર્તા કર્મ ક્રિયા દ્વાર પદ ૨૨, ૨૩, ૨૪--------------- | ૧૬૨ |
| ૪૬ | કર્તા–કર્મ ક્રિયાદ્વાર પદ ૨૫–૨૬ -------------------- | ૧૭૯ |
| ૪૭ | કર્તા કર્મ ક્રિયાદ્વાર પદ ૨૭–૨૮ - | ૧૯૩ |
| ૪૮ | કર્તા-કર્મ ક્રિયાદ્વાર પદ ૨૯, ૩૦ - | ૨૦૯ |
| ૪૯ | કર્તા-કર્મ ક્રિયાદ્વાર પદ ૩૦, ૩૧, ૩૨ (હિંદી)------ | ૨૨૫ |
| ૫૦ | કર્તા-કર્મ ક્રિયાદ્વાર પદ ૩૨, ૩૩, ૩૪--------------- | ૨૪૦ |
| ૫૧ | કર્તા કર્મ ક્રિયાદ્વાર પદ ૩૫, ૩૬ -- | ૨૫૪ |
| ૫૨ | કર્તા કર્મ ક્રિયાદ્વારના સાર -------- | ૨૬૮ |
| ૫૩ | કર્તા કર્મ ક્રિયાદ્વારના સાર તથા **પુણ્ય-પાપ એકત્વ દ્વાર** પદ ૧, ૨, ૩ -------------------- | ૨૮૫ |
| ૫૪ | પુણ્ય-પાપ એકત્વ દ્વાર પદ ૩ થી ૭ --------------------- | ૩૦૧ |
| ૫૫ | પુણ્ય-પાપ એકત્વ દ્વાર પદ ૮, ૯ - | ૩૧૮ |
| ૫૬ | પુણ્ય-પાપ એકત્વ દ્વાર, પદ ૧૦, ૧૧, ૧૨, ૧૩ --------- | ૩૩૫ |
| ૫૭ | પુણ્ય-પાપ એકત્વ દ્વાર, પદ ૧૪, ૧૫ ------------------- | ૩૫૧ |
| ૫૮ | પુણ્ય-પાપ એકત્વ દ્વાર, પદ ૧૫, ૧૬ અને સાર ---------- | ૩૬૫ |
| ૫૯ | પુણ્ય-પાપ એકત્વ દ્વાર અધિકારનો સાર ----------------- | ૩૮૧ |
| ૬૦ | **આસ્રવ દ્વાર પદ** ૧, ૨, ૩, ૪ ઉપર પ્રવચન ઉપલબ્ધ નથી. ----------- | ૩૯૭ |
| ૬૧ | આસ્રવ અધિકાર પદ : ૫, થી ૧૦ | ૪૦૦ |
| ૬૨, | આસ્રવદ્વાર પદ ૧૧, ૧૨, ૧૩ --- | ૪૧૮ |
| ૬૩ | આસ્રવ અધિકાર પદ ૧૪, ૧૫ તથા સાર ---------- | ૪૩૨ |
| ૬૪ | આસ્રવ અધિકારના સાર --------- | ૪૪૯ |
| ૬૫ | **સંવર અધિકાર** પદ ૧, ૨, ૩ ---- | ૪૬૬ |
| ૬૬ | સંવર દ્વાર પદ ૩, ૪ -------------- | ૪૮૨ |
| ૬૭ | સંવર દ્વાર પદ ૫, ૬, ૭, ૮ ------ | ૪૯૭ |
| ૬૮ | સંવર દ્વાર પદ ૯, ૧૦, ૧૧ તથા સાર (હિંદી)--------------------- | ૫૧૩ |

ૐ

॥ શ્રી પરમાત્મને નમઃ ॥

# શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર

## અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય સદ્ગુરુદેવ
## શ્રી કાનજીસ્વામીના પ્રવચન

## ભાગ-૨

**પ્રવચન નં. ૩૪, ફાગણ સુદ ૯, શુક્રવાર તા. ૫-૩-૧૯૭૧**
**અજીવદ્વાર પદ ૮, ૯, ૧૦ ઉપર પ્રવચન.**

वर्णादिसामग्र्यमिदं विदन्तु निर्माणमेकस्य हि पुद्गलस्य।
ततोऽस्त्विदं पुद्गल एव नात्मा यतः स विज्ञानघनस्ततोऽन्यः॥

જીવ અને પુદ્ગલની ભિન્નતા (દોહરા)

वरनादिक पुदगल-दसा, धरै जीव बहु रूप।
वस्तु विचारत करमसौं, भिन्न एक चिद्रूप॥८॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :** દશા=અવસ્થા. બહુ=ઘણા. ભિન્ન=જુદા. ચિદ્રૂપ(ચિત્+રૂપ)= ચૈતન્યરૂપ.

**અર્થ :**–રૂપ, રસ આદિ પુદ્ગલના ગુણ છે, એના નિમિત્તથી જીવ અનેક રૂપ ધારણ કરે છે. પરંતુ જો વસ્તુસ્વરૂપનો વિચાર કરવામાં આવે તો તે કર્મથી તદ્દન ભિન્ન એક ચૈતન્યમૂર્તિ છે.

ભાવાર્થ :–અનંત સંસારમાં સંસરણ કરતો જીવ, નર, નારક આદિ જે

અનેક પર્યાયો પ્રાપ્ત કરે છે તે બધી પુદ્‌ગલમય છે અને કર્મજનિત છે, જો વસ્તુ-સ્વભાવનો વિચાર કરવામાં આવે તો તે જીવની નથી, જીવ તો શુદ્ધ, બુદ્ધ, નિર્વિકાર, દેહાતીત અને ચૈતન્યમૂર્તિ છે.

**अर्थ** :–रूप, रस आदि पुद्गलके गुण हैं, इनके निमित्तसे जीव अनेक रूप धारण करता है। परंतु यदि वस्तुस्वरूपका विचार किया जावे तो वह कर्मसे बिलकुल भिन्न एक चैतन्यमूर्ति है।

**भावार्थ** :–अनंत संसार संसरण करता हुआ जीव, नर नारक आदि जो अनेक पर्यायें प्राप्त करता है वे सब पुद्गलमय हैं और कर्मजनित हैं, यदि वस्तुस्वभाव विचारा जावे तो वे जीवकी नहीं है, जीव तो शुद्ध, बुद्ध, निर्विकार, देहातीत और चैतन्यमूर्ति है॥८॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આ વર્ણાદિક પુદ્‌ગલ દશા એ અર્થ કર્યો છે. એ પાઠ કળશના અર્થમાં ફક્ત સમજાવવા કીધું છે. કળશમાં આવ્યું નથી, એ તો પૂર્વે એવું કીધું'તું ને કે સોનાનું મ્યાન તેને સોનાની તલવાર કહેવાય છે અને ખરેખર સોનાની તલવાર (નથી) તલવાર તો લોઢાની છે. એમ વર્ણાદિ પુદ્‌ગલ–વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શરીર, રાગ–દ્વેષ, દયા–દાન, વિકલ્પ, ગુણસ્થાન ભેદ, માર્ગણાભેદ–એ ખરેખર તો એ બધી પુદ્‌ગલની દશા છે. સમજાણું કાંઈ ? ઝીણી વાત ભાઈ ! ભગવાન સર્વજ્ઞદેવે કહેલો આત્મા; એ આત્મા એણે કોઈ દિ' જાણ્યો નથી. અને એ જાણ્યા વિના એને કોઈ દિ' જન્મ–મરણ મટતાં નથી.

કહે છે કે 'वरनादिक पुद्‌गल–दसा, धरै जीव बहु रूप' એ તો દૃષ્ટાંતને લાગુ પાડવા વાત કરી છે. જીવને શરીરવાળો કહેવો, રાગવાળો, પુણ્યવાળો, દયા-દાન-વ્રત-ભક્તિ કે ભેદવાળો કહેવો, શરીર આદિ જડવાળો કહેવો કે પુણ્ય–પાપનાં વિકલ્પવાળો કહેવો કે એને ગુણસ્થાન આદિનાં ભેદવાળો કહેવો, એ તો પુદ્‌ગલની દશાને વ્યવહારથી કહેવામાં જીવની આવે છે. આહા ! 'धरै जीव बहु रूप'. ભગવાન આત્મા એની દશામાં આ શરીર આદિ તો માટી જડ છે, અજીવ છે. કર્મ અજીવ છે. એ અજીવમાં રાગ નથી અને જીવમાં અજીવ નથી. તેમ પુણ્ય ને પાપનાં શુભ-અશુભ ભાવ એ પણ ખરેખર તો પુદ્‌ગલ સંબંધના લક્ષે ઉત્પન્ન થયેલાં એ પણ પુદ્‌ગલ છે. એમાં જીવ નથી, જીવમાં એ નથી. સમજાણું કાંઈ ? તેમ એ રાગ–દ્વેષ આદિનાં ભાવને લઈને આત્માની દશાનાં ભેદો દેખાય, એ ભેદ પણ ખરેખર આત્માનો સ્વભાવ નથી, એને આત્મા કહેતાં નથી. આહાહા ! ભારે !

'वरनादिक पुद्‌गल–दसा, धरै जीव बहु रूप'. પર્યાયદૃષ્ટિથી વાત કરી છે ઈ.

વ્યવહારથી એમ કહેવામાં આવે છે. 'वस्तु विचारत करमसौं'. ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવ ફરમાવે છે અને એમ છે કે વસ્તુ જોતાં એ તો ચૈતન્યઘન વિજ્ઞાનઘન ભગવાન આત્મા છે. એ 'करमसौं भिन्न एक चिद्रूप' છે, જુઓ. 'वस्तु विचारत करमसौं' કર્મ અને કર્મનાં નિમિત્તનાં થયેલા પુણ્ય–પાપનાં વિકારો અને એના નિમિત્તે દશામાં પડતો ભેદ, એ વસ્તુ વિચાર કરતાં ભિન્ન એનાથી છે ઈ. આહાહા! સમજાણું કાંઈ? પાઠ છે ને એમાં?

'वर्णादिसामग्र्यमिदं विदन्तु' બસ જાણો એટલું, પણ શું જાણો? 'निर्माणमेकस्य हि पुद्‌गलस्य'. જરી જોર એટલું છે કળશમાં તો કે આ ભગવાન આત્મા તો વિજ્ઞાનઘન એકરૂપ ચૈતન્ય છે. બાકી આ બધાં એક પુદ્‌ગલના જાણો, એમ કહે છે. છે ને પાઠ? 'एकस्य हि पुद्‌गलस्य'. એમાં આત્માની બિલ્કુલ અપેક્ષા, ભેદમાં, રાગમાં અને નિમિત્તમાં આત્માની અપેક્ષા છે જ નહીં. ભાઈ, આહાહા! હજી એ વાસ્તવિક આત્મા કોને કહેવો અને કોને જાણ્યે સમ્યક્‌દર્શન અને સમ્યક્‌જ્ઞાન થાય એની ખબરું ન મળે અને એને ધર્મ થાય. અનંત કાળથી એમ ને એમ અથડામણી ધર્મને નામે કરી, ભૂલ્યો પોતે. ભૂલવાથી એનું ભ્રમણ અનંતકાળથી મટતું નથી.

કહે છે કે ભાઈ, ભગવાન આત્મા ચૈતન્યઘન છે ને અંદર એક. 'एक चिद्रूप' છે. વિજ્ઞાનઘન એનો અર્થ કર્યો છે. કળશમાં વિજ્ઞાનઘન છે. એનાથી બધું અન્ય છે. આમાં 'भिन्न एक चिद्रूप'. ધીરજથી વાત છે ભાઈ, આ તો કાંઈ વીતરાગ સ્વભાવની વાત છે. કેવળી પરમાત્મા એણે કહેલો સ્વભાવ આત્માનો, એ ચૈતન્યઘન છે ને વિજ્ઞાનનો ઘન છે, એને આત્મા કહીએ. અને એની દૃષ્ટિ કરતાં જીવને સમ્યક્‌દર્શન અને ધર્મ થાય. કહો સમજાય છે કાંઈ? આ દયા-દાન-વ્રત-ભક્તિને કરતાં પરિણામ એ તો વિકલ્પ–રાગ છે. એ રાગને તો અહીં પુદ્‌ગલ કહ્યાં છે. (શ્રોતા : એ રાગને પુદ્‌ગલ કહે છે ઈ પકડાતો નથી) પુદ્‌ગલનો અર્થ જ ઈ કે એકરૂપ ચૈતન્ય સિવાય બધું પુદ્‌ગલનાં કાર્ય છે. એક જીવ અને બાકી બધું અજીવ, એમ આહીં તો સિદ્ધ કરવું છે. આહાહા! એ અજીવ પણ વસ્તુ છે. એક બ્રહ્મ અને જગત મિથ્યા એમ નથી. બ્રહ્મ પણ છે અને જગત પણ છે. બ્રહ્મમાં જગત નથી અને જગતમાં બ્રહ્મ નથી. સમજાણું કાંઈ?

આહીં તો નિર્માણ 'निर्माण एकस्य हि'— જોર આપ્યું છે. એક ભગવાન આત્મામાં જયાં રંગ, ગંધ, રસ, સ્પર્શ આ માટી દેખાય કે અંદરમાં આ દયા-દાન-વ્રત-ભક્તિ, કામ-ક્રોધનાં ભાવ દેખાય, એ બધો એક પુદ્‌ગલ જ છે. આહાહા! ગજબ વાત છે. ધરમચંદભાઈ, આકરું ભારે પડે માણસને હોં. ત્રણલોકનાં નાથ પરમાત્મા તીર્થંકરદેવ

સમવસરણમાં બિરાજતા હોય એની ભક્તિ અને એની સ્તુતિનો ભાવ, કહે છે કે પુદ્‌ગલે ઉપાર્જેલો છે. ભગવાન તારો નહીં. આહાહા! આ તે કંઈ વાત! (શ્રોતા : તારો હોય તો આવો હોય?) તારો હોય તો જુદો પડે નહીં અને જુદો પડે ઈ તારો છે નહીં. આહીં તો એક પુદ્‌ગલ ને પરની અપેક્ષા વિના... ભગવાન આત્મા ચૈતન્યઘન છે, એની અપેક્ષા વિના નિરપેક્ષપણે (રાગ છે) જેમ આત્મા, રાગ અને પરની અપેક્ષા વિના સ્વતઃ તત્ત્વ છે. એમ આત્માનાં સ્વભાવની અપેક્ષા વિના ભેદ, રાગ, પુણ્ય, દયા–દાન ને શરીર, એ અપેક્ષા વિના એકલા પુદ્‌ગલમાં છે. પરની અપેક્ષા એમાં છે નહીં. સમજાણું કાંઈ? ભારે ગળે ઉતરવો કઠણ! એય! શેઠી, અહીં જીવમેં હોતા હૈ ને? (શ્રોતા : અજ્ઞાનની દશામાં હાલતે હૈં). આહાહા! ભારે કામ

'वर्णादिसामग्र्यमिदं विदन्तु'—જાણો. 'निर्माणमेकस्य हि पुद्‌गलस्य'. જેને આત્માની અપેક્ષા નથી. રાગ–દયા–દાન–વ્રત–ભક્તિનાં પરિણામ થવામાં, અરે! ગુણસ્થાન આદિનાં ભેદ થવામાં; વસ્તુસ્વરૂપ જે અભેદ ચૈતન્યઘન છે, જે સમ્યક્‌દર્શનનો વિષય છે. જે જીવનું વાસ્તવિક નિશ્ચય સત્ય સ્વરૂપ છે, એની અપેક્ષા ગુણસ્થાન ભેદ, પુણ્ય–પાપ, દયા–દાનનાં ભાવ અને કર્મ શરીર, એમાં જીવની બિલ્કુલ અપેક્ષા નથી. આત્માની અપેક્ષા વિના એકલા પુદ્‌ગલથી બનેલી ચીજ છે. એય! ચંદુભાઈ આહાહા! શું કરે? જગતને આ તત્ત્વ મળ્યું નથી, સાંભળવા મળતું નથી. જૈનમાં જન્મ્યા છતાં વાડામાં જન્મ્યા અને એમ ને એમ છ કાયનાં દયા પાળો ને, આ વ્રત કરોને, ભક્તિ કરોને, પૂજા કરો. અરેરે! જીંદગી જાય છે ભાઈ. વાસ્તવિક તત્ત્વના દૃષ્ટિ વિના અનંતકાળથી એવું તો કર્યું'તું, ભગવાન! તારી ચીજ પૂર્ણાનંદ પ્રભુ, વિજ્ઞાનઘન કહ્યું છે અહીંયા, કેમ કે ઓલો ભેદ રાગ અને નિમિત્તનો અભાવ બતાવવો છે ને! સમજાણું કાંઈ?

'विज्ञानघनस्ततोऽन्यः' ભગવાન ચિદ્‌ઘન છે પોતે આત્મા. આહાહા! કેમ બેસે? ઓલો રાંકો થઈને ફરે, ભિખારી થઈને ફરે. ઈ એક વિકલ્પ આવે ત્યાં, આહાહા...એક દયા–દાનનાં ભાવ કર્યા ત્યાં એને એમ થઈ જાય કે ભક્તિ આહાહા. અમે તો શું કર્યું જાણે! સમજાણું કાંઈ? બે–ચાર પાંચ અપવાસ કરે ત્યાં કહે, આહાહા! આપણે તો ધર્મ કર્યો મોટો. ધૂળે ય નથી સાંભળને! તારું અજ્ઞાનરૂપી પાડો એવી ક્રિયાને ગળીને રાખ કરી નાખે છે સાંભળને. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વિજ્ઞાનઘન એને અહીં ચિદ્‌રૂપ શબ્દ મૂક્યો. આ પદમાં ગોઠવવું છે ને.

'भिन्न एक चिद्रूप विज्ञानघनस्ततोऽन्यः'—એનાથી એ ગુણસ્થાનનાં ભેદો દયા–

દાન-વ્રત-તપનાં વિકલ્પ-વૃત્તિ ઉઠે તે અને કર્મ ને શરીર ને રંગ, ગંધ, એ બધો વિજ્ઞાનઘનથી અન્ય છે અને અનેરા વિજ્ઞાનઘનની અપેક્ષા રાખ્યા વિના પુદ્‌ગલથી બનેલા-થયેલાં છે. ચંદુભાઈ! આહાહા! ભારે આકરું કામ! માણસને જે સાંભળવા મળ્યું ન હોય તે રાડ નાંખી દે. આહીં તો કહે છે કે સંસારનો ઉદય ભાવ એ બધા પુદ્‌ગલ છે. ભગવાન! એ તારી ચીજ નહીં. આહાહા! તીર્થંકર ગોત્રનો ભાવ વિકલ્પ છે ઈ, એ તારો ભાવ નહીં, એ પુદ્‌ગલનો છે. ગજબ વાત છે. (શ્રોતા : એમ જ હોય ને). પોપટભાઈ, (શ્રોતા : નહીં તો કર્મ બંધાય ક્યાંથી?) આહાહા! આત્માનાં સ્વભાવથી બંધન હોય નહીં ત્રણકાળમાં, એને જીવનો સ્વભાવ કહીએ. જે ભાવે બંધન થાય એ ભાવ જીવ સ્વભાવ હોય નહીં. આહાહા! જેઠાભાઈ, આહા! ઓલા રાડ નાંખે છે.

ઓલા કહે, કર્મને લઈને કરે છે. હવે જીવ ન્યાં એને નાંખશે. ઈ કઈ અપેક્ષા છે બાપુ! જીવની એકતાનાં નિર્મળ સ્વભાવનાં ઘનમાં એનો અભાવ છે. એથી એનો ભાવ, ભેદનો અને પુણ્યનો અને કર્મનો બધો એકમાં નાંખીને, જેને જીવનાં ત્રિકાળ સ્વભાવની અપેક્ષા વિના નિરપેક્ષપણે થયેલાં એક પુદ્‌ગલ પોતે છે ઈ. સમજાણું કાંઈ? કહો ભીખાભાઈ. હવે આમાં શું કરવું આમાં? આહા. (શ્રોતા : કર્મ આજ્ઞા કરે તો અમારે વર્તન કરવું પડે એમ છે.) વર્તવું પડે એમ છે. આહાહા! ભારે તકરાર ઉઠે હોં. બહારમાં તો વાંધા જ ઉઠે વાડાવાળાને તો. (શ્રોતા : એની માન્યતા ખોટી.) માન્યતાની ખબર નથી બિચારા શું કરે ભાઈ! અરેરે! આવો ભગવાન વિજ્ઞાનઘન છે તારો. એ ન્યાંથી દૂર દૂર ભાગીને આત્માને મેળવવા માંગે, ત્યાં નહીં મળે પ્રભુ, ત્યાં નથી. જ્યાં નથી. ત્યાંથી કેમ મળશે? અને છે કેવો? એની તને ખબર નથી. સમજાણું કાંઈ?

આ 'અજીવ અધિકાર' છે ને. તે અજીવ અને અજીવના લક્ષે થયેલા ભાવો-ભેદો બધું અજીવ છે, એમ સિદ્ધ કરવું છે ત્યાં. આહાહા! પ્રેમચંદભાઈ, બહુ વાતું! વીતરાગ માર્ગ છે એની ખબર ન મળે અને વીતરાગ માર્ગ આમ છે, એમ લોકો માનીને બેસે છે ભગવાનને નામે. આહાહા! મોટાને નામે હુંડી ખપાય-ખપે ને. પંડિતજી! અરે ભગવાન! આહાહા! અનંતજ્ઞાનનો ધણી પ્રભુ વિશેષ વિજ્ઞાનઘન કદ જેમાં ભેદને વિકલ્પનો પ્રવેશ નથી. કેમ કે ઘન છે તે જીવસ્વરૂપ છે અને ભેદ છે તે બધું અજીવસ્વરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ? માણસને...(શ્રોતા : ખૂબ અચ્છી વિચારણા હૈ.) બહોત અચ્છા! આહાહા!

'वरनादिक पुद्‌गल-दसा, धरै जीव बहु रूप'. ઈ તો દાખલો છે ને પહેલા પ્રશ્નનો. એની સાથે દાખલો આપ્યો ઓલો. સોનાની તરવાર કહેવા જેવી છે. તલવાર

સોનાની નથી. એમ પછી પણ ઘીનો ઘડાનો દાખલો આપ્યો. ઘીનો ઘડો કહેવાલાયક, પણ ઘડો ઘીનો નથી. ઘડો તો માટીનો છે. સમજાણું કાંઈ? ઘડા કોઈ દિ' ઘીનાં હોતા હશે? ઘડ્યાં છે કોઈએ ઘીનાં ઘડા? (શ્રોતા : ના રે ભાઈ ઈ તો ઘડાય જ નહીં.) એમ ભગવાન આત્મા જ્ઞાનનો રસકંદ છે, એ તો ચૈતન્ય રસ સ્વભાવનો ઘન છે. એમાં આ ગુણસ્થાન ભેદ, રાગ, દયા-દાન-વ્રત-વ્યવહાર રત્નત્રય, એ બધાં તો પુદ્‌ગલ છે, અજીવ સ્વભાવ છે. એ જીવનો ત્રિકાળી સ્વભાવ, સમ્યક્‌દર્શનનો વિષય એ નથી. આહાહા!

આ 'સમયસાર' વાંચે છે કેટલાક. 'સમયસાર' એક જણો કહે પંદર દિ'માં વાંચી ગ્યો. પંદર દિ'માં શું, ઉજાગરા કરી નાખે તો બે—ચાર દિ'માં વંચાઈ જાય, એમાં શું છે? આહાહા! ભાઈ, એક પણ લીટી ને એક પણ ગાથા સમજવી સૂક્ષ્મ છે પ્રભુ. આહાહા! આ તો તને ચીતર્યો છે એમાં. જેઠાભાઈ! 'સમયસાર નાટક' વાંચી ગયા ને દસ કલાકમાં, આ બધી કડી આવી ગઈ હશે. હાંકી ગયા ગાડાં, થઈ રહ્યું. દસ કલાકમાં વાંચી ગ્યા ભાઈ હમણાં. ભક્તિમાંથી બેઠા હતા તે રાતના દસ વાગ્યા સુધી. અક્ષર વાંચી ગ્યા અક્ષર. આહાહા!

એક—એક કડીમાં કેટલું ભર્યું છે ભાવ. સંક્ષેપમાં સમજાય એમ નથી. સંક્ષેપમાં સમજીએ અમે અને બીજા વિસ્તારથી, એમેય નથી. કાંઈ સમજાણું જ ન હોય અને માને કે સંક્ષેપથી સમજાણું છે. સમજાણું કાંઈ? હવે એવી વાત છે જરીક. બાપુ! સંક્ષેપ અને વિસ્તારની વ્યાખ્યા તો એવી છે કે બહુ ટૂંકામાં વસ્તુ અભેદ છે અને એમાં ભેદ ને રાગ, દયા-દાન ને શરીર ને કર્મ એ બધાં પુદ્‌ગલથી ઉપજેલાં છે એટલું સંક્ષેપથી સમજે, તેનું નામ સંક્ષેપ કહેવાય. પણ એટલું ય સમજ્યો નહીં ને સંક્ષેપથી સમજ્યાં છીએ, એમ ન હોય. સમજાણું કાંઈ?

એંસીની સાલમાં ચર્ચા થઈ'તી આ સંક્ષેપની. એંસીની સાલમાં, ૪૭ વર્ષ થયાં. સંક્ષેપ રુચિ છે ને ભાઈ, એની વ્યાખ્યા. સંક્ષેપ રુચિ. એવા સામે એક પડેલા. એણે એમ કહ્યું કે 'જુઓ, આપણે તો સંપ્રદાયમાં પડ્યા છીએ, ઈ બરાબર શ્રદ્ધા સમકિત છે આપણી. હવે ઈ સંક્ષેપ રુચિ અનુસાર સમજીશું આપણે. બહુ ટૂંકું જાણીએ છીએ', એમ કહેતાં. એય! પાંચ મહિના વ્યાખ્યાન થયું થોડું એટલે માણસને એમ લાગ્યું કે કોઈ આ તો કે બીજી જાત કહે છે. એટલે રાતે એક બીજાને કહ્યું કે 'ભાઈ, આપણે સંક્ષેપ રુચિ છે, વિસ્તાર ન જાણીએ, એથી કરીને સંક્ષેપમાં (જાણવું) આપણે. હજી સંપ્રદાયમાં ધર્મ મળ્યો એ સમકિત છે. હવે આપણે વ્રત ને તપ કરવાં, એ ચારિત્ર કરવા જેવું બાકી છે'. હવે ધૂળેય નથી કીધું આમાં. આહાહા!

આપણે સંક્ષેપ રુચિ છે, કહે. એય! તમારા મલુકચંદભાઈ ને એમ કહેતા, બેરિસ્ટર. શું થાય? એમાં એનો એને એ અજ્ઞાનનો એવો ભાવ થઈ જાય. (શ્રોતા : ઈ જાતનો જ કરેને.) ઈ જાત છે. એમાં કંઈ એ વ્યક્તિની (ટીકા નથી) આપણે તો દાખલો. અરેરે! શું થાય? આહા! મૃગની પેઠે દોડાદોડ કરે માળો. સંકલ્પ–વિકલ્પ ને દયા ને દાન ને વ્રત ને ભક્તિને. 'દોડત–દોડત દોડ્યો જૈસી મનની દોડ્ય, પ્રેમ પ્રતિક વિચારો ઢૂંકડી પણ ગુરુગમ લઈ લ્યો જોડ્ય' ઈ બતાવે છે કે અંદરમાં અભેદ ચૈતન્ય તે તું છો. સમજ્યા, એ દોડધામ ક્રિયા કરીને મરી જાય સૂકાઈને આ વ્રત ને તપને. એ બધા વિકલ્પો છે, એ બધાં પુદ્ગલ છે, એમાં તું છે નહીં. એનાથી તને તારું પ્રાપ્ત થશે નહીં. આહાહા! સમજાણું કાંઈ? જેઠાભાઈ!

'वस्तु विचारत करमसौं'. જો એ શબ્દ મૂક્યો છે કરમ. પણ એનો અર્થ-એ કર્મ કહો, પુદ્ગલ કહો, ભેદ કહો, રાગ કહો, બધું કર્મ ને બધું પુદ્ગલ. આહાહા! 'भिन्न एक चिद्रूप'. ભગવાન તો અંદર જ્ઞાનાનંદ ચૈતન્ય રસ વિજ્ઞાનરસ એકરૂપ ભાવ, એને ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા આત્મા કહે છે. એવા વિજ્ઞાનઘન ઉપર દૃષ્ટિ પડતાં તેને સમ્યક્દર્શન થાય છે. એ સિવાય સમ્યક્ દર્શન ત્રણ કાળમાં બીજી કોઈ રીતે થતું નથી. અને સમ્યક્દર્શન વિના એને વ્રત ને તપ ને ઈ બધાં, મૂર્ખાઈ ભરેલાં બાળતપ ને બાળવ્રત છે. પંડિતજી! અને ભણતર...બાળતપ ને બાળવ્રત બધું આવી ગયું તપમાં-અજ્ઞાન.

'निर्माणमेकस्य हि पुद्गलस्य'. આ તો એક શબ્દ પડ્યો છે ને પણ આમાં એટલે સંસ્કૃતમાં મેં જોયું, એકનો અર્થ કેમ કર્યો, કીધું. એ સંસ્કૃત સારો અર્થ કર્યો છે. (શ્રોતા : 'અધ્યાત્મ તરંગીણી'માં) હા, 'અધ્યાત્મ તરંગીણી'માં એક છે ને એ અને એકને તો એક જ પુદ્ગલ છે, એમાં કોઈ બીજો પક્ષ જ નથી. એક જ પુદ્ગલથી બનેલી આ વસ્તુ છે બધી...જ્ઞાન નહીં?...આત્મા. નિવૃત્તિ પછી જુઓ. (શ્રોતા : હાં, નિવૃત્તિ પછી). આ ૩૯નું છે. 'एकस्य सामान्यं निर्माणम् निस्पति' છે ને 'निर्माणम् निस्पति. एकस्य धर्मादि पंचद्रव्य निरपेक्षस्य'–ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ, આકાશ અને જીવ. પાંચની અપેક્ષા કર્યા વિના બનેલી એ બધી પુદ્ગલની ચીજ છે. વાત તો ઈ જ કહેવી છે. એમાં એક શબ્દ કહેવો છે ને. વજુભાઈ! સમજાણું કાંઈ? 'निर्माण एकस्य हि', પાછું જોર છે ને એમાં. એક જ પુદ્ગલનું એ બધું સ્વરૂપ છે. આહાહા! રાડ નાંખે માણસ. સંસારની દશા એ પુદ્ગલની દશા છે. કહે છે.

'भिन्न एकरूप' જુઓ ઓલું અનેકતા હતી ને, બહુરૂપ હતું ને સામે. ભગવાન આત્મા તો એકરૂપ વિજ્ઞાનઘન એને નિશ્ચયથી સત્ય જીવ કહીએ. માટે બધાં વિકલ્પો અને

ભેદો એ બધાંને એક જ પુદ્‌ગલ કહીએ. આહાહા! વાતે વાત. રાડ નાંખે સાંભળતાં, અરે રે! ભગવાનની ભક્તિ અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે ભગવાન એક સાચા, અરિહંત દેવ સાચા, બીજા કોઈ સાચા નથી. એવી સાચાની શ્રદ્ધાનો રાગ ઈ શ્રદ્ધાનો રાગ છે, ઈ તો પુદ્‌ગલ છે. સમજાણું કાંઈ? બાપા! તારો ભેદ છે એનાથી જુદો તું. આહા! સમજાણું કાંઈ? લ્યો ઈ એ શ્લોક થયો. 'वर्णादि सामग्र्यंमिदं विदन्तु'—જાણો, એમ છે ને. 'निर्माणमेकस्य हि पुद्‌गलस्य' એ બધું એક પુદ્‌ગલની રચના 'विदन्तु'–જાણો. 'ततोऽस्त्विदं पुद्‌गल एव नात्मा'–તેથી તે પુદ્‌ગલ છે, તે આત્મા નથી. 'यतः स विज्ञानधनस्ततोऽन्यः'—તે માટે વિજ્ઞાનઘન ભગવાન જે સમ્યક્‌દર્શનનો વિષય જે પૂર્ણ સત્‌ સ્વરૂપ, એનાથી એ બધું અન્ય તે બધું પુદ્‌ગલ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા!

૧૩મું ગુણસ્થાન તારું નહીં. આપણે બોલતાને ભાઈ. (શ્રોતા : ચૌદમું ય તારું નહીં) આ તો ૧૩મું કારણ એક ભાઈ કહેતા, તલકચંદભાઈ. ભજનમાં મૂક્યું'તું. ભજન છે ને. ૧૩મું ગુણસ્થાન તારું નહીં, આવું ક્યાંય સાંભળ્યું નહોતું, કહે એય, આહાહા! ૧૩મું ગુણસ્થાન તારું નહીં. એમ કે કેવળ(જ્ઞાન) ૧૩મે ગુણસ્થાને, એ આત્માનું નહીં. એ તો ભેદ છે. આની સાથે ભાઈ સમજાણું કાંઈ? એ ૭મો શ્લોક પદ થયું આઠમું. અર્થમાં છે જુઓ. 'रूप, रस आदि पुद्‌गलके गुण है, इनके निमित्तसे जीव अनेकरूप धारणा करता है, देखो' એના નિમિત્તથી જીવમાં–દશામાં અનેકરૂપ ધારણ કરે છે. પરંતુ 'परंतु यदि वस्तु स्वरूपका विचार किया जावे,' ભગવાન સ્વરૂપ ચૈતન્યમૂર્તિ પ્રભુ એનો જો વિચાર કરે. અરેરે! 'तो वह कर्मसे बिलकुल भिन्न एक चैतन्यमूर्ति है'. આહા!

આહીં તો એક જરીક ઓલા વાંદરાનો દાખલો આપ્યો છે ને. વડ ઉપર બેઠો' તો વાંદરો. પાંદડાં સૂકાં. એક એક સૂકતું પડે ને સૂકું હેઠે, રોવા માંડે. વડની ડાળી ઉપર બેઠેલો. વડ હશે ને મોટો. બે ડાળ ઉપર...બે પગ મૂકીને બેઠો તો. એમાં સૂકા પાન ને પવન આવે, એણે માનેલું કે આ બધું મારું છે. સૂકાં પાન એક પાંદડું પડે ખડખડ...હાય! હાય! એક બીજું પડે હાય હાય લે. પણ ઈ ક્યાં તું છો, તારાં ક્યાં છે? એ પોપટભાઈ. કાંઈક થોડી લક્ષ્મી આવી, એમાં થોડી જાય...કાળજું બળે છે આ મારે, શું છે? (શ્રોતા : તેલ રેડ્યાં) તેલ રેડ્યાં છે, રામજીભાઈ કહે છે. આહાહા! મારાં તો છે શું.....શું થયું? પાંદડું તૂટતાં...

એમાં વળી પાછું એવું હતું. એમાં દાખલો આપ્યો છે. બેઠો હતો ને વાંદરો માથે. હેઠે તડકામાં એનો છાંયો પડ્યો. છાંયો પડે ને ઉપર બેઠે હતો. હેઠે એનો પડછાયો એમાં

એક ઓલો આવ્યો સિંહ. છાંયા ઉપર મારી આમ છાપ, ઊપરથી પડ્યો હેઠે. છાયા પડે ને છાયા. ઈ પોતે ક્યાં હતો ન્યાં વાંદરો. ઈ છાયાને વળી જ્યાં મારી આમ છાપ સિંહે, તો એને એમ થઈ ગયું મને પકડ્યો. પડ્યો હેઠે. આહાહા! એમ શરીર, વાણી, મન, પુણ્ય-પાપની છાંયા જ્યાં પકડાઈ જાય, ત્યાં એને તો (એમ થાય કે) હું પકડાઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા! મારો કોણ? ભગવાન તારામાં તો ભેદ નથી ને હવે તારે કોને રોવું છે? કઈ ચીજ જતાં તારે ક્લેશ કરવો છે? સમજાણું કાંઈ? આહાહા!

ભાવાર્થ :—'अनंत संसार संसरण करता हुआ जीव,' અનંતકાળથી ચોર્યાશીના અવતારમાં રખડે છે. નર—મનુષ્ય થયો, નારકી આદિ ઢોર, દેવ થયો. 'अनेक पर्यायें प्राप्त करता है' સધન, નિર્ધન, નારકી, દેવ, અનંત અવસ્થા ધારણ કરે છે. 'वे सब पुद्‌गलमय है' એ તો બધી પુદ્‌ગલની દશાનાં ભેખ, આહા! આ બાયડી છે ને આ આદમી છે ને આ નપુંસક, આ તો બધા જડનાં ભેખ છે. આ આત્મા ક્યાં? આ તો આત્માનાં ભેખ છે જ ક્યાં? માળે પણ ભરમ પેઠો છે ને એને. શરીર જ્યાં જીર્ણ થયું હોં. મારું શરીર જીર્ણ થાય ત્યાં, પણ મારું—તારું કે દિ' હતું? એ તો જડ થ્યું. આહાહા! 'और कर्मजनित है'. એ તો કર્મનાં નિમિત્તથી ઉત્પન્ન થયેલા બધા ઉપાધિભાવ છે. 'यदि वस्तु स्वभाव विचारा जावे तो वे जीवकी नहीं है,' અવસ્થા એ જીવની દશા નથી. 'जीव तो शुद्ध, बुद्ध, निर्विकार, देहातीत और चैतन्यमूर्ति है'. આહા! ક્યારે? (શ્રોતા : સમ્યક્‌દૃષ્ટિ થાય ત્યારે) અત્યારે એવો છે ઈ, એની વાત ચાલે છે આ. આહાહા!

જીવ તો શુદ્ધ છે, બુદ્ધ છે, નિર્વિકાર છે. વિકાર—ફિકાર વસ્તુમાં છે નહીં. દેહાતીત—દેહથી અતીત—ભિન્ન પડ્યો છે અને તે છે તો ચૈતન્યમૂર્તિ છે. આહા! એનાં વિચાર કરવાને અવસર ક્યાં લીધો છે ઈ. આ જગતની ભ્રમજાળ, ત્યાંથી છોડીને આવ્યો, અહીં વ્રત ને તપ ને સાધુ થયો. ત્યાં દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને તપમાં વળી ત્યાં ગ્યો પાછો. ચૂલમાંથી વળી કહે છે ને. 'ઉલમાંથી ચૂલમાં પડ્યો'. એની એ દશા છે. આહાહા! સમજાણું કાંઈ? તારું સ્વરૂપ જે વિકલ્પથી પાર છે. વિજ્ઞાનઘન, દેહાતીત છે. એની દૃષ્ટિ કરવાનો એને અવસર અને અવકાશ લીધો નથી. એ માટે કહે છે કે આ લે હવે તું. એના અંતરમાં સ્વરૂપનાં અભેદનાં ભાન વિના સમ્યક્‌દર્શન થશે નહીં અને સમ્યક્‌દર્શન વિના કોઈ ધર્મની દશા તારે હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

હવે નવમો. આમાં આઠમો, કળશ આઠમો.

**घृतकुम्भाभिधानेऽपि कुम्भो घृतमयो न चेत्।**
**जीवो वर्णादिमज्जीव जल्पनेऽपि न तन्मयः।।८।।**

ઓલી દશા તેથી લીધી તેની.

દેહ અને જીવની ભિન્નતા પર બીજું દૃષ્ટાંત (દોહરા)

ज्यौं घट कहिये धीवकौ, घटकौ रूप न जीव।
त्यौं वरनादिक नामसौं, जड़ता लहै न जीव॥९॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :** જ્યૌં=જેવી રીતે. ઘટ=ઘડો. જડતા=અચેતનપણું.

**અર્થ** :–જેવી રીતે ઘીના સંયોગથી માટીના ઘડાને ઘીનો ઘડો કહે છે પરંતુ ઘડો ઘીરૂપ નથી થઈ જતો, તેવી જ રીતે શરીરના સંબંધથી જીવ નાનો, મોટો, કાળો, ધોળો વગેરે અનેક નામ મેળવે છે પણ તે શરીરની પેઠે અચેતન થઈ જતો નથી.

**ભાવાર્થ** :–શરીર અચેતન છે અને જીવનો તેની સાથે અનંતકાળથી સંબંધ છે તોપણ જીવ શરીરના સંબંધથી કદી અચેતન નથી થતો, સદા ચેતન જ રહે છે. ૯

**अर्थ** :–जिस प्रकार घीके संयोगसे मिट्टीके घडेको घीका घडा कहते हैं परंतु घड़ा घीरूप नहीं हो जाता, उसी प्रकार शरीरके सम्बन्धसे जीव छोटा, बड़ा, काला, गोरा आदि अनेक नाम पाता है परंतु वह शरीरके समान अचेतन नहीं हो जाता।

**भावार्थ** :–शरीर अचेतन है और जीवका उसके साथ अनंतकालसे सम्बन्ध है तो भी जीव शरीरके सम्बन्धसे कभी अचेतन नहीं होता, सदा चेतन ही रहता है॥९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :** આહાહા! 'जिस प्रकार घीके संयोगसे मिट्टीके घडेको घीका घडा कहते है।' માટીનાં ઘડાને ઘીના સંબંધે ઘીનો ઘડો એમ કહેવામાં આવે છે. પણ એ ઘડો ઘીનો નથી. આહાહા! સમજાણું કાંઈ? 'परंतु वह घडा तो घीरूप नहीं हो जाता'–ઘડો કંઈ ઘી રૂપ થતો નથી. ઘડો તો માટી રૂપે જ રહેલો છે, ઘી રૂપે થતો નથી. એમ 'शरीरके सम्बन्धसे जीव छोटा, बड़ा, काला, गौरा आदि अनेक नाम पाता है । परंतु वह शरीरके समान अचेतन नहीं हो जाता ।' આહાહા! સમજાણું કાંઈ? શરીર નાનું મોટું. અરે, રાગી–દ્વેષી, પુણ્ય–પાપવાળો એમ જીવને કહેવામાં આવે છે. અનેક નામ પામે. આ પુણ્યવંત છે ને આ પાપી છે ને આ અધર્મી છે ને. બાપુ! આને પુણ્ય પૂર્વનાં હતા તે આ બધી સામગ્રી મળી છે. એ તો નાંખ્યા એને નીકળે છે ને. શું ધૂળ નાંખી છે તેં? સાંભળને હવે! એય! મલુકચંદભાઈ, શું છે આ? ક્યાં ગયો તમારો આવ્યો કે નથી આવ્યો હજી? (શ્રોતા : જાપાન ગ્યો) જાપાન ગ્યો, કહો. કહો સમજાણું કાંઈ?

કહે છે કે નામ આપો એને, ઘીનાં ઘડાને. ઘીનો ઘડો, પણ કંઈ ઘીનો ઘડો થાતો

નથી. એમ ભગવાન આત્માને આ પુણ્યવાળો ને આ પાપવાળો ને આ નપુંસક ને આ પુરુષ છે ને ઈ સ્ત્રી છે ને આ મૂરખ છે ને આ પંડિત છે ને, એ બધાં નામ આપો, પણ એ કંઈ એ વસ્તુરૂપે થતો નથી. આહાહા! ત્યારે પૈસાવાળો કોણ થાતો હશે? એ પૈસાવાળો નહીં થાતો હોય આત્મા? (શ્રોતા : પૈસાવાળો પૈસા થાય! પૈસા વાળો જીવ થાય?) પૈસાવાળો તો જડ છે. ઈ ક્યાં આત્મા છે પૈસાવાળો? આરે, આરે, ભારે પણ!

વીતરાગ પરમાત્મા એમ કહે છે. ભાઈ! એ તો જડ છે ને. એ તો જડ જડનાં થઈને રહ્યાં છે. એમ પુણ્ય-પાપનાં ભાવ વિકાર થઈને પુદ્‌ગલ થઈને રહ્યાં છે, તારાં થઈને રહ્યાં નથી. આહાહા! બાથ ભીડી છે ને એણે. દયા ને દાન, વ્રત ને ભક્તિ ને તપ ને જ્યાં ભાવ આવે વિકલ્પ ત્યાં તો મારા, બાથ ભીડી છે મારા માનીને. સમજાણું કાંઈ? વાંદરાને ઓલા ઘડામાં બોર હતા બોર અને ઘડો હતો નાનો. મોઢું નાનું, ઘડો તો મોટો હતો. પણ હાથ નાંખ્યો. ખાલી હાથ તો ગ્યો' અંદર. પણ ઓલી મૂઠ્ઠી ભરી (શ્રોતા : મોટી) મોટી. આમ કાઢવા ગ્યો એને લાગ્યું, એ ભૂતે પકડ્યો. કો'ક અંદર ભૂત પકડે છે. પણ આ મૂઠ્ઠી તેં પકડી, સાંભળને હવે!

એમ શરીર, વાણી, મન, પુણ્ય ને પાપમાં પકડાઈ ગયો પોતે. આ મારાં, આ મારાં...પકડ્યું તેં. છોડને હવે! સમજાણું કાંઈ? મને પરે પકડ્યો છે કહે, લે. હીરાભાઈ કેમ હશે ભીખાભાઈને? (શ્રોતા : પ્રભુ હું પકડાયો છું. એ ન પકડે.) એમ હોય, પણ હીરાભાઈ જેવા છોકરા થાય આમ ઓલા પેદાશવાળા. તમને તે દિ' ૩૦ રૂા.નો પગાર મળતો'તો. ને ઓલો પાછળથી કેવો આમ ડાહ્યો ને હળવો ને શાંતિથી આમ. જુઓ તો આ કંઈક વ્યવહારથી તો કહેવાય ખરો કે નહીં? આ બાપનો દીકરો કે ઘીનો ઘડો કહેવું હોય, એ કહેવાય છે. આહાહા! આરે...આરે ભારે વાત ભાઈ!

એ દીકરાનો બાપ થાતો નથી. એ રાગનો બાપ થાતો નથી, તો વળી દીકરો ક્યાં ય રહી ગયો. આહાહા! પુદ્‌ગલનો સ્વામી જીવ થાય? તો તો જીવ જડ થઈ જાય. એ દયા—દાન—વ્રત—ભક્તિનાં ભાવ વિકલ્પ છે ઈ તો રાગ છે, જડ છે, અચેતન છે. એમાં ચૈતન્યનો અંશ છે નહીં. એનો સ્વામી થાય તો એ જડ થઈ જાય જીવ. આહાહા! બોલાય એમ આ ભાષાથી કે આણે આ પુણ્ય કર્યાં, આણે વ્રત પાળ્યાં ને આ...પણ એ જીવનું સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! આવી વાત ભગવાનની હશે કે? કોઈ એમ કહે હોં. આપણે તો ભઈ, જૈનદર્શનમાં તો કંદમૂળ ન ખાવા, ચૌવિહાર કરવો(છોડવો), અપવાસ કરવા, છ'રી પાળવી, એવું બધું આવતું. એમાં તો આ વાતેય નથી. બોલ તો ચાલતાય નથી આમાં, સાંભળને હવે! એ તો બધી તારી વિકલ્પની રાગની ક્રિયાની વાતું છે. ઈ રાગ છે ઈ તારી ચીજ જ નથી. શું તેં કર્યું, સાંભળને! આહાહા!

અને કેટલાંક તો એમ કે ભગવાન પાસે એવી ભક્તિ—ધૂન લગાવી દેવી કે પોતાને ભૂલી જવું, ભગવાનમાં તન્મય થઈ જવું, ભગવત્ સ્વરૂપ થઈ જવું. એનો અર્થ શું? એય! નહોતા બેન કહેતાં? ભાઈ નહીં તમારા શું? વકીલ ભગવાનજી ભાઈની વહુ હતાં ને (શ્રોતા : મણિબેન) મણિબેન હતાં, તે કહેતાં'તા ઈ. બસ આમ થયું. શ્રીમદ્‌માં આવ્યા તો બેન એકરૂપ થઈ ગયાં, એમ કહે. આ કલ્પનામાં આવાં ને આવાં. ઓલું માન્યું હોય ને શ્રીમદ્ આવા ને શ્રીમદ્ આવા. એકરૂપ થઈ ગયાં અમે, કહે. આવા ને આવા કેટલાક, ગપ્પે ગપ્પ મારે. ત્યાં તો શ્રીમદ્‌નો ફોટો હોય ને એમાંથી કંઈક પાણી ઝરે. એ આ...આ...આ...આ. એમાંથી પાણી ઝરે છે. પાણી શું? તે જડ છે. હવે તું ક્યાં આવ્યો ન્યાં? એય! આ ભગવાનની મૂર્તિમાં ક્યાંક પાણી ઝરે ને પછી લાખો માણસો જોવા નીકળે. ઓહોહો!

(શ્રોતા : શ્વેતાંબરમાં બધી મૂર્તિમાંથી પાણી ઝરે, બધે છાપામાં આવ્યા કરે) નીકળે, એ તો રાખ્યું હોય એનામાં આવ્યા કરે, એ તો ગોટા—ગોળા છે સાધારણ. પાણી તો જડ છે. હવે જડ ક્યાં નીકળતો હતો અને હોય તોય એ ચૈતન્યની જાત ક્યાં છે? એ તો પર છે હવે. એ તો કોઈ દેવ આવીને બનાવે ક્યાંક, સાચું છે નહીં, ખોટું બધું કલ્પના છે. એમાં આત્મા ક્યાં આવ્યો? અને એની ભક્તિમાં જે ભાવ છે એ તો રાગ છે. એ રાગ છે, એ તો વિકલ્પ છે, અચેતન છે, આત્માનો સ્વભાવ છે જ નહીં. આહાહા! આકરું ભારે પડે હોં. વાડામાં તો રહેવા ન દે હોં. આહીં તો સોનગઢમાં ક્યાંય વાડો ન મળે. કોણ કાઢે? કોને કાઢે? લે. અમારા વાડામાં આમ ન હાલે. હવે એ વાડામાં ન હાલે, પૂરો પાડાને. પોપટભાઈ, આહાહા!

ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એમનો માર્ગનું સ્વરૂપ તો જીવનું આ છે. આહા! એ વીતરાગનાં માર્ગને એણે સાંભળ્યા નથી અને જે સાંભળ્યાં એ ખોટા વીતરાગને નામે. બરાબર? પ્રકાશદાસજી! આહાહા! આ તો સત્‌ની વાતના માટે. એમને કાંઈ કોઈ વ્યક્તિ બિચારા, એ આત્મા છે. અરે! પણ એની ખબરું ન મળે એને અને માને કે અમે ધર્મ...આ આ ખોટું છે, આ ખોટું થયું છે. ગલતી કરે છે કે ગલતી. આવ્યા'તા ને ત્યાં જામનગર. આ એક માર્ગ સિવાય બધા તમારા જૂઠ્ઠા છે, કીધું. યાદ રાખો. તમારા બધા અપવાસ—બપવાસ કરીને મરી જાઓ છો...(શ્રોતા : આત્મા કી પ્રાપ્તિકા કારણ, નિમિત્તસે કહા હૈ ને) નિમિત્ત સે મિલતે નહીં બિલકુલ. નિમિત્ત જડ હૈ, પર હૈ. કહો શેઠી! કરો ખુલાસો અહીંયા. ઝવેરાતમાં ન્યાં બહુ પરીક્ષા કરતા'તા તે. શેઠી ઝવેરાત જાંચતે થે ને. આ ઝવેરાત હૈ, વહ તો ધૂળ હૈ. પણ હૈ શું ક્યાં? આહાહા!

લ્યો, કહે છે, જેમ ઘીના સંબંધે ઘડાને ઘીનો કહીએ, દવાને સંબંધે શીશીને દવાની શીશી કહીએ, તો દવાની શીશી થઈ જતી હશે? આહા! સોનાનાં મ્યાનને કારણે તરવારને સોનાની કહીએ, તે તલવાર સોનાની થઈ જતી હશે? એ તો લોઢાની છે. એમ જીવને શરીરવાળો કહેવો, પુણ્ય ને દયાવાળો કહેવો, ભક્તિનાં ભાવવાળો કહેવો, એ બધું નિમિત્તનાં કથનો છે. ઘીનાં ઘડા જેવી વાત છે. આહાહા! સમજાણું કાંઈ? આરે! વાતું આવી ક્યાં? આ એક જ નિશ્ચય સાચું પછી બીજો કોઈ વ્યવહાર નથી? છે ને. એ જીવથી અન્ય છે. કીધું છે ને સાંભળ્યું નહીં? છે અન્ય, વસ્તુ અન્ય છે. પણ એ અન્ય છે, એ વ્યવહાર અન્ય છે, એ જીવ નથી. સમજાણું કાંઈ? આરે ભારે કામ આકરું.

'त्यौं वरनादिक नाम सौ, जड़ता लहै न जीव.' ભલે નામ પાડો એને રાગવાળો ને વ્યવહારવાળો ને પુણ્યવાળો પણ વ્યવહારથી (નિશ્ચયથી) તો એ મુક્ત જ છે સ્વરૂપ. સમજાણું કાંઈ? તેથી સમ્યક્દૃષ્ટિને કહ્યું છે ને કે આત્મા ચૈતન્યસ્વરૂપનું જ્યાં ભાન થયું એટલે સમકિતી તો વ્યવહારથી મુક્ત છે, વ્યવહાર એનામાં છે જ નહીં. આહાહા! ૪થે ગુણસ્થાનથી. એય! દેવાનુપ્રિયા, શું છે કાંઈ સામું? નથી. (શ્રોતા : હવે આમાં સામું લેવા જેવું નથી.) લેવા જેવું નથી. ઠીક કહે છે ઈ. આમાં એમ કહે કે ધ્યાન રાખવા જેવું છે, એમ કહે છે. એ વખતે બીજા તર્ક ઉઠાવવા જાય તો આડે અવળે (ભટકી જાય) એમ કહે છે. કહો સમજાણું કાંઈ?

એ આવ્યા'તા ભાઈ. કષાયી મૂઢ બહુ...(શ્રોતા : કષાયમાં મિથ્યાત્વ જોરદાર છે ઈ સાચો કષાય છે) એ દેવાનુપ્રિયા! કંઈ કરવા ગ્યા'તા કાંઈક, પછી હારી ગયા એમાં. આહાહા! અરે! ભગવાન, કષાય મંદ કોને કહેવો? બાપુ તને ખબર નથી. એ રાગની મંદતા એ પુદ્‌ગલ જડ છે. આહાહા! શેઠી, એનાથી એને સારો કહેવો, જો કે કષાય મંદ મિથ્યાદૃષ્ટિ ને તો ખરેખર હોઈ શકે નહીં. પણ રાગની મંદતા હોય ને દૃષ્ટિ મિથ્યાત્વ હોય પણ એ બધી જડ છે એ તો. અને ચૈતન્ય ક્યાં આવ્યો? સમજાણું કાંઈ?

'अचेतन नहीं हो जाता। (भावार्थ) शरीर अचेतन है और जीवका उसके साथ अनंतकालसे सम्बन्ध है तो भी जीव शरीरके सम्बन्धसे कभी अचेतन नहीं होता।' 'તો ભી જીવ, શરીર કે સંબંધ સે કભી અચેતન નહીં હોતા' લાખ વર્ષ માટીનાં ઘડામાં, (માટીનાં) ઘડામાં ઘી રહે લાખ વર્ષ, તો ઘડો થઈ જતો હશે ઘીનો? લાખ વર્ષ રહે તો? (શ્રોતા : અનંતા કાળ રહે તો ય ન થાય.) ઈ તો માટીની પર્યાય ઘટ થઈ છે, ઈ ઘીને લઈને નહીં. એવા કસ્તૂરીનો દાખલો આપ્યો'તો ને કસ્તૂરીનો.

હવે વીરજીભાઈએ દાખલો નહોતો આપ્યો કસ્તૂરીનો? હવે કસ્તૂરી, (શ્રોતા :

ચોપડા, ચોપડામાં) હાં, સવા શેર કસ્તૂરી મૂકી ગયેલી વીરજીભાઈને ન્યાં. આ વકીલ, જામનગરવાળા વીરજીભાઈ ને ન્યાં શેર સવા શેર કસ્તૂરી મુકી ગયેલા. આ...આવે છે ને કસ્તૂરી. પટારામાં પડેલી. તે ઘણા વર્ષ સુધી રહી ને પછી લઈ ગ્યા. પણ જ્યાં ઉખાડે ઈ અને ચોપડા પડેલા. ચોપડાનું પાનું ફેરવે ને કસ્તૂરીની ગંધ આવે. કસ્તૂરી તો લઈ ગયેલા. એ સવાશેર કસ્તૂરી હતી, આ વીરજીભાઈ કહેતા. પછી પાને પાને (ગંધ મારે). ઓલા ચોપડા અંદર પડેલા ને પાને પાને ગંધ મારે. પણ એ તો કસ્તૂરીનાં રજકણો ત્યાં હતા, એ કંઈ ચોપડાનાં નથી. ચોપડો ગંધાતો નથી કાંઈ. એ તો કસ્તૂરીની ગંધ છે. સમજાય છે કાંઈ?

એમ પુણ્ય ને પાપનાં વિકલ્પની ગંધ એ પુદ્‌ગલની જાત, આત્માની નહીં. ગમે એટલો કાળ ભેગો રહ્યો હોય. એ કહે છે જુઓ. પુદ્‌ગલની ગંધ છે એ તો. આહાહા! ‘अनंतकालसे सम्बन्ध है तो भी जीव शरीरके सम्बनधसे कभी अचेतन नहीं होता, सदा चेतन ही रहता है।’ અચેતનની વ્યાખ્યા—રાગ અને પુણ્યરૂપે કોઈ દિ’ થતો નથી, એમ અચેતન થતો નથી, એમ કહેવું છે. સમજાણું કાંઈ? અત્યારે તો આહીં સ્થૂળ વાત એમ નહીં કે શરીરરૂપ થાતો નથી, શરીરરૂપ (થાતો નથી).

હવે आत्माका प्रत्यक्ष स्वरूप લ્યો. નવમો નીચે.

**अनाद्यनन्तमचलं स्वसंवेद्यमिदं स्फूटम्।**
**जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते॥९॥**

જ્યારે ભેદ જીવ નહીં, દયા—દાનનાં ભક્તિનાં ભાવ જીવ નહીં, શરીર, કર્મ જીવ નહીં તો છે કોણ ત્યારે હવે જીવ? આહાહા! આત્માના સ્વરૂપનું પ્રત્યક્ષ, શબ્દ છે ને, સ્વસંવેદ્ય છે ને.

આત્માનું પ્રત્યક્ષ સ્વરૂપ (દોહરા)

**निराबाध चेतन अलख, जानै सहज स्वकीव।**
**अचल अनादि अनंत नित, प्रगट जगतमैं जीव॥१०॥**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :** નિરાબાધ=શાતા–અશાતાની બાધારહિત. ચેતન=જ્ઞાન–દર્શન. અલખ=ચર્મચક્ષુઓથી દેખાતો નથી. સહજ=સ્વભાવથી. સ્વકીવ(સ્વકીય)=પોતાનું. પ્રગટ=સ્પષ્ટ.

**અર્થ :**—જીવ પદાર્થ નિરાબાધ, ચૈતન્ય, અરૂપી, સ્વાભાવિક જ્ઞાતા; અચળ, અનાદિ, અનંત અને નિત્ય છે, તે સંસારમાં પ્રત્યક્ષ પ્રમાણ છે.

**ભાવાર્થ :**—જીવ શાતા–અશાતાની બાધાથી રહિત છે એથી નિરાબાધ છે,

**સદાય ચેતતો રહે છે એથી ચેતન છે, ઇન્દ્રિયગોચર નથી એથી અલખ છે, પોતાના સ્વભાવને પોતે જ જાણે છે એથી સ્વકીય છે, પોતાના જ્ઞાન-સ્વભાવથી છૂટતો નથી એથી અચળ છે, આદિ રહિત છે એથી અનાદિ છે, અનંતગુણ સહિત છે એથી અનંત છે, કદી નાશ પામતો નથી એથી નિત્ય છે. ૧૦**

**अर्थ :**–जीव पदार्थ निराबाध, चैतन्य, अरूपी, स्वाभाविक, ज्ञाता, अचल, अनादि, अनंत और नित्य है सो संसारमें प्रत्यक्ष प्रमाण है।

**भावार्थ :**–जीव साता–असाताकी बाधासे रहित है इससे निराबाध है, सदा चेतता रहता है इससे चेतन है, इन्द्रियगोचर नहीं इससे अलख है, अपने स्वभावको आप ही जानता है इससे स्वकीय है, अपने ज्ञानस्वभावसे नहीं चिगता इससे अचल है, इससे अनादि है, अनंतगुण सहित है इससे अनंत है, कभी नाश नहीं होता इससे नित्य है।।१०।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

અર્થ :—'जीव पदार्थ निराबाध है'. એનો પછી અર્થ કરશે નીચે હોં. 'चैतन्य, अरूपी, स्वाभाविक, ज्ञाता, अचल, अनादि, अनंत और नित्य है, सो संसारमें प्रत्यक्ष प्रमाण है।' કહે છે કે તું જ્ઞાનથી પ્રત્યક્ષ જણાય એવો જ આત્મા છે. સમજાણું કાંઈ ? સ્વસંવેદ્ય છે. એ દયા–દાન–વ્રત–ભક્તિના પરિણામથી આત્મા જણાય ને આત્માને લાભ થાય એવો આત્મા છે નહીં. આહાહા ! 'जीव साता-असाताकी बाधासे रहित है इससे निराबाध है' હવે વ્યાખ્યા કરી એક–એકની. એને શાતા–અશાતામાં શરીરનાં પરમાણુઓ કે વિકલ્પ, એમાં છે જ નહીં. એ તો આનંદની મૂર્તિ છે, આત્મા એને આત્મા કહીએ. 'નિરાબાધ' છે, એને કોઈ બાધા–પીડા કરે પીડા થાય, અરે ! એમાં વિકલ્પ જે ઉઠે દુઃખરૂપ, એ આત્મા નહીં. અનુકૂળ શાતાની શરીરમાં, પૈસાની આ ધૂળને એ આવે અને એમાં મને ઠીક છે એમ જે માને છે, એ ઠીક છે એ રાગ છે, રાગ છે. એ દુઃખ છે, એ જીવ નહીં. કહો સમજાણું કાંઈ ?

પાંચ–પચ્ચીસ લાખ, પચાસ લાખ મળ્યા હોય અને બસ, આહાહા ! બાગ–બગીચાં બનાવ્યા હોય, ફૂલ ઝાડમાં બેઠો હોય સાંજનાં ચાર વાગ્યા પછી નિવૃત્તિમાં, તડકા જરીક સૂર્ય આમ હેઠો પડ્યો હોય આ બાજુ, નવરા થઈને બધા હોય, શ્રીખંડ–પૂરી તૈયાર થયા હોય. અને ફૂલ–ઝાડમાં મોટા માઈલ–બે માઈલમાં મોટા બાગ હોય. મોટા મોટા રાજાને મોટા બાગ હોય ને. આને થોડો પૈસો, થોડો કેવડો હશે થોડો ? અર્ધા માઈલમાં છે બાગ કેટલો બાગ તમારે ? બાગ. થોડો ઘણો હશે લ્યોને (શ્રોતા : ઈ તો મકાનના ભપકાં હોય) હોય. કહે ન્યાં એ ઋદ્ધિ, એ ઋદ્ધિએ રહેવું જ પડે, એમ

કહેતો'તો ને. (શ્રોતા : રહેવું શું પડે, મળે જ તે એમાં, એવા મકાન મળે.) બસ આમ ઝાડ–પાન ને, આહાહા! માથે આમ દ્રાક્ષના માંડવા હોય અને એનાં લૂમ–ઝૂમ લટકતાં હોય. શેર–બશેર–બશેર–બશેર...અને એમાં ખુરશી નાંખી હોય સોનાની ને એમાં બેઠો હોય ને લાકડાનું ઓલું હોય ને લૂગડું–બુગડું આમ નાંખીને બેઠા હોય ને ૧૦–૧૫ એવા ગપ્પ મારનાર ઘરડા ભેગા થયા હોય બધા સરખા. (શ્રોતા : મિત્રો હોય, મિત્રો) મિત્રો.

શ્રીખંડ ને શું કહેવાય ઓલું તમારે? પતરવેલિયાં. પતરવેલિયાં અને શ્રીખંડ, સાંભળ કહે છે મૂઢ. એ તો શાતા વેદનીયનાં ફળરૂપ વસ્તુ છે, એ જીવ નહીં. અને એમાં કલ્પના કરે છે કે મને મજા પડે છે, એ રાગ છે, દુઃખ છે, જીવ નહીં. તું એ નહીં, લે. આહાહા! એય, પોપટભાઈ! કોઈ વખત બેસતા હશો ને છએ ભેગા થઈને સાત જણા- છ છોકરા ને પોતે. કોઈ વખતે, હર વખતે નહીં. કોઈ હોંશનો દિ' હોય, કોઈ દિવાળીનો હોય. પહેલાંથી વધારે થયું હોય. હમણાં પૈસા વધ્યા છે થોડા. એ તો પછી એવું કોઈ ટાણું હોય ત્યારે થાય, નાતનું ભેગું થાય, એમ કહે. માણસ વાતું કરે છે કહે. કહો સમજાણું કાંઈ? આરે! હવે ભાળ્યા ભ્રમણાની આ ભૂતાવળ શું હશે આ? (શ્રોતા : પાકી ભૂતાવળ) પાકી ભૂતાવળ. કહે છે કે શાતાથી મળેલી સામગ્રી જડ અને એમાં તું બેસ, કલ્પના કર કે મને મજા પડે છે, એય જડ છે, એ તું નહીં. આહાહા! સમજાણું કાંઈ? એ ચૈતન્ય નહીં, ભગવાન આત્મા નહીં. આત્મા તો આનંદની મૂર્તિ છે. આહાહા! ભારે!

'निराबाध'. એમાં શાતા અશાતા બેય લેવી હોં પાછું. અશાતાની સામગ્રી સાતમી નરકની. અશાતાનાં ઉદયથી જુઓ તો રવ–રવ નરક, પણ છે કહે કે ઈ તો જડની સામગ્રી છે. ને એમાં ઉહું...ને આમ થાય, અણગમો થાય. એ આકુળતા–દુઃખ એ પણ જડ છે, તારી જાત નહીં. આહાહા! તું તો નિરાબાધ ચૈતન્ય છો. એ સુખ–દુઃખની કલ્પનાની આકુળતાથી ભિન્ન અને સામગ્રીથી તો ભિન્ન છે. આહાહા! એય ભિન્ન છે, એને આત્મા કહીએ. આહાહા! ભારે ભાઈ મીઠાશ જગતને! એમાં શરીર જરીક રૂપાળું હોય, નમણાઈ સરખી હોય અને બધી બાયડી એવી મળી હોય ને છોકરા છોડી પણ એવા બધા સરખા મળ્યા હોય, જુઓ પછી હું પહોળો ને શેરી સાંકડી. આહાહા! એ નેમીદાસભાઈ, તમારે દીકરો નથી એટલે શું, પણ આ તો એક હોય એની વાત છે. આહા! પણ હજી ૭ લાખ–૧૦ લાખ રૂપિયા છે ન્યાં, નાંખે ક્યાં? કાંઈ ખેલ પડાવીએ. કહો સમજાણું કાંઈ? આહાહા! હવે ભારે હવે, આ ભારે ભૂતાવળ તો વળગ્યો છે માળો.

પહેલા વહેલા પાલેજમાં ગ્યા ને ભાઈ, ૫૯નો આસો મહિનો હતો. સંવત ૫૯નો આસો મહિનો. આહીં દેશમાંથી દુકાન ઉપર ગ્યા'તા, દુકાન પાલેજમાં હતી ને ભરૂચ

અને વડોદરા વચ્ચે. એ તો ૪૬માં જન્મ એટલે ૧૪મું ચાલતું હશે. પછી એક અંજવાળી દિવસ હતો કે આસો સુદ પૂનમ હતી લગભગ. એટલે પછી આપ દુકાનમાં હજી બહાર સૂતા હતા અને આમ એ વખતે તો પહેલું બીવે એટલે બહારમાં એમાં ઝીલ છે જોડે ઝીલ. હવે તો વીંખી નાખી. ત્યાં તો મકાન થઈ ગ્યાં છે હવે. ત્યાં બાઈયું રાસડા લેતી હતી એટલે અમે છોકરાંઓ જાણે કીધું, શું છે આ? એટલે બીજાઓ કહે કે માળા તમે નાના છોકરાંઓ છો ને એટલે તમારે ન જાવું ત્યાં જોવા. કેમ? ઈ તો ભૂતાવળ સરખીયું ભૂતાવળ નાચે ને ડાકણ છે, એ ચૂડેલ છે. જો ચૂડેલ બોલે માત્ર હા પાડે તો ચોંટશે. ઓય મા, કીધું આ શું છે? ચૂડેલ છે.

(શ્રોતા : હવે દાખલો આપ્યો તો પાળવો પડશેને) ઈ ઈ હાટું તો હાલે છે આ. એ કહે, ચૂડેલ છે, ત્યાં જોવા જાવું નહીં. અને જોવા જાતાં જો એ કંઈ બબડે અને હા પાડી તો ચોંટશે, લોહી ચૂસી લેશે. ઓય માળા કે આ શું? કે આપણે કંઈ સાંભળેલું નહીં. પછી તો દુકાનમાં ધંધો અને પછી તો ખબર પડી કે એ તો બાઈયું નવરી થઈને રાસડા લેતી હતી. ચૂડેલ—બૂડેલ કોઈ નથી. એમ આ અજ્ઞાનીને રાગ અને દ્વેષ અને શરીરને દેખીને આ મારાં છે, એ ચૂડેલ વળગેલી છે એને. મારાં...મારાં...મારાં કરીને માળો ખાઈ જશે, તારી ચીજની શાંતિનો ખો થઈ જશે તને, સાંભળને! સમજાણું કાંઈ?

'निराबाध'. આહાહા! ભગવાન તું નિરાબાધ છે. જેને પુણ્ય-પાપનાં વિકલ્પની ગંધ જેમાં નથી, એવો પ્રભુ આત્મા છે. એવા આત્માને અંદર ઓળખીને શ્રદ્ધવો એનું નામ ધર્મ છે. વીતરાગનો ધર્મ આ છે. સમજાણું કાંઈ? નિરાબાધ છે. સદા ચેતવું, ચેતતા રહે તે માટે ચેતન છે એમ. સદાય જાગૃત છે એ તો, માટે એ ચેતન છે. ઊંઘ વખતે પણ એમ કહે, મને બહુ મીઠી ઊંઘ આવી'તી. જાગતો છે ત્યાં એ, એ કંઈ આત્મા ઊંઘતો નથી. આહાહા! સમજાય છે કાંઈ? સદા ચેતતા રહે છે. માટે એ ચેતન છે એ તો.

'इन्द्रियगोचर नहीं इससे अलख है'. છે ને ત્રીજો બોલ. ઇન્દ્રિયગમ્ય નથી એ ભગવાન. આ તો જડ-માટી-ધૂળ, એનાથી જણાય એવો નથી આત્મા. વિકલ્પથી જણાય એવો નથી. અલખ ને કેમ ઓળખવો? આવે છે ને ભજનમાં આવે છે. અલખ છે અલખ. આહાહા! ઇન્દ્રિયો તો માટી-જડ છે. એનાથી ગમ્ય કેમ હોય? એ તો અતીન્દ્રિય પ્રભુ છે આત્મા તો. આહાહા! ઇન્દ્રિયો ખંડ ખંડ ને જડ, એનાથી ભિન્ન છે, એથી એને ચેતન અલખ કહીએ છીએ.

'अपने स्वभावको आप ही जानता है' સ્વસંવેદ્ય—સ્વકીવ. 'जाने सहज स्वकीव' એમ. પોતે પોતાના આનંદને અને જ્ઞાનને જાણે એવો એનો સ્વભાવ છે. અપને સ્વભાવકો

આપ હી જાનતા હૈ. પોતાના સ્વભાવ જાણવા માટે પરની અપેક્ષા નથી. આહાહા! સમજાણું કાંઈ? સ્વસંવેદ્ય છે ને મૂળ તો. એનો અર્થ કર્યો છે ઈ. 'सहज स्वकीव' પછી નાંખ્યું છે. 'जाने सहज स्वकीव'. ખરેખર 'स्वसंवेद्यमिदं' સ્વ નામ પોતાથી, સમ નામ પ્રત્યક્ષ, જ્ઞાનથી પ્રત્યક્ષ જણાય એવો એ ભગવાન છે. એ વિકલ્પથી જણાય નહીં, એ રાગથી જણાય નહીં, નિમિત્તથી જણાય નહીં, પરોક્ષ જ્ઞાનથી પણ જણાય નહીં. આહાહા! પોતાની જ્ઞાનદશા એ સ્વ અને સમ નામ પ્રત્યક્ષ, એવા સ્વસંવેદનમય આ ભગવાન છે. એના વેદન ને એનાં જાણવા માટે કોઈની અપેક્ષા નથી, એવું એનું સ્વરૂપ છે. એવા સ્વરૂપને અંદરમાં ઓળખવું અને શ્રદ્ધા દૃષ્ટિ કરીને ભાન કરવું. આ એનું નામ જીવને જાણ્યું અને આતમજ્ઞાન ને ધર્મ કહેવામાં આવે છે.

(—પ્રમાણ વચન ગુરુદેવ.)

(શ્રોતા : ધ્રુવ ઉપર લક્ષ જાય તો આનંદ કે પર્યાય ઉપર(જાય તો)?) ધ્રુવ ઉપર. ધ્રુવ ઉપર લક્ષ જાય એ આનંદ. લક્ષ જાય તે કહેવું, પર્યાયને ધ્રુવ ઉપર વાળવી એ કરતા ધ્રુવ ઉપર જાય છે, એ પર્યાય ગઈ, એમ કહેવામાં આવે છે. વેદનમાં આનંદનો ખ્યાલ (શ્રોતા : ઉપયોગપૂર્વક?) ઉપયોગમાં અને ઉપયોગ ન હોય તોય આનંદ તો સદાય લબ્ધમાં હોય જ છે. (શ્રોતા : નિર્વિકલ્પમાં ઉપયોગ....) ઉપયોગ છે અને આ ઉપયોગ નથી—લબ્ધ છે, આનંદ છે આમાં, એવું ભાન સદાય નિરંતર ચોવીસે કલાક રહે છે. (શ્રોતાઃ ધ્રુવ ઉપર ને આનંદ પર્યાય ઉપર, બેઉ ઉપર ઉપયોગ?) ઉપયોગ તો એક જ ઉપર હોય સ્વ ઉપર. ઉપયોગ રાગ ઉપર હોય? ભલે એમ પ્રશ્ન કર્યો. ભેદ પાડ્યો ત્યારે રાગ ઉપર ઉપયોગ છે જ નહીં, ખરેખર ઉપયોગ અંદર લબ્ધમાં દૃષ્ટિ પડી છે. વસ્તુ ઉપર દૃષ્ટિ છે, રાગ ઉપર દૃષ્ટિ નથી. રાગને જાણે ભલે એ કહેવું, એ વ્યવહારે જણાઈ જાય છે. રાગ એ જાણવો નથી, રાગ જણાઈ જાય છે. આ તો અંતરમાં એકાકાર થઈને અનુભવ કરે છે. (શ્રોતા : જણાઈ જાય એટલે શું?) જણાઈ જાયનો અર્થ શું? કે જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે, એથી રાગ ત્યાં જણાણો, એમ કહેવામાં આવે છે. આમ રાગ જાણું, એમ નહિ. આ રાગ જાણું, એમ નહિ. રાગ જાણવું, એ તો પર ઉપર લક્ષ જાય છે. **નાટક સમયસાર પ્રવચન નં. ૬૬નો અંશ**

## પ્રવચન નં. ૩૫
## અજીવદ્વાર પદ ૧૧,૧૨,૧૩ ઉપર પ્રવચન ઉપલબ્ધ નથી.

અનુભવ વિધાન (સવૈયા એકત્રીસા)

रूप रसवंत मूरतीक एक पुदगल,
　　रूप विनु और यौं अजीव दर्व दुधा है।
चारि हैं अमूरतीक जीव भी अमूरतीक,
　　याहीतैं अमूरतीक-वस्तु-ध्यान मुधा है।।
औरसौं न कबहूं प्रगट आप आपुहीसौं,
　　ऐसौ थिर चेतन-सुभाउ सुद्ध सुधा है।
चेतनकौ अनुभौ अराधैं जग तेई जीव,
　　जिन्हकौं अखंड रस चाखिवेकी छुधा है।।११।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :** દુધા=બે પ્રકારનો. મુધા=વૃથા. થિર (સ્થિર)=અચળ. સુધા=અમૃત. અખંડ=પૂર્ણ. છુધા(ક્ષુધા)=ભૂખ.

**અર્થ :**–પુદ્‌ગલદ્રવ્ય વર્ણ, રસ આદિ સહિત મૂર્તિક છે, બાકીના ધર્મ, અધર્મ આદિ ચાર અજીવદ્રવ્ય અમૂર્તિક છે, આ રીતે અજીવ દ્રવ્ય મૂર્તિક અને અમૂર્તિક બે ભેદરૂપ છે, જીવ પણ અમૂર્તિક છે તેથી અમૂર્તિક વસ્તુનું ધ્યાન કરવું વ્યર્થ છે. આત્મ સ્વયંસિદ્ધ, સ્થિર, ચૈતન્યસ્વભાવી, જ્ઞાનામૃતસ્વરૂપ છે. આ સંસારમાં જેમને પરિપૂર્ણ અમૃતરસનો સ્વાદ લેવાની અભિલાષા છે તે આવા જ આત્માનો અનુભવ કરે છે.

**ભાવાર્થ :**–લોકમાં છ દ્રવ્ય છે, તેમાં એક જીવ અને પાંચ અજીવ છે, અજીવ દ્રવ્ય મૂર્તિક અને અમૂર્તિકના ભેદથી બે પ્રકારના છે, પુદ્‌ગલ મૂર્તિક છે અને ધર્મ, અધર્મ, આકાશ, કાળ–એ ચાર અમૂર્તિક છે. જીવ પણ અમૂર્તિક છે. જ્યારે જીવ સિવાય અન્ય પણ અમૂર્તિક છે તો અમૂર્તિકનું ધ્યાન કરવાથી જીવનું ધ્યાન થઈ શકતું નથી, માટે અમૂર્તિકનું ધ્યાન કરવું એ અજ્ઞાન છે, જેમના સ્વાત્મરસ આસ્વાદન કરવાની અભિલાષા છે તેમને અમૂર્તિકપણાનું ધ્યાન ન કરતાં શુદ્ધ ચૈતન્ય, નિત્ય, સ્થિર અને જ્ઞાનસ્વભાવી આત્માનું ધ્યાન કરવું જોઈએ. ૧૧.

**अर्थ :**–पुद्गलद्रव्य वर्ण रस आदि सहित मूर्तिक है, शेष धर्म, अधर्म आदि चार अजीवद्रव्य अमूर्तिक हैं, इस प्रकार अजीवद्रव्य मूर्तिक और अमूर्तिक दो भेदरूप है; जीव भी

अमूर्तिक है इसलिए अमूर्तिक वस्तुका ध्यान करना व्यर्थ है। आत्मा स्वयंसिद्ध, स्थिर, चैतन्यस्वभावी, ज्ञानामृत-स्वरूप है। इस संसारमें जिन्हें परिपूर्ण अमृतरसका स्वाद लेनेकी अभिलाषा है वे ऐसे ही आत्माका अनुभव करते हैं।

**भावार्थ :**–लोकमें छह द्रव्य हैं, उनमें एक जीव और पाँच अजीव हैं, अजीव द्रव्य मूर्तिक और अमूर्तिकके भेदसे दो प्रकारके हैं, पुद्गल मूर्तिक है और धर्म, अधर्म, आकाश, काल ये चार अमूर्तिक हैं। जीव भी अमूर्तिक है जब कि जीवके सिवाय अन्य भी अमूर्तिक हैं तो अमूर्तिकका ध्यान करनेसे जीवका ध्यान नहीं हो सकता, अतः अमूर्तिकका ध्यान करना अज्ञानता है, जिन्हें स्वात्मरस आस्वादन करनेकी अभिलाषा है उन्हें मात्र अमूर्तिकताका ध्यान न करके शुद्ध चैतन्य, नित्य, स्थिर और ज्ञानस्वभावी आत्माका ध्यान करना चाहिए॥११॥

---

આત્મજ્ઞાનનું પરિણામ (કવિત્ત)

चेतन जीव अजीव अचेतन,
लच्छन-भेद उभै पद न्यारे।
सम्यक्दृष्टि-उदोत विचच्छन,
भिन्न लखै लखिकैं निरधारे॥
जे जगमांहि अनादि अखंडित,
मोह महामदके मतवारे।
ते जड़ चेतन एक कहैं,
तिन्हकी फिरि टेक टरै नहि टारे॥१२॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :**–ઉભૈ (ઉભય)=બન્ને. પદ=અહીં પદ કહેતાં પદાર્થનું પ્રયોજન છે. ઉદોત(ઉદ્યોત)=પ્રકાશ. વિચચ્છન(વિચક્ષણ)=વિદ્વાન. નિરધારે=નિશ્ચય કરે. મદ=શરાબ. મતવારે=પાગલ. ટેક=હઠ.

**અર્થ :**–જીવ ચૈતન્ય છે, અજીવ જડ છે, આ રીતે લક્ષણ ભેદથી બન્ને પ્રકારના પદાર્થો ભિન્ન ભિન્ન છે. વિદ્વાનો સમ્યગ્દર્શનના પ્રકાશથી તેમને જુદા જુદા દેખે અને નક્કી કરે છે, પરંતુ સંસારમાં જે મનુષ્ય અનાદિકાળથી દુર્નિવાર મોહની તીક્ષ્ણ મદિરાથી ઉન્મત્ત થઈ રહ્યા છે તેઓ જીવ અને જડને એક જ કહે છે, તેમની આ ખોટી હઠ ટાળવાથી પણ ટળતી નથી.

**ભાવાર્થ :**–કોઈ એક બ્રહ્મ જ બ્રહ્મ બતાવે છે, કોઈ જીવને અંગુઠા જેવડો, કોઈ ચોખા જેવડો અને કોઈ મૂર્તિક કહે છે, તેથી આ પદ્યમાં તે બધાનું અજ્ઞાનપણું બતાવ્યું છે. ૧૨.

**अर्थ** :–जीव चैतन्य है, अजीव जड़ है; इस प्रकार लक्षण भेदसे दोनों प्रकारके पदार्थ पृथक्-पृथक् हैं। विद्वान लोग सम्यग्दर्शनके प्रकाशसे उन्हें जुदे-जुदे देखते और निश्चय करते हैं, परंतु संसारमें जो मनुष्य अनादिकालसे दुर्निवार मोहकी तीक्ष्ण मदिरासे उन्मत्त हो रहे हैं वे जीव और जड़को एक ही कहते हैं; उनकी यह कुटेक टालनेसे भी नहीं टलती है।

**भावार्थ** :–कोई एक ब्रह्म ही ब्रह्म बतलाते हैं, कोई जीवको अंगुष्ठ प्रमाण कोई तंदुल प्रमाण और कोई मूर्तिक कहते हैं, सो इस पद्यमें उन सबकी अज्ञानता बतलाई है।।१२।।

---

આત્મજ્ઞાનનું પરિણામ (કવિત્ત)

या घटमें भ्रमरूप अनादि,
विसाल महा अविवेक अखारौ।
तामहि और स्वरूप न दीसत,
पुग्गल नृत्य करै अति भारौ।।
फेरत भेख दिखावत कौतुक,
सौंजि लियें वरनादि पसारौ।
मोहसौं भिन्न जुदौ जड़सौं,
चिनमूरति नाटक देखन हारौ।।१३।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :–** ઘટ=હૃદય. ભ્રમ=મિથ્યાત્વ. મહા=મોટો. અવિવેક=અજ્ઞાન. અખારૌ=નાટ્યશાળા. દીસત=દેખાય છે. પુગ્ગલ=પુદ્‌ગલ. નૃત્ય=નાચ. ફેરત=બદલે છે. સૌંજિ=ભાગ. પસારૌ(પ્રસાર)=વિસ્તાર. કૌતુક=ખેલ

**અર્થ** :–આ હૃદયમાં અનાદિકાળથી મિથ્યાત્વરૂપ મહા અજ્ઞાનની વિસતૃત નાટ્યશાળા છે, તેમાં બીજું કાંઈ શુદ્ધ સ્વરૂપ નથી દેખાતું, માત્ર એક પુદ્‌ગલ જ ઘણો મોટો નાચ કરી રહ્યું છે, તે અનેકરૂપ પલટે છે અને રૂપ આદિનો વિસ્તાર કરીને જુદા જુદા ખેલ બતાવે છે, પરંતુ મોહ અને જડથી ભિન્ન સમ્યગ્દષ્ટિ આત્મા તે નાટકનો માત્ર જોનાર છે (હર્ષ–વિષાદ નથી કરતો.) ૧૩.

**अर्थ** :–इस हृदयमें अनादिकालसे मिथ्यात्वरूप महा अज्ञानकी विस्तृत नाट्यशाला है, उसमें और कोई शुद्ध स्वरूप नहीं दिखता केवल एक पुद्गल ही बड़ा भारी नाच कर रहा है, वह अनेकरूप पलटता है और रूप आदि विस्तार करके नाना कौतुक दिखाता है; परंतु मोह और जड़से निराला सम्यग्दृष्टि आत्मा उस नाटकका मात्र देखनेवाला है (हर्ष-विषाद नहीं करता)।।१३।।

---

## પ્રવચન નં. ૩૬, ફાગણ સુદ ૧૧, રવિવાર, તા. ૭-૩-૧૯૭૧
## પદ ૧૪ તથા અજીવદ્વારના સાર ઉપર પ્રવચન.

આ 'નાટક સમયસાર' છે. અજીવ અધિકાર એટલે કે આ જીવ સ્વરૂપ ભગવાન આત્માથી અજીવ ભિન્ન છે. અજીવથી જીવ ભિન્ન છે, એ માટે અજીવનું જ્ઞાન કરાવે છે. છેલ્લો ૧૩મો કળશ છે. નીચે ૬૪ પાને નીચે

इत्थं ज्ञानक्रकचलनापाटनं नाटयित्वा
जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।
विश्व व्याप्र प्रसभविकसद्वयक्तचिन्मात्रशकत्या
ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे ।।१३।।

એનું પદ ચૌદમું ભેદવિજ્ઞાનનું પરિણામ

ભેદવિજ્ઞાનનું પરિણામ (સવૈયા એકવીસા)

जैसे करवत एक काठ बीच खंड करै,
जैसैं राजहंस निरवारै दूध जलकौं।
तैसैं भेदग्यान निज भेदक-सकतिसेती,
भिन्न भिन्न करै चिदानंद पुदगलकौं।।
अवधिकौं धावै मनपर्यैकी अवस्था पावै,
उमगिकैं आवै परमावधिके थलकौं।
याही भांति पूरन सरूपकौ उदोत धरै,
करै प्रतिबिंबित पदारथ सकलकौं।।१४।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :** ખંડ=ટૂકડા. નિરવારૈ=જુદા કરે. સેતી=વડે. ઉમગિકૈ=વધીને.

**અર્થ :**—જેમ કરવત લાકડાના બે ટૂકડા કરી નાખે છે, અથવા જેમ રાજહંસ દૂધ અને પાણીને જુદા કરી દે છે તેવી જ રીતે ભેદવિજ્ઞાન પોતાની ભેદક–શક્તિથી જીવ અને પુદ્ગલને જુદા જુદા કરે છે, પછી એ ભેદવિજ્ઞાન ઉન્નતિ કરતાં કરતાં અવધિજ્ઞાન, મન:પર્યયજ્ઞાન અને પરમાવધિજ્ઞાનની અવસ્થાને પ્રાપ્ત થાય છે અને એ રીતે વૃદ્ધિ કરીને

પૂર્ણ સ્વરૂપના પ્રકાશ અર્થાત્ કેવળજ્ઞાનસ્વરૂપ થઈ જાય છે. જેમાં લોક–અલોકના સર્વ પદાર્થો પ્રતિબિંબિત થાય છે. ૧૪.

**अर्थ** :–जिस प्रकार आरा काष्ठके दो खंड कर देता है, अथवा जिस प्रकार राजहंस क्षीर-नीरका पृथक्करण कर देता है उसी प्रकार भेदविज्ञान अपनी भेदक-शक्तिसे जीव और पुद्गलको जुदा-जुदा करता है। पश्चात् यह भेदविज्ञान उन्नति करते करते अवधिज्ञान मनःपर्ययज्ञान और परमावधि ज्ञानकी अवस्थाको प्राप्त होता है और इस रीतिसे वृद्धि करके पूर्ण स्वरूपका प्रकाश अर्थात् केवलज्ञानस्वरूप हो जाता है जिसमें लोक-अलोकके सम्पूर्ण पदार्थ प्रतिबिम्बित होते हैं।।१४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એનો અર્થ 'जैसे करवत काठ बीच खंड करै', કરવત છે, એ લાકડાંના બે કટકા કરે. 'एक काठ बीच खंड करै' એમ છે ને. લાકડું એક હોય, કરવત મૂકતાં એના ખંડ બે થઈ જાય. એક દ્રષ્ટાંત. હવે બીજુ દ્રષ્ટાંત. 'जैसे राजहंस निरवारै दूध जलकौ।' રાજહંસ થાય છે પંખી. એ દૂધ ને જળને બેને જુદા પાડે. દૂધ અને જળ એક જગ્યાએ રહેવા છતાં તેનાં સ્વભાવ ભિન્ન છે. એથી હંસ એની ચાંચમાં ખટાશ છે, એ ખટાશ ચાંચની નાખતા દૂધમાં, દૂધ અને પાણી બે જુદા પડી જાય છે. એ દ્રષ્ટાંત થયું.

હવે સિદ્ધાંત 'तैसैं भेदग्यान निज भैदक सकति सेती', એમ ધર્મીજીવ 'भेदज्ञान शक्तिसों' ભગવાન આત્મા અને આનંદ સ્વરૂપ છે. અને શરીર, વાણી, મન, કર્મ અને પુણ્ય–પાપનાં ભાવ એ બધાં જડ પુદ્ગલ, અચેતન સ્વરૂપ છે. જેને બેની ભિન્નતા કરવાની શક્તિ જાગી છે કે હું તો આત્મા ચેતન આનંદ સ્વરૂપ છું. મારામાં દાન–વ્રત–ભક્તિનો વિકલ્પ કે હિંસા, જૂઠ, ચોરી, વિષય વાસનાની વૃત્તિઓ, એ બધું અચેતન (છે), જેમ દૂધમાં પાણી ભિન્ન ચીજ છે. આવી વાત છે ઝીણી ભાઈ!

આમ તો અનાદિથી શરીર, પુણ્ય ને પાપ મારા એમ માનીને પાપ દૃષ્ટિ સેવીને પાપી ચોર્યાસીના અવતારમાં રખડે છે. આહાહા! એને ખબર નથી. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જે આત્મા કહ્યો, આ આત્મા તો આનંદ ને જ્ઞાનની મૂર્તિ છે આ આત્મા. એને અનાદિથી નહિ માનતાં, નહિ જાણતાં, નહિ ઓળખતાં શરીર, વાણી, મન, કર્મ, પૈસા, લક્ષ્મી મારાં, એના ઉપરાંત અંદરમાં પુણ્ય ને પાપના, શુભ અને અશુભ ભાવ થાય એ મારાં, એ માન્યતા પાપ દૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિ છે. એ પાપ દૃષ્ટિ પાપી પ્રાણી છે. એ ચૌર્યાસીના અવતારમાં રખડવાનો, રઝળવાનો, રઝળવાનો રખડાઉ છે. ગુજરાતી ભાષા ચલતે હૈ સુમેરમલજી, થોડી થોડી સમજના. અહીં તો કાઠીયાવાડી ચોખ્ખી ભાષા

હે ને હિન્દીવાળાને જરી (થોડી કઠણ પડે.) (શ્રોતા : કાઠીયાવાડી ચોખ્ખી ભાષા).

અહીં તો કહે છે, 'जैसें करवत एक काठ बीच खंड करै', જેમ આરા, આરા એટલે કરવત, કાઠને બે ખંડ કરે અથવા રાજહંસ ક્ષીર નીરને પૃથ્થકરણ કરે. 'भेदविज्ञान अपनी भेदक शक्तिसे जीव और पुद्‌गलको जुदा-जुदा करता है' આ એની ક્રિયા ધર્મીની. ભારે વાત ભાઈ! એમ ધર્મી જીવ ધર્મ કરવો હોય એને (માટે વાત છે.) અધર્મ તો અનાદિથી કરે છે. અધર્મ એટલે પોતાનો જે જ્ઞાન અને આનંદ સ્વભાવ ભગવાન આત્માનો છે. એને ભૂલી પુણ્ય-પાપનાં, શુભ, અશુભના ભાવો કરે છે, એ બધો અધર્મ છે. સમજાણું કાંઈ? એ બધું પાપ છે. પાપને પોતાનાં માનીને પાપી અનાદિનો મિથ્યાદૃષ્ટિ ચોર્યાસીના ઘાણીમાં પિલાઈ રહ્યો છે. ચીમનભાઈ, બરાબર હશે? (શ્રોતા : મૂળમાં ભૂલ છે)

આ બધા પૈસાવાળા મૂઢ લોકો, એમ કહે છે. એય! એ આ રહ્યા. મૂઢ લોકો એમ કહે છે, પૈસાવાળા સુખી છે. આ રૂપાળા શરીર ને બાયડી—છોકરાં ને મકાન બે-પાંચ-દશ લાખના હોય. હજીરા, હજીરા એટલે સમજાણું? મોટાં પથરાના(મકાન). હે! ભગવાન તારી તને ખબર નથી, પ્રભુ તું કોણ છો? અને ક્યાં તું માનીને બેઠો છો? ક્યાં તું માનીને, કોને મારાં માનીને બેઠો છે? અને કોને તું ભૂલી ગયો છે? આહાહા! ભગવાન એમ કહે છે, ભાઈ ભગવાન આત્મા અંદર જે છે ને એ તો ચૈતન્યના પ્રકાશનું નૂર છે. નૂર—પ્રકાશ છે, તેજ છે ચૈતન્યના, જેમાં ચૈતન્યના તેજ છે અને આનંદની જેમાં મોજ છે. અતીન્દ્રિય આનંદની મોજ જેમાં છે એને આત્મા કહીએ.

એ આત્માને ધર્મી જીવ ભેદજ્ઞાનની શક્તિ દ્વારા જુદા પાડીને...એ રાગનો વિકલ્પ ઊઠે શુભ પુણ્યનો હોં. પાપનો એ તો ઠીક, લોકો (હેય) માને. સમજાય છે કાંઈ? 'અજીવ અધિકાર' છે ને. અહીં તો દયા-દાન-વ્રત-પૂજા ભક્તિનો ભાવ પણ રાગ છે, અચેતન છે, અજીવ છે, જડ છે. આહાહા! રાડ નાખે અજ્ઞાની તો અંદર. ભગવાન એમ કહે છે કે ભાઈ! તારી ચીજમાં એ નથી. એ તે અજ્ઞાન ભાવે ઊભાં કર્યા છે. કર્યા ઊભા એ તને નડે છે, નડતરકારક છે. એની અજ્ઞાનીને અનાદિથી ખબર નથી. આહાહા!

કહે છે, ધર્મી જીવ ભેદવિજ્ઞાન અપની ભેદકશક્તિસે....અરે! હું તો આત્મા અંદર જાણનાર, દેખનાર, આનંદ, શાંતિનો સ્વભાવ, અકષાય સ્વભાવ એવું સત્ત્વ તત્ત્વ તે હું અને આ પુણ્ય અને પાપની લાગણીઓ, વૃત્તિઓ જે ઉઠે એ બધાં અચેતન, જડ, અજીવ, પુદ્‌ગલ છે. મારે અને એને કાંઈ એકતાનો સંબંધ નથી. આહાહા! સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! આ લોકો તો બધાંય ધર્મ કરીએ, ધર્મ કરીએ એમ કરી રહ્યાં છે ને બધાંય.

બાપા, ધર્મ કોઈ જુદી ચીજ છે ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એ કહ્યો, એ ધર્મ કોઈ અપૂર્વ જુદી ચીજ છે. એ ધર્મમાં તો રાગનો કણ પણ સૂક્ષ્મ મેલ, પુણ્ય, શુભ,—એનાથી પણ મારી ચીજ ભિન્ન છે, જુદી છે, એક નથી, બે છે. રાગ બીજી ચીજ, વસ્તુ બીજી ચીજ. સુમેરમલજી, ભારે બાપા!

એમ ભેદજ્ઞાનની શક્તિ દ્વારા, હંસલો જેમ ચાંચની ખટાશ દ્વારા દૂધનું પોપડું કરી નાખે અને પાણીને જુદું પાડી નાખે. કરવત જેમ લાકડાંના બે કટકા કરે. આહાહા! આ તે કાંઈ વાત છે. એમ ધર્મી એને કહીએ, સુખને પંથે પડ્યો એને કહીએ, દુઃખના પંથેથી પાછો વળ્યો એને કહીએ, ભાઈ! શું હશે આ બધું? (શ્રોતા : સાચી વાત છે.) સાચી વાત છે. પણ આ બધા પાંચ દશ—દશ લાખ, વીસ—વીસ લાખ, એને વળી વીસ લાખ નહીં ને કરોડપતિને. મુલુકચંદભાઈને તો છોકરો કરોડપતિ કહેવાય છે ને. કરોડ એટલે અજીવ, એનો પતિ તે જડ. આહાહા! શું હશે આ? આ પૈસાવાળા ને એમ નથી કહેતા! આબરુવાળા, છોકરાંવાળા, કેટલાં વાળા? પણ કેટલા વાળાં વળગે જરી? મકાનવાળાં, હામ, દામ અને ઠામવાળાં, એમ ભાઈ એક અમારે વકીલ કહેતા.

જીવાભાઈ વકીલ હતાં બ્રાહ્મણ....જુનાં હતા ને અમારા ઉમરાળા ગામના. દીક્ષા મેં લઈ લીધી એટલે કહે, અરે ભાઈ! એમને તો હામ, દામ, ઠામ હતા પણ છોડી (દીક્ષા લીધી,) એમ બચારા કહેતા. એને બિચારાને ખબર નહીં. બ્રાહ્મણ હતાં, વકીલ જીવરાજભાઈ જીવાભાઈ કહેતા. અરે! હામ, દામ, ઠામ કોને કહેવાં? ભગવાન! ઠામ જગતનાં ઠેકાણાં, દામ પૈસા જડનાં, હામ એને હિંમત હાલે રાગની, અમે આવા છીએ, અમે આવા છીએ. ત્રણેય જડ છે. સમજાણું કાંઈ? કહે છે, भेदविज्ञान अपनी भेदकशक्तिसे...., દેખો, આમાં શું કહ્યું કે વચમાં ઓલો પુણ્ય—પાપ, દયા—દાન વ્રતના પરિણામ આવે ને રાગની મંદતા, એનાથી જુદું પાડવું છે. એને સાથે લઈને મદદગાર કરીને સાથમાં નથી લેવો. પંડિતજી! અરે! અરે ભારે છે!

भेदविज्ञान अपनी भेदकशक्तिसे....ધીરજની વાતું છે ભાઈ! આ કાંઈ ઉતાવળે આંબા પાકી જાય ને બહારમાં ખાય પછી, એ ચીજ નથી. આ તો અંતરની ધીરજની વાતો છે. મનીષ, મનીષ બરાબર ધ્યાન રાખે છે હોં. (શ્રોતા : એને રસ છે) રસ છે. છોકરો લખે છે. આ તો આ પ્રવિણભાઈનો દીકરો. આહાહા! ભગવાન તારા આત્મા ઘરની વાત છે પ્રભુ, શું થાય? તારા ઘરની વાત, તારા ઘરમાં શું છે અને તારા ઘરમાં શું નથી? એની વાત પરમાત્મા ફરમાવે છે. આહાહા! પણ મારો નનૂર થઈ ગયો છે ને અનાદિનો. નનૂર એટલે નૂર વિનાનો. ભીખાભાઈ! માથા કોરડાં પડે તોય માળો ઊંહ કરે નહિ જરીયે. આહાહા! કહે છે, અરે! એક વાર તો ભેદજ્ઞાન કર પ્રભુ! રાગને પુણ્ય, શરીર

ને લક્ષ્મી મારાં માનીને મિથ્યા તો અનંતવાર સેવ્યા, અનંતવાર પાપ ને સેવ્યા, હવે એકવાર આ તો કર હવે. આહાહા! અનંતકાળમાં નથી કર્યું, એવું એકવાર તો કર, ભાઈ! આહાહા!

કહે છે શું કરવું? કે 'भेदविज्ञान अपनी भेदक शक्तिसे जीव और पुद्‌गलको जुदा-जुदा करता है'. ભાગચંદજી! આહાહા! શુભભાવ ભી ભટ્ઠી હૈં, જ્ઞાનીકો ભી ભટ્ઠી હૈ. આહાહા! અહીં તો ઉસસે ભિન્ન પાડના હૈ. ભાઈ ક્રિયા તો ભાઈ! એ ક્રિયા એણે અનંતકાળમાં લક્ષમાં લીધી નથી અને બહારનું માહાત્મ્ય ટળતું નથી અને અંદરનું માહાત્મ્ય આવતું નથી. આહાહા! સમજાણું કાંઈ? આત્મા, ભગવાન તો એને કહે. કહ્યું'તું ને એકવાર નહીં?

'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતાં' હે નાથ! સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ, આપનાં કેવળજ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક ભાસ્યાં છે. 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ. નિજ સત્તાએ શુદ્ધ સૌને પેંખતા હો લાલ.' હે નાથ! સર્વજ્ઞ પરમાત્માને ભક્ત કહે છે, 'પ્રભુ! અમારા આત્મા તમે એમ જુઓ છો કે એ તો પુણ્યને પાપના રાગને શરીર વિનાનો શુદ્ધ છે, એમ આપ જુઓ છો'. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન જેમ જુએ છે એમ જેને જોતાં આવડે, એને ભેદજ્ઞાની ને ધર્મી કહેવાય. ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ?

આ કાંઈ પાંચ પચીસ હજાર આપે ને ધર્મ થઈ જાય. ન થાય? એટલું તો થોડુંક થોડુંક. (શ્રોતા : કટકે, કટકે ધર્મ થાય) શું કાંઈ કહે છે ને? પીવે એવું પાણી, કાંઈક કહે છે. ન્હાધુ એટલું નાહ્યા એટલું પુણ્ય, એમ કહે છે ને માણા વાતું કરે છે. જે ગપ્પે ગપ્પા મારે આવા ને આવા બધાં ભેગા થઈને. નાહ્યા એટલું પુણ્ય. બાપ રે જે કાંઈ થયું તે કર્યું. શું કર્યું સાંભળને હવે! ત્યાં પચાસ હજાર મેં નોંધાવ્યા છે, એકાવન હજાર હોં. ખબર છે ને તમને? મુંબઈમાં સમાચાર ખુણે આવ્યા છે. ચોપડી બુકીંગમાં નોંધાવી છે. મારું નામ છે એમાં. માળો પણ મૂઢ તે કેટલો? તું ત્યાં ગરી ગયો ત્યાં કાગળમાં? એ કાગળ તો જડ છે. જડનાં અક્ષરો જડ છે. પોપટભાઈ, પછી તેને હખ પડે. એકાવન હજાર આપ્યાં ને બીજા સાધારણમાં આપી બહાર ન પડે જ્યાં સુધી, માળા મૂર્ખાઈના તે ગામ જુદાં હશે? સમજાણું કાંઈ? આવાં મૂર્ખાઈથી ભરેલાં માણસો અને....એય નટુભાઈ! વકીલ છે. આહાહા!

કહે છે ભગવાન તું ત્યાં ક્યાં ગયો? ત્યાં તું ક્યાં હતો? પૈસામાં તું નહોતો, પૈસા તારામાં નહોતા. પૈસાનો વિકલ્પ ઊઠ્યો જરીક દેવાનો, તે રાગ છે. રાગમાં તું નહોતો,

રાગ તારામાં નહોતો. હવે તારે શું કરવું છે પણ આમાં? આહાહા! સમજાણું કાંઈ? અહીં તો ભેદવિજ્ઞાન અપની ભેદશક્તિસે જીવ ને પુદ્ગલકો જુદા જુદા કરતે હૈ. પુદ્ગલ શબ્દે રાગ પણ પુદ્ગલ છે હોં. આહાહા! આવું તો ચાલ્યું આવે છે. ગજબ વાત છે! સમજાણું કાંઈ? દયાનો ભાવ, દાનનો, પૂજાનો, ભક્તિનો, કરૂણાનો, કોમળતાનો, પરોપકારનો એ બધો વિકલ્પ છે, એ પુદ્ગલ છે, જડ છે, અચેતન છે. એ આત્માની જાતથી તદ્દન જાત જુદી છે. આરે....આરે...ભારે ભાઈ આ એય ભીખાભાઈ! ત્યારે કરવાનું શું આમાં કાંઈ સૂઝ પડતી નથી. કહે છે, જીવને પુદ્ગલકો જુદા જુદા કરતા હૈ.

પછી, 'भेदविज्ञान उन्नति करते करते'. જ્ઞાન પ્રધાન કથન છે ને એટલે અવધિ, મનઃપર્યય એમ લીધું છે. આહાહા! લક્ષ્મી વધે છે અંદર, કહે છે. આત્માને શુભ અને અશુભ રાગ-અચેતન પુદ્ગલ, શરીર, વાણી, મન—અચેતન જડ, માટી, ધૂળ. આ તો ધૂળ થઈને રહેલી ચીજ આ કંઈ આત્માની થઈને રહેલી નથી. આત્માની પર્યાયમાં આવી નથી. એ તો પોતાની ચીજ, પોતામાં પોતાથી ભિન્ન રહીને રહેલી છે. એમ પુણ્ય ને પાપના વિકારીના ભાવ વિકાર થઈને રહેલાં છે. એ આત્માના થઈને રહેલાં (નથી.) ભારે ભાઈ! સમજાણું કાંઈ?

એનાથી જેણે ભેદ પાડ્યો. એક તો માનતો હતો, એ તો અનાદિની એની મિથ્યાદૃષ્ટિની રમતું હતી એ તો અજ્ઞાનીની. ત્યાગી થયો, સાધુ થયો બહારથી પણ અંદરમાં રાગની એકતા બુદ્ધિ એણે ટાળી નહિ. સમજાણું કાંઈ? ત્યાગી નથી પણ એ મિથ્યાદૃષ્ટિ ભોગી છે. સમજાણું કાંઈ? કહે છે, ભેદવિજ્ઞાન ઉન્નતિ કરતે કરતે એટલે ભગવાન જ્ઞાન સ્વરૂપ પ્રભુ જ્ઞાતા—દ્રષ્ટાનો કંદ પ્રભુ અને વિકાર ને શરીર આદિ અજીવ એનાથી જુદો પાડતો અંતરમાં, જ્ઞાનની ઉન્નતિ કરતો અંદર જ્ઞાનની એકાગ્રતાથી જ્ઞાનની ઉન્નતિ વધારતો, શુદ્ધતાને વધારતો, અશુદ્ધતાથી ભિન્ન પડતો પડતો, એમ કહે છે.

'भेदविज्ञान उन्नति करते करते अवधिज्ञान, मनःपर्ययज्ञान और परमावधिज्ञानकी अवस्था' એવી રીતે લીધું છે ભાઈએ. જ્ઞાનમાં મતિ, શ્રુતજ્ઞાન તો પહેલું પ્રગટ્યું છે. પુણ્ય-પાપના રાગથી, શરીરથી આત્મા ભિન્ન, એવું ભાન થયું ત્યાં મતિશ્રુતજ્ઞાન તો થયું છે. અંદર ભેદજ્ઞાનમાં મતિ શ્રુત....ભેદજ્ઞાન પોતે મતિશ્રુત છે. ભારે આ તો આવો ધર્મ કઈ જાતનો! જૈન પરમેશ્વરનો આવો ધર્મ હશે? જૈનમાં તો આવું હોય? કંદમૂળ ન ખાવા, લીલોતરી ન ખાવી, છ પરબી પાળવી, રાત્રે ચૌવિહાર કરવા(છોડવા), શીલ પાળવું, જોઈને હાલવું, દયા પાળવી, સાચું બોલવું, આવું બધું સાંભળ્યું છે ભઈ આ તો. અરે! સાંભળને હવે તારી વાત! એ બધી લૌકિક ગધેડા જેવી વાતો છે. સમજાણું કાંઈ? ગધામજૂરીની વાત છે એ બધી, એ ભગવાનનાં ઘરની વાત નથી.

ભગવાન તો એમ કહે છે, એવાં વિકલ્પથી જુદો પડ. એ રાગ છે, વિકાર છે, મેલ છે, ઝેર છે, દુ:ખ છે. આહાહા! ભગવાન એ તારી ચીજ નહિ, તારું રૂપ નહિ. એનાથી જુદો પડતાં સમ્યક્જ્ઞાન થાય અને પછી ક્રમે ક્રમે જ્યાં એકાગ્રતા વધે અંદરમાં, અવધિજ્ઞાન થાય. સમજાય છે કાંઈ? જે જ્ઞાન દ્વારા અસંખ્યાતા અસંખ્ય ચોવીસીનાં જડ ચૈતન્યના ભાવોને પોતાના જાણવાની શક્તિ પ્રગટે, એમ કહે છે. અહીં જ્ઞાનનો વધારો બતાવવો છે. સમજાણું કાંઈ? પછી મનઃપર્યયજ્ઞાન થાય, પછી મુનિ થાય. મુનિ એટલે આત્માના આનંદમાં રમતો, રાગથી શરીરની ક્રિયાથી ભિન્ન પડતો સ્વરૂપના આનંદની ઉગ્ર દશા જ્યાં વધી જાય ત્યારે તેને બહારની નગ્ન દશા થઈ જાય. ત્યારે તેને અંદરમાં આનંદની દશામાં મનઃપર્યયજ્ઞાન પ્રગટ થાય. સમજાણું કાંઈ?

સામાના મનની વાત જાણે. જાણવાનું જોર આપવું છે ને અહીંયા. પરમાવધિજ્ઞાન પછી આગળ વધી જાય. અવધિ એટલે અસંખ્યાતા લોક જેટલો હોય તો પણ તે જાણી શકે એવી એક શક્તિ પ્રગટ થાય. એમ કરતાં લોકાલોક સુધી લઈ જવું છે ને. ભગવાન આત્મા, જ્ઞાનનાં સરોવરમાં આવતો. સરોવર આવ્યું'તું ને આપણે નહિ? આવ્યું'તું આમાં. सर શબ્દ આવ્યો'તો. તું સરોવર ને તેમાં તું કમળ ને તું તેમાં ભમરો, કમળની વાસના તું લે ભગવાન. તારામાં આનંદની ગંધ પડી છે. આહાહા! અતીન્દ્રિય આનંદ હોં. જે ઈન્દ્રાસનમાં ઈન્દ્રોને નથી, ચક્રવર્તીના રાજમાં હજારો રાણી, ૯૬ હજાર રાણી, પદમણી જેવી આ, સમજાણું કાંઈ? જેનાં શરીરમાં સુગંધ નીકળતાં ભમરા ભમે, એના સુખ બધાં ઝેર જેવા ઝેર જેવા છે. સમજાય છે કાંઈ? એનાથી જુદો પાડતો આત્મા ધર્મી થતો અતીન્દ્રિય આનંદનો સ્વાદ તું લે તારામાં, એમ કહે છે. ભારે આ ભારે ધર્મ ભાઈ! એય! ભીખુભાઈ આવ્યું'તુંને કાંઈ, ક્યાં આવ્યું તું? ૫૬ પાને, ૫૬ જુઓ ૫૬. ૫૬ને? ભૈયા જગવાસી ઈ? પાંચમી લીટી.

'तेरो घट सर तामैं तूही है कमल ताकौ, तूंही मधुकर सुवास पहिचानु रे' (અજીવદ્વાર ૩જું પદ) તેરો ઘટ, અહીં ભગવાન બિરાજે છે અંદરમાં દેહમાં. પ્રભુ તું ચૈતન્ય આનંદનો સાગર છો. પણ કેમ બેસે ભીખારીને? ઈચ્છા વિના ચાલે નહિ, રાગ વિના ચાલે નહિ. ચંદ્રકાન્તભાઈ! તૈરો ઘટ સર તામૈં તુંહી હૈ કમલ તાકૌ તુહી મધુકર હૈ સુવાસ પહિચાનુ રે. ભારે વાતું ભાઈ આ! ભાઈ! તારા આત્મામાં અતીન્દ્રિય આનંદની સુવાસ પડી છે અને એમાંથી કમળ ખીલવ તું અને એની ભમરો જેમ વાસ લે, એમ વાસ લે ભાઈ! ભારે વાતો ભાઈ! આવો ધર્મ પાધરો ધર્મ આવો થાય? કાંઈક પહેલું કાંઈ બીજું કરવાનું હશે કે નહિ? પહેલું જ આ કરવાનું છે. બાકી બીજું કરવાનું એ બધું અજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહાહા!

'परमावधिज्ञानकी अवस्थाको प्राप्त होता है और इस रीतिसे वृद्धि करके पूर्ण स्वरूपका प्रकाश.....' કરતા હૈ કેવળજ્ઞાન, કેવળજ્ઞાન લઈ લીધું. પહેલું બીજ ઊગે, પછી ત્રીજ, ચોથ, પાંચમ થઈને પૂનમ થાય. એમ પહેલો આત્મા શુભ અને અશુભના રાગથી ભિન્ન પડીને આત્માના જ્ઞાનની કળા મતિશ્રુતની ખીલવે, ઈ બીજ છે. સમજાણું કાંઈ? આવી નિરાવલંબી વાતુ. ભગવાન ચૈતન્યની કળાથી ભરેલો પ્રભુ છે આત્મા, જેમાં કેવળજ્ઞાન અનંતા—અનંતા જેમાં પડેલાં અંદર. એવા ભગવાનને કહેશે આગળ. કેવળજ્ઞાન આદિ ગુણ સંપન્ન આત્મા કા સ્વરૂપ સમજાને કા હૈ. સાર લે છે ને સાર, પહેલી લીટીમાં છે આ બાજુ સાર, સાર છે ને અજીવનો સાર. દુસરે અધિકારકા સાર, ત્યાં લીધું છે.

જ્યાં નજર નાખ અંદરમાં તો ભગવાન આનંદ સ્વરૂપ બિરાજે છે. એને સમ્યક્દર્શન દ્વારા રાગથી ભિન્ન ભેદજ્ઞાન દ્વારા એની સુગંધની વાસના લે, એનું નામ ધર્મ છે. બાકી બધા એકડાં વિનાના (મીંડા) પોક મૂકવા જેવી વાતો છે. સમજાણું કાંઈ? આહાહા! કહે છે પૂરન સ્વરૂપ પ્રાપ્ત થાય 'जिसमें लोक-अलोकके संपूर्ण पदार्थ प्रतिबिम्बित होते हैं' ઠેક સુધી લઈ લીધું ભાઈ, મતિશ્રુતથી કેવળ સુધી. બીજથી ઉગીને પૂનમ. જ્ઞાનનો સાગર ભગવાન આત્મા એની કળી જેમ સંકોચન સંકોચ પર્યાયમાં પામી છે. એને રાગ અને શરીરની વિકલ્પ દશા, એનાથી ભિન્ન પાડતાં જ્ઞાન અંતર ખીલે છે. સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શનની દશામાં એને આનંદનો અનુભવ આવે છે. એને અહીંયા સમ્યગ્જ્ઞાનની ભેદજ્ઞાનની કળા પહેલી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એક બચારાં કહેતાં'તા ઓલા ઈડરવાળા નથી આવ્યાં ઈડરવાળા? કોઈ દિ' આવ્યો નહોતો મહારાજ. અમને વિરોધ લાગતો હતો પણ અમારી જીંદગી ગઈ વીતી. બચારો રોતો'તો. બે દિ' સાંભળીને ગયા. ઈડરના છે કો'ક. કાલે હતાં. પહેલાં બે દિ' હતા. આ વાત સાંભળી નહોતી. કીધું, પેલા-વહેલા આવ્યા? કોઈ દિ' આવ્યા'તા અહીંયા? 'અરે! નો'તો આવ્યો. જિંદગી બધી અલેખે—એળે ગઈ. આ વાત સાંભળી નહોતી', એમ કહી આંખમાં રૂદન (આંસુ) આવી ગયા. આહાહા! આ કરો, આ કરો, આ કરો, એનાથી ધર્મ થાય. કરવા, કરવામાં રાગની ક્રિયામાં ધર્મ માન્યો હોય, જીંદગી ગઈ બધી એળે. સમજાણું કાંઈ? (શ્રોતા : સહી બાત હૈ) બાત સહી હૈ ઐસી બાત હૈ, પણ શું થાય? હવે એનો સાર. થઈ ગયું છે ને એ? याही भांति पूरन सरूपकौ उदोत धरै, करै प्रतिबिंबित पदारथ सकलकौं. આહાહા! પસંદ નહીં હૈ ભૈયા સુમેરૂમલજી? ધ્યો, ધ્યો મહેમાનને, મહેમાનને પહેલું દેવું. હવે દૂસરા અધિકાર સાર. 'અજીવ અધિકાર'નો સાર.

## 'અજીવ અધિકાર'નો સાર

મોક્ષમાર્ગમાં મુખ્ય અભિપ્રાય કેવળજ્ઞાનાદિક ગુણસંપન્ન આત્માનું સ્વરૂપ સમજાવવાનો છે. પરંતુ જેવી રીતે સોનાની ઓળખાણ કરાવવા માટે સોના સિવાય પિત્તળ આદિનું સ્વરૂપ સમજાવવું અથવા હીરાની ઓળખાણ કરાવવા માટે હીરા સિવાય કાચની ઓળખાણ કરાવવી જરૂરી છે, તેવી જ રીતે જીવ પદાર્થનું સ્વરૂપ દૃઢ કરાવવાને માટે શ્રીગુરુએ અજીવ પદાર્થનું વર્ણન કર્યું છે. અજીવ તત્ત્વ જીવ તત્ત્વથી સર્વથા ભિન્ન છે અર્થાત્ જીવનું લક્ષણ ચેતના અને અજીવનું લક્ષણ અચેતન છે. આ અચેતન પદાર્થ પુદ્‌ગલ, આકાશ, ધર્મ, અધર્મ, કાળ નામના પાંચ પ્રકારના છે. તેમાનામાંથી પાછળના ચાર અરૂપી અને પહેલો પુદ્‌ગલ રૂપી અર્થાત્ ઇન્દ્રિયગોચર છે. પુદ્‌ગલ દ્રવ્ય સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળું છે, એ જીવ દ્રવ્યનાં ચિહ્નોથી સર્વથા પ્રતિકૂળ છે, જીવ સચેતન છે તો પુદ્‌ગલ અચેતન છે, જીવ અરૂપી છે તો પુદ્‌ગલ રૂપી છે, જીવ અખંડ છે તો પુદ્‌ગલ સખંડ (ખંડસહિત) છે. મુખ્યપણે જીવને સંસારમાં ભટકવામાં આ જ પુદ્‌ગલ નિમિત્તકારણ છે, આ જ પુદ્‌ગલોમય શરીરથી તે સંબદ્ધ છે, આ જ પુદ્‌ગલમય કર્મોથી તે સર્વાત્મપ્રદેશોમાં જકડાયેલો છે, આ જ પુદ્‌ગલોના નિમિત્તથી તેની અનંત શક્તિઓ ઢંકાઈ રહી છે, આ જ પુદ્‌ગલોના નિમિત્તથી તેમાં વિભાવ ઉત્પન્ન થાય છે, અજ્ઞાનના ઉદયમાં આ જ પુદ્‌ગલોને લીધે રાગ-દ્વેષ કરે છે અથવા આ જ પુદ્‌ગલોમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરે છે, જો પુદ્‌ગલ ન હોત તો આત્મામાં અન્ય વસ્તુનો સંબંધ ન થાત, તેમાં વિકાર અથવા રાગ-દ્વેષ ન થાત, સંસારમાં પરિભ્રમણ ન થાત, સંસારમાં જેટલું નાટક છે તે બધું પુદ્‌ગલજનિત છે.

**(અજીવદ્વારના સારનો બીજો પેરેગ્રાફ પ્રવચન નં. ૩૭ની શરૂઆતમાં મુકેલ છે.)**

## अजीव अधिकारका सार

मोक्षमार्गमें मुख्य अभिप्राय केवलज्ञान आदि गुण सम्पन्न आत्माका स्वरूप समझानेवाला है। परन्तु जिस प्रकार सोनेकी परख समझानेके लिए सोनेके सिवाय पीतल आदिका स्वरूप समझाना अथवा हीराकी परख समझानेके लिए हीराके सिवाय कांचकी पहिचान बताना आवश्यक है, उसी प्रकार जीव पदार्थका स्वरूप दृढ़ करनेके लिए श्रीगुरुने अजीव पदार्थका वर्णन किया है। अजीव तत्त्व जीव तत्त्वसे सर्वथा विभिन्न है अर्थात् जीवका लक्षण चेतन और अजीवका लक्षण अचेतन है। यह अचेतन पदार्थ पुद्गल, नभ, धर्म, अधर्म, कालके नामसे पांच प्रकारका है। उनमेंसे पीछेके चार अरूपी और पहिला पुद्गल रूपी अर्थात् इन्द्रियगोचर है। पुद्गल द्रव्य स्पर्श, रस, गंध, वर्णवंत है। यह जीव द्रव्यके चिह्नोंसे सर्वथा प्रतिकूल है, जीव सचेतन है तो पुद्गल अचेतन है, जीव अरूपी है तो पुद्गल रूपी है, जीव अखंड है तो पुद्गल सखंड है। मुख्यतया जीवको

संसार संसरण करनेमें यही पुद्गल निमित्तकारण है, इन्हीं पुद्गलोंमय शरीरसे वह संबद्ध है, इन्हीं पुद्गलमय कर्मोंसे वह सर्वात्म प्रदेशोंमें जकड़ा हुआ है, इन्हीं पुद्गलोंके निमित्तसे उसकी अनंत शक्तियाँ ढँक रही हैं, पुद्गलोंके निमित्तसे उसमें विभाव उत्पन्न होते हैं, अज्ञानके उदयमें वह इन्हीं पुद्गलोंसे राग-द्वेष करता है, व इन्हीं पुद्गलोंमें इष्ट-अनिष्ट कल्पना करता है, अगर पुद्गल न होते तो आत्मामें अन्य वस्तुका सम्बन्ध नहीं होता न उसमें राग-द्वेष होता, न संसार संसरण होता, संसारमें जितने नाटक है सब पुद्गलजनित है।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'मोक्षमार्गमें मुख्य अभिप्राय'. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગની અંદર મુખ્ય અભિપ્રાય 'केवलज्ञान आदि गुणसंपन्न आत्माका स्वरूप समझानेका है'. દેખો ભાષા. (શ્રોતા : વ્યવસ્થિત હૈ) ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરના મોક્ષમાર્ગમાં મુખ્ય અભિપ્રાય—મુખ્ય શ્રદ્ધા, કેવળજ્ઞાનાદિ ગુણસંપન્ન આત્મા. આત્મા તો કેવળજ્ઞાનાદિ અનંત આનંદ આદિ અનંતગુણ સંપન્ન પ્રભુ છે. એ પુણ્ય—પાપના રાગ સહિત નથી. સમજાણું કાંઈ ? એ એવું સ્વરૂપ સમજાને કા હૈ. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન, શુદ્ધ દર્શન, શુદ્ધ આનંદ એવી અનંતી પવિત્રતાના પિંડથી ભગવાન આત્મા ભરેલો, એમ સમજાવવાનો હેતુ છે. કારણ કે મોક્ષમાર્ગ એ આત્માનો આવો સ્વભાવ છે, એવું અનુભવ કરે તો મોક્ષમાર્ગ થાય. બાકી કાંઈ પુણ્ય, પાપ, દયા, દાન, વ્રતની ક્રિયાથી ધર્મ મોક્ષ થાય (નહિ), મોક્ષનો માર્ગ છે નહિ. સમજાણું કાંઈ ?

'परंतु जिस प्रकार सोनेकी परख समझानेके लिए' સોનાની પરીક્ષા બતાવવા માટે, 'सोनेके सिवाय पित्तल आदिका स्वरूप समझना' પીત્તળનું સમજાવેને. આહાહા ! ઓલા ધૂળધોયા હોય છે ને ધૂળધોયા. સોનીની દુકાન આગળ. એમાંથી ત્રણ પ્રકાર હોય. એક સોનાના કણ ઝીણા હોય, એક પિત્તળનાં કણ ઝીણા હોય અને એક બંગડીના કાચનાં પીળા વળ હોય અંદર, એના ટુકડા તૂટ્યા હોય તો એના ઝીણા કણ હોય. બંગડીમાં હોય છે ને પીળા વળ એ તૂટી ગયાં હોય ભુકો થઈને ત્યાં એ કટકો ભેગો પડ્યો હોય. એ ત્રણને એણે ઓળખવા પડશે કે નહિ ? ઓળખ્યા વિના સોનું શી રીતે લેશે ?

ધૂળધોયા સમજતે હે ? સાફ કરનેકા સૂંપડું લઈને ઓલું કરે. પછી જોરદાર કસવાળી કણી એ આમ રહી જાય અને હળવી હોય એ આમ ખસી જાય. કાચની કટકી હળવી હોય, પિત્તળની હળવી હોય. સોનું કસદાર હોય, નાની કટકી પણ કસદાર હોય. સમજાણું કાંઈ ? ઓલું કસ સોનું હોય એ ઉપાડી લે. સમજાણું કાંઈ ? એમ ધર્મી જીવ

(માટે) પુણ્ય–પાપના વિકલ્પ એ પીત્તળ જેવા છે અને શરીર, વાણી, મન તો કાંચના કટકા જેવા છે. ભગવાન અંદર આનંદનો નાથ એ સોનાનો કંદ છે. ભારે વાતો ભાઈ! સમજાય છે કાંઈ? કાંઈ સમજાય છે એમ આવે છેને, બધું સમજાય તો ન્યાલ થઈ જાય. આ તો શું કહે છે, એની વાત ફક્ત શું કહે છે એટલી વાત. એય, ચંદુભાઈ! આહાહા!

કહે છે, સોનેકે સિવાય પિત્તળ આદિનું સ્વરૂપ સમજાવવું પડે એને. સોનાને સમજાવવા માટે સોનાથી ભિન્ન ચીજને સમજાવવી પડે. 'અજીવ અધિકાર' છે ને અને 'हीराकी परख समझानेके लिए हीरा सिवाय कांचकी पहिचान बताना' હીરો બતાવવો–જણાવવો હોય તો હીરા સિવાય કાચ આવા હોય એ બતાવવું પડે કે નહિ? એ દ્રષ્ટાંત છે એમ 'जीव पदार्थका स्वरूप' ભગવાન જીવ ચૈતન્ય આનંદ સ્વરૂપ એનો 'दृढ करनेके लिए श्रीगुरुने'....ભગવાન સંતોએ મુનિઓએ ભાવલીંગી આનંદકંદના અનુભવીઓએ અજીવ પદાર્થનું વર્ણન કર્યું છે. આ કારણે જીવનું વર્ણન કર્યું કે આત્મા આ છે, એનાથી આ અજીવથી ભિન્ન છે. હીરો આ છે ને એનાથી કાંચના કટકા ભિન્ન છે. કહો સમજાણું? સોનું આ છે, સોનાથી પિત્તળ આદિ ભિન્ન છે.

તેમ ભગવાન ચૈતન્યહીરો, ચૈતન્યરત્નાકર ભરેલો ગુણનો દરિયો ભગવાન છે. એને સમજાવવા માટે એનાથી ભિન્ન અજીવ ચીજને પણ ઓળખાવે છે. એ શું કરવા કે એનાથી જુદું પાડવા માટે. સમજાણું કાંઈ? અજીવ વર્ણન 'अजीव तत्त्व जीवतत्त्वसे सर्वथा विभिन्न है' અજીવ તત્ત્વ હૈ, જીવ તત્ત્વથી સર્વથા જુદું છે. 'जीवका लक्षण चेतन', દેખો. ભગવાન આત્માનું લક્ષણ તો જાણવુ છે, જાણવું છે. અજીવનું લક્ષણ અચેતન છે. શરીર, વાણી, મન, પુણ્ય ને પાપ–એ બધું અજીવનું લક્ષણ છે, અચેતન લક્ષણ છે. આહાહા! સમજાણું કાંઈ? રાગ છે ને શુભરાગ, એ પણ પોતે પોતાને જાણતું નથી. તેમ રાગ ચૈતન્યને જાણતો નથી. એ રાગ પર વડે જણાય, માટે તે રાગને અચેતન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

રાગ પર વડે એટલે રાગથી ભિન્ન એવા જ્ઞાન દ્વારા રાગ જણાય. રાગ દ્વારા રાગ જણાય નહીં. રાગમાં જાણવાની તાકાત ક્યાં હતી? સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ, કરુણાનો રાગ એ તો અચેતન છે એને જાણવાની પોતામાં તાકાત નથી. જેમ રાગ આત્મા જોડે જ્ઞાનસ્વરૂપ છે, એને જાણવાની એની શક્તિ ક્યાં છે? રાગને જાણવું એ બીજા દ્વારા જણાય એવું છે. એનો અર્થ કે રાગ વિનાની ચીજ ચૈતન્ય છે, એ દ્વારા રાગ જણાય એવી ચીજ છે. માટે તે રાગને અચેતન અને અજીવ કહેવામાં આવે છે. આહાહા! બરાબર હૈ પંડિતજી? ભારે વાત ભાઈ! આ તો કહે મહાવ્રતના પરિણામ એ ધર્મ છે. પ્રકાશદાસજી! આંહી કહે મહાવ્રતના પરિણામ રાગ અચેતન હૈ.

અભી તક ક્યા સુના થા? ભૂલમેં રહે. અનાદિસે ભૂલ ભૂલૈયા હૈ.

કહતે હૈ ને ભૂલ–ભૂલૈયા. ઓલા વડોદરામાં છે ને એ શું કહેવાય ઈ? મહેંદીનું ભૂલ ભૂલામણી છે વડોદરામાં. ૬૩ની સાલમાં જોઈ'તી. અંદર ગર્યા ખરા, નીકળવું કેમ પાછું? ૧૯૬૩ની વાત છે ૧૭ની ઉંમર હતી. તે દિ' કેસ ચાલતો તો તે દિન. પાલેજમાં અફીણનો કેસ હતો, ખોટેખોટો કેસ. નવરા હોય. ઘણો પણ સાતસો રૂપિયાનો ખર્ચ થઈ ગયો. એક અડધા રૂપિયાની ખેંચતાણમાં. ૬૩ની સાલની વાત છે. છે ને વડોદરાની બાજુમાં મહેંદીનું છે. અંદર ગર્યા ખરા પણ નીકળવું ક્યાં? એક માણસ ઊભો'તો. બે આના લે, આમાંથી નીકળવાનું બતાવ. એણે કહ્યું, 'જુઓ આમથી આમ જઈ નીકળી જાઓ'.

પોપટભાઈ! આ તો મિથ્યાત્વની મહા ભૂલ–ભૂલામણી છે. આહાહા! (શ્રોતા : એમાંથી નીકળવાનું આપે બતાવ્યું.) ઓલાને કીધું તો ઓલાએ બતાવ્યું. બે–ત્રણ આના આપ્યા. સંવત ૧૯૬૩ની વાત છે. ૧૭ વર્ષની ઉંમર હતી તે દિ'. ૧૭–૧૭. કેટલાં થયાં? ૬૪ થયાં. ૬૪ વર્ષ પહેલાંની વાત છે. આ ૮૧ ચાલે છે અત્યારે શરીરને. શરીરને કે આત્માને? આહાહા! એ સારું કે એ ત્યાં ઉભો હતો. પણ એ ત્યાં ઉભા હોય, એને માટે ઉભા હોય. સાંજે બે રૂપિયા પેદા થાય ને. આ બાજુ થઈને આ બાજુ નીકળી જાવ. નહીં તો મહેંદી તોડીને તો નીકળે તો મહેંદી તૂટી જાય. ચોમાસે નહીં વડોદરા? ૬૩ની વાત છે હોં.

આ ભૂલભૂલામણી મિથ્યાત્વની, કેમ નીકળવું સૂઝ પડે એવું ન મળે. કો'ક પુણ્યમાં ધર્મ મનાવે, દયા–દાનના પરિણામમાં ધર્મ મનાવે, વ્રત કરવામાં ધર્મ મનાવે. અપવાસ કરવામાં ધર્મ મનાવે. મહા ભૂલ–ભૂલામણી મિથ્યાત્વે ગરી ગયો એમાં પણ આખો. આંહી કહે છે કે છૂટવું હોય તો એ રૂપ તારું નહિ. એ વિકલ્પને રાગ એ તારું સ્વરૂપ (નથી). એમ જુદો પડતો નીકળી શકીશ, બાકી નીકળાય એવું છે (નહિ). આહાહા! સમજાણું કાંઈ?

જુઓને ભાઈએ ગોઠવ્યું છે ને એવું રમેશભાઈએ! 'અરેરે સાચા વારિ રે એને ના મળે', ગાયન ગોઠવ્યું છે રમેશ–રમેશભાઈ વીંછીયા, અને ત્યાં શું કહેવાય? ઘાટકોપર. 'દોડીને હાંફીને ઝાંઝવા જળની રે કાજ, સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લાલ, સરોવર કાંઠે મૃગલા તરસ્યા રે લાલ, દોડી હાંફે ઝાંઝવા જળની રે કાજ' દોડીને હાંફે એ મૃગને પાણી સાચા, 'અરેરે! સાચા વારિ એને નહિ મળે રે લોલ'. અરેરે! સાચાં વારિ બાપા ત્યાં નથી ઝાંઝવાના જળમાં પાણી નથી. એમ પુણ્ય ને પાપના પરિણામમાં

આત્માનો ધર્મ નથી, ભગવાન! મરી ગયો એમ અનાદિથી. એ ઝાંઝવાના જળ છે. આહાહા! 'મનના મૃગલાને પાછાં વાળજો રે લોલ, એ મનનાં મૃગલાને પાછાં વાળજો રે લોલ' એ અમરચંદભાઈ! તમારા ગામમાં ગવાણું હતું ને. આહાહા! બાપુ એ પુણ્ય ને પાપના વિકલ્પમાં મૃગલો અજ્ઞાની ચોંટી ગયો છે, ભાઈ પાછો વળ બાપા. ત્યાં પાણી નથી, ત્યાં આત્મા નથી, આત્માના ત્યાં તેજ નથી. એને જાણનારો ભગવાન, રાગને જાણનારો, રાગથી ભગવાન જુદો છે. એવું એનું લક્ષણ ચૈતન્યનું છે અને અજીવનું લક્ષણ અચેતન છે. સમજાણું કાંઈ?

યહ અચેતન પદાર્થ પુદ્‌ગલ છે. આ શરીર, વાણી આ જડ, માટી પુદ્‌ગલ છે. નભ—આકાશ છે. ધર્મ, અધર્માસ્તિકાય બે તત્ત્વો ભગવાને જોયેલાં છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ નામના બે તત્ત્વ ભગવાન કેવળીએ જોયેલાં. કાળ છે એ પાંચ પ્રકાર છે. ઉનમેંસે પીછેકે ચાર અરૂપી, પુદ્‌ગલ વિનાના આકાશ, ધર્મ, અધર્મ ને કાળ અરૂપી. પહેલો પુદ્‌ગલ રૂપી ઇન્દ્રિયજન્ય છે આ જડ તો માટી શરીર આદિ. એ તો જડ પુદ્‌ગલ છે માટી, એ આત્મા નથી. પુદ્‌ગલ દ્રવ્ય સ્પર્શ, રસ, ગંધ, વર્ણ છે. આ શરીર, વાણી, મન એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ ભર્યા છે. એમાંથી તો રંગ, રસ, ગંધ, સ્પર્શ મળશે. આમાં તો શું, આ માટી જડ છે. આહાહા! પુદ્‌ગલ દ્રવ્ય વસ્તુ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એનો ખુલાસો થોડો નીચે કરશે હોં.

'यह जीवद्रव्यके चिन्होंसे सर्वथा प्रतिकूल है', યહ જીવ એ દ્રવ્યોના લક્ષણો છે ને કીધાં પાંચ, એનાથી સર્વથા પ્રતિકૂળ છે. પુદ્‌ગલથી ચાર અરૂપી એનાથી 'जीव सचेतन है तो पुद्‌गल अचेतन है'. આહાહા! ચેતતો નર ચેતતો નર સદા સુખી, એમ કાંઈક આવે છે? ને ચેતતો નર સદા સુખી એમ જરી ભાષામાં આવે છે નહિ? ચેતતો નર સદા સુખી, જાગતો નર. રાગ અને પુણ્યથી પડતો આત્મા ચેતતો નર સુખી છે. સમજાણું કાંઈ? સંજય, ભારે વાતું ભાઈ! એ વાતો માળા શબ્દ તો ગોઠવે છે માળા અંદર વાતુંમાં, ભાવમાં સમજ્યા નહીં. સમજે નહીં ને હાલ્યા જાય આંધળે આંધળા. આહાહા!

'जीव अरूपी है, पुद्‌गल रूपी है'. ભગવાન અરૂપી છે. આત્મા. એમાં રંગ, ગંધ, વર્ણ, સ્પર્શ નથી. પુદ્‌ગલમાં રૂપી છે. રંગ, રસ, ગંધ, સ્પર્શ છે. 'जीव अखंड है तो पुद्‌गल सखंड है' આ કટકા કટકા થાય છે આ તો બધાં. ભગવાન તો અખંડ છે ચૈતન્યમૂર્તિ. અરૂપી ચૈતન્ય કાતળી અખંડ અભેદ છે અંદર. ઈ શું છે પણ કોઈ દિ' સાંભળ્યું નથી. કોઈ દિ' વિચાર્યું નથી. એક એક આત્મા અખંડ પરથી ભિન્ન, અંદર ચૈતન્ય પડ્યો છે. એવો અનંત આત્મા હોં. એક નહિ એવા પાછા બધાં થઈને પુદ્‌ગલ

સખંડ છે. પુણ્ય, પાપ એ સખંડ છે. ઘડીકમાં પુણ્ય ને ઘડીમાં પાપ પુદ+ગળે. પુદ્ ને ગળે છે. આહાહા! ભાવ પુદ્ગલ છે હોં.

'मुख्यतया जीवको संसार संसरण करनेमें यही पुद्‌गल निमित्तकारण है'. નિમિત્ત કારણ હોં, ઉપાદાન તો પોતાનું છે. પણ એ પુદ્ગલ ઉપર લક્ષ કરીને મારાં માને, એ રખડવાનું મિથ્યાત્વ કારણ છે. આહાહા! હવે કો'કની ચીજ આવીને ઊભી રહી, ખતવી પોતામાં. સમજાણું કાંઈ? છોકરાંના લગ્નમાં પાંચ હજારનો દાગીનો લઈ આવ્યો ડોકમાં નાખવા શેઠિયાના ઘરેથી. પોપટભાઈ! આ મોતીના હાર આવે છે પચાસ, પચાસ લાખના હાર, દસ દસ લાખના હાર મોતીના. સંબંધને લઈને લઈ આવ્યો, ખતવી નાખી પોતાની પુંજીમાં. ચોર છે, ચોર છે, કહે છે ભાઈ. આહાહા! સમજાણું કાંઈ? સોનાની ઘડિયાળ લઈ આવે છે ને લગન વખતે નહીં? મિત્રો લઈ આવે.

થયું છે ને, અમારે નાનો ભાઈ હતો નાનો. મારી દીક્ષા પછી પરણ્યો'નો મગનભાઈ, એ સોનાનું કો'કનું લઈ આવ્યો ઘડિયાળ લગ્નમાં વચમાં ચોરાઈ ગઈ. જાનૈયામાંથી લઈ ગયાં કોઈક. ૭૬ની વાત છે. ૭૬, ૭૬. હવે શું? એક તો અપશુકન લાગ્યું ભાઈ, સોનું જાય તો અપશુકન લાગે. વળી થયું એવું કુદરતે, બે વર્ષના લગ્ન ને ગુજરી ગયો બિચારો. પહેલું અપશુકન જેને લઈ ગયો ટંકમાં ઓલું કરીને, શું કહેવાય? છુંદી નાખેલો સોનાની ઘડિયાળ, સોનાનો કછવો. પછી તો મળી ગયો ત્યાં. સૌને ઊભા રાખ્યાં કહે, સૌની જડતી આપી. ત્યાં તો નીકળ્યું, પણ વહેમ પડી ગયો ત્યારથી. એમ બે વર્ષ નીકળી ગયા. એ તો વહેમ જગતનાં છે. આયુષ્યની સ્થિતિ હોય તે પ્રમાણે થાય, એક સમય ફરે નહિ. આહાહા!

અરે! તારું સોનું લુંટાણું બાપા, એ અપશુકન છે સાંભળને! આનંદનો નાથ ચૈતન્ય ભગવાન, એને રાગ ને પુણ્ય મારાં માનીને ચોર થયો છું ભાઈ! બરાબર હે? આવે છે ને ભાઈ, 'મોક્ષ અધિકાર'માં. કો'કની છે, ઈ મારી (નથી, મારી માને તો) ચોર છો હોં. દયા, દાનના વ્રતના વિકલ્પ છે એ મારા માનનારો ચોર છો. આપ્યું છે ને ચોરનું (દ્રષ્ટાંત.) આહાહા! શાસ્ત્રમાં તો અનેક દ્રષ્ટાંતો, દાખલા આપીને એને જગાડવાની વાતો કરી, પણ માળો જાગે ત્યારેને. એવો સુતો સોળ કરીને અને બરાબર નાકના શું કહેવાય? નાકના નસકોરાં બોલે છે ને બહુ, બરાબર પાકો સુતો હોય.

એમ મિથ્યાત્વ આવે છે ને ઓલામાં બનારસીદાસમાં આવે છે. મોહની નીંદમાં સુઈને ઝટ....એ બધું છે હોં શાસ્ત્રમાં, આમાં છે ક્યાંક. મોહની નિંદમાં એ ઘરડીયા કાઢીને સુતો છે માળો. ક્ષેત્ર ન્યારો, સુવાનો ખાટલો ન્યારો, લૂગડાં ન્યારા, દાગીના ન્યારા

ઓલો ધુતારો જીવ ન્યારો આહાહા! આગળ આવશે ક્યાંક છે. આમાં છે નાટકમાં. સમજાણું કાંઈ? આ તો પહેલા અજીવમાં ગયું ને ભાઈ ઓલા આઠ લાકડામાં, ખાટલામાં નહીં? અજીવમાં આમાં ગયું ચાર પાયાને ચાર ઓલા ઈ આઠ, તે પોતે એ ખાટલો-જીવ નહિ બાપા, એમાં સુનારો જીવ જુદો છે. એમ આઠ કર્મ અને આઠ કર્મથી બનતા પુણ્ય, પાપ ભાવ એ જીવ. એ જીવ નહિ ભાઈ, જીવ તો અંદર નિરાળો સચ્ચિદાનંદ પ્રભુ છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, મુખ્યતયા સંસારમાં સંસરણ કરવાનું પુદ્‌ગલ નિમિત્ત કારણ છે, રખડવામાં. ઓલું પુદ્‌ગલરૂપ નાચ બતાવ્યું છે ને એટલે. 'पुद्गलोमय शरीरसे पर संबद्ध है' એ પુદ્‌ગલમાં બંધાયેલું જડ, માટી, ધૂળ, એની સાથે જીવને સંબંધ માનવામાં આવે છે.'इन्हीं पुद्गलमय कर्मोंसे वह सर्वात्मा प्रदेशोंमें जकड़ा हुआ है'. માન્યું છે ને! સ્પર્શથી બંધાયેલો છું, રાગથી બંધાયેલો, એ ભાવબંધ માન્યો છે, છે નહિ. વસ્તુમાં રાગ અને પરનો બંધ છે જ નહિ. વસ્તુ અબદ્ધ સ્પષ્ટ છે. આહાહા! 'इन्हीं पुद्गलोंके निमित्तसे उसकी अनंत शक्तियाँ ढँक रही है'. અનંત શક્તિનો નાથ, એ પુદ્‌ગલને બહુમાન દેવા ગયો ત્યાં લુંટાઈ ગયો. પુણ્યના ભાવ થયા, આહાહા! બહુ કર્યું આપણે બહુ પુણ્ય કર્યું આપણે. એ પુદ્‌ગલને બહુમાન દેવા જાય છે, ત્યાં આત્માની અનંતી શક્તિ ત્યાં લુંટાઈ જાય છે. હાથે કરીને લુટાવે છે અને ખુશી થાય છે પાછો. આહાહા!

'पुद्गलोंके निमित्तसे उसमें विभाव उत्पन्न होते हैं।' પુણ્ય અને પાપ વિભાવ, એ કાંઈ સ્વભાવથી ઉત્પન્ન થતો નથી, એનાં સ્વરૂપમાં નથી. એ તો કર્મના નિમિત્તનો સંગ કરે ત્યારે ઉત્પન્ન થાય છે. આહાહા! અગ્નિ લોઢામાં જાય તો તેને ઘણ પડે. એકલો અગ્નિને કોઈ ઘણ મારતાં નથી. એમ ભગવાન આત્મા પુણ્ય, પાપના વિકલ્પની લાગણીમાં જોવા જાય, તો ચાર ગતિનાં દુઃખનાં ઘણ પડે. સમજાણું કાંઈ? 'अज्ञानके उदयमें वह इन्हीं पुद्गलोंसे राग-द्वेष करता है' અજ્ઞાનના ઉદયથી પુદ્‌ગલથી, આ સારા—નરસા એમ માને છે. 'इन्हीं पुद्गलोंमें इष्ट-अनिष्टकी कल्पना करता है' શરીર સુંદર, સ્ત્રી ઠીક, લક્ષ્મી ઠીક, આબરૂ ઠીક મૂઢ માને છે. ઠીક- બીક કોઈ છે નહિ, એ તો જ્ઞેય છે અને ખરાબ હોય શરીર, આબરૂ ન હોય, અરેરે! હેરાન થઈ ગયા, મારી નાખ્યા.

એમ કહે છે ને એમાં, એક ખાટલો ઉપડે ને ત્યાં બીજો થાય ૬ મહિનાથી હખ નથી ઘરમાં, એમ વાતું કરે ઓલા. રોગ આવે ને રોગ, બાયડીને રોગ મટે ને છોકરાને થાય, છોકરાને મટે તો વહુને થાય. છોકરાની વહુને મટે ને ત્રીજા છોકરાને થાય એ

ફુલચંદભાઈ, પછી વાણિયા રાડું પાડે, છ મહિનાથી ખાટલો ખાલી થતો નથી. શું છે? પણ એ તો જડની અવસ્થા છે. એ તો થવા કાળે થાય, તું એમાં ક્યાં ગરી ગયો'તો? તું તો જુદો છો. ચીમનભાઈ! ઘેરાવો આવે બહારનો જુઓ, કેટલો સગપણમાં ઘુસી ગયો. આરે, આરે માળે! ક્યાં ગરી ગ્યો'તું? '(अगर पुद्‌गल न होते को आत्मामें) अन्य वस्तुका सम्बन्ध नहीं होता न उसमें विकार व राग-द्वेष होता'. કર્મનો સંગ ન કર્યો હોય, પુદ્‌ગલ ન હોય એનો અર્થ. આત્મામેં અન્ય વસ્તુકા સંબંધ નહિ હોતા. વિકાર ને રાગદ્વેષ નહિ હોતા, ન સંસાર સંસરણ હોતા હૈ. સંસારનું સંસરણ કર્મના સંગ વિના હોય નહિ.

'संसारमें जितना नाटक है सब पुद्‌गलजनित है' પુદ્‌ગલજનિત કહ્યું'તું ને. નાચે તો નાચો, ભગવાન તો આનંદસ્વરૂપ જ્ઞાન છે. એ આત્મા રાગમાં અને પરમાં આવતો નથી. આહાહા! એમ કહીને જ્ઞાતા થા, એમ કહે છે ને છેલ્લું આવ્યું તું ને. 'સમ્યગ્દષ્ટિ આત્મા નિરાળા જગસે, નાટકકા માત્ર દેખનેવાલા હૈ'. ૧૩માં આવ્યું'તું, ૧૩મી, ૧૩માનો છેલ્લો શબ્દ, ૧૩મું પદ. આ બાજુ બસ ઈ છેલ્લી લીટી. દેખનહારો, પણ અર્થમાં છે. 'जड़से निराला सम्यग्दृष्टि आत्मा उस नाटकका मात्र देखनेवाला है' છેને. રાગ હોય તો ય જાણનાર, મારો છે એમ નહિ. દ્વેષ હોય તો ય જાણનાર, મારો છે એમ નહિ. શરીર સુંદર હોય તો ય જાણનાર, મારું છે એમ નહિ. બગડેલો હોય તો શરીર જડનું, મારું છે એમ નહિ. એવું જાણવાના દેખવાના ભાવમાં રહેવું, એનું નામ ભગવાન ધર્મ અને ભેદજ્ઞાન કહે છે. એણે જીવને જાણ્યો અને એણે મુક્તિ થવાનાં પ્રયાણ કર્યાં. બાકી પરને પોતાનું માનનારા નરક ને નિગોદમાં જવાના પ્રયાણ છે.

(–પ્રમાણ વચન ગુરૂદેવ)

## પ્રવચન નં. ૩૭, ફાગણ સુદ ૧૨, સોમવાર, તા. ૮-૩-૧૯૭૧
## અજીવ અધિકારનો સાર, કર્તા કર્મ ક્રિયા પદ ૧,૨,૩ ઉપર પ્રવચન.

**(અજીવદ્વારના સારનો પ્રથમ પેરેગ્રાફ પ્રવચન નં. ૩૬માં જોઈ લેવો.)**

તમે શરીરમાં ક્યાંય ચિમટી દબાવશો તો તમને જણાશે કે આપણને દબાવવામાં આવેલ છે–આપણને દુઃખનું જ્ઞાન થયું છે. બસ, આ જાણવાની શક્તિ રાખનાર જીવ છે તે જ તમે છો, ચૈતન્ય છો, નિત્ય છો, આત્મા છો. આત્મા સિવાય એક બીજો પદાર્થ જેને તમે ચિમટીથી દબાવો છો તે નરમ જેવો કાંઈક મેલો, કાળા જેવો, ખારા જેવો, કાંઈક સુગંધ–દુર્ગંધવાળો જણાય છે તેને શરીર કહે છે. આ શરીર જડ છે, અચેતન છે, નાશવાન છે, પરપદાર્થ છે, આત્મસ્વભાવથી ભિન્ન છે. આ શરીરમાં અહંબુદ્ધિ કરવી અર્થાત્ શરીર અને શરીર સંબંધી ધન, સ્ત્રી, પુત્રાદિને પોતાના માનવા એ મિથ્યાજ્ઞાન છે. લક્ષણભેદ દ્વારા નિજ આત્માને સ્વ અને આત્મા સિવાય બધા ચેતન–અચેતન પદાર્થોને પર જાણવા તે જ ભેદવિજ્ઞાન છે, એનું જ નામ પ્રજ્ઞા છે. જેવી રીતે રાજહંસ દૂધ અને પાણીને જુદા જુદા કરી નાખે છે તેવી જ રીતે વિવેકવડે જીવ અને પુદ્‌ગલ જુદા કરવા, પુદ્‌ગલોમાંથી અહંબુદ્ધિ અથવા રાગ–દ્વેષ હટાવીને નિજસ્વરૂપમાં લીન થવું જોઈએ અને 'તેરૌ ઘટ સર તામૈં તૂંહી હૈ કમલ તાકૌ, તૂંહી મધુકર હૈ સ્વવાસ પહચાન રે'ની શિખામણનો હંમેશા અભ્યાસ કરવો જોઈએ.

तुम शरीरमें कहीं चिऊंटीसे दबाओ तो तुम्हें बोध होगा कि हमें दबाया है–हमें दुःखका बोध हुआ है। बस, यह जाननेकी शक्ति रखनेवाला जीव है वही तुम हो, चैतन्य हो, नित्य हो, आत्मा हो। आत्माके सिवाय एक और पदार्थ जिसे तुमने चिऊंटी दबाया है वह नरमसा कुछ मैला कालासा, कुछ खारासा कुछ सुगंध-दुर्गंधवानसा प्रतीत होता है उसे शरीर कहते हैं। यह शरीर जड़ है, अचेतन है, नाशवान है, पर पदार्थ है, आत्मस्वभावसे भिन्न है। इस शरीरसे अहंबुद्धि करना अर्थात् शरीर और शरीरके सम्बन्धी धन, स्त्री, पुत्रादिको अपना मानना मिथ्याज्ञान है। लक्षणभेदके द्वारा निज आत्माको स्व और आत्माके सिवाय सब चेतन-अचेतन पदार्थोंको पर जानना ही भेदविज्ञान है, इसीका नाम प्रज्ञा है। जिस प्रकार राजहंस दूध और पानीको पृथक्-पृथक् कर देता है उसी प्रकार विवेकके द्वारा जीव और पुद्‌गलका पृथक्करण करना पुद्‌गलोंसे अहंबुद्धि व राग-द्वेष हटाकर निजस्वरूपमें लीन होना चाहिए और 'तेरौ घट सर तामैं तूंही है कमल ताकौ, तूंही मधुकर है स्ववास पहचान रे।' वाली शिक्षाका हमेशा अभ्यास करना चाहिए।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આ 'નાટક સમયસાર' 'અજીવ અધિકાર' એનો સાર. પાનું ૬૫. બીજો પેરેગ્રાફ.

આ શરીર અને રાગાદિથી આત્મા જુદા છે, એમ અનુભવ કરવો, એનું નામ ધર્મ છે. એમાં શરીરની સ્થિતિ બતાવે છે કે 'तुम शरीरमें कहीं चिऊंटीसे दबाओ' દબાવો તો 'बोध होगा कि हमें दबाया है'. એ સમજવામાં જડનો દાખલો આપ્યો છે, એને ક્યાં ખબર છે? ખ્યાલમાં આવે છે કે આંહી કાંઈ છે. આંહી કાંઈ આમ ચીપટી લગાવે છે, એવો ખ્યાલ આવશે, એમ કહે છે. હમેં ઉસકા બોધ હુઆ. 'हमें दुःखका बोध हुआ'. કંઈક દબાય છે. 'बस, यह जाननेकी शक्ति रखनेवाला जीव है.' જાણવાની શક્તિ રાખવાવાળો જીવ છે. 'वही तुम हो, चैतन्य हो वही तुम हो.' એ જાણવાવાળો જે છે, તે જીવ છે. નિત્ય છે, તે આત્મા છે.

'आत्माके सिवाय' આત્માની સિદ્ધિ કરી, 'एक और पदार्थ जिसे तुमने चिऊंटीसे दबाया है, वह नरमसा कुछ मैला कालासा......नरमसा.....'નરમસા–વહ એક સ્પર્શ હૈ. આમ નરમ લાગે ને નરમ. ચિઉંટી લાગે નરમ એ સ્પર્શ. मैला कालासा–એ રંગ, રંગ, રંગ. 'कुछ खारासा'–એ રસ ઔર 'कुछ सुगंध दुर्गंधवानसा' કંઈ જે સુગંધ દુર્ગંધ જેવું દેખાય–અંદર ગંધ તે ગંધ. 'ये प्रतीत होता है उसे शरीर कहते है'. કહો સમજાય છે કાંઈ? જુઓ, આ બે વાત કરી શરીરની ને આત્માની. આત્મા, આમ આત્મા ભાષા નથી હોં, આ વસ્તુના સ્વરૂપની વાત છે. આ જ્યાં જ્યાં જે કાંઈ થાય છે ત્યાં દુઃખનું જ્ઞાન થાય છે, એ જાણનારો તે આત્મા ચૈતન્ય છે, તે નિત્ય છે, એકરૂપ છે, ચૈતન્ય છે. એ સિવાય આ શરીર સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળું દેખાય છે તે શરીર છે. ખૂબ વાત કરી છે હોં. ચૈતન્યમાં તો રાગને ય ચેતન કહી.....જુઓને શરીર સાથેનો જરી નિમિત્ત નૈમિત્તિક ધ્યાનમાં રાખીને (કહ્યું છે) લ્યો.

'यह शरीर जड़ है, अचेतन है'. બેનું સામસામે હતું ને. ઓલો જીવ ચેતન છે, આ અચેતન છે. ઓલો નિત્ય છે તો આ નાશવાન છે. એ સ્વ છે તો આ પર પદાર્થ છે. શરીર પર છે, જડ છે. 'आत्मस्वभावसे (शरीर) भिन्न है'. શરીરના સ્વભાવથી આત્મ સ્વભાવ, બે ના સ્વભાવ ભિન્ન છે. 'उभय पद न्यारा' આવ્યું હતું ને! 'ઉભય પદ ન્યારા' તે સાદી ભાષા હતી. ઉભય–બે ભાવ જુદા છે. 'ઉભય પદ ન્યારા' આવ્યું હતું ને. બે ન્યારા છે, ભિન્ન ભિન્ન છે, આવ્યું હતું આમાં. 'लच्छन भेद उभै पद न्यारे' ૧૨મું પદ છે. પદ, ૧૨મું પદ છે હોં.

'चेतन जीव अजीव अचेतन, लच्छन–भेद उभै पद न्यारै' બેયના પદ નામ બેય ભાવો તદ્દન ભિન્ન છે. સ્વભાવ ને પર ભિન્ન કેમ લાગે? શરીરમાં એકમેક જાણે આમ. ચિઉંટી દબાવતા એ દબાઈ જાય છે, એમ કહે છે. દબાવતો નથી. અહીં તો એને ખ્યાલ કરાવે છે. એ વખતે જરી અણગમો થાય છે, તેનો જાણનાર તે આત્મા છે, એમ બતાવવું છે. સમજાણું કાંઈ? (શ્રોતા : વેદન તો આત્મામાં થાય છે.) થાય છે એનો જાણનારો આત્મા. ઓલું ગમવું તે જુદી ચીજ છે. ગમવું તે આત્મા નથી, એનો જાણનાર તે આત્મા છે. એ આવ્યું ને ભાઈ.....'जाननेकी शक्ति रखनेवाला जीव है, दुःखका बोध हुआ, बस यह जाननेकी शक्ति रखनेवाला जीव है।' એમ બોધ હી જીવ હૈ. દુઃખ એ જીવ નહિ. સમજાણું કાંઈ? સ્વરૂપ છે એમ સિદ્ધ કરવું છે ને!

વિંછી કરડ્યો વિંછી, એ વખતે જે દુઃખ થાય છે, એનું જ્ઞાન છે તે આત્મા છે, એમ કહે છે. દુઃખે ય એ નહિ, આ યે ચીજ નહિ. ચૈતન્ય જ્યોત મૂર્તિ આત્મા, તે તો જાણનાર દેખનાર, એને આત્મા કહેવામાં આવે છે. 'મારા શરીરને કાંઈ થાય, તો મને થઈ ગયું.' ટાઢીયો તાવ આવે તો એમ 'મને ટાઢીયો તાવ આવ્યો ને મને ઊનો આવ્યો. મને આ આવ્યો'. 'મને' આવ્યો કે શરીરને આવ્યો? તું તો એનો જાણનાર છો. 'મને હમણાં ઠીક નથી હોં શરીરમાં.' ભાઈ કંઈ કહેતા હતા કે મરવા પહેલા થોડા વખતમાં કાંતિભાઈ એમ કહેતા, એમ કો'ક કહેતું'તું. 'મને કંઈ ચેન નથી અત્યારે.....'મને ઠીક નથી'.

પ્રેમચંદભાઈના દીકરા, ગુજરી ગયા ને, કે પ્રેમચંદભાઈને ઠીક નથી એમ. ત્યાં તો ફેરવી નાંખ્યું. કો'ક કહેતું હતું. આ દેહની સ્થિતિ. ઓલો તો જાણનાર ભગવાન જુદો છે. એને નથી દુઃખ ને એને નથી શરીર. સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈના દીકરા ગુજરી ગયા ને ખારા, ખારા, મુંબઈ અમરેલીવાળા પ્રેમચંદ દરબાર. શરીર આ છે ભાઈ! નાશવાન નાશવાન..નાશવાન..નાશવાન..ક્ષણિક આમ બધું. ભગવાન તો નિત્ય છે ચૈતન્યમૂર્તિ. એવી ક્ષણિક બહારની વાતો તો ઘણી છે. આંહી તો પુણ્ય અને પાપ પણ ક્ષણિક ને બીજી ચીજ છે. ભગવાન તો એનો જાણનાર છે, એને ચૈતન્ય કહીએ. સમજાણું કાંઈ?

એ પુણ્ય-પાપના ભાવ પણ જીવના નહીં. કારણ કે એમાં એ પુણ્ય-પાપના ભાવમાં જાણવાનો ભાવ નથી. જેમાં જાણવાનો ભાવ છે એ આ આત્મા. ભારે કામ ભાઈ! આત્મ સ્વભાવ.....'इस शरीर से अहंबुद्धि करना अर्थात् शरीर और शरीर से संबंधी.....' શરીર સંબંધી લક્ષ્મી, સ્ત્રી, હવે કંઈ ઈસ્ત્રો ફિત્રો નથી. એ તો બહારથી આવી ક્યાંકથી. (શ્રોતા : આવીને!) કોને આવી? ક્યાં આવી? ક્યાં આવી? એ એના પાસે રહી છે. આમ નજીક આવે તો કહે, મારી સ્ત્રી. શું થયું છે તને આ? આ પાગલપણું થયું છે,

ગાંડો.....(શ્રોતા : છોડ આ બધું) છોડ આટલું આ, કહેવાય છે. વાત તો એવી છે ને. 'शरीर सम्बन्धी धन, स्त्री पुत्रादिको अपने मानना मिथ्याज्ञान'—મિથ્યાદૃષ્ટિ હૈ. આ બધું માને નહીં ત્યારે તો બાવો થઈ જઈશ. જંગલમાં જઈશ એમ માને. એમ છે? આહાહા!

'लक्षणभेद के द्वारा निज आत्माको स्व और आत्माके सिवाय सब चेतन–अचेतन पदार्थोंको पर जानना' સબ બીજા જીવો પણ જુદા છે. એ ભેદવિજ્ઞાન છે. રાગ, શરીર, સ્ત્રી, લક્ષ્મી—સબ અચેતન અને સ્ત્રીનો આત્મા તે ચેતન, એ બધાય આત્માથી જુદા છે, જુદાપણે થઈને રહ્યા છે. એમ અંતરમાં રાગથી ને શરીરથી ભિન્ન પાડીને આત્માના જ્ઞાનમાં પોતાપણું અનુભવવું, એનું નામ આત્માનું જ્ઞાન અને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભાઈ! છોકરો હોય તો વારસો રાખે. પાછળ નામ રાખે. વાંઝીયાને પાછળ રહે કાંઈ? પોપટભાઈ! વાંઝીયો હોય, વાંઢો હોય એને કાંઈ દુનિયામાં કિંમત છે એની? આહાહા!

ભાઈ! તારા આત્માની ચીજમાં કોઈ સ્ત્રી, કુટુંબ, રાગ આદિ છે (નહીં). નથી એને માને છે, એ મૂઢતા મહાપાપ છે. મિથ્યાત્વનું મોટું પાપ છે. ભારે કામ! જીવતા તો કાંઈ કામ તો આવે કે નહીં? છોકરાના પૈસા ન કામ આવે? (શ્રોતા : દુઃખમાં નિમિત્ત કામ ન આવે) ઓલા જયંતિભાઈ ને અમુભાઈ રહેતા. ઓલો રખડતો ન્યાલભાઈ બીજે હોય. અહીં મરી જાત તો પછી આવત, ઓલું કરવા. પણ જીવ્યા છે તો જોવા આવે કો'ક દિ'. પણ કોણ છે કોનું? એમ કહે છે. આહાહા! ભારે! આ તો ભારે આ નાટક જુદી જાતનું આ.

'इसीका नाम प्रज्ञा है'. દેખો, ભગવાન આત્માને અચેતન ને ચેતન બધા પદાર્થોથી પોતાની જાણનારી ચૈતન્યલક્ષણે લક્ષિત, ભિન્ન છે, એવું અનુભવવું એનું નામ પ્રજ્ઞા છે. એનું નામ જ્ઞાન અને પ્રજ્ઞા ને બુદ્ધિ કહેવામાં (આવે છે.) બાકી બધી કુબુદ્ધિ છે. 'जिस प्रकार राजहंस दूध और पानीको पृथक्–पृथक् कर देता है. उसी प्रकार विवेक के द्वारा जीव व पुद्‌गलका पृथ्थकरण करना पुद्‌गलोंसे अहंबुद्धि व राग–द्वेष हटाकर निज स्वरूपमें लीन होना चाहिए' પાઠમાં આ છે ને! 'तेरो घट सर तामैं तूंही है कमल ताकौ,' તારા ઘટમાં સરોવર આનંદનો સરોવર છે. ભગવાન! તું હંસલો તારા આનંદના મોતી ખા. આહા! એ હંસલાને એ દાણાના ખોરાક ન હોય ભાઈ! એ પુણ્ય-પાપના, હરખ શોકના ખોરાક તે હંસલાને ન હોય, આ એમ કહે છે. સમજાણું કાંઈ?

'तेरौ घट सर तामै तूंही है कमल ताकौ' જુઓ આ કમળ આવ્યું, એ

પ્રેમચંદભાઈ! તમારા દીકરાનું નામ ઉપમા છે એ ઓલો ‘કમળ’ કહે, તો અહીં કમળ આવ્યું, જુઓ (શ્રોતા : ધ્યાન નથી.) ધ્યાન નથી. એનું ઉપમા નામ આપ્યું. ‘तेरौ घट सर तामैं तू ही है कमल ताकौ, तूंही मधुकर है स्ववास पहचान रे.’ સ્વ વાસ— પોતાની ગંધ પહિચાન રે. તારી ગંધ તો આનંદની અતીન્દ્રિય આનંદની છે પ્રભુ! આ પુણ્ય ને પાપ, શુભ ને અશુભ, હર્ષ અને શોક—એ તારી સુવાસ નહીં. તે બધી કુવાસ છે, તે આત્માની નહીં. આમ આત્માને જુદો જુદો કહેવો તે જુદી વાત છે ને આત્માનો આનંદનો અનુભવ કરવો, તેનું નામ જુદાપણું છે, એમ અહીં કહે છે. સમજાણું કાંઈ? ‘તેરો ઘટ સરતામ તૂહી હૈ કમળ તાકો, તુહી મધુકર (ભમરો) સ્વવાસ પહેચાન રે, ‘शिक्षाका हमेशा अभ्यास करना चाहिये’ લ્યો. ભગવાન આનંદ સ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદના રસનો દરિયો છે એ તો. એમાં અંતરમાં પેસી અને રાગ ને વિકલ્પથી જુદો અનુભવ કરવો, આ એનું નામ ભેદજ્ઞાન પ્રજ્ઞા ને આત્માનો જાણનાર કહેવામાં (આવે છે.) કહો, સમજાય છે? એ અધિકાર પૂરો થયો.

હવે કર્તા કર્મ ક્રિયા અધિકાર, આ સૂક્ષ્મ અધિકાર છે.

# कर्ताकर्म क्रियाद्वार

यह अजीव अधिकारकौ, प्रगट बखानौ मर्म।
अब सुनु जीव अजीवके, करता किरिया कर्म॥१॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : પ્રગટ=સ્પષ્ટ. બખાનૌ=વર્ણન કર્યું. મર્મ=રહસ્ય. સુનું=સાંભળો.

**અર્થ :**—આ અજીવ અધિકારના રહસ્યનું વર્ણન કર્યું, હવે જીવ-અજીવના કર્તા, ક્રિયા અને કર્મ સાંભળો. ૧.

अर्थ :—यह अजीव अधिकारका रहस्य स्पष्ट वर्णन किया, अब जीव-अजीवके कर्ता क्रिया कर्मको सुनो॥१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

‘અજીવ અધિકાર’માં પ્રગટ વખાણ્યો, જીવ અજીવનો મર્મ—ભિન્નતા. ‘अब सुनो जीव-अजीवके करता किरिया कर्म।’ જીવની ક્રિયા રાગાદિ જડાદિ નહિ અને જડની ક્રિયા આત્માની જ્ઞાનાદિની નહિ. અબ જીવ અજીવકે કર્તા ક્રિયા કર્મકો સુનો. ત્રણ બોલ લીધા, જોયું. ક્રિયાનું કરવાપણું તે કર્તા. ષટ્કારકની ક્રિયાનું કર્તા ને કર્મ એની વ્યાખ્યા આમાં આવશે.

भेदविज्ञानमें जीव कर्मका कर्ता नहीं है, निजस्वभावका कर्ता है :–

પહેલો કળશ

एकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी।
इत्यज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम् ।।
ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यन्तधीरं।
साक्षातकुर्वन्निरुपधि पृथग्द्रव्यनिर्भासि विश्वं।।१।।

જુઓ, અમૃતચંદ્રાચાર્યદેવનો કળશ

ભેદવિજ્ઞાનમાં જીવ કર્મનો કર્તા નથી, નિજસ્વભાવનો કર્તા છે.

(સવૈયા એકત્રીસા)

प्रथम अग्यानी जीव कहै मैं सदीव एक,
दूसरौ न और मैं ही करता करमकौ।
अंतर-विवेक आयौ आपा-पर-भेद पायौ,
भयौ बोध गयौ मिटि भारत भरमकौ।।
भासे छहौं दरबके गुन परजाय सब,
नासे दुख लख्यौ मुख पूरन परमकौ।
करमकी करतार मान्यौ पुद्गल पिंड,
आप करतार भयौ आतम धरमकौ।।२।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :** સદીવ=હમેશાં. બોધ=જ્ઞાન. ભારત=મોટો. ભરમ=ભૂલ. ભાસે=જણાયા. પરમ=પરમાત્મા.

**અર્થ :**–જીવ પહેલાં અજ્ઞાનની દશામાં કહેતો હતો કે, હું હમેશાં એકલો જ કર્મનો કર્તા છું, બીજો કોઈ નથી; પરંતુ જ્યારે અંતરંગમાં વિવેક થયો અને સ્વપરનો ભેદ સમજ્યો ત્યારે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું, મોટી ભૂલ મટી ગઈ, છયે દ્રવ્ય–ગુણ–પર્યાય સહિત જણાવા લાગ્યાં, બધાં દુઃખો નાશ પામ્યાં અને પૂર્ણ પરમાત્માનું સ્વરૂપ દેખાવા લાગ્યું, પુદ્ગલપિંડને કર્મનો કર્તા માન્યો, પોતે સ્વભાવનો કર્તા થયો.

ભાવાર્થ : સમ્યગ્જ્ઞાન થતાં જીવ પોતાને સ્વભાવનો કર્તા અને કર્મનો અકર્તા જાણવા લાગે છે. ૨

अर्थ :–जीव पहले अज्ञानकी दशामें कहता था कि, मैं सदैव अकेला ही कर्मका कर्ता हूँ दूसरा कोई नहीं है; परंतु जब अंतरंगमें विवेक हुआ और स्वपरका भेद समझा तब सम्यग्ज्ञान प्रगट हुआ, भारी भूल मिट गई, छहों द्रव्य, गुण, पर्याय सहित ज्ञात होने लगे, सब दुःख नष्ट हो गये और पूर्ण परमात्माका स्वरूप दिखने लगा, पुद्गल पिंडको कर्मका कर्ता माना, आप स्वभावका कर्ता हुआ।

भावार्थ :–सम्यग्ज्ञान होने पर जीव अपनेको स्वभावका कर्ता और कर्मका अकर्ता जानने लगता है।।२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'प्रथम अग्यानी जीव कहै, मैं सदीव एक, दुसरो न और मैं ही करता करमकौ' આહાહા! અજ્ઞાની, એમ અજ્ઞાની કહે છે, 'હું તો બધું એક છું. શરીર ને રાગને આત્મા બધું એક છું.' તેથી એ રાગાદિનો કર્તા બીજો નહિ. શરીરને આત્મા, રાગને આત્મા બે એક છે. તેથી 'मैं ही करता करमकौ'–કર્મનો કર્તા હું જ છું. જડ કર્મનો કર્તા અથવા પુણ્ય-પાપના ભાવનો કર્તા. શું કહ્યું સમજાય છે?

જેને રાગને શરીર 'હું' છું, એ એક છીએ, એમ જેણે માન્યું છે. એ એક જ આત્મા રાગ ને શરીરનો કર્તા છે, એમ માને છે. જેનો કર્તા માને, તેની એકતા માન્યા વિના કર્તા માની શકે (નહિ). સમજાણું કાંઈ? 'प्रथम अज्ञानी जीव कहै मैं सदीव एक' છે ને પાઠમાં એમ છે ને. એક કર્તા તેમ છે, સંસ્કૃત. એક કર્તાની ને વ્યાખ્યા ઈ છે કે ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એવો 'હું', પુણ્ય અને પાપ સ્વરૂપ એવો 'હું', કર્મ અને શરીર સ્વરૂપ છું. એ બધું એક છે. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિના ભ્રમમાં.....આહાહા! તેથી હું એ રાગનો કર્તા, વિકલ્પ–દયા દાન વ્રતના વિકલ્પ થાય, તેનો હું કરનારો 'હું' છું. કેમ કે રાગથી ભિન્ન આત્માનું ભાન નથી. તેથી રાગની ને આત્માની ક્રિયા બે એક છે, એમ માનીને રાગનો કર્તા આત્મા છે. બીજો કોઈ છે (નહીં). આહાહા! ઝીણી સૂક્ષ્મ વાત છે.

દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા–વિકલ્પ જે ઊઠે છે, કહે છે કે એનો કર્તા 'હું' છું, એમ અમે બે એક છીએ. એક હોય તે કર્તા હોય, જુદાનો જુદો કર્તા કેમ હોય? એમ અજ્ઞાની (માને છે.) કહો શેઠી! રાગ તો જીવ કરતે હૈ. એ તો અજ્ઞાન ભાવે રાગ જીવ કરતે હૈં. એ તો કહ્યું ને, બેને એક માને તે કર્તા થાય છે. ચીમનભાઈ! બહુ ઝીણું ભાઈ! સંચા–બંચાનું તો કંઈ કરી શકે નહિ. રાગ વિકલ્પ એ એનો નથી, એની જાતનો નથી, એ કજાતનો રાગ છે. પુદ્‌ગલકી ચીજ હૈ ખરેખર તો, અપની ચીજ હોય તો કદી પડે

નહીં. પાઠ એવો લીધો છે. एकः कर्ता चिदमिह चिद्, ચિદ્ નામ જ્ઞાનનો ને રાગનો બધાનો હું એક જ કર્તા છું, એમ. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! ઓલા સંચા જાળવવા. એ વજુભાઈ! લીમડીના ને મુંબઈના કોણ જાળવે? આત્મા જાળવે નહીં તો એની મેળે જળવાતા હશે? આહીં તો કહે છે, જેણે બેને એક માન્યા એ અજ્ઞાની એનો કર્તા માને છે. પણ છે નહીં. બે નથી એક, બે જુદા છે.

'दूसरो नही कर्ता कर्मको'. આહીં કર્મ ને જ્ઞાનપણે લીધું છે. मैं सदैव अकेला ही कर्म का कर्ता हूँ, दूसरा कोई नहीं है. દૃષ્ટિ જ્યાં સુધી એને રાગ ને વિકલ્પ ઉપર પડી છે, ત્યાં સુધી એને દૃષ્ટિમાં રાગ ને કર્મ અને આત્મા બે એક માને છે. તેથી તે અજ્ઞાનમાં રાગનું કાર્ય અને કર્મનું કાર્ય 'મારું' છે. મારાં હોય તેનું કાર્ય મારું જ હોય ને, એમ અજ્ઞાની માને (છે.) આહાહા! કહો પ્રકાશદાસજી! આ તો મહાવ્રતકા વિકલ્પકા કર્તા હોના, ઉસકો હમ અજ્ઞાન માનતે હૈ, એમ કહતે હૈ. ભારે ગજબ વાત! આ ધર્મ છે ને ચારિત્ર! આહાહા! જ્ઞાન સરોવર પ્રભુ! એમાં વૃત્તિનું ઉત્થાન એ ક્યાં એની જાત છે? એ ક્યાં એનું કાર્ય છે? એનું કાર્ય હોય તે એ જુદા પડે નહીં. આહાહા! આ વાત છે મૂળ ભૂલ! આનું જાળવી લઉં, આને જાળવી રાખું, મારી આબરૂ જાળવી રાખું, મારો મોભો જાળવી રાખું, એ પોપટભાઈ! એ અભિમાન કરે છે કેમ કે જાળવી રાખવાનો અર્થ જ એ અને હું એક માને છે. તેથી એને જાળવી રાખવાની વૃત્તિ મિથ્યાદૃષ્ટિને હોય છે, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

કહો, દેવજીભાઈ! ખેતીના ધંધા મોટા લો. કોણ કરે? ભાણિયા ને બેઉનું તમે કરો છો. આરે, આરે! અહીંયા કહે છે, કોણ કરે? કરે ઈ માને, બેને એક કરે એમ માને. જેને બેની એકતા માન્યતા છે, એ 'કરું છું', એમ એ માને આહાહા! સમજાણું કાંઈ? 'अंतरविवेक आयौ आपा–पर–भेद पायो'. હવે સવળી વાત થાય છે. 'અંતર વિવેક આયો' અરે, 'હું તો આત્મા જ્ઞાન સ્વરૂપ છું.' એક જ પદમાં કેટલું સમાવી દીધું છે! આ તો ધીરુના કામ છે. આહાહા! જેને અંદર આત્માની ચીજ રાગ અને કર્મથી ભિન્ન ભાસી છે, એવો પરથી વિવેક જુદો ભર્યો છે. ઓલામાં એક માન્યું હતું, આમાં વિવેક થઈ ગયો, ભેદ પડ્યો. 'अंतर विवेक आयौ आपा-पर-भेद पायौ' આત્મા અને પરનો ભેદ જાણ્યો. આહાહા! સમજાણું કાંઈ?

'भयो बोध गयौ मिटी भारत भरमकौ' 'भयो बोध'. ધર્મીને આમ વિવેક આવતાં, 'ધર્મ વિવેકે નિપજે જો કરીએ તો થાય,' એમ આવે છે ને! રાગના વિકલ્પથી ભિન્ન ચૈતન્યની અંતર એકાગ્ર થતા, એ રાગનું કાર્ય મારું નહીં કેમ કે 'आपा-पर-भेद' જ્યાં

પાયો. આપા—પોતે જૈન વીતરાગ સ્વરૂપ ચૈતન્ય છે અને રાગ છે તે વિકાર સ્વરૂપ મેલ છે, એમ બેનો ભેદ પામ્યો. 'भयो बोध'—એને બોધ થયો. 'स्व-परका भेद समझा तब सम्यग्ज्ञान प्रगट हुआ' 'भारी भूल मिट गई' એનો અર્થ કર્યો. 'भारत भरमकौ' છે ને. મોટો ભ્રમ હતો ભ્રમ. જ્ઞાન સૂર્ય પ્રભુ અને રાગ તે મેલો ને દુઃખરૂપ છે. અરે, એમાં કેટલો પુરુષાર્થ છે! એ કાંઈ કાયરનાં કામ નથી. સમજાણું કાંઈ?

પોતાનું વીર્ય, એ રાગરૂપે પડ્યું હતું, એકતા માનીને.....વિવેક આવ્યો કે આ નહીં. 'હું તો આનંદસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત ઝળહળ'—ભેદજ્ઞાનથી ભાન થયું. ભેદજ્ઞાનથી ભાન થયું તો કહે છે, 'मीटी भारत भरमकौ'—ભ્રમણાનો ભાર મોટો હતો તે મટાડી દીધો. જુઓ આ ચીજ પહેલી, આ કરવાનું છે. ભારે ભૂલ મીટ ગઈ. મોટી ભૂલ કે રાગ ને પુણ્ય-પાપના મેલના વિકલ્પો એ 'મારા', 'હું' એનો કર્તા અને એ 'મારા' કામ. મોટી ભૂલ! કહો, આમાં લાદીબાદીના કામ ક્યાંય રહી ગયા. આહાહા!

બહારમાં મોટપ લેવા ભટકે છે ને જુઓ. અહીંથી મળે ને અહીંયાથી મળે ને અહીંથી મળે. એનો અર્થ એ કે બહારની ચીજ ને પોતાનીને એક માને છે. એવું પ્રત્યક્ષ એનું લક્ષણ છે. આહાહા! શશીભાઈ! આ તો ઝીણી વાતું છે ભાઈ! 'भयो बोध गयौ मिटी भारत भरमकौ' શું કહ્યું? ભ્રમણના બોજો નાશ થયો. રાગથી આત્મા 'પર' ભિન્ન છે, તેમ ઉત્પાદ જ્ઞાનનો થયો. ધ્રુવ વસ્તુ તો ત્રિકાળ પડી છે. ઝીણી વ્યાખ્યા છે. બાપા! શેઠીયા લોકો આ મૂળ વાતમાં ન જાય, એટલે બહારમાં દોરાઈ ગયા છે. અનાદિથી છે, કાંઈ નવું નથી. આહાહા! પોતાની ચૈતન્યબાજી તો જ્ઞાન ને આનંદમાં છે. રાગ ને એમાં આત્મા નથી. જેમાં પોતાનું હોવાપણું નથી, એને પરથી જુદો પાડીને હોવાપણાનો સ્વભાવ છે, એને પકડ્યો ને જ્ઞાન થયું. ભ્રમ મટી ગયો, કહે છે. અનાદિની ભ્રમણા હતી.

'भासै छहौं दरबके गुन परजाय सब' લ્યો, છયે દ્રવ્યના ગુણ પર્યાય ભિન્ન ભિન્ન છે, એમ કહે છે. સમજાણું કાંઈ? 'छहों द्रव्य, गुण, पर्याय सहित ज्ञात होने लगे.' પરમાણુ પરમાણુપણે જડ, એના રંગ- ગંધ-રસ-સ્પર્શ ગુણ, એની આ અવસ્થા—હાલવું, ચાલવું, બોલવું—તે બધી જડની અવસ્થા. એના દ્રવ્ય, ગુણ, પર્યાયનું એનું જ્ઞાન થયું. આત્માની દ્રવ્ય વસ્તુ ને એનો આનંદ જ્ઞાન આદિ આદિ ગુણ ને એની નિર્મળ અવસ્થા થઈ તે એની પર્યાય. ભારે કામ! આ બોલતાં જ કઠણ પડે. ઓલું તો દયા પાળો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, દેરાસરમાં આવો ને ચૌવિહાર કરો(છોડો), લ્યો. આટલાનું માંસ છોડાવ્યું, આટલા સામાયિક કરીને બેઠા, આટલા ટાણા ઉજવ્યા દિવસ ઉજવ્યા. કહે છે, કોણે ઉજવ્યો? અંધારે અંધારા છે. રાગ આદિના કાર્ય મારા માની અજ્ઞાનપણે બેને એક માનીલે ને, ઊંધે કાન પડ્યો છે.

આમ ચૈતન્ય સ્વભાવ રાગથી ભિન્ન ભગવાન, એને પરથી ભિન્ન ભાસ્યા વિના એની ભ્રમણા મટે (નહિ). ભ્રમણાં જતાં છયે દ્રવ્ય પોતપોતાની પર્યાયથી કામ બધાં દ્રવ્ય કરી રહ્યા (છે). રાગ રાગથી કામ કરે, શરીર (શરીરથી) કર્મ કર્મને કારણે બંધાય, કર્મ કર્મ કારણે છૂટે. મારા કારણે બંધાય અને છૂટે એવું છે નહિ. ભારે ઝીણું! આવો 'કર્તા કર્મ અધિકાર' 'સમયસાર'માં સ્પષ્ટ આટલું બધું બીજે ક્યાંય નથી આવું. એટલું 'સમયસાર'માં ૬૯ ગાથાથી સ્પષ્ટ કર્યું છે. 'भासें छहों दरबके गुन परजाय सब, जासे दुःख मुख पूरन परमकौ'. એ દુઃખ નાશે ને જાણ્યો પરમાત્મા પોતાને. 'लख्यौ मुख पूरन परमकौ'. પરમની વ્યાખ્યા કરી છે ને અંદર. 'यहाँ परमात्माका प्रयोजन है'. પૂર્ણ પરમાત્મસ્વરૂપ ચૈતન્ય આનંદ કંદને જ્યાં પરખ્યો...આહાહા!

'करमकौ करतार मान्यो पुद्‌गलपिंड' 'હું તો પરમ સ્વરૂપ ભગવાન આનંદ ને જ્ઞાન સ્વરૂપ છું'—એમ જ્યાં અંતરનો વિવેક અને ભાન પ્રજ્ઞાથી થયું, ત્યારે કર્મનો કર્તા પુદ્‌ગલ છે. ખરેખર રાગનું આચરણ પણ જડનું છે, મારું (નથી.) કેટલી ક્રિયા બિચારા કરે? વ્રત પાળે, અપવાસ કરે, ચૌવિહાર કરે, ચૌવિહાર કરે શું? ચૌવિહાર છોડે, કેમ ચૌવિહાર કરે, એમ ભાષા ખરી નથી. ચૌવિહાર કર્યો, ચૌવિહાર કર્યાનો અર્થ ચાર આહાર કર્યો, કીધો. ચૌવિહાર છોડે—ચાર આહારને છોડે. 'મેં ચાર આહારને છોડ્યા,' કહે છે એના દ્રવ્ય-ગુણ-પર્યાયની તને ખબર પડી નથી. આહાહા! ભગવાન તો આત્મા એ દેહની ક્રિયા, જડની ક્રિયા છોડવા, ગ્રહણથી તો છે. બોજો, બોજો માથે એવો લાગે. મૂળ વાતમાં આવતા એને પાણી ઉતરી જાય છે. પછી વાદવિવાદ કરે.

'करमकौ करतार मान्यौ पुद्‌गल पिंड आप करतार भयौ, आतम धरमकौ' જુઓ, એમાં આવી ગયું ઓલું રાગનું. ભલે પુદ્‌ગલપિંડનો કર્તા તો કહ્યું પર, પણ 'आप करतार भयौ आतम धरमकौ'. એમાં રાગનો પણ કર્તા છૂટી ગયો, એમ કહે છે. સમજાણું કાંઈ? આવું ભારે ભાઈ! 'करमकौ करतार मान्यौ पुद्‌गल पिंड आप करतार भयौ, आतम धरमकौ' પોતે તો જ્ઞાન દર્શન ને આનંદનો કરતાર—રચનાર થયો. આ એને ધર્મ અને એને વિવેકજ્ઞાન કહેવામાં આવે છે. સંસારના ભણવામાં કેટલો કાળ ગાળે છે! પાપબંધ છે બધો પાપ. આ અભ્યાસ કરવા માટે વખત લેવો હોય, અંતરમાં જુદું પાડવાનો અભ્યાસ (માટે) વખત મળતો નથી, વખત મળતો નથી. મરી જાય છે એમને એમ. આહાહા! અરેરે, કાંઈ મજૂરી કરી કરીને.....બાયડી માટે, છોકરા માટે, આબરૂ માટે, મોભા માટે, જે ચીજ પોતામાં નથી. એના કાર્યમાં રોકાતાં જીવનું કાર્ય અટકી ગયું છે. પણ કહે છે, પરથી ભિન્ન પાડતાં પોતાનો આત્મા આનંદ ને જ્ઞાનનો કર્તા, એ ધર્મનો કર્તા છે. સમજાણું કાંઈ? તે માંગલિક કર્યું. आप स्वभावका कर्ता हुआ, લ્યો.

ભાવાર્થ :—सम्यग्ज्ञान होने पर जीव अपनेको स्वभावका कर्ता और कर्मका अकर्ता जानने लगता है।

બીજો શ્લોક—

परपरिणतिमुज्झत् खंडद्भेदवाद।
निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः॥
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृते–
रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः॥२॥

जाही समै जीव देहबुद्धिकौ विकार तजै,
वेदत सरूप निज भेदत भरमकौं।
महा परचंड मति मंडन अखंड रस,
अनुभौ अभ्यासि परगासत परमकौं॥
ताही समै घटमैं न रहै विपरीत भाव,
जैसैं तम नासै भानु प्रगटि धरमकौं।
ऐसी दसा आवै जब साधक कहावै तब,
करता ह्वै कैसे करै पुग्गल करमकौं॥३॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ : વેદત=ભોગવે છે. ભેદત=નષ્ટ કર છે. પરચંડ(પ્રચંડ)=તેજસ્વી. વિપરીત=ઊલટું. તમ=અંધકાર. ભાનુ=સૂર્ય. ह्वै = થઈને.

**અર્થ :**—જ્યારે જીવ શરીરમાં અહંબુદ્ધિનો વિકાર છોડી દે છે અને મિથ્યાબુદ્ધિ નષ્ટ કરીને નિજસ્વરૂપનો સ્વાદ લે છે તથા અત્યંત તીવ્ર બુદ્ધિને સુશોભિત કરનાર પૂર્ણ રસથી ભરેલા અનુભવના અભ્યાસથી પરમાત્માનો પ્રકાશ કરે છે ત્યારે સૂર્યના ઉદયથી નષ્ટ થયેલ અંધકારની જેમ કર્મના કર્તાપણાનો વિપરીત ભાવ હૃદયમાં નથી રહેતો. એવી દશા પ્રાપ્ત થતાં તે આત્મસ્વભાવનો સાધક થાય છે. ત્યારે પૌદ્ગલિક કર્મોને કર્તા થઈને કેવી રીતે કરે? અર્થાત્ નહિ જ કરે. ૩

अर्थ :–जब जीव शरीरसे अहंबुद्धिका विकार छोड़ देता है और मिथ्यामती नष्ट करके निज स्वरूपका स्वाद लेता है तथा अत्यंत तेज बुद्धिको सुशोभित करनेवाले पूर्णरस भरे अनुभवके अभ्याससे परमात्माका प्रकाश करता है तब सूर्यके उदयसे नष्ट हुए अंधकारके समान कर्मके कर्तापनेका विपरीतभाव हृदयमें नहीं रहता। ऐसी दशा प्रात होने पर वह आत्मस्वभावका साधक

होता है। तब पौद्गलिक कर्मोंको कर्ता होकर कैसे करेगा? अर्थात् नहीं करेगा।।३।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'जाही समै जीव देहबुद्धिकौ विकार तजै' શરીર ને રાગ હું નહીં, એમ જ્યારે વિકાર મિથ્યાત્વને તજે. જુઓ, જે સમયે જીવ પુરુષાર્થથી તજે, એમ કહે છે. કર્મ ઘટે અને કર્મ ટળે અને આવો વિવેક આવે, એમ નથી આમાં. 'जाही समै जीव देहबुद्धिकौ विकार तजै, वेदत सरूप निज भेदत भरमकौ' રાગાદિ વિકલ્પ પર્યાયબુદ્ધિમાં પોતાના ભાસતા, એને વસ્તુની બુદ્ધિ વડે એ ભ્રમનો નાશ કર્યો છે. અને 'वेदत सरूप निज भेदत'—પોતાના નિજ આનંદ સ્વરૂપને પ્રત્યક્ષ વેદે છે. આહાહા! એનું નામ ભેદજ્ઞાન ને એનું નામ સમ્યક્જ્ઞાન છે. આહાહા!

અનાદિનું જ્યાં સુધી પુણ્ય ને પાપનું વેદન છે એને, એ ભ્રમણાનું વેદન અજ્ઞાનનું ને મિથ્યાત્વનું છે. સમજાણું કાંઈ? જીવને શરીરનું, સ્ત્રીના શરીરનું, દાળ–ભાત–શાકનું, પૈસાનું, મકાનનું વેદન નથી, અજ્ઞાનમાં પણ (નથી). અજ્ઞાનમાં એને વેદન છે હરખ–શોક ને રાગદ્વેષના પરિણામનું. એણે વેદ્યુ હોય તો અનંતકાળથી નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી જૈન સાધુ થઈને રહ્યો, પણ એણે વેદ્યા છે વિકારને! સમજાણું કાંઈ? આહાહા! શુભ-અશુભ રાગ છે ને વિકાર, એનું વેદન છે એને. વિકાર ભાવનું વેદન ઈ મિથ્યાત્વ ભાવ છે. જેનો કર્તા થાય તેને એ ભોગવે. સમજાણું કાંઈ?

રાગ અને પુણ્ય-પાપના ભાવનો કર્તા થાય, એને એ ભોગવે. બહુ સૂક્ષ્મ વાત પ્રભુ! આહાહા! (શ્રોતા : ભાવ વેદન હોય?) વેદનની વાત કરે છે. ભાવનું જ વેદન કહેવાયને. વેદન શેનું છે? એની તો આ વાત આવે છે. પણ તે અજ્ઞાન વેદન છે. રાગ ને દ્વેષ, હરખ ને શોક, વિકારનું વેદન તે અજ્ઞાન વેદન છે. ભગવાન તો નિર્વિકારી સ્વરૂપ છે, એની તો એને ખબર નથી. 'वेदत सरूप निज भेदत'—પોતાના નિજ અહીં લેવું. 'वेदत सरूप निज'—પોતાના આનંદ સ્વરૂપને વેદે, અનુભવે. 'भेदत भरमकौ' ભ્રમણા, રાગનું વેદન મારું–એ ભ્રમણાનો નાશ થાય છે. આ ધર્મની કળા, આ ધર્મની રીત છે. આ ધમાધમ બહારમાં ચાલે....આ તો એમાં ને એમાં મનાવ્યું છે.

'वेदत सरूप निज भेदत भरमकौ। महा परचंड मति मंडन अखंड रस'. 'अत्यन्त तेज बुद्धिको सुशोभित करनेवाले पूर्ण रस भरे अनुभवके अभ्याससे परमात्माका प्रकाश करता है' શું કહે છે? મહા પ્રચંડ મતિશ્રુત જ્ઞાનની ઉગ્રતા સ્વના લક્ષે થતા, મતિ અને શ્રુત સ્વભાવને આશ્રયે થતા, મહા પ્રચંડ જે મતિ અને શ્રુતજ્ઞાનનો મહા તેજ છે જેનું. રાગનો અંધકાર એકત્વનો કાટ ટાળ્યો, ત્યાં ચૈતન્યના મતિશ્રુતના તેજ

ત્યાં પ્રગટ્યા. 'परचंड', 'अत्यंत तेज बुद्धिको सुशोभित करनेवाले पूर्ण रस भरे अनुभवके अभ्याससे....' 'मति मंडन अखंड रस'. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસ અખંડ છે, તેને વેદતો મતિજ્ઞાન 'अनुभौ अभ्यासि' સ્વ સ્વભાવના અનુભ્યાસનો અભ્યાસ કરતાં 'परगासत परमको' પરમાત્મને પ્રકાશ કરે છે. પોતે પરમાત્મપણે પ્રકાશ થાય (છે). સમજાણું કાંઈ? કેવી ભાષા! સાદી ભાષામાં.

'अनुभौ अभ्यासि परगासत परमको' અનાદિથી સ્વરૂપના અસ્તિત્વના ભાન વિના રાગને વિકલ્પના અસ્તિત્વમાં પોતાનું કર્તવ્ય માનીને અંધકારમાં પડ્યો હતો. એને કહે છે, ભિન્ન પાડતા મતિ અને શ્રુતજ્ઞાના તેજ બળ વડે પોતાના અનુભવના અભ્યાસ દ્વારા પરમાત્માની શક્તિનો પ્રકાશ સુશોભિત કરે છે. સમજાણું કાંઈ? પરમાત્મ સ્વરૂપ—પોતાનું પરમ સ્વરૂપ, પરમાત્મા એટલે પરમ સ્વરૂપ. શુદ્ધ ઘન, ઘન પરમ સ્વરૂપ જે છે. એને રાગથી ભિન્ન પાડીને પોતાના અનુભવ કરતા પરમ સ્વરૂપનો પ્રકાશ કરે છે. એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને વિવેક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'ताही समैं घटमैं न रहे विपरीत भाव.' જ્યાં સૂર્ય પ્રગટ્યો ત્યાં અંધકાર શી રીતે રહે? 'ताही समैं घटमैं न रहे विपरीत भाव.' પરમાત્મા ચૈતન્ય સ્વરૂપનું વિકલ્પથી ભિન્ન ભાન થતાં તે સમયે વિપરીત ભાવ રાગથી એકતા બુદ્ધિ હોતી (નથી).

'जैसे तम नासें भानु प्रगटि धरमकौं'—'सूर्य के उदय से नष्ट हुए अंधकारके समान कर्मके कर्तापनेका विपरीतभाव हृदयमें नहीं रहेता.' જે ક્ષણે સૂર્યનો પ્રકાશ થાય, ત્યાં અંધકાર રહેતો (નથી.) તેમ જે ક્ષણે રાગને કર્મની બુદ્ધિનો નાશ થઈ અને આત્મ સ્વભાવની બુદ્ધિ થતાં, ત્યાં રાગની એકતાનો અંધકાર—ભ્રમણા રહેતી નથી. 'तम नाशै भानु प्रगटे धरमकौ'—પોતાના સૂર્યના સ્વભાવે પ્રગટ થાય તેમ ચૈતન્ય સ્વભાવ....ભિન્ન ભિન્ન ભાષામાં ભિન્ન ભિન્ન ભાવની સ્પષ્ટતા છે. સમજાણું કાંઈ? સાધારણ માણસને એકનું એક જેવું લાગે, તેમ નથી. ભાષાએ દીઠ સ્પષ્ટતાની ચોખવટ ઘણી ઝીણી છે, ભિન્ન ભિન્ન પ્રકારની કહે છે. 'ताही समैं घटमैं न रहे विपरीत भाव'—વિપરીત ભાવ અંધકાર રહેતો નથી.

'जैसैं तम नासै भानु प्रगटि धरमकौ, ऐसी दसा आवै जब साधक कहावै तब' ત્યારે સાધક કહેવામાં આવે છે. એ આત્માનો સાધક અને પરમાત્માનો સાધક. આહાહા! ચોથે ગુણસ્થાનથી સાધક કહેવામાં આવે છે. રાગ ને વિકલ્પથી ભિન્ન પાડતો આત્માને અને સ્વભાવની એકતાના અનુભવમાં પોતાના સાધક સ્વભાવને સાધતો, પરનો કર્તા મટતો છે ને! 'करता व्है कैसे करै पुग्गल करमकौ, ऐसी दसा आवै जब साधक कहावै तब' 'करता व्है कैसे करै पुग्गल करमकौ'—એ ધર્મી જીવ રાગ ને પુદ્‌ગલને

કેમ કરે ત્યાં? જ્યાં ચૈતનના પ્રકાશના તેજ પ્રગટ્યા છે, તે તેજની ક્રિયાનો કર્તા આત્મા છે. રાગ એ અંધકાર છે. સૂર્ય ઊગ્યો ને અંધકાર રહે નહિ, એમ રાગથી ભિન્ન પાડીને ચૈતન્યના પ્રકાશના ભાન થયા, ત્યાં રાગની એકતાનો અંધકાર રહે નહિ. આહાહા! સમજાણું કાંઈ?

....'हृदयमें नही रहता ऐसी दशा प्राप्त होने पर वह आत्मस्वभावका साधक होता है' અનાદિથી વિકારનો સાધક હતો, હવે આત્મ સ્વભાવનો સાધક થયો છે. એનું નામ ધર્મ છે. શેઠી, ભારે વાતું ભાઈ! એની રીત તો સમજે! એની રીત ને આ માર્ગ છે. એ સમજણ કરે તો એને અંદર અંતર્મુખ થવાનો પ્રયોગ કરવાનો અવસર આવે. પણ સમજણ જ્યાં ખોટી હોય, તેને અંતરમાં ઉતરવાનો પ્રયત્ન રહે નહિ. આમથી આમ થશે, આમ થાશે. જુઓને આ બધા.....સુવર્ણપાષાણ.....સાધક છે.....વ્યવહાર પહેલો હોય પછી નિશ્ચય થાય. અરે ભગવાન! શું થાય?

એ પણ 'પંચાસ્તિકાય'નો દાખલો બધો આપ્યો છે. ભાઈ એ બધી વાત છે સાંભળને! સોનું પથ્થરમાંથી જુદું પડે માટે પથ્થરને સોનાનો પથ્થર છે (એમ કહેવાય છે) તેમ સાધક છે. અરે, સોનું પોતાથી જુદું પડે છે, ત્યારે ઓલાને વ્યવહાર સાધકની ઉપમા આવે છે. શું થાય ભગવાન! આહાહા! વિકાર છે ને, ભઈ સોનું એની મેળે જુદું પડે છે. સમજાય છે કાંઈ? પોતાની પર્યાય તે કાળે ભિન્ન પડતો જાય છે પથ્થરથી જુદો. હવે એનું શું થાય? કોણ કહે? પોતે જ્યાં અટક્યો હોય એને સારું માને, એને છોડાવે કોણ? (પોતે) (શ્રોતા : છોડવું છે જ ક્યાં?) ભાઈ! એમ અંધારામાં પેઠે અજવાળું નહીં આવે. રાગ તો અંધારું છે, આહીં તો કહે છે. સમજાણું કાંઈ? તે (રાગ) સાધક થાય? ન થાય.

વીતરાગ સ્વભાવ આત્માનો, તેમાં રાગ સાધક ને વીતરાગતા સાધ્ય (શ્રોતા : બને નહીં) પણ છતાં એમાં સાધક સાધ્ય ભિન્ન લીધાં છે ને! (શ્રોતા : જુદા છે ને!) એનો અર્થ જ એ કે ત્યાં સાધનનું જ્ઞાન કરાવ્યું છે ભાઈ! વ્યવહારનયના કથનો કહ્યા છે. તેથી કહે છે ને, વ્યવહાર અન્યથા કહે છે. એમ નથી, તેથી અન્યથા વ્યવહાર કહે છે. જે વ્યવહારની શ્રદ્ધા રાખે તો મિથ્યાદૃષ્ટિ છે. એમ કહ્યું છે. (શ્રોતા : ચોખ્ખેચોખ્ખું) 'મોક્ષમાર્ગ પ્રકાશક'—'વ્યવહારની શ્રદ્ધા છોડો' ત્યાં તો એમ કહે છે. ટોડરમલજી જેવાએ સ્પષ્ટ કર્યું છે હોં. કેમ ઘડિયાળ છે? બરાબર છે?...

કહે છે, .....आत्म स्वभावका साधक होता है। तब पौद्‌गलिक कर्मोंको कर्ता होकर कैसे करेगा?' જ્યાં આત્માનું જ્ઞાન થયું, આત્મા જ્ઞાતા દૃષ્ટા છે. તેમાં વિકલ્પ માત્રનો અભાવ છે, ગંધ નથી. એવું જ્યાં ભાન થયું તે પોતાની ક્રિયા—જ્ઞાનની કરે,

આનંદની કરે, એનો કર્તા થાય. પણ રાગની ક્રિયા કરે, કેમ બને? (શ્રોતા : બને નહીં) સમજાણું કાંઈ? આ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય, તેને કહે છે કે ન થાય. વ્યવહારનું કર્તાપણું છોડ, ત્યારે તેને સાધકપણું પ્રગટ થાય, એમ કહે છે.

'....कर्ता कैसे करेगा? अर्थात् नहीं करेगा' પરને એ કરશે નહિ. જ્ઞાની આને ભેદજ્ઞાની, રાગ અને વ્યવહારથી ભિન્ન પડેલો પ્રભુ, એના ભાનમાં વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય નહીં રહે. કહેવા માત્ર છે ઈ. સમજાણું કાંઈ? વ્યવહારનો કર્તા થાય તો નિશ્ચય કાર્ય થાય. છે ખરી, પણ એ આવે છે ને હળવે હળવે આવું થાય શુદ્ધિ. ઈ કહે, સમયે સમયે આમ થાય ઉત્પન્ન...(શ્રોતા : છઠ્ઠું ગુણસ્થાન છે ને) અનુભવસે વૃદ્ધિ હોતી હૈ. અંતરના સ્વભાવકા આશ્રય કરતે કરતે શુદ્ધિ વધતી હૈ. રાગકે કારણસે શુદ્ધિ વધતી હૈ, ઐસા નહિ. અહીંયા ખુલાસો કર્યો છે. 'છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ સાતમા સુધીનું કારણ છે' એમાં એમ લખ્યું છે ને! પણ એટલું લાંબું ન કરતાં એટલી શુદ્ધિ પ્રગટી હોય, ત્યાં રાગ એવો કઈ જાતનો હોય તે દ્વારા તેને સાધક કહીને કહ્યું છે. વિશેષ.....

(—પ્રમાણ વચન ગુરુદેવ.)

ભાઈ! જ્ઞાન છે ઈ અંત વિનાની ચીજ છે. અંત વિનાનું એમને એમ ક્ષેત્ર છે..છે..છે..છે..છે. એવું છે...છે, તેને જ્ઞાન(માં) છે...છે...છે...છે. અંત વિનાનું એમ જ જાણે છે. જાણ્યું માટે ત્યાં અંત આવી ગયો (એમ નથી). એમાં તો (જ્ઞાનનું) રહસ્ય છે. ઓહો! આ જ્ઞાન...જેવો અનંત છે એવા અનંતને જાણે. જેવા અનંતા દ્રવ્યો છે, એવા અનંતને જાણે. અનંતકાળ છે (જેનો, એવો) આદિ અંત વિનાનો હું, એવા અનાદિ અનંતને એ જ્ઞાન જાણે અને જે જ્ઞાન એક દ્રવ્યના આકાશના પ્રદેશ કરતાં અનંતગણા ગુણો છે, એને જાણે. તેથી ત્યાં અંત આવતો નથી, પણ અહીં રાગ વિનાની દશા થઈને રાગનો અંત આવી જાય છે.

**નાટક સમયસાર પ્રવચન નં. ૫૧નો અંશ**

## પ્રવચન નં. ૩૮, ફાગણ સુદ-૧૩, મંગળવાર, તા. ૯-૩-૧૯૭૧
## કર્તા-કર્મ-ક્રિયાદ્વાર પદ ૪, ૫ ઉપર પ્રવચન.

ઓલામાં કર્તાકર્મ ક્રિયાનું કર્તાપણું હોય ને કર્મપણું એમ, એટલે બરાબર છે. નીચે ત્રીજો કળશ ૬૯ પાનું. શેઠી લાવ્યા નથી ચશ્મા-ચશ્મા? દ્યો ભાઈ, સેઠી કો પુસ્તક એક આપો. ગમે એ આપોને હિન્દી, ગુજરાતી એનું કાંઈ નહિ. ગુજરાતી ય ચાલે. એને પરાણે ગુજરાતી, વાંચશે ગુજરાતી (શ્રોતા : પુસ્તક પોતે જ હિન્દી છે.) આ તો હિન્દી છે. ઓહો! ઓલા સવારનું હતું તો 'સમયસાર નાટક' ઓલું સવારે શું કહેવાય (શ્રોતા : 'નિયમસાર') એ ગુજરાતી હતું. આ તો હિન્દી જ છે, લ્યો નીચે ત્રીજો કળશ છે નીચે.

इत्येवं विरचय्य संप्रति परद्रव्यान्निवृत्तिं परां
स्वं विज्ञानघनस्वभावमभयादास्तिध्नुवानः परं।
अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशन्निवृतः स्वयं
ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।।३।।

आत्मा कर्मका कर्ता नहीं है, मात्र ज्ञाता द्रष्टा है।

(સવૈયા એકત્રીસા)

जगमैं अनादिकौ अग्यानी कहै मेरौ कर्म,
करता मैं याकौ किरियाकौ प्रतिपाखी है।
अंतर सुमति भासी जोगसौं भयौ उदासी,
ममता मिटाइ परजाइ बुधि नाखी है।।
निरभै सुभाव लीनौ अनुभौके रस भीनौ,
कीनौ विवहारदृष्टि निहचैमें राखी है।
भरमकी डोरी तोरी धरमकौ भयौ धोरी,
परमसौं प्रीति जोरी करमकौ साखी है।।४।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :** પ્રતિપાખી(પ્રતિપક્ષી)='પક્ષપાતી' એવો અર્થ અહીં છે. નાખી=છોડી દીધી. નિરભૈ(નિર્ભય)=નિડર. ભીનૌ=મગ્ન થયો. ધોરી=ધારણ કરનાર.

અર્થ :–સંસારમાં અનાદિકાળનો આ અજ્ઞાની જીવ કહે છે કે કર્મ મારું છે, હું એનો કર્તા છું અને આ મારું કરેલું છે. પરંતુ જ્યારે અંતરંગમાં સમ્યગ્જ્ઞાનનો ઉદય થયો ત્યારે મન–વચનના યોગોથી વિરક્ત થયો, પરપદાર્થમાંથી મમત્વ ખસી ગયું, પર્યાયમાંથી અહંબુદ્ધિ છૂટી ગઈ, નિઃશંક નિજસ્વભાવ ગ્રહણ કર્યો, અનુભવમાં મગ્ન થયો, વ્યવહારમાં છે તોપણ નિશ્ચય ઉપર શ્રદ્ધા થઈ, મિથ્યાત્વનું બંધન તૂટી ગયું, આત્મધર્મનો ધારક થયો, મુક્તિમાં પ્રેમ કર્યો અને કર્મનો માત્ર જ્ઞાતા–દ્રષ્ટા થયો, કર્તા ન રહ્યો. ૪

अर्थ :–संसारमें अनादिकालका यह अज्ञानी जीव कहता है कि कर्म मेरा है, मैं इसका कर्ता हूँ और यह मेरा किया हुआ है। परन्तु जब अंतरंगमें सम्यग्ज्ञानका उदय हुआ तब मन-वचनके योगोंसे विरक्त हुआ, पर पदार्थोंसे ममत्व हट गया, परजायसे अहंबुद्धि छूट गई, निःशंक निजस्वभाव ग्रहण किया, अनुभवमें मग्न हुआ, व्यवहारमें है तो भी निश्चय श्रद्धा हुई, मिथ्यात्वका बन्धन टूट गया, आत्मधर्मका धारक हुआ, मुक्तिसे मुहब्बत लगाई और कर्मका मात्र ज्ञाता-दृष्टा हुआ, कर्ता नहीं रहा।।४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? ‘जगमैं अनादिकौ अग्यानी कहै मेरौ कर्म.’ જેને વસ્તુના સ્વભાવનું ભાન નથી, અંતરદૃષ્ટિમાં આત્મા શું ચીજ છે? જ્ઞાન ને આનંદનો ધામ એવો ભગવાન આત્મા જેની દૃષ્ટિમાં આવ્યો નથી. એથી એની દૃષ્ટિમાં પુણ્ય અને પાપના વિકલ્પો પર્યાય બુદ્ધિમાં ભાસે છે. એથી એ મારૂં કર્મ ને હું એનો કર્તા, એમ અજ્ઞાનીને ભાસે છે. સમજાણું કાંઈ? ‘जगमैं अनादिकौ अग्यानी कहै मेरौ कर्म.’ એનો અર્થ આ કે અજ્ઞાનમાં સ્વરૂપ ચૈતન્ય મૂર્તિ જ્ઞાન, દર્શન, આનંદ—એવા સ્વભાવની સન્મુખ દૃષ્ટિ નહીં હોવાથી અને વિભાવ પુણ્ય-પાપના રાગની સન્મુખ દૃષ્ટિ હોવાથી તે જ મારા અસ્તિત્વમાં વિકાર છે. એમ માની એ વિકારનો કર્તા થઈ વિકારનું એ કાર્ય મારું છે, એમ માને છે. (શ્રોતા : બહુ લાંબુ વાક્ય છે.) આ શબ્દનો આ અર્થ કર્યો. શું? ‘जगमैं अनादिकौ अग्यानी कहै मेरौ कर्म’ એની વ્યાખ્યા. ‘करता मैं याकौ किरियाकौ प्रतिपाखी है।’ प्रतिपाખી—પક્ષ કરે છે ક્રિયાનો. ક્રિયા કા પક્ષપાત કરતા હૈ. સૂક્ષ્મ બાત હૈ!

આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે, એવું જ્યાં અંતરદૃષ્ટિમાં મહા પ્રભુ પોતાનું અસ્તિત્વમાં એ આવ્યું નથી. એથી અનાદિનો અજ્ઞાની એટલે સ્વરૂપનો અજાણ, વર્તમાનમાં જે પુણ્યને પાપના વિકલ્પોની વૃત્તિઓ થાય છે, એનો એને ભાસ છે. તેથી તે એનો એ ક્રિયા મારી છે અને એનો હું કર્તા છું. ભારે પ્રભુ! સમજાય છે કાંઈ? પંડિતજી! ભારે કામ આવું ભાઈ! અનાદિ કો યે બાત હૈ, અનાદિની છે. નિગોદથી

માંડીને નવમી ગ્રૈવેયક તરફ જૈનનો દિગમ્બર મિથ્યાદૃષ્ટિ સાધુ થયો. પણ એનો ક્રિયાનો પક્ષપાત એટલે આમ આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, એનો પક્ષપાત નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? હું આત્મા જ્ઞાન ને આનંદનો ધામ મહા શક્તિનું તત્ત્વ છું. એવી દૃષ્ટિનો અથવા જ્ઞાનનો અભાવને લઈને એણે અનાદિથી પુણ્યને પાપની ક્રિયાનો પક્ષપાતી છે. એ ક્રિયાનો કર્તા હું ને એ ક્રિયા મારું કર્મ. સેઠી! ભારે આકરું કામ કહેવાય! ક્યા કહતે હૈ? (શ્રોતા : માર્ગ મેં હી રહે). માર્ગ આ છે. (શ્રોતા : સમજનેકી ક્રિયા હૈ). જુઓ, સમજને કી ક્રિયા હૈ.

વસ્તુ પોતે ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનનો સૂર્ય આનંદનું ધામ, એવી વસ્તુની દૃષ્ટિ અનાદિની નથી. એથી એની દૃષ્ટિમાં તો પર્યાયબુદ્ધિ છે એટલે અંશબુદ્ધિ ઉપર એનો થાક છે, અંદર અનાદિથી. એ અસ્તિત્વ એટલું જ છે એમ. એથી જે કાંઈ વિકલ્પો શુભ, અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, કરૂણા, કોમળતા આદિ વિકલ્પ ઉઠે છે. એ પરિણતીની ક્રિયા, એ ક્રિયાનું કર્મ, એનો હું કર્તા. એ પરથી ક્રિયા મારું કાર્ય. સમજાણું કાંઈ? 'करता मैं याकौ किरियाकौ प्रतिपाखी', પ્રતિપાખી—પક્ષ છે એનો. દયા, દાન, વ્રત, ભક્તિના આદિ વિકલ્પ ઉઠે છે, ત્યાંનો એ પક્ષપાતી છે. કારણ કે એ વિકલ્પ વિનાની ચીજ છે, એવી અંતરમાં અંતરમુખ થઈને દૃષ્ટિ થઈ નથી. એથી અનાદિનો બહિર્મુખ દૃષ્ટિવાળો, બાહ્યમાં એ દયા, દાન, વ્રત, ભક્તિના આદિ પરિણામ જે વિકલ્પ થાય—એ ક્રિયાનો પક્ષપાતી, એ મારું છે કાર્ય અને હું એનો કર્તા—આ અજ્ઞાનીનું કામ છે. સમજાણું કાંઈ?

'करता मैं'. હું એનો કર્તા કારણ કે એની દૃષ્ટિમાં ભગવાન જ્ઞાન ને આનંદમાં ચૈતન્ય પ્રભુ વસ્તુનો સ્વભાવ એ દૃષ્ટિ તો આવી નથી. એટલે એની દૃષ્ટિમાં તો એ વિકાર વિકલ્પો ભાસે છે. તેથી તે ક્રિયા પરિણતિ વિકાર ને એનો હું કર્તા ને એ મારું કાર્ય. સમજાણું કાંઈ? ભારે ઝીણું કહે માળા આવો ધર્મ! ઓલા રાડે રાડ પાડે. કહે, 'નહીં વ્યવહારથી થાય, પુણ્યથી થાય. કારણ કે પુણ્ય પવિત્રતાનું કારણ છે.' આહાહા! મહાપ્રભુ તો આનંદનો ધામ છે, એકલો જ્ઞાનનો રસિક ચૈતન્ય તત્ત્વ છે. એ રસિકપણું અનાદિથી છૂટી ગયું છે અને રાગનો રસિયો થયો છે. સમજાય છે કાંઈ?

વીતરાગ સ્વરૂપ ભગવાન આત્મા, જ્ઞાતા દૃષ્ટા કહો, વીતરાગ સ્વભાવ કહો. એણે સામું જોયા વિના, એણે આમ જોયું છે એક અંશ દૃષ્ટિમાં. ભગવાન આખો પડ્યો રહ્યો છે દૃષ્ટિમાંથી (દૂર). જ્યાં હોય ત્યાં મેં કર્યું, મેં કર્યું, દયાના ભાવ મેં કર્યા, ભક્તિના મેં કર્યા, પુણ્યના મેં કર્યા. આ શું કરો છો? આ બધાં પુસ્તક બનાવવાના મેં કામ કર્યા. એ પોપટભાઈ! આહાહા! એવો જે વિકલ્પ ઉઠ્યો એની સંભાળમાં એ ક્રિયાનો પક્ષપાતી

થઈ ગયો. (શ્રોતા : અનાદિસે લગ રહા હૈ) બસ, એટલી બે પદમાં એ વ્યાખ્યા કરી, અનાદિની. સમજાણું કાંઈ ?

'अंतर सुमति भासी जोगसौ भयो उदासी' (શ્રોતા : પલટા ખાયા) પલટા ખાયા. 'अंतर सुमति भासी अंतरंगमें सम्यग्ज्ञानका उदय हुआ.' અરે ! મૈં તો આત્મા, પુણ્યપાપના વિકલ્પના ભાવથી ભિન્ન મારી ચીજ છે. એ ચીજમાં તો એકલું જ્ઞાન ને આનંદ પડ્યો છે. એકલું શક્તિ મોક્ષશક્તિ સ્વરૂપ હું છું. એવી જ્યાં અંતર સુમતિ– સમ્યક્‌જ્ઞાન થયું. પેલો અજ્ઞાનની સામે સમ્યક્‌જ્ઞાન નાંખ્યું. સમજાણું કાંઈ ? મારગડા જુદા એના છે ભાઈ ! એ બહારથી કલ્પ્યા છે, એવું એનું સ્વરૂપ નથી. વિધિએ ક્રિયા કરવી. (શ્રોતા : વિધિની ક્રિયા ચાલુ જ છે, એક બાજુ વિધિ આમને આમ). જેઠાભાઈ, આ વિધિમાં કંઈ નથી તો દોષ ન લાગે એ ક્રિયાનું બરાબર ધ્યાન રાખવું....બહારની આહાહા ! કહે છે, 'अंतर सुमति भासी'. અરે ! એ વિકલ્પને રાગ એ તો મેલ, મારી ચીજમાં નથી. હું પોતે આત્મા, એ તો ચૈતન્ય આનંદનો નિર્મળ આનંદ પ્રભુ છે. નિર્મળ આનંદ પ્રભુ એની આ દૃષ્ટિમાં સમ્યક્‌જ્ઞાન થયું.

કહે છે 'भासी जोगसौ भयौ उदासी' એ શુભ-અશુભભાવ ને કંપનથી ઉદાસ થઈ ગયો. સમજાણું કાંઈ ? 'मन वचन योगोंसे विरक्त हुआ'. પણ ઈ બધું પર ને બધું લેવું. એક મન વચન નાંખ્યું છે એમાં. બધું કંપન ને ભાવ બેય. સમ્યક્‌જ્ઞાન થતા શુભ ને અશુભ જે વિકલ્પો ને રાગ છે, એના જોગથી ભયો ઉદાસી. ભગવાન આત્મા રાગ ને વિકલ્પથી ભિન્ન ચીજનું ભાન થતા, ભિન્ન ચીજ એ રાગાદિ–એનાથી તો ઉદાસ થયો અને સ્વભાવના આસનમાં દૃષ્ટિ લગાવી. જ્ઞાન ને દર્શન ને આનંદ ને શાંતિ ને વીતરાગતા એવો જે સ્વભાવ સુમતિ નામ સમ્યક્‌જ્ઞાનમાં સ્વસન્મુખ થઈને ભાસ્યો. 'जोगसो भयौ उदासी'. એ પુણ્યપાપની ક્રિયાથી તો ઉદાસ થયો. કહો સમજાણું કાંઈ ? ભાષા બહુ ટૂંકી ભાવ ઘણા મોટા. ચીમનભાઈ ગયા ? સમજાણું કાંઈ ?

'अंतर सुमति भासी जोगसौ भयौ उदासी, ममता मिटाई परजाइ बुद्धि नाखी है।' જુઓ, એ વિકલ્પ છે શુભ-અશુભ ભાવ એ મારા, એ મમતા ગઈ. હું તો આનંદને જ્ઞાન સ્વરૂપ છું, એમ અંતર સમતા થઈ અને રાગની મમતા ગઈ. આહાહા ! મમતાનો અર્થ–એ વિકલ્પ છે એ મારા છે, એ મમતા ગઈ. સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનઘન એવું જ્યાં ભાન થયું, 'હું તો આ છું.' એથી એને પુણ્યપાપના વિકલ્પના ભાવથી ઉદાસ થયો અને મારા છે, એ મમતા ગઈ. સમજાણું કાંઈ ? માર્ગ ભારે ! દુનિયાથી ઉદાસ, આહીં તો પુણ્ય-પાપના વિકલ્પથી ઉદાસ થયો, એમ કહે છે. ચંદુભાઈ ! આહાહા ! (શ્રોતા :....) યે હૈ

'ममता मिटाई परजाइ बुद्धि नाखी है।' અંશ બુદ્ધિ હૈ, એનો નાશ કરી નાંખ્યો છે. નાંખી છે, જુઓને ભાષા આપણી છે ને, ગુજરાતી છે. પરજાઈ બુદ્ધિ નાખી હૈ. નાંખી છોડ દી. જુઓ 'यह शब्द गुजराती भाषामें प्रचलित है', નીચે લખ્યુ છે. નાંખી, નાંખી. તમારે આવે છે? આમાં લખે છે આમાં. આમાં હેઠે લખે છે જુઓ. દ્રવ્યબુદ્ધિ રાખીને પર્યાયબુદ્ધિ નાંખી છે. (શ્રોતા : છોડ દી). આહાહા! સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિ નાંખી છે. કહો સમજાણું? 'परजाई बुद्धि नाखी है'. એટલે કે રાગ અને પુણ્યના પરિણામ અને અંશપણું એ છે, એટલો છું એમ માન્યું હતું, એ બુદ્ધિને છોડી દીધી છે. સમજાણું કાંઈ?

હવે કહે છે જુઓ, નાંખીને પછી 'निरभै सुभाव लीनौ अनुभौके रस भीनौ.' આહાહા! 'निःशंक निज स्वभाव ग्रहण किया' એમ. નિર્ભય કીધું છે ને, નિઃશંકતા અને નિર્ભયતા એમ કીધું છે ને ત્યાં. આખા આ ચારમાં નિઃશંક એટલે નિર્ભય એટલે અહીં નિર્ભય શબ્દમેં અભય શબ્દમાં એમ નાંખ્યું, નિઃશંકતા નાંખી. સમજાય છે? એ અભયનો અર્થ નિઃશંકતા, પાઠમાં છે ને. 'स्वभावम् अभया'—સ્વભાવની નિઃશંકતાને લીધે એમ. ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન એવા સ્વભાવની નિઃશંકતાને લીધે એમ. હું તો આનંદને જ્ઞાન સ્વરૂપી ભગવાન આત્મા છું, એવું સમ્યક્જ્ઞાન થતાં 'निःशंक सुभाव लीनौ'. નિઃશંક નિજસ્વભાવ ગ્રહણ લીનો એટલે ગ્રહણ કર્યો. ઓલો રાગને પુણ્યના પરિણામને ગ્રહણ કરતો. સમજાણું કાંઈ? આરે! ભારે આવી વાત! આ ક્રિયાકાંડીને તો આકરું એવું લાગે, ઘા જેવું વાગે અંદરથી. એ જેઠાભાઈ!

આવું આવું કરીએ છતાંય કહે છે, લે જૈન ધર્મ નહિ! ગલતી કરે છે, કહે છે. કહો જાવ. ઠીક ભાઈ. આવ્યા હતા બધાં કેટલાંક, ગલતી કરે છે, જામનગર...ભાઈ તમે ઓળખો એને વાણીયો કોણ? (શ્રોતા : રતીલાલ) રતીલાલ (શ્રોતા : મનજીમાસાના દીકરા) હા, એ. (શ્રોતા : બર્માવાળા) હા, એ આવ્યા હતા. લોકોનું અકલ્યાણ થાય છે, કહે. અરે! ભગવાન. એમ અમારા ગુરુ કહેવડાવે છે. બાપુ! આ માર્ગ સિવાય બીજો બધો માર્ગ ગલત છે. ભગવાન આત્મા, એ પુણ્ય ને પાપના વિકલ્પની ક્રિયાથી પાર છે. એવી દૃષ્ટિ જ્યાં સુધી નહિ કરે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ પુણ્યની ક્રિયા કરીને મરી જાય, એ નિગોદને પંથે છે. જેઠાભાઈ! બધાં ઉના ઉના પાણી પીતા ને, અપવાસ કરતા ને, ઉપધાન કરતા, એ વખતે કહે તો ઘા વાગે એવું છે. રાડ પાડે (શ્રોતા : હવે તો ખાતરી થઈ ગઈ) આ તો તે દિ'ની વાત છે....વાત નથી. અમારે સેઠીને પહેલાની વાત છે.

(શ્રોતા : શુભ ક્રિયા કરે તો ભી જીવ નિગોદમેં જાય?) ઠીક છે, ઈ તો પ્રશ્ન સમજવા માટે કર્યો. હવે ઈ કાંઈ નથી. શુભ ક્રિયા કા અર્થ ક્યા હે? રાગ હૈ ઔર સ્વભાવ અનંત આનંદ પવિત્ર હૈ. ઉસકે સાથ રાગકો મિલાતે હૈ, મિથ્યાત્વ હોતા હૈ ઔર

મિથ્યાત્વ નિગોદકા બીજ હૈ. સમજાય છે કાંઈ? શુભ ક્રિયા એ મારી, એમ કહ્યું ને! પક્ષપાતી, કીધું ને અહીંયા. પક્ષપાતી, આમાં બધું પ્રતિપક્ષી કર્યું છે, ક્રિયાનો અર્થ પ્રતિપાખી છે, એમ નહીં. એ કર્મ મેરા હૈ, એમ પક્ષપાત કરે છે, એમ લેવું (શ્રોતા : યહાઁ પક્ષપાતીકા પ્રયોજન હૈ). અહીંયા પ્રતિપક્ષીકા બાત હૈ. અર્થ પ્રતિપક્ષી એટલે વિરુદ્ધ જાણે છે. પક્ષપાતી કા પ્રયોજન, 'यहाँ पक्षपातीका प्रयोजन है'. એ જ પ્રયોજન છે ને પક્ષ, રાગની ક્રિયા એ મારી છે એમ પક્ષપાત કરે છે. ભારે કામ માળું! સમજાણું?

(શ્રોતા : ઉધર બહુત કુછ કરકે ભી ખાલી હૈ). અજ્ઞાનમાં ખુશી થાય તો ખાલી જ રહે. સપનામાં સુખડી ખાધી (શ્રોતા : ભૂખડી ન ભાંગી) એટલે ભૂખડી તો ભાંગી નહીં કે જાગ્યો ત્યાં પેટ ખાલી. સપનું આવ્યું, ભૂખ લાગી હતી કઠીયારાને. સુખડી—સુખડી તાજી ઘીની કરેલી આમ આમ. સ્વપ્નામાં ખાધી એણે પાતળી પાતળી, ભૂખ મટાડી. જ્યાં જાગ્યો અરે, આ તો કંઈ સ્વપનું હતું. (શ્રોતા : શું આમ બોલે ત્યારે થાય?) એમ રાગની ક્રિયામાં, જાણે મારી ધર્મ ક્રિયા મને થાય છે, મારી અશાંતિ ટળે છે ને મને શાંતિ મળે છે. એમ માન્યું'તુ મિથ્યાભ્રમમાં. જ્યાં જાગ્યો ત્યાં અરે! આ તો ક્રિયા રાગની છે, એ મારું સ્વરૂપ નથી. જયંતિભાઈ, અરે ભારે આ તો! આહીં સુધી આવવું, સાંભળવા સુધી આવવું આકરું.

આહીં કહે છે, નિઃશંક નિજસ્વભાવમાં ગ્રહણ કરી 'अनुभौके रस भीनौ–अनुभवमें मग्न हुआ'. આહાહા! એ અનાદિથી રાગના ભાવમાં મગ્ન હતો. એ અંતર રાગથી ભિન્ન સ્વભાવની સન્મુખ થઈને જોયું, ત્યાં અનુભવમાં મગ્ન થયો. આહાહા! ભારે માર્ગ આવો. સમજાણું કાંઈ? 'अनुभौके रस भीनौ' અનુભવમાં મગ્ન થયો. નિર્ભય કીનો વ્યવહાર. વ્યવહાર મેં હૈ. કીનો નો અર્થ—કીનો વ્યવહાર, દૃષ્ટિ નિશ્ચયમાં રાખી છે એમ. એટલે વ્યવહાર છે, અંદરમાં હોય. (શ્રોતા : હોય જ). જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવા વિકલ્પો હો તો ભી નિશ્ચય પર શ્રદ્ધા હુઈ, દેખો. કીનો વ્યવહાર ભાષા એવી કરી નાંખી સરખી. નહિ તો કર્યો વ્યવહાર નિશ્ચયમાંથી. પણ વ્યવહાર છે તો ભી નિશ્ચય પર શ્રદ્ધા હુઈ. શુભ ભાવ તો છે છતાં દૃષ્ટિમાં નિશ્ચય સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ, ત્યારે એને સમ્યક્જ્ઞાન થયું.

કહે છે કે વ્યવહાર હૈ, શુભભાવ આદિ અશુભ ભાવ હો, પણ નિશ્ચય પર શ્રદ્ધા હુઈ. દૃષ્ટિમાં નિશ્ચય સ્વભાવ મારો છે, ઈ દૃષ્ટિ છે. આ હું છું, એમ છે (નહીં.) જ્ઞાનીને અશુભ, શુભ ભાવ થાય છે ને? કહે ના, એ જ્ઞાનીને થતા નથી. એ ભિન્ન છે, તેને પોતાની દૃષ્ટિ ત્યાં રાખતો નથી. આહાહા! સમજાણું કાંઈ? 'व्यवहारमें है तो भी निश्चय पर श्रद्धा हुई'. શ્રદ્ધા તો જ્ઞાયક ચિદાનંદ આત્મા એ સ્વભાવમાં એકતા થઈ, રાગની

એકતા ગઈ. સમજાણું કાંઈ? દૃષ્ટિ નિશ્ચયમેં રાખી છે, જુઓ. 'भरमकी डोरी तोरी'— 'मिथ्यात्वका बंधन तूट गया'. ભરમ નામ મિથ્યાત્વ. દોરી તોડી—રાગની એકતાની જે મિથ્યા દોરી હતી, એને તોડી નાંખી ભડાક દઈને. હું એ નહીં. હું તો આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છું.

'भरमकी डोरी तोरी धरमकौ भयौ धोरी'. આતમ ધર્મનો ધરનારો થયો. ધર્મનો ભયો ધોરી, બળદ જેમ ધોએને મોટો ધોરી બળદ, એમ ધર્મને કરનારો થયો. શુદ્ધ સ્વભાવનો ધર્મનો ધોરી બળદ જેવો થયો. આહાહા! 'धरमकौ भयौ धोरी'. શુદ્ધ આનંદકંદ પ્રભુ આત્મા એવું ભાન થતાં નિર્મળ રાગ રહિત શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ—એ ધર્મનો ધોરી થયો જીવ. એને ધર્મી કહેવામાં આવે છે. કહો સમજાણું કાંઈ? 'भरमकी डोरी तोरी धरमकौ भयौ धोरी. 'परमसौं प्रीति जौरी, मुक्तिसे मुहब्बत लगाई'. પરમ એટલે પરમાત્મા. પોતાનો પૂર્ણ સ્વભાવ પરમાત્મ સ્વભાવ એની સાથે મહોબત લાગી. ત્યાં પ્રીતિ જોડી 'मुक्तिसे मुहब्बत लगाई'.

જુઓ, 'परमसौं प्रीति जोरी करमकौ साखी है।' દેખો, એ પુણ્ય ને પાપના વિકલ્પો અને બંધન થાય એનો ધર્મી સાક્ષી છે, જ્ઞાતા દૃષ્ટા છે. એનો પોતાનો માનનારો એ છે (નહિ.) આહાહા! હવે બાયડી છોકરા ને મકાન ને રાગ તો ક્યાંય રહી ગયા. (શ્રોતા : ક્યાંય રહી ગયા એટલે?) એને ઘેરે રહ્યા એમ. આ તો એના ઘરમાં થાતા નબળાઈના (પરિણામ), એય મારા નહિ. સમજાણું કાંઈ? દૃષ્ટિ ઉઠતા ઉછળી આમ નાખી ફડાક દઈને, પુણ્ય-પાપના ભાવથી છૂટ્યો અને એની મુક્તિ સાથે મહોબત લગાવી. આહાહા! આનું નામ સમ્યક્‌જ્ઞાન અને ધર્મ છે. પોપટભાઈ! આહાહા! 'करमकौ साखी', એટલે પુણ્ય-પાપનો સાક્ષી થઈ ગયો. કર્તા છૂટી ગયો. સમજાણું કાંઈ? સાંખી છે ને સાક્ષી. સાક્ષી થયો લ્યો. એકે એક શ્લોક જુઓ તો સ્વભાવનો દરિયો ભર્યો પડ્યો છે. અરે! આ કરવાનું છે ને આ કર. બાકી બધું સમજવા જેવું છે. સમજવા જેવું એટલે બાકી બધાં પાપના પોટલા છે બધાં. આહાહા! (શ્રોતા : પદાર્થ જહાઁ કા તહાઁ હૈ અપની દૃષ્ટિ બદલી હૈ). જહાઁ કા તહાઁ હૈ, હેય હૈ. દૃષ્ટિમેં સે ઉઠ ગયા આહાહા! વસ્તુ તો એમને એમ રહી.

દાખલો નથી આપતા કન્યાનો. ૧૮ વર્ષની કન્યા હોય, ૨૦ વર્ષની અને હોય કરોડપતિ. એમ ચાર ભાઈઓ હોય, ચારે બેનો હોય, મા—બાપ હોય, વહુઓ હોય ચાર છોકરાઓની. બધાય કહે કે અમે કરોડપતિ, કરોડપતિ, કરોડપતિ. પણ જ્યાં એનું સગપણ થયું. ફલાણા ગામનો આ દિકરો, હમણા એ પાસ થયો છે અમેરિકામાં ફલાણા— એમ એની સાથે સગપણ કર્યું. પૈસા કેટલા એની પાસે કે એની પાસે તો બે—ચાર લાખ

હશે મા—બાપ પાસે, બાકી છોકરો હોંશિયાર છે. હજાર, બે હજારનો પગાર લાવશે. એ ઘર ને વર થઈ ગયું. હજી તો વળાવી નથી ત્યાં (શ્રોતા : નક્કી થઈ ગયું) નક્કી થઈ ગયું. આ ઘર ને આ નહિ. આ નહિ હવે મારું. એ ઘર ને એ વર, જેમ છે ત્યાં છે બધું. મલુકચંદભાઈ, કાંઈ વયું ગયું છે ક્યાંક? (શ્રોતા : અભિપ્રાય બદલ્યો).

અરે, એ તો મા—બાપ આપે તો ખરું, બાકી હવે કરોડના માલિક—બાલિક છીએ, એમ એ નહિ. બે વર્ષે લગ્ન થાય, હજી બે ત્રણ વર્ષ સગપણ કરીને રહે તો મનમાં આ જ ઘૂંટાય. આ નહિ, આ નહિ, ઈ છે એટલું આપણું. એમ સમ્યક્દર્શન થતાં રાગ ને પુણ્યનો સ્વામી ટળીને સ્વામી ચૈતન્ય સ્વરૂપનો થાય. હજી રાગ ટળતા વાર લાગે, ત્યાં સુધી રહે પણ દૃષ્ટિ ફરી ગઈ આખી. સમજાણું કાંઈ? પાંચ લાખ પેદા કરે, સાંભળે કે મારા બાપે ૧૦ લાખ પેદા કર્યા. તો પણ ઈ સમજે કે હવે આપણને ભાગ—બાગ મળે એવું નથી. (શ્રોતા : કાંઈ નહિ પડ્યા રહે. બાપા આપે તો) એ તો બાપને, માને આપવા હશે તો આપશે. બાકી આ ૧૦ લાખ પેદા કર્યા માટે અમને ૧૦ જણામાંથી ૧ લાખ મારે આવે આ વર્ષમાં, માને?

જોકે સરકાર તરફથી તો એવું થયું છે દીકરીને પણ આપવું, એવું કાંઈ કહે છે....એવો કાયદો થયો. મરી ગયા પછી કોણ આપતું'તું ત્યાં? માગે ખરા. (શ્રોતા : કાયદેસર લડી શકે) લડી શકે છે, થયું છે એવું સાંભળ્યું છે. કહો સમજાણું કાંઈ? કહે છે દૃષ્ટિ ફરતા જ્યાં છે, ત્યાં છે બધું. પણ હું તો આત્મા જ્ઞાન ને આનંદનું ધામ. રાગાદિ મારા નહિ. આ રાગના ફળબંધ તરીકેના ફળ કુટુંબ, રાગ, બાયડી, છોકરા, દીકરા એ મારા નહિ હોં, મારા નહિ હોં. મારા હોય એ જુદા હોય જ નહિ. મલુકચંદભાઈ સાચું હશે આ બધું? ત્રીજો કળશ થયો.

ચોથો, 'भेदविज्ञानी जीव लोगोंको कर्मका कर्ता दिखता है पर वह वास्तवमें अकर्ता है'. દેખાય તો એવું બાહ્યમાં, સૌની સાથે ખાતો હોય, પીતો હોય, વેપાર કરતો હોય બધું દેખાય. પણ અંદરમાં નિરાળો છે, એવું એને ભાન રહે છે. અજ્ઞાની એ જોઈ શકતા નથી. સમજાણું કાંઈ? ચોથો કળશ :—

व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि
व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।
इत्युद्दामविवेकधस्मरमहो भारेण भिन्दंस्तमो
ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।।४।।

એનું પાંચમું પદ–

ભેદવિજ્ઞાની જીવ લોકોને કર્મનો કર્તા દેખાય છે પણ તે વાસ્તવમાં અકર્તા છે.

(સવૈયા એકત્રીસા)

जैसो जो दरव ताके तैसो गुन परजाय,
ताहीसौं मिलत पै मिलै न काहु आनसौं।
जीव वस्तु चेतन करम जड़ जातिभेद,
अमिल मिलाप ज्यौं नितंब जुरै कानसौं॥
ऐसौ सुविवेक जाकै हिरदै प्रगट भयौ,
ताकौ भ्रम गयौ ज्यौं तिमिर भागै भानसौं।
सोई जीव करमकौ करता सौ दीसै पै,
अकरता कह्यौ है सुद्धताके परमानसौं॥५॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :** આનસૌં(અન્યસે)=બીજાઓથી. અમિલ મિલાપ=ભિન્નતા. નિતંબ=મોતી. સુવિવેક=સમ્યગ્જ્ઞાન. ભાન(ભાનુ)=સૂર્ય. સોઈ=તે.

**અર્થ :–**જે દ્રવ્ય જેવું છે તેવા જ તેના ગુણ–પર્યાય હોય છે અને તે તેની સાથે જ મળે છે, બીજા કોઈ સાથે મળતા નથી. ચૈતન્ય જીવ અને જડ કર્મમાં જાતિભેદ છે, તેથી મોતી અને કાનની જેમ તેમનામાં ભિન્નતા છે, આવું સમ્યગ્જ્ઞાન જેના હૃદયમાં જાગ્રત થાય છે તેનું મિથ્યાત્વ, સૂર્યના ઉદયમાં અંધકારની જેમ દૂર થઈ જાય છે. તે લોકોને કર્મનો કર્તા દેખાય છે પરંતુ રાગ–દ્વેષ આદિ રહિત શુદ્ધ હોવાથી તેને આગમમાં અકર્તા કહ્યો છે. ૫

अर्थ :–जो द्रव्य जैसा है उसके वैसे ही गुण-पर्याय होते हैं और वे उसीसे मिलते हैं अन्य किसीसे नहीं मिलते। चैतन्य जीव और जड़ कर्ममें जातिभेद है सो इनका नितम्ब और कानके अमिलाप है, ऐसा सम्यग्ज्ञान जिसके हृदयमें जाग्रत होता है उसका मिथ्यात्व, सूर्यके उदयमें अन्धकारके समान दूर हो जाता है। बह लोगोंको कर्मका कर्ता दिखता है परन्तु राग-द्वेष आदि रहित शुद्ध होनेसे उसे आगममें अकर्ता कहा है॥५॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

સમજાણું? નિતંબ–મોતી. આ કાન સાથે મોતી લટકે ને મોતી જુદું હોય ને આ યે જુદું હોય. લટકાવે છે ને આ લવિંગીયા! દાગીનો લવિંગીયા, લવિંગીયા. નેમીચંદભાઈનો ભાઈ કાગળ હતો. આવ્યો' તો વાંચ્યો તમે? નહીં વાંચ્યો હોય કે મા સાહેબ ૫૦–૬૦ હજારનો દાગીનો ગયો. ગ્યો'ને? છતાં શાંતિ રાખી. હા, એ નેમીચંદભાઈ. એકલી ડોશી

હતા, સાથે કોઈ વહુ ઘરે નહિ ને ૫૦–૬૦ હજારનો દાગીનો પડેલો. દાગીનો શું? ઝવેરાત. નેમીચંદ પાટની આગ્રામાં. ડાકુ આવ્યા રાત્રે. પછી કાંઈ છરી મારી એટલે બોલી ન શકે. સાથે બે–ત્રણ માર્યા છરા. કોઈ નહોતું ઘરમાં. લાવ, ૫૦–૬૦ હજારનો દાગીનો હતો. પહેલાનો ગૃહસ્થ માણસ હતા ને. ૫૦ લાખનો પડ્યો હશે તો લઈ ગયા, ઉપાડી ગયા. કાગળ હતો, મા સાહેબે એમાં બિલકુલ આર્ત ધ્યાન કર્યું નથી. મહારાજ ફરમાવે છે કે જે જ્યાં જેનું હોય ત્યાં જશે. એ થવાનું હોય એમ થાય. એમ કરીને સમતા રાખી, એમ લખ્યું છે. આંહી રહેતા ને ઘણી વાર આવ્યા છે.

૫૦ કે ૬૦ હજારનો દાગીનો એક અડધા કલાકમાં (ગયો.) જાવ, ડાકુ આવ્યા હશે એ તો બાંધીને આવેને, એ તો કાંઈ ઓળખાય એમ આવે? બાંધી બાંધીને આવ્યા હશે. આહાહા! સમતા રાખી છે, એમ કહે. નથી અમને કાંઈ, એવો ભાઈનો કાગળ હતો. જે થવાનું હોય ઈ થાય. એમાં શું કરવાનું? આર્તધ્યાન કર્યું એ તો પાપબંધ છે. શું થાય કહો? બાયડીનો સ્વભાવ તો પાંચ રૂપિયા જાય ત્યાં આમ આમ થઈ જાય અંદર. પોપટભાઈ! એવો નેમચંદભાઈનો કાગળ, મા સાહેબે શાંતિ બહુ રાખી છે. (શ્રોતા : ગુરૂદેવની કૃપાથી કેટલું શાંતિ રાખી શકે) રાખી શકે છે, એમાં શું છે પણ હવે? એ જવાનું હોય ત્યાં જાય, રહેવાનું હોય તો એને કારણે રહે. કાંઈ આત્માને કારણે રહે નહીં. સમજાણું કાંઈ? (શ્રોતા : માને છે એટલું કે દાક્તરે એક વખત કહી દીધું કે ખલાસ છે.) હા, એવી સ્થિતિ છે. તોય....સારું છે, બચી ગયા. ચાલે છે ભઈ, શું થાય? આહાહા!

એ તો એને પોતાને ખાતરી થવી જોઈએ કે એ જડના પરમાણુઓ જ્યાં જવાના છે, એ જશે. એને તું રાખ્યા રહે ને ધ્યાન રાખે તો રહે, ઈ ત્રણ કાળમાં બને એવું (નથી.) કેમ બરાબર હશે? ગુલાબચંદભાઈ, ઓલા રાખ્યા નહીં રહેતા હોય? ઓલા ૬ ભાઈઓ ભેગા થાય. કેટલા લાખો રાખ્યા હોય. ૫–૫, ૬–૬ લાખ. એક એકને એમ બધું. એ તો એને કારણે આવ્યા છે. એમ હશે રમણીકભાઈ? દૃષ્ટિ ફેરવી નાખ કે ઈ ચીજ મારી નથી. એને રહેવું એટલું રહેશે ને જવું એટલું જશે. રામજીભાઈ!

દૃષ્ટિમાં મમતા છે કે આ મારી છે એટલે એને એમ થશે હાય! હાય! મારી ગઈ. પણ તારી હતી કે દિ'? તું તો જ્ઞાન ને આનંદનું ઘર છો. એ તારું જ્ઞાન ને આનંદ કોઈ લૂંટી જાય એમ છે (નહીં) કેમ? 'जीव वस्तु चेतन करम। जड़ जातिभेद', દેખો જાતિભેદ, 'अमिल मिलाप ज्यौं नितंब जुरै कानसौं।' આ કાન સાથે મોતી લટકતું હોય પણ એ કાંઈ કાનની સાથે એકમેક થઈ જાય? લવિંગીયા નથી કરતા સોનાના એરીંગ, એરીંગ. આ કાનનો ચોર આવે ને એની ચર્ચા નીકળે, કાન કાપીને લઈ જાય.

ऐसौ सुविवेक जाके हिरदै प्रगट भयौ,
ताको भ्रम गयौ ज्यौ तिमिर भागै भानसौं।
सोइ जीव करमकौ करता सौ दीसै पै,
अकरता कह्यौ है सुद्धताके परमानसौं॥

અર્થ : 'जैसो जु दरब ताके तैसो गुन परजाय'. ભગવાન આત્મા દ્રવ્ય છે તો જ્ઞાન, આનંદ એનો ગુણ છે ને એની નિર્મળ પર્યાય છે, ઈ એનું છે. ઈ પર્યાય હોં, મલિન પર્યાયની સાથે ઓલી એની પર્યાય છે નહિ. 'जैसो जु दरब ताके' તાકે દ્રવ્ય એટલે વસ્તુ, 'तैसो गुन परजाय' તેવો તેનો ગુણ. ભગવાન આત્મા દ્રવ્ય છે, તો એનો જ્ઞાન, દર્શન, આનંદ ગુણ છે, તો એની વર્તમાનમાં નિર્મળ દશા એ એની પર્યાય છે. રાગાદિ, પુણ્યાદિની ક્રિયા, એ એની પર્યાય નથી, જાતિભેદ છે. આહાહા!

'ताहीसौं मिलत पै मिलै न काहु आनसौं'. જે દ્રવ્યનો જે ગુણ ને જે પર્યાય તેની સાથે મેળ ખાય, મિલાપ. સમજાય છે કાંઈ? પણ બીજા સાથે મેળ ખાય (નહીં.) ભગવાન આત્મા જાણનાર દેખનાર ગુણવાળો, તો એની દૃષ્ટિ થતાં ઈ જાણનાર દેખનારની જે અવસ્થા નિર્મળ અરાગી થાય, તે પર્યાય તેનામાં તેની, એને પુણ્ય-પાપનાં રાગ સાથે તે પર્યાયનો મેળ ને મનમેળાપ નથી. જેમ કાનને ને મોતીને કાંઈ મેળાપ નથી. એમ એ રાગ ને આત્માની નિર્મળ પર્યાયને મેળાપ નથી. સમજાણું કાંઈ?

'ताहीसौं मिलत पै मिलै न काहु आनसौं।' અન્ય સાથે મળે નહિ. શરીર ઈ મારું એમ તો થાય નહિ. પણ પુણ્ય—પાપના વિકલ્પ સાથે આત્માની નિર્મળ પર્યાયનો મેળ ખાય નહિ. સમજાણું કાંઈ? (શ્રોતા : અર્થ પર્યાય પહેચાન બતલાતી હૈ). 'जीव वस्तु चेतन करम जड़ जातिभेद'. ભગવાન આત્મા તો જાણનાર દેખનાર ચેતન છે અને પુણ્ય- પાપના ભાવ ને કર્મ તો અચેતન, જાતિભેદ છે. તારી જાતના એ (નથી.) આહાહા! ભારે પણ પદો બનાવ્યા છે ને. માખણ બનાવ્યા છે માખણ. કહે છે, જીવ વસ્તુ તો ચેતન. એમાં રાગદ્વેષ આવ્યા? વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે ઈ કાંઈ ચેતન નથી, એ તો જાતિભેદ, ભગવાન આત્માના જ્ઞાન સ્વભાવથી એનો જાતિભેદ છે. સમજાય છે કાંઈ?

ન્યાલભાઈએ લખ્યું છે ને ઓલામાં નહિ પુસ્તકમાં? છોકરાને કહે છે 'मेरे को પંગુ સમજ કર શરીરકો ટિકાને કો દો વખત આહાર દો. મેં તો પંગુ હૂઁ.' એ તમારી દુકાન—બુકાન ને ધંધા માટે મૈં પંગુ હું, એમ લખ્યું છે. ન્યાલચંદભાઈ સોગાની. 'मेरेको

પંગુ સમજકર દો વખત શરીર ટીકાને કો આહાર દો. મે તો પંગુ હું.' આહાહા! દુકાન ચલતી થી બડી કાપડકી આદિ સબ. કલકત્તા ને? દીલ્હી, દીલ્હી, કલકત્તા, કલકત્તા. 'अमिल मिलाप ज्यौं नितंब जुरै कानसौं।' જાતિભેદનો મેળ કેમ હોય? કહે છે, એ ચૈતન્ય ને બીજા જડ, બે નો જાતિનો ભેદ કેમ મેળ કરવો.

'अमिल मिलाप ज्यौं नितंब जुरै कानसौं. 'इनका नितंब और कानके समान अभिलाप है'. ભિન્ન ભિન્ન રહતે (હે). આ વસ્તુ છે ભાઈ, એની સમજણ કર, એનું જ્ઞાન કર ને એનું ધ્યાન કર. આહાહા! બાકી બધી ક્રિયાકાંડો હો તો એનો આત્મા કર્તા નથી જાતિભેદ. આહાહા! હજી તો થોડું પણ બહારનું છોડવું કઠણ પડે. એને આ રાગ મારો નહિ. (એ કેટલું કઠણ લાગે?) આહાહા! 'ऐसो सुविवेक जाकै हिरदै प्रगट भयौ'–ઐસા સમ્યક્જ્ઞાન જેના હૃદયમાં જાગૃત થયું. એવો જેનો વિવેક, કાન અને મોતી ને બેનો મેળ નહિ. બે જાત જ જુદી. એમ ચૈતન્ય સ્વભાવ ને રાગના પરિણામને બે નો મેળ નહિ. આહાહા!

અમિલાપ, અમિલાપ આવે છે ને ઓલામાં કળશ ટીકામાં. એ કળશમાં એક આવે છે. ક્યાંક પેલા બે–ત્રણ ટીકામાં. ૩–૪–૫ એ કળશમાં આવે છે ક્યાંક, કળશ ટીકામાં આવે છે. અમેળ છે, અમેળ છે. ક્યાં હશે એ કોને ખબર છે? અમેળ છે. અમેળ છે. અમેળ છે. એય! ક્યાં છે કોઈને ખબર નથી? કળશમાં, કળશમાં આમાં નહિ હોં. આ તો 'સમયસાર નાટક' છે. કળશ છે ઈ. આ કળશ છે ને. આ તો ઈ સાધારણ આવી ગયો. ઓલા તો ચાર–પાંચ ઠેકાણે અમિલાપ છે, અમેળ છે, અમેળ છે. ખબર નથી. કાંઈ? એય, રામજીભાઈ! આ મારા રામજીભાઈને કહું છું. વાંચે છે ને. આવું ક્યાં છે આમાં કળશમાં? તમે બધાં નવરા માણસો બહુ વાંચનારા. આમાં નથી એ ઓલામાં બીજે, બીજે છે ક્યાંક આ કળશમાં નથી. બીજે છે ક્યાંક. આસ્રવ કે સર્વવિશુદ્ધમાં હશે ક્યાંક. મેળ નથી, અમેળ છે, એવા શબ્દો છે. કળશટીકાની વાત, આમાં નથી. કળશટીકા, હેઠે જ કહ્યું'તું બે–ત્રણ જગ્યાએ, જોજો.

'ऐसौ सुविवेक जाकै हिरदै प्रगट भयौ, ताकौ भ्रम गयौ ज्यौं तिमिर भागै भानसौं।' અરે! સૂર્ય ઊગે ને અંધારા રહે (શ્રોતા : બને નહિ). સૂર્ય ઊગે ને અંધારાનો નાશ થઈ જાય. એમ ભગવાન આત્મા જ્ઞાનની જ્યોત ચૈતન્ય મૂર્તિનું જ્યાં ભાન થાય, ત્યાં કહે છે, રાગ-બાગ એની દૃષ્ટિમાં આવે નહિ. આહાહા! ભિન્ન રહી જાય ભિન્ન, ભિન્ન પડી ગયો. 'ताकौ भ्रम गयौ ज्यौं तिमिर भागै भानसौं।' ભ્રમ ગયો. ભ્રમણા એ વિકલ્પ મારો છે ને મારું કર્તવ્ય, ભ્રમણા ભાંગી ગઈ. ગઈ, કહે છે. આહાહા! 'सोई जीव करमकौ करता सौ दीसै पै।' બહારમાં દેખાય, આ ખાય છે, આ પીએ છે, એ

આમ કરે છે, બોલે છે. બાપુ! અંદરમાં આંતરા પડી ગયા છે ભાઈ. સમજાય છે કાંઈ?

ધાવ ખિલાવે બાળ, આવે છે ને. 'સમ્યક્દ્દષ્ટિ જીવડો કરે કુટુંબ પ્રતિપાળ, અંતર સે ન્યારો રહે જુ ધાવ ખિલાવે બાળ'. એ ભીખાભાઈ! પ્રીતિ ઉડી જાય અંદરથી કહે છે, આ મારો હીરો છે ને આ મારી બંગડીનો વેપારી છે, એમ કહે છે. 'सोई जीव करमकौ करता सो दीसै पै' બહારમાં લોગોકો કરમકા કરતા દીખે. ક્રિયા તો બેયની સરખી દેખાય બહારમાં, પણ અંદરમાં ફેર પડ્યો એ કોણ જુએ, કહે છે. જ્ઞાનીને વધારે ક્રિયા હોય, કોઈ પૂર્વના કર્મના કારણે મોટી ક્રિયા દેખાય રાગ—બાગ, ધંધો ને અજ્ઞાની નિવૃત્તિ લઈને નગ્નમુનિ દેખાય. છતાં જ્યાં રાગને આત્માને એક માન્યો છે, ત્યાં બધી પ્રવૃત્તિ અંધારામાં છે એની બધી. આહાહા! રાગથી છૂટ્યો અને રાજ છ ખંડમાં દેખાય, છતાં અંદરમાં એની એકતા થતી નથી. આહાહા!

'अकरता कह्यौ है सुद्धता परमानसौं। राग-द्वेष आदि रहित शुद्ध होनेसे उसे आगममें अकर्ता कहा है' લ્યો. શુદ્ધતાના કારણે, એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધતા, જ્ઞાતા દ્રષ્ટાની શુદ્ધતા પ્રગટી, એની જ્યોતમાં રાગનો ને પુણ્યનો એ કર્તા દેખાતો (નથી.) શુદ્ધતા આવી એના પ્રમાણમાં એ રાગનો કર્તા છે જ નહિ. 'राग-द्वेष आदि रहित शुद्ध होनेसे उसे आगममें अकर्ता कहा है'. જુઓ, પરમાગમમાં એને અકર્તા કહ્યો છે. કર્તા છતાં અકર્તા, એમ નહિ હોં. ભાષા તો સમજાવીને શું કહે? (શ્રોતા : એ બીજાને દેખાય). બીજો દેખે છે કે આ કરે છે, એમ દેખાય. સમજાય છે કાંઈ? પકડ પકડ મેં ફેર હૈ. એક મિંદડી પોતાના બચ્ચાને પકડે અને એક મિંદડી પોતાના સામા ઉંદરને પકડે. પકડ પકડમેં ફેર છે. ઉંદરને પકડે તો આમ ભીંસ દઈને પકડ્યો હોય. એના બચ્ચાને એક ઘરથી બીજે લઈ જાય, આમ દાંત અડે નહિ. પોચે ઓલે લઈ જાય આમ ફેરવીને, મીંદડી મીંદડી. પકડ પકડ મેં ફેર છે. એમ અજ્ઞાનીની પકડ ને જ્ઞાનીની પકડ બાહ્યમાં (સરખી) દેખાય, પણ ફેર (છે.) આહાહા!

કાંતિભાઈ, અમારે ત્યાં બહુ દામનગર, અપાસરાની સામે છે એક દુકાન અનાજની. મીંદડી આવડો મોટો ઉંદર પકડીને આવે હોં મોઢામાં. અપાસરા સોંસરવી નીકળે મીંદડી. દાણા હોય ને દાણા દુકાનમાં, એમાં તો ઉંદર બહુ આવે, ઉંદર મોટા મોટા જબરા. મીંદડી પકડે ને અપાસરામાં આવે, સોંસરવી નીકળે પાછળ. ખાવાનું વાડો છેને ત્યાં એમાં જઈ અંદર ગરીને પછી ખાય. એવા ઘણીવાર ઉંદર જોયા છે દામનગરમાં. બજારમાં દુકાન છે. આહાહા! એ તો ભીંસ પડે ત્યાં જ એ તો મરી જાય ઉંદર તો, આમ લટકતો હોય મોઢામાંથી અને મીંદડીના બચ્ચાને પણ ઈ પોતે પકડીને લાવે પણ ઈ તો આપણે જોયું નથી. પોચું રાખે આમ પકડવામાં.

એમ ધર્મીની દૃષ્ટિમાં પોતાના શુદ્ધ આત્માનો ભાસ છે, અનુભવ છે, તેથી તે રાગને પકડતો નથી. પણ આ રાગ થાય છે એને દેખે છે ને બીજા એમ કહે છે, 'પણ આ રાગ તો કરે છે.' સમજાય છે કાંઈ? રાગદ્વેષ આદિ રહિત શુદ્ધ હોને સે આગમમાં ભગવાને તો તેને અકર્તા કહ્યો છે. ચોથો કળશ થયો ને? માટે હવે પાંચમો. 'जीव और पुद्‌गलके जुदे जुदे स्वभाव' લ્યો. બેયના સ્વભાવ તદ્દન જુદા છે. આહાહા. પાંચમો, આ બાજુ કળશ.

**ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्**
**व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।**
**अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न याव–**
**द्विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।।५।।**

ઓલામાં કળશમાં હતો ને ત્રીજામાં એમાં લખ્યું'તું ને 'अज्ञानोत्थित-कर्तृकर्मकलनात्'. ભાષા વહ પદ છે ને એમાં ત્રીજો ત્રીજો કળશ ને? 'अज्ञान उत्थित कर्तृकर्मकलनात्'. એટલે અજ્ઞાનરૂપ જ કર્તાકર્મપણું છે, એમ. ભાષા એમ કે અજ્ઞાનથી ઉત્પન્ન થતી કર્તૃ-કર્મ ભાષા. અજ્ઞાનથી ઉત્પન્ન થતું કર્તા કર્મ, પણ અજ્ઞાનરૂપ જ કર્તા કર્મ છે, એમ અર્થ લીધો છે અભેદ. અજ્ઞાનથી ઉત્પન્ન થયું, એમ નહિ પણ અજ્ઞાનરૂપ જ કર્તા કર્મ છે. (શ્રોતા : અજ્ઞાનથી ઉત્પન્ન, વળી ભેદ આવ્યા). ભેદ આવ્યા છે. સમજાણું કાંઈ? છે ને? 'अज्ञान उत्थित कर्तृ कर्म कलनात्' અજ્ઞાનપણે જ રાગ ને પુણ્યનું કર્તાપણું એને ભાસ્યું છે. એ જ્ઞાનપણે તે કર્તાપણું રહેતું નથી. આહાહા!

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૩૯, ફાગણ સુદ ૧૪ બુધવાર તા. ૧૦-૩-૧૯૭૧
## કર્તા કર્મ ક્રિયાદ્વાર પદ ૬, ૭, ૮ ઉપર પ્રવચન

ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्
व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।
अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न याव–
द्विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।।५।।

એનો છઠ્ઠો પદ છે ઈ. 'जीव और पुद्गलके जुदे-जुदे स्वभाव'

(છંદ : છપ્પા)

जीव ग्यानगुन सहित, आपगुन-परगुन-ज्ञायक।
आपा परगुन लखै, नांहि पुग्गल इहि लायक।।
जीवदरव चिद्रूप सहज, पुद्गल अचेत जड़।
जीव अमूरति मूरतीक, पुद्गल अंतर बड़।।
जब लग न होइ अनुभौ प्रगट,
तब लग मिथ्यायति लसै।
करतार जीव जड़ करमकौ
सुबुद्धि विकास यहु भ्रम नसै।।६।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :** ज्ञायक=જાણનાર. ઇહિ લાયક=એને યોગ્ય. અચેત=જ્ઞાનરહિત. બડ=મોટું. મિથ્યામતિ=અજ્ઞાન. લસૈ=રહે. ભ્રમ=ભૂલ.

**અર્થ :–**જીવમાં જ્ઞાનગુણ છે, તે પોતાના અને અન્ય દ્રવ્યોના ગુણોનો જ્ઞાતા છે. પુદ્‌ગલ એને યોગ્ય નથી અને તેનામાં પોતાના અથવા અન્ય દ્રવ્યોના ગુણ જાણવાની શક્તિ નથી. જીવ ચેતન છે અને પુદ્‌ગલ અચેતન, જીવ અરૂપી છે અને પુદ્‌ગલ રૂપી, આ રીતે બંનેમાં મોટો તફાવત છે. જ્યાં સુધી ભેદવિજ્ઞાન થતું નથી ત્યાંસુધી અજ્ઞાન રહે છે અને જીવ પોતાને કર્મનો કર્તા માને છે પરંતુ સુબુદ્ધિનો પ્રકાશ થતાં આ ભ્રમ મટી જાય છે. ૬

**अर्थ :** जीवमें ज्ञानगुण है, वह अपने और अन्य द्रव्योंके गुणोंका ज्ञाता है। पुद्गल

इस योग्य नहीं है और न उसमें अपने वा अन्य द्रव्योंके गुण जाननेकी शक्ति है। जीव चेतन है और पुद्गल अचेतन, जीव अरूपी है और पुद्गल रूपी, इस प्रकार दोनोंमें बड़ा अन्तर है। जब तक वह भेदविज्ञान नहीं होता तब तक मिथ्यामति रहती है और जीव अपनेको कर्मका कर्ता मानता है परन्तु सुबुद्धिका उजाला होने पर यह भ्रान्ति मिट जाती है॥६॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'जीव ग्यानगुन सहित'—આત્મા તો જ્ઞાનગુણ સહિત છે. 'आपगुन–परगुन–ज्ञायक' 'પરિણતિ' શબ્દ છે ને સંસ્કૃતમાં, 'स्वपरपरिणति' છે. પણ 'પરિણતિ'નો અર્થ ત્યાં એકલી પર્યાય, એમ નહીં. જાણે બધું દ્રવ્ય-ગુણ-પર્યાય બેય. પાઠમાં તો એમ છે ને 'जानन्नपीमां स्वपरपरिणति'. પણ પરિણતિનો અર્થ—સ્વ દ્રવ્યગુણ પર્યાય અને પરદ્રવ્યગુણ પર્યાય, એમ બે અર્થ એમ આવે. પરિણતિ નહીં આ તો દ્રવ્યગુણ પર્યાય ત્રણે એમ. પરિણતિ શબ્દમાં ત્રણેય લેવું. તેથી ખુલાસો એમ કર્યો ને. 'जीव ग्यानगुन सहित, आपगुन–परगुन–ज्ञायक' પોતાનાં પણ દ્રવ્યગુણપર્યાયને જાણે અને પરનાં પણ પર દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે. જ્ઞાયક છે એ તો.

'आपा परगुन लखै नाहि पुग्गल इहि लायक' પણ પુદ્ગલ તો પોતે અને પર—પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને પરનાં દ્રવ્ય ગુણ પર્યાય, એકેય જાણી શકે નહીં. જડ—જડ, જડમાં તો એને કંઈ જાણવાનો સ્વભાવ નથી. 'नाहि पुग्गल इहि लायक'—સ્વ અને પરને જાણવાને પુદ્ગલ લાયક નથી. 'जीव दरव चिद्रूप सहज, पुद्गल अचेत जड़'. બેમાં આટલો ફેર છે, કહે છે. જીવ વસ્તુ છે એ તો જ્ઞાનસ્વરૂપ છે. સ્વાભાવિક સ્વાભાવિક જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્ય પ્રકાશ છે અને પુદ્ગલ અચેતન—જડ છે, આ શરીર—વાણી એ તો જડ છે. 'जीव अमूरति मूरतीक, पुद्गल अंतर बड़'. જીવ છે તે અમૂર્ત છે અને મૂર્તિક પુદ્ગલ, અંતર બહુ ઘણો. રાગાદિ બધું...આ તો એક જડની કરે છે, પુદ્ગલની વાત કરે છે આહિં, પણ બધું લેવું. જીવ અમૂર્તક—રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ અને મૂર્તિક પુદ્ગલ અંતર, બેયમાં ઘણો આંતરો છે જીવ અને પુદ્ગલમાં.

'जब लग न होइ अनुभौ प्रगट'. જ્યાં સુધી આત્મા રાગથી અને પરથી ભિન્ન થઈ, જુઓ ત્યાં બધું આવ્યું. જ્યાં સુધી આત્મા આત્માના જ્ઞાનસ્વરૂપમાં, રાગ ને શરીર ને કર્મથી ભિન્ન પડીને અનુભવ પ્રગટ ન કરે, 'तब लग मिथ्यामति लसै.' ત્યાં સુધી અજ્ઞાનનું મિથ્યાબુદ્ધિ ત્યાં 'લસૈ' એટલે હોય છે. સમજાણું? ત્યાં સુધી એને મિથ્યાદૃષ્ટિ રહે છે કે 'રાગનું કાર્ય મારું અને રાગનો હું કર્તા, કર્મનું કાર્ય મારું અને કર્મનો હું કર્તા.' ક્યાં સુધી મિથ્યામતિ રહે? ત્યાં સુધી. આહા! વસ્તુના સ્વભાવમાં એ નથી. પણ જ્યાં

સુધી પુણ્ય-પાપનાં વિકલ્પ અને કર્મ, શરીરથી ભિન્ન, એવું જ્યાં સુધી જ્ઞાન અનુભવ ન કરે ત્યાં સુધી મિથ્યામતિ રહે, ત્યાં સુધી રાગ ને પરનો કર્તા માને. કારણ જેણે એક પણે માન્યું એનો કર્તા થાય, ભિન્નપણે માને તે એનો કર્તા ન થાય, એમ કહે છે. સમજાણું કાંઈ?

'तब लग' મિથ્યામતિ અને 'करतार जीव जड़ करमकौ.' ત્યાં સુધી જડકર્મ અને વિકારનાં પરિણામનો કર્તા જીવ માને—માને, 'सुबुधि विकास यहु भ्रम नसै.' સમ્યક્જ્ઞાન થતાં, હું આત્મા—રાગાદિ વિકલ્પથી ભિન્ન, એમ જ્યાં એકતા બેની તૂટતાં 'सुबुद्धि विकास यहु भ्रम नसै'. જ્ઞાનનો વિકાસ થતાં રાગ મારું કાર્ય ને કર્તા, એ ભ્રમણા નાશ થઈ જાય છે. લ્યો આ મુદ્દાની રકમ. આ ઊના પાણી પીવાનો વિકલ્પ અને ઈ બધો કહે છે, ક્યાં સુધી કર્તા? એમ કહે છે. જ્યાં સુધી બેની એકતા માને ત્યાં સુધી. ભિન્નતા ભાન થઈ ત્યારે એનો કર્તા થતો નથી. ભિન્ન વસ્તુનો કર્તા હોય શી રીતે? આહાહા! સમજાણું કાંઈ? કહો પોપટભાઈ, રાગનો હોં.

ભગવાન તો જ્ઞાયક સ્વરૂપ છે. ચૈતન્ય પ્રકાશમય છે, એમ આવ્યું'તું ને પહેલું, જુઓ. એ તો જ્ઞાયક છે, અમૂર્તિ છે અને સામે મૂર્તિક ને જડ છે. બેનું એકપણું જ્યાં સુધી માને. એટલે જ્યાં સુધી એની દૃષ્ટિ પુણ્ય-પાપનાં વિકલ્પ ઉપર પડી છે અસ્તિત્વ તરીકે, પણ એનાથી અસ્તિત્વ મારું ભિન્ન છે, એમ ભાન નથી ત્યાં સુધી મિથ્યાબુદ્ધિ રહે. ત્યાં સુધી વિકારનો કર્તા અને વિકાર કાર્ય પોતાનું માને. કહો સમજાણું કાંઈ? એ લાદીનાં કાર્ય અને એની તો વાતેય નથી આહિં. (શ્રોતા : અહિં ન હોય, મુંબઈમાં હોય) મુંબઈમાં ય હોય નહીં ને ક્યાંય હોય નહીં. કહો સમજાણું કાંઈ? જ્યાં જ્યાં આત્મા જ્ઞાયકમૂર્તિ અને રાગ ને પર, એક માન્યતા છે ત્યાં ત્યાં તે જ્યાં હોય ત્યાં તે, જેને પોતાના માને એનો કર્તા થયા વિના રહે નહીં. આ સિદ્ધાંત ભાઈ, આહાહા!

એમ કહેવું છે, 'जब लग न होइ अनुभव, प्रगट तब लग मिथ्यामति लसै.' રાગ ને વિકાર ને શરીર ને કર્મ, એનું હોવાપણું મારી ચીજમાં નથી. મારી ચીજમાં તો જાણવું—દેખવું ને આનંદ છે. એમ જ્યાં સુધી બેની ભિન્નતા ભાળે નહીં અને એકતા જ્યાં સુધી માને, ત્યાં સુધી મિથ્યામતિ રહે. આહાહા! કહો સમજાણું? છતાંય બહારનાં કામ તો ન કરી શકે, એમ કહે છે. ઈ પતરાનાં ને લાકડાનાં કામ કાંઈ ન કરી શકે, એમ કહે છે. (શ્રોતા : આહિં ન કરે ત્યાં તો કરતા હશે) ત્યાં કરતા હશે? ના કરે. આહાહા! ક્યાં કરે? તું ક્યાં છો, એમ કહે છે. તું જ્યાં છો ત્યાં તેનો કર્તા થા. જો તું રાગમાં હો તો રાગનો કર્તા, જો તું જ્ઞાનમાં હો તો જ્ઞાનનો કર્તા, રાગનો સ્વામી નહીં, એમ કહે છે. આહાહા! કહો શેઠી !

એમ કહે છે. તું કોણ છો? ક્યાં છો? કેમ છો? કહે, 'હું તો રાગ છું. હું પુણ્ય છું. હું પાપ છું. શરીર છું'. બહુ સારું, કહે. તો એ છો તો એનો કર્તા થા, થાય મિથ્યાબુદ્ધિએ. સમજાણું કાંઈ? પણ જ્યાં 'करतार जीव जड़ करमकौ, सुबुधि विकास' પણ જડ વિકારી પરિણામ આસ્રવ છે, દયા-દાન-વ્રતનાં પરિણામ પણ આસ્રવ છે, વિકાર છે, મારાં સ્વરૂપમાં એ નથી. એમ વિકારથી ભિન્ન પડતાં, સુબુદ્ધિનો વિકાસ થતાં, જુદાનું કાર્ય જુદો માને એ વાત રહેતી નથી. કહો સમજાય છે કાંઈ? જેઠાભાઈ કરતા હશે, તેમ હશે? (શ્રોતા : કોઈ ન કરે તો જેઠાભાઈ).

જ્યાં આ આત્મા....બહુ સિદ્ધાંત સિદ્ધ કર્યો છે. સુબુદ્ધિ થાય એટલે ભ્રમ ટળે. અને મિથ્યાદૃષ્ટિ રહે ત્યાં સુધી કર્તા પોતાને માને છે કેમ કે એકપણાથી જુદો પડ્યો નથી. કહો ચેતનજી, શું છે આ? આહા! (શ્રોતા : એ પરિણામને પોતાનાં માને છે). એ જ કહતે હૈં કિ રાગ-દ્વેષકા પરિણામ, પુણ્ય-પાપનાં પરિણામ એ મેલાં છે, ભગવાન આત્મા તો જ્ઞાયક નિર્મળ છે. એમ બેની એકતા તૂટી એટલે ભિન્ન ચીજનો કર્તા રહેતો નથી. પોતાનાં પરિણામનો કર્તા કહેવો એ પણ ઉપચારથી ભેદ પાડતાં કહેવાય. જ્ઞાતાનાં પરિણામ—જાણવાનાં પરિણામ આત્મા કરે અને જાણવાનાં પરિણામ જીવનું કાર્ય, એ પણ ભેદ પાડીને ઉપચારથી કથન છે. કળશમાં છે એમાં. આમાં પણ છે. બે કળશમાં છે. એક કળશ નહીં બે કળશમાં છે. સમજાણું કાંઈ?

શું કહ્યું? કહે છે કે પુણ્ય ને પાપ ને રાગ આદિ ભાવ એ પર્યાયબુદ્ધિ છે. જ્યાં સુધી એમાં બુદ્ધિ છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિને લઈને, મિથ્યામતિને લઈને, એ ભાવ એને કર્તાબુદ્ધિનો ત્યાં પડ્યો છે. પણ એ રાગ, દૃષ્ટિને અંતરમાં વાળતાં, રાગ અને પુણ્યનાં વિકલ્પો જુદાં રહી ગયાં અને જુદાનો કર્તા જીવ અને જુદાનું કાર્ય જીવનું, એ વાત ત્યાં રહેતી નથી. ફક્ત રહે એટલું વ્યવહારથી કે રાગ આદિના જાણવાનાં પરિણામ પોતાનાં, એ પરિણામ કર્મ—પોતાનું કાર્ય અને આત્મા કર્તા, એ પણ અભેદમાં ભેદ પાડીને વિચારે તો આટલાનો પડે. પણ પરનો કર્તા તો ઉપચારે પણ નથી.

કહ્યું ને કે રાગ આદિનાં ભાવ—વિકારી વ્યવહારનો ભાવ એને જ્યાં સુધી એકપણે ચૈતન્ય દ્રવ્યમાં માને ત્યાં સુધી મિથ્યાબુદ્ધિ ટકી રહી છે. માટે તેની મિથ્યાબુદ્ધિમાં 'રાગ મારું કર્મ અને હું કર્તા' માને. પણ રાગથી ભિન્ન પડતાં, ચૈતન્ય સ્વભાવનું ભાન થતાં, સુબુદ્ધિનો વિકાસ થતાં; રાગથી ભિન્ન પડેલું જ્ઞાન, 'રાગનું કાર્ય મારું અને હું કર્તા' એમ એ માનતો નથી. ફક્ત રાગ સંબંધીનું જે પોતાનું જ્ઞાન, એ જ્ઞાન 'મારું, કામ અને હું કર્તા' એવો ભેદ ઉપચારથી કરવામાં આવે છે. પણ રાગનો કર્તા આત્મા ને રાગ આત્માનું કર્મ, એ તો ઉપચારથી પણ જ્ઞાનમાં ભાન થયે એ રહેતું નથી, એમ કહે છે. સમજાણું

કાંઈ? આવી વાત છે. આહા! કહો જેઠાભાઈ! (શ્રોતા : ભેદવિજ્ઞાન તમારા જેવું....) આહા!

'करतार जीव जड़ करमकौ, सुबुधि विकास यहु भ्रम नसै' આહા! સુબુદ્ધિનો ઉજાળો વિકાસનો થયો, સમ્યક્‌જ્ઞાનનો જ્યાં પ્રકાશ થયો, ત્યાં રાગરૂપી અંધારાનો એ કર્તા રહેતો નથી. સમજાય છે કાંઈ? પરની દયા પાળી શકું, એ માન્યતા તો મિથ્યા દૃષ્ટિની છે. કેમ કે પરનાં કાર્યમાં પોતે જાણે કાંઈ અધિકારી હોય, એમ માનીને એણે પરની દયા પાળું એવો એને ભાવ આવ્યો, એ મિથ્યાદૃષ્ટિ છે. એ જીવ અને આ જીવ બે ને એક માન્યાં. એથી આગળ જતાં, જીવદયાનો જે વિકલ્પ આવ્યો, એ વિકલ્પ અને હું બેય એક માને ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ એ વિકલ્પનો કર્તા અને કર્મ માને પોતાનો, એ મૂઢ છે.

આ શેઠી! આ હૈ. ક્યા હૈ? ક્યા હૈ? પુણ્યકા ભાવ અપની પર્યાય મેં હોતા હૈ કિ પરમેં હોતા હૈ? (શ્રોતા : નિગોદ કી રક્ષાકા ભાવ) રક્ષા કૌન કર સકતે હૈ? (શ્રોતા : ભાવ....) ભાવ આતા હૈ વહ રાગ કા કર્તા હો તો એ મૂઢ હૈ. (શ્રોતા : જીવ કો મારને કા ભાવ તો નહીં આયા) તો ન મારનેકા ભાવ ભી વિકલ્પ હૈ. (શ્રોતા : બચાનેકા ભાવ તો આયા) બચાને કા વિકલ્પ હૈ, બચા સકતે નહીં. પણ વિકલ્પ આતા હૈ તો વિકલ્પ મેં વહ આત્મા એકત્વ માને, તબ લગ મિથ્યાબુદ્ધિમેં કર્તા–કર્મ હોતા હૈ. પણ રાગ સે ભિન્ન આત્મા આત્માકા જ્ઞાન હુઆ તો ઉસમેં રાગકા કર્તા ભિન્ન તત્ત્વ, ભિન્ન તત્ત્વકા કર્તા હો સકે (નહીં.) આહા! (શ્રોતા : ઉદયભાવ આતા હૈ) એ આતા હૈ, કહા નહીં, વહ તો રાગ હૈ. પહેલું હવે ભડકે એવું નથી ભડકે એવું. પહેલા આવ્યા'તા, ભડકતા હતા હવે આ. હજી બરાબર બેઠી નહીં, એમ શેઠ કહે છે. (શ્રોતા : હોતા હૈ)

'હો' કે....વો તો કહતે હૈં પહેલા કહા કે જીવ 'ज्ञानगुण सहित आपगुन–परगुन ज्ञायक' આત્મા જ્ઞાયક ભાવ હૈ, જાનન શક્તિવાળા. તો રાગ આતા હૈ વહ હી કાળે રાગ કા સંબંધ જ્ઞાન, વહ અપના જ્ઞાન કે સાથ સંબંધ કરકે રાગકો જાનતા હૈ. આહાહા! સમજમેં આયા? એવો માર્ગ છે. ન્યાં તો મુંબઈમાં તો આમ ધમાલ હાલે આમ. મોટા બંગલા ને મોટા આ ને આ ને આ ને લ્યો. વળી પૈસાવાળા એટલે એને તો આમ પાંચ લાખ આહિં નાંખો ને દસ લાખ આહિં નાંખો ને એનું આ કરો ને એનું આ કરો ને એમ. શું હશે આ બધું? (શ્રોતા : શુભ ભાવ આતા હૈ તો ઉસકો જાનતા હૈ કિ રાગ આયા મુજકો). ઈ રાગ કો જાનતે હૈં, એમ કહેના ભી વ્યવહાર હૈ. રાગ સંબંધી અપનેમેં ભિન્ન પડનેસે, સ્વપરકા જ્ઞાતા કા પરિણામ સહજ અપનેમેં હોતા હૈ. ઉસકો જાનતે હૈં, વહ ભી વ્યવહાર હૈ.

ભેદ પાડકે જાના કિ આત્માએ પરિણામ જાણ્યાં, ભેદ હુઆ. અપના હોં, રાગ કો પર રખો. (શ્રોતા : અપને કો જાનને કે....) એ અપનેકો જાનના, ભેદ હુઆ, ત્યાં ઉપચાર હો ગયા. આહાહા! એવી વાત છે. (શ્રોતા : તો એક જ્ઞાન સે ભી ઈતની ભિન્નતા હુઈ) ભિન્નતા. જ્ઞાન જાનતે હૈં બસ વહ બીચમેં, વળી 'મેં જાનતા હૂઁ અને મેરા પરિણામ હૈ' ઔર મૈં જ્ઞાયક હું અને મેરા પરિણામ હૈ, વહ ભી ઉપચાર–ભેદ હો ગયા, આહાહા! આવી વાત છે. (શ્રોતા : બહુ ખુલાસો). બહુ ઝીણું! ઈ તો આવ્યું નહીં. ભાઈ આપણે સર્વવિશુદ્ધમાં, આત્મા આત્માકો જાને એ વ્યવહાર હૈ, ઉસસે તેરે ક્યા કામ હૈ?' એય, કનુભાઈ, ભાઈ! વાત તો એવી છે. આ તારો ધણી...છે આત્મા, એમાં પ્રયોજનસિદ્ધિ શું છે? ભગવાન આત્મા-આત્મા, આ તે આત્મા જાનતે હૈં બસ! આહાહા!

એવી વાત છે. (શ્રોતા : ધ્યાન તો તબ...) હા, સ્વચ્છતા તબ રહતી હૈ કિ અપના આત્મા અપને કો જાને, ઐસા ભેદ ભી નહીં. જાને બસ. આહા! એથી એમ લઈ લીધું જુઓને, 'जीव ग्यानगुन सहित, आपगुन-परगुन ज्ञायक'. પાઠમાં પરિણતિ લીધી છે કે ભાઈ, આત્મા અપની પરિણતિ કો જાને અને રાગકી પરિણતિ કો જાને. પણ ખરેખર તો આત્મા અપના દ્રવ્ય-ગુણકો પર્યાયકો જાણે, પરના દ્રવ્ય ગુણકો પર્યાયકો જાણે. પોતાના ઉત્પાદ વ્યય ધ્રુવને જાણે, પરના ઉત્પાદ વ્યય ધ્રુવને જાણે. બસ, એ જાણવાનું સ્વરૂપ તે ચૈતન્યનું છે. જડમાં એ જાણપણું નથી તેથી તે સ્વ અને પરને જાણતાં નથી.

રાગમાં એ જાણપણું નથી. દયાનો રાગ થયો, એ રાગ નથી જાણતું પોતાને અને નથી જાણતું જે જોડે રહેલા આત્માને. બીજા દ્વારા જણાય એવો જે રાગ, એ અચેતન છે. આહાહા! ભારે કામ ભાઈ આ! સમજાણું કાંઈ? જેઠાભાઈ, કેટલો આંતરો આમાં! આહા! (શ્રોતા : આભ–જમીનનો ફેર) આભ–જમીનનો ફેર લ્યો. આકાશ અને પાતાળ જેટલો ફેર છે. અત્યારની માન્યતા જગતની જે છે, 'અમે આમ પાળી દઈએ અને અમે દયાઓ પાળીએ, અમે અહિંસા કરીએ, અમે દાન કરી દઈએ, મંદિરો બનાવી દઈએ ને આહા! અમે વ્રત પાળીએ' એ બધા વિકલ્પના કર્તા થનારા મિથ્યાદૃષ્ટિ છે. એવો માર્ગ છે વીતરાગનો. એ છઠ્ઠો શ્લોક કહ્યો.

(શ્રોતા : વિભાવ પરિણતિ....)વિભાવ પરિણતિ હૈ તો સ્વભાવ પરિણતિસે ભિન્ન હૈ. ઔર આસ્રવ તત્ત્વ હૈ ઔર આત્મા જ્ઞાયક તત્ત્વ હૈ. દો કી એકતા જબ માનતે હૈં તબ અજ્ઞાની કર્તા-કર્મ ભ્રાંતિસે માનતે હૈં. ભ્રાંતિકા ભ્રમકા નાશ હુઆ ઔર 'મૈં તો જ્ઞાયક આત્મા હૂઁ. તો પરકા કામ મેરા અને મેરા ઉસકા મૈં કર્તા' એ વાત સુબુદ્ધિમેં સમ્યક્જ્ઞાનમેં રહતી નહીં. આ વાત છે. આહા! ભારે કઠણ જગતને. હવે એમાં સૂજ પડે છે. આજે ઓલા છ ગાઉનું કરશે ને ભ્રમણ. (શ્રોતા : છ ગાઉની પ્રદક્ષિણા) છ ગાઉની

પ્રતિષ્ઠા શું કહેવાય? પ્રદક્ષિણા. ફરશે ને પછી હાથમાં આવશે ઓલા ઢેબરાં ને દહીં. વળી અમારે ભાઈ ચેતનજી તો એમ કહેતા કે શીખંડ પણ આપે વચમાં કો'ક કો'ક વાર. આપે આપે કો'ક કો'ક ઈ. શીખંડ આપે થાકી પાકીને આવ્યા હોય. તડકો હોય, શીખંડ– શીખંડ ખાઓ...શીખંડ (શ્રોતા : સાકરના પાણી) સાકરના પાણી આપે.

માણસને તો એમ કે પોતાનાથી ધર્મ થાય નહીં, ત્યારે કોઈક આવું કરતા હોય લાવને આ પણ દઈ દઉં, ભાગ તો રહે થોડા એમ માને. ધૂળેય નથી ધર્મ સાંભળને! એને ય ધર્મ નથી ને તને ય ધર્મ નથી. આહાહા! એમાં જે શુભ વિકલ્પ આવ્યો, એનો પણ કર્તા થાય, એ રાગને અને આત્માને એક માને છે. પંડિતજી, ભારે! આહાહા! હવે એક લાખ રૂપિયા આપો. પૈસા હોય ને એમાંથી જે વ્યાજ આવેને, શીખંડ આપો, ઢેબરાં ને દહીં આપો. શું છે? ઈ ક્રિયા તો જડની છે. ઈ જડનાં કાર્ય હું કરું, એ માન્યતા જ મૂઢ મિથ્યાદૃષ્ટિની છે. એ ઉપરાંત આહિં તો વાત ચાલે છે. એમાં થયો જે રાગ શુભ. ધરમ–બરમ નહીં. ઈ રાગ ને આત્મા એક માનનારા, રાગનું કાર્ય મારું, એમ માને છે. મિથ્યાદૃષ્ટિ છે ત્યાં સુધી. આહાહા!

હવે આ જયપુર જાવું છે પાછું વળી. બીજે સવારે બપોરે વિચાર આવ્યો તો કે ભાઈ, આ વાત તો હવે બહાર કઠણ પડે છે. એય! શેઠી, (શ્રોતા : ....શુદ્ધતા નહીં રહતી) આ લોકોને એ ય વાદવિવાદ (શ્રોતા : વહ ક્યા જરૂરત હૈ? ઈધર રહનેકી જરૂરત હૈ, ઐસા કહતે હૈં.) ઐસે કહતે હૈં. યહાં રહનેકી જરૂર, જયપુર જાને કી જરૂર નહીં. એવી વાત ક્યાં સાંભળે? માણસને ઝઘડા–વાદવિવાદ થાય. સત્‌ની ખબર ન મળે બિચારાંને, આંધળે આંધળા. બાત ઐસી હૈ. એ બપોરે એમ કહેતા હતા. આ તો ભાઈ એટલામાં ને એટલાં સમાય તેવું છે.

મૂળ વસ્તુ તો એક કોર રહી, પણ આવી વાત બહારમાં કઈ રીતે સ્પષ્ટતા મૂકતાં વાદ–વિવાદ ઝઘડા ઉભા થાય. સભા ૨–૪–૫ હજારની સભા હોય, એમાં કો'ક દિ' આવે. 'લ્યો ત્યારે હવે અમારે કરવું નહીં ને', વળી એમ કહે માળો. (શ્રોતા : ઐસી બાત સુનનેકો મિલે ને) હવે એને ખબર ન પડી. (શ્રોતા : જયપુર મેં ઐસા નહીં હોગા, ઐસા બતા દો. ઉનકો સુનનેકો મિલે તો વિચારને કા મોકા તો મિલે.) આહાહા! આહિં તો આવો મનુષ્ય દેહ અનંતકાળે માંડ મળ્યો ભાઈ! એ આંખ્યું મિંચાઈ જશે બાપા! ચાલ્યો જઈશ ક્યાંક. એ જો આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે. એ રાગની ક્રિયાથી પણ ભિન્ન છે, એમ જો ભાન ન કર્યું, ચોર્યાશીનાં અવતારમાં ક્યાં જઈશ, એનાં આરા નહીં આવે. આ દુનિયા ન્યાં હાલ નાંખવા નહીં આવે ન્યાં.

કોઈ એમ જાણે કે ભઈ અમે આ પૈસા આપ્યા'તા, આટલાં દાન કર્યાં'તા. અમે આમ કર્યાં'તા. કોઈ, અમને કોઈ મદદ કરો હવે. આહાહા! કોણ કરે બાપા! ભાઈ, તારી જ ઉલટી દશાનાં પરિણામનો કર્તા થા, ત્યાં તને સૂલટો કોણ કરાવે? સમજાણું કાંઈ? એ ભ્રાંતિ હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું. શરીર આદિની ક્રિયા તો મેરે સે હોતી નહીં, પણ રાગ ભી મેરી ચીજ નહીં, આહા! તબ ભ્રમ મટે. એ વિના ભ્રમ નાશ થાય નહીં. અને ભ્રમ—મિથ્યાત્વનું પાપ તો લોકોને કંઈ લાગતું નથી. આહાહા! મિથ્યાત્વનું મહાપાપ, થોડી પણ નાની પણ મિથ્યાત્વની શ્રદ્ધા, મહાપાપ છે મોટું, કસાઈખાનામાં માંડે એ કરતાં અનંતગણું પાપ છે. હવે....લોકોને વાત બેસતી નથી ને બહારમાં બધું ભપકાં હો.... હા....(શ્રોતા : રાગ....) સૂક્ષ્મ છે બાકી. એ પાંચ શ્લોક થયો. છઠ્ઠો.

**यः परिणमति स कर्त्ता यः परिणामो भवेत्तु तत्कर्म।**
**या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया॥६॥**

છઠ્ઠો શ્લોક. એનું ૭મું પદ. 'कर्ता, कर्म और क्रियाका स्वरूप'

**करता परिनामी दरव, करम रूप परिनाम।**
**किरिया परजयकी फिरनी, वस्तु एक त्रय नाम॥७॥**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :** કર્તા=જે કાર્ય કરે તે. કર્મ=કરેલું કાર્ય. ક્રિયા=પર્યાયનું રૂપાન્તર થવું તે, જેમ કે :—ઘડો બનાવવામાં કુંભાર કર્તા છે, ઘડો કર્મ છે અને માટીના પિંડરૂપ પર્યાયમાંથી ઘડારૂપ થવું તે ક્રિયા છે, પણ આ ભેદ-વિવક્ષાનું કથન છે. અભેદ-વિવક્ષામાં ઘડાને ઉત્પન્ન કરનારી માટી છે તેથી માટી જ કર્તા છે, માટી ઘડારૂપ થાય છે તેથી માટી જ કર્મ છે અને પિંડરૂપ પર્યાય માટીની હતી તે ઘડારૂપ પર્યાય પણ માટી જ થઈ તેથી માટી જ ક્રિયા છે. પરિણમી=અવસ્થાઓ બદલનાર. પરિનામ=અવસ્થા.

**અર્થ :**—અવસ્થાઓ બદલનાર દ્રવ્ય કર્તા છે, તેની અવસ્થા કર્મ છે અને એક અવસ્થામાંથી બીજી અવસ્થારૂપે થવું તે ક્રિયા છે. આ રીતે એક વસ્તુના ત્રણ નામ છે.

**વિશેષ :**—અહીં અભેદ-વિવક્ષાથી કથન છે, દ્રવ્ય પોતાના પરિણામોને કરનાર પોતે છે તેથી તે કર્તા છે, તે પરિણામ દ્રવ્યના છે અને તેનાથી અભિન્ન છે તેથી દ્રવ્ય જ કર્મ છે, દ્રવ્ય એક અવસ્થામાંથી બીજી અવસ્થારૂપે થાય છે અને તે પોતાની બધી અવસ્થાઓથી અભિન્ન રહે છે તેથી દ્રવ્ય જ ક્રિયા છે. ભાવ એ છે કે દ્રવ્ય જ કર્તા છે, દ્રવ્ય જ કર્મ છે અને દ્રવ્ય જ ક્રિયા છે, વસ્તુ એક જ છે, નામ ત્રણ છે. ૭

**अर्थ :**—अवस्थाएँ पलटनेवाला द्रव्य कर्ता है, उसकी अवस्था कर्म है और अवस्थासे अवस्थान्तर होना क्रिया है; इस प्रकार वस्तुके तीन नाम हैं।

विशेष :–यहाँ अभेदविवक्षासे कथन है, द्रव्य अपने परिणामोंको करनेवाला स्वयं है इसलिए वह उसका कर्ता है, वे परिणाम द्रव्यके हैं और उससे अभिन्न हैं इसलिए द्रव्य ही कर्म है, द्रव्य अवस्थासे अवस्थान्तर होता है और वह अपनी सब अवस्थाओंसे अभिन्न रहता है इसलिए द्रव्य ही क्रिया है भाव यह है कि द्रव्य ही कर्ता है, द्रव्य ही कर्म है और द्रव्य ही क्रिया है; बात एक ही है नाम तीन हैं।।७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

અર્થમાં બહુ લખ્યું છે લાંબું. શબ્દાર્થ છે ને શબ્દાર્થ. (શ્રોતા : ભેદ ને અભેદ) 'जो कार्य करे' એનું નામ કર્તા. જે કાર્ય કરે એનું નામ કર્તા અને 'किया हुआ कार्य' એ કર્મ. હુઆ જો કામ વહ કર્મ. અને 'पर्यायका रूपांतर होना' એ ક્રિયા. રૂપાંતર દશા ફરે, અવસ્થા ફરે એનું નામ ક્રિયા. એ તો જરા દાખલો આપ્યો છે. બહારનો– વ્યવહારનો.'घट बननेमें कुंभकार कर्ता, घट कर्म, मृतिकाका पिंडपर्यायसे घटरूप होना क्रिया'. એ ભેદ-વિવક્ષા હૈ. ખરેખર ઉસકા કર્તા નહીં. 'अभेद विवक्षामें घटको उत्पन्न करनेवाली' मृतिका है' એ ઘડાને ઉત્પન્ન કરનારી માટી, કુંભાર નહીં. કુંભાર પરદ્રવ્ય છે, ઈ ઘડાની માટીની પર્યાયનો કર્તા થઈ શકે નહીં. સમજાણું કાંઈ?

એ પરિણામનાં કર્તા ઈ પછી આવશે. હં એના પછી આવશે (શ્રોતા : નવમામાં) 'मृतिका घटरूप होती है'. દેખો, માટી ઘટરૂપ થાય છે કે કુંભાર ઘટરૂપ થાય છે? (શ્રોતા : માટી) કુંભાર તો કુંભારરૂપે રહે છે. એટલે માટી તે ઘડાની કર્તા અને ઘડો તે માટીનું કાર્ય. 'मृतिका ही कर्म है' માટી, એમ કહે છે. 'पिंड पर्याय मृतिकाकी थी व घटपर्याय भी मृतिका ही हुई'. માટીની પર્યાય પિંડરૂપે થઈ એ જ ઘટરૂપે થઈ, માટે મૃતિકા એ ક્રિયા છે. માટીની ક્રિયા એ પિંડરૂપે થઈ અને ઘટરૂપે થઈ એ ક્રિયા માટીની છે. એ કંઈ કુંભારની ને બીજા જીવની ક્રિયા નથી. સમજાણું કાંઈ?

અને 'परिनामी=अवस्थाएँ पलटनेवाला, परिनाम=अवस्था'. બે અર્થ કરી નાંખ્યા ચોખ્ખા. 'अवस्थाएँ पलटनेवाला द्रव्य कर्ता है'। આત્મા શુભાશુભ પરિણામ અજ્ઞાનભાવે કરે, તો એ શુભાશુભ પરિણામનો અજ્ઞાની કર્તા. જ્ઞાનભાવે ભાન થતાં–સમ્યક્‌જ્ઞાન થતાં, એ રાગનાં પણ જાણવાનાં પરિણામને કરે, તે પરિણામનો કર્તા જીવ અને પરિણામ એનું– નિર્મળ પરિણામ એનું કર્મ. કહો સમજાણું કાંઈ? અજ્ઞાનીનું કર્મ પુણ્ય ને પાપ, ભાવ હોં. કેમ કે એ કર્તા અજ્ઞાનપણે થઈને પુણ્ય-પાપનાં કાર્ય મારાં, એમ માને છે. અને જ્ઞાનીનું કર્મ–જ્ઞાની કર્તા, ધર્મી કર્તા શેનો? ધર્મ પરિણામ રાગરહિત પુણ્યનાં પાપનાં રહિત ભાવ–એવા નિર્મળ વિતરાગી ભાવ, તે એનું કર્મ ને એનો એ ધર્મી કર્તા. ધર્મી રાગનો

ય કર્તા નહીં ને શરીરનો કર્તા નહીં. આહાહા! ભારે છે.

(શ્રોતા : પુન્યભાવ.....) પુન્યભાવ ક્યા? (શ્રોતા : એ પુન્યભાવ ભી પૈદા હો.) હો તો રાગ હૈ, ઉસકો જ્ઞાની જાનતે હૈં. ક્યોંકિ રાગ ઉપરસે દૃષ્ટિ ઉઠા લિયા હૈ અને દૃષ્ટિ જ્ઞાયકભાવ ઉપર પડી હૈ. તો જ્ઞાયકભાવ કા પરિણામ કા કર્તા હોતા હૈ. સમજાણું કાંઈ? 'अवस्थाएँ पलटनेवाला द्रव्य कर्ता है'; કહો, માટી ઘડાની અવસ્થારૂપે પલટે છે. માટે માટી ઘડાની કર્તા. એમ રાગરૂપે અજ્ઞાની પૂર્વની વિકારી દશા પલટાવીને બીજી દશા રૂપે થાય છે, તો અજ્ઞાની વિકારની અવસ્થાનો કર્તા. આહાહા! સમજાય છે કાંઈ?

'उसकी अवस्था कर्म' અજ્ઞાનીની અવસ્થા, પુણ્ય ને પાપનાં ભાવ પોતાનાં માને એટલે અજ્ઞાનીની અવસ્થા—પુણ્યને પાપ, એ એનું કર્મ. જ્ઞાનીની અવસ્થા, એ પુણ્ય ને પાપને પણ પોતામાં રહીને પોતાના સ્વભાવથી જાણે—દેખે, એ જાણવા—દેખવાનાં પરિણામ તે જ્ઞાનની અવસ્થા, એ એનું કાર્ય. આરે, આ ભારે ઝીણું! પોપટભાઈ, આવું ક્યાંય સાંભળ્યું નહીં હોય ન્યાં. પડિક્કમણાં કરી કરીને પથરણાં (પાથરણાં) ફાટ્યા કેટલાય. આ તો બહુ ક્રિયા કરતા જેઠાભાઈ, ઉપધાન ને અપધાન ને. (શ્રોતા : આકુળતા જ હતી.) આકુળતા (શ્રોતા : માટે એનું નામ અપધાન કર્યું છે). અપધાન કર્યું છે આહાહા! અરે! દુનિયા ક્યાં, ક્યાં કરી રહી છે અને શું થાય છે એની એને ખબર નથી. આહા!

આહિં તો કહે છે, એ કર્તા કોને કહેવો? જે દ્રવ્યની જે અવસ્થા થાય—કરે, એ અવસ્થાનો તે દ્રવ્ય કર્તા. ઘડાની અવસ્થાનો કર્તા માટી. પુણ્ય-પાપનાં અવસ્થાનો કર્તા અજ્ઞાની જીવ. પુણ્ય-પાપનાં પરિણામ અજ્ઞાનીનું કર્મ. ઘટ એ માટીનું કર્મ. અને જ્ઞાની કર્તા, ધર્મી શેનો કર્તા? ધર્મી પોતે શુદ્ધ પરિણામનો કર્તા અને શુદ્ધ પરિણામ એનું કર્મ. આરે! બહુ ઝીણું પડે, તે માણસ બીજે ચાલ્યા ગયા રસ્તે. રસ્તો પડ્યો રહ્યો. માર્ગ પડ્યો રહ્યો અને ઉંધે રસ્તે ચડી ગયા. (શ્રોતા : ઉંધા રસ્તાનું ભાન થઈ ગયું છે). એ તો આહિંના સાંભળનારને કેટલાંકને, બીજાને તો આ એવા લાગે પાકા, આવે રસ્તે ચડીએ છીએ. આહા! (શ્રોતા : સાંભળવું કઠીન છે.) સાંભળવું કઠિન. આવી વાત? (શ્રોતા : દુનિયાનું નખ્ખોદ કાઢવા આવ્યાં) અરે, ભગવાન! સાંભળ ભાઈ! તારા હિતની વાતું છે ભાઈ! તને ખબર નથી. આહાહા!

કહે છે કે તારી દૃષ્ટિ જ્યાં સુધી પુણ્ય—પાપનાં વિકલ્પનાં રાગ ઉપર છે, ત્યાં સુધી તારો સ્વભાવનો તને અનાદર છે. જ્ઞાયક ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, રાગ ઉપર દૃષ્ટિ છે એને આ જ્ઞાયકભાવનો અનાદર છે. બહુ ઝીણું! અને જ્ઞાયકભાવનો જ્યાં આદર થયો,

ત્યારે રાગ થાય પણ એનો આદર રહેતો નથી. કહો સમજાણું કાંઈ? માર્ગ એવો છે ભાઈ. એવો અંતઃતત્ત્વનો માર્ગ લોકોને સાંભળવા મળે નહીં અને એમાં બિચારા જીંદગીયું ગાળે, કેટલાંના પચ્ચીસ–પચ્ચીસ વરસ પચાસ–પચાસ વરસ વહ્યાં ગયાં એમાં. કાંઈ હાથ આવ્યું (નહીં). (શ્રોતા : ખરું તો સાંભળવા મળ્યું નથી.) મળ્યું નથી હજી. બહુ દૂર છે. આહા! (શ્રોતા : આદરકી બાત.....) વહ ઐસા કહા કે, જેને પુણ્યને પાપનાં ભાવ, એનો જેને મીઠાશ અને આદર છે, એને અનંત આનંદકંદ પ્રભુ ભગવાન એનો એને અનાદર છે. અને જેને ભગવાન જ્ઞાયક સ્વરૂપ છે એવા ચૈતન્યભાવનો જેને અંતરમાં આદર છે એને પુણ્ય-પાપનાં ભાવનો અંતરમાં ભેદ પડ્યો માટે આદર રહેતો નથી. સમજાણું કાંઈ?

આવો ધર્મ. કહે ભાઈ, આવો! ત્યારે આ બધા જાત્રાઓ કરે, અપવાસ કરે, પોષા કરે, સામાયિક કરે, બિચારા કેટલાંય કરે. એને કાંઈ ધર્મ નહીં થાતો હોય? (શ્રોતા : અંધે અંધ બોલાય) આંધળે આંધળા છે. આંધળા હાલનારા ને આંધળા બોલનારા છે. આહા! બાપુ તને તારા ઘરમાં જ્ઞાન સ્વભાવ તારા ઘરમાં છે. તે રાગ–બાગ તારા ઘરમાં નથી. એ રાગનો જે કર્તા થાય, તે રાગની અવસ્થા એનું કર્મ. અને એ અવસ્થાનો કર્તા અજ્ઞાની, મારું કામ માટે એ કર્તા, 'और अवस्थामें अवस्थांतर होना क्रिया है'. અવસ્થાથી અવસ્થાંતર થાય. ધર્મીની અવસ્થા પ્રથમ જ્ઞાન આનંદની હતી, એ પલટીને વિશેષ જ્ઞાન ને આનંદની થઈ, એ ધર્મીની ક્રિયા. અજ્ઞાનીને રાગ મટીને અશુભ મટીને શુભ થયો, એને શુભ મટીને પાછો શુભ થાય, એ અવસ્થાંતર ક્રિયા અજ્ઞાનીની રાગની ક્રિયા છે. આહા! કહો સમજાણું કાંઈ?

વિશેષ : 'यहाँ अभेद विवक्षासे कथन है, द्रव्य अपने परिणामोंको करनेवाला स्वयं है, इसलिए वह उनका कर्ता है'. અજ્ઞાની પોતાના વિકારને માને માટે વિકારનો કર્તા અજ્ઞાની છે. ધર્મી પોતાના આનંદ ને જ્ઞાનસ્વરૂપ માને માટે એના પરિણામનો કર્તા ધર્મી છે. આહા! કઠણ પડે માર્ગ એવો. 'वे परिनाम द्रव्यके है और उससे अभिन्न है', જુઓ. જે પરિણામ થયાં. માટીનાં પરિણામ ઘટ રૂપે થયાં એ માટીથી અભિન્ન છે. એમ રાગ ને વિકલ્પનાં પરિણામ અજ્ઞાનીને થયાં, એ અજ્ઞાની અભિન્ન તરીકે માને માટે અભિન્ન છે. જ્ઞાનીનાં પરિણામ જાણવા–દેખવાનાં થયાં, એ જાણવા–દેખવાનાં ચૈતન્યથી અભિન્ન છે. 'इसलिए द्रव्य ही कर्म है' આહિં તો એ માટે દ્રવ્ય જ કાર્ય છે, એમ કહે છે. આહાહા! શું કીધું? એ માટીમાંથી ઘડો થયો, ઈ ઘડો એ માટી જ એનું કર્મ છે, કહે છે. માટી પોતે જ કર્મરૂપે થઈ, માટી જ કર્મ છે. એમ રાગ ને પુણ્યનાં પરિણામ કાર્ય થયાં અજ્ઞાનભાવમાં, એ મારાં માની એ આત્મા જ પોતે અજ્ઞાનભાવનું કર્મરૂપે

પરિણમ્યો છે. એ આત્મા જ કર્મ છે. વિકારી ભાવ તે જ આત્મા એમ. આ બધી વાતો બધી ફેરફારવાળી છે કે નહીં?

ઘણાં વરસો કરેલું શ્રીમદ્દનું વાંચેલું બહુ વર્ષો. ભક્તિ કરે, પૂજા કરે કલાક એક-બે-ત્રણ કલાક. અમારે વીરચંદ ભૂરાં હતા, એય ખૂબ કરતા બોટાદ (શ્રોતા : કર્તા હી કર્મ હો ગયા.) કર્તા–પોતાના...કેમ કે અભિન્ન છે ને. જેણે રાગને પોતાનો માન્યો, એ રાગનું કર્મ અને આત્મા બે અભિન્ન થઈ ગયા. એટલે આત્મા જ એનો, એ આત્મા જ પોતે રાગરૂપી કર્મ છે, એમ કહે છે. આહા! અને રાગથી ભિન્ન પડતાં, સમ્યક્જ્ઞાન થતાં સમ્યક્ જ્ઞાનરૂપી કર્મ, એ આત્મા જ સમ્યક્જ્ઞાનરૂપી કર્મ થયો. આત્મા સમ્યક્જ્ઞાનરૂપી કાર્ય થયો, એમ કહે છે. આહાહા! આ તો ધીરજથી સમજવા જેવી વાત છે. સમજાણું કાંઈ? (શ્રોતા : વન્સમોર) ક્યા વહ? (શ્રોતા : હજી એકવાર વધારે) વન્સમોર કરતે હૈં, લ્યો.

કહે છે કે અભેદ વિવક્ષા કથનમાં દ્રવ્ય અને પરિણામોના કરનેવાલા સ્વયં, ઈસલિયે વહ કર્તા. પોતાના ભાવનો કર્તા અજ્ઞાની, માટે આત્મા જ પોતે કર્તા. એ કર્તારૂપે થયો માટે એ પોતે જ કર્તા. 'वे परिणाम द्रव्यके हैं' એ વિકારી પરિણામ પણ અજ્ઞાનીના દ્રવ્યનું છે. માટે અજ્ઞાનીનું દ્રવ્ય જ કર્મ એનું પોતાનું. અને ધર્મીનું દ્રવ્ય શુદ્ધ છે, રાગથી ભિન્ન છે એટલે જાણવાનાં પરિણામ તે જ આત્મા. જાણવાનાં પરિણામ તે આત્મા, કર્તા એ આત્મા એમ. અને એ પરિણામ થયાં જાણવાનાં એ કર્મ એટલે એ આત્મા જ પોતે કર્મ થયો. આત્મા એ રૂપે થયો માટે આત્મા જ એ રૂપે કર્મ થયો. આરે આરે ભારે સમજશે! સમજાય છે કાંઈ?

'इसलिए द्रव्य ही कर्म है, द्रव्य अवस्थासे अवस्थान्तर होता है और वह अपनी अवस्थाओंसे अभिन्न रहता है इसलिए द्रव्य ही क्रिया है।' રાગની ક્રિયામાં દ્રવ્ય કાયમ રહે છે અજ્ઞાનીને, માટે એ અવસ્થાક્રિયા થઈ એ જ આત્મા એનો. રાગની ક્રિયા થઈ એ મારી છે, એમ માન્યું છે એટલે અજ્ઞાની જ પોતે રાગરૂપ થઈ ગયો છે. આહાહા! ઠીક ઉતાર્યું છે. ઈ તો આવે છે ને ઓલા છ બોલમાં ય આવે છે. પ્રવચનસારમાં નથી આવતું ઓલા સ્વયંભૂમાં કે આત્મા જ પોતે અભેદ છે એ. એ હવે આત્મા પોતે જ, ઘડો પોતે જ માટી છે. એમ વિકાર પોતે જ આત્મા છે અને અવિકાર પોતે જ આત્મા છે. સમજાણું કાંઈ? આહા!

આ પહેલા જ્ઞાન અધિકારમાં આવે છે ને, 'સ્વયંભૂસ્તોત્ર' ૧૬મી ગાથા. ત્યાં આવે છે. અર્થમાં આવે છે. તેમાં ભેદ પાડ્યા પછી કહે, ભાઈ! આત્મા પોતે જ વિકારરૂપ

થયો, તો ઈ વિકારમય છે જ એ કાર્ય. એ દ્રવ્ય જ કાર્ય છે. અભેદથી દ્રવ્ય જ કાર્ય છે, એવું આહીં ઉતાર્યું છે એણે. સમજાણું કાંઈ? .....આની કોરનું પાનું હતું. સમજાણું કાંઈ? (શ્રોતા : કેવળજ્ઞાની મેં ઉતાર્યા હૈ) (શ્રોતા : ૧૬મી ગાથા, કેવળજ્ઞાનીમાં ઉતાર્યું છે.) હા, ઉતાર્યું છે. સ્વયંભૂ પોતે પોતાની મેળે કેવળજ્ઞાન પામ્યો. ઈ તો એના છ કારક ઉતાર્યા છે એમાં. આ તો એના આત્માને જ કીધો પછી. દ્રવ્યને જ અભેદ કરીને કહ્યું. (શ્રોતા : પર્યાયને) બસ.

આહીં કહે છે, ભગવાન આત્મા આ શરીરની અવસ્થારૂપે થતો નથી કોઈ દિ', ઈ આત્મા તો એનો કર્તા નથી. આ શરીર હાલે–બાલે એનો કર્તા આત્મા છે જ નહીં. એ શરીરની અવસ્થા પલટીને અવસ્થાંતર થાય, એનો કર્તા એ પરમાણુ છે એટલે પરમાણુ જ એ ક્રિયારૂપ છે, એમ કહે છે. આહાહા! ઝીણી વાત ભાઈ! એનો અતીન્દ્રિય સ્વભાવ છે ભગવાન આત્માનો. અતીન્દ્રિય સ્વભાવ આત્માનો છે એ આનંદ સ્વભાવનું જ્યાં ભાન થયું, તો કહે છે કે એ આનંદનો કર્તા આત્મા એટલે એ કર્તા પોતે જ પરિણમી ગયો એ રૂપે. અને આનંદ રૂપી કાર્ય એ આત્મા જ છે. આનંદનાં પરિણામ એ પરિણામ એ આત્મા જ છે એમ. એ પરિણામ તે આત્મા જ છે. અને જ્ઞાનની ને આનંદની અવસ્થા પલટીને વિશેષ થઈ એ ક્રિયા પણ આત્મા જ છે. આહાહા! કહો જેઠાભાઈ! આટલા ગૂઢ સાંભળ્યું ત્યાં પચાસ વરસમાં? (શ્રોતા : ક્યાંથી સાંભળ્યું?) નહોતું સાંભળ્યું. (શ્રોતા : કૂવામાં હોય નહીં તો હવાડામાં ક્યાંથી આવે?) ન આવે, વાત કરે છે. આહાહા!

અરે! એને સાચી વાત સાંભળવા મળે નહીં અને ઉંધે રસ્તા હાલ્યા જાય અને માને કે અમારે ધર્મ (શ્રોતા : કરવો છે) થાય છે. અરે, એના આરા કે દિ' આવે. વાત એવી છે. વીતરાગના માર્ગની વાતો મોંઘ્યું છે ભાઈ! એ દુનિયા સાથે મેળ ખાય એવો નથી. ભાઈએ નાંખ્યું છે ને ઈ. આ ગાયન વ્યાખ્યાનનું બનાવ્યું છે (શ્રોતા : બહુ સારું લખ્યું છે). હા 'બીજા સાથે મીંજવણીએ મળે નહીં આ.' વહ પત્ર આયા, આતા હૈ ન ચિઠ્ઠી. રમેશભાઈનો કાગળ આપ્યો છે ને. (શ્રોતા : ભજન–ભજન) ભજન. દીયા નહીં તુમકો? (શ્રોતા : હાં.....હાં) હાં.....હાં....હાં... ભૂલી ગયા પાછા. એણે સંભાર્યું નહીં હોય ઘેરે. બીજા સાથે મીંજવણી (મેળવણી) ન કરવી. આ માર્ગ વીતરાગનો છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ એણે ફરમાવ્યું છે. આહાહા! ભારે કામ!

એ ક્રિયા. 'भाव यह है कि द्रव्य ही कर्ता, द्रव्य ही कर्म और द्रव्य ही क्रिया है' લ્યો, અભેદ કરી નાંખ્યું. શરીરની અવસ્થા પરમાણુથી થઈ, તે પરમાણુ પોતે શરીરની અવસ્થા એમ. શરીરની અવસ્થા એ જ એનું કાર્ય. અને અવસ્થા બદલીને આમ–આમ

થાય છે, ઈ ક્રિયા શરીરરૂપ–જડરૂપ છે. આત્મા એનો બિલ્કુલ કર્તા-કર્મ છે (નહીં.) આહાહા! એમ આત્મા અજ્ઞાનભાવે રાગનું કર્મ કરે તો એ આત્મા જ કર્મ છે. રાગનો કર્તા થાય અજ્ઞાની, તો રાગ આત્મા જ કર્તા છે અને ક્રિયા પલટીને, રાગ પલટીને રાગ બીજો થાય તો એ ક્રિયા પણ આત્મા છે. બીજી ચીજ નથી એમ સિદ્ધ કરવું છે. કાંઈક થયું પલટીને માટે બીજી ચીજ છે, એમ નથી. એમ સિદ્ધ કરવું છે આહિં.

પહેલો રાગ કંઈ અશુભ હતો ને પછી શુભ થયો, માટે કાંઈક બીજું છે એ દ્રવ્ય, એમ નથી. એ તો પોતે જ એ રૂપે થયો છે. આહા! સમજાણું કાંઈ? અથવા જાણવાનો સ્વભાવ, રાગથી ભિન્ન છું એવું ભાન અને પછી જ્ઞાનની અવસ્થા વિશેષ થાય છે, વધે છે, તો બીજું રૂપ થઈ ગયું, તો એ કંઈ બીજું ઈ બીજો એ કોઈ આત્મા (શ્રોતા : ના.....) કે ના એ આત્મા જ એ રૂપે થયો, એ આત્મા છે પોતે. આહાહા! સમ્યક્દર્શન–જ્ઞાનના પરિણામ રૂપે આત્મા થયો માટે એ આત્મા જ છે. પલટીને કાંઈક બીજું થયું માટે બીજો આત્મા છે ત્યાં, એમ છે નહીં. સમજાણું કાંઈ?

ગ્રીક લેટિન જેવું અજાણ્યા માણસને તો લાગે. એય જયંતિભાઈ, સંભળાય છે? સંભળાય છે એમ કીધું હોં, હા. આ પ્રેમ છે પણ, હજી છે અંદર. સમજાણું કાંઈ? આહાહા! આવો માર્ગ બાપા, સાંભળવા મળતો નથી જગતને. શું થાય? લૂંટાય છે ને માને હરખ. શું થાય? (શ્રોતા : લૂંટાય છે ને માને હરખ). હરખ. ઠીક થઈ ગયું એટલો ભાર હળવો થઈ ગયો. મારા પૈસા લઈ ગયો ને થોડા માલ ઉપાડીને ઘેરે લઈ જવા થાય, એ કરતા એ લઈ ગયો એમ. ઘેરે ઉપાડીને લઈ જવા'તા લ્યો. ઈ કરતા એને (શ્રોતા : મદદ કરી). મદદ કરી. આહાહા! (શ્રોતા : દુઃખી થવા.)

ભગવાન આત્મા ભાઈ! તારી ચીજમાં, એ પુણ્ય-પાપનાં શુભ-અશુભ ભાવ થવા એ પણ તારી ચીજની વસ્તુ નથી. તો હોંશે કરીને એ ભાવનો કર્તા છે અને કર્મ માને છો, એ આત્માનાં સ્વભાવનો અનાદર થઈ જાય છે. ચૈતન્યમૂર્તિ ભગવાન પરમાનંદ પરમાત્મા, એનો એને અનાદર થાય છે. સમજાણું કાંઈ? લ્યો 'बात एक ही है नाम तीन है' કૌન? કર્તા–કર્મ ને ક્રિયા. નામ ત્રણ પણ વસ્તુ તો ઈ ની ઈ છે, એમ કહે છે. 'वस्तु एक त्रय नाम' છે ને એમ એનો અર્થ કર્યો છે. 'वस्तु एक त्रय नाम' પડ્યાં કે કર્તા પરિણામી દ્રવ્ય બદલનારો તે તે પરિણામનો કર્તા, કર્મરૂપ પરિણામ જે કાર્ય થયું તે તેનું પરિણામ કાર્ય–કર્મ, ક્રિયા પર્યાયની ફેરની–એની દશા પલટી તે એની ક્રિયા. પણ એ ત્રણ નામ પડ્યાં, પણ વસ્તુ તો એકની એક છે. સમજાણું કાંઈ? આહા! (શ્રોતા : પરમ મરમ કી બાત હૈ) પરમ મરમ કી બાત હૈ.

'ધાર તલવારની સોહ્યલી દોહ્યલી, ચૌદમા જિનતણી ચરણ સેવા.' વીતરાગની આજ્ઞાનો માર્ગ ધારની તરવાર કરતાં પણ દુર્લભ છે, અણસમજણની અપેક્ષાએ. સમજાય છે કાંઈ? એ છઠ્ઠા કળશનો અર્થ થયો. છઠ્ઠા કળશનો સાતમો (પદ) અર્થ થઈ ગયો. હવે સાતમો કળશ.

**एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य।**
**एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः ॥७॥**

ઘણા પ્રશ્ન આવ્યા છે ભાઈ. (શ્રોતા : ક્યાં) ફૂલચંદજીએ લખ્યું હશે ને કાંઈક જુઓ. ઉત્તરનો એમાં પ્રશ્ન આવ્યા છે ઘણા, એનાં વિરોધમાં. જૈન સંદેશમાં જ આવ્યા છે. ફૂલચંદજીએ તો બરાબર લખ્યું છે, પણ ઓલા કહે 'નહીં આમ ન હોય.' બુલંદ શહેરનો કોઈ છે. ઘણો મોટો પત્ર છે. 'નહીં, નિમિત્ત આવે તો થાય. ઉપાદાનમાં તો શક્તિ હતી, પણ જેવું નિમિત્ત આવે ત્યાં થાય.' હવે આટલી આટલી ચર્ચા થઈ છે ભાઈ, તોય હવે ઈની ઈ વાત રહી. આહાહા! (શ્રોતા : કિનકા કહેના હૈ યે) કોઈ છે બુલંદ શહેરનો કો'ક. ફૂલચંદજીએ (કહ્યું), ઉપાદાનમાં ઉપાદાનથી જ કાર્ય થાય છે. નિમિત્ત કાંઈ કાર્ય કરતા નથી, પણ હોય છે. તો કહે, 'નહીં એમ નહીં.' (શ્રોતા : નિમિત્ત વિના કામ નહીં ચલે.) નિમિત્ત વિના કામ નહીં ચલે. (શ્રોતા : નિમિત્ત હોય જ તે પછી કામ ન ચાલવાનો પ્રશ્ન જ ક્યાં છે) આ પણ નિમિત્ત હોય છે તો એના કાર્યમાં છે. આહીં કાર્ય થયું ત્યાં નિમિત્ત ક્યાં ગરી ગ્યું છે?

ઈ 'જૈન સંદેશ'માં છે. આહા! છતાં પાછા એ, એણે નાંખ્યું એમ કહું છું. આહા! સંદેશ વાળાએ (શ્રોતા : એની જ માર્મિકતા છે ને) એણે સામું વાંચ્યું છે, બધું કર્યું છે. આમ દલીલ આપી છે એની માળે. આમ થાય, પાણીને ઠંડું હોય તો એને બરફ જોઈએ. પણ ગરમ કરવું હોય તો અગ્નિ જોઈએ. એની મેળે થઈ જતું હશે? (શ્રોતા : એની મેળે જ થાય ને) (શ્રોતા : માટીમાં શક્તિ હોય તો અનેક.....) અનેક તો આ બનાવે, આ બનાવે એમ, ફલાણું બનાવે. પણ ધૂળેય બનાવે નહીં સાંભળને! જે પર્યાય થવાની એ જ પર્યાય થાય. આહા! કેટલી (સ્પષ્ટતા થઈ હતી). ખાનિયા ચર્ચામાં. એ ચર્ચા આવી ગઈ છે. (શ્રોતા : બધું ય આવી ગયું છે) જયપુરની ખાનિયા ચર્ચાની. (શ્રોતા : જયપુરનું જયપુરમાં રહી ગયું). કર્તા કર્મ ક્રિયાની આઠમું. (પદ) કર્તા કર્મ અને ક્રિયાનું એકત્વ.

કર્તા, કર્મ અને ક્રિયાનું એકત્વ (દોહરા)

**करता करम क्रिया करै, क्रिया करम करतार।**
**नाम-भेद बहु विधि भयौ, वस्तु एक निरधार॥८॥**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :** બહુ વિધિ=અનેક પ્રકારનો નિરધાર=નિશ્ચય.

**અર્થ :**–કર્તા, કર્મ અને ક્રિયાનો કરનાર છે, કર્મ પણ ક્રિયા અને કર્તારૂપ છે, તેથી નામના ભેદથી એક જ વસ્તુ કેટલાય રૂપ થાય છે. ૮ વળી–

अर्थ : कर्ता, कर्म और क्रियाका करनेवाला है, कर्म भी क्रिया और कर्तारूप है, सो नामके भेदसे एक ही वस्तु कई रूप होती है।।८।। पुनः –

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કરનારો–રચનારો અને એનું કર્મ–કાર્ય અને એનું પલટવાની ક્રિયા.....'ક્રિયાકા કરનેવાલા હૈ. 'कर्ता, कर्म और क्रियाका करनेवाला है, कर्म भी क्रिया और कर्तारूप है'. ત્રણે એક છે, એમ કહે છે. કર્તા, કાર્ય અને ક્રિયા કરનેવાલા એક હૈ અને કર્મ અને ક્રિયા અને કર્તા પણ એક જ છે. આહા! બીજો એની ક્રિયા કરે ને બીજો એનો કર્તા છે ને બીજાનું એ કર્મ છે, એમ છે નહીં. આહા! માટીમાં લ્યો, કુંભાર ન આવે તો ઘડો થાય એની મેળે? હવે સાંભળને હવે! ઘડાની પર્યાયનો કાળ માટીમાં થવાને કાળે પોતાથી થાય છે, ત્યાં કુંભારથી ઘડો થતો નથી. લ્યો, આ દાળ–ભાત–રોટલા પડ્યા રહે ઓલામાં, એની મેળે બફાશે? ઉનાં પાણી કરશે, એમાં ચોખા નાંખશે, તેના પ્રમાણમાં નાંખે તો. સમજાણું કાંઈ?

એવું નાખે છે કે નહીં? ઓલા શું કહેવાય? બેઠા ચોખા કરે ઈ. એકલું પાણી નાંખે આમાં. એટલું ને એટલું પાણી ચડી ચોખા થઈ જાય એમાં. પાણી ઓસાવા ન પડે, ઓસાવા ન પડે. (શ્રોતા : એમાં કસ નીકળી જાય) બેઠા ચોખા કહે છે ને બેઠા ચોખા, કહે અમારે. ભઈ યાદ નથી? (શ્રોતા : બેઠા ભાત) ઓલા ચોખા નાંખે છે ને પછી આટલું પાણી, એનું માપ હોય. (શ્રોતા : વધે નહીં) આટલું પાણી રાખે પછી એ બરાબર ચોખા પલળી જાય, રંધાઈને એમાં સમાઈ જાય બધું. એને ઓલું કરવું ન પડે, ઓસાવું ન પડે. તે એની મેળે ઈ થાતું હશે? (શ્રોતા : એની મેળે જ થાય છે ને, કેનાથી થાય?) આહાહા! એ તો બાપુ તને ખબર નથી ભાઈ! એ ચોખાનો એક એક રજકણ પોતાને કારણે ત્યાં બફાઈને પાકો થાય છે. પાણી અને અગ્નિને લઈને નહીં. આહાહા! બધું ત્રણે–કર્તા કર્મ ને ક્રિયા અભેદમાં હોય છે, એમ કહે છે. પરની સાથે (સાથે) કાંઈ સંબંધ છે નહીં. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૪૦, ફાગણ સુદ ૧૫ ગુરૂવાર ૧૧-૩-૧૯૭૧
## કર્તા કર્મ ક્રિયાદ્વાર પદ્ય ૯, ૧૦ ઉપર પ્રવચન.

.....એમ કહતે હૈં સમજમેં આયા? તો ઉસમેં ઐસે કહતે હૈં કે શ્વેતાંબરકી વાણી ભી વીતરાગકી વાણી નહિ હૈ, એમ કહતે હૈં.

આઠમો કળશ છે. નીચે આઠ

**नोभौ परिणमनः खलु परिणामो नोभयोः प्रजायेत।**
**उभयोर्न परिणतिः स्याद्यदनेकमनेकमेव सदा॥८॥**

એનું નવમું પદ. આઠમાનો.

एक करम करतव्यता, करै न करता दोइ।
दुधा दख सत्ता सधी, एक भाव क्यौं होइ॥९॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :** દુધા=બે પ્રકારે.

**અર્થ :**–એક કર્મની એક જ ક્રિયા અને એક જ કર્તા હોય છે, બે નથી હોતા, તો જીવ–પુદ્‌ગલની જ્યારે જુદી જુદી સત્તા છે ત્યારે એક સ્વભાવ કેવી રીતે હોઈ શકે?

**ભાવાર્થ :**–અચેતન કર્મનો કર્તા અથવા ક્રિયા અચેતન જ હોવી જોઈએ. ચૈતન્ય આત્મા જડ કર્મનો કર્તા નથી થઈ શકતો. ૯

अर्थ :–एक कर्मकी एक ही क्रिया व एक ही कर्ता होता है दो नहीं होते, सो जीव पुद्‌गलकी जह जुदी जुदी सत्ता है तब एक स्वभाव कैसे हो सकता है?

भावार्थ :–अचेतन कर्मका कर्ता वा क्रिया अचेतन ही होना चाहिए। चैतन्य आत्मा जड़ कर्मका कर्ता नहीं हो सकता॥९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? 'एक करम करतव्यता'. જડ અને આત્મા જે ભિન્ન–ભિન્ન છે, એનું વર્તમાન જે કાર્ય–પર્યાય થાય, એનો કર્તા તે દ્રવ્ય એક છે. એ કર્તવ્યના બે દ્રવ્ય કર્તા નથી. સમજાય છે? જેમ કે આત્મામાં રાગ અને દ્વેષ થાય, એ અજ્ઞાન આત્માનું કર્મ નામ કાર્ય છે. એ કાર્ય જીવ પણ કરે અને કર્મ પણ કર્તા થઈને એ વિકાર કરે, એમ બનતું

નથી. 'नौभो' એમ છે ને! પાઠમાં પહેલો. એમ 'एक करम करतव्यता, करै न करता दोइ'—એક કામ બે ભેગાં થઈને કરે નહિ. કહો, જ્ઞાનાવરણીય કર્મનો ઉદય એ જ્ઞાનાવરણીયનું કાર્ય અને આત્મામાં જ્ઞાનની હીણતા થવાનું કાર્ય એ જીવનું. એ જ્ઞાનની હીણતાનું કાર્ય જીવ પણ કરે, અને કર્મ પણ કરે એમ બની શકે નહિ. કહો, બે ભેગા થઈને કરે, એ આવે છે ને ઈ બધા! હળદર ને ફટકડી બે ભેગા થઈને લાલ રંગ થાય. કાંઈ ભેગું થઈને થતું નથી, સ્વતંત્ર છે ઈ તો. સમજાણું કાંઈ?

બધા દાખલો ઈ આપે છે, 'સમયસાર'માં આવે છે ઈ. હા, જયસેનઆચાર્યનું. બધા ઈ દાખલો આપે કે જેમ પુત્રના માતા–પિતા(જનક) બે હોય, એકથી પુત્ર ન હોય. એમ કાર્યનાં બે કારણ હોય, એક કારણથી થાય નહિ. એય! આહા! એ તો બે કારણો સમજાવવા જુદી એક (વસ્તુ) છે, એમ બતાવવા વાત કરી છે. બાકી કાર્ય તો જીવ પોતે પોતાનો વિકાર કરે, એનો કર્તા અજ્ઞાની પોતે છે. એ વિકાર પોતે પણ કરે અને કર્મ પણ કરાવે, એમ બનતું નથી. એમ બીજી વાત. જીવની દયા પળે, સામે જીવ છે એનું આયુષ્ય હોય એટલે ઈ બચે. એનું કાર્ય એક એ કરે. પણ જીવ પણ બચાવવાનું કામ કરે, બે ભેગાં થઈને એનું કાર્ય કરે એમ બનતું નથી. (શ્રોતા : ભાગીદારી ન થાય?) ભાગીદાર કોણ હતો? કોણ ભાગીદાર? આહાહા! સમજાણું કાંઈ?

પંડિતજી! તો પરકી દયા પાળ સકતે નહિ આત્મા? આત્મા રાગ કરે. રાગનું કર્તવ્ય અજ્ઞાનપણે પોતે માને. પણ એ પરની દયા પાળી શકું છું, એ કાર્ય હું કરી શકું છું, એમ એક કાર્યનાં બે કર્તા હોઈ શકે નહિ. આહાહા! (શ્રોતા : હવે આ દાખલા આપો, ત્યારે અમારી વાત ખોટી સમજમાં પડે.....) કહો જેઠાભાઈ, સમજાણું કાંઈ? બે આના અથવા રૂપિયો છે એક લ્યો. એક રૂપિયો આમ જાય છે આમ. એક કર્મ-કર્તવ્ય પરમાણુનું છે અને જીવ પણ એને જવાનું કાર્ય કરે પૈસા દેવાનું, એક કામનાં બે કર્તા હોઈ શકે નહિ. (શ્રોતા : જડ ન કરે તો જીવ કરે, એમ માનો તો એક કર્તા થયો ને). પણ જડ–ચૈતન્ય બે, આહીં તો એ કીધું જુઓ.

'एक भाव कयौं होइ दुधा दख सत्ता सधी' જડ ને ચૈતન્યની બે સત્તા જ્યાં ભિન્ન સધાય છે ત્યાં એક....એકનાં કાર્ય બે કરે એમ કેમ બને? પોતાની સત્તાનો નાશ થઈ જાય તો કામ થાય. કહો સમજાણું કાંઈ? આ સોળમી ગાથાના બધા શ્લોકો છે આ બધા. ૮૬ છ્યાસી.....છ્યાસી.....છ્યાસી આ તે છે ને! આ ('સમયસાર') કર્તાકર્મ (અધિકાર) છે ને. એના શ્લોકો છે, આ બધા કળશો.

જુઓ અર્થ : 'एक कर्मकी एक ही क्रिया'.....એક કર્મ એટલે કાર્ય એની એક

જ ક્રિયા હોય અને કર્તા પણ એનો (એક જ હોય.) સમજાણું કાંઈ? દયાના ભાવ થાય, એ વિકલ્પનો કર્તા એકલો અજ્ઞાની. એ દયાના ભાવ કર્મ પણ કરાવે અથવા સામે દુઃખી છે માટે આહીં દયાના ભાવ થયા એટલે એણે પણ કરાવ્યું અને આણે કર્યું.....નહિ. આરે! કહો, આ નોટ છે એ જાય છે આમ. એ નોટનું જવું એ જડનું કર્મ છે. કર્મ નામ કાર્ય. એમાં આંગળી એને આમ હલાવીને આપે, એ આંગળીનું પણ એ કાર્ય અને એનું (નોટનું) પણ કાર્ય, બેનું એ પૈસા જવાનું કાર્ય એમ બની શકતું નથી. શાંતિભાઈ, બરાબર હશે આ? ભારે તો તો! આ કોઈ કોઈનું કરે નહિ પછી થઈ રહ્યું! સમજાણું કાંઈ?

'એક કર્મની એક જ ક્રિયા અને એક જ કર્તા હોય.' જે કંઈ પરમાણુ અને આત્મામાં જે સમયે જે દશા થાય, તે તેનું કર્મ કહેવાય. કર્મ નામ કાર્ય–પર્યાય. દ્રવ્ય એટલે આત્મા અને પરમાણુ એ દ્રવ્ય છે. એની જે સમયની જે પર્યાય થાય તે તેનું કાર્ય. કાર્ય કહો કે કર્મ કહો. તે કર્મનો કર્તા બે દ્રવ્ય હોઈ શકે નહિ. આત્મા પણ કર્તા અને કર્મ પણ કર્તા, બીજો પણ કર્તા એમ બે હોય નહિ. બે ભાગીદાર થઈને અર્ધું આ કરે ને અર્ધું આ કરે. સમજાણું કાંઈ? એમ હોઈ શકે નહિ. 'एक कर्मकी एक ही क्रिया व एक ही कर्ता होता है', બસ.......સમજાય છે કાંઈ?

એક જ કાર્યનાં અને એક જ ક્રિયાનાં.....એક ક્રિયા અને એક કર્મ, એના બે કર્તા હોઈ શકે નહિ. આ સિદ્ધાંત છે, પછી તો દાખલો આપે ત્યારે સમજાય કે આ ભગવાનની મૂર્તિ સ્થાપનરૂપી કાર્ય થાય, એ કાર્ય પરમાણુએ પણ કર્યું અને જોડે રહેલો એણે પણ એ સ્થાપનનું કાર્ય કર્યું, એમ છે નહિ. કહો સમજાય છે કાંઈ? એક અથવા પરમાણુ અને આત્મામાં બદલતી અવસ્થા, પલટતી અવસ્થા એ અવસ્થારૂપી ક્રિયા જે ક્ષણે તેની જે ક્રિયા થઈ, તેનો કર્તા તે દ્રવ્ય એક છે. બે દ્રવ્ય થઈને પલટતી ક્રિયા થાય. આમ બદલ્યું છે ને.....બદલે છે ને.....બદલે છે તે એકરૂપ કેમ ન રહી? આત્માનાં વિચારો બદલે.....કર્મની અવસ્થા બદલે.....શરીરની અવસ્થા બદલે તો બદલવાની ક્રિયા પહેલી હતી બીજી અને બીજી થઈ, તો એ ક્રિયાનાં કર્તા બે હોય તો થાય કે એક હોય તો થાય? એક પોતે કર્તા છે એ ક્રિયાનો જે પરિણમિત જે દ્રવ્ય પરિણમ્યું તે, જુઓ, એ આવ્યું. 'दुधा दरव एक करम करतव्यता करै न करता दोइ'. પાઠમાં તો એમ છે જુઓ.

'नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायत उभयोर्न परिणतिः'—બેની ક્રિયા ન હોય. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાત ભાઈ! બીજાની દયા પાળી શકીએ. જૂઠ છે, એમ કહે છે. કેમ કે એ પરમાણુઓ અને આત્મા બે ભિન્ન તત્ત્વ છે અને દયા પાળનારનો વિકલ્પ તે એનાથી ભિન્ન છે. એટલે વિકલ્પ છે તો ત્યાં એ દયા પાળે છે સામાની, એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? 'नोभौ'....दो नहीं होते, सो जीव

पुद्‌गलकी जब जुदी जुदी सत्ता है' પાઠમાં છે ને! 'दुधा दरव सत्ता सधी', જ્યાં એક આત્મા અને બીજો આત્મા, એની સત્તા જ ભિન્ન છે, હોવાપણું જેનું જુદું છે. એમ આત્મા અને જડનું હોવાપણું જુદું છે. એ હોવાપણાના જુદામાં જુદાની ક્રિયા બે થઈને કરે, એમ હોઈ શકે નહિ. કહો શું હશે આમાં, ફૂલચંદભાઈ?

ધંધો ય કરે ને આત્મા રાગેય કરે એમ બે હશે? આરે! ધંધાની ક્રિયા એ કરે. કહો ભીખાભાઈ, એ બંગડીને પહેરાવવાની ક્રિયા પણ કરે. (શ્રોતા : રાગ જ છે. ભગવાન હું તો મારો રાગ કરું છું.) પણ બે કલાક ત્યાં જઈને એટલું ધ્યાન રાખે તો ઈ કાર્ય થાય કે નહિ? (શ્રોતા : એ બાપુ.....બધા મરી ગ્યા.....) મરી ગ્યા! બે કલાક જાય દુકાને. ઘરે ન ગોઠતું હોય તો હાલો ભઈ, બે કલાક ત્યાં જઈને ધ્યાન રાખીએ, જરી કેમ છે એમ. તો એ કાર્યનો પોતે પણ સાવધાન થઈને કરે તો પોતે પણ કર્તા અને એ જે કામ થાય એનો એ પણ કર્તા. બે થઈને એ ક્રિયાનો કર્તા એમ બની શકે કે નહિ? પોપટભાઈ! કે સારા છોકરાને ત્યાં બેસાડો એકલા કામ કરતા હોય ઈ કરતાં તમે જઈને કરો તો બે ફેર પડે કે નહિ કામમાં? (શ્રોતા : ફેર તો પડે જ ને.) ફેર પણ કોને લઈને પણ? (શ્રોતા : બે કારણે ફેર ન પડે?) થઈ રહ્યા! ઈ જ કહે છે આંહી. આહાહા!

શેઠનો ભાવ શેઠ પાંહે અને જડનો ભાવ જડ પાંહે. કોઈ કોઈનો ભાવ કોઈ કરે. ત્રણકાળ ત્રણલોકમાં એમ બનતું નથી. ભારે કામ ભાઈ! (શ્રોતા : એક વાર જો જીવ હાથી કે ભવમેં ઉસકી દયા કી ઔર.....) દયા યે બાત જૂઠી હૈ સબ. દયા સે પરિત સંસાર કિયા, ઐસા આતા હૈ ને વહ મેઘકુમારકી. યે બાત હી જૂઠી હૈ. (શ્રોતા : હાથીકે ભવમેં દયા.....) એ ભાઈસા'બ, કલ્પિત શાસ્ત્ર બનાયા હૈ, આ કંઈ ભાઈ આ પરિત...પરકી દયાકા ભાવ તો વિકલ્પ–રાગ હૈ. રાગસે સંસાર પરિત હોતા હૈ? એ જ્ઞાતાસૂત્રમાં આવે છે. પહેલો જ છે ને. .....પગ ઊંચો કર્યો. હાથી.....હાથીએ પગ ઊંચો કર્યો. સસલું પેસી ગયું. એની દયા પાળી તો.....પરિત સંસાર કિયે. એ સિદ્ધાંત જ જૈનનું નથી.

પોપટભાઈ, સાંભળ્યું'તું કે નહિ? એ મેઘકુમારનું નહિ સાંભળ્યું હોય. થોડું થોડું સાંભળ્યું હશે. (શ્રોતા : સંસાર તો કિયા) હા, સંસાર તો કિયા, ઐસા પાઠ હૈ. પરિત્સંસાર કિયા, સંસારકા ઘટા દિયા. પરકી દયાકા ભાવસે સંસાર ઘટ દિયા, વાત જ જુઠી હૈ. ઐસે સમ્મેતશિખરકી જાત્રા કિયા. તો કહતે હૈં ને 'એક વાર વંદે જો કોઈ, નરક પશુ ન હોઈ' ઉસકા અર્થ ક્યા? ક્યા સમ્મેતશિખરકો વંદનસે.....વો તો ભાવ શુભ હૈ, રાગ હૈ, પુણ્ય હૈ. ઉસસે સંસાર પરિત નહીં હોતા, નાશ નહીં હોતા. આહાહા! સમજાય છે કાંઈ?

એક કામનાં બે કર્તા હોય, એક ક્રિયાના બે કર્તા હોય, બની શકે નહિ. એ સમ્મેદશિખરે અહીંયા શુભરાગ કરાવ્યો, ઐસા નહિ. ભગવાનની પ્રતિમા હૈ તો યહાં શુભભાવ હુઆ, ઐસા હૈ નહિ, એમ કહતે હૈં. ક્યોં? શુભભાવરૂપી કર્મ આત્મા કરતે હૈં અને પ્રતિમા ઉસકી પર્યાયકી કર્તા વહ પ્રતિમા હૈ. વહ પર્યાય જો હૈ ઉસકા કર્મ હૈ પ્રતિમાકી, ઉસકા કર્મકા વહ કર્તા હૈ. આ રાગકા કર્તા દૂસરા હૈ. તો પ્રતિમા રાગ–શુભભાવ કરાતે હૈં, એ બાત ઐસી સચ્ચી હૈ નહિ. ભારે વાત ભાઈ! કહો સમજાય છે કાંઈ? 'जीव पुद्गलकी जब जुदी जुदी सत्ता है तब एक स्वभाव कैसे हो सकता है?' તેમ બે થઈને એક ભાવ કૈસે બન શકે? બન શકતે નહિ.

'अचेतन कर्मका कर्ता वा क्रिया अचेतन ही होना चाहिए', દેખો. આ શરીર ચલતે હૈં યહાં ઐસે, તો વહ ક્રિયાકા કર્તા પરમાણુ હૈ, આત્મા નહિ. (શ્રોતા : તો હવે આખો પગ ઉપાડવો કે ન ઉપાડવો?) કોણ ઉપાડે? તે એમાંથી આવ્યું છે. પગ ઉપાડ્યો તો પરિત સંસાર થયો. ઘણી ચર્ચા કરી'તી ભાઈ સાથે ઓલો ગાંધી નહિ તમારો રાજકોટનો. કોણ? ગોકુળદાસ ગોકુળદાસ ગાંધી. રાજકોટના હતા ને દેરાવાસી. એની સાથે ખૂબ વાત થઈ'તી. લખો શાસ્ત્ર અને ચર્ચા કરો. ઉઠાવો કીધું એમાં. આમ મેઘકુમારના દયાના ભાવે સંસાર પરિત થયો, એ વાત સાચી છે? બને એમ કોઈ દિ' ત્રણ કાળમાં પર દ્રવ્યની દયાથી? અને બીજા દસ બોલ હતા સાધુના. મિથ્યાદૃષ્ટિ હતો સુબાહુકુમારનો અધિકાર આવે છે.

મિથ્યાદૃષ્ટિ દાન દેનારા ને ધર્મીને દાન આપે છે અને પરિત સંસાર કરે છે. તો પરને દાન દેવાના ભાવથી સંસાર પરિત થાય એ વાત સાચી છે જિનસત્યની દૃષ્ટિએ? જૂઠી દૃષ્ટિ છે. વહ સુબાહુકુમારનાં છે ને દસ બોલ. સુબાહુકુમાર સાધુકો આહાર દેતે હૈં અને પરિત સંસાર કરતે હૈં, સાથે વિપાકમેં. સબ જૂઠી બાત. એ જૈન સિદ્ધાંત હી નહીં હૈ. એ તો કલ્પિત અપને કારણસે બનાયા હુઆ હૈ, ઐસી બાત હૈ. (શ્રોતા : મનઘડંત) મનઘડંત. આહીં તો કહતે હૈં કે દિગંબર સંપ્રદાયમેં રહેકર ભી કોઈ દો દ્રવ્ય મિલકર કાર્ય એક હોતા હૈ, ઐસે માને તો મૂઢ મિથ્યાદૃષ્ટિ હૈ. (શ્રોતા : વળી એક દ્રવ્ય બીજાનું ન કરે તો દિગંબર જૈન નથી) હા, એ વળી એમ કહે છે એક જણો, લ્યો. રતનજી કહતે થે ઇંદૌર મેં. 'એક દ્રવ્ય દૂસરા દ્રવ્યકા ન કરે, ઐસા માનના વહ દિગંબર જૈન નહિ. કહો ઠીક! આહીં કહે છે કે એક દ્રવ્ય દૂસરા દ્રવ્યકા કરે, વહ દિગંબર જૈન નહિ. સમજમેં આયા?

'भावार्थ : अचेतन कर्मका कर्ता वा क्रिया अचेतनकी ही होना चाहिए। चैतन्य आत्मा जड़ कर्मका कर्ता नहीं हो सकता'

નવમો શ્લોક. આ બાજુ નીચે છે નવમો.

'नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।
नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात्॥९॥

એક તે અનેક કદી થતું નથી. આહા! 'कर्ता, कर्म और क्रिया पर विचार' દસમું ૫૬.

કર્તા, કર્મ અને ક્રિયા પર વિચાર (સવૈયા એકત્રીસા)

एक परिनामके न करता दरव दोइ
दोइ परिनाम एक दर्व न धरतु है।
एक करतूति दोइ दर्व कबहूँ न करै,
दोइ करतूति एक दर्व न करतु है॥
जीव पुद्गल एक खेत-अवगाही दोउ,
अपनें अपनें रुप कोउ न टरतु है।
जड़ परनामनिकौ करता है पुद्गल,
चिदानंद चेतन सुभाउ आचरतु है॥१०॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :** કરતૂતિ=ક્રિયા. એક ખેત-અવગાહી(એક ક્ષેત્રાવગાહી)=એક જ સ્થાનમાં રહેનાર. ના ટરતુ હૈ=ખસતું નથી. આચરતું હૈ=વર્તે છે.

**અર્થ :**–એક પરિણામના કર્તા બે દ્રવ્ય નથી હોતાં, બે પરિણામોને એક દ્રવ્ય નથી કરતું, એક ક્રિયાને બે દ્રવ્ય કદી નથી કરતાં, બે ક્રિયાઓને પણ એક દ્રવ્ય નથી કરતું. જીવ અને પુદ્ગલ જો કે એક ક્ષેત્રાવગાહી છે તોપણ પોતપોતાના સ્વભાવને નથી છોડતા. પુદ્ગલ જડ છે તેથી અચેતન પરિણામોનો કર્તા છે અને ચિદાનંદ આત્મા ચૈતન્યભાવનો કર્તા છે. ૧૦

**अर्थ :** एक परिणामके कर्ता दो द्रव्य नहीं होते, दो परिणामोंको एक द्रव्य नहीं करता, एक क्रियाको दो द्रव्य नहीं करते, दो क्रियाओंको भी एक द्रव्य नहीं करता। जीव और पुद्गल यद्यपि एक क्षेत्रावगाह स्थित हैं तो भी अपने अपने स्वभावको नहीं छोड़ते। पुद्गल जड़ है इसलिए अचेतन परिणामोंका कर्ता है और चिदानंद आत्मा चैतन्यभावका कर्ता है॥१०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એ છે ત્યાં, ઈ જ છે ને, સામે છે. શું ક્યા કહતે હૈં, દેખો.'एक परिनाम के न करता दख दोइ' જ્ઞાનાવરણીયકર્મ જો બંધતે હૈં, એ બંધવાની ક્રિયાનાં બે કર્તા નહિ.

અર્થાત્ જે જ્ઞાનાવરણીય કર્મનાં છ કારણ બાંધવાના છે, એ બાંધવાના કારણે પણ કર્મ બંધાણું અને કર્મ પોતાથી પણ બંધાણું, ઐસા દો કર્તા હૈ નહિ. બે કર્તા નથી. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનાવરણીય કર્મ બાંધે એ વાત તદ્દન જૂઠી છે. (શ્રોતા : નિશ્ચય હૈ કે વ્યવહાર?) પણ એ વ્યવહાર નિશ્ચય ક્યા બીજો હતો? વ્યવહાર તો ત્યાં બંધનની ક્રિયા જડમાં થાય છે ત્યાં આત્માના પરિણામ નિમિત્ત છે, એથી વ્યવહારે કહેવામાં આવે કે આત્મા કર્મને બાંધે, નિશ્ચયે એમ છે નહિ. આહાહા! ભારે વાત!

કહો દર્શનાવરણીયકર્મ આત્મા, આવે છે ને શાસ્ત્રમાં? છ કારણે જ્ઞાનાવરણીય બંધાય, છ કારણે દર્શનાવરણીયકર્મ બંધાય. વહ પંડિતજી, આતે હૈં? એ કહતે હૈં કે વહ તો નિમિત્ત ક્યા થા બંધનમેં? વહ બતાનેકી ચીજ હૈ. પણ આત્મા વહ છ પરિણામ કરે જ્ઞાનકી અશાતના, જ્ઞાન કી વિરાધના વહ કામ ભી આત્મા કરે અને આત્મા જ્ઞાનાવરણીયકા બંધન ભી કરે, ઐસા એક પરિણામનાં બે કર્તા હોઈ શકે નહિ. કર્મનાં પરિણામ જીવ પણ કરે અને કર્મનાં પરિણામ જડ પણ કરે, એમ થઈ શકે નહિ. સમજાણું કાંઈ? આ મોટો અત્યારે વાંધો છે આખો, ઉપાદાન ને નિમિત્તનો. નિમિત્ત આવે તો થાય, એ વાત તદ્દન જૂઠી છે. ઉપાદાન તે તે દ્રવ્યની તે તે સમયની જે જે ક્રિયા થાય, તે તે ક્રિયાનો કર્તા તે તે દ્રવ્ય છે. તે ક્રિયાનાં બે કર્તા હોઈ શકે (નહિ.) છે? 'एक परिनामके न करता दरव दोइ' સમજાણું કાંઈ?

કહો છ છોકરા અને પોપટભાઈ સાત મળીને સંચો કરે એ વાત સાચી હશે? (શ્રોતા : અરે મોટી કંપની કરીને કરે) કંપની કરે. કોઠારી બ્રધર્સ. ફલાણું બ્રધર્સ ને એમ નામ આપે છે ને કાંઈ? એ બીજાય આપતા હશે ને એવા નામ સૌના હશે એના લ્યો. ભાઈનું નામ એકનું ન દેવું હોય તો કોઠારી બ્રધર્સ. (શ્રોતા : વોરા બ્રધર્સ) વોરા બ્રધર્સ. તો ઈ બધા વોરા ભેગા થઈને કામ કરતા હશે? દીવો ઓલાણો દીવો. એને આંગળી અડી એટલે દીવો ઓલાણો. પવન અડ્યો એટલે દીવો ઓલાણો, એમ છે નહિ. દીવા ઓલવાની ક્રિયાનો કર્તા એ દીવો પોતે છે. આંગળી ને પવનથી દીવો ઓલાય એવા બે દ્રવ્યથી ક્રિયા થાય, એવું વસ્તુનાં સ્વરૂપમાં નથી. ભારે વાત ભાઈ! (શ્રોતા : બધી વાતમાં ભૂલ). બહુ પણ ફેર બધી વાતમાં! આહાહા!

કહે છે 'दोइ परिनाम एक दर्व न धरतु हैं'. પહેલાં એમ કહ્યું, એક પરિણામનાં બે કર્તા નહિ. સમજાણું કાંઈ? જીવની દયા પાળવાની ક્રિયા, એ પરિણામ સામાનાં થયા. એ પરિણામનાં કર્તા બે નહિ. એ જીવ પણ એ પરિણામથી બચ્યો અને જીવનાં ભાવ બીજાએ કર્યા બચાવવાનાં માટે તે બચ્યો, એમ નથી. કહો સમજાણું કાંઈ? 'एक परिनामके न करता दरव दोइ, दोइ परिनाम एक दर्व न धरतु हैं'. બે પરિણામ

એક પદાર્થ ધારણ કરે (નહીં). જીવ રાગને પણ કરે અને સામા જીવની દયાનાં પરિણામને કરે. દયા ને રક્ષાનાં સામાની રક્ષા, એવા દો પરિણામ એક દ્રવ્ય ન કરે. એક ધરતુ નહિ—બે પરિણામ એક દ્રવ્ય ધારી શકે નહિ. ભારે.....ભારે ચોખવટું! આ તો નિમિત્તથી ન થાય, એમ આમાં તો આવે છે જુઓ.

નિમિત્ત નિમિત્તનાં કાર્યને કરે. ઉપાદાન ઉપાદાનનાં કામને કરે, એમ છે આમાં. હમણાં વાંધો ઉઠાવ્યો એનો, ફૂલચંદજી સામે કે 'નહિ આમ થાય. પાણી ઠંડું હોય એને ઊનું અગ્નિ આવે તો થાય, એની મેળે ઊનું ન થાય'. આંહી કહે છે કે પાણી ઠંડાનું ઊનું થયું, એ પરિણતિની ક્રિયા અગ્નિએ નથી કરી, પાણીએ કરી છે. પણ દ્રવ્ય ભિન્ન ભિન્ન દ્રવ્ય છે કે નહિ? પાણી ભિન્ન દ્રવ્ય છે, અગ્નિ ભિન્ન દ્રવ્ય છે. બેની સત્તા ભિન્ન છે. તો સત્તા ભિન્ન એ એક પરિણામનાં બે સત્તા કામ કેવી રીતે કરે? સમજાણું કાંઈ? આહાહા! (શ્રોતા : આ દૃષ્ટાંતથી આ ન્યાય બેસે છે). એમ બેઠ્યા વિના એનો નિવેડો નથી.

વસ્તુની સ્થિતિ એવી છે. એ કાંઈક પરાણે બેસાડવાનું નથી. સમજાણું કાંઈ? વસ્તુની મર્યાદા એવી છે. પાણી આગકે બિના હી ગરમ હોતા હૈ, ઐસા કહતે હૈં. પાણીકા પરમાણુ અપની પર્યાય ઠંડી હૈ, વહ બદલ કર ક્રિયા બદલકર ઉષ્ણ અપનેસે હોતી હૈ. એ ક્રિયાનાં બે કર્તા નહિ. અગ્નિ ભી પર્યાયકા કર્તા અને પાણી ભી કર્તા, ઐસા નહિ. ઔર વહ પરિણામ બે દ્રવ્ય ધારી શકે, ઐસા નહિ. એ વાત જ બધી ગૂમ થઈ ગઈ. બધા આ કરો.....આનું કરો ને આનું કરો. આહા! એ વાત જ એટલી છે. એ તો અમારે જાણીતા છે....વાતમાં નથી. બહુ ફેર પડી ગ્યો. ઘણો ફેર પડ્યો. ઓહોહો! અનંત તત્ત્વ માનના અને એક તત્ત્વની થતી ક્રિયામાં બે તત્ત્વનો ભેળસેળ માનના, એ અનંત તત્ત્વો પૃથક રહ સકતે નહિ. ન્યાય છે ને ન્યાય, બાત ઐસી હૈ. મલૂકચંદભાઈ, શું હશે આ? ઓહોહો!

'दोइ परिनाम एक दर्व न धरतु है'—બે પર્યાય એક દ્રવ્ય કરે, એમ બને નહિ. અગ્નિ પોતાની પર્યાયને કરે અને અગ્નિ પાણીની ઊની પર્યાયને કરે, એમ બનતું નથી. અગ્નિ પોતાની પર્યાયને કરે, પાણી પોતાની પર્યાયને કરે, આમ છે. (શ્રોતા : તો અગ્નિ ઓલાય છે કે નહિ?) એ અગ્નિ પોતાના કારણે ઓલાણી છે, પાણીથી નહિ. એ અગ્નિમાં ઉષ્ણતાની પર્યાય પલટીને ઠંડી થઈ એ ક્રિયાની કર્તા એ અગ્નિ છે, એ પાણી નહિ. આરે.....હવે નક્કી કરો. સત્તા જેની ભિન્ન છે તેનાં પરિણામ બીજા કરે, તેમ ત્રણ કાળમાં બની શકે નહિ. ઈશ્વર કર્તા તો નથી જગતનો, એ તો ક્યાંય રહી ગયો વાત, આહાહા! પણ એક તત્ત્વ બીજા તત્ત્વની પર્યાયને કરે, એ ત્રણ કાળમાં બનતું નથી. આહાહા!

આપણે આમ કરો.....આપણે આમ કરો, લ્યો. લૌકિક ઈ જ વાતું આવે છે ને લૌકિકમાં, એક 'જૈનપ્રકાશ'માં આવી છે વાત પ્રમાણિકતાની. એવી વાતો સારી લાગે લોકોને. પહેલા હતા હજરતઅલી. એની એક વાત 'જૈનપ્રકાશ'માં. હજરતઅલી આતા હૈ ને મુસલમાનમાં.....હા, પયગંબર થયાને ઈ પ્રમાણિક બહુ પ્રમાણિક. એટલે લૌકિક ઈ પ્રમાણિકની વાતું કરે એટલે. હજરતઅલી હતા એ રાજનાં કામ કરતા રાજનાં. રાજનાં કામ કરતાં ત્યાં ઓલી પોતાની મીણબત્તી બાળતા. એની રાજની મીણબત્તી. એક માણસ આવ્યો કાંઈક પૂછવા એમને ઘરનું. તે કહે ઘરનું પૂછવા આવ્યો એટલે ઓલી મીણબત્તી બંધ કરી દીધી અને પોતાની ઘરની મીણબત્તી શરૂ કરી. ત્યારે ભાઈએ પૂછ્યું બીજાએ કે સાહેબ આમ કેમ? 'ભાઈ! રાજનાં કામ હોય ત્યાં સુધી મીણબતી રાજની હોય પણ આપણા ઘરના કામ હાટુ એક મિનિટ પણ અમને મીણબતી રાજની બાળવી, ન્યાય નથી.'

એય! એ લોકો તેથી વખણાઈ ગયા બહારમાં નીતિમાં, પ્રમાણિકપણામાં ઘણા. આંહી તો ઠેકાણાં ન મળે પ્રમાણિકપણાનાં. આહાહા! અહીં તો નીતિનાં ઠેકાણાં ન મળે. એય! પોપટભાઈ, એ વાત આવી છે આમાં 'જૈનપ્રકાશ'માં. હજરતઅલી હતા તેણે આમ કહ્યું. અને બીજા એક છોકરાની વાત આવી છે. એક છોકરો હતો એને રસ્તામાં જડ્યો—મળ્યો એક રૂપિયો. એની માએ કહેલું કે જો ભાઈ રૂપિયો મળે તો એ રૂપિયો કાંઈ તારો નથી. એ રૂપિયો તો જેનો છે એ ધણીનો હોય. કો'કનો હોય તો પડ્યો છે ઈ એટલે કોઈથી લેવાય નહિ. છોકરાએ લીધો. લીધો એની માનું યાદ આવ્યું. મારી માએ ના પાડી છે. પૈસો આપણો નહિ.

ફોજદાર પાસે ગયા. 'સાહેબ, આ રૂપિયો રાજ ખાતેનો લ્યો. મને હાથ આવ્યો છે'. ફોજદાર કહે, ઓહોહો! આવો તું પ્રામાણિક, તેં રૂપિયો મળ્યો ક્યાંકનો.....કો'કનો એ ગુંજામાં નાખ્યો, ઈ તારો નહિ. એમ રાખીને દેવા આવ્યો. જા તને ઇનામ આપું છું રૂપિયાનું. ઇનામ આપ્યું કે જા ખાજે. એની મા પાસે ગ્યો. બા, આ પ્રમાણે બન્યું છે. અરે! ફોજદાર કેવો? કો'કનો રૂપિયો અને હરામનું ખાવું તમને આ શીખવાડે એ કઈ જાતનો આ માણસ? ચાલ ફોજદાર પાસે. ખાવાનું કીધું રૂપિયો આપીને ખાજે પકવાન હરામનું, આ કો'કનું. ચાલ ફોજદાર પાસે. ફોજદારને કહે, કેમ કહ્યું? એ કહે પોતે પ્રામાણિકપણે બોલેલો એટલે મને દેવાનું મન થયું. તમને દેવાનો હક્ક શો છે? અને એને દઈને હક્કની પાછળ એને ખાવાનું કહ્યું શીખવાડવું છે ને મફત ખાવાનું. કો'કનું ચોરીને ખાય છે પાછો. આવા પ્રામાણિક શીખવો છો તમે? ફોજદારનાં અમલદાર પાસે ગયા. સાહેબ આણે આ રૂપિયો ફોજદારે આ પ્રમાણે આપ્યો છે. માટે ફોજદારને રદ કરી દ્યો. નોકરી રદ કરી નોકરી. આ તો ઓલી પ્રમાણિકની વાતું. સારી લાગે. નૈતિક જીવન

કેવાં હોય એટલું બાકી ધર્મની નીતિ તો બીજી છે આ. આ તો ભાઈ બીજી વાત છે. સમજાણું કાંઈ?

રામજીભાઈ પ્રમુખ હતા ત્યાં સુધી આંહી પાણી ઊનું કરીને નહાતા. પ્રમુખ (પદ) છૂટી ગયું. હવે ઊનું પાણી નહિ કરો. આહીં નહીં કરો. લે ભાઈ, આહીં શું છે હવે? પાણીમાં નહીં એ હવે ન્યાં. એય! એવું જીવન એમનું એવું છે, પહેલેથી હોં ઘણું ઊંચું જીવન. **પણ લૌકિક પ્રમાણિક્તા તો જોઈએ કે નહિ પહેલી? આ જે તે ગપ્પા મારે આડા–અવળા અને મારે લૌકિકનાં પ્રમાણિકનાં ઠેકાણાં નહિ. એને ધર્મ સમજાય અને બેસે, ત્રણ કાળમાં બેસે નહિ.** સમજાણું કાંઈ? આ તો લોકો તરફ નીતિ છે આ. આ નીતિ લોકો તરફની. આહાહા! શાંતિભાઈ, એવા દાખલા આવે છે. .....ઓલા ભાઈ છે, ચિત્રભાનુ નથી? હા, ઈ આવા દાખલા બહુ આપે એટલે લોકોને બહુ પસંદ પડે. આહાહા!

નીતિના દાખલાઓ. એક પાઈ પણ હરામની કોઈ લે તો એને આખું દુનિયાનું રાજ...શાસ્ત્ર એમ કહે છે હોં, અનીતિથી જેને એક પાઈ પચાવવાની શક્તિ અને નીતિથી જો આખું રાજ મળે તો લેવાની શક્તિ છે. એટલી મમતા છે એની પાંહે. બરાબર છે? અન્યાયથી અને અનીતિથી એક પણ રૂપિયો કે પૈસો કો'કનો લઈને પચાવવો, એને જો અનુકૂળતા હોય અને પુણ્યનો એને જો યોગ હોય તો આખું રાજ દુનિયાનું મળે તો લઈ શકે છે, એટલી એની પાંહે મમતા છે. પોપટભાઈ, એમ આહીં કહે છે કે એક દ્રવ્યનો બીજો દ્રવ્ય કર્તા માને, આખી દુનિયાનાં પર્યાયનો કર્તા એ અજ્ઞાની માની રહ્યો છે. સમજાણું કાંઈ? આહાહા!

સત્ત્વે સત્ત્વ જુદાં.....તત્ત્વે તત્ત્વ જુદાં. એ એક તત્ત્વ બીજા તત્ત્વનું કરે, એ કરનાર હો કોણ પણ? કરનાર છે ઈ પોતે પોતાની સત્તા રાખે છે અને બીજો પણ જે કરનાર છે એના પરિણામનો, એ પણ જુદી સત્તા રાખે છે. તો જુદી સત્તા વાળો જુદી સત્તાનું કાર્ય કરે, તો તો એ વખતે જુદી સત્તાનો અભાવ હોય તો આ સત્તામાં ભળીને કામ કરે. પણ જુદી સત્તાનો અભાવ તો કોઈ દિ' થતો નથી. ન્યાય સમજાય છે? આહાહા! 'એક પરિણામનાં કર્તા દ્રવ્ય દોહી નહિ. દો પરિણામ એક દ્રવ્ય ન ધરતુ હૈ.' બે પર્યાયનો એક દ્રવ્ય કરે, એમ બને નહિ. આહાહા!

'एक करतूति दोइ दर्व कबहूँ न करै,' એ કર્મ લીધું છે હવે. સમજાણું? એક કર્તવ્ય બે મળીને કોઈ દિ' કરે નહિ. એક કર્તવ્ય હોય જડનું કે ચૈતન્યનું, એ કર્તવ્ય બે દ્રવ્ય મળીને કરે, એમ બની શકે નહિ. કહો સમજાણું? એ પ્રશ્ન ઊઠ્યો હતો.....કૈંચી છે ને કૈંચી. કૈંચી ઊંચી કરી સાત–આઠ–દસ જણાએ. એક જણો ન કરી શકે, દસ

જણાએ કરી, કહે વાત ખોટી છે. એક જણાએ કરી નહીં, બીજાએ કરી. કારણ કે દસ.....દસ કાંઈ એક તો થયા નથી. તો એકે કરી નથી અને દસે કરી. દસ તો ભિન્ન–ભિન્ન રહ્યાં છે, તો દસે થઈ નથી, દસેથી થઈ નથી. (શ્રોતા : તો કેમ થઈ?) એનાથી થઈ છે. દસ એક થયાં છે? દસે દસ રહ્યાં છે. જેમ એક કરી શકતો નથી તેમ બીજો કરી શકતો નથી, ત્રીજો કરી શકતો નથી.....ને દસમો કરી શકતો નથી. એમ દસે–દસ જુદાં છે. બરાબર છે? આહાહા! સમજાણું કાંઈ?

'एक करतूति दोइ दर्व कबहूँ न करै', દેખો. ત્રણકાળમાં એક કર્તવ્યનાં બે કરનારા બની શકે, એમ હોઈ શકે નહિ. આહાહા! છોકરાનું પાલન કરવું ને પોતાને રાગ કરવો, બેનાં કાર્ય જીવ કરે, એ બરાબર હશે? ફૂલચંદભાઈ, એ તો બધી ખબર નથી. છોકરા આગળ કાંઈ તમારું ધાર્યું થાતું નથી. તો એનું કાર્ય એ કરે તમારું કાર્ય તમે કરો. એમાં શું કે સૌ સ્વતંત્ર આત્માઓ (છે). એના પરિણામ ઈ કરે અને તમારા.....હવે એના પરિણામ ઈ કરે એથી આહીં નુકસાન પહોંચે છે? છે? બાપ થાય એટલે નુકસાન ન પહોંચે? બાપ કે દિ' હતો પણ? આંહી કહે છે. કાંતિભાઈ, છોકરાએ કાંઈક પરિણામ કર્યા, એથી એના બાપને નુકસાન થાય છે એમ છે કાંઈ? આહાહા! આરે! પોપટભાઈ, શું હશે આ? આહાહા! ભાઈ!

તારી સત્તા ભિન્ન છે અને જડ ને ચૈતન્યો બીજાં છે, એની સત્તા ભિન્ન છે. એની સત્તા મટીને અસત્તા થઈ જાય તો તો તેનાં કાર્ય તું કરે અને તારી સત્તા મટીને અસત્તા થઈ જાય તો બીજાં તારાં કાર્ય કરે, પણ એમ તો બનતું (નથી). આહાહા! સમજાણું કાંઈ? એ આંગળી જે આ હલે છે એ કર્તવ્ય શું કીધું અહીંયા? 'एक करतूति दोइ दर्व कबहूँ न करै'. આ હલે છે એનું કાર્ય પરમાણુ પણ કરે અને આત્માની ઈચ્છા પણ એને હલાવવાનું કામ કરે, એમ ત્રણ કાળમાં બનતું (નથી). આહાહા! (શ્રોતા : ઊલટ–પલટ થઈ ગઈ). ઊલટ–પલટ જગતથી છે, જગત ઊંધું છે. આહાહા! (શ્રોતા : ખભાથી આંગળી ન જ હાલે તો કરવું શું હવે?) કરવું શું? જેમ જે થવા યોગ્ય.....કરવા યોગ્ય હો એ કરવું. આત્મા જ્ઞાનાનંદ છે, તે કરવાયોગ્ય જ્ઞાન ને દર્શન ને આનંદ છે ઈ કરવું. આહાહા! સમજાણું કાંઈ?

'एक करतूति दोइ दर्व कबहूँ न करै, दोइ करतूति एक दर्व न करतु है'— બે કર્તવ્ય એક દ્રવ્ય થઈને કરે, એમ બને નહિ. આ દ્રવ્ય પોતાનું પણ કર્તવ્ય કરે અને પરનું પણ કર્તવ્ય કરે, એમ ત્રણકાળમાં બનતું નથી. (શ્રોતા : એ કાર્યે ય કરે અને કર્મે ય બાંધે.) કોઈ બીજું બાંધે નહિ. વિકાર કરે એટલું કર્તવ્ય કરે. કર્મ બાંધે એ કર્તવ્ય આત્મા કરે નહિ. તેમ આત્મા પોતાની સંવર, નિર્જરા, ધર્મની આત્માને આશ્રયે શુદ્ધતા

પ્રગટ કરીને ધર્મ કર્તવ્ય કરે અને તેથી કર્મનો નાશ થાય, એ કર્મ પણ આત્માય કરે, એમ છે નહિ. કર્મનાં નાશની ક્રિયા કર્મને કારણે થાય છે. આત્માનાં ધર્મની ક્રિયા આત્માને કારણે થાય છે. કર્મ ખસ્યું તો અહીંયા ધર્મ થવાનો પ્રસંગ બન્યો, એમ નથી. આહાહા! કર્મનાં કાર્ય કર્મમાં રહ્યા અને આત્માનું કાર્ય આત્મામાં છે. બે કાર્યનું એક દ્રવ્ય કરે, એમ બની શકતું નથી. તેમ બે પરિણામનો એક કર્તા અથવા એક પરિણામ બે દ્રવ્ય ભેગાં થઈને કરે, (એમ બનતું નથી.) આહા!

મહા સિદ્ધાંત છે પણ જગતને કઠણ ભારે! એકમેક થઈ ગયું છે ને. ઊનું પાણી પીવું એ ક્રિયા, કહે છે આત્મા ન કરે, એમ કહે છે. (શ્રોતા : પરમાણુની ક્રિયા પરમાણુ કરે) આરે! આ ભારે વાત! ખાવાની ક્રિયાનો વિકલ્પ જીવ કરે—અજ્ઞાની રાગનો કર્તા થઈને, તો એ કર્તવ્ય કરે પણ ખાવાની ક્રિયા કરે, દાંતમાં આમ રોટલી ભાંગે ને તોડે, એ કામ આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. (શ્રોતા : પેટમાં દાંત નથી માટે બરાબર ચાવવું) એ બધી વાતું.....પેટમાં દાંત દઈને ચાવવું એમ. પણ કોણ ચાવે? સમજાણું કાંઈ? લ્યો, આ સઈ(દરજી) કપડું સીવતો નથી, એમ કહે છે. એય! મોહનભાઈ (શ્રોતા : હવે ક્યાં સીવે છે?) હવે ક્યાં તે કે દિ' સીવતા હતા? રાગ કરતા'તા તે દિ' રાગ. આહાહા! ભારે કામ ભાઈ!

(શ્રોતા : કહે છે કાનજીસ્વામીને નયા પંથ નિકાલા) નયા પંથ પણ કિસકા હૈ ક્યા હૈ? એ અંદર હૈ? આ નયા હૈ કિ અનાદિકા હૈ? વીતરાગ ભગવાન માર્ગમેં અનાદિકા વહ માર્ગ હૈ. બાકી ન્યાય કરો. તુલના કરો. અનાદિસે વહ માર્ગ. અનંત તત્ત્વો ભિન્ન—ભિન્ન. એક તત્ત્વ દૂસરા તત્ત્વનાં કરે તો એક તત્ત્વ ભિન્ન રહ સકતે નહિ, ભેળસેળ હો જાતા હૈ. ભેળસેળ કભી હોય નહીં અપની સત્તા છોડકર દૂસરી સત્તામેં જાતે નહિ. સમજાણું કાંઈ? આ લોકો તો આવ્યા જ નહિ. સવારે સાંભળ્યું, અત્યારે ન આવ્યા. એકાદ આવ્યા છે એકાદ. (શ્રોતા : પાલીતાણા ગયા) ગ્યા પાલીતાણાએ ગ્યા? ગ્યા હશે. સાંજે આવવાના? સાંજે આવવાના છે, એમ હશે કેમ છે આમાં સમજાય છે કાંઈ?

ભઈ! આત્મા પોતાના જ્ઞાનની ક્રિયા કરે અને જાણવામાં બીજી ક્રિયા આવે એને પણ કરે. સાવધાની પણ રહે તો એ પણ કામ કરે, એમ ત્રણ કાળમાં બનતું નથી. કેમ કે બેનું હોવાપણું ભિન્ન.....હોવાપણાનાં હોવાપણામાં આ હોવાપણું ત્યાં જાતું નથી અને આ હોવાપણું આંહી આવતું નથી. આ બોલવાની ક્રિયા, ઈ જડની ક્રિયાનાં બે કર્તા નહિ. આત્મા ય બોલવાની ક્રિયા કરે અને જડ પણ કરે, એમ ત્રણ કાળમાં બનતું નથી. દેખો 'दोइ करतूति एक दर्व न करतु है' બોલવાની ક્રિયા પણ આત્મા કરે અને ઈચ્છા પણ આત્મા કરે અથવા જ્ઞાન પણ આત્મા કરે, એ બનતું નથી. આહા! ભારે કામ ભાઈ!

(શ્રોતા : ગજબ) ગજબ! ઓલા તેરાપંથી તો કહતે હૈં કે ઉપદેશ દેનેસે આ આત્માકો ધનલાભ હોતા હૈ. એમ કે બચાવવાનું ન કહેવું, પણ ઉપદેશ દેવો. ભાઈ, ભાઈ આ શું કરે છે એમ. તો ઉપદેશ દેવાથી ધર્મનો લાભ.....ધૂળે ય નથી. ઉપદેશ તો જડ હૈ. આહા! સમજાણું કાંઈ?

ભીખનજીમાં એ આવે છે. બ્રહ્મ.....છે ને એનું પુસ્તક. સબ દેખા હૈ સબ દેખા હૈ ઉસકા.....(શ્રોતા.....) એ બી ખોટી વાત છે. સમજાણું કાંઈ? એમ કે બીજાને આપણે બચાવવો, ન મારવો એમ ન કહેવું. પણ ઉપદેશ દેવો કે ભાઈ, કોઈ પ્રાણી કો દુઃખ ન દેના, ઐસા ઉપદેશ દેવાથી આપણને ધર્મનો લાભ થાય. ધૂળે ય ન થાય. ધર્મનો લાભ તો અંતર જ્ઞાનનાં આનંદની દૃષ્ટિ કરે તો થાય. ઉપદેશની ક્રિયાથી થાતો હશે? ઉપદેશની તો ક્રિયા જડની છે. સમજ્યા ને? ઉપદેશ દેવાનો તો વિકલ્પ છે રાગ.....રાગથી ધર્મનો લાભ થાય, મૂઢ છે. પોપટભાઈ, આકરું કામ! જગતની સાથે વીતરાગનાં માર્ગને મેળવીશ નહિ, મીંઢવણી કરીશ નહિ. ભાઈએ કહ્યું લખ્યું છે ને! લ્યો ને છે ને ક્યાં છે ઈ? આમાં છે ઈ? ક્યાંક હતું ને ઈ? હશે ક્યાંક. હશે તો આમાં ખરું ક્યાંક.....આમાં? એક પાનું હતું એક. જુઓ આનું આવ્યું છે ને. એક પાના હૈ. અચ્છા એક પાના દઈ દ્યો ઓલા ભાઈને, લ્યો. એ કોનો છે? ક્યાં છે વધારે? છેલ્લો છે. છે ને! જુઓ.

'મારગ સાધુના જગને દોહ્યલાં રે લોલ. દોહ્યલી જો ને આતમ કેરી વાટ. એ તો જીવડા માનવભવ છે દોહ્યલાં રે લોલ. એ માનવભવ જગમાં દોહ્યલો રે લોલ...દુર્લભ-દુર્લભ જૈન અવતાર. એની સાથે સદ્‌ગુરુ છાયા દોહ્યલી રે લોલ. જુઓ, સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યાં રે લોલ. આહાહા! આ દોડ્યાથી ઝાંઝવા જળની કાજ. અરે! સાચાં વારિ એને ના મળે રે લોલ' સાચા પાણી મૃગલાં ઝાંઝવાને ન મળે. સમજાણું? પછી તો આંહી ઈ કહેવું છે આંહી, મીંઢવવું.....મીંઢવવું ક્યાં આવ્યું? મીંઢવણી આવે છે કે નહિ? (શ્રોતા : છઠ્ઠી કડી) છઠ્ઠી હા, એ 'માર્ગ જુદા જગતથી સંતના રે લોલ. જગત સાથે મીંઢવણી નવ થાય. સંતપથ જગપંથ તે જુદા જાણજો રે લોલ. સંતપથ જગપંથથી જુદા જાણજો' એ વ્યાખ્યાનમાં આવ્યું'તું, બધું ઉતાર્યું માળે.

દુનિયાનાં માર્ગથી ભગવાનનો માર્ગ, વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેના હુકમમાં આવ્યું, એ માર્ગ આખી દુનિયાથી જુદો છે. વાડાવાળાને ખબર નથી. તો અન્યમતમાં તો એ માર્ગ હોઈ શકે નહિ. કહો સમજાણું કાંઈ? આ આવ્યું ભાઈ તમને આ પાનું? દ્યો એને પાનું, દયો રાખજો. આ તો પાના ઈ બનાવ્યા છે. વાંચો તો ખરા બધા. જુઓ છે અંદર? 'માર્ગ જુદા જગતથી સંતના રે લોલ. જગત સાથે મીંઢવણી નવ થાય. સંતપંથ જગપંથથી જુદા જાણજો રે લોલ. દર્શન દોરો રે રાજ'.....જુઓ ઓલામાં

આવી ગયું બાકી. 'એમ મનડાં ને મૃગલાં ને પાછા વાળજો રે લોલ. જોડી દ્યો આતમ સરોવર વાટ.'

એ જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ એવું સ્વરૂપ છું. એ તરફ દૃષ્ટિને વાળ અને ત્યાં થંભી જા. તારું કાર્ય સફળ થઈ જશે એમાં. બીજાનાં કાર્ય કરવા જતાં આનું કરી દઉં ને આનું કરી દઉં ને બીજાને ઉપદેશ દઈને ધર્મ પમાડી દઉં. ધૂળેય નથી, કહે છે સાંભળ, એમ કહે છે. (શ્રોતા : ભગવાને તો બધાને પમાડ્યું.) કોઈએ પમાડ્યું નથી કોઈને. એય! 'તિન્નાણં તારયાણં' આતે હૈં ને 'નમોત્થુણં'મેં એ તો નિમિત્તથી કથન હૈ. જેની લાયકાતથી પોતાની પોતાથી થયા, ત્યારે ભગવાનને નિમિત્ત તરીકે કહેવામાં આવ્યા. કોઈ કોઈને તારે તો એક ભગવાન થાય તો બધાંને તારી દે, તો આ સંસાર રહે નહિ. સંસાર તો અનાદિ પડ્યો છે એમને એમ. આહાહા! 'આસ્રવ, બંધ, વિભાવ કરો રુચિ આપણી.' આસ્રવ અને વિભાવનાં પોતાના ભાવ માને અને પછી કહે કે મને ભગવાન મને સમજાણાં છે ને બેઠાં છે. એ બેઠા નથી તને સાંભળને! સમજાણું કાંઈ? બધી વાત ઘણી છે જુઓ.

'एक करतूति दोइ पर्व कबहूँ न करै, दोइ करतूति एक दर्व न करतु है' 'जीव पुद्‌गल एक खेत-अवगाही'.....ભલે! એક ક્ષેત્રમાં જડ અને ચૈતન્ય રહા હુઆ હો 'अपने अपने रूप कोउ न टरतु है'. જડ અને ચૈતન્ય ને એક એક પરમાણુ ને આત્મા પોતાની સત્તાને કોઈ છોડતાં નથી. કહો સમજાણું કાંઈ? શરીરનું કાંઈ કરી શકતો નથી, એમ કહે છે. જરા ખાવા—પીવાનું ધ્યાન રાખે. ઊના ઊના ઢેબરા—ભજીયાં સાંજે હોય. સવારમાં શીરો—પૂરી હોય, બપોરે ફલાણું હોય. એ બધું ધ્યાન રાખે તો ઠેઠ શરીર સારું રહે, એવું કાંઈ કરી શકતો નથી, એમ કહે છે. આહાહા! (શ્રોતા : કાચું કાચું ખાય તો સાજો રહે એમ) કોણ કાચાં ખાય અને પાકાં કોણ ખાય? ખાય કોણ? આહા! ખાવાની ક્રિયા એ જડની, એનું કાર્ય જડ કરે. આત્મા બહુ તો આગળ વધીને રાગનો કર્તા થાય અજ્ઞાની. પણ એ ખાવાની ક્રિયાનો કર્તા આત્મા છે (નહિ.) ગજબ છે!

આ તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગનો માર્ગ છે ભાઈ! જેને ત્રણ કાળ ત્રણ લોક જેણે જ્ઞાનમાં જાણ્યા. એની ભિન્ન—ભિન્ન સત્તા જાણી. ભિન્ન—ભિન્ન સત્તાવાળાનું હોવાપણું પોતાને લઈને છે, એના દ્રવ્યનું, એના ગુણનું અને એની દશાનું. પરને લઈને એના દ્રવ્ય-ગુણ-પર્યાયનું હયાતિ છે નહિ. આહાહા! (શ્રોતા : પાણી ઊતરી જાય). પાણી ઊતરે અભિમાનનાં ખોટા મફતના. આ સંચાને કરીએ છે ને ઢીંકણાં કરીએ છીએ ને. (શ્રોતા : અભિમાન નીકળી જાય) નીકળી જાય હા, આ ચીમનભાઈ બે—ત્રણ લાખ ત્યારે

નહોતું થાતું. શું કહેવાય તમારે ઈ? ઈન્કમટેક્ષ. કેટલાય ભરવા પડતા. વળી ઓછા થઈ ગયા. એ તો બધી ક્રિયા થવાની હતી એમ થઈ, એમ કહે છે. બહુ ધ્યાન રાખ્યું'તું માટે થયું, એમ છે (નહિ.) આહા! ભારે વાત!

સાધુ થઈને પણ નામ ધરાવે. અમે આમ બીજાની આમ કરી દઈએ. અમે આમ કરી દઈએ. એક જણો કહે, 'જુઓ પૈસા અમારી પાસે નથી. પણ અમે પૈસા ખંખેરાવીએ દાનમાં'. અરે! ભગવાન શું કહો છો તમે આ? જડ પૈસા.....બીજા પાસે એવો ઉપદેશ દઈએ.....એવો ઉપદેશ દઈએ. ઓલા મણિભાઈ હતા ને ભાઈ ગોંડલવાળા નહિ? શું કહેવાય એને મણિભાઈ જોરાવર. મળ્યા'તા તે દિ' અમને. હા, એ. નવ્વાણુંમાં મળ્યા'તા. તે દિ'તો બહુ આમાં હતાને! એકકોર વઢવાણી હજારો માણસ અને એક કોર આ બાજુ હજારો માણસ વચમાં માણસ.....માણસ, ઓહોહો! જોરાવર જતા જાય. તે દિ' હોં, તે નેવુંની સાલની વાત છે. બહુ માણસ. તે દિ' મણિભાઈ હતા. એ મણિભાઈ કહે બીજાને.....મારી પાસે ન બોલી શકે.

અમે તો એવો ઉપદેશ આપીએ પૈસા ખંખેરીએ, બાઈયુંને ખંખેરાવીએ. 'અલ્યા તમે બાયડીયું તે નોકર છો? કોણ છે? બાયડીયું ને નોકર રાખીને પણ જો નોકર રાખે તો એને સો–બસોનો પગાર મળે. તમારે ૫૦ વરસનો ગણો પગાર. તમારે અધિકારમાં કાંઈ નહિ દેવાનું એમ કહે. ધણી કહે તો દેવું અને તમારે અધિકાર કાંઈ નહિ. છોડો દાગીનાં મૂકો. તમારી પાસે દાગીના મૂકો. તો દાગીના છોડાવીએ, એમ મણિભાઈ કહેતા. ભાષણ એવું થતું. એલા, તમારો કાંઈ હક્ક નહિ. નોકર રાખે એને પચાસ રૂપિયાનો પગાર મહિનાનો ગણો, એ પ્રમાણે ગણો બાર મહિનાના છસો. પચાસ વરસના કેટલા? પચ્ચીસ હજાર. તો પચ્ચીસ હજાર દેવાની શક્તિ તમારે હો. ધણીને પૂછવું પડતું હશે કે આ દાગીના અમે આપીએ કે નહિ?' બધું સાંભળતા ને. સાંભળવા આવતા બધા ઠરી ગયેલા તે દિ' હોં, સાંભળીને બધા.

માણસ હજારો–વઢવાણથી આવ્યા'તા ને નેવુંની સાલમાં. એને આંહી સામા આવ્યા જોરાવરના ગામનાં. તે આમાં (સ્થાનકવાસીમાં) હતા ને ત્યારે તો. લોકો બહુ માન આપતા ને ત્યારે તો. આ જ્યાં બદલ્યું ત્યાં, હાય! હાય! આ તો બધું બદલી ગયું. આહા! તે દિ' કહેતા કે અમે આમ કરીએ. બાપા કર્યા! એક સાધુ એમ કહેતો, અમારી પાસે પૈસા નથી પણ કરોડોપતિ પાસે અમે પાંચ–પાંચ–દસ લાખ ખંખેરી નખાવીએ એવી રીતે. એલા, ઉપદેશનું કાર્ય તારું અને એણે પૈસા ખંખેર્યા ઈ તારે લઈને થાય, આપે શેના મિથ્યાત્વનાં આવા સેવન કર્યાં છે તમે! (શ્રોતા : ખરેખર સાક્ષાત ભગવાન....) સાક્ષાત્

ભગવાન શું કરે? આત્મા કરે કે પરનું કરે? રાગનું કરતા'તા ઈ આચાર્ય નથી, ઈ તો મૂઢ છે. પરનાં કાર્યની તો વાત જ ક્યાં? પણ રાગનો કર્તા થાય, એ આત્માને વિકારી માનનારો, અવિકારીનો અનાદર કરનારો (છે). આહાહા! સમજાણું કાંઈ?

આ તો ભઈ, આત્માનું જેને હિત કરવું એની વાત છે. સમજાણું? વસ્તુનું સ્વરૂપ જ આવું છે. ભગવાને કહ્યું છે માટે છે? ઈ સ્વરૂપ જ એવું છે. ભગવાને છે એવું જોયું, જોયું એવું જાણ્યું ને જાણીને એવું કહ્યું. આહાહા! કહો આ શેઠિયા–બેઠિયા કેટલા કહેને અમે ઘણાને પાળીએ છીએ. અમે શું આ કાંઈ અમે ધંધો કરીએ. અમે તો ઘણાને દસ–દસ હજાર માણસને પાળવા માટે આ ધંધો કરીએ છીએ, નભાવવા માટે. સાચી વાત હશે? એ મધુરભાઈ! શું હશે આ? (શ્રોતા : કોઈ કોઈને પાળી શકે થોડું?) નહિ પણ તમારો ભાઈ કહે છે, જુઓ. (શ્રોતા : એણે હજી સાંભળ્યું નથી ને) નથી સાંભળ્યું. (શ્રોતા : સાંભળ્યું હોય તો બોલે નહિ) એ વાત સાચી.

એ કહે, અમે આ સાત-આઠ હજાર માણસને પોષીએ છીએ. કોને પોષે ભગવાન? તને ખબર નથી! તારામાં વિકલ્પ ઊઠે એનો ઈ કર્તા થા તો ચૈતન્ય નિર્વિકલ્પને ભૂલી જા. આહાહા! આ તે કંઈ માર્ગ! અને વિકલ્પનો કર્તા થઈને ઊભો રહે અને તેથી બીજાનાં કાર્ય પૈસા થાય.....પૈસા દેવાના ને લેવાનાં ને રળવાનાં ને નભાવનાં, હરામ છે ત્રણે કાળમાં. સત્તની અને સત્તનાં પંથની તને ખબર નથી. સમજાણું કાંઈ? એય જયંતિભાઈ, સાંભળ્યું આ. આ કહે, કરો પોષા, કરો પડિક્કમણા અને મૂકો આહાર. શું પણ પોષા–પડિક્કમણા કહેવા કોને? ભાન છે તને? એ વિકલ્પ કર્યો કે પોષો કર્યો. પણ પોષો કર્યો, ઉપવાસમાં ન ખાધું. પછી ઓલા ચાર–ચાર રૂપિયા, બબ્બે રૂપિયા પાછા એને શું કહેવાય ઈ? બક્ષિસ, (શ્રોતા : પ્રભાવના) પ્રભાવના આપે. ધૂળેય નથી સાંભળને!

પૈસાની ક્રિયા જવા આવવાની ક્યાં તારાથી થઈ છે? અને ઓલે કર્યા એ રાગ મંદ કરીને પોષો કર્યો હોય તો એના પુણ્યબંધનનું કારણ થાય એને. એ તારાથી થાય છે, એમ છે (નહિ). માટે તું પૈસા આપે તો એનાથી કંઈ લાભ આવે થોડો, એમ છે નહિ. સાધુ હોય ને જ્યારે ઊઠે ત્યારે ભાઈ, એ ભાથું નાખો ભાથું. ચાર મહિના ચોમાસું કર્યું, હવે છેવટે કંઈ પચ્ચક્ખાણ કરો ને ભાથું નાખો. ઈ પચ્ચક્ખાણ કરે ને એનાથી લાભ થાય. મૂઢ તે કંઈ મૂઢનાં ગામ જુદાં હશે? આહાહા! એના રાગની ક્રિયા એની પાસે. તારા રાગની ક્રિયા તારી પાસે. કોઈની રાગની ક્રિયાનાં કર્તા બે થાય, એમ બનતું નથી. અથવા એક રાગની ક્રિયાનાં બે કર્તા થાય અથવા બે પરિણામનો એક કર્તા થાય, ત્રણકાળ ત્રણલોકમાં બનતું નથી. આહાહા!

'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન. સમવશરણ મધ્યમાં શ્રી સીમંધર ભગવાન.' સીમંધર ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ આ ફરમાવ્યું છે. આમ છે બાપા. તને બેસે ન બેસે. સ્વતંત્ર છો તમે. સમજાણું કાંઈ? આવું સાંભળીને ઓલા કહે, 'એય! આ બધું ગલત કરે છે. લોકોનાં કલ્યાણમાર્ગને વિઘ્ન કરે છે.' એય! જામનગર આવ્યાં જરા થોડા ઘણાં. એ તો વળી ધીરુભાઈ હતા સાથે કહે શું કહો છો તમારે? કીધું, 'અમે કોઈ સાથે વાદ-વિવાદ કરતા નથી. અમે આ જે માર્ગ ચાલે છે ઈ માર્ગ એક જ સત્ છે, એ સિવાય બધા માર્ગ જૂઠા છે. કહો શું કહેવું છે તમારે કીધું. અમે વાદ—વિવાદ કોઈ સાથે કરતા નથી'. સમજાણું કાંઈ?

પણ ભાઈ હતા હિંમતભાઈ, બહુ ડાહ્યો માણસ. ધીરુભાઈનાં ભાઈ હતા. મહારાજ આમ કહે છે, પછી તમારે આમ વાત કરવાનું શું કામ છે? ના જ પાડે છે. ઘણી જે વાત(માં લોકો) અટવાયા છે એ ના પાડે છે. પછી એ પ્રશ્ન શું પણ? કોની સાથે કરીએ કુંભાર સાથે તમારી, આવી વાતો કોઈ સમજે કોણ અને હા પાડે કોણ? બધા લંગડિયા હોય બધા બહારનાં. એમ કરે કે નહિ જુઓ. ચશ્માં હોય તો દેખાય કે નહિ? જુઓ લાવો પૂછો. કોને પૂછે? સાંભળને! ચશ્મા જડની ક્રિયા. જાણવાની ક્રિયા આત્માની ભિન્ન. એ ચશ્માને લઈને જાણવાની ક્રિયા થાય, ત્રણકાળ ત્રણલોકમાં છે નહિ. આ કહે, વાદ કરો. આહા!

'जीव पुद्‌गल एक खेत-अवगाही दोउ, अपने अपने रूप कोउ न टरतु है– जड परिनामनिकौ करता है पुद्‌गल.' લ્યો, જાઓ આઠ કર્મ બંધાય કર્મને લઈને બંધાય. 'चिदानंद चेतन सुभाउ आचरत है', લ્યો. ઓલા કહેતા ને તે દિ' છઠ્ઠી સાલમાં, ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર કહે છે, કે કર્મને લઈને ચાર ગતિમાં રખડ્યો. અમે કહીએ, નહિ ત્રણ કાળમાં ઐસે હૈ નહિ. પોતાની ભૂલને લઈને રખડ્યો, એ ભૂલ કર્મ કરાવે, એમ છે નહિ. છઠ્ઠી સાલ પાલીતાણા. આહીં તો ચેતન 'चिदानंद चेतन सुभाउ आचरतु है.' જ્ઞાનાનંદ ભગવાન કાં અજ્ઞાનપણે રાગને આચરે અને જ્ઞાનપણે આનંદને આચરે. બાકી બીજું કાંઈ કરી શકે નહિ, એવો એનો સ્વભાવ ત્રિકાળ અનાદિ અનંત છે.

(—પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૪૧, ફાગણ વદ ૧ શુક્રવાર તા. ૧૨-૩-૧૯૭૧**
**કર્તા કર્મ ક્રિયાદ્વાર પદ નં. ૧૧-૧૨ ઉપર પ્રવચન (હિંદી)**

૧૦મા કળશ ચલતે હૈ ૧૦મા. દસમો કળશ, અગિયારમું પદ. આ અધિકાર કર્તા-કર્મ ક્રિયાદ્વાર હૈ. અર્થાત્ આત્મા કર્તા ઔર કર્મકી ક્રિયાકા કર્મ, ઉસકા કાર્ય; ઐસા હોતા નહીં. આત્મા જ્ઞાયક સ્વરૂપ હૈ, ઐસી દૃષ્ટિ ન હો. મિથ્યાદૃષ્ટિ–'શરીરકી ક્રિયા મૈં કરતા હૂઁ, પરકો મદદ કરકે મૈં સબકો સુખી કરતા હૂઁ, પરકો દુઃખી કરતા હૂઁ, મૈં મનુષ્ય હૂઁ, મૈં દેવ હૂઁ, મૈં રાગી હૂઁ, મૈં પુન્યવંત હૂઁ, મૈં પાપી પરિણામવાળા હૂઁ,'– ઐસા જો અહંકાર–મિથ્યાત્વભાવ હૈ, વહ અજ્ઞાની પરકા કર્તા માનતે હૈં. સૂક્ષ્મ બાત હૈ ભાઈ જૈનદર્શન! વહ કહતે હૈં, દસમા કળશ હૈ દેખો. નીચે હૈ નીચે....છોકરાઓ આવ્યા છે ને? મહેમાન હશે. ધૂળેટી છે ને! (શ્રોતા : ધૂળેટી) ધૂળેટી.

૧૦ મો કળશ.

आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै–
　　दुर्वारं ननु मोहिनामिह महाहङ्काररुपं तमः।
तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्
　　तत्किं ज्ञानघनस्य बन्धनमहो भूयो भवेदात्मनः ॥१०॥

એનું પદ-પદ.

મિથ્યાત્વ અને સમ્યક્ત્વનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

महा धीठ दुखकौ वसीठ परदर्वरूप,
　　अंधकूप काहूपै निवार्यौ नहि गयौ है।
ऐसौ मिथ्याभाव लग्यौ जीवकौं अनादिहीकौ,
　　याही अहंबुद्धि लिए नानाभांति भयौ है॥
काहू समै काहूकौ मिथ्यात अंधकार भेदि,
　　ममता उछेदि सुद्ध भाव परिनयौ है।

तिनही विवेक धारि बंधकौ विलास डारि,
आतम सकतिसौं जगत जीत लयौ है।।११।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—ધીઠ (ધ્રુષ્ટ)=હઠીલો. વસીઠ=દૂત. નિવારયૌ=દૂર કર્યો. સમૈ=સમય. ઉછેદિ=ખસેડીને. પરિનયૌ=થયો. સક્તિ(શક્તિ)=બળ.

**અર્થ** :—જે અત્યંત કઠોર છે, દુઃખોનો દૂત છે, પરદ્રવ્ય જનિત છે, અંધારિયા કૂવા સમાન છે, કોઈથી ખસેડી શકાતો નથી એવો મિથ્યાત્વભાવ જીવને અનાદિકાળથી લાગી રહ્યો છે અને એ જ કારણે જીવ, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ કરીને અનેક અવસ્થાઓ ધારણ કરે છે. જો કોઈ જીવ કોઈ વખતે મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે અને પરદ્રવ્યમાંથી મમત્વભાવ ખસેડીને શુદ્ધભાવરૂપ પરિણામ કરે તો તે ભેદવિજ્ઞાન ધારણ કરીને બંધના કારણોને દૂર કરીને, પોતાની આત્મશક્તિથી સંસારને જીતી લે છે અર્થાત્ મુક્ત થઈ જાય છે. ૧૧.

**अर्थ** :–जो अत्यंत कठोर है, दुःखोंका दूत है, परद्रव्य जनित है, अंधकूपके समान है, किसीसे हटाया नहीं जा सकता ऐसा मिथ्यात्वभाव जीवको अनादिकालसे लग रहा है। और इसी कारण जीव, परद्रव्यमें अहंबुद्धि करके अनेक अवस्थाएँ धारण करता है। यदि कोई जीव किसी समय मिथ्यात्वका अहंकार नष्ट करे और परद्रव्यसे ममत्वभाव हटाकर शुद्धभावरूप परिणाम करे तो वह भेदविज्ञान धारण करके बंधके कारणोंको हटाकर, अपनी आत्मशक्तिसे संसारको जीत लेता है अर्थात् मुक्त हो जाता है।।११।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ.

ક્યા કહતે હૈં—‘महा धीठ दुखकौ वसीठ’. મિથ્યાત્ ભાવ હૈ, મહા ધીઠો હૈ ઔર દુઃખકો દૂત હૈ. ‘દુઃખકો દૂત.’—કષાય અગ્નિથી બળ્યો એવો મિથ્યાત્ ભાવ હૈ. સમજમેં આયા ? ‘મૈં શરીરકી ક્રિયા કરું, મૈં પરકી દયા પાળ શકું, મૈં પરકી હિંસા કર શકું ઔર અપનેમેં જો પુણ્યકા પાપ વિકલ્પ હોતા હૈ વહ ભી મેરા કર્તવ્ય હૈ’’, ઐસા માન્યતા મિથ્યાત્‌કા મહા ધીઠ ભાવ હૈ. સમજમેં આયા? અણુવ્રત ને મહાવ્રત ને એ તો સબ વિકલ્પ હૈ, રાગ હૈ. આહા! યે રાગકા અહંપણા—‘યે કર્તવ્ય મેરા કાર્ય હૈ’, એ મિથ્યાત્ ભાવ મહા ધીઠ હૈ ઔર દુઃખકા દૂત હૈ. પંડિતજી! ભારે વાત, ભાઈ આવો માર્ગ!

ભગવાન આત્મા તો જ્ઞાન સ્વરૂપ હૈ, જાનન—દેખન સ્વભાવ. એ નિજદ્રવ્યમેં ભૂલકર શુભ-અશુભ ભાવકા કર્તા અહમ્‌પણે હો, વહ હી મિથ્યાત્ ભાવ હૈ. પરકા—શરીર

આદિ, ઉસકા પર આત્મા 'ઉસકા મૈં કુછ કર દું, ઉસકો મદદ કરું, ઉસસે મેરેમેં મદદ મિલે,' ઐસા જો અહંકાર મિથ્યાત્વભાવ હૈ. 'महा दुःखकौ वसीठ परदर्वरूप'– 'પરદ્રવ્યની ક્રિયા મૈં કરું' એ પરદ્રવ્યરૂપ ભાવ મિથ્યાત્ પરદ્રવ્ય રૂપે થઈ છે. અંધકાર હૈ. આહા! મુનિ પણ અનંતબૈર થયો જગત–જૈનકા સાધુ પંચ મહાવ્રતકા પાલન કિયા. અઠ્ઠાવીસ મૂળગુણકા પાલન કિયા. પ્રભુ! રાગકી ક્રિયા હૈ, 'વહ મેરી હૈ ને મૈં કરતા હૂઁ', ઐસા જો અહમ્‌પણા મિથ્યાત્‌ભાવ મહાધીઠ, દુઃખકો દૂત હૈ. સમજમેં આયા? ઔર ત્યાં સે હટકર લઈએ તો વહ આત્માકી એક સમયકી પર્યાય હૈ ને પર્યાયકા પ્રગટ અંશ, વહ અંશ પર બુદ્ધિ પડી હૈ, વહ ભી મિથ્યાત્ ભાવ હૈ. સૂક્ષ્મ બાત હૈ! વીતરાગકા માર્ગ ઐસા હૈ. સમજમેં આયા?

ભગવાન તો સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપી ચૈતન્યઘન વિજ્ઞાનઘન આત્મા હૈ. વહ અપના સ્વભાવકો ભૂલકર, મિથ્યાત્ ભાવમેં અપના ક્રિયા એ 'પરદ્રવ્યકા કાર્ય કર સકતા હૂઁ, અપના સ્વભાવ સિવાય વિભાવકા કાર્ય કરતા હૂઁ ઔર વિભાવકા જાનનેવાલા જ્ઞાનકા વર્તમાન અંશ હૈ, યહ અંશ હી મેરી પૂર્ણ ચીજ હૈ. યહ મૈં આત્મા હૂઁ,'' ઐસા જો અહંકાર ઉસકા નામ મિથ્યાત્‌ભાવ કહતે હૈં. દુઃખકે દૂતકો એટલે પરકા–કર્મકા કરૂઁ, ઐસી માન્યતા તો મિથ્યાત્વ હૈ, વહ તો દુઃખ હૈ ઔર રાગ–દ્વેષકા પરિણામ કરું, વહ મિથ્યાત્વ ભાવ ભી દુઃખ હૈ.

આહીં કહ્યું ને 'याही अहंबुद्धि लिए....महा धीठ दुःखकौ वसीठ परदर्वरूप अंधकूप'—આંધળો કૂવો હૈ, અંધા કૂવા! આહા! ચૈતન્ય જ્ઞાનજ્યોતિ ઐસી અપની નિજ ચીજ, ઉસકો ભૂલકર પરકા કર્તા માનના મહા મિથ્યાત્વ ભાવ હૈ. 'પરકી દયા પાળ સકતા હૂઁ, વહ મેરા કર્મ હૈ.' આ વીતરાગની વાત. દયાકા ભાવ હૈ વહ ભી વિકલ્પ હૈ, યહ ભી મેરા કર્તવ્ય (વહ) અહંપણા હૈં.

'महा धीठ दुःखकौ वसीठ'–દુઃખનો દૂત છે. દુઃખકા દૂત હૈ. પરદ્રવ્ય રૂપ હૈ. વહ તો પરદ્રવ્ય–વિકાર–મિથ્યાત્વ ભાવ, યે અપના સ્વભાવ હી નહીં. આહાહા! સમજમેં આયા? અર્થમાં 'પરદ્રવ્ય જનિત છે' એમ લીધું. પણ એ ખરેખર તો પરદ્રવ્ય સ્વરૂપ હી (હૈ). આત્મા ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય ઈસકા સત્કાર ન કિયા ઔર ઉસકા ભાન ન કિયા ઔર ઐસા અપના નિજ સ્વભાવકો ભૂલકર રાગ ને દ્વેષકા વિકલ્પકા ભાવ, જો પરદ્રવ્ય સ્વરૂપ હૈ, અપના સ્વરૂપ નહીં. ખરેખર તો એક અંશ જો હૈ વહ ભી પરદ્રવ્ય સ્વરૂપ હૈ, અપના દ્રવ્યસ્વરૂપ નહીં. સૂક્ષ્મ બાત હૈ ભાઈ! ભગવાન આત્મા અબંધસ્વરૂપી પ્રભુ પૂર્ણ આનંદઘન, ઈસકો આત્મા કહતે હૈં. ઐસી આત્માકી દૃષ્ટિ હો, તબ તો રાગ,

દ્વેષ, પર અને અંશબુદ્ધિ ઉસકી નાશ હો જાતી હૈ. ભ્રમ નામ અજ્ઞાનકા નાશ હોકર આનંદકી પ્રાપ્તિ હોતી હૈ. દુઃખકા દૂત કહતે હૈં ને! સુખકા દૂત. સુખ ચાહિયે. તરસ આતી હૈ, ઓહો! સમ્યક્દર્શન હોતે...સમ્યક્દર્શન ઇસકો કહતે હૈ. યહ આગે કહેગા.

'मिथ्यात् अंधकार भेदी'. ભગવાન આત્મા! આહાહા! એ વાતેય અત્યારે તો બહુ મુશ્કેલ થઈ પડી. અને બહારની ધમાલ.....ધમાલ......ધમાલ. બીજે શોધે.... આ તો પાછલી રાતમાં છે...ક આંખ મળી જાય તો, પોણી સેકન્ડની અંદર નિંદ્રા....સપ્તમ ગુણસ્થાન આ જાય, ક્ષણમેં આનંદકા અનુભવ પ્રગટ વ્યક્ત વિશેષ. ક્ષણમાં વિકલ્પ હોતા હૈ તબ ક્ષણમેં નિંદ ખૂલ જાતા હૈ, એક પોણી સેકન્ડની અંદર (શ્રોતા : જિનકલ્પી સાધુ)... જિનકલ્પી નહીં, સચ્ચા સાધુ. શું કહે છે ઈ? આ બધા જિનકલ્પીને માટે હોય. આ બધાને માટે ન હોય, એમ બધા બચાવ કરે છે, એમ કહે છે. આહાહા! સમજાય છે કાંઈ? વાતું. સ્થવિરકલ્પી હોય કે જિનકલ્પી હો. (શ્રોતા : બધી વસ્તુની ગોઠવણ કરી હોય). ગોઠવણ કરી હોય. આહા! જિનકલ્પી હો કે સ્થવિરકલ્પી હો, દોનોં નગ્ન રહતે હૈં, દો હી જંગલવાસી રહતે હૈં. આ નાટકમેં હૈ પીછે. સમજમેં આયા? પીછે છઠ્ઠા ગુણસ્થાનની વાત હૈ ને ત્યાં. (શ્રોતા : શેની?) ઓલામાં વાત હોય ને. આ તો નવું છે ને આ તો. છઠ્ઠા ગુણસ્થાનની વાત વિશે કહેશે. ચૌદ વ્રતનું ગુણસ્થાન, પ્રતિમા (શ્રોતા : .......) હા, આવ્યું છે આ ઈ, બસ. લ્યો, ૯૦-૯૧ છે. ૩૯૭ પાનું. ઉસમેં તીન, નવ ઔર સાત હૈ. દેખો. ૯૦-૯૧ પદ હૈ. (ચતુર્દશ ગુણસ્થાનાધિકાર)

'सहि सौधे सिवपंथ। थविरकल्पि जिनकल्पि धर, दोऊ सम निरगंथ'. બેય નિર્ગ્રંથ દિગંબર હોતા હૈ. એક વસ્ત્રનો તાણો પણ બેય સાધુને હોય નહીં. 'जो मुनि संगतिमैं रहै, थविरकल्पि सो जान, एकाकी जाकी दसा, सो जिनकल्पि बखान।' (શ્રોતા : ઈતના અંતર હૈ.) ઈતના અંતર હૈ. જિનકલ્પી એક હી રહતે હૈં. સ્થવિરકલ્પી સાથમેં રહતે હૈં, દો ચાર સાધુ સાથમેં રહતે હૈં. પણ દો હી જંગલવાસી નિર્ગ્રંથ મુનિ, એક વસ્ત્રકા ધાગા ભી નહીં. સમજમેં આયા? (શ્રોતા : ઉનકા ત્યાગ હોતા હૈ.) હૈ હી ઉસમેં. જબ દુસરા પક્ષસે કહતે થે વહ, પણ લોકો ઐસૈ કહતે હૈં. 'દો હી નિર્ગ્રંથ ધાર.' સમજમેં આયા? (શ્રોતા : 'दोऊ सम निगरंथ') બે ય સરખા નિર્ગ્રંથ દિગંબર, એક વસ્ત્રકા ધાગા ભી નહીં. વસ્ત્ર કા ધાગા રખકર મુનિ માનતે-મનાતેં મિથ્યાદૃષ્ટિ નિગોદમેં જાયેગા. ઐસી બાત હૈ ભૈયા! (શ્રોતા : લાખો મુનિ.....) લાખો......ધૂળેય નહીં બધા મિથ્યાદૃષ્ટિ હૈ. (શ્રોતા :....) હતા ક્યા? સાધુ.....મુનિરાજ ....દિગંબર મેં ભી સાધુ હૈ હી નહીં કોઈ સાધુ કિસકો કહેં, ખબર નહીં હજી તો. આહાહા! સમજમેં આયા? આ તો આગમની રીત છે ભાઈ! વ્યક્તિગત એ વ્યક્તિગત છે. (શ્રોતા : રોજ નઈ દીક્ષા)

રોજ નઈ દીક્ષા. દક્ષા. નવી દક્ષા દુ:ખને વહોરે છે મિથ્યાત્વ. આહા! અરે ભાઈ! હજી તને ખબર નથી. ભગવાન આત્મા એકીલા જ્ઞાનકી ક્રિયા કરનેવાલા (હૈ.) રાગકી ક્રિયા કરના વહ ભી મિથ્યાત્ ભાવ હૈ–'મૈં રાગકી ક્રિયા કરતા હૂઁ'. આહા! ઐસા મિથ્યાત્ છૂટે બિના સમકિત હોતા નહીં અને પીછે સ્વરૂપમેં આનંદકી લહેર આયા બિના અવ્રત છૂટ જાતા નહીં. આ કંઈ બાત હૈ. સમજમેં આયા?

આહીં તો કહતે હૈં દેખો, 'महा धीठ' ભાષા કેવી વાપરી છે! મિથ્યાત્કી..... 'निवार्यौ नहि गयौ, ऐसौ मिथ्याभाव लग्यौ जीवकौं अनादिहीकौ.' નિગોદસે માંડકર નવમી ગ્રૈવેયક દિગંબર સાધુ હોકર ગયે પણ મિથ્યાત્વ લાગ્યા હૈ. 'તનકી–દેહકી ક્રિયા મૈં કરતા હૂઁ અને મહાવ્રતકા વિકલ્પ મેરા હૈ ઔર મેરે ધર્મ હોતા હૈ,' યે મિથ્યાત્ ભાવ (હૈ.) નવમી ગ્રૈવેયક અનંતબૈર મિથ્યાદૃષ્ટિ જિનલિંગ ધારણ કરકે (ગયે.) વસ્ત્ર ધારણ કરકે વહ તો કુલિંગ હૈ, વહ તો લિંગ હી નહીં. સમજમેં આયા? વસ્ત્ર ધારણ કરકે તો નવમી ગ્રૈવેયક જા સકતે હી નહીં. આહા! ભારે કામ ભાઈ! આ તો ભારે જગતથી ઉંધું છે. (શ્રોતા : પુણ્ય હોતા હૈ.....) પુણ્ય હુઆ તો શું હુઆ? પુણ્ય–બુણ્યમાં ધર્મ ક્યા હુઆ ઉસમેં? બંધ હૈ યે તો. એ તો બંધ કા કારણ હૈ.

મનપૂરણી, વચનપૂરણી, કાયપૂરણી, એ તો શુભભાવકી બાત હૈ. ધર્મ ક્યા હૈ? સમજમેં આયા? પંચ મહાવ્રતકા વિકલ્પ ભી ધર્મ નહીં, વહ રાગ હૈ, વિકલ્પ હૈ, પુણ્યબંધકા કારણ હૈ. આહાહા! આસ્રવ હૈ. ઉસમેં ધર્મ હોતા હૈ, (યહ) માનના મિથ્યાત્ કા પોષક હૈ. એકલા મિથ્યાદર્શન શલ્યકો પુષ્ટિ કરતે હૈં. આહાહા! (શ્રોતા : ખબર પડતી નથી). ખબર પડતી નથી. ક્યા કરે અજ્ઞાનમાં! આહા! યે કહતે હૈં દેખો, 'मिथ्याभाव लग्यौ जीवकौं अनाथहीकौं, याही अहंबुद्धि'. આ ભાષા છે જુઓ. અપના નિજ આનંદ સ્વરૂપ સિવાય અંશમેં, રાગમેં, નિમિત્તમેં, બાહરમેં, 'યે મેરા હૈ, એ કર્તવ્ય મૈં કરતા હૂઁ પરકા' યહ અહંબુદ્ધિ મિથ્યાત્વ અનાદિસે લગા હૈ.

'नानाभांति भयो है अहंबुद्धि लिए'. અનેક પ્રકાર, 'મૈં મનુષ્ય હૂઁ, મૈં દેવ હૂઁ, મૈં સ્વર્ગ હૂઁ, મૈં પુણ્ય કરનેવાલા હૂઁ', સબ મિથ્યાત્ભાવકા અનેક પ્રકાર હૈ. સમ્યક્દર્શન વહ ક્યા ચીજ હૈ. લોકોએ સૂની નહીં. ક્યા ચીજ હૈ. આહા! ઐસી ચીજ હૈ ભાઈ! સમજમેં આયા? 'काहू समै काहूकौ मिथ्यात अंधकार भेदि'. હવે સવળું. કોઈ સમય કાહૂકો મિથ્યાત્–અપના પરદ્રવ્યમેંસે અહંબુદ્ધિ છોડકર. 'પરદ્રવ્યકા કારણ કર્તા, મૈં નહીં. ઉસકી પર્યાય મેરેસે નહીં હુઈ હૈ, રાગ ભી મેરા કર્તવ્ય નહીં. ઔર એક સમયકી પર્યાયમેં ભી મૈં પૂરા આતા નહીં.' આહાહા! ભારે કામ! ભીખાભાઈ! ભારે કામ આવું આકરું છે. લોકોને હજી મિથ્યાત્વ અને સમકિત બેયની ખબર ન મળે. ચારિત્ર તો ક્યાં બાપા?

આહાહા! ચારિત્રવંતકો તો ગણધર નમસ્કાર કરે, ચાર જ્ઞાન ઔર ચૌદ પૂર્વકી રચના કરનેવાલા. 'नमो लोए सव्वसाहूणं', એમ કહે. એ ચારિત્ર. ગણધરના જિસકા ચરણમેં નમસ્કાર, એ સાધુપદ કૈસા હૈ ભાઈ! આહા!

આહીં તો યે કહતે હૈં, 'काहू समै काहूकौ मिथ्यात अंधकार भेदि'. અરે, 'મૈં પરમેં નહીં, પરકા કાર્ય મેરા નહીં. યહ દયા-દાન-વ્રતકા વિકલ્પમેં ભી મૈં નહીં. યહ કાર્ય મેરા નહીં. ઔર એક અંશકા ભાવમેં ભી મૈં નહીં, મૈં તો ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ અનંત ભગવાનકી પર્યાયકા, અનંત ભગવાન પર્યાયકા પિંડ'. સિદ્ધ ભગવાનકી જો પર્યાય હૈ ઐસી અનંતી પર્યાયકા પિંડ આ ભગવાન આત્મા હૈ. આહાહા! આ શું કહ્યું? ક્યા કહા સમજમેં આયા? કે એક સમયકી અવસ્થા નવ પૂર્વકા જ્ઞાનકી વિકાસ વહ ભી આત્મા નહીં. સમજમેં આયા?

આત્મામેં તો અનંત અનંત બેહદ અપરિમિત મર્યાદાતીત—અપરિમિત મર્યાદાતીત, એવો જ્ઞાન દર્શન આનંદ આદિ અનંત શક્તિ પડી હૈ. યહ અનંત શક્તિમેં અનંતી ભગવતી પર્યાય સિદ્ધકી જિતની હૈ, ઐસી અનંતી સિદ્ધ પર્યાય આ ભગવાન આત્મામેં પડી હૈ અંદર. તો યે રાગી નહીં ને અલ્પજ્ઞ પર્યાય જિતના હી આત્મા નહીં. આહા! ઔર એક ગુણકીમેં અનંતી પર્યાય હૈ તો ઐસા ગુણ—'એક ગુણરૂપ ભી મૈં નહીં.' આહાહા! સમજમેં આયા? સમ્યક્‌દર્શનકી વ્યાખ્યા ચલતી હૈ.

ઔર શરીર-વાણી-મન અને અન્યપદાર્થ, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ પરિવાર વહ તો મેરા નહીં, ઉસસે તો મેરે લાભ હૈ નહીં. અરે, ભારે વાત ભાઈ! ઔર અંતરમેં પુણ્ય અને પાપકા વિકલ્પ હોતા હૈ, વહ ભી વિભાવ અને આસ્રવ હૈ, બંધકા કારણ હૈ ઔર બંધ કા કારણ મેરી ચીજ નહીં. મેરી ચીજ તો અબંધસ્વરૂપી ભગવાનસ્વરૂપ હૈ. ઔર મેરી ચીજ અલ્પજ્ઞ પર્યાયમેં વિકાસ હુઆ યે જ્ઞાનાદિકા, ઈતના ભી મૈં નહીં. ઔર અનંત સિદ્ધ જે ભગવાન હુઆ ઉસકી એક સમયકી સિદ્ધકી પર્યાય હૈ. ઐસી અનંતી-અનંતી પર્યાય કેવલજ્ઞાનકી એક જ્ઞાનગુણમેં હૈ. કેવળજ્ઞાનકી પર્યાય જો ઉત્પન્ન હુઈ ભગવાનકો, તો વહ પર્યાય જિતના ભી મેરા ગુણ નહીં. ઐસી અનંતી પર્યાય કા સમુદાય—પિંડ ગુણ, તો એક ગુણ જિતના ભી મૈં નહીં. આહાહા! ગજબ ભાઈ! સમજમેં આયા?

'काहू समै काहूकौ मिथ्यात अंधकार भेदि ममता उछेदि'. મમતાકા અર્થ, 'મૈં અંશરૂપ હૂઁ, મૈં રાગરૂપ હૂઁ, મૈં એક ગુણરૂપ હૂઁ' ઐસા જો મિથ્યાત્ ભાવ, ઉસકા ઉચ્છેદ કર દીયા. આહાહા! ભારે વાત ભાઈ! 'ममता उछेदि सुद्ध भाव परिनयौ है'. ભગવાન આત્મા એક જ્ઞાનગુણમેં અનંતી કેવળજ્ઞાનકી પર્યાય પડી હૈ. એક દર્શનગુણમેં અનંતી

દર્શનગુણકી પર્યાય પડી હૈ. એક શ્રદ્ધાગુણમેં અનંતી ક્ષાયિક સમકિતકી અનંતી પર્યાય પડી હૈ. એક આનંદમેં અતીન્દ્રિય આનંદ પરમાત્માકો હુઆ એક સમયકા, ઐસા અનંત આનંદ એક આનંદગુણ મેં પડા હૈ. તો એટલા મૈં એક પર્યાય જિતના નહીં, રાગે ય નહીં, નિમિત્તે ય નહીં ને એક ગુણ જિતના નહીં. આહાહા! જેઠાભાઈ! ભારે વાત!

'ममता उछेदि सुद्ध भाव परिनयौ है'. વહ પુન્ય-પાપરૂપી પરિણમન હોતા થા, વહ તો મિથ્યાત્વ મેં હોતા થા. આહાહા! શાંતિભાઈ, ભારે આ વાત! કહે છે, 'ममता उछेदि' આ એક અને 'सुद्ध भाव परिनयौ' બેમાં ઘણું નાખી દીધું. આત્મા અનંતગુણકી શક્તિકો એકરૂપ અભેદ વસ્તુ, ઐસી દૃષ્ટિ હોનેસે મમતા—'એ નિમિત્તમેં મૈં હૂઁ ઔર રાગમેં મૈં હૂઁ ઔર એક અંશમેં હૂઁ ઔર મૈં આખા એક ગુણમેં હૂઁ'—ઐસી બુદ્ધિકા નાશ હો જાતા હૈ. પોપટભાઈ! બધું સાંભળ્યું ય નથી આ બધું. આહાહા! 'ममता उछेदि'—परद्रव्यसे ममता हटाकर शुद्धभावरूप परिणाम करे. પુણ્ય-પાપ વિકલ્પ વહ તો અશુદ્ધભાવ હૈ. પણ ભગવાન આત્મા શુદ્ધ અખંડાનંદ પ્રભુ, ઐસી અંતર્મુખ દૃષ્ટિ દ્રવ્યસ્વભાવકી હોનેસે આત્મામેં શુદ્ધ ભાવકી દશા હોતી હૈ. યે શુદ્ધભાવકી દશા વહ ધર્મ હૈ. પહેલી તો હજી વાત સાંભળવા (ન) મળે ને સાંભળે તો આમ કેવી રીતે ગોઠવવી આ વાત? આહા! બાપુ! તારા ઘરમાં અલૌકિક વાત (છે).

વહ હિન્દીમેં આતા નહીં—હિન્દીમેં આતા હૈ ને વહ ભજન. "अब हम कबहू न निजघर आये, अब हम कब हू न निजघर आये, अब हम कब हू न निजघर आये. परघर भ्रमत–फिरत अनेक नाम गहायें" આ આવ્યું ને અહીંયા, 'अहंबुद्धि लिए नानाभांति भयौ'. મૈં દયાનો પાળનાર ને ભક્તિનો કરનાર ને હિંસાનો કરનાર ને સ્ત્રી અને કુટુંબનો પાળનાર ને દેશનો પાળનાર ને કુટુંબકા રક્ષા કરનાર ને રળાઉ ને કમાઉ ને ઐસા અનેક ભાવકા મિથ્યાત્‌ભાવ સેવ્યા (છે). આહાહા! કહો સમજમેં આયા? 'नानाभांति भयौ'. આહા! ભગવાન તો એકરૂપ સ્વરૂપ ચિદાનંદ છે. એમાં ઉસકી દૃષ્ટિ હોનેસે તો અપના શુદ્ધભાવકી પરિણતિ વીતરાગી દશા હો, ઉસકા નામ સમ્યક્‌દર્શન—જ્ઞાન ને ચારિત્ર હૈ. સમજમેં આયા?

'तिनही विवेक धारि बंधकौ विलास डारि'. રાગ અને વિકલ્પસે ભિન્ન અપના આત્માકો કરકે, તો અલ્પજ્ઞપણાસે ભી ભિન્ન અપના સ્વરૂપકો દૃષ્ટિમેં લેકર વિવેક નામ ભેદજ્ઞાન કિયા. ભેદવિજ્ઞાન ધારણ કરકે 'बंधकौ विलास डारि'. મિથ્યાત્વ પરિણામ, અવ્રતકા ભાવ કે વ્રતકા વિકલ્પ એ કષાયભાવ, પ્રમાદભાવ; એ સબ બંધવિલાસ ભાવ મેરા નહીં. આહાહા! સમજમેં આયા? એ તમારા દેવચંદજી કહે છે. 'આસ્રવ બંધ વિભાવ કરું રુચિ આત્મની, ભૂલ્યો મિથ્યાવાસ દૂષ દૂપભણી'. પુણ્યપાપનાં વિકલ્પ તે

આસ્રવ છે. અને એ ભાવબંધ છે, ભાવબંધ હૈ. 'આસ્રવ બંધ વિભાવ કરું રુચિ આત્મની, ભૂલ્યો મિથ્યાવાસ,' સ્વભાવને ભૂલીને ભૂલ્યો મિથ્યા ને અંધશ્રદ્ધામાં. 'દોષ દૂપ'. પણ શું કરું ભાઈ, મને કર્મ એવાં આકરાં આવે છે ને. કર્મને લઈને આવો મિથ્યાભાવ થાય છે. એમ મૂઢ પોતાનો દોષ પર ઉપર નાંખે છે. વીતરાગતા....આતે હૈ ને બાપુ. ભગવાન! આ તો તારા ઘરકી બાત હૈ. આહાહા!

ભાઈ! સમ્યક્દર્શન એટલે તો મુક્ત હો ગયા, (શ્રદ્ધાસે) મુક્ત હુઆ, ચારિત્રસે મુક્તિ બાકી. પણ વસ્તુ મુક્ત હૈ, ઐસા સમ્યક્દર્શન મેં ભાન હો જાતા હૈ. આ બંધનો વિલાસ કીધો ને, જુઓ ને! 'बंधकौ विलास डारि'. આહાહા! બંધ ને હું તો અબંધસ્વરૂપી ભગવાન આત્મા. અબંધસ્વભાવી આત્મા ઉસકા અનુભવ ને દૃષ્ટિ હુઆ, બંધકા વિલાસ ડાર દિયા, મેરેમેં નહીં વહ. આહા! તો સમ્યક્દર્શન હુઆ તો અબંધ ભાવકા ભાન હુઆ તો મુક્તિ હુઈ, ઈસ સમ્યક્દર્શન મેં તો ઈતની. આહાહા! બરાબર હૈ પંડિતજી? ક્યા કહા? ક્યા કહા દેખો, 'तिनही विवेक धारि बंधकौ विलास डारि, आतम सकतिसौं जगतजीत लयौ है।'

ભગવાન આત્મા આનંદમૂર્તિ પ્રભુ, ઉસકા આશ્રય લેકર, શક્તિકા સહારા લેકર જગત જીત લિયો હૈ. સારા વિકલ્પ સે માંડકર આખી દુનિયા જીત લીધી, મેરેમેં હૈ નહીં વહ. મૈં તો જ્ઞાન ને આનંદકંદ હૂઁ. આહાહા! સમજમેં આયા? જુઓ આ 'જીત લીયો' એ જૈન એમ. એને જૈન કહીએ. 'तिनही विवेक धारि बंधकौ विलास डारि, आतम सकतिसौं जगत जीत लियौ है'. ભગવાન આત્મા અનંતી શક્તિ આનંદ જ્ઞાન આદિકી, ઐસા શક્તિકા પિંડ શક્તિવાન ભગવાન, ઉસકા અંતર દૃષ્ટિકા જોર દ્રવ્ય ઉપર દેનેસે દ્રવ્યમેંસે આનંદ કી ધારા વહેતી હૈ, ઉસને દુખકો જીત લિયા. આહા! સમજમેં આયા? એ આ ચોથા ગુણસ્થાનકી બાત હૈ જીવકો. હજી પાંચમું શ્રાવક તો કોને કહેવાય બાપા! એ તો હજી (દૂર વાત છે). સાધુ કોને કહેવા? 'માણસ હોના મુશ્કેલ હૈ તો સાધ કહાંસે હો, સાધુ હુઆ તો સિદ્ધ હુઆ'. મોક્ષ તત્ત્વમેં પ્રવેશ કિયા, એમ કહતે હૈ. આહાહા! સમજમેં આયા?

સમ્યક્દર્શનમેં તો અપના અબંધ સ્વભાવી પૂર્ણ અખંડ અભેદ ભગવાન પૂર્ણ ઐસા અનુભવમેં પ્રતીતમેં આને લગતા હૈ, તો બંધકા વિલાસ દૂર હો જાતા હૈ. આહા! તો ઉસકા અર્થ હુઆ કિ અબંધસ્વરૂપી મૈં હૂઁ અર્થાત્ બંધમેંસે મૈં બંધા હૂઁ નહીં. મૈં તો અબંધસ્વભાવી, ઐસી મુક્તિ હો ગઈ સમ્યક્દર્શનમેં. બરાબર છે? ભૈયા ઐસી બાત હૈ ભાઈ! આહા! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવકા આ કથન હૈ. દુનિયાને મળે નહીં એટલે કંઈ ચીજ દુસરી હો જાયે? ક્યા કહા? અહીં 'तीनही विवेक धारि बंधकौ विलास डारि, आतम सकतिसौ जगत जीत लयौ है'. એટલામાં—કિતના નાખ દિયા જુઓ!

ભગવાન આત્મા! એક શક્તિ નહીં; એક શક્તિ તો જ્ઞાન દર્શન એવી અનંતશક્તિ. તો આતમશક્તિ કરીને અનંત શક્તિવંત આખો આત્મા એમ, એક શક્તિ નહીં. 'आत्मसकतिसौं'—આત્માની તો એ અનંતી શક્તિ હૈ સ્વભાવ-ઉસકા અંતરમેં દૃષ્ટિ કરનેસે જીત લિયો. રાગ આદિ મેરેમેં નહીં ઐસા જીત લિયા. મિથ્યાત્વકા નાશ હુઆ ને સમકિતકી પ્રાપ્તિ હુઈ. વિવેક હો ગયા. બંધકા જિતના વિકલ્પ પુણ્ય-પાપકા આસ્રવ મેરેમેં નહીં. મૈં તો ઉસકા જાનનેવાલા હૂઁ. આહાહા! જીત લિયો હૈ, મુક્ત હો જાતા હૈ, લ્યો. બહુ સરસ કળશ આયા. લ્યો, આ ધૂળેટીમાં ધૂળ ઉડી ગઈ બધી. આહા!

બનારસીદાસનું આવ્યું'તું, હુતાશનનું. આમ પિચકારી મારે છે અંદરથી ધર્મની હોં અંદર આમ. એવું આવે છે. બનારસીદાસનું 'બનારસીવિલાસ'માં આવે છે. ઘણા વખતે અમે વાંચેલું. હુતાશનની હોળી—હોળી મૂકી છે એમાં. અંદરમાં આવે છે. પિચકારી મારે અંદરમાં ફડાક દઈને અંદર જાય. 'મૈં આનંદકંદ શુદ્ધ ચિદાનંદ મૈં હૂઁ' રાગકા ભૂકા ઉડા દેતે હૈં. 'રાગ—બાગ બંધ ભાવ મેરે મેં હૈ નહીં. મૈં તો અનાદિ અનંત અબંધસ્વભાવી આત્મા હૂઁ.' સમજમેં આયા? 'બંધ—ફંધ મેરેમેં હૈ હી નહીં. બંધ અપનેમેં માનના વહ મિથ્યાત ભાવ હૈ,' એમ કહે છે. એય! આહાહા! ભારે વાત ભાઈ!

પ્રભુ! તું કેવડો મોટો કિતના મોટા, એની ખબર ન મળે એને. અમે આત્મા માનીએ છીએ ને અમારે ધર્મ થાય છે. શેના એ ધર્મ કરનારો? ધર્મ તો પર્યાય હૈ તો પર્યાયકા કરનેવાલા આત્મા કૈસા, ઈસકી તો ખબર નહીં. કહાઁસે ધર્મ તેરે હોગા? સમજમેં આયા? ડંફાસ. ઐસા હમ કરતે હૈં ને ઐસા કરતે હૈં. હમ અણુવ્રત પળાતે હૈં ને વ્રત કરતે હૈં. ધૂળેય નહીં, મિથ્યાત્ પાલતે હૈ. ભૈયા, ઐસી બાત હૈ. દેખો, યે આત્મા જો હૈ તો આત્મા તો જ્ઞાયક તત્ત્વ હૈ ઔર પુણ્ય-પાપકા વિકલ્પ તો આસ્રવ તત્ત્વ અથવા ભાવબંધ તત્ત્વ હૈ. તો ઉસસે જબ હટકર આત્મતત્ત્વકા ભાન હુઆ તો આત્મા તો આસ્રવ અને બંધસે રહિત હૈ. સહિત માના થા તો મિથ્યાત્વભાવ થા. સમજમેં આયા? (શ્રોતા : બડી ભૂલ નીકલ ગઈ.) નીકળી ગઈ.

'बंधका विलास डारि, आतम सकति'. ભગવાન એકલી શક્તિ નહીં, અનંતી શક્તિકા પિંડ પ્રભુ આત્મા, આહા! ઉસકા સહારા લિયા, બંધકા વિલાસ છૂટ ગયા. મેરેમેં બંધ હૈ નહીં. અસ્થિરતાકા થોડા ભાગ હૈ વહ જ્ઞાનકા જ્ઞેય હૈ. મેરેમેં નહીં, મેરી પર્યાયમેં બંધ—ફંધ હૈ હી નહીં. મૈં તો અબંધસ્વભાવી આત્મા (હૂઁ). આહાહા! ઐસી દૃષ્ટિ હોય તો અબંધમેં આનંદ પડા હૈ, યે આનંદકા વેદન આયા બિના રહે નહીં, એમ કહે છે. દુઃખકો દૂત—દુઃખનો દૂત ખસીને આનંદ કા દૂત આવે. જો અમે આ ઈતના બડા આનંદ

દેનેવાલા હૂઁ. પૂર્ણ હો તો પૂર્ણાનંદ હો જાયગા, સમજમેં આયા? એ દસમો કળશ થઈ ગયો લ્યો. ૧૧ કળશ નીચે હૈ ને.

आत्मभावान्करोत्यात्मा परभावान्सदा परः।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते॥११॥

जैसा कर्म वैसा कर्ता

सुद्धभाव चेतन असुद्धभाव चेतन,
दुहूंकौ करतार जीव और नहि मानिये।
कर्मपिंडकौ विलास वर्न रस गंध फास,
करता दुहूंकौ पुद्गल परवानिये॥
तातैं वरनादि गुन ग्यानावरनादि कर्म,
नाना परकार पुद्गलरूप जानिये।
समल विमल परिनाम जे जे चेतनके,
ते ते सब अलख पुरुष यौं बखानिये॥१२॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**સુદ્ધભાવ=કેવળદર્શન, કેવળજ્ઞાન, અનંતસુખ આદિ. અસુદ્ધભાવ=રાગ, દ્વેષ, ક્રોધ, માન આદિ. और=બીજું, ફાસ=સ્પર્શ. સમલ=અશુદ્ધ. વિમલ=શુદ્ધ. અલખ=અરૂપી. પુરુષ=પરમેશ્વર.

**અર્થ :—**શુદ્ધ ચૈતન્યભાવ અને અશુદ્ધ ચૈતન્યભાવ—બન્ને ભાવોનો કર્તા જીવ છે, બીજો નથી. દ્રવ્યકર્મના પરિણામ અને વર્ણ, રસ, ગંધ, સ્પર્શ—એ બન્નેનો કર્તા પુદ્ગલ છે; એથી વર્ણ, રસાદિ ગુણસહિત શરીર અને જ્ઞાનાવરણાદિ કર્મસ્કંધ—એને અનેક પ્રકારની પુદ્ગલ પર્યાયો જાણવી જોઈએ. આત્માના શુદ્ધ અને અશુદ્ધ જે જે પરિણામ છે તે બધા અમૂર્તિક આત્માના છે, એમ પરમેશ્વરે કહ્યું છે. ૧૨.

**નોટ :—**અશુદ્ધ પરિણામ કર્મના પ્રભાવથી થાય છે અને શુદ્ધ પરિણામ કર્મના અભાવથી થાય છે; એથી બન્ને પ્રકારના ભાવ કર્મજનિત કહી શકાય છે.

**अर्थ :–**शुद्ध चैतन्यभाव और अशुद्ध चैतन्यभाव दोनों भावोंका कर्ता जीव है, दूसरा नहीं है। द्रव्यकर्म-परणति और वर्ण, रस, गंध, स्पर्श इन दोनोंका कर्ता पुद्गल है; इससे वर्ण रसादि गुण सहित शरीर और ज्ञानावरणादि कर्म-स्कंध इन्हें अनेक प्रकारकी पुद्गल पर्यायें जानना चाहिये। आत्माके शुद्ध और अशुद्ध जो जो परिणाम हैं वे सब अमूर्तिक आत्माके हैं ऐसा परमेश्वरने कहा है॥१२॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહા! 'सुद्धभाव चेतन'. અપના કેવળજ્ઞાન આદિકા ભાવ વહ ચેતન, ઉસકા આત્મા કર્તા. સમ્યક્દર્શન અને ભાન ભાવમાં અપના શુદ્ધ ભાવકા કર્તા આત્મા હૈ. ઔર 'असुद्धभाव चेतन' અજ્ઞાનભાવમેં ભી અપના પુન્ય-પાપ અશુદ્ધભાવકા ચેતન કર્તા હૈ. કર્મસે વિકાર હોતા હૈ, ઐસા હૈ નહીં. સમજમેં આયા? 'सुद्धभाव चेतन'. 'મૈં શુદ્ધ પુન્ય-પાપકા વિકલ્પસે—રાગસે રહિત, મેરી ચીજ આનંદ અને શુદ્ધ હૈ', ઐસા ભાવમેં શુદ્ધકા પરિણામકા વહ કર્તા આત્મા હોતા હૈ. ઔર અજ્ઞાનભાવમેં, અજ્ઞાનભાવમેં પરકા કર્તા હોતા હી નહીં, કર્મકા, શરીરકા. અજ્ઞાનભાવમેં અપના અશુદ્ધભાવકા કર્તા હોતા હૈ. બસ, ઈતની મર્યાદા હૈ. સમજમેં આયા?

પણ કર્મકા કર્તા અને દુનિયાને ભલા કર દીયા અને દુનિયાનું સારું કરી ધ્યે ને, વહ ઉપદેશ મૈં દે સકતા હૂઁ અને ઉસસે મેરે લાભ હૈ, યહ તો સબ મિથ્યાત્ભાવ હૈ. સમજમેં આયા? ભારે ભાઈ! કહો ચેતનજી! ક્યા હૈ સબ કુછ ક્યા હૈ? આ ઉપદેશ દેકર દૂસરેકો સુધાર શકું, (ઐસી માન્યતા) મિથ્યાદૃષ્ટિ મૂઢ હૈ. ઉપદેશ જડકી ક્રિયા હૈ, આત્માકી ક્રિયા હૈ નહીં. અજ્ઞાનમેં એ ચીજ ક્રિયા પુન્યપાપકા વિકલ્પ હોતા હૈ, ઈસીકા નામ અજ્ઞાન હૈ. એ સિવાય બોલનેકી, ચાલનેકી, દુનિયાકી દયા પાળનેકી (ક્રિયા આત્મા કરતા નહીં હૈ). સમજમેં આયા? 'દુનિયાકો સુધાર દું, ધર્મ પમાડી દઉં, દુસરાકે ક્રિયાકા મૈં કર્તા હૂઁ—સબભાવ મિથ્યાત્ ભાવ હૈ. સમજમેં આયા?

'सुद्धभाव चेतन असुद्धभाव चेतन, दुहूँकौ करतार जीव और नहि मानीयें'. બેયનો કર્તા આત્મા છે. કર્મનો કર્તા આત્મા નહીં ને કર્મથી વિકાર હુઆ હી નહીં. સમજમેં આયા? નોટ છે હેઠે. અક્ષર સમજ્યો નથી પણ છે ક્યાંક? પણ એમ સમજાવ્યું છે આ તો. અશુદ્ધભાવ ચેતન છે ને. એને કર્તા કીધું છે ને એનો ખુલાસો કર્યો છે. કે ભાઈ, 'अशुद्ध परिणाम कर्म के प्रभावसे होते हैं'. એટલે કર્મકા સંગકે કારણ અશુદ્ધભાવ અપનેમેં હોતા હૈ. 'और शुद्ध परिणाम कर्म के अभावसे होते हैं'. શુદ્ધભાવ ભી ઉસમેં કર્મકા અભાવ નિમિત્ત પડતા હૈ. 'इससे दोनों प्रकारके भाव कर्म–जनित कहे जा सकते हैं'. આ અપેક્ષાએ વાત. ઠીક નાખ્યું છે.

પ્રભુ છે ને. પંચાસ્તિકાયમાં લીધું, પ્રભુ છે આત્મા! ઈસમેં વિકાર કરનેમેં ને વિકાર ટાળનેમેં અપના સમર્થ હૈ. કોઈ દુસરા કા સહારા હૈ નહીં. સમજમેં આયા? આ તો કર્તા—કર્મ અધિકાર હૈ ને. એ અજ્ઞાનપણે—અજ્ઞાની કરે તો અજ્ઞાની ક્યા કરે મિથ્યાદૃષ્ટિ? અપની પર્યાયકી મર્યાદા છોડકર, પરમેં તો કુછ કર સકે નહીં. ક્યોંકિ

અપની પર્યાયકી સત્તામેં રહતે હૈં, બાહર તો જાતે નહીં. અપના દ્રવ્ય-ગુણમેં તો ત્રિકાળ હૈ પણ અપની પર્યાયમેં રહતે હૈં. પર્યાયસે આગે તો જાતે નહીં તો પરકા ક્યા કરે? સમજમેં આયા?

આ બધા સંઘ કરે, શ્રાવકસંઘ બનાવે. મોટાં ટોળાં બનાવે સાધુના ને સાધ્વીનાં ને. એ ધૂળેય નથી, હજી સાધુ કોને કહેવાય, એ ખબર નથી તને. સમજમેં આયા? એવું કામ છે. આહાહા! દુનિયાથી જાત જુદી છે ભાઈ! આ તો જગતને જીતવું હોય તો આ માર્ગ હૈ. આમ ન જીતે તો યે અજ્ઞાનપણે રાગનો ને વિકારનો કર્તા છે, લે. પણ પરનો કર્તા તો હૈ નહીં, એમ સિદ્ધ કરના હૈ ને યહાં તો. અજ્ઞાનભાવે રાગ અને પુણ્યકા કર્તા આત્મા હૈ. પણ વહ વિકારકા કર્તા કર્મ હૈ ઔર વિકાર અપને અજ્ઞાનીને કિયા તો કર્મબંધન ભી આત્માએ કિયા, ઐસા હૈ નહીં. કર્મબંધનકી ક્રિયા કર્મબંધન જડસે હોતી હૈ. રાગકી ક્રિયા અજ્ઞાની અપનેસે કરતે હૈં. સમજમેં આયા?

'सुद्धभाव चेतन असुद्धभाव चेतन'. જુઓ, દયા-દાન-વ્રતનાં ભાવ ભી અશુદ્ધ ભાવ હૈ, યે વિકલ્પ હૈ, રાગ હૈ. એનો કર્તા અજ્ઞાની પોતે આત્મા નિજ હૈ, અજ્ઞાની હોં! જ્ઞાની રાગકા કર્તા નહીં, એ તો શુદ્ધભાવકા કર્તા હૈ. આરે! અપની પર્યાયકી મર્યાદા છોડકર પરમેં કુછ કોઈ કર શકે, એવી કોઈપણ સત્તાનાં સ્વભાવ ઐસા હૈ (નહીં.) કહો સમજમેં આયા? પછી સામાનાં વિચાર બદલાવી દઉં, ઐસા કર દઉં, ઐસા કર દઉં. છે ને એક સાધુ છે. કરોડપતિ હૈ, 'હમારી પાસ પૈસા નહીં પણ ઐસા હમ ઉપદેશ દે દાન કરા દું' ધૂળમેં ય કરા સકતે નહીં તુમ. યે તો અભિમાન હૈ તેરા. મિથ્યાત્વકા ભાવ હૈ. આહાહા! (શ્રોતા : મહા અહંકાર). મોટો અહંકાર.

આ પૈસાવાળાને....કહ્યું ને, 'અમે કંઈ ઉપદેશ દઈએ ને દાન કર. કેટલું દાન કરાવ્યું.' દેખો, પછી પૂજા, જાત્રા નીકાલી બે લાખ ખર્ચીને. યહાઁસે પગપાળા ચાલ્યા. 'જુઓ અમે બધું કરાવ્યું.' મૂઢ હૈ. બહોત ફેર હૈ. (શ્રોતા : પૂરેપૂરો ફેર છે. આત્માની ખબર ન પડી એટલે આ બહારનું પૂંછડું......) બહારમાં માન્યું. કરી તો ક્યાં શકે છે? હાલવું-ચાલવું તો જડની ક્રિયા છે. ....વાળા કબૂલ છે ને તમારે? શું કહે? છ'રી.....છ'રી લખ્યા'તા તમે એક કાગળમાં. (શ્રોતા : છ'રી પાળતો સંઘ) છ'રી. પોતાના આત્મા ઉપર મૂકતો જાય છરી. એક ટંક ખાવું ને શું રોજ બોલતા'તા ને તમે? (શ્રોતા : એક ટંક ખાવું.....) હા, ઈ. દરરોજ પાળે. હમણાં નીકળ્યો'તો નહીં?.... હા, ઈ છ'રી. આહા! ધૂળેય નથી સાંભળને!

આત્મા તો આનંદ સ્વરૂપ જ્ઞાતા તરીકે આત્મા તો જાનનેવાલા હૈ. ત્યાં વિકલ્પકી

ક્રિયા કરનેવાલા અજ્ઞાનપણે માને, વિકલ્પકી ક્રિયા હોં! પરકી તો ક્રિયા મૈં છોડ સકું આહાર ને ઉના પાણી લઈ શકું, ધંધા છોડ દિયા ને ફલાણા છોડ દિયા, સબ જડકા મિથ્યાત્વકા અભિમાન હૈ. સમજમેં આયા? ભારે લાગે આકરું! આ શાસ્ત્રમાં હૈ કે કોઈ વળી કહે, સોનગઢનું આ છે. પણ આ શાસ્ત્રમાં હૈ કે ક્યા હૈ? સોનગઢકા પંથ તો નિરાળા નીકળ્યા, વળી એમ વળી. એ ભાષા વાપરે. કૈલાશચંદજી એમ કહે, ઓલા બધા કહે, 'એ કાનજીસ્વામીનો પંથ જુદી જાતનો છે'. પણ જુદી જાતનો શું છે આ સાંભળને!......પણ આ નિરાળા કહે છે તે કંઈ અપના ઘરકા હૈ? આ તો વીતરાગ સર્વજ્ઞકા ઘરકા હૈ. (શ્રોતા : દોષ નાખવો છે) હા, દોષ નાખવો છે. આહા! (શ્રોતા : નિરાળા છે અને સમ્યક્ છે એમ નથી કહેતા.)

'कर्मपिंडकौ विलास वर्न रस गंध फास, करता दुहूँकौ पुद्‌गल परवानिये', દેખો. જડ કર્મની ક્રિયા પણ જડ કરે અને રંગ—ગંધ—રસ—સ્પર્શની શરીર ક્રિયા પણ જડ કરે. 'दुहूँकौ करता पुद्‌गल है'. આ શરીર ઐસા ચલે, હાલે, બોલે એ સબકી ક્રિયા કરનેવાલા પુદ્ગલ હૈ, આત્મા નહીં. પુદ્ગલ વર્ણ-રસ-ગંધ(-રૂપ હૈ). તો આહાર છોડ દીયા, આહાર ઐસા લિયા. કોણ લે? એ તો જડ કી ક્રિયા હૈ. સમજમેં આયા? એ દો હી કા કર્તા—વર્ણ-ગંધ-રસ સ્પર્શકી ક્રિયાકા ઔર કર્મબંધનકી ક્રિયાકા, પુદ્ગલ કર્તા દો કા હૈ. આત્મા દો કા—શુદ્ધ અશુદ્ધ ભાવકા કર્તા અને પુદ્ગલ રંગ-રસ આદિ ક્રિયા હોતી હૈ, ઉસકા કર્તા અને કર્મબંધકી ક્રિયા હો જડકી, વહ ભી ઉસકા કર્તા. એક હી બાત હૈ. દો બાત દુહૂઁમેં કર દિયા. સમજે?

'तातै वरनादि गुन ग्यानावरनादि कर्म', બે, વર્ણ—ગંધ—રસ—સ્પર્શની ક્રિયા જડની આ શરીરની અને જ્ઞાનાવરણાદિની. 'नाना परकार पुद्‌गलरूप जानिये', લ્યો. એ તો બધા પુદ્ગલની ક્રિયા છે, આત્માકી બિલ્કુલ નહીં. અજ્ઞાનભાવે ભી નહીં. 'समल विमल परिनाम जे जे चेतनके, ते ते सब अलख पुरुष यौं बखानिये', લ્યો. મલિન પરિણામ કરે મિથ્યાત્વ અને રાગ—દ્વેષકા તો ભી અજ્ઞાની અપને મેં કરતા હૈ, પરકા તો કર્તા હૈ (હી નહીં). ઔર નિર્મળ પરિણામ કરે, તો અપનેમેં કરતે હૈં. સ્વભાવકા આશ્રય લેકર નિર્મળ કરે તો ય આત્મા ઔર સ્વભાવકા આશ્રય છોડકર રાગ—દ્વેષકો કરે વહ ભી આત્મા અજ્ઞાની. એ સમલ—વિમલ સિવાય દુસરા કોઈ કર્તા હૈ નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૪૨, ફાગણ વદ ૨, શનિવાર, તા. ૧૩-૧-૧૯૭૧
## કર્તા-કર્મ ક્રિયાદ્વાર પદ નં. ૧૩, ૧૪ ઉપર પ્રવચન (હિંદી)

अज्ञानतस्तु सतृणाभ्यव्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।
पीत्वा दधीक्षुमधुराम्लरसातिगृद्धया
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम् ।।१२।।

એનું પદ. આ કળશ છે એનું પદ. 'भेदज्ञानका मर्म मिथ्यादृष्टि नहीं जानता.' આત્મા ઔર રાગસે ભિન્ન આત્મા હૈ, ઉસકો યે જાનતે નહીં અજ્ઞાની. વહ ઉપર દૃષ્ટાંત હૈ. આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ હૈ આત્મા, સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન આનંદકા સમુદ્ર હૈ ઔર પુન્ય-પાપકા વિકલ્પ જો ઉઠતે હૈં વહ તો દુઃખરૂપ રાગ વિકાર હૈ. ઉસકા અજ્ઞાની ભેદ નહીં જાનતે, દો કા ભેદ જાનતે નહીં અનાદિસે. ઉસકી ઉપર દૃષ્ટાંત દેનેમેં આયા હૈ.

ભેદજ્ઞાનનું રહસ્ય મિથ્યાદૃષ્ટિ નથી જાણતો એના ઉપર દૃષ્ટાંત

(સવૈયા એકત્રીસા)

जैसैं गजराज नाज घासके गरास करि,
भच्छत सुभाय नहि भिन्न रस लियौ है।
जैसैं मतवारौ नहि जानै सिखरनि स्वाद,
जुंगमें मगन कहै गऊ दूध पीयौ है।
तैसैं मिथ्यादृष्टि जीव ग्यानरूपी है सदीव,
पग्यौ पाप पुन्नसौं सहज सुन्न हीयौ है।
चेतन अचेतन दुहूंकौ मिश्र पिंड लखि,
एकमेक मानै न विवेक कछु कीयौ है।।१३।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—ગજરાજ=હાથી. ગરાસ(ગ્રાસ)=કોળિયો. સિખરનિ (શ્રીખંડ)=અત્યંત ગાઢ દહીં અને ખાંડનું મિશ્રણ. જુંગ=ધૂન. સન્ન(શૂન્ય)=વિવેક રહિત.

**અર્થ :—**જેમ હાથી અનાજ અને ઘાસનો મળેલો કોળિયો ખાય છે, પણ ખાવાનો જ સ્વભાવ હોવાથી જુદો જુદો સ્વાદ લેતો નથી, અથવા જેવી રીતે શરાબથી મત્ત બનેલને શીખંડ ખવરાવવામાં આવે, તો તે નશામાં તેનો સ્વાદ ન જાણતાં કહે છે કે એનો સ્વાદ ગાયના દૂધ જેવો છે, તેવી જ રીતે મિથ્યાદષ્ટિ જીવ જોકે સદા જ્ઞાનમૂર્તિ છે, તોપણ પુણ્ય-પાપમાં લીન હોવાને કારણે તેનું હૃદય આત્મજ્ઞાનથી શૂન્ય રહે છે, તેથી ચેતન-અચેતન બન્નેના મળેલા પિંડને જોઈને એક જ માને છે અને કાંઈ વિચાર નથી કરતો.

**ભાવાર્થ :—**મિથ્યાદષ્ટિ જીવ સ્વ-પર વિવેકના અભાવમાં પુદ્‌ગલના મેળાપથી જીવને કર્મનો કર્તા માને છે. ૧૩

**अर्थ :–**जैसे हाथी अनाज और घासका मिला हुआ ग्रास खाता है, पर खानेहीका स्वभाव होनेसे जुदा-जुदा स्वाद नहीं लेता; अथवा जिस प्रकार मद्यसे मतवालेको श्रीखंड खिलाया जावे, तो वह नशेमें उसका स्वाद न पहिचानकर कहता है कि इसका स्वाद गौदुग्ध समान है, उसी प्रकार मिथ्यादृष्टि जीव यद्यपि सदा ज्ञानमूर्ति है तो भी पुण्य-पापमें लीन होनेके कारण उसका हृदय आत्मज्ञानसे शून्य रहता है, इसके चेतन-अचेतन दोनोंके मिले हुए पिण्डको देखकर एक ही मानता है और कुछ विचार नहीं करता।

**भावार्थ :–**मिथ्यादृष्टि जीव स्व-पर विवेकके अभावमें पुद्गलके मिलापसे जीवको कर्मका कर्त्ता मानता है।।१३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

સૂક્ષ્મ બાત હૈ. અનાદિકાળસે ભગવાન આત્મા અપના શુદ્ધ સ્વરૂપ હૈ, વહ તો આનંદ હૈ. 'जैसें गजराज'—જૈસે હાથી, 'नाज'—અનાજ અને ઘાસ બેય કો 'गरास करि'—કૌર કરી. અનાજ અને ઘાસ બેય એકઠા હોકર ખાતે હૈં. કોણ? હાથી. ખા જાતે હૈં દો કો સાથમેં, અનાજ અને ઘાસકી ભિન્નતા જાનતે નહીં. આમાં અનાજ લીધું છે પણ ચૂરમો આપે છે ને આ રાજાઓ લાડવો, ચૂરમો, ચૂરમો. ચૂરમાકા લડ્ડુ કરકે દે તો ઘાસના પડખામેં વિંટાળી વહ ખાય. લડ્ડુ ભિન્ન હૈ ને ઘાસ ભિન્ન હૈ, ઉસકા ભાન નહીં. ગજરાજ હાથી હોને પર ભી ભાન નહીં. 'गजराज नाज घासके'. નાજ એટલે અનાજ, ચૂરમો આદિ મીઠાશ. 'घासके गरास करि'.—કવલ (કૌર) કરકે 'भच्छत सुभाय'. ખાને કા ભાવ હો ગયા પણ ક્યા ચીજ હૈ, ઉસકો ભાન નહીં.

'भच्छत सुभाय नहि भिन्न रस लीयौ है'. હાથીએ વહ ચૂરમાકા સ્વાદ ભિન્ન

ઔર ઘાસકા સ્વાદ ભિન્ન, ઉસકા ઉસને ભાન કિયા નહીં. સમજમેં આયા? ઘણી સૂક્ષ્મ બાત હૈ ધર્મકી! 'जैसे मतवारौ नहि जानै सिखरनि स्वाद'—મતવારૌ નશાનો મદ ચડી ગયો હોય, દારૂ પીયા હો. જિસને દારૂ પીયા હો, વહ શીખંડ ખાતે છતેં 'सिखरनि स्वाद' યે જાનતે નહીં. દારૂકા નશામેં 'सिखरनि'–શીખંડ ખાતે છતેં નશાકા જોરમેં સિખરનીકા સ્વાદ ખટ્ટા મીઠ્ઠા હૈ, ઉસકો જાનતે નહીં. 'जुगमें मगन कहै'. એ તો નશામેં, નશો સમજાય છે કાંઈ? આ દારૂ પીયા દારૂ. દારૂ પીનેકા નશામેં શીખંડકા સ્વાદ ભિન્ન નહીં ભાસતા.

વહ તો ઉસકો કહે, 'गऊ दूध पीयौ है'—મૈં તો ગાયકા દૂધ પીતા હૂઁ. સમજમેં આયા? યે તો દૃષ્ટાંત હૈ. દારૂકે નશેમેં ઘેન ચઢ કરકે સિખરનિકા સ્વાદકો ભિન્ન જાનતે નહીં. પણ નશાકા જોરમેં ઉસકો ઐસે દિખતે હૈં–મૈં ગાયકા દૂધ પીતા હૂઁ. દો દૃષ્ટાંત હુઆ. એક હાથીકા ઔર એક નશાકા. હાથીકો ભી અનાજ ઔર ઘાસ, દો કા સ્વાદ ભિન્ન દિખતે નહીં. ઉસકો દો કા એક સ્વાદ કરકે ખાતે હૈં. અજ્ઞાની–નશાવાળા પ્રાણી શીખંડ ખાતે છતેં ઉસકો 'દૂધ પીતા હૂઁ' ઐસે દિખતે હૈં. વહ દૃષ્ટાંત હુઆ દો. હવે સિદ્ધાંત.

'तैसें मिथ्यादृष्टि जीव'. જિસકી દૃષ્ટિ વિપરીત હૈ, 'મૈં જ્ઞાન, મૈં આનંદ હૂઁ', ઐસા જિસકો ભાન નહીં. મૈં તો જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય હૂઁ ઔર પુન્ય-પાપકા વિકલ્પ હૈ, વહ તો ઘાસ સમાન દુઃખરૂપ ઝેર હૈ. મિથ્યાદૃષ્ટિ જીવ અપના આનંદસ્વરૂપ સત્ સ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ, વહ અપના આત્માકા સ્વભાવ ઔર પુન્ય-પાપકા વિકલ્પકા રાગસ્વભાવ આકુળતા દુઃખભાવ. 'ग्यानरूपी है सदीव'–ત્રિકાળ આત્મા તો જ્ઞાનાનંદ જ્ઞાનજ્યોત ચૈતન્યમૂર્તિ હૈ. ઉસમેં દુઃખ હૈ નહીં, આકુળતા હૈ નહીં, ઐસી ચીજ આત્મા હૈ. પણ એ આત્માકો અનાદિસે અજ્ઞાનીએ જાણ્યાં નહીં તો 'पग्यौ पाप पुन्नसौं सहज सुन्न हीयौ है'. એ પુણ્ય ને પાપકા ભાવ–હિંસા-જૂઠું-ચોરી-વિષયભોગ વાસના ઐસા પાપકા ભાવ ઔર દયા-દાન-પૂજા-ભક્તિ-વ્રત આદિ પુન્યકા ભાવ, એ દો હી ઘાસ સમાન હૈ. ડાક્ટર! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા તો અતીન્દ્રિય જ્ઞાન સ્વરૂપ સચ્ચિદાનંદ મૂર્તિ હૈ. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદકા ઘર હૈ આત્મા તો. પર ઉસકો અજ્ઞાની ન જાનકર અનાદિસે પુન્ય ને પાપ શુભ-અશુભ જો ભાવ, વહ અપના હૈ માનકર મિથ્યાત્ કા નશામેં, જેમ વહ દારૂકે નશેમેં શીખંડ ખાતે છતે દૂધ પીતા હૂઁ ઐસા ભાસતે હૈં ઔર અનાજ અને ઘાસ ખાતે છતેં મૈં યે બેય એક હૂઁ ઐસે હાથી માનતે હૈં, એમ અજ્ઞાની આત્મા આનંદસ્વરૂપ ભગવાન આત્મા ઔર પુન્ય ને પાપનાં વિકલ્પનો રાગ; વહ રાગ યે અપના હૈ–રાગમેં પગ્યો હૈ. છે ને એમાં! જુઓ, 'मिथ्यादृष्टि यद्यपि सदाज्ञानमूर्ति है, तो भी पुन्यपापसे

लीन होनेके कारण'...આહાહા! શું ક્યા કહતે હૈં? જરી સૂક્ષ્મ બાત! અનાદિસે મિથ્યાદૃષ્ટિ જીવ ચાહે તો સાધુ હુઆ હો, બાહ્યસે ત્યાગી હુઆ હો પર અંતરમેં વહ દયા–દાન–વ્રત–ભક્તિકા જો વિકલ્પ ઉઠતે હૈં, યે રાગ હૈ, યે દુઃખ હૈ, યે ઝેર હૈ, યે અપના આત્માકા સ્વભાવ (નહીં). સમજમેં આયા?

'पग्यौ पाप पुन्यसौं'. ઉસકી દૃષ્ટિ, અપના આનંદ જ્ઞાન સ્વરૂપ હૈ ઉસકે ઉપર તો હૈ નહીં. તો શુભ-અશુભ જો વિકલ્પ ઉઠતે હૈં પુન્ય-પાપકા ભાવ, ઉસકે ઉપર પગ્યો નામ લીન હૈ. તો અજીવ ઉપર લીન હૈ, જીવ ઉપર લીન હૈ (નહીં). સમજમેં આયા? શરીર, વાણી અહીં લિયા હી નહીં. પર લિયા હી નહીં. પરકા અનુભવ તો હૈ (નહીં). 'पग्यौ पाप पुन्यसौं'. શુભ-અશુભ ભાવ જો વિકાર હૈ. અવ્રતકા ભાવ પાપ વિકાર હૈ. વ્રતકા ભાવ પુન્ય વિકાર હૈ. યે દો હી વિકાર હૈ ઉસમેં લીન હૈ અજ્ઞાની. મેરી ચીજ ઉસસે ભિન્ન હૈ, ઉસકા ઉસકો ભાન નહીં. આ તો સમજાય એવી વાત છે. આમાં કંઈ બહુ (કઠણ નથી). આનંદ સ્વરૂપ ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા તો હૈ. જ્ઞાનકા આનંદ હૈ ઉસમેં, ઉસકા નામ જીવ કહતે હૈં. તો વહ જીવકી તો ખબર નહીં. પાપકા પરિણામ કરકે લીન હોકર 'सहज सुन्न हीयौ'–ઉસકા હૃદય શૂન્ય હો ગયા હૈ. અપના આત્મા આનંદ હૈ, ઉસકા ભાન (નહીં). આહાહા! સમજમેં આયા?

'पग्यौ पाप पुन्नसौं सहज सुन्न हीयो है'. ભગવાન આત્મા અખંડ આનંદમૂર્તિ અનાદિ અનંત સચેતન આત્મા જાગૃત સ્વભાવ અને આનંદકા પિંડ આત્મા હૈ. ઉસમેં તો ઉસકા હૃદય અનાદિસે શૂન્ય હૈ. પુન્ય- પાપસે મૈં હૂઁ અને પુન્ય-પાપકી ક્રિયા મેરી હૈ ઔર પુન્ય-પાપકા સ્વાદ હી મેરા સ્વાદ હૈ. કહો પંડિતજી! આહાહા! સોગનમલજી જુઓ, આ તો સીધી બાત હૈ. આત્મા જ્ઞાનાનંદ સહજાનંદમૂર્તિ અનાદિ અનંત હૈ. ઉસકા જિસકો ભાન નહીં ઔર દૃષ્ટિ વિપરીત હૈ. તો નશાકે જોરમેં જૈસે શીખંડકા સ્વાદ ઉસકો આતા નહીં. દૂધ પીતે હૈ, ઐસે દિખતે હૈં. ઐસે અનાદિ અજ્ઞાની ચાહે તો ત્યાગી હુઆ હો કે ભોગી હો. પણ અપના આત્મા જ્ઞાન ને આનંદ મૂર્તિ હૈ, મૈં અનાદિ શાંત શાશ્વત વસ્તુ મૈં હૂઁ, ઐસા આનંદકા સ્વાદ ન લેકર પુન્ય-પાપકા વિકલ્પકા મિથ્યાદૃષ્ટિમેં સ્વાદ લેતે હૈં, ઉસકા હૃદય શૂન્ય હૈ. અપના સ્વભાવસે ઉસકા હૃદય ખાલી હો ગયા હૈ. (શ્રોતા : મુડદા હૈ). મુડદા હૈ. આહાહા! કહો, પંડિતજી! આહા!

'आत्मज्ञानसे शून्य रहेता है' ને દેખો. પુન્ય-પાપ લીન હોનેકે કારણ ઉસકા હૃદય આત્મજ્ઞાન, આત્મજ્ઞાન......આત્મા તો જ્ઞાન ને આનંદ હૈ. આહાહા! એ ક્રિયાકા જો પુન્ય-પાપકા ભાવ હૈ શુભ-અશુભ, યે તો વિકાર હૈ, વૃત્તિ હૈ, રાગ હૈ. હાથીને જેમ ચૂરમા ને ઘાસ બે, એક માનતે હૈં. ઐસે અજ્ઞાની અપના આનંદકો આ આત્મા અને આ

રાગ ભી આત્મા, ઐસા એકત્વ માનતે હૈં, આનંદકી ખબર હૈ નહીં. આહાહા! સમજમેં આયા? આત્મજ્ઞાન બિના સુન્ન હીયા(હૈયા) હૈ ઉસકા. ચાહે તો વ્રત પાળતે હો, તપસ્યા કરતે હો, ભક્તિ-પૂજા આદિ કરતે હો. સમજમેં આયા? પણ વહ ભાવ તો સબ રાગ હૈ. કર્તા કર્મ હૈ ને યહાઁ. તો રાગકી ક્રિયાકા કર્તા હોતા હૈ, એ અપના આનંદ સ્વરૂપ કા હૈયે સે શૂન્ય હૈ. દૃષ્ટિ મિથ્યાત્વ અજ્ઞાન હૈ. આહાહા! લોકોને ખબર નહીં અને માને કે લ્યો, અમારે આ અમે વ્રત કરતે હૈં ને તપસ્યા કરતે હૈં ને અપવાસ કિયા, આઠ આઠ અપવાસ, મહિના મહિનાના પણ તારા અપવાસ ક્યા? સુન તો સહી!

ભગવાન આત્મા રાગસે ને શરીરસે ભિન્ન હૈ, આનંદ સ્વરૂપ હૈ, ઉસકી તો તેરે ખબર નહીં. તો વહ સ્વભાવકા અનાદર કરકે દયા—દાન-વ્રત-ભક્તિ તપકા વિકલ્પ જો ઉઠતે હૈં, ઉસકા આદર કરકે ઉસકા સ્વાદ લેતે હૈં. એ શીખંડકા સ્વાદ પીતે છતેં જાણે યે મૈં દૂધ પીતા હૂઁ, ઐસા લગતે હૈં. આહાહા! ભારે દાખલો ભાઈ! સમજમેં આયા? આ શરીર વાણી, આ તો જડ હૈ. ઉસકા તો સ્વાદ આત્મા કો હૈ હી નહીં. આ તો જડ હૈ. આત્મા તો વર્ણ ગંધ રસ સ્પર્શ રહિત હૈ. તો લડુ, દાળ ભાત—શાક, સ્ત્રીકા શરીર, મકાન, ઉસકા તો અનુભવ આત્માકો હૈ નહીં, વહ તો જડ હૈ. અનુભવ ક્યા હૈ અજ્ઞાનીકો અનાદિસે? કે અપના આત્મા જ્ઞાન ને આનંદકા ઉસકો ભાન નહીં. તો એ શુભ-અશુભ ભાવમેં અપનાપન માનકર વહ 'એ ક્રિયા મેરી હૈ અને મૈં ઉસકા કરનેવાલા હૂઁ' ઐસા મિથ્યાદૃષ્ટિ આતમજ્ઞાનસે શૂન્ય હૈ. આહાહા! સમજમેં આયા? ભાષા ભારે! ધર્મ ભાઈ આવો ક્યા ધર્મ!

જુઓ, આ વ્રત ને અપવાસ બપવાસ કરે યે વિકલ્પ રાગ હૈ, એમ કહતે હૈં. ભગવાન આત્મા તો રાગ સે ભિન્ન હૈ, એ તો જ્ઞાનમૂર્તિ જ્ઞાતા દૃષ્ટા હૈ. જ્ઞાતા દૃષ્ટાકા ભાન ન હોનેસે પુન્ય-પાપમાં વૃત્તિ ઉસકી દૃષ્ટિ લગ ગઈ હૈ. આહાહા! પુન્ય-પાપકા ફળ બાહરમેં હૈ, વહ તો ઓલી બાહર દૂર દૂર ચીજ હો ગઈ. પણ વહ શુભ ને અશુભ ભાવ જો હોતા હૈ ઉસમેં લીન હોતે હૈં વહ. આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ ઉસકી ખબર નહીં. આહાહા! ભારે વાત ભાઈ! તો ધર્મ નહીં કરતે હૈં ક્યોંકિ આત્માકા જ્ઞાનસ્વરૂપ હૈ, ઉસકા તો ભાન નહીં. તો પુન્ય-પાપકા ભાવ કરતે હૈં વહ તો અધર્મ હૈ, આહા! ઔર અધર્મકા સ્વાદ લેતે હૈં. આત્મા આનંદમૂર્તિ ભગવાન ઐસા આત્માકા જ્ઞાન ને આત્માકા આનંદકા આશ્રય તો હૈ નહીં. આહાહા! ભારે વાત ભાઈ!

જુઓ, આ જીવ—અજીવની વહેંચણી. જીવ જડકા ને રાગકા કર્તા નહીં, પણ વહ તો જ્ઞાતા-દૃષ્ટાકા સ્વભાવ હૈ. યે તો ચૈતન્ય આંખ હૈ, ઐસા ભાન હોતે તો મૈં તો આંખ—જગત દૃષ્ય હૈ મૈં દૃષ્ટા હૂઁ, જગત જ્ઞેય હૈ મૈં જ્ઞાતા હૂઁ. ઐસે ન માનકર જગત નામ પુન્ય ને પાપસે

વિકલ્પસે માનકર યે મેરી ચીજ હૈ ઔર મૈં ઉસકા કરનેવાલા હૂँ. યે ક્રિયા મેરી હૈ. કર્તા-કર્મ-ક્રિયા હૈ ને. ઉપર કર્તા-કર્મ-ક્રિયા. એ દયા કી ક્રિયા મૈં કિયા, વ્રત કી ક્રિયા મૈં કીયા, પુન્યકી ક્રિયા મૈં કીયા, શુભભાવ કીયા, આ તપસ્યા કીયા, મહિના મહિનાના ઉપવાસ કીયા. તો ઉસમેં જો વિકલ્પ ઉઠ રહે હૈ વહ રાગકી ક્રિયા હૈ. વહ આત્માકી ક્રિયા નહીં. સમજમેં આયા? ભારે ધર્મ આવો મોંઘો ભાઈ, કહે છે ને! ધર્મ તો ઐસા હી હૈ. દુનિયાએ દુસરી રીતે માન્યા એટલે કાંઈ દૂસરી ચીજ હો જાયે? (નહીં). અનાદિસે અપનાપનેમેં ક્યા ચીજ હૈ અને દૂસરી ચીજ જો વિભાવ ઉત્પન્ન ત્યાં હોતા હૈ, ઉસકા ભેદજ્ઞાન હૈ નહીં. માથે લખ્યાને, ભેદજ્ઞાન કા મર્મ. વહ વિકલ્પકી ક્રિયાસે આત્મા ભિન્ન હૈ, ઐસા ભેદજ્ઞાનકા મર્મ અજ્ઞાની જાનતે નહીં. કહો પોપટભાઈ! બહુ ઝીણું પણ ભાઈ આવું!

જેમ એ ગજરાજ અને મતવાલો, બેય કો ભાન નહીં. ઐસે જિસકી દૃષ્ટિ પર્યાયમેં હૈ, પુન્ય-પાપકા પરિણામકી ક્રિયામેં હૈ ઔર વહ ક્રિયા મેરી યે હી માનકર લીન હોતે હૈં. તો પુન્ય-પાપકા કર્તા મૈં ને વહ ક્રિયા મેરી, ઐસે માનકર આત્માકા સ્વાદકો મિથ્યાદૃષ્ટિ શૂન્ય હો ગયા હૈ. આહાહા! ભારે વાત ભાઈ! મહાવ્રત પાળે પંચમહાવ્રત, વહ વિકલ્પ હૈ, રાગ હૈ. ચેતનજી! બોલો, આ રાગ હૈ? આ મહાવ્રત પાળે છે બિચારો, રાગભાવ કેટલા તો મહા સાધુ. મહાવ્રત પાળતે હૈ, દયા પાળતે હૈ અને સચ બોલતે હૈ ને બ્રહ્મચર્ય પાળતે હૈં. એ તો વૃત્તિકા ઉત્થાન રાગ હૈ. વહ રાગ વિભાવ હૈ. એ વિભાવકા સ્વાદમેં લીન હોનેસે અપના આનંદકા સ્વાદકી ઉસકો ખબર નહીં તો જીવ તત્ત્વકી ખબર નહીં, એમ કહતે હૈં. અપના આત્માકા ક્યા ચીજ હૈ, ઉસકા જ્ઞાન નહીં. સમજમેં આયા?

'सहज सुन्न चेतन अचेतन दुहूँकौ मिश्र पिंड लखि' જુઓ, દેખો, જુઓ. જેમ એ હાથી ઘાસ અને અનાજ એકસાથ એક માનતે હૈં. ઐસે અજ્ઞાની ચેતન તો જ્ઞાન ને આનંદ હૈ ઔર પુન્ય-પાપકા વિકલ્પ તો અચેતન હૈ, યે આત્માકા સ્વભાવ નહીં. આહાહા! ભારે વાત ભાઈ! પછી આ કહે, જુઓ આને એકાંત. પણ આ તો કહે, શું ક્યા કહતે દેખો આમાં લિખા હૈ ક્યા? એય! એકાંત છે, એકાંત છે. પણ કોને ઘેરે એકાંત સાંભળને! આહાહા! (શ્રોતા : જરાય ખબર નથી એકાંત કોને કહે.) એકાંત કોને કહે ભાઈ! વસ્તુ એકાંત—એક અંત નામ આનંદકા સ્વભાવવાળી ચીજ હૈ વહ તો. અતીન્દ્રિય આનંદકા સ્વભાવવાળો આત્મા હૈ. તો ઐસી અંતરમેં દૃષ્ટિ નહીં કરકે, આત્મજ્ઞાનકા અભાવમેં પુન્ય-પાપકા વિકલ્પકા જ્ઞાન કરતે હૈ ને 'યે ક્રિયા મેરી ને મૈં કર્તા હૂँ' એ મિથ્યાદૃષ્ટિ ઐસે માનતે હૈં. આહાહા!

કહો, કાંતિભાઈ, બહુ આકરું આ તો! તો આ મહાવીર ભગવાને, આચાર્ય કુંદકુંદે મહાવ્રત પાળ્યા. એય પંડિતજી! ૨૮ મૂળગુણ પાળતે હૈ એ મૂળગુણ હૈ. એ તો

અસદ્‌ભૂત વ્યવહારનું કથન હૈ. અરે! કોણ પાળે, સાંભળને! આહા! જ્ઞાનકા સાગર ભગવાન ઉસમેં તો પ્રજ્ઞા—જ્ઞાન ભરી હૈ. પ્રજ્ઞાબ્રહ્મ ઔર અતીન્દ્રિય આનંદ ઉસમેં તો હૈ, ઉસકો આત્મા કહતે હૈં. તો ઐસે આત્માકા જ્ઞાન બિના પુન્ય-પાપ ભાવમેં તો ચૈતન્ય નહીં ઔર પુન્ય-પાપમેં આનંદ નહીં. પુન્ય-પાપકા ભાવ અચેતન હૈ ઔર દુઃખ હૈ. આહાહા! આ અપવાસ કરનેકા ભાવ દુઃખ હૈ, એમ કહતે હૈં. શું બરોબર? આ ઉપધાન કરી કરી મરી ગયાને અત્યાર સુધી. એય ભીખાભાઈ! ઉપધાન કરતા'તા દોઢ મહિનાના. એક દિ' ખાવું ને એકટાણું પછી બીજા ત્રણ દિ' નહીં ને ત્રીજે દિ' ખાવું એકટાણું અને ઠડ નીકળી જાય ક્રિયા કરી કરી ભગવાનના દર્શન—ઉઠ બેસ કરી કરી.

(શ્રોતા : સો ખમાસમણાં) સો ખમાસમણાં, મજૂરી છે. અરે, રાગ રાગ. રાગનાં કળશ. એ તો જડની ક્રિયા છે ઉઠ—બેસની અને અંદરમાં એ કદાચિત્ રાગકી મંદતા હુઆ હો તો તો પુન્ય વિભાવ હૈ અને એને પોતાના સ્વભાવ કરીને હું ધર્મ કરું છું, એમ માને છે. (શ્રોતા : મિથ્યાત્વ છે). ભારે કામ ભાઈ! (શ્રોતા : ભેદજ્ઞાનની ખબર નથી પડતી). ચેતનસ્વરૂપ (શ્રોતા : આમાં આવ્યું ને ભેદજ્ઞાન) લખ્યું'તું ને આમાં. ભેદજ્ઞાન કા મર્મ મિથ્યાદૃષ્ટિ જાનતે નહીં. જેમ હાથી ઘાસકો અને અનાજકો જાનતે નહીં. જેમ દારૂ પીનેવાલા શીખંડકા સ્વાદકો જાનતે નહીં. ઐસે અજ્ઞાની (આત્માકા જ્ઞાન—આનંદ સ્વભાવકો જાનતે નહીં.) આહા!

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ આનંદસ્વરૂપ, વહ જીવ. તો ઈસકા જ્ઞાન વહ સ્વસન્મુખ હોકર તો કિયા નહીં. પછી પરસન્મુખમેં જો પરલક્ષસે દયા—દાન—વ્રત—ભક્તિ—કામ—ક્રોધકા વિકલ્પ ઉઠતે હૈં વહ અપના હૈ, ઐસે માનતે હૈં અને એ કાર્ય મેરા—હમારી ફરજ હૈ (શ્રોતા : ફરજ.) પંડિતજી, ભારે આકરું કામ, આ તો કહે. છ આવશ્યક હૈ ને શ્રાવકકા. શ્રાવકકા છ આવશ્યક હૈ કિ નહીં? (શ્રોતા : આવશ્યક ક્યા......) શ્રાવકને છ આવશ્યક નહીં હૈ? (શ્રોતા : આવશ્યક તો એક જ ધર્મ.....) પણ એ શ્રાવકને તો, શ્રાવકને તો છ આવશ્યક હૈ એવો વિકલ્પ ને રાગ હૈ, એમ કહેના હૈ યહાઁ. એ આવશ્યક નહીં. નિશ્ચય આવશ્યકમેં તો રાગકી ક્રિયાસે ભિન્ન મેરી ચીજ હૈ, ઐસી દૃષ્ટિ જ્ઞાન ને રમણકા કરના વહ આવશ્યક હૈ

જેમ 'णियमेण च जं कज्जं' માં નિયમસારમાં આવ્યું'તું ત્રીજી ગાથામાં. 'णियमेण च जं कज्जं'. નિયમથી કરને લાયક હૈ, વહ તો પુન્ય ને પાપકા વિકારસે અપની ચીજ શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન ભિન્ન હૈ, ઈસકી શ્રદ્ધા જ્ઞાન ને રમણતા નિશ્ચય કરના વહ હી નિયમ—કર્તવ્ય હૈ. પર ઐસા ભાન હુએ પીછે પણ છ આવશ્યકકી ક્રિયાકા વિકલ્પ આતા હૈ, ઉસકા જ્ઞાન કરાયા હૈ. સમજમેં આયા? ત્યાં એણે એક બાત કહી, છ આવશ્યક

અપના કર્તવ્ય હૈ, વહ હી આવશ્યક ક્રિયા હૈ. આહીં તો કહતે હૈં કિ શુભભાવમેં વશ હો ગયા હૈ, વહ અનાવશ્યક હૈ. આવશ્યક હૈ નહીં વહ. સમજમેં આયા? આ કોની સાથે મિલાન હોતા હૈ, કીધું.

અગરચંદે નાખ્યા હૈ દેખા હૈ ખૂબ, સબકા લિયા હૈ પતા......ને ભાઈ કૈલાસચંદજીને. (શ્રોતા : પણ એને પોતાનો પત્તો ક્યાં છે?) પોતે તો હુંશિયાર છે બધામાં અને દિગંબર માટેય લીધું કે દિગંબર લોકોએ નગ્નપણાના આગ્રહને કારણે આગમોને માન્ય ન રાખ્યાં. અરે, પણ એ આગમ જ નથી. જેમાં વસ્ત્ર સહિત મુનિપણું માનતા હોય કે લખ્યું હોય, એ આગમ નહીં. (શ્રોતા : એક સમયે કેવળજ્ઞાન, બીજા સમયે કેવળદર્શન એ રીતે આગમ હોય કે દિ'?) આ શું આવા આગમ હોય? સમજમેં આયા? (શ્રોતા : ઉંધા સીધા) વહ પંડિતજીને દેખા હૈ તમે? શ્વેતાંબરકા હૈ. અગરચંદ નાહટા બડા પંડિત હૈ. ત્યાં બનારસમેં આયા થા. ફૂંકતા થા જે તે. કૈલાસચંદજી, ફૂલચંદજી બધા હતા. કાંઈ ય ખબર ન મળે.

આરે ભગવાન! બાપુ, જેને અંતરમાં રાગ ને પુણ્ય-દયા-દાનનાં વિકલ્પને પણ જે દુઃખ માનતે હૈં, કોણ માન સકે? જિસને અપના આનંદસ્વરૂપ ચૈતન્યકા ભાન હુઆ વહ. એ આનંદકી સાથ મિલાતે હૈં, તો આ રાગ આત્માકા નહીં. આત્મા શાંત અનાકુળ આનંદસ્વરૂપ હૈ, ઉસકા ભાન હુઆ તો ઉસકી સાથમેં જબ મિલાન કરતે હૈં, રાગ ઉત્પન્ન હોતા હૈ, દુઃખ હૈ ઐસા ભાસતે હૈં. અજ્ઞાનીકો તો ભાસ હૈ નહીં. આહાહા! સમજમેં આયા? 'चेतन अचेतन दूहुँकौ मिश्र पिंड लाख', બેયને ભેગું—એક હૈ દો(દોનોં). વહ રાગકી ક્રિયા ને આત્મા દો એક હૈ, ઐસે અજ્ઞાની માનતે હૈં. આહાહા! 'मिश्र पिंड लखि, एकमेक मानै न विवेक कछु कीयौ है' દો કો એક માનતે હૈં. આહાહા! જુઓને, પાઠમાં હૈ, ઐસા પદ બનાયા હૈ. પાઠ હૈ વહ શાસન ભગવાન કુંદકુંદ આચાર્યકા શ્લોકમેંસે ટીકા ને ઉસમેં કળશ બનાયા હૈ. આહાહા! ન્યાય સમજે નહીં ને ઐસે અનેકાંત—અનેકાંત—અનેકાંત. અનેકાંત ક્યા અનેકાંત? (શ્રોતા : કપડા રાખે તો ય અને ન રાખે તોય). બસ એમ.

'स्वयं वरो वासे' આવે ને ગાથા હૈ ઉસમેં. શ્વેતાંબર હો, દિગંબર હો, બૌદ્ધ હો, વહ સબ સમભાવ રખે, મુક્તિ પામે. આવે છે ને? છે ને!....ઉસમેં શ્લોક હૈ. બધી યે જૂઠ બાત હૈ. અહીંયા તો જ્યાં આત્માકા ભાન હુઆ રાગસે ભિન્ન મેરી ચીજ હૈ—ઐસા આત્માકા સ્વાદ આયા ને પીછે ઉગ્ર સ્વાદમેં અંતરમેં આયા ચારિત્રકા તો વિકલ્પ વસ્ત્ર લેનેકા વિકલ્પ ઉસકો હોતા હી નહીં, ઐસી વસ્તુકી મર્યાદા હૈ. સમજમેં આયા? ભારે માળા! પોતાના પક્ષને સિદ્ધ કરવા બધું અનેકાંત ઠરાવો, અનેકાંત ઠરાવો. મા એ બાયડી

ય કહેવાય ને મા એ માતા ય કહેવાય, એમ હશે? એવું અનેકાંત હોય? આહા! માર્ગ એવો છે કે અત્યારે સાધારણ પ્રાણીને બહુ આકરો (લાગે).

'एकमेक मानै न विवेक कछु कीयो है,' દેખો. ભગવાન આનંદસ્વરૂપ ઉસકા રાગસે પૃથ્થક હોકર જ્ઞાન કીયા નહીં. ભિન્ન ભાવકા લેશકી ખબર નહીં. ઔર પુન્ય-પાપ કા પરિણામકો અપના માનકર ઉસકા સ્વાદ લેકર ચૈતન્યકો ભૂલ ગયા હૈ. ભગવાન આત્મા તો વિસ્મરણ હો ગયા હૈ. સમજમેં આયા? ઉસકો ચેતન—અચેતનકી ભિન્નતાકી ખબર નહીં. લ્યો, અહીંયા કહતે હૈં પંડિતજી! વ્રત પાળતે છતેં વ્રતકા વિકલ્પ હૈ વહ મેરા કર્તવ્ય હૈ, માનનેવાલા જડ હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા? (શ્રોતા : દિગંબર શાસ્ત્રમાં એમ લખ્યું છે.) દિગંબરના ન્યાયસે સૂનો, ન્યાય નહીં સમજમેં આતા હૈ? કે આત્મા જો હૈ એ તો રાગરૂપ હૈ? દિગંબર શાસ્ત્ર ને ફલાણા શાસ્ત્ર એક બાજુ રખો. જો રાગ નિકલ જાતા હૈ, યે આત્માકી ચીજ હૈ? (શ્રોતા : જી નહીં). વિકલ્પ હૈ સિદ્ધ મેં? (શ્રોતા : બિલ્કુલ નહીં). તો વિકલ્પ રાગ હૈ. રાગ જ નીકળી ગયા. વીતરાગતા નીકલ જાતી હૈ? સમજમેં આયા?

વિકલ્પ ઉઠતે હૈં, વૃત્તિ ઉઠતે હૈં, મહાવ્રત ગમે તે હો. દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકી ભક્તિકા બહુમાનકા ચાહે સો વૃત્તિ ઉઠતી, યે વૃત્તિ હૈ રાગ હૈ, દુઃખ હૈ. પણ યે દુઃખકા મિલાન કિસકો હોતા હૈ? જિસકે આત્મા આનંદ સ્વરૂપકા ભાન હુઆ તો આનંદકી સાથ મિલાન કરકે દુઃખ હૈ. પણ અજ્ઞાનીકો તો આનંદકા ભાન નહીં, ચેતન અચેતન દો એક માનતે હૈં. રાગ અને આત્મા બેય (શ્રોતા : એક માને). રાગ અચેતન હૈ ને ભગવાન ચેતન હૈ. આહાહા! (શ્રોતા : બેય ને એક માન્યાં). બેયને એક માન્યાં. આહાહા! ભારે વાત ભાઈ! એક પિંડકો દેખકર એક હી માનતા હૈ. કુછ વિચાર નહીં કરતા. દેખો, કોઈ વિચાર જ નહીં હૈ. અંધે અંધા અનાદિસે હૈ. એ ભીખાભાઈ!

भावार्थ : 'मिथ्याद्रष्टि जीव स्वपर विवकके अभावमें.....' ભાવ હૈ ને? મિથ્યા નામ જૂઠી દૃષ્ટિવાળા, સત્ય દૃષ્ટિકા ખૂન કરનેવાલા, મિથ્યાદૃષ્ટિ નામ જૂઠી પાખંડ દૃષ્ટિવાળા જીવ સ્વ-પર વિવેક કે અભાવમે 'મૈં જ્ઞાન હૂઁ', જાનનેવાલા પ્રજ્ઞાબદ્ધ હૂઁ અને રાગાદિ દુઃખરૂપ વિકલ્પ હૈ', દો કા વિવેક નામ જુદાઈકે અભાવમેં પુદ્‌ગલકે મિલાપસે જીવકો, એ પુદ્‌ગલ નામ રાગાદિકા મિલાપસે જીવકો, કર્મકા કર્તા માનતા હૈ. યે કર્મકી ક્રિયા મેરી હૈ ને રાગકી ક્રિયા મેરી હૈ, એમ અજ્ઞાની માનતે હૈં. આહાહા! સમજમેં આયા?

દુસરા શ્લોક ૧૩મા શ્લોક ૧૩. 'जीवको कर्मका कर्ता मानना मिथ्यात्व है'. નીચે શ્લોક હૈ ૧૩.

अज्ञानान्मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा
अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जौ जनाः ।
अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवन्त्याकुलाः ।।१३।।

એમાં શબ્દો ઓલાથી લીધેલા. એમાં એવું થઈ ગયું છે? 'कर्त्रीभवन्ती'માં જરીક. વૈરાગ્ય શબ્દ. (શ્રોતા : આમાં બરાબર છે). 'कर्त्रीभवन्ती' આમાં આ નાખ્યું છે. 'आकुला' હઠ કરીને કર્તા થાતે હૈ, એમ કહતે હૈં. જ્ઞાનસ્વરૂપ ભગવાન બિંબ વહ ભાન નહીં અને બળાત્કારે પુણ્ય-પાપકા વિકલ્પકા કર્તા હોતા હૈ, યે મૂઢ હૈ. આહાહા! ઉસમેં નહીં ને માનતે હૈ જોરસે ઉલટા જોરસે, મિથ્યાત્વ હૈ, મિથ્યાત્વ હૈ, કહતે હૈં. ઉસકા પદ્ય (શ્લોક)૧૩નું ૧૪ પદ.

જીવને કર્મનો કર્તા માનવો તે મિથ્યાત્વ છે એના ઉપર દૃષ્ટાંત

(સવૈયા એકત્રીસા)

जैसैं महा धूपकी तपतिमैं तिसायौ मृग,
भरमसौं मिथ्याजल पीवनकौं धायौ है।
जैसैं अंधकार मांहि जेवरी निरखी नर,
भरमसौं डरपि सरप मानि आयौ है।।
अपनैं सुभाव जैसैं सागर सुथिर सदा,
पवन-संजोगसौं उछरि अकुलायौ है।
तैसैं जीव जड़सौं अव्यापक सहज रूप,
भरमसौं करमकौ करता कहायौ है।।१४।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**તપતિ=ગરમી. તિસાયૌ=તરસ્યો મિથ્યાજળ=મૃગજળ. જેવરી=દોરડું. સરપ(સર્પ)=સાંપ. સાગર=સમુદ્ર. થિર=સ્થિર. અવ્યાપક=ભિન્ન. ભરમ=મૂલ.

**અર્થ :—**જેવી રીતે અત્યંત આકરા તડકામાં તરસથી પીડાયેલું હરણ ભૂલથી મૃગજળ પીવાને દોડે છે, અથવા જેમ કોઈ મનુષ્ય અંધારામાં દોરડું જોઈને તેને સર્પ જાણી ભયભીત થઈને ભાગે છે અને જેવી રીતે સમુદ્ર પોતાના સ્વભાવથી સદૈવ સ્થિર છે તોપણ પવનની લહેરોથી લહેરાય છે; તેવી જ રીતે જીવ સ્વભાવથી જડ પદાર્થોથી ભિન્ન છે, પરંતુ મિથ્યાત્વી જીવ ભૂલથી પોતાને કર્મનો કર્તા માને છે. ૧૪

**अर्थ** :–जिस प्रकार अत्यन्त तेज धूपमें प्यासका सताया हुआ हिरण भूलसे मृगजल पीनेको दौड़ता है, अथवा जैसे कोई मनुष्य अंधेरेमें रस्सीको देख उसे सर्प जान भयभीत होकर भागता है, और जिस प्रकार समुद्र अपने स्वभावसे सदैव स्थिर है तथापि हवाके झकोरोंसे लहराता है; उसी प्रकार जीव स्वभावतः जड़ पदार्थोंसे भिन्न है, परन्तु मिथ्यात्वी जीव भूलसे अपनेको कर्मका कर्त्ता मानता है।।१४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ભગવાન આત્મા! 'महा धूपकी तपतिमैं तिसावौ मृग'. દૃષ્ટાંત દેતે હૈં. મૃગજળ, જળ હૈ નહીં. ખારીલી જમીનમેં સૂર્યકા કિરણકા નિમિત્ત પાકર ત્યાં જળકી જૈસી ઝાંય દિખતી હૈ, જળ હૈ નહીં. ખારીલી જમીન હો ઔર સૂર્યકા કિરણ પડે તો મૃગ જોય(અને માને) જળ હૈ, જળ હૈ, 'धूपकी तपतिमैं तिसायौ मृग.' તૃષા લગતી હો તો એ જાણે, જળ ત્યાં હૈ તો 'भरमसौं मिथ्याजल पीवनकौ धायौं'. અજ્ઞાનપણે જ્યાં જળ નહીં ત્યાં જળ પીનેકો દોડ્યા. આયાને ભાઈમાં આવ્યું છે ને! (શ્રોતા : રમેશભાઈમાં.) રમેશભાઈમાં. રમેશભાઈનું. 'દોડી હાંફી ઝાંઝવાના જળને કાજ, અરેરે! એને સાચાં વારિ તે કેમ મળે?' વહ પન્ના દિયા હૈ ને. આહીં છે ને આપણે એમાં ઈ. ક્યાંક હશે આમાં. ઈ આ દાખલા આપ્યા'તા ને એમાંથી ઉતાર્યું, લ્યો.

'સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યાં રે લોલ
દોડે હાંફી ઝાંઝવા જળની કાજ
અરેરે! સાચા વારિ એને ના મળે રે લોલ.' (વારિ એટલે પાણી.)
'સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યાં રે લોલ'.

જળ સરોવર ચૈતન્ય આનંદ ભર્યા હૈ અંદરમેં પણ મૃગલાં સરોવરની પાસે ન જાતાં, મૃગલાં ઝાંઝવાના જળ માટે દોડે હાંફીને. 'દોડે હાંફી ઝાંઝવા જળની કાજ, અરેરે! સાચાં વારિ એને ના મળે, એમ મનના મૃગલાંને પાછાં વાળજો રે લોલ, જોડી ધ્યો આતમસરોવર આજ'. આત્મામાં આનંદ ને જ્ઞાન ભર્યાં એ સરોવરમાં તેરી દૃષ્ટિ દે. આહાહા! ત્યાં તને આનંદનો સ્વાદ આવીને તારી પિપાસા–તૃષા છીપશે. સમજમેં આયા? વધારાનું છે આ? ડાક્ટરને આપો. ગઢડાના છે ગઢડાના. બહુ રસવાળા છે. જુઓ. સમજાણું કાંઈ? ક્યા કહતે હૈં?

કે 'जैसे महा धूपकी तपतिमैं'—ધૂપ લાગ્યો ને તપ્ત થયો આ મૃગ. 'तिसायौ मृग'—તૃષા હુઈ એ મૃગલો 'भ्रमसौ 'मिथ्याजल पीवनकौ धायौ'—ખારીલી જમીનમેં ઠંડી નહીં, જળ નહીં, પાણી નહીં, ત્યાં દોડ્યો. 'ऐसे.....जैसे अंधकार मांहि जेवरी निरखि

नर', અંધકારમાં દોરડી–દોરડી–જેવરી ઉસકો સર્પ દેખકર ભાગ્યો, સર્પ હૈ નહીં. દોડો. આયા, દેખો.'जैसे अंधकार मांहि जेवरी निरखि नर, भरमसौं डरपि सरप मानि आयौ है'. દૃષ્ટાંત હૈ દો (દૂસરા). ત્રીજો 'अपने सुभाव जैसैं सागर सुथिर सदा'. દરિયો–સમુદ્ર તો સ્થિર અપના સ્વભાવસે હૈ. 'पवन संजोगसौं उछरि अकुलायौ है'—પવન કા નિમિત્તમેં આવીને ડાવાડોળ–ડોલમડોલ દરિયો સ્થિર હોતે છતાં ડોલમડોલ હોતા હૈ.

'तैसैं जीव जड़सौ अव्यापक सहज रूप' તૈસે ભગવાન ચૈતન્ય મૂર્તિ અતીન્દ્રિય આનંદનો ધામ. એ જડસોં નામ રાગસોં ભિન્ન હૈ. અવ્યાપક નામ રાગ ને પુણ્યની ક્રિયાસે ભિન્ન હૈ. આહાહા! કેટલી ધીરજ જોઈએ, આત્મામેં પ્રવેશ કરનેકી! સમજાય છે કાંઈ? 'तैसैं जीव जड़सौं अव्यापक सहज रूप'. એ પુન્ય ને પાપનાં રાગનાં વિકલ્પથી ભગવાન આત્મા તો ભિન્ન હૈ. છતાં વહ રાગકો દેખકર 'અપના હૈ' અને એ રાગ કર્તા ને એ ક્રિયા મેરી હૈ, ઐસે મિથ્યાદૃષ્ટિ માનકર અપના આત્માકા આનંદકા પીના છોડ દેતે હૈં ઔર રાગકા પીના કરતે હૈં. આહાહા! કહો સમજમેં આયા? જિસમેં પાપ પરિણામ હૈ હિંસા–જૂઠું–ચોરી–વિષય ભોગવાસના, ઉસમેં જિસકો મીઠાશ લગતી હૈ, વહ મૂઢ જીવ હૈ, એમ કહતે હૈં. ઉસકો જીવકી શ્રદ્ધા નહીં. સમજમેં આયા?

પુન્ય-પાપ દો લિયા હૈ ને માથે ઉપરમેં! તો પાપકા પરિણામ જો હૈ હિંસાકા–જૂઠુકા–ચોરીકા–ભોગકા–વિષયકા–વાસનાકા, ઉસમેં જિસકો રુચિ લગી હૈ, વહ દુ:ખકી રુચિ હૈ. આહાહા! આત્મા આનંદમૂર્તિકી રુચિ ઉસકો નહીં. ભારે વાત! સાંભળવાય મળે નહીં એને પછી આ લાગે એવું માણસ ને હોં. આ માળા સોનગઢવાળા તો એવું મુંઝવે. ભગવાનની ભક્તિનો રાગ, કહે છે દુ:ખ હૈ, એમ કહતે હૈં. આહાહા! પણ એમાં લીન હોને કે કારણ અપના આત્માકો જાનતે (નહીં). આહાહા! આતે હૈં વહ દૂસરી બાત હૈ ઔર ઉસમેં લીન હોના યે દૂસરી બાત હૈ.

કહતે હૈં કે જેમ એ તૃષા છીપાવવા માટે વહ મૃગ દોડતે હૈં હાંફતાં હાંફતાં હાંફીને, ઐસે અજ્ઞાની જોરશોરસે પુન્ય ઔર પાપકા પરિણામમેં કર્તા હોકર ચોંટ ગયા હૈ ઉસમેં. આરે ભારે વાત ભાઈ! રાગ અનેકાંત કરો ભાઈ, લ્યો, કહે છે. રાગસે ભી ધર્મ હોતા હૈ ને શુભસે ભી હોતા હૈ ને આત્માસે (ભી હોતા હૈ.) અરે! ભગવાન અનેકાંત કોને કહીએ ભાઈ! રાગસે ભિન્ન હોકર અપના આનંદસે ધર્મ હોતા હૈ ઔર રાગસે નહી હોતા હૈ, ઉસકા નામ અનેકાંત હૈ. શુભસે ભી (ન) હો અને શુભસે ભી ન હો, અપને સે હો તો નિશ્ચય એકાંત હો જાતા હૈ. ભાઈ! તને ખબર નથી. આહાહા!

ભગવાન તેરી ચીજકી તેરે ખબર નહીં ભાઈ! તેરેમાં તો આનંદકા સ્વાદ આતે હૈ

ઐસી ચીજ તેરેમેં હૈ. અતીન્દ્રિય આનંદકા સ્વાદકી તેરી ચીજ હૈ. ઐસી ચીજકા પુન્ય-પાપકા વિકલ્પસે ભિન્ન હોકર અપના સ્વાદ તો લીયા નહીં, અપના ભાન કીયા નહીં ઔર પુન્ય-પાપકા જો ખારીલી જમીનમેં જૈસે તૃષા છીપાનેકો મૃગ દૌડતે હૈં, ઐસે દૌડતે હૈ પ્રભુ. તેરી તૃપ્તિ નહીં હોગી ત્યાં. ભારે વાત ભાઈ! જુઓને કિતના પદ લીખા હૈ. આહાહા. શાંતિકી બાત હૈ ભાઈ! એમ કુદમકુદા ને વાદવિવાદ કરેને આ સહી, એ વસ્તુ ઐસી નહીં ભાઈ! એ મિથ્યાદૃષ્ટિવંતકો તો....

એમ આત્માકા આનંદસ્વરૂપ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માકો ન જાનકર એ દયા—દાન—વિકલ્પમેં તૃષા તોડનેકો ધર્મ કરનેકા જાતે હૈ, યે મૃગજળ પીતે હૈં, ઐસા કહતે હૈં. (શ્રોતા : પાલીતાણા જાયે વરસીતપ કરે.) એ વરસીતપ કરે, એ બધા અજ્ઞાન હૈ. એય ચેતનજી! ચેતનજીકા ગામ હૈ વહ તો પાલીતાણા. વૈશાખ સુદ ત્રીજે તો બહોત માણસ આતે હૈં ૮૦૦—૮૦૦, હજાર—હજાર અને પણ એ બધા અપવાસ કરે ને વહેંચે. શું કહેવાય એ બધું? (શ્રોતા : પ્રભાવના લ્હાણી) પ્રભાવના—લ્હાણી. એક એકને બિચારા ગરીબ માણસ હોય એને તો બાર મહિનાનો ખોરાક આવી જાય. પાંચસે-પાંચસે—હજારનો. (શ્રોતા : કેટલો બધો લાભ થાય?) ધૂળેય લાભ નહીં ભગવાન! આહાહા!

ઉસમેં રાગકી મંદતા કીયા હુઆ તો ભી પુન્ય હૈ, મિલનેકી આશાસે કીયા હો તો પાપ હૈ (શ્રોતા : ધર્મ કેવી રીતે થાય પહેલાં?) એ પુન્યકા વિકલ્પસે ભિન્ન ભગવાન આનંદ સ્વરૂપ હૈ, ઐસી દૃષ્ટિ કરકે અનુભવ કરના એ ધર્મ હૈ. એ ધર્મકી તો ખબર નહીં. આકરું લાગે હોં! વૈશાખ સુદ ત્રીજે ત્યાં હાલતું હોય અને આ જો કહ્યું હોય આવું. મારો, મારો. કહે આ ક્યાં આવો ધર્મ? ભગવાન ધર્મ તો ઐસા હૈ પ્રભુ! છેતરાઈ જાતે હૈં ભાઈ! એ રાગકી ક્રિયાકે બહાને આત્મા ખો બૈઠા હૈ તુમ. આહાહા! આવ્યું'તું ને હમણાં એ ૭૨ ગાથાનું મૂક્યું છે ને ભાઈએ. જેમ પીપરમાં લાખ હૈ. પીપર—પીપર ઝાડ (૫૨) લાખ હૈ, વહ પીપરકો ખો હૈ. પીપરકા નાશ હોતા હૈ ઉસમેં. ઐસે આત્મામેં પુન્ય-પાપકા પુન્યકા ભાવ હૈ, એ આત્માકી શાંતિકા નાશ કરનેવાલા હૈ આહાહા! આકરી વાત કહી છે. એય જેઠાભાઈ! પીપર, પીપર ઝાડ. લાખ હોય ને લાખ. આહાહા!

કહા થા ને એક બાર. બહોત સાલકી બાત હૈ ૬૬—૬૭ કી. અહીં પીપર થી. આ ભાવનગર, વહ નહીં ગુજરીની સામે. આખી પીપરનાં ઝાડ હતા. ૬૬—૬૭ની વાત છે. સંવત ૧૯૬૬. તો એકવાર હું પાલીતાણાથી આવેલો અહીંયા તો મેં કીધું, ભાઈ આટલા બધા ઝાડ ક્યાં ગયા? કીધું પીપર બધા હતા ને એ ગુજરીની આમ વચ્ચે. કહે, ઈ તો લાખ આવી'તી, ખલાસ થઈ ગયા. પીપરના ઝાડ બધા સૂકાઈ ગયા લાખને લઈને. ઈ

દાખલો ભગવાન કુંદકુંદ આચાર્યે આપ્યો છે. જેમ એ લાખ આવીને પીપરનો ખો થઈ ગયો. એને ન પૂછવું ખો શું? પીપરનો ખો. એ લાખને લઈને શબ્દ નથી પકડ્યો બરાબર પકડાણું નથી. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનની મૂર્તિ અનાદિઅનંત ધ્રુવ ચૈતન્ય વૃક્ષ પડા હૈ. ઉસમેં એ બહિર્વૃત્તિ હો, બહિર્લક્ષસે વૃત્તિ જો દયા-દાન-વ્રત આદિ ઉત્પન્ન હોતે હૈ, વહ લાખ હૈ. આત્માકી શાંતિકા હ્રાસ કરનેવાલા હૈ. કહો સમજમેં આયા? એવી વાત છે ભાઈ! તેરી ચીજકી મહત્તા—માહાત્મ્ય ન આવે અને બહારકા માહાત્મ્ય ગ્રહ્યા, ગયા અપના આત્મા શૂન્ય હો ગયા. ભરે ભાણે ખાતાં આવડ્યું નહીં, એને કહે છે. કાઠિયાવાડમાં કહે ને, એઠા ચાટવાં જાય. ઘરે પદમણી જેવી સ્ત્રી હોય, એને મૂકીને કોઈ બામણી કે કોઈ વાઘરણ એને ઘરે જાય તો એનો પિતાજી કહે, 'અરે, ખાનદાનની દીકરી ઘરે અને તું ભરે ભાણે એઠાં ચાટવાં જાય છે ભાઈ, આ ન શોભે તને હોં,' એમ કહે. સમજમેં આયા?

એમ ભગવાન—પિતાજી એમ કહતે હૈં, લો. 'કે તેરેમેં અતીન્દ્રિય આનંદ પડા હૈ પ્રભુ, એ આનંદકા સ્વાદ છોડકર પુન્ય-પાપકા સ્વાદ લેને જાતે હૈં. ભર્યા ભાણો ભગવાન આનંદસે ભરા ઉસકો અનાદર કરતે હૈં' બરાબર હૈ? આ તો આવો ધર્મ આકરો કહેવાય આ તો. આકરો કહે કે હળવો કહે, જે છે આ હૈ. તેરી ચીજ અતીન્દ્રિય આનંદસે ભરી હૈ એ ચૈતન્ય. એ ચૈતન્યકી દૃષ્ટિ ન કરકે ઉસકે આત્મામેં મેરેમેં આનંદ હૈ, ઐસા ન માનકર પુન્યકા પરિણામમેં આનંદ માનતે હૈં, વ્યભિચારી જીવ હૈ, વહ મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા! કહો આ બધા મહાવ્રત પાળનારાના બધા શું છે, ક્યા હૈ? (શ્રોતા : રખડનેમેં પહેલા નંબર) પહેલા નંબર રાખવો એને, પાઠમાં એમ કહ્યું. મિથ્યાદૃષ્ટિના.

આરે ભગવાન, અરે બાપુ! એને દુઃખ થાય છે અત્યારે તે હોં અને પછી પણ દુઃખમાં એ જશે. ભાઈ! તારી દયા તને નથી આવતી. તારી દયા—તેરી દયા તને નથી ભાઈ! તને આકરું લાગે. આહાહા! અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનસ્વરૂપ અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિય આનંદ, એ સ્વરૂપે ભગવાન આત્મા તો હૈ. ઉસકો છોડકર પુન્ય-પાપકા પરિણામમેં, જેમ ધૂપમાં મૃગલો તરસ્યો દોડી હાંફે. એમ રાગની ક્રિયામાં 'દોડત દોડત દોડ્યો, જૈસી મનની દોડ. પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી ગુરુ ગમ લેજો જોડ'. આનંદઘનજીકા શબ્દ હૈ આનંદઘનજી. એને ભૂતડા જેવો કહે, આ લોકો બધા માળા. ઓલા ઝાઝા માણસને વહુ—પરિવારવાળાને આમ બધો ઠાઠ—માઠ દેખાયને. અરે, ધૂળમાં બહારના ઠાઠમાં ક્યાં આત્મા હતો? પચાસ—પચાસ સો—સો સાધુ હોય, આમ બરાબર આમ

બોલી જાણે સંસ્કૃત ને વ્યાકરણ જાણે. હવે એમાં ક્યાંય એવા ધૂળમાં. એમાં આત્મા ક્યાં હતો? (શ્રોતા : પરિવાર એ પરિવાર જેવું આત્માનું ઘર ન દેખાણું.) આહા!

એ ઠાણંગજીમાં છઠ્ઠે ઠાણે પાઠ છે એવો. ઠાણંગજીના સંસ્કૃતમાં. પછી ગાયન બનાવ્યું યશોવિજયએ. પાઠ છે એવો સંસ્કૃતમાં. જ્યમ જ્યમ બહુ સુહો, એવો પાઠ છે. 'જેમ જેમ બહુ સુત બહુજન સંમત બહુ શિષ્યે તરવરીયો. તેમ તેમ જૈન શાસનનો રે વેરી, જો નવી નિશ્ચય દરિયો રે જિનજી....' જેને રાગ ને પુણ્યના વિકલ્પથી આત્મા જુદો, ઐસા ભાન નહીં. એ જૈનશાસનનો વેરી, ઝાઝાં શિષ્યો ને ઝાઝાં પરિવાર ને ઘણું ભણતર ને ઘણાંને સમજાવવામાં ઉભો રહે, જૈનશાસનનો વેરી એ છે, કહે છે. કારણ કે જૈનશાસન તો વીતરાગ ભાવ હૈ. વીતરાગ ભાવ તો આત્માકે આશ્રયસે પ્રગટ હોતા હૈ. ઐસી ખબર નહીં અને રાગકી ક્રિયાસે ઉત્પન્ન હો ઔર ઉસકી બાત ઐસી પ્રરૂપણા કરે, ઐસા શિષ્ય લાખો ભેગાં કરે, તેમ તેમ જૈનશાસનનો વેરી, આહાહા! વીતરાગભાવકા વેરી—દુશ્મન, કહે છે. સમજાણું કાંઈ? ગળે ઉતારવું ભારે કઠણ! રાગની ક્રિયાસે પાર ભગવાન નિષ્ક્રિય હૈ, રાગકી અપેક્ષાસે. અપની શુદ્ધ પરિણતિ કરનેવાલા હૈ ઔર અશુદ્ધ જો રાગ હૈ, વહ ક્રિયાસે તો ભિન્ન હૈ. આહા! કારણકે રાગ એ તો આસ્રવ તત્ત્વ હૈ. કર્મ—શરીર અજીવ તત્ત્વ હૈ. તો વહ તત્ત્વકા કર્તા હોતા હૈ લીન હોકર, તો મૂઢ હૈ.

'अंधकार मांहि जेवरी', લ્યો. દોરડી દોરડી પડી હોય અંધકારમાં ભાન ન મળે. અંધકાર છાયો છે દોરડી ઉપર. આમ વળ ખાયેલો દેખાય વળ. 'जेवरी'—રસ્સી. 'जेवरी' લિખા હૈ ને! 'जेवरी निरखि नर'. જુઓ, જેવરી કા અર્થ હૈ ન્યાં રસ્સી. સર્પ દેખીને (સમજીને) ભાગે. એમ ભગવાન આત્મા આનંદમૂર્તિકો ડર લગતે હૈ ઉસકો અંદરમેં. આ પુન્ય-પાપ એ મેરી ચીજ હૈ, મેરી ચીજ હૈ. ઐસે દોરડીમેં—રસ્સીમેં સર્પ માનતે હૈં. આહાહા! ઔર સાગર-સમુદ્ર. સ્થિર..સ્થિર..સ્થિર. પવનકા નિમિત્તસે ડાલમડોલ—ડોલમડોલ હોતા હૈ. ઔર વહ પર્યાયકા કર્તા હોતા હૈ. આહાહા! ઐસે ભગવાન આત્મા જ્ઞાનસરોવર—જ્ઞાનદરિયો, જ્ઞાનસ ભરા ચૈતન્યમૂર્તિ અતીન્દ્રિય જ્ઞાનમય હૈ. ઉસકો છોડકર પુન્ય ને પાપનાં સંયોગમેં ડામાડોળ હો ગયા હૈ. આહાહા! અપૂર્વ બાત હૈ ભાઈ! અનંતકાળમેં નહીં કિયા વહ બાત હૈ.

'पवन संजोगसौं उछरि अकुलायौ है, तैसैं जीव जडसौं अव्यापक सहज रूप.' ભગવાન ચૈતન્ય સ્વરૂપ, પુન્ય—પાપનાં વિકલ્પ ને કર્મથી તો અવ્યાપક નામ ભિન્ન હૈ. 'भरमसौ करमसौ करता कहायौ है.' એ ભ્રમણા અજ્ઞાનકી ભ્રમણાકે કારણ જડકર્મ મૈં કીયા, રાગ મૈં કીયા, ઐસા કહેનેમેં આતા હૈ. આહાહા! ભારે વાત ભાઈ! અવ્યાપકનો

અર્થ કર્યો છે અંદર ભિન્ન. ભૂલ—અપની ભૂલસે, દેખો. કર્મકો કરતા હૈ. જડ કર્મકા જોર હૈ તો ભ્રમ હોતા હૈ, ઐસા નહીં લીખા હૈ. આ તમારે તો ઐસે કહતે થેં કે કર્મકા રાગ નિમિત્ત હૈ તો ઉસસે વિકાર હોતા હૈ, ઉસસે રૂલતે હૈં આત્મા. (શ્રોતા : કર્મ.....) નહીં, નહીં. ભાઈએ કાલ કહા થા ભગવાનજીએ. ક્યાંય એનો પરિવાર પરિચય હોય, એમ કહે કે નહીં, કર્મ સે વિકાર નહીં ને કર્મ અપનેસે છૂટતા હૈ. ઓ.... સોનગઢસે. અરે ભગવાન! એ તો સોનગઢ સે યે થા.

અરે ભાઈ! તેરી ભૂલ તેં કીયા હૈ. વહ ભૂલ કોઈ કર્મ કરાતે હૈં. એ તો કર્મ તો જડ હૈ. કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહૈ ઘનઘાત લોહ કી સંગતિ પાઈ અગ્નિ એકલી ભિન્ન હૈ ઉસકો ઘન પડતે નહીં. લોહા મેં જાયે તો ઘન પડે. ઐસે આત્મા કર્મકા નિમિત્તકા સંગમેં જાકર પુન્ય-પાપ કરે તો અપરાધ કરે. એ અપરાધ તો જીવ અપનેસે કરતા હૈ. અજ્ઞાનભાવમેં અપરાધકા કર્તા હોતા હૈ ભ્રમણાસે. ભાન ઉસકો હુઆ કી મૈં તો રાગેય નહીં, શરીરે ય નહીં, કર્મે ય નહીં. મેરા સત્તામેં, મેરા અસ્તિત્વમેં, મેરી હયાતિમેં તો જ્ઞાન ને આનંદ મેરી હયાતિ હૈ. એ મૌજુદગી મેરી હૈ. રાગ ને પુન્યકા વિકલ્પ યે મેરી મૌજુદગીમેં હૈ નહીં.' ઐસા ભાન નહીં તો કર્મકા કર્તા માનતે હૈં. આહાહા! ભ્રમણાસે માનતે હૈં. સમજમેં આયા? બે ગાથામાં તો બહું ઘણું. દૃષ્ટાંત પણ સારા—સાદા. પણ આ વાત એને કેમ બેસે? પ્રત્યક્ષ દેખાય છે ને, વળી એમ કહે કેટલાંક. આ પ્રત્યક્ષ દેખાય છે ને સારું કરે છે ને. પણ સારું કહેવું(કોને)—કિસકો કહેના? આ સુકૃત કરતે હૈં. દુકાનકા ધંધા છોડકર આમ વ્રત પાળતે હૈં, તપસ્યા કરતે હૈં, અપવાસ કરતે હૈં, સુકૃત નહીં? ધૂળેય નહીં સુન તો સહી!

(શ્રોતા : અહિંસા....) અહિંસા પાળતે હૈં. પરકી દયા અહિંસા એ તો વિકલ્પ હૈ, રાગ હૈ. એ અહિંસા જ કહાં હૈ? ખરેખર તો પરકી અહિંસા મૈં પાળ સકતા હૂઁ દયા, વહ રાગ હૈ ને રાગ વહ તો અપના (આત્મા) કી હિંસા હૈ. અપના સ્વરૂપકી રાગમેં હિંસા હોતી હૈ. ભારે ફેર! અપનેકો રાગકા કર્તા હોકર ચૈતન્યકો ભૂલ જાતે હૈ. 'જ્ઞાનાનંદ મૈં હૂઁ. એ સ્વભાવ મેરા હૈ ને મૈં તો ચૈતન્ય હૂઁ. એ અસ્તિત્વમેં તો પુન્ય-પાપકા ભાવ હૈ નહીં.' ઐસા ભિન્ન ભાન બિના અપની ચીજમેં નહીં, ઐસા ભાવકા કર્તા અજ્ઞાની હોતા હૈ. તો જીવ કો ખો બૈઠે. ભેદ પાડકર અપના આત્માકા જ્ઞાન કરના ને અપનેમેં આનંદકા સ્વાદ લેના, ઉસકા નામ ધર્મ અને આત્મા હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૪૩, ફાગણ વદ ૩, રવિવાર, ૧૪-૩-૧૯૭૧
## કર્તા-કર્મ ક્રિયાદ્વાર પદ નં. ૧૫, ૧૬ ઉપર પ્રવચન (હિંદી)

નાટક સમયસાર. કર્તા કર્મ ક્રિયાદ્વાર અધિકાર ચલતે હૈ. ૧૪ મો કળશ. પાનું ૭૮

ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो
जानाति हंस इव वाः पयसोर्विशेषं।
चैतन्यधातुमचलं स सदाधिरूढो
जानीत एव हि करोति न किंचिनापि।।१४।।

એનું ૧૫મું પદ. भेदविज्ञानी जीव कर्मका कर्ता नहीं है.

ભેદવિજ્ઞાની જીવ કર્મનો કર્તા નથી, માત્ર દર્શક છે.

(સવૈયા એકત્રીસા)

जैसै राजहंसके बदनके सपरसत,
देखिये प्रगट न्यारौ छीर न्यारौ नीर है।
तैसें समकितीकी सुदृष्टिमें सहज रूप,
न्यारौ जीव न्यारौ कर्म न्यारौ ही सरीर है।।
जब सुद्ध चेतनकौ अनुभौ अभ्यासै तब,
भासै आपु अचल न दूजौ और सीर है।
पूरव उदै आइके दिखाई देइ,
करता न होय तिन्हकौ तमासगीर है।।१५।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :–વદન=મુખ. સપરસત(સ્પર્શત)=અડવાથી. છીર(ક્ષીર)=દૂધ. નીર=પાણી. ભાસૈ=દેખાય છે. સીર=સાથી. તમાસગીર=દર્શક.

**અર્થ** :—જેવી રીતે હંસના મુખનો સ્પર્શ થવાથી દૂધ અને પાણી જુદાં જુદાં થઈ જાય છે, તેવી જ રીતે સમ્યગ્દષ્ટિ જીવોની સુદૃષ્ટિમાં સ્વભાવથી જ જીવ, કર્મ અને શરીર ભિન્ન ભિન્ન ભાસે છે. જ્યારે શુદ્ધ ચૈતન્યના અનુભવનો અભ્યાસ થાય ત્યારે પોતાનું અચળ આત્મદ્રવ્ય પ્રતિભાસિત થાય છે, તેનો કોઈ બીજા સાથે મેળ

દેખાતો નથી. હા, પૂર્વે બાંધેલા કર્મો ઉદયમાં આવેલાં દેખાય છે પણ અહંબુદ્ધિના અભાવમાં તેમનો કર્તા નથી થતો, માત્ર જોનાર રહે છે. ૧૫.

**अर्थ** :–जिस प्रकार हंसके मुखका स्पर्श होनेसे दूध और पानी पृथक् पृथक् हो जाते हैं, उसी प्रकार सम्यग्दृष्टि जीवोंकी सुदृष्टिमें स्वभावतः जीव, कर्म और शरीर भिन्न भिन्न भासते हैं। जब शुद्ध चैतन्यके अनुभवका अभ्यास होता है तब अपना अचल आत्मद्रव्य प्रतिभासित होता है, उसकी किसी दूसरेसे मिलाप नहीं दिखता। हां, पूर्वबद्ध कर्म उदयमें आये हुए दिखते हैं पर अहंबुद्धिके अभावमें उनका कर्ता नहीं होता, मात्र दर्शक रहता है॥१५॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ક્યા કહતે હૈં? સૂક્ષ્મ બાત હૈ ભૈયા! 'ऐसे राजहंसके बदनसे सपरसत', રાજહંસના ચાંચમેં ખટાશ હોતી હૈ. રાજહંસ દૂધ અને જળ એકઠા હોને પર ભી ચાંચસે દૂધ ઔર જલ દો જુદા કર દેતે હૈં. દૂધકા પિંડ હો જાતા હૈ ઔર જલ નિકલ જાતા હૈ. યહ દૃષ્ટાંત. 'जैसे राजहंसके बदनसे सपरसत'. આહીં મોંઢાની વાત કરી છે. પણ ઈ છે ને એની ચાંચ....'देखिये प्रगट न्यारौ छीर'–દૂધ 'न्यारौ नीर' દૂધ અને નીર–જળ બે ભિન્ન હૈ. રાજહંસના મુખના સ્પર્શ–પાણીમાં લગને સે.....ઐસે સમકિતી જીવ, સમ્યક્દૃષ્ટિ જીવ, ધર્મી જીવ, ઉસકો કહે કે 'सुदृष्टिमैं सहजरूप'. ધર્મીકી દૃષ્ટિમેં સહજ આનંદરૂપ આત્મા જ્ઞાનરૂપ આત્મા, વહ સમ્યક્દૃષ્ટિ અપનેકો જાનતે હૈં. ન્યારો જીવ, ન્યારો કર્મ ને ન્યારો શરીર.

રાગ-દ્વેષકા પરિણામ ભી હૈ, વહ ભી ભિન્ન હૈ ઔર કર્મ ભી ભિન્ન ને શરીર ભી ભિન્ન, ઉસકા નામ સમ્યક્દર્શન ભેદજ્ઞાનીકા કહા હૈ. અપના નિજ સ્વરૂપ તો જ્ઞાન અને આનંદ હૈ. ઐસા સહજ સ્વરૂપ મેરા ચીજ, એ ઉપર દૃષ્ટિ દેનેસે સમ્યક્દૃષ્ટિકો અપના શુદ્ધ સ્વભાવ અને વિકાર અને કર્મ અને શરીર ભિન્ન ભાસતે હૈં. સમજમેં આયા? અજ્ઞાનીકો અપના સ્વરૂપ જ્ઞાન અને આનંદ હૈ, ઉસકી ખબર નહીં. તો અપના સ્વરૂપસે વિરુદ્ધ ભાવ, જો શુભ-અશુભ વિકલ્પ ને રાગ, શરીર ઔર કર્મ, 'યે મેરા કામ હૈ ને મૈં ઉસકા કરનેવાલા હૂઁ'—ઐસે માનતે હૈં અનાદિસે. સમજમેં આયા?

રાગ, વિકલ્પ અશુદ્ધ ભાવ હૈ પુણ્ય-પાપકા, વહ મેરેસે ભિન્ન હૈ ઐસા ભાસ નહીં, ભાન નહીં. વહ કારણસે દોનોંકો એક માનકર, પુણ્ય–પાપકા વિકલ્પકા અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ કર્તા હોતા હૈ ઔર વિકારી પરિણામ મેરા કાર્ય હૈ, ઐસે માનતે હૈ. અંદરની વાત.....ક્યા કરના. પણ હવે, આ પુણ્ય-પાપના ભાવે ય વિકારી તો કરના ક્યા ઉસકો? સમજમેં આયા? કર્તા–કર્મ–ક્રિયા અધિકાર હૈ ને. અપના શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, ઉસકા

જિસકો અંતરમેં અનુભવ સમ્યક્દર્શન ધર્મકી દશા નહીં, વહ તો અપના ચૈતન્ય આનંદ ને જ્ઞાન સ્વભાવમેં મિલાકર રાગને પુણ્યકો અપના માનતે હૈં. દયા, દાન, વ્રત, ભક્તિકી જો ક્રિયા હૈ રાગકી; યે રાગકી ક્રિયા હૈ. યે ક્રિયા અપની માનકર મેરા કર્તવ્ય વહ હૈ ને વહ કર્મ મેરા કાર્ય હૈ. આહાહા! ભારે ઝીણું! સમજમેં આયા?

ધર્મી ઈસકો કહતે હૈં, પહલે દરજ્જેકા સમકિતી ધર્મી કે અપના શુદ્ધ ચૈતન્ય જ્ઞાન આનંદ સ્વરૂપ મૈં હૂઁ ઔર શરીર, કર્મ ને પુણ્ય-પાપકા રાગ અશુદ્ધ હૈ, વહ મેરેસે ભિન્ન હૈ. ઓઘડચંદજી! આ બડી બાત, દેખો. અહિંસા સંઘ મોટો, પરકી હિંસા કરતા, ઐસી બાત હૈ નહીં. પરકા શરીર ઔર પરકા આત્મા વહ તો મેરેસે ભિન્ન હૈ હી, પણ આ શરીરે ય મેરેસે ભિન્ન હૈ. વહ તો હૈ હી, પણ અંદર પુણ્ય–પાપકા રાગે ય અપનેસે ભિન્ન હૈ. ઓહોહો! વહ તો હૈ હી, પણ અંતરમેં સહજ સ્વરૂપ, શબ્દ લિયા હૈ ને! 'सुदृष्टिमैं सहजरूप' જ્ઞાયક ભાવ ધ્રુવરૂપ. ઐસી સમકિતીકી દૃષ્ટિ હોનેસે વર્તમાનકા પરિણામ પણ ધ્રુવસે ભિન્ન હૈ. સમજમેં આયા?

'न्यारो जीव'–જ્ઞાયકભાવ, 'न्यारो कर्म'–વિકલ્પ આદિ પરિણામ સબ न्यारो ही सरीर है. આહીં તો સ્થુળ વિકાર અને શરીરકી દો કી બાત હૈ. પણ ઉસકા અર્થ વહ હુઆ. ધ્રુવ ચૈતન્ય ભગવાન આત્મા નિત્યાનંદ સ્વરૂપ હૈ, એ 'મૈં' હૂઁ ઐસી દૃષ્ટિ જબ હુઈ, તબ ઉસમેં રાગાદિકા પરિણામ મેરા નહીં તો મેરા કર્તવ્ય ભી વહ નહીં. સમજમેં આયા? ક્યા કરના હૈ ને ક્યા નહીં કરના કા ખબર નહીં. કરો ઐસા, બસ દૂસરેકા ભલા કર દો, દૂસરાકો મદદ કરો, સહાય કરો. અરે ભગવાન! 'દૂસરા' શબ્દ પડા હૈ, તો તેરેસે તો ચીજ ભિન્ન હો ગઈ. તો ભિન્નકા કાર્ય કરું, ઐસા તો દો એક હો ગયા. ઐસા કહના કિ વહ મેરેસે ભિન્ન હૈ, ઉસકા કામ મૈં કરું. તો ઉસકા અર્થ હૈ દો એક હો ગયા, ભિન્ન રહા નહીં. સમજમેં આયા? શરીર અને અપના ચૈતન્ય ભિન્ન હૈ, ઐસા ભાન નહીં. એ શરીરકા કાર્ય ને હલનચલનકી ક્રિયાકા મૈં કર્તા ઐસે માનતે હૈં ઔર પુણ્ય-પાપ વિકલ્પ ભી મેરેસે ભિન્ન હૈ, ઐસે ભાન નહીં, વહ પુણ્ય-પાપકા એકત્વ માનકર પુણ્ય–પાપકા કર્તા હોતા હૈ. ભારે ધર્મ ભાઈ આવો! આ તો વીતરાગનો ધર્મ છે. સમજમેં આયા? જેમાંથી વીતરાગ ભાવ ઉત્પન્ન હો, વહ ધર્મ. રાગ ભાવ ઉત્પન્ન હો, વહ ધર્મ નહીં. સમજમેં આયા?

'जैसे राजहंसके बदनके सपरसत, देखिये प्रगट न्यारौ छीर' દૂધ ને પાની–જલ. ઐસે સમકિતી ધર્મી ઈસકો કહતે હૈં, સમ્યક્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળા. શ્રાવક અને મુનિ તો કંઈક આગળ રહી ગયા બહોત દેર દૂરી. પણ સમ્યક્દૃષ્ટિ હુઆ, તો કહતે હૈં

કે 'જીવ ન્યારો'. ન્યારો જીવ. મૈં જાનન દેખન સ્વભાવ, વહ મૈં ભિન્ન હૂઁ ઔર ન્યારો કર્મ, જડ કર્મ ને શરીર આદિ મેરેસે તો ભિન્ન હૈ. સમજમેં આયા? મૈં તો કર્મ બાંધતે હી નહીં ઔર કર્મ મૈં છોડતા હી નહીં ક્યોંકિ શરીર, કર્મ તો ભિન્ન ચીજ હૈ. અપનેસે ન્યારી ભિન્ન હૈ તો ઉસકો મૈં બાંધું ને છોડું, યહ મેરી ચીજમેં હૈ નહી. ભારે ધર્મ ભાઈ! ઔર પુણ્ય ને પાપકા વિકલ્પ તો આસ્રવ તત્ત્વ હૈ. વહ ભી ન્યારા, મેરે જીવ સ્વભાવસે ન્યારા હૈ. આહાહા! સમજમેં આયા? 'न्यारौ जीव न्यारौ करम, समकितीकी सुदृष्टिमैं सहजरूप, न्यारौ जीव न्यारौ करम'. એ રાગની ક્રિયા ઔર કર્મ—જડકી ક્રિયા ઔર શરીરકી ક્રિયા ને શરીર, 'न्यारौ ही सरीर है'. મેરેસે તો ભિન્ન હૈ.

'जब सुद्ध चेतनकौ अनुभौ अभ्यासै तब', દેખો. પહલે કર્મ ને શરીર લિયા પણ અનુભવ લિયા ઉસમેં રાગ આતા નહીં. જબ શુદ્ધ ચૈતન્ય ભગવાન આનંદ સ્વરૂપ જ્ઞાયક મૈં હૂઁ, ઐસા અપના અનુભવ અભ્યાસે, અંતર્મુખ હોકર અપના અનુભવ કરે. 'तब भासै आपु अचल दूजौ और सीर है'. પર મૈં તો આનંદ ને જ્ઞાયક મૂર્તિ હૂઁ. મેરે ઉપર સીર— કોઈ સ્વામી ધણી દૂસરા હૈ (નહીં). સમજમેં આયા? 'न दूजौ और सीर है'. એટલે અર્થાત્ મેરા ચૈતન્ય સ્વભાવ સાથ, વહ દયા દાન વિકલ્પકા ભી હમારા સાથ મિલાપ નહીં. આહાહા! હૈ ને? 'अनुभौ अभ्यासै तब'. 'મૈં તો શુદ્ધ ચૈતન્ય ધાતુ પરમાનંદ સ્વરૂપ મૈં હૂઁ', ઐસા વિકલ્પ નહીં, રાગ નહીં. પર અપની ચીજ શુદ્ધ આનંદઘન આત્મા હૈ, ઉસકા સન્મુખ હોકર અનુભવ કરતે તબ, 'अनुभौ अभ्यासै' દેખો, યહ અભ્યાસ. આહાહા!

શાસ્ત્રકા અભ્યાસ ને ક્રિયાકા અભ્યાસ કરો પહલે, કષાયકી મંદતાકી ક્રિયાકા અભ્યાસ કરો. યહ તો અભ્યાસ અનાદિકા હૈ હી મિથ્યાત્વભાવમેં. આહાહા! સમજમેં આયા? ભાસે 'जब सुद्ध चेतनकौ अनुभौ अभ्यासै'. અપના નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદ હૈ, ઐસા સ્વકા જ્ઞાન હોનેસે, ઐસા અનુભવ હોનેસે, 'भासै आपु अचल' અપના સ્વરૂપ અચલ ધ્રુવ અખંડ જ્ઞાયક ભાવ હૈ, ઐસા ભાસે. સમજમેં આયા? ભારે ધર્મ ભાઈ આવો! પ્રથમ જ ધર્મની શરૂઆત યહાઁ સે હોતી હૈ. સમજમેં આયા? આ તો બનારસીદાસ પાઠમેંસે પદ બનાયા હૈ. જો અમૃતચંદ્ર આચાર્ય હૈ. દિગંબર મુનિ જંગલવાસી થે. ૯૦૦ વર્ષ પહલે. ઉનકે કળશમેંસે પદ બનાયા હૈ. સમજમેં આયા?

'भासै आपु अचल न दूजौ और सीर है'. મૈં તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ હૂઁ, ઐસા અનુભવકા અભ્યાસમેં મેરે ઔર પુણ્ય—પાપકા વિકલ્પકા કોઈ મેળ નહીં, મિલાન નહીં. વહ ભિન્ન ચીજ હૈ. આહાહા! સમજમેં આયા? ત્યારે ઉસકો ધર્મ કહેનેમેં

આતા હૈ. 'न दूजौ और सीर है'. બીજો મારો મેળાપ મેરી સાથ મિલાપ કભી નહીં હોતા. કભી મિલાપ હુઆ હી નહીં. આહાહા! અજ્ઞાની માન રખા હૈ કિ મૈં પુન્યકા કર્તા હૂઁ, દયા–ભાવકા કર્તા હૂઁ. માનો અજ્ઞાની, પર એક હુઆ નહીં કભી. રાગ ને આત્મા એક તો હુઆ નહીં. સમજમેં આયા? ભારે માર્ગ ભાઈ આવો! જિસકો ધર્મ કરના હો તો આ બાત હૈ. સમજમેં આયા? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર વહ કહતે હૈં. બહારકી વાતું કરે ને લોકોને ઐસા રંજન હો જાય, ખુશ ખુશ હો જાય. ઐસા કરના, ઐસા સુધાર દેના, લોગોકો મદદ કરના ઔર દાન કરના, ઐસે. અરે! ભગવાન કૌન કરે ભાઈ? અંગુલી હલે વહ ભી જડકી પર્યાય હૈ. મેરે ઔર ઉસકી ક્રિયામેં કોઈ મિલાપ હૈ હી નહીં. સમજમેં આયા?

'पूरव करम उदै आइकै दिखाई देइ'. પણ બંધા કર્મકો ઉદય આવે ઔર રાગ–દ્વેષ આદિ દિખનેમેં આવે, પણ 'करता न होय तिन्हकौ'. સમ્યક્‌દૃષ્ટિ જીવ પુણ્યકા વિકલ્પ આતા હૈ, ઉસકા કર્તા નહીં હોતા હૈ. આહાહા! સમજમેં આયા? 'पूरव करम उदै आइकै दिखाई देइ'. 'દિખાઈ દેઈ'. એમ કહ્યું છે હોં! ભાઈ 'દેખે' એમ નથી કહ્યું. 'દિખાઈ દેઈ'. આહાહા! રાગાદિ વિકલ્પ હોતા હૈ. હો, મેરે ઔર ઉસકી સાથ કોઈ મિલાપ નહીં, એકત્વબુદ્ધિ નહીં. સમજમેં આયા? 'पूरव करम उदै आइकै दिखाई देइ'–આયે હુએ દિખતે હૈં, એમ આવે છે મોક્ષમાં એમ કહ્યું છે. 'करता न होय' પણ અપના નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતનકી દૃષ્ટિ ધર્મીકો હુઈ હૈ, વહ કારણ શુદ્ધ ચૈતન્યકે સાથ રાગકા મિલાપ નહીં; તો રાગકી ક્રિયાકા વહ કર્તા હોતા નહીં. ભારે વાતું આવી ભાઈ ઝીણી!

બધા સમાજને આ સમજમેં આતી હૈ? સમાજ માટે દૂસરા ધર્મ હોગા? ધર્મ તો આ એક હી હૈ. એકને માટે વહ અને સમાજને માટે ભી વહ! આહાહા! જિસ ભાવસે એકકો હિત હોતા હૈ, ઉસ ભાવસે સર્વકો હિત હોતા હૈ. સમજમેં આયા? (શ્રોતા : જુદી જુદી દવાથી લાભ થાય?) દવા જુદી-જુદી; તો દવા ક્યા હૈ? દવા જુદી–જુદી કા અર્થ? દવા વસ્તુ હૈ ને નિત્ય, જુદીકા અર્થ ક્યા હૈ? રાગ હો, પુણ્ય હો, વિકલ્પ હો, ભિન્ન બિન્ન હો, પણ વહ ચીજ અપની નહીં. વહ સંબંધી અપના જ્ઞાન અપનેમેં વહ જાનનેમેં આતા હૈ, પણ મેરી સત્તામેં વહ રાગ નહીં. મેરી સત્તા હૈ મેરી ચીજમેં, વહ રાગકી સત્તા નહીં. રાગકી સત્તામેં મેરી સત્તા નહીં. (શ્રોતા : પૂર્વ કર્મ કે.....) દિખાઈ દેતા હૈ, રાગ આતા હૈ ને! કરમ આયા જડ તો ઉસમેં જોડાણ હો ગયા, થોડા રાગ હુઆ. રાગ-દ્વેષ હોતા હૈ ને સમકિતી કો, જાનતે હૈં, મેરા કાર્ય નહીં. (શ્રોતા : ખાલી જાનના ને?) ખાલી નામ અર્થ આનંદમેં જ્ઞાનમેં રહકર જાનના. આત્મા જ્ઞાનસે ભરા હુઆ હૈ, ઉસે જાનના.

આહાહા! રાગસે આત્મા ખાલી હૈ અને જ્ઞાન આનંદસે ભરા હૈ, ઐસે અપના ભરપુર ભાવમેં રહેકર ઉસકો જાનના. સમજમેં આયા?

ભક્તિકા ભાવ આતા હૈ, પૂજાકા ભાવ આતા હૈ, દયા દાનકા વિકલ્પ આતા હૈ. આઓ, પણ મેરા કર્તવ્ય નહીં. ક્યોંકિ મેરી ચીજસે ઉસકી (ચીજ) ભિન્ન હૈ. સમજમેં આયા? ભીખાભાઈ, ભારે વાતું આ! મૈં તો 'तिन्हकौ तमासगीर' હૂઁ, હૈ દેખો! 'करता न होय तिन्हकौ तमासगीर है'—દેખનેવાલા હૂઁ, હૈ ઐસા હોતા હૈ. મૈં તો જાનને–દેખનેમેં રહનેવાલા હૂઁ. 'મૈં રાગમેં આકર રાગકા કર્તવ્ય મેરા હૈ'–ઐસા માનનેવાલા નહીં. વ્યવહાર રત્નત્રય શુભ વિકલ્પ આતા હૈ, કહતે હૈં. શ્રાવકકો ભી સમ્યક્દર્શનમેં ઔર આગે બઢકર શાંતિ–સ્થિરતા હુઈ યથાર્થ, તો ઉસમેં છ આવશ્યકકા વિકલ્પ આતા હૈ. પૂજા, ભક્તિ, દાન, દયા આતી હૈ ને છ બોલ. છ બોલ વહ છ બોલ, વિકલ્પ હો, પર મૈં કર્તા નહીં ઉસકા, મૈં તો જાનનેવાલા હૂઁ. ભારે માર્ગ ભાઈ! હજી તો સમજાવવું કઠણ પડે.

'करता न होय तिन्हकौ तमासगीर है'. અહંબુદ્ધિ કે અભાવમેં ઉસકા કર્તા નહીં હોતા. છે ને અર્થમાં. 'पर अहंबुद्धिके अभावमें उनका कर्ता नहीं होता'. મેરી ચીજે ય નહીં. મૈં તો જ્ઞાન ને આનંદ ઐસા સ્વભાવવાળા હૂઁ. યે વિભાવકી વિકલ્પકી વૃત્તિયાઁ હો, પણ મેરી ચીજમેં નહીં. આહાહા! ક્યોંકિ વિકલ્પસે દૃષ્ટિ ઉઠાકર અપના શુદ્ધ ધ્રુવ ચૈતન્યમેં દૃષ્ટિ જોડ દિયા હૈ, તો રાગસે તો ભિન્ન રહ ગયા. અપની સાથ રાગ આયા નહીં. મૈં તો તમાસગીર હૂઁ, માત્ર દર્શક હૂઁ, દેખનેવાલા હૂઁ. ઉસકા નામ સમ્યક્દર્શન ઔર ધર્મકી શરૂઆતકી દશા ઉસકો કહતે હૈ. સમજમેં આયા? અનંતકાળસે વહ ધર્મકી એક સમયકી દશા પ્રગટ નહીં કિયા. અનંત–અનંત કાળ વ્રત, નિયમ, તપ કરકે કરકે કલેશ કરકે સુક ગયા. શરીર સુક ગયા, પર એ ઉસને અજ્ઞાન સૂકાયા નહીં. કલ્યાણજીભાઈ! આહાહા! એ પંદરમો હુઆ.

આ બાજુ પંદર કળશ. પંદર કળશ હૈ ને ૭૯ પાને

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।
ज्ञानादेव स्वरसदिकसन्नित्यचैतन्यधातोः
क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।।१५।।

લ્યો, અહીં આવી ગયું. ક્રોધમાં વિકારી ભાવ સબ. સમજમેં આયા? ઉસકા પદ. मिले हुए जीव और पुद्गलकी पृथक् पृथक् परख. પરીક્ષા ભિન્ન ભિન્ન.

મળેલા જીવ અને પુદ્ગલની જુદી જુદી ઓળખાણ.

(સવૈયા એકત્રીસા)

जैसैं उसनोदकमैं उदक-सुभाव सीरौ,
आगकी उसनता फरस ग्यान लखियै।
जैसैं स्वाद व्यंजनमैं दीसत विविधरूप,
लौनकौ सुवाद खारौ जीभ-ग्यान चखियै॥
तैसैं घट पिंडमैं विभावता अग्यानरूप,
ग्यानरूप जीव भेद-ग्यानसौं परखियै।
भरमसौं करमकौ करता है चिदानंद,
दरब विचार करतार भाव नखियै॥१६॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**ઉસનોદક (ઉષ્ણોદક)=ગરમ જળ. ઉદક=જળ. સીરૌ=ઠંડું. ઉસનતા(ઉષ્ણતા)=ગરમી. ફરસ=સ્પર્શ. વ્યંજન=શાક. નખિયૈ=છોડી દેવું જોઈએ.

**અર્થ :—**જેવી રીતે સ્પર્શજ્ઞાનથી ઠંડા સ્વભાવવાળા ગરમ જળની અગ્નિજનિત ઉષ્ણતા ઓળખી શકાય છે. અથવા જેવી રીતે જિહ્વા ઇન્દ્રિયથી અનેક સ્વાદવાળા શાકમાં મીઠું જુદું ચાખી લેવામાં આવે છે, તેવી જ રીતે ભેદવિજ્ઞાનથી શરીરરૂપ પિંડમાંનો અજ્ઞાનરૂપ વિકાર અને જ્ઞાનમૂર્તિ જીવ ઓળખી શકાય છે, આત્માને કર્મનો કર્તા માનવો એ મિથ્યાત્વ છે, દ્રવ્ય-દૃષ્ટિથી 'આત્મા કર્મનો કર્તા છે' એવો ભાવ જ ન હોવો જોઈએ. ૧૬

**अर्थ :-**जिस प्रकार स्पर्शज्ञानसे शीत स्वभाववाले गरम जलकी अग्निजनित उष्णता पहिचानी जाती है, अथवा जिस प्रकार जिह्वा इन्द्रियसे अनेक स्वादवाली तरकारीमेंका नमक जुदा चख लिया जाता है, उसी प्रकार भेदविज्ञानसे घटपिंडमेंका अज्ञानरूप विकार और ज्ञानमूर्ति जीव परख लिया जाता है, आत्माको कर्मका कर्ता मानना मिथ्यात्व है, द्रव्यदृष्टिसे, 'आत्मा कर्मका कर्त्ता है' ऐसे भाव ही नहीं होना चाहिये॥१६॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ક્યા કહતે હૈં, દેખો. 'जैसे उसनोदकमें उदक–सुभाव सीरौ' પાણીકા સ્વભાવમેં. જલકા સ્વભાવ તો સીરૌ–ઠંડા હૈ, જલકા સ્વભાવ ઠંડા હૈ. 'उसनोदकमें'–જલકા ઉષ્ણતાકી પર્યાયમેં જલકા સ્વભાવ તો ઠંડા હૈ. ઔર 'आगकी उसनता फरस ग्यान

लखियै'. ઔર અગ્નિકા નિમિત્તસે જો ઉષ્ણતા હુઈ, ઉષ્ણતા ખરેખર ઉસકે સ્વભાવકી નહીં. એ અગ્નિના નિમિત્તે ઉત્પન્ન હુઈ અગ્નિકી હૈ, ઐસે અહીંયા કહેના હૈં. સમજમેં આયા? 'आगकी उसनता फरस ग्यान लखियै'—યે ફરસ(સ્પર્શ) ઠંડામેંસે ઉના હુઆ. ઐસા ઉષ્ણતા વહ અગ્નિકા સ્વભાવ હૈ. જળકા ઠંડા સ્વભાવ હૈ. સમજમેં આયા?

ઐસા જ્ઞાન ભાઈ, ઈ જ્ઞાન પણ ઓલામાં એમ લખ્યું છે. શું? 'સ્વગ્રાહી જ્ઞાનમેં વહ ભાન હોતા હૈ' એમ કહેવું છે. ઉસકા ભી. એય! કિસકા? જળકા ઠંડા સ્વભાવ હૈ ઔર ઉષ્ણતા અગ્નિકા અગ્નિસે ભિન્ન હૈ. ઐસા ભાન સ્વગ્રાહી જ્ઞાન હુઆ ઉસકો ઐસા ભાન હોતા હૈ. સમજમેં આયા? (શ્રોતા : સમ્યક્જ્ઞાનીની વાત છે.) હા, લખ્યા ને ઉસમેં લિખા હૈ. સ્વપરગ્રાહી જ્ઞાનમેં અપના જો સ્વજ્ઞાન હુઆ–'મૈં શાંત, આનંદ હૂઁ'–ઐસા ભાન હુઆ, વહ જ્ઞાનસે ઉષ્ણ જલકી દશા વહ અગ્નિકી હૈ ઔર ઠંડા સ્વભાવ ઉદકકા હૈ. અપના સ્વભાવકા ભાન હુઆ તો પરકા સ્વભાવકા જ્ઞાન ઐસે વહ જાનતે હૈં; એમ કહતે હૈં. સમજમેં આયા?

કળશ ટીકાકાર ઐસા લિયા હૈ. બહુત ફરક હૈ. આ પાણી જળ ઠંડા હૈ ઔર ઉષ્ણતા તો અગ્નિકા નિમિત્તસે ઉપાધિ ભિન્ન ચીજ હૈ. ઐસા ભી બોધ કિસકો સચ્ચા હોતા હૈ કિ જિસકો અપના આત્મા રાગ ને શરીરસે ભિન્ન અપના જ્ઞાન નિજકા હુઆ, વહ નિજ જ્ઞાનમેં પરકા ઐસા જ્ઞાન યથાર્થ હોતા હૈ. જિસકો નિજજ્ઞાન હૈ નહીં, ઉસકો પરકા જ્ઞાન યથાર્થ હોતા નહીં. આહાહા! ભારે આકરું કામ! સમજાણું કાંઈ? એમાં લિખા હૈ, લખ્યું છે એમાં. એમાં છે ને આ. કેટલામું છે ઈ? (શ્રોતા : સાઈઠમું) કર્તા કર્મ. અજ્ઞાન જ્ઞાનરૂપ કર્મ થાય, લ્યો.

આ 'ज्ञानादेव ज्वलनपय' છે ને. ૧૫ મો છે. તે નિજ સ્વરૂપ જ્ઞાનસે પ્રગટ હોતા હૈ. 'ज्ञानात' શબ્દ પડા હૈ ને 'ज्ञानात'. 'ज्ञानादेवोल्लसति, ज्ञानादेव ज्वलनपयसो'. औष्ण्यशैत्य व्यवस्था. 'ज्ञानादेव' ઉસકા અર્થ કિયા હૈ. સમજમેં આયા? અપના આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ હૈ ઔર રાગ ને પુણ્ય કા વિકલ્પસે ભિન્ન હૈ, ઐસા સ્વકા જ્ઞાન હુઆ. વહ જલમેં ઠંડા સ્વભાવ હૈ ઔર ઉષ્ણતા અગ્નિકે હૈ, ઐસા અપને ભેદજ્ઞાન હુઆ, વહ દુસરેકો ઐસે ભેદજ્ઞાનસે જાનતે હૈં. ભૈયા ઐસી ચીજ હૈ. આહાહા! માણસને સત્ય (મળ્યું નથી ને) બહારમેં ઐસા કરો ને વૈસા કરો ને ફૈસા કરો, આ બચારાને મારી નાખ્યા. જિંદગી ચાલી જાય છે. આહાહા! શરીર છૂટતાં કોઈ શરણ નથી. આહાહા! એક કટકો ય હારે-સાથે આનેવાલા હૈ નહીં. એ વખતે કોણ શરણ કોણ લે? આહાહા! ભાઈ! શરણ તો તેરી ચીજ અંદર હૈ. આહાહા! સમજમેં આયા? આગળ લેશે ને ઈ.

दरब विचार करता भाव नखियै, પાઠમાં છે ને. દ્રવ્યનો વિચાર—છેલ્લી લીટી. દ્રવ્ય એટલે આત્મા. સમજમેં આયા? 'द्रव्यदृष्टिसे आत्मा कर्मका कर्ता है ऐसा भाव नहीं होना चाहिए'. આહાહા! સોગાનીજીએ એક પાઠ લીધો છે, હમણાં વાંચવામાં આવ્યો છે. કોઈ ઐસા પ્રશ્ન કિયા ઉનકો. સોગાનીજી કોણ? ન્યાલભાઈ. એમને પ્રશ્ન કિયા. કલકત્તા સોગાની થા ને. ગુજર ગયે. બડા લક્ષ્મી બહુત થી બહુત. આતમજ્ઞાન ઐસા હુઆ ઉનકો, ઐસી ચીજ હુઈ અંતરમેં. કોઈ ઐસે પ્રશ્ન કિયા કિ ભૈયા પરિણામ અને પરિણામી ઐસે કહીએ તો ઐસે ક્યા હૈ?

(ઉત્તર): ભગવાન! પરિણામ અને પરિણામી કહનેસે પરિણામકી દૃષ્ટિ તેરી પર્યાય પર જાતી હૈ. પીછે પરિણામીમેં લક્ષ જાતા હૈ. એ કરતાં ઐસે કહો, પરિણામી પરિણામ અથવા અપરિણામી પરિણામ. દ્રવ્ય અપરિણામી હૈ ધ્રુવ, વહ અપરિણામી કે લક્ષસે પરિણામ હુઆ, ઉસકા જ્ઞાન હોતા હૈ. ઝીણું છે થોડું. સમજમેં આયા? ૨૭ મો બોલ છે. ભાઈ, ઓલા પાછળ છે ને ૬૪૫. એમાં ૨૭મો બોલ છે. સાતને બે નવ, એમ યાદ રહે એટલે એવું ગોઠવ્યું હોય, નહીં તો યાદ ન રહે એ આંકડો કોણ યાદ કરવા જાય? પણ એની આંકડાની રીત મગજમાં આવી જાય એટલે યાદ રહી જાય, એ હેતુ છે. સમજાણું કાંઈ? આહા! લ્યો ઈતના ફેરફાર હૈ ભાઈ.

ઓલા કહે પરિણામ અને પરિણામી કહીએ તો....? (ઉત્તર) ભૈયા! પરિણામ અને પરિણામીમેં પરિણામ ઉપર જોર જાતા હૈ લક્ષ પહલે. એટલે પહેલા લક્ષ પરિણામ ઉપર જાતા હૈ, પીછે પરિણામી ઉપર જાતા હૈ. શશીભાઈ. ભાઈ! એ કરતાં ઐસે જાનો, પરિણામી એટલે આત્મા અપરિણામી નહીં બદલનેવાલા ધ્રુવ. શબ્દ પહલે ઐસા પડા હૈ, પરિણામ અને પરિણામી. ઐસે ન કહેતાં ઐસે કહો, પરિણામી પરિણામ અર્થાત્ અપરિણામી પરિણામ, એમ. જે ધ્રુવ ચીજ હૈ વહ પલટતી નહીં, ઉસકા જોર લક્ષમેં આયા, પીછે પરિણામકા લક્ષ જ્ઞાન યથાર્થ હોતા હૈ, ઐસે કહો ભૈયા! કહો મણિકાંત! સમજમેં આયા? શુકનલાલજી! નામ સુના હૈ કિ નહીં?

સોગાની ન્યાલચંદભાઈ. સૂક્ષ્મ વાત કરતે કરતે ઐસે લે લિયા. પરિણામ જો વર્તમાન એક સમયકી દશા એ પરિણામ ને આ અપરિણામી, ત્યાં (પરિણામ પર) પહેલે લક્ષ ગયા, એમ કહે છે. અપરિણામી વસ્તુ ભગવાન આત્મા, અપરિણામીકા લક્ષ હુઆ તો પરિણામ જે હુઆ તો અપરિણામીકા પરિણામ, ઐસે કહો. એય! અહીં કહતે હૈં, દ્રવ્યકા વિચાર કરનેસે ભગવાન દ્રવ્ય જ્ઞાયક ભાવ હૈ, ઐસી જ્યાં દૃષ્ટિ હુઈ તો રાગકા યે કર્તા નહીં, રાગકા યે ભોક્તા નહીં. રાગકા વહ જ્ઞેય કરના પડતા હૈ, ઐસા ભી નહિ.

આહાહા! સમજમેં આયા? માર્ગ ભારે ભાઈ આવો મોંઘો! ભાઈ! માર્ગ તો ઐસા હૈ ભૈયા! ક્યા કરે!

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા, ઈન્દ્રોની ઉપસ્થિતિમાં પરમાત્મા ઐસે ફરમાતે થે. ઈન્દ્રો—સ્વર્ગના અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર, અર્ધલોકના સ્વામી ઈશાનઈન્દ્ર અને ગણધરો સંતોના બીચમેં ભગવાનકી દિવ્યધ્વનિ ઐસે આતી થી. સમજમેં આયા? કહતે હૈં, ભગવાન! તેરા દ્રવ્ય સ્વભાવ દેખનેસે તો તેરા જ્ઞાન યથાર્થ હો તો તેરે જલકા ઠંડા સ્વભાવ 'सीरौ'—સીરૌ એટલે ઠંડા (જ્ઞાત હોતા હૈ) ઔર ઉષ્ણતા ઉસકા સ્વભાવ નહીં. ઐસા બોધ તેરે સ્વકા જ્ઞાન રાગસે ભિન્ન હુઆ, ઐસે જ્ઞાનસે ઉસકા જ્ઞાન હોતા હૈ. પોપટભાઈ! આહાહા! લૌકિક બાત....ઓલા 'ज्ञानात्' કહેવું છે ને સમ્યક્ જ્ઞાનાત્. સમજમેં આયા?

કારણકે એવું ને એવું 'ज्ञानात् एव स्वरसविकसन्नित्यचैतन्यधातोः क्रोधात्'. ભાઈ, છેલ્લે આ છે ને. છેલ્લો બોલ એ આવ્યો છે કે જ્ઞાનાત્ જ્ઞાનાત્. મેં ઈ ક્યું નાખ્યા? કારણ કે સ્વરસ ચૈતન્ય ભગવાન આત્મા ચૈતન્યરસ......ઈ પણ ચૈતન્ય અને ક્રોધ, ઈ ભી અપના જ્ઞાનસે દો કા ભિન્ન ભાન હોતા હૈ. સમજમેં આયા? બધે (સબ)મેં હૈ ને. 'ज्ञानात्, ज्ञानात्, ज्ञानात्' ત્રણેમાં જ્ઞાનાત્ હૈ. તો 'ज्ञानात् एव ज्वलनपयसो'. 'आगकी उसनता फरस ग्यान लखियै' જૈસે...ઐસે. બે લીટીકા અર્થ હૈ. અપના સ્વરૂપ, રાગ—શરીર—કર્મસે ભિન્ન હૈ, હૈ ઐસા ભાન હુઆ, અપના નિજ સ્વરૂપકા સમ્યક્ જ્ઞાન હુઆ, તો વહ જ્ઞાન પાણીકા જૈસા મેરા સ્વભાવ જ્ઞાન હૈ, રાગ—વિકલ્પ નહીં, ક્રોધ નહીં. અગ્નિની સામે ક્રોધ લીયા ને. વિકલ્પ ઉઠતે હૈં-આ ઠીક નહીં આ-ઐસા વિકલ્પ હૈ ક્રોધ, ક્રોધ હૈ વહ અપના સ્વભાવ નહીં.

જૈસે ઠંડા જલકા સ્વભાવ ઉષ્ણતા નહીં, ઐસે મેરા નિજ રસ ચૈતન્ય રસકા સ્વભાવ આગળ યે વિકલ્પ ક્રોધકા અભાવ હૈ, એ મારા નહીં—ઐસા કિસકો ભાન હોતા હૈ કિ જિસકો અપના સ્વકા જ્ઞાન હુઆ, ઉસકો ભાન હોતા હૈ. સ્વરૂપગ્રાહી જ્ઞાન. આરે આ ભારે! રાજમલે પણ ટીકા કરી છે ને! ગૃહસ્થ થે વહ રાજમલ, અભી ગૃહસ્થ હૈ. પણ સમાચરિત આચાર્ય તીર્થંકર આદિ જો કહતે હૈં, વહ ભાવ લેકર પકડકર બાત કરતે હૈં વહાઁ. સમજમેં આયા? સમ્યક્દર્શનમેં કોઈ ફેર નહીં. સિદ્ધકા સમ્યક્દર્શન ઔર કેવળીકા હો કે ચોથા ગુણસ્થાનકા પશુકા હો. સમજમેં આયા? સમ્યક્દર્શનમેં—સમ્યક્જ્ઞાનમેં ફેર (નહીં). ભલે થોડા જ્ઞાન હો પણ પ્રતીતની અપેક્ષાએ બરાબર સરખે સબ હૈ. આહાહા! સમજમેં આયા?

કહતે હૈં, 'आगकी उसनता फरस ग्यान लखियै'. 'ज्ञानात्' છે ને છેલ્લો શબ્દ એ. આ ઉષ્ણતા સ્પર્શ હૈ ને આ ઠંડા સ્પર્શ હૈ, એ જ્ઞાનસે જાનનેમેં આતા હૈ. છેલ્લી બે લીટીકા અર્થ હોતા હૈ. જ્ઞાન પણ ક્યા જ્ઞાન? અપના સ્વરૂપકા જ્ઞાન હુઆ હૈ, મૈં રાગરહિત (હૂઁ). ક્યોંકિ જૈસે રાગ અગ્નિ સમાન હૈ ઔર મૈં શીત આનંદસ્વરૂપ હૂઁ. આહાહા! ઐસા અપના સ્વરૂપકા ભાન–મૈં તો અતીન્દ્રિય આનંદ 'સીરા'–'સીરા'–ઠંડા શાંત સ્વભાવ મેરા હૈ ઔર રાગકા સ્વભાવ અગ્નિ સમાન ભિન્ન હૈ. તો જિસકો અપના જ્ઞાયક ભાવકા ભાન હુઆ વહ ઠંડા ઔર ઉષ્ણતાકા વિવેક વહ કર સકતે હૈં વ્યવહારે. સમજમેં આયા? ભારે વાતું ભાઈ આવી!

ઓલો કહે એવી કે દયા પાળો, વ્રત પાળો, તપસ્યા કરો. જાવ ધર્મ હોગા. ધૂળમેં ય ધર્મ નહીં. સુન તો સહી! તેરી તપસ્યા ક્યા? અપવાસ કિયા ને આહાર ન કિયા. વહ તો મિથ્યાત્વભાવમેં માન લિયા કિ મૈંને આહાર આ છોડ દિયા. આહાર છોડ્યા ને આહાર મૈં ગ્રહતા થા તો આજ નહીં લેતા હૂઁ, વહ તો અજીવકા સ્વામી હોકર મિથ્યાત્વભાવ પોષતે હૈં. ભારે વાતું ભાઈ! જયંતિભાઈ! આવો માર્ગ ભાઈ! આહાહા! આ માર્ગ ને આ જાતની રુચિ જ્યાં હો જાય ત્યાં આખી લાઈન ફરી જાય ઉસકી. સમજમેં આયા? આહાહા! દિશા ફરે દિશા!

'जैसे स्वाद व्यंजनमैं दीसत विविधरूप'. બીજો દૃષ્ટાંત દૂસરા. જૈસે સ્વાદ વ્યંજનમૈં વ્યંજન એટલે શાક–શાક કહતે હૈં ને. દૂધીકા, કારેલાકા શાક હોતા હૈ. 'जैसे स्वाद व्यंजनमैं दीसत विविधरूप, लौनको सुवाद खारौ जीभ–ग्यान चखियै'. શબ્દ નાખ્યો છે જીભને. 'ज्ञानात्' શબ્દ છે ને. છે તો બધામાં સરખું. સ્વાદનું છે ને એટલે ખ્યાલ આપે છે કે શાકમેં સ્વાદ જો આતા હૈ ખારાકા, વહ મીઠાકા સ્વાદ હૈ, લવણકા સ્વાદ હૈ, ઔર શાકકા સ્વાદ જુદા હૈ. દૂધી ખારી હૈ? દૂધી કહતે હૈં ને દૂધી–લૌકી, કારેલા, ગીસોડા, ટીંડોળા. શું કહેવાય બીજું? મોટાવાળા કહેવાય ઈ? પરવળ, પરવળ ને બીજું શું? પરવળ ને બીજું શું કહે છે? કંટોલા. પરવળ ને કંટોલા બહુ ઊંચા કહેવાય છે. વહ પડવલ આતા હૈ ને ઔર કંટોલા. વહ તો કંઈ ખારા નહીં હૈ. ઉસકો બાફે તો ભી કંઈ ખારા હોતા હૈ? ઉસમેં ખારાપના જો દિખતે હૈં નમકકા, વહ તો મીઠાકા હૈ–નમકકા હૈ, વહ કંઈ શાકકા નહીં. આહાહા! સમજમેં આયા?

'जैसे स्वाद व्यंजनमैं दीसत विविधरूप'. પણ કિસકા? લવણકા સ્વાદ ખારા, 'जीभ-ग्यान चखियै'. જીભકી ખ્યાલ આ જાયે ઉસમેં કે આ ખારાપન બહોત હૈ, વહ મીઠાકા–નમકકા હૈ. એ શાક–તરકારી ઔર ખારા, જેમ ભિન્ન–ભિન્ન હૈ, ઐસા બોધ કિસકો હોતા હૈ? વાસ્તવિક કી જિસકો વિકલ્પ રાગ આદિસે આત્મા ભિન્ન હૈ,

રાગપણાકા ખારા સ્વભાવ રાગકા હૈ, મેરા સ્વભાવ તો આનંદ ને શાંત હૈ. ઐસા જિસકો સ્વજ્ઞાનકા જ્ઞાન હુઆ ઉસકો ખારાપન નમકકા હૈ અને શાકકા વહ ખારાપના નહીં, ઉસકા યથાર્થ જ્ઞાન હોતા હૈ. સમજમેં આયા? ગૃદ્ધિ હોય એને ખ્યાલ ન આવે. શાક ખારું ઢુંઢવા જેવું થઈ ગયું, એવું અમારી કાઠિયાવાડી ભાષા છે. હિન્દીમાં હશે કાંઈક. ખારું ઢુંઢવા જેવું નથી કહેતા? ખારું ઢુંઢવા જેવું. ખારું ઢુંઢવા જેવું શાક હોતા હૈ? પણ ભાન નહીં ને એમ ને એમ (કહે રાખે.)

કહ્યું’તું ને એક ફેરી શ્રીમદ્ રાજચંદ્ર......વો શ્રીમદ્ રાજચંદ આવ્યા તો પાંચ પચીસ માણસ એકઠા હુઆ થા તો શાક બાક બનાયા. શાક દૂધીકા. તો શાક જબ લાયે તો ઉસ સમય દેખકર કહા, ‘ઓહો, ‘શાકમેં ખારાપણા વિશેષ હૈ’. ક્યોંકિ યહ દૂધીકા શાક, દૂધી કહતે હૈં ને લૌકી, પાણીમેં બાફનેસે જો ઉસકે શાકકી દશા દેખનેમેં આતી હૈ. ઉસકે લવણ વિશેષ પડવાને કારણે વહ દૂધીકા તાણાવાણા વહ છૂટ્ટા હો જાતા હૈ, તૂટ જાતા હૈ, (માટે) મીઠા—લવણ વિશેષ હૈ. દેખો શાક ખાધા વિના. બીજા તો આમ ખાવામાં ગૃદ્ધિ હતા ને લાડવા—બાડવા હમણાં આવશે પણ શાક આવ્યું. લાડુમાં લક્ષ હતું. શાકમાં મીઠું વધારે હતું તે ખ્યાલ ન આવ્યું. દેખો, દૂધીકા જલસે જીતની બાફકર ઉસકી કટકી ટુકડામેં ખીલાઈ ન જાય, તુટ ન જાય. ઐસે મીઠા પડ્યા હૈ તો વિશેષ તૂટ ગયા. દૂધીકા ટૂકડા અંદર ટૂટ ગયા. સમજમેં આયા?

આમ ચાખે ત્યાં ખારું. કોઈ એકે નાખ્યું, ત્યાં બીજું આવીને બીજું નાખ્યું હોય. આ ખીચડી રાંધે ને વહુ ઘરમાં ત્રણ ચાર હોય. એક ખીચડી રાખેને, એક ખીચડીમાં નાખી ગઈ હોય મીઠું, બીજીને ખબર ન હોય કે નમક નાખ્યા હૈ કિ નહિ? દૂસરો નાખે ધોબો એમાં. એમ ડબલ પડે ને ખારું ઢુંઢવા થઈ જાય. પણ એ ખારા શાક નહીં, ખીચડી નહીં. ખારા તો નમક હૈ. એ ખારા નમક ને શાક ભિન્નકા ભાન જ્ઞાનથી હોતા હૈ. સમજમેં આયા? જુઓ, આ જ્ઞાનકી ક્રિયા. ક્યા જ્ઞાનસે? તો ઐસા લિયા ટીકાકારે તો. સ્વજ્ઞાનકા ભાન હુઆ હૈ, ઉસકો પરકા ભિન્નતાકા ભાન હોતા હૈ. ગૃદ્ધિવાળાકો રાગમેં ગૃદ્ધિ જિસકી હૈ, ઉસકો ખારાપન ને શાકકી ભિન્નતા ભાસતી નહીં. સમજમેં આયા?

‘लौनकौ सुवाद खारौ जीभ-ग्यान चखियै। तैसै घट पिंडमैं विभावता अग्यानरूप’. આહાહા! દેખો હવે. તૈસે આ શરીરરૂપી પિંડ ભગવાન આત્મા બિરાજતે હૈં અંદર ભિન્ન, ઉસમેં વિભાવતા એ પુણ્ય-પાપકા વિકલ્પ વહ વિભાવ હૈ. વિભાવ હૈ, સ્વભાવ નહીં. વિભાવતા અજ્ઞાનરૂપ હૈ વહ. આહાહા! ક્યા કહતે હૈં? આંહી તો ‘જ્ઞાનાત્’ એમ લેના હૈ ને. ‘ज्ञानादेव स्वरसविकसन्नित्यधातौः’ ‘ग्यानरूप जीव भेदग्यानसौं परखियै’. આહાહા! ઘટપિંડમેં વિભાવતા અજ્ઞાનરૂપ અજ્ઞાન...આત્માકા

સ્વભાવ તો જ્ઞાનાનંદ સ્વરૂપ હૈ ઔર પુણ્ય-પાપકા વિકલ્પકા, દયા-દાન-વ્રત-ભક્તિકા વિકલ્પકા સ્વભાવ તો વિભાવતા અજ્ઞાનરૂપ હૈ, ક્યોંકિ ઉસમેં જ્ઞાન હૈ નહીં. આહાહા! દેખો, સમજમેં આયા?

'घटपिंडमैं विभावता अग्यानरूप, ग्यानरूप जीव'. ચૈતન્ય, ચૈતન્ય, ચૈતન્ય, ચૈતન્ય, ચૈતન્ય, જાણક જાણક સ્વભાવ, ઐસા ભગવાન આત્મા, 'स्वरस विकसन्नित्य-चैतन्यधातोः' સમજમેં આયા? ભેદજ્ઞાનરૂપ જીવસે ભેદજ્ઞાનકો પરખિયે. અપના નિજરસ આત્મા આનંદકા જ્ઞાનકા રસ અંતરમેં. 'स्वरस विकसन्नित्यचैतन्यधातौः' ધાતુ ચૈતન્ય ભગવાન તો નિત્ય હૈ, પણ ઉસકી દૃષ્ટિ હુઈ અપનેમેં તો ચૈતન્યકા વિકાસ ક્ષણે ક્ષણે હોતા હૈ.

'स्वरस विकसन्नित्यचैतन्यधातौः' ચૈતન્ય ધાતુ અપના લક્ષસે જો પરાશ્રયસે રાગસે ભિન્નકા ભાન હુઆ, તો ચૈતન્ય નિત્ય ધાતુમેંસે પર્યાયમેં વિકસિત વિકાસરૂપી જ્ઞાન પ્રગટ હોતા હૈ. યહ જ્ઞાન રાગ અને અપના સ્વભાવકો ભિન્ન જાનતે હૈં. આહાહા! દેખો, વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ ભી અજ્ઞાન હૈ, એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા, લોકો કહે કે સમકિત. આહીં કહે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પરદ્રવ્ય અનુસારી વિકલ્પ વિભાવતા અજ્ઞાન. પંચમહાવ્રતકા પરિણામ, લોકો કહે ધર્મ. ભગવાન કહે, વિભાવ—અજ્ઞાન. (શ્રોતા : ભગવાન ને લોકોને કજિયો થયો). દુનિયાએ કજિયો કર્યો છે ભગવાન સાથે. આહાહા! અંતરમાં કજિયો કરી નાખ્યો. ભગવાન આત્મા ચૈતન્ય વસ્તુ જ્ઞાનાનંદ સ્વભાવ, ઉસકા જિસકો ભાન નહીં તો ઉસકા વિરોધી પુણ્ય-પાપકા વિભાવ, જિસમેં જ્ઞાનકા અંશ નહીં. ઉસકો અપના કર્તા માનતે હૈં, એમ કહેના હૈ ને? વિભાવ અજ્ઞાનકા કર્તા અજ્ઞાની માનતે હૈં. આહાહા! રાગકી ક્રિયા હૈ એ વિભાવકી ક્રિયા હૈ. જ્ઞાન સ્વભાવ ચૈતન્યકી જાગૃત દશાકા રાગમેં અંધારા હૈ. સમજમેં આયા?

'અંધકૂપ' આવ્યું'તું. કાલે આવ્યું'તું ને? કાલે 'અંધકૂપ' આવ્યું'તું. આવ્યું છે તે અગિયારમા અગિયાર પદ. 'महा धीठ दुखकौ वसीठ परदर्वरूप, अंधकूप काहूपै निवार्यौ नहि गयौ है' અગિયારમેં હૈ. આમ તો સમયસાર નાટક—ચોખ્ખા પાના, અક્ષર ચોખ્ખા, બડા અક્ષર, સબકો ખ્યાલમેં આ જાય ઐસી ચીજ હૈ. સિદ્ધાંત તથા દેખાવ ભી ઐસા હૈ. આ તો સાધારણ પાના સમયસારના ઔર નાના ગ્રંથ દેખે તો કહે, ગ્રંથ હૈ. આ તો હવે સિદ્ધાંત આખા હૈ. કાગળ ભી અચ્છા, અક્ષર ભી બડા, ભાવ ભી બડા અલૌકિક! સમજમેં આયા?

તો કહતે હૈં, ઘટપિંડમેં આ ભગવાન આત્મામેં જો રાગ પુણ્ય-પાપકા વિકલ્પ

દિખતે હૈં, વહ તો વિભાવ હૈ. જૈસે જલમેં ઉષ્ણતા હૈ, યે ઉસકી જલકી નહીં, જલકા તો ઠંડા સ્વભાવ હૈ. ઐસે ભગવાન આત્મામેં જો પુણ્ય-પાપકા વિકલ્પ દિખતે હૈં, યે વિભાવકા અજ્ઞાનરૂપ હૈ, આત્માકા જ્ઞાનરૂપ હૈ નહિ. આહાહા! ભારે માણસને. એથી કહે કે માળા એકાંત નિશ્ચય છે. સાંભળને ભાઈ! શું કરે છે ભાઈ! આહાહા! એકાંત છે. એકાંત છે. પણ કહે એકાંત ભગવાન પાસે જઈને, ક્યા કહતે હૈં તુમ ઐસા? સુનનેમેં આયા નહીં, બહારમેં પ્રથા વિપરીત ચલાઈ અજ્ઞાનીઓએ અને માને કે અમે વ્રત પાળતે, તપ કરે, ઉસમેં કુછ હોતા હૈ કિ નહીં? હૈ અજ્ઞાન હૈ ઉસમેં.

જગતસે ન્યારા હૈ. વીતરાગમાર્ગ પરમાત્માકા સર્વજ્ઞ પરમેશ્વર, જિસકો એક સમયમેં તીનકાળકા જ્ઞાન (હૈ). ઐસા તીનકાળકા જ્ઞાન ઉપજાનેકી વિધિ ભગવાન બતાતે હૈં. વહ વિધિ ભગવાનમેં હી હૈ. દુસરે હોતી નહીં. સમજમેં આયા? ઐસી બાત અન્ય મતમેં ક્યાંય હૈ નહીં. વેદાંતમેં આદિ અને વૈષસિક અને ફલાણું, ઈશ્વર કર્તા માને. ક્યાંય આ ચીજ હી હૈ નહીં ક્યાંય. સમજમેં આયા? આ તો સંપ્રદાયમેં જૈનના નામ ધરાવે ને સંપ્રદાયમેં હૈ નહિ. સમજમેં આયા? ક્યા કહા?

'विभावता अग्यानरूप', છે ને? भेदज्ञानसे घटपिंडमें अज्ञानरूप विकार और ज्ञानमूर्ति जीव परख लिया जाता है', લ્યો. આહાહા! જલમેં ઠંડાપણા ઔર ઉષ્ણતા– જેમ ભિન્ન ભિન્ન પરખમેં આતી હૈ. ઐસે ભગવાન જ્ઞાનમૂર્તિ અને રાગાદિ વિકલ્પ અજ્ઞાનભાવ, યહ સમ્યક્જ્ઞાનસે ભિન્ન ભિન્ન દિખનેમેં આતે હૈં. ઔર જૈસે શાક– તરકારીમેં નમકકા સ્વાદ ભિન્ન હૈ, શાકકા સ્વાદ ભિન્ન હૈ. ઐસે ભગવાનઆત્મા નિજરસકા સ્વાદ આનંદ હૈ ઔર વિભાવકા સ્વાદ દુઃખરૂપ અને આકુળતા હૈ. ભારે વાત! વ્રતકા પરિણામ હી આકુળતા. ગજબ વાત! ભગવાન સિદ્ધકો હૈ વ્રત? વિકલ્પ મૈં ઐસા કરું, ઐસા કરું એ તો વિકલ્પવૃત્તિ હૈ, રાગ કા ઉત્થાન હૈ, વિકાર હૈ. સિદ્ધકા આદર્શ લક્ષમેં લો. સિદ્ધમેં જે નહીં, એ તેરેમેં નહીં. સિદ્ધમેં હૈં, યે તેરેમેં હૈ. સમજમેં આયા?

'ग्यानरूप जीव भेद–ग्यानसौ परखिये'. વિભાવતા અજ્ઞાનરૂપ અને જ્ઞાનરૂપ જીવ, એમ. 'भेद-ग्यानसौ परखियै'. વહ રાગકા વિકલ્પસે ભિન્ન પડકર આત્માકા ભાન હુઆ ત્યાં ઉસકી પરીક્ષા હોતી હૈ. 'भरमसौं करमकौ करता है चिदानंद', લ્યો. ભ્રમણા અજ્ઞાનસે કર્મકા કર્તા, ચિદાનંદ–ભગવાન આનંદકંદ–ચિદાનંદ–જ્ઞાનાનંદ ઐસા અપના નિજસ્વરૂપ ચિદાનંદ, યે ઉસકો ભાન નહીં તો પુણ્ય–પાપકા વિકલ્પકા કર્તા હોતા હૈ. ઓહોહો! લિખા હૈ અંદર દેખો. 'आत्माको कर्मका कर्ता मानना मिथ्यात्व है'. નીચે

લિખા હૈ. સમજમેં આયા? ઔર મિથ્યાત્વ કિસકો કહના યહ ખબર નહીં.

'રાગ, દયા, દાનકા, વ્રતકા વિકલ્પ મેરા કર્તવ્ય હૈ', ઐસા માનના વહ મિથ્યાત્વ હૈ. ક્યોંકિ વિભાવમેં અજ્ઞાનરૂપ હૈ. ચિદાનંદ ભગવાનકો યો કર્તા માનતે હૈં. વહ અજ્ઞાન ભ્રમસે માનતે હૈં મિથ્યાત્વ. માળા એમ કહે છે, મહારાજ વાતું બધી એવી કરે. પાછા એમાં લખ્યું છે. પાછા મંદિર, ભક્તિ બધું કરે, પ્રરૂપણામાં કહે કે પુણ્ય હેય હૈ. પણ હોય, શુભ આવ્યા વિના રહે નહીં. કરે કોણ? વહ જાનનેલાયક ચીજ હૈ, આદરને લાયક અંદર નહિ. આહાહા! ભાવ તો જબ લગ વીતરાગતા ન હો, તબ લગ શુભભાવ હોતા હૈ, પણ અપના સ્વરૂપ નહીં હૈ વહ. આહાહા! સમજમેં આયા?

'भरमसौ करमकौ करता है चिदानंद, दरब विचार करता.' દેખો, દ્રવ્યકા વિચાર કરો, દ્રવ્યદૃષ્ટિસે દ્રવ્ય સ્વભાવ દેખો તો દ્રવ્ય સ્વભાવમેં વિભાવકા કર્તાપણા કભી હોતા નહીં હૈ. 'करता भाव नखियै', करता भाव नखियै'—છોડી દઈએ. 'નાખિયૈ' હૈ ને. યહ શબ્દ ગુજરાતી ભાષામેં પ્રચલિત હૈ, નીચે લખ્યું છે. નાખી—છોડી દો. છોડી દો. આહાહા! નાખી દો, ગુજરાતી ભાષા છે ને! પહેલાં ય આવ્યું છે એક શબ્દ. નિર્જન દેશમેં........પહેલા ઘણું આગળ આવ્યું'તું. ગુજરાતી ભાષા છે એમ કહેવું છે. આ છે લ્યો, એ ૬૯મે પાને છે. યહ શબ્દ ગુજરાતી ભાષામેં પ્રચલિત હૈ. ત્યાંય 'नाखी' છે ને. 'परजाइ बुद्धि नाखी है'. ન્યાંય છે ચોથા પદમાં. આહીં કર્તા બુદ્ધિ નાખી દીધી. આહાહા! જયંતિભાઈ! આવો માર્ગ! અહીંયા તો ધમાધમ કરાવે, વ્રત કરો, ઉપવાસ કરો, દયા પાળો.....વહોરવા જાઓ ને નિર્દોષ આહાર લઈ આવો. જાઓ, આ દયા પાળી પચાસ જણની શેઠિયાએ. ધૂળેય નહિ, દયાની ખબરે ય નહીં તેરે ક્યા દયા હૈ. 'द्रव्यदृष्टिसे आत्मा कर्मका कर्ता है' ऐसा भाव ही नहीं होना चाहिये'. ઐસા આત્માકા ભાન હોકર રાગકા કર્તા આત્મા હોતા નહીં, ઐસી દૃષ્ટિકો સમ્યક્જ્ઞાન કહતે હૈં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૪૪, ફાગણ વદ ૪, સોમવાર, તા. ૧૫-૩-૧૯૭૧
## કર્તા-કર્મ ક્રિયાદ્વાર પદ ૧૭ થી ૨૧ ઉપર પ્રવચન

૧૬ મો કળશ છે. કર્તા–કર્મ અધિકાર.

अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।
स्यात्कर्त्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्॥१६॥

'पदार्थ अपने स्वभाव का कर्ता है', એ મથાળું છે.

પદાર્થ પોતાના સ્વભાવનો કર્તા છે. (દોહરા)

ग्यान-भाव ग्यानी करै, अग्यानी अग्यान।
दर्वकर्म पुद्गल करै, यह निहचै परवान॥१७॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**દ્રવ્યકર્મ=જ્ઞાનાવરણાદિ કર્મદળ. પરવાન(પ્રમાણ)=સાચું જ્ઞાન.

**અર્થ :—**જ્ઞાનભાવનો કર્તા જ્ઞાની છે, અજ્ઞાનનો કર્તા અજ્ઞાની છે અને દ્રવ્યકર્મનો કર્તા પુદ્‌ગલ છે—એમ નિશ્ચયનયથી જાણો. ૧૭

**अर्थ :**–ज्ञानभावका कर्त्ता ज्ञानी है, अज्ञानका कर्त्ता अज्ञानी है और द्रव्यकर्मका कर्त्ता पुद्गल है ऐसा निश्चयनयसे जानो॥१७॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'ज्ञानभावका कर्ता ज्ञानी है.' દેખો, અત્યાર સુધી તો એમ ચાલે છે, કર્મનો કર્તા જીવ નથી. કર્મની પર્યાય જડ છે તો જડનું પરિણમન જડથી થાય. આત્મા એનો કર્તા નથી. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ જે છે, એ જ્ઞાનની અશાતના આદિના ૬ બોલ છે ઈ જીવ કરે અજ્ઞાનભાવે, પણ આહીં તો એય નથી લીધું. શું કહ્યું સમજાણું? (શ્રોતા : જ્ઞાનની અશાતના) અશાતના(આદિ) ૬ બોલે આવે છે ને. છ બોલે જ્ઞાનાવરણીય કર્મ બંધાય. પણ એ છ બોલ, જ્ઞાનની અશાતના–વિરાધના વિગેરે ભાવ અજ્ઞાની કરે, એ બરાબર છે. પણ કર્મ બંધાય એ આત્મા કરે, એમ છે નહીં. એ જડની પર્યાય જડથી થાય.

અહીં તો એનાથી ઉપરાંત બીજી વાત કહી પાધરી સીધી. 'ज्ञानभावका कर्ता ज्ञानी है.' આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્ય સ્વભાવથી ભરેલો આત્મા છે, એવા સ્વભાવને જ્ઞાની કરે. ધર્મી જીવ તો જ્ઞાનસ્વરૂપ છે, એ કંઈ કર્મસ્વરૂપ ને રાગસ્વરૂપ નથી. તેથી ધર્મી જીવ અથવા જ્ઞાની એ તો પોતાનાં નિર્મળ જ્ઞાનસ્વભાવને કરે. વિકારને કરે ને બંધનમાં નિમિત્ત થાય, એવું પણ જ્ઞાનીને છે (નહીં). સમજાણું કાંઈ?

'ज्ञानभावका कर्ता ज्ञानी है. अज्ञानका कर्ता अज्ञानी है.' પુણ્ય-પાપનાં વિકલ્પો રાગ, એની દ્રષ્ટિ જ્યાં રાગ ઉપર છે. સ્થિર બિંબ ધ્રુવ ઉપર જ્યાં દ્રષ્ટિ નથી. એથી અજ્ઞાની વિકારનાં ભાવને અજ્ઞાની કરે. સમજાણું? અને દ્રવ્યકર્મનો કર્તા પુદ્‌ગલ છે. ત્રણ બોલ લીધા. ધર્મી જીવ જ્ઞાન ને આનંદ આદિ નિર્મળ પર્યાયને કરે કેમ કે એની દૃષ્ટિમાં નિર્મળ ધ્રુવ ચૈતન્ય છે. સમકિતીની દૃષ્ટિમાં ધ્રુવ ચૈતન્ય જ્ઞાનભાવથી ભરેલો ચૈતન્ય છે, એથી ધર્મી જ્ઞાનભાવને કરે. જે દૃષ્ટિમાં આવ્યો છે એવા ભાવને એ કરે. ભારે વાત! સમજાણું કાંઈ? ધર્મી જીવ તો રાગને ને વ્યવહાર રત્નત્રયને ય ન કરે, એમ કહે છે. સમજાણું કાંઈ? આ બધા કામ તો કરે છે બધા માણસો, નહીં? કેમ પોપટભાઈ, આ લાદીનાં કામ બધા. આ હરીભાઈ અમદાવાદમાં કેટલા કામ કરે જો બધા કેટલાય! કરે છે કે નહીં? (શ્રોતા : શું ખબર?)

કરે તો એના પર્યાયમાં સ્વભાવની દૃષ્ટિને ભૂલી અને શુભ-અશુભ વિકલ્પોના વિકારને કરે અજ્ઞાની, એની મર્યાદા ત્યાં સુધી છે. એથી આગળ જઈને કરે એવું અજ્ઞાનીને પણ છે નહીં. સમજાણું કાંઈ? ત્રણ બોલ લીધા એક કડીમાં. ધર્મી, આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો છે. આત્મા અખંડ આનંદમય મૂર્તિ પ્રભુ છે, એવી જેને દૃષ્ટિ થઈ અને એ આત્મા, એ આત્મા થયો. સમજાણું કાંઈ? એ આત્મા થયો, એ આત્માનાં જ્ઞાનદશા આદિની પર્યાયને કરે. આહા! સમજાણું કાંઈ? અજ્ઞાની અજ્ઞાનનાં ભાવને કરે. શુભ ને અશુભ વિકલ્પો, દયા-દાન-વ્રત-ભક્તિ-કામ-ક્રોધનાં ભાવ એ બધા વિકાર છે અને એની દૃષ્ટિ વિકાર ઉપર છે, સ્વભાવ ઉપર નથી. તેથી તે અજ્ઞાની અજ્ઞાનભાવ—જેમાં જ્ઞાનનો અંશ નથી, જેમાં ચૈતન્ય સ્વભાવનો અંશ નથી, એવા પુણ્ય-પાપનાં ભાવને કરે. કહો પંડિતજી! લડકાકો પઢા નહીં સકતે, એમ કહતે હૈં. (શ્રોતા : બાત એક હી) આરે! (શ્રોતા : બમ્બઈ સે પઢાયા થા).

વકીલ દલીલ નહીં કરી શકે સામે, એમ કહે છે. દલીલની ક્રિયા જડની છે. રામજીભાઈ, માળા આ કેવું આવું! (શ્રોતા : પણ જગતને ભ્રમણા બહુ....) ભ્રમણા છે તો એ ભ્રમણાને કરે. એ ધર્મને ન કરે, એ પરને ન કરે. અજ્ઞાની ભ્રમણાને કરે. કહો

સમજાય છે કાંઈ? આ છોકરા–બોકરાનું કાંઈ ન કરી શકે. (શ્રોતા : એ તો છોકરાઓનો જ વાંક ને. છોકરા તો બાપાની સેવા કરેને) ધૂળેય કરતો નથી! ન્યાં આમ સુમનભાઈ ક્યાં પડ્યો છે બીજે પડ્યો છે. આવે છે સેવા. રોટલા ખાઓ તમે કો'કનાં કરેલાં. ઘરનાં ય પરણાવી દીધા છે એ ન્યાં ને તમે ન્યાં. જુદા તે જુદા કોણ કરે ઈ? આ એનો દીકરો ન્યાં પડ્યો છે ને આ અહિંયા રોટલા ખાય લ્યો, રોટલા ય ખાતો નથી, એમ કહે છે આહીં તો, એ એમ કહે છે.

રોટલા ખાવાની ક્રિયા અજ્ઞાની કરી શકતો નથી. (શ્રોતા : કરે તો રાગને કરે). ઈ રાગ–દ્વેષને કરે પણ રોટલા ખાવાની ક્રિયા આત્મા કરે, એ ત્રણ કાળમાં બનતું નથી. આરે! ભારે વાત ભાઈ આ! (શ્રોતા : બહુ સરસ વાત છે એમ જ સમજવા જેવી વાત છે) (શ્રોતા : હવે કારખાનું હોય એનું શું કરવું?) કારખાનું કારખાનામાં રહી ગયું. કારખાનું ઈ પણ પદાર્થ છે કે નહીં? સત્તાવાળા–હોવાવાળા પદાર્થ છે ને. હોવાવાળા ધારાવાહી પ્રાયેઃ પ્રમાણે પર્યાય પરિણમે છે. જે સમયે જે પર્યાય જે થવાની તે પર્યાય થાય, છે એમાં. ધારાવાહી આવશે એમાં ક્યાંક. સમજાણું કાંઈ? અઢારમામાં આવશે. જવાબ આવશે. ૨૦મા (પદ્ય)માં એટલે ૧૯ શ્લોકમાં. સમજાણું કાંઈ?

'ज्ञानभावका कर्ता ज्ञानी' એટલે વસ્તુ જે દ્રવ્ય સ્વભાવ ચૈતન્ય અખંડ આનંદ સ્થિરબિંબ, એવું આત્માનું જેને જ્ઞાન થયું, એણે આત્મા જાણ્યો ને એ આત્મા થયો. એ આત્મા, આત્માનાં સ્વભાવની જે શક્તિ છે, એની પર્યાયને કરે. સમજાણું કાંઈ? આરે, ભારે વાતું ભાઈ આ! આ બધા ચોપડા–બોપડા તપાસે ને બધું કર્યું'તું ને. ઓડિટર, આહાહા! ભ્રમણા હશે આ બધી. હરીભાઈ! (શ્રોતા : ચાલે છે ભ્રમણા) હરીભાઈ તો હોંશિયાર કહેવાય ન્યાં ઓલા બધા કંઈક વેપાર ને ધંધા ને ફલાણાં ને ઢીકણાં ને કંઈક ઉથલ પાથલ (શ્રોતા : આપ ના પાડો તો ન બેસે, આપ હા પાડો તો બરાબર છે). પણ ઈ નક્કી કરે નહીં? પરનું કરવું–માનવું એ કરી શકતો નથી. કેમ કે પરવસ્તુ પોતાની ક્રિયા કર્યા વિના રહેતું નથી. એટલે ઈ એની કરે તો થાય, એમ છે નહીં. બાબુભાઈ કેમ હશે? (શ્રોતા : બરાબર છે.)

ત્રણ બોલ મૂક્યાં એક કળશમાં. જેને આત્મા, આત્મા તરીકે શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક ભાવ જણાણો છે. એવો જે ધર્મી ભલે ચક્રવર્તીના રાજમાં પડ્યો દેખાય, ૯૬ હજાર સ્ત્રીઓનાં વૃંદમાં દેખાય, છતાં એ પરની ક્રિયા બિલ્કુલ કરતો નથી. અને ખરેખર તો આ પરસ્ત્રી યા આ પોતાની સ્ત્રીઓ આદિ છે એના ઉપર લક્ષ જાય, તો એ વિકલ્પ ઉઠે છે, એ વિકલ્પનો ય કર્તા નથી અને એનો ભોક્તા ય નથી. આહાહા! સમજાણું કાંઈ? એ સ્ત્રી, શરીર, મકાન એ સાહ્યબી બાગ–બગીચા આદિ એને તો જીવ કરે નહીં, એને તો

જીવ ભોગવે નહીં. અજ્ઞાની એ કરે નહીં ને ભોગવે નહીં. પંડિતજી! (શ્રોતા : માનતા હૈ) એ તો ગમે તે માને પાગલ થઈને.

દાખલો છે મોક્ષમાર્ગ પ્રકાશમાં. એક પાગલ હતો પાગલ. નદીકાંઠે બેઠો આવીને. મોટો પથરો હશે આમ. નવ–સાડા નવનો ટાઈમ. દસ વાગ્યાનો. આવીને બેઠો પાગલ આમ. ઘણા પાગલ હોય છે ગામ દીઠ એક–બે, એક–બે એવા હોય પાગલ આમ. બેઠો એમાં ત્યાં રાજા નીકળ્યો રાજા. તે દિ' તો ક્યાં હતું એવું મોટરું–બોટરું. હાથી ને હાથીએ નીકળતો. એટલે બે–અઢી કલાક હાલ્યા. બરાબર આહારનું ટાણું થયું નદીઓને પાણીએ એટલે ઉતર્યા. હાથીથી ઉતર્યા. રાણી ઉતર્યા. ઓલો ગાંડો કહે કે આવ્યો મારો લાલ. આ મારી આવી રાણી. આ મારો હાથી. આ મારા માણસો. ઓલા ખાઈ–પીને પુરું થયું. એમ બે ટાઢો પહોર કાઢ્યા ને હાલવા માંડ્યા. 'એલા ક્યાં હાલ્યા જાઓ છો પૂછ્યા વિના?' ઓલા કહે, 'પહેલા અમે અમારે કારણે આવ્યા તને તું પાગલ વળી આહીં ક્યાંથી આવ્યો આ?' એય! અમને પૂછ્યા વિના ક્યાં જાઓ છો? અજાણ્યા છો તમે? કોને હાટુ આવ્યા છીએ? અમે તો અમારે કારણે આવ્યા છીએ આહીં.

દસ વાગ્યાનું ટાણું થયું. પાણી નદીમાં જાય છે. આ રોટલા ભેગું પાણી આહીં મળે. (એથી) અમે રોકાણાં. તારા ક્યાં હતા? એમ આ પાગલ જ્યાં જન્મે ત્યાં બાયડી આવે, છોકરા આવે, પૈસા આવે, મકાન થાય. અને આવ્યા પછી હાલવા માંડે. ચાલ્યા કેમ જાઓ છો? ધ્યાન રાખો. ડાક્ટરે ધ્યાન રાખવાનું (કહ્યું છે.). નંબર આવ્યો. ધૂળેય ધ્યાન રાખવી મળે એવું નથી. (શ્રોતા : બહુ ભૂલ્યો વાત). પાછો ભૂલ્યો તે કેવો? ભીંતમાંથી નીકળવા માગે છે, બારણેથી નહીં. માણસો નથી કહેતા, 'ભૂલ્યો તે ભીંતે ભૂલ્યો.' ન્યાં માથું પછાડી નીકળવા માગે છે. ત્યાંથી નીકળાતું હશે?

એમ આહીં તો આચાર્ય મહારાજ, બહુ ટૂંકી ભાષા. 'ग्यान–भाव ग्यानी करे, अग्यानी अग्यान'. બસ આત્મા....આરે! આ તો જગતની સાથે મેળ ખાય એવું મુશ્કેલ બહું. હો–હા ને ધમાલ હાલે આ બધી શહેરોમાં ને એમાં. આહાહા! વ્યવહારે તો કરી શકે કે નહીં? વ્યવહાર તો કરી શકે નહીં? એ આવે અગ્ર વાત. (શ્રોતા : મુખ્ય પોઈન્ટ એ છે). એ આવશે આમાં. વ્યવહાર મૂઢ જીવ માને છે. (શ્રોતા : ઈ તો હવે પછી માને છે) હા, ઈ માને છે, સમજાણું? કરી શકતો નથી. 'आत्मा ज्ञानं' છે ને આવે છે ઈ આગળ. (શ્રોતા : છે ને અઢારમાં) હં (શ્રોતા : વિશેષ) (શ્રોતા : પદ છે એમાં) હા, એ (શ્રોતા : 'दरव करम चेतन करै, यह विवहारी दौर' છે ઈ પુદ્‌ગલ કર્તા. આરે! (શ્રોતા : સત્તરમો) એ અઢાર છે. એ તો હજી શંકા છે. અઢારમી શંકા. જુઓ ઓલું બસ 'ज्ञान सरूपी आत्मा, करै ग्यान नहि और यह विवहारी दौर', લ્યો. વ્યવહારી દૌરનો અર્થ

મૂઢ જીવનાં વચન છે, એમ કહે છે ઈ. અઢાર છે ને 'आत्मा ज्ञानं' સત્તર છે. (શ્રોતા : સત્તર સત્તર). 'आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानात् अन्यत् करोति किम'. આહા!

કહે છે, ત્રણ બોલ લીધાં મહા સિદ્ધાંત. જે આત્મા થઈને આત્મા જાણ્યો ને આત્મા થયો, એ તો પુણ્ય ને પાપનાં રાગરહિત આત્મા છે, એવો જાણ્યો ને થયો. એ આત્મા પોતાની નિર્મળ જ્ઞાન, શ્રદ્ધા, આનંદની દશાને કરે. એ કરે, એમ કહેવું એ હજી ઉપચાર છે. આત્મામાં—ભેદ પાડ્યો ને. પોતાના નિર્મળ પરિણામનું કાર્ય કરે કર્તા અને આ એનું કર્મ, એ પણ ઉપચાર છે. આહાહા! સમજાણું કાંઈ? પણ આહીં તો પરનો કર્તા નથી, એ સિદ્ધ કરવું છે ને. એથી જ્ઞાની જ્ઞાનનો કર્તા છે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

અજ્ઞાની અજ્ઞાનને કરે. અજ્ઞાન એટલે જડ (કર્મ) અજ્ઞાન છે, એ નહીં. પણ અંદરમાં પુણ્ય ને પાપનાં વિકલ્પ ને રાગ ઉઠે છે, એ અજ્ઞાન છે, એમાં જ્ઞાનનો અંશ છે નહીં. આહાહા! એ અજ્ઞાની એને પોતાનું માને છે અને પોતાના સ્વભાવને ભૂલી ગયો છે. તે અજ્ઞાની અજ્ઞાનભાવને કરે. પુણ્યનાં—પાપના વ્યવહારુ ભાવ જે મૂઢ જીવ માનીને મારાં છે, એમ કરે. પણ એ કર્મનું કરે કે બાયડી—છોકરાંનું કરી દે, કર્મ બાંધવાની ક્રિયા કરે, એ છે (નહીં). આહાહા! આ મગજના બધાં અભિમાન ઉડી જાય. મરી ગ્યો છે અભિમાન કરી કરીને.

'द्रव्यकर्म का कर्ता पुद्गल है'. લ્યો, એ ત્રીજો બોલ. કર્મનાં પરમાણુઓ જ્ઞાનાવરણીયપણે પરિણમે, કર્મનાં રજકણો દર્શનમોહપણે થાય, એનો કર્તા એ પરમાણુ છે. આત્મા અજ્ઞાનીપણે એનો કર્મબંધનનો કર્તા નથી. સત્તર ઓલું આવ્યું ને. 'आत्माज्ञानं.....परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्, ઈ. आत्माज्ञानं स्वयं'—આ છોકરાઓને શીખવ્યું છે આપણે નિશાળમાં. અહીંયા આપણે ચાલતી ને ત્યારે. (શ્રોતા : ક્લાસમાં) ક્લાસ. એ આ શ્લોક છે આ.

**आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।**
**परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्॥१७॥**

આ એ તો મિથ્યાદૃષ્ટિનું અજ્ઞાન છે, એમ કહે છે. આહાહા! કહો આ છોકરાને સરખાઈએ પરણાવવો, દીકરીને સરખાઈમાં નાખવી. એ બધું કામ કરે કે નહીં ડાહ્યો માણસ હોંશિયાર હોય તો? એય! મોહનભાઈ, એમ બધા નાંખી જ્યાં ત્યાં નાંખી દેતા હશે? (શ્રોતા : કોણ નાંખે ને કોણ રાખે?) સારું ઘર ગોતે, વર ગોતે એવું બધું, કાંઈ આબરુ હોય, પૈસા કાંઈક ઠીક હોય. નિરોગી શરીર હોય એમ ગોતતા હશે કે ક્ષયવાળો

ગોતતા હશે પાધરા? કહો, એટલું તો એ સાવધાનીથી કરી શકે કે નહીં? કાંઈ ન કરી શકે, કહે છે. નથી માણસો કહેતાં કે ભાઈ અમે અમારે કરવું છે પણ હવે છોડીઓ ચાર, પાંચ–છ છોડીયું લંગર પડી મોટું. હવે એક સત્તરની ને એક પંદરની ને એક ઓગણીસની ને એકવીસની બધી ઠેકાણે પાડીએ તો નવરાશ મળે.

એય! ત્રંબકભાઈ, એને તો કાંઈ ન મળે, એ તો કો'કની લીધી છે. ભાઈની લીધી એણે, પણ આ ઠેકાણે પાડે પછી કહેશે આપણને નવરાશ મળે કે નહીં? તે કરી શકતો હશે? (શ્રોતા : ભ્રમણામાં રહે) ભ્રમણા કરે. હું આને સારું સ્થાને વળાવી દઉં, ફલાણું કર્યું. છોકરાંને પણ સારે ઠેકાણે પરણાવ્યો–વરાવ્યો. વળી કોઈક બીજાનાથી મદદ મળે. પૈસા આવે એવા વેવાઈ ગોત્યા છે. ને એને એકની એક દીકરી છે ને પચ્ચીસ લાખ છે પણ છેવટે મરી જશે તો આવશે તો આહીં. એવું ગોત્યું છે ઘર. માળા મૂર્ખ છે મોટા, કહે છે. મોટો મૂરખ છો, કહે છે. એ ક્રિયા મેં ગોઠવી દીધી ને મેં કરી, એ માન્યતા તારી મૂર્ખાઈ ભરેલી છે.

આનો અર્થ ન્યાં ઓલાનો કર્યો. મિથ્યાદૃષ્ટિનું અજ્ઞાન છે, એમ કીધું. આ વ્યવહારી મોહનું. છે ને 'मोहोडयं व्यवहारिणाम्' કળશ ટીકામાં. આ મિથ્યાદૃષ્ટિનું અજ્ઞાન માનેલું છે. આહાહા! આ ચોપડા–બોપડાના નામા લખી ન શકે, તો કેમ હશે આ ભાઈ? રૂપિયા દેવા હોય તો દઈ શકે ને ન દેવા હોય તો ન દઈ શકે, એમ ખરું કે નહીં? (શ્રોતા : નહીં) કેમ નહીં? આ હમણાં આઠ હજારનું તમારી પાસે માંગે છે, શું છે અત્યાર સુધી, લ્યો. એવું સાંભળ્યું છે. (શ્રોતા : કોઈ એક દિવસે કહે ભાઈ પાંચ રૂપિયા તો આપી જશે). ઈ કોણ જાણે, પણ આપણે સાંભળેલું છે, ત્યાં તમારે બેઠેલા ને માથે. (શ્રોતા : મેં એમ કીધું કે....) કીધું લ્યો, ઠીક. એલ્યા મોઢાનો માણસ પોતે આપે નહીં ને વાતું કરે કો'કની. એનાં ફલાણાં આપતા'તા ને ફલાણા આપતા નથી. પણ તમે શું કર્યું પહેલું? પણ ઈ આપી શકે કે નહીં? માટે આપી શકતો નથી, માટે નથી આપ્યા એમ થયું કે નહીં. એય! હરીભાઈ.

કહો, આપી શકતો નથી માટે ન આપ્યા એમ બરાબર નથી? ભાઈ, હવે આપણે તો ન્યાયથી વિચારવાનું ને. (શ્રોતા : પછી આપ્યા ન આપ્યાનો પ્રશ્ન જ ક્યાં ઉત્પન્ન થાય?) એય બાબુભાઈ! ભાઈ આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. કોઈ વ્યક્તિગત માટે નથી. આ તો એક દાખલો આપ્યો. (શ્રોતા : મોટા માણસો આ દાખલો આપે). કારણ મોટાએ હલવાવ્યું છે. બીજા નથી આપતા, એમ સાંભળ્યું છે–સાંભળ્યું છે કો'ક. આણે હલવાવ્યું બીજા સાધારણવાળા ઘર નથી આપતા, કહે એવું. પણ ઈ એ બધી ખોટી વાત

છે. એના ભાવના એ કર્તા, એક દેવા-લેવાની ક્રિયાના કર્તા આત્મા નથી. આહાહા! ભારે વાતું ભાઈ! એય શાંતિભાઈ. જુઓ, અઢાર છે ને અઢારમું પદ.

જ્ઞાનનો કર્તા જીવ જ છે, અન્ય નથી. (દોહરા)

**ग्यान सरूपी आतमा, करै ग्यान नहि और।**
**दरव करम चेतन करै, यह विवहारी दौर॥१८॥**

**મૂળ શાસ્ત્ર : અર્થ** :—જ્ઞાનરૂપ આત્મા જ જ્ઞાનનો કર્તા છે, બીજો નથી. દ્રવ્યકર્મને જીવ કરે છે—એ વ્યવહાર-વચન છે. ૧૮.

**अर्थ** :-ज्ञानरूप आत्मा ही ज्ञानका कर्त्ता है और दूसरा नहीं है। द्रव्यकर्मको जीव करता है यह व्यवहार-वचन है॥१८॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહા! ભગવાન આમ જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય, એ તો જ્ઞાતા—દૃષ્ટાનાં પરિણામ અને પર્યાયને કરે. કહો પંડિતજી! ઓલા શ્રાવકનાં છ આવશ્યકનાં કામ તો કરે કે નહીં? ઓલા શાસ્ત્રમાં નથી આવતા ગુરુ ઉપાસના બોલ, છ બોલ આવે છે કે નહીં. (શ્રોતા : બોલ્યા'તા) બોલ્યા'તા કાલે. પંડિતજી, (શ્રોતા : ગુરુ, પૂજા, ઉપાસના) હા વહ દયા કરની. એ તો એ ક્ષણે, એ સમયે એ પરિણામ એને આવે છે, એવું જ્ઞાન કરાવ્યું છે. આહાહા! ગજબ વાત છે આ! શાસ્ત્રનાં ભાવને સમજવા ભારે કઠણ! શ્રાવકને છ આવશ્યક નિરંતર કરવા. હવે એ કરવા નહીં પણ એને આવે છે તેને જાણવા, એવું કથન છે. નિશ્ચયથી '**णियमेण य जं कज्जं**', તે આ. જ્ઞાનભાવથી પોતે પોતાની શ્રદ્ધા-શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છું—એવી શ્રદ્ધા, એવું જ્ઞાન, એમાં સ્થિરતા. સમજાણું કાંઈ?

એક જણે પ્રશ્ન કર્યો છે ન્યાલભાઈને ઓલા પુસ્તકમાં કે આ મને સ્થિરતા કેમ થાતી નથી? સ્થિરતા થાતી નથી. તો એને ઉત્તર આપ્યો છે કે સ્થિર એવી ચીજને પકડી નથી માટે સ્થિરતા થતી નથી. સમજાણું કાંઈ? જે અસ્થિર છે તેને પકડ્યું છે અને અસ્થિર તો અસ્થિર જ રહેવાનું. આહાહા! રાગનાં પરિણામ અસ્થિર છે. એક સમયની પર્યાય પણ અસ્થિર છે, બીજે સમયે રહેશે નહીં. આહાહા! સમજાણું કાંઈ? પરિણામને પકડનારો સ્થિર થઈ શકે નહીં. આ કહે ને, જ્ઞાન સ્વરૂપી આત્મા જ્ઞાનકા કર્તા. ધ્રુવ ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ, એને પકડતાં એ સ્થિર છે તો પરિણામ ત્યાં સ્થિર થઈ જાય. એ પરિણામનો કર્તા આત્મા, એમ ભેદથી કથન થાય. આહાહા! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? और दूसरा नहीं. 'करे ग्यान नहि और. ઔર દૂસરા નહીં નામ.

દૂસરા કરે નહીં, એમ. 'ग्यान नहि और, करै ग्यान नहि और, એમ. नहि और' એટલે બીજું કરે નહીં, એમ.

'द्रव्यकर्मको जीव करता है यह व्यवहार–वचन है'. મૂઢ જીવોંકા હૈ. આહાહા! 'अप्पा कत्ता.........' આવે છે ને? અનાથી મુનિ અધિકાર ન્યાં ઈ જ લે છે બધા. આત્મા કર્મને કરે ને કર્મને બાંધે અને કર્મને ભોગવે. અનાથીમુનિ, ઉત્તરાધ્યાનનું ૨૦મું અધ્યાય છે ને. અનાથીમુનિ આવે છે. હું રે અનાથી નિર્ગ્રંથ, શ્રેણિક રાય....સ્તવન આવે છે હોં. આ બધું દુકાને વાંચેલા. 'હું રે અનાથી નિર્ગ્રંથ, તેણે છોડ્યો રે સકળ આ સંગ રે......શ્રેણિકરાય. હું રે અનાથી નિર્ગ્રંથ'. મુનિ ધ્યાનમાં બેઠા હતા. સુંદર રૂપ, શરીર, પુણ્યપ્રકૃતિ ઘણી. શ્રેણિકરાજા નીકળ્યા હાથીનાં હોદ્દે. આમ જ્યાં જોયા તે બાવળને હેઠે બેઠેલા. બાવળ–બાવળ (શ્રોતા : બબૂલ) બબૂલ. આ શું? રાજમહેલમાં શોભે ઈ બાવળ હેઠે કેમ? આ કોણ છે આ?

હેઠે ઉતરી ને પગે લાગીને, 'મહારાજ, મારા રાજમાં આવું? આહીં આ શોભે નહીં તમને'. 'હે રાજા! તું અનાથ છો' એમ કહ્યું. શ્રેણિયા, અનાથ છો. સાહેબ, મને ઓળખ્યો નથી હું રાજા છું. કહ્યું ને નામ તારું શ્રેણિક રાજા શબ્દ તો કીધો, તને ખબર નથી? રાજા તો દેખાય છે ને તારા શરીરમાં, તારા તાલકામાં બધે. અનાથ છો. મહારાજ, ભૂલી જાઓ છો. મારે તો કેટલીય સ્ત્રીઓ ને કેટલીય લક્ષ્મી ને કેટલું શરણ છે. અનાથ છો તું, કહીએ છીએ. આહા! મહારાજ અનાથની વ્યાખ્યા હું સમજ્યો નહીં. શું અનાથ કહો છો? બાપુ! શરણભૂત ચૈતન્ય ભગવાન છે, એને શરણે ગયો નથી ને રાગને શરણે અનાથ તારું કોઈ રક્ષા કરનાર નથી.

ઓલી સજ્ઝાય આવે છે હોં. શ્વેતાંબરમાં આવે છે. ચાર સજ્ઝાયમાળા નથી? ત્યાં આપણે એક ઓલા બાલાભાઈની દુકાન ચાલે છે ત્યાં? બાલાભાઈ છગન, ચાલે છે ત્યાં? હવે નહીં હોય. (શ્રોતા : પહેલા હતી) પહેલા હતી ઈ એની દુકાને હતી. (શ્રોતા : હવે દુકાન ચાલે છે એ એને) ઈ કાંઈ અહીંયા સજ્ઝાય માળા નથી એક. એ હાટુ કહું છું અને ત્રણ સજ્ઝાયમાળા છે ને એક ચોથી નથી. કઈ ત્રીજો ભાગ? ત્રીજો ભાગ નથી આહીં. (શ્રોતા : સજ્ઝાયમાળાનો) સજ્ઝાયમાળાનો. (શ્રોતા : તપાસ કરજો) તપાસ કરજો ક્યાંક હોં, મળે તો. આહીં એ બધી એની દુકાન ઉપર ચારેય સજ્ઝાયમાળા વાંચેલી. એક એમાં ત્રણ હાથ આવી. ચોથી હાથ નથી આવતી. ત્રણ છે આહીં. વચ્છરાજભાઈ ઓલા કબાટ છે ને સામે એમાં ત્રણ છે ન્યાં પડી છે. જુઓ અંદર હશે. હેઠે નાખ્યું છે. (શ્રોતા : આડા બેઠેલા છે). આડા બેઠા. હેઠે રહ્યું. હેઠે પડી છે. પેલા

ભાગમાં જો ખાનામાં હેઠે. એ હેઠે ઈ ખૂણામાં ચાર. જેટલા ખૂણાનાં ખાનાં એટલાં....ન્યાં હેઠે છે. ઈ ચાર છે બાંધેલી, એકસાથે બાંધેલી છે.

(શ્રોતા : લાવ, લાવ) એ લાવજો હેઠે. ઈ ચારેય બસ ઈ, ઈ ચાર.....એ એમાં ચારમાં એક ત્રીજો ભાગ નથી. બે, પહેલો ભાગ બે છે. (શ્રોતા : હા પહેલો ભાગ બે છે). આ ચાર છે ને એક ભાગ નથી ત્રીજો. છે ચાર (પુસ્તક), પણ એક પહેલો ભાગ બે છે અને બીજો ભાગ અને ચોથો ભાગ એમ છે. (શ્રોતા : ત્રીજો નથી) ત્રીજો નથી. કાંઈ કહ્યું'તું કોણ ભાઈને એ. કેવા ઓલા રતનભાઈ ખારા. ખારા નહીં?! (શ્રોતા : કાગળ લખ્યો'તો. પણ જવાબ ન આવ્યો). ના, જવાબ ન આવ્યો. પણ હવે અમદાવાદવાળા ક્યાંક ત્રીજો ભાગ મળે ને ધ્યાન રાખજો. એમની સજ્ઝાય ભલે ના સમજાય.

ત્યાં એમ છે એમાં એ. 'હે શ્રેણિકરાય! હું રે અનાથી.' પહેલાં એમ કીધું, 'હું અનાથ હતો. માટે મેં આ લીધો.' તો અનાથ હો તો ચાલો ને મારા ઓલામાં. અરે રાજન! અનાથ તું પોતે છો સાંભળને! હવે આ આત્મા શું ચીજ છે એનું તો તને શરણ મળ્યું નથી. ધૂળનાં રાજ ને પુણ્ય-પાપનાં વિકલ્પો એ તારું શરણ છે? ભિખારી છો, કહે, એય! હાથીને હોદેથી ઉતર્યો ને આમ જુએ. આહા! આ તે કોણ છે મહારાજ? ઓળખતા નથી મને? ઓળખતા નથી તને કોણે કહ્યું? મને ઓળખ્યા નહીં ને અનાથ કહી દ્યો છો? ઓળખ્યો તને હવે. આ તારી પાસે ધૂળ ને આ રાજ છે ઈ. અનાથ..અનાથ..ભિખારી, શરણ નથી કોઈ તને. શરણ ભગવાન આત્માનું લીધા વિના અશરણી ભિખારી છો તમે.

આહીં કહે છે, એવું હોવા છતાં અજ્ઞાનને કારણે અજ્ઞાન કરે છતાં જડ કર્મને તો કરે નહીં. રાગની ક્રિયા–ફ્રિયા કોઈ કરી શકે નહીં. આહાહા! આ બધા હુશિયાર માણસો તો બધા સંસારમાં દોર હાથમાં રાખે છે બધા. એય હરીભાઈ! નહીં દોર હાથમાં રાખે હાથમાં? પડાઈ ઉડે, થઈ. દોર હાથમાં રાખે ને છોકરાઓ કામ કરે, બધું કરે પણ એમાં મગજમાં હાથમાં દોર રાખે. એય! પોપટભાઈ, એ છ છોકરાં ન્યાં કામ કરે પણ કાગળ મંગાવે હોં બરાબર ટાઈમસર. ટાઈમ આપજો. કોણે શું કર્યું? તે એના વિના દોર હાલતા હશે કે નહીં? (શ્રોતા : શું હાલે?)

માળે આ તો કહે છે, અજ્ઞાની બહુ તો રાગ અને દ્વેષનાં સંકલ્પ–વિકલ્પ જે અજ્ઞાનભાવ છે. એને એ ભૂલે તો કરે પણ પરનું એક અંશમાત્ર આંખની પાંપણ પણ ફેરવી શકે, એ એની તાકાત નથી. આહા! અત્યારનાં તો મોટા મોટા ધમાલ કરતા હશે

નહીં? આમ કરે છે આમ કરી નાખ્યું. કોણ ગયું ને ફલાણું ગયું છેલ્લું. છે ને? એ કહે છે, ભાવને કરે. બીજું કરે (નહીં.) (શ્રોતા : પોતાનાં ભાવને કરે). દ્રવ્યકર્મ ચેતન કરે, એ મૂઢનાં—મૂઢની માન્યતા છે, એમ કહે છે. જુઓ, જેવા ભાવ કષાય, એવું જ કર્મ બંધાય. કષાય એ કર્મબંધનનો કર્તા મૂઢ મિથ્યાત્વી માને, એમ કહે છે. આ તો હજી મકાન—બકાનને ભાવ થાય, એમ મકાન થાય, ન થાય એ તો એના(જડના) ભાવ પ્રમાણે. આ તો જેવા ભાવ મેલાં કર્યાં હોય એ જ પ્રમાણે કર્મ બંધાય. છતાં એ કર્મનાં બાંધવાની ક્રિયાનો આત્મા કર્તા અજ્ઞાની નહીં. સમજાય છે કાંઈ? આહાહા! 'द्रव्यकर्मको जीव करते हैं यह व्यवहार-वचन' મૂઢનું વચન છે, એમ કહે છે. વહ અઢાર. નીચે અઢાર પદ છે ને.

**जीवः करोति यदि पुद्गलकर्म नैव कस्तर्हि तत्कुरुत इत्यभिशङ्कयैव।**
**एतर्हि तीव्ररयमोहनिवर्हणाय सङ्कीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ।।१८।।**

'इस विषयमें शिष्यकी शंका'. 'મહારાજ, એની મેળે એ કર્મનાં રજકણ બાંધે ને જાય ને આ થાય. શું કહો છો તમે આ? જીવ ભાવ કરે તો રજકણો બંધાય. આવું તો દેખાય છે ને તમે કહો એની મેળે બંધાય. શું કહો છો તમે આ? અમને કંઈ સમજાતું નથી.'

આ વિષયમાં શિષ્યની શંકા (સવૈયા તેવીસા)

**पुग्गलकर्म करै नहि जीव,**
**कही तुम मैं समुझी नहि तैसी।**
**कौन करै यह रूप कहौ अब,**
**को करता करनी कहु कैसी।।**
**आपुही आपु मिलै बिछुरै जड़,**
**क्यौं करि मो मन संसय ऐसी?**
**सिष्य संदेह निवारन कारन,**
**बात कहैं गुरु है कछु जैसी।।१९।।**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—બિછુરૈ=જુદા થાય. સંસય(સંશય)=શંકા, સંદેહ.

**અર્થ** :—પુદ્‌ગલ કર્મને જીવ નથી કરતો, એવું આપે કહ્યું તો મારા સમજવામાં આવતું નથી. કર્મનો કર્તા કોણ છે અને તેની કેવી ક્રિયા છે? આ અચેતન કર્મ પોતાની મેળે જીવ સાથે કેવી રીતે બંધાય છે અને છૂટે છે? મને આ શંકા છે. શિષ્યની આ શંકાનો નિર્ણય કરવા માટે શ્રીગુરુ યથાર્થ વાત કહે છે. ૧૯.

**अर्थ** :–पुद्गल कर्मको जीव नहीं करता है, ऐसा आपने कहा सो मेरी समझमें नहीं आता। कर्मका कर्ता कौन है और उसकी कैसी क्रिया है? ये अचेतन कर्म अपने आप जीवसे कैसे बँधते-छूटते हैं? मुझे यह सन्देह है। शिष्यकी इस शंकाका निर्णय करनेके लिये श्रीगुरु यथार्थ बात कहते हैं।।१९।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જુઓ દેખો. શું કહે છે? કે આત્મા વિકારી ભાવ કર્યા વિના એની મેળે કર્મ બંધાય ને જડ થાય? એ તો અમને કાંઈ બેસતી નથી વાત ભાઈ! સમજાણું કાંઈ? એ પ્રશ્ન ચાલે છે ને અત્યારે ઈ. ૬૨ી સાલમાં હાલ્યો'તો ત્યાં રાજકોટ. જુઓ જીવ રાગ કરે તો ત્યાં કર્મ બંધાય, એટલું તો કર્મ બંધાવામાં પરાધીનપણું ખરું કે નહીં? કેમ? પણ રાગ કરે તો ત્યાં બંધાય કે રાગ ન કરે ને બંધાય એને? કહો. (શ્રોતા : બંને સ્વતંત્ર છે....) ઈ ભાષા તમે સ્વતંત્ર કરી, લ્યો. ઈ તો એક શીખ્યા, ગોખી રાખ્યું. પણ રાગ અહીંયા મિથ્યાત્વ કરે તો ત્યાં દર્શનમોહનીયનાં પરમાણુ બંધાય. દર્શનમોહ ન કરે ભાવ અને દર્શન (મોહનીય) પરમાણું બંધાય? એય માણિકલાલજી! (શ્રોતા : ત્યાં બંધાવાને યોગ્ય ન હોય તેથી ન બંધાય કે આમ ન કરે માટે ન બંધાય.)

ઈ પ્રશ્ન છે પાછો. ૬૨ી સાલમાં ત્યાં રાજકોટ. આ કહે, ત્યાં પણ રાગ આપણે કરીએ તો કર્મ બંધાય. આ જુઓ એટલું તો પરાધીનપણું કર્મબંધનમાં આવ્યું કે નહીં? ક્યા કહા સમજમેં આયા? (શ્રોતા : આપણે વિકાર કરીએ તો બંધાય ને?) પણ ઈ વિકાર કરે તો બંધાય ઈ બંધાયના કારણે બંધાય. રાગ આ વિકાર કર્યો માટે બંધાય એમ નહીં. (શ્રોતા : એનો કાળ.....) આહાહા! એ પરમાણુઓમાં તે પ્રકારની, તે સમયમાં કર્મની અવસ્થા થવાની લાયકાતથી થયા છે. જીવે વિકાર કર્યો માટે એ કર્મ બંધાણાં (શ્રોતા : એમ છે જ નહીં). આહાહા! ભારે વાત.

અરે! પણ તમે એની મેળે કર્મ બંધાય, ઈ કીધું ને જુઓ. 'आपुही आपु मिलै बिछुरै जड, क्यौं करि मो मन संशय ऐसी? सिष्य संदेह निवारन कारन, बात कहैं गुरु है कछु जैसी' પુદ્‌ગલકર્મ નહિ જીવ કરે તો 'कही तुम मैं समुझी नहीं तैसी'—હું તો કાંઈ સમજ્યો નહીં લ્યો. જ્ઞાનાવરણીય શાસ્ત્રપાઠ પોતે બોલે શાસ્ત્ર. વહ तत्त्वार्थसूत्र—છ કારણ જ્ઞાનાવરણીય આતે હૈં ને. બંધકા અધિકારમેં છ કારણ. (શ્રોતા : .....................) ઈ. (શ્રોતા : બરાબર યાદ રાખ્યું છે.) ઈ છ કારણ જો કરે તો જ્ઞાનાવરણીય બંધાય, એવો પાઠ ઉમાસ્વામી બોલે છે. એની મેળે આ ભાવ ન કરે ને એની મેળે કર્મ આવી જાય? એમ કહે છે જુઓ.

'पुग्गलकर्म करै नहि जीव, कही तुम मैं समुझी नहि तैसी।' क्या कहते हैं हम समजते नहीं. 'कौन करै यह रूप कहौं अब'. तो ई परमाणु એની મેળે બંધાઈ જાય? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય આદિ. 'ये अचेतन कर्म अपने आप जीवसे कैसे बँधते-छूटते हैं?' દેખો. કેમ બંધાય ને કેમ છૂટે? આ શું કહો છો તમે આ? સમજમેં આયા?

'आपुही आपु मिलै बिछुरै जड़, कयौं करि मो मन संशय ऐसी?' એની મેળે આ કર્મ બંધાય? જીવનો વિકાર કરે નહીં ને બંધાય? હા, કહે. ભઈ, એની મેળે ઈ બંધાય, સાંભળને. ઈ રજકણની પર્યાયમાં કર્મ થવાની લાયકાતવાળા ત્યાં પરમાણુ પરિણમે. પરમાણુ તો અનંતગુણા પડ્યા છે ત્યાં (શ્રોતા : ઈ જ કેમ પરિણમ્યા?) ઈ જ કેમ પરિણમ્યા? એની પોતાની પર્યાય થવાની લાયકાતવાળા ત્યાં પરિણમ્યા છે. આત્માએ વિકાર કર્યો માટે પરિણમ્યા છે, એમ નથી. સમજાણું કાંઈ? 'आपुही आपु.......कयौं करि मो मन संशय ऐसी? सिष्य संदेह निवारन कारन, बात कहैं गुरु है कछु जैसी'. લ્યો, ઓગણીસ થઈ ગયું ને ઈ.

**स्थितेत्यविघ्ना खलु पुद्‌गलस्य स्वभावभूता परिणामशक्तिः।**
**तस्यां स्थितायां स करोति भावं यमात्मनस्तस्य स एव कर्ता॥१९॥**

ઉપર કરવામાં આવેલી શંકાનું સમાધાન (દોહરા)

**पुद्‌गल परिनामी दरब, सदा परिनवै सोइ।**
**यातैं पुद्‌गल करमकौ, पुद्‌गल करता होइ॥२०॥**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—** પરિનામી(પરિણામી)=પોતાનો સ્વભાવ છોડ્યા વિના એક પર્યાયથી બીજી પર્યાયરૂપે થનાર. સોઈ=તે. યાતૈં=એથી. હોઈ= થાય છે.

**અર્થ :—** પુદ્‌ગલ દ્રવ્ય પરિણામી છે, તે સદૈવ પરિણમન કર્યા કરે છે, તેથી પુદ્‌ગલ કર્મનો પુદ્‌ગલ જ કર્તા છે. ૨૦.

**अर्थ :—** पुद्‌गल द्रव्य परिणामी है, वह सदैव परिणमन किया करता है, इससे पुद्‌गल कर्मका पुद्‌गल ही कर्त्ता है॥२०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'ऊपरकी शंका का समाधान'. અહીં ૧૯ છે. માથે ૨૦ છે. 'पुद्‌गल परिनामी दरव', જુઓ, આ સિદ્ધાંત છે ઈ. 'सदा परिनवै सोइ।' જુઓ નિરંતર. 'यातैं पुद्‌गल

करमकौ, पुद्गल करता होइ'. આહા! ભારે આ તો. આ તો નિયત થઈ જવાય, આવી લોકો વાતું કરે. આહા! પુદ્ગલ પરિણામી છે. પુદ્ગલ પરમાણુ કૂટસ્થ–એકરૂપ રહે, એવો એનો સ્વભાવ નથી. બદલવાનો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ગાથા–ટીકામાં તો બહુ લીધું છે. (શ્રોતા : એ વળી બીજા પ્રકારનું લીધું છે) હા, કે જ્યારે કર્મ પરિણમે છે તો એ પોતાની મેળે પરિણમે છે કે બીજો પરિણમાવે તો પરિણમે છે? કે જો પોતાની મેળે એ પરિણમે એવું કેમ હોય? પોતાની મેળે એ પરિણમે છે, ઈ પરિણમવાની શક્તિને પરની અપેક્ષા હોતી નથી. કર્મનાં પરમાણુ એની મેળે પરિણમે. જો પરિણમવાનો એનો સ્વભાવ ન હોય તો બીજો પરિણમાવી શકે નહીં અને પરિણમે છે પોતાને (મેળે) તો પરની અપેક્ષા પરિણમવામાં જરૂર નથી. આહા! ભારે વાત ભાઈ જૈનદર્શન! એ નિમિત્ત વિકાર કરે તો પરિણમે એમ નહીં, એમ કહે છે. આરે! આહા!

'पुद्गल परिनामी दरब' परिनामी–अपना स्वभाव न छोडकर पर्यायसे पर्यायान्तर होनेवाला,' લ્યો. આહા! પર્યાયથી પર્યાયાન્તર હોય. કર્મવર્ગણા યોગ્ય પરમાણુ છે એ કર્મરૂપે થાય છે. કર્મવર્ગણા યોગ્ય જે પર્યાય છે કર્મની, એ કર્મરૂપે થાય છે, એનો પરિણામનો સ્વભાવને લઈને. જીવે વિકાર કર્યો માટે આમ થાય છે, એમ નથી. સમજાણું કાંઈ? આ જૈનમાં કર્મ ને આત્મામાં મોટા ઝઘડા. આ કર્મને લઈને જ આપણે થાય. (શ્રોતા : જૈનમાં ય) ઓલાને ઈશ્વરને લઈને થાય. એ એનો જીવ ચેતનકર્તા. આનો કર્મ કર્તા. કાં હું કર્મને બાંધું ને કર્મ મને બાંધે, બેય ખોટી વાત છે.

ઐસા હૈ પંડિતજી? આ પરમાણુ એની મેળે બંધાઈ જાય કર્મનાં? જુઓ આ કહે, મારે તો સંશય પડે છે ભૈયા. દેખો, 'मिलै–आपुही आपु मिलै बिछुरै'—એની મેળે એ પરમાણુ બંધાય ને વળી પરમાણુ એની મેળે છૂટે? હા, એમ કહો કે વિકાર કરે તો કર્મ બંધાય ને ધર્મ કરે તો કર્મ છૂટી જાય. તો તો વાત મને બેસે. (શ્રોતા : ..........) સ્વતંત્ર ભલે પણ આત્મા પોતે આત્માનો આશ્રય લઈને સમ્યક્દર્શન ને જ્ઞાન પ્રગટ થયું, ત્યાં દર્શનમોહનાં પરમાણુ પલટીને જડ અકર્મ થઈ જાય છે. અકર્મ થાય છે. ના, એ તો એ વખતે અકર્મ પર્યાય થવાની લાયકાતથી અકર્મ થાય છે.

'बिछुरै' છે ને કીધું 'बिछुरै'. એ કર્મરૂપી પર્યાય થવા કાળે પણ એના પરમાણુમાં એ લાયકાત હતી અને છૂટવા કાળે પણ ઈ 'बिछुरै' એની પર્યાયમાં ઈ લાયકાત એને કારણે આણે ધર્મ કર્યો માટે કર્મને છૂટવું થયું, એમ નથી. પંડિતજી! ભારે વાત આકરી. મૂળની વાતની ખબર ન મળે પછી ઝઘડા–ઝઘડા. શાસ્ત્રમાં એવું આવે વ્યવહારનાં કથનો એટલે આ વ્યવહાર લખ્યું છે. ભાઈ, બધું ય છે, સાંભળને હવે! ઓલો કહે, આ

સમયસારમાંથી કાઢી દઉં તમારામાંથી, કહે. એમ કહે, વ્યવહારની ક્રિયાથી ધર્મ થાય ને પરનું કરી શકાય, એમ.

ભઈ, અમે કોઈની સાથે કીધું ચર્ચા કરતા નથી. શું કરીએ પણ કીધું? તો તમારા માટે શું ધારશે લોકો? તમે એમ ધારો કે આવા મોટા આવા કહેવાઓ છો ને કાનજીસ્વામી એટલે આમ ફલાણું. તો આમ તમે કહેશો તો તમારી માટે શું ધારે? ગમે એમ ધારે. અમને ભાન વિનાના ધારે તો એ સ્વતંત્ર છે, અમારે શું છે? એને ઉત્તર દેતાં ન આવડ્યું માટે આ ચર્ચા નથી કરતા. સ્વતંત્ર છે. તમારે માટે શું ધારશે લોકો? જ્યારે તમે આવા જવાબ દઈ દેશો. ગમે એમ માને. તેથી અમને શું? અમને કાંઈ તમારી સાથે ચર્ચા કરીને અમારે સમજાવવાની શક્તિ અમારી નથી. એને એમ જ બેઠું છે કે આત્મા પોતે વિકાર કરે તો કર્મ બંધાય અને ધર્મ કરે તો કર્મ છૂટે. ચશ્મા હોય તો જ્ઞાન થાય. ચશ્મા ન હોય તો જ્ઞાન ન થાય. હવે આવું તો શલ્ય પડ્યું હવે એને સમજાવવું શી રીતે?

(શ્રોતા : સમજવાની યોગ્યતા એની નથી પછી શું વાત કરે?) ઈ ચાલે છે ને આ જુઓ ચશ્મા. છે ને આપણી ૪૭ (નિમિત્ત)-ઉપાદાનના (દોહા). આંખ્યુ વિનાનાને તારા ચશ્મા આપ લે. માટે આંખનું કારણ છે. જાણે છે ઈ આ પોતાને કારણે જાણે છે, આંખને લઈને નહીં. આ આંખ હોવા છતાં ઓલો જાણનાર ન હોય તો કોણ જાણે? આંખને લઈને નથી. આ તો જડ—માટી છે. આહા! સવારે આવ્યું'તું એ તો ઉપયોગનું સવારમાં. બાર પ્રકારનો ઉપયોગ છે ને પાંચ જ્ઞાન, ચાર દર્શન—નવ ને ત્રણ અજ્ઞાન. એ બારે પ્રકારની જે સમયે જે પર્યાય થાય એ પોતાથી થાય છે. એ પોતાના દ્રવ્યને અનુસરીને. ઓહો! અહીં કહે, જુઓ ઉતારીને આવ્યો ચશ્મા. હવે કહે હવે પણ ઉતારે કોણ અને મુકે કોણ? સાંભળને. ઈ તો જડની ક્રિયા છે. આહા! (શ્રોતા : એને ખબર જ નથી જડકી ક્રિયા શું ને ચેતનની ક્રિયા શું? જડચેતનનો તો ખીચડો કરેને.....) ને મોટા પંડિત નામ ધરાવે ને આમ ભાષણ કરે. લોકો ઈ જડ જેવા બેઠા હોય, એને...લાગે. સારું કહે, લ્યો. આપણે આંખે ચશ્મા વિના જણાતા હશે? ચશ્મા વિના જણાય તો જાણો. સાંભળને, આ ન જાણવાનું થાય ઈ પણ પોતાની યોગ્યતાને કારણે છે અને જાણવાનું થાય ઈ પણ પોતાની યોગ્યતાને કારણે છે. ચશ્માને કારણે બિલ્કુલ નથી. પરદ્રવ્યને કારણે કાંઈ આત્મામાં ફેરફાર થાય નહીં. ભ્રમણા અજ્ઞાનીઓની એવી છે. આહા!

(શ્રોતા : સાધુ ભગવાન) સાધુ કોને કહેવા હજી ભાન ન મળે. તત્ત્વની દૃષ્ટિની હજી ખબર ન મળે. તે સાધુ ક્યાંથી લાવવા? આહા! શું થાય? એ ઓલા પૈસાવાળા આવે ને છોડ્યું હોય ને તેને એમ થાય, આહાહા! અમે તો બહું છોડ્યું. (શ્રોતા : બીજા

કરતાં જુદા) જુદા કાંઈ ધૂળેય નથી. આહીં તો કહે છે, 'पुद्‌गल परिनामी दरव सदा परिनवै'. આહીં વજન છે. સદા પરિણમે તો કર્મ થવા વખતે પોતે પરિણમે, એમ કહે છે. સમજમેં આયા? સદા ધારાવાહી પરિણમે છે એમ આત્મા એક છે. 'सदैव परिणमन किया करता है' નિરંતર ધારાવાહી. અનાદિથી પરમાણુઓ પરિણમનની ક્રિયા અનાદિથી ધારાવાહી કરતે હૈં. એ વખતે કર્મની પર્યાય થવા કાળે પોતે ધારાવાહીમાં કર્મની પર્યાયપણે પરિણમે છે. એ કાંઈ આત્માને કારણે કે આત્મા પરિણમાવે તો પરિણમે, એમ છે નહીં. આહા!

'यातैं पुद्‌गल करमकौ, पुद्‌गल करता होइ'. શા માટે? કે પુદ્‌ગલ એક તો પરિણમન સ્વભાવવાળા છે, બદલવાનાં સ્વભાવવાળા. એમ કે કર્મરૂપે કેમ થયાં? કે એનો બદલવાનો સ્વભાવ હતો. અહીં ધર્મ કર્યો આત્માનો ને કર્મ છૂટી કેમ ગયો? કે એનો બદલવાનો સ્વભાવ હતો. એ આણે કર્યું માટે ન્યાં છૂટ્યાં, એમ છે નહીં. આહાહા! કહો! પોપટભાઈ, (શ્રોતા : બહુ ન્યાયસભર વાત) ભારે વાત ભાઈ! આવી કડી મળવી ને આ ભાન વિનાના પછી કરે સામાયિક—પોષા ને પડિક્કમણાં ને ભગવાનની ભક્તિ. રણમાં પોક મૂકવા જેવી છે બધી. આહાહા!

'पुद्‌गल परिनामी दरव सदा परिनयै सोइ'. સદા પરિણમે સોઈ. એ વખતે પરિણમનનો અર્થ પોતાનો પરિણામ છે એ માટે પરિણમે છે, એમ કહે છે. 'यातैं पुद्‌गल करमकौ, पुद्‌गल करता होइ', લ્યો. કર્મકા પુદ્‌ગલ કર્તા હૈ. પણ કર્મરૂપે પરિણીત પર્યાય જ્ઞાનાવરણીય ને દર્શનાવરણીયની થઈ, એ એનો કર્તા એના પરમાણુ છે. આત્માએ વિકાર કર્યો માટે એ અહીં કરે છે અને પરમાણુને પરિણમવું પડે છે, એમ નથી. સમજાણું કાંઈ? બે ત્રાજવાં હોય ને ત્રાજવાં. તો આહીં શેર (વજન) મૂકે તો આહીં શેર માલ હોય તો સરખો કાંટો આવે. પણ આહીં શેર હોય ને આહીં પચ્ચીસ ભાર હોય, કાંટો સરખો ન આવે. એને લઈને આવે છે, એમ છે? એમ કહે છે કે ના. ભારે આરે!

આહીં શેર ને આહીં પાંત્રીસ ભાર. કાંટો આમ રહેશે. આને કારણે રહ્યો કે નહીં? કહે, ના. કાંટા સમજતે હૈં? જુઓ જડમાં કેટલી તાકાત છે, એમ કહેતા'તા તમારે. કેટલી તાકાત છે કે આમ તોલ—માપ આપે કાંટો. આ ૩૫ ભાર છે ને આ ૪૦ ભાર છે, માપ આપે. કોનું માપ કીધું આપે? જાણે કોને? પરમાણુ કાંટાનો સ્વભાવ છે એવો. ઈ આમ નમ્યો એટલે આને કારણે આમ નમ્યો છે એમ નથી. અહીં ૩૫ ભાર છે ને ૪૦ ભાર છે માટે આમ રહી ગયો થોટો કાંટો, એમ નથી. એ વખતે કાંટાના પરમાણુની પર્યાય એ રીતે પરિણમવાની હતી ને પરિણમી છે. ભારે! સમજાણું કાંઈ?

આ શાક આપે ને શાકવાળા. ખબર છે? જોયું છે તોલ? તોલવામાં આવ્યું છે? ઈ જરીક આમ તોલવા વખતે ઓલો શાક નાંખે આમ. ત્રાજવામાં વધારામાં આમ ઠોકે— નાંખે એટલે ઓલું નમી જાય ફટ. (શ્રોતા : જોરથી નાંખે) જોરથી નાંખે. હોય ઓછું પણ જોરથી નાંખે ઈ તોલ. ઓલા શાકભાજી વેચનાર હોયને. એક કોર—આની કોર પાંચસો મૂક્યું હોય, આની કોર મૂળા નાંખે. આમ નાંખે તો આમ ફટ ઓલું નમી જાય. ઈ એને લઈને નમ્યું છે કે નહીં હેઠે? (શ્રોતા : એની ક્રિયાવર્તી શક્તિ) એને પોતાને કારણે. આવું જગતમાં બાપુ! તારી પર્યાયની પણ એ જ તાકાત તારે લઈને છે, એ પછી આવશે. આ તો પુદ્‌ગલની બતાવી. સમજાણું કાંઈ? એવું જ વસ્તુનું સ્વરૂપ છે, એ રીતે યથાર્થ જ્ઞાન ન કરે અને વિપરીત કરે તો મિથ્યાત્વ શલ્ય લાગે છે એને. આહાહા!

૨૦ મો કળશ.

**स्थितेति जीवस्य निरन्तराया स्वभावभूता परिणामशक्तिः।**
**तस्यां स्थितायां स करोति भावं यं स्वस्य तस्यैव भवेत्स कर्ता॥२०॥**

जीव चेतना संजुगत, सदा पूरण सब ठौर।
तातैं चेतन भावकौ, करता जीव न और॥२१॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—સંજુગત=સંયુક્ત, સહિત. ઠૌર=સ્થાન.

**અર્થ** :—જીવ ચેતના સહિત છે, સર્વ સ્થાનમાં સદા પૂર્ણ છે, એ કારણે ચેતનભાવોનો કર્તા જીવ જ છે, બીજું કોઈ નથી. ૨૧.

**अर्थ** :–जीव चेतना संयुक्त है, सब जगह सदा पूर्ण है, इस कारण चेतनभावोंका कर्त्ता जीव ही है और कोई नहीं है॥२१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

વિકારીને આહીં સિદ્ધ કરવું છે હોં. 'जीव चेतना संजुगत'—જીવ તો ચેતનાસહિત છે. એ ચેતના રાગ—કર્મરૂપે પરિણમે—કર્મચેતના રૂપે. કર્મચેતના સમજાય છે? પુણ્ય-પાપના રાગને કર્મ કહેવાય. એ કર્મચેતનાપણે પરિણમે તો એની પોતાને કારણે છે. કર્મનો ઉદય આવ્યો માટે કર્મચેતનાપણે પરિણમે છે, એમ નથી. સમજાણું કાંઈ? આરે, ભારે આવી વાત! સંપ્રદાયમાં તો ઈ બધા ગોટા જ હાલે છે. બધા ગોટા જ હાલે. શું થાય? (શ્રોતા : ત્યાં સ્વતંત્રતાની વાત જ નથી. પરતંત્રતાની જ વાત છે.) 'संजुगत सदा पूरण' એમ શબ્દ લીધો છે ને. આમ તો 'स्वभावभूता' છે ને એમાંથી કાઢ્યું ઓલું.

એ સ્વભાવ છે એનો, તે સમયે આત્માને રાગરૂપે–દ્વેષરૂપે–વિષયવાસનારૂપે જે સમયે થાય, તે રૂપે તેનાં સ્વચ્છ ભવનમ્ સ્વભાવ. પોતાના પર્યાયનો સ્વભાવ છે માટે થાય છે. કર્મનો ઉદય આવ્યો માટે આહીં વિકારરૂપે થાય છે, એમ નથી.

વિકારરૂપે પરિણમવાનો પોતાનો સ્વભાવ એ બીજાની અપેક્ષા રાખતું નથી અને ન પરિણમે અને બીજો પરિણમાવી દે, એવું હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? આહા! આ મોટા વાંધા. જીવમાં રાગદ્વેષ થાય, જ્ઞાનની હીણી દશા થાય, એ કર્મનો જેટલો ભાગ હોય એટલો ઉદય આવે તો થાય. કર્મનો ક્ષયોપશમ થાય ત્યાં ઉઘાડનો ક્ષયોપશમ થાય. મોટી તકરાર છે. શું કહેવાય? ઓલા ઉત્તરાધ્યયનમાં એમ આવ્યું. રેકોર્ડીંગ. એમાં એ આવ્યું છે. જ્ઞાનાવરણીયનો જેટલો ઉઘાડ હોય એટલો આહીં ક્ષયોપશમ થાય. જ્ઞાનવરણીયનો ઉદય હોય એટલું અહીંયા વેદન થાય. કહો, આહીં ના પાડતે હૈં પંડિતજી, નહીં?

'जीव चेतना संजुगत' સંયુક્ત–સહિત છે જીવ. ઈ ચેતના 'सब जगह सदा पूर्ण हैं'. પૂર્ણ નામ સ્વતંત્ર છે, એમ. રાગરૂપે પરિણમો, ક્રોધરૂપે પરિણમો, વિષયવાસનારૂપે થાઓ. તે તે સમયની તે તે પર્યાયની લાયકાતથી તે થાય છે. કર્મને લઈને નહીં. પૂર્વની પર્યાયને લઈને નહીં. સમજાણું કાંઈ? વળી એ પ્રશ્ન આવ્યો હતો (સંવત)૯૫માં. એ ઉપાદાનથી થાય, એમ કહો તો કર્મનું ઉપાદાન એવું જ હોય કે જ્યાં આગળ આકરાપણે પરિણમવાનું, તો જીવને રાગ–દ્વેષ કરવો જ પડે. ઐસા પ્રશ્ન આયા થા. ૯૫, રાજકોટ. કેમ, કર્મ પણ સ્વતંત્ર છે ને? સ્વતંત્ર છે તેનાં ઉપાદાનને તીવ્ર પરિણમવાની લાયકાત છે, જ્યારે દર્શનમોહ આદિ ચારિત્રમોહને(નિમિત્તે) અને પરિણમશે જ. અને એને લઈને આત્મામાં પણ વિકાર એવો કરવો પડશે. (શ્રોતા : નિમિત્ત-નૈમિત્તિક) નિમિત્ત-નૈમિત્તિક. પણ ઈ બેય વાત ખોટી છે. ન્યાં એની પરિણમવાની લાયકાત હોય તો આહીં પરિણમે એમે ય નથી. અને આહીં પરિણમે છે માટે એ કર્મની પર્યાય થાય છે કર્મમાં, એમે ય નથી. ભારે ગરબડ છે.

'तातैं चेतन भावकौ, करता जीव न और'. જુઓ, और એટલે કર્મનો ઉદય આત્માના વિકારનો કર્તા નથી, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? જેવું ઉદયનું જોર હોય કર્મનું...નદીનાં પાણીનું જોર હોય, માણસ તણાય જાય એમાં, લ્યો (શ્રોતા : શાસ્ત્રમાં આવે છે) એ તો કહ્યું'તું. પાણીનું પૂર હોય જોર. લઠ્ઠ જેવો માણસ હોય. અમારે ઉમરાળામાં થયેલું અને ત્યારે ત્યાં નાની ઉંમરની વાત છે હોં. સીત્તેર વર્ષ પહેલાં. એક બ્રાહ્મણ પડેલો ઢોળના સ્થાને. એ ઢોળમાં જાવું હતું. સીધે સીધું જાય તો પહોંચાય નહીં. કારણ પાણીમાં જોર ખરુંને એટલે આમ ઢોળમાં પાણી હતું એટલે ઉપર આમ આંબાવાડી

છે ન્યાં પડ્યો. એટલે શું એટલો આડો થઈને જવાય એમ. પણ એટલેથી ય ન જવાણું. માંડ માંડ નીકળ્યો. (શ્રોતા : તણાઈ જાય) તણાય, બહુ તણાય. પાણીનો જોર એટલો. હવે એ પાણીને લઈને તણાણો છે કે નહીં? (શ્રોતા : એની મેળે)

બ્રાહ્મણ હતો બ્રાહ્મણ એક. હંમેશા આમ ઢોળ નાંખે ને સામે, ત્યાં પૂજા કરવા જાય. એ આમ સીધા—સીધો પડે તો જવાય નહીં. ન્યાં પાણીનું બહુ દળ જોર ખરું ને. એટલે બહુ છેટે જ્યાં આમ જવું છે આમ. ઉપર બે—ચાર ખેતર—પાંચ ખેતર વાંહે ઉપરથી પડ્યો એટલે આહીં નીકળશે. ન નીકળાણું. જુઓ, પાણીના જોરને લઈને થયું કે નહીં? આહીં ના પાડે છે. એનો એ સમયનો પરમાણુનો પર્યાય ને જીવનો પર્યાય એ પ્રકારે થવાનો (હતો). આહાહા! ભારે વાત ભાઈ! (શ્રોતા : ડૂબી ગયો). ના, ડૂબ્યો નહીં. જીવતો રહ્યો. નીકળ્યો આગે. દૂર નીકલા. બહુ દૂર નીકળી ગયો. પછી તો એને આમ જાવું હતું ન્યાં ઢોળમાં. બહુ દૂર નીકળી ત્યાંથી પછી ગયો. નદીને કાંઠે ઉતરી ગયો ઓલી કોર, પછી ન્યાંથી આમ દૂરથી નીકળ્યો. ઘણાં વર્ષની વાત છે. પાણી બહુ આવેલું. કહો, હવે એમાં લોકો તો શું કહે?

એમ કર્મનાં ઉદયનું જોર હોય તો જીવને વિકાર કરવો પડે. ‘ઉદય મહા બળવાન હૈ, નહીં પુરુષ બળવાન’. નથી કહ્યું! (શ્રોતા : બંધ અધિકારમાં આવે છે, આમાં જ આવે છે.) કહો આવે છે કે નહીં? એ ઉદય બળવાનનો અર્થ કે વિકારી પરિણામ તારાં હોય ત્યારે તારો ઉદય બળવાન તને કહેવાય. એના ઉદયને લઈને આહીં છે, એમ કોણ કહે છે, માળા! આહાહા! નવ તત્ત્વની જેવી સ્થિતિ છે એની હજી અવસ્થાની સ્વતંત્રતાની ખબર ન મળે. એને આત્મા એકલો જ્ઞાયકમૂર્તિ ધ્રુવ એનો આશ્રય કરતાં ધર્મ થાય, એ વાતની એને ગંધેય આવે નહીં.

‘करता जीव न और’. પોતાની વિકારી પર્યાય જેટલા પ્રમાણમાં કરે તેનો કર્તા જીવ છે. એને કર્મનો ઉદય માટે આહીં પરિણમે છે વિકારરૂપે, એમ છે નહીં. પરિણમનની શક્તિ પોતાની છે માટે પરિણમે છે, એવું વસ્તુનું સ્વતંત્ર સ્વરૂપ છે. એમ જાણતાં એની દૃષ્ટિ પરાધીન નીકળી (જાય). મારે કારણે થાય ને હું દ્રવ્યસ્વભાવ દૃષ્ટિ કરું, વિકાર પણ થાય નહીં, એ આત્માના અધિકારની વાત છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૪૫, ફાગણ વદ ૪, મંગળવાર, તા. ૧૬-૩-૧૯૭૧
## કર્તા કર્મ ક્રિયા દ્વાર પદ ૨૨, ૨૩, ૨૪ ઉપર પ્રવચન

સમયસાર નાટક—કર્તા કર્મ ક્રિયા. ૨૨ નીચે એકવીસમો કળશ છે. ૨૧ કળશ.

**ज्ञानमय एव भावः कुतो भवेद् ज्ञानिनो न पुनरन्यः।**
**अज्ञानमयः सर्वः कुतोऽयमज्ञानिनो नान्यः॥२१॥**

શિષ્યનો પ્રશ્ન છે કે, ग्यानवंतकौ भोग निरजरा हेतु है. આપે તો કહ્યું કે કર્મબંધન જ્ઞાનીને છે (નહીં.) અજ્ઞાનીને કર્મબંધન છે, એમ કહ્યું'તું ને. આત્માનું ભાન થયું—આત્મા જ્ઞાનસ્વરૂપ આનંદ, એ જીવને કર્મબંધન નથી એટલે કે બંધનમાં એને નિમિત્તપણું નથી. નવાં કર્મ જે બંધાય, એમાં જ્ઞાનીનું નિમિત્તપણું નથી એટલે કે એને બંધન જ નથી. સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને નવાં કર્મ બંધાય એમાં એ (જૂના કર્મ) નિમિત્ત છે. માટે જ્ઞાનીને જ્ઞાન ભાવ થાય, એને પૂર્વનાં કર્મનો ઉદય બધો ખરી જાય. અજ્ઞાનીને પૂર્વનાં કર્મનાં ઉદયમાં અહંકાર ને મમતા છે, તેથી એને કર્મબંધનમાં એનું નિમિત્તપણું હોય છે. તો શિષ્યનો પ્રશ્ન છે. પુસ્તક મિલા નહિ મિલા ક્યાં ગયા? બાવીસ.

શિષ્યનો ફરીથી પ્રશ્ન (અડિલ્લ છંદ)

**ग्यानवंतकौ भोग निरजरा-हेतु है।**
**अज्ञानीकौ भोग बंध फल देतु है॥**
**यह अचरजकी बात हिये नहि आवही।**
**पूछै कोऊ सिष्य गुरु समझावही॥२२॥**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—ભોગ=શુભ-અશુભ કર્મોનો વિપાક. નિર્જરા-હેતુ=કર્મ ખરવાનું કારણ. હિયે=મનમાં.

**અર્થ** :—કોઈ શિષ્ય પ્રશ્ન કરે છે કે હે ગુરુજી ! જ્ઞાનીના ભોગ નિર્જરાને માટે છે અને અજ્ઞાનીના ભોગોનું ફળ બંધ છે, એ આશ્ચર્યકારી વાત મારા મનમાં ઠસતી નથી. એને શ્રીગુરુ સમજાવે છે. ૨૨.

**अर्थ** :—कोई शिष्य प्रश्न करता है कि, हे गुरुजी! ज्ञानीके भोग निर्जराके लिये हैं

और अज्ञानीके भोगोंका फल बंध है, यह अचरज भरी हुई बात मेरे चित्तपर नहीं जमती? इसको श्रीगुरु समझाते हैं।।२२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'ग्यानवंतकौ भोग'. પ્રભુ, આપે તો એમ કહ્યું કે જેને આત્માનું જ્ઞાન ને આત્માનું ભાન થયું, એને પૂર્વનાં શુભ-અશુભ કર્મનો વિપાક ખરી જાય છે. સમજાય છે કાંઈ? ભોગ એટલે પૂર્વકર્મ જે છે એ શુભ-અશુભરૂપે ઉદય આવે, એ જ્ઞાનીને એની નિર્જરા થઈ જાય છે. એમ આપે જ્ઞાનીનાં ભોગને નિર્જરાનો હેતુ (કહ્યો) આ રીતે. 'अज्ञानीकी भोग बंध फल देतु है' અજ્ઞાનીને પૂર્વનાં શુભ-અશુભ કર્મનાં ફળ અથવા ઉદય આવે, એનો એને ભાવ પ્રગટ થાય કે હું આ રાગ આદિ છું. એથી એ બંધ એની મેળે થાય છે. 'यह अचरजकी बात हिये नहि आवही'. મહારાજ, આ અચરજની વાત છે હોં આ. અમને હૃદયમાં બેસતી (નથી.)

કહો, શિષ્ય પ્રશ્ન કરે છે. 'यह अचरजकी बात हिये नहि आवही', 'पूछे कोऊ शिष्य गुरु समझावही।' જેને આવી શંકા અથવા આશંકા છે એને પ્રશ્ન ઉઠ્યો છે. એને ગુરુ સમજાવે છે. ૨૨ મો કળશ.

ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि।
सर्वेऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते।।२२।।

એનું પદ ૨૩ મું. उपर की हुई शंका का समाधान

ઉપર કરવામાં આવેલી શંકાનું સમાધાન (સવૈયા એકત્રીસા)

दया-दान-पूजादिक विषय-कषायादिक,
दोऊ कर्मबंध पै दुहूकौ एक खेतु है।
ग्यानी मूढ़ करम करत दीसैं एकसे पै,
परिनामभेद न्यारौ न्यारौ फल देतु है।।
ग्यानवंत करनी करै पै उदासीन रूप,
ममता न धरै तातैं निर्जराकौ हेतु है।
वहै करतूति मूढ़ करै पै मगनरूप,
अंध भयौ ममतासौं बंध-फल लेतु है।।२३।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—ખેતુ (क्षेत्र)=સ્થાન. પરિનામ(પરિણામ)=ભાવ. ઉદાસીન=રાગાદિ રહિત. મગનરૂપ=તલ્લીન. અંધ=વિવેકશૂન્ય.

**અર્થ** :—દયા, દાન, પૂજાદિ પુણ્ય અથવા વિષય, કષાય આદિ પાપ, બંને કર્મબંધ છે અને બંનેનું ઉત્પત્તિસ્થાન એક જ છે. આ બંને પ્રકારનાં કર્મો કરવામાં સમ્યગ્જ્ઞાની અને મિથ્યાજ્ઞાની એક સરખા દેખાય છે પરંતુ તેમના ભાવોમાં અંતર હોવાથી ફળ પણ ભિન્ન ભિન્ન થાય છે. જ્ઞાનીની ક્રિયા વિરક્તભાવ સહિત અને અહંબુદ્ધિ રહિત હોય છે તેથી નિર્જરાનું કારણ છે અને તે જ ક્રિયા મિથ્યાત્વી જીવ વિવેક રહિત તલ્લીન થઈને અહંબુદ્ધિ સહિત કરે છે તેથી બંધ અને તેના ફળને પામે છે. ૨૩.

**अर्थ** :–दया, दान, पूजादि पुण्य व विषय-कषाय आदि पाप दोनों कर्मबंध हैं और दोनोंका उत्पत्तिस्थान एक ही है। इन दोनों प्रकारके कर्मोंके करनेमें सम्यग्ज्ञानी और मिथ्यात्वी एकसे दिखते हैं, परन्तु उनके भावोंमें अन्तर होनेसे फल भी भिन्न-भिन्न होता है। ज्ञानीकी क्रिया विरक्तभाव सहित और अहंबुद्धि रहित होती है, इसलिये निर्जराका कारण है, और वही क्रिया मिथ्यात्वी जीव विवेक रहित तल्लीन होकर अहंबुद्धि सहित करता है, इसलिए बन्ध और उसके फलको प्राप्त होता है।।२३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જ્ઞાની, કહે છે કે જ્ઞાની ને અજ્ઞાની....દયા-દાન-પૂજાનાં ભાવ છે એ કંઈક શુભભાવ છે. દયાનો ભાવ, દાનનો ભાવ, પૂજા, ભક્તિ વિગેરે એ શુભભાવ છે. વિષયકષાયનો ભાવ તે અશુભ છે. 'दोऊ कर्मबंधन'—બેય કર્મનાં બંધનનું કારણ છે. કેમ કે 'दुहूकौ एक स्थान'–બેય વિભાવ પરિણતી–વિકાર પરિણતી હૈ. સમજાણું કાંઈ? દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપ એ વિકલ્પ જે છે એ બધો શુભભાવ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના એ અશુભ છે. બેયનું એક સ્થાન જ છે. બેયનું વિભાવ સ્થાન છે, સ્વભાવ સ્થાન નથી.

'ग्यानी मूढ़ करम करत दीसै एकसे'. ધર્મી અને અજ્ઞાની બેયનાં કાર્ય દેખાય સરખાં. સમજાણું કાંઈ? જ્ઞાની અને મૂઢ એટલે અજ્ઞાની. 'करम करत दीसै'. એ કામ કરતાં બેય એકસા દેખાય. 'पै परिनामभेद' છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે! ધર્મી એને કહીએ કે જેને એ શુભાશુભ ભાવ આવે એનો એ સ્વામી ન થાય. એ પોતાનાં સ્વભાવમાં અહમ્‌પણે તેને ખતવે નહીં. સમજાણું કાંઈ? આ સ્વચ્છંદી થવાની વાત નથી

હોં કે અમે તો ગમે એવા ભોગ ભોગવીએ તો અમારે નિર્જરા છે અમે જ્ઞાની છીએ, એમ નહીં. (શ્રોતા : એ તો અજ્ઞાનીની વાત). જ્ઞાનીની વ્યાખ્યા—આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપનું જ્યાં અનુભવ થયો છે, એવા અનુભવમાં એને પુણ્ય ને પાપનાં પાક—વિકલ્પો આવે—થાય, પણ છતાં તેના તરફની દૃષ્ટિ નથી. તેમાં અહંપણું નથી. તેનાથી દૃષ્ટિ અને જ્ઞાન વિરક્ત છે. સમજાય છે કાંઈ? પરિણામભેદ છે. 'न्यारौ-न्यारौ फल देतु है'. આહાહા!

જ્ઞાનીને એ રાગ આવે—થાય, પણ એ ઝેર જેવાં એને લાગે છે. એ રાગનાં પરિણામ ઉપર અહંપણું નથી. આહાહા! સમજાય છે કાંઈ? રાગ અને શરીર અને કર્મથી જુદો ભગવાન આત્મા, આનંદ ને જ્ઞાનથી ભરેલો ભગવાન ભંડાર આત્મા, એવું જેને અંતરમાં ભાન થાય, તેનો પોતાના સ્વભાવપણામાં અહંપણું રહે. પણ વિભાવનાં પરિણામમાં અહંપણું અને તેમાં એકપણું એને રહેતું નથી. આ વાત ભારે! કહો સમજાણું કાંઈ? દયા-દાન-પૂજા હોય કે વિષય કષાયભાવ હોય—બે ય બંધના કારણ છે. ધર્મીએ પોતાનો સ્વભાવ રાગ ને કર્મના બંધથી રહિત અને આનંદના જ્ઞાનનાં ભાવથી સહિત અનુભવ્યો છે. સમજાય છે કાંઈ? જ્ઞાનમાં પોતાનો સ્વભાવ જ્ઞેય તરીકે જાણ્યો છે. શ્રદ્ધામાં તેને માન્યતામાં પણ શ્રદ્ધ્યો છે કે હું તો પુણ્ય-પાપરહિત છું. મારો આનંદ ને મારા જ્ઞાનસ્વભાવમાં હું છું. એવા અસ્તિત્વનાં અહંપણાનાં અનુભવને કારણે પુણ્ય ને પાપનાં ભાવ પાપમાં દેખાય છતાં તેનાથી ધર્મી વિરક્ત છે, અહંપણું નથી. કહો શેઠી, ભારે ભાઈ આ! બેય સરખા દેખાય એમ કરતાં.

જુઓ, 'परिनाम भेद न्यारौ-न्यारौ फल देतु है'. પરિણામની જુદાઈને લઈને બેયનાં ફળ પણ જુદા જુદા છે. એ જ અજ્ઞાની પૂજા—દયા—દાનનાં ભાવ કરે અને વિષય—કષાયનાં ભાવ થાય, એમાં અજ્ઞાનીનાં પરિણામમાં એકપણું છે. સ્વભાવ ને એ બેય એકપણે છે, વિરક્ત નથી. તેથી તેમાં અહંપણું માનીને મિથ્યાપણાના ભાવથી નવા બંધનનું કારણ અજ્ઞાનીને તે પરિણામ થાય છે. આહા! કહો જેઠાભાઈ! જ્ઞાનીકો ભોગ નિર્જરાનો હેતુ એટલે કે ભોગનાં ભાવ નિર્જરાનો હેતુ નથી.

અહીંયા તો ચૈતન્ય સ્વરૂપ અંતરમાં અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન એવો જ્યાં અનુભવ થયો છે, એ અનુભવને લઈને એને પુણ્ય-પાપનાં વિકલ્પમાં મીઠાશ ઉડી ગઈ છે. (શ્રોતા : સંસાર વધે એવો ભાવ થાય જ નહીં.) પણ છે જ નહીં. ઈ ભાવ જ નથી. ઈ ભાવ એનો અર્થ નથી, એમ કહ્યું. આહીં તો એનો ભાવ નથી માટે ખરી જાય છે, એમ સિદ્ધ કરવું છે ને. એય! આહાહા! જ્યાં ચૈતન્ય ભગવાન અનંત આનંદ

અતીન્દ્રિયરસથી ભર્યો છે. એવા ભર્યા ભંડારની ઉપર જેની દૃષ્ટિ ધર્મીની છે, એવા અનુભવને લઈને એને પુણ્ય-પાપનાં વિકલ્પની એકતા થતી નથી. તેથી તેમાં અહંપણું થતું નથી. તેથી તે પરિણામો એના નિર્મળ હોવાથી તે ભાવ તેને ખરી જાય છે. આહા! સમજાય છે કાંઈ?

કેમ પરિણામ ન્યારો ને ફળ કેમ ભેદ ન્યારો, એમ ખુલાસો કરે છે. 'ग्यानवंत करनी करै पै उदासीन रूप', દેખો. રાગ આદિ થાય એમાં, કરે તો ઈ સમજાવવું છે. શુભ-અશુભભાવ ધર્મીને થાય, એમ કહેવું એ પણ એ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? એની ભૂમિકામાં નબળાઈને લઈને શુભ—દયા-દાન-પૂજા, કષાય આદિ વિષય આદિની વાસનાનો ભાવ હો, પણ ઉદાસીનરૂપ છે. ધર્મી જીવને શુભ-અશુભ ભાવ ઝેર જેવાં આ લાગે છે. એથી આત્માનાં અમૃત સ્વભાવમાં તેનું એકપણું કરતો નથી. આવી વાત છે. (શ્રોતા : ઉદાસીનતા હૈ.) ઉદાસીનતાકા અર્થ યહ હૈ કિ ઉસમેં એકતા નહીં. ઉસસે હટ ગયા હૈ દૃષ્ટિ—જ્ઞાન. સમજાય છે કાંઈ? આહાહા! હજી તો પાત્રતા ય ન હોય ઠેકાણાંની. ઈ પછી એમ માને કે અમે જ્ઞાની થઈ ગયા અને અમારે હવે આ ભોગ નિર્જરાનો હેતુ છે. મરી જશે એ તો. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગપ્રકાશકમાં લખ્યું છે ને કે હજી તો પરની મમતાનાં ભાવ પણ હજી શ્રદ્ધામાં વિપરીતપણે પડ્યાં છે. એને ઈ નિર્વિકલ્પ થવા માંગે નિર્વિકલ્પ થવા, તો ક્યાંથી થશે પણ ઈ? સમજાણું કાંઈ? ભાઈ, આવે છે મોક્ષમાર્ગપ્રકાશમાં. સવિકલ્પ ને નિર્વિકલ્પની વ્યાખ્યા કરતાં. કેટલાક હજી તો રાગની તીવ્રતા—એની અનીતિનાં ભાવ તીવ્ર પડ્યાં છે અને છતાં એ નિર્વિકલ્પ થવા માંગે છે. નહીં થાય કોઈ દિ' ત્રણ કાળમાં. એય! મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે. આત્મામાં લીધું છે. સમજાણું કાંઈ?

અહીંયા તો આત્મા અંતરથી રાગ અને નિમિત્તથી ખસીને સ્વભાવનો અનુભવ થયો છે, એમ કહે છે. એથી એ સ્વભાવનાં અનુભવનાં પરિણામમાં એને રાગનાં પરિણામની એકતા રહેતી નથી અને વિરક્તતા રહે છે. એટલો પુરુષાર્થ સ્વભાવ સન્મુખ થઈ ગયો છે, એમ કહે છે. સમજાણું કાંઈ? અને જ્ઞાનીને 'ममता न धरै ज्ञानी तातैं निर्जराकौ हेतु हैं' જ્ઞાની. રાગ આદિ ભાવ (હોય), પણ સ્વભાવનું ભાન છે એમાં રાગનો ભાવ તેમાં એકપણે થતો નથી. એ આવીને છૂટી જાય છે, એમ કહે છે. દેખાવ દે રાગ આદિનો પણ સ્વભાવની ધ્રુવતા ઉપર દૃષ્ટિનાં જોરે....

૧૧મી ગાથામાં આવે છે ને અહીં ભાઈ, શુદ્ધનય અનુસાર બોધ થવા માત્રથી, ૧૧મી ગાથા. નિશ્ચયનય છે એ જ્ઞાન છે અને એનો વિષય તે ધ્રુવ છે. (શ્રોતા : જ્ઞાન

થવા માત્ર). જ્ઞાન થયું, જ્ઞાન થયું. શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી, એમ છે ૧૧મી મૂળગાથા. એની ટીકા(માં) એનો સિદ્ધાંત સિદ્ધ કર્યો એમાં. સમજાણું કાંઈ? 'भूयत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो' એટલે શું? કે પોતે નિશ્ચયનય નામ શુદ્ધનય જે છે એનો વિષય ધ્રુવ છે પણ એ વિષય ન લેતાં એ શુદ્ધનય સ્વરૂપ જ ધ્રુવ છે. સમજાણું કાંઈ? એમ ધ્રુવનું જ્ઞાન થતાં 'જ્ઞાનમાત્ર' થતાં એને આ આત્મા શું ને રાગાદિ નહીં, એમ ભેદજ્ઞાન થઈ જાય છે. ઝીણી વાતું બહુ ભાઈ! વીતરાગનો માર્ગ! બહાર સાથે તો તકરાર ને વાદવિવાદ, વાદવિવાદ.

આહીં તો કહે છે જ્ઞાનીનાં પરિણામમાં જ્ઞાન પરિણામ છે એને એટલે કે જાણવાનાં પરિણામ એને ઉઠે છે. જ્ઞાની સ્વભાવનાં ભાનવાળો એને તો જ્ઞાન ને આનંદનાં પરિણામ ઉઠે છે. એથી તેનાં પરિણામનાં ભેદને કારણે એને વિકલ્પનાં પરિણામની એકતા—અહમ્‌તા હોતી નથી એથી એ છૂટી જાય—છૂટી જાય છે. સમજાણું કાંઈ?

'ग्यानवंत करनी करै पण उदासीन रूप'. આહા! નોઆખલીમાં થયું'તું ને ભઈ, આ નહીં ગાંધી ગયા હતા. નોઆખલીને? (શ્રોતા : નોઆખલી) નોઆખલી મુસલમાનોએ બેન અને ભાઈ, મા ને દીકરો એને નગ્ન કરે. નગ્ન કરીને એકબીજાને ભીડે, આમથી આમ ભીડ કરે ને આમ. આહા....હા! આભ તૂટી પડે એવું લાગે અંદરથી અરર....ર. અરે....રે! આ મારી મા—જનેતા. આ મારી સહોદરી, એક પેટમાં રહેલાં. અરે! આ શું કરે છે આ? નોઆખલીમાં બન્યું છે પંડિતજી. નોઆખલી નહીં?. (શ્રોતા : ........) વહ ગાંધીજી. આવ્યું'તું ક્યાં? (શ્રોતા : ત્યાં સમ્મેતશિખર). નોઆખલી આવ્યું'તું આપણે? (શ્રોતા : ના......ના. નહીં હોય). (શ્રોતા : ત્યાં આવ્યું બંગાલમાં, પૂર્વ બંગાલમાં કલકત્તા, કલકત્તાથી આગળ પૂર્વ બંગાલમાં. કલકત્તાથી આગળ) હા, ઈ ત્યાં નહીં ગ્યા હોય. (શ્રોતા : એ જે કહ્યું એ આની કોર) જુદો. આહીં તો દૃષ્ટાંત દાખવેલું છે કે એ વખતે, આહાહા! ૨૫ વર્ષનો જુવાન લઠ્ઠ જેવો. ભાઈ અને બહેન પોતે....... આહાહા! એને કહે, આ. અરરર! જમીન તૂટે ને અંદર સમાઈ જઈએ પણ આ મને ન હો. સમજાય છે કાંઈ?

એમ ધર્મીને રાગનાં—પુણ્યનાં પાપનાં પરિણામ સાથે એકત્વ કરવા માંગે તો એકત્વ કોઈ દિ' થાય નહીં. આહા! સમજાણું કાંઈ? એ પુણ્ય ને પાપનાં ભાવ દયા-દાન-પૂજા, પણ એ મારા સ્વભાવ નહીં. ભાઈ, આ નહીં. એની એકતા જ્યાં તૂટી ગઈ ત્યાં અહંપણું એમાં આવતું નથી. અહંપણું તો જ્ઞાનાનંદ સ્વભાવમાં છે. આહાહા! આ વાતની વાત નથી હોં, ભાવની વાત છે આ. ભાવ જ્યાં બદલી ગયા આખા. સમજાણું કાંઈ?

એને ધર્મી કહીએ ને એને જ્ઞાની કહીએ કે જેનાં ભાવમાં, સ્વભાવનાં ભાનને લઈને અરે, હું તો અતીન્દ્રિયઆનંદનો સાગર છું. એ આનંદ પાસે જ હું રહેલો છું. વિકારની પાસે હું રહ્યો નથી. આહાહા! મારું પડખું જ ફરી ગયું છે આખું. જે રાગની સમીપ હતો, એ ધર્મી આનંદની સમીપ આવી ગયો છે. આહાહા! એથી ધર્મીને...બાપુ ધર્મ આને કહીએ. આહાહા! એ કંઈ વાતની ચીજ નથી. એ કંઈ બોલવાની ચીજ નથી. એ તો અંતરમાં ઉતરવાની ચીજ છે. સમજાય છે કાંઈ? આહા!

કહે છે, ઈન્દ્રાણી આવી હોય, પણ સમકિતીને અંદર વિકલ્પ ઉઠ્યો જરીક, આ કોણ છે? ઝેર જેવું લાગે અંદર. અજ્ઞાનીને એ જ પરિણામમાં મીઠાશ આવે છે. બસ આટલો ફેર છે (શ્રોતા : બસ, બીજો કોઈ ફેર નથી). આહા! જ્યાં હું છું ત્યાં રાગ નથી અને જ્યાં રાગ છે ત્યાં હું નથી. એવા ભેદજ્ઞાનનાં પરિણામને કારણે જ્ઞાનીને એ કર્મ ભિન્ન તરીકે ઉદય આવ્યા, એ ભિન્ન તરીકે ખરી જાય છે. આહા!

'ममता न धरै तातैं निर्जराकौ हेतु'. કારણ આપ્યું. એ હું છું, એમ એકત્વપણું નથી. તેથી તે પરમાણુઓ અથવા વિકલ્પ આદિ આવ્યો, એ ખરી જાય છે. સમજાણું કાંઈ? આ......આ રાગ તે હું છું, એવું નહીં થવાથી અને આનંદને જ્ઞાન તે હું છું, એમાં રહેવાથી પૂર્વનાં ઉદયનાં પરિણામ આવીને ખરી જાય છે. સમજાય છે કાંઈ? આહા!

'वहै करतूति मूढ करै', દેખો. એ જ ક્રિયા અજ્ઞાની કરતો હોય. ભગવાનની પૂજા–દાન–દયા–વ્રત–તપ અને હિંસા–જૂઠું–ચોરી–વિષય આદિનાં પરિણામ, એ 'करतूति मूढ़ करै पै मगनरूप', જુઓ. ઓલાને ઉદાસીનરૂપ છે, આને મગનરૂપ છે. એકાકાર થઈ જાય છે એમાં. રાગનાં વિકલ્પમાં અજ્ઞાની તલ્લીન થઈ જાય છે. સમજાય છે કાંઈ? આહા! 'वहै करतूति मूढ़ करै पै मगनरूप, अंध भयौ ममतसौं बंध–फल लेतु है', દેખો. આંધળો થયો થકો, એ રાગ એની ચીજ નથી. છતાં મમતાથી પોતાની માનીને આંધળો થયો થકો 'ममतासौं'–એ રાગ તે હું છું. એ જ મારી ચીજ છે, એમ મીઠાશમાં રાગને વેદતો 'बंध फल लेतु है'—એને બંધ નવો થઈ જાય છે. અજ્ઞાનનો–મિથ્યાત્વનો બંધ થાય છે. આહા! સમજાય છે કાંઈ?

જુઓ, આને આ રીતે ખુલાસો. બાકી મોક્ષમાર્ગપ્રકાશકમાં તો ખુલાસો કર્યો'તો ભાઈ, જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે, ત્યાં કહ્યો છે ને. શું કહ્યું છે? સાંભળને! એનાં ભાવ છે અશુભ એ કંઈ નિર્જરાનો હેતુ છે? (શ્રોતા : બિલ્કુલ નહીં). એ તો બંધના કારણ છે. શુભભાવ એ બંધનું કારણ છે, એમ કીધું ને એને. પણ અબંધ સ્વભાવી દૃષ્ટિ હોવાને લઈને વસ્તુ જ અબંધ સ્વરૂપી છે, એવા અંતરનાં ભાનને લઈને શુદ્ધતા વધે છે,

અશુદ્ધતા ઘટે છે. એવી દૃષ્ટિનાં ને આત્માનાં જ્ઞાનનાં જોરને લઈને એને નિર્જરા કહેવામાં આવી છે. સમજાણું કાંઈ ? પણ જ્ઞાનીને રાગ આવ્યો માટે ઈ રાગ નિર્જરા થઈ, એ નહીં. આહીં તો રાગપણાની એકતા નથી, મમત્વ નથી, અહંપણું નથી. તેથી તે ટળી જાય છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ ?

'अंध भयौ ममतासौं बंध फल लेतु है'. ફળ એને બંધનું મળે, એમ કહે છે. અર્થમાં એ કેવું કહ્યું છે, જુઓ એ બધું. 'दया, दान, पूजादि पुण्य व विषय-कषाय आदि पाप दोनों कर्मबंध है'. અર્થ છે ને અર્થ. બેય કર્મબંધન છે. દયા-દાન-પૂજા-ભક્તિ એ પુણ્યબંધ છે. આહા ! વિષય-કષાય પાપ બેય કર્મબંધન. દોનોંકા ઉત્પત્તિસ્થાન એક જ વિકાર હૈ. એક વળી શુભ અવિકાર છે શુભ ને અશુભ વિકાર છે, એમ (નથી). આહાહા ! ભગવાન આત્મામાંથી શુભભાવ ઉત્પન્ન હોતા—હોય છે, એમ નથી. શુભભાવ તો નિમિત્તને લક્ષે—પરના અનુસરીને થાય છે. માટે દયા-દાન-પૂજા-ભક્તિ-જાત્રાનાં ભાવ અને હિંસા-જૂઠું-ચોરી-વ્યાપારનાં (ભાવ), બેય બંધના કારણ છે. આહા ! પંડિતજી, ઐસા હૈ.

'इन दोनों प्रकारके कर्मोंके करनेमें सम्यग्ज्ञानी और मिथ्यात्वी एकसे दिखते हैं', દેખો. દેખાય એક. (જ્ઞાની) ય એ પૂજા ભક્તિમાં બેઠો હોય, ઓલો અજ્ઞાની પણ પૂજા—ભક્તિમાં બેઠો દેખાય. પરંતુ 'उनके भावमें अंतर होनेसे फल भी भिन्न-भिन्न (होता है)'. ભાવમાં ફેર હોવાથી ફળમાં ફેર છે. 'ज्ञानीकी क्रिया विरक्तभाव सहित...' દેખો. વ્યવહારસે મુક્ત હૈ ને ધર્મી. દયા-દાન-વ્રતનાં વિકલ્પથી ધર્મી મુક્ત છે, સહિત છે નહીં. આરે ભારે કામ ભાઈ ! સમજાણું કાંઈ ? 'ज्ञानीकी क्रिया विरक्तभाव सहित और अहंबुद्धि रहित (होती है)'. વ્યવહારથી રહિત અને વ્યવહાર છે હું, એવા અહંબુદ્ધિથી પણ રહિત. इसलिए निर्जराका कारण है' આહા ! 'वही क्रिया मिथ्यात्वी जीव विवेकरहित तल्लीन होकर....' લ્યો.

એ રાગની ક્રિયા ભલે શુભ હો પણ એમાં તલ્લીન અજ્ઞાની થાય છે. કારણ કે રાગની ક્રિયા એ મારું સ્વરૂપ છે, એ મને લાભદાયક છે, એ મને હિતકર છે. એમ એની દૃષ્ટિ રાગ ઉપર હોવાથી વિવેક રહિત—રાગથી ભિન્ન પાડવાની તાકાત છે નહીં. આમાં શું છે આમાં ભીખાભાઈ, મુંઝવણ ઉભી થાય એવું છે આ તો. કાલે આવ્યા'તા કે મુંઝવણ થાય છે હવે, કહે. શું આમ કાંઈ સૂઝ પડતી નથી. આહા ! આ તો અંતર જ્ઞાન સ્વભાવ છે, આનંદ સ્વભાવ છે, ધ્રુવ નિત્ય સ્થિર બિંબ સ્વભાવ છે. એમાં દૃષ્ટિ સ્થાપવી, જ્ઞાનને ત્યાં રોકવું, હા, એ કરવાનું છે એને. (શ્રોતા : તો મુંઝવણ મટી જાય.) મૂંઝવણ છે જ નહીં ક્યાંય. આ તો મૂંઝવણ મટાડવાનો—મટાડવાનો ઉપાય છે.

ઓલા સિદ્ધમાં આવે છે ને, ભાઈ એક પ્રશ્ન આવ્યો'તો, આ હિંમતભાઈ લાવ્યા'તા. ઓલા નહીં? સિદ્ધમાં એમ કહે, શ્રદ્ધાનાં બળે આસ્રવ અને સંસાર....શ્રદ્ધાનું બળ એમાં આવે, આ છોકરાંઓ ત્યાંથી આવ્યા ને હમણાં ઘાટકોપર થોડા. (શ્રોતા : બરાબર છે). ઈ વાત સાચી છે, ઈ કોણે ના પાડી. પણ શ્રદ્ધાને જાણનારું કોણ છે? શ્રદ્ધાને ખબર નથી કે સામો વિષય આ છે અને હું હું શ્રદ્ધા છું, એની ખબર નથી એને. હવે શ્રદ્ધાનું જોર આપવું હોય ત્યાં શ્રદ્ધાનું જોર આપે. જ્ઞાનનું જોર આપવું હોય તો જ્ઞાનનું આપે, બે ય એક સાથે છે (શ્રોતા : જ્ઞાનનું જોર ને શ્રદ્ધાનું જોર બે એક સાથે છે). એકસાથે છે.

હવે ઇ જરીક ખેંચાતાણ થઈ ગઈ થોડી. આ માળું બહું સ્પષ્ટીકરણ બહુ આવ્યું'ને બહાર, એમાં વાંધા ઉઠ્યા કો'કને માળે. ઓલા દિલ્હીમાં, ઓલા આંહીમાં, ઓલા આહીંમાં માળા તે. એય, માણેકલાલભાઈ! તમે તો હવે આહીં રહ્યા હવે તમારે ક્યાં ન્યાં ઓલામાં ન્યાં. ઈ કહે ન્યાં જોવા માટે, ભાઈ બધી ખબર નથી અમને. શ્રદ્ધાનાં જોર વખતે શ્રદ્ધાની વ્યાખ્યા ને જ્ઞાનનાં જોર વખતે જ્ઞાનની વ્યાખ્યા. (શ્રોતા : આ બેય એકસાથે છે). એક સાથે છે બેય.

આહીં તો ત્યાં ૧૧મી ગાથામાં ત્યાં સુધી કીધું છે, મૂળ ગાથા છે—જૈનશાસનના પ્રાણ. ત્યાં તો કહે 'શુદ્ધ અનુસાર બોધ થવા માત્રથી શ્રદ્ધા થાય છે.' (શ્રોતા : માત્ર છે ને) માત્ર. (શ્રોતા : ત્યાં તો પ્રશ્ન એ રીતનો છે વિકલ્પાત્મક જ્ઞાન છે.....) ઈ ને ઈ વાત મૂકી, એ રાતે વાત કરવાની છે. ઈ તમારી માટે. કહો સમજાણું કાંઈ? વિકલ્પાત્મક જ્ઞાનની આહીં ક્યાં વાત કરો છો? (શ્રોતા : એ જ્ઞાન જ ક્યાં છે?) ઈ જ્ઞાન જ કે દિ'? ઈ તો વાત થઈ ગઈ તે દિ'. તે દિ' વાત થઈ ગઈ. પાછો નવો પ્રશ્ન કેમ ઉઠ્યો? એ વાત થઈ ગઈ. વિકલ્પાત્મક જ્ઞાન એ જ્ઞાન જ નથી. એ તો અજ્ઞાન છે.

'આહીં તો શુદ્ધનય અનુસાર બોધ થવા માત્રથી'—જે ૧૧મી ગાથાનો પ્રાણ જૈનદર્શનનાં. જૈનદર્શન એટલે વસ્તુદર્શન. આ અંતર...નિશ્ચયનય છે એ નિશ્ચયનય શું છે? જ્ઞાન છે, શ્રુતજ્ઞાનનો ભાગ છે. અને નિશ્ચયનયનો વિષય શું છે? કે ત્રિકાળ ધ્રુવ છે. એનું જ્ઞાન થવાથી, અવલોકન થવાથી જે પ્રતીત થાય તેને સમ્યક્‌દર્શન કહેવામાં આવે છે. પંડિતજી! બધું ફેરફાર. એટલા માટે ફેરફાર કરવા છે, દુરુહ થઈ જાય માણસને. લોકો કહે, જુઓ હવે આ વિચારવાળા છે. આ કહે કે આ વિચારવાળા છે. એમ ન થવું જોઈએ. એ તો સ્વચ્છંદ થઈ જાય. સ્વચ્છંદ થતાં એકાંત થઈ જાય. સમજાણું કાંઈ? આહીં તો આ કહ્યું. અમે તો ઘણીવાર કહીએ, ભાઈ, સંસારની ઉત્પત્તિ સિદ્ધને નથી એ

શ્રદ્ધાનાં બળને લઈને છે. પણ જે વાત કહેવું છે શું ત્યાં? એ બીજી વાત છે ત્યાં, કે રાગ નથી કેમ થતો? (શ્રોતા : કેમ શ્રદ્ધા થાય છે?) એ વળી જુદી વસ્તુ છે. આહાહા! શું થાય? થોડા-થોડામાં મોટો ફેર પડી જાય છે એવી ખબર નથી એને.

(શ્રોતા : શ્રદ્ધા હી કારણ હૈ........) હા, ત્યાં કહ્યાં પણ છતાં આ પહેલું કહ્યું ૧૧માં કે જ્ઞાનનો બોધ થવા માત્રથી પ્રતીત થાય છે, એમ કહ્યું છે. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' જુઓ આનો અર્થ શું? નય આશ્રિત. નય એટલે જ્ઞાન છે અને જ્ઞાનનો વિષય જે અભેદ છે ત્રિકાળ, એને આશ્રયે મુક્તિ થાય છે. સમ્યક્ પણ એને આશ્રયે, જ્ઞાન પણ એને આશ્રયે ને ચારિત્ર એને આશ્રયે, લ્યો. સમજાણું કાંઈ?

(શ્રોતા : એટલે તો અનંતગુણ એકસાથે છે). એકસાથે પણ છે અને આમ વળ્યું એટલે જ્ઞાન પછી જુદું રહી ગયું? શ્રદ્ધાની પર્યાય, જ્ઞાનની પર્યાય આમ વળી તો બધી પર્યાય વળી ગઈ આમ. (શ્રોતા : આખા દ્રવ્યની પર્યાય-આખું દ્રવ્ય વળ્યું છે). અનંતી પર્યાય આમ ઢળી ગઈ છે. એ તો વ્યાખ્યા કરવી હોય ત્યારે કોઈ શ્રદ્ધાના જોરે કરે, કોઈ જ્ઞાનનાં જોરે, કોઈ કથંચિત્ આમ. ઈ વિષય કઈ અપેક્ષાથી છે, એમ સમજવું જોઈએ. (શ્રોતા : ત્યાં રાગ-દ્વેષની વાત કરવી છે તો એવું જોર દે). એ તો રાગ-દ્વેષનું કહેવું છે. રાગદ્વેષ ઉત્પન્ન થતાં જ નથી. કેમ કે દૃષ્ટિનો વિષય જ અભેદ છે. પણ નિશ્ચયનયનો વિષય છે. ઈ દૃષ્ટિનો વિષય નિશ્ચયનયનો વિષય છે.

શુદ્ધ નિશ્ચયનય એને જ નિશ્ચય કીધી છે. ભૂતાર્થ જે દ્રવ્ય સ્વભાવ એને શુદ્ધનય કીધી છે. (શ્રોતા : ઈ વાત આગળ ગઈ છે.) આગળ ગઈ છે. હજી નથી. એમને આવ્યું છે ને એમને બધા ખબર આવે ન્યાં. હમણાં તો આ થોડી ભાઈએ હિંમતભાઈએ કરી. એ તો સ્વચ્છંદ વધતો જાય. એ તો આગળ વધીને ભાગલા પાડતા જાય કે અમારે આમ માની લેવાનું. એનો શું અર્થ? એય કાંતિભાઈ! (શ્રોતા : એટલા માટે કાંતિભાઈ) કાંતિભાઈને ટાઈમ ક્યાં છે એમ તો (શ્રોતા : એટલા માટે તો કહું છું.)

આહીં તો જ્યાં જે ઠેકાણે શ્રદ્ધાનું જોર દેવું હોય ત્યાં શ્રદ્ધા(ની મુખ્યતાથી કહે). પણ શ્રદ્ધા છે ઈ પોતે કોણ છે એની એને ખબર નથી. અને શ્રદ્ધાનો વિષય અભેદ છે એવી શ્રદ્ધાને ખબર નથી. (શ્રોતા : એ તો જ્ઞાન જાણે). એ તો જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? એય હિંમતભાઈ! શ્રદ્ધા આંધળી છે. શ્રદ્ધાને ખબર નથી. એ જ્ઞાનગુણ સિવાય કોઈ ગુણનું અસ્તિત્વ ધરાવે છે. બધા ગુણને નિર્વિકલ્પ કહ્યાં છે કેમ કે પોતે પોતાને ન જાણે, પરને ન જાણે. એક જ્ઞાન સવિકલ્પ છે કે જે પોતે (બધું જાણે.) આહાહા! (શ્રોતા

: પર્યાય હૈ, ગુણે ય નહીં) નહીં. એને ગુણ તો ધ્રુવ છે. એને ક્યાં ધ્રુવમાં જાણવાની શક્તિ છે, એમ કહ્યું આજ નો'તું ?

'કારણપરમાત્મા કારણજ્ઞાન છે. એ પોતાનાં અનંતગુણને શ્રદ્ધા આદિને જાણે છે' એવો સ્વભાવ છે. પણ કાર્ય તો હજી પર્યાયમાં થાય છે. સમજાણું કાંઈ ? આહા ! પણ એ પર્યાયમાં કાર્ય ધ્રુવને આશરે થાય છે, પર્યાયને આશરે નહીં. આહા ! અરે, શું થાય ? માણસને પાછાં જાણપણામાં પાછા એમાંય અભિમાન થઈ જાય. માળે અમે આમ જાણીએ છીએ....હજી જેનાથી મળ્યું છે, સાંભળ્યું છે, ઈ એને શું કહેવું તે નહીં ને પોતાની હાંકે રાખે પછી ગાડાં. ઈ જગતને અટકવાનાં સ્થાન એવાં છે અનાદિથી. આહીં તો કહે છે, જ્ઞાનીને જ્ઞાનનાં ભાનમાં એમ કહેવું છે. રાગ—શ્રદ્ધા ક્યાં જાણે છે કે આ રાગ છે ને આ આત્મા છે, એમ જાણે છે ? (શ્રોતા : ભેદજ્ઞાન ક્રમબદ્ધના કારણમાં ભેદજ્ઞાન છે). ભેદજ્ઞાન જ ક્રમબદ્ધમાં કારણ છે. (શ્રોતા : આખા વિકલ્પમાં ભેદવિજ્ઞાન છે).

તે પણ કીધું ને, भेदविज्ञानतः सिद्धाः सिद्धाः ये किल केचन, લ્યો. જેટલા મુક્તિને પામ્યા એ ભેદવિજ્ઞાનથી પામ્યા છે. ત્યાં સમકિતથી પામ્યા, એમ નથી લીધું. (શ્રોતા : બીજે ઠેકાણે સમકિતથી પામ્યા). પણ ઈ તો એમાં સાથે છે ને એ શું ? સમકિત છે. એને શું કહેવાય ?......છે. કર્મધારા હૈ ને. એની સાથે જ્ઞાન છે ઈ જાણે છે. (શ્રોતા : મૂળ મિથ્યાત્વની અપેક્ષાએ) પણ એ તો છતાંય જ્ઞાન છે ઈ એને જાણે છે, એમ કહેવું છે આહીં તો. ત્યાં વિપરીત શ્રદ્ધા છે. વિપરીત શ્રદ્ધા એ કોણ જાણે ? આ એને સવળી શ્રદ્ધા થઈ, એ કોણ જાણે ? પંચાધ્યાયીમાં તો એમ લીધું, 'કોઈ પણ ગુણની વ્યાખ્યા કરતાં જ્ઞાન થયા વિના વ્યાખ્યા થઈ શકશે નહીં.' પંચાધ્યાયીમાં (બીજો ભાગ ગાથા ૩૯૫-૩૯૬) કહ્યું છે. (શ્રોતા : હા બરોબર જાણે કોણ ?) અંદરમાં ખ્યાલમાં આવ્યા વિના ખ્યાલમાં જેને આ શ્રદ્ધા આમ લેવી, ખ્યાલ વિના કોની કથન કરશે ? એય ! પંચાધ્યાયીમાં છે. (શ્રોતા : છે, છે, મૂળ ગાથા બીજા ભાગમાં). માટે જ્ઞાન પ્રધાન છે, એમ કહ્યું ત્યાં. સમજાણું કાંઈ ?

માણસને ક્યાંક અભિમાન થઈ જાય છે પછી જાણે અમે, નહીં, બરાબર અમે. અમે શ્રદ્ધાનાં જોરવાળા છીએ. જ્ઞાનનાં જોરવાળાં શિથિલ છે. એ શિથિલ કહ્યું'તું ને હીરાભાઈના બહેને પ્રશ્ન કર્યો હતો આહીં, ઈ બીજા અર્થથી કર્યો હતો. શું ઓલા આવે છે ને ? 'પુરુષાર્થસિદ્ધિઉપાય'. ઈ બીજી વાત છે. આ બીજી વાત છે. ઈ સિદ્ધાંત તો ફક્ત દ્રવ્ય-ગુણ-પર્યાયનું જાણવું એની વાત છે. આ તો અભેદજ્ઞાન છે આત્માનું 'શુદ્ધનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' જુઓ, શુદ્ધનય તો જ્ઞાન છે. જ્ઞાનનો વિષય તો દ્રવ્ય છે.

એનો વિષય જ્ઞાનનો વિષય જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? એમાં પછી પ્રતીત થઈ સાથે, એ તો સાથે જ છે ભેગી. એય!

(શ્રોતા : નહીં પણ અધ્યાત્મ થોડું લેવું જોઈએ.) ન્યાં ૧૭-૧૮(ગાથા, સમયસાર)માં તો જાણેલાંની શ્રદ્ધા હોય. જાણવામાં આ આત્મા જ્ઞાન નથી, તો જાણેલાંની શ્રદ્ધા કોની? કોની શ્રદ્ધા સસલાનાં શીંગડાની? (શ્રોતા : ઈ ગાથામાં તો ઘણું સ્પષ્ટ છે.) છે, છે, ને ઈ તો એવું તો બધું ઘણે ઠેકાણે. અને શ્રીમદ્ તો ઈ જ કહે છે ઓલા 'દર્શનમોહને હણે કોણ? જ્ઞાન ચારિત્રમોહને હણે કોણ? વીતરાગતા.' એય! જે અપેક્ષાએ જ્યાં જેનું જ્યાં જ્યાં જોર છે ત્યાં તેવું લેવું જોઈએ. દર્શન ઠેકાણે દર્શનનું જોર છે. જ્ઞાન ઠેકાણે (જ્ઞાનનું)....ચારિત્રનું તો અનંતુ જોર છે એનાથી....એનાથી અનંતુ જોર. પુરુષાર્થ જે દર્શન–જ્ઞાનનો છે એના કરતાં ચારિત્રનો પુરુષાર્થ તો અનંતગુણો છે. (શ્રોતા : કરે જ ને સમ્યક્દર્શનની કિંમત શું છે?) છતાં એ પર્યાય છે, એના ઉપર જોર ન દેતાં દ્રવ્ય ઉપર લક્ષ દેતાં ચારિત્ર પ્રગટ થાય છે. કંઈ ચારિત્રનું જોર પર્યાય ઉપર કરવાથી કાંઈ ચારિત્ર પ્રગટ થતું નથી. ભારે આકરું કામ ભારે! આરે! (શ્રોતા : એવો જ પ્રકાર હોય) એવું જ છે.

ચારિત્રનો અનંતો પુરુષાર્થ છે તો ચારિત્રનો પુરુષાર્થ એ તો પર્યાયનો છે. પણ પર્યાયમાં પુરુષાર્થ આવે ક્યારે? ત્રિકાળ દ્રવ્યનાં જ્ઞાનનો જ્યાં અભેદપણું ભાસ્યું, અખંડ આનંદ આ છું. એમાં સ્થિર થયો એટલે ચારિત્ર છે. (શ્રોતા : સમ્યક્દર્શન કારણ છે). સમ્યક્દર્શન, જ્ઞાન બેય કારણ કહ્યું. બંધ અધિકારમાં નહીં? ચારિત્ર નથી કેમ અભવીને? કે સમ્યક્દર્શન–જ્ઞાન બેય નથી કહ્યું. બે નથી. બંધ અધિકારમાં (ગાથા ૨૭૩). (શ્રોતા : એક છે તો બીજો આવી જાય). આવી જ જાય ને ભેગાં છે ને હવે આગળ–પાછળ કે દિ' હતા? બધી અનંતીપર્યાય ભેગી છે.

આહીં કહે છે કે અજ્ઞાનીને રાગમાં એકતા છે. બીજી ગાથામાં નથી આવતું ત્યાં? 'पोग्गलकम्मपदेसट्ठिदं य तं जाण परसमयं'. આવે છે ને ત્યાં. (શ્રોતા : બીજી જ ગાથા). બીજી ગાથા 'जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण' લ્યો, બીજી ગાથામાં જ આવ્યું. ભગવાન આત્મા અનંત-અનંત ગુણનું એકરસ ધ્રુવ એને એકાગ્ર થતાં 'जीवो चरितदंसणणाणठिदो', ત્યાં એની ભાષા એમ લીધી છે. જીવ ધ્રુવમાં ન ઠરતાં, જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ઠરે, એમ લીધું છે. કઈ અપેક્ષા છે એ સમજવું જોઈએ ને. (શ્રોતા : એનો અર્થ કે આત્મામાં ઠરે છે, એવો અર્થ છે) હા, એનો અર્થ ઈ છે. (શ્રોતા : ૧૬મી ગાથામાં સ્પષ્ટ........) પણ ઈ તો એનો અર્થ ઈ ભાષા. રાગમાં ઠરે છે, એમ

ન કરતાં દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ઠરે છે. એનો અર્થ જ કે સ્વનો આશ્રય કરે ત્યારે એમાં ઠરે છે, એમ કહેવાય છે. વહ દૂસરી ગાથા હૈ ઐસા. 'जीवो चरितदंसणणाणठिदो तं हि ससमयं जाण', એને આત્મા જાણ. 'पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं'. જે રાગમાં એકાકાર છે ઈ પુદ્‌ગલમાં એકાકાર છે, એને જાણ પરસમય. કહો સમજાણું કાંઈ?

'अंध भयौ'—જ્ઞાન ન મળે, કહે છે આંહી. ચૈતન્ય સ્વરૂપ રાગથી ભિન્ન છે, એવું જ્યાં ભાન નથી, એવો અજ્ઞાની રાગની ક્રિયામાં આંધળો થઈ ગયો છે. એ રાગની ક્રિયા એ મારી, ઓહોહો! દયા-દાન-વ્રત-તપનાં વિકલ્પ મારાં ને એની ક્રિયાથી મારું કલ્યાણ (એવું માને છે તે) આંધળો થઈ ગયો છે, કહે છે. આકરું પડે હોં આ. (શ્રોતા : સહી બાત) સહી બાત હૈ. જયપુરમાં કૈસી લગેગી? 'ममतासौ बंध–फल लेतु है', લ્યો. (શ્રોતા : તો ય આ નક્કી કરવાનો અનુભવ કરવાનો હોય). આ બાકી રહ્યું છે. વળી આ બધા આવ્યા હતા તો કીધું, બાકી હવે બહાર એવું બધું જવું—આવવું બધું મુશ્કેલ પડે છે. આ વાત જે કાંઈ કહેવી હોય—અંદરથી આવતી હોય એને જરી જોવું પડે જરીક. (શ્રોતા : આમ જોવું પડે). આમ જોવું પડે. કારણ કે હું.....આ જીરવવું. (શ્રોતા : કઠણ......) આહાહા! (શ્રોતા : ઈ તો જેને આવવું હશે એ આહીં આવશે નહીંતર.....) ઈ તો છે ને એને ક્યાં પડી છે આ. 'इसलिए बंध और उसके फलको प्राप्त होता है, લ્યો.

હવે, मिथ्यात्वीके कर्तापनेकी सिद्धि पर कुंभारका दृष्टांत'. છે ને ૨૩ કળશ. એનું ૨૪મું પદ. પોતે આપે છે હોં. (શ્રોતા : હા, ઈ પોતે એનો એનો ખુલાસો આપે છે). ખુલાસો પોતે ઓલા દયા-દાનને પોતે મૂક્યા છે એમાં. ઓલામાં 'ज्ञानिनो ज्ञाननिर्वृताः' (શ્રોતા : ઈ કળશ(ટીકા)માં ખુલાસો કર્યો. કળશનું સ્પષ્ટીકરણ). 'ज्ञानिनो ज्ञाननिर्वृताः'—ધર્મીનાં જ્ઞાનસ્વભાવથી જ્ઞાનીને જ્ઞાનથી બધા ઊપજે ભાવ છે. કહો, રાગદ્વેષ ઉપજે એનું જ્ઞાન થાય એટલે જ્ઞાન ઉપજે છે જ્ઞાનીને, એમ કહે છે. (શ્રોતા : એનું રાગનું જ્ઞાન થાય. રાગ થાય? જ્ઞાનીને રાગ હોય?) 'ज्ञानिनो ज्ञाननिर्वृताः' અર્થમાં તો ઈ લીધું જુઓ, એમાં થોડું હશે બધે. (શ્રોતા : મૂળ વાત ઈ છે) છે ને ક્યાં ગયું?

(શ્રોતા : અજ્ઞાનીને અજ્ઞાન) આણે વળી અર્થ કેવો લીધો છે, જુઓ. કેટલામો કર્તા-કર્મ છે ને? (શ્રોતા : ૬૭ શ્લોક). 'ज्ञानिनो ज्ञाननिर्वृताः' છે જુઓ, ભાષા કેવી આણે કરી છે, જરી આકરી કરી છે. 'સમ્યક્‌દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વ પરિણમ્યું છે તેથી જે કોઈ પરિણામ બુદ્ધિપૂર્વક અનુભવરૂપ છે અથવા વિચારરૂપ છે અથવા વ્રતક્રિયારૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ચારિત્રમોહનાં ઉદય ક્રોધ-માન-માયા-લોભરૂપ છે તે

સઘળાંયે પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે’. ભાષા દેખો. જ્ઞાનજાતિમાં ઘટે છે એનો અર્થ કે એનું જ્ઞાન થાય છે એ એનાં પરિણામ જીવનાં છે. જુઓ, વહ પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે, એ ભાષા છે જુઓ.

જે કંઈ આ બધાં પરિણામ હોં—બુદ્ધિપૂર્વક અનુભવ અથવા વિચારરૂપ, વ્રતક્રિયારૂપ, ભોગાઅભિલાષરૂપ, ચારિત્રમોહનાં ઉદય ક્રોધ-માન-માયા-લોભરૂપ સઘળાંય પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે, ભાષા જુઓ. રાડ નાંખે ઓલો કહે, લે, વિકાર પરિણામ જ્ઞાનજાતિમાં ઘટે છે? સાંભળને હવે! એ વખતે જ્ઞાન થાય છે ઈ વિકારનું જ્ઞાન થાય ઈ પોતાનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? ભાષા આવી છે જુઓ કળશની. (શ્રોતા : ઘણી ગંભીર) હા, ‘જ્ઞાનજાતિમાં ઘટે કેમકે જે કોઈ પરિણામ છે તે સંવર-નિર્જરાનું કારણ છે’ દેખો, પરિણામ એ સંવર-નિર્જરાનું કારણ છે. કેમ કે તે રાગ ને પુણ્યનાં વિકલ્પ આવ્યા, તેનો તે કાળે પોતાથી તે છે માટે જ્ઞાન થયું, એમેય નહીં. પોતાથી તેનું જ્ઞાન—સ્વનું થતાં પર સંબંધીનું પોતાની જાતમાં પોતાને કારણે જ્ઞાન થાય છે, એ જ્ઞાનજાતિનાં પરિણામ છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ! એવો માર્ગ દુનિયામાં (મળવો દુર્લભ).

આ તો પરની દયા પાળી દઈએ ને પરની સેવા કરીએ ને એનાથી ધર્મ થાય. ધૂળેય ધર્મ નથી. સેવા કરી કોણ શકે પરની? તારો ભાવ હોય એ રાગ છે. પણ રાગમાં એકતાબુદ્ધિ અને લાભબુદ્ધિ છે, તે મિથ્યાત્ભાવ (છે.) અજ્ઞાનજાતિનાં બધા ભાવ છે, એમ કહે છે. આની સામે લેવું છે હોં. સમજાણું? જુઓ એણે એમ લખ્યું છે હોં જુઓ, પાછળ લખ્યું છે....અનુભવ રૂપ તો હોતા જ નથી. સૂત્ર સિદ્ધાંતનાં પાઠરૂપ....ભાવ અજ્ઞાનીનો સૂત્ર સિદ્ધાંતનો વિકલ્પ પાઠરૂપ ભાવ, વ્રત—તપસ્યાનો ભાવ, દાન-પૂજા-દયા-શીલરૂપ, ભોગાભિલાષરૂપ અથવા ક્રોધ-માન-માયારૂપ આવાં સઘળાં પરિણામ અજ્ઞાનજાતિનાં છે. જ્ઞાનીને જ્ઞાનજાતિનાં પરિણામ, અજ્ઞાનીને અજ્ઞાનજાતિનાં પરિણામ—આટલો અર્થ મૂક્યો. આહા! પંડિતજી.

(શ્રોતા : ક્યા કહના હૈ?) આ ચાલતે હૈં કળશ. બહુ મૂક્યું ૨૨. બાવીસ ચાલતે હૈં ને ૨૨મો ઉસકા અર્થ હૈ. આહાહા! સમજાય છે કાંઈ? જ્ઞાનજાતિનાં ને અજ્ઞાનજાતિનાં એટલે શું? કે આત્માનું સ્વસન્મુખનાં જ્ઞાનનાં ભાનમાં જેટલા વિકલ્પો આવે એ સંબંધીનું જ્ઞાન તે ક્ષણે પોતાથી ઉપજતું, એ જ્ઞાનજાતિનાં પરિણામ છે એમાં. એ એમાં ઉપજ્યાં જ નથી. દયા-દાન-વિકલ્પ જ્ઞાનીને થયાં જ નથી, એમ કહે છે. એને થયાં છે, એમ કહેવું એય નથી, ઈ વાત ખોટી છે. જ્ઞાનની જાતિનાં થયાં છે એને, એમ કહે છે મૂળ તો. શું કહ્યું હવે ફરીને. આહાહા!

આત્મા આનંદ ને જ્ઞાનસ્વભાવી છે, એવું જ્યાં અંતરમાં રાગનાં વિકલ્પથી ખસીને નિર્વિકલ્પ ચૈતન્યની ધ્રુવતાનું ભાન—જ્ઞાન થયું. કહે છે કે એ જ્ઞાનનાં કાળમાં ત્યાં પુણ્ય ને પાપ દયા-દાન-વિષય રાગ આદિની વાસના હો, પણ તે કાળે તેને પોતાને જાણે છે અને એને જાણવાનો એની છે હયાતિ માટે જાણવાની નહીં, પણ જ્ઞાનની જાતિનાં જ પરિણામ એનામાં થાય એ સંબંધીનાં, તેથી તેને તે પરિણામથી નિર્જરા છે. જ્ઞાનજાતિનાં પરિણામ છે, અજ્ઞાનજાતિનાં નહીં. આહાહા!

એ રાગ આદિ જ્ઞાનજાતિનાં નહીં હોં. રાગ આદિનું પોતામાં પોતાના આશ્રયે સ્વ-પર પ્રકાશક જ્ઞાનનો પર્યાય થયો, તે જ પ્રકાર રાગ તે પ્રકારે જ્ઞાન, જેવો દ્વેષ તે પ્રકારે જ્ઞાન, વિષયવાસના તે પ્રકારે જ્ઞાન, પણ તે પ્રકાર જ્ઞાનજાતિનું એ જ્ઞાન છે. એને લઈને જ્ઞાન છે અને એનું જ્ઞાન છે, એમ છે નહીં. (શ્રોતા : જીવ તો જ્ઞાતાદૃષ્ટા હૈ). જ્ઞાતા-દૃષ્ટા પણ એનું તો આ કારણે છે, એમ સમજાય છે કાંઈ? ભારે! અને અજ્ઞાનીને અજ્ઞાનજાતિનાં એટલે કે એની દૃષ્ટિ જ પુણ્ય ને પાપનાં વિકલ્પો વાસનાભોગ આદિ કે શુભ આદિ—એમાં જે પડી છે એ બધી અજ્ઞાનજાત છે એ બધી, એ આત્માનાં જ્ઞાનની જાત છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? બહુ આમાં તો પુરુષાર્થ માંગે છે. આહા! એમ ને એમ થઈ જાય એવું નથી.

હવે ૨૩મો કળશ.

**अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाः।**
**द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्॥२३॥**

આહા! દાખલો આપીને પછી ત્યાં દૃષ્ટાંત કહ્યું.

મિથ્યાત્વીના કર્તાપણાની સિદ્ધિ પર કુંભારનું દૃષ્ટાંત

(છપ્પા)

**ज्यौं माटीमैं कलस होनेकी, सकति रहै ध्रुव।**
**दंड चक्र चीवर कुलाल, बाहजि निमित्त हुव॥**
**त्यौं पुद्गल परवांनु, पुंज वरगना भेस धरि।**
**ग्यानावरनादिक स्वरूप, विचरंत विविध परि॥**
**बाहजि निमित्त बहिरातमा,**
**गहि संसै अग्यानमति।**
**जगमांहि अहंकृत भावसौं,**
**करमरूप ह्वै परिनमति॥२४॥**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—કલસ=ઘડો. સકતિ=શક્તિ. ચક્ર=ચાકડો. ચીવર=દોરી. કુલાલ=કુંભાર. બાહિજ=બાહ્ય. પુંજ=સમુદાય. પરવાંનુ=પરમાણુ. વરગના=વર્ગણા. ભેસ=રૂપ. વિચરંત=ભ્રમણ કરે છે. વિવિધ=જુદા જુદા. ગહિ=ધારણ કરીને. બહિરાતમા=મિથ્યાદષ્ટિ. અહંકૃત=મમત્વ.

**અર્થ :—જેવી રીતે માટીમાં ઘડારૂપ થવાની શક્તિ સદા મોજૂદ રહે છે અને દંડ, ચક્ર, દોરી, કુંભાર વગેરે બાહ્ય નિમિત્ત છે, તેવી જ રીતે લોકમાં પુદ્‌ગલ પરમાણુઓના દળ કર્મવર્ગણારૂપ થઈને જ્ઞાનાવરણીય વગેરે જાતજાતની અવસ્થાઓમાં ભ્રમણ કરે છે, તેને મિથ્યાદષ્ટિ જીવ બાહ્ય નિમિત્ત છે. જે સંશય આદિથી અજ્ઞાની હોય છે, તેને શરીર આદિમાં અહંબુદ્ધિ હોવાથી તે પુદ્‌ગલપિંડ કર્મરૂપ થઈ જાય છે. ૨૪.**

**अर्थ :–जिस प्रकार मिट्टीमें घटरूप होनेकी शक्ति सदा मौजूद रहती है और दंड, चाक, धागा, कुंभकार आदि बाह्य निमित्त हैं, उसी प्रकार लोकमें पुद्गलपरमाणुओंके दल कर्मवर्गणारूप होकर ज्ञानावरणीय आदि भाँति-भाँतिकी अवस्थाओंमें भ्रमण करते हैं, उन्हें मिथ्यादृष्टि जीव बाह्य निमित्त है। जो संशय आदिसे अज्ञानी होता है, सो शरीर आदिमें अहंकार होनेसे वे पुद्गलपिंड कर्मरूप हो जाते हैं।।२४।।**

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ઓહોહો! જુઓ. માટીમાં કળશ હોવાની શક્તિ ધ્રુવ રહે છે. ધ્રુવ એટલે કાયમ નહીં, પણ તે પ્રમાણે તે પર્યાયમાં શક્તિ થવાની તે સમય ઘટની યોગ્યતા છે એમાં માટે. એ સમયે ઘટ થવાની જ ધ્રુવતા—નિત્યતા છે, એમ કહે છે, નિશ્ચિતતા. સમજાય છે કાંઈ? માટીમાં તે સમયે ઘટ થવાની જ નિશ્ચિતતા છે. એ માટીને કારણે ઘટ થાય છે, કુંભારને કારણે નહીં. આરે ભારે! 'माटीमैं कलश होनेकी सकति रहे ध्रुव'—સદાય મોજૂદ રહેતી હૈ, એમ છે. પણ એનો અર્થ એ સમયે પર્યાય થવાનો એનો કાળ છે. નિશ્ચય છે એનો એ કાળ છે. માટીમાં પર્યાય ઘટની થવાની એનો નિશ્ચય કાળ છે. ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ છે ઈ.

ઓલામાં ધ્રુવ નથી લીધું—કર્તા કર્મમાં. પ્રાપ્ય, વિકાર ને નિર્વત્ય. ત્યાં આપણે લગાવ્યું હતું ધ્રુવ. ઉત્પાદ વ્યય અને ધ્રુવ. પ્રાપ્ય નામ એ જ સમયે તે પરિણામ છે, એ ધ્રુવ છે. ૭૬, ૭૭ ને ૭૮માં. આહીં પણ એ માટીનો તે સમયનો જ પ્રાપ્ત છે, ધ્રુવ છે. (શ્રોતા : પર્યાયમાં છે). હા, પર્યાયમાં છે. પર્યાય એટલે તે સમયે તે જ છે, એમ. આહાહા! સમજાણું કાંઈ? આ બધા કળશો કરવા ને ભરવાનું કહે છે એ સમયની પર્યાય થવાની ત્યારે થાશે, એમ કહે છે. 'दंड चक्र चीवर'—વસ્ત્ર, દોરો, 'कुलाल बाहजि निमित्तहुव', લ્યો. એ તો બાહ્ય નિમિત્ત છે. કુલાલ એટલે કુંભાર. બાહ્ય નિમિત્ત છે પણ

નિમિત છે, માટે આહીં આ પર્યાય થાય છે, એમ નથી. સમજાણું કાંઈ?

'त्यौं पुद्‌गल परवांनु, पुंज वरगना भेज धरि'. તે તે કાળે તે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીયની પર્યાયનાં ભેખ થવાનો એનો કાળ છે, ત્યારે ભેખ એમાં જ થાય છે. રૂપ-રૂપ, ભેખ એટલે. લખ્યું છે એમાં. જ્ઞાનાવરણીયરૂપે, દર્શનાવરણીયરૂપે એ પર્યાય તે કાળે તે પરમાણુઓમાં તે ધ્રુવ થવાની–પ્રાપ્ત થવાની શક્તિ છે. 'ग्यानावरनादिक स्वरूप, विचरंत विविध परि'. એ જ્ઞાન આદિ આઠે કર્મ હોં. 'विचरंत विविध परै'—વિવિધ પ્રકારની પર્યાયમાં એ પ્રમાણે પરિણમન છે. 'बाहजि निमित्त बहिरातमा'. જુઓ, આહીં ખૂબી. એ કર્મબંધનનાં પરમાણુની પર્યાય ઉપાદાન ને એનાથી થાય, પણ બાહ્ય નિમિત્ત અજ્ઞાની છે. જ્ઞાની કર્મની પર્યાયમાં બાહ્ય નિમિત્ત છે નહીં. એને કર્મબંધન જ નથી, એમ સિદ્ધ કરવું છે આ. સમજાણું કાંઈ?

'बाहजि निमित्त बहिरातमा, गहि संसै अग्यानमति'—એને સંશય થાય છે કે આ રાગ હું છું, આ પુણ્ય હું છું, આ હું છું. એવો સ્વભાવને ભૂલી અને સંશય–ત્રણે બોલ છે ને આમ–સંશય આદિ થાય. સમજાય છે? સંશય, વિમોહ, વિભ્રમ. પેલામાં અર્થમાં નાખ્યા ને અર્થની સામે નાંખ્યાં ટીકામાં. હવે અર્થ કરશે એમાં. શું કહ્યું? પરમાણુઓમાં તે સમયે કર્મ થવાની જે પર્યાય–લાયકાત છે તે નિશ્ચય છે, એને કારણે થાય. એમાં બાહ્ય નિમિત્ત કોણ? અજ્ઞાની. આ તો કર્મની વાત છે ને મુખ્ય. અજ્ઞાનીનાં પરિણામ તે બાહ્ય નિમિત્ત છે. જ્ઞાનીનાં પરિણામ કર્મબંધનનું એને છે નહીં, માટે એને બાહ્યનિમિત્ત પણ જ્ઞાની છે (નહીં). એની વિશેષ વાત આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૪૬, ફાગણ વદ ૫, બુધવાર, તા. ૧૭-૩-૧૯૭૧
## કર્તા–કર્મ ક્રિયાદ્વાર પદ ૨૫–૨૬ ઉપર પ્રવચન

કર્મ બાહ્ય નિમિત્ત છે અને કર્મરૂપ બાહ્ય પર્યાય થાય, એમાં બહિરાત્મા બાહ્ય નિમિત્ત છે; મિથ્યાદૃષ્ટિનું નિમિત્ત છે. 'બાહ્યમાં' શબ્દ પડ્યો છે. કાલ આવ્યું ને....બે ઠેકાણે છે, બે છે. કુંભ–ઘડામાં ઘડા આદિમાં અને કર્મમાં નિમિત્ત શબ્દ બાહ્ય નિમિત્ત છે. હવે, जीवको अकर्ता मानकर आत्मध्यान करनेकी महिमा

य एव मुक्त्वा नयपक्षपातं स्वरूपगुप्ता निवसन्ति नित्यम्
विकल्पजालच्युतशान्तचित्तास्त एव साक्षादमृतं पिबन्ति।।२४।।

એ શ્લોક છે એનું પદ્ય છે પદ.

જીવને અકર્તા માનીને આત્મધ્યાન કરવાનો મહિમા.

(સવૈયા તેવીસા)

जे न करैं नयपच्छ विवाद,
धरैं न विखाद अलिक न भाखैं।
जे उदवेग तजैं घट अंतर,
सीतल भाव निरंतर राखैं।।
जे न गुनी-गुन-भेद विचारत,
आकुलता मनकी सब नाखैं।
ते जगमैं धरि आतम ध्यान,
अखंडित ग्यान-सुधारस चाखैं।।२५।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—** વિવાદ=ઝગડો. વિખાદ(વિષાદ)=ખેદ. અલીક=જૂઠ. ઉદ્વેગ=ચિંતા. સીતલ(શીતલ)=શાન્ત. નાખૈં=છોડે. અખંડિત=પૂર્ણ.

**અર્થ :—** જે નયવાદના ઝગડાથી રહિત છે, અસત્ય, ખેદ, ચિન્તા, આકુળતા આદિને હૃદયમાંથી દૂર કરે છે અને હમેશાં શાન્તભાવ રાખે છે, ગુણ–ગુણીના ભેદ–વિકલ્પ પણ નથી કરતા, તેઓ સંસારમાં આત્મધ્યાન ધારણ કરીને પૂર્ણ જ્ઞાનામૃતનો સ્વાદ લે છે. ૨૫

**अर्थ** :–जो नयवादके झगड़ेसे रहित हैं, असत्य, खेद, चिंता, आकुलता आदिको हृदयसे हटा देते हैं और हमेशा शांतभाव रखते हैं, गुण-गुणीके भेदविकल्प भी नहीं करते, वे संसारमें आत्मध्यान धारण करके पूर्ण ज्ञानामृतका स्वाद लेते हैं।।२५।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? 'जे न करैं नयपच्छ'. આત્મા શુદ્ધ આનંદસાગર આત્મા અબંધ સ્વરૂપ, એને નિશ્ચયથી તે આત્મા પોતાના સ્વભાવની અપેક્ષાએ અબદ્ધ છે અને કર્મના સંબંધના નિમિત્તમાં તે બંધ કહેવામાં (આવે છે), તે વ્યવહારનયનો વિષય છે. પહેલું સમજવા માટે આ પ્રમાણે સમજે. ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતનો ભંડાર આત્મા છે. એવો અતીન્દ્રિય અમૃત સ્વરૂપ છું, કર્મ અને રાગના સંબંધ વિનાનો છું. એ પણ એક વસ્તુ તરીકે જ્ઞાનમાં નિશ્ચયના સ્વાશ્રયની અપેક્ષાએ બરાબર છે. પણ એ એક વિકલ્પ છે. બીજા વિકલ્પ તો ક્યાંય રહ્યા. પણ 'હું એક અબદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું.' એવો જે નય નામ નિશ્ચય સ્વાશ્રિત પક્ષનો વિકલ્પ અને 'બદ્ધ સહિત છું' કર્મનો સંબંધ નિમિત્ત તરીકે બાહ્ય છે, એવા સંબંધસહિત એવો પણ એક વ્યવહારનયનો પરાશ્રિત લક્ષવાળો એક વિકલ્પ રાગ છે.

'जे न करैं नय पच्छ विवाद'. એ નયપક્ષ ન કરે, 'હું અબદ્ધ છું કે બદ્ધ છું', જુઓ. વિવાદ ન કરે, ઝગડા. ભગવાન આત્મા આનંદનો અતીન્દ્રિય સાગર સર્વજ્ઞ પરમેશ્વરે પ્રગટ કર્યો, એવો જ આ આત્મા છે. 'धरे न विखाद' વિષાદ—ખેદ ન કરે. 'અરે! આ આમ થયું ને તેમ થયું ને ચાર ગતિમાં રખડું છું', ખેદ શું? સમજાણું કાંઈ? 'धरे न विखाद अलीक न भाखै'. જુઠું ન બોલે, વસ્તુ તરીકે તો અબદ્ધ છે, નિમિત્ત તરીકે વ્યવહારથી બદ્ધ છે, એમ એણે જાણવું જોઈએ. સમજાણું કાંઈ? નયવાદના ઝગડાથી રહિત છે અને 'विखाद अलीक न भाखै'. જૂઠું ન બોલે. જેવું સત્યસ્વરૂપ ભગવાને કહ્યું છે, એવું પોતે જાણે અને કહે. સમજાણું કાંઈ?

'जे उदवेग तजै घट अंतर'. આ અનાદિની જે આકુળતા છે. એ 'આત્મા શુદ્ધ છું, અબદ્ધ છું', એવો જે વિકલ્પ એ પણ આ આકુળતા છે. સમજાય છે કાંઈ? આકુળતા હૈ, એ રાગ હૈ. દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ એ ભાવ પણ આકુળતા છે, દુઃખ છે. દુઃખથી કંટાળીને આ નરક અને નિગોદના દુઃખ છે માટે, એમ નહીં. અંદરના વિકલ્પની વૃત્તિઓ ઉઠે છે, એ પોતે દુઃખ છે. આહા! સમજાય છે કાંઈ? વ્રત પાળવા, ભક્તિ, પૂજા આદિ કે હિંસા, જૂઠું આદિ વિકલ્પો એ તો દુઃખ છે જ. પણ અહીંયા આત્મા 'હું એક શુદ્ધ છું.' એવા પક્ષમાં મનના સંદેહ—એ વિકલ્પ ઉઠે, કહે છે, એ પણ ખેદ, દુઃખ છે. (શ્રોતા : સંદેહ ન ઉઠે તો ?) સંદેહ કોણે કહ્યું? વિકલ્પ ઉઠે, એમ કહે છે. 'હું એક શુદ્ધ

છું, ચૈતન્ય સ્વભાવે પરમેશ્વરે કહ્યો એવો હું પવિત્ર આનંદ છું.' એવો પણ (વિકલ્પ) એ પણ એક રાગની દૃષ્ટિ ઉઠે છે, એ પણ ખેદ અને આકુળતા છે.

'जे उदवेग तजैं घट अंतर' 'असत्य, खेद, चिंता, आकुलता आदि हृदयसे हटा देते हैं'. ઘણું ધીરજનું કામ છે. જેને હિત કરવું હોય, જેને ધર્મ કરવો હોય, તેની વાત છે. એ ધર્મ કાંઈ બાહ્યથી થતો નથી. અનંતકાળના આકુળતાના દુઃખો ચાર ગતિના, એ આકુળતાને છોડે. પણ અહીંયા તો કહે છે, વસ્તુ તરફના બે પક્ષ જે છે, એ વિકલ્પને પણ છોડે. (શ્રોતા : વહ દો પક્ષ ક્યા ક્યા હૈ?) નિશ્ચય-વ્યવહાર, કહ્યું ને. અબદ્ધ મૈં હું ઔર બદ્ધ હું' વહ દો પક્ષ. અબદ્ધ હૈ, પર ઉસકા વિકલ્પ હૈ, ઉસ વિકલ્પમેં આકુળતા હૈ. (શ્રોતા :....વિચારેય નહીં). હાં, મૈં શુદ્ધ હું, અભેદ હું, જ્ઞાયક હું, એ પણ મનના સંદેહ ઉઠતો વિકલ્પ છે, રાગ છે અને રાગનો જ્યાં સુધી કર્તા થાય અને એ રાગનું કર્તવ્ય મારું છે. ત્યાં સુધી શાંતિ નથી, આકુળતા ને દુઃખી છે. ઝીણી વાત છે! આકરું કામ છે! માણસને અંતર ધર્મ, પરમેશ્વરે તીર્થંકરે કહ્યો એ હોં, બીજે તો એ વાત છે જ નહીં. અહો! ચોરાસીની ગતિ ચાર, ચાહે તો સ્વર્ગ હો કે નરક હો, મનુષ્ય હો કે તિર્યંચ હો, શેઠાઈ હો કે રાંકાઈ હો, બધી દુઃખની દશા છે.

(શ્રોતા : શેઠાઈને તો બાદ કરવી પડે.) શેઠાઈ તો આવી જ ગઈ.... એય! મલુકચંદભાઈ! કો'ક કહેતુ'તું ન્યાલભાઈને, એને આખો દિ' ત્યાં, આહાહા! આકુળતા આકુળતા હોય. પૈસા ઘણા થઈ ગયા એટલે આકુળતા થાય. કોણ કોઈ કહેતું'તું? કહેતું'તું આંહી? (શ્રોતા :...... ખબર ન પડે) ખબર ન પડે, આ બધી આકુળતા વધી ગઈ. એય! જુઓને....નવરો થાતો નથી. ત્યાં દુઃખી હશે કેટલો બધો? એ કો'ક કહેતું'તું..... મોટા-મોટા માણસમાં જાવું. આપણા માણસ જાય કાઠિયાવાડથી.... જુઓને, એના બાપને આવું થયું તોય આવવા નવરો થતો નથી. એ કોક કહેતું'તું, એને આકુળતા બહુ. આંહી જાવું, આહીં જાવું, અથડાવું, મોટા—મોટા માણસોમાં જાવું. આપણા માણસ જાય કાઠિયાવાડથી તો ઘરે રાખે, મહેમાન, સ્વીત્ઝર્લેન્ડ. બે કરોડ રૂપિયા. દીકરો એકેય નથી. એક જ દિકરી છે. એને માટે આમથી આમ ગોતાગોત કરે. એ આકુળતા છે કે નહીં? લ્યોને. ક્યાં સુખ છે અંદરમાં? આહાહા!

એ નિર્ધન હો કે સધન હો, સ્વર્ગ હો કે નરક હો, બહારની અનંત અનુકૂળતા હો કે પ્રતિકૂળતા હો, પણ બધી ચીજો ઉપર લક્ષ જતાં એ આકુળતા જ છે. આહીં તો અંતરમાં ઉતરવાની વાત કરતા વાત કરે છે. ભાઈ! તને ભગવાને કહ્યો આત્મા, વસ્તુ તરીકે આનંદનો કંદ પ્રભુ અતીન્દ્રિય અમૃતના રસનો સાગર પ્રભુ આત્મા છે. પણ એવો પણ મન સાથે વિકલ્પ એ....ભાષા તો એવી લેશે ત્યાં....આગળ લેશે પછી. એ અનાદિ

એ પ્રમાણે કર્યા કરે છે, બેય પક્ષ. આહાહા! સમજાણું કાંઈ? ત્યાંય પણ અટક્યો છે, એમ કહે છે.

'सीतल भाव निरंतर राखै', દેખો. આહાહા! બેય પક્ષનો વિકલ્પ છોડી ચૈતન્ય આનંદનો ધામ અમૃત સ્વરૂપ પ્રભુ, એનો અનુભવ કરે, એના સન્મુખની અનુભવ દશા કરે, તો શાંત ભાવ નિરંતર રહે. આહાહા! 'जे उदवेग तजै घट अंतर, सीतल भाव निरंतर राखै'. એ તો ઠીક પણ હવે કહે છે, 'जे न गुनी–गुन भेद विचारत'. આહાહા! દેખો, આત્મા વસ્તુ છું હું અને એના ગુણો છે અનંત જ્ઞાન અને આનંદ આદિ. એવા ગુણી અને ગુણનો વિચાર પણ વિકલ્પ છે, ભેદ કરીને વિકલ્પ છે. આવો માર્ગ છે ભાઈ! એમ સમજણમાં પહેલો લેવો જોઈએ. અનાદિ જન્મ મરણના દુઃખો આકુળતાના, એ એને ભાન નથી. અગ્નિમાં સળગે છે એનું ભાન નથી એને. સમજાણું કાંઈ?

દાખલો આપ્યો હતો ને એક કંદોઈનો નહીં? અમારે ચુડા, ચુડામાં કંદોઈ હતાં. એના છોકરાઓ આવ્યા હતા. મોહનભાઈના છોકરા આવ્યા'તા. મળ્યા'તા? ...પાલીતાણા ગ્યા'તાને.....કુંવરજીભાઈના ભાઈના દીકરા છીએ. હા, મોહનભાઈ, મોહનભાઈને ઓળખીએ...... આવ્યા'તા. આવે તો ઘણા પણ આ વાત સાંભળતા કેમ નથી? મોં માથું હાથ આવે નહીં. શું કરવું આમાં? (શ્રોતા : સંપ્રદાયમાં....) પણ સંપ્રદાય છે ક્યાં આત્મામાં? 'સ્થાનકવાસી છું કે દેરાવાસી છું કે દિગંબર છું', એ વસ્તુમાં ક્યાં છે?

આહીં તો ત્યાં સુધી ભગવાન તો કહે છે કે ભાઈ! જેવો છો તેવો છો આનંદ અને શુદ્ધ ચૈતન્ય પદાર્થ. પણ એ વસ્તુ અને વસ્તુમાં રહેલા છે ગુણો, એવો વિચાર કરીશ તો પણ ગુણીમાંથી ગુણ છે અને ગુણ ગુણીને આધારે છે ગુણીને, એ પણ એક વિકલ્પ છે, રાગ છે, આકુળતા છે. વિકલ્પમાં રહી શાસ્ત્ર તું ભણ્યો, દયા, દાન, ભક્તિ વ્રત, પૂજા અનંત વાર કર્યા. ભાઈ! પણ તારું સ્વરૂપ અંદર શાંત...શાંત...શાંત...જેમાં રાગની વૃત્તિ ઉઠે એ ભઠ્ઠી અગ્નિ છે. ભઠ્ઠીનો તો ખ્યાલ હતો પણ ઓલું ખ્યાલ નહોતું. નિહાલચંદભાઈ, શુભ વૃત્તિને ભયંકર દુઃખ કહે છે. વાંચેલુ ખરૂં પણ ખ્યાલ નહીં પછી જોયું, ૩૧૨ પ્રશ્ન છે ૩૧૨ (દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ). શુભ વૃત્તિ ભયંકર દુઃખ છે. દુઃખ છે એટલે ભયંકર છે અને ભયને કરનારો તે દુઃખ. આવ્યા હતા ને શેઠીયા તરફથી બે જણા.

ભાઈ! બાપુ, શાંત શાંત અકષાય સ્વભાવનો પિંડ પ્રભુ છે. એમાંથી વિકલ્પ ઉઠે શુભ, તે દુઃખ છે, આકુળતા છે, અશાંતિ છે, ઝેર છે. સમજાણું કાંઈ? મોક્ષ અધિકારમાં કહ્યું નથી? વિષકુંભ છે, શુભભાવ બધા ઝેરના ઘડા છે. ગજબ વાત છે! આહા! સમજાણું કાંઈ? જેને આત્માની શાંતિ જોઈતી હોય ધર્મ, એને તો આ પુણ્યના વિકલ્પો

તો દુઃખરૂપ છે. એની રુચિ છોડવી પડશે. પણ આંહી તો ગુણગુણીના ભેદનો વિચાર પણ છોડવો પડશે. આહાહા! ભારે ભાઈ! નથી સાંભળ્યું એને તો એવું લાગે ને આ. આ કેવો આ ધર્મની વાત કરે છે? આવો કેવો ધર્મ વીતરાગનો? બાપુ, માર્ગ વીતરાગનો એજ તારો આવો છે. તું વીતરાગ સ્વરૂપ જ છો. આહાહા! વીતરાગતા પ્રગટ થઈ એ ક્યાંથી આવી? કાંઈ બહારથી આવે છે?

અંતરમાં વીતરાગ સ્વરૂપ છો ભગવાન! તારું સ્વરૂપ શાંત..શાંત..અનાકુળ આનંદનું ધામ શીતળ..શીતળ..જેમ બરફની પાટ મૂકી હોય છે ને મુંબઈમાં જુઓને મોટી મોટી પાટું ૧૦–૧૦, ૨૦–૨૦ મણની. આમ જઈએ ને તો.....પણ એ તો રૂપી જડ ઠંડી છે. આ ભગવાનઆત્મા શરીર પ્રમાણે અરૂપી શાંતરસની શીતળતા જ છે. સમજાણું કાંઈ? વિશ્વાસ નથી હજી એને. મારી ચીજ શું છે અને સાક્ષાત મૌજૂદ તત્ત્વ પડ્યું છે. રાગ અને સંબંધ વિનાનું તત્ત્વ પડ્યું છે. સમજાણું કાંઈ? જેનાથી સિદ્ધપદ પ્રાપ્તિ થાય અને એ સિદ્ધપદ ઉત્પન્ન થયું, એ થયું અનંતકાળ રહે અને અનંતકાળના દુઃખનો નાશ થાય. એ માર્ગ તો કાંઈ અલૌકિક હોય ને ભાઈ! સમજાણું કાંઈ? સાંભળવા મળે નહીં એ વિચારે કે દિ' ને બેસે કે દિ' એમ રુચિ કરે કે દિ'? ભડકે પહેલા. આહાહા!

બાપુ! તારા ઘરની વાત છે ભાઈ. પરમેશ્વર ત્રિલોકનાથ તારી શાંતિને યાદ કરવાનું કહે છે ને અશાંતિને ભૂલવાનું કહે છે. પંડિતજી! ધમાલ થતી હોય, બહારમાં ૫–૧૦ લાખ ખર્ચે, મોટા ગજરથ કાઢે. દસ-દસ હજાર, વીસ-વીસ હજાર માણસ ભેગા થયા હોય અને ઝંડા મોટા, શું કહેવાય? ધજાઓ મોટી. 'ઝંડા હમારા રહે ઉંચા, ઝંડા હમારા રહે ઉંચા.' આહાહા! આ ધર્મ ખરો! એ ઝંડો નહીં. મારો આત્મા આનંદ સ્વરૂપ છે, એ વિકલ્પથી ઝંડા હમારા ઉંચા રહે હમારા, આત્મા...આત્મા...આત્મા. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત છે. 'પનારે જ પડતી નથી' ભાઈ કહેતા હતા ને કાલ. વાત તો એવી છે. ઝીણી છે ને ભાઈ! આહાહા!

અરે, ભગવાન! તારો ઘરનો આશરો તું જ છે અને ઘરના અને બહારના નીકળી જાય એ શું ચીજ છે, એ તને ખબર નથી. અરે! ધુળ–બુળ તો ક્યાંય રહી ગઈ. એ પોપટભાઈ! સાધારણ માણસને તો પોપટભાઈ જેવાને દેખીને તો એમ થઈ જાય. જુઓ, એક કહે કે ૫ કરોડ રૂપિયા છે. એક જણો વળી કહે, ૧૦ કરોડ રૂપિયા છે. ભઈ જે હોય તે. આંકડો આવો મોટો બોલીને શું કામ છે તારે? એ હિંમતભાઈ! પણ હિંમતભાઈને પહેલા હતા તેનાથી વધ્યા છે. વાત સાચી છે, એમ ભાઈ બોલ્યા, તમારા મિત્ર. એ ઠીક છે. આ તો ૫૦–૬૦ લાખ હોય તો લોકો ૫ કરોડ કહે છે. એને બિચારાને સાધારણ માણસને લાગે, આહાહા! ૫૦–૬૦ લાખ કોને કહેવાય?

દુનિયાને શું બિચારાને! અરે એ હોય પણ એ ચીજ તો જડ છે. એ જડ તારામાં નથી, તું જડમાં નથી. આહીં તો કહે છે કે જે વિકલ્પ ઉઠે, એમાં પણ તું નથી. આહાહા. બાપુ! તારી હયાતી—સત્તાની તને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા! કાંઈ દયા ને વ્રત ને તપ કરે તો એમ માને કે આપણે કાંઈ ધર્મ કર્યો. અરે! ધૂળેય નથી સાંભળને! એ તો બધાં રાગના તણખા ઉડે છે અંદરમાં. આહાહા! (શ્રોતા : ગુણ-ગુણીકા વિકલ્પ....) યે ભી દુ:ખ હૈ, એમ કહતે હૈ. એવો વીતરાગ માર્ગ પરમેશ્વરે સમવસરણના મધ્યમાં, ઈન્દ્રોની સમક્ષમાં પરમાત્મા એમ કહેતા હતા, એ ભગવાન સીમંધર સ્વામી અત્યારે કહે છે. સીમંધર ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. ઈન્દ્રો મોટા અધોલોકના સ્વામી એની સમક્ષ (વાણી સાંભળવા બેસે), બત્રીસ-બત્રીસ હજાર જેને ઘેર વિમાન અસંખ્ય દેવના સ્વામી. ભાઈ! એ ચીજ તો તારી નહિ, એમાં તું નહી, તું છો ત્યાં તે નહીં. આહાહા! ભગવાન! આહીં તો કહે છે, પ્રભુ, સાંભળને ભાઈ! ભગવાન તરીકે જ બોલાવ્યો છે આત્માને. સમજાણું કાંઈ?

'सीतल भाव निरंतर राखै', નિરંતર રાખે, જુઓ. કોઈ વખતે પણ વિકલ્પ મારો છે, એમ એ અનુભવમાં લે નહીં. સમજાણું કાંઈ? 'जे न गुनी–गुन भेद विचारत, आकुलता मनकी सब नाखै'. દેખો, એ મનનો સંગ છે, કહે છે. આ હું ગુણી છું આત્મા. ગુણી એટલે એ ગુણી કહેવાય છે દાણાની, ઈ નહીં હોં. દાણા ભરેલા હોય ને ગુણી-ગુણી(માં). કેટલી ગુણી લાવ્યા? પાંચ—છ હજાર ગુણી હોય છે ને આ ચોખાની ને મગની, શું કહેવાય? કેસરના ડબ્બા લાખો મણના કેસરના ડબ્બા. મોટા કેસરના વેપારી મુંબઈમાં હોય છે ને લાખો રૂપિયાના કેસરના, દસ-દસ લાખના કેસર પડ્યા હોય ગોદામમાં. એ ગુણી છે આખી, એ ગુણી હશે? ભગવાન અનંત ગુણનો ધરનાર ગુણી છે. એ ગુણીમાં ગુણ ભર્યા છે. ઓલી ગુણીમાં ચોખાને દાળ ભર્યા હોય. સમજાણું કાંઈ? આહાહા! ગુણી આત્મા એટલે દ્રવ્ય—વસ્તુ હું અને જેમાં અનંતા ગુણો નામ શક્તિ પડી છે, એવો ભેદ પણ લક્ષમાં લેતા રાગ થાય છે, ભાઈ! એ રાગનો તણખો ઉડે છે. આહાહા! પ્રકાશદાસજી! જુઓ આ માર્ગ ઐસા! આહાહા!

અરે! ઝઘડા ને વાદવિવાદ.....હે પ્રભુ! ભગવાન સાથે વાદવિવાદ હોય? તું ભગવાન છો ભાઈ! શીતળતાથી ભરેલો વિકલ્પને તોડીને શાંતિ પૂર્ણ પ્રાપ્ત કર, એવું તારું સ્વરૂપ છે. આહાહા! એને આંહી તકરારું બહારની. ચશ્માથી દેખાય અને ફલાણાથી આ થાય. આપણે બાહ્ય નિમિત્તનું બહુ આવ્યું. ભાઈ! હમણાં આમાં જ આવ્યું, બેયમાં. રોટલી—બોટલી થાય એમાં સ્ત્રી બાહ્યનિમિત્ત, ઘડો થાય એમાં કુંભાર બાહ્ય નિમિત્ત, વણકર કપડું વણે એમાં વણકર બાહ્ય નિમિત્ત. આહાહા! પંડિતજી! એ

તો એને કાળે થાય એમાં બીજી ચીજ બાહ્યની ઉપસ્થિતિવાળાને બાહ્ય નિમિત્ત કહેવાય છે. આહાહા !

આહીં તો ઈ તો ક્યાંય દૂર રહ્યું હવે. ભાઈ ! તારો સ્વભાવ અંદર એવો છે. અનંત અનંત અપરિમિત બેહદ આનંદ અને શાંતિ. પણ એ બેહદ આનંદ અને હું આનંદનો ધરનાર, એવા ભેદમાં રોકાવું, એ રાગનો તણખો છે. દિવાળીમાં નથી આવતી શું કહેવાય ? ફૂલઝડી.... દારૂની બનાવેલી હોય ને. ફૂલઝર. જે રાગ છે તે અગ્નિઝર છે, કહે છે. ગુણી ભગવાન આત્મા અને તેનો ગુણ, એ વિકલ્પ એ અગ્નિનો તણખો ઝરે છે. સાધારણ માણસને તો (આકરું લાગે.) શ્રીમદે કહ્યું ને 'વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના, કાયર ને પ્રતિકૂળ'. હિજડા જેવા પાવૈયાને તો એવું લાગે. અરરર ! આ શું ?

પોપટભાઈ ! વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ. એ તો વિકલ્પને તોડાવી ને શાંતરસમાં નાખે એવી વીતરાગની વાણી છે. ઔષધ જે ભવરોગના, ભવનો રોગ. આહાહા ! જરીક ચાંદુ પડે ત્યાં અહીં લાવો કહે છે. શું કહેવાય આ ? જીથરી. ૧૦૦માંથી ૯૯ તાવ ઉતરતો નથી. શું હશે ? એમ મનમાં શંકા પડી જાય. ક્ષયરોગ લાગુ પડ્યો હશે ? હાલો ભાઈ ફોટો લેવા, જીથરી. ૯૯, ૯૯ સમજતે નહીં ? (શ્રોતા : સો માં એક કમ) બુખાર, બુખાર....બીજી જાતનો. ચાર વાગ્યા સુધી થોડો-થોડો રહે. દિવસે વળી પણ....એમ ગોટા વાળે.

આંહી કહે છે કે અનાદિથી તને ભ્રમણાનો રોગ લાગ્યો છે. મારો આનંદનો નાથ હું કોણ છું, એની તને ખબર નથી અને પુણ્ય અને પાપના વિકલ્પમાં મારા માન્યા એ ભ્રાંતિ. શ્રીમદે કહ્યુંને 'આત્મ ભ્રાંતિ સમ રોગ નહીં, સદ્‌ગુરુ વૈધ સુજાણ, ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન'. આત્મભ્રાંતિ સમ રોગ, એ રોગ જ એના જેવો કોઈ નથી. આહાહા ! આ એક શરીરમાં કેટલાં રોગ, ભગવાને કહ્યું છે. એક શરીર છે આ, સારું રૂપાળું લાગે. એમાં રોગ એટલા છે, ૫, ૬૮, ૯૦, ૫૮૪ રોગ છે આ શરીરમાં. (શ્રોતા : એ શક્તિરૂપે છે ને એમાં શું વાંધો છે ?) એ અંદર કેટલાક તો વ્યક્તરૂપે હોય, પણ ન દેખાય. એક એક તસુમાં ૯૬ રોગ, ભગવાન એમ કહે છે. સોનાનો પિંડલો લાગે એને જાણે કે. ધુળેય નથી, આંહી તો સડેલા પરમાણુ છે બધા. આહાહા ! એમાં જેમ રોગ છે, એમ આત્મામાં અનંતા ગુણોની નીરોગતા છે. સમજાણું કાંઈ ?

'આરોગ્ગબોહિલાભં'. નથી આવતું ? લોગસ્સમાં આવે છે. સામાયિક પાઠ આવે છે ને એમાં, લોગસ્સ. 'આરોગ્ગબોધિલાભં' આંહી તો અર્થ કોને આવડે એ ? ઘડિયા

હાંકી જાય. 'લોગસ્સ ઉજ્જયગરે ધમ્મતિથયરે, એવં મએ અભિથુઆ'. આહા! આરોગ્ગ બોધિ લાભં. હે પરમાત્મા! આ પુણ્ય અને પાપનો વિકલ્પ એ રોગ છે અને એ મારા, એ ભ્રાંતિનો રોગ છે. એનાથી રહિત મારું સ્વરૂપ શુદ્ધ નિરોગી આરોગ્ય છે. એની દર્શનની, જ્ઞાનની, ચારિત્રની પ્રાપ્તિ થવી એનું નામ મોક્ષ છે, એનું નામ બોધિ છે. સમજાણું કાંઈ?

'जे न गुनी–गुन–भेद विचारत, आकुलता मनकी सब नाखै'. ભગવાન આત્મા અંતર સ્વરૂપમાં જતાં એને અનંત અનંત અમૃતનો સ્વાદ આવે છે. એવા સ્વાદમાં આકુળતા મનકી બધી ટળી જાય છે. આહાહા! તે 'जगमें धरी आतमध्यान.' લ્યો. આવા આત્માઓ આકુળતા છોડી દઈ, ગુણ ગુણીના ભેદના વિકલ્પને પણ છોડી દઈ.....માટે આંહી ઠરે છે ને ત્યાં છૂટી જાય છે.'' 'जे जगमें धरी आतमध्यान'. 'આત્મા, આત્મા, આત્મા', એક જણો કહેતો'તો. પણ બાપા આત્મા એટલે શું? ત્રણ લોકનો નાથ, ત્રણ કાળ, ત્રણ લોક તો જેના જ્ઞાનની એક પર્યાયમાં સમાઈ જાય. આહા! એવા ભગવાનને તું અલ્પ તરીકે, રાંકો તરીકે સ્વીકારે, મોટું મિથ્યા ભ્રમ છે. આહાહા! સમજાણું કાંઈ? 'ते जगमें धरी आतमध्यान'. આતમધ્યાન. કહો, આમાં કોઈ દેવ ગુરુનું ધ્યાન, સમેતશિખરનું ધ્યાન, શેત્રુંજયનું ધ્યાન ન કહ્યું. પંચપરમેષ્ઠીનું ધ્યાને ય નહીં. પંચ-પરમેષ્ઠીનું ધ્યાન કરવા જાય તો અંદરમાં વિકલ્પ ઉઠે. અપના ગુણ ગુણીકા ભેદકા ભી ધ્યાન નહીં. આહા! સમજાણું કાંઈ?

'ते जगमें धरी आतमध्यान'. જુઓ, આ કરવાનું આ. કહે છે, 'હું શુદ્ધ છું. અબદ્ધ છું', એવો વિકલ્પ પણ રાગ છે. એનો કર્તા થાય ને એ મારું કર્મ છે. કર્તા-કર્મ અધિકાર છે ને. એ વિકલ્પની ક્રિયા મારી ક્રિયા છે અને તેનો હું કર્તા છું ત્યાં સુધી આકુળતાના મિથ્યાત્વભાવને સેવે છે. આહાહા! ભારે કામ ભાઈ! (શ્રોતા : ઉસમેં કુછ સ્થિરતા નહીં હોતી) નથી હોતી, અંદરમેં સ્થિરતા—શાંતિ વિના આકુળતા ટળે નહીં. 'अखंडित ग्यान सुधारस चाखैं'. જુઓ, ગુણ-ગુણીનો ભેદ પડ્યો એ તો ખંડ થઈ ગયો. અભેદ અખંડ જ્ઞાયક ચૈતન્ય પ્રભુ, એને દ્રષ્ટિમાં લઈ અખંડિત જ્ઞાન અખંડ જ્ઞાન વસ્તુ ધ્રુવ, તેમાં સુધારસ ચાખે, એ અમૃતનો સ્વાદ લે, એ સુધારસનો પ્યાલો પીએ. ઝેરના પ્યાલા અનાદિના પીધા, છોડ, કહે છે હવે. આહાહા! ભારે આકરું કામ પણ આ!

સોનગઢવાળા આવું કહે છે. નિશ્ચયથી કહે છે, વ્યવહાર નય કાંઈ કહેતા નથી, એવો વાદવિવાદ કરે છે. પણ આંહી તો કહે છે, ગુણ ગુણીના ભેદનો વિકલ્પ પણ દુઃખરૂપ છે. હવે તારે ક્યાં લઈ જવો છે વ્યવહારને? આહાહા! બાપુ માર્ગ એવો છે

ભાઈ! તારો માર્ગ તો વીરતાનો છે એ વીરોના માર્ગ છે, એ કોઈ કાયરનો (માર્ગ નથી). સમજાણું કાંઈ? 'अखंडित ग्यान सुधारस चाखै' શીખંડને ચાખે, કેરીને હાફુસ મોટી ચાખે. ઈ ક્યાં જડ કોણ ચાખતું? એ તો જડ છે. જડને જાણે અને જાણતા એને એમ થઈ જાય કે જો આ મને સારું લાગે, એ રાગ કરે એ રાગને ખાય, બાકી તો શીખંડ– બીખંડ ને કોઈ ખાઈ શકતો નથી. સમજાણું કાંઈ?

'अखंडित ग्यान'. જુઓને, ભાષા કેવી કરી છે! 'अखंडित ग्यान सुधारस चाखै', તો એને અમૃતનો અનુભવ થાય, એ આત્માનો અનુભવ કહેવાય, ત્યારે એને સમ્યક્‌દર્શન, જ્ઞાન અને ધર્મ કહેવામાં (આવે). આહાહા! આ તો થોડીક પરની સેવા કરે, પૈસા–બૈસા ઉઘરાવીને શું કહેવાય તમારે? ચંદો–ખરડો કરે, દસ વીસ હજાર ભેગા કરીને એક મંદિર બનાવે, અપાસરો બનાવે. ભારે કર્યું. ધૂળેય નથી. ભારે કર્યું છે રાગ. મોઢા આગળ માણસ બહુ હોશિયાર હોયને. હાલો હું ઊભો રહીશ ને, તમારે ખરડો થઈ જશે, લ્યો. પૈસાવાળાને જાણતા હોય ને એની ઓળખાણ હોય. એ લઈ જાય ને જુઓ આ આવ્યો છે ને ઉપાશ્રય કરવું છે ને મંદિર કરવું છે. લ્યો, લખો ૫૦૧. જુઓ, મોઢા આગળ.....પોપટભાઈ!

પોપટભાઈ જેવા મોઢા આગળ ઉપાડે તો કેટલું થાય? બીજાએ શરમાઈને દેવું પડે, લ્યો. પોતે કાઢે. ત્યારે મોઢા આગળ એટલે પોતે કાઢે ને પહેલા. મનસુખભાઈ હતા ને આપણા, મનસુખલાલ તારાચંદ....કરોડપતિ. આપણે ત્યાં વકીલ છે ને ત્યાં મુંબઈમાં. અહીં આવતાને કાયમ. એણે કર્યું'તું ને....પછી એને મકાન કરવું'તું....કાંપ(વઢવાણ)માં બનાવ્યું છે. ઘણા લાખો રૂપિયા. ૫૦ હજાર પોતે કાઢ્યા. ૫૦ હજાર પોતે આપ્યા અને પછી ખરડો કર્યો. મનસુખભાઈ જેવો માણસ. મોટો ખરડો થઈ ગયો ૧૮ લાખનો–૨૦ લાખનો. કરાવ્યું છે ને ત્યાં કાંપમાં. એને કહ્યું'તું, 'હવે નિવૃત્તિ લ્યો. હવે આ સ્કૂલમાં ક્યાં પડ્યા પાછા? આ ઘરના ધંધા છોડી પાછા આમાં પડ્યા'. હવે એ તો હોળી છે બધી. એય શેઠ! મનસુખભાઈ ગુજરી ગયા નૈરોબી આફ્રીકામાં.......શાંત માણસ આમ જુઓ તો કાંઈ ન લાગે, મુડી દસ હજારની લાગે, પણ એક કરોડ.

પણ એ તો પુણ્યના પ્રસંગને લઈને ધૂળ દેખાય, એમાં તારે શું એમાં? તું ત્યાં ક્યાં છો? અને તારામાં ઈ ક્યાં છે? આંહી તો કહે છે, ખંડજ્ઞાનનો વિચાર કરવો અને એ પણ વિકલ્પના તણખા ઉડે છે. આહાહા! ગજબ વાત છે! શાંતિ...શાંતિ...શાંતિ... અખંડ જ્ઞાન ભગવાન આત્મા શાંત, જેમાં વિકલ્પ ઉઠે એ પણ દુઃખ લાગે. આહાહા! ભારે વાત. 'सुधारस चाखे', લ્યો. પૂર્ણ જ્ઞાનામૃતનો સ્વાદ લે. આહાહા! જીવ નિશ્ચયનય સે અકર્તા, વ્યવહારસે કર્તા, બેય વિકલ્પ છે એની વાત કરે છે. જ્ઞાનામૃતકો હી સુધારસ

હૈ. બીજા ધૂળમાંય ક્યાં રસ હતો કેરીમાં? બહુ હાફુસ કેરી ઉંચી આવે. રૂપિયા રૂપિયાની દોઢની આવી મોટી, ચીરીયું પાડે અને, આહાહા! અમૃત છે જાણે અમૃત.

અમારે ન્યાં પપૈયાને અમૃત કહેતા અહીંયા મહાજનમાં. આ મહાજન છે ને....એ પપૈયાને અમૃત કહે, અમૃતફળ. ધૂળેય નથી આ. પપૈયું હોય છે ને. અરે, એ તો જડ માટી ધૂળ, એનો સ્વાદ તને આવતો નથી. એ તો જડ છે. જડનો સ્વાદ તને આવે? તું તો અરૂપી છો અને એ તો જડ છે. તને એને દેખીને રાગ થાય, એ રાગનો સ્વાદ અજ્ઞાનીને આવે છે અને માને કે મને આ પપૈયાનો સ્વાદ આવ્યો, આ સ્ત્રીના ભોગનો સ્વાદ આવ્યો. આ છોકરા સારા થયા એને સાંભળીને હૈયું ઠરે છે. છોકરા સારા પાક્યા અને કહ્યાગરા પાછા. એય! શેઠી, મહેન્દ્રભાઈ જેવા હોય ઘણા છોકરાઓ. પણ એનો કેવો છોકરો કોનો હતો?

આંહી તો કહે છે, અખંડ જ્ઞાનમાં ખંડનો વિચાર કરવો, એ વિકલ્પ તારી ચીજ નહીં. એ તો હોળી સળગે છે, અગ્નિના તણખાં ઉડે છે, એમ કહે છે. પંડિતજી! ભારે વાત ભાઈ! પરમેશ્વર એમ કહે છે, એ તો નિર્ણય તો કર. એ અખંડ જ્ઞાયકભાવ આત્માનો અનુભવ તે ધર્મ છે. ત્યાં શાંતિ, બાકી બીજે અશાંતિ છે. સમજાણું કાંઈ? ૨૫મો કળશ (૨૪) થઈ ગયો ને હવે આ ૨૫

**एकस्य बद्धो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ**
**यस्तत्ववेदी व्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव॥२५॥**

એનું પદ્ય ૨૬મું.

**જીવ નિશ્ચયનયથી અકર્તા અને વ્યવહારથી કર્તા છે.**

(સવૈયા એકત્રીસા)

**विवहार-दृष्टिसौं विलोकत बंध्यौसौ दीसै,**
**निहचै निहारत न बांध्यौ यह किनिहीं।**
**एक पच्छ बंध्यौ एक पच्छसौं अबंध सदा**
**दोउ पच्छ अपनैं अनादि धरे इनिहीं॥**
**कोऊ कहै समल विमलरूप कोऊ कहै,**
**चिदानंद तैसौई बखान्यौ जैसौ जिनिहीं।**
**बंध्यौ मानै खुल्यौ मानै दोऊ नैको भेद जानै,**
**सोई ग्यानवंत जीव तत्त्व पायौ तिनिहीं॥२६॥**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**વિલોકત=જોવાથી. નિહારત=દેખવાથી. અબંધ=મુક્ત. બંધ્યો=બંધ સહિત. તૈસોઈ=તેવો જ. ખુલ્યો=બંધ રહિત.

**અર્થ :—**વ્યવહારનયથી જુઓ તો આત્મા બંધાયેલો દેખાય છે, નિશ્ચય-દૃષ્ટિથી જુઓ તો એ કોઈથી બંધાયેલો નથી. એક નયથી બંધાયેલો અને એક નયથી સદા અબંધ-ખૂલો રહેલો છે. આવા આ પોતાના બંને પક્ષ અનાદિકાળથી ધારણ કરેલા છે. એક નય કર્મ સહિત અને એક નય કર્મ રહિત છે, તેથી જે નયથી જેવો કહ્યો છે તેવો છે. જે બંધાયેલો અને ખુલ્લો બન્નેય વાતોને માને છે અને બન્નેનો અભિપ્રાય સમજે છે, તે જ સમ્યગ્જ્ઞાની જીવનું સ્વરૂપ જાણે છે. ૨૬.

નોટ :—આ શ્લોકથી આગળ ૪૪માં શ્લોક સુધીના શ્લોકમાં એક શબ્દનો ફરક છે. બાકીના બધા જ શ્લોકો આ જ જાતના છે. જેવી રીતે આમાં 'બદ્ધો' છે તે આગલા શ્લોકોમાં 'બદ્ધો'ના સ્થાનમાં 'મૂઢો', 'રક્તો', 'દુષ્ટો' છે. તેથી આ ૧૯ શ્લોક આપવામાં આવ્યા નથી. બધા શ્લોકોનો એક જ આશય થાય છે.

**अर्थ :–**व्यवहारनयसे देखो तो आत्मा बँधा हुआ दिखता है, निश्चय दृष्टिसे देखो तो यह किसीसे बँधा हुआ नहीं है। एक नयसे बँधा हुआ और एक नयसे सदा अबंध-खुला हुआ है, ऐसे ये अपने दोनों पक्ष अनादिकालसे धारण किये हुए है। एक नय कर्मसहित और एक नय कर्मरहित कहता है, सो जिस नयसे जैसा कहा है, वैसा है। जो बंधा हुआ तथा खुला हुआ दोनों ही बातोंको मानता है, और दोनोंका अभिप्राय समझता है, वही सम्यग्ज्ञानी जीवका स्वरूप जानता है॥२६॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ભાષા કેવી નાંખી છે, જુઓ! આંહી સુધી ગ્યો'તો, કહે છે, અનંતવાર નવમી ગ્રૈવેયકે ગ્યો ત્યારે. આહાહા! એમ કહે છે.

જિન ભગવાન વીતરાગ દેવે વખાણ્યો એવો આ આત્મા છે.

'विवहार-दृष्टिसौं विलोकत बंध्यौसौ दीसै'. વર્તમાન જ્ઞાનના લક્ષે વ્યવહારના કર્મના સંબંધથી જુઓ તો જાણે આત્મા બંધન છે આત્માને, એમ દેખાય. સમજાય છે કાંઈ? જળમાં કમળ પડ્યું હોય, એનો સ્વભાવ તો લૂખો હોય છે, એની રૂંવાટી લુખ્ખી હોય છે. પાણીના સંબંધથી આમ જુઓ તો જાણે પાણી એને અડ્યું હોય, એમ દેખાય. પણ એના સ્વભાવથી જુઓ તો પાણી એને અડ્યું નથી.

એમ, 'निहचै निहारत न बांध्यौ यह किनिहीं'. કોઈથી બંધાયો છે નહીં. અબંધ

સ્વરૂપ કોનાથી બંધાય? સમજાણું કાંઈ? પેટી હોય એક, એમાં ટંક હોય ને એમાં એક નાની ડાબલી હોય અને એ ડાબલીમાં પાછી એક નાની ડાબલી અને પાંચ લાખ અને દસ લાખનું રતન મૂક્યું હોય, લ્યો. આમ જુઓ તો એ બધું બંધમાં છે. જ્ઞાનમાં બંધમાં છે? આ છે આ રહ્યું રતન. જ્ઞાન બંધાયેલું નથી અને એ ચીજ બંધાણી છે, એમ નથી. આહાહા! પટારો ને એમાં ટંક, એમાં નાની ડાબલી અને એમાં નાની ડાબલી. ઉંચા રતન હોય છે સ્ટોન. ઉંચો રતન હોય, તેને ટાંક્યું છે? દબાઈ ગયું છે? જ્ઞાન તો જાણે એમાં. આ રતન છે. ડાબલી, ટંક અને બધા સોંસરવટ. એનો અર્થ એ કે એના ખ્યાલમાં એ તરવરતું હોય. બધું આડુ હોય તોય, કે આ રતન છે, આ રતન છે.

એમ ભગવાન આત્મા વ્યવહારથી નિમિત્તથી જાણે એ પેટીમાં પડ્યું છે રતન, એમ જાણે. રાગના સંબંધમાં હોય, એમ પણ કહેવાય. નિશ્ચય પક્ષ જુઓ તો 'ન બંધ્યૌ હૈ'. જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા અબદ્ધસ્પષ્ટ. એ તો અબદ્ધસ્પષ્ટના અનુભવની વાત છે. એ અબદ્ધ સ્પષ્ટ વિકલ્પ સહિત કહે છે. રાગથી વિચાર ઉઠે કે 'હું અબદ્ધ છું'. અંદરના ઘોલનના કાળમાં 'આ વસ્તુ તદ્દન નિરાળી છે, અબદ્ધ છે'. એ પણ એક નિશ્ચયનયના રાગનો એક પક્ષ છે. આહાહા! ઓલામાં લખ્યું છે ને ભાઈ, 'તેથી શું?' આત્મા સુધી આવ્યો તેથી શું? એમ કહે છે. આહાહા! આવે છે....(સમયસાર)૧૪૨માં આવે છે, 'તેથી શું?' આત્મા હું શુદ્ધ છું, અબદ્ધ છું, નિર્મળ છું, મલિનતા વ્યવહારનયે, વસ્તુથી નિર્મળ છે. એવા વિચારની ભૂમિકામાં રાગમાં આવ્યો, તેથી શું? એથી એને વસ્તુની શ્રદ્ધા અને વસ્તુની પ્રાપ્તિ ક્યાં આવી, એમ કહે છે. સમજાણું કાંઈ?

માણસને સાંભળ્યું ન હોય ને આ કંઈ માર્ગ તો વીતરાગનો હશે આવો? કે કોઈ અન્યમતિનો આવો હશે માર્ગ? એને વીતરાગ માર્ગની ખબર નથી. એટલે કહે છે, ભાઈ, આપણ માર્ગમાં તો એવું હોય છે, વ્રત પાળવા, બ્રહ્મચર્ય લેવું, છ પરબી પાળવી બ્રહ્મચર્ય, કંદમૂળ ખાવું નહીં, લીલોતરીમાં પણ મર્યાદા કરવી, પાંચ વસ્તુ લેવી વધારે નહીં. આ એવું બધું કરવું, એ તો ક્યાં ગયું આમાં? કહે છે. કે દિ' કરતો હતો? સાંભળને હવે! એ પરનો ત્યાગ કરવો કે ગ્રહણ કરવો, એ દ્રષ્ટિ જ મિથ્યા છે. આત્મા અબદ્ધ સ્વરૂપ છે એમાં પરનો ગ્રહણ ત્યાગ છે જ ક્યાં? આહાહા! સમજાણું કાંઈ? આરે! ગજબ વાત છે ભાઈ! વાડામાં તો રાડ નાખી જાય છે.

કીધું ને '૮૫માં હજારો માણસો બોટાદમાં (આવતા.) નામ પ્રસિદ્ધ હતું ને તે દિ'. ૮૫ની વાત છે. કેટલા વર્ષ થયા? ૪૨ બેતાલીસ. બોટાદમાં વ્યાખ્યાન ચાલતુ હતું. મુહપતિને બધું હતું ને ત્યારે. હજારો માણસો સભામાં બેઠા, વ્યાખ્યાન મોટું. એક પ્રશ્ન ઉઠ્યો, 'જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, એ ભાવે ધર્મ નહીં અને પંચમહાવ્રતના ભાવ તે

વિકલ્પ અને ધર્મ નહીં.' ત્યાં એક જણો બેઠો'તો. 'વોસરે....વોસરે,' કહે. આવો ધર્મ ભાઈ! ક્યાં છે પણ સાંભળને હવે! જેઠાલાલભાઈ! વોસરે વોસરે. કહે.

વોસરે વોસરે એટલે છોડી દો. આ અમને નથી જોતું, આ અમારે નથી સાંભળવું. સાંભળ તો ખરા ભગવાન! (શ્રોતા : ચમક્યા) ચમક્યા શું? ઉભા થઈ ગયા. વોસરે વોસરે કરીને બહાર નીકળી ગયા. પછી કીધું એમને 'બેસી રહેવું હતું ને તમારે ક્યાં વળગતું હતું? બેસી રહેવું હતું ને તમારે, તમારું માન્યું કોઈએ સભાએ? તમે મને શું કીધું એ તમને ખબર છે. સભાને ખબર છે તેની કાંઈ? મને ખબર છે, તમે કીધું શું ઈ'. બધા તો સાંભળવામાં લીન હતા. રાયચંદ ગાંધી જેવા મોટા ગૃહસ્થ.

બધા બેઠા'તા બધા શેઠીયાઓ. બધા સાંભળતા હતા. શિવલાલભાઈ ગુજરી ગયા ને. એનું કાંઈ નાટક.....મગજ નથી મગજ....શિવલાલભાઈ હોંકારો માટે એ બેસતા સામે. આ વાત સાંભળીને કોઈને એમ ન થાય કે મહારાજ શું માર્ગ કહે છે? છાપ હતી ને બહારમાં. 'ભાઈ! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ ધર્મ નહીં. ધર્મથી બંધન હોય નહીં અને જે ભાવે બંધન, તે ધર્મ નહીં'. બે બોલ કહ્યા ત્યાં ખળભળાટ! અરે શું... વાતો કરી....ઓલા આમ કહેતા હતા ને સભા બધી ભ્રષ્ટ થઈ છે, આમ છે ને તેમ છે. અરે! ભઈ આ શું કરે? આહાહા! એક પૈસાવાળો અબજોપતિ હોય, એને કહે કે તું નિર્ધન છો. તેથી એને દુઃખ લાગે? ઈ જાણે કે મને ખબર છે ને કે મારી પાસે શું છે ઈ? કેમ પોપટભાઈ?

આ ભાઈ નહીં શેઠીયા દીપચંદ શેઠીયા નહીં? એમના મામા હતા. ૪૦ વર્ષ પહેલાની વાત છે. ૪૫ વર્ષ. ૬૦ લાખ રૂપિયા. તે દિ' હોં, નગદ હતા ૬૦ લાખ રૂપિયા. આપણા દીપચંદ શેઠીયા, સરદાર શહેરવાળા સ્થાનકવાસી હતા. પછી કોઈ એને લખી ગયું બહાર. એનું મકાન ગૃહસ્થ મોટા. દીકરો નહોતો, દીકરી એક જ હતી. એટલે આમને ૬૦ લાખ આપવા લખ્યા હતા ને દીપચંદજીને....ન લીધા ૬૦ લાખ. શું કરું ૬૦ લાખને? મારી પાસે બે ત્રણ લાખ છે. એની પણ રુચિ નથી અંદર, તો તારા ૬૦ લાખને શું કરું મામા? આપણે કહેવત છે ને ભઈ, જીવતા પાળવા ને મરતા....એવું કંઈક છે ને. મને જીવતા પાળ ને ૬૦ લાખ લે.

પછી મૂડી (માટે) બહારમાં કોઈએ લખ્યું મકાન ઉપર. મોહનલાલ નામ હતું નહીં? મોહનલાલ. 'મોહનલાલજીકો દ્યો' એવું લખ્યું મકાન ઉપર. કો'કે કહ્યું કે આમ મકાન ઉપર (લખ્યું છે.) પણ મારી પાસે લખે ને આંહી દાદરા ઉપર. મારી પાસે શું છે? મને ખબર નથી. રોકડા નગદ પડેલા પૈસા. બીજા એક છે ને એના મામા, દસ-વીસ કરોડ છે. દસ કરોડ તો ત્યારે હતા ને એકલા હીરા માણેક ઘરે ભર્યા છે. દસ કરોડ એ

તે દુના હોં, હમણાં તો ભાવ વધી ગયા. ગણવા માટે આંકડો ગણવો છે ને આંહી ક્યાં? લખે ને આવી ને કહે, દાદરે મારે. મારી પાસે શું છે? એની મને ખબર છે.

એમ આ ભગવાન અનાકુળ આનંદનો નાથ, એને ગરીબ કહીને રાગવાળો કહે, આહાહા! એથી એ નિર્ધન થઈ જતો નથી. શેઠી! ભ્રમણા છે એને, ભ્રમણા ગરી ગઈ એને. અરે! આવો હું? સાક્ષાત્ ભગવાન હું? એ ભગવાનની પર્યાય, એવી અનંતી લઈને પડ્યો છો. 'એવો અબદ્ધ છું', એવો પણ એક વિકલ્પ તે રાગ છે. આહાહા! જેઠાભાઈ! હવે આમાં ક્યાં રહ્યું આમાં? વાત સાચી છે તમારી પણ હમણાં અમને ન સમજાય. (શ્રોતા....) વિકલ્પ હૈ. (શ્રોતા : બંધા હુઆ હૈ......) બંધા હુઆ હી નહીં, આ તો અબંધ છે. પણ એ બંધનો વિકલ્પ નથી, પણ અબદ્ધનો વિકલ્પ છે. એમ એના પક્ષમાં ઉભો છે ને ઈ, હા. આહાહા! ગજબ વાત છે ભાઈ! ચોર્યાશીના અવતાર છૂટવા અને મુક્તિ થવી, એ માર્ગ રાંકાના નથી એ કોઈ. સમજાય છે કાંઈ?

'कोऊ कहे समल विमलरूप कोउ कहै'. કોઈ કહે, ભાઈ, એ તો સમળ છે ભાઈ, મેલ ભર્યો છે પર્યાયમાં. ભલે એ વ્યવહારે છે, નિશ્ચયથી વિમળરૂપ ભગવાન છે. 'चिदानंद तैसोई बखान्यौ जैसौ जिनिहीं'. ત્રિલોક નાથ તીર્થંકરદેવ પરમેશ્વરે જેવો આત્મા વસ્તુએ કીધો, પર્યાયમાં કીધો, એવો છે. ભગવાને આત્માને અંતર આનંદકંદ, ચિદાનંદ સ્વરૂપ એવો જોયો ને એવો કહ્યો, એ તો એવો જ છે. અને રાગવાળો પર્યાયમાં જોયો તો વ્યવહારે એવો પણ છે. 'बंध्यौ माने खुल्यौ मानै दोऊ नैकौ भेद जानै।' આ અપેક્ષાએ અબદ્ધ છું, ત્રિકાળ શુદ્ધની દ્રવ્ય અપેક્ષાએ અને નિમિત્તની સાપેક્ષતાથી પર્યાયમાં બંધ રાગાદિ છે, એમ ભેદ જાણે છે બેનો.

'सोई ग्यानवंत'. પછી વિકલ્પ તોડીને, એમ કહે છે મૂળ તો... વિકલ્પ છે ને. ભેદ જાણે એના પ્રકાર જાણે, 'सोई ग्यानवंत जीव तत्त्व पायौ तिनिहीं.' એ વિકલ્પને છોડી અખંડ જ્ઞાન ચૈતન્યમૂર્તિ પ્રભુ, આ એનો અનુભવ કરે, આ એને ચૈતન્ય તત્ત્વને પામ્યો. એ આત્માને પામ્યો. સમજાણું કાંઈ? ઓલું આવે છે ને શ્રીમદ્‌માં 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે'. એમ ગોખ્યા કરે. પણ આત્મા શું? ભાવના કાંઈ, ગોખ્યા ગોખ કરે. આવો આત્મા અખંડાનંદ પ્રભુ, જેને અખંડ છું એવા વિકલ્પનો પક્ષ પણ ત્યાં એને ખટકે છે અંદર. આહાહા! એવો જ્ઞાનવંત જીવ એ વિકલ્પનો પક્ષ છોડી દઈ અને સ્વરૂપની અનુભવ દૃષ્ટિ કરે, એને આત્મા પામ્યો છે. વિકલ્પમાં છે ત્યાં સુધી આત્મા પામ્યો નથી. આહાહા! સમજાણું કાંઈ? વિશેષ.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૪૭, ફાગણ વદ ૬, ગુરુવાર, તા. ૧૮-૩-૭૧
## કર્તા કર્મ ક્રિયાદ્વાર પદ ૨૭—૨૮ ઉપર પ્રવચન

આ સમયસાર નાટક ચાલે છે. કર્તા—કર્મ અધિકાર. નીચેનો ૪૫ શ્લોક છે. ૪૫ છે ને? ૪૫ કર્યો છે? એમ કેમ થયું? ૪૫ ન જોઈએ. (શ્રોતા : ૧૯ શ્લોક છોડી દીધા.) હા, મૂકી દીધા છે એટલે ઠીક. મૂકી દીધા છે ને. મૂકી દીધા એટલે. નીચે શ્લોક ૪૫.

**स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।**
**अन्तर्बहिस्समरसैकरसस्वभावं स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।।४५।।**

એનું પદ ૨૭મું. नयज्ञान द्वारा वस्तुस्वरूप जानकर समरसभावमें रहनेवालोंकी प्रशंसा.

(સવૈયા એકત્રીસા)

**प्रथम नियत नय दुजो विवहार नय,**
**दुहूकौं फलावत अनंत भेद फले हैं।**
**ज्यौं ज्यौं नय फलैं त्यौं मनके कल्लोल फलैं,**
**चंचल सुभाव लोकालोककौं उछले हैं।।**
**ऐसी नयकक्ष ताकौ पक्ष तजि ग्यानी जीव,**
**समरसी भए एकतासौं नहि टले हैं।**
**महामोह नासि सुद्ध-अनुभौ अभ्यासि निज,**
**बल परगासि सुखरासि मांहि रले हैं।।२७।।**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**નિયત=નિશ્ચય. ફલાવત=વિસ્તાર કરો તો. ફલે=ઊપજે. કલ્લોલ=તરંગ. ઉછલે=વધે. કક્ષ=કક્ષા. પરગાસિ=પ્રગટ કરીને. રલે=મળે.

**અર્થ :—**પહેલો નિશ્ચય અને બીજો વ્યવહારનય છે, એનો પ્રત્યેક દ્રવ્યના ગુણ—પર્યાયોની સાથે વિસ્તાર કરવામાં આવે તો અનંત ભેદ થઈ જાય છે. જેમ જેમ નયના ભેદ વધે છે તેમ તેમ ચંચળ સ્વભાવી ચિત્તમાં તરંગો પણ ઊપજે છે. જે લોક અને અલોકના પ્રદેશોની બરાબર છે. જે જ્ઞાની જીવ આવી નયકક્ષાનો પક્ષ છોડીને,

સમતારસ ગ્રહણ કરીને, આત્મસ્વરૂપની એકતા છોડતા નથી, તેઓ મહા મોહનો નાશ કરીને, અનુભવના અભ્યાસથી નિજાત્મ બળ પ્રગટ કરીને, પૂર્ણ આનંદમાં લીન થાય છે. ૨૭.

**अर्थ :** पहला निश्चय और दूसरा व्यवहार नय है, इनका प्रत्येक द्रव्यके गुण-पर्यायोंके साथ विस्तार किया जाय तो अनंत भेद हो जाते हैं। जैसे जैसे नयके भेद बढ़ते हैं वैसे-वैसे चंचल स्वभावी चित्तमें तरंगें भी उपजती हैं, जो लोक और अलोकके प्रदेशोंके बराबर हैं। जो ज्ञानी जीव ऐसी नयकोटिका पक्ष छोड़कर समता-रस ग्रहण करके आत्मस्वरूपकी एकताको नहीं छोड़ते, वे महामोहको नष्ट करके, अनुभवके अभ्याससे निजात्म बल प्रगट करके, पूर्ण आनंदमें लीन होते हैं॥२७॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? અહીંયા તો એમ કહે છે કે આ આત્મા જેને પ્રાપ્તિ થાય, તેની દશા કેવી હોય? સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય પ્રથમ ધર્મની પહેલી દશા. એ દશામાં શું થાય, એ વાત કરે છે. આંહી તો ત્યાં કર્તા-કર્મ અધિકાર છે એટલે આ આત્મા, શરીર-વાણી-અન્ય પદાર્થનું તો કાંઈ કરી શકતો નથી. આ સ્વતંત્ર પદાર્થ છે અનંત આત્માઓ, અનંત પરમાણુઓ. એ એક આત્મા બીજા આત્માનું, બીજા રજકણનું કાંઈ કરી શકતો નથી કેમ કે સ્વતંત્ર પદાર્થ છે. હવે એથી આગળ વધીને અંદરમાં કર્મનાં બંધન થાય છે જડનાં અંદર, એમાં પણ ખરેખર આત્મા કારણ નથી. આત્મા જે છે, એ કારણ નથી એને નિમિત્તરૂપે પણ. એને કર્મબંધન થાય એ તો પુદ્‌ગલની સ્વતંત્ર પર્યાય છે પણ એમાં નિમિત્તપણું પણ અજ્ઞાની જીવનો ભાવ હોય છે. જેને આત્મા સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે કહ્યો, એ આત્માની જેને અંદર ભાન અનુભવ નથી, એ અંતરમાં પુણ્ય—પાપનાં ભાવોને પોતાનાં માને છે એવો એ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ જીવ નવા કર્મબંધનને નિમિત્ત થાય છે. શેઠી! ભારે વાત ભાઈ!

અજ્ઞાની બહિરાત્મા, જે આત્માનાં સ્વભાવમાં નથી એવા પુણ્ય ને પાપનાં શુભ અને અશુભ ભાવ, એ પોતાનાં માની અને જેની દૃષ્ટિ પુણ્ય-પાપના રાગ ઉપર છે એ મિથ્યાદૃષ્ટિ(છે, એ) જૈન નથી. એને જૈનની તત્ત્વની ખબર નથી. ભલે જૈનનાં સંપ્રદાયમાં જન્મ્યો હો. સમજાય છે કાંઈ? આવી વાત ભાઈ! ઈ આત્મા વસ્તુએ અંદર શુદ્ધ આનંદઘન (છે). કેમ કે આ શરીર, કર્મ તો અજીવ તત્ત્વ છે. વાણી આદિ તો અજીવ તત્ત્વ છે, અજીવ થઈને રહેલાં છે. અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિનાં ભાવ થાય એ પુણ્યપણાનાં આસ્રવતત્ત્વ—મેલતત્ત્વ—બંધતત્ત્વ છે. સમજાણું કાંઈ? એ તત્ત્વનું જે કર્તા

થાય કે એનામાં નથી એનો કર્તા થાય, એ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ નવા (જડ) કર્મ બાંધી શકે નહિ, પણ નવા કર્મબંધનમાં એનાં પરિણામ નિમિત્ત થાય. આહાહા!

હવે આંહી તો એક.....પરનાં પુણ્ય–પાપનાં વિકલ્પ પણ મારાં નહિ. આહીં તો ત્યાં હવે લઈ જવું છે અંદર કે આ ભગવાન આત્મા વસ્તુએ અનાદિ અનંત નિત્ય ધ્રુવ તત્ત્વ છે. એનો જે વિકલ્પ ઊઠવો કે હું દ્રવ્યાર્થિક દ્રવ્યે નિત્ય છું. એવો એક વિકલ્પ જ્ઞાનમાં નયનો ઊઠવો, 'એનું કર્તવ્ય મારું છે અને એનો હું કર્તા છું,' એ પણ મિથ્યાદૃષ્ટિ છે. (શ્રોતા : ફરી એકવાર) ફરીને છે ને ફરીને કહે છે.

આંહી તો કહે છે ને જુઓ, 'प्रथम नियत नय दूजी विवहार नय'. પહેલી લીટીનો અર્થ ચાલે છે. પહેલું ભગવાન આત્મા અનાદિ અનંત આત્મા તો છે. એના સ્વભાવ આત્માનો સ્વભાવ સ્વ.....ભાવ. એ તો અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત પ્રભુતા ને અનંત સ્વચ્છતાનો સ્વભાવ અવિનાશી એનામાં છે. એને ભૂલીને 'હું એક નિશ્ચયનયે આવો છું અનાદિ અનંત નિત્ય ધ્રુવ' એવો જે મનના સંગે વિકલ્પ ઉઠાવે છે, નયનાં પક્ષની પૂર્તિનો પક્ષ કરે છે એનો, એ પણ એક વિકલ્પ છે, રાગ છે અને એ રાગનું કર્તવ્ય મારું અને હું એનો કર્તા, એ પણ મિથ્યાદૃષ્ટિ જીવ છે. એને ધર્મની ખબર નથી. આહા! ભારે વાતું આ તો શેઠી!

(શ્રોતા : વળી આજ બીજું આવ્યું) આ ગરબડ ક્યાં છે? આહીં તો એની માટે તો કહે છે કે બીજી પંચાતનાં વિકલ્પો તો છોડ, એ વસ્તુમાં કાંઈ ધર્મ છે નહિ. પણ આત્મા વસ્તુ છે. એક માલ લેવા જાવું હોય બરફી કે કંઈ, તો એનો ભાવ પૂછે કે ભઈ, કેટલે રૂપિયે શેર આપશો? તોલાનો તોલ કરાવે, શું કહેવાય ઈ ધડો અને તોલાનું માપ કે આ તોલામાં છાપ સરકારની છે કે નહિ ઓલી ત્રાંબાની. કહે છે, પણ ઈ વખતે હો, પણ જ્યારે ખાય ત્યારે પછી એ વિકલ્પ હોતા નથી.

એમ આત્માને જાણવામાં સર્વજ્ઞ પરમેશ્વર કેવળીએ કહ્યો આત્મા. એ આત્માને જગતનાં પ્રાણી કહે છે એનાથી જુદું તત્ત્વ છે, એમ સમજવા માટે પહેલો નિશ્ચયથી વિચાર કરે કે 'અહો! અનાદિ અનંત સ્વતંત્ર મારી ચીજનો કોઈ કર્તા નથી અને હું સ્વયંસિદ્ધ અનંત આનંદ આદિ ગુણનો ધણી છું.' એવો એ વિકલ્પ ઉઠાવે રાગનો નિશ્ચયનયનો, એ વિકલ્પ પણ બંધનું કારણ છે. અને એ નિશ્ચયનાં ભેદો પડતાં ઘણાં (ભેદ) પડે. પર્યાયમાં અશુદ્ધતા છે એ મારી છે કે 'એ અશુદ્ધતા', એમ નિર્ણય અશુદ્ધતાનો કરે. પણ એ બધાં વિકલ્પો છે અને વ્યવહારનયે હું રાગસહિત છું, પર્યાયવાળો છું, એક સમયની દશાવાળો છું. એવો જે વ્યવહારનયનો વિકલ્પ ઉઠે તો

એનાં ભેદ પાડતાં પાડતાં ઘણાં વિકલ્પો ઉઠી જાય, કહે છે. આહા! પંડિતજી!

(શ્રોતા : ભાવના વિકલ્પાત્મક વિકલ્પ જાલમેં ફસ ગયા) કરોળીયો જેમ લાળ કાઢીને ગૂંચાઈ જાય છે. એમ આત્મા વસ્તુ આમ અનંતગુણનો ધણી પ્રભુ છે. એવો પણ વિકલ્પનાં રાગમિશ્રિત વિચાર કરે છે, એ પણ બંધનું કારણ છે. અને મારી દશા અંશ છે વર્તમાન અવસ્થા, એને જાણનારું જ્ઞાન વ્યવહારનય, એ પણ એક વિકલ્પ છે, રાગ છે. આહાહા!

'प्रथम नियत नय दूजी विवहार नय, दुहूकौं फलावत अनंत भेद फले हैं'— એના અનંત પ્રકાર પડે. જેટલા ગુણ એટલા નયો પડે. આહાહા! ભારે ઝીણી વાત ભાઈ! એણે અનંતકાળમાં ચોર્યાશીનાં અવતારમાં રખડતાં એણે જૈનનાં સાધુપણા પંચમહાવ્રતનાં પાળ્યાં અનંતવાર, પણ એ બધો વિકલ્પ ને રાગ હતો. એ કંઈ ધર્મ નહોતો. સમજાણું કાંઈ? આહા! ધર્મ શું ચીજ છે, એ અંતરમાં રાગનાં વિકલ્પથી પાર અખંડ આનંદમૂર્તિ એનાં વિકલ્પનાં વિચારકાળે એનો તોલ કરે કે આ નિશ્ચયથી આ છે, વ્યવહારથી આ છે. એનાં બેનાં ભેદ પાડતાં દ્રવ્યાર્થિકનયનાં પણ ઘણાં પ્રકાર, પર્યાયનાં પણ (શ્રોતા : ઘણા પ્રકાર).

'ज्यौं ज्यौं नय फलैं त्यौं त्यौं मनके कल्लोल फलैं'. બહું ઝીણું બાપુ! આહા! વીતરાગ માર્ગ એને સમજણમાં કોઈ દિ' આવ્યો નથી. સમજાય છે કાંઈ? જેમ જેમ નય ફળે. નયોનો વિચાર, જ્ઞાનનાં અંશોને ભેદોનો વિચાર કરતાં કરતાં જેમ જેમ નય તેમ મનનાં કલ્લોલ ફળે. મનનાં સંગે રાગનાં કલ્લોલ ઊઠે. આહા! સમજાણું કાંઈ? 'चंचल सुभाव लोकालोकलौं उछले हैं' આહા! એ તો કલ્પનાનાં વિકલ્પોની જાળ લોકાલોક જેટલી, કહે છે એટલી કક્ષા ઊઠે. આહાહા! સમજાય છે કાંઈ? લોક અને અલોકનાં પ્રદેશો બરાબર વિકલ્પની ઘણી જાળ, એમ કહે છે. આહાહા! પણ 'चंचल सुभाव लोकालोकलौं उछले हैं, ऐसी नयकक्ष ताकौ पक्ष तजि ग्यानी जीव'. હવે ધર્મીજીવ જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે. જેને સર્વજ્ઞે કહેલો આત્મા એનો અનુભવ કરવો છે. ધર્મની પહેલી દશા જેને પ્રગટ કરવી છે. આહાહા!

એ 'नयकक्ष ताकौ पक्ष तजि'—નયકક્ષ. એ નયનાં વિચારોનાં કક્ષ નામ કોટિનાં સમૂહમાં એનો જે પક્ષ હતો. સમજાણું કાંઈ? છોડી દે. શું કહ્યું ઈ? ઝીણી વાત છે ભગવાન! આ આત્મા અંદર પ્રભુ ચૈતન્ય અભેદ નિર્વિકલ્પ ચીજ છે. એમાં બીજા ક્રિયાકાંડના વિકલ્પો દયા, દાન ને વ્રત ને એ તો સ્થૂળબંધનું કારણ છે. એ આત્માની ચીજ નથી અને એનાથી આત્માને ધર્મ થતો નથી. પણ અહીંયા આત્મા જે સ્વરૂપે છે તેને

ભેદ પાડીને અભેદ વસ્તુ અખંડ છે. એને ગુણભેદો અને પર્યાયભેદોનાં ભેદ પાડીને કલ્લોલ ઉઠાવવા, એ પણ વિકલ્પની જાળ દુઃખરૂપ અને આકુળતા છે. સમજાણું કાંઈ? તો ધર્મી જીવ શું કરે? 'ऐसी नयकक्ष' એ જ્ઞાનનાં અંશનાં વિકલ્પોનાં જે કોટિસમૂહ એનો પક્ષ ત્યજી ઈ લક્ષ છોડી દે. આહાહા!

'ग्यानी जीव समरसी भए'. અંતર આનંદમૂર્તિ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા, એનો અનુભવ કરીને એનો સ્વાદ લે. આહાહા! સમજાય છે કાંઈ? 'समरसी भए एकतासौं नहि टले'. એ વિકલ્પોની જાળ છે તે અનેક છે. એનું લક્ષ છોડી સ્વરૂપ ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે જે અનંત આનંદ, અનંતજ્ઞાન દર્શન જે પ્રગટ કર્યા એ બધા અંદરમાં છે. છે એમાંથી આવ્યાં છે, કંઈ બહારથી આવતું નથી. એવો આત્મા ભગવાન અંદરમાં જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે, ધર્મની પહેલી દશા, આહાહા! એણે એ નયનાં વિકલ્પોનો પક્ષનો વિચાર છોડી દઈ અંતર્મુખ થઈને સમભાવ (પ્રગટ કરવો) કેમ કે વિકલ્પ જે ઉઠે છે એ બધો વિષય ભાવ છે. આહાહા!

'હું એક શુદ્ધ છું, અખંડ છું, અભેદ છું', એવો પણ એક રાગની વૃત્તિ મનનાં સંગે ઊઠે, એ પણ એક દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? વિષમભાવ છે. આહાહા! એ વિષમભાવને અંતર્મુખ સ્વભાવને અનુભવમાં ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદના રસનો સ્થાન ધામ, એમ અંતરમાં જઈને અનુભવ કરતાં સમરસી નામ સમભાવ પ્રગટે, એને આવા વિકલ્પનાં વિષમભાવનો નાશ થાય છે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહાહા! કહો શેઠી, ક્યા હૈ? (શ્રોતા : વિચાર ચલતા હૈ.....) વિચાર ચલતે હૈ, એ વિકલ્પ હૈ. વિકલ્પ એ રાગ હૈ. વીતરાગ માર્ગ યહાં તો હૈ. વીતરાગ માર્ગ તો ઉસકો કહતે હૈં. ભગવાન આત્મા એકલા ચૈતન્ય આનંદનો ધામ પ્રભુ, એવું પહેલું ભલે વિકલ્પથી નિર્ણય કરીને પછી એને છોડીને આત્માનો અનુભવ કરે, સમભાવનો અનુભવ કરે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે ત્યારે તેને એ વિકલ્પની જાળ તૂટી જાય છે. સમજાય છે કાંઈ? આરે!

કાંઈ સમજાય છે એમ કહેવાય છે ને. બધું સમજાય તો ન્યાલ થઈ જાય. આહા! અરે! એને આત્માનું હિત કેમ થાય એનાં પડખાં જોયાં નહિ. ઊંધે રસ્તે દોડ્યો ને જાણે કાંઈ ધર્મ કરું છું. આહા! ધર્મનાં મોઢાં મોટાં છે ભાઈ! ધર્મ એ કોઈ બહારની ક્રિયાકાંડે થતો નથી. એ તો નહિ પણ નયનાં વિકલ્પ દ્વારા ધર્મ થતો નથી, એમ કહે છે. આહાહા! અનંત આનંદનું સ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદ અનંત, ભગવાનને જે આનંદ પ્રગટ્યો અનંત આનંદ, એવા તો અનંત અનંત આનંદની પર્યાયનો પિંડ આત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? આહા!

કહો ભીખાભાઈ, આ નય વિકલ્પને વિષમ ભાવ કહ્યો. ભાઈ! આ સમરસને, એનાથી છૂટ્યો એને સમભાવ કહ્યો એટલે વીતરાગભાવની દૃષ્ટિ થઈ તેને સમરસ કહ્યો. આહાહા! વીતરાગ ધર્મ ક્યાંથી શરૂ થાય છે? એ વસ્તુનું સ્વરૂપ તો અખંડ આનંદ ધ્રુવ ચૈતન્ય મૂર્તિ પડ્યો છે એવો, એમાં આવા વિકલ્પની જાળને છોડી અને એવા વીતરાગ સ્વરૂપ ભગવાન આત્મા અનાદિ વીતરાગ અકષાય સ્વરૂપ જ છે. એની અંતર દૃષ્ટિ કરતાં વિકલ્પથી વિમુખ થતાં અનંત સ્વભાવ ચૈતન્યભગવાનની સન્મુખ થતાં એને સમરસ ભાવ પ્રગટે છે. આહાહા! એને વીતરાગી પર્યાય સમકિત કહે છે. સમરસ કીધું છે ને.

'समरसी भए एकतासौं नहि टले.' અંતરદૃષ્ટિમાં ભગવાનઆત્મા લીધો છે એવી એકતાના અનુભવથી એ ખસતો નથી. અનેક પ્રકારનાં વિકલ્પની જાળને ઉત્પન્ન કરતો નથી. એને અહીંયા સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની અને ધર્મી કહેવાય છે. ઝીણું બહું પણ ભાઈ! માણસ તો ભડકીને ભાગે એવું છે. નથી સમજ્યો નથી, કોઈ દિ' એને પડખું લીધો નથી અને એ વાત સંપ્રદાયમાં ચાલતી નથી. જુઓ ભાઈએ એમ કહ્યું, જુઓ. સમજાણું કાંઈ? ગુલાબચંદભાઈ, ઝીણી વાતું બાપા!

(શ્રોતા : શાંતિ યહી હોની ચાહિયે) હા. સમરસ કીધું ને એમાં આખો ન્યાય આપ્યો છે. વીતરાગભાવ વીતરાગી ધર્મ ત્યારે હોય છે કે વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો કેવળી પણ્ણંતો ધમ્મો શરણં'. બોલે સાંજવાર ઘણું, ઓલા મંગલિકમાં બોલે છે ને. અરિહંતા મંગલમ સિદ્ધા મંગલમ્......કેવળી પણ્ણંતો ધમ્મો શરણં અરિહંતા. પણ કોને કહેવો કેવળી પણ્ણંતો ધમ્મોની ખબર નથી. આહા ભગવાન! તારે તારું પેટ મોટું છે હોં. એ અંદરમાં અનંત આનંદ અને અનંત વીતરાગતા પડી છે. એનો સ્પર્શ કરીને, આહા! સમરસ ભાવ જ્યાં વીતરાગતાનો અંશ બહાર આવે, તે કાળે તેને વિકલ્પની વિષમતાની જાળ તૂટી જાય છે. આહાહા! સમજાણું કાંઈ?

'समरसी भए एकतासौं नहि टले हैं'. ભગવાન અનંત આનંદ સ્વરૂપ છે આત્મા. પરમેશ્વરે જે સ્વરૂપે આત્માને જોયો તે સ્વરૂપે પોતે અંદર જોવે. આહા! સમજાણું કાંઈ? 'एकतासौं नहि टले'. એ પોતાના અનુભવની એકતામાં વિકલ્પનું બેકલાપણું લાવતો નથી. આહાહા! ભારે વાત ભાઈ! (શ્રોતા : એવી એકતા કોને કહીએ જે....) સ્વભાવમાં એકાગ્ર થાય એમાં વિકલ્પ લાવવા દેતો નથી. ભારે વાતું ભાઈ! આવો માર્ગ હશે? ઓલા તો કહે ભાઈ, આ વ્રત પાળો, દયા પાળો, અપવાસ કરો, ચૌવિહાર કરો(છોડો), કંદમૂળ ન ખાઓ. હાળું એવું તો ભઈ સાંભળ્યું છે મેં તો. આહાહા! ભગવાન, એ તો બધી વિકલ્પની, રાગની, ક્રિયાની વાતું છે. એ બાપુ એ ધર્મ નહિ. બાપા! ધર્મની કોઈ એ રીત જ પડખું જુદું છે. આહાહા!

આહીં તો સંતો વીતરાગની વાતની ધ્વનિમાં આવ્યું એ સંતો કહે છે. વીતરાગ સર્વજ્ઞ દેવનાં મુખથી વાણી નીકળી. એ વાણી સંતો આડતિયા તરીકે વચમાં પડીને જગતને કહે છે કે માર્ગ આમ ભગવાન કહે છે. શેઠી, આરે ભારે વાત! આહા! હજી તો આત્મા કેવો ભગવાને કહ્યો, એવો વિકલ્પ નામ રાગ મિશ્રિત વિચારથી નિર્ણય કરવાનાં ય ઠેકાણાં ન મળે જેને, એને અંતર રાગ રહિત અનુભવની દૃષ્ટિ તો કદી થાય નહિ. આહાહા! સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં રહ્યાં, પહેલો આ ભાવ થવો જોઈએ સમ્યગ્દર્શન, એમ કહે છે. આહા! 'समरसी भए एकतासौं नहि टले हैं.'

'महामोह नासि.' શું કહે છે, જુઓ. મહામોહ નામ મિથ્યાત્વ. પુણ્યનાં પરિણામને ધર્મ માનવો, એ મિથ્યાત્વ. આ નયપક્ષનો વિકલ્પ ઊઠે એમાં લાભ માનવો, એ મિથ્યાત્વ. અર્થાત્ એ આત્માનાં પડખાં બે પ્રકાર દ્રવ્ય અને પર્યાય, એનાં ભેદથી વિચાર કરતાં જે રાગ ઊઠે એ રાગની ક્રિયાનો કર્તા પોતાને માનવો, એ મહામિથ્યાત્વ છે. (શ્રોતા : રાગ ક્યું કહા?) આ કહ્યાને, કહ્યા. 'મૈં શુદ્ધ હૂં અભેદ હૂં', ઐસા વિકલ્પ વહ રાગ. શેઠી, એ ન્યાં ઝવેરાતનાં ધંધા નથી કરવા કે ન્યાં ઝટ દઈને ફાવી જાય. આ તો બીજી અંદરની વાતું છે. (શ્રોતા : ઝવેરાત તો યહી હૈ) યહી હૈ ઝવેરાત શેઠી, બાકી તો કાંકરા હૈ ધૂળ. આહાહા!

ભગવાન એ ચૈતન્ય રત્નાકર. જેમ સ્વયંભૂરમણ સમુદ્ર એકલાં રત્નો પડ્યાં છે. અસંખ્ય છે ને અસંખ્ય છેલ્લો. છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્ય જોજનમાં છે અનંત.....અનંત રત્નો એમાં અસંખ્ય રત્નો પડ્યાં છે. એમ ભગવાન આત્મા, આ દેહનાં પરમાણુ જડની પાછળ અંદર અને દયા—દાનનાં વિકલ્પનાં રાગની પાછળ ભગવાન સ્વયંભૂરમણસમુદ્ર આત્મા છે. આહા! એમાં તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એવાં અનંત રત્ન પડ્યાં છે. આહાહા! ગોતવા જાય ક્યાંક, હોય ક્યાંક! સમજાણું કાંઈ?

કહે છે, 'महामोह नासि.' જે આમ વિકલ્પની વૃત્તિ ઉઠતી તેનો કર્તા થતો, પરલક્ષમાં રહીને કર્તા થતો તે મિથ્યાદૃષ્ટિ છે. આહા! તે લક્ષને અને તે કર્તાપણાનો મિથ્યાત્ ભાવ નાશ કરી 'अनुभौ सुद्ध अभ्यासी.' 'હું તો શુદ્ધ આનંદનો અમૃત સાગર છું. અતીન્દ્રિય અમૃતનાં સ્વાદનો ધણી હું છું'. એવો અમૃતનાં સ્વાદનો અતીન્દ્રિયનો સ્વાદ લઈ શુદ્ધનો અનુભવ કરે. ઓલો શું કરવા એમ લીધું? કે જે 'શુદ્ધ છું ને એક છું ને અભેદ છું ને ભેદ છું,' એવા વિકલ્પો છે એ બધા અશુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા! 'सुद्ध अनुभौ अभ्यासी'. પહેલી એની રીત છે તો શીખે. હજી એની રીત છે એની ખબરું ન મળે અને થઈ જાય એને ધર્મ. આહાહા! સમજાણું કાંઈ?

'महामोह नासि'. અશુદ્ધતાનાં વિકલ્પોની વૃત્તિઓ તરફ લક્ષ છોડી, એનો અર્થ એનો નાશ કરી. એનો અર્થ કે એવું અસ્તિત્વ છે હું, એવા અસ્તિત્વની બુદ્ધિ નાશ થઈને શુદ્ધ અનુભવ—એકલો આનંદમૂર્તિ પ્રભુ છું, અતીન્દ્રિય શુદ્ધ છું એનો જે અનુભવ કરવો એ 'निज बल परगासि'. એ પોતાનાં અંતર વીર્યનો પ્રકાશ કરી સ્વભાવ સન્મુખમાં જઈ પોતાનાં આતમબળનો પ્રકાશ કરે એ બળ. આ રાગમાં બળ જાય એ બળ નહિ, એમ કહે છે. એ તો નપુંસકતા તારી છે, એમ કહે છે. પોપટભાઈ, આહાહા! (શ્રોતા : ચર્ચા યે ભી ચલતી હૈ......) વિકલ્પ છે, રાગ હૈ. આહા! ભારે વાત ભાઈ!

આત્મામાં તો એક ગુણ નહિ પણ અનંત છે અને એક—એક ગુણમાં અનંતી પર્યાય પ્રગટ થવાની તાકાત છે. પર્યાય એટલે હાલત. એવો જે આ ભગવાન આત્મા એનો અનુભવ કરીને એટલે શુદ્ધ વસ્તુ છે, પવિત્ર છે એનો અનુભવ કરીને....શુદ્ધનો અનુભવ 'निज बल परगासि'. પુણ્ય-પાપમાં જે વીર્ય હતું એ કંઈ નિજબળ નહોતું. એ પોતાનો સાચો પુરુષાર્થ; (નથી.) ખોટો પુરુષાર્થ રાગમાં જાય, પુણ્યનાં પરિણામ કરે એ નપુંસકતા છે. આહાહા! પંડિતજી, ભારે કામ ભાઈ! આ રળવાનો વિકલ્પ, ભોગનો વિકલ્પ, પૈસા રાખવાનો વિકલ્પ—એ તો નપુંસકતા દુ:ખરૂપ છે. પણ આંહી તો દયા-દાન-વ્રત-ભક્તિનો વિકલ્પ ઉઠે એ પણ નપુંસકતા છે. આહાહા!

પણ એવા વિકલ્પને પોતાનો માનવો એ મહા નપુંસકતા છે. અરે! સત્ય વાત એને કાને ન પડે. એ સમજે કે દિ', ઓળખે કે દિ', કે દિ'? ધર્મ કરે? ભાઈ! આ તો લાગે આકરો માર્ગ. કારણ ઓલું તો સહેલું પડે, આ ચૌવિહાર કર્યો(છોડ્યો), કંદમૂળ ન ખાધાં, આ રાતે આહાર ન કરવો. સમજાણું કે નહિ? ઈ ઝટ સહેલું પડે કારણ શું? ક્રિયા અંદર દેહની અને અશુભ રાગ હોય અંદર એ તો સહેલું લાગે. પણ ઈ તો ધૂળેય નથી એમાં કાંઈ સાંભળને! ભગવાન અંદર આનંદનો ધામ એના અંદરમાં ગયે વિના ધર્મની દશા પ્રગટ થાતી કોઈને થતી (નથી). સમજાણું કાંઈ?

'महामोह नासि सुद्ध—अनुभौ अभ्यासि निज बल परगासि......' કવિ છે ને કવિ ને બધી. ભાષા કેવી જુઓને. 'महामोह नासि सुद्ध—अनुभौ अभ्यासि निज, बल परगासि सुखरासि मांहि रले हैं.' આહાહા! ભગવાન અંતર અતીન્દ્રિય આનંદનો ધામ મોટો ઢેરો છે ઢગલો આહાહા! કહે છે કે સુખનો સાગર તું અંદર છો. આહા! એ મૂઢે બહારમાં સુખ માન્યું, પૈસામાં ને બાયડીમાં ને હોડમાં ને આબરૂમાં અને અંતર પુણ્યપાપનાં વિકલ્પમાં, એ મિથ્યાત્વ મહામોહ મિથ્યાત્વ છે. આહા! સમજાણું કાંઈ? 'निज बल परगासि सुखरासि, દેખો. मांहि रले हैं—रले......रले.....रले.....मिले है.' એ શબ્દ

મારવાડી ભાષામાં પ્રચલિત છે. રલે હૈં. હૈ? રલે એટલે મિલે છે અંદર જઈને. સમજાય છે કાંઈ?

'सुखरासि मांहि रले है'. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો તો કસ છે. એમાં એકાગ્ર થતાં સુખસાગરનો અનુભવ કરે ત્યારે તેને સમરસમાં સમ્યગ્દર્શન પ્રગટ થાય. સમજાણું કાંઈ? ત્યારે હજી એને ચોથું ગુણસ્થાન પ્રગટ થાય. શ્રાવક ને મુનિ તો ક્યાંય રહી ગયા. આ લોકો માને, એ શ્રાવક મુનિ નથી. આ તો ભગવાન માને અને જેવું સ્વરૂપ છે, એવું જાણે તો એને કહેવાય. કોથળીમાં નાખ્યા હોય કરિયાતા અને બહાર નામે સાકર નામ આપે, એથી કંઈ કરિયાતા મીઠાં થઈ જાય? આ બધા કહે, અમે શ્રાવક છીએ અને સાધુ છીએ અમે. અરે બાપા, એના મોઢાં મોટાં છે. આંહી તો હજી સમ્યગ્દર્શનની દશાની વાત હાલે છે આ તો. એની ખબરું ન મળે અને શ્રાવક ને આમ મુનિ થઈ ગયા. એકડા વિનાનાં મીંડા છે, રણમાં પોક મૂકવા જેવા. એય પોપટભાઈ, આહા! (શ્રોતા : ......) અનુભવ કરે એનું નામ સમરસ. એનું નામ પુરુષાર્થ અને એનું નામ મોહનો નાશ. આહાહા!

'पूर्ण आनंदमें लीन होते हैं', લ્યો ખુલાસો કર્યો છે રલેનો. 'निजात्म प्रगट करके पूर्ण आनंदमें लीन होते हैं'. પૂર્ણ આનંદ સ્વરૂપ ભગવાન પુણ્ય-પાપનાં વિકલ્પના નય વિકલ્પથી રહિત છે. એવા આત્મા ઉપર જતાં પૂર્ણ આનંદનો નાથ પોતે એમાં લીન થાય છે ત્યારે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપના આચરણની દશા પ્રગટ થાય છે. ત્યારે એને ધર્મની પહેલી દશા પ્રગટ થઈ કહેવાય છે. આરે આરે! સમજાય છે કાંઈ? આહા! એ શ્લોકનો અર્થ થયો, લ્યો. ૪૫ શ્લોકનો એ અર્થ થયો. શ્લોકે ય ૨૭ છે આમાં. ઓલા ૪ ને ૫ નવ છે અને આ ૭ ને ૨ નવ. આહા! સમભાવી આ શ્લોક છે. હવે ૪૬મો શ્લોક. ૪૬મો છે ને આ બાજુ.

**इन्द्रजालमिदमेवमुच्छलत्पुष्कलोच्चलविकल्पवीचिभिः।**
**यस्य विस्फुरणमेव तत्क्षणं कृत्स्नमस्यति तदास्मि चिन्महः॥४६॥**

'सम्यग्ज्ञानसे आत्मस्वरूपकी पहिचान है'. સાચા જ્ઞાનથી આત્માની પહેચાન થાય છે.

**સમ્યગ્જ્ઞાનથી આત્મસ્વરૂપની ઓળખાણ થાય છે.**

(સવૈયા એકત્રીસા)

**जैसैं काहू बाजीगर चौहटै बजाइ ढोल,**
**नानारूप धरिकैं भगल-विद्या ठानी है।**

तैसें मैं अनादिकौ मिथ्यातकी तरंगनिसौं,
भरममैं धाइ बहु काय निज मानी है॥
अब ग्यानकला जागी भरमकी दृष्टि भागी,
अपनी पराई सब सौंज पहिचानी है।
जाके उदै होत परवांन ऐसी भांति भई,
निहचै हमारी जोति सोई हम जानी है॥२८॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**બાજીગર=ખેલ કરનાર. ચૌહટે=ચોકમાં. ભગલવિદ્યા= છળકપટ. ધાઈ=ભટકીને. કાય=શરીર. સૌંજ=વસ્તુ.

**અર્થ :—**જેમ કોઈ તમાશગીર ચોકમાં ઢોલ વગાડે અને અનેક સ્વાંગ રચીને ઠગવિદ્યાથી લોકોને ભ્રમમાં નાખી દે, તેવી જ રીતે હું અનાદિકાળથી મિથ્યાત્વના ઝપાટાથી ભ્રમમાં ભૂલી રહ્યો અને અનેક શરીરોને અપનાવ્યાં. હવે જ્ઞાનજ્યોતિનો ઉદય થયો જેથી મિથ્યાદષ્ટિ ખસી ગઈ, બધી સ્વ-પર વસ્તુની ઓળખાણ થઈ અને તે જ્ઞાનકળા પ્રગટ થતાં એવી અવસ્થા પ્રાપ્ત થઈ કે અમે અમારી મૂળ જ્ઞાનજ્યોતિને ઓળખી લીધી. ૨૮.

**अर्थ :**-जैसे कोई तमासगीर चौराहे पर ढोल बजावे और अनेक स्वांग बनाके ठगविद्यासे लोगोंको भ्रममें डाल देवे, उसी प्रकार मैं अनादिकालसे मिथ्यात्वके झकोरोंसे भ्रममें भूल रहा और अनेक शरीरोंको अपनाया। अब ज्ञानज्योतिका उदय हुआ जिससे मिथ्यादृष्टि हट गई, सब स्व-पर वस्तुकी पहिचान हुई और उस ज्ञानकलाके प्रगट होते ही ऐसी अवस्था प्राप्त हुई कि हमने अपनी असली आत्मज्योति पहिचान ली॥२८॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એનો અર્થ —'जैसे काहू बाजीगर'. બાજીગર નથી આવતા? ઓલા પહેલા તો આંબા કાઢતા ને કેરી બતાવતા. પહેલાં નાની ઉંમરમાં જોયેલા. સાઠ વરસ પહેલાંની વાત છે. સીત્તેર વર્ષ પહેલાં. ઉમરાળેમાં અમારે ત્યાં એકવાર બધાંને કેરી બતાવે બરાબર હોં, પીળી ને અંદર કાંઈ કેડો-કેડો કાંઈ નહિ. (શ્રોતા : આ તો ઓલો આંબો) આંબો આમ બતાવે કેરી બતાવે ને લૂગડું રાખે આડું જરી. અહીંયા અમારે કન્યાશાળા છે ને. ઉમરાળામાં કન્યાશાળાનું મોટું ચોગાન છે ત્યાં જોયું'તું હોં. ઘણાં વરસની વાત આ તો સીત્તેર વર્ષ પહેલાંની વાત છે. દસ-અગિયાર વરસની ઉંમર હશે તે દિ' જોયું હશે.

આવો આંબો ને કેરી ને આહાહા! માળા, ઠગવિદ્યા છે બધી, કહે છે. આંબો એવું બનાવતાં આવડે છે તો કેરી બનાવીને વેંચને સીધી આંહી, પેદા થઈ જાય ત્યારે. આવો શું ઉઘરાવવા પૈસા ઉઘરાવવા શેનો બેઠો આંહી? કેરી બનાવતાં આવડતી હોય તો એક બનાવ ત્યાં લાખો-કરોડો બનાવ. વેચવા માંડ ને વખાર ભરીને. ઠગ છે માળો! એવી આમ બનાવે ખોટી ને આમ બનાવે કાંઈ આ આ કેરી. પીળી પાછી હોં આમ જોયેલી બરાબર પીળી. પીળી કેરી જોયેલી હોં બરાબર ખબર છે આમ. પીળી આવડી આમ........બરાબર જોયેલી હોં આમ. પણ લૂગડું આડું રાખે આ બાજુ. એક બાજુ આમ નજર કરાવે આટલું હશે. પણ એ શું કરતા હશે માળા!

કહે છે કે 'काहू बाजीगर चौहटे बजाइ ढोल, चौहट'-ચોકમાં, 'नानारूप धरिकैं भगल-विद्या ठानी है', લ્યો. ભગલવિદ્યા-ધોખાબાજી. દુનિયાને ધોખાબાજીમાં નાખ્યા માળે! આહાહા! 'तैसे मैं अनादिकौ'. આત્મા વિચાર કરે, અરેરે! મેં અનાદિનો ખોટી વિદ્યા ધરી છે. 'मिथ्यातकी तरंगनिसौं', વિપરીત માન્યતા. આહા! શરીરની ક્રિયા હું કરી શકું, દયા-દાનનાં ભાવ થાય તે મારો ધર્મ છે, એવા મિથ્યાત્વનાં તરંગમાં મેં ભગ વિદ્યા સાધી. ઠગ વિદ્યા સાધી. હું ઠગાઈ ગયો, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? 'तैसैं मैं अनादिकौ मिथ्यातकी तरंगनिसौं'. ભગવાન વીતરાગ મૂર્તિ પ્રભુ આત્મા! કેમકે વીતરાગને જે વીતરાગતા પ્રગટ થાય છે એ ક્યાંથી આવે છે? કાંઈ બહારથી આવે છે? અંદરમાં વીતરાગ સ્વભાવે આત્મા ભગવાન અનાદિ અનંત પડ્યો છે. કેમ બેસે?

એવી માન્યતા વિના બહારથી દયા-દાન-વ્રત-ભક્તિનાં પરિણામમાં ધર્મ માન્યો અને વિકલ્પની જાળમાં ગુંચાઈને મને ધર્મનું સાધન છે, એમ મેં (માન્યું). મિથ્યાત્વના તરંગ ઉઠ્યા બધા. આહાહા! સમજાણું કાંઈ? 'भरममें धाइ बहु काय निज मानी है'. ભ્રમણામાં જે મારું સ્વરૂપ નથી, એને મેં મારું સ્વરૂપ માન્યું. શરીર આ દેખાય એ તો માટી છે, આ તો જડ છે. બાયડી, છોકરાં, કુટુંબ, પૈસા એ તો અજીવ ને બાયડીનો આત્મા જીવ, એ તો પર છે. પણ એ મારાં...હું એનો...એ કરતાં આગળ જઈને વિકલ્પ મારો અને હું એનો, એ પણ પરકાયને પોતાનો માન્યું છે. આહાહા! સમજાણું કાંઈ?

'भरममें धाइ'-ધાયો છે દોડ્યો. ભટક....ભટક......ભટક ધાઈ. દોડત દોડત દોડ્યો જૈસી મનની દોડ. જાણે શેત્રુંજયની જાત્રા કરીએ તો ધર્મ થાય. સમ્મેતશિખરની જાત્રા કરીને કલ્યાણ થાય. આહાહા! જ્યાં કલ્યાણનો નાથ આખો પડ્યો એની સામું તો જોતો નથી. બહુ બધાં તપ કરે, જુઓને દોઢ-દોઢ મહિનાનાં. આમાં ઉપધાન પંદર દિ' આમ ખાવું એ મહિનો-દોઢ મહિનો. એક દિ' ખાવું ને એક દિ' ન ખાવું ઉપવાસ.

ભગવાનની સામે સો–સો, સો કેટલી? ઉઠ–બેસ કરવી. સો–સો ખમાસમણાં લેવા. મજૂરી છે બધી. આરે......આરે ભારે! ભગવાન આ તો જડ છે માટી, એની ક્રિયા થાય એ તો જડની છે. તારામાં કદાચ રાગની મંદતા થઈ હોય તો એ પુણ્યભાવ છે, એ વિકાર છે, એ પરભાવ છે, એને તેં તારો માન્યો છે. મિથ્યાત્વનાં તરંગમાં આવા ભાવ સેવ્યાં તેં. આહાહા! સમજાણું કાંઈ?

ઓલામાં તો ઈ કહ્યું છે એવું ન આવ્યું જરી. 'जाकै उदै होत परवांन ऐसी भांति भई'. એમાં એટલામાં સમાડ્યું છે. ઓલો રણકાર ઓલો માર્યો છે ને, જેના 'विस्फूरणं' વિસ્ફૂરણ માત્રથી આહાહા! ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે એવી જ્યાં અંતર એકાગ્રતાનાં ભણકારથી જ્યાં જાગ્યો અંદર. 'હું તો જ્ઞાન આનંદ છું. વિકલ્પ ને શરીર ને જગતથી પાર છું', એમ એક ક્ષણ જ્યાં વિસ્ફૂરણા થઈ. કહે છે, 'कृत्स्नमस्यति तदस्मि चिन्महः' બધાનો નાશ થઈ ગયો ઈ તો. આહા! સમજાણું કાંઈ? શ્રીકૃષ્ણનો દાખલો આપે છે, આવે છે ને શાસ્ત્રમાં. દ્રૌપદીને લઈ ગયો'તો ને પદ્મનાભ. ઓલા ખંડમાં લઈ ગયેલો લવણમૂરી કોઈ. પાંડવ–અર્જુનની સ્ત્રી દ્રૌપદી. પાંચ પતિ નહિ હોં, એ તો અર્જુનની પત્ની હતા. એ તો લોકોએ માળે ભ્રમણા નાખી દીધી છે. મહાસતી હતા એ તો. સતીને પતિ પાંચ હોય કોઈ દિ'? સમજાણું કાંઈ?

એ તો નાની ઉંમરમાં સાંભળેલં કે બોંતેર દિ' રાખે એક રાજા ધર્મરાજા પાસે, બોંતેર દિ' ભીમ પાસે, એવું સાંભળેલું. ઓલા માણેકભટ્ટ આવે ને એની પાસે. પછી બોંતેર દિ'એ અગ્નિમાં નીકળે અને શરીર બીજું થઈ ગયું એટલે પછી બીજા ઘેરે જાય. ખોટી વાત છે. આમાં યે એમ છે કે પાંચ પાંડવો પરણ્યા એને અને એક–એક દિ' સૌ વિષય સેવે. અરે! એ તે કાંઈ કૂતરી છે? દ્રૌપદી તો મહાસતી. જેને એક પતિ સિવાય બીજો વિકલ્પ હોય નહિ અને જેઠ એ તો પિતા સમાન, દિયર એ તો દીકરા સમાન, એવી સતી પત્ની. એને પાંચ પતિ ઠરાવ્યાં છે. શ્વેતાંબરના શાસ્ત્રમાં આવે છે. વાત ખોટી તદ્દન છે. સમજાય છે કાંઈ? દ્રૌપદીને પતિ પાંચ નહિ. આંહી તો કહ્યું છે, દ્રૌપદીને લઈ ગયા ક્યાંક ઓલો પદ્મનાભ.

એ પણ કારણ એવું થયું'તું. નારદ એક ફેરી આવ્યા નારદ. નારદ છે ને ઈ કીધું ને 'બ્રહ્મા સુત હું નારદ કહાવું. જ્યાં હોય આ સંપ ત્યાં કુસંપ કરાવું.' નાટકમાં આવ્યું'તું. વડોદરા નાટક જોવા ગ્યા'તાને અનુસૂયાનું પહેલું–પહેલું તે દિ' જોયેલું. આ તો સાલની વાત હશે ૬૪–૬૫ની. સંવત ૬૪–૬૫. વડોદરા છે ને અમારે પાલેજની જોડે. ત્યાં ગ્યા'તા. પછી પહેલો નાટક મોટું નાટક હોં. પણ પહેલો આવ્યો મોટી શું કહેવાય આ?

ચોટલી. હાથમાં વીણા, પગરખાં......પગરખાં નહિ શું કહેવાય ઓલી? ચાખડી. આમ લંગોટી પહેરેલી અને 'બ્રહ્મા સૂત હું નારદ કહાવું, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું' એમ પહેલું માંડ્યું'તું લ્યો.

એ દ્રૌપદી એકવાર....ધર્માત્મા હતા દ્રૌપદી. નારદ આવ્યા, ઊભા ન થયા. પગે ન લાગ્યા, એવો લેખ છે શ્વેતાંબરમાં. નારદ છે ને નારદ આયે અને બેઠા હતા દ્રૌપદી. ઊભા ન થયા. સન્માન ન કર્યું. નારદ......આ આને કે પાંચ એને અર્જુન જેવા પતિ....એ તો એમાં પાંચ પતિ ઠરાવ્યા. એમ......આવા પતિ એનો એને ઘમંડ છે. નાખીશ કોઈ દિ' આપદામાં, કહે. એમાં પદ્મમલ્લ આ તો વિદ્યાધર હતા. ગ્યો નારદે સામે ઓલા ખંડમાં ગયા. પદ્મનાભ રાજા સાતસેં રાણીઓ હતી એને રૂપાળી. સામે નાદ કર્યો ઓલો. નારદ ત્યાં નથી ને. નારદ અંદર પૂછવા જાય ભગવાનને હોં પૂછવા. આની કોર પૂછવા જાય છે ઈ છે પ્રદ્યુમનનું પૂછવા.

ઈ નારદનું પણ ઓલા રાજા પાંહે ગયા. સાતસેં રાણીઓના વખાણ કરવા રાણીઓ હતી રૂપાળી બહુ. પછી નારદ હળવેક દઈને મૂક્યું દ્રૌપદીનું ચિત્ર ચિતરેલું. હવે તારી સાતસેં રાણી આ બાઈનાં નખનાં.....પગનાં નખનાં કટકે ન આવે, કહે. એવી ચઢાવે ત્યારે....હવે તારી રાણીઓ સાતસેં જોઈ હવે. 'એલા ઈ શું કહો છો તમે નારદજી?' તારી સાતસેં રાણી શું હવે? 'એવી તે ક્યાં છે?' ભરતક્ષેત્રમાં છે. આ શું કહેવાય આ જંબુદ્વીપમાં. ત્યાં દેવવત્સ એને તાબે હતો. ઓલા રાજા(પદ્મનાભ)ને દેવવત્સ હતો પૂર્વનો મિત્ર. તે એને કહે, પણ આ રાણી ક્યાંક એને ઘેર લઈ આવ. દ્રૌપદીને લઈ આવ્યા ત્યાંથી ઉપાડીને. ત્યાં તો એવી વાત આવે છે એમાં તો. ધર્મરાજાને પરણવા.......એવું આવે છે. ખોટી વાત બધી. લઈ આવ્યા ત્યાં. ઓલો લઈ આવ્યો. હવે......આ તો મહાસતી.

ખબર પડી કૃષ્ણને, પાંડવોને કે ઉપાડી ગયો કોઈ દેવ, તપાસ કરો. ક્યાં તપાસ? તપાસતાં તપાસતાં હાથ ન આવે. વળી નારદ એકવાર આવ્યા કૃષ્ણ પાસે કે એક દ્રૌપદી જેવી એક દેખાય એવો મેં ઘાતકી ખંડમાં જોઈ'તી. હં.....આનાં કામ લાગે છે બધા. ઓલા શ્રી કૃષ્ણને કહ્યું, એક દ્રૌપદી જેવી બાઈને મેં ત્યાં ઘાતકી ખંડમાં જોઈ'તી. શ્રીકૃષ્ણ સમજી ગયા કે તારાં કામ છે આ બધા. ભાગ્યો એકદમ ન્યાંથી. (શ્રોતા : નારદને કહા?) હા, નારદને કહા. ભાગ્યા. શ્રીકૃષ્ણ સમજી ગયા. પત્તો ખાધો. પત્તો ખાધો પાંડવને બોલાવો. પત્તો ખાધો દ્રૌપદીનો. એને બહેન તરીકે કહેતા ને. ગયા છ જણા. પાંચે ય પાંડવો ગયા પણ હારી ગયા. સમજાય છે?

આ પાંચ ઈન્દ્રિયો કામ ન કરે, એમ કહે છે. શ્રી કૃષ્ણ ચડ્યા અંદરમાંથી જ્યાં......શંખ વગાડ્યો મોટો. ત્યાં ભાગ્યો(સેનાનો) ત્રીજો ભાગ વયો ગયો. મોટા કરોડો માણસો લઈને આવ્યો હતો રાજા. શંખ વગાડ્યો પછી શંખ મૂકીને પછી મોટો બાણ.....શું કહેવાય ઓલું? ધનુષ ટંકાર માર્યો આમ. ટંકાર માર્યો ત્યાં ત્રીજો ભાગ વયો ગયો બીજો. એક ભાગ રહી ગયો. એક ભાગ પછી એને મેળે વયો ગયો. દર્શન જ્ઞાન થયું ને ચારિત્ર પછી થયા વિના રહે જ નહિ, એની મેળે ચારિત્ર થાય. એ બધું એ ઉતારતા તે દિ' પોરબંદરમાં ઉતાર્યું'તું બહુ. ત્યારે તો શાસ્ત્ર સામે હોય તેના પ્રમાણે....સમજાણું કાંઈ? શ્રીકૃષ્ણ ચડ્યા અંદરથી ને માર્યું. શું કરવું હવે? રાજા શ્રીકૃષ્ણ આવ્યા છે, મહાપુરુષ છે. એને કોઈ જીતી શકે નહિ એટલે દ્રૌપદી પાસે ગયો ઓલો પદ્મનાભ. શું કરું? લૂગડાં પહેર બાયડીનાં. સાડલો પહેર ને છૂટો રાખ છેડો. તને દેખશે તો બાયડી દેખીને નહીં મારે, જા. તારો ઉપાય છે બચવાનો આ. નહિ તો મારી નાંખશે. એ શ્રીકૃષ્ણ છે, ત્રણખંડના ધણી છે મહા.

પછી ઓલો પદ્મનાભ લઈ મોઢા આગળ થાળી રતન ભર્યા સારા-સારા ને દ્રૌપદી મોઢા આગળ. બચાવું છું......બચાવું છું. કૃષ્ણ તમે. એ સ્ત્રીનાં કપડાં પહેરીને આવ્યો. અમે વીરોના અમારા બાણ આવા નપુંસક સામે ન પડે. બાયડીઓ પર ન પડે. પછી તો જેવો શ્રીકૃષ્ણનો રણકાર લાગ્યો. ત્યાં બધા ભાગ્યા. એમ આંહી કહે છે, કર્મ કૃશે તો કૃષ્ણ કહીએ. આત્મા અખંડ આનંદનો ધામ, એને પુણ્ય-પાપના વિકલ્પથી ખસીને જ્યાં એકાકાર ઉપર થયો અનુભવ સમ્યક્ થયું, ત્યાં વિકલ્પના ગોટેગોટા ઊઠી ગયા બધા. સમજાણું કાંઈ? ઓલી કથામાંથી આવું કહેતા ત્યાં ભઈ તે દિ' તો ન્યાં બધા સાંભળેને જરા. વાતો ખોટી છે. સમજાણું કાંઈ?

છે ને અંદર જુઓને. 'यस्य विस्फुरणमेय तत्क्षणं कृत्स्नमस्यति.' પૂરા બધા વિકલ્પોનો નાશ થઈ જાય. પહેલો છે ને 'पुष्कल उच्चल विकल्प वीचिभिः' વિકલ્પનાં ટોળા શમો....શમો. ઉઠતાં.....આહાહા! ભગવાન આત્મા પૂર્ણ આનંદનું સ્વરૂપ, એને આ હું આવો છું અને તેવો, એવા જે વિકલ્પની જાળ, એ સત્ય સ્વરૂપનો જ્યાં અનુભવ થયો સમ્યગ્દર્શનમાં સમ્યગ્જ્ઞાનમાં, વિકલ્પની સેના નાશ થઈ જાય છે. સમજાય છે કાંઈ? આહાહા! એવી વાત છે ભાઈ! એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન કહેવાય છે. આમ લોકો વાતું કરે ને બેસે. નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન ને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન, એમ નથી. સમજાણું કાંઈ? આત્મા આવો અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય અનુભવમાં આવીને પ્રતીત કરે, એને સમ્યગ્દર્શન કહેવાય છે. આહા! અને એ

સમ્યગ્દર્શન વિના જ્ઞાન સાચાં હોય નહિ. એને વ્રત ને તપ પણ બધા એકડા વિનાનાં મીંડા હોય. સમજાણું કાંઈ ?

એ કહે છે જુઓ, 'भरममैं धाइ बहु काय निज मानी है, अब ग्यानकला जागी....' ઓલી રાગની વિકલ્પની જાળ છે, મેલ છે, દુઃખ છે, ઝેર છે. સવારમાં આવ્યું'તું ને. ઘોર સંસારનું મૂળ છે. હાડ લાગે માણસજાતને. સંસાર છે, પુણ્ય ને પાપનો ભાવ સંસાર દુઃખરૂપ વિકાર છે. ચાહે તો વ્રતનો વિકલ્પ હો કે તપસ્યાનો હો. સમજ્યાને? આ નયનો વિકલ્પ હો, બધી જાત ઝેરની. બધી જાત ઝેરની, આત્માનાં અમૃતની નહિ. આહાહા! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે! આવો તો ભઈ સાંભળ્યું નહોતું કદી, નવા આવેલાને એમ લાગે. નવા માણસો હોય ને. ભાઈ! તારા ઘરની વાતું પરમેશ્વરે કહી છે, એ તને સાંભળવા મળે નહિ તો સમજે કે દિ' અને શ્રદ્ધા કે દિ' કરે અને અનુભવ કે દિ' કરે! સમજાણું કાંઈ? આહા! શું થાય!

જગત લૂંટાય છે ખુશી થઈને હોં પાછું, હોંશથી લૂંટાય છે. આવી વાતો. આ તો બી.એ., એલ.એલ.બી.ની વાતું, એમ.એ.ની વાતું, એમ કહીને માળા ઉઠાડી નાખ્યા પાછા. અરે, સાંભળને ભાઈ! આ તો હજી એકડાંના પહેલાંની વાત છે. એલ.એલ.બી. શું! સમજાણું કાંઈ? 'ग्यानकला जागी भरमकी दृष्टि भागी'—ભ્રમણા નાશ થઈ ગઈ. 'अपनी पराई सब सौंज पहिचानी है.' પોતે કોણ? આનંદ સ્વરૂપ અને 'पराई'—વિકલ્પ આદિ રાગ આદિ પર. બેયની વસ્તુ જ્ઞાનમાં જણાઈ ગઈ છે. ધર્મ થતાં બેયનું જ્ઞાન એને સાચું થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ?

'अपनी पराई सब, सौंज' એટલે વસ્તુ. હું તો જ્ઞાન ચૈતન્ય નૂર ચૈતન્યનાં પૂરનો પ્રકાશનો સાગર છું અને આ રાગાદિ એ વિકાર વિભાવ દુઃખ છે. શરીર આદિ આ માટી જડ છે. એમ આત્માનું જ્ઞાન થતાં સ્વને પરની વસ્તુનું જ્ઞાન થયું. 'जाकै उदै होत परवांन ऐसी भांति भई.' જેને પ્રગટ થતાં, આવે છે ને એમાં એની. 'ग्यानकला उपजी अब मोहि, कहौ गुन नाटक आगमकेरौ केरो' આ બનારસીદાસ. પહેલાં આવી ગઈ છે, શરૂઆતમાં. 'चेतनरूप अनूप अमूरत सिद्ध समान सदा पद मेरौ', એ પોતે કહે છે ત્યાં હોં. 'मोह महातम आतम अंग, कियौ परसंग महा तप घेरौ, ग्यानकला अब अपनी मोहि, कहौं गुन नाटक आगमकेरौ। जासु प्रसाद सधै सिवमारग, वेगि मिटै भववास बसेरौ॥'

આ માંસ ને હાડકામાં રહેવું ભગવાન અમૃતનો સાગર. અરે, મૈસૂબને ગધેડાનાં મૃગનાં ચામડામાં વીંટીને રાખવો. એમ આ ચામડાં—હાડકાં.....હાડકાં માંસ લોહી એમાં

અમૃતનો સાગર ભગવાન એમાં રહે...કલંક છે, કહે છે. સમજાય છે કાંઈ? આહાહા! ભારે વાતો ભાઈ આવી! પણ હું કોણની, એને મોટપની ખબર નથી. ઈ તો જાણે, હું પામર રાંકો છું ને આવો છું ને આવો છું. સમજાણું કાંઈ? પ્રકાશદાસજી, આ તો રણે ચડ્યા રજપૂત છૂપે નહિ, એવી વાત છે આ. એ રાજા રણે ચડે ત્યાં પછી આ વાણિયા જેવો વેવલા હશે ઈ? એં.....અમે ન પોગી શકીએ, અમે તો વાણિયા કહેવાઈએ, એમ કહે છે. રજપૂતનો દીકરો તો કહે, ધ્યાન રાખજે, હું છું સાથે જાનમાં.

ત્યાં બન્યું'તું લીંબડી. લીંબડી એક છે ને શું કહેવાય? જાંબુ. વાણિયાઓ જાન લઈ ગયા અને સાથે રાખ્યો રજપૂત ગરીબ એક હતો. આવ્યો ડાકુ સામે લૂંટવા બે–ત્રણ–ચાર. ખબર પડી કે આ તો ડાકુ આવ્યા, હવે જાન લૂંટશે. સાથે વરરાજા ને બધા હોય ને ઓલા દાગીના–બાગીના. ઊભો થઈ ગયો રથમાંથી પછી હેઠે ઊતર્યો. 'ધ્યાન રાખજે હું રજપૂત છું. પ્રાણ મારા જાય પછી લૂંટાય આ, બાકી નહિ લૂંટાય.' ગિરધરભાઈ કહેતા. ગિરધર વોરા હતાને એ કહેતા. ભાગ્યા ઓલા હોં. 'બાપા અમે રજપૂતનાં પુત્ર છીએ. એવા વેવલા નથી તમારા વાણિયા જેવા કે એં.....કરીને ભાગીએ. ઊભો રહેજે. જાન ઉપર હાથ નાખવા પહેલાં પ્રાણ જાશે તારા. ધ્યાન રાખ.' પડકાર સાંભળીને ઓલા ભાગ્યા એય પોપટભાઈ! વાણિયા તો એં.....ભાઈ સા'બ લઈ જાઓ, લઈ જાઓ......મારીશ નહીં હોં ભાઈસા'બ!

એમ આત્મા જ્યાં પોતાના ચૈતન્યનાં સ્વરાજમાં ચડે છે, એ વેવલો નથી એ. કીધું ને ન્યાં હમણાં કીધું. ઓલામાં આવ્યું'તું ને. 'निज बल परगासि' આવ્યું'તું ને ઓલામાં આવ્યું'તું. 'निज बल परगासि'. અમે રાજાનાં રાજા અનંત વીર્યનાં ધણી. અમારા બળને કોઈ ખંડી શકે, હણી શકે જગતમાં કોઈ ચીજ નથી. એવો જ્યાં રણકાર મારતો જ્યાં આતમા જાગે, કહે છે, શત્રુની સેના પૂંછડા લઈને ભાગે. આ એનું નામ ધર્મ છે. ધર્મ કાંઈ એં.....એં કર્યા ને આ પૂંજણી પૂજ્યાં ને ધર્મ થઈ ગયો, એમ ધર્મ નથી. આહાહા!

'जाकै उदै होत परवांन' હોત પ્રમાણ, એમ કે તરત તે. 'ऐसी भांति भई, निहचै हमारी जोति सोई हम जानी है'. અમારી ચૈતનજ્યોતિ ભગવાન આત્મા આવો છે, એમ અનુભવમાં આવતાં ધર્મીને અમારી જ્યોત આ છે, એમ જાગી જાણી. બાકી રાગ–ફાગ અમારો છે નહિ. આ એનું નામ અનુભવ અને સમ્યગ્દર્શન કહેવાય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૪૮, ફાગણ વદ ૭, શુક્રવાર, તા. ૧૯-૩-૧૯૭૧
## કર્તા-કર્મ ક્રિયાદ્વાર પદ ૨૯, ૩૦ ઉપર પ્રવચન

કર્તા કર્મ ક્રિયાદ્વાર. ૪૭ છે, ૪૭ કળશ છે. ૨૯ મું પદ. નીચે

**चित्स्वभावभरभावित भावाभावभाव परमार्थतयैकं।**
**बन्धपद्धतिमपास्य समस्तां चेतये समयसारम पारं।।४७।।**

ज्ञानीका अनुभवमें विचार. ધર્મ જે ધર્મ કરે છે, એને કેવા વિચાર હોય છે ધર્મીને ?

જ્ઞાનીનો આત્માનુભવમાં વિચાર (સવૈયા એકત્રીસા)

**जैसें महा रतनकी ज्योतिमैं लहरि उठै,**
**जलकी तरंग जैसें लीन होय जलमैं।**
**जैसें सुद्ध आतम दरब परजाय करि,**
**उपजै बिनसै थिर रहै निज थलमैं।।**
**ऐसै अविकलषी अजलपी अनंद रूपी,**
**अनादि अनंत गहि लीजै एक पलमैं।**
**ताकौ अनुभव कीजै परम पीयूष पीजै,**
**बंधकौ विलास डारि दीजै पुद्गलमैं।।२९।।**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—અવિકલ્પી=વિકલ્પ રહિત. અજલપી=અહીં સ્થિરતાનો અર્થ છે. ગહિ લીજૈ=ગ્રહણ કરો. પીયૂષ=અમૃત. વિલાસ=વિસ્તાર.

**અર્થ** :—જેવી રીતે ઉત્તમ રત્નની જ્યોતિમાં ચમક ઉત્પન્ન થાય છે અથવા જળમાં તરંગ ઊઠે છે અને તેમાં જ સમાઈ જાય છે, તેવી જ રીતે શુદ્ધ આત્મા, પર્યાય અપેક્ષાએ ઊપજે અને નાશ પામે છે તથા દ્રવ્ય અપેક્ષાએ પોતાના સ્વરૂપમાં સ્થિર રહે છે. એવા નિર્વિકલ્પ, નિત્ય, આનંદરૂપ, અનાદિ, અનંત, શુદ્ધ આત્માનું તત્કાળ ગ્રહણ કરો. તેનો જ અનુભવ કરીને પરમ અમૃત-રસ પીઓ અને કર્મબંધના વિસ્તારને પુદ્‌ગલમાં છોડી દો. ૨૯.

**अर्थ :** जिस प्रकार उत्तम रत्नकी ज्योतिमें चमक उठती है, अथवा जलमें तरंग उठती है और उसीमें समा जाती है, उसी प्रकार शुद्ध आत्मा, पर्यायापेक्षा उपजता है और नष्ट होता है, तथा द्रव्यापेक्षा अपने स्वरूपमें स्थिर–अवस्थित रहता है। ऐसे निर्विकल्प, नित्य, आनंदरूप, अनादि अनंत, शुद्ध आत्माको तत्काल ग्रहण कीजिये। उसीका अनुभव करके परम अमृतरस पीजिये और कर्मबंधके विस्तारको पुद्गलमें छोड़ दीजिये।।२९।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એનો અર્થ–જ્ઞાનીકા અનુભવ ધર્મી. ધર્મ કેમ હોય છે ધર્મીને? કે આત્મા અખંડ આનંદ ને જ્ઞાન સ્વરૂપ ધ્રુવ ચૈતન્ય છે. એના સન્મુખ થઈને, રાગાદિ વિકલ્પ જે છે એનાથી વિમુખ થઈને, વસ્તુના સ્વભાવનો અનુભવ કરે, ત્યારે તેને ધર્મ થાય ને ત્યારે મુક્તિનો ઉપાય થાય. 'जैसे महारतनकी ज्योतिमैं लहरि उठै'. જેમ રતન હોય ને ઉંચું અને એમાં ચમક-ચમક થાય છે એના ચમત્કારની ને લહેરની, પ્રકાશની. 'जैसे महारतन.....' મહારતન લીધું છે, સાધારણ નહીં. 'जैसे महारतनकी ज्योतिमैं लहरि उठै'. એમ આ જ્યોતિ તેજમાં આમ પ્રકાશના અંદર ચમકાર ઉઠે. 'जलकी तरंग जैसे लीन होय जलमैं'. રતન નિર્મળ શુદ્ધ, એનો પ્રકાશ ઉઠે, વિલય પામે. ઊઠે, વિલય પામે, એમાં ને એમાં. રતન મહા આ દૃષ્ટાંતમાં છે. રતન હોય ઊંચા, એની ચમક ઊઠે ને ચમક અંદર સમાય, ઊઠે ને સમાય, ઊઠે ને સમાય અને રતન તો કાયમ રહે. એમ લીધું ને, 'ज्योतिमैं लहरि उठै'.એક દૃષ્ટાંત એ કહ્યો.

'जलकी तरंग जैसे लीन होय जलमैं'. જળનું મોજું ઊઠે, વળી સમાય એમાં. નવો ઊઠે વળી સમાય એમાં. જળરૂપે કાયમ રહે. આ બે દૃષ્ટાંત રતનના ને જળના. એમ ધર્મી જીવ જેને હિત કરવું છે આત્માનું, એ એમ અંતર વિચારે છે આત્માને કે, 'तैसे सुद्ध आतम दरब'. જેમ રતન નિર્મળ ને પ્રકાશ ઊત્પન્ન ને વ્યય થાય છે. પાણી કાયમ રહે છે અને એમાં તરંગો ઊઠે ને વિલય (થઈ) જાય છે. એમાં ને એમાં એ તરંગ સમાઈ જાય છે. એમ ભગવાન આત્મા હું શુદ્ધ આત્મા છું. છે, પણ હું શુદ્ધ છું. શરીર, વાણી, મનમાં નહીં, પુણ્ય-પાપના રાગ છે, એમાંય હું નથી. આંહી તો નયના વિકલ્પ સુધી લઈ ગ્યા છે ને, એમાંય હું નથી. શુદ્ધ કીધું છે ને અહીં તો પાધરું. શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક ભાવ જ્ઞાન ને આનંદથી સ્વભાવથી ભરેલું તત્ત્વ છું, એમ ધર્મી ધર્મ કરવાના કાળમાં આવો વિચાર કરે છે ને પછી અનુભવે છે. કહો પોપટભાઈ! ભારે ઝીણો માર્ગ!

'सुद्ध आतम दरब परजाय करि'. શુદ્ધ આત્મા દ્રવ્ય રૂપે કે વસ્તુરૂપે ત્રિકાળ છે ધ્રુવ અને એની નિર્મળ અવસ્થા ઊપજે ને વિલય થાય, ઊપજે ને વિલય(થાય). પાણીનું

તરંગ જેમ ઉત્પન્ન થાય ને એમાં સમાય ને પાણીપણે કાયમ રહે, એની લહેરી ઊઠે ને સમાય. એમ રતનનું (રતન)પણું કાયમ રહે ને એની જ્યોતિની પ્રકાશની લહેર ઉત્પન્ન થાય ને વિલય થાય, ઝબક, ઝબક ઝબક થાય. એમ આ દેહમાં રહેલો ભગવાન તદ્દન હું નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્ય રતન છું. આહાહા! સમજાણું કાંઈ? એવો ચૈતન્ય ભગવાન દ્રવ્યરૂપે હું ત્રિકાળ વસ્તુ તરીકે છું અને વર્તમાન જે અનુભવની ને વીતરાગી નિર્મળ દશા ઉત્પન્ન થાય ને વ્યય થાય, ઉત્પન્ન થાય ને વિલય થાય, એવો હું આત્મા છું. રાગ ઉત્પન્ન થાય ને વિલય થાય, એ મારી ચીજમાં નથી. આરે ભારે વ્યાખ્યા! સમજાણું કાંઈ?

'तैसें सुद्ध आतम दरब परजाय करि, उपजै बिनसै थिर रहै निज थलमैं'. પોતે અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા, એમાં અનંત અનંત આનંદ આદિ ધ્રુવ સ્વભાવથી દ્રવ્ય સ્વભાવ કાયમ છે. અને એની વર્તમાન (પર્યાયમાં) એનો અનુભવ થતાં એની સન્મુખ થઈને જે સમ્યક્ દર્શન, જ્ઞાન, શાંતિની પર્યાય ઉત્પન્ન થાય. એ ઉત્પન્ન થાય ને બીજે ક્ષણે તે અંદર સમાઈ જાય. એ એના ને એના સ્વક્ષેત્રમાં ઊપજવું, વિણસવું ને ઠરવું એમ થાય, એમ કહે છે. પરની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા! દયા, દાન, વ્રત ભક્તિ, પૂજા—એ બધો વિકલ્પ રાગ છે, એ આત્મા નહીં. એ આત્મા નહીં ને એ આત્માનું સાધન પણ નહીં. આહાહા! એ વાત છે.

મૂળ ચીજ શું છે એની ખબર ન મળે. (શ્રોતા : એનું શું કામ ધર્મ કરવો હોય તો?) ખબર વિના ધર્મ શેનો થાતો હશે? એય! ભાન ન મળે ને શાક લેવા જાય તો કહેતા હશે કે નહીં કે આ દૂધી કે મારે કારેલા લેવા છે કે બે રૂપિયા આપીને શાક આપજો મને. કયુ? કે મને કાંઈ ખબર નથી. એમ મૂર્ખો કહેવાતો હશે? ને જાતો હશે? મારા બાપે શાક લેવા મોકલ્યો છે બે રૂપિયા દઈને. અત્યારે મોંઘવારીની વાત છે હોં. પહેલાં તો ચાર પૈસા ને બે પૈસા શાક બહુ મળતું......ઘરમાં દસ માણસ છે. કયુ પણ શાક? કહે, મને ખબર નથી. આ રૂપિયા બે આપ્યા છે ને શાક લઈ આવો, કીધું. પણ કયુ? આ દૂધી કે કારેલા? 'મને કાંઈ ખબર નથી.' શું કહે એને? મૂર્ખો કહે?

કાપડની દુકાને જાય, લ્યો પચાસ રૂપિયા લઈને. કાપડ આપજો પચાસ રૂપિયાનું. કયુ? એ મને કાંઈ ખબર નથી. બાયડીનો સાડલો જુએ છે, ઘાઘરો જુએ છે, પહેરણ જોઈએ છે, ધોતી જોઈએ છે? તમને ઠીક પડે. શું પણ ઠીક પડે? એની એને ખબર હોય કે આ મારે જેઠ મહિનાનો વખત છે, કેરીનું ટાણું છે, ઘરે મહેમાન દસ—વીસ આવ્યા છે. માટે કેરીના ટાણામાં કારેલાનું શાક એમાં હોય, માટે કારેલા મને અધમણ આપો. એમ કહે કે નહીં? બીજું બધું તારવીને કહે કે આ મને આપો, એમ કહે કે નહીં?

એમ જેને આત્માને ધર્મ કરવો છે. એ બધું તારવી નાખે કે આ શરીર નહીં, વાણી નહીં, મન નહીં, પુણ્ય-પાપના વિકલ્પ એ 'હું' નહીં. મારો તો આત્મ ચૈતન્યરસથી ભરેલો એ 'હું' છું. એવા જ્ઞાન વિના એમાં ઠરશે ક્યાંથી? એમ ઓલા જ્ઞાન વિના વસ્તુ લેશે કઈ? મૂરખમાં ગણાશે, (શ્રોતા : વધારે મહેનત કરવી પડે.) ખાવા બેસે ત્યારે કહેતો હશે ને કે શરીરે બરાબર મને ઠીક નથી ભાઈ! કાંઈક આપો મને કાંઈક. શું પણ તને આપું? ચોખા, રોટલી? કહે, મને કાંઈ ખબર નથી. તાવનું ટાણું છે. થોડો થોડો અંદરથી તાવ દેખાય છે, સાધારણ નવાણું નવાણું રહે છે. માટે રોટલી નહીં, ચોખા આપો. દવા આપો, એમ કહે કે નહીં? કહે, રોટલો આપે ને રોટલી ખાઈ જતો હશે તાવ હશેને? પંડિતજી!

પ્રકાશદાસજી! દુનિયામાં મૂર્ખાઈ ન હાલે. અહીંયા મૂર્ખાઈ! આપણે કોણ છીએ, ઈ કાંઈ ખબર નથી. આપણે ધર્મ કરવો છે પણ શું ધર્મ કરીએ? ક્યાંથી? એ લૌકિક કે લોકોત્તર ધર્મ વિરૂદ્ધ હોય. લૌકિકમાં જાણપણું હોય તો ત્યાં માલ લેવાય ને અહીં અજ્ઞાન હોય તો માલ લેવાતો હશે, એમ હશે? આંહી તો પહેલો કહે છે, જેમ રતનની જ્યોતિમાં લહેર ઊઠે, એ એની પર્યાય છે. રતનપણું કાયમ રહીને એમાં તેજની લહેર ઉઠે એ એની અવસ્થા છે અને ઊઠે ને એમાં સમાય. એમ જળની તરંગ જૈસે લીન હોય જળમેં, લ્યો આ પર્યાય આવી, એય! આ દ્રવ્યમાં પ્રશ્ન ઉઠ્યો ને ત્યાં, દ્રવ્યની પર્યાય આવી પછી ગઈ ક્યાં? એ જેઠાભાઈ? જાય ક્યાં? ન્યા ને ન્યાં સમાણી ને ઉત્પન્ન થાય, સમાણી ને ઉત્પન્ન થાય. (શ્રોતા : એક સમયની હતી તો સમાય જ ને) શું? અંદર જ હતી, સમે ક્યાં? સામાન્યમાં એ અભેદ થઈ ગઈ વસ્તુ.

ઉત્પાદ્ વ્યય ધ્રુવ યુક્તં સત્, ઉત્પાદ વ્યય ધ્રુવ યુક્તં સત્, 'હું આત્મા છું, ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ ધ્રુવ છું, નિત્યાનંદ છું', એવું જેને જ્ઞાન થાય તે એમ અંદર વિચારે કે આ જ્ઞાનાનંદ સ્વભાવમાં ઠરવાથી નવી અવસ્થા આનંદની ઊપજે ને એ પાછી અવસ્થા બીજે ક્ષણે અવસ્થા નાશ થાય. પણ એ બધો ઉત્પાદ્ વ્યય ને ધ્રુવ, તે હું આત્મા છું. આવા શબ્દો ય સાંભળ્યા ન હોય, ઉત્પાદ, વ્યય ને ધ્રુવ. બાલચંદભાઈ, સાંભળ્યું હતું ત્યાં? ઉત્પાદ એટલે શું? આ ક્લેશ એ ઉત્પાત હશે? (શ્રોતા : તોફાન કરે એ ઉત્પાત) તોફાન કરે એ ઉત્પાત. એ પોપટભાઈ! આહાહા!

ભાઈ, તું વસ્તુ છો, પદાર્થ છો ને વસ્તુ છે એમાં અનંતા ગુણોની શક્તિ વસેલી છે. એવો આત્મા પહેલો જ્ઞાનમાં યથાર્થ કરી લઈ સમજીને પછી આત્મદ્રવ્ય 'હું આ વસ્તુ ધ્રુવ છું, ચૈતન્ય છું, કાયમ છું.' અનાદિ અનંત વસ્તુનો સ્વભાવ ધ્રુવ એકરૂપ છે. એમાં

આ એકાકાર થતાં, એમાં દૃષ્ટિ આપતાં પર્યાયની નિર્મળતા આનંદની ને જ્ઞાનની ઉત્પન્ન થાય અને બીજી ક્ષણે એ અવસ્થા એમાં સમાઈ જાય, એટલાને અહીં આત્મા કહે છે, એમ સિદ્ધ કરવું છે. કર્તા કર્મ ક્રિયા (અધિકાર) છે ને એટલે વ્યવહાર ક્રિયા, રાગની ક્રિયા—કરવું રાગની ઉત્પત્તિ થાય ને વ્યય થાય, એ વસ્તુમાં નથી. શેઠી! (શ્રોતા : સિદ્ધાંત હી બહોત બઢીયા હૈ) સિદ્ધાંત હી બહોત બઢિયા. એ ખ્યાલ લેના કહતે હૈ. (શ્રોતા : ધ્યાન મેં રખના) હાં, એકલો જ્ઞાનનો સૂર્ય પ્રભુ છે. જ્ઞાન સૂર્ય ધ્રુવ-ધ્રુવ નિત્ય અને એમાં અંતર એકાકાર થતાં જે નિર્મળ વીતરાગી નિર્દોષ આનંદ આદિની દશા થાય, એ એની અવસ્થા છે, પર્યાય છે. એ અવસ્થા બીજી ક્ષણે અંતરમાં જાય ને નવી અવસ્થા થાય. કહો, સમજાણું કાંઈ?

(શ્રોતા : .......) નવી નિર્મળ જ હોય. અહીં વસ્તુ એને કહેવી છે. ઓલા રાગ કર્તા-કર્મ-ક્રિયા છોડી દીધું ને પરનું. રાગાદિનો કર્તા નથી, પરનો કર્તા નથી. ૪૦ જણા આવ્યા'તાને. એ તો કહે, લ્યો આત્મા સિવાય આ જડનું કંઈ એની મેળાએ થાતું હશે? એ વીરચંદભાઈ! એમના કુટુંબી આવ્યા હતા. બિચારા સાંભળેલું નહીં ને સાંભળેલું. સંપ્રદાયમાં ય ક્યાંય ચર્ચા નથી. ધંધા કરે ને તડાકા મારે. એમાં કાંઈ પાંચ પચીસ હજાર મળે, પચાસ હજાર ને લાખ બે-લાખ, ઓહોહો! ભારે ડાહ્યો પુરુષ જાગ્યો કુટુંબમાં કર્મી જાગ્યો મોટો. કર્મનો કરનારો દીવો લઈને ઈ પડશે કૂવામાં અને અમને નાખશે ભેગા.

આ વસ્તુ શું છે? વીતરાગ પરમાત્માએ આત્મા ધર્મ, પણ એ ધર્મ કરનારો છે કોણ? ધર્મ ઈ તો આત્માની એક દશા છે, અવસ્થા છે. ધર્મ એ આત્માની પવિત્ર નિર્દોષ આનંદ દશા છે. એ દશા ધરનારો આખો ત્રિકાળી તત્ત્વ કોણ છે? ને એ દશા ઉત્પન્ન ને વિલય થાય, એ શું છે આ? આહાહા! સમજાણું કાંઈ? ભારે આવો આકરો માર્ગ! ઓલું તો કરતા સામાયિક કરે ને પોષા કરે, પડિક્કમણા કરે ને બાયડી છોકરા છોડીને સાધુ થાય, લુંગડા ફેરવીને. ધૂળેય નથી સાધુ સાંભળને હવે! (શ્રોતા : એ સાધન તો છે ને.) ઈ સાધન છે ને અંદરનું. એક રાગ સાધન છે? ધૂળ સાધન છે આ સાધુપણા તો બહારના અનંતવાર લીધા, એકાગ્ર થયો નહીં કોઈ દિ.' અને એ તો બધી રાગની ક્રિયાઓ છો, જડની કેમ કે રાગ પોતે અચેતન છે. આત્માનો સ્વભાવ ક્યાં છે? કર્તાકર્મનો નિષેધ કરવો છે ને? શું થાય? આહાહા! જૈસે, છે ને ઓલું જૈસે હતું ને.

'जैसे महारतनकी ज्योतिमैं लहरि उठै, जलकी तरंग जैसे.......' જુઓ, ન્યાંય આવ્યું પાછું જોયું '........लीन होय जलमैं'. ઓલામાં એકલું 'ઉઠે' હતું. આહીં પછી 'લીન હોય જલમેં' એમ કર્યું. બે ય સમાડી દીધા. એ બે દાખલામાં ઉત્પાદ્-વ્યય સમાડી

દીધા. પેલામાં રતનની જ્યોતિમાં લહેર ઊઠે, એટલું રાખ્યું 'જળની તરંગ જૈસે લીન હોય જળમેં' એમ બેય નાખ્યું. પાણી કાયમ રહીને તરંગ ઊઠે અને એ તરંગ એમાં પાછું સમાય, નવું તરંગ સમાય ને થાય. એમ રતન ઉંચું રતન, આહાહા! રતન થાય છે ને જુઓ લાખો રૂપિયાના થાય છે. એથી ઉંચાના ય થાય છે. એંસી હજારનો હીરો જોયો છે, એક ફેરી ન્યાં. બેચરભાઈ લાવ્યા'તા ત્યાં રાજકોટ.

(શ્રોતા : જલમાં તરંગ ઉઠે.....) ઈ ઉઠે પર્યાય, (શ્રોતા : વર્તુળ—વર્તુળ) નહીં ઈ નહીં, વર્તુળ નહીં મોજાં-મોજાં અમથા ઉઠે. વર્તુળ તો કાંકરી પડે તો ઉઠે. એ કાંકરી પડે ને તો વર્તુળ ઊઠે. કાંકરી વિના પણ પાણી આમ ઊઠે, મોજા ઊઠે. સમજાણું કાંઈ? એંસી હજારનો હીરો હતો. આઠ રતિભાર. આઠ રતિ. એક રતિના દસ હજાર રૂપિયા. જસાણી નહીં? રાજકોટવાળા નાનાલાલભાઈ ને બેચરભાઈ હતા ને. એક ફેરી ત્યાં ચોમાસું હતું ત્યારે લાવ્યા હતા બતાવવા. એક કંઈ નાનો હતો દસ હજારનો ને એક એંસી હજારનો. આઠ રતિભારના એંસી હજાર. એક રતિના દસ હજાર. (શ્રોતા : .....) ઈ તો સોંઘુ થઈ ગયું ને. બે રતિના દસ હજાર તો સોંઘુ થઈ ગ્યું. આ તો એક રતિના દસ હજાર. (શ્રોતા : સાંભળ્યું નથી).

એક આઠ રતિભાર હતો હીરો. એંસી હજારનો તે દિ'. નવાણુંની સાલની વાત છે. સમજ્યા નથી. બે રતિના ચાર હજાર, એ તો સોંઘો થઈ ગયો. દસ હજારની એક રતિ.... મગજ કામ કરતું નથી. અહીં તો આઠ રતિભાર હતો ને કીધું કેટલી કિંમત? કે એંસી હજાર. એક રતિભારના દસ હજાર રૂપિયા. નવાણુંના સાલની વાત છે. એ તો લોકો બહુ રાખે ને. (શ્રોતા : ત્રીસ—ત્રીસ ચાલીસ હજાર રૂપિયા) પણ એની ડાબલી જુદી હતી હોં! ખાડો ને અંદર એમાં સમાય એમ ડાબલી ઢાંકીને.

એમ આ ચૈતન્ય રતન ભગવાન, આ શરીરના રજકણો આ ડાબલાની અંદર જુદી ચીજ છે. સમજાણું કાંઈ? જેમાં તો અનંતા અનંતા આનંદ આદિ શક્તિઓના ગુણ ભર્યા છે. આહાહા! કહે છે, ધર્મી એમ વિચારે છે કે હું તો ત્રિકાળ આનંદનો ધામ શુદ્ધ આનંદઘન છું. અને મારી દૃષ્ટિ અંતરમાં રહેતા અનુભવ થતાં મને જે આનંદની દશા ઉત્પન્ન થાય છે, તે અવસ્થા છે, એ પર્યાય છે. વસ્તુ ધ્રુવ છે. સમજાણું કાંઈ? આ બધું ગ્રીક લેટિન જેવું લાગે નવા માણસને, કોઈ દિ' પરિચય ન મળે. કોલસાના ધંધા આખી જીંદગી. એમાં હીરા ને માણેકને, બતાવે આ શું છે? આ શું આવું?

કહે છે, જેમ રતનને જળનો દૃષ્ટાંત કહ્યો તેમ 'सुद्ध आतम दरव परजाय करि, उपजै बिनसै थिर रहै निज थलमैं.' ભાષા દેખો. પોતે ભગવાન અસંખ્ય પ્રદેશી વસ્તુ

છે. એમાં અનંત ગુણ ધ્રુવરૂપે છે. એ ધ્રુવ ઉપરની એકાગ્રતા થતાં ધ્રુવ થળ કાયમ રહે અને એમાં એકાગ્ર થતાં પુણ્ય-પાપના વિકલ્પ પણ ધર્મ નહીં ને ધર્મનું કારણેય નહીં. ઈ અંતરની શુદ્ધતા અંતરના ત્રિકાળ દ્રવ્યને અવલંબે, આશ્રયે ઉત્પન્ન થાય, એ અવસ્થા ઉત્પન્ન થાય ને બીજે ક્ષણે એમાં સમાઈ જાય, એનું નામ ઉત્પાદ-વ્યયની દશા કહેવામાં આવે છે ને વસ્તુ કાયમ રહે એને ધ્રુવ કહેવામાં આવે છે. (શ્રોતા : પોતાના નિજથળ) પોતાના છે એમાં ને એમાં છે ઉત્પાદ્ વ્યય નિજ થળમાં છે, ઈ એ પરમાં નથી.

(શ્રોતા : નિજ થળ જ્ઞાન) ના, ઈ સ્થળ એ જ્ઞાન નહીં. નિજ સ્થળ એટલે નિજ સ્વભાવ (શ્રોતા : નિજ સ્વભાવ જ્ઞાન હી તો હૈ). એ જ્ઞાન નહીં આખું દ્રવ્ય છે. આ આત્મા દ્રવ્ય છે. આ એકલું જ્ઞાન ક્યાં છે? અનંત ગુણ છે ને. અનંત જ્ઞાન આદિ અનંત ગુણોનું એકરૂપ સ્વરૂપ છે દ્રવ્ય તો. આ તો જ્ઞાનપ્રધાનથી સમજાવવું હોય તો જ્ઞાન તે આત્મા, એમ કહેવાય. મીઠાશ તે સાકર એમ કહેવાય, પણ મીઠાશ, સફેદાઈ, સુંવાળપ એ બધું થઈને સાકર છે. એમ આત્મા અંદર વસ્તુ, જે નિર્ણય કરે છે, જાણે છે, જાણવાનું કાર્ય નિરંતર સ્વતંત્ર કરે છે. એવો જે આત્મા ત્રિકાળી ધ્રુવ છે અને એ ધ્રુવની નજર કરતાં શરીર, વાણી, મન નહીં, પુણ્ય-પાપે ય નહીં અને ધર્મની દશા ઉત્પન્ન થાય છે, એ નજર નહીં. નજર તો ધ્રુવમાં પડતાં નિત્યાનંદ અનાદિ અનંત અવિનાશી ભગવાન છે. આ આત્માને ભગવાન કહેવાય છે હોં! ભગવાન થઈ ગ્યા તે એના રહ્યા.

આંહીં તો 'तैसे शुद्ध आतम दरब परजाय करि'. દ્રવ્ય એટલે વસ્તુ અને એની અવસ્થા. ધર્મની અવસ્થા એને કહીએ કે જે નિર્મળ ઉત્પન્ન થાય ને નિર્મળ વ્યય થાય તેને. જુઓ, આંહી તો વ્યવહાર રત્નત્રય કાઢી નાખ્યા. રાગને વશમાં આવ્યું તું ને? રાગને વશે એટલે રાગનો પ્રસંગ થાય ઈ તો જાણનાર જાણે. ધર્મીને તો જાણે છે, રાગ મારામાં છે નહીં. આહાહા! ભારે ઝીણું! ભગવાન ચૈતન્યનો નાથ પૂર્ણ આનંદસ્વરૂપ ત્રિકાળ રહેનાર, કાયમ રહેનાર એવું જે ધ્રુવ એટલે સ્થિર, દેખો, દ્રવ્ય ને પર્યાય-અવસ્થા, નવી શાંત...શાંત...શાંત...સ્વભાવ શુદ્ધ તત્ત્વને આશ્રયે વિકલ્પ રાગ રહિત નિર્વિકલ્પ શ્રદ્ધા જ્ઞાન ને શાંતિ થાય, એનું નામ ધર્મ ને એ ઉત્પત્તિ થઈ માટે પર્યાય કહેવામાં આવે છે.

'उपजै बिनसै' નવી નવી અવસ્થાઓ ધર્મની ધર્મીની આત્માના આશ્રયે નવી નવી ઊપજે અને વિણસે અને અવસ્થાની સ્થિતિ એક સમયની છે. એક સમય રહે ને બીજે ક્ષણે તેનો વ્યય થાય. પણ વ્યય થઈને જાય ક્યાં? અંદરમાં. દરિયાનું મોજું ઊઠીને દરિયામાં સમાય. જળ કલ્લોલવત્ આવે છે ને? આલાપ પદ્ધતિમાં. જળ કલોલવત્. ઈ અહીંયા કહ્યું, જુઓ. કહે છે કે આ શરીર, મન, વાણીને કાંઈ સાથે કાંઈ તારે સંબંધ

નથી. આ તો જડ માટી છે. એમ આંહી તો પુણ્ય–પાપ ને રાગ સાથે કાંઈ તારે સંબંધ નથી. ધર્મી એને પોતાનું સ્વરૂપ માનતો નથી. શુદ્ધ આત્મા દ્રવ્ય છું અને તેને આશ્રયે નિર્મળ દશા શાંતિની, આનંદની, સ્વચ્છતાની, જ્ઞાનની, શ્રદ્ધાની, વીતરાગતાની જે પર્યાય થાય, તે એક સમયે થાય ને બીજે સમયે સમાઈ જાય. બીજે સમયે નવી થાય.

'उपजै बिनसै थिर रहै'. વસ્તુ સ્થિર રહે, ધ્રુવપણે. 'निज थलमैं'—પોતાના પ્રદેશમાં, પોતાના ભાવમાં. સમજાય છે કાંઈ? છે અર્થ અંદર છે, જુઓ. 'जिस प्रकार उत्तम रत्नकी ज्योतिमें चमक उठती है अथवा जलमें तरंग उठती है और उसीमें समा जाती है, उसी प्रकार शुद्ध आत्मा पर्यायापेक्षा उपजता और नष्ट होता है तथा द्रव्यअपेक्षा अपने स्वरूपमें स्थिर अवस्थित रहता है'. એ સ્થળ આહાહા! સમજાય છે કાંઈ?

આવું સાંભળીને કોઈ પાધરો વિચાર ને ધ્યાન કરવા બેસે, નહીં થાય ધ્યાન એને. કારણ કે પાત્રતા કેળવી નથી હજી આત્માની લાઈન શું છે, એ દૃષ્ટિમાં આવી નથી. ધ્યાન એનું થાય નહિ. હંબક થાય હંબક. (શ્રોતા : હંબક મુંબઈમાં કીધું'તું.) મુંબઈ ક્યાંક કીધું'તું કો'કે. કો'કે કીધું'તુંને. કો'ક આવ્યું હતું. સોનગઢમાં હંબક છે, એમ કેટલાક કહે છે માણસો. કલકત્તામાં ભાઈ! સ્વતંત્ર છે જીવો. ન બેસે એટલે. ઓલું તો દેખાય, અપવાસ કરે ને આ કરે ને ત્યાગ કરે એટલે કાંઈ ધર્મ, એમને એમ કરતા હશે બધા? હવે સાંભળને! મિથ્યાદૃષ્ટિએ એવા અનંત વાર ત્યાગ કર્યા મૂઢ પણે, પણ એમાં ત્યાગ મિથ્યાત્વનો ત્યાગ નથી ત્યાં સુધી એનો ત્યાગ એકેય સાચો નથી. સમજાણું કાંઈ?

'ऐसै अविकलपी अजलपी अनंदरूपी'. કેવો છે ભગવાન? અવિકલ્પી છે, જુઓ. એમાં પુણ્ય, દયા–દાન, વ્રત, ભક્તિના વિકલ્પનો રાગે ય આત્મામાં નથી. કે જેથી એનો કર્તા થાય એ આત્મામાં નથી, એમ કહે છે. કર્તા કર્મ ક્રિયા છે ને? કેવો છે ભગવાન આત્મા? અંદર અવિકલ્પી રાગ વિનાનો નિર્વિકલ્પી ચીજ છે. આરે, આરે! અજલ્પી, કહો. (શ્રોતા : જલ્પ નહીં.) 'यहाँ स्थिरताका प्रयोजन है', એમ નાખ્યું. જલ્પ નથી એટલે વિકલ્પ નથી. અર્થમાં–વિકલ્પ નથી, એ તો ઓલામાં નાખ્યું. હવે આંહી તો અજલ્પીનો અર્થ સ્થિરતાનું પ્રયોજન છે. સ્થિર......સ્થિર.....બિંબ પ્રભુ છે. સમજાણું કાંઈ?

અજલ્પી. નહીંતર તો ભઈ અજલ્પ એટલે બોલે નહીં, વિકલ્પ નહીં. અવિકલ્પમાં તો આવી ગયું છે ને એટલે પછી અજલ્પમાં આમ નાખ્યું ત્યાં સ્થિરતા..... સ્થિરતા..... સ્થિર વસ્તુબિંબ છે. મેરૂ પર્વત જેમ સ્થિર છે. એ કોઈથી હલ્યો હલે નહીં. એ પવનના

આવે, આ શું કહેવાય? વરસાદ ને પવન, એનાથી પણ મેરૂ હલે નહીં. એવો ભગવાન આત્મા ધ્રુવ! આહાહા! એ શુભાશુભ પરિણામથી પણ એને નુકશાન ન પહોંચે અને કેવળજ્ઞાન થાય તો પણ એમાં વૃદ્ધિ ન થાય એવો સ્થિર બિંબ આત્મા ધ્રુવ છે. ક્યા કહા? કેવલજ્ઞાન હો પર્યાયમેં, તો ધ્રુવમાં કાંઈ શુદ્ધિ વધતી નથી, પુષ્ટિ થતી નથી અને શુભાશુભ પરિણામ તીવ્ર આકરા મેલા હોય તો ધ્રુવમાં બગાડ થતો નથી. એ તો ધ્રુવ સ્થિર બિંબ અનાદિ અનંત અચળ અવિચળ ભગવાન છે. શું કોણે ક્યાંય સાંભળ્યું ન મળે કે આવો મોટો આત્મા!

કહે છે, 'ऐसे अविकल्पी अजल्पी अनंदरूपी'. ભગવાન અંદર અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ એનું છે. પુણ્ય-પાપના વિકલ્પ નથી એટલે દુઃખ છે (નહીં), આનંદ છે અંદર. આવું ક્યાં ગોતવા જાય? સમજાણું કાંઈ? 'अनंदरूपी'.—એ તો આનંદરૂપી છે. પંડિતજી, કહાઁ આનંદ રહા? યહાં? આંહી તો નજર પહોંચતી નથી ત્યાં આનંદ ક્યાં અંદર જાણવો? આહાહા! અરે, એને માટે તો પહેલાં ઘણી સમજણ, વિચારણા, સ્વાધ્યાય, સત્સમાગમ, પાત્રતા કેળવીને અને પછી અંદરમાં જાય તો આ સમજાય એવું છે. સમજાણું કાંઈ? કહે છે કે આનંદરૂપી ભગવાન છે. અતીન્દ્રિય આનંદનો ઢીમ છે આત્મા. જેમ સૂરણ કંદ હોય ને શું કહેવાય? સૂરણની ગાંઠ આખે આખી અધમણ આવડી આવડી.

એમ આ આત્મા આનંદની ગાંઠ છે. એકલો આનંદ આનંદ ભર્યો છે. સૂરણકંદમાં જ્યાં છરી મારો ત્યાં એકલું કસ છે માલ, સૂરણનો માલ. એમ ચૈતન્ય અરૂપી હોવા છતાં વસ્તુ છે ને! એથી એમાં અતીન્દ્રિય આનંદનો કસ પડ્યો છે અંદર, કહે છે. સમજાણું કાંઈ? ભીખાભાઈ! કહે છે, આનંદરૂપી. અનાદિ છે એ તો. આહાહા! શબ્દો ન કામ આવે અહીંયા, ન્યાં તો વસ્તુ કામ આવે. સમજાણું કાંઈ? આદિ નથી. વસ્તુ છે, વસ્તુ છે સત્ અનાદિ છે એ તો, છે, છે ને છે. કાંઈ નવી થઈ છે ચીજ? નવી થાય? આત્મા નવો થાય? છે અંદર ધ્રુવ ચીજ અનાદિની છે, અનાદિ—આદિ વિનાની છે. આહાહા! અનંત અનંત કાળનો અનાદિનો છે. એમ અનંત છે. એનો કોઈ દિ' નાશ (થાતો નથી). આત્માનો નાશ થાય?

'अनादि अनंत गहि लीजै एक पलमें.' કહે છે કે ધર્મીનો વિચાર આવો હોય છે. એને પાછો સમજાવે છે. સમજાણું કાંઈ? અનાદિ—આદિ નથી, અંત નથી. વળી એમાં વાંધા ઊઠે બહુ પાછા. ત્રિકાળ કહો તો ત્રણકાળનો ભેદ પડે. સાંભળને ભાઈ, ત્રિકાળ એટલે છે. ત્રિકાળ એટલે છે. ધ્રુવ સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, નિત્ય સ્વભાવ, આદિ અંત

વિનાની ચીજરૂપ સ્વભાવ. વળી આ ભૂતનું ને વર્તમાનનું, એવા ત્રણ ભેદે ય ક્યાં છે? સમજાણું કાંઈ? એવા આત્માને 'गहि लीजै एक पलमें'. અંતર્મુખ થઈને એક ક્ષણમાં આત્માને અનુભવ કરી લે, એમ કહે છે. કરવા જેવું આ છે. બાકી બધા ચોર્યાસીના રખડવાના રસ્તા છે. કહો પોપટભાઈ! ધમાલ ધમાલ કરી ઓલા પૈસા પેદા કર્યા. બંગલા ને ફંગલાને. આરે, આરે, ભારે સાંભળવું! ભૂતડવેડા ક્યાંથી કાઢી હશે એણે? અનાદિનો ભૂત જેવો છે. છે તો ત્રિકાળ, ભૂત એટલે સ્વભાવ. પણ ભાન ન મળે તે ભૂત જેવો થઈ ગ્યો, માળો. સમજાણું કાંઈ?

'अनादि अनंत गहि लीजै एक पलमें', જોયું? તત્કાળ. અર્થ એવો કર્યો તત્કાળ ગ્રહણ કીજે, એમ. આહાહા! જ્યારથી આ ધ્રુવ છે, એમ સાંભળ્યું કહે છે કાને, ત્યારથી અંતરમાં ઊતરી જા, એમ કહે છે. સમજાણું કાંઈ! પણ હમણાં થોડું આ કરશું, થોડું આ કરશું. ઈ શું કરી શકે? બહુ તો વિકલ્પ કરે. પરની એક રજકણ ફેરવી શકે (નહીં), ત્રણ કાળમાં કરી શકે નહીં. (શ્રોતા : રજકણ તો ઝીણી હોય ને, આ તો મોટું છે.) રજકણનું કરી ન શકે પણ આનું કરી શકે, વળી એ અનેકાંત. ધૂળેય ન કરી શકે કોઈનું. છઠ્ઠી સાલમાં ત્યાં પાલીતાણા સુમનભાઈ હતા અને આ કેવા? કનુભાઈ જજ ત્યાં ગ્યા'તા. તે દિ'.........ગ્યા'તા. રામવિજય ને પ્રેમવિજય હતા ત્યાં. એણે પૂછ્યું આને કે મહારાજ, આત્મા પુદ્‌ગલનું કરી શકે? કહે, રજકણનું ન કરે પણ શરીરનું કરે. આરે! આરે! આવા તે ગુરુ.

છઠ્ઠી સાલની વાત છે. છઠ્ઠીના પહેલાની વાત. ૯૮ની વાત છે. છઠ્ઠીમાં તો ત્યાં હતા. અઠ્ઠાણુમાં અહીં બધા ભેગા થયા હતા છોકરાઓ. એક થયું'તું... મંડળ થયું હતું. સુમનભાઈ હતા, એ હતા ઓલા ધ્રોળવાળા અમૃતલાલ. અમૃતલાલ નહીં ધ્રોળવાળા. એ બધા હતા છોકરાઓ. અહીંથી સાંભળીને ગ્યા ત્યાં. પૂછ્યું. (જવાબ આવ્યો), પરમાણુ એક રજકણ છે, એનું ન કરી શકે પણ સ્થૂળનું બધું કરી શકે. એ જેઠાભાઈ! (શ્રોતા : સમજાણું ભલે ન હોય, પણ જવાબ તો આપવો પડે ને, જવાબ ન આપે તો અજ્ઞાની કહેવાય).

આંહી તો કહે છે, ભગવાન! અજીવ તત્ત્વ છે એની શ્રદ્ધા કર. અજીવ પદાર્થ છે આ. એનું હલવું-ચલવું, આ રૂપાંતર એ જડને લઈને, આત્માને લઈને બિલ્કુલ નહીં આત્મા તો નિરાળી ચીજ છે. આંહી પૂછતા તા' ને, આત્મા અહીંથી નીકળી જાય ને કેમ થાતું નથી? એય! આત્મા અંદર હોય ત્યારે લોહી થાય છે. આત્મા અંદર ન હોય કેમ લોહી થાતું નથી? એમ પાછો પ્રશ્ન કર્યો. પણ અહીં આત્મા હોય તો ઈયળું પડતી નથી

એમાં? લોહી શું, આ ઈયળું પડે, સડે. એ તો જડની દશા છે. આહાહા!

પણ માણસને, આ જડ તત્ત્વ છે અને જીવ જુદો છે, એ વાત બેસતી નથી. ઊંડે......ભલે ઈ ભાષા કરે અને એમ કહે, પણ ઊંડે એને ઈ જ ધ્યાનમાં છે કે આ બધાનું કરી શકીએ ને આ બધાનું કરીએ છીએ. ને આપણે ઉંચા કહેવાઈએ બાઈએ. સમજાણું કાંઈ? આંહી તો કહે છે, જડનું તો કાંઈ કરતો નથી પણ વિકલ્પ થાય દયા દાનનો, એનો ય આત્મા કર્તા નથી, એમ સિદ્ધ કરવું છે. કારણ કે વસ્તુમાં છે નહીં. તેથી ધર્મી એક પળમાં પકડે કોને? કે ત્રિકાળ દ્રવ્યને. રાગ–બાગ પર છે, વિકલ્પ છે. નિર્વિકલ્પ સચ્ચિદાનંદ પ્રભુ પોતે સત્ શાશ્વત જ્ઞાન ને આનંદનો ધ્રુવ પ્રભુ.'गहि लीजै एक पलमें', છે? ભઈસા'બ! આવી રીતે કેમ થાય? અહીં તો તત્કાળ પકડ, એમ કહે છે. હળવે–હળવે નહીં. કહો સમજાણું કાંઈ?

સુમનભાઈ લાવ્યા'તા સામે જુઓને સામે મુક્યો છે ને આ. તખતો સામે મુક્યો છે, જુઓ. સ્વદ્રવ્યની......શું છે? સ્વદ્રવ્યની રક્ષક ત્વરાથી થાઓ. જુઓ, શ્રીમદ્નું વાક્ય. સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ. સામે અરીસો છે, અરીસો. છે? સ્વદ્રવ્યનો રક્ષક ત્વરાથી થાવ. એય! એ ભક્તિ–બક્તિના પરિણામથી આત્મા નહીં પ્રાપ્ત થાય, એમ કહે છે. (શ્રોતા : એ ભક્તિ પૂજ્ય નથી) છે? પાંચ બોલ છે ને! રક્ષક, વ્યાપક, ધારક, રમક ને ગ્રાહક, પાંચ બોલ છે. સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાવ. આ કીધું ને, ગ્રહી લીજે પળમેં. પહેલું રક્ષક છે ને પછી વ્યાપક છે. સ્વદ્રવ્ય ભગવાન ચૈતન્યમાં પ્રસરી જા ક્ષણમાં. ત્વરાથી પ્રસર. પહેલું કરીશ આમ ને પછી કરીશ, એમ નહિ, એમ કહે છે. એય! કેટલા વખત સુધી સાંભળ્યું ને વાંચ્યું હશે પુસ્તકમાં, પણ એમાં આ કાઢ્યું છે કોઈ દિ'?

પછી ધારક. સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાવ. ભગવાન પૂર્ણ સ્વરૂપ છું, એને શ્રદ્ધામાં ધાર, જ્ઞાનમાં ધાર. ધારક–ધરનાર, કરનાર, ધર્મનો કરનાર, રાગાદિનો કરનાર નહીં. સમજાણું કાંઈ? શ્રીમદે સીત્તેર વર્ષ પહેલા કર્યું. સત્તર વર્ષની ઉંમર, સત્તર સત્તર. અહીંયા એકોતેર થાય તો ય ભાન ન મળે. સાતડો ને એકડો આમ નાખે તોય. જુઓ પછી રમક. સ્વદ્રવ્યનો રમક ત્વરાથી થાવ. અખંડાનંદ ધ્રુવ છે એને પકડ, રમણતા છે એમાં. પુણ્ય ને પાપ વિકલ્પની રમણતા અનાદિથી કરી છે. એમાં શું કર્યું છે નવું? પરનું તો કાંઈ કર્યું નથી હોં, ધંધા–ફંધાનું. સંકલ્પ ને વિકલ્પ. જુઓ, પછી છેલ્લે છે ને, ગ્રાહક છે. છેલ્લો ગ્રાહક છે.

સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાય. ગ્રાહક પકડો એને ત્વરાથી, એમ કહે છે. પુણ્ય-પાપના વિકલ્પ ને ફલાણું ઢીકળું, એમ નહીં. આહાહા! છગનભાઈ, ઈ છે પાંચ બોલ.

આવ્યા છે ને? ચોપડીમાં આવ્યું છે કે નહીં? છે ચોપડી વજુભાઈએ આપી'તી ને વાંકાનેરમાં. ચોપડી આવી છે ને? મોરબી આપી છે એક રતિભાઈ પાસે રતિભાઈ. મોરબી ગઈ છે અહીં વાંકાનેર એક ગઈ છે. એક-એક, બહુ થોડી હતી ને એટલે. ઈ એના આઠ બોલ છે એવા. સત્તરમા વર્ષ પહેલા લખ્યા'તા સત્તર હોં. પણ વાંચનારાઓ વાંચી જાય છે. છે, કાંઈ છે. આપણે તો આ કરો હવે. ભક્તિ કરો ને એમને માનો એટલે કલ્યાણ થઈ જશે.

અહીં કહે છે, .......'एक पलमें, ताकौ अनुभव कीजै परम पीयूष पीजै.' આહાહા! જુઓ, ભગવાન આનંદ સરોવર છે ને! એ વીરડામાંથી પાણી કાઢે તો પાણી નીકળ્યા જ કરે અંદરથી. આ બાઈયું પાણી ભરવા જાયને બેડું. ત્યાં બેડું ન હોય પાણી અંદર. હોય તો આટલું હોય શેર બશેર. કરતાં કરતાં નીકળે ને આખું બેડું ભરાય ને એવા સવારથી સાંજ કેટલાંય બેડાં ભરાઈ જાય. એવો આત્મા વીરડો છે. અનંત આનંદ પી નિર્વિકલ્પ અમૃતને, એમ કહે છે. આ પુણ્ય ને પાપનું વેદન, વિકલ્પનું વેદન તો દુઃખ છે. આહાહા! સમજાણું?

કોઈ અગ્નિ પીતો હોય ને એને અટકાવે, કહે, એય! તારા આનંદને વિઘ્ન કરે છે. એમ આ પુણ્ય-પાપના વિકલ્પ અગ્નિ છે. એને તું અનુભવે છો, એને અટકાવે એય! આ તો પુણ્ય પરિણામનો નિષેધ ક્યાંથી થયો? એ દાખલો આવે છે ક્યાંક હોં. અગ્નિની જ્વાળા પીતો હોય તો કોઈ અટકાવે, એવો દાખલો આવે છે, ક્યાંક છે. (શ્રોતા : અનુભવ પ્રકાશ) અનુભવ પ્રકાશમાં છે, લ્યો. છે આવો દાખલો હોં. ઈ બધું મગજમાં છે. અગ્નિ જ્વાળાની, અગ્નિ જ્વાળાની પીતો હોય ને એને અટકાવે. નહીં રહેવા દે. એય! કોણ છે તું? એમ પુણ્ય ને પાપના વિકલ્પ અગ્નિ છે. એનાથી અનુભવ થાય ને એનાથી મને લાભ થાય, એને અટકાવે. અરર! સમજાણું કાંઈ?

'ताकौ अनुभव कीजै परम पीयूष पीजै'. પિયુષ એટલે અમૃત. એ અમૃતરસ ભગવાન અમૃતનો સાગર, એને પીને! આ ઝેર ખાઈ ખાઈને મરી ગયો, અનંતવાર પુણ્ય-પાપ કરીને. સમજાણું કાંઈ? 'बंधकौ विलास डारी दीजै पुद्‌गलमैं'. એ પુણ્ય ને પાપના ભાવ, એ બંધ છે. નાંખ પુદ્‌ગલમાં, એ તારા નહીં. મારા નહીં એ. આહાહા! ભારે કામ છે ઝીણું! જેઠાભાઈ! એ આવું તમે કરો છો. ગલતી છે. બચારા લોકોના કલ્યાણ અટકી જાય છે. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ધર્મ છે. એને પુણ્ય કહી તમે તરછોડી નાખો છો.

ભઈ, એ તરછોડી નાખ્યું. જુઓને સાંભળને આ! ધર્મ કરવો હોય એને છે. બાકી

તો લહેર કરે છે ચાર ગતિના વિકલ્પ કરીને મરી ગ્યો. કર્યા જ કરે છે. હજી ક્યાં નવું છોડ્યું છે એણે? છોડશે ક્યાંથી? માન્યતામાં જ રસ પડ્યો છે ને ઊંડે ઊંડે, બધું એ બધી મીઠાશ શેની છે. 'बंधकौ विलास डारी दीजै पुद्गलमैं', દેખો, 'कर्मबंधके विस्तारको पुद्गलमें छोड दीजिये।' પુણ્ય-પાપના વિકલ્પ પુદ્ગલના છોડી દે, એ તારા સ્વભાવમાં નથી. આહાહા! ભારે વાત ભાઈ! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ પુદ્ગલમાં નાખી દે, એમ કહે છે. આહાહા! એ તારા છે નહીં. સમજાણું આમાં? ઓગણત્રીસમો બોલ થયો. લ્યો. સુડતાલીસમો શ્લોક

आत्मानुभवकी प्रशंसा :—

ત્રીસ (પદ) નીચે અડતાલીશ કળશ છે ને.

**आक्रामन्न विकल्पभावमचलं पक्षैर्नयानां विना सारो यः**
**समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम्**
**विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्**
**ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किंचनैकोऽप्ययम्॥४८॥**

એનું પદ

આત્માનુભવની પ્રશંસા (સવૈયા એકવીસા)

**दरबकी नय परजायनय दोऊ,**
**श्रुतग्यानरूप श्रुतग्यान तो परोख है।**
**सुद्ध परमातमाकौ अनुभौ प्रगट तातैं,**
**अनुभौ विराजमान अनुभौ अदोख है॥**
**अनुभौ प्रवांन भगवान पुरुष पुरान,**
**ग्यान औ विग्यानघन महा सुखपोख है।**
**परम पवित्र यौं अनंत नाम अनुभौके,**
**अनुभौ विना न कहूं और ठौर मोख है॥३०॥**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—પરોખ(પરોક્ષ)=ઇન્દ્રિય અને મન આશ્રિત જ્ઞાન વિરાજમાન=સુશોભિત અદોખ=નિર્દોષ. પોખ (પોષ)=પોષક. ઠૌર=સ્થાન. મોખ(મોક્ષ)= મુક્તિ.

**અર્થ** :—દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બન્ને નય શ્રુતજ્ઞાન છે અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે, પણ પરમાત્માનો અનુભવ પ્રત્યક્ષ પ્રમાણ છે. તેથી અનુભવ

શોભનીય, નિર્દોષ, પ્રમાણ, ભગવાન, પુરુષ, પુરાણ, જ્ઞાન, વિજ્ઞાનઘન, પરમસુખના પોષક, પરમ પવિત્ર એવાં બીજાં પણ અનંત નામોનો ધારક છે. અનુભવ સિવાય બીજે ક્યાંય મોક્ષ નથી. ૩૦.

**अर्थ** :–द्रव्यार्थिक और पर्यायार्थिक ये दोनों नय श्रुतज्ञान है और श्रुतज्ञान परोक्ष प्रमाण है, पर शुद्ध परमात्माका अनुभव प्रत्यक्ष प्रमाण है। इससे अनुभव शोभनीय, निर्दोष, प्रमाण, पुरुष, पुराण, ज्ञान, विज्ञानघन, परम सुखका पोषक, परम पवित्र ऐसे और भी अनंत नामोंका धारक है, अनुभवके सिवाय और कही मोक्ष नहीं है॥३०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

મહાસુખનો પોષક છે ભગવાન. ઓલામાં આવે છે ને. જ્ઞાન–દર્શન કહીયે, એને ૪૪ માં. દર્શન કહો, જ્ઞાન કહો, એ એમાં ઘણા નામ આપ્યા છે. અહીંયા બે નામ આપ્યા છે. અનુભવ વિના ક્યાંય ધર્મ નથી ને મોક્ષ છે નહિ.

'दरबकी नय'. દ્રવ્ય એટલે આત્મા ધ્રુવ ત્રિકાળ છે. એને જે જાણવાનો વિકલ્પવાળો નય, એને અહીંયા દ્રવ્યાર્થિક નય કહેવામાં આવે છે. પર્યાય નય–એક સમયની અવસ્થાને જે જાણે, એને પર્યાયનય કહે છે. પણ બેય શ્રુતજ્ઞાન વિકલ્પાત્મકવાળું શ્રુતજ્ઞાન છે, એમ કહે છે. એ શ્રુતજ્ઞાનનો ભેદ છે ને! શ્રુતજ્ઞાન પોતે કહે છે કે આવું છે. આ દ્રવ્ય છે ને પર્યાય છે, એવા ભેદવાળું શ્રુતજ્ઞાન એ તો પરોક્ષ છે. એમાં કાંઈ આત્મા અનુભવમાં આવે એવો નથી. અહીં તો શ્રુતજ્ઞાનથી ન આવે, એમ કહે છે. ઓલા વિકલ્પ આવે એને શ્રુતજ્ઞાન કીધું છે. આહાહા! કેમકે પરોક્ષ કહેવું છે ને!

આ આત્મા દ્રવ્યાર્થિક નય. દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળ, એ નયથી જુઓ તો તે ધ્રુવ છે. વર્તમાન અવસ્થાથી દેખો તો અધ્રુવ ને ઉત્પાદ-વ્યયવાળો છે. એવા વિકલ્પવાળા શ્રુતજ્ઞાનથી બેયને જાણો, તો પણ તે પરોક્ષ અને વિકલ્પમાં રહેલી સ્થિતિ છે. 'सुद्ध परमातमाकौ अनुभौ प्रगट तातैं'. પણ જ્યાં આત્માનો અનુભવ શુદ્ધ આનંદ સ્વરૂપનું જ્યાં ભાન થયું, એ તો પ્રત્યક્ષ છે, કહે છે. આહાહા! પરોક્ષ કીધું, જોયું. એમ કહીને કાઢી નાખ્યું. પુણ્ય-પાપના વિકલ્પ તો કાઢી નાખ્યા પણ વિકલ્પવાળું જ્ઞાન પણ છોડી દીધું.

આમ વસ્તુ છે એ તો નિર્વિકલ્પ છે, એ તો માથે કીધી, અવિકલ્પી વસ્તુ છે. ચૈતન્ય ભગવાન આનંદ કંદ એ તો વિકલ્પ વિનાની ચીજ છે, રાગ વિનાની ચીજ છે. એને કહે છે, શ્રુતજ્ઞાન દ્વારા પહેલાં જાણ્યો હોય કે આ દ્રવ્ય ધ્રુવ છે, આ એક સમયની અવસ્થા–દશા છે, પર્યાય છે, વ્યવહાર છે, પણ એ બધાં વિકલ્પાત્મક શ્રુતજ્ઞાન–એ તો

પરોક્ષ છે. એમાં આત્માનો અનુભવ થતો નથી. આહાહા! લ્યો, બધું ભણ્યો હોય કહે છે, લાખ શાસ્ત્રો. ઈ તો વળી ભણતરનું અભિમાન હોય. એની તો કહે છે, કાંઈ ગણતરી નથી. સમજાણું કાંઈ? આહીં તો શ્રુતજ્ઞાનના વિકલ્પવાળી જે દશા છે, એની આંહી ગણતરી નથી, કહે છે. અંતરના વિચારના શુદ્ધ ધ્રુવ આ અને આ પર્યાય, એવા નયના જ્ઞાનના વિચાર ઊઠે, એ પણ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? મારી નાખે એવી વાત છે.

આંહીં તો બહારના જાણપણા કાંઈ થાય, એને એમ થઈ જાય કે ઓહો! ઘણા શાસ્ત્ર મેં વાંચ્યા છે, ઘણા ભણ્યા, મિથ્યાત્વનો અનુભવ છે. આહાહા! જેને બહારના ઊઘાડના અભિમાન હોય, એને અંદરના વસ્તુનું બહુમાન એને આવે (નહીં). કોઈ દિ' ન આવી શકે. સમજાણું કાંઈ? આંહી તો તેથી આગળ લઈ ગયા. અંતર વસ્તુમાં ભેદ પાડીને વિચારે છે કે આ વસ્તુ દ્રવ્ય ત્રિકાળી છે, પર્યાય એક સમયની છે. એ પોતાના જ વિચારમાં ઊતર્યો પણ એને વિકલ્પાત્મક જ્ઞાનમાં રહ્યો છે, એ પણ દુઃખ છે. એમાં આત્મા પ્રત્યક્ષ થાતો નથી ને પ્રત્યક્ષ થયા વિના એનો આનંદનો સ્વાદ આવે નહીં, એમ કહે છે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ!

ટીકામાં કળશમાં આવ્યું છે બે ઠેકાણે. આ શ્રુતજ્ઞાન વાળું છે ને, કળશમાં આવ્યું છે. આમાંય કળશમાંય છે. શ્રુતજ્ઞાન પરોક્ષ છે નય વિકલ્પમાં. ઈ પરોક્ષ છે, એમ કીધું ને. શું છે આ ૪૮ (કળશને?) ૪૮ કળશ નહીં? કર્તા કર્મ. એક જ....... ૪૮ છે, (સમયસાર કળશમાંથી) જુઓ આ છે, 'આમાં ભાવાર્થ છે કે જેટલા નય તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે. શ્રુતજ્ઞાન પરોક્ષ છે, અનુભવ પ્રત્યક્ષ છે. તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન તે પ્રત્યક્ષ અનુભવે છે.' એવું જ શ્લોક ૧૯ છે ને (સમયસાર કળશ) ૧૯ શ્લોક. એમાં ય છે. 'ભાવાર્થ આમ છે કે શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતા ઘણા વિકલ્પો ઉપજે છે.' શ્રુતજ્ઞાનથી, એમ ભાષા છે. આત્મા વિચારતા ઘણા વિકલ્પો ઉપજે છે. 'એક પક્ષથી વિચારતા આત્મા અનેકરૂપ, બીજા પક્ષથી વિચારતા આત્મા અભેદરૂપ—આમ વિચારતાં થકા સ્વરૂપ—અનુભવ નથી'. સમજાય છે? ૧૯મો શ્લોક છે ને. 'आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयो' આ એનો અર્થ છે. બે ઠેકાણે છે. આહાહા!

અરે, એવી શાસ્ત્રની ધારણા અનંતવાર કરી, કહે છે. સમજાણું કાંઈ? 'સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, આવે છે ને? મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન વાર અનંત કીયો, તદપિ કછુ હાથ હજી ન પર્યો.' કહે છે, એ શ્રુતજ્ઞાન તે પરોક્ષ છે. આ વસ્તુ છે આ ને આ પર્યાય આવી છે, એનો વિકલ્પાત્મક વિચાર શ્રુતજ્ઞાન પરોક્ષ છે. 'सुद्ध परमातमाकौ अनुभौ' દેખો, આ પરમાત્મા પોતે, ભાષા દેખો. 'सुद्ध परमातमाकौ अनुभौ

प्रगट'—એ તો પ્રત્યક્ષ છે. સમ્યક્ દર્શન થતાં સમ્યક્જ્ઞાન ત્યાં પ્રત્યક્ષ થઈ જાય છે.

મતિ અને શ્રુતજ્ઞાન, મન ને રાગના અવલંબન વિના કારણ કે રાગનું કર્તૃત્વ એનું સ્વરૂપ નથી. તેથી રાગ રહિત આત્મા અનુભવમાં આવતાં તે જ્ઞાન પ્રત્યક્ષ થાય છે. તેને ખરેખર અનુભવ ને પ્રત્યક્ષ જ્ઞાનને જ્ઞાન એ યથાર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહ્યું ને, ધારણાનું જ્ઞાન ગમે તેટલું હો, તે જ્ઞાન નહીં. એમ શ્રુતજ્ઞાન દ્વારા અંતર વિચાર કરવામાં આવે કે આ દ્રવ્ય વસ્તુ ધ્રુવ છે ને આ પર્યાય છે, એવો વિકલ્પાત્મક જ્ઞાન પણ એ જ્ઞાન નહીં. કેમ કે એ પ્રત્યક્ષ વસ્તુ છે પ્રત્યક્ષ પ્રસિદ્ધ આખી ચીજ છે, મોજૂદ છે. એને પ્રત્યક્ષ ન કરે ત્યાં સુધી જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવતું નથી. આહાહા! એ પ્રકાશદાસજી! જુઓ આ માર્ગ! આહાહા!

'सुद्ध परमातमाकौ अनुभौ', ભાષા એવી લીધી છે, દેખો. પરમાત્મા એટલે સિદ્ધ ને અરિહંત, એ નહીં. આહાહા! પરમ સ્વરૂપ. પરમાત્મા એટલે પરમસ્વરૂપ. ધ્રુવ જ્ઞાયક ભાવ એક હી રૂપ ત્રિકાળ, એવા પરમાત્માનો અનુભવ પ્રગટ એ તો પ્રત્યક્ષ છે, કહે છે. આ શ્રુતજ્ઞાનથી વિકલ્પ ઉઠાવે, એ તો પરોક્ષ છે. આહાહા! કહો, જેઠાભાઈ! ઓલા પરોક્ષજ્ઞાન દ્વારા આત્મા અનુભવાય નહીં, એમ કહે છે. હવે રાગ ને વિકલ્પ દ્વારા અનુભવાય ને મળે. રાડ નાખે માણસ હોં! આ માળા સોનગઢવાળા આવું કેમ કહે છે? એક જણ એમ કહેતો'તો. કાઢ્યું ક્યાંથી? છે એવું બહાર આવ્યું છે. આ કો'કનું કરેલું છે? અહીંનું સોનગઢનું છે? (શ્રોતા : છપાણું તો સોનગઢમાં છે.) છપાય ગમે ત્યાંથી, એનું શું છે? ખલાસ થઈ ગ્યા છે, કોક કહેતુ'તું આમાં. બાવીસસો છપાણા ને?ખલાસ થઈ ગયા. જેને દેવાના ય રહી ગ્યા' છે. આવું પુસ્તક ચાર રૂપિયાનું. સાડા છનું પડ્યું, ચારમાં આપે. ભગવાન આત્મા! કહે છે કે પ્રત્યક્ષ વસ્તુ છે. એના પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા અનુભવ થાય. આહાહા! વિશેષ કહેવાશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન-૪૯, ફાગણ વદ, ૮ શનિવાર, તા. ૨૦-૩-૧૯૭૧
## કર્તા-કર્મ ક્રિયાદ્વાર પદ ૩૦, ૩૧, ૩૨ ઉપર પ્રવચન (હિંદી)

આ નાટક સમયસાર. કર્તા-કર્મ-ક્રિયા અધિકાર. ૩૦મું પદ છે. आत्मानुभवकी प्रशंसा. પાનું ૮૮ है.

આત્માનુભવની પ્રશંસા (સવૈયા એકવીસા)

दरबकी नय परजायनय दोऊ,
　　श्रुतज्ञानरूप श्रुतग्यान तो परोख है।
सुद्ध परमातमाकौ अनुभौ प्रगट तातैं,
　　अनुभौ विराजमान अनुभौ अदोख है।।
अनुभौ प्रवांन भगवान पुरुष पुरान,
　　ग्यान औ विग्यानघन महा सुखपोख है।
परम पवित्र यौं अनंत नाम अनुभौके,
　　अनुभौ विना न कहूं और ठौर मोख है।।३०।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :**—પરોખ(પરોક્ષ)=ઇન્દ્રિય અને મન આશ્રિત જ્ઞાન, વિરાજમાન=સુશોભિત. અદોખ=નિર્દોષ. પોખ (પોષ)=પોષક. ઠૌર=સ્થાન. મોખ(મોક્ષ)= મુક્તિ.

**અર્થ :**—દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બન્ને નય શ્રુતજ્ઞાન છે અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે, પણ પરમાત્માનો અનુભવ પ્રત્યક્ષ પ્રમાણ છે. તેથી અનુભવ શોભનીય, નિર્દોષ, પ્રમાણ, ભગવાન, પુરુષ, પુરાણ, જ્ઞાન, વિજ્ઞાનઘન, પરમસુખના પોષક, પરમ પવિત્ર એવાં બીજાં પણ અનંત નામોનો ધારક છે. અનુભવ સિવાય બીજે ક્યાંય મોક્ષ નથી. ૩૦.

**अर्थ** :–द्रव्यार्थिक और पर्यायार्थिक ये दोनों नय श्रुतज्ञान है और श्रुतज्ञान परोक्ष प्रमाण है, पर शुद्ध परमात्माका अनुभव प्रत्यक्ष प्रमाण है। इससे अनुभव शोभनीय, निर्दोष, प्रमाण, पुरुष, पुराण, ज्ञान, विज्ञानघन, परम सुखका पोषक, परम पवित्र ऐसे और भी अनंत नामोंका धारक है, अनुभवके सिवाय और कही मोक्ष नहीं है।।३०।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ક્યા કહતે હૈં દેખો. આ આત્મા વસ્તુ આનંદ અને જ્ઞાન સ્વભાવથી ભરપૂર ભર્યા હુઆ આત્મા હૈ. વહ આત્મામેં દો નયસે પિછાનનેમેં આતા હૈ. એક દ્રવ્યકી નય દ્રવ્યાર્થિક. 'વસ્તુ મૈં ત્રિકાળ ધ્રુવ હૂઁ', ઐસા દ્રવ્યાર્થિક દ્રવ્ય જીસકા પ્રયોજન હૈ. ઐસા જ્ઞાનસે દ્રવ્યાર્થિક નયસે આત્મા જાનનેમેં આતા હૈ, પર વહ ભી એક વિકલ્પ હૈ. પર્યાયાર્થિક નય દો (દૂસરા) ભેદ. પર્યાય અવસ્થા હૈ, ભેદ હૈ, ગુણ હૈ. ઐસે જાનના વહ વ્યવહાર નય હૈ પર્યાયનયે. શ્રુતજ્ઞાનરૂપ હૈ વહ. ક્યા કહતે હૈં? એ વિકલ્પ હૈ, રાગ હૈ. ઐસા દો ભેદ કરકે જાનના વહ રાગરૂપ હી ભાવ હૈ. તો કહતે હૈં કિ શ્રુતજ્ઞાન હૈ વિકલ્પાત્મક, વહ વાસ્તવિક તત્ત્વ નહીં. આહાહા!

બાહર શરીર, વાણી, મન તો નિકાલ દિયા. વહ તો આત્માકા અનુભવમેં આયે ઐસી ચીજ નહીં. ઔર અંદર પુન્ય-પાપકા વિકલ્પ જો હૈ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ વહ ભી રાગ હૈ, વહ આત્મા નહીં. વહ આત્માકા ધર્મ નહીં ને આત્માકા સ્વભાવ નહીં. ઔર જો આત્મા હૈ, ઐસા દો પડખે સે દો બાજુસે ઉસકા વિચાર કરના, વહ ભી એક રાગમિશ્રિત વિચાર હૈ. આહાહા! વહ ધર્મ નહીં. આત્મા ઐસા હૈ (નહીં). દો નયસે ભેદસે વિચાર કરકે રૂકના વહ ચીજ નહીં. યે તો અટકાવ હૈ. રૂકાવ હૈ. આહાહા!

'शुद्ध परमात्माकौ अनुभौ प्रगट तातैं'. શ્રુતજ્ઞાન વસ્તુ સૂક્ષ્મ હૈ. કભી ઉસને અનુભવમેં લિયા નહીં. ધર્મ અનુભવ ધર્મ હૈ. કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ વહ ધર્મ નહીં. આહાહા! આહીં તો કહતે હૈં, શ્રુતજ્ઞાન જીસકો યહાઁ હમ કહતે હૈં, વહ ભી પરોક્ષ હૈ. આ આત્મા અંદર શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ઔર પર્યાયમેં અનેક પ્રકારકી દશા, યે રાગમિશ્રિત શ્રુતજ્ઞાન, યે વાસ્તવિક શ્રુતજ્ઞાન નહીં. યે તો પરોક્ષ હૈ પરોક્ષ, એ વસ્તુ નહીં. આહાહા! સમજમેં આયા?

'शुद्ध परमात्माकौ अनुभौ'. એ તો પ્રત્યક્ષ. વહ વિકલ્પાત્મક વિચાર છોડકર અખંડ, અભેદ, ચૈતન્યવસ્તુ સ્વભાવ—ઉસકા ઉપર અનુભવ કરકે પ્રત્યક્ષપણા જ્ઞાનમેં આત્મા પ્રત્યક્ષ હો, ઉસકા નામ આત્માકા અનુભવ ને આત્મજ્ઞાન કહનેમેં આતા હૈ. 'शुद्ध परमात्माकौ अनुभौ प्रगट'—પ્રત્યક્ષ. વસ્તુ છે આનંદ સ્વરૂપ, સ્વસંવેદનમેં આનેવાલા આત્મા હૈ, એમ કહતે હૈં. વ્યવહાર રત્નત્રયસે ભી જાનનેમેં નહીં આતા. પણ ઈસકા ભેદ પાડનેકા વિકલ્પજ્ઞાનસે પણ જાનનેમેં નહીં આતા.

'शुद्ध परमात्माकौ अनुभौ'. વહ તો ભેદરૂપ હુઆ વિકલ્પ, કહતે હૈં. ઉસમેં પરમ સ્વરૂપ ભગવાન આત્મા ઉસકા અનુભવ નહીં આયા. પરમ શુદ્ધ ભગવાન અખંડ અભેદ

ચૈતન્ય, ઉસકા અનુભવ તો પ્રત્યક્ષ હૈ. ઉસમેં કોઈ વિકલ્પકા સહારા, મદદ હૈ (નહીં). ભારે કામ ભાઈ!

'अनुभौ विराजमान अनुभौ अदोख हैं'. આહાહા! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ વિજ્ઞાનઘન ઉસકા અનુભવ, હૈ તો અનુભવ પર્યાય, અવસ્થા; પણ એ અવસ્થા નિર્મળ હૈ. સમજમેં આયા? અનુભવ પ્રગટ અનુભવ વિરાજમાન. ભગવાન સ્વસંવેદન જ્ઞાનમેં અનુભવમેં આત્મા બિરાજમાન હૈ, ઉસમેં ભાનમેં આતા હૈ. આહાહા! ભારે મોંઘો ભાઈ આ! આવો ધર્મ' કહે છે માણસો.....બિચારા (શ્રોતા : આપ તો સરળ કરીને સમજાવો છો. મોંઘો તો ઘણો લાગે છે, પણ આપે સરળ કરી નાખ્યો.) લોકો બહારમાં બિચારા જાણે. ધર્મ, ધર્મ ધર્મ. ધર્મ ચીજ અંદરકી હૈ. આહાહા! પ્રથમ ધર્મની શરૂઆત. સમજમેં આયા?

આ વાત તો બહાર હવે લોકો વાતું કરવા માંડ્યા છે. અમને પણ આવડે, એમ કરવા માટે, લ્યો. (શ્રોતા : ચાળા પાડે છે.) ચાળા છે ચાળા. જાણે કે આ બધું ઘણું હાલે છે. ભાઈ! ઈ ચાળા અહીં ન હાલે અહીં. કોપી કો'કની કરવા જાય. આહાહા! કહે છે કે વસ્તુ ભગવાન આત્મા ઐસી ચીજ હૈ કે જિસકો ભેદ—વસ્તુકા ભેદ—દો પડખાસે જ્ઞાન કરના, ઐસા વિકલ્પ ભી ઉસમેંસે સહારા મિલતે હૈ ને આત્માકા અનુભવ હૈ, ઐસા હૈ (નહીં). સમ્યક્ દર્શન હોનેમેં પરકા વિકલ્પકા આશ્રય બિલ્કુલ નહીં, એમ કહતે હૈં. આહાહા!

'अनुभौ विराजमान'. અનુભવની પર્યાયમાં જ આત્મા બિરાજમાન દિખતે હૈં. વસ્તુ તો અભેદ ત્રિકાળ, પર ઉસકા અનુભવકી પર્યાયમેં આ અભેદ હૈ, ઐસા અનુભવ હોતા હૈ. (શ્રોતા : વેદન....) ઔર વહ કહા ને, સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાનકા હોના ઉસકા નામ અનુભવ. સ્વ નામ અપનેસે, સમ નામ પ્રત્યક્ષ આનંદકા અનુભવ હોના ઉસકા નામ અનુભવ ને સમ્યક્દર્શન કહતે હૈં. ભાઈ! આ તો બનારસીદાસ કહતે હૈં. સમજમેં આયા? વહ તો બનારસીદાસ ઘરકી બાત નહીં કહતે હૈં, વહ તો કુંદકુંદ આચાર્ય કહતે હૈં. અમૃતચંદ્ર આચાર્ય(કૃત) કળશ હૈ નીચે, ઉસકી બાત હૈ વહ તો. સમજમેં આયા?

'अनुभौ विराजमान'. પ્રત્યક્ષ પ્રમાણ હૈ, એમ કહતે હૈં. ઈસસે અનુભવ શોભનીય હૈ. આહાહા! 'अदोख हैं'—નિર્દોષ હૈ. બિરાજમાન આગળ રાજ શબ્દ છે ને એટલે એને શોભનીક અર્થ કર્યો ભાઈ. બિરાજમાન છે ને! બિરાજમાન રાજતે શોભતે ઈતિ રાજા ભગવાન અનુભવમેં શોભતે હૈં. આહાહા! અર્થ ઠીક કર્યો. અનુભવ શોભનીય હૈ. અનુભવ બિરાજમાન. એ આત્માકી શાંતિ અનુભવ સન્મુખ હોકર હો અનુભવ હો,

ઉસમેં આત્મા શોભનીય હૈ. વિકલ્પ ને દયા, દાન કે રાગસે આત્મા પ્રાપ્ત હોતા નહીં. આહાહા! વ્યવહાર સાધન હૈ ને નિશ્ચય સાધ્ય હૈ, ઐસા લીખા હૈ. પંડિતજી! ઐસા લિખા હૈ શાસ્ત્રમેં. વહ તો જ્ઞાન કરાનેકા ભગવાન(હેતુ હૈ.) વહ સમય ભૂમિકામેં યોગ્ય વ્યવહાર કષાયકી મંદતાકી અર્થાત્ મર્યાદા હૈ વહ બતાનેકી બાત અર્થાત્ વસ્તુ ઉસસે પ્રાપ્ત હોતી હૈ. ઐસી ચીજ હૈ (નહીં). આહાહા! ભારે ઝઘડા. શુદ્ધ પરમાત્માકા બિરાજમાન અનુભવમેં હૈ. આત્મા આનંદસ્વરૂપ ઉસકો અનુસરકે વેદનમેં પ્રત્યક્ષ જ્ઞાનકા હોના, આનંદકા વેદન હોના, વહ હી આત્માકો શોભનીય હૈ. જુઓ, આ શોભા! આહાહા!

'अनुभौ अदोख है'—નિર્દોષ હૈ. ઉસકા અર્થ હુઆ, વિકલ્પાત્મક શ્રુતજ્ઞાન તે સદોષ હૈ. આહાહા! સમજમેં આયા? 'મૈં દ્રવ્ય હૂઁ' ઐસા ઔર 'મૈં પર્યાય હૂઁ', ઐસા શ્રુતજ્ઞાનકા વિકલ્પ સદોષ હૈ ઔર વિકલ્પકો છોડકર એકીલા આત્માકા અનુભવ હોના વહ નિર્દોષ હૈ. આહાહા! ઉસકા અર્થ યહ હુઆ કી વ્યવહાર રત્નત્રય વિકલ્પ વહ ભી અશોભનીક સદોષ હૈ. ચંદુભાઈ! આહાહા! 'अनुभौ अदोख है'. યે ભગવાનકા માર્ગ યે હૈ.

'અનુભવ રત્નચિંતામણી, અનુભવ હૈ રસકૂપ, અનુભવ મારગ મોક્ષકા, અનુભવ મોક્ષસ્વરૂપ.' ભારે કઠણ પડે ભાઈ! હજી તો બહારની દૃષ્ટિ, કષાયની મંદતા કરવામાં ય ઠેકાણા ન હોય. આહાહા! ને એવું લાગે કે આ તો નિશ્ચય, નિશ્ચય છે. એકાંત નિશ્ચય, એમ કહે છે પાછા. અરે ભગવાન! કહો આ કુંદકુંદ આચાર્ય ને અમૃતચંદ્ર આચાર્ય ને કહો. એ ડાકટર! અનુભવ નિર્દોષ હૈ. કેમ કે આત્મા વીતરાગ સ્વરૂપ આત્મા હૈ. અવિકારી અકષાય સ્વરૂપ હૈ. વહ અકષાય ભાવસે અનુભવમેં આતા હૈ. એ અકષાય ભાવ યે અનુભવ, યે નિર્દોષ હૈ. આહાહા!

ત્યારે કહે, આ શું બધું વળી? એમ કથન આવે. વાતું આવી કરે ને વળી બધા મોટા મંદિર ને એ હિંમતભાઈ! મંદિર ને પ્રતિમા ને લાખો રૂપિયા ખરચેને બાર–બાર લાખ રૂપિયાના આ મંદિર મોટા. (શ્રોતા : આગમ....) આગમ પરમાગમ. આ મોટા મંદિર ને માનસ્તંભ ને આ સમવશરણ ને આહાહા! ભાઈ! એ ચીજ તો વહ ચીજ કે કારણસે બનતી હૈ, એ આત્માકે કારણસે બનતી (નહીં). આહાહા! (શ્રોતા : આ પણ ગળે કેમ ઊતરે?) ગળે ન ઊતરે તો ઊતારવું પડશે એને. એમાં ભક્તોના શુભભાવ હોય. સમ્યક્ દર્શન પહેલા આવો ભાવ હોય, પીછે પણ ઐસા (હોય). વ્રત ને નિયમ ને તપ, યે સમ્યક્દર્શન વિના ન હોય. સમજમેં આયા?

પણ સમ્યક્દર્શન પહેલે ને સમ્યક્દર્શન પીછે ભી ઐસા શુભભાવ ભક્તિકા આયા બિના રહતે નહીં. આતે હૈ, સમજમેં આયા? પણ હૈ વહ સદોષ. આહાહા! સમજમેં આયા? ધરમચંદજી, ઐસા ધર્મ હૈ. આહાહા! (શ્રોતા : અંતરકી લગન....) યે લગનકી નહીં, ઐસા ભાવ આતા હૈ. હોતા હૈ. હોતા હૈ, કહના વહ ભી ક્યા ઉસકો ખુશી હોતા હૈ કે ઠીક હૈ. પણ આતા હૈ તો ઐસા દિખનેમેં આતા હૈ કિ આ ભક્તિ કરતે, આ કરતે, આ કરતે, બસ ઈતની મર્યાદા હૈ. (શ્રોતા : લગન અંતરકી હૈ). લગન અંતરકી. અંતરકી લગન બિના રાગકો વ્યવહાર ભી કહનેમેં આતા નહીં. આહાહા! શું કરે ? ઓલો કહે હંબગ છે, ઓલો કહે નિશ્ચય એકાંત છે. ઓલું હમણાં આવ્યું'તું ને. એવું છે ભગવાન. તારે આ કબુલ કરવું પડશે, જો સત્યને રસ્તે જાના હોય તો. સમજમેં આયા? અનુભવ તે નિર્દોષ હૈ.

'अनुभव प्रवांन भगवान पुरुष प्रमाण'. ક્યા કહતે હૈ? દેખો. કહતે હૈ, અનુભવ એ જ ભગવાન હૈ, પ્રમાણ હૈ, યે સત્તા હૈ, એમ કહતે હૈં. આત્મા જ્ઞાયકસ્વરૂપ ભગવાન ઉસકા અનુભવ, રાગકા મિશ્રિતપણા છોડકર નિર્દોષ નિર્વિકલ્પ આનંદસે અનુભવ કરના, વહ હી સચ્ચા પ્રમાણ હૈ. યે પ્રમાણ હૈ, એમ કહેવું છે. પ્રમાણ એટલે એ જ સત્ય હૈ, બાકી અપ્રમાણ હૈ. આહાહા! સમજમેં આયા? હૈ અંદર લીખા હૈ. ઉનકી ઘરકી બાત નહીં યહાં. પુસ્તકમેં હૈ કે નહીં? ઔર સમયસાર નાટક તો બહોત પ્રચલિત હૈ. (શ્રોતા : સોનગઢસે છપા હૈ.) છપાયા હૈ ઉસમેં ક્યા? ખલાસ હો ગયા પુસ્તક. હમણાં આજ આવ્યો છે કાગળ, એક જણાએ સો મંગાવ્યા છે સો. ચોસઠ રૂપિયાની એક. પોસ્ટ ને બધું આપ્યું ને મોકલો. આવું સમયસાર નાટક છપાવીને બહુ ઉપકાર કર્યા છે, એવો કાગળ આવ્યો છે. આહાહા!

ભગવાનકી કુંદકુંદઆચાર્યકી વાણી થી. વહ અમૃતચંદ્રાચાર્યને કળશ કીયા વહ કળશમેંસે આ બનાયા. કળશમેંસે રાજમલને ટીકા બનાઈ હૈ. ઉસમેં આ બનાયા હૈ. આહાહા! શું થાય? અનુભવ તે પ્રમાણ છે. યે અનુભવ તે ભગવાન છે. આહાહા! પુણ્યની ક્રિયા એ રાંકાઈ છે. રાંકાઈ કહતે હૈ ને રાંકાઈ, રાંકા, રાંક, દીનતા હૈ. પુન્યભાવ હૈ યે દીનતા હૈ અને આ અનુભવ હૈ યે ભગવાન હૈ, એમ કહતે હૈ. આહાહા! સમજમેં આયા? માર્ગ ઐસા હૈ, જિસકો જન્મ મરણ સબકા આકુલતાસે નિકલના હો તો. જન્મ મરણ વહ કોઈ ચીજ નહીં પણ આકુલતા જો અંદર હૈ. મહા ઝેરની આકુળતા મિથ્યા શ્રદ્ધા રાગ દ્વેષ ને આકુળતા. એકલા દુઃખની ભટ્ઠીમેં જલા હુઆ આત્મા હૈ અનાદિસે. આહાહા! ઉસકો નિકલના હો તો અનુભવ ભગવાન આત્મા હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા?

અનુભવ ભગવાન હૈ. આચાર્યને દો નામ દિયા હૈ. સમ્યક્દર્શન ને જ્ઞાન, અનુભવને. આ કહે, બધા નામ જેટલા દ્યો ઈ છે. આહાહા! છે ને કળશમાં લખ્યું છે ને. આ તે કળશટીકામાં થોડું મૂકેલું છે. કળશમાં એને ને એને મુક્યું છે ઝાઝું. કળશ તો ઉસકા હૈ ને! કળશ અમૃતચંદ્ર આચાર્ય(ના) કળશ હૈ ને! અનુભવ તે ભગવાન હૈ. આહાહા! સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ અનાકુળ આનંદરસ આત્મા, ઉસકા સ્વસન્મુખકા અનુભવ વહ હી ભગવાનકા રૂપ હૈ. સમજમેં આયા? ઉપર પુન્ય-પાપકા ભેખ વિકલ્પ દીનતા હૈ દીનતા. આહાહા!

'पुरुष' હૈ, લ્યો. અનુભવ યે પુરુષ હૈ, બાકી નપુંસક હૈ, એમ કહતે હૈ આહાહા! ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ અનંત પવિત્ર આનંદસ્વરૂપ ઉસકી અંતરમેં અનુભવમેં આયા, વહ હી પુરુષ હૈ, યે આત્મા હૈ. વહ પુરુષ કહો કે આત્મા કહો યે આત્મા હૈ. બાકી રાગમેં આના વહ નપુંસક હૈ, વહ આત્મા નહીં. આહાહા! ભારે ભાઈ આવી વ્યાખ્યા! અનુભવ પુરુષ હૈ.

'पुरान' હૈ. લ્યો, એ પુરાન. અનાદિકી ચીજ જો આનંદ સ્વરૂપ થી, ઉસકા અનુભવ, તે અનુભવ હી જૂની પુરાન ચીજ હૈ. અનાદિકી જૂની અનુભવ ચીજ હૈ. અનંત અનંત સંતો, અનંત જ્ઞાનીઓ ધર્માત્મા આત્માકા આનંદ અનુભવ કરકે મુક્તિને પાયા. એ પુરાની ચીજ હૈ, અનુભવ કોઈ નયી ચીજ નહીં, એમ કહતે હૈં. આહાહા! છે કે નહીં એમાં? ઉસમેં હૈ. બનારસીદાસ, ઘર ઘર નાટક કથા બખાની. કહે છે, પુરાન પુરુષ. 'જૂનો ધર્મ લ્યો જાણી મેરે સંતો, જૂનો ધરમ લ્યો જાણી'. જૂનો નામ આત્મા અનાદિકા આનંદ ને જ્ઞાનસ્વરૂપ, ઉસકા અંતર્મુખ હોકર, સન્મુખ હોકર અનુભવ કરના યે પુરાની ચીજ હૈ, યે નયી ચીજ નહિં, એમ કહતે હૈ. કોઈ કહતે હૈં, નયા નિકલા. એ પંડિતજી! નયા પંથ નિકાલા. અરે ભગવાન! એ તો પુરાની ચીજ હૈ અનાદિ. અનાદિ સંતો સમકિતી જ્ઞાન પંચમ છઠ્ઠે ગુણસ્થાન આદિ અનુભવ કરકે ચલે આયે હૈ. મુક્તિ પાયા હૈ. (શ્રોતા : .....) નઈ પ્રસિદ્ધ હૈં.

યહાં ક્યાં કહા દેખો, પુરાણ હૈ. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા સિદ્ધ સમાન સદા પદ મેરો, ઐસા સિદ્ધ સ્વરૂપકા રાગ ને વિકલ્પસે હટકર સ્વભાવમેં સન્મુખમેં અનુભવ કરના યે સ્વસંવેદન જ્ઞાન પુરાણ હૈ—જૂના હૈ. સમજમેં આયા?....એ જ્ઞાન હૈ, દેખો. જુઓ, આહીં જ્ઞાન આવ્યું. સમજાય છે કાંઈ? ઉસમેં તો સમ્યગ્દર્શન ને જ્ઞાન કહ્યું'તું. આંહી સમ્યગ્દર્શન નામ આવ્યું નથી. એય! મૂળમાં 'दंसणं लहदि णाणं'. વ્યપદેશ ત્યારે કહતે હૈં, એમ કહનેમેં આતા હૈ. આત્મા વિકલ્પ રાગસે રહિત અનુભવ કરે તો ઉસકા નામ

સમકિતકા નામ તબ દેનેમેં આતા હૈ. ઐસા પાઠ હૈ ૧૪૪ (ગાથા). આ ઉસકા કળશ હૈ. સમજમેં આયા?

કાયરના કામ નહિ, આંહી કહે છે. પુરુષાર્થ હીન, રાગમેં પુરુષાર્થ જોડે વહ નપુંસક હૈ, એ પુરાણ પુરુષ નહિ. આહાહા! પુરુષ શબ્દે આત્મા. સમજમેં આયા? પુરાણ. 'ग्यान औ'. ઉસકો જ્ઞાન કહતે હૈ. શાસ્ત્રકા ભણતર-બણતરકો જ્ઞાન નહીં કહતે હૈ, એમ કહતે હૈ. પઠન પાઠન કિયા ને વાતું કરતા આવડી ને સભા સમજાવતા આવડ્યા, એ જ્ઞાન નહિ. જ્ઞાન તો અપના આનંદ સ્વરૂપકા અંદર ભાન અનુભવ હો, ઉસકા નામ જ્ઞાન હૈ. ભારે કામ ભાઈ! સમજમેં આયા? આ થોડા ઘણા કાંઈ યાદ રહે તો એને એમ થાય, આહાહા! આપણને આકાશમાં પાટુ (મારીએ). આકાશમાં પાટું સમજે? આંહી પગ પોગે (પહોંચે) નહિં ત્યાં ક્યાં પાટુ મારવા જાય? થોડું ઘણું કાંઈ આવડે, ૫–૫૦,૦૦૦ શ્લોક આવડ્યા, ફલાણું આવડ્યું, ઢીકણું આવડ્યું, ઓહોહો! મને તો કંઠસ્થ શાસ્ત્ર બધા મોઢે છે. મોઢે છે ને? અમે કલાક આમ વ્યાખ્યાન દઈએ, લોકો આમ પુણ્ય-પુણ્ય થઈ જાય. એ જ્ઞાન ક્યાં છે? એને જ્ઞાન કોણ કહતે હૈં?

જ્ઞાન તો ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ આનંદનો નાથ એનો અનુભવ કરવો, એને જ્ઞાન કહે છે. આહા....! સમજમેં આયા? સમયસાર નાટકમેં હૈ ને ઉસમેં લીખા હૈ ને....ભૈયા હૈ ને પુસ્તક લિખા હૈ ને. એ! ઇંદોર, અજમેર, ગયા હૈ ને પુસ્તક, ઉસમેં જુઓ લિખા હૈ. સમજમેં આયા? ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઉન્હોંને કહા, ઐસા કુંદકુંદ આચાર્ય કહતે હૈ, ઐસા અમૃતચંદ્ર આચાર્ય ઐસા કહા અર્થ, બનારસીદાસે પદ બનાયા હૈ.

કહતે હૈ કિ જ્ઞાન, ઉસકા નામ જ્ઞાન હૈ. જીસકો જ્ઞાને અપના ત્રિકાળકો પકડકર અનુભવ કિયા, વહ જ્ઞાન હૈ. આહાહા! જ્ઞાન તો ઉસકો કહિયે કે જીસકે સાથ આનંદકા અનુભવ હો, વહ જ્ઞાન કહીયે, એમ કહતે હૈ. અનુભવને જ્ઞાન કહ્યુંને!....પ્રકાશદાસજી. આ દવા હૈ આત્માકી. આહાહા! આ દવા હૈ. કહતે હૈ, વહ જ્ઞાન, ઓહોહો.....! કે જીસમેં અનુભવ મેં આનંદ આતા હૈ. અતીન્દ્રિય આનંદકા સ્વાદમેં અનુભવ હો, ઉસકા નામ જ્ઞાન હૈ. અકેલા જ્ઞાનકા ઉઘાડ વહ જ્ઞાન (નહીં). આત્મા તો આયા નહીં ઉસમેં. વહ તો એક અંશ આયા પરકા સંબંધી. આત્મા ઉસમેં અનુભવમેં આયે તો અનંતગુણકા સ્વાદ પર્યાયમેં આતે હૈં, એમ કહતે હૈં. આહાહા!

ઔર 'औ विग्यानघन'. વહ હી વિજ્ઞાનઘન હુઆ. આત્માકા સ્વભાવ સન્મુખ હોકર અનુભવ હુઆ યે વિજ્ઞાનઘન હુઆ. ઐસા વિજ્ઞાનઘન ત્રિકાળ હૈ, ઐસા પર્યાયમેં

તરલતા-ચંચળતા જ્ઞાનકી થી, વહ નિકલકર જ્ઞાન સ્થિર અંદરમેં હુઆ, ઉસકા નામ વિજ્ઞાનઘન કહતે હૈ. ઓ પંડિતજી! આ સંસ્કૃત-બંસ્કૃતકા ભણના જ્ઞાન નહીં કહતે હૈં, ના પાડતે હૈ. પ્રોફેસર હૈ ને સંસ્કૃતના. (શ્રોતા : સંસ્કૃતનાને? આત્માના પ્રોફેસર તો અહીં થવાના) એ તો નરમ હૈ. પંડિતજી નરમ હૈ, (શ્રોતા : પ્રોફેસરમેં (પઢાનેમેં) કુછ નહીં.) કુછ નહીં? પંડિતજી બહોત નરમ હૈ. આ વાત અંદર જચની (જચવી) કઠણ હૈ. આ તારા ભણતર અગ્યાર અંગના, નવ પૂર્વના ભણતર લો, ઉસકો જ્ઞાન નહીં કહતે, જ્ઞાન નહિ. ઉસમેં આનંદ આયા નહીં, વહ તો દુઃખ હૈ. આહાહા! સમજમેં આયા? કહેશે આગળ હોં. તરત જ કહેશે.

'ग्यान औ विग्यानघन महा सुखपोख है'. સમજમેં આયા? પરમ સુખકા પોષક હૈ અનુભવ તો. યે રાગકા પોષક નહીં. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ આનંદકંદ ઉસકા અનુભવ હોકર દ્રવ્ય વસ્તુકા અનુભવ હોકર જો જ્ઞાન હુઆ, ઉસમેં આનંદકા પોષણ હૈ. આનંદસે વહ જ્ઞાન પોઢા હુઆ હૈ, પુષ્ટ હુઆ હૈ. ભારે વાત ભાઈ! સમજમેં આયા? વહ 'महा सुखपोख'. મહાસુખ છે. પરમ સુખકા પોષક-મહાનો અર્થ કર્યો. ભગવાન આત્મા! વિકલ્પ નામ દયા, દાન, વ્રત, ભક્તિકા રાગ વહ બંધકા કારણ હૈ, વહ સદોષ હૈ. ઉસસે હઠકર અપના સ્વભાવકા અનુભવ કરતે હૈં, તો વહ અનુભવ મહા પરમસુખકા પોષક હૈ. અથવા મહા નામ સચ્ચા સુખકા પોષક હૈ. સમજમેં આયા? કલ્પનાના સુખ માન્યા હૈ ને. પૈસામેં ને ધૂળમેં ને ઐસા ને ફેસાને, દુઃખી હૈ પ્રાણી બિચારા. સચ્ચા સુખકા પોષક અનુભવ હૈ. સમજમેં આયા?

'परम पवित्र यौं अनंत नाम अनुभौके'. પરમ, ઉસકો પરમ ભી કહતે હૈ. આત્માકા અનુભવકા નામ પરમ ભી કહતે હૈં. અનુભવકા નામ બહુત લીયા હૈ 'અનુભવપ્રકાશ'મેં, દીપચંદજી. 'અનુભવપ્રકાશ'મેં ઔર 'દ્રવ્યસંગ્રહ'. પાછળ લિયા હૈ અનુભવકા નામ. 'દ્રવ્યસંગ્રહ' હૈ ને, ઉસમેં પીછે ટીકામેં હૈ. પરમ કહીએ, કહે છે. એક બાજુ પરમ સ્વભાવ આત્મા ઔર ઉસકા અનુભવકો ભી પરમ કહતે હૈં, પર્યાયકો ભી પરમ. રાજા કી પર્યાય હૈ ને! અનુભવ આત્માકી પર્યાય હૈ ને! આહાહા! સમજમેં આયા? 'यौं अनंत पवित्र है'. અનુભવ હી પવિત્ર હૈ. બાકી શુભ-અશુભ રાગકી ક્રિયા ને અનુભવ શુભાશુભ રાગકા, અપવિત્ર હૈ. સમજમેં આયા?

'अनंत नाम अनुभौके' લ્યો, અહીં તો એક બે-ત્રણ થોડા નામ આપ્યા. 'अनंत नाम अनुभौके' આત્મામાં જેટલા જીતના ગુણ હૈ, સબ ગુણકા નામ અનુભવમેં આતા હૈ. સબ ગુણકા અંશ અનુભવમેં, સબ ગુણ અનંતકા અંશ અનુભવમેં આતા હૈ, તો

અનુભવના અનંત નામ હૈ. આહાહા! 'સર્વ ગુણાંશ તે સમકિત'. સમજમેં આયા? આહાહા! ઉસકો અનુભવકો સમ્યક્ દર્શન કહો, સમ્યક્ જ્ઞાન કહો, સમ્યક્ સ્વરૂપાચરણ ચારિત્ર કહો, અતીન્દ્રિય આનંદકા વેદન કહો, વીર્યકી સ્ફૂરણા કહો સમ્યક્ વીર્યકી, આત્માકી સાક્ષાત્કાર કહો, આત્માકા ભેટા કહો, ભગવાનકા સાક્ષાત્ હુઆ કહો, યે સબ અનુભવકા નામ હૈ. આહાહા! પરમેશ્વરકો મિલાપ, પર્યાય હૈ ને.

'अनुभौ विना न कहूं और ठौर मोख है'. અનુભવ વિના કોઈ સ્થાનમેં કોઈ કારણસે મોક્ષ હોતા હૈ, ઐસા હૈ (નહીં). આહાહા! લોકોને બહારમાં આચરણવાળાને એવું લાગે. આ પરમ સિદ્ધાંતકી બાત હૈ. તમારા જયપુરમાં આ હોનેવાલા હૈ શિક્ષણ શિબિર. તુમ્હેં કિયા મુખ્ય ઔર મીઠાલાલ. આવી વાત. આહાહા! અનુભવ સિવાય કહીં મુક્તિ હૈ નહીં, એમ કહતે હૈ. ઉસકા અર્થ અનુભવ સિવાય કોઈ ધર્મ નહીં, એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? વચ્ચે વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને જાત્રાકા ભાવ જો હૈ, વહ તો વિકલ્પ પુણ્ય હૈ, યે ધર્મ નહીં, યે મુક્તિકા કારણ નહીં.

'अनुभौ विना न कहूं और ठौर मोख है' 'अनुभवके सिवाय और कहीं मोक्ष नहीं है'. ભારે! એકાંત હો જાતા હૈ. સમ્યક્ એકાંત હૈ, ઉસકા નામ. પંડિતજી! અનુભવ મોક્ષકા કારણ, તો વ્યવહાર ભી મોક્ષકા કારણ, દો લગાવો તો અનેકાન્ત હોતા હૈ. અનેકાન્ત નહીં, વહ તો ફૂદડીવાદ હોતા હૈ. અપના આત્મા સ્વરૂપ શુદ્ધ આનંદ પ્રભુ, ઐસા સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરે કહા. ઐસા આત્માકા અંતરમુખ હોકર અનુભવ કરના વહ હી મોક્ષ હૈ, મોક્ષમાર્ગ દો નહીં. વ્યવહાર સે ભી મોક્ષ હોતા હૈ, નિશ્ચયસે હોતા હૈ, ઐસા (હૈ નહીં), એમ કહતે હૈં. આહાહા! 'अनुभौ विना न कहूं और ठौर मोख है'. બીજા સ્થાને મોક્ષ નથી, દૂસરા કારણસે મુક્તિ હોતી નહિ. આતા હૈ બીચમેં વ્યવહાર આતા હૈ, જબ વીતરાગ પૂર્ણ ન હો તો ઐસા રાગ ભક્તિકા, પૂજાકા, દયાકા, શ્રવણકા રાગ આતા તો હૈ ને. આતા હૈ પણ વહ મોક્ષકા કારણ નહીં.

એ ૩૦મો કળશ થયો, પદ્યનો હોં. એમ ૪૮ કળશ છે. આ બાજુ ૪૯ કળશ, ૮૯ પાને ઠીક. લ્યો, એકલો નવડો ચાલ્યો આવે છે. નીચે કળશ. અમૃતચંદ્ર આચાર્ય દિગંબર સંત મુનિ ૯૦૦ વર્ષ પહેલા હુયે. કુંદકુંદાચાર્ય ૨૦૦૦ વર્ષ પહેલા હુયે. ઉસકા ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય ઉસકા કળશ હૈ. દિગંબર મુનિ. નિર્ગ્રંથ મુનિ આત્મા ધ્યાનમેં મસ્ત જંગલમેં રહનેવાલે. સમજમેં આયા?

दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्च्युतो
दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात्

विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्माहरन्–
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत्।।४९।।

ઉસકા પદ. બનારસીદાસ. જુઓ, આ બનારસીદાસ પહલે વ્યભિચારી થે ઔર વ્યભિચારી ગ્રંથ લિખા થા. પીછે આત્મજ્ઞાન હુઆ તો વ્યભિચારી ગ્રંથ, જમુના કે ગંગા? ગોમતીમેં ડાલ દિયા. જુવાન માણસ હતા ને વ્યભિચારી થઈ ગયેલા. પીછે સંગ મિલા રૂપચંદજી આદિ પંડિતોકા, ભાન હુઆ તો (વ્યભિચારી)પુસ્તક થા ગોમતીમેં ડાલ દિયા. આ શાસ્ત્ર બનાયા. સમજમેં આયા? 'अनुभवके अभावमें संसार और सद्भावमें मोक्ष है, इस पर दृष्टान्त'

અનુભવના અભાવમાં સંસાર અને સદ્‌ભાવમાં મોક્ષ છે, એના ઉપર દૃષ્ટાંત

(સવૈયા એકત્રીસા)

जैसैं एक जल नानारूप-दरबानुजोग,
भयौ बहुभांति पहिचान्यौ न परतु है।
फिरि काल पाइ दरबानुजोग दूरि होत,
अपनै सहज नीचे मारग ढरतु है।।
तैसैं यह चेतन पदारथ विभाव तासौं,
गति जोनि भेस भव-भांवरि भरतु है।
सम्यक् सुभाइ पाइ अनुभौके पथ धाइ,
बंधकी जुगति भानि मुकति करतु है।।३१।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—** દરવાનુજોગ=અન્ય વસ્તુઓનો સંયોગ, મેળાપ. ભેસ (વેષ)=રૂપ. ભવ-ભાંવરિ=જન્મ-મરણરૂપ સંસારનું ચક્કર. ભાનિ=નષ્ટ કરીને.

**અર્થ :—** જેવી રીતે જળનો એક વર્ણ છે, પરંતુ ગેરુ, રાખ, રંગ આદિ અનેક વસ્તુઓનો સંયોગ થતાં અનેકરૂપ થઈ જવાથી ઓળખવામાં આવતો નથી, પછી સંયોગ દૂર થતાં પોતાના સ્વભાવમાં વહેવા લાગે છે, તેવી જ રીતે આ ચૈતન્યપદાર્થ વિભાવ-અવસ્થામાં ગતિ, યોનિ, કુળરૂપ સંસારમાં ચક્કર લગાવ્યા કરે છે, પછી અવસર મળતાં નિજસ્વભાવને પામીને અનુભવના માર્ગમાં લાગીને કર્મબંધનનો નાશ કરે છે અને મુક્તિને પ્રાપ્ત થાય છે. ૩૧.

**अर्थ :**–जिस प्रकार जलका एक वर्ण है, परंतु गेरु, राख आदि अनेक वस्तुओंका

संयोग होने पर अनेकरूप हो जानेसे पहचानमें नहीं आता, फिर संयोग दूर होने पर अपने स्वभावमें बहने लगता है, उसी प्रकार यह चैतन्यपदार्थ विभाव अवस्थामें गति, योनि, कुलरूप संसारमें चक्कर लगाया करता है, पीछे अवसर मिलने पर निजस्वभावको पाकर अनुभवके मार्गमें लगकर कर्म-बंधनको नष्ट करता है और मुक्तिको प्राप्त होता है।।३१।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! એમ નહીં સમજના કે અમે તો જુવાન હૈ, બાળક હૈ કે વૃદ્ધ હૈ. માટે હમેં ક્યું સમજમેં આવે? ઐસી ચીજ નહીં. આત્મા બાળ, યુવાન, વૃદ્ધ હૈ નહીં. હમારી બુદ્ધિ અલ્પ હૈ તો કૈસે સમજે? બુદ્ધિ અલ્પ નહીં, મહા કેવળજ્ઞાનકા કંદ હૈ એ તો. આહાહા! સમજમેં આયા? અંદર રુચિ ને દૃષ્ટિકા વિષય હોના ચાહિયે. જ્ઞાન અલ્પ હો, વિશેષ હો, ઓછા હો, ઉસકે સાથ સંબંધ નહિ.

'जैसे एक जल नानारूप–दरबानुजोग'. દૃષ્ટાંત દિયા હૈ. જૈસે નદીમેંસે પાની નિકલા ઔર અનેકરૂપ દ્રવ્ય નામ પદાર્થકા સંયોગ હુઆ, અન્ય વસ્તુકા સંયોગ મિલા. આ પાની નીકળે છે ને નદીમેંસે, કોઈ પીપળે ચઢી જાતે હૈ, કોઈ લીંબડે ચઢતે હૈ, પાણી ચઢ જાતે હૈ ને ઐસા. 'जैसे एक जल नानारूप–दरबानुजोग, भयौ बहु भांति'. જલ નિર્મળ સ્વચ્છ પણ પાનીમેં સે નિકલકર પ્રત્યેક ભિન્ન ભિન્ન ઝાડ આદિ વૃક્ષમેં ચડ જાતે હૈં. તો બહુત ભાંતિ પાનીકી દશા હોકર પહિચાન્યૌ ન પરતુ હૈ, આ જલ હૈ ઐસી પહિચાન—પિછાન પડતી (નહીં). આહાહા! મીઠા જળકા પ્રવાહ નદીકા ચઢતા હો, ઉસમેંસે થોડા એક પ્રવાહ નિકલ ગયા ખેતરમેં દૂસરે ચલે ગયે. વહ જો જો ઝાડ થા, જો જો જમીન થી વહ રૂપ ઉસકો પાની પરિણમી ગયા. રંગ ભી ઉસકા ઐસા હો ગયા. પાની કી સ્વચ્છતાકા પિછાનને મેં જલ આતા નહીં.

'फिरि काल पाई दरबानुजोग दूरि होत' પર જળ વહ જો નદીમેંસે સ્વચ્છ ને પથ્ય નિકલકર પ્રત્યેક વૃક્ષ આદિ ભૂમિમેં જાકર અપના જલકી સ્વચ્છતાકો પિછાનનેમેં આતી નહીં. વહ જલ પીછે ઉસમેં નીકલકર વહહી નદીમેં મિલ ગયા. 'फिरि काल पाई दरबानुजोग दूरि होत'. સંયોગકો દૂર કર દીયા જળે. 'अपने सहज नीचे मारग ढारतु है.' જળ નીચે પ્રવાહમેં કરતે ફરતે પાણી જ્યાં પ્રવાહ હૈ, ઉસમેં ચલા જાતા હૈ.

'अपनै सहज नीचै मारग ढारतु है, तैसे यह चेतन पदारथ विभाव तासौं' ભગવાન ચૈતન્યજળ આનંદ સ્વરૂપ ભગવાન અતીન્દ્રિય અમૃતનો સાગર પ્રભુ. 'चेतन पदारथ विभाव', વિભાવના કારણે અનેક પ્રકારકા શુભ ને અશુભ વિકલ્પો વિભાવ. એ કારણે 'गति जोनि भेस भव–भांवरि भरतु है'. આહાહા! શુભ ને અશુભભાવ યે વિભાવ

હૈ. જેમ જળ નીકલ કરકે કારેલા આદિ હોતા હૈ ને? કારેલા કહતે હૈ ને ક્યા કહતે હૈં? કારેલા કડવા, કરેલા કહતે હૈં તમારે. તો પાણી ત્યાં ચઢે તો કડવું નીકળે. પીપળામેં દિખે ઐસા દિખે, દૂધીમેં તો ઐસા દિખે. પાણીની સ્વચ્છતા પિછાનનેમેં આતી નહીં. પણ પાણી ઉસમેં સે નિકલકર જળમેં જબ ચલે જાય તો ઉસે પિછાનનેમેં આતા હૈ.

એમ આત્મા વિભાવ....આહાહા! ભગવાન ચૈતન્ય સ્વરૂપ. એ 'विभाव तासौं' પુન્ય ને પાપકા વિકલ્પ વિભાવ, તેથી અપના ચૈતન્ય સ્વરૂપ છોડકર વિભાવકી ગતિમેં ગમન કરતે હૈં. તો 'गति जोनि भेस ભિન્ન ભિન્ન ગતિ દિખતી હૈ. ભિન્ન જોની(યોની) ઉત્પત્તિ સ્થાનરૂપ ભેખ દિખતે 'भव-भांवरि' જન્મ મરણના સંસારના ચક્ર દિખતે હૈ. યે ઉસકા સ્વભાવ નહીં. આહાહા! સમજમેં આયા? 'गति जोनि भेस भव-भांवरि भरतु है'. વિભાવકે કારણે, અહીં તો એ કહા, દેખો. કર્મકે કારણ ઐસા નહીં લિયા હૈ, દેખો. પાણી પણ અપને કારણસે દુસરે મેં જાતે હૈં.

એમ આ અપના સ્વભાવ જ્ઞાન ને આનંદ ભગવાન અપના સ્વરૂપકો છોડકર અપના સ્વભાવમેં હૈ નહીં, ઐસા પુન્ય-પાપકા શુભ-અશુભ ભાવમેં પસરકર વ્યાપકર, વ્યાપ વ્યાપક અજ્ઞાનસે હોકર ગતિમેં—નરક ગતિ, મનુષ્ય ગતિ, ઢોર—પશુ ગતિ, નિગોદ ગતિ, સ્વર્ગગતિ, બહારકા શરીર નહીં હોં! ઉસકી યોગ્યતા જો અંદર હૈ ને વિભાવસે ગતિ આદિ ઐસે દિખતે હૈં. એને એમ લાગે બસ મૈં આ, મૈં આ હૂઁ. જોનિ—ઉત્પત્તિસ્થલ, ભેખ. 'विभाव अवस्थामें गति, योनि, कुल, रूप संसारमें चक्कर लगाया करते है' અર્થમાં છે. વાણિયો, બ્રાહ્મણ ને મુસલમાન ને ઢેઢ ને પશુ ને કીડી ને કાગડા ને એ યોગ્યતા અંદર દશામેં હોં, શરીર નહિ. વિભાવને કારણે ભિન્ન-ભિન્ન યોનિમેં ઉત્પન્ન હોકર ઉસકા ખરા અપના રૂપ દિખનેમેં આતા નહીં. વહ વિભાવ વહ હી મૈં હૂં બસ. સમજમેં આયા?

'सम्यक् सुभाइ पाइ अनुभौके पंथ धाई' સમ્યક્. पिछे अवसर मिलने पर निज स्वभावको पाकर', એમ કહે છે. 'सम्यक् स्वभाव पाइ अनुभौके पंथ घाई' સમ્યક્ સ્વભાવ પાઈ, મૂળ તો એમ. સચ્ચા સ્વભાવને પાકર. વહ વિભાવકો પામકર ઐસા થા. યે જલ જબ ઝાડમેં, પૃથ્વીમેં જાકર દૂસરા હો ગયા થા. પર વહ જલ અપના સ્વભાવમેં આયા નિમકમેંસે, નદીમેં ચલા ગયા. ઐસે ભગવાન આત્મા વિકલ્પકી જાલમેં ફંસતા હુઆ ભિન્ન-ભિન્ન અવતાર ધારણ કરતે દિખતે હૈં. પણ સમ્યક્ સ્વભાવ પાઈ. 'અરે! મૈં તો ચૈતન્ય આનંદ શુદ્ધ હું. પવિત્રતાકા મૈં તો ધામ હૂઁ. પુન્ય-પાપકા વિભાવ વિકલ્પ અપવિત્ર મેરેમેં હૈ નહીં.' આહાહા! સમજમેં આયા?

'सम्यक् सुभाइ पाई'. ભગવાન આત્મા ! જૈસા ઉસકા સ્વભાવ સમ્યક્ થા, જ્ઞાન-આનંદ-શાંતિ-સ્વચ્છતા-વીતરાગતા—ઐસા સ્વભાવકા અનુભવ હુઆ, ઐસા સ્વભાવકા ભાન—સમ્યક્ દર્શન હુઆ. સમ્યક્ દર્શનમેં અપના સ્વભાવકા ભાન હોતા હૈ. આહાહા ! 'सम्यक् सुभाइ पाइ अनुभौंके पंथ धाई'. આહાહા ! દેખો. જળ જેમ ઝાડ ને વૃક્ષમેં ઔર પૃથ્વીમેં ભિન્ન ભિન્ન રૂપ ધારણ કરકે ફિરતે થે. ઉસમેંસે જળકા પ્રવાહ ઈકટ્ઠા હોકર નદીમેં ચલે ગયા. મહા પ્રવાહ જાતે ચલે ગયા. ઐસે ભગવાન આત્મા પુન્ય ને પાપના વિકલ્પના વિભાવના પ્રવાહમાં ભિન્ન-ભિન્ન ગતિ યોનિ આદિ દિખતે થે. યે ઈસકા ખરા—અસ્સલ સ્વરૂપ નહીં. સમજમેં આયા? અપને કો મનુષ્યપનાસે પિછાનના, સ્વર્ગપનેસે પિછાનના, દયા દાનના વિકલ્પસે ઉન્હેં પિછાનના, યે ઉસકા સ્વરૂપ નહીં. સમજમેં આયા? આહાહા !

'सम्यक् सुभाइ पाइ अनुभौंके पंथ धाई'. શબ્દ કેવો છે ! અનુભવના પંથમાં દોડ્યો—ગતિ કરી. પુન્ય-પાપકા વિકલ્પ ભાવ ઉસમેં જો ગતિ થી વહ તો પરભેખ થા, વાસ્તવિક સ્વભાવ નહીં. વહ તો વિભાવકા ભેખ હૈ. વહ વિભાવસે હટકર અપના નિજસ્વભાવ જ્ઞાન ને શુદ્ધ આનંદકા સ્વભાવમેં અનુભવમેં આયા અને અનુભવકે પંથ અનુભવની ગતિના પંથમાં દોડ્યો, ઉસમેં વીર્ય ગતિ કિયા, એમ છે. આહાહા ! ભાષા છે ને અનુભવકે માર્ગમેં લગકર, પંથ ધાઈ છે ને. કરના તો કાર્ય વહ હૈ. ભગવાન આત્મા અપના નિજ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ શુદ્ધ સ્વભાવ ઉસકા અનુભવ કિયા ઔર અનુભવમેં લગ ગયા. અનુભવ કરતે કરતે કરતે મોક્ષ હો ગયા ઉસકા, એમ કહતે હૈ.

'बंधकी जुगति भानि' એ અનુભવકા પંથમેં આનંદકા વેદન કરતે કરતે બંધકી જુગતિ ભાનિ—નષ્ટ કર દિયા, બંધને નાશ કરી દીધો. સમજાવવા માટે એમ કહે ને. બંધ હોતા નહીં, ઉસકો બંધ નાશ કરતે હૈ, કહનેમેં આતા હૈ. અબંધસ્વભાવી ભગવાન આત્મા ઈસકા અનુભવ હુઆ, અનુભવમેં લાગ્યા, લગની લગી, આહા..... ! અનુભવમેંસે બહાર નિકલના જ્ઞાનીકો ન રૂચે. સમજમેં આયા? એવા અનુભવના પંથમાં લાગીને બંધકી જુગતિ એ બંધના પ્રકારને ટાળી નાખ્યું. કર્મબંધનકા નષ્ટ કરતા હૈ. દેખો, આ અનુભવસે કર્મ બંધકા નાશ હોતા હૈ. સમજમેં આયા? 'मुकति करतु है', લો. 'बंधकी जुगति भानि मुकति करतु है'. જુગતિ સાથે મુક્તિ. કવિ છે ને કવિ ! આહાહા !

સ્વભાવ અંતરમેં અનુભવ કરકે સ્વભાવકા જો અનાદિસે પુન્ય-પાપ વિકાર ને દયા દાન વ્રત ભક્તિકા અનુભવમેં વેદન થા વહ તો ઝેરકા વેદન થા. ઉસસે તો બંધ હોતા હૈ, એમ કહતે હૈ. અનુભવકી જુગતિ. 'पंथ धाई, बंधकी जुगति भानि'. બંધના ભાવને

ટાળી મુક્તિ કરતું હૈ. ઉસકો આત્મામેં મોક્ષ હોતા હૈ. આહાહા! સારમાં સાર જૈનશાસનકા, વીતરાગ પરમાત્માકા. યે આત્મા સ્વભાવ ક્યા હૈ, ઉસકો પહલે પિછાનકર પીછે અનુભવ કરના, વહ સારમાં સાર ચીજ હૈ. સમજમેં આયા? 'बंधकी जुगति भानि मुकति करतु हैं' મુક્તિ કરે છે. એ ૪૯ કળશનો ભાવાર્થ થઈ ગયો. અર્થ, એનો અર્થ થઈ ગયો, લ્યો. હવે, 'मिथ्यादृष्टि जीव कर्मका कर्ता हैं' હૈ? ૫૦ કળશ

**विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलं**
**न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।।५०।।**

બહું થોડા શબ્દમાં બહુ અલ્પ શબ્દમાં ભર્યા હૈ ભંડાર. ૩૨મું ૫૬

મિથ્યાદૃષ્ટિ જીવ કર્મનો કર્તા છે. (દોહરા)

**निसि दिन मिथ्याभाव बहु, धरै मिथ्याती जीव।**
**तातैं भावित करमकौ, करता कह्यौ सदीव।।३२।।**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—નિસિદિન=હમેશાં. તાતૈં=તેથી. ભાવિત કરમ=રાગ-દ્વેષ-મોહ આદિ. સદીવ=સદૈવ.

**અર્થ** :—મિથ્યાદૃષ્ટિ જીવ સદૈવ મિથ્યાભાવ કર્યા કરે છે, તેથી તે ભાવકર્મોનો કર્તા છે.

**ભાવાર્થ** :—મિથ્યાદૃષ્ટિ જીવ પોતાની ભૂલથી પરદ્રવ્યોને પોતાના માને છે, જેથી મેં આ કર્યું, આ લીધું, આ દીધું વગેરે અનેક પ્રકારના રાગાદિ ભાવ કર્યા કરે છે, તેથી તે ભાવકર્મનો કર્તા થાય છે. ૩૨.

**अर्थ** :–मिथ्यादृष्टि जीव सदैव मिथ्याभाव किया करता है, इससे वह भावकर्मोंका कर्त्ता है।

**भावार्थ** :–मिथ्यात्वी जीव अपनी भूलसे पर द्रव्योंको अपना मानता है, जिससे मैंने यह किया, यह लिया, यह दिया इत्यादि अनेक प्रकारके रागादिभाव किया करता है, इससे वह भावकर्मका कर्त्ता होता है।।३२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન** :

જીસકી દૃષ્ટિ અપના આનંદ ને જ્ઞાયક ભાવ પર નહીં. ઉસકી દૃષ્ટિ પુન્ય ને પાપના વિકલ્પ ને વ્યવહારના રાગમાં હૈ. યે મિથ્યાદૃષ્ટિ સદૈવ મિથ્યાભાવ કિયા કરતા હૈ

ક્યોંકિ દૃષ્ટિમેં, ઉસકી શ્રદ્ધામેં રાગ હી આયા હૈ, આત્મા તો આયા નહીં. આહાહા! ક્યા કહતે હૈં? 'विकल्पकः' છે ને! વિકલ્પનો કરનારો કર્મ કર્તા. 'विकल्पकः'—વિકલ્પનો કરનારો એ કર્તા. ક્યા ઉસકા અર્થ હૈ? કિ ભગવાન રાગ હુઆ વિકલ્પ રાગ હો, ચાહે સો દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, જાત્રા પણ વિકલ્પકા કરનેવાલા વહ હી કર્તા અજ્ઞાની ભાવ હૈ, અજ્ઞાનભાવ કર્તા હૈ. 'विकल्पकः परं कर्ता'. વિકલ્પનો કરનારો, વહ અજ્ઞાની કર્તા હૈ. દેખો, કર્મકે કારણે વિકલ્પકા કર્તા આત્મા હોતા હૈ, ઐસા નહીં. અપને સ્વરૂપકા અજ્ઞાનસે વિકલ્પ ઉપર દૃષ્ટિ રખનેસે 'विकल्पकः' વિકલ્પકા કરનેવાલા અજ્ઞાની હોતા હૈ.

દૂસરા કામ તો કર સકતે નહીં વહ. વેપાર ધંધા કોઈ કર સકતે નહીં આત્મા ત્રણ કાળમેં. આ તો વિકલ્પ કરતે રાગ, રાગ, રાગ, રાગ, રાગ. બસ વહ વિકલ્પ વહ રાગકા કર્તા અજ્ઞાની કર્તા હોતા હૈ. આહા.....! કહો, પોપટભાઈ! આ લાદી—બાદીનું કાંઈ કર્યું નથી ને માન્યું કે અમે આમ કરીએ છીએ ને આમ કરીએ છીએ ને. આ પૈસા થ્યા આટલા ને આ આમ પૈસા થ્યાં. છોકરા છ ને એને પ્રમાણે આટલા ભાગ પાડવા જોઈએ. એવો વિકલ્પ ઊઠે એના ઉપર દૃષ્ટિ છે, એ વિકલ્પકા કર્તા અજ્ઞાની હોતા હૈ. દૂસરા કોઈ કર્તા નહિ, એમ પહેલા સિદ્ધ કરના હૈ. કર્મ કર્તા નહીં, દ્રવ્યસ્વભાવ કર્તા નહીં. વિકલ્પ જો અજ્ઞાનભાવસે ઉત્પન્ન કરતે હૈં, વહ હી વિકલ્પકા કરનેવાલા કર્તા એક હૈ. દૂસરા કોઈ કર્તા નહીં.

'निसिदिन मिथ्याभाव बहु'. નિશિદિન ચોવીસ ઘંટા, એમ કહતે હૈ આહીં તો. કોઈ પણ રીતે ફેરવી ફેરવીને વિકલ્પકા કર્તા ઉસકો માનતે હૈં. આમ કરું ને આમ કરું ને આમ કરું ને આમ કરું ને એ બધું મિથ્યાત્વભાવને (લઈને છે.) છે ને અંદર? પરદ્રવ્યકો અપના માનતા હૈ. મૈંને ઐસા કિયા, મૈં ઐસા કિયા, મૈં ઐસા લિયા, મૈં ઐસા કામ કિયા, ઐસા મૂઢ અજ્ઞાની રાગકા કર્તા અજ્ઞાની હૈ. ધર્મી રાગકા કર્તા હોતા નહીં ક્યોંકે રાગસે ભિન્ન અપના સ્વરૂપકા ભાનમેં ભિન્નકા કર્તા આત્મા હોતા નહીં. પણ રાગકો અપના માન્યા હૈ ઔર રાગસે ભિન્ન અપના સ્વરૂપકા તો ભાન હૈ નહીં. રાગકા કર્તા અજ્ઞાની એકીલા હૈ, દૂસરા કોઈ હૈ નહીં. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૫૦, ફાગણ વદ ૯, રવિવાર, તા. ૨૧-૩-૧૯૭૧
## કર્તા-કર્મ ક્રિયાદ્વાર પદ ૩૨, ૩૩, ૩૪ ઉપર પ્રવચન

કર્તા-કર્મ-ક્રિયા અધિકાર. (પદ્ય) બત્રીસ

અર્થ ફરીને, 'मिथ्यादृष्टि जीव सदैव मिथ्याभाव किया करता है, इससे वह भावकर्मोका कर्त्ता है'. શું કહે છે? જેની દૃષ્ટિ મિથ્યાત્વ ને વિપરીત શ્રદ્ધા છે, એવો આત્મા ક્ષણે ને પળે પુણ્ય ને પાપની વૃત્તિ જે અભિનિવેષ આગ્રહ ઉત્પન્ન થાય છે, એનો એ કર્તા થાય છે. વિકલ્પનો કર્તા તે કર્તા—એમ શબ્દ છે ને મૂળ તો. 'विकल्पकः परं कर्त्ता'. નીચે ૫૦ છે ને ઉપર છે ૩૨ (શ્લોક). શું કહે છે? કે આ વિકલ્પનો કરનારો એ કર્તા. એટલે જે આ આત્મામાં સ્વભાવને ભૂલી અને વિકલ્પ એટલે રાગાદિનું એકાગ્રપણું અભિનિવેષ અભિપ્રાયમાં એ 'હું છું' એમ જે માને છે, તે વિકલ્પનો કર્તા એ અશુદ્ધભાવ છે. પણ એ પરનું કરી શકે છે, એ છે (નહીં).

'विकल्पकः कर्त्ता'. વિકલ્પ કર્તા મિથ્યાદૃષ્ટિ એટલે વિભાવ. વિભાવભાવને પોતાનો માનનાર, એ જ વિકલ્પ એટલે મિથ્યાત્વ ભાવનો કરનાર થાય છે. કોનો કર્તા થાય છે ઈ? એના પોતાના વિકારી ભાવનો. કેમકે વિકારી ભાવ એ ભિન્ન હોવા છતાં એને ભિન્નનો આગ્રહ નથી, પણ અભિન્નનો આગ્રહ છે. રાગ ને દ્વેષના પરિણામ એ મારા આત્માની સાથે અભેદ છે, એમ જે માને છે, તે એ મિથ્યાત્ભાવરૂપી વિકલ્પનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? ખજૂર આદિ ધંધાનો નહીં. કનુભાઈ! આ હીરામાણેક, આ તમારી લાદી—એનો તે કર્તા અજ્ઞાની યે નથી ને જ્ઞાની યે નથી. પણ અજ્ઞાની આત્માના શુદ્ધ ચૈતન્યસ્વભાવ એના સન્મુખની દૃષ્ટિથી વિમુખ ને રાગના પરિણામથી સન્મુખ. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાતાપણાનું અંતર સન્મુખ થઈને સ્વભાવનું ભાન જેને નથી તે સ્વભાવથી વિરુદ્ધ વિભાવ, ચાહે તો દયા, દાન, ભક્તિ, વ્રતાદિના વિકલ્પ હો, એ વિકલ્પનો એ કર્તા (એને) સ્વરૂપની દૃષ્ટિનો અભાવ છે. માટે તે મારું કાર્ય છે, એમ રાગનો આગ્રહ કરીને કર્તા થાય છે. સમજાણું કાંઈ?

'विकल्पकः परं कर्त्ता', એમ છે ને મૂળ પાઠ. વિકલ્પનો ખરેખર એ કર્તા, એમ કહેવું છે. પરં એટલે ખરેખર. પર વસ્તુનો કર્તા નહીં. જ્ઞાની કર્તા નહીં. જેને આત્મા આનંદ ને જ્ઞાનનો સ્વભાવથી ભરેલું તત્ત્વ જે 'હું' છું, એવા પોતાના અસ્તિત્વની હયાતિનો જેને દૃષ્ટિમાં અભાવ છે. એની દૃષ્ટિમાં રાગનું અસ્તિત્વ તે મારું છે, એમ

માનીને એ રાગનો કર્તા અજ્ઞાની થાય છે. પંડિતજી! આમાં તો કોઈ કહે છે કે તું જો પરનો કર્તા ન માને તો દિગંબર જૈન નહીં, એમ ઈ કહે છે, લ્યો. (શ્રોતા : બે જાતના દિગંબર જૈન.....) દિગંબર જૈન.....અરે! ભગવાન દિગંબર જૈન એ કોણ? વસ્તુનું સ્વરૂપ છે. એને રાગનું કપડું નથી. એ રાગનું કપડું જેણે પોતાનું માન્યું એ રાગનો કર્તા, એ દિગંબર નહીં. જેઠાભાઈ! આહાહા!

વસ્તુ તો આવી છે. ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનના ચમત્કારથી ભરેલું તત્ત્વ છે, અસ્તિ છે, સત્તા છે. નિજ સત્તા, આવ્યું છે ને સવારમાં, દર્શન ઉપયોગ નહોતું આવ્યું? નિજ સત્તા સ્વભાવરૂપ વસ્તુ છે. ક્યા ગયો મનિષ? નથી આવ્યો? એ કહેતો હતો, માળો નિજ સત્તા વસ્તુ આત્મા હોં. નથી આવ્યો લાગતો? ઘરે ગયો હશે ઘરે. ભારે થઈ! આત્માનું સ્વરૂપ નિજ સત્તા સ્વરૂપ છે, એમ કહે છે. હા, આત્માનું જાણવું, દેખવું એવો જે સ્વભાવ એ નિજ સત્તા પોતાના હોવાપણાના સ્વભાવરૂપ ભાવ છે. સમજાય છે કાંઈ? એવી નિજ સત્તા સ્વભાવરૂપ....જેને આનંદ સ્વભાવનો અંતર પ્રેમ નથી, એને નિજસત્તા સ્વભાવમાં નથી, એવા વિકલ્પનો એને પ્રેમ છે, આગ્રહ કહો, પ્રેમ કહો અભિનિવેષ કહો, એ વિકલ્પનો કરનારો અશુદ્ધભાવ અજ્ઞાનીનો થાય છે. સમજાય છે કાંઈ?

એ પણ વિકલ્પનો કર્તા એ પણ અજ્ઞાની છે. પરનો કર્તા તો છે (નહીં). જે પરવસ્તુ તો પોતાની સત્તામાં નથી, એટલે ઈ એનું કરવું એ તો છે (નહીં). હવે રાગ પણ પોતાની સત્તામાં નથી. છતાં એ નિજસત્તાનો સ્વભાવ શુદ્ધસંગ્રહ ચૈતન્ય ભગવાન, એની સત્તાનો સ્વસન્મુખમાં સ્વીકાર નથી, એ જીવ પરથી પરનો કર્તા માનીને વિકલ્પનો કર્તા એ થાય છે. સમજાણું કાંઈ? 'विकल्पकः परं कर्त्ता' એટલે કે એ રાગનો કર્તા, તે જ ખરેખર કર્તા, એમ કહે છે. ૫૦મા કળશમાં છે નીચે. છે નીચે નેમચંદભાઈ? પચાસ, પચાસ. પણ કોઈ દિ' વાંચ્યું ય ન હોય ત્યાં. નવરાશ ક્યાં છે ત્યાં? 'विकल्पकः परं कर्त्ता' એ ત્રણ અક્ષરનો અર્થ હાલે છે અત્યારે. મનુભાઈ, આ ત્રણ શબ્દ પડ્યા છે ને નીચે. એ તો ટૂંકો અર્થ કર્યો.

'निसि दिन मिथ्याभाव बहु, धरै मिथ्याती जीव'. ૩૨મો શ્લોક, ઉપર અર્થ કર્યો. એનો અર્થ ઈ કે મિથ્યાત્વી જીવ જ મિથ્યાત્વનો કર્ત્તા છે, એમ કહે છે. આહાહા! જે સ્વભાવ ભગવાન જ્ઞાન ને આનંદ સ્વરૂપની સત્તાવાળો તત્ત્વ છે, એવી સત્તાનો સ્વીકાર જ્યાં અંતર્મુખમાં નથી, એને રાગનો સ્વીકાર જ થાય છે. કાંઈ સ્વભાવનું તરફનું સન્મુખપણું ને ભાન નથી. એટલે વિકલ્પ જે ઊઠે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, વૃત્તિ ઊઠે, એ વૃત્તિનો એ કરનાર થાય કારણકે એ મારું સ્વરૂપ છે એમ માનીને અભિન્ન માનીને એનો કર્તા એ થાય છે. નવરંગભાઈ, દવા-બવાનો કર્તા નહીં, એમ કહે છે. આહાહા!

અને ‘विकल्पः कर्म केवलं’. શું કીધું? જુઓ, એ રાગ જે થયો કે દ્વેષનો અંશ થયો, એ જ અજ્ઞાનીનું કાર્ય. એની હદ ને મર્યાદા અજ્ઞાનીની એટલી કે દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ ઊઠ્યો એ એનું કાર્ય અજ્ઞાનીનું. એ એનું કાર્ય, એ સિવાય બીજી ચીજનું કાર્ય એનામાં નથી. સ્વભાવનું કાર્ય તો નથી, બીજાનું ય નથી. ‘કેવળ એકલો’, એમ કહેવું છે ને! કેવળ એકલો વિકલ્પ એનું કામ છે. પણ ચોવીસ કલાકમાં જો અજ્ઞાની કર્તા ને કર્મ હોય તો અશુદ્ધભાવે રાગનો કર્તા થાય છે અને એ રાગ એનું કાર્ય છે. એ સિવાય બીજું કાંઈ કાર્ય (નહીં). બરાબર હશે?

આ લાદીમાં આમ નાખી ભાત—બાત વળી શું કહેવાય? ડિઝાઈન. આ એમાંના કાગળ લખીને કાંતિભાઈને મોકલે ત્યાં. આટલા ખજૂર લાવજો ને આ જાતની ખજૂર. કહે છે કે એ વાણી એ ક્રિયા જડની, એ પત્ર, એનો કર્તા તો અજ્ઞાની છે નહીં. ભારે વાત ભાઈ આવી! (શ્રોતા : જડ કાગળ લખે છે જડ?) જડ લખે છે. જડના પરમાણુઓની એ પોતે પર્યાય થાય છે ત્યાં. એ આત્માની પર્યાય છે ઈ? જેની પર્યાય તે તેનો કર્તા. આંહી અજ્ઞાનીને એની પર્યાય માની છે રાગની, એથી કર્તા, એમ કહે છે. સમજાણું કાંઈ? ‘विकल्पः कर्म केवलं’, એમ પાછું. કહે છે કે અજ્ઞાનીનું કાર્ય કેવળ રાગ ને દ્વેષના પરિણામ, એ એક જ એનું કાર્ય છે. ધારધીરનું ને હુંડીનું કાંઈ નહી, એમ કહે છે. ભારે ભાઈ!

છોકરા કરે છે. લાદીને એ કરતા નથી, એનો છોકરો કરે. ઈ તો એનો છોકરો ના પાડતો’તો નાનો, દિલીપ....પણ કરે છે કોણ? રાગ કરો. કરે કોણ પરનું? એમ કહે છે. એનો દીકરાનો દીકરો છે ને દિલીપ, બાર વરસનો. કોણ કરે? કીધું, તારે કરવું પડશે. કહે, ‘નહીં આપણે નહીં, મારો બાપે ય ક્યાં કરે? રાગ કરે રાગ’. પંડિતજી! પઢાનેમેં ક્યા કરતા હૈ આત્મા? પઢા સકતે (નહીં), પણ રાગરૂપ અપની ક્રિયા કરતે હૈં. બોલના...વહ કુછ...સમાસ...વહ વાણી આત્મા કર સકતે હૈ? આરે ભાઈ! ....પાંગળો થઈ ગ્યો આ તો. (શ્રોતા : રાગથી તો પાંગળો જ છે ને! પરપદાર્થથી પણ પાંગળો જ છે.)

પરપદાર્થથી રહિત છે, માટે પરપદાર્થથી પાંગળો છે. ખરેખર તો એ રાગથી રહિત વસ્તુ છે. એનાથી પાંગળો પણ એને ભાન નથી એટલે રાગને પોતાનું સ્વરૂપ માની અભિન્નનો આગ્રહ કરી—અભિનિવેષ કરી, વિપરીતતા માથે નાખી આ મારું કર્તવ્ય છે, એમ એ કર્તા થાય છે અને રાગ એનું (કાર્ય છે.) બસ એકલું કાર્ય હોય તો રાગ એનું કાર્ય છે. બીજું કાંઈ એક પાંપણ આંખની ફેરવવી આંખની (એનું કાર્ય નહીં). સમજાણું કાંઈ? ભારે.... આ બધા! નજરે દેખે કે આમ કરે છે ને આ કહે કે કાંઈ કરતો નથી. કોણ નજરે દેખે, આંહી તું ક્યાં દેખે છે? (શ્રોતા : નજરે દેખી ચીજ દેખાય છે કે

નહીં ?) આત્માની સત્તામાં શું થઈ રહ્યું છે, એ તો આત્માની સત્તા જાણે એને ખબર પડે. સમજાણું કાંઈ ? આત્માની સત્તાની ખબર ન મળે ને પર સત્તાનું કામ હું કરું છું, એમ માને, એ તો અજ્ઞાનીને નથી ચૈતન્ય સત્તાની ખબર, નથી પરના હોવાપણાનું કાર્ય એનાથી થાય, એની પણ એને ખબર નથી. સમજાણું કાંઈ ?

'न जातु कर्तुकर्मत्वं सविकल्पस्य नश्यति'. શું કહે છે ? શ્લોક તો બહુ ઉંચો છે પણ ભાષા એની હિન્દીમાં નાખી છે ને પદ્યમાં. કે જ્યાં સુધી એ રાગનો કર્તા ને રાગનું કરવું જ્યાં સુધી માને છે, ત્યાં સુધી વિકલ્પવાળા જીવનું કર્તા કર્મ નાશ થતું નથી. સમજાણું કાંઈ ? 'न जातु कर्तु...' ત્રણકાળમાં કર્તાકર્મનો સવિકલ્પી જીવને નાશ થતો નથી, એમ કહે છે. સવિકલ્પી જીવને એટલે રાગ ને વિભાવ સહિત છું, એવા જીવને વિભાવનો કર્તા કર્મપણું વિભાવ સહિત છું, 'सविकल्पस्य' એવું જેણે અંતર માન્યું છે, એનું કર્તાકર્મપણું ટળતું નથી. ભારે આવી વાત !

આ છોકરાઓને ભણાવવા કે નહીં ? શું કરવું ત્યારે હોંશિયાર કરવા કે ન કરવા ? રામજીભાઈ ઓલાને ગ્યા'તા ત્યાં અમેરિકા, અમેરિકા. પૈસા બૈસા ખર્ચ્યા હશે કે નહીં ? (શ્રોતા : આપ બધીયે ના પાડો છો. હા પાડવી પછી ના પાડવી.....) આહાહા ! કહે છે, આહાહા ! જેને ચૈતન્યના આનંદના રસ નથી, જેણે આત્માના અતીન્દ્રિય આનંદના રસ જોયા નથી, એને રાગના રસમાં એ ડૂબી ગયો છે, એમ કહે છે. અને જ્યાં સુધી એને રાગનો રસ છે ત્યાં સુધી રાગનું કર્તાકર્મપણું એને છૂટશે નહીં, એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

ભાવાર્થ : 'मिथ्यात्वी जीव अपनी भूलसे', દેખો પોતાની ભૂલથી, પોતાને ભૂલીને 'परद्रव्यको अपना मानता है', માને છે હોં, છે નહીં. 'जिससे मैंने यह किया', મેં આ કર્યું, મેં આ કર્યું. અરે ! છોકરાઓ ભાઈઓ તમે નાના હતા ને બાપ મરી ગ્યા ને મેં આ કર્યું છે બધું. હવે તમે કહો છો કે સરખું વહેંચો. પણ આ કેડ્યું ભાંગી ગઈ, પંચાવન વરસ થયા, તમને હજી ત્રીસ ત્રીસ વરસના આ પચીસ વરસ સુધી કેડ્યું ભાંગીને કામ કર્યા, હવે વહેંચી દ્યો સરખું. આ બન્યું છે હોં મનસુખભાઈ ! બનેલાની વાત છે. નામ ઠામ અપાય નહીં. આ તો બધું એને કીધું નાનાભાઈએ, ભાઈ સરખું વહેંચી દ્યો. અરે ! ભાઈ પણ પચીસ–પચીસ વરસથી તૂટી મર્યો હું ને હવે કેડ્યું ઓછી થવા માંડી, હવે મારે રળવાની શક્તિ ઓછી ને તમે કહો છો, તમે ત્રણ ભાઈની વચ્ચે વહેંચી દ્યો સરખું. એ જેઠાભાઈ ! મલૂકચંદભાઈ ! એવું થ્યું હોં ! અંતે વહેંચવું પડ્યું. ગમે તે રીતે પણ વહેંચણી થશે. સમજાણું કાંઈ ?

કહે છે, 'जिससे मैंने यह किया'. આ કામ તો હું હતો ને અરાળે ચઢી ગ્યું. પણ હોંશિયાર માણસનો ફેર ન પડે? એક દુકાને હોંશિયાર બેસે ને એક કુંભાર જેવો બેસાડે....કેમ હશે મલુકચંદભાઈ? કહે છે, ઈ અજ્ઞાનીને તને અભિમાન થાય છે કે હું આ વ્યવસ્થિત કામ (કરું છું). અરેરે! ક્યાંયે વિઘ્ન આવે નહીં. આહાહા! ફોદી—ફૂદો ન આવે એવા કામ અમારા. ઠીક બાપા. એમ અભિમાન કરીને વિકારનો કર્તા અજ્ઞાની થાય. સમજાણું કાંઈ? આહાહા! એણે કામ કર્યા છે. ઓલામાં આવે છે. સંસારમાં હતા ત્યારે શીખતા ને ચાર સજ્ઝાયમાળા.

એમાં આવે છે, પાંડવો ગ્યા'તા ને ત્યાં સામે દ્રૌપદીને લેવા. પછી પોતે તો ઊતર્યા ગંગા નદીમાં નાવ દ્વારા પાંડવ. પણ પાંડવને એમ થ્યું કે અત્યારે શ્રીકૃષ્ણ એને મેળાએ ભુજાબળે આવશે કે નહિ, આવશે કે નહિ? માટે આપણે નાવ મોકલવી નથી. નાવ ન મોકલી પોતે ઊતર્યા. આમ જ્યાં કૃષ્ણ આવે છે ત્યાં દ્રૌપદી ને કૃષ્ણ, બેય પોતે. હવે....પાંડવો તો ખરા, માળા એકલા તરીને ગ્યા. એને ખબર હતી, નાવ દ્વારા તરીને ગ્યા તો નાવ મોકલે મને. એક હાથે દ્રૌપદી હાથમાં.....ને એક હાથે પાણીને કાપતા ગ્યા. આખું લવણ સમુદ્ર હોં, બે લાખ જોજન, ઘાતકી ઓલી કોરમાં ગ્યા'તાને. આમ જ્યાં હેઠે ઊતર્યા. 'અરે, પાંડવો તમે બહુ બાહુબળી હોં! ત્યાં કેમ હાર્યા તમે? દ્રૌપદીને લેવા ગ્યા ત્યાં કેમ હાર્યા? બહુ બળવાન, હું તો થાકી ગ્યો'. પ્રભુ, અમે તો તમારી પરીક્ષા કરી. એની મેળાયે આવી શકે છે કે નહીં? એની પરીક્ષા કરી. એમ? ઓલાને પાવર ચઢી ગયો. આખું ઉપાડ્યું.....મારી નાખું.

પછી દ્રૌપદી આમ હાથ જોડે છે કે ભાઈ! ત્યારે આ શ્રીકૃષ્ણ કહે છે 'દ્રૌપદી તારા પતિના વેણ કે ક્ષણક્ષણ સાંભરે રે લોલ.' આ તારા પતિએ જો આમ કર્યું આમાં. એ મારી પરીક્ષા એને કરવી'તી. ત્યાં પાંચ ભાગીને આવ્યા ને એકલો જઈને લાવ્યો, ઈ ત્યાં બળ જોયું નહોતું. આંહી એને જોવું છે બળ તરવામાં....દ્રૌપદી તારા પતિની, સજ્ઝાયમાં આવે છે હોં સજ્ઝાયમાળા. તે દિ' કાઢી'તી ને. પહેલા ભાગમાં આવતું'તું. દુકાન પર બેસતો ને ત્યારે સંસારમાં હતો ત્યારે. દ્રૌપદી તારા પતિના વેણ ક્ષણક્ષણ સાંભરે .....ઘા વાગ્યા છે તારા પતિના વેણે. આહાહા! અમારી પરીક્ષા આવી કરવી છે એને. ભાગીને વયા (ચાલ્યા) આવ્યા પાંચ ને એકલો જઈને દ્રૌપદીને લાવ્યો, એની ખબર નથી તને હજી મારી નાંખું.

દ્રૌપદી કહે છે, પ્રભુ! મારા ભાઈ છો આપ. અર્જુનની સ્ત્રી હતા ને અર્જુનની સાથે (વેરે) કૃષ્ણના બેન(સુભદ્રા) હતા (એટલે) ભાઈ બહેન થયાને. આહાહા! એમ આંહી છે કે અરે તારા લક્ષણ તો જો. જે ચેતનમાં વિકાર નથી, તેને પોતાનું માનીને અજ્ઞાની

તું એકલો કર્તા થા છો. તારા આવા અજ્ઞાનના ઘા એ તારું અજ્ઞાનમૂર્તિભાવ જ તારું કાર્ય છે, બીજું તારું કામ છે નહીં. આહાહા! શુદ્ધ ભગવાન આત્મા, વસ્તુ ચિદાનંદ સ્વરૂપ ભગવાન, એ એના આ કામ નહીં, ભાઈ! સમજાણું કાંઈ? કયા કામ? વિકારી પરિણામ એ કર્મ જ્ઞાની ધર્મીના નહીં ભાઈ! આત્માના નહીં, તને ન શોભે. પણ એણે તો મેં આ કિયા, આ લિયા. હું સટ્ટો કરી આવ્યો છું હોં, એમાં પાંચ લાખ પેદાશ, જુઓ ત્યાં ભાવ વધી ગયો એકદમ. પછી પેદા થઈ ગયું હોય ઝાઝું.

જુઓ, એ કહે છે હોં. અત્યારે ઉપાડ્યું છે ને. 'કૃષ્ણજી તુમને કહું હું કર જોડ કે સુણો પ્રભુ વિનંતી રે લોલ, પ્રભુજી નહીં કોઈ તુમસો દોષ, નઠોર થયા મુજ પતિ રે લોલ, પ્રભુજી એક તુમસુ એવડી હાસ.' તમારી હાસ તમારી ન કરવી જોઈએ. એ હાસ કરી'તી ને. 'પ્રભુજી તુમસું એવડી હાસ, કરવી કેમ ઘટે રે લોલ, પ્રભુજી લખ્યા છઠ્ઠીના લેખ એ મટાડ્યા નહીં મટે રે લોલ'. દ્રૌપદી વિનવે છે હોં! આ તો ઉત્તમ પુરુષો છે, એ કાંઈ રાંકા નથી. એ ઊંધા પડ્યા તો ક્યાંય બીજા, સવળા પડે તો મોક્ષ લઈ લે. ને એ (કૃષ્ણ) તીર્થંકર થવાના છે. સમજાણું કાંઈ?

'પ્રભુજી દોષ નહીં તુમ કોઈ કિરતાર એહી ગમે રે લોલ.
પ્રભુજી છોરૂ કછોરૂ થાય પણ માવતર તોહી ક્ષમે રે લોલ.'

માવતર તો ક્ષમે રે બાપા! હવે રહેવા દ્યો. 'બાંધવ તુમસી મુકી લાજ કે કાજ વિચારીએ રે લોલ.' આ બધું દુકાને ત્યાં શીખતા. તમારી જેમ એકલા ખજૂરના ધંધા નહોતા ધંધા....આ તો સીત્તેર વરસ પહેલાં. 'પ્રભુજી! વિનવું ગોદ બિછાય કે રોષ નિવારીએ રે લોલ'. રોષ ન કરો પ્રભુ. 'પ્રભુજી તમે મોટા મહારાજ કે મનમાં જાણીએ રે લોલ'. પછી 'પ્રભુજી મોટા હોય દાતાર કે બોલે મુખ મીઠડું રે લોલ.'

'પ્રભુજી મોટા ન ગ્રહે આળ, કરે અણદીઠડું રે લોલ.' અણદીઠું કરી નાખે મોટા પુરુષો. મા'રાજ! હવે કહે છે, 'દ્રુપતી તારા પતિના બોલ કે ક્ષણેક્ષણે સાંભળે રે.' મારી પરીક્ષા કરવી'તી એને. એકલો જઈને લઈ આવ્યો ને બધા જઈને પાછા ભાગ્યા ત્યારે પરીક્ષા નહોતી થઈ હજી એને. આ પરીક્ષા કરવા.....આ તો ઉત્તમ પુરુષ છે. સમજાણું? ધર્માત્મા જ્ઞાની ઉત્તમ છે, એને સાધારણ સંયમે જાય નહિ. એય! પોપટભાઈ! 'દ્રુપતી એણે કીધાં જે કામ, વેરી પણ નવ કરે રે લોલ.' અમારી પરીક્ષા કરવી'તી, આહાહા! અરે દ્રુપતી! 'દ્રુપતી મારી એક જ વાત કે ગદા પાછી નહીં ફરે રે લોલ.'

ગદા ઉપડી ને એમ પાછી નહીં ફરે. અમે ઉત્તમ પુરુષો છીએ. શલાકા પુરુષ છે ને. અમારી ગદા ઊપડી પાછી નહીં ફરે. 'એને બળ દેખાડ આજ કે મનમાં વિષ ધરે રે

લોલ. રાણી વિલખાણી તેની વાંહે કે આંખે આંસુ ઢળે રે લોલ! ભાઈજી એવડો ન કરો રોષ ઊભી એમ ટળવળે રે લોલ. પ્રભુજી કોઈ કુંતાની લાજ દિલમાં આણીએ રે લોલ. પ્રભુજી પાંડુરાય મનમાં જાણીએ રે, પ્રભુજી ગૌબ્રાહ્મણ પ્રતિપાલ સહુ તમને કહે રે લોલ.' એ કોણ હશે? કોણ હશે? એક ઉદય રતનભાઈ થયા હતાં અમારા ગામમાં નહીં? ખેડાના! એ આમાં.....ગુણસાગર છે આમાં, બીજા છે. એ ઉદય રતનભાઈ.

આ બધી સઝ્ઝાય, આવી ૪–૪ સજ્ઝાયમાળા છે આખી. ૨૦૦–૩૦૦....અત્યારે તો એક આપણે મળ્યું નથી. સમજાણું? બહુ ઘણી–ઘણી વાત લાંબી છે. પ્રભુજી મેલો મન ઈશ, વહેલો રથ જોડો આપ. રથ જોડો પ્રભુ. પછી કહે, હવે જાવ. એકવાર માર્યું–લોકદંડ. પોક કરી ત્યાં પાંચેય રથ ગયા કસ્તૂરને પાંડવ ઉભા રહ્યા. પાંચેય રથનો ભૂક્કો કરી નાંખ્યો. અહીંયા ક્યાંક નામ આપ્યું કસ્તૂર, ગામનું નામ. મૂળ તો એમ કહે છે, મોટો ભગવાન આત્મા અવળો પડ્યો, એના લક્ષણ એવા છે કે રાગને પોતાનું માનીને રાગનો કર્તા ને રાગ એનું કર્મ એટલું છે. સમજાય છે કાંઈ? આહાહા!

શું કર્યું આ અત્યાર સુધી? એમ કહે છે, મનસુખભાઈ! આવું બધું કર્યું હશે? આ દુકાને બેસીએ છીએ. આ લિયા, આ દિયા, આહાહા! એમાં વળી ઓલીપણે કોલાબા મુંબઈમાં, શું કેવું? કોલાબા. એક દિ' જોવા ગ્યા'તા. માલ લેવા ગ્યા'તા ને. જોયું તો એક મારવાડી આમ કૂદે આમ લિયા, દિયા. માળા ગાંડા થઈ ગયા, કીધું. (શ્રોતા : આમાં લિયા દીયા લખ્યું છે?) ના આમાં નથી. તે દિ'તો શું વાચ્યું'તું ને આ બધું વાંચ્યું'તું. એવું હતું લ્યો, હતો તો ઉંમરવાળો માણસ હતો. આમ કરું, લઉં. એમાં સમાચાર આવ્યા શીપથી હોં....વિલાયતથી. હા, અમેરિકા શીપથી આવે, સમાચાર આવે. સમાચાર આવે ને પછી લે–દે કરે. માથા ફોડે. એમાં અજ્ઞાનનું અંદર સંદેશો આવે છે કે મેં દીધા ને મેં લીધા ને રાગ ને દ્વેષ, રાગ ને દ્વેષ. આહાહા!

શાંતિભાઈ શું હવે આ? આ બધું હોંશિયારી નહીં કરી હોય? એમાં કામ નહીં આવતું હોય? એ ધીરુભાઈ! બહુ હુશિયાર હોય તો પેદા થાય, એવું નહીં હોય? આહાહા! ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા જગતમાં જાહેર કરે છે કે ભાઈ! તું કેવળ રાગનું કાર્ય તારું ને અશુદ્ધભાવ તે તેનો કર્તા. શુદ્ધભાવ તો ત્રિકાળ છે, એની તને ખબર નથી. આહાહા! સમજાણું કાંઈ? 'इत्यादि अनेक प्रकारके रागादि भाव किया करते है, इससे वह भावकर्मका कर्ता होता है?' લ્યો. જડનો કર્તા નહીં કર્મ જડનો, પરનો કર્તા નહીં. સ્વભાવનું ભાન નહીં, સ્વભાવનો કર્તા નહીં. એકલો વિકારી પરિણામનો કર્મનો કર્તા છે. લ્યો! કર્યું હોય અનાદિથી તો એક જ કામ એણે કર્યા છે. બરાબર છે? એકાવન કળશ ૫૧. ૫૦ નો કર્યો ને હવે ૫૧.

यः करोति स करोति केवलं यस्तु वेत्ति स तु वेत्ति केवलं।
यः करोति न हि वेत्ति स क्वचित् यस्तु वेत्ति न करोति स क्वचित्॥५१॥

ઓહોહો! શું કળશો પણ! એ પદ ૩૩ મો.

મિથ્યાત્વી જીવ કર્મનો કર્તા અને જ્ઞાની અકર્તા છે. (ચોપાઈ)

करै करम सोई करतारा।
जो जानै सौ जाननहारा॥
जो करता नहि जानै सोई।
जानै सो करता नहि होई॥३३॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—સોઈ=તે જ. કરતારા=કર્તા. જાનનહારા=જ્ઞાતા.

**અર્થ** :—જે કર્મ કરે તે કર્તા છે અને જે જાણે છે તે જ્ઞાતા છે, જે કર્તા છે તે જ્ઞાતા નથી હોતો અને જે જ્ઞાતા છે તે કર્તા નથી હોતો.

**ભાવાર્થ** :—મૂઢ અને જ્ઞાની બન્નેની ક્રિયા જોવામાં એકસરખી લાગે છે પરંતુ બન્નેના ભાવોમાં મોટો તફાવત છે, અજ્ઞાની જીવ મમત્વભાવના સદ્‌ભાવમાં બંધન પામે છે અને જ્ઞાની મમત્વના અભાવમાં અબંધ રહે છે. ૩૩.

**अर्थ** :–जो कर्म करे वह कर्त्ता है, और जो जाने सो ज्ञाता है, जो कर्त्ता है वह ज्ञाता नहीं होता और जो ज्ञाता है वह कर्त्ता नहीं होता।

**भावार्थ** :–मूढ़ और ज्ञानी दोनों देखनेमें एकसी क्रिया करते हैं, परंतु दोनोंके भावोंमें बड़ा भेद रहता है। अज्ञानी जीव ममत्वभावके सद्‌भावमें बन्धनको प्राप्त होता है और ज्ञानी ममत्वके अभावमें अबंध रहता है॥३३॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન** :

ખૂબી તો અર્થમાં એવી છે. 'यः करोति स करोति केवलम्' શું કહે છે? અજ્ઞાની રાગને કરે એકલો રાગને કરે, એકલો અશુદ્ધ પરિણમનને જ અજ્ઞાની કરે, એમ કહે છે. 'यः करोति स करोति केवलम्', એમ. વળી કંઈ શુદ્ધે ય થોડું કરે ને થોડું અશુદ્ધ થોડું કરે, એમ હોતું નથી, એમ કહે છે 'કેવલમ્' કહીને. સમજાણું કાંઈ? 'जो कर्म करे वह कर्ता है'. પણ આનો 'કેવલમ્'નું વજન છે. એટલે કે ભગવાન શુદ્ધ ચૈતન્ય આનંદકંદ પ્રભુ, એને ભૂલીને ભૂલવાળો જીવ, ભગવાનને ભૂલીને ભૂલવાળો જીવ એકલી ભૂલની અશુદ્ધ પરિણતિને જ કરે છે. વજુભાઈ તમે તો બધું ઘણું કર્યું હતું ત્યાં દસ–દસ લાખનાં

મકાનો. આંહી આવ્યા ત્યાં બધું સલવાણું છે. સમજાણું કાંઈ? અહીંયા ત્રણેય બેઠા છે, જોડે બધા. આહાહા!

'यः करोति स करोति केवलम्'. શું કહે છે? આત્મા શુદ્ધ આનંદનું ધામ ભગવાન તેને ભૂલીને, ભગવાન આત્મા પરમાનંદનો ધામ ભગવાનને ભૂલીને અજ્ઞાની કરે તો એકલો વિકારી અશુદ્ધ ભાવ જ કરે છે. જરી થોડો શુદ્ધ ને થોડો અશુદ્ધ, એ ત્રણકાળમાં કરી શકતો નથી. આહાહા! સમજાણું કાંઈ? આ હાથનું હલાવવું કે આંખનું ફેરવવું, એનું તો કરી શકતો જ નથી. એ પ્રશ્ન તો છે જ નહીં. પણ અજ્ઞાની કરે તો કેવળ અશુદ્ધ પરિણતિને કરે. આહાહા! કેમકે એણે શુદ્ધ સ્વભાવ ચૈતન્યનો દ્રવ્ય સ્વભાવ જોયો જાણ્યો (નથી). જેને ચૈતન્યના સ્વભાવના સ્વીકારનો અભાવ છે, એણે એકલો અશુદ્ધ પરિણમન જ એકલો અજ્ઞાની કરે છે. ભારે વાત ભાઈ!

'जो कर्म करे वह कर्ता है', એમ. અશુદ્ધ પરિણમન કરે તે કર્તા, અહીં કેવળનો અર્થ એકલો અશુદ્ધ પરિણમે છે, એમ. 'जो जाने सो ज्ञाता'. વાત શું છે જુઓ. 'यस्तु वेत्ति स तु वेत्ति केवलं' એટલે શું કહે છે? ઓહો! જાણનારો જ્ઞાની અનુભવનારો આત્માને ધર્મી જીવ આત્મા આનંદ સ્વરૂપને અનુભવનારો, કેવળ એકલા શુદ્ધ પરિણામને કરે છે એટલે જાણે છે. જાણે છે, આંહી તો કહેવું છે. આહાહા! જાણનારો એકલો જાણે ને કરનારો એકલો વિકારને કરે. સમજાણું કાંઈ? 'यस्तु वेत्ति'. 'હું તો જ્ઞાન ને આનંદ છું. મારા હોવાપણામાં મેલ ને પરવસ્તુનો ત્રિકાળ અભાવ છે. મારા સ્વભાવમાં શુદ્ધતાનો સદ્ભાવ છે.' એવું જેણે જાણ્યું, એ તો જાણનાર જ રહે છે. એને રાગાદિ થાય એમ કહેવું, એ પણ વ્યવહારના ઉપચારથી છે. એ તો ખરેખર જાણનાર ધર્મી એકલો જાણે છે. થાય તેને જાણે, જાય તેને જાણે, ઉદય થાય તેને જાણે, ખરે તેને જાણે, આહાહા! આનું નામ સમ્યક્દૃષ્ટિ ને એનું નામ જ્ઞાની. આહાહા!

'यस्तु वेत्ति'. જે જાણનાર જાણનાર ભગવાન જ્ઞાન સ્વરૂપી પ્રભુ, જેને આત્માનું ભાન થયું છે, એ તો કેવળ જાણનારો દુનિયાનો સાક્ષી રહે છે. રાગથી માંડીને જગતની પદાર્થની બધી દશાઓનો દૃષ્ટા ને સાક્ષી છે. આહાહા! કહો સમજાણું કાંઈ? ભારે મોંઘો ભાઈ આવો ધર્મ! કહે છે. ઓલું તો દયા પાળો, ઉપવાસ કરો, ધર્મ જુઓ આવું હતું. લાલજીભાઈ, ને તમે ત્યાં અગ્રેસર હતા કલકત્તામાં. આ યે હતા નેમીદાસ એ ત્યાં અગ્રણી સ્થાનકવાસી. આહાહા! ભગવાન સર્વજ્ઞના મુખમાં એવી વાણી આવી. કહે છે કે જે કોઈ અશુદ્ધ વિકારી પરિણામના અંશને પણ કરે છે, તે એકલો કરે તે કર્તા જેને ભાસે છે અને એકલો જે જાણનાર દેખનાર છું, એમ જેને ભાસ્યું છે, એને એ ત્રણકાળ

ત્રણલોકને રાગાદિ મોટા અશુભ આદિ હો તો પણ કેવળ જાણનાર તે જાણનાર રહીને જ ઊભો રહે છે. જાણનાર જાણનાર થઈને જ રહ્યો છે. સમજાણું કાંઈ?

આ અધિકાર તો સારો આવ્યો છે, મોહનભાઈ બેઉ ભાઈ આવ્યા છે. આવો માર્ગ છે. વાત તો ઈ ખૂબી કરી કે વિચાર કરે. નાનામાં નાના અંશનો કેવળ વિકારનો કર્તા, એમ. જરીયે પણ ધર્મ ને શાંતિનો કર્તા જરીયે નહીં અને જે સ્વભાવનો કર્તા એટલે રાગનો કર્તા નથી, એણે તો આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય જ્ઞાન છે, એમ અનુભવ્યો છે. તેથી તે કેવળ એકલો જાણનાર જ જાણનારમાં રહે છે. આહાહા! સમજાણું કાંઈ? જાણે કે આવો જાણનાર જાણનારમાં રહે છતાં વળી આ શું? છન્નુ હજાર સ્ત્રીને પરણે, મોટા બંગલા પાંચ પાંચ દેવોએ (બનાવેલા) મોટા પાંચ મોટા બંગલા હોય. ચક્રવર્તીને સોળ હજાર દેવો જેની તહેનાતમાં અને મણીરતનના હીરાના જેના, શું કહેવાય આ? સિંહાસન, એમાં બેઠા હોય. ઈન્દ્રોને પણ ભૂલાવે એવી જેની ઋદ્ધિ હોય. ઈન્દ્રો જેના મિત્રો હોય. (શ્રોતા : .....) આ બધો આડંબર શેનો?

એ હિંમતભાઈ! ઈ પ્રશ્ન થયો'તો. આવો માર્ગ, વાત તો સાંભળો. ઓલા, આજે આવ્યા'તા ને છ, કાલે. ઈ તો બિચારા, હું તો નીકળતો'તો, રસ્તામાં મારી સામે એકદમ આવ્યા. પાછું એકદમ આંહી, 'મહારાજ! અમને સંભળાવો'. કાલ ને? કાલે સવારે. ગોંડલના આવ્યા'તા ને. દામાણી, એય ક્યાં ગયા? વાસુદેવ. દામાણી નહો'તા? જમનાદાસ, એની દીકરીયું ત્રણ.....જંગલે નીકળીએ. એને ખબર હતી, મહારાજ જગ્યાની પાછળ છે. રસ્તામાં સાંભળશું. છયે આવ્યા હોં. એક દીક્ષા લેનારી હતી. 'કાંઈ સંભળાવો, મા'રાજ'. કીધું, રસ્તામાં શું સંભળાવું? સંભળાવો, સંભળાવો. બિચારા પ્રેમથી હોં.

આ કીધું, માર્ગ બીજો છે હોં. એ અંદર સમ્યક્‌દર્શન વિના ધર્મની શરૂઆત થતી નથી. રાગ ને વિકલ્પથી પાર ભગવાન છે એવા ચૈતન્યના અનુભવ વિના એને સમ્યક્ હોય નહીં ને સમ્યક્ વિના ધર્મની શરુઆત હોય નહીં. સાચી વાત, સાચી વાત હતી. હવે અહીંની વાત બહાર આવી છે ને બધે. આ ક્યાં દાંડી પીટીને મૂકી છે, આંહી ક્યાં ગુપ્ત રાખી છે? બાકી ભાઈ આ માન મૂકવા (કઠણ). આ તો સંપ્રદાયની દૃષ્ટિ છોડીને, જે સાધુ નથી એને સાધુ કહેવા....આ તો વીરલા કો'ક કહે હોં!

આવ્યા'તા ને દિગંબર સાધુ આવ્યા'તા. ઓલા બિચારા ૯૫ વર્ષની ઊંમર. ૯૫ વર્ષની ઊંમર કહેતા, ૮૫ તો હશે ઋષભસાગર. આંહીનું વાંચે છે, ભાવલિંગી આપ કહો છો એ પ્રમાણે હિન્દુસ્તાનમાં કોઈ ભાવલિંગી સાધુ નથી. (શ્રોતા : ભાવલિંગી એટલે શું?) તેમ દ્રવ્યલિંગી પણ નથી. મેં પછી કીધું, દ્રવ્યલિંગી યે નથી. પોતે કહેતા'તા હોં

બિચારા. એ પ્રકાશદાસજી! રહી ગ્યા' પણ હોં તમે. આહાહા! બિચારા બહુ ઓલા પાપના ઉદય, નગ્નપણું આવ્યું. શું કરવું? આ સાંભળવું, તે શી રીતે સાંભળવું? રોકાવું શી રીતે? ભારે આવું કામ ભાઈ! પ્રતિબદ્ધ હુઆ, આહાહા! માર્ગ વીતરાગનો કાંઈ છે ને લોકોને કાંઈક ચડાવી દીધા છે.

આંહી તો કહે છે, 'यस्तु वेत्ति स तु वेत्ति'. એકલો જાણનાર, એમ. જરીયે એને અશુદ્ધનું પરિણમન (નથી) ભાઈ, એમ કહે છે અહીં તો. આહાહા....! સમ્યક્દર્શન થયું, આત્માનું ભાન, કહે છે કે કેવળ શુદ્ધનું પરિણમન છે. આહાહા! એકલો જાણનાર દેખનારનો ભાવ એ જ એનો છે. અશુદ્ધનું બિલ્કુલ પરિણમન નથી. આહાહા! રાડ નાખે ને! કહો સમજાણું કાંઈ? દાસ! છે એમાં છે ને? શ્લોકમાં છે. આપણે શ્લોકમાંથી અર્થ કરીએ છીએ. અહીં બરાબર અર્થ ઓલામાં નથી એટલે 'य करोति न वेत्ति'. શું કહે છે. જેને અંદરમાં અશુદ્ધતાના પરિણમનનું ભાન છે એટલે અશુદ્ધ પરિણમનનું જ કર્તવ્ય છે. તે બિલ્કુલ જાણનાર અંશે રહેતો નથી. એને જાણનારની ભૂમિકા પ્રગટ થતી નથી. અંશેય નહીં, એમ કહે છે.

'य करोति न हि वेत्ति.' જે અશુદ્ધ પરિણમનને કરે છે, તે બિલ્કુલ જાણતો નથી આત્મા શું ને વસ્તુ શું? જાણતો નથી. એ દલીચંદજી! ભારે કામ ભાઈ આવા! આહાહા! વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ, એના આ સંદેશા છે. સંતો વચ્ચે આડતિયા થઈને (સંદેશા લાવ્યા). માલ લઈ આવે છે તે મનસુખભાઈ ને મનુભાઈ ત્યાંથી, તો એ આડતિયા થઈને મોકલે દિલ્હી ને વાહનને વચ્ચે થઈને. મનુભાઈ! આ સંતો વચમાં આડતિયા થઈને વાત કરે છે. આહાહા!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન. એ ભગવાનની વાણીમાં એ આવ્યું, આગમમાં કે જેને અશુદ્ધ પરિણમનનો ભાવ થયો તે બિલ્કુલ જાણતો જ નથી, એમ કહે છે. આહાહા! સમજાય છે કે નહીં, શાંતિભાઈ? એ અશુદ્ધ પરિણમન વયું ગયું? એ શાંતિભાઈ! ભગવાન અશુદ્ધ પરિણમન તો ઈ દ્રવ્યની દૃષ્ટિનું, વસ્તુનું સ્વરૂપનું ભાન નહોતું, ત્યારે અશુદ્ધ પરિણમન નહોતું એ ઊભુ થયું, સ્વભાવમાં નહોતું એ ઊભું થયું. એથી એ ઊભું થયેલો તેનો એ કર્તા, એને શુદ્ધતાનું કાંઈ જરીયે ભાન નથી અને શુદ્ધતાનું જ્યાં ભાન થયું, બિલ્કુલ અશુદ્ધનું પરિણમન એની કાંઈ એની દશામાં ગણવામાં આવ્યું નથી.

'यः करोति न हि वेत्ति'. न वेत्ति' એટલે ન જાણનાર રહે. એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. સમજાણું કાંઈ? આહાહા! એ રાગનો કર્તા થાય અને વળી

જાણનાર રહે, એમ ન બને. સમજાણું? અથવા રાગ આવ્યો પછી એને જાણવાનો પ્રયત્ન કરે કે અરેરે! આ રાગ છે. કહે છે કે એ બિલ્કુલ કરે તે બિલ્કુલ જાણવાનો (નહીં). તે કાળે જાણવું જોઈએ, તે કાળે જાણનાર રહી શકતો નથી. મારો રાગ આવ્યો હવે રાગ અને હું હોં! એ બીજી ક્ષણે કે રાગ હું નહીં. માટે જાણનાર થાય ઈ. ના.

પ્રવીણભાઈ આવી વાતુ છે ભાઈ અહીં તો .....છોકરો નથી આવ્યો સુઈ ગયો? શું થયું? સુઈ ગ્યો હશે. છે ધારનાર હોં, ભડાકો બોલે છે. રસ્તામાં બોલતો હતો. ત્રિકાળ જ્ઞાન ને ત્રિકાળ દર્શન એને આશ્રયથી ધર્મ થાય. આ નહીં ઓલો. આ તમારો ભાણિયો (શ્રોતા : ....) અરે, એ તો પહેલે અંદર આવવું જોઈએ ને. આ તો એની ઘરની ચીજ છે. ભલે અજ્ઞાનપણે અવ્યક્તપણે પણ આ શું છે, એમ અંદર અંદર ખ્યાલ તો આવવો જોઈએ પહેલો! સમજાણું કાંઈ? આહાહા! કહે છે, 'यः करोति न हि वेत्ति'. કર્તાપણે પરિણમે છે, તે જાણપણાપણે રહી શકતો જ નથી. આહાહા! કહો આવું ભીખાભાઈ! આવું મોંઘું છે. મોંઘું કહો કે સરળ કહો, એ એની ઘરની જે રીત છે તે આ રીત છે.

'स क्वचित यस्तु वेत्ति न करोति, यस्तु वेत्ति, क्वचित' ઓલામાં (આગળના પદમાં) ગયું. न हि वेत्ति स क्वचित्, એમ. જરીયે પણ ન જાણે. જે અશુદ્ધ પરિણમનના કર્તા છે, ઈ જરીયે જાણતો નથી. નથી જાણતો સ્વને, નથી જાણતો પરને. 'यस्तु वेत्ति न करोति स क्वचित्'. જે ભગવાન આત્મા જાણનાર દેખનાર, જાણનાર દેખનારમાં જ રહ્યો છે. જાણનાર દેખનારના અસ્તિત્વમાં જેની દૃષ્ટિ પડી છે, ઈ તો જાણનારમાં કિંચિત્ પણ રાગ ને વ્યવહારમાં વિકલ્પ ને વ્યવહાર રત્નત્રયનો શુભ ઉપયોગને કરતો નથી. ભારે પણ!

વ્યવહાર રત્નત્રય તો નિશ્ચયનું કારણ છે. વ્યવહાર પહેલો આવે પછી નિશ્ચય થાય. આવે છે ને પંચાસ્તિકાયમાં, સાધ્ય-સાધન આમ હોય. સાધન હોય રાગ, સાધ્ય થાય નિશ્ચય. એય! આ તો ભિન્ન સાધન છે ને! રાગ આંહી થાય, સાધ્ય આંહી થાય. રાગ ભિન્ન ને ભિન્ન સાધન. લખ્યું નથી તમારા ભાઈએ? અર્થ કરી નાખ્યો હેઠે પછી કે આમ છે ને તેમ છે, ફલાણું છે. (શ્રોતા : અર્થ ખોલ દિયા) અર્થ ખોલ દિયા. અર્થ ખોલ દિયા, એમ કહે. ખો દિયા નહીં, ખોલ દિયા. આહાહા! જુઓ જે કોઈ वेत्ति-જાણે 'न करोति स' તે. તે જાણે તે. यः જાણે તે 'न करोति क्वचित्,-જરીપણ જ્ઞાની કરતો નથી રાગના વિકલ્પને. ઓય માર્યા! લડાઈના ભાવ હોય, એ ભાવ એના નથી! આહાહા! એય. માર્ગના, વીતરાગ માર્ગના રસ્તા અલૌકિક છે. લોકોએ બહારથી કલ્પીને બેઠા છે, એ માર્ગ નથી. આહાહા!

સો ઈન્દ્રોના પૂજ્ય એવા પરમાત્માની જે ધર્મ પ્રણાલિકા તે અલૌકિક છે. આહાહા! એકલી વીતરાગતા ઊભી થઈ. રાગના કણનો પણ અસ્થિરતાનો અભાવ થઈને જાણનાર રહેતો છતાં, અસ્થિરતા આવતી એનો ય જાણનાર. એ જાણનાર રહેતા રહેતા અસ્થિરતા ટળી ગઈ ને એકલી જ્ઞાનદશા વીતરાગ થઈ ગઈ. એમ શાસ્ત્રમાં કહ્યું, જે કોઈ જાણનાર આત્માને થાય, આત્માનો જાણનાર થાય, તે ક્વચિત્—કિંચિત્ રાગને કરતો નથી. ધરમચંદભાઈ! અર્થમાં જુઓ, 'जो कर्म करे वह कर्ता है' એટલે અશુદ્ધતારૂપે પરિણમે તે કર્તા. 'जो जाने सो ज्ञाता है'. જે જાણનાર છે, જ્ઞાતા છે. 'जो कर्ता है वह ज्ञाता नहीं होता'. અશુદ્ધપણાના પરિણમનમાં પરિણમેલો, તે જ્ઞાતા રહી શકતો નથી. અને 'जो कर्ता है वह ज्ञाता नहीं'. જાણનારમાં રહ્યો, તે અશુદ્ધપણે પરિણમતો નથી.

ભાવાર્થ :—'मूढ़ और ज्ञानी दोनों देखनेमें एकसी क्रिया करते हैं'. જ્ઞાની અને મૂઢ, બેની ક્રિયા એક દેખાય. લડાઈમાં ઊભા હોય, બેય સરખા લ્યો. બેય બાણ મારતા હોય. છે? 'मूढ़ और ज्ञानी दोनों देखनेमें एकसी क्रिया करते हैं. परंतु दोनों के भावमें बड़ा भेद रहता है'. ભાવમાં ફેર પકડ પકડમેં ફેર હૈ. અમારે એક છોડી હતી, કહેતી, મિંદડી હોય ને મિંદડી—બિલ્લી બચ્ચાને પકડે ને ઊંદરને પકડે, બોલતી બિચારી નાની. ૮૦ની ચાલની વાત છે. આઠ વરસની છોડી હતી. પોપટભાઈની દીકરાની દીકરી. મરી ગઈ ક્ષય થઈને. પકડ પકડમેં ફેર હૈ, એમ કાંઈ ભૂલી ગયા. બોલતી ૨૫—૫૦ શ્લોક.

મિંદડી પકડે ઊંદરને ને મિંદડી પકડે પોતાના બચ્ચાને. બેય મોઢામાં લટકતા હોય. એકમાં ભીંસ હોય ને એકમાં પોચું હોય. મીંદડી આ ફેરવે છે ને બચ્ચાને, ઈ આમ લટકતું હોય હોં! મોઢું પકડે પોચું પોચું. આખું મોઢું આંહી આવી ન જવું જોઈએ. મોઢું ખુલ્લુ રહે, આમ વચમાંથી પકડે. એ ઊંદર જેવું જ હોય પણ અંદરમાં પકડમાં ફેર. એને અંદર દાંતના ઓલા ભાગમાં પોલાણ ભાગમાં એને રાખ્યું હોય. અને ઊંદરને પકડે મીંદડી, પકડ પકડમાં ફેર. એમ ક્રિયા જ્ઞાની—અજ્ઞાનીની બહારની એક દેખાય, પણ અંદર પકડમાં ફેર છે. એક રાગમાં પકડાય ને કામ દેખાય છે. એકમાં જ્ઞાતામાં રહીને કામ દેખાય છે. આહાહા! સમજાણું કાંઈ?

'अज्ञानी जीव ममत्वभावके सद्‌भावमें बंधनको प्राप्त होता है और ज्ञानी ममत्वके अभावमें अबंध रहता है'. શું કહ્યું? કે અજ્ઞાની રાગાદિનો વિકલ્પ છે સૂક્ષ્મ, એ મારા છે, એમ માનીને એનો કર્તા થાય એટલે બંધન ઉત્પન્ન કરે છે. જ્ઞાનીને રાગનું મમત્વ છે નહીં. મમપણું છે ત્યાં સ્વભાવમાં છે. જાણવાના દેખવાના સ્વભાવમાં

મમપણું—અહંપણું છે. એને રાગમાં અહંપણું આવતું નથી. તેથી તે બંધનપણાને પામતો નથી, પણ અબંધ પરિણામને ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ?

બાવન (શ્લોક) બાવન છે ને.

**ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्तः ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।**
**ज्ञप्ति करोतिश्च ततो विभिन्ने ज्ञाता न कर्तेति ततः स्थितं च॥५२॥**

જે જ્ઞાની છે તે કર્તા નથી (સોરઠા)

**ग्यान मिथ्यात न एक, नहि रागादिक ग्यान महि।**
**ग्यान करम अतिरेक, ग्याता सो करता नहीं॥३४॥**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—મહિ=માં. અતિરેક (અતિરિક્ત)=ભિન્ન ભિન્ન.

**અર્થ** :—જ્ઞાનભાવ અને મિથ્યાત્વભાવ એક નથી અને જ્ઞાનમાં રાગાદિભાવ હોતા નથી. જ્ઞાનથી કર્મ ભિન્ન છે, જે જ્ઞાતા છે તે કર્તા નથી. ૩૪

अर्थ :–ज्ञानभाव और मिथ्यात्वभाव एक नहीं हैं और न ज्ञानमें रागादिभाव होते हैं। ज्ञानसे कर्म भिन्न है, जो ज्ञाता है वह कर्त्ता नहीं है॥३४॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'ज्ञानभाव और मिथ्यात्वभाव एक नहीं है'. સ્વભાવભાવ ને વિભાવભાવ એક નહીં. લ્યો, હવે બાયડી છોકરા તો એક નહીં, પૈસા એક નહીં, આ ધંધા-બંધા એક નહીં, પણ જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવમાં વિભાવ એક નહીં. સમજાણું કાંઈ? 'ग्यान मिथ्यात न एक, नहि....' 'और न ज्ञानमें रागादिभाव होते हैं'. જ્યાં આત્મા જ્ઞાનસ્વરૂપનું ભાન થયું, ત્યાં જ્ઞાનભાવમાં રાગભાવ થતો જ નથી. સ્વભાવભાવમાં વિભાવ ભાવ હોય જ નહીં. આહાહા! 'ग्यान करम अतिरेक'. એ વિકારી કર્મ—વિકારી વિકલ્પનો ભાવ, એ કર્મ અને જ્ઞાનસ્વરૂપ ધર્મ —એ અતિરેક એટલે જુદાપણું છે, બેયને ક્યાંય મેળ નથી. આહાહા! 'ग्याता सो कर्ता नहीं'. જે જાણનાર થાય ધર્મી, તે રાગનો કર્તા ને રાગનું પરિણમન એને હોતું નથી. એવો વસ્તુનો સ્વતઃ થતો સ્વભાવ છે.

વિશેષ કહેશે

(પ્રમાણ વચન ગુરુદેવ.)

**પ્રવચન નં. ૫૧, ફાગણ વદ ૧૦, સોમવાર, તા. ૨૨-૩-૧૯૭૧**
**કર્તા કર્મ ક્રિયાદ્વાર પદ ૩૫, ૩૬ ઉપર પ્રવચન**

આ સમયસાર નાટક. કર્તા કર્મ ક્રિયાદ્વાર. ૫૩ કળશ છે.

**कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्त्तरि**
**द्वन्द्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्म स्थितिः**
**ज्ञाना ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति–**
**र्नपथ्ये वत नानटीति रभसा मोहस्तथाप्येष किम्॥५३॥**

પદ પાંત્રીસ.

જીવ કર્મનો કર્તા નથી. (છપ્પા)

**करम पिंड अरु रागभाव, मिलि एक हौंहि नहि।**
**दोऊ भिन्न-सरूप बसहिं, दोऊ न जीवमहि॥**
**करमपिंड पुग्गल, विभाव रागादि मूढ़ भ्रम।**
**अलख एक पुग्गल अनंत, किमि धरहि प्रकृति सम॥**
**निज निज विलासजुत जगतमहि,**
**जथा सहज परिनमहि तिम।**
**करतार जीव जड़ करमकौ**
**मोह-विकल जन कहहि इम॥३५॥**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**બસહિં=રહે છે. મહિ=માં. અલખ=આત્મા. કિમિ=કેવી રીતે. પ્રકૃતિ=સ્વભાવ. સમ=એકસરખું. જુત(યુત)=સહિત. વિકલ=દુ:ખી.

**અર્થ :—**જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને રાગ-દ્વેષ આદિ ભાવકર્મ—આ બંને ભિન્ન ભિન્ન સ્વભાવવાળાં છે, મળીને એક નથી થઈ શકતાં, અને એ જીવના સ્વભાવ પણ નથી. દ્રવ્યકર્મ પુદ્ગલરૂપ છે અને ભાવકર્મ જીવના વિભાવ છે. આત્મા એક છે અને પુદ્ગલકર્મ અનંત છે, બન્નેની એક સરખી પ્રકૃતિ કેવી રીતે હોઈ શકે ? કારણ

કે સંસારમાં બધાં દ્રવ્યો પોતપોતાના સ્વભાવમાં પરિણમન કરે છે તેથી જે મનુષ્ય જીવને કર્મનો કર્તા કહે છે તે કેવળ મોહની વિકળતા છે. ૩૫.

**अर्थ :**–ज्ञानावरणादि द्रव्यकर्म और राग-द्वेष आदि भावकर्म ये दोनों भिन्न-भिन्न स्वभाववाले हैं मिलकर एक नहीं हो सकते, और न ये जीवके स्वभाव हैं। द्रव्यकर्म पुद्‍गलरूप हैं और भावकर्म जीवके विभाव हैं। आत्मा एक है और पुद्‍गलकर्म अनंत हैं, दोनोंकी एकसी प्रकृति कैसे हो सकती है? क्योंकि संसारमें सब द्रव्य अपने अपने स्वभावमें परिणमन करते हैं इसलिये जो मनुष्य जीवको कर्मका कर्त्ता कहते हैं सो केवल मोहकी विकलता है।।३५।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? આ આત્મા વસ્તુ છે આત્મા, એ જડકર્મની પર્યાયને કરતો નથી. આઠ કર્મ છે ને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય (આદિ) એ જ્ઞાનની અશાતના આદિના ભાવને ભલે કરે, પણ એ ભાવ તો જીવમાં રહ્યો છે અને જ્ઞાનાવરણીયની પર્યાય તો કર્મની, જડની છે. તો 'करमपिंड अरु रागभाव, मिलि एक हौंहि नाहि'. શું કહે છે? જડકર્મની અવસ્થા પરમાણુના પિંડની ને ત્યાં મિથ્યાત્વના અને રાગદ્વેષના ભાવ, 'मिलि एक हौंहि नाहि', બે એક થાય (નહીં). બરાબર છે? અહીંયા તો ફક્ત જડકર્મની પર્યાયનું પરિણમન જીવ પોતાની ભૂલને કરે અને ભૂલમાં રાગદ્વેષ મિથ્યાત્વભાવને કરે, પણ એ મિથ્યાત્વ તે રાગદ્વેષ ભાવ વિભાવ ભાવોનું હોવાપણું જીવની દશામાં છે અને કર્મનું હોવાપણું જડની દશામાં છે. બરાબર છે?

'करमपिंड अरु रागभाव, मिलि एक हौंहि नाहि'. રાગ શબ્દે મિથ્યાત્વ રાગદ્વેષ આદિ બધું અને કર્મ-જડ પરમાણુ જ્ઞાનાવરણીય કર્મ દર્શનાવરણીય આદિ. જ્ઞાનાવરણીય કર્મ છ પ્રકારે બંધાય, આવે છે ને. 'तत्प्रदोष....' તત્ત્વાર્થસૂત્રમાં (અધ્યાય-૬, સૂત્ર-૧૦) સત્‌ને ઓળવે, દ્વેષ કરે સત ઉપર વગેરે વગેરે છ બોલ છે. જ્ઞાનની અશાતનાના કરનારા એવા ભાવનો ભાવ એને અહીંયા રાગ કહ્યો છે. 'करमपिंड अरु रागभाव, मिलि एक हौंहि नाहि.' સમજાણું કાંઈ? પરમાણુઓ કર્મ જડ એ તો જડની અવસ્થાને કરનારા છે અને આ આત્મા રાગભાવનો કર્તા. આત્માને તો પરથી ભિન્ન પાડી દે છે. સમજાણું કાંઈ?

જે વખતે જેવા પરિણામ કરે અજ્ઞાનના, રાગદ્વેષના, એજ પ્રમાણે સામે કર્મ બંધાય. છતાંય કર્મબંધની પર્યાયનો કર્તા વિકારભાવ નહીં. સમજાણું કાંઈ? જીવ પોતાના સ્વરૂપને ભૂલી જ્ઞાતા–દૃષ્ટા આનંદ છું, એવા સ્વસન્મુખતાના ભાવ વિના, ભલે કહે છે

કે વિભાવરૂપી રાગદ્વેષ મિથ્યાત્વ આદિ કરે, પણ એ મિથ્યાત્વભાવનું જુદાપણું છે અને કર્મનું બંધાવું એ જુદાપણુ છે, ચીજ જ બે જુદી છે. કહો! તત્ત્વાર્થસૂત્રમાં તો એમ આવે, છ કારણે જીવ જ્ઞાનાવરણીયને બાંધે. ઐસા આતે હૈ કે નહીં? છ કારણે દર્શનાવરણીય બાંધે અને મોહનીય બાંધે, આકાર આદિ આયુષ્ય બંધાય. કહે છે, નિમિત્તના કથનો છે એ બધા. કેમ કે જીવની ભૂલવાળી દશા એની હયાતી કંઈ પરમાણુની કર્મની પર્યાયમાં થતી નથી.

એટલે, 'करमपिंड अरु रागभाव, मिलि एक हौंहि नहि'. જડકર્મની અવસ્થા अप्पा कत्ता विकत्ता. આત્મા કર્મનો કર્તા, આત્મા કર્મનો ભોક્તા, એમ હોતું નથી, એમ કહે છે અહીંયા તો. એય! પોપટભાઈ શું સાંભળ્યું'તું અત્યાર સુધી? કર્મ કર્તા, આત્મા કર્મ કરે ને આત્મા કર્મ ભોગવે, એટલું સાંભળ્યું હતું ને. (શ્રોતા : જૈન ધર્મનું તો એ મૂળ) જૈન ધર્મનું તો એ મૂળ છે. એ, મોહનભાઈ! એ વાત ખોટી છે, કહે છે. આત્મા જેવા ભાવ કરે અજ્ઞાનના, વિકારના તે પ્રકારે કર્મ જીવ બાંધે, એમ નથી. કેમ કે કર્મ રજકણો છે, પરમાણુ કર્મ પિંડ છે. છે ને? રજકણનો પિંડ છે એ તો. એ રજકણના પિંડની અવસ્થા અને રાગદ્વેષના અજ્ઞાનની અવસ્થા मिलि एक हौंहि नहि. મળી એક હોય નહીં, બે મળીને એક થાય નહીં. એક થયા વિના એક કર્તા શી રીતે થાય? એમ કહે છે. જીવ વિકારભાવને કરે અને એ વિકારભાવ કર્મને બાંધે, એવું કેમ થાય? આ તો ગોમ્મટસારમાં તો એ લખાણ આવે, લ્યો. સમજાણું?

'दोऊ भिन्न–सरूप बसहिं'. ભગવાન આત્મામાં વિકારરૂપી ભાવ આત્માની અવસ્થામાં વસે અને કર્મની અવસ્થા જડમાં વસે, 'दोऊ भिन्न–सरूप बसहिं'. બરાબર છે? એવું જડ કર્મ ને રાગ ભિન્ન એવું હતું ત્યાં? લ્યો, તમને તો કહ્યું, કર્મને લઈને રખડે છે, નક્કી કરો. ખરું કે નહીં? (શ્રોતા : એ તો ભગવાને કીધું છે.) ભગવાને અમને ય કહ્યું છે. કાગળ આવ્યો છે. ખાનગી આવ્યો છે. જયંતિભાઈના વખતમાં ઉતર્યા'તા ને પ્રતિષ્ઠા, ૨૧ વર્ષ થયા. ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરદેવ કર્મને લઈને રખડે છે, એમ પરોપકારી પુરુષ કહે છે. તમે કહો છો કે નહીં? (શ્રોતા : અનંત ઉપકારી.....) અનંત ઉપકારી. હતા તે દિ' તમે? અહીં તો કહે છે કે જેમ કર્મની અવસ્થા જડમાં છે, એમ વિકારની અવસ્થા જીવમાં છે. એટલે જેમ કર્મની અવસ્થા કર્મમાં, કર્મની અવસ્થા વિકારની અવસ્થા ના કરે. બરાબર છે? એમ વિકાર અવસ્થા કર્મને ન કરે, બેય ભિન્ન ભિન્ન ચીજ છે. અનેરી વાત છે. છે જ નહીં એમાં. સ્પષ્ટ વાત શ્વેતાંબરમાં છે જ નહીં, બધું ગરબડ–ગરબડ. લોકો કાઢી ન શકે એમાંથી. અહીં તો ચોખ્ખી વાત છે.

જુઓ, 'दोऊ भिन्न सरूप बसहिं.' વિકારભાવ ભિન્ન અરૂપી વિકારપણે વર્તે અને કર્મ રૂપીપણે વર્તે, બે તો ભિન્ન ભિન્ન છે. 'दोऊ न जीवमांहि'. જીવમાં ના હોય. જીવમાં છે રાગ દ્વેષના વિકારી પરિણામ. પણ આ કર્મના પરિણામ પણ જીવમાં, એમ છે નહીં. સમજાણું કાંઈ? 'करमपिंड पुग्गल'. પરમાણુની અવસ્થા જડની, એ તો પુદ્‌ગલની અવસ્થા છે. 'विभाव रागादि मूढ़ भ्रम'. અને પુણ્ય ને પાપ ને રાગાદિભાવ તો મૂઢનો ભ્રમ ભાવ, વિભાવ છે. સમજાણું કાંઈ?

'करमपिंड पुग्गल, विभाव रागादि मूढ़ भ्रम अलख। एक पुग्गल अनंत, किमि धरहि प्रकृति सम'. ભગવાન આત્મા તો એક સ્વરૂપે અરૂપી અને પરમાણુ અનંત પરમાણુની અવસ્થા કર્મ. એ કર્મની અનંતી અવસ્થા અને (પોતાની) બેય જીવ કેમ કરે? પોતાના ભાવને કરે અને બેયના (કરે) એવી પ્રકૃતિ કેમ હોય? किमि धरहि प्रकृति सम સરખા ભાવ કેમ બેના હોય? બેના ભિન્ન ભિન્ન ભાવ છે. સમજાણું કાંઈ? એમ જો એ નિર્ણય કરે તો તો જેવા ભાવ કરે તેવા કર્મ બંધાય છતાંય કર્મબંધનનો કર્તા એનો ભાવ નહીં. શું કહ્યું ભીખાભાઈ? એવું જો એને ખ્યાલ આવે તો એની દૃષ્ટિ જડ ઉપર અનાદિથી પડી, ઈ ઉઠી થઈ જાય અને સ્વભાવ તરફ દૃષ્ટિ જતાં, 'હું આત્મા જ્ઞાન, દર્શન અને આનંદનો કર્તા છું. પરનો કર્તા નથી, ભેગો વિભાવનો કર્તા પણ નથી'. ચૈતન સ્વરૂપ ભગવાન આત્મા. આહાહા! ભારે કામ ભાઈ! આ વાત હજી જૈનમાં બેસવી કઠણ પડે. આ તો સ્થૂળ જાડી વાત છે.

(શ્રોતા : ....) પ્રશ્ન કાઢ્યો'તો છઠ્ઠી સાલમાં રાજકોટ કે જુઓ, આત્મા રાગ કરે તો કર્મ બંધાય, રાગ ન કરે તો કર્મ ના બંધાય; એટલું કર્મના બંધનમાં પરાધીનપણું ખરું કે નહીં? બિલ્કુલ ખોટી વાત છે. રાગ, જીવ પોતે પોતાના વિભાવભાવથી મૂઢ ધારણ કરે. ભાષા છે ને, 'रागादि मूढ़ भ्रम'. આહાહા! ભાષા જુઓ. પરનો વિભાવ ભાવધર્મની પર્યાયનો કર્તા નથી, એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

'अलख एक' ને 'पुग्गल अनंत' એટલે દ્રવ્ય આમ છે, એમ કહે છે. એક એટલે આત્મા એક દ્રવ્ય છે અને ઓલા તો અનંતા દ્રવ્ય છે, એમ સિદ્ધ કરવું છે હોં. (શ્રોતા : .....) એમ નહીં, એમ યે નહીં ને એક એટલે એકલો જ્ઞાતા દ્રષ્ટા છે, એમે ય નહીં. અહીં તો આત્મા એક દ્રવ્ય છે, એમ કહેવું છે અને પરમાણુ અનંત દ્રવ્ય છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ? નહીં તો એમાંથી એમ નીકળે કે અલખ એક છે. એ જ્ઞાતા દૃષ્ટારૂપે, રાગે ય નહીં, એમ અત્યારે નથી કહેવું. સમજાણું કાંઈ? આ તો દ્રવ્ય આત્મા એક છે. આમ ભિન્ન વસ્તુ છે. એ મૂઢ પોતાના સ્વભાવને ભૂલીને ભ્રમને કરે. ભ્રમણા રાગાદિના

ભાવને કરે. એક દ્રવ્ય અને ઓલા રજકણ તો અનંત દ્રવ્ય છે. તો એક દ્રવ્ય, એક વસ્તુ અનંત દ્રવ્યની અવસ્થાને કેમ કરે? એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

કેવળી ય પણ ભાષા પહેલે સમયે ગ્રહે અને બીજે સમયે મુકે. એ વાત કાઢી હતી છઠ્ઠી સાલમાં, પાલિતાણામાં. આંહી તો બિલ્કુલ ભાષાની પર્યાયનો કર્તા આત્મા નથી કારણ કે ભાષાની અવસ્થા એ જડની દશા છે. હા, અજ્ઞાની તેના રાગભાવને કરે. જ્ઞાની તો રાગને ન કરતાં રાગને જાણે અને ભાષા થાય એને જાણે. આહાહા! સમજાણું કાંઈ? મોટા મોટા બિરૂદ ધરાવનારા ગોથા ખાય, ગજ ગોથા ખાય. જો કે ગજ તો ન કહેવાય પણ એને એવી ઉપમા આપી છે. કહે છે ને ગજ ગોથા ખાય ત્યાં ગાડરના ક્યાં ગજા. ગજ જ નથી એ.

વસ્તુ ભગવાન આત્મા! આંહી તો ફક્ત વિકારીભાવ કરે છે, એ ન હોય તો સંસાર ન હોય. અને એ સંસાર કાંઈ કર્મને લઈને છે, એમ નથી. તેમ કર્મની અવસ્થા જીવના સંસારભાવને લઈને છે, એમ પણ નથી. બરાબર હૈ પંડિતજી? આ બે સરખી પ્રકૃતિ કેમ ધારણ કરે? એમ કહે છે. એક કોર અનંત પરમાણુ અને એક કોર એક જીવ દ્રવ્ય, બે દ્રવ્યો બે સરખા ભાવને કેમ ધારણ કરે? કે પોતાના ભાવને કરે જીવ અને કર્મ જડ અનંત છે, એનાય ભાવને કરે, એમ કોઈ દિ' બને નહીં.

'निज निज विलासजुत जगतमहि'. પોતપોતાના વિલાસજુત જગતમહિ. પરમાણુ પરમાણુના વિલાસને કરે, આત્મા આત્માની મૂઢ અવસ્થાને કરે, એટલી અહીંયા વાત લેવી છે. સમજાણું કાંઈ? હવે ત્યાં સુધી બોલે, પરનો કર્તા ન માને એ દિગંબર જૈન નહીં. અરેરે! ભાઈ શું થયું આ? ભગવાન અનંત દ્રવ્ય છે એમ જો માન, તો અનંત દ્રવ્ય ભિન્ન ભિન્ન પોતાની અવસ્થાને કર્યા વગર રહે નહિં, બીજો એને શું કરે? કેમ છે, કોણ જાણે શું થઈ ગયું? કહે છે, 'निज निज विलासजुत जगतमहि, जथा सहज परिनमहि तिम'. આત્મા આત્માના ભાવે પરિણમે, અહીં તો ભાવ એટલે વિકાર લેવો છે હોં અને પરમાણુ પરમાણુના ભાવે પરિણમે. એ આત્માનો ભાવ જગતના પરમાણુને પરિણમાવે નહીં કારણ કે એ તો એના પોતાના વિલાસ સહિતનું પરિણમન એનું છે.

'जथा सहज परिनमहि तिम, करतार जीव जड़ करमकौ, मोह–विकल जन कहहि इम', લ્યો. જીવ જડ કર્મને કરે એ મોહ, મિથ્યાદૃષ્ટિ જનનો ભ્રમ છે. સમજાણું કાંઈ? 'मोहकी विकलता है', પાગલપણું છે પાગલપણું. હવે એમાં કર્મ જે જેટલા પ્રમાણમાં....અહીં તોલું મૂકે એટલા પ્રમાણમાં કાંટો સરખો થાય. તો કહે છે કે કાંટો તોલાને કારણે નહીં, કાંટો કાંટાને કારણે આમ આવે. અહીં જેવા પરિણામ કરે એટલા

જ પ્રમાણમાં જ ત્યાં કર્મ બંધાય. પુણ્યના ભાવ હોય, એ પ્રમાણે જ શાતા વેદનીય બંધાય, પાપના ભાવ હોય તો અશાતા આદિ મોહ આદિ બંધાય. છતાં એ વિલાસ જડનો છે, આત્માનો એ છે નહીં. આહાહા!

તો આ પછી શરીર ને વાણી ને આ દેશનું કરવું ને કુટુંબનું કરવું. ભાઈ દુકાને બેસે ને બધું ધ્યાન રાખીને કરે, એવું થાય છે કે નહીં? તમે અહીંયા બેઠા, ત્યાં હીરાભાઈ આવશે તો ત્યાં ભાણાને સોંપશે. જે તેને સોંપશે? ભાણીયાને સોંપે, ભાઈ આપણા ઘરનો માણસ કહેવાય. ઈ કાંઈ બીજું ન કરે. જુઓ, એ કાંઈ કરી શકે છે, ત્યારે એમ મનાવતા હશે કે નહીં? નહીંતર કહે આ? (શ્રોતા : ચોખ્ખી વાત છે.) ચોખ્ખી વાત છે. ભ્રમ પેસી ગયો છે. હીરાભાઈ ન હોય તો ભાણીયો હોય. ભાણીયો ન હોય તો હીરાભાઈ હોય. બે તો રાખવા જોઈએ ત્યાં. આ તો મફતના વળી જાય કો'ક બે કલાક. સમજાણું કાંઈ? શું હશે આ? પોપટભાઈ! જુઓ, એ તો કરે, પણ એક વાત તો જુઓ.

વસ્તુ એક ને કર્મના રજકણો અનંતા....અનંતા.....સ્કંધના પિંડ આખા. આહાહા! કો'ક એમ કહે કે ઈશ્વર જગતનો કર્તા અને તું એમ કહે કે જડકર્મની અવસ્થાનો હું કર્તા, તો બેમાં ફેર શું પડ્યો? કહો સમજાય છે કાંઈ? ઈશ્વર જગતનો કર્તા (નથી) કારણ કે વસ્તુ સત્ છે. સત્ છે તેને કરે કોણ? નથી તે થાય કેમ? સમજાણું કાંઈ? અહીંયા તો ફક્ત એક વસ્તુ જીવ અને અનંત વસ્તુ પરમાણુ. તો એક એક પરમાણુ જ્યારે તે તે કાળમાં પોતાની પર્યાયને કરે, કોઈ બીજો પરમાણું નહીં. તો એ પર્યાયને જીવનો ભાવ કરે, ભાઈ! તને કઈ રીતે બેસે છે? કેમકે અનંત દ્રવ્ય છે ને, એમ કીધું ને. અનંત દ્રવ્ય છે. તો એક એક દ્રવ્ય પોતાની અવસ્થાને કરે. કહો સમજાય છે કાંઈ? આહાહા!

એક વિચાર એવો આવ્યો કે આ અનંત અનંત દ્રવ્ય છે અનંતગુણા, એની પર્યાયને કરે એમ જ્યાં એને બેસે, ત્યારે તો એને અનંતનો જાણનાર હું એક સમયમાં અનંત છું, એનો કરનાર નહીં પણ જાણનાર ખરો. એ અનંતા રજકણોની દશા....આમાં આવ્યું હતું ને, અંદર પ્રશ્ન આવ્યો છોકરાઓનો. આપણે આવ્યું ને, અનંતને જાણે ત્યાં જ્ઞાનમાં અનંતનો છેડો આવ્યો કે નહીં? અનંત છે ને ક્ષેત્ર, ક્યાંય છેડો છે? જ્ઞાને જાણ્યું કે નહીં એને? છેડો જાણ્યો કે નહીં ઠેઠ સુધીનો જ્ઞાને? ઠેઠ સુધીનો જાણ્યો કે નહીં જ્ઞાને પૂરો? કે કાંઈ અધુરું રહ્યું છે જ્ઞાનમાં જાણવાનું?

ભાઈ! જ્ઞાન છે ઈ અંત વિનાની ચીજ છે. અંત વિનાનું એમને એમ ક્ષેત્ર છે..છે..છે..છે..છે. એવું છે...છે તેને જ્ઞાન છે...છે...છે...છે. અંત વિનાનું એમ જ જાણે છે. જાણ્યું માટે ત્યાં અંત આવી ગયો (એમ નથી). એમાં તો (જ્ઞાનનું) રહસ્ય છે.

ઓહો! આ જ્ઞાન...જેવો અનંત છે એવા અનંતને જાણે. જેવા અનંતા દ્રવ્યો છે, એવા અનંતને જાણે. અનંતકાળ છે આદિ અંત વિનાનો હું, એવા અનાદિ અનંતને એ જ્ઞાન જાણે અને જે જ્ઞાન એક દ્રવ્યના આકાશના પ્રદેશ કરતાં અનંતગણા ગુણો છે, એને જાણે. તેથી ત્યાં અંત આવતો નથી, પણ અહીં રાગ વિનાની દશા થઈને રાગનો અંત આવી જાય છે. શું કાંઈ સમજાય છે આમાં?

આ આત્મા આવી અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનંતને અનંત તરીકે જાણે. એ ભાવને અનંતને અનંત તરીકે જાણે. આવું જે અનંત જ્ઞાન, એને જેમ છે તેમ જાણે અને તે પણ પર છે, માટે નહીં. પર આવું અનંત છે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ, માટે નહીં. એ તો પોતાના જ્ઞાનમાં એવી જ શક્તિ અનંતને અનંત તરીકે જાણવાની આવી શક્તિવાળો તત્ત્વ છે, એમ જેને અંદરમાં બેસે, એની રાગમાં એકતા રહે નહીં ને સ્વભાવની અનંતતા પ્રગટ્યા વિના રહે નહીં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા! આ અનંતની વાત સાંભળી કે નહીં? જવાહરભાઈ! પ્રશ્ન હતો ને ભાઈનો. ત્યાં જ્ઞાનમાં જણાય, આવ્યું હતું આજ બપોરે. છોકરાને પૂછ્યું, જ્ઞાન જણાવાનો છેડો આવી ગયો કે નહીં? કહે, હા. શું કરે? મોટા મોટા ગોથા ખાઈ જાય, ત્યાં આ તો બિચારા બાળક છે.

એ તો જ્ઞાને જેમ પૂરું છે તેમ પૂરું જાણ્યું. આહાહા! એવો પૂરો સ્વભાવ જાણવાનો મારો સ્વભાવ બેહદને પણ તેનું જ્ઞાન મારામાં પુરું જાણવાનું મારે કારણે સ્વભાવ. એવા અનંત દ્રવ્ય, અનંત ક્ષેત્ર આદિ અંત વિનાનું તત્ત્વ અને અનંત ગુણો, આવાને જાણવાનો મારો સ્વભાવ એટલે કે હું તો સર્વજ્ઞસ્વભાવી સર્વને જાણવાનો સ્વભાવવાળો છું. આમ જ્યાં સ્વભાવને જ્યાં માને, એની રાગની અલ્પતા ભિન્ન પડ્યા વિના રહે નહીં. પ્રકાશદાસજી! આહા! ભારે! 'करतार जीव जड़ करमकौ'. અરે! પ્રભુ શું થયું છે? એમ કહે છે. 'मोह–विकल जन कहहि हम'. એ મિથ્યાદૃષ્ટિ પાગલ. આમ તો એમ કહે, ધારણાવાળું શાસ્ત્રજ્ઞાન નહીં સમજાણું કાંઈ? આ તો ભાવમાં એને ભાવું છું, એમ કહે છે. અહીં તો વાત આવી, આવી છે તો કહે જ ને. કર્મની જડની પર્યાય જડ કરે, આત્મા એની કરે નહીં. અરે! પણ ક્યારે તને એ ભાસે? સમજાણું કાંઈ?

મારો સ્વભાવ જ અનંતને અનંત તરીકે જાણવાનો સ્વભાવ છે. ક્ષેત્ર અનંત બેહદ અને મારું ક્ષેત્ર આટલું, છતાંય એનો ભાવ બેહદ. એવા અપરિમિત જ્ઞાનના સ્વભાવવાળો હું, એવું જેને અંતરમાં ભાસ થાય ત્યારે તે રાગ ને પરનો કર્તા મટીને અકર્તા થાય. ત્યારે હું પરનો કર્તા નથી, એમ એને કહેવાનો અર્થ થાય. એય! એને બિચારીને સાંભળવું હોય બાઈને. ઘરે રાખ, કરવું શું આમાં? સમજાણું કાંઈ? અહીંયા તો કહે છે કે સહજપણે

જ્યાં દ્રવ્ય પોતાની અવસ્થાકાળે તે પરિણમન કરે, એમ જીવ પછી પરની અવસ્થાને કરે એ ક્યાં રહ્યું? એ તો મોહ મિથ્યાદૃષ્ટિનો પાગલ ભાવ છે.

ઓ પંડિતજી! વહાઁ ઇંદોર મેં ઐસા બોલા થા. પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર જૈન નહિં (શ્રોતા : કહેવામાં શું વાંધો છે?) કહેવામાં....(શ્રોતા : કોઈ એને પૂછનાર જ નથી). પૂછનાર.....એને ભાવનું ભાન ન મળે પોતાને. સંપ્રદાયના માણસો બિચારા પડ્યા છે. પ્રવૃત્તિ કરે ૨૦–૨૨ કલાક બીજે ને કલાક-બે કલાક જાય. આ મંદિર ને હો–હો કરે, થઈ ગયો ધર્મ. સમજાણું કાંઈ? (શ્રોતા : ઐસી હી હાલત હૈ.) ઐસી હાલત હૈ. ભાઈ! આ તો સંસારનાં અંતની વાતો કરવાની વાત છે. આહાહા! અનાદિની ઘોર અજ્ઞાન નિંદ્રામાં સૂતો છે. કહે છે, જીવ પોતાના ભાવને કરે, એ તો જીવનો પોતાનો અજ્ઞાનભાવનો વિલાસ છે. પણ ભેગો જડની અવસ્થાનો વિલાસ જડ કરે, એને આત્મા કરે, એમ કેમ બને? સમજાણું કાંઈ? ૫૩ થયો, ૫૪. शुद्ध आत्मानुभवका माहात्म्य.

**कर्त्ता–कर्त्ता भवति न यथा कर्म कर्मपि नैव**
**ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि।**
**ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तस्तथौच्चै**
**श्चिच्छकतीनां निकरभरतोऽत्यन्त गम्भीरमेतत्।।५४।।**

જુઓ, આવ્યું, સરવાળો કાઢ્યો છે. આવું જાણે નહીં.....એમ કહે છે. जीव मिथ्यात्व न करै, भाव नहि धरै भरम मल. હવે તો મિથ્યાત્વભાવ ને ન કરે, એમ આ ગાથા છે. એ કર્મને ન કરે એવું નક્કી થાય, એ મિથ્યાત્વભાવને પણ કરે નહીં.

શુદ્ધાત્માનુભવનું માહાત્મ્ય (છપ્પા)

**जीव मिथ्यात न करै, भाव नहि धरै भरम मल।**
**ग्यान ग्यानरस रमै, होइ करमादिक पुद्गल।।**
**असंख्यात परदेस सकति, जगमगै प्रगट अति**
**चिद्विलास गंभीर धीर, थिर रहै विमलमति।।**
**जब लगि प्रबोध घटमहि उदित,**
**तब लगि अनय न पेखिये।**
**जिमि धरम-राज वरतंत पुर,**
**जहं तहं नीति परेखिये।।३६।।**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**ભરમ(ભ્રમ)=અજ્ઞાન. પ્રબોધ=સમ્યગ્જ્ઞાન. ઉદિત=પ્રકાશિત. અનય= અન્યાય. ધરમરાજ=ધર્મયુક્ત રાજ્ય. વરતંત=પ્રવર્તતું. પુર=નગર. પરેખિયે=દેખાય છે.

**અર્થ :—**જીવ મિથ્યાભાવ નથી કરતો અને ન તો રાગાદિ ભાવમળનો ધારક છે. કર્મ પુદ્‌ગલ છે અને જ્ઞાન તો જ્ઞાનરસમાં જ લીન રહે છે, જીવના અસંખ્યાત પ્રદેશોમાં તેની સ્થિર, ગંભીર, ધીર, નિર્મળ જ્યોતિ અત્યંત ઝગમગે છે, તે જ્યાં સુધી હૃદયમાં પ્રકાશિત રહે છે ત્યાં સુધી મિથ્યાત્વ નથી રહેતું. જેવી રીતે નગરમાં ધર્મરાજ વર્તતું હોય ત્યારે બધે નીતિ જ નીતિ દેખાય છે, અનીતિનો લેશ પણ રહેતો નથી. ૩૬.

**अर्थ :**–जीव मिथ्याभावको नहीं करता और न रागादि भावमलका धारक है। कर्म पुद्गल हैं और ज्ञान तो ज्ञानरस हीमें लीन रहता है, उसकी जीवके असंख्यात प्रदेशोंमें स्थिर, गंभीर, धीर, निर्मल ज्योति अत्यन्त जगमगाती है, सो जब तक ज्ञान हृदयमें प्रकाशित रहता है, तब तक मिथ्यात्व नहीं रहता। जैसे कि नगरमें धर्मराज वर्तनेसे जहाँ-तहाँ नीति ही नीति दिखाई देती है, अनीतिका लेश भी नहीं रहता।।३६।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'जीव मिथ्यात्व न करै'. ભગવાન જ્ઞાન સ્વભાવી પ્રભુ, એ ભ્રમણા કેમ કરે? ભગવાન જ્ઞાન સ્વભાવી ભ્રમણાને કેમ કરે? કર્તા પરનો તો ઉડાવ્યો પણ કહે, ભ્રમણા એટલે જીવ સ્વભાવમાં ભ્રમણાનું કરવું બળાત્કારે અજ્ઞાની માને છે, એવું છે (નહીં). જોશથી માને છે. નથી અને માને છે, એમ કહે છે. સમજાણું કાંઈ? 'जीव मिथ्यात्व न करै, भाव नहि धरै भरम मल'. એ રાગાદિ ભાવને ધારનારો આત્મા નહીં. આહાહા! કહો, પરનો હજી કર્તા માને, એની વાત તો ક્યાંય રહી પણ રાગનો કર્તા આત્મા(માને), એને આત્મા કહેતા નથી. આહાહા! ભગવાન! ભારી વાત આવી છે ભાઈ! વાત આખી મૂળ ભગવાનને ભૂલીને વાતો. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાન ને આનંદનો કંદ પ્રભુ, એનામાં તો જ્ઞાનનો રસ છે, કહે છે. આવ્યું ને જુઓ, 'ग्यान ग्यानरस रमै'. સમજાણું કાંઈ?

બહિર્મુખી જીવનો ભાવ, એ અજ્ઞાની બહિરભાવે કરે, પણ છતાં કર્મને તો કરે નહીં, એમ કહે છે. હવે એથી આગળ લઈ ગયા. હવે તો બહિર્બુદ્ધિ ભાવ એ જ્ઞાનરસમાં છે નહીં. એ દયા-દાન, વ્રત-ભક્તિ આદિના ભાવ વિકલ્પ મેલ, એ આત્મા ન કરે. પ્રભુ! આત્મા તો જ્ઞાન આનંદ પ્રભુ છે. બેહદ અનંત જેના જાણવાના સ્વભાવનું માપ, અનંત જેના શ્રદ્ધા સ્વભાવનું માપ, અનંત જેના આનંદનું માપ, એવી એક એક શક્તિનું અનંત

માપ એવી અનંતી શક્તિ, એવો જે ભગવાન આત્મા, એ પોતે રાગને કેમ કરે? સમજાણું કાંઈ? આવો સ્વભાવનો ધરનાર ભગવાન તે વિભાવને કેમ કરે? માને છે, એ તો પહેલું કહ્યું, કે માને છે. જુઓને, 'मोह–विकल जन कहहि इम'. માને છે, હું પરનું કરું છું. એમ આ જ્ઞાતાદૃષ્ટા ચૈતન્યપિંડ પ્રભુ.

જેમ એક દ્રવ્ય જીવ અને ઓલા અનંતા (જડકર્મ પરમાણુ). હવે અહીં હવે આમ અનંતા....અનંતા.....શુદ્ધ સ્વભાવને અને એક ક્ષણની વિકાર અવસ્થા, આમ ગુલાંટ ખાય તો આમ છે. સમજાણું કાંઈ? જેમ એક વસ્તુ ભગવાન આત્મા અને કર્મના રજકણો તો અનંત છે. એ એક અનંતને કેમ કરે? હવે ગુલાંટ ખાય છે વાત. આત્મા અનંત જ્ઞાન દર્શન આદિ અનંત ગુણનો પિંડ પ્રભુ, એ રાગની કણિકા મળ-મેલ ક્ષણની એને કેમ કરે એ? આહાહા! જુઓ, સંતોના જાહેર ઢંઢેરા. પ્રકાશદાસજી! આ ઢંઢેરા. નગારાની દાંડી પીટીને વાત છે. કાંઈ ગુપ્ત રાખી નથી અહીં. આહાહા!

ભાઈ! જીવ મિથ્યાત્વ ન કરે. એ ભગવાન બેહદ સ્વરૂપ જેનું, એવો જે જ્ઞાન ભગવાન આત્મા એ ભ્રમણાને કેમ કરે? કારણકે બેહદ અપરિમિત સ્વભાવનો સાગર, એ પરિમિત એક સમયની ભૂલ જે ભ્રમણા એને ભગવાન કેમ કરે? અમરચંદભાઈ! આ તો પરનું કાંઈ કરે નહીં, એમ કહે છે. આહાહા! આરે ભારે! દવા કરે નહીં, ઈન્જેક્શન દઈ શકે નહીં, બોલી શકે નહિં, ચાલી શકે નહીં, સામાયિક બાંધી શકે નહીં. અહીં તો હવે કહે છે કે આગળ જા જરીક. તારો રસ તો જ્ઞાન શક્તિ અનંતને જાણે, આહાહા! બેહદ પદાર્થ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ એને જ્યાં બેહદવાળી ચીજને પણ પોતાના જ્ઞાનમાં બેહદ તરીકે જાણે; એવો જે જ્ઞાન સ્વભાવ, એ મિથ્યાત્વ ન કરે જુઓ આ વાત! આવો જે જ્ઞાન સ્વભાવભાવ એ ભ્રમણાની દશાને કેમ કરે? આહાહા! શી રીતે કરે? બેહદ જ્ઞાન કરનારો તત્ત્વ એ વિભાવના ક્ષણિક દયા દાન, વ્રતના પરિણામને કરે કેમ? કહે છે. આહાહા!

અજ્ઞાનભાવ છે, અચેતનનો એક ક્ષણિક થોડો અચેતનનો ભાવ. આ તો અનંત અનંત ચેતનના અનંતભાવ. આહાહા! એવા ચેતનના અનંત સ્વભાવભાવ એવો ભગવાન આત્મા, એ મિથ્યાત્વને ભ્રમને, કૃત્રિમ રાગને, નહીં રહેલાને નવો કરે, રહેલા ભાવને છોડીને આને કરે (નહીં). સમજાણું કાંઈ? આકરું લાગે માણસને. આવો કાંઈ ધર્મ હોતા હશે? નવી જાતનો ધર્મ કાઢ્યો એમ માને. ભગવાન નવી જાત તો તે જાણી નહોતીને આત્માની, એ નવી જાત છે. છે તો ઈ છે. જીવ મિથ્યાત ન કરે, એક વાત. કેમ કે 'भाव नहि धरै', એ મલિન પરિણામને ધારતો જ નથી. સમજાણું કાંઈ? 'भाव नहि धरै भरम मल'. ભાવમલકા ધારક ન હોય, નહીં ધારક હૈ.

આ તો સાદી ભાષામાં બનારસીદાસજીએ કુંદકુંદઆચાર્યના શ્લોકમાંથી ટીકા કરી અમૃતચંદ્રાચાર્યે. એમાંથી આ કળશો કર્યા. એમાંથી થઈ રાજમલ્લજીની ટીકા. કળશ ટીકા આતી હૈ ને કળશ ટીકા આઈ હૈ ન અભી. નહીં યહાઁ નહીં, વહ કળશ ટીકાકા ગ્રંથ. રાજમલ્લજી કળશટીકા નહીં હૈ? ખબર નહીં? પણ તમારી પાસે હૈ? એકેય રાજમલ્લજી કી ટીકા નહીં? હિંદી, ગુજરાતી. હિંદી હૈ ને. (શ્રોતા : હિંદી હૈ, પર દેખી નહીં.) ....એ નહીં, ઐસી બુક હૈ કી નહીં? આ બુક હૈ ભિન્ન, કળશકી. કળશ ટીકા, આ વહ કહતે હૈં. કળશ ટીકા હૈ ને આ ઉસમેંસે આ (નાટક સમયસાર) બનાયા.

આવે છે ને પાછળ નહીં? ઘર ઘર કથા બખાની.....જુઓ ઉસમેં ૪૧૭ પાના, ચાર એક સાત. 'पांडे रजमल्ल जिनधर्मी'. ક્યાં છે ભીખાભાઈ? 'पांडे रजमल्ल जिनधर्मी'. હૈ? 'समैसार नाटकके मर्मी'. હવે એનો સુધારો કરવા માટે લખેલું છે. આમાં ભૂલ છે, કહે છે. આહાહા!.... 'तिन गिरंथकी टीका कीनी, बालबोध सुगम कर दीनी'. સાધારણ પ્રાણીને સમજાવવા માટે કહે છે.

इह विधि बोध-वचनिका फैली, समै पाय अध्यातम सैली।
प्रगटी जगमांही जिनवानी, घर घर नाटक कथा बखानी॥

હવે આપણે આ (સમયસાર) નાટક ખતમ—ખલાસ થઈ ગયા. બીજા છપાવવા પડશે. માંગણી આવી છે. કોણ છપાવે છે આ? એ પંડિતજી! અમારે હિંમતભાઈનું છે ને. આ ૨૫૦૦ તો ખલાસ થઈ ગયા. પ્રગટી જગમાહી જિનવાની ઘર ઘર નાટક કથા બખાની ઘર ઘર નાટક કથા, સમયસાર ઘરે ઘરે ચાલે છે.

'जीव मिथ्यात्व न करै, भाव नहि धरै भरम मल.' એ હળવી ચીજને માથે બોજા શા? ભારે ચીજ ઉપર હોય તો હળવી રહી શકે. હળવી ચીજ ઉપર બોજો શો આ? भाव नहि धरै भरम मल. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ, એવી નિર્મળ ચીજ એ મલિનભાવને કેમ કરે ને કેમ ધારે? સમજાય છે કાંઈ? એ શીખંડના ખાનારા એ વિષ્ટાને કેમ ખાય? એ હંસલા મોતીના ચારા ચરનાર એ જુવાર ને બાજરા ન ખાય, એમ કહે છે. સમજાય છે કાંઈ?

'जीव मिथ्यात्व न करै भाव नहि धरै भरमकाल'. એ મિથ્યાત્વની વાત છે અહીં તો. 'ग्यान ग्यानरस रमै'. આહાહા! જ્ઞાન શક્તિ તો જ્ઞાનમાં રમે. ભગવાન અનંત દર્શન જ્ઞાન સ્વભાવ, અનંત આનંદ આદિ જેની પ્રકૃતિના સ્વભાવ અનંત છે. એવો એ ભગવાન આત્મા એ તો પોતાના સ્વભાવને રમે. રાગને કરે ને ધારે નહીં અને સ્વભાવમાં રમે, એ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? 'ग्यान ग्यानरस रमै'. ભાષા દેખો. આમાં એમ નથી

કહ્યું કે રાગમાં રમે. રાગને કરે નહિ ને ધરે નહિ. એ વ્યવહાર રાગને કરે નહિ ને વ્યવહાર રાગને ધારે નહિ, એમ કહે છે. આહાહા! એવો ભગવાન આત્મા જ્ઞાન પ્રકાશની મૂર્તિ એવો જ્ઞાનરસમાં રમે.

'होइ करमादि पुद्गल'. તો પુદ્‌ગલ એ કર્મરૂપે પરિણમી જાય. કર્મ આદિ છે તે પુદ્‌ગલ થઈ જાય, એમ કહે છે. આ અહીં રમે, કર્મ કર્મરૂપ પુદ્‌ગલ થઈ જાય. સમજાણું કાંઈ? કર્મ પુદ્‌ગલ છે જડ, જડની અવસ્થા રૂપ થાય. આ તો ભગવાન જ્ઞાન સ્વરૂપ છે ચૈતન્ય પ્રકાશ, એમાં રમે તો રામ આત્મારૂપ થઈ જાય, એ આત્મા જ થાય. કર્મ પુદ્‌ગલ રૂપે થઈ જાય. બેય ભેખ મટી ગયા. અહીંયા અજ્ઞાનનો ભેખ ગયો, ત્યાં કર્મની પર્યાયમાં પુદ્‌ગલનો કર્મ પર્યાયનો ભેખ હતો, તે ય ગયો. 'ग्यान ग्यान रस रमै, होइ करमादि पुद्गल. असंख्यात परदेस सकति'. આહાહા! જુઓ, ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી છે. એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ છે. શરીર પ્રમાણે (પણ) ભિન્ન, અરૂપી અસંખ્ય પ્રદેશનો એ પિંડ છે. જ્ઞાન રસ રમૈ, કહ્યું ને.

એ 'असंख्यात परदेस सकति जगमगै प्रगट अति'. એમાં એ રમે. અસંખ્ય પોતાના નિજ ક્ષેત્રમાં એ રમે. રાગના અને કર્મના ક્ષેત્રમાં તે જ્ઞાનરસ રમે નહિ. સમજાણું કાંઈ? આ ધર્મદશા, લ્યો. ભારે ધર્મ ભાઈ! અસંખ્યાત પ્રદેશ શક્તિ, ભાષા જુઓ, પ્રદેશ શક્તિ. એમાં 'जगमगै प्रगट अति'. અસંખ્યાત પ્રદેશમાં અનંત શક્તિઓ ગુણ ભર્યા છે. એ જ્યારે પરનો કર્તા તો નહિ, પણ રાગનો કર્તા ને ધર્તા નહિ. એવી બેહદ ચૈતન્ય શક્તિનું ભાન થતા એ એ પોતે ઝગમગે પ્રગટે. ચૈતન્યનો વિકાસની જ્યોતિ ઝગમગ ઝગમગ ઝગે છે. આહાહા! દિવાળીના દીવા ઝગમગ ઝગમગ જેમ ચમકે, એમ ભગવાન ઓલા રાગને કરતો હતો ને ત્યારે ચૈતન્ય ચમક ઢંકાઈ જતી હતી. સમજાણું કાંઈ? ભાઈ આવો ધર્મ ભારે ભાઈ આ!

અસંખ્યાત....જગમગે પ્રગટ અતિ. લ્યો, 'प्रकाशित रहता है', જગમગ જગમગાતી હૈ. શક્તિ હતી એ પર્યાયમાં ઝગમગ પ્રકાશિત થાય છે. જાગતી જ્યોત ભગવાન બ્રહ્માંડ આત્મા બ્રહ્માનંદનો નાથ, બ્રહ્માંડનો જાણનાર, બ્રહ્માંડમાં ફેરફાર (કરનાર) નહિ. આરે! ભારે કામ આકરું! પોતે આખો પરમાત્મા છે, એની એને ખબર નથી. પરમાત્મા પર્યાયમાં એન્લાર્જ (enlarge) થાય છે, એ અંદરમાં છે એનો એન્લાર્જ થાય છે. એ પરમાત્મા દશા ક્યાંય બહારથી આવતી (નથી). બહારથી આવે છે? "અપ્પા સો પરમઅપ્પા." ભગવાન આત્મા તે જ પરમાત્મા છે. તે અસંખ્ય પ્રદેશમાં ઝગમગ ઝગમગ જ્યોતિ જાનન, દેખન, શ્રદ્ધા, આનંદ આદિ શક્તિથી વિલાસ કરે છે. 'जगमगै प्रगट अति' પાછું. સમજાય છે કાંઈ?

'चिद्‌विलास गंभीर धीर'. જ્ઞાનનો વિલાસ, આનંદનો વિલાસ, રાગના રમતુંને છોડી ભગવાન પોતાના જ્ઞાન-દર્શનના આનંદમાં આવ્યો; એ જ આત્મા. એ આત્મા ચિદ્‌વિલાસ ગંભીર, જેના જ્ઞાનનો વિલાસ ઉંડો ગંભીર છે. સમજાય છે કાંઈ? ગંભીર છે. જેના જ્ઞાનની દશા મહા ગંભીર. જ્ઞાનની દશામાં અનંતતા આવી ગઈ છે. સમજાણું કાંઈ? આહાહા! ધીર છે, એ અનંતો ગંભીર હોવા છતાં ધીર છે—ધીરું છે, શાંત.....શાંત.....સમજાણું કાંઈ? જુઓ, આ સમ્યક્‌દર્શનના ભાનમાં આ દશા થાય, એમ કહે છે. આહાહા! ભગવાન આત્મા અનંત ગુણનો અસંખ્યપ્રદેશી પિંડ પ્રભુ, એ રાગને કરે નહિ ને ધરે નહિ. એટલે ત્યાંથી દૃષ્ટિ ઉઠી ગઈ ને દૃષ્ટિ થઈ વસ્તુના સ્વભાવમાં, તો અસંખ્ય પ્રદેશો ઝગમગ્યા. અનંતા દીવડા પર્યાયે પ્રગટ થયા, અનંતા ગુણો. ગંભીર ધીર ધીરું છે. ધી આવે છે ને ધી બુદ્ધિ. ધ્યેય પ્રત્યે પ્રેરે તે ધીર.

અષ્ટપાહુડમાં આવે છે ને. પોતાની જ્ઞાનની પર્યાયરૂપી ધી, ધ્યેય જે અખંડ પૂર્ણ પ્રભુ એમાં પ્રેરે, એવા જ્ઞાનને ધીર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! એના ગાણા ય સાંભળ્યા નહીં કોઈ દિ'. આ તો આ મહાવ્રત પાળો, પૂજા કરો ને ભક્તિ કરો ને સિદ્ધગિરિ પાલિતાણા ને સમ્મેદશિખરની જાત્રા કરો, જાઓ કલ્યાણ તમારું થાવ. (શ્રોતા : ....) ધૂળેય સારું....શુભભાવ છે, એટલી વાત છે. હો, પણ એ કંઈ ધર્મ છે અને એ એનાથી ધર્મ પ્રગટે છે, એવી વસ્તુ નથી. હોય છે જ્ઞાની ને ય હોય છે એવો રાગ, પણ એ પદમાં બંધનું કારણ છે. પુણ્યબંધ પરિણામ પ્રગટ ન થાય, પણ હોય છે. સંવર નિર્જરાનું કારણ નથી. સમજાણું કાંઈ?

ભગવાનના દર્શનથી આસ્રવ ઘટે અને સંવર વધે. એ, દેવાનુપ્રિયા! આવે છે ને ક્યાંક? .....એમાં આવે છે. ભગવાનના દર્શનથી આસ્રવ ઘટે ને સંવર વધે, ભગવાનના વચન એ નહીં. સમજાણું કાંઈ? પણ વચમાં પૂર્ણતા ન હોય તો એવો ભાવ હોય છે, થાય છે, થઈ જાય છે, થઈ ને જાય છે. આહાહા! 'थिर रहै' વસ્તુમાં સ્થિર રહે એવી નિર્મળ જ્યોતિ અંદર ઝગમગાતી હૈ. 'विमलमति' છે ને. ઝગમગાતી હૈ નિર્મળજ્યોતિ મળને ન ધારે. કહો સમજાણું?

'चिद्‌विलास गंभीर धीर, थिर रहै विमलमति, जब लगि प्रबोध घटमहि उदित'. શું કહે છે? જ્યાં સુધી અંતરમાં જ્ઞાન સ્વરૂપનું ભાન વર્તે. 'तब लगि अनय न पेखिये.' અન્યાયમાં પ્રવેશ કરી શકે નહિ. સમજાણું કાંઈ? અન્યાય એટલે મિથ્યાત્વ. અન્યાય એટલે મિથ્યાત્વ. 'जब लगि प्रबोध घटमहि उदित'. જ્ઞાનનંદ સ્વભાવ હું છું, હું આત્મા ચિદાનંદ પરમાત્મા સ્વરૂપ છું, એવું જ્યાં સુધી પ્રબોધ વર્તે છે; ત્યાં સુધી

'अनय न पेखियें'—મિથ્યાત્વ ના હોઈ શકે. અન્યાય એટલે મિથ્યાત્વને જ અન્યાય કહે છે. સમજાણું કાંઈ? શું કીધું? આહાહા! જુઓ, અર્થ એમ કર્યો છે, 'तब तक मिथ्यात्व नहीं रहता', અર્થમાં.

'तब लगि अनय न पेखियें'. જ્યાં જ્ઞાન પ્રકાશની મૂર્તિ આત્મા ધીર સ્થિર વીર એવો છું, એમ ભાન વર્તે, મિથ્યાત્વનો પ્રવેશ નથી, અન્યાયનો પ્રવેશ નથી. કોની પેઠે? 'जिमि धरम-राज वरतंत पुर'. રામરાજ્ય, રામચંદ્રજીના વખતમાં રામરાજ્ય વર્તતું હતું. 'जहं तहं निति परेखियें', ક્યાંય અનીતિ હોઈ શકે નહિં. જ્યાં ત્યાં નીતિ, નીતિ અને નીતિ. ધર્મરાજમાં જ્યાં હોય ત્યાં નીતિ—નીતિ ને નીતિ હોય. રામરાજ્ય. રામચંદ્રજી પુરુષોત્તમ પુરુષ ધર્માત્મા જ્ઞાની, એના વખતમાં નીતિ રાજ્યની. સમજાણું કાંઈ?

એમ આત્મારામ આત્મરામ જાગતો પ્રબોધમાં જ્યાં સુધી રહે, ભાગ નહિ ભ્રમનો. ભ્રમ ભગવાનમાં આવી શકે નહિ. 'जिमि धरम-राज वरतंत पुर'. પુર એટલે નગર. 'जैसे कि नगरमें धर्मराज वर्तनेसे जहाँ-तहाँ नीति ही नीति दिखाइ देती है, अनीतिका लेश भी नहीं रहता'. સમજાય છે કાંઈ? ભગવાન અનંત ગુણનો ધામ પ્રભુ ચૈતનસ્વરૂપ રાગથી ભિન્ન પડીને પોતાના ભાનના રાગમાં આવ્યો, ત્યાં એને અન્યાય ને મિથ્યાત્વ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ ૩૬મું પદ. કળશ ૫૪મો કળશ ને પદ ૩૬ મું. હવે અધિકારનો સાર.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

---

શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી, બાકીનું કોઈ અન્યદ્રવ્ય શું તે (જ્ઞાનાદિ) સ્વભાવનું થઈ શકે? (ન જ થઈ શકે.) અથવા શું તે (જ્ઞાનાદિ સ્વભાવ) કોઈ અન્ય દ્રવ્યનો થઈ શકે? (ન જ થઈ શકે. પરમાર્થે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી.) ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જ્વળ કરે છે તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી. તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૧૬)

## પ્રવચન નં. પ૨, ફાગણ વદ ૧૧, મંગળવાર, તા. ૨૩-૩-૧૯૭<br>કર્તા કર્મ ક્રિયાદ્વારના સાર ઉપર પ્રવચન.

કરવું તે ક્રિયા, કરવામાં આવે તે કર્મ, જે કરે તે કર્તા છે. અભિપ્રાય એ છે કે જે ક્રિયાનો વ્યાપાર કરે અર્થાત્ કામ કરનારને કર્તા કહે છે, જેમાં ક્રિયાનું ફળ રહે છે અર્થાત્ કરેલા કામને કર્મ કહે છે, જે કાર્ય કરવામાં આવે તેને ક્રિયા કહે છે. જેમ કે કુંભાર કર્તા છે, ઘડો કર્મ છે અને ઘડો બનાવવાની વિધિ ક્રિયા છે. અથવા જ્ઞાનીરામ કેરી તોડે છે, આ વાક્યમાં જ્ઞાનીરામ કર્તા, કેરી કર્મ અને તોડવું તે ક્રિયા છે.

યાદ રાખવું કે ઉપરના બે દૃષ્ટાંતોમાં જે સ્પષ્ટ કર્યું છે તે ભેદ-વિવક્ષાથી છે, કારણ કે કર્તા કુંભાર જુદો પદાર્થ છે, કર્મ ઘડો જુદો પદાર્થ છે, ઘડાની રચનારૂપ ક્રિયા જુદી છે. આ જ રીતે બીજા વાક્યમાં જ્ઞાનીરામ કર્તા જુદો છે, કેરી કર્મ જુદું છે અને તોડવાની ક્રિયા જુદી છે. જેવી રીતે ભેદ-વ્યવહારમાં કર્તા-કર્મ-ક્રિયા ભિન્ન રહે છે, તેમ અભેદ-દૃષ્ટિમાં નથી હોતું, એક જ પદાર્થમાં કર્તા-કર્મ-ક્રિયા ત્રણે રહે છે. જેમ કે ''ચિદ્ભાવ કર્મ ચિદેશ કર્તા ચેતના કિરિયા તહાં'' અર્થાત્ ચિદેશ આત્મા કર્તા ચૈતન્યભાવ કર્મ અને ચેતના (જાણવું) ક્રિયા છે, અથવા માટી કર્તા, ઘડો કર્મ અને માટીનું પિંડપર્યાયમાંથી ઘટપર્યાયરૂપ થવું તે ક્રિયા છે. આ અધિકારમાં કર્તા-કર્મ-ક્રિયા શબ્દ ક્યાંક ભેદદૃષ્ટિથી અને ક્યાંક અભેદદૃષ્ટિથી આવ્યા છે, તેથી ખૂબ ગહન વિચારપૂર્વક સમજવું.

અજ્ઞાનની દશામાં જીવ શુભાશુભ કર્મ અને શુભાશુભ પ્રવૃત્તિને પોતાની માને છે અને તેનો કર્તા પોતે બને છે, પરંતુ ખૂબ ધ્યાન રાખો કે લોકમાં અનંત પૌદ્ગલિક કાર્માણવર્ગણાઓ ભરેલી છે, આ કાર્માણવર્ગણાઓમાં એવી શક્તિ છે કે આત્માના રાગ-દ્વેષનું નિમિત્ત પામીને તે કર્મરૂપ થઈ જાય છે. તેથી સ્પષ્ટ છે કે જ્ઞાનાવરણીય આદિ કર્મ પુદ્ગલરૂપ છે, અચેતન છે, પુદ્ગલ જ એનો કર્તા છે-આત્મા નહીં, હા, રાગ-દ્વેષ-મોહ આત્માના વિકાર છે. એ આત્મ-જનિત છે અથવા પુદ્ગલ-જનિત છે. એનું બૃહદ્ દ્રવ્યસંગ્રહમાં ઘણું સારું સમાધાન કર્યું છે, તે આ રીતે છે કે-જેમ સંતાનને ન તો એકલી માતાથી જ ઉત્પન્ન કહી શકીએ અને ન એકલા પિતાથી ઉત્પન્ન કહી શકીએ, પરંતુ બંનેના સંયોગથી સંતાનની ઉત્પત્તિ છે. તેવી જ રીતે રાગ-દ્વેષ-મોહ ન

તો એકલો આત્મા ઉપજાવે  છે અને ન એકલું પુદ્ગલ પણ ઉપજાવે છે. જીવ અને પુદ્ગલ બંનેના સંયોગથી રાગ-દ્વેષ-મોહ ભાવકર્મની ઉત્પત્તિ છે. જો એકલા પુદ્ગલથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય તો કલમ, કાગળ, ઇંટ, પથ્થર આદિમાં પણ રાગ-દ્વેષ-મોહ હોત, જો એકલા આત્માથી ઉત્પન્ન થાય તો સિદ્ધ આત્મામાં પણ રાગ-દ્વેષ હોત. વિશેષ લખવાથી શું ? રાગ-દ્વેષ-મોહ પુદ્ગલ અને આત્મા બન્નેના સંયોગથી છે, જીવ-પુદ્ગલ પરસ્પર એકબીજાને માટે નિમિત્ત-નૈમિત્તિક છે, પરંતુ આ ગ્રંથ નિશ્ચયનયનો છે તેથી અહીં રાગ-દ્વેષ-મોહને પુદ્ગલજનિત બતાવ્યા છે એ આત્માનું નિજસ્વરૂપ નથી. એવી જ રીતે શુભાશુભ ક્રિયા પૌદ્ગલિક કર્મોના ઉદયથી જીવમાં થાય છે, તેથી ક્રિયા પણ પુદ્ગલજનિત છે. સારાંશ એ કે શુભાશુભ કર્મ અથવા શુભાશુભ ક્રિયાને આત્માનાં માનવાં અને તે બન્નેનો કર્તા જીવને ઠરાવવો એ અજ્ઞાન છે. આત્મા તો પોતાના ચિદ્ભાવ કર્મ અને ચૈતન્ય ક્રિયાનો કર્તા છે અને પુદ્ગલ કર્મોનો કર્તા પુદ્ગલ જ છે. મિથ્યાત્વના ઉદયથી જીવ શાતા-અશાતા આદિ કર્મ અને દયા, દાન, પૂજા અથવા વિષય-કષાયાદિ શુભાશુભ ક્રિયામાં અહંબુદ્ધિ કરે કે મારાં કર્મ છે, મારી ક્રિયા છે, આ મિથ્યાભાવ છે, બંધનું કારણ છે, બંધ-પરંપરાને વધારે છે અને શુભાશુભક્રિયામાં અહંબુદ્ધિ ન કરવી અર્થાત્ પોતાની ન માનવી અને તેમાં તન્મય ન થવું—એ સમ્યક્-સ્વભાવ છે—નિર્જરાનું કારણ છે.

## कर्ता-कर्म अधिकारका सार

करना सो क्रिया, किया जाय सो कर्म, जो करे सो कर्ता है। अभिप्राय यह है कि जो क्रियाका व्यापार करे अर्थात् काम करनेवालेको कर्ता कहते हैं, जिसमें क्रियाका फल रहता है अर्थात् किये हुए कामको कर्म कहते हैं, जो (करतूति) कारवाई की जावे उसे क्रिया कहते हैं। जैसे कि कुंभकार कर्ता है, घट कर्म है और घट बनानेकी विधि क्रिया है। अथवा ज्ञानीराम आम तोड़ता है, इस वाक्यमें ज्ञानीराम कर्ता, आम कर्म और तोड़ना क्रिया है।

स्मरण रहे कि ऊपरके दो दृष्टान्तोंसे जो स्पष्ट किया है वह भेदविवक्षासे है, क्योंकि कर्ता कुंभकार पृथक् पदार्थ है, कर्म घट पृथक् पदार्थ है, घट सृष्टिकी क्रिया पृथक् है। इसी प्रकार दूसरे वाक्यमें ज्ञानीराम कर्ता पृथक् है, आम कर्म पृथक् है और तोड़नेकी क्रिया पृथक् है। जैसे भेद-व्यवहारमें कर्ता-कर्म-क्रिया भिन्न-भिन्न रहते हैं, वैसे अभेद-दृष्टिमें नहीं होते—एक पदार्थमें ही कर्ता-कर्म-क्रिया तीनों रहते हैं। जैसे कि ''चिद्भाव कर्म चिदेश करता चेतना किरिया तहाँ'' अर्थात् चिदेश आत्मा कर्ता, चैतन्यभाव कर्म और चेतना (जानना) क्रिया है; अथवा मृत्तिका कर्ता, घट कर्म और मृत्तिकाका पिंडपर्यायसे घटपर्यायरूप होना क्रिया है। इस अधिकारमें कर्ता-कर्म-क्रिया

शब्द कहीं भेद-दृष्टिसे और कहीं अभेद-दृष्टिसे आये हैं, सो खूब गहन विचारपूर्वक समझना चाहिए।

अज्ञानीकी दशामें जीव शुभाशुभ कर्म और शुभाशुभ प्रवृत्तिको अपनी मानता है और उनका कर्ता आप बनता है, परन्तु खूब ध्यान रहे कि लोकमें अनंत पौद्गलिक कार्माण वर्गणाएँ भरी हुई हैं, इन कार्माण वर्गणाओंमें ऐसी शक्ति है कि आत्माके राग-द्वेषका निमित्त पाकर वे कर्मरूप हो जाती हैं। इससे स्पष्ट है कि ज्ञानावरणीय आदि कर्म पुद्गलरूप हैं, अचेतन हैं, पुद्गल ही इनका कर्ता है–आत्मा नहीं है, हाँ, राग-द्वेष-मोह आत्माके विकार हैं। ये आत्मा-जनित हैं या पुद्गलजनित हैं, इसका बृहद्द्रव्यसंग्रहमें बड़ा अच्छा समाधान किया है। वह इस प्रकार है कि—जैसे संतानको न तो अकेली माताहीसे उत्पन्न कह सकते हैं और न अकेले पिताहीसे उत्पन्न कह सकते हैं, किन्तु दोनोंके संयोगसे संतानकी उत्पत्ति है। उसी प्रकार राग-द्वेष-मोह न तो अकेला आत्मा उपजाता है और न अकेला पुद्गल ही उपजाता है, जीव और पुद्गल दोनोंके संयोगसे राग-द्वेष-मोह भावकर्मकी उत्पत्ति है, यदि अकेले पुद्गलसे राग-द्वेष-मोह उत्पन्न होते तो कलम, कागज, ईंट, पत्थर आदिमें भी राग-द्वेष-मोह पाये जाते; यदि अकेले आत्मासे उत्पन्न होते तो सिद्ध आत्मामें भी राग-द्वेष-मोह पाये जाते। अधिक लिखनेसे क्या? राग-द्वेष-मोह पुद्गल और आत्मा दोनोंके संयोगसे होते हैं, जीव-पुद्गल परस्पर एक-दूसरेके लिये निमित्त-नैमित्तिक हैं, परन्तु यह ग्रंथ निश्चयनयका है, सो यहाँ राग-द्वेष-मोहको पुद्गलजनित बतलाया है, ये आत्माके निजस्वरूप नहीं हैं। इसी प्रकार शुभाशुभ क्रिया पौद्गलिक कर्मोंके उदयसे जीवमें होती है, अतः क्रिया भी पुद्गलजनित है। सारांश यह है कि शुभाशुभ कर्म व शुभाशुभ क्रियाको आत्माका मानना और उन दोनोंका कर्ता जीवको ठहराना अज्ञान है। आत्मा तो अपने चिद्भाव कर्म और चैतन्य क्रियाका कर्ता है, और पुद्गल कर्मोंका कर्ता पुद्गल ही है। मिथ्यात्वके उदयसे जीव शाता-अशाता आदि कर्म और दया, दान, पूजा व विषय-कषाय आदि शुभाशुभ क्रियामें अहंबुद्धि करता है कि मेरे कर्म हैं, मेरी क्रिया है, यह मिथ्याभाव है, बंधका कारण है, बंध परम्पराको बढ़ाता है; और शुभाशुभ क्रियामें अहंबुद्धि नहीं करना अर्थात् उन्हें अपनी नहीं मानना, और उनमें तन्मय नहीं होना–यह सम्यक् स्वभाव है—निर्जराका कारण है।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

નાટક સમયસાર. તૃતીય અધિકારકા સાર છે ને? છેલ્લો ક્રિયા, કર્મ અને કર્તાની વ્યાખ્યા. ક્રિયા એટલે શું? કર્મ એટલે શું? અને કર્તા એટલે શું? 'करना सो क्रिया'. છે ને પહેલું? કાંઈ પણ પદાર્થમાં પલટવારૂપ ક્રિયા કરવી, એ ક્રિયા–પલટવું. 'किया जाय सो कर्म'—કરવામાં આવે એ કાર્ય, એ કર્મ. કર્મ શબ્દે આ જડ કર્મ કહીએ, એની

વાત નથી. કરવામાં આવે–વસ્તુમાં કરવામાં આવે, એ એનું કર્મ કહેવાય. અને 'जो करे सो कर्ता'. એ ક્રિયા, કરના જો ક્રિયા પલટનેકી ક્રિયા–પલટવાની ક્રિયા, એને જે કરે તે કર્તા. આ સિદ્ધાંત સિદ્ધ કર્યા. સમજાય છે કાંઈ? દાખલા આપશે ભેદના ને અભેદના બેય.

'जिसमें क्रियाका फल रहता है (अर्थात्) किये हुए कामको कर्म कहते है.' વિશેષ સ્પષ્ટ કરતે હૈં. જે પદાર્થમાં આત્મા કે પરમાણું, એમાં ક્રિયાનું ફળ–પલટવાનું કાર્ય આવે, ફળ એટલે પલટવાનું કાર્ય–ફળ આવે. કિયે હુએ કામકો કર્મ કહતે હૈં. કર્યા હુઆ–કરેલા કામને કર્મ કહે છે. કર્યા કામને કર્મ કહે છે. આ તો સિદ્ધાંત છે એકલા. 'जो कारवाई की जावे उसे क्रिया कहते हैं'. જે કારવાઈ નામ પલટવાની અવસ્થા થાય, એને ક્રિયા કહે છે. એ પ્રમાણે એક શ્લોકમાં આવી ગયું. 'कर्ता परिनामी द्रव्य, कर्मरूप परिणाम, क्रिया पर्यायकी फेरनी, वस्तु एक त्रय नाम'.

એક–એક પ્રત્યેક પદાર્થમાં, આત્મામાં કે પરમાણુમાં–છયે દ્રવ્યોમાં કર્તા પરિનામી દ્રવ્ય, બદલનારો તે કર્તા, તે પરિણામી પદાર્થ એને કર્તા કહેવાય છે. (શ્રોતા : પરિણામી દ્રવ્ય એ કર્તા) કર્તા. પલટવાની ક્રિયાનો કર્તા પરિણામી તે અહીં કર્તા કહેવામાં આવે છે. કર્મરૂપ પરિણામ અને પરિણામી વડે થયેલું પરિણામ–ભાવ, એને કર્મ કહેવામાં આવે છે. હવે આપણે આ તો ઘણીવાર આવી ગયું છે પણ બફમ જેવું લાગે, એવું છે અત્યારે તો. શું કહ્યું? જો કરવામાં આવે એ ક્રિયા અને ક્રિયાનો કર્તા–પલટનારો તે કર્તા અને એનું ફળ આવ્યું–કાર્ય, એ કાર્ય આવ્યું એ કર્મ. આ તો સિદ્ધાંત એકલા સિદ્ધ કર્યા છે. પછી દૃષ્ટાંત આપશે. જૈસે એ કુંભાર કર્તા. આ તો ભેદથી વ્યાખ્યા કરે છે હોં. ભેદથી એને સમજાવે છે કે કુંભાર–કર્તા, ઘડો તે તેની કાર્યવાહીનું ફળ. એ માટીની પર્યાયનો પિંડ પલટીને ફળ આવ્યું એ કર્મ–ઘડો. ઔર ઘટ બનાનેકી વિધી ક્રિયા. ઘટ બનવામાં જે પિંડની પર્યાય માટીની બદલીને ઘટ થયો, એ એની ક્રિયા. અથવા, એ ભેદનું કથન બીજું એક આપે છે.

'ज्ञानीराम आम तोडता हैं'. જ્ઞાનીરામ આમ તોડે છે, કેરી તોડે છે. વાક્યમેં જ્ઞાનીરામ તોડવાની ક્રિયાનો કર્તા એ જ્ઞાનીરામ. તોડવાની ક્રિયાનું ફળ આ કર્મ એટલે આમ–કેરી. અને તોડના એ ક્રિયા. સમજાણું? વેપારીને આવું ન આવ્યું હોય એટલે એને એવું લાગે. પંડિતજીને ટાઈમ ન હોય ઘણીવાર. 'स्मरण रहे'–યાદ રાખવું જોઈએ કે 'उपरके दो दृष्टांतोसे जो स्पष्ट किया है वह भेद–विवक्षासे हैं'. ભિન્ન-ભિન્ન કર્તા ને કર્મ ને ક્રિયા ભિન્ન-ભિન્નની વ્યાખ્યા કરી છે, સમજાવવા માટે. સમજાણું કાંઈ?

'क्योंकि कर्ता कुंभकार पृथक् पदार्थ है'. ઘડારૂપી કાર્ય પૃથ્થક છે અને ઘડાનો કર્તા કુંભાર જુદો છે. કર્મ એટલે ઘટનું કામ તે પૃથ્થક પદાર્થ છે અને ઘટની ઉત્પત્તિની ક્રિયા તે પૃથ્થક છે. માટીનો પિંડ પલટીને ઘડો થયો એ બીજી ક્રિયા છે.

'इसीप्रकार दूसरे वाक्यमें ज्ञानीराम कर्ता (पृथ्थक है)'—જુદો છે, કેરી કર્મ જુદું છે, તોડનેકી ક્રિયા જુદી છે. તોડે છે ને અંદર આંબામાંથી. નિશાળમાં ભણવામાં આવે છે. છ કારકનું દૃષ્ટાંત નિશાળમાં આવે. છ યે કારકનું આવે છે એમાં. જૈસે ભેદ—વ્યવહારમેં જુદા જુદા દ્રવ્યમાં નિમિત્ત-નિમિત્ત સંબંધે જેમ આ કર્તા-કર્મ-ક્રિયા ભિન્ન ભિન્ન કહેવામાં આવી, વૈસે અભેદ દૃષ્ટિમેં નહીં હોતે. અભેદ દૃષ્ટિમેં કર્તા-કર્મ ભિન્ન-ભિન્ન હોતા નથી. ઓહોહો! 'एक पदार्थमें ही कर्ता—कर्म—क्रिया तीनों रहते हैं'. અભેદમાં—વાસ્તવિક તત્ત્વમાં, કરનારો, કર્મ અને ક્રિયા, એક તત્ત્વમાં ત્રણ એકસાથે રહે છે.

'जैसे कि चिद्भाव कर्म चिदेशकर्ता चेतना किरिया तहाँ'. આવે છે ને આવી ગયું છે. (શ્રોતા : ચિદ્ભાવ કર્મ, ચિદેશકર્તા, ચેતના કિરિયા તહાઁ) (ઢાળ—છ, પદ—૯) ઈ, ઈ. છઢાળામાં આતે હૈ ને. ચિદ્ભાવ—કર્મ, ચિદેશ—કર્તા એટલે? જ્ઞાન સ્વભાવી ભગવાન એનો જ્ઞાનનો ઈશ, ઈશ એટલે આત્મા, એ કરનારો. શું કરે? ચિદ્ભાવ—જ્ઞાનભાવ, જ્ઞાનભાવને કરે. જ્ઞાનેશ ભગવાન જ્ઞાનનો ઈશ આત્મા એ જ્ઞાનભાવને કરે. ચોપડીમાં આ બધું આવ્યું, એ તો યાદ ન રહ્યું હોય. હવે એ તો પરીક્ષા દેવા શીખ્યા હોય એ પૂરતું. સમજાણું કાંઈ? આહા! ચિદ્ભાવ તે કર્મ છે. જ્ઞાનભાવ તે આત્માનું કાર્ય છે અને જ્ઞાનનો ઈશ એવો આત્મા તે કાર્યનો કર્તા છે. આહા! સમજાણું કાંઈ?

ચેતના ક્રિયા. ચેતવાની ક્રિયા થાય—પલટતી—બદલતી એ ક્રિયા છે. ત્યાં ચિદેશ આત્મા કર્તા. જુઓ, બીજો બોલ છે ને. અહીંયા પહેલો લીધો. જ્ઞાનનો ઈશ્વર ભગવાન. જ્ઞાનનો ધણી આત્મા એ કર્તા, ચૈતન્યભાવ તેનું કાર્ય અને ચેતના—જાનના એની ક્રિયા. આહા! આ તો પરથી પૃથ્થક બતાવવાની વાત કરે છે. સમજાણું કાંઈ? બાકી તો ચિદેશ ભગવાન આત્મા એ શુદ્ધ પરિણામનો કર્તા, એ પણ વ્યવહાર છે. એ ધ્રુવ સ્વભાવ ભગવાન એ પરિણામનો એ કર્તા નથી ખરેખર. આહાહા! સમજાણું કાંઈ? આ તો પરથી જુદું પાડવા પ્રત્યેક પદાર્થ પોતે પોતાની ક્રિયાનો અને કાર્યનો કર્તા તે છે, એમ સિદ્ધ કરવા ત્રણ બોલ એકમાં બતાવ્યા છે. જ્ઞાન ઈશ્વર આત્મા કર્તા—શું કર્તા કરીને કરે? જ્ઞાનનો ઈશ્વર ભગવાન આત્મા, એ ઈશ્વર કર્તા થઈને શું કરે? પોતે ઈશ્વર હોં. ચૈતન્યભાવ કર્મ. એને જાણવાનાં કાર્યને કરે એ એનું કર્મ. રાગાદિ એનું કર્મ કે જડકર્મની પર્યાયનું એનું

કર્મ, એમ નથી. જેમ આ લાડવા વાળવા, બદામ ખાવા, એ એનુ કામ એ છે (નહીં), એનું નથી. સમજાણું કાંઈ?

ચેતના—જાનના—જાણવું એ એની ક્રિયા. નિશ્ચયથી તો ભગવાન જાણવાની પર્યાયની ક્રિયાથી રહિત નિષ્ક્રિય છે. સમજાણું કાંઈ? ક્યા હૈ? નહીં આયી સમજમેં. યહાં તો કહા ને, પરસે ભિન્ન કરનેકી બાત હૈ. પણ અંતર પરિણામ અને પરિણામીની ભિન્નતા જાણવી હોય ત્યારે તે પરિણામી ત્રિકાળી અપરિણામી તરીકે જેને કહીએ—પલટતો નથી, એમાં એ પરિણામની ક્રિયા પણ એમાં નથી. (શ્રોતા : આમાં ઘડીકમાં કહેવું કર્તા છે ને ઘડીકમાં કહેવું કર્તા નથી). ઈ બધું મેળવવાનું છે. એય! (શ્રોતા : બરાબર સમ્યક્ છે). સમ્યક્ છે. ઘડીકમાં કહેવું કે ચિદેશ જ્ઞાનની ક્રિયાનો જ્ઞાનનો કર્મનો કર્તા, કઈ અપેક્ષાએ? એકને એક દ્રવ્યમાં ભેદની અપેક્ષાએ. પરની અપેક્ષાએ તે અભેદ થયું, પણ પોતાનાં દ્રવ્ય અને પરિણામનાં ભેદની અપેક્ષાએ ચેતના આત્મા કર્તા અને એનું પરિણામ આવ્યું તે કર્મ.

પણ એકલા જ્યારે પરિણામ અને પરિણામી બેની ભિન્નતા જણાવવી હોય, ત્યારે પરિણામી ભગવાન આત્મા એ ક્રિયાનો—પરિણમનનો એ કર્તા નથી. ૩૨૦માં આવી નથી ગ્યું? ૩૨૦ ગાથામાં આવ્યું છે. (શ્રોતા : પુસ્તક હાથમાં છે). પણ આહીં આવી ગ્યું છે ને આહીંથી. મોક્ષમાર્ગના પરિણામ અને મોક્ષનાં પરિણામ, એ ધ્રુવ કરતું નથી. ધ્રુવમાં એ છે નહીં. વાંચ્યું છે કે સાંભળ્યું કે નહીં? શેઠી! આહીં સાંભળ્યું હતું? કહાઁ સાંભળ્યા હૈ? (શ્રોતા : હવે જયપુરમાં સાંભળવાનું બાકી છે.) ઈ તો જયપુર.......જયપુરમાં ઈ આવે છે ઝીણું? વહ પાના દિયા હૈ કે નહી તુમકો? ૩૨૦ ગાથાકા નહીં? પાના હૈ. આયા હૈ? (શ્રોતા : મુંબઈમેં......) .......મુંબઈમાં વહેંચ્યા હશે, પણ મુંબઈમાં વાંચ્યું નથી. (શ્રોતા : છપાવ્યું છે) છપાવ્યા હશે, ઠીક.

જુઓ ભાઈ, અહીંયા ભગવાન આત્મા એક દ્રવ્ય કર્તા ને બીજું (દ્રવ્ય) કર્મ કહેવું, એ તો નિમિત્ત-નિમિત્ત સંબંધનો વ્યવહાર જણાવવા છે, ખરેખર એનો કર્તા છે નહીં. હવે પ્રત્યેક પદાર્થમાં—આપણે અહીંયા આત્મામાં આહીં લેવું છે હવે કે આત્મા જે છે, એ પરનો કર્તા, પરની ક્રિયા ને પરનું કર્મ, એ આત્મામાં છે નહીં. બહુ તો એને લેવું હોય તો ભગવાન ઈશ્વર ચૈતન્યમૂર્તિ પ્રભુ, એ પોતામાં જ્ઞાનભાવ, શ્રદ્ધાભાવ, આનંદભાવ, વર્તમાન નિર્મળ નિર્વિકારી ભાવ એનો એ કર્તા અને નિર્મળભાવ એ એનું કામ એટલે કર્મ અને જે અવસ્થા બદલી, જુઓને 'જાનના' એ ક્રિયા. એમ પરથી ભિન્ન પાડીને પોતાનાં સ્વભાવમાં આ રીતે થાય છે, એમ એની કર્તા-કર્મ-ક્રિયા બતાવી.

પણ એથી આગળ લઈ જઈને જોવું હોય, એ તો પાછળ લીધું છે ને ૩૨૦ ગાથામાં. તો ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ-ધ્રુવ અનાદિ અનંત એ કાળથી ઠીક, પણ વસ્તુ જે ધ્રુવ—ચૈતન્યદળનો પિંડ એ પોતે પરિણામી છે એટલે કે પરિણમવાને લાયક એમ કહેવું, એ પણ હજી વ્યવહાર છે. પણ સહજભાવે તે ભાવવસ્તુ છે માટે તેને પરિણામી કહેવામાં આવે છે અને એનાં જે મોક્ષનાં પરિણામ અથવા મોક્ષમાર્ગ નામ નિશ્ચય સમ્યક્દર્શન જ્ઞાનનાં પરિણામ, એ પરિણામ પણ ધ્રુવમાં નથી અને ધ્રુવ કરતું નથી. આરે! સમજાણું કાંઈ?

એમ કેમ કહ્યું? કે અનાદિની વર્તમાન પર્યાયમાં એકતાબુદ્ધિ છે, એ તોડાવવા કહ્યું કે એ પરિણામ તારી વસ્તુમાં છે (નહીં). અનાદિનો એને પર્યાય ઉપર લક્ષ છે. સાધુ થયો—નવમી ગ્રૈવેયક ગયો, તો પણ એ વર્તમાન દશાનાં અંશ ઉપર જ એનો સત્તાનો સ્વીકાર છે. પરિણામ સિવાયનું આખું દ્રવ્ય વસ્તુ છે, એનો અંતર્મુખ થઈને એનો સ્વીકાર નથી, બહિર્મુખનો જ સ્વીકાર છે. પરિણામ એ બહિર્મુખ છે. અંતઃતત્ત્વથી બહિર્મુખ છે ને. નિયમસારમાં આવી ગયું છે. સમજાણું કાંઈ? અત્યારે તો આસ્રવ ને સવરનાં બેય પરિણામનું બર્હિપણું છે, ઈ અંતઃતત્ત્વ એનો કર્તા નથી. સમજાય છે કાંઈ?

ત્યાં એમ સિદ્ધ કરવું છે કે સદશપણે રહેલો એકરૂપ ત્રિકાળીભાવ એ વિસદશનાં પરિણામમાં એ આવતો નથી. આહા! ભારે ઝીણું ભાઈ! વિસદશ સમજાય છે ? ઉત્પાદ—વ્યય છે ને ઈ. અવસ્થા થાય. જાય—થાય, જાય—થાય—જાય. થાય—જાયમાં સ્થિર રહેલો તે આવતો નથી. સમજાણું કાંઈ? ઈ ક્યાંય પરસ્પર વિરોધ છે, એમ નથી. એની પરથી પૃથ્થકતા બતાવવાની અને તે સ્વના ત્રણ (ભેદ)ની, એક વસ્તુમાં ત્રણ છે એમ બતાવવાની સ્થિતિમાં પરથી જુદો બતાવવો છે. પણ જ્યારે સૂક્ષ્મપણે એના અનાદિથી એની વર્તમાનદશામાં જ રમે છે ઈ. જેની રમતું કરી છે બધી દશામાં, એ દશાનો સ્વામી થઈને એકતાબુદ્ધિથી રમે છે. એને એમાંથી છોડાવીને ધ્રુવ વસ્તુમાં લઈ જવો છે. સમજાણું કાંઈ?

જે આમ સ્થિરબિંબ વસ્તુ છે ધ્રુવ-નિશ્ચલ-અવિચલ-અચળ, એ ચીજ તો મોક્ષનાં પરિણામને ય કરતું નથી અથવા મોક્ષનાં પરિણામ રહિત છે અને મોક્ષનાં માર્ગનાં પરિણામથી પણ એ રહિત છે વસ્તુ. હવે આટલું બધું કેટલું સમજવું! એક તો કુંભાર ઘડાનો કર્તા. બીજી રીતે દ્રવ્ય—પોતાનાં પરિણામનો યે કર્તા નહીં. માળે ગજબ વાતું છે ને! એય! હજી તો ઈ યે નથી ઠીક લાગતું. શું કુંભાર વિના ઘડા થાય? આ કુંભાર વિના જ ઘડા થયા છે. સમજાણું કાંઈ? એમ આત્મા વિના રાગ થાય? કે આત્મા વિના જ રાગ

થયો છે. હવે પરિણામ છે ઈ અવસ્થા, એ આત્મા વિના થાય? કે આત્મા વિના થાય છે. આરે! સમજાણું કાંઈ?

મહાપ્રભુ ધ્રુવ સ્વરૂપ છે અને એક એની અવસ્થા સ્વરૂપ છે, બે વસ્તુ છે, બે સ્વરૂપ છે. એમ જ્યારે બે ભાગલા પાડે એકમાં ત્યારે તો એ પરિણામ, વસ્તુમાં છે નહીં, તેથી તે પરિણામનો કર્તા વસ્તુ નથી. આમાં વિરોધ છે, એમ નથી. એય! રામજીભાઈ કહે, ઠીક કહે આમ એક કોર ઘડાનો કર્તા કુંભારને કહેવો. એકકોર નિર્મળ પરિણામનો યે કર્તા આત્મા ન કહેવો. આ ભારે ભાઈ! એય! એક કોર કહેવો કે આત્મા નિર્મળ પરિણામનું કાર્ય આવ્યું, એનો એ કર્તા છે. ચિદેશ તો ચિદ્ભાવનો કર્તા છે, એમ આવ્યું કે નહીં આહીં? (શ્રોતા : હા. ઈ. છઢાળામાં) છઢાળાનો શ્લોક મૂક્યો છે. સમજાણું કાંઈ?

એ વસ્તુમાં બે ભાગલા પાડીને જ્યારે વાત કરવી હોય, પણ પર વસ્તુથી જુદી પાડીને કહેવું હોય ત્યારે તો એ આત્મા પોતાનાં પરિણામનો કર્તા, એ ક્રિયા એની અને એનો કર્તા એ આત્મા. આરે, ભારે વાતું ભાઈ! સમજાય છે કાંઈ? પણ એક ત્રિકાળ રહેનારી ચીજ અને એક અવસ્થા પૂરતી એક સમયની દશા, એવા બેને જ્યારે જુદા સમજાવવા હોય અને ધ્રુવનું માહાત્મ્ય કરાવવા આમાં ઠરવાનું કહેવું હોય, ત્યારે તે ઠરનારી પર્યાય તે ધ્રુવમાં નથી. સમજાણું કાંઈ? ભાઈ, એને અપેક્ષાથી જે સ્વરૂપનાં જ્ઞાનની અપેક્ષા છે, તે અપેક્ષાએ તેને જાણવું જોઈએ. જે પડખે જે રીતથી કહે છે, તે રીતે તેનું જ્ઞાન કરવું જોઈએ.

કહે છે, દૃષ્ટાંતમાં આવે, મૃતિકા કર્તા. ઓલો આત્માની વાત કરી પહેલી. મૃતિકા કર્તા, ઘટ તેનું માટીનું કાર્ય અને મૃતિકાની પિંડ પર્યાય તે ઘટ પર્યાય હોના એ ક્રિયા. અભેદથી કુંભાર ને પરથી ભિન્ન પાડીને એની (માટીની) એકલા સ્વતંત્ર દ્રવ્યની ત્રણ વાતો કરી. સમજાણું કાંઈ? આહા! 'इस अधिकारमें', જુઓ એણે લખ્યું છે પાછું હેઠે, 'कर्ता-कर्म-क्रिया शुद्ध कहीं भेद—दृष्टिसे और कहीं अभेददृष्टिसे आये है, सो खूब गहन विचारपूर्वक समझना चाहिये'. ક્યાંક એમ કહ્યું છે કે અજ્ઞાની જડકર્મનો કર્તા માને છે એમ. આવે છે ને? માને છે કર્તા, 'હું જડનો કર્તા છું.' સમજાણું કાંઈ? ક્યાંક એ રાગનો કર્તા છે, એમ મનાવ્યું-માન્યું છે અને ક્યાંક રાગનો ય નહીં ને જ્ઞાનનો કર્તા આત્મા છે, એમ પણ મનાવ્યું છે. પોપટભાઈ, આ બધી...વાતું છે. આહાહા!

કહે છે કે આમાં ક્યાંક ભેદ દૃષ્ટિસે કથન છે. એને કહ્યું છે ને અજ્ઞાની કર્મ 'કરું છું' એમ માને છે, એમ કહ્યું છે ને. ભેદદૃષ્ટિનું કથન, પણ એ માને છે કે 'મેં કર્યાં, જડ

મેં કર્યાં.' (શ્રોતા : એ તો શાસ્ત્રમાં આવે છે તે માને જ ને.) શાસ્ત્રોમાં કઈ રીતે આવ્યાં? એને ઓલો નિમિત્ત–નિમિત્ત સંબંધની પ્રસિદ્ધિ કરાવવા, આત્મા જ્ઞાનાવરણીયકર્મને બાંધે, એવા નૈમિત્તિક ક્રિયામાં નિમિત્ત આને દેખીને એમ કહેવામાં આવ્યું છે. ઓહો! ભગવાન આનંદનો રસ પ્રભુ જેમ પોતાની ચીજ જે છે, ભગવાન આત્મા દ્રવ્ય અને પર્યાય સ્વમાં, એ અપેક્ષાએ જગતમાં મારી અપેક્ષાએ કોઈ બીજી ચીજ જ નથી. શું કીધું?

જેમ મારા સુખને માટે મારો આત્મા જ એક સાધન છે, એ સિવાય કોઈ સુખનું સાધન કોઈ ચીજ નથી એટલે કોઈ બીજી ચીજ જ નથી. (શ્રોતા : હયાતી ધરાવતી નથી) હા, બીજી ચીજ જરાય ધરાવતી નથી, અમારી આ અપેક્ષાએ. એની અપેક્ષાએ ધરાવે ભલે. સમજાણું કાંઈ? એમ લેતાં પાછું આગળ જતાં ધ્રુવની અપેક્ષાએ પર્યાય અવસ્તુ છે. સમજાણું કાંઈ? જેમ 'હું જ છું' જગતમાં સર્વસ્વ સ્વભાવ સ્વરૂપ ભગવાન, એની અપેક્ષાએ બીજી ચીજ છે જ નહીં. એની અપેક્ષાએ છે ને આની અપેક્ષાએ નથી, એવા વિકલ્પની પણ ત્યાં જરૂર નથી. સમજાણું કાંઈ? બેની ભેદની અપેક્ષાએ.....જરાય નહીં. ભારે વાતું ભાઈ! આવો સ્વભાવ! મારી સત્તાની અપેક્ષાએ તો બીજી ચીજ અસત્તા છે. આ આખી ચીજની અપેક્ષાએ બીજી આખી ચીજ અસત્તા છે. એમ ધ્રુવની સત્તાની અપેક્ષાએ પર્યાયની ધ્રુવમાં સત્તા નથી, માટે અસત્તા છે. સમજાણું કાંઈ? આહા!

ચેતનના વિલાસ છે. માણસને અંતર સ્વભાવ વસ્તુ શું છે મહાપ્રભુ, એની એક સમયની દશા શું છે જે પરથી પૃથ્થક છે, એની પર્યાય સાથે બહુ તો વ્યવહાર સંબંધ છે. ધ્રુવને પર્યાય સાથે વ્યવહાર સંબંધ છે. (શ્રોતા : વળી સંબંધ લાવ્યા) વ્યવહારનો અર્થ શું થયો? ખરેખર સંબંધ છે નહીં. એય! આરે, આરે! વ્યવહાર સંબંધ એટલે અભૂતાર્થ સંબંધ છે, અસત્યાર્થ સંબંધ છે. એય! એવી ચીજ છે. ઈ વસ્તુની સિદ્ધિ જ આ રીતે છે. ભગવાને કહ્યું છે પણ આ રીતે કહ્યું છે ભગવાને. સમજાણું? આવું જ્યાં સુધી એને મહાપ્રભુ ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા સામાન્ય, ભાષા કહો કે ધ્રુવ કહો, સામાન્ય આવી છે ને ભૂત, 'भूदत्थमस्सिदो खलु' એમ આવ્યું છે ને ૧૧મી ગાથામાં. છઠ્ઠીમાં જ્ઞાયક આવ્યું. 'જ્ઞાયકભાવ–ધ્રુવ એકભાવ–સદૃશભાવ'. એમાં તો એ પ્રમત્ત–અપ્રમત્તની પર્યાયો એમાં નથી. નાસ્તિ આવ્યું'તું, ભાઈ આવ્યું નહોતું? ગાથામાં આવ્યું'તું.

શું કહ્યું? કે જ્ઞાયકભાવ ધ્રુવભાવ સ્વભાવભાવની અપેક્ષાએ પ્રમત્ત–અપ્રમત્ત ચૌદ ગુણસ્થાનની પર્યાયની નાસ્તિ છે. અસ્તિ તો મહાપ્રભુ એકલો છે જ્ઞાયક, તે અસ્તિ છે. 'જૈન તત્ત્વ દર્શન'માં ખુલાસો છે ને. જેઠાભાઈ! છે કે નથી? (શ્રોતા : જૈનદર્શનમાં તો કાંઈ ન મળે, મને આંહી કીધું છે) આહીં કીધું છે, આહીં કહ્યું કાલે. એ જુદી વાત છે.

પણ બીજું કાંઈ વાંચતા નથી ચોપડા—બોપડા? (શ્રોતા : એ તો શાસ્ત્રમાં છે ને.....) આહા! ઝીણા અક્ષર છે. વાત સાચી છે એમાં ........ઝીણા પડે. ઝીણા અક્ષર છે ને. નહીં? ઝીણું પડે, એના આંખને ઓલું કર્યું છે. દલીલ છે, પણ ઓલું બીજું કરતા હોય તો, આ વાંચી શકે છે એટલી વાત. (શ્રોતા : આપનું કહ્યું તો ખરું કહેવાયને). બીજું વાંચતા હોય ચોપડાનું ને આવે. (શ્રોતા : ઈ પણ ચોપડામાં અક્ષર મોટા) મોટા. ઈ વાત સાચી. આહાહા!

સર્વજ્ઞ પરમેશ્વર એવો સર્વજ્ઞ સ્વભાવ ભગવાન આત્મા, એની અપેક્ષાએ એક સમયની પર્યાયની એમાં નાસ્તિ છે, લ્યો. આહાહા! પર્યાયના અંશની અપેક્ષાએ પર્યાય છે. પણ ભગવાન તો સર્વજ્ઞ સ્વભાવી છે. એવો સર્વજ્ઞ સ્વભાવને....ઝીણું છે રતિભાઈ, ધ્યાન રાખે છે ભઈ હવે. ઓલા વેપારીઓને હવે આની બુદ્ધિ કેળવવી, વકીલો તો કેળવે છે, કહે છે ભાઈ દુનિયાને. (શ્રોતા : એવું હોય? વેપારીઓને બુદ્ધિ બહુ હોય. અદ્ધરથી પંખીને પાડે) પાડ્યા. બધા હોય કેટલાક વેપારીઓ તો બધા સમજવા જેવા. એ તો પુણ્યને લઈને થાયને એ ડાહ્યા કહેવાય. જેઠાભાઈ, (શ્રોતા : બરોબર કીધું. ભલે સંખ્યામાં.......) અરે, કામકી ચીજ...એવું બધું આવડે નહીં ભાઈ........કાળા બજાર કેવા........હવે અમારે કુંવરજીભાઈને હતા નહીં? કેવા ખબર છે ને બધી. દુનિયામાં કહેવાય, હોય તો ગાંડા. (શ્રોતા : પૈસાદાર નહીંતર ડાહ્યા જ હોયને). ડાહ્યા કહેવાય. હોય સમજવા જેવા. આહાહા!

ડહાપણ તારું આ છે બાપા! એનું હોવાપણું તો પ્રભુનું, પ્રભુ હોવાપણું તો સર્વજ્ઞ સ્વભાવે એક જ હું છું. અલ્પજ્ઞપણું પણ હું નહીં. કેવલજ્ઞાનનો પર્યાયપણે પણ હું નહીં, એમ આવ્યું કે નહીં? નિયમસારમાં આવ્યું કે નહીં? કેવળજ્ઞાનની ક્ષાયિકપર્યાય પરદ્રવ્ય—પરભાવ હેય. આહા! ગજબ વાત છે ને! વીતરાગનાં તત્ત્વો એ આ સનાતન જૈનદર્શનમાં એ વાત છે. સનાતન વસ્તુનાં સ્વભાવમાં છે. કહે છે, આહીં તો હવે જરીક આવ્યુંને, ખૂબ ગહન વિચારપૂર્વક સમજના ચાહિયે. જે અપેક્ષાએ જ્યાં જ્યાં કહ્યું તેને એ રીતે સમજવું જોઈએ. વ્યવહારથી ભેદ પાડ્યા હોય, એ તો નિમિત્ત-નિમિત્ત સંબંધમાં લોકો માને છે, એમ કર્તા એ બતાવ્યું અને પોતાનામાં પરથી ભિન્ન પાડીને પોતે જ પોતે કર્તા-કર્મ અને ક્રિયા છે, એક વસ્તુનાં ત્રણ (નામ). વસ્તુ એક ને ત્રણ નામ.

એ આવ્યું ને એમાં? 'कर्ता परिनामी (શ્રોતા : कर्ता परिनामी दरव) कर्मरूप परिनाम। किरिया परजयकी फिरनी, वस्तु एक त्रय नाम।' (પદ ૭મું) હવે ઈ ત્રણમાં પણ એક દ્રવ્ય ને એક પર્યાય એવા બે ભાગ પાડતાં.....(શ્રોતા : .......) બે રૂપ છે તો

એક રૂપ બીજા રૂપે હોય તો બે રૂપ પડ્યા શી રીતે? આહા! સમજાણું કાંઈ? ત્યાં એમ કહ્યું કે મોક્ષમાર્ગની મોક્ષની પર્યાય આત્મામાં નથી. નથી તે એને કરે? પંડિતજી! કેવળજ્ઞાનની પર્યાય આત્મામેં નહી હૈ. (શ્રોતા : અદ્ધરથી આવી?) અદ્ધરથી પર્યાયનું સત્ છે. પર્યાય સત્ છે. સત્‌ને કોઈ હેતુ—હેતુ હોઈ શકે નહીં. (શ્રોતા : પર્યાય સ્વયં સત્) સત્—સ્વયં સત્ હૈ. આરે! સત્‌ને હેતુ—ફેતુ હોય (નહીં). સમજાણું કાંઈ?

આમ ખૂબ ગહન વિચારપૂર્વક સમજના ચાહિયે. અહીંયા લખ્યું છે હોં. પર્યાયમાં વ્યવહાર નાંખશે ઓલો પ્રમાણ. ઓલા રતનચંદજીની ચોથી લાઈન. આહા! એક પ્રમાણનું વાક્ય છે, એક નિશ્ચય સ્વમાં સત્‌નાં ૩ ભેદોનું વાક્ય છે અને એકલા દ્રવ્યના સત્ત્વનું વાક્ય છે વાક્ય, એમ એને સમજવું પડશેને. સમજાણું કાંઈ? આહીં તો વિકારી પરિણામને બે થઈને કરે, એમ કહેશે. દ્રવ્યસંગ્રહની વ્યાખ્યા આ તો સમયસારમાં આવે છે ને બેય, બેયમાં. હવે આ બાજુ ૯૪ પાને.

'अज्ञानकी दशामें जीव शुभाशुभ कर्म और शुभाशुभ प्रवृत्तिको अपनी मानता है', દેખો. અજ્ઞાનદશામેં જીવ શુભ-અશુભ કર્મને હું કરું છું અને શુભાશુભ પ્રવૃત્તિનાં પરિણામને પણ હું કરું છું. 'और उनका कर्ता (आप) बनता है'. માને છે કે હું જડનો કર્તા, શરીરનો કર્તા, આનો કર્તા. 'परंतु खूब ध्यान रहे कि लोकमें अनंत पौद्‌गलिक कार्माण वर्गणाएँ भरी हुई हैं'. આ લોકની અંદર અનંત પરમાણુઓ—રજકણો અસ્તિ તત્ત્વ તરીકે કાર્મણ નામ પરમાણુઓની સમૂહરૂપે ભરી છે અંદર ચૌદ બ્રહ્માંડમાં. 'इन कार्माण वर्गणाओंमें ऐसी शक्ति है कि आत्माके राग—द्वेषका निमित्त पाकर दो कर्मरूप हो जाती है'.

પણ ઈ આવી ગયું છે કે રાગ છે માટે કર્મરૂપ થાય છે, એમ નથી. તેથી નિમિત્ત પાકર, એમ કહ્યું છે. ઉપાદાન તો તે કાળે કર્મરૂપી પર્યાય થવાનો એનો પોતાનો સ્વભાવ છે. નહીંતર આહીં નિમિત્ત પાકર કહેવું છે ને, તો નિમિત્ત પાકરનો અર્થ શું? કે આહીં છે એટલી, બસ. એ નૈમિત્તિકમાં કર્મનાં રજકણો કર્મને કારણે પરિણમે છે. આહા! સમજાણું કાંઈ? થોડો થોડો અભ્યાસ કરે તો સમજાય એવું છે હોં. મુંઝાવા જેવું આહીં નથી. ઝીણું પડે ઓલા વેપારીને કોઈ દિ' ઝીણા વાંચવું. "બે જીવને અજીવ બંને પ્રગટ સ્વભાવ ભિન્ન." (શ્રોતા : પ્રગટ સ્વભાવ). પ્રગટ સ્વભાવ ભિન્ન. એમ આ પુદ્‌ગલ પરમાણુનો સ્વભાવ જડથી તદ્દન ભિન્ન છે.

કહે છે કે તે કાળે ભલે રાગ-દ્વેષ ને અજ્ઞાન જીવની પર્યાય નિમિત્તરૂપે હો, છતાં પરિણમન તો કર્મની પર્યાયનું પોતાથી થયું છે. નિમિત્ત કીધું છે ને! નિમિત્ત પાકર, તો

એનો અર્થ શું થયો? (શ્રોતા : નિમિત્ત ન પાક્યું તો ન થાય.) પણ એ સત્ સમયફેર છે? હવે આ નિમિત્ત ને પછી થઈ વર્ગણા કર્મની, એમ છે? (શ્રોતા : બંને સાથે જ ચાલે છે). સાથે ચાલે છે ને તો એનો અર્થ શું થયો? કે એના ઉપાદાનની તે સમય પરિણમવાની લાયકાતથી પરિણમ્યા, નિમિત્તપણે કોણ હતું કે અજ્ઞાનીનાં રાગદ્વેષ, અજ્ઞાનીનાં. જ્ઞાનીને રાગદ્વેષ છે (નહીં). સમજાણું કાંઈ?

વળી રાગ-દ્વેષકા નિમિત્ત પાકર, આમાં કહે જુઓ નિમિત્ત થઈને આમ થાય. પણ ભાઈ શું કહે છે સાંભળ તો ખરો! નિમિત્ત થઈને અને કર્મ પરિણમે એનો કાળભેદ છે? અને કર્મને ખબર છે કે અહીંયા રાગદ્વેષ છે માટે હું કર્મરૂપે પરિણમું? બહુ ઝીણું ઝીણું જગતને! (શ્રોતા : એ તો આ ખોલ્યું એટલે.......સાહેબ નહીં તો) 'इससे स्पष्ट है कि ज्ञानावरणीय आदि कर्म पुद्गलरूप हैं'. આઠે કર્મ જડ છે. જેમ આ શરીર જડ છે, એવો એ કર્મ પણ અંદર પરમાણુઓ જડ—આઠ છે. 'अचेतन हैं'. આઠ કર્મના રજકણો અચેતનની અસ્તિપણે સત્તા છે. 'पुद्गल ही इनका कर्ता है.' એ આઠ કર્મની પર્યાયનો અચેતન પુદ્‌ગલ કર્તા કેમ કે એ અચેતન છે. કર્મપર્યાય અચેતન છે, માટે તેનો અચેતન પરમાણુઓ કર્તા છે. સમજાણું કાંઈ?

હા, અચેતન કર્તા, 'आत्मा नहीं हैं'. એ કર્મની—જડની પર્યાયનું પરિણમવું એ આત્મા પરિણમાવે, એમ છે નહીં. આહાહા! 'हाँ, राग-द्वेष तो आत्माके विकार है.' અહીંયા અજ્ઞાની સિદ્ધ કરવો છે ને. આત્મામાં, કર્મ સામે નિમિત્ત અને પોતે પોતાને કારણે મિથ્યાત્વ અને રાગદ્વેષરૂપે થાય. એ આત્માના અસ્તિત્વમાં છે. એ કર્મનાં નિમિત્તનું અસ્તિત્વ છે માટે આ અસ્તિત્વ છે, એમ નહીં. રાગદ્વેષ અને મોહ એટલે મિથ્યાત્વ. આત્માકે વિકાર હૈ. આત્મામાં નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના અથવા નિમિત્તનું અસ્તિત્વ છે માટે આત્મા રાગદ્વેષ મોહપણે પરિણમે છે, એમ નથી. 'ये आत्मजनित' દેખો, આત્માથી જનિત, 'या पुद्गलजनित है इसका द्रव्यसंग्रहमें बडा अच्छा समाधान किया है.' પ્રમાણથી વાત કરે છે હવે. (શ્રોતા : ઉપાદાન—નિમિત્ત બેયનું જ્ઞાન કરાવે છે.) બેયનાં જ્ઞાન કરાવે છે આહીં. આત્મા પોતાના ભાવથી રાગદ્વેષ કરે છે ત્યારે નિમિત્ત હતું, એને વ્યવહાર કહીને પ્રમાણથી બે થઈને થયું, એમ પ્રમાણજ્ઞાન કરાવવા વાત કરી છે. આહા! પ્રમાણજ્ઞાન—રાગદ્વેષ મોહ જીવ કરે છે—એનો નિષેધ કરીને પ્રમાણજ્ઞાન નથી કહેતું. સમજાણું કાંઈ? નિશ્ચયનો ભાવ રાખી અને નિમિત્ત જોડે બીજી ચીજ છે તે ભાવને ભેળવે છે. આવું છે.

ફરીને, કહે છે કે એ રાગદ્વેષ તો આત્મા કરે—એ આત્મજનિત હૈ કે આ દુઃખ પુદ્‌ગલ જનિત હૈ. (શ્રોતા : કોઈ ઠેકાણે આત્મજનિત આવ્યું, કોઈ ઠેકાણે પુદ્‌ગલજનિત

આવ્યું) કોઈ ઠેકાણે........નિશ્ચયથી જુઓ તો આત્મજનિત છે, વ્યવહારથી કહો તો કર્મજનિત છે. એકલા કર્મજનિત છે એમ પણ આવે. શુદ્ધનિશ્ચયનાં સ્વભાવથી આત્મામાં જુઓ તો વિકાર એકલા કર્મથી જ છે. પણ અશુદ્ધની વિકારી પર્યાયથી એને પરની અપેક્ષા રાખ્યા વિના જુઓ તો આત્મજનિત જ છે. પણ તે આત્મજનિતની દશામાં નિમિત્તનું જ્ઞાન કરાવવા બીજી ચીજ નિમિત્ત છે અને એનું જ્ઞાન કરાવવા બેથી થયા, એમ કહેવામાં આવે છે. બેથી થયા એમ પ્રમાણ કહે, પણ એમાં નિશ્ચયથી એનાથી થયા એનો નિષેધ કરીને નથી કહેતું. સમજાણું કાંઈ? આહીં કાંઈ, સમજાય છે આમાં? બધા આમ ને આમ વખત ગાળ્યા બધા સમજ્યા વિનાના, કહે છે.

'આત્મ સત્તાવડે તે પ્રવર્તે જાણ', નથી આવતું? શરીર આદિ–શું આવે છે ઈ? (શ્રોતા : આત્મ સત્તાવડે). આત્મસત્તા વડે. શું ભાષા? ભૂલી ગયા. (શ્રોતા : જેહ જાણે તેહને, જાણે નહીં સત્તા, આત્માસત્તાવડે તે પ્રવર્તે જાણ.) દેખો. એ તો પ્રવર્તવા છે શરીરનાં ઓલાં પરિણામ, તે વખતે આત્માનાં પરિણામ નિમિત્ત હતા, બે ય પ્રમાણ કરીને વાત કરી છે. પણ શરીરનાં પરિણામ આત્માને કારણે પ્રવર્તે છે, એમ નથી. છે ને 'આત્મસિદ્ધિ'માં. પણ એ વિચારે ય કેટલા ઉંડા કર્યા હોય? એ તો હાંકે રાખે ગાડાં. (શ્રોતા : એને કોઈ સમજાવનાર ન હોય તો શું કરે?) પણ એને સમજવું જોઈએને પોતાને. કામ શું છે સમજાવનારનું? પોતે સમજનારો બેઠો છે ને મોટો ભગવાન. આહાહા! સમજાણું કાંઈ?

'वह इस प्रकार है कि–जैसे संतानको न तो अकेली माता ही से उत्पन्न कह सकते है और न अकेले पिताही से उत्पन्न कह सकते है.' ખરેખર તો પિતા ભી ઉત્પન્ન કર.....પણ હવે વ્યવહાર સમજાવવો હોય, પ્રમાણજ્ઞાન બતાવવું હોય, ત્યારે કહે કે બેય હતાં ને આયુષ્ય થયું, એમ. થયું તો છે એનાં કારણે. હવે સંતાન કોનાથી થાતાં હશે? આહાહા! વહ શાસ્ત્રમેં હૈ ઐસા હોં પંડિતજી! (શ્રોતા : બૃહદ્ દ્રવ્યસંગ્રહમાં છે.) દ્રવ્યસંગ્રહમાં છે ને સમયસારમાં છે, કર્તા કર્મ અધિકારમાં. ત્યારે ઓલો હરખચંદ કહેતા કે જુઓ, રાગદ્વેષ ને મોહ એકલા આત્માના કહે, એ જૂઠ્ઠા છે. એકલા કર્મનાં કહે (એ જૂઠ્ઠા છે) ને બેયનાં કહે એ સાચા છે. હવે સાંભળને હવે, એકલાં આત્માનાં છે. એકલા આત્માનાં જ છે એ નિશ્ચયનું સત્ કથન છે. અને એકલા વ્યવહારનાં છે–પરનાં છે, એ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ વિકાર પરથી–પરના લક્ષે થયો માટે પરનાં છે. અને પ્રમાણની દૃષ્ટિએ સ્વથી પોતાથી થયા અને નિમિત્ત એ હતું એટલે બેનાં ભેગાં થઈને થયાં, એમ કહેવામાં આવે છે. એમ ભાગ નથી બેયનો ન્યાં કોઈ. આરે! હવે આ લોકોને ઠીક પડે બધા આ રતનચંદજી ને એના.....

એમ કે આત્મા જે છે એ વિકાર કરે છે ઈ સ્વતઃ .......'પંચાસ્તિકાય'માં આવ્યું ને ૬૨ ગાથા. તે તો પોતે પોતાથી જ વિકાર, જેને નિમિત્તની પરની અપેક્ષા કર્તાને છે નહીં. એ નિશ્ચયની વાત કરી. હવે જ્યારે એ કર્મથી થાય, એમ કહ્યું. પ્રભુ સમયસારમાં એ છે. એ તો સ્વભાવની દૃષ્ટિ થતાં વસ્તુ જ્ઞાયક ચૈતન્ય છે, એવી દૃષ્ટિ થતાં આ સ્વભાવનું કાર્ય આ સ્વભાવ હોય. એટલે તે કાળે રાગ થાય છે તેનો જ્ઞાતા થશે પણ રાગનો કર્તા નથી એટલે રાગ કર્મના નિમિત્તે થયેલો—કર્મનાં કારણે થયો, એમ કહ્યું.

અને બે ભેગાં થઈને વાત કરવી હોય કે સ્વથી થયું એ નિશ્ચય છે અને નિમિત્તપણું હતું તે વ્યવહાર છે. બેયને ભેળવીને કહ્યું કે પ્રમાણથી બેથી થયું, એમ કહેવામાં આવે છે. પણ એ પ્રમાણ બેથી થયું કહેનાર, નિશ્ચયનો એનાથી થયો એનો નિષેધ કરીને કહેતું નથી. સમજાણું કાંઈ? કારણ નિશ્ચય અને વ્યવહાર બે ભેગાં છે ને. ફક્ત સ્વ આત્માથી વિકાર થયો, એ નિશ્ચય છે. એ વ્યાજબીપણું રાખીને ઉપરાંત એક નિમિત્ત ચીજ છે તેને ભેળવીને જ્ઞાન કરે છે, એને આહીં પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. વ્યવહાર ભેળવ્યો એટલું પણ ઓલો નિશ્ચયનો નિષેધ કરીને ભેળવ્યો છે, તો એ પ્રમાણ રહેતું નથી. સમજાણું કાંઈ?

ઉસી પ્રકાર દોનોંકે સહયોગસે સંતાનકી ઉત્પત્તિ......એ બધો વ્યવહાર. એમ બેનો થઈને..... પરમાણુઓ અને સંતાન ઉત્પન્ન થાય છે, પોતપોતાની પર્યાય છે સ્વતંત્ર. માતા-પિતા તો નિમિત્ત છે. (શ્રોતા : ઓલો હોય તેને નિમિત્ત કહેવાયને પણ). પણ ઈ તો ઉત્પન્ન થયો, ત્યારે નિમિત્ત કીધું ને. ઉત્પન્ન તો એનાથી થયું છે, ત્યારે આને નિમિત્ત કહેવામાં આવે છે. એમ જીવમાં વિકાર તો પોતાથી થયો છે. જડ કર્મનું નિમિત્ત છે એ બેથી થયું, એમ કહેવામાં આવે છે. ઝઘડા વિકારનાં ઝઘડા. (શ્રોત : ઝૈંડા વિકારના જ હોય ને......)

'.........न तो अकेला आत्मा उपजाता है और न अकेला पुद्‌गल ही उपजाता है, जीव और पुद्‌गल दोनोंके संयोगसे रागद्वेष–मोह भावकर्मकी उत्पत्ति है.' હવે નીચે લેશે હોં. 'यदि अकेले पुद्‌गलसे राग–द्वेष–मोह उत्पन्न होते तो कलम, कागज, ईंट, पत्थर आदिमें भी रागद्वेष–मोह पाये जाते.' આ નિમિત્તનું બતાવવું છે એટલું. આહાહા! 'यदि अकेले आत्मासे उत्पन्न होते तो सिद्ध आत्मामें भी राग–द्वेष–मोह पाये जाते.' તો સિદ્ધમાં પણ હોવા (જોઈએ). એય, ચેતનજી! આવ્યું'તુંને ત્યાં? ક્યાં? ઈડર..ઈડર. (શ્રોતા : ભાઈબંધ) ભાઈબંધ...(શ્રોતા : ઉપાધિ પર્યાયની) વિકારરૂપ આત્મા, તો સિદ્ધને થવો જોઈએ. (શ્રોતા : સિદ્ધમાં થવો જોઈએ). રાત્રે ચર્ચા કરતે હૈં. શું થાય?

'अधिक लिखनेसे क्या ? राग द्वेष—मोह पुद्‌गल और आत्मा दोनोंके संयोगसे होते है.' પ્રમાણકા જ્ઞાન હૈ હોં. 'जीव—पुद्‌गल परस्पर एक दूसरेके लिए निमित्त-नैमित्तिक है.' આ કારણે કહ્યો, આહીં સ્પષ્ટ કરે છે......'एक दूसरेके लिए निमित्त—नैमित्तिक है, परंतु यह ग्रंथ निश्चयनयका है'. હવે આહીંની વાત કરી, જુઓ. પણ આ ગ્રંથ નિશ્ચયનયનો છે એટલે પ્રમાણની વાત ન કરતાં, નિશ્ચયની વાત કરી છે, એમ કહે છે. સમજાણું કાંઈ? 'દ્રવ્યસંગ્રહ'માં ઈ બધા પ્રમાણનું જ્ઞાન બતાવવા ઘણું ઘણું કહ્યું. આ ગ્રંથ તો નિશ્ચયનયકા, 'सो यहाँ रागद्वेष—मोहको पुद्‌गलजनित बताया है, ये आत्माके निजस्वरूप नहीं है। इसी प्रकार शुभाशुभ क्रिया पौद्‌गलिक कर्मोंके उदयसे जीवमें होती है,' પૌદ્‌ગલિક કર્મોંકે ઉદયસે જીવમેં હોતી હૈ—શુભાશુભ પરિણામ. 'अतः क्रिया भी पुद्‌गल जनित है.' રાગદ્વેષનાં પરિણામ પણ પુદ્‌ગલજનિત, એમ નિશ્ચય કર્યું છે શુદ્ધનિશ્ચયથી. આરે, આરે!

'ये आत्माके निजस्वरूप नहीं है', લ્યો. શુદ્ધ સ્વભાવ ભગવાન આત્મા, પરમ શુદ્ધ નિશ્ચયનયથી તો, એ આત્માકા છે જ નહીં. એ આવ્યું છે ને દ્રવ્યસંગ્રહમાં. પરમશુદ્ધ નિશ્ચયથી તો આત્મામાં ય નથી ને પુદ્‌ગલમાં ય નથી, લે. એમ કહ્યું પાછું. (શ્રોતા : દ્રવ્યસંગ્રહમાં ય કહ્યું.) કહ્યું છે ને. એકકોર આ દ્રવ્યસંગ્રહમાં આ કહ્યું. બેયનાથી થયાં. બીજી રીતે એ કહ્યું કે ખૂબ શુદ્ધનિશ્ચયથી લઈએ તો વિકાર છે જ નહીં ક્યાંયે. નથી આત્માથી થયેલા, નથી પુદ્‌ગલથી થયેલા, અવસ્તુ છે. ભારે આવું જ્ઞાન બધું કરવું ભારે આકરું માણસને!

ઓલો કહે, એક જ આત્મા છે એ ઈશ્વરે કર્યો, જાઓ હવે છૂટો. એમ ન હાલે. એ ભૂલ્યો છે તો એ ભૂલ શું છે? ભૂલ ન હોય તો એને આનંદનો અનુભવ પ્રત્યક્ષ હોવો જોઈએ અને આનંદનો અનુભવ નથી તો એને પ્રત્યક્ષ ભૂલ છે. ભૂલ હોવા છતાં એ સ્વભાવમાં ભૂલ છે નહીં. ભૂલ ટાળીને નિર્ભૂલ ભગવાન સ્વરૂપ થઈ શકે છે, એવું બધું એને નિર્ણય જોઈએ ને એને સત્ય. સમજાણું કાંઈ? 'इसी प्रकार शुभाशुभ क्रिया पौद्‌गलिक कर्मोंके उदयसे जीवमें होती है, रागद्वेष' આદિ પલટવું. 'ये क्रिया भी पुद्‌गलजनित है.' પુદ્‌ગલજનિત જ છે, સ્વભાવજનિત નથી. સ્વભાવજનિત હોય તો સદાય થયા જ કરે. આ તો એક પેરેગ્રાફ જોઈએ. ઘણાં નયની અપેક્ષાઓ રાખીને વાત કરી છે.

'सारांश यह है कि शुभाशुभ कर्म व शुभाशुभ क्रियाको आत्माका मानना, राग-द्वेष' ભાવ, 'और ये दोनोंका कर्ता जीवको ठहराना अज्ञान है', લ્યો. જડકી

પર્યાય આત્માકા કરના, માનના અજ્ઞાન હૈ, એમ પુણ્ય-પાપનાં પરિણામ આત્મામાં કરે, એ પણ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? જડની પર્યાયનો કર્તા આત્માને માનવો, એ અજ્ઞાન છે અને વિકારી પરિણામનો કર્તા આત્માને માનવો, એ ય અજ્ઞાન છે. કેમ? ભાન નથી માટે અજ્ઞાનતા છે. સ્વભાવનું ભાન હોય તો એને રાગદ્વેષ મોહ થતાં જ નથી. એમાં છે જ ક્યાં? વસ્તુમાં ક્યાં છે? સમજાણું કાંઈ? (શ્રોતા : આજ તો કઠણ છે). કઠણ ઘણો વિષય આખો. પણ ઈ તો વિચારે ને એક મનન કરે ને તો બેસે એવું છે. આ કંઈ બેસે એવું નથી, એમ નથી.

પણ માર્ગ એવો છે કે અંદર સમજણનાં પડખાં બધાં ચોખ્ખાં થવાં જોઈએ અને ક્યાંય જો ભૂતડું રહી જાય તો અંતર્મુખ જવાની યોગ્યતા નહીં થાય. સમજાણું કાંઈ? અને વાસ્તવિક સમજણ થઈ જાય તો પણ એનાં અભાવે અંતરમાં જઈ શકે છે. (શ્રોતા : ....) ઝીણાં સવારમેં ઝીણું. અત્યારે ઝીણું. (શ્રોતા : હવે ઉંડા ઓછા છે. પોતાનાંમાં ઝીણું જ છે.) ઉનાળામાં જવું હોય તો મલમલનાં કપડાં પહેરે છે, જુઓ. શેઠી મલમલ પહેરીને આવ્યા, જુઓ. શિયાળામાં ઓલો કોટ મોટો પહેરીને આવે લાંબો. જુઓને આહીંનું.

'सारांश यह है कि शुभाशुभ कर्म और शुभाशुभ क्रियाको आत्माका मानना और उन दोनोंका कर्ता जीवको ठहराना अज्ञान है।' આહાહા! પેરેગ્રાફ તો આખો હાલ્યો. ઘણાં પડખાં એમાં પણ પડે. પચતું થયું થોડુંક. (શ્રોતા : .........હજમ થોડું થયું). ઘણું થયું. 'आत्मा तो अपने चिद्‌भाव कर्म और चैतन्य क्रियाका कर्ता है', દેખો લ્યો. ભગવાન આત્મા તો જ્ઞાનભાવ, એ કાર્ય અને ચૈતન્ય ક્રિયાનો કર્તા છે. આહાહા! જે ત્રિકાળી ચૈતન્ય સ્વભાવ એની પરિણમનની ક્રિયાનો અને એનું કાર્ય થયું તેનો, એ આત્મા કર્તા છે. રાગનો ય નહીં ને વ્યવહારનો ય નહીં ને કર્મનો તો (નહીં). 'पुद्‌गलकर्मोंका कर्ता पुद्‌गल ही है', લ્યો.

'मिथ्यात्वके उदयसे जीव शाता—अशाता आदि कर्म और दया दान पूजा व विषय कषाय आदि शुभाशुभ क्रियामें.......' દેખો ભાવ. મિથ્યાત્વના ઉદયે જીવ શાતા—અશાતા આદિ કર્મ એ મારું કર્મ—મારું કર્મ (શ્રોતા : મારું પુણ્ય) આહા! અમે પુણ્ય કરીને આવ્યા છીએ, જુઓ, અમે પુણ્યશાળી છીએ. સમજાણું? એક છોકરો એનાં બાપને લખતો. પૈસા બહુ ન આપે, ભણતો પૂનામાં. ખર્ચના આપતો, ખાવા-પીવાની બધી આપે પૈસા-ખાવાં-પુસ્તકનાં બધાંય. ગૂંજાના પૈસા આપતા હશે થોડાક ૨૫—૫૦ રૂપિયા. એટલે એના બાપને લખ્યો કાગળ. 'બાપુજી, અમે ગૃહસ્થને ઘરે અવતર્યા છીએ. માટે ગૂંજાના ૨૦૦ રૂપિયા મહિના ખર્ચના જોશે. ખાવા-પીવાનું ચોપડી પુસ્તક સિવાય.' સમજાણું? નામ ન અપાય.

(શ્રોતા : છોકરો ડાહ્યો લાગે છે). છોકરો હોશિયાર હતો બિચારો. મરી ગયો, છ મહિને મરી ગયો. પણ છોકરાએ લખ્યું કે તમે અમને પુસ્તકનાં, માસ્તરનાં શું કહેવાય? (શ્રોતા : ફીનાં, ફીનાં) ફીનાં ખરચનાં, ખોરાકનાં બધા પૈસા આપો છો ને વાપરવાના કંઈક થોડા આપતા હશે એટલે કાગળ લખ્યો. 'એક મહિનાનાં ૨૦૦ રૂપિયા ગૂંજાનાં ખર્ચના જોઈશે. ખાવા-પીવા-પુસ્તક ને ફી સિવાય અને તમને ન પાલવતું હોય તો કાકાને, બે ય ભેળાં હતાં બીજા એના કાકા, તો આપ તમારે ખાતે લખીને પણ મોકલજો. કારણ કે એ રૂપિયાની થેલીયું જ્યારે આવે છે હજાર—બે હજાર, ત્યારે એ મજૂરો બહાર રાખે છે અને અમે આહીં કેડ્યું ભાંગે છે અમારી'. કારણ પેલા રૂપિયા રોકડા હતા ને ત્યારે અને અંદર લઈ જવું હોય, ક્યાં મૂકવું હોય મજૂરને ખબર ન પડવા દે. એટલે ઘરનાં માણસ (મુકે). બારણું બહાર હોય ત્યાં મૂકી દે પૈસા. થેલી હતી ને થેલીયુંની થેલીયું. હજાર—હજાર, દસ—વીસ હજાર, લાખ—બે લાખ.

હવે રૂપિયા ઘણા મોટા ગૃહસ્થ હતા. એટલે છોકરાંઓને બોલાવે કે ન્યાંથી લઈ આપણે બારણામાં લઈ આવો અહીં, માણસને ત્યાં ઉભો રાખો. ઈ કેડ્યું અમારી તૂટે છે. હવે ગૂંજાના ૨૦૦ રૂપિયાનો ખરચ કાકાને ન પાલવતો હોય તો તમારે ખાતે લખીને મોકલજો. એય! (શ્રોતા : બાપ તો એનો સગો છે ને....) જુઓ, એ છોકરો એવો. પરણીને મરી ગયો. છ મહિને પરણીને મરી ગયો. ઈ બધું આવે.....આહીં તો કહે છે કે 'दया दान पूजा व विषयकषाय आदि शुभाशुभ क्रियामें अहंबुद्धि करता है.' ઈ પુન્ય ને પાપનાં ભાવમાં અહંબુદ્ધિ કરે છે, ઈ 'હું છું' એ મિથ્યાત્વભાવ છે. વિશેષ કહેવાશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૫૩, ફાગણ વદ ૧૨, બુધવાર, તા. ૨૪-૩-૧૯૭૧
## કર્તા કર્મ ક્રિયાદ્વારના સાર તથા
## પુણ્ય-પાપ એકત્વ દ્વાર પદ ૧, ૨, ૩ ઉપર પ્રવચન

શાતા-અશાતા આદિ કર્મ, શાતા-અશાતા કર્મ બાંધ્યું હોય એને અજ્ઞાની ઠીક માને છે, અહંપણું માને છે અને એના ફળમાં સંયોગો મળે એમાં પણ અહંપણું માને છે. અમે પૈસાવાળા, અમે નિર્ધન, અમે મૂરખ, અમે અગ્રેસર, એમ બહારનાં શાતા-અશાતાનાં ફળમાં અહંપણું માને એ મિથ્યાત્ ભાવ છે. (શ્રોતા : પુણ્યથી પૈસા મળે એમ માને એમાં મિથ્યાત્વ છે?) મિથ્યાદષ્ટિ. એણે પુણ્યથી પૈસા માને એમ ક્યાં માન્યું? પુણ્ય મારું છે અને એનાથી પૈસા મળે છે, એ મિથ્યાત્ ભાવ છે. જીવને પુણ્ય કેવા? પુણ્ય તો રાગ છે, બંધન છે, જડ છે. શાતા-અશાતા જે બંધન છે એ જડ છે. (શ્રોતા : જીવનાં નહિ?) જીવનાં છે? અજીવ છે. અજીવ થઈને રહ્યાં છે. એને એ મારાં માને. મારાં પુણ્ય છે, એ મારાં પાપ છે. નિર્ધનપણું હોય એટલે એને અશાતાનાં ઉદય આવે. અમારા અશાતા, અમારું પાપકર્મ, અમને આ દુઃખ થાય છે. (એમ માને એ) બધા મૂઢ મિથ્યાદષ્ટિ છે. કહો સમજાણું?

ઈ તો ઠીક હજી એનાથી હવે આવે છે. અંદરમાં દયા-દાન-વ્રત-પૂજા, વિષય–કષાયનાં ભાવ એ શુભ ને અશુભ પણ હું છું, મારું કર્તવ્ય છે. એ માનનારા પણ મિથ્યાદષ્ટિ છે. લ્યો, દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા વિગેરે આ થોડા શબ્દ નાખ્યા છે. કહો સમજાણું કાંઈ? શુભરાગ છે, વિકલ્પ છે, વિભાવ છે. સ્વભાવ ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય એનાથી તદ્દન વિરુદ્ધ ભાવ છે. એ મારું કાર્ય છે, એ મારી ક્રિયા છે, એ મારો ભાવ છે. એ મિથ્યાત્ભાવ છે એ બધો. કહો ધરમચંદજી! એ જુદાં છે?

શાતા–અશાતા કર્મો જે બંધાયેલા છે જડ, એ મારાં છે, મેં બાંધ્યાં છે અને અમને એનાં ફળ આવે છે. (એમ માને તે) મૂઢ છે. (શ્રોતા : મૂઢ હોય પણ પૈસાદાર તો છે.) પૈસાદાર કે દિ' હતો? મૂઢ છે, મિથ્યાત્વી છે. મિથ્યાદષ્ટિ મિથ્યાત્વાળો છે, પૈસાવાળો નહિ. પોપટભાઈ, ભારે આકરું ભાઈ આ તો! જીવ માને છે અજ્ઞાનથી, ભાન નથી. (શ્રોતા : કેમ થઈ જાતો હશે?) એમ થઈ જતો ભાન નથી એને. 'હું એક સચ્ચિદાનંદ સ્વરૂપ છું, શુદ્ધ આનંદકંદ છું, અતીન્દ્રિય આનંદનો નાથ છું, એ હું છું. મારી ચીજમાં

એ પુણ્ય-પાપનાં ભાવ અને એનું બંધન, એ મારી ચીજમાં (નથી)'. અહીં કર્મ.....બે આવ્યું'તું ને, કર્મ અને કર્મનાં ફળ. અથવા કર્મ—ઘાતિકર્મનાં નિમિત્તનાં સંબંધમાં જે કાંઈ પુણ્ય-પાપનાં ભાવ થાય તેનું અહંપણું માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે અને અઘાતિ કર્મ એ મારાં છે અને અઘાતિનાં ફળ મળે એ મારાં છે. દીકરા સરખા, પૈસા, આબરૂ, કીર્તિ, મકાન એ અહં, એ મારાં, એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. સમજાણું?

જુઓ અહીંયા છે. '....शुभाशुभ क्रियामें अहं बुद्धि करता है.' એ મારી ક્રિયા છે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા-જાત્રાનાં ભાવ એ મારાં છે. વિભાવ એ મારાં છે. એ મેરે કર્મ છે, એ મારું કાર્ય છે, એ મારી ક્રિયા છે. એ મિથ્યાભાવ છે કર્તા-કર્મ-ક્રિયા. ભગવાન તો ચૈતન્ય સ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે. એના ચૈતન્ય સ્વભાવ સિવાય એનાથી વિપરીત ભાવ અને એનાં ફળ બંધન તરીકે, બંધન કર્મ અને એનાં ફળ તરીકે સંયોગ, એ ત્રણેમાં અહંપણું આ મારાં છે, એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહા! સમયસાર.....બીજું છે ઈ? હિન્દી..હિન્દી છે આ. પાનું ફેર કેમ? આ આની કોરનાં પાનાં છે. કહાઁ દેખતે હો? જીવ શાતા અશાતા આદિ કર્મ જડ, એ કર્મ હું છું એમ માને એ મિથ્યાદૃષ્ટિ છે અને દયા-દાન-પૂજા, વિષય આદિ શુભાશુભ ક્રિયા પરિણામ એમાં અહંબુદ્ધિ કરે—યે મેરે કર્મ હૈં, યે મેરા કાર્ય છે, મારું કર્તવ્ય છે અને એ મારી ક્રિયા છે, એ મિથ્યાભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા!

ઔર શુભાશુભ ક્રિયામેં...... બંધકા કારણ હૈ. એ પુણ્ય ને પાપનાં ભાવ એ બંધનું કારણ છે. એને અબંધ સ્વરૂપી ભગવાન પોતાનાં માને, મિથ્યાત્ બુદ્ધિ છે, મિથ્યાદૃષ્ટિ છે, મિથ્યાત્વને સેવે છે. આહા! સમજાણું કાંઈ? 'बंध परंपराको बढाता है'. પુણ્ય ને પાપનાં ભાવ બંધનરૂપ છે અને બંધનની પરંપરા વધારે છે. આહા! એને લાળ એમને એમ અનાદિ આવે છે રખડવાની. આહા! એને પોતાના માનવા. એ પુણ્ય ભાવ મારાં, મેં કર્યાં, આ કામ મેં કર્યા, મારા સુકૃતથી કર્યા, મારા ભાવ સારા હતા, એમ માને છે એ મૂઢ છે, કહે છે. ભારે વાત! હૈ કે નહિ સેઠી ઉસમેં? દયા-દાન-પૂજા, વિષય-કષાય આદિ શુભાશુભ ક્રિયા બધી, આહાહા! એમ મહાવ્રતની ક્રિયા. એ શુભક્રિયા એ હું છું, એ મારું કર્તવ્ય છે, એ મારી ક્રિયા છે (એમ માને એ) મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! કહો સમજાણું કાંઈ?

'और शुभाशुभ क्रियामें अहंबुद्धि नहीं करना'. શુભ-અશુભ વિકલ્પ છે, રાગ છે. એમાં અહંપણું મારાપણું નહિ કરના. 'अपनी नहीं मानना'. એ ક્રિયા પોતાની નથી, રાગની વિભાવની છે. 'उनमें तन्मय नहीं होना'. રાગકા ક્રિયામેં દયા—દાનકી ક્રિયામેં

તન્મય એકપણે નહિ માનના.. 'नहीं होना सम्यक् स्वभाव है', એ સમ્યક્સ્વભાવ. આત્માકા જ્ઞાનમેં તન્મય હોના, સ્વભાવમેં તન્મય હોના ઔર દયા-દાનકી ક્રિયામેં તન્મય નહિ હોના, એ નિર્જરાકા કારણ હૈ. કહો સમજાય છે કાંઈ? આ અપવાસ કરવાનો ભાવ ને એ બધો વિકલ્પ રાગ છે. આઠ અપવાસ ને મહિનાના અપવાસ ને આ બધા કરે છે ને, એ ધર્મ નથી. વૃત્તિ ઊઠે છે એટલે વિકલ્પ છે, રાગની લાગણી છે. એમાં હું પણું માનવું એ બંધનું કારણ છે, માટે મિથ્યાત્વ છે. આહાહા! એમાં તન્મય ન થતાં.....હો, ભાવ, પણ એની સાથે એકતા ન થતાં; જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાન આત્મા એમાં એકતા થાય એને સંવર ને નિર્જરા થાય, એને ધર્મ થાય. કહો સમજાણું કાંઈ? 'सम्यकस्वभाव है—निर्जराका कारण है'. ઓલા બંધકા કારણ હૈ, આ નિર્જરાકા કારણ હૈ. બસ એટલી વાત. એ અધિકાર પૂરો થયો.

હવે......'पुण्य-पाप एकत्व द्वार'. એ પુણ્ય ને પાપ બે એક જ જાતનાં છે. ચાહે તો પુણ્ય બંધન થયું હોય કે પાપ બંધન થયું હોય, ચાહે તો દયા-દાન-વ્રત-ભક્તિનાં શુભભાવ હો, ચાહે તો હિંસા-જૂઠું આદિનાં પાપ ભાવ હોય, બેય એક જાત છે. (શ્રોતા : તો એમાં કરવું શું?) આ......આ શું ચાલે છે આ? એનાથી ભિન્ન પડીને આત્મામાં કરવું ઈ. આત્મામાં, આત્મા છે કે નહિ વસ્તુ? આત્મા ચીજ છે કે નહિ અંદર? એ તો પુણ્ય-પાપનાં તો વિકલ્પ છે, એ તો વૃત્તિઓ છે, રાગ છે. એના વિનાનો ચીજ છે કે નહિ અંદર? એમાં એકાગ્ર થાવું, એમ કહે છે. કોઈ દિ' દિશા જોઈ નથી એટલે એને સાંભળવું કઠણ પડે એવું લાગે છે. (શ્રોતા : ...) શું કીધું? (શ્રોતા : ખોટે રસ્તે ચઢી ગયો) ખોટે રસ્તે...વાત સાચી. શું એને રસ્તો એવો...અનાદિથી દૃષ્ટિ પડી છે એની અને એના કહેનારાઓ પણ એવા મળ્યા એને એટલે એને ઝુકાવ ત્યાં થયો. પણ અંદર ચિદાનંદ ભગવાન છે, અનંત આનંદનું ધામ આત્મા છે. એમાં એકાકાર થવું, એ વાત એણે સાંભળી નથી એટલે ક્યાં જવું એમ એને થાય છે. સમજાણું કાંઈ? આહાહા! શું થાય?

પુણ્ય-પાપ એકત્વ દ્વાર, લ્યો માથે છે ને. બેય એક જ છે. એનાં ચાર બોલ લેશે.

પ્રતિજ્ઞા

करता किरिया करमकौ, प्रगट बखान्यौ मूल।
अब बरनौं अधिकार यह, पाप पुन्न समतूल॥१॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :**—પ્રગટ=સ્પષ્ટ. બખાન્યૌ=વર્ણન કર્યું. બરનૌં=કહું છું. સમતૂલ=સમાનતા.

**અર્થ :—**કર્તા, ક્રિયા અને કર્મનું સ્પષ્ટપણે રહસ્ય વર્ણવ્યું. હવે પુણ્ય-પાપની સમાનતાનો અધિકાર કહું છું. ૧.

अर्थ :–कर्त्ता, क्रिया और कर्मका स्पष्ट रहस्य वर्णन किया। अब पाप-पुण्यकी समानताका अधिकार कहते हैं॥१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કર્તા, ક્રિયા અને કર્મનું સ્પષ્ટ રહસ્ય વર્ણન કર્યું. અબ પાપ–પુણ્યકી સમાનતાકા અધિકાર કહતે હૈં. પુણ્ય ને પાપ બેય બંધનાં કારણ છે, બેય એક જ છે. સોનાની બેડી અને લોઢાની બેડી. આરે! એ કહે છે જુઓ. નીચે કળશ પહેલો છે ને.

तदथ कर्म शुभाशुभभेदतो द्वितयतां गतमैक्यमुपानयन्।
ग्लपितनिर्भरमोहरजा अयं स्वयमुदेत्यवबोधसुधाप्लवः॥१॥

એનું પદ બીજું. મંગલાચરણ....મંગલાચરણ

મંગલાચરણ (કવિતા માત્રિક)

जाके उदै होत घट–अंतर,
बिनसै मोह-महातम-रोक।
सुभ अरु असुभ करमकी दुविधा,
मिटै सहज दीसै इक थोक॥
जाकी कला होत संपूरन,
प्रतिभासै सब लोक अलोक।
सो प्रबोध-ससि निरखि बनारसि,
सीस नवाइ देत पग धोक॥२॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :–**મોહ મહાતમ=મોહરૂપી ઘોર અંધકાર. દુવિધા=ભેદ. ઇક થોક=એક જ. પ્રબોધ-સસિ=કેવળજ્ઞાનરૂપ ચન્દ્રમા. પગ ધોક=ચરણ વન્દન.

**અર્થ :—**જેનો ઉદય થતાં હૃદયમાંથી મોહરૂપી મહા અંધકાર નષ્ટ થઈ જાય છે અને શુભકર્મ સારું છે અથવા અશુભકર્મ ખરાબ છે, એ ભેદ મટીને બન્ને એકસરખા ભાસવા લાગે છે. જેની પૂર્ણ કળાના પ્રકાશમાં લોક-અલોક બધું ઝળકવા લાગે છે, તે કેવળજ્ઞાનરૂપ ચન્દ્રમાનું અવલોકન કરીને પં. બનારસીદાસજી મસ્તક નમાવીને વન્દન કરે છે. ૨.

**अर्थ** :–जिसके उदय होने पर हृदयसे मोहरूपी महा अंधकार नष्ट हो जाता है, और शुभकर्म अच्छा है व अशुभकर्म बुरा है, यह भेद मिटकर दोनों एकसे भासने लगते हैं, जिसकी पूर्ण कलाके प्रकाशमें लोक-अलोक सब झलकने लगते हैं; उस केवलज्ञानरूप चन्द्रमाका अवलोकन करके पं. बनारसीदासजी मस्तक नवाकर वन्दना करते हैं।।२।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જુઓ આ બનારસીદાસ. કળશમાં જે ભાવ આચાર્યોએ ભર્યાં છે, એનું અહીંયા પદ્યમાં એ પોતે કહે છે, હિન્દી પદમાં. એનું છે તો ઓલું પદ સંસ્કૃત છે. આ હિન્દી પદમાં પોતે (કહે છે.)

'जाके उदै होत घट–अंतर'. ચંદ્રમા ચૈતન્ય ભગવાન; પુણ્ય અને પાપનાં વિકલ્પથી ભિન્ન એવો ચૈતન્ય ભગવાન જ્યાં પ્રગટ થાય છે, કહે છે. પુણ્ય–પાપનાં બે ભાવ બંધના જ કારણ છે, એમ સમજી એનાથી ભિન્ન પડી અને આત્મા જ્યાં ઘટ–અંતરમાં પ્રગટ થાય છે. હું ચૈતન્ય શુદ્ધ ચંદ્ર છું. છે ને અંદર? 'प्रबोध–ससि निरखि'. એ ચંદ્રમા શાંત ચંદ્રમા શીતલ..શીતલ. પુણ્ય ને પાપનાં ભાવ આકુળતાવાળા છે. એથી આંહી કહે છે. 'पूर्ण कलाके प्रकाशमें लोक–अलोक सब झलकने लगते है. (उस) केवलज्ञानरूप चंद्रमाका अवलोकन करके.....' કેવળજ્ઞાનરૂપી ચંદ્ર. નિજસ્વરૂપ ભગવાન ચૈતન્યમૂર્તિ, એને પુણ્ય ને પાપનાં રાગથી ભિન્ન પાડી અને સ્વરૂપમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન થાય છે, એમ લીધું એકદમ.

'जाकै उदै होत घट–अंतर', જુઓ ઉદય શબ્દ વાપર્યો છે. ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા હું. મારામાં એ પુણ્ય ને પાપનાં વિકલ્પો ને બંધન, એ છે નહિ. 'बिनसै मोह–महातम–रोक'. મોહરૂપી મહા ઘોર અંધકાર જ્યાં રોકાઈ જાય છે, નષ્ટ થઈ જાય છે. ચૈતન્યસૂર્યનું પુણ્ય–પાપનાં વિકલ્પથી ભિન્ન પડતાં ભગવાન આત્મા એકરૂપે ચૈતન્યનાં જ્ઞાનની જ્યોતરૂપે ઝળકે છે. ત્યાં મિથ્યાત્વ રોકાઈ જાય છે, મહામોહ ત્યાં નાશ થઈ જાય છે. સૂર્યના ઊગવાથી અંધકાર રહેતો નથી. કહો સમજાણું કાંઈ? અનાદિથી પુણ્ય ને પાપનાં ભાવનો વિકલ્પ ઉદય પામતો, એમાં ચૈતન્યસ્વભાવ પ્રકાશનો અનાદર થતો. અને જ્યારે આત્મા પોતાનાં સ્વભાવની શુદ્ધતાનો આદર કરતાં પુણ્ય ને પાપની અશુદ્ધતાને દૃષ્ટિમાંથી છોડતાં અંતર્મુખ થઈને ભગવાન આત્માને સ્પર્શે છે ત્યારે જ્ઞાન પ્રગટ થાય છે. આહાહા! સમજાણું કાંઈ?

'बिनसै मोह–महातम–रोक, सुभ अरु असुभ करमकी दुविधा'. એ પુણ્ય ને પાપનાં બેય બંધન, બેય દુવિધા. 'मिटै सहज दीसै इक थोक'. એ પુણ્ય ને પાપનાં

બંધન બેય છૂટી એકલો જ્ઞાનનો આનંદનો થોક ભગવાન એકલો દેખાય. આહાહા! સમજાણું કાંઈ? એક હી, એમ. એક જ આત્મા. જેને અંદર શુભ-અશુભ રાગનાં વિકલ્પનો જેને સંબંધ નથી. સમજાણું કાંઈ? એવો આત્મા એકરૂપે દેખાય, એમ કહે છે. ઓલો બે રૂપે દેખાતો ને પુણ્ય ને પાપરૂપે છું, એમ. પુણ્ય ને પાપનાં બે ભાવ છે મેલ વિકાર, એ રૂપે હું છું એમ દેખાતો. એનાથી જુદો પાડીને જ્ઞાયકમૂર્તિ એકરૂપે દેખાય, એનું નામ સમ્યક્‌જ્ઞાન ને ચંદ્રમા અને કેવળજ્ઞાન ચંદ્રમાં કહેવામાં આવે છે. એકલું જ્ઞાન પ્રગટ્યું કહો અને પછી આગળ વધીને કેવળજ્ઞાન પ્રગટ્યું કહો, એમ.

'जाकी कला होत संपूरन'. પહેલી કળા નીકળી, એમ કહે છે. ચંદ્રમામાં જેમ પહેલો ચંદ્ર—બીજ ઊગે છે, એમ ભગવાન આત્મામાં પુણ્ય ને પાપનાં બે ભાવો એનાથી ભિન્ન ભગવાન અંતર્મુખની દૃષ્ટિ કરતાં એને સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શનની પહેલી કળા ખીલે છે. સમજાણું કાંઈ? 'जाकी कला होत संपूरन'. અને એ કળા પુણ્ય-પાપનાં બે ભેદોને તોડતી એકરૂપ સ્વભાવમાં એકાકાર થતી, એ જ્ઞાનની કળા સાધકદશા પૂર્ણ થાય છે, કેવળજ્ઞાનને પ્રાપ્ત થાય છે. 'प्रतिभासै सब लोक अलोक'. એમાં તો લોક ને અલોક ભાસે, એવું એનું ચૈતન્યનું સ્વરૂપ છે. 'सो प्रबोध–ससि'—એ જ્ઞાનરૂપી ચંદ્રમા, પ્રબોધ એટલે જ્ઞાનરૂપી ચંદ્રમા. એ જ્ઞાનરૂપી અંદર ચંદ્રમા ભગવાન, 'ससि निरखि'—એને નિરખીને બનારસી 'सीस नवाइ देत पग धोक'—ચરણવંદના કરે છે. એવા આત્માના આનંદને અને જ્ઞાનને વંદન કરે છે.

કવિ છે ને આતો. બહુ ઊંચા કવિ છે બનારસીદાસ, અધ્યાત્મકવિ. સમજાણું કાંઈ? પહેલા વ્યભિચારી હતા ઘણા. જુવાન શરીર, વ્યભિચારે ચડી ગયેલા. એમાં એને બોધ લાગ્યો અંદરનો. ઓહો! વ્યભિચારનાં પુસ્તકો બનાવેલાં. મોટા કવિ જબ્બર કવિ. એમ તુલસીદાસ ને આ બે મળ્યાં, ભેગા થયા. સમજાણું? આ તો જબ્બર અધ્યાત્મમાં. ઓલા પુસ્તકો બધા ગોમતીમાં નાંખી દીધા. છે ને આપણી પાસે પુસ્તક. એમાં લખ્યું છે, ફોટો છે. ગોમતીમાં નાંખી દીધા. આ પછી (નાટક સમયસાર) બનાવ્યા નવા. ઓહો! સત્ય વસ્તુ આ છે. ચૈતન્ય ભગવાનની પ્રાપ્તિ કરવી હોય તો આ માર્ગ છે. પુણ્ય ને પાપનાં બેય વિકલ્પોને છોડી દૃષ્ટિમાં એકલો ચિદાનંદ આત્માને લઈ એમાં એકાગ્ર થવું, એ જ્ઞાનકળા છે. આહાહા! સમજાણું કાંઈ?

પુણ્ય પરિણામની સાથે એકત્વ થવું એ તો વ્યભિચાર છે. કારણ કે સ્વભાવ સહજાનંદમૂર્તિ આત્મા અને રાગ છે તે વિભાવ વિકલ્પ દુઃખ, બેયનું એકપણું—સુખ ને દુઃખનું એકપણું એ જ વ્યભિચાર છે. સમજાણું કાંઈ? આરે ભારે વાતો! પહેલું તો સમજાવું ય કઠણ પડે હવે પછી ઊતરવું તો ક્યાં વળી! પંડિતજી! એટલે લોકો બિચારા

ઊતરી ગયા બહારમાં એય, ઓલા કહે ભક્તિ કરો, ઓલા કહે દયા પાળો, ઓલ કહે જાત્રા કાઢો. આ કહે આમ ખાવું ને ન ખાવું, એ વહોરવા ક્રિયામાં ઊતરી પડ્યા ઓલા બધા. આહા! એ બધી ક્રિયાનાં વિકલ્પથી પાર આત્મા છે. એનું જ્યાં ભાન થાય, થતાં કહે છે 'सीस नवाइ देत पग धोक'.

એવા કેવળજ્ઞાનરૂપી ચંદ્રમાને, એકલું જ્ઞાનરૂપી ચંદ્રમા એમ એટલે પુણ્ય-પાપ વિનાનો. એવા ચંદ્રમાને શીતલ..શીતલ..શાંત સ્વભાવ, પુણ્ય-પાપનો (જેમાં અભાવ છે). પણ આંહી ચંદ્રમા કેમ લીધો કે પુણ્ય-પાપનો વિકલ્પ છે તે આકુળતા છે, આકુળતા, આતાપ છે. આહાહા! શુભ ને અશુભ ભાવો—દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા શુભભાવ અને હિંસા, જૂઠું, ચોરી વિષયભાવ, બેય આકુળતા છે, આતાપ છે, બેય અગ્નિ છે. એને છોડીને ભગવાન ચિદાનંદ આત્માનું જેણે શરણ લીધું, એ શીતલ ચંદ્રમા છે આત્મા. આહા! સમજાણું કાંઈ? એ પહેલી કડી થઈ. 'पग धोक' છે ને? ચરણ વંદના, એમ. 'पग धोक' પગ એટલે ચરણ. ધોક એટલે વંદના. 'बनारसीदास मस्तक नवाकर वंदना करते है' લ્યો. અર્થમાં લખ્યું છે, જુઓ.

'जिसके उदय होने पर हृदयसे मोहरूपी महा अंधकार नष्ट हो जाता है'. ચંદ્રમા—શીતલ આત્મા ભગવાન. 'शुभकर्म अच्छा व अशुभकर्म बूरा, यह भेद मिटकर....' પુણ્ય સારું અને પાપ ખરાબ, એ ભેદ મટી જાય છે. આહાહા! 'दोनों एकसे भासने लगते हैं'. પુણ્ય ને પાપનાં ભાવ બે વિકલ્પ—રાગ બંધના કારણ એકપણે ભાસે છે. 'जिसकी पूर्णकला के प्रकाशमें लोक—अलोक सब झलकने लगते है.' ત્રણ કાળ ત્રણ લોક એમાં જ્ઞાનમાં પ્રકાશે છે, એવું કળાને આગળ વધારીને કેવલજ્ઞાન થાય છે. 'केवलज्ञानरूप चंद्रमाका अवलोकन करके बनारसीदास मस्तक नवाकर (वंदना करते है'), લ્યો. બીજો કળશ બીજો.

**एको दूरात्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-**
**दन्यः शुद्धः स्वयमहमिति स्नाति नित्यं तयैव॥**
**द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शुद्रिकायाः**
**शुद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण॥२॥**

પુણ્ય-પાપની સમાનતા (સવૈયા એકત્રીસા)

**जैसैं काहू चंडाली जुगल पुत्र जनें तिनि,**
**एत दीयौ बांभनकै एक घर राख्यौ है।**

बांभन कहायौ तिनि मद्य मांस त्याग कीनौ,
चंडाल कहायौ तिनि मद्य मांस चाख्यौ है।।
तैसें एक वेदनी करमके जुगल पुत्र,
एक पाप एक पुन्न नाम भिन्न भाख्यौ है।
दुहूं मांहि दौर धूप दोऊ कर्मबंधरूप,
यातैं ग्यानवंत नहि कोउ अभिलाख्यौ है।।३।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**જુગલ=બે, બાંભન=બ્રાહ્મણ. ભિન્ન=જુદા. ભાખ્યૌ=કહ્યા. દૌરધૂપ=ભટકવું. અભિલાખ્યૌ=ઇચ્છ્યું.

**અર્થ :—**જેવી રીતે કોઈ ચંડાળણીને બે પુત્ર થયા, તેમાંથી એક પુત્ર બ્રાહ્મણને આપ્યો અને એક પોતાના ઘરમાં રાખ્યો. જે બ્રાહ્મણને આપ્યો તે બ્રાહ્મણ કહેવાયો અને મધ-માંસનો ત્યાગી થયો, પણ જે ઘરમાં રહ્યો તે ચંડાળ કહેવાયો અને મધ-માંસનો ભક્ષક થયો. તેવી જ રીતે એક વેદનીય કર્મના પાપ અને પુણ્ય ભિન્ન ભિન્ન નામવાળા બે પુત્ર છે, તે બન્નેમાં સંસારમાં ભટકવું છે અને બન્ને બંધ-પરંપરાને વધારે છે તેથી જ્ઞાનીઓ કોઈની પણ અભિલાષા કરતા નથી.

**ભાવાર્થ :—**જેવી રીતે પાપકર્મ બંધન છે તથા સંસારમાં ભટકાવનાર છે તેવી જ રીતે પુણ્ય પણ બંધન છે અને તેનો વિપાક સંસાર જ છે તેથી બન્ને એક જેવા જ છે, પુણ્ય સોનાની બેડી જેવું અને પાપ લોઢાની બેડી જેવું છે, પણ બન્ને બંધન છે. ૩.

**अर्थ :**–जैसे किसी चांडालनीके दो पुत्र हुए, उनमेंसे उसने एक पुत्र ब्राह्मणको दिया और एक अपने घरमें रक्खा। जो ब्राह्मणको दिया वह ब्राह्मण कहलाया और मद्य-मांसका त्यागी हुआ, पर जो घरमें रहा वह चांडाल कहलाया और मद्य-मांसभक्षी हुआ। उसी प्रकार एक वेदनीय कर्मके पाप और पुण्य भिन्न-भिन्न नामवाले दो पुत्र हैं, सो दोनोंमें संसारकी भटकना है और दोनों बंध परंपराको बढ़ाते हैं इससे ज्ञानी लोग दोनोंहीकी अभिलाषा नहीं करते।

भावार्थ :–जिस प्रकार पापकर्म बंधन है तथा संसारमें भ्रमानेवाला है, उसी प्रकार पुण्य भी बंधन है, और उसका विपाक संसार ही है, इसलिये दोनों एकहीसे हैं, पुण्य सोनेकी बेड़ीके समान और पाप लोहेकी बेड़ीके समान है, पर दोनों बंधन हैं।।३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહા! શું કહે છે, જુઓ હવે. જૈસે એક ચંડાળણી હોય એણે બે પુત્ર જણ્યા. જુગલ પુત્ર જણ્યા—બે જણ્યા. મૂળ તો એની ઉત્પત્તિ ચંડાળણીમાંથી છે બેયની. 'एक दीयौ बांभन नें'. એક બ્રાહ્મણને દીકરો નહોતો તો એને આપ્યો. પણ છે તો ચંડાળણીનો પુત્ર. એક ઘર રાખ્યો છે. એક ચંડાળણીએ ઘરે રાખ્યો, બે માંથી. 'बांभन कहायौ तिनि मद्य मांस त्याग कीनौ'. બ્રાહ્મણ કહે કે અમારે મદ્ય ખપે નહિ, દારુ ખપે નહિ, માંસ ખપે નહિ, આ ન ખપે, આ ખપે નહિ. છે તો ચંડાળણીનો દીકરો ઈ એ તે, પણ બ્રાહ્મણ કહેવાયો. એને ઘેર દીધો. આ અમારે ખપે નહિ, આ અમારે ખપે નહિ. આ અમારે ખપે નહિ, એમ કરીને મદ્ય—માંસ છોડી દીધો. છોડે તો પણ છે તો ચંડાળણીનો જ પુત્ર. 'चंडाल कहायौ तिनि मद्य—मांस चाख्यौ है'.

'तैसैं एक वेदनी करमके जुगल पुत्र'. વેદનીય કર્મ એક અને એનાં બે દીકરા—શાતા ને અશાતા. એક પાપ ને એક પુણ્ય. એક વેદનીય કર્મ પાપ ને એક પુણ્ય. અને એ વેદનીય કર્મ બાંધવાનાં કારણમાં શાતા પુણ્યરૂપે એનું કારણ ભાવશુભ અને અશાતા પાપરૂપે એનું કારણ અશુભ. બેય શુભાશુભ ભાવ વિભાવ ચંડાળણીના દીકરા છે. જેમ એ ચંડાળણીનાં બે દીકરા—એક બ્રાહ્મણને ઘરે રાખ્યો, એક(પોતાને) ઘરે રહ્યો. ઓલાએ મદ્ય-માંસ છોડી દીધો. ઓલાએ ચાખ્યો છે એટલે કે એમાં રહે છે, ખાય છે, પીવે છે. એમ પુણ્ય ને પાપ બે એક જાતનાં પુત્ર—વિભાવ ચંડાળણીના દીકરા છે. સમજાણું કાંઈ? આરે ભારે વાત!

ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનની મૂર્તિ, એનાથી વિરુદ્ધ વિભાવ. એ વિભાવરૂપી વિકારરૂપી પરિણતિ એનાં બે દીકરા છે, પુણ્ય ને પાપ. ચંડાળણીનાં જેમ બે દીકરા, એમ આ વિભાવનાં બે દીકરા છે. એમાં એકેય ક્યાં આત્માનો સ્વભાવ છે નહિ. આહાહા! આ તો સમજાય એવું છે હોં. જરી જાડું છે આ બધું. 'एक पाप एक पुन्न नाम भिन्न भाख्यौ है'. જુદાં જુદાં નામ આપ્યા. છે તો ચંડાળણીના પુત્ર વિભાવનાં બેય. એકનું નામ પુણ્ય ને બીજાનું નામ પાપ.

'दुहूं मांहि दौरधूप दोऊ कर्मबंधरूप'. એક વેદનીય પાપ ને પુણ્ય ભિન્ન નામ આપ્યાં. 'सो दोनोंमें संसारकी भटकना है, मांहि दौरधूप है'—બેય સંસારમાં જવાનું છે. શુભભાવ હો કે અશુભ હો, બે ય સંસારનું કારણ છે. અહીં કર્મની મુખ્યતા લીધી છે પણ બધાં કારણે ય અંદર ભેગાં લઈ લેવા. એ શ્લોક આવશે. સમજાણું કાંઈ? 'दुहूं मांहि दौरधूप'. બેય સંસારના દોડ કરાવનારા છે—રખડાવનાર, એમ કહે છે. આહાહા! શુભ ને અશુભ ભાવ બેય સંસારના રખડાવનારા છે. 'दोऊ कर्मबंधरूप'. પુણ્ય ને પાપનાં ભાવ બેય કર્મનાં બંધરૂપ છે.

'यातैं ग्यानवंत नहि कोउ अभिलाख्यो है'. ધર્મીજીવે એ પુણ્ય ને પાપ બે ય ભાવમાંથી એકેય અભિલાષ કરી નથી. એ બેય ભાવ મારાં, એમ એને હોતું નથી. આહાહા! એ વ્રતનો ભાવ એ પુણ્ય, અવ્રતનો ભાવ એ પાપ. બેય વિભાવ ચંડાળણીનાં દીકરા. ધર્મી જીવ પોતાનો ભગવાન ધ્રુવ ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ, એવી અંતરમાં દૃષ્ટિ કરવાથી પુણ્ય-પાપનાં બેય ભાવમાં એકેયને એ અભિલષતો નથી, ઈચ્છા કરતો નથી. પુણ્યની ઈચ્છા નહિ, પાપની એને ઈચ્છા છે (નહિ.) આહાહા! સમજાણું કાંઈ? અર્થમાં છે ને 'दौरधूप'—ભટકના. દૌરધૂપ એટલે ભટકવું. દૌરધૂપ.

અર્થ : 'जैसे किसी चांडालनीके दो पुत्र हुए. उनमेंसे उसने एक पुत्र ब्राह्मणको दिया और एक अपने घरमें रखा । जो ब्राह्मणको दिया वह ब्राह्मण कहलाया और मद्य—मांसका त्यागी हुआ, पर जो घरमें रहा वह चांडाल कहलाया और मद्य—मांसभक्षी हुआ'. એમ એક વેદનીય કર્મનાં પુણ્ય ને પાપ બે ભાવ. 'भिन्न-भिन्न नामवाले दो पुत्र हैं, दोनोंमें संसारकी भटकना है'. આરે.... આ તો ભારે! શુભભાવ હો કે અશુભભાવ હો, એનાથી શુભબંધન કરો કે અશુભ બંધન કરો. આ એનાથી શુભ બહારનાં ફળ મળો કે અશુભ મળો, એ બધું સંસાર ભટકવાનું છે. કહો પોપટભાઈ! આ પૂર્વે કોઈ શુભ ભાવ બાંધ્યા હશે ને શુભભાવ થયા હશે, એનું બંધાણું પુણ્ય અને એનું બંધ્યું આ ધૂળ. (શ્રોતા : ધૂળ ક્યાં ? રૂપિયા છે નગદ માલ છે.) નગદ માલ છે, સડેલો માલ છે. આહા!

પુદ્‌ગલ ગંધાય......ગંધાય એવા છે. એ રજકણો આમ બહાર પાપનાં ઉદય હોય એટલે શરીરમાં કીડા પડે, નિર્ધનતા, અપમાન, ક્યાંય બોલાવે નહિ કોઈ, કાળું શરીર. પણ કહે છે, એ પણ અભિલાષા જોગ નથી. અને પછી પુણ્યને કારણે સુંદર શરીર, વાણી, સારી, જગતમાં આવો....આવો.....આવો.... આવો, પધારો.....પધારો....પધારો, એ પણ આ અભિલાષા જોગ (નથી) ને બે ય ચંડાળના દીકરા છે. એય! શેઠિયાને બોલાવે ઓલા આવો....આવો સાહેબ આવો.... સાહેબ, એમ. પધારો.... પધારો... પધારો... (શ્રોતા : ગરીબને કોણ બોલાવે ?) બેય એક જાત છે. પણ ઈ બોલાવે ને ઓલો ન બોલાવે. બેય પુણ્ય ને પાપનાં ફળ એક ચંડાળણીનાં દીકરાનાં ફળ છે. આહાહા!

(શ્રોતા : ......) શું કહ્યું? પણ પૈસાવાળાને બેસાડે તે પૈસા લેવા હોય પાછા, ખંખેરવા હોય કાંઈક. પાંચ—દસ હજારના ખરડા માટે. હવે ન દે પણ એને ભાવ તો હોય ને ઓલાનો ત્યાં મોઢા આગળ બેસાડે. એને કહે ભાઈ, ખરડો થાય છે ભાઈ, લખાવો મોટાં પહેલા. હવે મોટા પહેલા લખાવે તેમ થોડામાં થોડા લખાવવા પડે એ કંઈ પાંચસો

ને સો–બસો ન લખાવાય, કરોડપતિ બેઠો હોય તો. પાંચસો ને એક અમારા લખો. સાહેબ પણ આંકડો પહેલો લખું તમારો નાનો પડે. દસ હજાર લખો. ત્યાં આ પોતે ખુશી થઈ જાય કે આહાહા! (શ્રોતા : કેટલા બધા આપ્યા) ઓલ્યો ય ખુશી થઈ જાય, આહાહા! બેય ચંડાળના પુત્ર સાંભળને હવે! સમજાણું કાંઈ? અને ઓલો નિર્ધન બેઠો હોય એકકોર ચંડાળ. કોઈ સામું જોતું ન હોય, શરીર કાળું અને પૈસા નહિ, વાંઝિયો વાંઢા. પણ એ તો બહારનાં પુણ્યનાં ફળની સામગ્રી એમાં આત્મા ક્યાં આવ્યો? આહાહા! સમજાણું?

જ્ઞાનવંત તો એને અભિલાષા નહિ કરતે હૈં. એટલે? કે આ નિર્ધનતા એ ઠીક નહિ અને સધનતા એ ઠીક. પુણ્ય ભાવ ઠીક ને પાપભાવ ઠીક નહિ. આમ આદર મળે ખમ્મા...ખમ્મા આદર તો મળે બહારનાં, એમ ધર્મી પુણ્ય ને પાપનાં બેય ભાવને, એનાં બંધનને અને એનાં ફળને બિલ્કુલ ઈચ્છતો નથી. ધર્મીની ભાવના તો અંતર આનંદને અંતરમાં વધારવાની હોય છે. આહાહા! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ પિંડ પડ્યો છે. ધર્મીની દૃષ્ટિ અતીન્દ્રિય ધ્રુવ ઉપર હોય છે. એને લઈને અતીન્દ્રિય આનંદવૃદ્ધિની ભાવના હોય છે. એને પુણ્ય-પાપ વધારવા અને એનાં ફળ લેવા, એ ભાવના ધર્મીની હોતી નથી. આહાહા!

આ તો પણ બહારમાં હો એવું દેખાય, એક રોટલો માગતો હોય ચંડાળ આમ.....એય બાપુ, કાંઈ આપજો. ઓલો ખાજાં ખાતો હોય રાજા. મખમલનાં કપડાં પહેરતો હોય, લાખ રૂપિયાની મોટરમાં નીકળતો હોય. અત્યારે મોટી હશે મોટર પહેલા, લ્યોને. છે ને ઓલી લાખની શું કહેવાય? લાખની લાખ..લાખ. ઈમ્પાલા. છે ને તમારે પૂનમભાઈને ઘેરે? ઈ ગઢડાવાળાને છે. નહિ બે જણા લાવ્યા? નહોતા ત્યાં ભીમડી... પહેલા ગ્યા'તાને બેય લાવ્યા'તા. આહા! અરે ક્યાં બેસે? કોણ બેસે? ક્યાં બેસે? આત્મા પોતાનાં ક્ષેત્રને છોડીને ક્યાંય જાતો–આવતો નથી. ક્યાંય બેસતો જ નથી. એ તો પોતાનાં આત્માનાં ક્ષેત્રમાં પોતે આત્મા છે. સમજાણું કાંઈ?

અજ્ઞાનીને આમ એવું લાગે ને આમ. સોનાની ખુરશી હોય હીરે જડેલી. છે ને આ દિલ્હીમાં નથી? મહેમાનોને ભાઈ જમવાનું. જોવા ગ્યા'તાને એક ફેરી. ખુરશીઓ બધી સોનાની હોં. ............ ત્યાં આપણા હતા ને ભાઈ સાથે. જયંતિભાઈ ડાક્ટર. નાનાલાલભાઈના જમાઈ છે ને ત્યાં મોટું–મોટું ભવન કેવું? (શ્રોતા : રાષ્ટ્રપતિ ભવન) હા, અને આમ જુઓ તો આહા! ને એમાં બેઠા હોય ને વાટકા ચાંદીનાં અને એમાં ઉકાળો હોય...ચા નાંખે. ઘણાં દુધ નાંખે. ચા હોય તો રાખે, ધૂળ હોય તો શું? અને

પતરવેલીયાનાં ભજીયા આમ. થાળી ય ચાંદીની પડી હોય આ ને હાથમાં આ. ધૂળેય નથી સાંભળને હવે! એ તો બધા પાપનાં ઉદયનાં જડનાં ફળ છે એમાં આત્મા ક્યાં આવ્યો એમાં?

અને નિર્ધન.....કાળાં શરીર, આંખ એક ફૂટી ગયેલી, એક સાધારણ દેખાવ અને સંભળાય નહિ. ઘેરે બાયડી નહિ, ઘેરે છોકરા નહિ, રળતાં દસ રૂપિયા મહિને આવડે નહિ. તોય આ બે ચીજો આત્માની નથી. બેય ચીજો જાણવા જેવી છે. એકેયને નકાર કરવો કે આ ઠીક ને આ અઠીક, એ માન્યતા અજ્ઞાનીઓની છે. આહાહા! કહો પંડિતજી, આ બહારમાં તો આ ભપકો ભારે લાગે ને! એય! અને મુંબઈમાં જુઓ હોટલું. જુઓને સગપણ કરે એવું કરે મુંબઈમાં જાય છે ને. બે હજાર માણસ આજે અમારા આવવાના છે. હુકમ કરી દે. એક એકમાં પાંચ-પાંચ હજાર, દસ-દસ, આઠ-આઠ હજાર, કોઈ કહેતું'તું. લ્યોને જે હોય તે. (શ્રોતા : આઠ તો સાધારણ હોટલમાં) મોટી હોટલમાં કહી દે જાઓ. અમારા બે હજાર માણસ આજે થવાના. દૂધ ને ફલાણું ને ઢીંકણું રાખજો. તમારે હોટલ લઈ લેજો જાઓ. કેટલા દસ-દસ રૂપિયા. વીસ હજાર લઈ લેજો એક. આહા! માળા ભેગા થાય ત્યાં.... એનાં મા—બાપ ગરીબ હોયને એનાં છોકરા આવાં હોય તે એને એમ થઈ જાય કે વાહ....વાહ! એ મોહનભાઈ ! છોકરે ઉજાળ્યુંને પણ! ધૂળમાં ય નથી સાંભળને!

આ રાંકા છે માળા ભિખારા. જડની મોટાઈથી, પરની મોટાઈથી આત્માની મોટાઈ માનનારા ધૂળ જડ છે. પોપટભાઈ! (શ્રોતા : જડ છે કે જડબુદ્ધિ છે?) જડ.....જડ જ છે. જેનો પર તરફનો ઉપયોગ જડ છે તો આને માનનારા તો જડ છે. એય, આહાહા! અચેતન, પાગલ છે, મરી ગયેલા મડદાં છે. આહાહા! દીનતાને દેખીને ઉહં....ગંધાય શરીર, રોટલા પચે નહિ, બાયડી મળે નહિ. દસ ફેરી જાય ત્યારે માંડ (રોટલાના)ટુકડા ટુકડા મળે. પણ ઈ તો બહારની ચીજો એને આત્માની સાથે કાંઈ સંબંધ નથી. આહા! સમજાણું કાંઈ? એમાં ઈ નિર્ધનતા આદિને ઠીક નહિ માને અને સધનતાની શોભાને ઠીક માને, મૂઢ છો, કહે છે. પોપટભાઈ, ભારે વાતું આવી હોં. આહા!

કહે છે, ભગવાન સાંભળને પ્રભુ! તું તો ચૈતન્યની જ્યોત છો ને નાથ. આહાહા! તારાં પરિણામ જે છે નિર્મળ, એ પણ પર્યાયનો એક અંશ. તારા માલ આગળ તો એ અંશેય બારદાન છે. આહા! એને ઠેકાણે પુણ્ય ને પાપનાં ભાવ એની ગણતરી જ્ઞાનીને હોતી નથી. આહાહા! ભારે કામ ભાઈ આવું! સમજાણું કાંઈ? ભલે છ ખંડના રાજમાં દેખાય અને સાતમી નરકનાં નારકીનાં સ્થાનમાં દેખાય સમકિતી. સાતમી નરકનાં નારકી.

૨વ-૨વ નરકે સમકિતી દેખાય. તો પાપ કરીને ગ્યો ન્યાં થયું ભાન, આત્માનું ભાન થયું. આ નરકની વેદના ને આ, તારું નથી. આ કરતાં અનુકૂળતા હોય તો સારી, એમ જ્ઞાનીને હોતી નથી. આહાહા! સમજાણું કાંઈ?

આ ઈન્દ્રનાં અવતાર થાય સમકિતીને. ઈન્દ્રાણીઓ કરોડો ખમ્મા. ખમ્મા ને મોટા દેવો હાથીનાં રૂપ ધારણ કરીને માથે ચડે ઈન્દ્ર. તો ય એ સમકિતી જ્ઞાની, આ સારું થાય છે ને આ ઠીક છે, એમ માનતો નથી. આહા! સમજાણું કાંઈ? માળા પણ બહારની આ બધી ભપકાની લાલચું. અઢાર હાથી, આહાહા! જાણે શું છે એને! તે દિ' નહિ જયપુર? રથયાત્રા નીકળી તો અઢાર હાથી, અઢાર ઊંટ અને કેવા બીજા? ઘોડા—ઘોડા. ૨૫-૩૦ હજાર માણસ હોં રથયાત્રામાં છેલ્લું. લોકો શું છે પણ આ? ભાઈ! એ તો કીધું, પુણ્યનાં ઠાઠની વાતું બાપા. આમાં કંઈ આત્મા નથી એક આ. સમજાણું કાંઈ? પંડિતજી હતા કે નહિ જયપુર? (શ્રોતા : થા) આ ફેરી કાંઈ કરવા માંડે જરી. એક દિ' આમ છે ને તેમ છે ને, એવાં આવ્યાં સમાચાર. ... છે ને એમાંથી વળી એક દિ'—બે દિ' પછી કરવું અમારે વરઘોડા, પણ દિવસ કે દિ' હતા આંહી? આહા!

અરે! એની શોભા તે અંદર છે. એ આનંદનો નાથ જ્યાં આનંદની કળાથી ખીલે, ઈ એની શોભા છે. બાકી બહારની ધૂળની શોભા ને અશોભા એ કંઈ એની છે (નહીં). આહા! ભારે આકરું પડે માણસને હોં. સુંદર આમ શરીર અને આમ મખમલનાં ઝભ્ભા પહેર્યાં હોય, મખમલની ટોપીઓ, મખમલનાં ગાદલે બેઠો હોય, આહા! જાણે લાગે જાણે મોટો હોં. બાપુ પણ ઈ તો જડ છે બધું. ઈ જડમાં ને રાગમાં બેઠો માન, ઈ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. અને સાતમી નરકનો નારકી સમકિતી, એ આત્માનાં ભાનમાં બેઠો છે ઈ. ભલે અંદર ૨વ—૨વની વેદના બહાર, સમજાય છે? એ અઠીક છે મને, એમ એ માનતો નથી. એ તો જ્ઞાનનું જ્ઞેય છે, એમ માને છે. આહાહા! સમજાણું કાંઈ?

ધર્મી જીવને કોઈ ઓળખે તો એની કિંમત થાય, એમ હશે? અને ન ઓળખે તો એની કિંમત ન થાય, એમ હશે? સમજાણું કાંઈ? આહા! બહારમાં એમ કે વખાણ મારાં થાય, દુનિયા કહે મોટો છું, સારો છે. આહાહા! આમાં કંઈક ઠીક કરે છે. આમાં મોઢા આગળ પડવા મથે બિચારા! ક્યાંક ક્યાંક મોઢા આગળ પડીને અમે કંઈક ગણાઈએ, અમને ગણાવીએ જડમાં. આહા! સમજાય છે કાંઈ? એમાં એ મોટપ મને. મૂંઢ છો, કહે છે. ભારે આકરું કામ ભાઈ આવું!

અને પોતાની હીણી દશાને ઢાંકવા માંગે. સમજાય છે? આહા! એક તો કાળી બાયડી હોય, એને આંખ ફૂટેલી હોય. પછી આમ સાડલો આમ આડો રાખીને પણ આંખ

ન દેખાય એમ કે. આહાહા! શું છે પ્રભુ તને આ? શું થયું આ? તું સચ્ચિદાનંદ અનંત આનંદનો નાથ છો. એની આ આંખ એની કાંઈક ઓછી થઈ એ માટે શરમાવ છો. છે શું તને? (શ્રોતા : સમાધાન....) એ સમાધાન હોય જ ત્યાં, એ કરવું નથી. આહા! અરે! હું તો આનંદ ને જ્ઞાન છું. આ પ્રતિકૂળતાનો સંયોગ તો જડની લીલા છે, એ મારી છે (નહિ.) આહાહા! સમજાણું કાંઈ?

એને ધર્મ કહીએ. ધર્મ આ બધા સામાયિક ને પોષા પડિક્કમણા કર્યા માટે ધર્મી છે. ધૂળે ય નથી સાંભળને! આહાહા! ધર્મ તો ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ આનંદનો સાગર, એને પુણ્ય ને પાપનાં રાગથી ભિન્ન પાડી સ્વભાવમાં એકાગ્ર થઈએ જે કળા આનંદની જાગે, એને ધર્મી અને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મી પુણ્ય ને પાપ બેયમાંથી એકેયને ઈચ્છતો નથી. છેલ્લું ઈ છે ને? 'यातैं ग्यानवंत नहि कोउ अभिलाख्यौ है'. આહાહા! જગતની મીઠાશ. એક તો શુભભાવ થાય એની મિઠાશ. એના બંધનમાં શાતા બંધાય, એમ સાંભળે ત્યાં વળી ત્યાં એની મિઠાશ અને એનાં ફળ આવાં મળે બહારમાં. આહા! મોટા બંગલા, તૈલ ચિત્ર શું કહેવાય આ બધા? તૈલચિત્ર શું કહે ઈ બધું? (શ્રોતા : ઓઈલ પેઈન્ટિંગ) ઓઈલ પેઈન્ટ કરે આખું ભીંતો અને એમાં ચિતરામણ મોટા અને એમાં વચ્ચે બેઠો હોય.

અરે, મોટો લાકડાનો મોટો.....આરસપહાણનો લ્યો. ૨૫–૫૦ બેસે અને પછી પાછળ.... ચાંદીની થાળીઓ, પતરવેલિયાનાં ઓલા ભજીયા ને ભગવાન તું ક્યાં છો? ન્યાં છો? (શ્રોતા : .....) એ બધાંની તો તારામાં નાસ્તિ છે. એ બધાંની તો તારામાં નાસ્તિ છે. આહાહા! આંહી તો પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થા થાય, એ તારા ચૈતન્યમાં નથી. આંહી સુધી લઈ લેવું. અરે! છઠ્ઠી ગાથામાં આવ્યું ને. આ પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થાઓ થાય, ધ્રુવમાં કોઈ પર્યાય છે નહિ જાવ. આહાહા! એવો ભગવાન આત્મા જેમ દૃષ્ટિમાં અને અનુભવમાં આવ્યો, એને આ હીણી અને અધિકતાની કોઈ ચીજમાં પોતાપણું માનતો નથી. આહા! એનું નામ ધર્મ છે. ધર્મ તે આમ કર્યા ને આ કર્યા માટે ધર્મ થઈ ગયા! સમજાણું કાંઈ?

'यातैं'—આ કારણે. કયા કારણે? શુભ અને અશુભ ભાવ બેય ભટકવાનો રસ્તો છે. ઈ એનાથી સંસાર ટળવાનો એ રસ્તો નથી, એમ કહે છે. ભારે કામ ભાઈ આવું! આ બધી શોભાવતારની વાત કરી હોય એ મૂલચંદભાઈ. દસ–વીસ હજાર માણસ હોય ને પતરવેલિયા ઉડતા હોય ને શ્રીખંડ ખાતા હોય ને......મંગળિક કરીએ છીએ અમે જાઓ. હવે ધૂળે ય નથી મંગલિક સાંભળને! એય! આરે.....ભારે વાત! મંગળિક તો

એને કહીએ, એ પુણ્ય-પાપનાં વિકલ્પોથી હું જુદો, એનાં બંધનનાં રજકણોથી જુદો, આ એનાં ફળથી એમાં હું નહિ, એ મારામાં નહિ. એવા જુદાનું ભાન કરે તેને અહીં મંગળિક અને એને શોભનીક આત્મા કહેવામાં આવે છે. આહા! પાંચમાં જણાય એ તો ઠીક કહેવાય. સાધુ થાય ને કંઈ વાંચતા આવડે અને લોકો સભા રાજી થાય તો સાધુ થયા ઈ સફળ અને નહિ તો એને આવડે નહિ વાંચતા, એકકોર બેસી રહે એ સાધુ કહેવાય? મૂરખ છો સાંભળને હવે! આહા! વાંચતા આવડે-ન આવડે ઈ તો જડની ક્રિયા છે. અને બહારનો ઉઘાડ છે, ઈ પણ જડ છે. એમાં તારી મોટપ છે એને લઈને? આહાહા! ભારે વાત ભઈ!

આંહી તો કહે છે કે ઈ ખરેખર તો પુણ્ય ભાવ પાપ અચેતન છે માટે ધર્મી તેને ઇચ્છતો નથી. પણ ખરેખર તો પરનાં ઉપયોગ તરફનું વલણ છે ચૈતન્યના ઉપયોગનું, એ પણ અચેતન છે, દુઃખદાયક છે, માટે તેને પણ ઇચ્છતો નથી. આહાહા! આવા અજર પ્યાલા છે ભગવાનનાં માર્ગનાં. વીતરાગ પરમેશ્વર સમકિત એને કહે છે. આહાહા! સમજાણું કાંઈ? 'ज्ञानी लोग दोनोंही की अभिलाषा नहीं करते'. આહાહા! અજ્ઞાનીએ જરીક પુણ્ય કર્યાં, ત્યાં જુઓને આ મેં કર્યું, જુઓ મારું આ જાણપણું, જુઓ અમે બીજા કરતાં ડાહ્યા. કાંઈ ગણો તો ખરા! એને ગણાવું છે સંસારમાં રખડવામાં. એય! રખડનારામાં અમને ગણો. આહા!

ભાઈ, ધર્મ તો એને કહીએ. પુણ્ય-પાપનાં ભાવ અને એનું બંધન અને એનું ફળ, બધાથી મારી ચીજ તો જુદી છે. મારાં સ્વરૂપમાં એ કોઈ ચીજ છે (નહિ.) પુણ્ય-પાપનાં વિકલ્પો કેવા મારી ચીજમાં? આહા! એ તો પ્રમાણજ્ઞાનની અપેક્ષાએ, પણ દ્રવ્યનાં ભાનની અંદરમાં તો પર્યાય પણ મારામાં નથી. એવું જે ધર્મી આ ધર્માત્મા જ્ઞાની, પર્યાય પણ આવી કરું એવી એને જેની ઇચ્છા નથી. એને પુણ્ય કરું એવો ભાવ જ્ઞાનીને હોતો નથી. સમજાણું કાંઈ? એ બીજું. બીજો કળશ થયો ઈ. ચંડાળણીનો કીધો હોં.

એમ શુભભાવ કરનાર એમ માને. 'અમને હિંસા ખપે નહિ. વિષય સેવવો ખપે નહિ અમારે આ ખપે નહિ'. ઓલો બ્રાહ્મણને ન્યાં ગયો ને ચંડાળ એનો દીકરો. 'અમારે દારુ-માંસ ખપે નહિ, અમારે એને ખપે નહિ, એને અડવું ખપે નહિ.' એમ શુભભાવની ક્રિયાવાળો 'અમને આ માંસ ખપે નહિ, આ પરસ્ત્રી ખપે નહિ, ફલાણું ખપે નહિ. અમારે માટે કરેલો આહાર ખપે નહિ.' એવા જે શુભવિકલ્પમાં પડ્યો એ અશુભ મારે ખપે નહિ, એમ માનીને શુભ મારી ચીજ છે એમ માને છે. એ ચંડાળનો દીકરો ચંડાળણીનો છે ઈ. (શ્રોતા : પણ બ્રાહ્મણ તો છે.) કે દિ' થયો'તો બ્રાહ્મણ? (શ્રોતા : બ્રાહ્મણના ઘેરે ગયો

ને) બ્રાહ્મણ ઘરે ગયો એમાં ઘરમાં ક્યાં દીકરો આવ્યો? એ તો ચંડાળણીનો પુત્ર છે, એમ કહ્યું છે અંદર.

શુભભાવવાળો એમ કહે, મને આવું અશુભ ખપે નહિ, આવું ખપે નહિ. ચંડાળણીનો દીકરો બ્રાહ્મણને ઘેરે ગ્યો. આ મારે ખપે નહિ. એવું આ અશુભભાવ અમને ખપે નહિ. તારો શુભભાવ જ બંધનું કારણ છે, સાંભળને હવે! ઓલા જાણે, 'આવું મને ખપે નહિ. આવું અમને ખપે નહિ. આવું અમને ખપે નહિ. અમારે શુભભાવ ખપે.' સમજાણું કાંઈ? અને અશુભભાવવાળો કહે, 'અમારે વાંધો નહિ હવે ગમે તેવું હોય. પાપ કરીએ તો વાંધો નહિ. ફલાણું કરીએ તો'. બેય માળા ચંડાળણીના દીકરા વિભાવનાં પુત્ર છે બેય. ભગવાન આત્મા એ વિભાવની પરિણતિથી તદ્દન જુદો છે. એનું જેને ભાન છે એને બેમાં ક્યાંય ભેદ પાડતો નથી. બેમાં એકેયને ઇચ્છતો નથી.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

હવે પછીના કાળના વિશે પણ તે પ્રકારે તેની સ્થિતિ છે. એવો ને એવો ભગવાન વર્ણ, રસ, ગંધ, સ્પર્શ વિનાનો, એકરૂપ રહેવું. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય. અસંખ્ય જેવો પ્રદેશ એનો સ્વભાવ આનંદકંદ છે. સ્વભાવ ને ક્ષેત્રે તે સ્થિતિ છે. કોઈ પણ કાળે તેનો અસંખ્યાત પ્રદેશપણું, ચૈતન્યરૂપ. જુઓ, આટલા વિશેષણ આપ્યા એના અસંખ્ય પ્રદેશ છે. કોઈ વખતે ઓછા વત્તા થતા નથી. અસંખ્ય પ્રદેશ છે. આ તો બધી અરૂપી ભિન્ન ભગવાન છે. જેમ પાણીના કળશામાં પાણી જુદું છે, કળશો જુદો છે. એમ આ (દેહ) કળશો છે કાશીઘાટનો છે. એમાં આ અરૂપી ભગવાન જુદો છે એનો આકાર. કળશો હોય છે ને કળશો! એનો આકાર હોય છે ને! એવો જ આકાર પાણીનો, પણ બેયનો જુદો. પાણીનો આકાર પાણીને લઈને, કળશાનો આકાર કળશાને લઈને. એમ લોટાનો આકાર. શરીરનો આકાર શરીરને લઈને અને આત્માનો અરૂપી આકાર પોતાનો લઈને. બેય જુદી જુદી ચીજ છે.

**નાટક સમયસાર પ્રવચન નં. ૭નો અંશ**

## પ્રવચન નં. ૫૪, ફાગણ વદ ૧૪, ગુરુવાર, તા. ૨૫-૩-૧૯૯૭
## પુણ્ય-પાપ એકત્વ દ્વાર પદ ૩ થી ૭ ઉપર પ્રવચન

આ સમયસાર નાટક. ૩જું પદ છે ને બીજો કળશ. ભાવાર્થ છે ને ભાવાર્થ. 'जिस प्रकार पापकर्म बंधन है तथा संसारमें भ्रमानेवाला है'. આત્મામાં હિંસા, જૂઠું, ચોરી, વિષય, રાગ–દ્વેષ આદિ ભાવ અશુભ—એ પણ સંસારમાં રખડવાની વાત છે અને 'पुण्य भी बंधन है'. અને શુભભાવ–દયા, દાન, પૂજા, વ્રત, શીલ, સંયમાદિ—એ ભાવ શુભ છે. એ પણ બંધન છે, રખડાવે એવું છે. (શ્રોતા : આમાં રખડાવે એવું નથી લખ્યું). આવ્યું છે ને કહે કે અમને ખપે નહિ, એવું અર્થમાં આવ્યું છે. 'दुहूं मांहि दौर धूप'. એમ લઈને મળાવ્યું છે. બસ, બેય રખડાવનારા છે. એમાં પણ દૃષ્ટાંતનું સિદ્ધાંત એવું લીધું છે કે ચંડાળણીને બે દીકરા હોય; એક જાય બ્રાહ્મણને ત્યાં અને એક રહે એને ઘરે, ચંડાળીને ત્યાં. ચંડાળણીને (ત્યાં) રહે ત્યાં એને તો દારૂ–માંસ આદિ ખપે ને એને ત્યાં દુર્ગંછા ન હોય. પણ બ્રાહ્મણને ઘરે ગયો એ ચંડાળણીનો દીકરો, એને મદ્ય–માંસ ખપે નહિ, દારૂ ખપે નહિ, અમે કોઈને અડીએ નહિ, એમ એને માને; પણ છે તો ચંડાળણીનો દીકરો. (શ્રોતા : અમારામાં લાગુ પાડી દ્યો). કહેવાય છે ને હવે.

એમ પાપ ગૃહસ્થાશ્રમી જીવ, ઈ તો કહે કે અમારે તો પાપ ખપે, હિંસા, ચોરી, દુકાન, ધંધા એ અમારે તો હોય. એ અશુભ ભાવ છે. પણ સાધુ નામ ધરાવી, ગૃહસ્થ નામ ધરાવી, ધર્મ(માને) અને એનો એવો શુભ ભાવ હોય કે 'અમારે વિષય કષાય ખપે નહિ. અમારે માંસ-દારૂ ખપે નહિ. અમારે માટે આહાર-પાણી કરેલો ખપે નહિ, અમારે ધંધા-પાણી જગતના કરવા ખપે નહિ'. એવો જે શુભ રાગ એ પણ ચંડાળણીના પુત્રની જેમ વિભાવ છે. સમજાણું કાંઈ? (શ્રોતા : મુનિને ખપે એ બધું?) ખપે નહિ. ખપે નહિ પણ ભાવ છે ને શુભ. 'ખપે નહીં, ખપે નહીં', માં વિકલ્પ ઊઠે છે ઈ તો વિભાવ છે, અધર્મ છે. ઝીણી વાત છે.

આત્મા આનંદમૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ છે. એ તો જ્ઞાન ને આનંદનો સાગર આત્મા છે. એમાંથી આ વૃત્તિ ઊઠે, બેય દુઃખરૂપ છે, બેય ઝેર છે. એમાં તો એમ કહ્યું છે, એક સોનાની બેડી, ઓલા કર્મબંધની અપેક્ષાએ. સોનાની બેડી ને લોઢાની બેડી. શુભભાવ વાળો એમ કહે કે 'અમારે ખપે નહીં, અમારે ખપે નહીં. હિંસા ન કરીએ, જૂઠું ન બોલીએ, વિષય ન સેવીએ'. પણ એ તારો ભાવ છે ઈ શુભ ને રાગ છે. પંડિતજી! ઈ

વિભાવનો પુત્ર છે. જેમ અશુભ ને વિભાવ વિકારીનો ઈ જન્મેલો છે, એમ આ દયા, દાન, વ્રત—અમારે હિંસા કરવી નહીં, અમારે અવ્રત ન હોય, અમારે ફલાણું ન હોય—એ બધી વિકલ્પની વૃત્તિઓ છે. એ વૃત્તિ પણ વિકારની દશાથી ઉત્પન્ન થયેલી છે. ચંડાળણીના પુત્ર છે ઈ. કહો ભીખાભાઈ! આરે ભારે ભાઈ!

'અમારે તો બરાબર દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો જ જોઈએ—અવિનય ન કરીએ' અવિનય ન કરીએ, એવો વિકલ્પ હોં! સમજાણું કાંઈ? 'અમે તો કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને ન માનીએ', એવો જે વિકલ્પ શુભ, એ પણ વિભાવનો દીકરો છે, દુઃખદાયક છે, આત્માની શાંતિનો લૂંટનારો છે. સમજાણું કાંઈ? (શ્રોતા : ........)....બેસે કોણ? પોતે સદ્‌ગૃહસ્થ, બેસાડે કોણ? આત્માના પરિણામ પોતે અંદર બેસાડે, બીજું કોણ બેસાડે? આહાહા! ભગવાન આત્મા, વસ્તુ છે ને અંદર આત્મા! પદાર્થ છે ને સત્વ છે ને! એ સત્વમાં તો આનંદ ને શાંતિ ને સ્વચ્છતા ને પ્રભુતા અનંતી પડી છે. એમાં પરિણામને જોડી દે તો એ પરિણામ શુદ્ધ છે. એ પરિણામ અબંધના પરિણામ છે, એનું નામ ધર્મ છે. ભારે ભાઈ! સમજાણું કાંઈ?

પણ જે પરિણામમાં અશુભતા છે. ગૃહસ્થો, અમારે ભોગ ખપે, અમારે વિષય કષાય ખપે. અમારે ધંધા....અમારે શું ગૃહસ્થી છે ને. ઓલો ચંડાળણીનો દીકરાને અમારે માંસ દારૂ ખપે, એમ અમારે ખપે, એમ આ. બેય અજ્ઞાની અશુભના સેવનારા અને શુભના સેવનારા, એમ કહે છે. આ તો આત્માનો માર્ગ ભાઈ! બહુ માર્ગ! પ્રભુ આખો આત્મા! ઈ વિકલ્પ ઊઠે છે એ તો ક્ષણિક વિકાર છે અને વસ્તુ ભગવાન આત્મા તો આનંદનું ધામ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત જ્ઞાન ને આનંદનું ધામ છે. એમાંથી ફૂટે અંકુરો તો આનંદને અતીન્દ્રિય શાંતિ આવે. આહાહા! ભારે જગતને! શું પણ ત્યારે હવે અમારે કરવું? કહે. લ્યો, એ આવશે પછી શ્લોકો ને ઈ બધું......તો કરવું શું અમારે? આઠેક કળશ છે આઠ. આ બધું નિષેધ હો, તો અમારે (કરવું શું?) એ બધી નિષેધિ પાંચમા કળશમાં આવે છે.

પાંચમો કળશ, આ તો હજી શરૂઆત છે ને. પાંચમો કળશ. કહે છે, પ્રભુ! તમે તો બધું નિષેધ કરો છો, પણ ત્યારે હવે અમારે કરવું શું? એમ કહે છે. કહે છે, ભાઈ! તું આત્મા છો કે નહીં? કોઈ ચીજ છે કે નહિ? તત્ત્વ આત્મા છે કે નહીં? ને આત્મામાં વિકારનો કણ પણ નથી. એ તો અખંડાનંદ પ્રભુ શુદ્ધ સચ્ચિદાનંદ આત્મા છે. એમાં એકાકાર થવું, એ કરવાની ક્રિયા છે. તો આ બેય કહે છે. એક જણ શુભ ભાવ નહીં સેવીને અમારે વાંધો નથી, એમ કહે છે. બીજો શુભ ભાવને સેવી, 'અમારે આ ન ખપે,

આ ન ખપે, ન ખપે' એમ શુભ ભાવમાં રહે છે. એ પણ વિકારી પર્યાય છે શુભ ભાવ, બંધનનું કારણ છે. ચંડાળણીનો પુત્ર–વિભાવનો દીકરો છે. એ કંઈ આત્માનો પુત્ર નથી. આવી વાતું! એને તો લોકો ધર્મ માને છે. મુનિ થાય પેલામાં લખ્યું છે કળશમાં એમ કે મુનિ થાય, સાધુ થાય, અમારે ન ખપે. અમારે આ ન ખપે. શુદ્ધ ઉપયોગની તો ખબર ન મળે. અને 'આ ન ખપે, આ ન ખપે' એવા શુભ ભાવમાં રોકાઈ......કળશ ટીકા(શ્લોક-૨). આ પુણ્યનો અધિકાર છે.

'ભાવાર્થ આમ છે કે શુદ્રાણીના પેટે ઉપજ્યો છું, એવા મર્મને જાણતો નથી'. કોણ? એ બ્રાહ્મણના ઘરે ગયો, ચંડાળણીનો પુત્ર. 'હું બ્રાહ્મણ, મારા કુળમાં મદિરા નિષિદ્ધ છે' એમ જાણીને મદિરા છોડે છે. પણ વિચારતાં ચંડાળ છે. એમ કોઈ જીવ શુભ ઉપયોગરૂપી થતો–શુભ ઉપયોગ, શુભ ઉપયોગમાં આવતો થકો, યતિ ક્રિયામા મગ્ન થતો થકો–સાધુની ને શ્રાવકની ક્રિયા વ્યવહારમાં મગ્ન લીન થતો થકો, શુદ્ધ ઉપયોગને જાણતો નથી. શુભ ને અશુભ બે ય પરિણામથી રહિત આત્મા શુદ્ધ સ્વરૂપ ભગવાન છે, એવા શુદ્ધ ઉપયોગને તો જાણતો નથી. આહાહા!

અહીંયા વાડાવાળાને તો એવું લાગે, માળો આ ધર્મ ઉથાપી નાખ્યો. (શ્રોતા : ધર્મ ક્યાં હતો?) માને છે ને એવું. અત્યાર સુધી માન્યું'તું ને. માન્યું છે ને આ અમારો ધર્મ છે. ભગવાનની ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત, શીલ, સંયમ એમ ધર્મ બીજો કયો? પાપ છોડીને કરવું એ ધર્મ. એ નહીં, પાપ છોડીને શુભ ભાવ થાય, એ પણ ધર્મ નહિ, એમ કહે છે. કહો. કહે છે, શુદ્ધ ઉપયોગને તો જાણતો નથી. યતિ ક્રિયામાં મગ્ન થયો, કેવળ યતિ ક્રિયામાં તો મગ્ન છે એ એમ માને છે કે, 'હું તો મુનિશ્વર, અમને વિષય કષાય સામગ્રી નિષેધ. અમારે વસ્ત્ર ખપે નહિ, અમારે પાત્ર ખપે નહીં, અમારે આ ખપે નહિ, અમારે માટે બનાવેલ આહાર ખપે નહિ.'—પણ એ તો બધો વિકલ્પ છે, એ તો શુભ રાગ છે. આહાહા!

એ તો વૃત્તિ ઊઠે છે. મગ્ન એવું માને છે, લ્યો. એમ જાણીને વિષય રસ સામગ્રીને છોડે. પોતાને ધન્યપણું માને. ધન્ય, આપણે છોડીને સાધુ થયા. ધૂળેય નથી સાધુ, મિથ્યાદૃષ્ટિ છે સાંભળને! આહાહા! (શ્રોતા : મિથ્યાદૃષ્ટિનો ગુનો બહુ મોટો.) બાદશાહી ગુણસ્થાન છે. બાદશાહને જેમ નામ હોય બધે ચાલે, એમ બધે ઠેકાણે આ છાપ પડે. એક સૂક્ષ્મ પણ રાગના કણને પોતાનો માનીને લાભ માને, અરે, એ લાભ પણ એક કણ છે એ મારો માને, સંસાર છે, મિથ્યાત્વ છે. કહો સમજાણું કાંઈ?

ભગવાનની એવી વિનય, વિનય, વિનય, વિનયવાળો ઓહોહો! –'અમારે તો

વિનય ભગવાનનો કરવો છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય જ કરવો છે. વિનયથી જ અમારો મોક્ષ થશે' (શ્રોતા : શાસ્ત્રમાં આવે છે, વિનયથી જ મોક્ષ થશે.) કયો વિનય? પરદ્રવ્ય અનુસારનો વિનય, એ તો વિકલ્પ છે. એ સેઠી! (શ્રોતા : નહીં કરના ચાહિયે?) નહીં કરના ચાહિયે, પણ કોણ કહે છે? કોણ કરતે હૈ (શ્રોતા : કરવાની વાત જ ક્યાં છે?) આતે હૈ વિકલ્પ, ઉસકો દુઃખરૂપ જાનના, પણ અપના સ્વભાવ તરફ દૃષ્ટિ લેના, ઐસા બાત હૈ. એ પંડિતજી! શેઠીને ને શું કરવું? પહેલા તો ભડકતા'તા શરૂઆતમાં તો, હવે જરી.......ક્યા કહતે હૈ? આકરું કામ ભાઈ! ......છોડે છે. ધન્યપણું માને, મોક્ષમાર્ગ માને, પરંતુ વિચાર કરતાં તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, જુઓ.

શુભ ક્રિયામા પોતે ધર્મ માને, વ્રત અને નિયમ અને શીલ 'અમારે ન ખપે, અમારે ન ખપે' પણ આ તારે ખપે છે શુભ ભાવ. એય! આરે, ભારે આકરું કામ છે! કર્મબંધને કરે છે, લ્યો. કહે છે, જેમ એ પાપના ભાવ-હિંસા, જૂઠું, ચોરી, વિષય, પરિગ્રહના પરિણામ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ—એ પાપના ભાવ છે, એ બંધન છે અને સંસારમાં રખડાવનારા છે. એમ પુણ્ય પણ બંધન છે. પરદ્રવ્યનો આશ્રય કરીને જેટલા પરિણામ થાય, એ બધા બંધનના કારણ છે. આહાહા! ભારે કામ ભાઈ!

ત્રણ લોકના નાથ તીર્થંકરની વાણી સાંભળવાના ભાવ થાય, ઈ પુણ્ય થાય, એ બંધનું કારણ છે, એમ કહે છે. આહાહા! બાપુ! તું ક્યાં ખાલી છો? ગુણ ને આનંદથી ક્યાં ખાલી છો કે તું પરને અનુસરીને પરિણામ કરવા જાય છે? એમ કહે છે. આહાહા! 'તું તો ભગવાન છો', પણ બેસે કેમ? ભગવાન છો! સાક્ષાત્ ભગવાન છો! પરમાત્મા પોતે જ પોતે પરમાત્મા અંદર આવ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? પરિપૂર્ણ ગુણે શાંતિએ, આનંદે પરિપૂર્ણ પ્રભુ છું, એવા પરિપૂર્ણ પ્રભુ પર દૃષ્ટિ કર્યા વિના જેટલા આવા પરિણામ શુભ ને અશુભ થાય, એ બધાં ઝેર જેવાં, બંધન જેવાં, દુઃખદાયક છે. કહો સમજાણું આમાં? કહો મલુકચંદભાઈ!

ઓલો બિચારો દુકાન છોડીને બેસે, બ્રહ્મચર્ય લઈને બેસે અમારે પરણવું નથી, લ્યો. તો કહે કે મારે વિષય ખપે નહિ, પણ કયો ભાવ તારો? એ તો શુભ ભાવ છે. એ કાંતિભાઈ! (શ્રોતા : ધંધો—નોકરી છોડી દેશે તો......) ધંધો નોકરી છોડ્યો, એવો જે વિકલ્પ છે એ શું છે? એ જેઠાભાઈ! અહીં તો જુઓ. ઓળખો છો ને! કાંતિભાઈ બાળબ્રહ્મચારી, ૧૫૦૦નો પગાર છોડી દીધો, નોકરી છોડી દીધી. નોકરી જ કરવી નથી, કહે. ૧૫૦૦નો પગાર છે બહાર પ્લેનમાં. નોકરી છોડી દીધી, હવે ધંધોય નથી કરવો.

પણ અહીં તો કહેવું છે કે ઓલો શુભ ભાવ થાય ને, મારા નહીં—એ પણ પુણ્ય

છે, એમ કહેવું છે. ભાઈ! આ તો આખો અંતરનો આત્માનો માર્ગ છે. ભગવાન આત્મા! આહાહા! સમજાણું કાંઈ? ને આહીં સંતોષ માનીને બેસી જાય, અમે તો જાવજીવનું બાળ બ્રહ્મચર્ય વ્રત લીધું છે, અમે બાળબ્રહ્મચારી છીએ, અમે વિષય કષાયને સેવ્યા નથી, અમે બાયડી પરણ્યા નથી' તો શું થયું પણ એમાં તને? (શ્રોતા : રાગરૂપી બાયડીને તો પરણ્યો છો) વજુભાઈ! માર્ગ તો ખુલે ત્યારે બધું આમ નીકળે. ઈ શુભ ભાવ છે. સમજાણું કાંઈ? એ, પ્રકાશદાસજી! આવો માર્ગ છે આ! આહાહા!

નવમી ગ્રૈવેયકે ગયો જૈન સાધુ થઈને, ઈન્દ્રાણી ઉપરથી ચળાવા આવે તો ચળે નહિ, એવો એનો શુભ ભાવ; (પણ) ધર્મ નહિ. વિષયનો કેટલો (ત્યાગ) કે આમ ઈન્દ્રાણી ચળાવે (તો પણ ચળે નહીં), સમજાણું કાંઈ? એ તો વિકલ્પ છે, શુભ ભાવ છે, એ કંઈ ધર્મ નથી. શુભ ભાવથી રહિત ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળાનંદ સહજાનંદની મૂર્તિ છે આત્મા આહાહા! એની ખબરું ન મળે અને બહારમાં ભાષા ફેરવીને જાણે, ધર્મ થઈ ગયો અમારે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! 'उसका विपाक संसार ही है', દેખો. પુણ્યબંધ થઈને એનો વિપાક સંસાર જ છે. ક્યાં આવ્યું? પાનું ૯૭ બીજી લીટી. 'पुण्य भी बंधन है और उसका विपाक संसार ही है'. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં તો સ્વભાવ, જેમ અવિનાશી આત્મા પોતે અવિનાશી છે, એમ એના આનંદ ને જ્ઞાન આદિ શક્તિઓ પણ અવિનાશી છે. એ અવિનાશીના આનંદને પકડવો ને એમાં એકાકાર થવું, એનું નામ ધર્મ છે. કહો સમજાણું કાંઈ? પહેલો પક્ષ તો કરે શ્રદ્ધાનો કે આ ભગવાન આત્મામાં જવાથી વિકલ્પથી નિર્ણય પહેલો કરવો પડશે. અંતરમાં સ્વભાવને સ્પર્શ્યે ધર્મ થાય. પરદ્રવ્યના અનુસારે ચાહે તો શુભ હો કે અશુભ હો, બેય સંસારનો પાક આપનારા છે. આનંદનો આપનારા છે નહિ. આહાહા! 'दोनों एकही से है'. એ માટે બે ય એક જ સરખા છે. સમજાણું કાંઈ? 'पुण्य सोनेकी बेडी समान और पाप लोहेकी बेडीके समान है, पर दोनों बंधन है. હવે पाप-पुण्यकी समानतामें शिष्यकी शंका'—ત્રીજો કળશ નીચે.

हेतुस्वभावानुभावाश्रयाणां सदाप्यभेदान्न हि कर्मभेदः।
तद्बन्धमार्गाश्रितमेकमिष्टं स्वयं समस्तं खलु बन्धहेतुः।।३।।

ઓલો શિષ્યનો પ્રશ્ન છે. 'कोक शिष्य कहै गुरु पांहीं, पाप पुन्य दोऊ सम नाहीं।' શિષ્ય કહે છે કે મહારાજ, બેય સરખા ન હોય. એમ કાંઈ હોય? કેટલો ફેર? એક દુકાનમાં ધંધે બેઠો હોય, વેપાર કરતો હોય, કારખાના હલવતો હોય ને એક જણો

દુકાન છોડીને ત્યાગી થઈને મુનિ એકલો બેઠો હોય અને મહાવ્રત પાળતો હોય, કેટલો ફેર છે? કહો, જયંતીભાઈ! આ શિષ્ય પ્રશ્ન કરે છે. આહાહા! માર્ગ તો બાપા જુદી જાતનો છે. અંતર સચ્ચિદાનંદ પ્રભુ છે, એની એને ખબર નથી. કહે છે,

પાપ-પુણ્યની સમાનતામાં શિષ્યની શંકા (ચોપાઈ)

**कोऊ सिष्य कहै गुरु पांही।**
**पाप पुन्न दोऊ सम नाहीं॥**
**कारन रस सुभाव फल न्यारे।**
**एक अनिष्ट लगैं इस प्यारे॥४॥**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**ગુરુ પાંહી=ગુરુની પાસે. રસ=સ્વાદ, વિપાક. અનિષ્ટ=અપ્રિય.

**અર્થ :—**શ્રીગુરુની પાસે કોઈ શિષ્ય કહે છે કે પાપ અને પુણ્ય બન્ને સમાન નથી કારણ કે તેમના કારણ, રસ, સ્વભાવ તથા ફળ ચારેય જુદાં જુદાં છે. એકનાં (કારણ, રસ, સ્વભાવ, ફળ) અપ્રિય અને એકના પ્રિય લાગે છે. ૪. વળી—

**अर्थ :**–श्रीगुरुके समीप कोई शिष्य कहता है कि, पाप और पुण्य दोनों समान नहीं है, क्योंकि उनके कारण रस, स्वभाव तथा फल चारों ही जुदे-जुदे हैं । एकके (कारण, रस, स्वभाव, फल) अप्रिय तथा एकके प्रिय लगते है ॥४॥ पुनः

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એક મીઠાં લાગે. મહેન્દ્રભાઈ દેખાય, પૈસા દેખાય, હીરા માણેક દેખાય, લ્યો. (શ્રોતા : દેખાય જ ને) દેખાય જ ને. 'પિતાજી સાહેબ, આપને ત્યાં આવવું પડશે. આપ કહું તો પુત્ર છું, વિનયથી કહું છું તમને. હું કાંઈ તમારો ઓલ્યો નથી. તમારો સેવક છું'. આહાહા! બીજો ગાળ દેનારો મળે. એવો દીકરો–દીકરો હોય ને વેવાઈ હોય ને. ઈ પાપના ફળ છે, ઓલ્યું પુણ્યનું ફળ છે, એમાં આત્માને શું આવ્યું? (શ્રોતા : આત્માને મજા આવી). ધૂળે ય મજા નથી! આહાહા! આ ન્યાલભાઈ જેવો દીકરો કાને સાંભળે છે કે મગજમારી...મજા તો આવે છે ને. આબરૂવાળો માણસ મોટો બે કરોડ રૂપિયા (શ્રોતા : મને કાંઈ મળશે એવું યાદ આવે તો.)

આ તો સગપણ કર્યું'તું, ત્યારે પૂછ્યું નથી. આ એનાં બાપ ને કાકા બધા બેઠા ત્રણેય. ન હોય તો આપે નહીં. તો નો'હાલે, એવું ક્યાં.... માંડ્યું'તું. એનું કોણ માનતું'તું ત્યાં? પણ સાચી વાત છે કે નહીં? (શ્રોતા : ઈ તો પરદ્રવ્યનો પ્રેમ હતો.) પણ, આ

હિંમતભાઈ તો ડાહ્યા માણસ કહેવાય કે નહિ? તમને એણે પૂછવું જોઈએ કે નહીં કે કાકા, કહો મારૂં શું કર્તવ્ય છે? એનો હક્ક સોંપી દીધો. આહાહા! સારું લાગે એને ત્યાં. અને તે માનતો નથી, એ વળી પાપનો ઉદય માને. એ અશુભ ભાવ, બેય દુઃખદાયક છે. સમજાણું કાંઈ? આહાહા!

ભગવાન તો આનંદની મૂર્તિ છે. અતીન્દ્રિય આનંદનો સ્વામી છે આત્મા. એમાં આ વાત બેસે? વિકલ્પની લાગણીઓ કહે છે, પણ મને સરખું નથી લાગતું. શિષ્ય કહે છે, કારણ–કારણમાં ફેર છે, શિષ્ય કહે છે. પુણ્ય-પાપના બંધનના પરિણામમાં ફેર છે, એના અનુભવમાં ફેર છે, બંધનના સ્વભાવમાં ફેર છે અને ફળમાં ન્યારે ન્યારે છે. એક અનિષ્ટ લાગે. એક લાગે ખરાબ, એક લાગે ઠીક. બાયડી, છોકરા, કુટુંબ—આ બધું બે-ચાર પાંચ કરોડ રૂપિયા જુઓને એ તો જઈ આવ્યા છે ને. શું કહેવાય? બગીચામાં, સ્વીટ્ઝર્લેન્ડ. પણ ત્યાં એમ કહે, આ બધા મારા માનતા નથી, એવું જો સાથે ભેગું લાગે તો ખેદ થાય ત્યાં. આહાહા! કલ્પના છે કે નહીં? બીજી શું વાત છે? ઈ તો એને ઘેર રહેશે.

એક આમ લાગે કે આહાહા! મારે તો મોટા મોટા ગામના પ્રમુખો આવે સાંજે મળવા, બાગ બગીચા જોવા સારા. બગીચા કર્યા હોય, આરસપહાણના પથ્થર ગોઠવીને પુતળા ને પુતળીઓને ફલાણા, લ્યો. જોવા આવીને બેઠો હોય, ઓલું ખાય, લાડવા.... એને ત્યાં બેસે ને જાય આપણા કાઠીયાવાડી ત્યાં જાય, એને ઘરે જાય. પૈસાવાળો છે ને ત્યાં, એ જાય, સાચવે એને સારી રીતે. ત્યાં શું હવે? બાર મહીને ૫૦૦–૧૦૦૦નો ખર્ચો. કહેવું કે ન્યાલભાઈને ત્યાં ગ્યા’તા. કહે છે કે એ બધા પુણ્યના પ્રસંગો–પુણ્યના ફળ, બંધનના કારણ છે. આહાહા! અને નિર્ધનતા હોય, બાયડી ન હોય, છોકરો ન હોય, શરીર કાળું હોય, કંઠ હાલતો ન હોય, હોઠ તૂટી ગયેલો હોય, કાન કપાઈ ગયેલા હોય નાક–કાન, દસ–પચીસ રૂપિયાની મહિને રળવાની ત્રેવડ ન હોય. આ ખરાબ, કોને કહેવું ખરાબ? સાંભળને! આહાહા! સમજાય છે કાંઈ?

બે ય બહારની સામગ્રી છે, આત્મામાં કાંઈ છે નહિ. એને લઈને લાભ–નુકશાન કંઈ આત્મામાં છે નહિ. એમાં કલ્પના કરે કે ‘આ મને ઠીક છે, આ મને અઠીક છે.’ બેય પાપ ને બંધના કારણ છે. સમજાણું કાંઈ? ઠાઠમાઠ ને કપડાં પહેર્યા હોય ને મડદું શણગાર્યું હોય સરખું. છે તો મડદું કે નહિ આ? માથે શું કહેવાય? કલગી સાફા પહેરે, ૨૦ વર્ષનો જુવાન હોય, પરણવા જાય, દસ લાખ ખરચવા હોય અને મહેમાનો મોટા મોટા કેવા તમારા કાર્યકર્તા, ઈ ભેગા થાય. મોટાને ભેગા થાય માખણ ચોપડવા. જયંતીભાઈ! આહાહા. ભારે પુણ્યશાળી! શું છે પણ હવે? સાંભળને!

ઈ પૂર્વના શુભ ભાવ ઈ બંધન ઝેરનાં કારણ હતાં. સમજાય છે? એમાં ફળ ઈ તો અનિષ્ટ છે. એક લાગે અનિષ્ટ અને એક લાગે પ્યારા. આવા ભાવ સારા લાગે ને ખરાબ નિર્ધનતા એકલો હોય, જુવારના કુસકાના રોટલા મળે ખાવા અને આને મળે શ્રીખંડ ને પુરીઓ. બેયના સંયોગોમાં ફેર છે કે નહીં? ના, ના, કહે સાંભળને! બે ય સંયોગોમાં ફેર કાંઈ નથી. આત્માને શું છે એમાં? ગુરુ કે સમીપ શિષ્ય પૂછે છે, જુઓ. જુદે જુદે છે. એક કારણફેર, રસફેર, ફળનો ફરક. એક અપ્રિય અને એક પ્રિય લગતે હૈ. એના જવાબમાં કહે છે ગુરુ. ઈ પોતે જ જવાબ કહે છે, ખુલાસો કરે છે. (શ્રોતા : શિષ્યની શંકા ચાલુ છે.)

(સવૈયા એકત્રીસા)

**संकलेस परिनामनिसौं पाप बंध होइ,**
**विसुद्धसों पुन्न बंध हेतु-भेद मानीयै।**
**पापके उदै असाता ताकौ है कटुक स्वाद,**
**पुन्न उदै साता मिष्ट रस भेदि जानियै।।**
**पाप संकलेस रूप पुन्न है विसुद्ध रूप,**
**दुहूंकौ सुभाव भिन्न भेद यौं बखानियै।**
**पापसौं कुगति होइ पुन्नसौं सुगति होइ,**
**ऐसी फलभेद परतिच्छ परमानियै।।५।।**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—સંકલેસ=તીવ્ર કષાય. વિસુદ્ધ=મંદ કષાય. અસાતા=દુઃખ. કટુક= કડવો. સાતા=સુખ. પરતિચ્છ(પ્રત્યક્ષ)=સાક્ષાત્.

**અર્થ** :—સંક્લેશ ભાવોથી પાપ અને નિર્મળ ભાવોથી પુણ્યબંધ થાય છે, આ રીતે બન્નેના બંધમાં કારણ-ભેદ છે. પાપનો ઉદય અશાતા છે, જેનો સ્વાદ કડવો છે અને પુણ્યનો ઉદય શાતા છે, જેનો સ્વાદ મધુર છે, આ રીતે બંનેના સ્વાદમાં અંતર છે. પાપનો સ્વભાવ તીવ્ર કષાય અને પુણ્યનો સ્વભાવ મંદકષાય છે, આ રીતે બન્નેના સ્વભાવમાં ભેદ છે. પાપથી કુગતિ અને પુણ્યથી સુગતિ થાય છે, આ રીતે બંનેમાં ફળભેદ પ્રત્યક્ષ દેખાય છે. ૫.

**अर्थ** : संक्लिष्ट भावोंसे पाप और निर्मल भावोंसे पुण्यबंध होता है, इस प्रकार दोनोंके बंधमें कारण-भेद है। पापका उदय असाता है, जिसका स्वाद कडुआ है और पुण्यका उदय साता है, जिसका स्वाद मधुर है, इस प्रकार दोनोंके स्वादमें अंतर है। पापका स्वभाव तीव्र कषाय और

पुण्यका स्वभाव मंद कषाय है, इस प्रकार दोनोंके स्वभावमें भेद है। पापसे कुगति और पुण्यसे सुगति होती है, इस प्रकार दोनोंमें फल-भेद प्रत्यक्ष जान पड़ता है।।५।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? સંકલેશ પરિણામથી તો પાપ બંધ હોય લ્યો, કારણફેર છે. શિષ્ય કહે છે. માઠા—ભૂંડા પરિણામથી પાપ થાય અને વિશુદ્ધ પરિણામથી બંધ ફેર—પરિણામમાં ફેર છે, બંધના કારણમાં ફેર છે. શું કહ્યું? જે શાતા-અશાતા બંધાય છે, પુણ્યબંધ—પાપબંધ, તો કહે છે કે પાપ બંધના કારણ સંકલેશ માઠા પરિણામ છે અને સાતા બંધાય એના પરિણામમાં શુદ્ધ ભાવ છે, તો કારણમાં ફેર છે અને તમે કહો છો, 'બેય સરખા છે.' શિષ્યને શંકા છે. સમજાણું કાંઈ? 'विसुद्धसौ पुन्न बंध हेतु-भेद मानिये'. જુઓ કારણભેદ જાણીએ, એમ. 'पापकै उदै असाता ताकौ है कटुक स्वाद' પાપના ઉદયમાં અશાતા, એને લઈને કટુકસ્વાદ, નિર્ધનતા, આહાહા! બાયડી મળે તો એની સરખાઈ નહીં, કર્કશની ભાષા એકલી. સમજાય છે? એવા અશાતાના ઉદયને લઈને આખો દિ' ક્લેશ ક્લેશ ઘરમાં. ઈ અશાતાના ઉદયને લઈને કટુક સ્વાદ છે, લો.

'पुन्न उदै साता मिष्ट रस भेद जानियै'. અને પુણ્યનો ઉદય હોય તો દીકરા, બાયડી, છોકરા, કુટુંબ, ઓહોહો! કહ્યાગરા બધા એક વચન કહે છે. ભગવાન! આટલો ફેર પુણ્યના ફળમાં છે ને તમે કહો છો, ફેર કાંઈ નહીં, લ્યો. પાપના ફળમાં આટલો ફેર, પુણ્યના ફળમાં આટલો ફેર, તમે કહો છો બેઉ સરખા. 'पुन्न उदै साता मिष्ट रस भेद जानियै.' જુઓ, મીઠો લાગે ને ભેદ છે, કહે છે. બંધનમાં બંધનમાં હોં! 'पाप संकलेश रूप पुन्न है विसुद्ध रूप'. પાપ તો સંક્લેશ પરિણામ છે અને પુણ્ય છે તો વિશુદ્ધ રૂપ છે. બેયનો સ્વભાવ ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ? પાપનો સ્વભાવ જુદો, પુણ્યનો સ્વભાવ જુદો અને તમે કહો છો કે બેય એક છે. એક લાકડીએ ગાડું હાંક્યું તમે તો, કહે.

'दुहूंकौ सुभाव भिन्न भेद यौं बखानियै, पापसौं कुगति होई', ફળ. પાપને કારણે કુગતિ મળે. 'पुन्नसौं सुगति होइ', સ્વર્ગ મળે. 'ऐसो फलभेद परतिच्छ परमानियै'— પ્રત્યક્ષ દેખાય છે પ્રત્યક્ષ. એક જણાને માગ્યા મળે નહિ અને એક જણાને સામા આવીને ફળે. પુણ્યના ફળ છે કે નહિ? ભાઈ! એ તો ધૂળમાંય નથી સાંભળને! માગ્યા મળે ને ન મળે, ઈ તો બધું સરખું જ છે. આત્માનો આનંદના સ્વાદના ભાન વિના એ બધા દુઃખીના દાળીયા છે. આહાહા! સમજાણું કાંઈ? એ જવાબ આપે છે. શિષ્યને ઉત્તર છે. હવે 'शिष्यकी शंकाका समाधान'—

શિષ્યની શંકાનું સમાધાન (સવૈયા એકત્રીસા)

पाप बंध पुन्न बंध दुहूंमैं मुकति नांहि,
कटुक मधुर स्वाद पुग्गलको पेखिये।
संकलेस विसुद्ध सहज दोऊ कर्मचाल,
कुगति सुगति जगजालमैं विसेखिए॥
कारनादि भेद तोहि सूझत मिथ्यात मांहि,
ऐसौ द्वैत भाव ग्यान दृष्टिमैं न लेखिए।
दोऊ महा अंधकूप दोऊ कर्मबन्धरूप,
दुहूंकौ विनास मोख मारगमैं देखिए॥६॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**મુકતિ (મુક્તિ)=મોક્ષ. મધુર=મિષ્ટ. તોહિ=તને. સૂઝત=દેખાય છે. દ્વૈત=બેપણું. દુહૂંકૌ=બન્નેનો.

**અર્થ :—**પાપબંધ અને પુણ્યબંધ—બન્ને મોક્ષમાર્ગમાં બાધક છે, તેથી બન્નેય સમાન છે, એના કડવા અને મીઠા સ્વાદ પુદ્‌ગલના છે તેથી બન્નેના રસ પણ સમાન છે, સંકલેશ અને વિશુદ્ધભાવ બન્ને વિભાવ છે તેથી બંનેના ભાવ પણ સમાન છે, કુગતિ અને સુગતિ બન્ને સંસારમય છે, તેથી બંનેનું ફળ પણ સમાન છે. બન્નેના કારણ, રસ, સ્વભાવ અને ફળમાં તને અજ્ઞાનથી ભેદ દેખાય છે. પરંતુ જ્ઞાનદૃષ્ટિથી બન્નેમાં કાંઈ અંતર નથી–બન્ને આત્મસ્વરૂપને ભૂલાવનાર છે તેથી મહા અંધકૂપ છે અને બન્નેય કર્મબંધરૂપ છે તેથી મોક્ષમાર્ગમાં એ બન્નેનો ત્યાગ કહ્યો છે. ૬.

**अर्थ** :–पापबंध और पुण्यबंध दोनों मुक्तिमार्गमें बाधक हैं, इससे दोनों ही समान हैं, इनके कटु और मिष्ट स्वाद पुद्गलके हैं इसलिए दोनोंके रस भी समान हैं, संक्लेश और विशुद्ध भाव दोनों विभाव हैं इसलिए दोनोंके भाव भी समान हैं, कुगति और सुगति दोनों संसारमय हैं, इससे दोनोंका फल भी समान है। दोनोंके कारण, रस, स्वभाव और फलमें तुझे अज्ञानसे भेद दिखता है, परन्तु ज्ञानदृष्टिसे दोनोंमें कुछ अंतर नहीं है–दोनों आत्मस्वरूपको भुलानेवाले हैं, इसलिए महा अंधकूप हैं, और दोनों ही कर्मबंधरूप हैं, इससे मोक्षमार्गमें इन दोनोंका त्याग कहा है॥६॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'पाप बंध पुन्न बंध दुहूंमैं मुकति नांहि' પાપબંધ અને પુણ્યબંધ, બેયમાં મુક્તિ નથી, બેય બંધના કારણ છે, મુક્તિના બાધક છે. 'कटुक मधुर स्वाद पुग्गलकौ पेखिए'

એ તો પુદ્ગલના સ્વાદની ફેર છે. કો'કને અનુકૂળ સામગ્રી ને કોઈકને પ્રતિકૂળ, એ તો પુદ્ગલના સ્વાદમાં ફેર છે, એમાં આત્મામાં કાંઈ ફેર પડ્યો (નથી). 'संकलेस विसुद्ध सहज दोऊ कर्मचाल'. એ સંકલેસ પરિણામ (ને) વિશુદ્ધ(ભાવ) તો કર્મની ચાલ અજ્ઞાન છે. મુળ ટીકામાં અજ્ઞાન લીધું છે, શુભ-અશુભ ભાવ. શું કહ્યું? શુભ ભાવ ને અશુભ ભાવ અજ્ઞાન છે, એ જ્ઞાન આત્માનું સ્વરૂપ નથી. ભગવાન તો જ્ઞાનમૂર્તિ ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે આત્મા, ચૈતન્ય સૂર્ય છે એ. એમ આ પુણ્ય-પાપ બેય અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાન છે નહિ, પુદ્ગલ છે પુદ્ગલ—અજ્ઞાન. આહાહા!

'संकलेस विसुद्ध सहज होऊ कर्मचाल', જોયું, સ્વાભાવિક બેય કર્મની ચાલ છે. આહાહા! એમાં આત્મા છે (નહિ). ભારે આકરું જગતને! એમાં સંપ્રદાયવાળાને એકલો ધર્મ મનાવ્યો જાત્રામાં, ભક્તિમાં, યજ્ઞ કરવા, શું કહે છે? શાંતિકર્મ ને શું કહે છે બધા? સ્નાત્ર. આ કરો, મરી ગયા પછી દાન કરો, ફલાણું કરો, ઢીકણું કરો, પાંચ દસ લાખ રૂપિયા ખર્ચો, તમારે ધર્મ થાશે. ધૂળેય ધર્મ નથી સાંભળને હવે! (શ્રોતા : અહીંયા ધર્મ થાશે ને દેવમાં જાશે.) દેવમાં જાશે. અહીંયા તો કહે છે, દેવમાં જાશે, શું કહે છે? દેવ તો ગતિ છે એક કર્મના ફળની, એમાં આત્મા ક્યાં આવ્યો? દેવ થાય ઈ કે નારકી થાય, બેયમાં ફેર શું છે આમાં? (શ્રોતા : .....) દુઃખે નથી. બહારના કારણે જાય એ તો માનતામાં એને ફેર છે કે આ મને અઠીક છે અને આ મને ઠીક છે. બહાર ગતિ તો જે છે ઈ જડના પર્યાય છે. દેવગતિ હોય કે નરકગતિ હોય, એમાં આત્માને શું ફેર છે?

'कुगति सुगति जगजालमैं विसेखिए'. જુઓ એ કહે છે, નરકની ગતિ ને સુગતિ, એ તો સંસારજાળ છે. આહાહા! આ તો સમ્યક્દૃષ્ટિ ધર્માત્મા કદાચ નરકમાં જાય, પૂર્વનું આયુષ્ય બંધાણું હોય તો પણ ઈ નરકના પરિણામ અને નરકગતિ ખરી જાય છે. આહાહા! પાપી સ્વર્ગમાં જાય પુણ્ય કરીને, પાપી-મિથ્યાદૃષ્ટિ પુણ્ય કરીને સ્વર્ગમાં જાય તો ત્યાં પુણ્ય ક્ષયે, પુણ્ય ક્ષીણે પાછું મૃત્યુલોકે. પુણ્ય (ક્ષય) થઈ ગયા પછી રખડવામાં પડશે ઉપરથી હેઠે. આહાહા! 'कुगति सुगति जगजालमैं'.....ઈ તો જગજાળ છે, કહો ઠીક. દોનોં વિભાવ હૈ. આહાહા!

'कारनादि भेद तोहि सूझत मिथ्यात मांहि. દેખો, તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ છે, તેથી પુણ્ય-પાપના બંધનના કારણમાં ફેર લાગે, બંધનમાં ફેર લાગે, સ્વભાવમાં ફેર લાગે, ફળમાં ફેર લાગે. દૃષ્ટિ તારી મિથ્યા છે, માટે લાગે છે. 'कारनादि भेद तोरि सूझत मिथ्यात मांहि, ऐसौ द्वैत भाव ग्यान दृष्टिमैं न लेखिए।' દેખો, ભગવાન આત્મા આનંદનું પૂર છે, સચ્ચિદાનંદનું નૂર, પ્રકાશની પૂર્તિ છે. એવા જ્ઞાનના ભાનમાં ભેદ ન

દેખિયે. પુણ્ય-પાપ બેય બે છે, એમ ન દેખિયે, બેય એક જ અજ્ઞાન છે, બે ય વિકાર છે. સમજાણું કાંઈ? આકરું પડે. ઐસૌ દ્વૈતભાવ—જ્ઞાનદષ્ટિમાં બે ન દેખાય, બેય એક જ છે, એમ કહે છે. ચાહે તો શુભ ભાવ હો કે અશુભ હો, બંધન પણ શાતાકર હો કે અશાતા હો, બહારમાં અનુકૂળતા હો કે પ્રતિકૂળતા હો—એમાં બેયમાં ભેદ ન જોવો. જ્ઞાની ભેદને જાણતો નથી. આહાહા!

'ऐसो द्वेतभाव ग्यानदृष्टिमैं न लेखिए'. જ્ઞાનદષ્ટિમાં બેય છે, એ તો એક જ છે. બેય બંધના જ કારણ છે. ધર્મી જીવ આત્માના જ્ઞાનસ્વરૂપી જ્ઞાન થયું એને, આત્મજ્ઞાન થયું એવો ધર્માત્મા, પુણ્ય-પાપના બેય વિકલ્પને એકરૂપ બંધનના ઝેરના કારણ જાણે છે. બંધનનું કારણ જાણે. બંધન પણ એકરૂપ પુદ્‌ગલનો સ્વભાવ માને છે. પરરૂપ પણ એક છે. અનુભવ ટાણે, એમ કહે છે, પાપના કારણ ન હોય ને પછી લાંબુ છે ને ઓલામાં, 'પાપ તે બંધને આશ્રયે થાય છે. પુણ્ય છે તે મોક્ષમાર્ગને આશ્રયે થાય છે.' ધૂળેય નથી. બેય એક આશ્રયે છે બંધનનો.

'ऐसौ द्वेत भाव ग्यानदृष्टिमें न लेखिये'. ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ આનંદ સ્વરૂપ પ્રભુ એવી જ્યાં દષ્ટિ થઈ, એ ધર્માત્માને બેપણું દેખાતું નથી. બેય એકજાત છે. પ્રતિકૂળતા—અનુકૂળતા એ પણ જગતમાં ચીજ નથી, એ તો જ્ઞેય છે. પુણ્ય-પાપ અજ્ઞાન ભાવ છે, એ કાંઈ સારો માઠો નથી. પાપ નરસો અને પુણ્ય સારું, એમ નથી. એમ અંદર બેસવું જોઈએ હોં! ભાષા નહિ. આહાહા! 'ऐसो द्वेतभाव ग्यानदृष्टिमैं न लेखिए, दोऊ महा अंधकूप.......' ભગવાન તો મહા ચૈતન્યનો સાગર છે આનંદનો અને પુણ્ય—પાપ તો આંધળો કૂવો છે આંધળો કૂવો. આહાહા!

'दोऊ कर्मबंधरूप, दुहूकौ विनास मोख मारगमैं देखिए'. મોક્ષમાર્ગમાં તો બેયનો નિષેધ થઈને નાશ થાય, ત્યારે મોક્ષમાર્ગ થાય. એક જણ કહે, બિચારા દેવના સુખ તો ભોગવવા દ્યો પહેલાં. બોટાદમાં. કેશુલાલ, કેશુભાઈ હતા નાગલપરના આવતા, તલોદ. એના બાપે એનું કામ કરતા. આ એનો દીકરો હતો...... હાડકાનું કરતા........ ત્યાં બોલ્યા, બોટાદ. કહે, 'પુણ્ય કરશે તો સ્વર્ગમાં જાશે, સુખ ભોગવશે ને પછી મોક્ષ જાશે'. અરે! પુણ્ય મારું સારું છે અને પુણ્યના દેવલોકમાં સુખ છે—એ માન્યતા જ મૂઢ અજ્ઞાનીની છે, સાંભળને! સુખ તો આત્મામાં છે. દેવમાં સુખ છે? દેવલોકમાં સુખ છે? શેઠાઈમાં સુખ છે? આ બધા પૈસાવાળા થયા છે તે સુખી છે? મૂઢ છે. સમજાણું કાંઈ? આહાહા! પૈસાવાળાને કાઢી જાય મોટા મોટા માણસો લ્યો. ગરીબ માણસ જાય.......પણ હાલ્યો જાય એમાં તારે શું છે એમાં? કહે છે, બેય આંધળા કૂવા છે. આહાહા!

'.....फलमें तुझे अज्ञानसे भेद दिखता है', આંધળો કૂવો, 'परंतु ज्ञानदृष्टिसे दोनोंमें कुछ अंतर नहीं है–दोनों आत्मस्वरूपको भूलानेवाले है'. આહાહા! ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ અતીન્દ્રિય આનંદનો રસકૂપ, ગૂઢ રસકૂપ, એને ભૂલાવીને પુણ્યપાપ થાય છે, કહે છે. ભારે કામ! જગતના માણસને–વાડાવાળાને તો આમ ઘા મારે છે. 'ગલતી કરે છે'. ઓલા આવ્યા'તા. 'લોકોના કલ્યાણ અટકી જાય આમાં.' સાંભળને હવે! કલ્યાણ હતો કે દિ'? એય! અમારા ગુરુ એમ કહે છે, આવા પ્રરૂપણા કરવાથી, પુણ્ય છે ને ધર્મ નથી, એમાં ધર્મ નથી. તે લોકોના કલ્યાણ અટકી જાય છે. ગલત છે. કીધું, ત્રણ કાળમાં બધું ગલત છે બીજા બધાનું. આ એક જ સાચી વાત છે. માનો તો માનો. ન માનો તો ઘરે રહો તમારે. આહાહા!

આહીં કહે, 'આવા પુણ્યને ધર્મ માનતા નથી, બંધના કારણ છે, હેય છે.' આંહી તો કહે છે લાખ વાર, અનંત વાર હેય છે. સાંભળને! કલ્યાણ કરવું છે કે નહીં તારે? કલ્યાણ તે કાંઈ પુણ્ય-પાપથી થાતા હશે? દયા, વ્રત આદિના ભાવથી કલ્યાણ થાશે? ઈ તો વિકલ્પ છે, રાગ ભાવ છે. આહાહા! ભારે પણ માર્ગ! એક તો રુચિ હતી દ્રવ્ય ક્રિયાની અને ભાવ રુચિ જડહીન, ઉપદેશક પણ એવા. એક તો રોતી'તી અને પિયરીયા મળ્યા. રોતી હોય બાઈ એમાં એને પિયરીયા મળ્યા ભાઈ ને બાપ, સરખાઈની મૂકે. 'મારી સાસુ આવી છે ને મારો સસરો આવો છે.' ધણીનું બહુ ન બોલે. 'આવું છે ને મને આમ મારે છે ને મને આમ કરે છે'. એ તો સરખાઈની મૂકે પોક.

એક તો અજ્ઞાનીને પુણ્યના પરિણામ રુચે છે અને એને ઉપદેશક એવા મળે. એવા આહાહા! આ વાત સાચી હોં! આ ખરી વાત. કેમ થયું? (શ્રોતા : દુખે છે આખું શરીર) ઠીક, .....બહાર ઉભા હશે? જીર્ણ શરીર છે ને જીર્ણ. સમજાય છે કાંઈ? ઈ શરીરના આ ચાળા એવા છે જડના. ભગવાન તો આત્મા આનંદનો કંદ છે અંદર. આ માટી છે માટી. માટીને રહેવું હોય એમ રહે, ઈ આત્માના સંભાળથી રહે નહિ. આહાહા! શું થાય? મહા અંધકૂપ છે, દેખો. '......कर्मबंधरूप है, इससे मोक्षमार्गमें इन दोनोंका त्याग कहा है'. ભગવાને તો ત્યાગ કહ્યો છે. શ્રદ્ધામાં એનો ત્યાગ કરો. હોય ભલે, પણ શ્રદ્ધામાં એનો ત્યાગ રાગનો અને સ્વભાવ ભગવાન આત્મા અરાગી, વીતરાગ સ્વરૂપ, નિર્દોષ સ્વરૂપ, એનો આદર કરો. બસ એ આદર વિના કોઈ દિ' ધર્મ થાય એવો નથી. આહાહા!

'मोक्षमार्गमें शुद्धोपयोग ही उपादेय है', લ્યો. મોક્ષમાર્ગમાં તો આત્માનો, પુણ્ય-પાપના રાગ વિનાનો વસ્તુ જે ચૈતન્ય ભગવાન–એના તરફનો વેપાર શુદ્ધ ઉપયોગ, શુદ્ધ આચરણ, શુદ્ધ રમત, એ જ મોક્ષનો માર્ગ છે. આંહી વળી કેટલાક કહે, 'શુદ્ધ ઉપયોગ

અત્યારે હોય નહિ. આઠમે ગુણસ્થાને હોય.' મારી નાખ્યા છે ને! (શ્રોતા : મુનિને પણ નહીં?) નહીં, મુનિ તો છઠ્ઠે સાતમે ગુણસ્થાને હોય, (શુદ્ધોપયોગ) આઠમે હોય, સાતમે કો'કને હોય, એમ કહે છે. સાતમે અત્યારે કોઈ છે નહિ. છઠ્ઠું સાતમું હોય, એને મુનિપણું હોય એને છઠ્ઠું સાતમું હોય જ. ક્યાં મુનિ છે? ઈ કહે છે. શું થાય પણ હવે? સમજાણું કાંઈ?

મુનિ સંત જેને ભાવલિંગી નગ્ન દશા! ને અંતરમાં આનંદના ઊભરા અંદરમાં આવતા હોય. એને અંતર સાધુ પદમાં શુદ્ધ ઉપયોગનો જ એને આદર હોય છે. મોક્ષમાર્ગમાં નથી કહ્યું? મોક્ષમાર્ગ(પ્રકાશક)માં કહ્યું છે ને! (શ્રોતા : મુનિકો શુભોપયોગ ન હો, તો ફિર અમૃતચંદ્રાચાર્ય કૈસે કહતે હૈ કિ શુભોપયોગ અપરાધ હૈ?) ક્યા કહતે હૈ? (શ્રોતા : મુનિને શુભોપયોગ ન હોય તો અમૃતચંદ્રાચાર્ય કેમ કહે છે કે એ અપરાધ છે ને બંધનું કારણ છે?) એ અપરાધ છે, એ ન સમજે. સમજમાં ફેર છે. (શ્રોતા : શુભ ભાવ તો અપરાધ જ હોય ને). શુભભાવ છે, પણ એને શુભભાવમાં અંશ છે શુદ્ધતાનો, એમ કહે છે. શુદ્ધતાનો, અંશ છે એમાં. અશુભ ટળે છે એટલી શુદ્ધતા થાય છે. ખોટી વાત છે. એવું તો શુભભાવ અનંત વાર નવમી ગ્રૈવેયકે ગયો અને કર્યો, તોય શુદ્ધતાનો અંશેય આવ્યો નહિ. અંશ આવ્યો હોય તો નિર્જરા થયા વિના રહે નહીં. ધર્મ થયા વિના રહે નહીં. પણ આખી વાત બહુ ફેર કરી નાખ્યો, પંડિતો ને કેટલાકે હોં કેટલાક.

ચોથો કળશ

**कर्म सर्वमपि सर्वविदो यद्बन्धसाधनमुशन्त्यविशेषात्।**
**तेन सर्वमपि तत्प्रतिषिद्धं ज्ञानमेव विहितं शिवहेतुः॥४॥**

ગુરુ કહે છે, ભગવાને તો ભાઈ આમ કહ્યું છે. આહાહા! સર્વજ્ઞ પરમેશ્વર, જેને આત્માનું જ્ઞાન પૂર્ણ પ્રગટ થઈ ગયું છે. ત્રણ કાળ—ત્રણ લોક જેણે જાણ્યા. 'સર્વવિદ' છે ને 'सर्वविदो'. એનું પદ સાત—સાતમું પદ.

મોક્ષમાર્ગમાં શુદ્ધોપયોગ જ ઉપાદેય છે.

(સવૈયા એકત્રીસા)

**सील तप संजम विरति दान पूजादिक,**
**अथवा असंजम कषाय विषैभोग है।**
**कोऊ सुभरूप कोऊ अशुभ स्वरूप मूल,**
**वस्तुके विचारत दुविध कर्मरोग है॥**

ऐसी बंधपद्धति बखानी वीतराग देव,
आतम धरममैं करम त्याग-जोग है।
भौ-जल-तैरैया राग-द्वेषकौ हरैया महा,
मोखको करैया एक सुद्ध उपयोग है।।७।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**સીલ(શીલ) બ્રહ્મચર્ય. તપ=ઇચ્છાઓનું રોકવું. સંજમ (સંયમ)=છકાયના જીવોની રક્ષા અને ઇન્દ્રિયો તથા મનને વશ કરવાં. વિરતિ(વ્રત)=હિંસાદિ પાંત પાપોનો ત્યાગ. અસંજમ=છ કાયના જીવોની હિંસા અને ઇન્દ્રિયો તથા મનની સ્વતંત્રતા. ભૌ(ભાવ)=સંસાર. સુદ્ધ ઉપયોગ=વીતરાગ પરિણતિ.

**અર્થ :—**બ્રહ્મચર્ય, તપ, સંયમ, વ્રત, દાન, પૂજા આદિ અથવા અસંયમ, કષાય, વિષય-ભોગ આદિ એમાં કોઈ શુભ-અશુભ છે, આત્મસ્વભાવનો વિચાર કરવામાં આવે તો બન્નેય કર્મરૂપી રોગ છે. ભગવાન વીતરાગદેવે બંનેને બંધની પરંપરા કહી છે. આત્મસ્વભાવની પ્રાપ્તિમાં બંને ત્યાજ્ય છે. એક શુદ્ધોપયોગ જ સંસાર-સમુદ્રથી તારનાર, રાગ-દ્વેષનો નાશ કરનાર અને પરમપદ આપનાર છે. ૭.

**अर्थ :**-ब्रह्मचर्य, तप, संयम, व्रत, दान, पूजा आदि अथवा असंयम, कषाय, विषय-भोग आदि इनमें कोई शुभ और कोई अशुभ हैं, सो आत्मस्वभाव विचारा जावे तो दोनों ही कर्मरूपी रोग हैं। भगवान वीतरागदेवने दोनोंको बंधकी परिपाटी बतलाया है, आत्मस्वभावकी प्राप्तिमें दोनों त्याज्य हैं। एक शुद्धोपयोग ही संसार-समुद्रसे तारनेवाला, राग-द्वेष नष्ट करनेवाला और परमपदका देनेवाला है।।७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે તો આમ કહ્યું છે, ભાઈ! આહાહા! આ તો ગાથા......... કોણ જાણે શું કરે છે? મોક્ષનો માર્ગ શુદ્ધ ઉપયોગથી શરૂ થાય છે. સમજાણું કાંઈ? પુણ્ય ને પાપ શુભ-અશુભભાવ અનંતવાર કર્યા છે. એ તો બંધ માર્ગ ને કર્મરોગ છે. શીલ, બ્રહ્મચર્ય પાલના, દેખો એ શુભ ભાવ છે. શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ શુભભાવ છે, એ કંઈ શુદ્ધ ભાવ નથી. તપ કરવો, ભાષા છે ને. એ અપવાસ, ઉણોદરી, એક અપવાસ, બે અપવાસ, ત્રણ અપવાસ, પંદર અપવાસ એ તો બધો શુભ રાગ ભાવ છે, એ કંઈ નિર્જરા-તપ નથી. 'તપને તમે કેમ નિર્જરા નથી કહેતા?' એક જણે વાંધો ઉઠાવ્યો. 'બીજી વાત ભલે કહીએ, પણ અપવાસ કરીએ તો તપ ને તપ એ તો નિર્જરા છે. શાસ્ત્રમાં એમ છે.' તને ખબર નથી, હવે સાંભળને! કઈ તપ નિર્જરા? એ તો

આત્માના આનંદમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ કરીને અંદર સ્થિરની રમતું આનંદમાં રમે, એવો જે શુદ્ધ ઉપયોગ આનંદનો, તે તપ છે. આહાહા! સમજાણું કાંઈ?

જુઓ, પાઠ છે ને. શીલ ને તપ, સંયમ, વિરતિ ને પાંચ ઇન્દ્રિયનું દમન કરવું, સંયમ પાળવો, છ કાયની દયા પાળવી—એ બધો શુભ ભાવ છે. આટલો તો ખુલાસો કર્યો છે ચોખ્ખો. વિરતિ કરવી, અવિરત છોડવું, અમારે આ ન ખપે, મારે ન ખપે—એમ બહારની વાત હોં! પાંચ પાપોકા ત્યાગ. વિરતિ એટલે પાંચ પાપનો ત્યાગ. હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ. પણ અંદર દયા-દાનના પરિણામ થયા એ? અહિંસા–પરને નહિ મારવાના પરિણામ એ શુભ છે. આહાહા! એ દયા-દાનના પરિણામ શુભ છે. હિંસાના પરિણામ એ અશુભ છે. બેય બંધના કારણ છે.

આ કહે, 'દયા ધરમકા મૂલ હૈ.' (શ્રોતા : પણ આત્મ દયા હોય કે રાગ દયા?) કઈ દયા? ભાઈ! અંદર રાગની ઉત્પત્તિ ન થતાં, ભગવાન આત્મામાં શાંતિ અને અરાગી દશાની ઉત્પત્તિ થાય, એને ભગવાન અહિંસા કહે છે, એને દયા કહે છે. પરની દયાનો ભાવ તો વિકલ્પ છે. મારવાનો ભાવ પાપ છે. બચાવવાનો વિકલ્પ છે. બેય પુણ્ય-પાપ બંધના કારણ છે. સંયમ, વ્રત, વ્રત લ્યો. વિરતિ, નહીં? વિરતિ. વ્રત એ પણ બંધનું કારણ છે. પ્રકાશદાસજી! છે એવું કાંઈ? દેખો, અર્થ નીચે હૈ. 'ब्रह्मचर्य, तप, संयम, व्रत'. આ બાજુ, આ બાજુ આમ નહિ, આ બાજુ. બ્રહ્મચર્ય એ શુભ ભાવ, તપ એ શુભ ભાવ, સંયમ એ શુભભાવ, વ્રત એ શુભભાવ, દાન દેવાનો ભાવ શુભ અને પૂજાની આદિ ભક્તિ આદિ, બધો શુભ ભાવ. આ અસંયમ એ અશુભ ભાવ, કષાય કરવો અશુભભાવ, વિષયભોગ અશુભ ભાવ.

આ 'इनमें कोई शुभ और कोई अशुभ है, सो आत्मस्वभाव विचारा जावे तो दोनों ही कर्मरूपी रोग है'. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ વીતરાગ ભાવથી ઉત્પન્ન થાય છે. રાગથી ઉત્પન્ન થાય એ માર્ગ છે (નહિ). સમજાણું? એ 'आत्मस्वभाव विचारा जावे तो दोनों ही कर्मरूपी रोग है'. છે ને? 'कोऊ शुभरूप कोऊ अशुभरूप मूल, वस्तुके विचारत दुविध कर्मरोग है'. એ કર્મનો રોગ છે બેય. અણુવ્રત ને મહાવ્રતનો પ્રચાર, કહે છે. કર્મનો રોગનો પ્રચાર છે, એમ કહે છે. ભારે વાત પણ! આહાહા! વસ્તુ આત્મા ચિદાનંદ સ્વરૂપ, એની આગળ વિકલ્પ ઊઠે છે, બેય કર્મરૂપ છે. આહાહા! આત્માની નિરોગતા એ નથી. ભારે બાપુ! અરે! આવો મનુષ્યભવ ચાલ્યો જાય છે. એમાં આ વાત પોતે પોતાને કારણે હોં, ન સમજે અને બહારમાં બખેડા ઊભા કરે, સંસારમાં રખડશે ભાઈ! દોનોં હી કર્મરૂપી રોગ છે.

'ऐसी बंधपद्धति बखानी वीतरागदेव. भगवान वीतरागदेवने दोनोंको बंधकी परिपाटी बतलाया है.' ભગવાને આ કહ્યું છે, વ્રતનો વિકલ્પ એ પુણ્ય અને અવ્રતનો પાપ, બેય બંધના કારણ છે. આહાહા! દોનોંકો બંધની પરિપાટી બતલાયા હૈ. આ કહે છે કે 'ધર્મ થાય, મહાવ્રત પાળો, અણુવ્રત પાળો.' ધૂળે ય નથી. સમ્યક્દર્શન વિના મહાવ્રત કેવા પાળે? અણુવ્રત કેવા? એ આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ અખંડ, અભેદ, એના દૃષ્ટિના ભાન વિના અણુવ્રત અને વ્રત કેવાં? પણ આંહી તો જ્ઞાનીને પણ જે વિકલ્પ આવે, વ્રત અવ્રતનો, બેય બંધનું કારણ છે. સમજાણું કાંઈ? જો કે જ્ઞાની આનાથી વિરક્ત છે, છતાં અસ્થિરતાની અપેક્ષાએ બેય બંધના કારણ છે.

'ऐसी बंधपद्धति बखानी वीतरागदेव', એમ પાઠમાં છે ને? 'सर्वविदो बन्धसाधनमुशन्त्यविशेषात्'. ભગવાને તો બંધના સાધન કહ્યા છે અવિશેષાત—ફેરફાર વિના. હવે આંહી તો આવું તો છે. અરેરે! એને વાંચવાનો વખત નથી. સમજાણું કાંઈ? 'आतम धरममैं करम त्याग-जोग है.' ભગવાન આત્મા અબંધ સ્વરૂપી પ્રભુ, એની દૃષ્ટિ કરતાં એ પુણ્ય ને પાપ બેય ત્યાગરૂપ છે. દૃષ્ટિમાં એનો આદરવાયોગ્ય છે (નહિ). આવે, હોય, આદરવા જેવા નથી. આહાહા! આત્મધર્મ ધ્યાન. આત્માનો ભગવાન સ્વભાવ ધર્મ, એ તો આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ એવા ચૈતન્યના નૂરનું પૂર આત્મા, એનું જ્યાં ભાન થયું, એ આતમધર્મની આગળ એ કર્મ તો પુણ્ય-પાપના ભાવ તો ત્યાગરૂપ છે, હેય છે, આદરણીય નથી. ત્યારે આદરણીય શું છે?

'भौ-जल-तरैया'. શુદ્ધ ઉપયોગ. ચૈતન્ય ભગવાન આનંદસ્વરૂપ, એના તરફનો ઉપયોગ ભવજલ ચોરાશીના અવતારનું ફરવું, રાગદ્વેષનું હણવું, રાગદ્વેષને હણનારો શુદ્ધ ઉપયોગ છે. એને ઠેકાણે કહે, શુભ રાગ એ શુદ્ધ ઉપયોગનો કરનારો છે. શુદ્ધ ઉપયોગ, શુભ રાગનો હરનાર છે. ત્યારે આ કહે, 'શુભ રાગ, શુદ્ધ ઉપયોગનો કરનાર છે.' અરે! ભાઈ સમજાણું કાંઈ? 'भौ-जल-तरैया राग-द्वेषकौ हरैया महा, मोखको करैया एक सुद्ध उपयोग है'. પરમપદ મહાપદ. પરમપદ એવું સિદ્ધ પદ—પરમાત્મા પદ મોક્ષ પદનો કરનારો એક શુદ્ધ ઉપયોગ છે. એક શુદ્ધ ઉપયોગ છે, વચ્ચે શુભ પણ મોક્ષનો કરનારો છે, એમ નથી. છે એમાં છે કે નહિ? આ તો બનારસીદાસે કર્યું. મોક્ષનો કરનાર તે શુદ્ધ ઉપયોગ છે. એ સિવાય કોઈ મોક્ષનો કરવાવાળો છે નહિ.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૫૫, ફાગણ વદ અમાસ, શુક્રવાર, તા. ૨૬-૩-૧૯૭૧
## પુણ્ય-પાપ એકત્વ દ્વાર પદ ૮, ૯ ઉપર પ્રવચન

નાટક સમયસાર. પુણ્ય-પાપ અધિકાર. ૫મો કળશ છે. આ બાજુ છે પાંચમો. આ એ હમણાં આવ્યા. હમણાં કીધું, ક્યાં ગયા'તા? દેખાતા નહોતા. ૫મો કળશ છે. ૧૦૦ પાનું સો, નીચે.

**निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल**
**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।**
**तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं**
**स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः।।५।।**

એનો ઉપર આઠમો પદ–આઠમો પદ. કળશનો આઠમો પદ ઉપર. शिष्य–गुरुका प्रश्नोत्तर. શિષ્યનો પ્રશ્ન ને ગુરુનો ઉત્તર. એ નીચે છે એમાં છે. આ કળશ બોલાણો ને એનું જ છે.

શિષ્ય-ગુરુના પ્રશ્નોત્તર (સવૈયા એકત્રીસા)

**सिष्य कहै स्वामी तुम करनी असुभ सुभ,**
**कीनी है निषेध मेरे संसै मन मांही है।**
**मोखके सधैया ग्याता देसविरती मुनीस,**
**तिनकी अवस्था तौ निरालंब नांही है।।**
**कहै गुरु करमकौ नास अनुभौ अभ्यास,**
**ऐसौ अवलंब उनहीकौ उन पांही है।**
**निरुपाधि आतम समाधि सोई सिवरूप,**
**और दौर धूप पुद्गल परछांही है।।८।।**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :–**સંસૈ(સંશય)=સંદેહ. દેસવિરતી=શ્રાવક. મુનીસ=સાધુ. નિરાવલંબ=નિરાધાર. સમાધિ=ધ્યાન.

**અર્થ :–**શિષ્ય કહે છે કે હે સ્વામી! આપે શુભ–અશુભ ક્રિયાનો નિષેધ કર્યો તો મારા મનમાં સંદેહ છે, કેમકે મોક્ષમાર્ગી જ્ઞાની અણુવ્રતી શ્રાવક અથવા મહાવ્રતી

મુનિ તો નિરાવલંબી નથી હોતા અર્થાત્ દાન, સમિતિ, સંયમ આદિ શુભક્રિયા કરે જ છે. ત્યાં શ્રીગુરુ ઉત્તર આપે છે કે કર્મની નિર્જરા અનુભવના અભ્યાસથી છે તેથી તેઓ પોતાના જ્ઞાનમાં સ્વાત્માનુભવ કરે છે, રાગ-દ્વેષ-મોહ રહિત નિર્વિકલ્પ આત્મધ્યાન જ મોક્ષરૂપ છે, એના વિના બીજું બધું ભટકવું પુદ્‌ગલજનિત છે.

**ભાવાર્થ** :—શુભ ક્રિયા સમિતિ-વ્રત આદિ આસ્રવ જ છે, એનાથી સાધુ કે શ્રાવકને કર્મ-નિર્જરા થતી નથી, નિર્જરા તો આત્માનુભવથી થાય છે. ૮

**अर्थ** :-शिष्य कहता है कि हे स्वामी! आपने शुभ-अशुभ क्रियाका निषेध किया सो मेरे मनमें सन्देह है, क्योंकि मोक्षमार्गी ज्ञानी अणुव्रती श्रावक वा महाव्रती मुनि तो निरावलंब नहीं होते अर्थात् दान, समिति, संयम आदि शुभक्रिया करते ही हैं। इसपर श्रीगुरु उत्तर देते हैं कि कर्म-निर्जरा अनुभवके अभ्याससे हैं, सो वे अपने ही ज्ञानमें स्वात्मानुभव करते हैं, राग-द्वेष-मोह रहित निर्विकल्प आत्मध्यान ही मोक्षरूप है, इसके बिना और सब भटकना पुद्‌गल जनित है।

**भावार्थ** :-शुभक्रिया समिति व्रत आदि आस्रव ही हैं, इनसे साधु वा श्रावकको कर्म-निर्जरा नहीं होती, निर्जरा तो आत्मानुभवसे होती है॥८॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

વાત બહુ સૂક્ષ્મ છે. અનંતકાળથી એને જાણવામાં આવી નથી અને અત્યારે તો બધી ઉંધી પ્રરૂપણા આખી ચાલે છે. વસંતલાલજી, આહા!

'सिष्य कहै स्वामी'. શિષ્ય ગુરુને કહે છે, મહારાજ, 'तुम करनी असुभ ने सुभ'. શુભ-વ્રત-નિયમ-દાન-દયા-પૂજા-ભક્તિ, એ બધાં ભાવો શુભ અને હિંસા-જૂઠું-ચોરી-વિષયભોગ—અશુભ, બેય તો આપે નિષેધ કરી કે ધર્મ નથી. 'आपने शुभाशुभ क्रियाका तो निषेध किया'. ઉપર આવી ગયું છે, નીચે પણ આવશે. ઉપર છે ને એ બાજુ. ૯૯માં (સાતમા પદનો અર્થ) એનો ઉત્તર. નવ્વાણું (પાનું) છે ને? શિષ્યનો પ્રશ્ન છે. ૯૯ બાજુ જુઓ. 'ब्रह्मचर्य, तप, संयम, व्रत, दान, पूजा'. અર્થ છે અર્થ. એ બધો શુભભાવ છે, પુણ્ય છે. 'असंयम, कषाय विषय—भोग आदि इनमें कोइ शुभ और कोइ अशुभ है, सो आत्मस्वभाव विचारा जावे तो दोनों ही कर्मरूपी रोग है'. ઓલી કોર છે ને. એ આવી ગયું છે.

એનો આ પ્રશ્ન શિષ્યનો છે કે 'મહારાજ, આપે તો શરીરથી બ્રહ્મચર્ય પાળવું, આ અપવાસ કરવા, તપ કરવા. આઠ-આઠ દિ'ના અપવાસ કરવા મહિના-મહિનાના અને ઈન્દ્રિયોનું દમન કરવું, સંયમ પાળવો, દાન-પૂજા, ભક્તિ આદિ એ બધું તો કર્મરોગ આપે

કહ્યો. એ તો ધર્મ નથી, એમ આપે કહ્યું'. અને અસંયમ, કષાય વિષય-ભોગ આદિ અશુભ. બેય આત્મસ્વભાવથી વિચારા (જાવે તો) કર્મરૂપી રોગ છે. 'भगवान वीतरागदेवने तो दोनोंको बंधकी परिपाटी बतलाया है'. ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વરે સમવસરણની અંદર, એ દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાનાં ભાવ શુભ અને હિંસા-જૂઠું-ચોરીનાં અશુભ, બેય બંધનું કારણ ભગવાને કહ્યું છે. એમાં એકેય ધર્મનું કારણ છે નહીં. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

આ અત્યારે ખટકે છે ને સૌને આ. ઈ તાકડે આવ્યું છે આજે આ. (શ્રોતા : બરાબર સ્પષ્ટતા માંગે છે.) સ્પષ્ટતા માંગે છે. પેલી કોર, ઓલી કોર છે ભાઈ, કાંતિભાઈ, ઓલી કોર જુઓ. ૯૯. વાંચો તો ખરા. જુઓ, આપણો ન્યાં ઓલો રૂપિયા રળવામાં બધો વખત જાય છે અને આ બધું પડ્યું રહે છે આખું તત્ત્વ. છે ઓલી કોર? ૯૯ પાને છે. જુઓ બ્રહ્મચર્ય, છે? 'વ્રત-તપ-સંયમ, વ્રત-દાન-તપ-પૂજા આદિ અને અસંયમ કષાય વિષય-ભોગ આદિ, બેય અશુદ્ધ આત્મસ્વભાવથી વિચારા જાવે તો દોનોં કર્મરૂપી રોગ છે.' આહીં તો બધા ધર્મ કહે છે બધા. (શ્રોતા : મોટા પુરુષ છે ને) અજ્ઞાની છે મૂઢ. ભારે કામ આકરું!

અત્યારે સંપ્રદાયમાં તો એ જ ચાલે છે, વ્રત કરો, અપવાસ કરો, તપસ્યા કરો, તમારે ધર્મ છે. ભગવાન કહે છે કે એ શુભભાવ બંધનું કારણ છે, વિકલ્પ છે, રાગ છે શુભ. આહા! છે ને? 'आत्मस्वभावकी प्राप्तिमें दोनों त्याज्य है.' ઝીણી વાત છે ભાઈ! એણે ધર્મની વાત જ સાંભળી નથી. એમને એમ જીંદગીયું પૂરી કરીને—પૂંઠી મરીને એ હાલ્યા ગયા, ધર્મને નામે. આ બહાર ક્યાંક પૈસા રળવામાં ગયા. આહીં આવે તો આ દયા-દાન ને વ્રત-તપ પરિણામ એ ધર્મ છે, એમાં ગ્યો. બેય લૂંટાણાં. બરાબર હશે ચંદુભાઈ? (શ્રોતા : આ તો હરખ કરીને લૂંટાયો છે). આ તો હરખ કરીને લૂંટાય છે. આહા!

'सिष्य कहै स्वामी तुम करनी असुभ ने सुभ'. ક્રિયા અશુભ કરણી-હિંસા-જૂઠું-ચોરી-વિષય-ભોગ-વાસના-કામ-ક્રોધ એ અશુભ ક્રિયા અને દાન-દયા-વ્રત-તપ-અપવાસ-પૂજા—આ સામાયિક—ચઉવિસંત્થો આદિ, ચૌવિહાર આદિ વિકલ્પ કે એ બધો શુભક્રિયા, એ તો 'कीनी है निषेध'—એ તો આપે નિષેધ કરી કે એ તો ધર્મ નથી, એ સંવર-નિર્જરા નહીં. ત્યારે मेरे संसै मन मांही है—મને સંશય છે, શિષ્ય કહે છે. કેમ?

मोखके सधैया—મોક્ષના સાધકજીવો સાધનારા ગ્યાતા. દેખો, જ્ઞાતા-સમ્યક્દષ્ટિ-ધર્મી 'देसविरती અને मुनिस'—શ્રાવક અને સાધુ. એને આલંબન શું ત્યારે? આ ક્રિયા જે

હતી એને તો તમે ધર્મ નથી કહ્યો. ત્યારે હવે એને કરવું શું? એ શું કરતા હશે? એ પ્રવીણભાઈ, સમજાણું કાંઈ? એને સાધન શું ત્યારે હવે? 'मोखके सधैया'. નીચે છે જુઓ. એનો અર્થ છે ને. 'शिष्य कहेता है कि हे स्वामी! आपने शुभ–अशुभ क्रियाका निषेध किया सो मेरे मनमें संदेह है.' અર્થ છે ને નીચે. 'क्योंकि मोक्षमार्गी ज्ञानी, अणुव्रती, श्रावक वा महाव्रती मुनि तो निरावलंब नहीं होते (अर्थात्) दान–समिति संयम आदि शुभ क्रिया करते ही है.'

ત્યારે શુભ ક્રિયામેં તો તમે ધર્મ કહેતા નથી. ત્યારે હવે એને શું કરવું? ત્યારે એને જાવું ક્યાં? પંડિતજી! આરે, આરે! લૂંટાણા છે બચારા ધર્મને નામે. કહે છે કે દાન, સમિતિ, સંયમ, ઇન્દ્રિયદમન, વ્રત અને તપ, એ તો આપે ના પાડી કે એ તો વિકલ્પ છે, એ તો વૃત્તિ ઉઠે છે, રાગ છે. એ પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે એથી રાગ થાય છે અને રાગ છે એ તો કર્મનો રોગ છો. એ કંઈ આત્માનો સ્વભાવ (નથી), એ આત્માનો ધર્મ નથી. એ વ્રત અને તપથી સંવર અને નિર્જરા છે નહીં. 'तिनकी अवस्था तौ निरावलंब तो नांही'. પ્રભુ! શ્રાવકને અને મુનિને નિરાવલંબ તો નથી. એને આવું તો શુભક્રિયા તો હોય છે.

'कहै गुरु करमकौ नास अनुभौ अभ्यास'. ભાઈ! તને કર્મના નિર્જરાની ખબર નથી. 'गुरु उत्तर देते हैं कि कर्म–निर्जरा अनुभवके अभ्याससे है'. શું કહે છે? બહુ સૂક્ષ્મ વાત! આત્મા આનંદ સ્વરૂપ અતીન્દ્રિય આનંદમૂર્તિ છે અને એકલો જ્ઞાનચૈતન્યનો પૂંજ રસકંદ છે. એવા જ્ઞાન અને આનંદનો અનુભવ કરતાં તેને ધર્મ થાય છે ત્યારે સંવર અને નિર્જરા (થાય છે.) આહાહા! સમજાણું કાંઈ? 'करमकौ नास'–એ શુભ-અશુભ પરિણામનો નાશ, 'अनुभौ अभ्यास'. આહા! વાત સાંભળવા મળતી નથી બિચારાને માણસને. એમ ને એમ આંધળે આંધળા.

આ શરીર ઠીક હોય, એ વળી આ સામાયિક ને પોષા ને પડિક્કમણા ને અપવાસ ને તપ કરે. શરીર ઠીક ન હોય ને પૈસા-બૈસા હોય તો દાન આપે પાંચ-પચાસ હજારનાં. જાઓ તમારે થઈ ગ્યો ધર્મ. એ મલૂકચંદભાઈ, ધૂળેય ધર્મ નથી. સાંભળને! તારા લાખ શું કરોડ દઈ દે, એ તો જડ છે. પૈસા તો જડ છે. અને જડ છે મારાં, એવી માન્યતા તો મિથ્યાદૃષ્ટિની–મૂઢની છે. હું (પૈસા) આત્મા. એ તો જડ છે. જડ તારા ક્યાંથી આવી ગયા? અને મેં આને દીધાં–મારાં હતાં. એ તો જડને આત્મા માન્યો એણે. સમજાણું કાંઈ?

એ દાન-બાનમાં રાગ મંદ હોય તો પુણ્ય છે. પણ એ પૈસા દીધાં મેં અને આ કર્યાં અને એની માન્યતા તો મિથ્યાત્વની છે. આહાહા! અજીવનો સ્વામી થાય. ભગવાન

આત્મા અરુપી જ્ઞાનઘન અને આ જડ માટી-ધૂળ. એ મેં દીધાં અને મારાં નામ નાખો અહીંયા ઉપાશ્રયમાં કે દેરાસરમાં એટલે પંદર હજાર ને એક આપ્યા એનું ફલાણું કરો. એકવીસ હજારને અગિયારસો ને અગિયાર, એમ બધા આવે છે ને, આંકડા લખે બધા, આની કોરે મીંડા ન લખે વળી કંઈ. અગિયાર હજાર એકસો ને અગિયાર. અગિયાર લાખ અગિયાર હજાર એકસો ને અગિયાર. એય! ખુશી-ખુશી થઈ જાય બધાય. આહા! દેનાર-લેનાર બેય. ધૂળે ય ધર્મ નથી એમાં સાંભળને! એ તો રાગની મંદતા તેં કરી હોય (તો) શુભભાવ-પુણ્ય થાય, ધર્મ નહીં, સંવર ને નિર્જરા નહીં.

એમ વ્રત પાળવાનો અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળ્યું હોય, અહિંસા—કોઈ પ્રાણીને ન મારવાનો ભાવ કર્યો હોય એ બધો શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહીં. ત્રણકાળમાં વીતરાગમાર્ગમાં એને ધર્મ કહેતા નથી. આહા! કહો ભીખાભાઈ, શું કહે છે? આહાહા! એ તો દયા-દાન-સમિતિ-સંયમ તો કરે છે. કહે, ના, ના, સાંભળને! એ તો અનુભવનો અભ્યાસ કરે એથી નિર્જરા થાય. ભારે ઝીણી વાત ભાઈ! જેણે આત્મા અખંડ આનંદમૂર્તિ આત્મા ભગવાન સર્વજ્ઞે કહ્યો, પરમેશ્વર તીર્થંકરદેવ એણે કહ્યો કે આ આત્મા અતીન્દ્રિય આનંદ, અન્યમતિઓએ અજ્ઞાનીએ કહ્યો એ નહીં. સર્વજ્ઞ પરમેશ્વરે આ આત્મા કહ્યો, એ અનંત અનંત અસંખ્ય પ્રદેશી અનંતગુણનો પિંડ છે. એ આ પુણ્ય-પાપનાં રાગની ક્રિયાથી જુદી ચીજ છે. આહા!

એનો અનુભવ કરે, છે? 'अनुभौ अभ्यास'. વ્યય અને ઉત્પતિ, બેય કહે છે, જુઓ. એ શુભ-અશુભ ક્રિયાનો રાગ, એનું લક્ષ છોડી અખંડ આનંદ સ્વરૂપ ધ્રુવ ભગવાન આત્મા નિત્યાનંદ અવિનાશી આત્મા, એનાં આનંદ અને જ્ઞાનનાં સ્વભાવમાં એકાગ્ર થઈ એનો આનંદનો અતીન્દ્રિય આનંદના સ્વાદનો અનુભવ કરે, એને અહીંયા સંવર અને નિર્જરા ને ધર્મ કહેવામાં આવે છે. માળો ભઈ, અમે તો અત્યાર સુધી સાંભળેલું કે ચૌવિહાર કરવો(છોડવો), સામાયિક કરવું, પડિક્કમણા કરવા, પોષા કરવા, આઠ અપવાસ કરવા. હવે અઠ્ઠમ કરી હોય તો પહોર ચડાવે તો વળી પાંચ અપવાસ શું કંઈ અમુક કંઈક લાભ કહે છે? શું પડિક્કમણા...પોરસી...એને નિર્જરા બહુ થાય. ધૂળે ય ન થાય સાંભળને! લાંઘણું છે તારી બધી.

આ આત્મા આવી પુણ્ય-પાપની ક્રિયાનાં વિકલ્પથી, રાગથી જુદી ચીજ છે. એમ ભગવાને નવ તત્ત્વમાં એ તત્ત્વનું એવું સ્વરૂપ કહ્યું છે. સમજાણું કાંઈ? એવા આત્માના અનુભવથી—અનુભવનો અભ્યાસ, 'ऐसौ अवलंब उन्हींकौं उन पांही है'. એ તો સમ્યક્દૃષ્ટિ જીવને ખબર પડે, કહે છે, એમ કહે છે. આહાહા! શું કહે છે? ભાઈ,

ભગવાન અંદર ચૈતન્ય સ્વરૂપ છે. જ્ઞાનના પ્રકાશનો પૂર, નૂર અને આનંદનો સાગર છે. એવા આનંદમાં ઝપટ મારી, દૃષ્ટિ મૂકી અને એના આનંદનો સ્વાદ લે, અતીન્દ્રિય અનુભવ કરે, એ શ્રાવકને સંવર અને નિર્જરા છે. જેઠાભાઈ, આ ઊના પાણી પીવા અને એ બધું કાઢી નાંખ્યું. આહાહા! ભારે આકરું કામ ભાઈ! સમજાણું કાંઈ?

'कहै गुरु करमकौ नास अनुभौ अभ्यास, ऐसौ अवलंब उनहींकौ उन मांही हैं' શું કહે છે ઈ? એની પાસે છે, એમ કહે છે. 'वे अपने ही ज्ञानमें स्वात्मानुभव करते हैं'. એટલે કે આ શરીર, વાણી તો માટી-જડ છે. ઈ તો અજીવ થઈને રહેલાં છે. એ કંઈ આત્માનાં થઈને (શ્રોતા : રહ્યાં નથી) રહ્યાં છે? આ લક્ષ્મી-બક્ષ્મી રહી હોય ઈ શું છે? એ કોની થઈને રહી છે? અજીવ થઈને રહી છે કે જીવ થઈને રહી છે? રામજીભાઈ! (શ્રોતા : છે અજીવ, પણ જીવને શુકન બહુ આપે). ધૂળે ય આપે નહીં. મૂઢ માળો માને છે. એય! (શ્રોતા : એની ગરમી ચડી જાય છે) ગરમી ચડી જાય છે. આવવાનો છે ને શું તમારા ક્યારે કે દિ' આવવાનો છે? (શ્રોતા : કાગળ છે). કાગળ છે. એનું એના બાપનું ય હાલે નહીં, ઓલા પૈસાવાળા પાસે. છોકરા બે કરોડ-ત્રણ કરોડ-બે કરોડ માળા....(શ્રોતા : .... એના બાપનું શેનું હાલે?) આહાહા!

હજી તો એને ખબરે ય નથી. આવશે ક્યારે? આ એનાં છોકરાં! એની પાસે ૨ કરોડ. ઓલા પાસે ૩ કરોડ, મુંબઈ રહે છે એની પાસે. શું ત્યારે આ તમે બાપ થઈને શું રહ્યા? (શ્રોતા : આપ અત્યારે ના પાડી કે બાપ-દીકરો.....) બાપ-દીકરો છે જ નહીં. આત્માને બાપ કેવો ને દીકરો કેવો? આત્મા તો ભગવાન અનંત આનંદનો કંદ છે. એમાં આંહી તો રાગની ક્રિયા થાય દયા દાનની, એય એની નથી. તો બીજી ચીજ તો ક્યાંથી એની લાવે? ભારે કામ ભાઈ! વીતરાગ માર્ગ કહે છે, એ તો એની પાસે એનો અનુભવ છે. આહાહા! શું કહે છે? ઓલો રાગ આદિ ક્રિયા એ ભિન્ન-દૂર છે, એમ કહે છે. દયા-દાન-વ્રત-ભક્તિ આદિનો ભાવ-વિકલ્પ એ તો દૂર છે. અને આ જ્ઞાનનો અનુભવ તો એની પાસે-સમીપમાં છે. આહાહા! શેઠી, ભારે કામ ભાઈ!

'कर्म—निर्जरा अनुभवके अभ्याससे हैं'. કહે, કર્મનિર્જરા તો અનુભવનાં અભ્યાસથી છે, ભાઈ! 'वे अपने ही ज्ञानमें स्वात्मानुभव करते हैं'. સમ્યક્દૃષ્ટિ ધર્મી જીવ શ્રાવક હો, શ્રાવિકા હો, સાચા સાધુ હો કે અર્જીકા હો. એ આ આત્મા નિર્વિકલ્પ—વિકલ્પ નામ રાગથી ભિન્ન અખંડ અભેદ ચૈતન્ય મૂર્તિ છે, એનો આશ્રય કરીને અનુભવ કરે છે, એને સંવર અને નિર્જરા કર્મની થાય છે. બાકી બીજાને લાંઘણું થઈને નવું કર્મ બંધાઈ મિથ્યાત્વ બંધાય (છે). કેમ હશે આ વસંતલાલજી, પણ આ તમારે કલકત્તામાં શું હવે ચાલતું હશે આ? (શ્રોતા : કેમ ન ચાલે?) આહા! હવે તો આખા દેશમાં ચાલે છે

બધે. હવે ૩૬ વરસ થયાં, બધે ગામમાં-ગામોગામ થઈ ગયું. માર્ગ આ વીતરાગનો છે. બીજી રીતે માને તો એ વીતરાગની શ્રદ્ધા એને નથી, શ્રદ્ધા ભ્રષ્ટ છે. કહો સમજાણું કાંઈ?

લ્યો, 'कर्म–निर्जरा अनुभवके अभ्याससे है'. હવે અનુભવ શું? એ કોઈએ પૂછ્યું હતું ભાઈ, એંસીની (વિ.સં. ૧૯૮૦) સાલમાં ન્યાં. કે આ એક હતા ઠાકરસી ગોપાણી હતા. નથી ઓલા અમૃતલાલ ગોપાણી નથી? મોટા (શ્રોતા : પ્રોફેસર) કાશીના પ્રોફેસર મોટા. અમૃતલાલ સ્વરૂપચંદ ગોપાણી. આ તો એંસીની વાત છે હોં. ૪૭ વરસ થયાં. અનુભવ-અનુભવ કરીએ ને એટલે એ ઠાકરસી ગોપાણી કહે, પડિક્કમણાં કરવા આવે, આ અનુભવ અનુભવ શું કરે તમારે? અનુભવ આપણે તો હોય નહીં કાંઈ. (શ્રોતા : આપણે તો સામાયિક હોય) આપણે તો આ પડિક્કમણાં કરવાનાં સામાયિક. અરે, ભગવાન! તારાં સામાયિક ને પોષા બધા, રણમાં પોક મૂકવા જેવા છે. મિથ્યાત્વ સહિત છે, અજ્ઞાન. ભાન નથી કે આ દેહની ક્રિયા જુદી છે. અંદર વિકલ્પ ઉઠે કે આ કરું એ રાગ અને પુણ્ય છે. એનાથી ભગવાન ચીજ જુદી છે. આહા! સમજાણું કાંઈ?

"कर्म-निर्जरा अनुभवके अभ्याससे हैं, सो वे अपने ही ज्ञान में...." જુઓ, અપને–પોતાના જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા; જેમ સાકર ગળપણ સ્વરૂપ છે, એમ ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશનું નૂર-પૂર છે આત્મા અંદર. એ જ્ઞાનનો અંતરમાં એકાગ્ર થઈને, પુણ્ય-પાપનાં વિકલ્પોની લાગણીને છોડીને જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા, એનો અંતર અનુભવ અવલંબન કરીને કરે, એને વીતરાગદેવે કર્મની નિર્જરા કીધી છે. કહો પ્રવીણભાઈ! ભગવાનનું ભજન કરો–ભગવાનનું ભજન કરો. ભજન છે એ વિકલ્પ છે, કહે છે, લે! હો, પણ એ શુભ-પુણ્ય છે. (શ્રોતા : ભગવાન જ ક્યાં હતા? એણે ફેરફાર કરી નાખ્યો) આ તો ભગવાન તીર્થંકર...એ ભગવાન ભગવાન કરો. નમો અરિહંતાણં નમો અરિહંતાણં....નમો અરિહંતાણં ક્યાં છે? એ તો વિકલ્પ–રાગ છે, શુભ રાગ છે, ધરમ-બરમ નથી. સમજાણું કાંઈ?

અરેરે, જીંદગીયું જગતની ચાલી જાય છે. ઈયળો ને કીડા જેમ મરે, એમ બધા આ ભાન વિનાના મરશે, જાશે ચોર્યાશીના અવતારમાં. ક્યાંય કોઈ શરણ નથી એને. આહા! કહે છે, તારું શરણ તો અંદર આત્મા છે ભાઈ! વિશ્વાસે ય તને નથી કે હું તે કોણ છું? મારામાં અતીન્દ્રિય આનંદ–અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યો છે. આહાહા! જેનો સન્મુખ ભાવ થતાં જેને અતીન્દ્રિય આનંદનાં અમૃતનાં ઝરણાં વહે, એને અહીંયા અનુભવ અને નિર્જરા કહેવામાં આવે છે. કહો ધરમચંદભાઈ, ભારે આકરું કામ ભાઈ!

તે આ બધા કરતા હશે, એ બધા ખોટા હશે? ભઈ, ખોટા સિદ્ધાંતના દીકરા

હાલ્યા છે ઈ, ભાન વિનાના. આત્મા શું? કોને કહેવો? અને ધર્મ કોને કહેવો? એ વિના તો બધા આ કરો ને અપવાસ કરો ને આ કરો ને સુકાઈ જાઓ. શરીરને ભાઈ, શરીર દમન–શરીર દમન, શરીરમાંથી માલ કાઢો. આ જડનો માલિક છે? આ માટી છે, ધૂળ છે. આહા! ધૂળેય નથી સાંભળને! દેહ શું આ તો માટી, એ તો ધૂળ છે, અજીવ છે. માંસ ને હાડકાં થઈને રહેલ અને એ આત્મા થઈને રહેલ નથી. આત્મા તો અંદર આનંદની ખાણ છે. એ પુણ્ય-પાપની ક્રિયાનાં રાગની ખાણ નથી. આહાહા!

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં ઈન્દ્રો અને ગણધર વચ્ચે આમ કહેતા હતા, એ આ વાત છે. સમજાણું કાંઈ? કહે છે કે જો તારે કર્મની નિર્જરા કરવી હોય તો શ્રાવક ને મુનિને શું થાય તો નિર્જરા થાય? કે એ તો આત્માના આનંદનો અને જ્ઞાનસ્વરૂપી જ્ઞાનમાં એકાગ્ર થાય, ચૈતન્યબિંબ આ આત્મા છે એને પકડીને ઉંડો જઈને એમાં એકાગ્ર થાય, એનો અભ્યાસ કરે અને પર્યાયબુદ્ધિ ને રાગબુદ્ધિ નષ્ટ થઈ જાય, આ એને ધર્મ (થાય) અને કર્મની નિર્જરા થાય. આહાહા! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ?

'अनुभौ अभ्यास, ऐसौ अवलंब उनहीकौ उन पांही है', અવલંબન છે. દયા-દાન-વ્રતનાં પરિણામ પુણ્ય છે, બંધનનું કારણ છે. જ્યારે આત્માનો સ્વભાવ, એને આ ધર્મીને આધાર અને અવલંબન છે. એના અંતર ચૈતન્યનાં આશ્રયથી અવલંબીને ભગવાન અનુભવ કરે, એને અહીંયા કર્મની નિર્જરા કહેવામાં આવે છે. બાકી પુણ્ય-પાપનાં વિકલ્પની ક્રિયા, એ તો રોગ કર્મનો છે. આહા! એકથી પુણ્ય બંધાય અને બીજાથી પાપ. સોનાની બેડી અને લોઢાની બેડી. બેય સંસારમાં ભટકવાનાં કારણ છે. આહાહા! સમજાણું કાંઈ?

'निरुपाधि आतम समाधि सोई सिवरूप'. આહાહા! કેવો છે ભગવાન અંદર આત્મા? એ તો પુણ્ય ને પાપનાં વિકલ્પથી–ઉપાધિથી રહિત અંદર છે. ચૈતન્ય-ચૈતન્ય સ્વરૂપ છે. આત્મા મહાઅસ્તિત્વ સત્તા સ્વરૂપ છે, નિરુપાધિ છે. એને શરીરે ય નથી, વાણી યે નથી, કર્મે ય નથી અને દયા-દાનનાં વિકલ્પો પણ એનાં સ્વરૂપમાં નથી. આહાહા! 'निरुपाधि आतम समाधि'. કહો, 'निर्विकल्प आत्मध्यान ही मोक्षरूप है. समाहिवरमुत्तमदिंतु', આવે છે લોગ્ગસમાં. અર્થ સમજે નહીં કાંઈ, ઘડિયા હાંકે જાય, 'एवं मये अभिथुआ विहुय रयमला पहिणजरमरणा'. હાંકે રાખે ગાડા, એકેય શબ્દનો અર્થ આવડે નહીં. કાંતિભાઈ, આવડે છે અર્થ એકેય?

'विहुयरयमला'. કીધું ને એક ફેરી, વિસા અને દસાને તકરાર હતી લીંબડીમાં. પછી બાઈ એક પોષા સામાયિક કરવા બેઠી, ઓલું લઈને બેસે ને શું કહેવાય ઓલું?

(શ્રોતા : ઘડી..ઘડી..) ઘડીયાળ. એમાં પાઠ આવ્યો આવો. એટલે હતી દશા શ્રીમાળી બાઈ ડોસી. ભાન ન મળે અર્થની. પછી આ 'विहुय रयमला' આવ્યું.–વિસા રોઈ મર્યા. કહે અલ્યા, આપણે લોગસ્સમાં ક્યાંથી આવું આવ્યું? 'विहुय रयमला'નો અર્થ આવડે નહીં. ગાડાં હાંકે જાય. સવારમાં કરી આ સામાયિક કરીને 'नमो अरिहंताणं....' જાઓ, જાઓ પૂરું થયું જાઓ. આ કહે, પણ આપણી તકરાર લોગસ્સમાં ક્યાંથી આવી? આપણે દસા-વીસાનો અણબનાવ 'विहुय' रयमला આહીં ક્યાંથી આવી?

એલ્યા, અર્થ તો જુઓ. ત્યાં નીકળ્યું કે 'विहुय' એટલે વિશેષે, हुय એટલે ટાળ્યા છે. હે, પરમાત્મા! અરિહંત પ્રભુ! આપે રજ 'विहुय रयमला'–રજ એટલે આઠકર્મોની ધૂળ આપે ટાળી છે અને મળ એટલે પુણ્ય-પાપનાં મેલનાં ભાવ આ શુભ-અશુભ, એને આપે ટાળ્યાં છે. આહા! કોને ગણે છે? ઓલ ચોપડામાં–નામામાં ગણતરી સરખી. આ લોઢામાં આટલાં પેદા થયાં ને આટલાં ગ્યાં, એમાં બધી ગણતરી હોય કે નહીં? કાંતિભાઈ! ન્યાં બધી ગણતરી હોય એને. આ અર્થની ખબર ન મળે. બધે એમ છે ને ઘણા બધા આખી હાલે છે આ દુનિયા. (શ્રોતા : દુનિયામાં આમ જ હાલે છે). આહાહા! અરે, પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ, તારો આત્મા શું કહે છે? એનું શું સ્વરૂપ છે? એની અંદરમાં તો કહે છે, એ તો પોતે 'निरुपाधि आतम समाधि' છે. આહા! શાંત....શાંત....સમાધિ અંદર લગાવી. સમાધિ ઓલા બાવા બધા કરે છે, એવી હશે? (શ્રોતા : ના, એવી સમાધિ હોય?)

આધિ, વ્યાધિ અને ઉપાધિ ત્રણથી રહિત. ઉપાધિ એટલે આ સંયોગી ચીજ, વ્યાધિ એટલે શરીરમાં રોગ, આધિ એટલે પુન્ય-પાપનો સંકલ્પ. આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત આત્માનું ધ્યાન તેને સમાધિ કહે છે. આહાહા! એવી સમાધિને સાધે એ શ્રાવક અને મુનિ, એને ધર્મ થાય. આહાહા! ભારે વાતું ભાઈ આ! છે? 'निरुपाधि आतम समाधि सोई सिवरूप', લ્યો. તે મોક્ષરૂપ છે ધ્યાન. ધ્યાન જ મોક્ષરૂપ છે, કહે છે. આહાહા! કેમ કહ્યું? કે જે પુણ્ય-પાપનાં વિકલ્પો છે, એ તો કર્મરોગ છે. શુભ-અશુભ પરિણામ અને વ્રતનાં ને અવ્રતનાં ભાવ એ તો ઝેર છે, કર્મરોગ છે. ત્યારે આત્મા આનંદમૂર્તિનું ધ્યાન અંતરના અવલંબનથી પ્રગટ દશા, એ શિવરૂપ છે. છે ને? 'आत्मध्यान ही मोक्षरूप है'. મોક્ષનું કારણ છે ને મોક્ષરૂપ જ છે. આહાહા! શું કહેવું પણ આ જાણનાર છે!

ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ છે. જેટલા સિદ્ધ ભગવાન થયા, એ બધા સિદ્ધ ભગવાનની દશાઓ ક્યાંથી લાવ્યા? અંદરમાં છે, એમાંથી લાવ્યા છે. પણ શું છે? ક્યાં છે? કેમ છે? એની ખબર નથી. આહા! કહે છે કે બહારના વિકલ્પને

સમેટી અંતર ભગવાન પૂર્ણાનંદ પ્રભુ દ્રવ્ય આત્મ સ્વભાવ છે, એની દૃષ્ટિ અને એને જ્ઞેય બનાવી અને એનું ધ્યાન કરવું, એનો અનુભવ કરવો, એનું નામ ધ્યાન અને એનું નામ સમાધિ કહેવામાં આવે છે. એ સમાધિથી કર્મનો રોગ ટળે. બહુ આકરું કામ ભાઈ આ તો! આહા! આ તો કહે છે, M.A. અને L.L.B.ની વાતો કરે છે. બાપુ, હજી તો એકડાની વાત છે હજી આ, સાંભળને! ધર્મ કરવો હોય તો, બાકી તો આ રખડે છે બધું ક્રિયા કરે ભાન વિના.

સાધુ યે અનંતવાર થયો મરીને પંચ મહાવ્રત અનંતવાર પાળ્યા. એવો તો અત્યારે પાળનારેય નથી. નવમી ગ્રૈવેયકે ગયો જ્યારે—"मुनिव्रत धार अनंत बैर ग्रैवेयक उपजायो, पै निज आतमज्ञान बिन सुख लेश न पायो." અનંતવાર પંચમહાવ્રત પાળ્યા. એ તો વિકલ્પ, એ તો રાગ છે. ઈ ક્યાં ધર્મ હતો? આહાહા! ધર્મ તો એ વિકલ્પની લાગણી વિનાનું. ભગવાન આત્મા અંતર શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એને ઈ પુણ્ય-પાપનાં ઉપયોગથી રહિત—સ્વરૂપની ઉપયોગ દશા શુદ્ધ ઉપયોગ થાય, તેને અહીંયા સમાધિ આત્મધ્યાન અને તેને અહીંયા મોક્ષનું કારણ અથવા મોક્ષ કહેવામાં આવે છે. ભારે વાત! જુઓ, આ શ્રાવકને એમ કીધું હોં, દેશવિરતી. ભાઈએ, ઈ નાંખ્યુ છે બનારસીદાસે. ઓલામાં એકલું મુનિ નાંખ્યું. બેયને છે, સાંભળને! શ્રાવક કહેવા કોને? આ વાડામાં પડ્યા એ શ્રાવક? કોથળીમાં કરિયાતા ભર્યા અને ઉપર નાંખે સાકર, થઈ ગયાં મીઠાં કરિયાતા? સમજાણું કાંઈ?

એમ મોટા નામ આપે કે શ્રાવક મોટા ધુરંધર, મોટા મુનિ. આકરા નામ મૂકવામાં ક્યાં વાંધો છે? ભાવ શું છે એનું તો ભાન (નથી.) આહાહા! શ્રાવક અને મુનિ એને કહીએ કે જે કોઈ પુણ્ય ને પાપનાં વિકલ્પની લાગણીનું લક્ષ છોડી અને આત્માના અનુભવની દૃષ્ટિ કરીને અનુભવે, સમાધિ સાધે—શાંતિ સાધે, એને અહીંયા નિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કાંઈ સમજાણું, એમ આવે છે ને? બધું સમજાય તો તો ન્યાલ થઈ જાય એ. પણ આ તો હજી કાંઈ ઠેકાણાં ન મળે સમજવામાં. શેઠી, આહા! ભારે વાત નીકળી. જુઓ, આહીં તો એને 'समाधि सोई सिवरूप', ભાઈ કહ્યું. જેમ ઓલો કર્મરોગ છે ત્યારે આ આત્મધર્મ છે, એમ શાંતિથી આ સમજવું. આહા!

પુણ્ય-દયા-દાન-વ્રતનાં ભાવ એ તો શુભભાવ છે, શુભ ઉપયોગ છે, એ પુણ્ય છે, નિશ્ચયથી તો અધર્મ છે. અને હિંસા-જૂઠું-ચોરી-વિકલ્પ એ પણ પાપ છે, એ પણ અધર્મ છે. ધર્મ તો એ શુભ-અશુભ રાગથી ભિન્ન, ચૈતન્યનાં અંતર અવલંબીને થતી અરાગી—વીતરાગી દશા, જેમાં આનંદ અતીન્દ્રિયનો અનુભવનો સ્વાદ આવે, એને

અહીંયા ધર્મ અને કર્મની નિર્જરાનું કારણ કહે છે. ભારે! સમજાણું કાંઈ? પણ પાધરું આવી જતું હશે એવું? પહેલું કાંઈ કરવું પડે કે નહીં? શું કરવું પહેલું? ઓલું કહે ને, પહેલા આવા વ્રત-બ્રત કરો, કષાય મંદ થાય પછી આવું થાશે. લસણનાં ઢોકળાં ખાઓ, પછી ખાતાં એનો ઓડકાર કસ્તૂરીનો આવશે. આ ઢોકળા, ઢોકળાં સમજતે હૈં? આ તમારી ભાષામેં ઢોકળા હોતા હૈ ને ચોખાકા. ઉસમેં ચોખા ઉના કરીને પછી માથે મસાલો પાથરે લસણનો સરખાઈનો, પછી કાપીને ઘીમાં તેલમાં ખાય. ગળા સુધી કળશીને ખાય. પછી એનો ઓડકાર આ કસ્તૂરીનો આવતો હશે?

એમ રાગની ક્રિયા કરે અને એમાંથી ધર્મની ક્રિયાનો ઓડકાર આવતો હશે? ધૂળમાં ય નથી, કહે છે સાંભળને! આહાહા! કહે છે, એ 'मोक्षरूप है इसके बिना और सब भटकना पुद्गलजनित है', દેખો. છે ને? 'और दौर धूप पुद्गल परछांही है'. આ પુણ્ય-વ્રતનો વિકલ્પ પુદ્ગલની છાયા. આહાહા! ગજબ વાત છે ને. આવે છે ને, સાંખ્યું જાય નહીં, સાંભળ્યું જાય નહીં. કહો સમજાણું? એ 'दौर धूप' છે. એ વ્રત અને તપનાં વિકલ્પ ઉઠે છે, એ શુભરાગ સંસારમાં ભટકવાનું કારણ છે. એ પુદ્ગલની છાયા છે, આત્માની નહીં. શેઠી, હૈ ઉસમેં? હવે તો પુસ્તક બહુ ફર્સ્ટક્લાસ છપાણું છે, આમ જુઓ. વાંચી શકે એવું. 'पुद्गल परछांही है'.

ભાવાર્થ. એમાં ભાવાર્થ છે ને નીચે. 'शुभ क्रिया समिति'. ઈર્યા, એષણા. ઈર્યા—જોઈને ચાલવું, ભાષા બોલવી, નિર્દોષ આહાર લેવા, એ સબ આસ્રવ હૈ. 'व्रत आदि आस्रव ही है'. એ તો નવા કર્મનું કારણ છે. આહાહા! 'इनसे साधु वा श्रावककी कर्म—निर्जरा नहीं होती'. આવું છે ભાઈ. 'निर्जरा तो आत्मानुभवसे होती है'. પુરુષાર્થસિદ્ધિનો આપ્યો દાખલો.

येनांशेन सुदृष्टिस्तेनांशेनास्य बन्धनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति॥२१२॥

પુરુષાર્થસિદ્ધિનો દાખલો આપ્યો છે. ભગવાન આત્મા પોતાના આનંદસ્વરૂપને અને જ્ઞાનસ્વભાવમાં જેટલી વીતરાગતાથી એકાગ્રતા થાય તેટલા બંધનનો નાશ. જેટલો રાગનો ભાવ રહે એ બંધનનું કારણ. વીતરાગ માર્ગમાં આ છે, બીજે આ વાત છે નહીં. જૈન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર એના માર્ગમાં આ વાત છે. એ વ્રતનો વિકલ્પ બંધનું કારણ અને આત્માના આનંદનો અનુભવ એ નિર્જરાનું કારણ, એ વાત વીતરાગ દેવના શાસનમાં છે. અજ્ઞાનીઓ એને કંઈને કંઈ ખતવી નાંખે છે. સમજાણું કાંઈ?

આત્માનુભવસે હોતી હૈ. નિર્જરા તો આત્માનુભવસે હોતી હૈ. આહાહા! એટલે?

પુણ્ય-પાપનાં વિકલ્પનો અનુભવ એ તો બંધનું કારણ છે, કહે છે. હવે આત્મા જે પુણ્ય-પાપથી રહિત છે, એવા શુદ્ધ ચૈતન્યનો અનુભવ એના આનંદના ઝરણામાં જે અતીન્દ્રિય આનંદનું વેદન આવે, આહાહા! એને અશુદ્ધતા ટળે છે અને શુદ્ધતા વધે છે, એને નિર્જરા કહે છે. હજી વસ્તુ ઈ શું ચીજ છે એની સમજણે ય નથી, ઓળખાણ નથી ને દોડ્યે જાય, હાંકે રાખે.

છઠ્ઠો કળશ. આ બાજુ છે ને. ૧૦૧ પાનું.

**यदेतद्ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं**
**शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति।**
**अतोऽन्यद् बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्**
**ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितं ॥६॥**

ભગવાને તો આમ કહ્યું છે, કહે છે. આહાહા! ભગવાન આત્માના આનંદનો અનુભવ તેને ભગવાને ધર્મ કહ્યો છે. વિધિ તો આ કહી છે. લ્યો ચેતનજી, વિધિ-બિધિ નથી તમારે હાલતી? (શ્રોતા : વિધિકર્તા.....) વિધિ-વિધાન કરવું, વિધિ-વિધિથી કરવું બધું, અવિધિ ન થવા દેવી. ઈ બહુ એમાં આવે. શ્વેતાંબરમાં-દેરાવાસીમાં મૂર્તિપૂજામાં. ઉપધાન કરે ઓલા ૩૫-૩૫નાં. બધા વિધિ-વિધાન રાગનાં છે, સાંભળને હવે! આહાહા! સમજાણું કાંઈ?

એનો નવમો પદ. નીચે છઠ્ઠો કળશ હતો ને એનું ૯ પદ. મુનિ શ્રાવકની દશામાં બંધ અને મોક્ષ બેય છે.

મુનિ શ્રાવકની દશામાં બંધ અને મોક્ષ બન્ને છે. (સવૈયા તેવીસા)

**मोख सरूप सदा चिनमूरति,**
**बंधमई करतूति कही है।**
**जावतकाल बसै जहां चेतन,**
**तावत सो रस रीति गही है॥**
**आतमकौ अनुभौ जबलौं,**
**तबलौं सिवरूप दसा निबही है।**
**अंध भयौ करनी जब ठानत,**
**बंध विथा तब फैल रही है॥९॥**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :**—ચિનમૂરતિ=આત્મા. કરતૂતિ=શુભાશુભ વિભાવ પરિણતિ. જાવતકાલ=જેટલા સમય સુધી. તાવત=ત્યાં સુધી. નિબહી=રહે છે. અંધ=અજ્ઞાની. વિથા(વ્યથા)=દુ:ખ.

**અર્થ :**—આત્મા સદૈવ શુદ્ધ અર્થાત્ અબંધ છે અને ક્રિયાને બંધમય કહેવામાં આવી છે, તેથી જેટલો સમય જીવ જેમાં (સ્વરૂપ અથવા ક્રિયામાં) રહે છે તેટલા સમય સુધી તેનો સ્વાદ લે છે અર્થાત્ જ્યાં સુધી આત્માનુભવ રહે છે ત્યાં સુધી અબંધદશા રહે છે, પરંતુ જ્યારે સ્વરૂપમાંથી છૂટીને ક્રિયામાં લાગે છે ત્યારે બંધનો વિસ્તાર વધે છે. ૯.

**अर्थ** :–आत्मा सदैव शुद्ध अर्थात् अबंध है और क्रिया बंधमय कही है, सो जितने समय तक जीव जिसमें (स्वरूप या क्रियामें) रहता है उतने समय तक उसका स्वाद लेता है, अर्थात् जब तक आत्म-अनुभव रहता है तब तक अबंधदशा रहती है, परंतु जब स्वरूपसे चिगकर क्रियामें लगता है तब बंधका प्रपंच बढ़ता है।।९।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહા! 'मोख सरूप सदा चिनमूरति'. નીચે અર્થ છે. 'आत्मा सदैव शुद्ध—अबंध है'. ભગવાન આત્મા એને કહીએ કે જે રાગના વિકલ્પથી જુદો અબંધસ્વરૂપી તેને આત્મા કહીએ. રાગનો ભાગ તે ભાવબંધસ્વરૂપ છે. 'मोख सरूप सदा चिनमूरति'. જ્ઞાનની મૂર્તિ પ્રભુ એ મોક્ષસ્વરૂપ છે એટલે એની ક્રિયા એ મોક્ષસ્વરૂપ જ છે, એમ કહે છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રકાશ, એ જ્ઞાનનું પરિણમન એ આનંદનું પરિણમન સાથે, એને અહીં મોક્ષસ્વરૂપ કહેવામાં આવે છે. મોટી વાત. આ હવે સાંભળી ન હોય. 'बंधमई करतूति कही है' અને જેટલી ક્રિયાઓ આમ કરું ને તેમ કરું ને વ્રત પાળું એ ભક્તિ કરું ને પૂજા કરું ને દાન કરું ને, એ બધી ક્રિયાને ભગવાને બંધમયી કીધી છે.

બે ભાગ છે. જોવે એ ભાગ લઈ લે હવે, કહે છે. નહીં? છોકરાને તરબૂચનાં ભાગ પાડે છે અંદર બે ભાગ. મોટું તરબૂચ લાવ્યા હોય, દસ શેરનું. છોકરા આઠ હોય ને કોઈ પ્રકૃતિનો એવો હોય કે એને માટે કહે, 'તારું લઈ લે. તારો ભાગ આ. પછી પાછળથી તકરાર કરીશ', કહે છે. પેલું લાંબુ ઉપરનું લાંબુ લાલ હોય ને હેઠે નાનું હોય. ઈ લે ઓલું લાંબુ દેખીને, વળી પાછો તકરાર કરે. 'પણ હેઠે પહોળું'. આ પહોળું હેઠે છે તે લઈ લે.' પણ પહોળું હેઠેને ઉપરનું લાંબું નથી. આ તરબૂચનાં કટકા પાડે ને. અને છોકરાઓ એવો હોય કોઈ એકાદ એવો ય હોય, કંઈ બધા સરખા હોય છે કાંઈ પ્રકૃતિ? (શ્રોતા : બધે....) તકરાર કરે. પહેલા લઈ લે તારા, જો આ આઠ ભાગ છે. બે અમારા ને છ તારા છોકરાઓનાં જોઈએ એ.

(શ્રોતા : ઈ તો ખાઈ જાય ને પછી કહે ઓછો બહુ હતો). હા, આ ખાધા પછી કહે, ‘મારે હેઠે થોડું હતું. આને ઉપરથી ને હેઠે મોટું લાંબું છે આનું.’ પણ ઉપર નાનું હતું. બધા સરખા હતા. એ પછી ખાધા પછી માંગે. એનું શું કરવું? આહીં કહે છે કે વાંધા જ એટલા. આ આત્માનો અનુભવ-અનુભવ કરવો ઈ ધર્મ છે અને રાગ-ભાગ કરવો ઈ એ બંધ છે. એ બેમાંથી તને પસંદ પડે એ લે. પછી પાછળથી તને, ‘અરે! અમે વ્રત પાળતા હતા ને એમાંય તમે કહો કે ધર્મ નહીં’. પણ તને કહ્યું નહોતું પહેલું? તારા વ્રત ને બ્રતનાં વિકલ્પો બધા રાગનાં કારણ-બંધના કારણ છે. સમજાણું કાંઈ? આહા!

આ ચૈતન્ય ભગવાન અંદર શુદ્ધ પરમ પવિત્ર પરિણામિક સ્વભાવભાવ. આ ઈ નામે ય સાંભળ્યું ન હોય. પરમ પારિણામિક સહજ ભાવ ત્રિકાળ...ત્રિકાળ...ત્રિકાળ... અવિનાશી, એ રાગની પર્યાયથી જુદો, અરે! એક સમયની પર્યાયનાં પરિણામ થાય ને એનાથી જુદો છે ઈ. આહાહા! એવા ભગવાનને આહીં તો ‘चिनमूरति’ અને ‘मोख सरूप’ કહ્યો છે. ‘सदा’ છે ને શબ્દ? આહા! સમજાણું કાંઈ? ધીમેથી થોડું પણ સાચું સમજવું જોઈએ. મોટા ચોપડાના ચોપડા ભણીને વાતું કરે, પણ સત્‌ની ખબર ન મળે, રખડી મરશે બાપુ એ. આવા અવસર મળવા ફરીને મુશ્કેલ છે. મનુષ્યપણું માંડ અનંતેકાળે માણસપણું મળે છે, આહા! એમાં ભગવાને કહેલો આ સમ્યક્‌દર્શન-સમ્યક્‌જ્ઞાનનો માર્ગ જો ન સમજ્યો તો ભાઈ! તારું કોઈ શરણ નથી. આહા!

એ તો ક્ષણમાં ક્ષણમાં નાશ, જુઓને, દૂલીચંદજી બ્રહ્મચારીનું સાંભળ્યું ને કાલ જુઓને કાંઈ. કહો, બિચારા આહીં કેટલા આવતા ને બહુ પ્રેમ. ક્ષણમાં. સવારે પ્રવચન કર્યું, આહાર કર્યો, હાથે લૂગડાં ધોયાં. એ તો સાત પડિમા હોય, ત્યાં પાણી ધોતાં હશે ટાઢા પાણીએ. ટાઢા પાણીએ ધોવેને ભાઈ? ગરમ પાણી કરેલું, ટાઢે નહીં? કૂવે નહીં? ઠીક, (શ્રોતા : કૂવાનું પાણી હોય એને ગરમ કરી......) હા, પણ આ તો ધોયું, લ્યોને હાથે ધોયા. લૂગડાં ધોયાં ને જ્યાં સામાયિક કરવા બેસે છે બપોરે ૧૨ વાગે, હાર્ટ બંધ. આહાહા! આ ક્ષણનાં ભરોસા દેહનાં નથી. ક્યારે દેહ સ્થિતિ પૂરી થશે. એને કરવાના કર્યા નહીં, અણ કરવાનાં કરીને હાલ્યો જાશે. આહા! દૂલીચંદજી, બહુ પ્રેમ હતો આહીંનો. (શ્રોતા : બહુ પહેલા નંબરમાં ઈ હતા). આવવાના હતા અષાઢ મહિને આવવાના હતા. ગયે વખતે આવ્યા હતા નહીં? ગયા વખતે અષાઢ મહિને આવ્યા હતા.

હવે એને ય ખબર નહીં કે આ હમણાં હવે આ ભવ (પૂરો થઈ) આ ક્ષણે બીજો ભવ થઈ જશે. આહાહા! એ દેહ જુદો, એ અવતાર જુદા, એ ભાવ જુદા. ગ્યા હશે ક્યાંક. એ તો સ્વર્ગમાં જાય. બ્રહ્મચારી હતા ને. (શ્રોતા : વડનગર) વડનગર હૈ ને. વીસ દિનસે ત્યાં આયા થા. આહીં એનો કાગળ આવ્યો છે એ લોકોનો. અહીંયાની ખબર છે ને.

અહીંના પ્રેમી હતા એટલે આહીંનું નામ લેતા હોય ને વ્યાખ્યાનમાં એટલે આહીં કાગળ આવ્યો છે, વિસ્તારથી આવ્યો છે. ૨૨મી તારીખે ગુજરી ગયા એમ છે કાંઈ. (શ્રોતા : ૨૨મી તારીખ) ૨૨મી તારીખ ૨૨. આજ તો ૨૬ થઈને? એક ક્ષણની અંદર. આહાહા!

આ દેહ-માટી એની સ્થિતિ જ્યાં છે એ પૂરી થશે એટલે ઈ ક્ષણે ગાડું નીકળી જશે ફાટ દઈને. ઓલા દાક્તર-બાક્તર લાવીને મરી જાય તો કાંઈ હાલે એવું નથી, લે. પૈસાવાળાને એમ હોય કે અમે પૈસા ખરચીને ડાક્ટર લાવશું. એય! વિલાયતથી બોલાવશું. પણ વિલાયતથી બોલાવે કે ઉપરથી ઈન્દ્ર ઉતરે તો ય કાંઈ ફરે એમ નથી, લે. આહાહા! એ દેહની સ્થિતિ પૂરી થયે, એ દેહ છૂટી જશે બાપુ! આવા ટાણાં ફરીને સમજવાનાં નહીં મળે. અને આ સમજણ જો ન કરી, એ સોયમાં દોરો સૂતરનો ન પરોવ્યો તો એ સોય ક્યાંક ખોવાશે તો હાથ નહીં આવે. પણ સાચી સમજણનો દોરો આત્મામાં યથાર્થ પરોવ્યો હશે, તો જનમ-મરણમાંથી નીકળીને એ હાથ આવી જશે. માર્ગ આ છે. આહાહા! શું થાય?

શુદ્ધ અબંધ હૈ. ભગવાન તો અબંધ છે. આહાહા! ચિન્મૂર્તિ પ્રભુ છે, એ જ્ઞાનનો સાગર છે, આ અતીન્દ્રિય આનંદનો છલોછલ ભરેલો પ્રભુ છે, એવો આત્મા ભગવાને કહ્યો છે. હવે એની તો ખબરું ન મળે. આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો. કરતા-કરતા-કરવું, ત્યાં મરવું છે. સમજાણું કાંઈ? આ કહે છે કે 'मोख सरूप सदा चिनमूरति', મોક્ષ એટલે અબંધ સ્વરૂપ, એમ. 'बंधमई करतूति कही है। जावतकाल बसै जहाँ चेतन'. જેટલો કાળ આત્મા પોતાના જ્ઞાન અને આનંદમાં રહે છે, 'तावत सो रस रीति गही है—उतने समय तक उसका स्वाद लेता है' આત્મા. આહાહા!

શું કહે છે? શ્રાવક કે મુનિ સાચા એને કહીએ કે જેને અંતરનાં આત્માનાં આનંદમાં જઈને જેટલો કાળ ચેતનમાં એકાકાર થઈને વસે છે, એટલો 'रस रीति गही है'—એટલો કાળ આનંદનો સ્વાદ છે. રસ એટલે આત્માનો આનંદ. આહા! સમજાણું કાંઈ? 'जावतकाल बसै जहाँ चेतन—जावतकाल बसै जहाँ चेतन'—અંદર, 'तावत सो रस रीति गही है'—તાવત સો અનુભવમાં આનંદ ગ્રહ્યો હૈ. ત્યારે એ આનંદમાં હોય છે. એને અહીંયા અનુભવ અને ધર્મ કહેવામાં આવે છે. આહાહા! માણસને એવું લાગે ને આ નવું...એકાંત. હા, હા, પણ કાંઈ બાપુ માર્ગ જ આ છે. ભાઈ! માર્ગ એની પહેલી શ્રદ્ધામાં (તો લાવ), શ્રદ્ધા તો કર, શ્રદ્ધા તો કર પહેલી, કહે છે ભાઈ! કોઈ બહારનાં હોંશે બતાવીને આવું તમારું ધન, એ નહીં સાથે આવે અને સફારશું (ભલામણ) એ કામ નહીં આવે. સમજાણું કાંઈ? આહાહા!

'जावतकाल बसै जहाँ चेतन'. ક્યાં વસે? પોતાના સ્વભાવમાં. ત્યારે એને ચેતન કહીએ ને? રાગમાં વસે ઈ ચેતન કેવો? આહાહા! મકાન-ફકાનમાં ને બાયડી-છોકરામાં તો વસતો ય નથી કોઈ દિ.' એ તો મફતનો મૂઢ માનીને બેઠો છે કે આ મારાં બાયડી છોકરાં. ક્યાં હતા તારા હવે સાંભળને! તારા હોય તારાથી જુદા રહે (નહીં). જુદા પડે ઈ તારા હોય (નહીં), એટલી તને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા! આ તો એક દયા-દાનનાં વ્રતનો કણ રાગ પણ તારો નહીં. તારો હોય તો જુદો પડીને અનુભવ થઈ શકે નહીં. આહાહા! વસંતલાલજી, ભારે કામ ભાઈ! અને પછી કહે, સોનગઢમાં આવું બાપા...સોનગઢ. આ ભગવાન કહે છે ને સાંભળને!

સોનગઢને નામે ભડકે બિચારા.....એમાં કોણ કહે છે? ગ્રંથ આહીંનું છે? સોનગઢનું છે? આ તો કુંદકુંદઆચાર્યનું કહેલું, એમાંથી કળશ અને નીચે આ અર્થ છે. (શ્રોતા : છપાણું છે ક્યાં?) છપાણું ગમે ત્યાં હોય તેથી શું થઈ ગયું? અક્ષરે અક્ષર એમના છે. કુંદકુંદ આચાર્યનાં, અમૃતચંદ્ર(આચાર્ય)નાં કળશ અને આ હવે અર્થ છે. અરે, પણ કોઈ દિ' ગરજ ન મળે ને બહારમાં ઓલું સહેલું લાગે ને, વ્રત પાળવા-અપવાસ કરવા, ચૌવિહાર કરવો(છોડવો), કંદમૂળ ન ખાવું, છપરબી પાળવી, જાઓ. અરે, એવું તો અનંતવાર કર્યું, સાંભળ, એ તો રાગની ક્રિયા છે પુણ્યની. એ કાંઈ ધરમ-બરમ છે (નહીં.)

(શ્રોતા : ચંડાળણીનો પુત્ર.....દાખલો કાલે આવ્યો'તો.) આવ્યો'તોને કાલે. ચંડાલિનો પુત્ર—બે દીકરા ચંડાળણીનાં આવ્યું'તું ને? જન્મ્યાં ભેગો એક છોકરાંને લઈ ગયો બ્રાહ્મણ અને એક રહી ગયો ચંડાળણીને ન્યાં. બ્રાહ્મણને ગયો ત્યાં કહે, 'મારે આ ખપે નહીં, મારે આ ખપે નહીં'. મારે આ ખપે નહીં.' પણ એલ્યા, ખપે ન ખપે તું છો તો ચંડાળણીનો દીકરો. એમ શુભ ભાવમાં અજ્ઞાનીઓ કહે, આ મારે ખપે નહીં, આ મારે ખપે નહીં, પણ એ તારો શુભ ભાવ ચંડાળણી છે, સાંભળને! એ વિભાવ છે, વિકાર છે. આહાહા! આત્મા જ્ઞાનસ્વરૂપમાં ન ખપે, ખપે એવો વિકલ્પ જ નથી એનામાં. આહાહા! સમજાણું કાંઈ?

'आतमकौ अनुभौ जबलौं, तबलौं शिवरूप दसा निबही है'. આહા! શું કહે છે? જેટલો કાળ ભગવાન આત્મા નિજ ઘરમાં અંતર ગયો, એ પુણ્ય-પાપની વૃત્તિનો વિકલ્પ તરફની રુચિ—આશ્રય છોડી અને આનંદકંદ ભગવાન આત્મામાં ગયો ત્યાં સુધી, કેટલો કાળ? શિવરૂપ દશા છે એટલો કાળ. મોક્ષસ્વરૂપ જ છે. આહાહા! માળે આવો. 'तबलौं शिवरूप' છે ને? 'तब तक अबंध दशा रहती है'. મોક્ષ એટલે અબંધ દશા. એનો

અર્થ કર્યો છે. 'शिव' એટલે અબંધ દશા. 'अंध भयौ करनी जब ठानत'—તબ અબંધ.....'परंतु जब स्वरूपसे चिगकर.....' જ્ઞાનીને વિકલ્પ આવે એ સ્વરૂપથી ખસીને નથી આવતો, એ અસ્થિરતાનો આવે છે. અને અજ્ઞાનીને તો સ્વરૂપમાંથી ખસીને, ભાન નથી ચૈતન્ય આનંદકંદ છે, જ્ઞાનસ્વરૂપ છે. આ વ્રત કરું ને આ તપ કરું ને આ અપવાસ કરું, એવો ખસીને......છે ?

'क्रियामें लगता है तब बंधका प्रपंच बढता है'. લ્યો, ઐસી હૈ બાત. આ તો તમારા ધર્મની વાત છે. આ તો બનારસીદાસે કરેલું છે, રાજમલ્લ ટીકામાંથી. સોનગઢનું નથી આ. (શ્રોતા : સોનગઢે બરોબર અર્થ કર્યો છે કે આમ કહેવા માંગે છે.) આ માણસો ભડકે છે. અમે આમ ધર્મ માનીએ ને વળી આ નવો ક્યાંથી કાઢ્યો આવો ? એમ વળી કહે છે. આ તો નવો એક પંથ કાઢ્યો. ભગવાન નવો નથી હોં નાથ ! તને ખબર નથી. તારા પંથની રીતની તને ધર્મની ખબર નથી. આહાહા ! સુમનભાઈ, નવો પંથ કાઢ્યો, એમ કહે છે. નથી કહે છે ને કેટલાક ? ત્યાંય કહતે હૈં તમારે કલકત્તામેં. આહાહા !

વસ્તુ હૈ ને વસ્તુ—ચૈતન્ય ભગવાન પૂર્ણ શક્તિનું તત્ત્વ આખું, જેનો નિર્વિકલ્પ સ્વભાવ, જેનો અબંધ સ્વભાવ.....બંધ તત્ત્વ તો બીજી ચીજ છે. એ તો રાગ તે બંધ છે અને આ તો અબંધ સ્વરૂપ છે ભગવાન. આહાહા ! એવા અબંધ સ્વરૂપમાં જેટલો કાળ રહે છે, એટલો કાળ તું મોક્ષ સ્વરૂપ જ છે, એમ કીધું. અને જ્યાંથી ખસીને જો ક્રિયામાં લગની લાગી, વ્રત ને તપ ને આખો દિ' તમારે, આહા ! આ ખાવું ને આ પીવું ને આ..ભગવાનની ઉઠ-બેસ કરવી સો વાર-બસો વાર મૂર્તિ પાસે. એ બધો શુભ રાગ છે, બાપુ એ ધર્મ નહીં. સમજાણું કાંઈ ? પણ સ્વરૂપની દૃષ્ટિ છોડીને એકલો ફરે, એકલો બંધભાવ છે. સ્વરૂપનું ભાન રાખીને એ ભાવ હોય તો એ પુણ્ય બંધનું કારણ છે. સમજાણું કાંઈ ?

'अंध भयौ करनी जब ठानत, बंध विथा तब फैल रही है'—બંધનો પ્રપંચ વિસ્તાર પામ્યો છે, કહે છે ઈ. આહાહા ! છે ને ? તો 'बंधका प्रपंच बढ़ता है'. પુણ્ય બંધ થાય. અબંધ ભગવનને બંધન થાય, એ ક્રિયાકાંડમાં ફળ આ છે. ભગવાન તો રાગની ક્રિયાથી રહિત સ્વરૂપ છે એનું. એવા સ્વરૂપમાં અનુભવમાં રહે, એટલો કાળ જાણે શિવસ્વરૂપ અને અબંધ પરિણામ છે. બાકી બધી બંધક્રિયા—બંધનું કારણ છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૫૯, ચૈત્ર સુદ ૧, શનિવાર, તા. ૨૭-૩-૧૯૭૧
## પુણ્ય-પાપ એકત્વ દ્વાર, પદ ૧૦, ૧૧, ૧૨, ૧૩ ઉપર પ્રવચન

સાતમો કળશ પુણ્ય-પાપ અધિકાર નાટકમેં. નીચે સાત છે ને સાત.

वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।
एक द्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्॥७॥

દસમો ૫દ. मोक्षकी प्राप्ति अंतर्दृष्टिसे है.

મોક્ષની પ્રાપ્તિ અંતર્દષ્ટિથી છે. (સોરઠા)

अंतर-दृष्टि-लखाउ, निज स्वरूपकौ आचरन।
ए परमातम भाउ, सिव कारन येई सदा॥१०॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—અંતરદૃષ્ટિ=અંતરંગ જ્ઞાન. સ્વરૂપકૌ આચરણ=સ્વરૂપમાં સ્થિરતા. ભાઉ=સ્વભાવ.

**અર્થ** :—અંતરંગ જ્ઞાનદૃષ્ટિ અને આત્મસ્વરૂપમાં સ્થિરતા એ પરમાત્માનો સ્વભાવ છે અને એ જ મોક્ષનો ઉપાય છે.

**ભાવાર્થ** :—સમ્યક્ત્વ સહિત જ્ઞાન અને ચારિત્ર પરમેશ્વરનો સ્વભાવ છે અને એ જ પરમેશ્વર બનવાનો ઉપાય છે. ૧૦.

**अर्थ** :–अंतरंग ज्ञानदृष्टि और आत्मस्वरूपमें स्थिरता यह परमात्माका स्वभाव है और यही मोक्षका उपाय है।

भावार्थ :–सम्यक्त्व सहित ज्ञान और चारित्र परमेश्वरका स्वभाव है और यही परमेश्वर बननेका उपाय है॥१०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'अंतर-दृष्टि लखाउ'. આત્મા પૂર્ણ પરમેશ્વર શુદ્ધ આનંદઘન, એની દૃષ્ટિ અને એમાં લક્ષ દેવું. પુણ્ય-પાપ અધિકાર છે ને. એ શુભ ને અશુભનાં પરિણામ.....દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા—એ બધો શુભ રાગ છે એ તો, એ કંઈ ધર્મ નથી. 'अंतर-दृष्टि लखाउ'. ભગવાન અભેદ શુદ્ધ ચૈતન્ય આત્મબળ પરમાત્મ પરમેશ્વર પોતે જ છે. એવા

પોતે પરમેશ્વર એની દૃષ્ટિ કરી અને એનું લક્ષ કરવું. અને 'निज सरूपकौ आचरन' અને નિજ આનંદસ્વરૂપમાં ઠરવું, એ ચારિત્ર. 'अंतर-दृष्टि-लखाउ निज सरूपकौ आचरन', ત્રણેય આવી ગયા. વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન અંતર દૃષ્ટિનો વિષય, એને દૃષ્ટિ અને જ્ઞાનવડે લક્ષ કરીને એમાં સ્વરૂપમાં ઠરવું, 'ए परमातम भाउ'—એ પરમેશ્વર ભગવાન આત્માનો એ સ્વભાવ છે.

'ए परमातम भाउ'. પરમસ્વરૂપ ભગવાન જ્ઞાન ને આનંદનાં સ્વભાવવાળું તત્ત્વ એ પરમાત્મભાવ છે અને એ અંતર્દૃષ્ટિ થતાં જ્ઞાન અને શાંતિ થાય, એ જ પરમેશ્વર સ્વદ્રવ્યનો સ્વભાવ છે. મૂળ એની વ્યાખ્યા છે ને. 'एक द्रव्यस्वभावत्वा' કળશ છે ને કળશ. એકદ્રવ્ય તે એની વ્યાખ્યા કરી. ભગવાન શુદ્ધ ચૈતન્ય પુણ્ય-પાપનાં વિકલ્પની ક્રિયાથી રહિત નિત્યાનંદ દ્રવ્યસ્વરૂપ, એવું જે એક દ્રવ્ય સ્વભાવને કારણે અંતર્દૃષ્ટિ આપતાં, એને જ્ઞાનમાં જ્ઞેય બનાવતાં, એમાં સ્વરૂપમાં શુદ્ધતામાં સ્થિરતા આનંદની પ્રગટ કરતાં એ એક મોક્ષનો ઉપાય છે. ભારે!

'ए परमातम भाउ सिव कारन येई सदा'. સદાય એક દ્રવ્યનો સ્વભાવ પુણ્ય-પાપનાં ભાવ તો એક દ્રવ્યનો સ્વભાવ નહિ, એ તો પુદ્ગલ સ્વભાવ છે. ચૈતન્યનાં અંતરદ્રવ્યનો સ્વભાવ એ નથી. આ પુણ્ય-પાપનાં વિકલ્પો દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા-જાત્રા વિગેરે એ તો પુદ્ગલનો સ્વભાવ છે. ખરેખર ચૈતન્યની જાતની એ દશા નથી. (શ્રોતા : શાસ્ત્રને સાંભળવું ઈ?) એય વિકલ્પ છે ઈ. માર્ગ તો એવો છે ભઈ! સાંભળવું, કહેવું, વાંચવું એ બધી વિકલ્પની જાત છે. આરે ભારે! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો ઢીમ—દળ ચૈતન્યદળ, જેની દશામાં સ્વભાવમાં પુણ્ય-પાપનાં વિકલ્પની ગંધ નથી. એવો જે આત્મસ્વભાવ; એની અંતર્દૃષ્ટિ, અંતરનું લક્ષ અને અંતરમાં રમણતા એ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. આહા! (શ્રોતા : ......) ........કરે એને હોય કે ન કરે એને હોય?

આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત જ્ઞાન આનંદ આદિ અનંતગુણનો પિંડ એવું જે સ્વતત્ત્વ, એને અંતર્દૃષ્ટિ કરતાં અને અંતરનું લક્ષ કરીને અંતરમાં સ્થિરતા કરતાં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જે થાય એ સ્વદ્રવ્યનો સ્વભાવ એટલે પરમેશ્વર આત્માનો સ્વભાવ છે. આરે આરે! એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ છે. વાત બસ આટલી છે. સમજાણું કાંઈ? કહો વસંતલાલજી! ભારે આવો માર્ગ! 'सिव कारन येई सदा'. મોક્ષનાં કારણ રૂપે સદા માર્ગ હોય તો એ પરમેશ્વરનો ભાવ. સ્વદ્રવ્ય એવો પરમેશ્વર, સ્વવસ્તુ એ પરમેશ્વર. એનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એમાં એકાગ્ર થતાં જે નિર્મળ શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ થાય એ પરમેશ્વરનો સ્વભાવ, એકદ્રવ્યનો સ્વભાવ, ચૈતન્યનો સ્વભાવ, એ જ મોક્ષનું કારણ સદા શિવનું છે.

'सिव कारन येई'—સિવ એટલે મોક્ષ. પૂર્ણ આનંદની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. જેવો ભગવાન આત્માનો આનંદ છે શક્તિરૂપે—સ્વભાવરૂપે, એની એને વર્તમાન દશામાં પૂર્ણ આનંદની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. એ મુક્તિનું કારણ આ એક પરમાત્મભાવ. પરમ સ્વરૂપ એવો જે ભગવાન પરમેશ્વર પોતાનો એવો નિજ સ્વભાવ એની અંતરમાં દૃષ્ટિ કરતાં, લક્ષ કરતાં, સ્થિરતા કરતાં જે દશા પ્રગટ થાય એ નિજદ્રવ્યનો સ્વભાવ છે, નિજપ્રભુનો સ્વભાવ છે. એ ભગવાન આત્માનો પરમેશ્વરનો એ ભાવ છે. એ ભાવ જ મુક્તિનું કારણ છે. બાકી વચ્ચે આ દયા—દાન ને વ્રતનાં વિકલ્પ આવે, એ બંધનું કારણ છે. ધર્મ અને મુક્તિનું કારણ (નથી.) આહાહા. ભારે કામ! કહો સમજાણું કાંઈ?

'सिव कारन येई सदा'. લ્યો અંદર અર્થે ય કર્યો છે જુઓ. 'अंतरंग ज्ञानदृष्टि....' છે ને અર્થમાં. અંતરંગ જ્ઞાનદૃષ્ટિ એટલે જ્ઞાનથી આત્માને અંતરદશાથી જોવું. પૂર્ણ સ્વરૂપ ભગવાન એને જ્ઞાન દ્વારા જોવું. અંતર આંખદૃષ્ટિથી આત્માને અંતર જોવો અને 'आत्मस्वरूपमें स्थिरता'. પેલું બેય ભેગું કર્યું, લખવામાં જુદું પડે. 'यह परमात्माका स्वभाव है'. એ પોતે જ પરમાત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? એવો પરમસ્વરૂપ ભગવાન આત્મા, એમાં અતર્દષ્ટિ અને સ્થિરતા કરતાં એ પરમાત્માનો સ્વભાવ એ જ મોક્ષનો ઉપાય છે. ભારે વાતું ભાઈ! એ મુક્તિનો મોક્ષનો સિદ્ધિ થવાનો ઉપાય આ એક છે. ભાવાર્થમાં પછી ત્રણે નાખ્યું એટલે 'अंतर, दृष्टि' અને 'लखाउ' છે ખરું ને.

'सम्यक्त्व सहित' એટલે આત્માનાં પૂર્ણ આનંદ સ્વરૂપ. એની અભેદ દૃષ્ટિ સહિત, અખંડ એકરૂપની દૃષ્ટિ સહિત જ્ઞાન. એ આત્માનો એકરૂપ દૃષ્ટિ સહિતનો જે સ્વનું જ્ઞાન અને ચારિત્ર અને સ્વ સ્વભાવમાં આનંદમાં લીનતા. અતીન્દ્રિય આનંદનું વેદન ઉગ્રપણે થાય એને ચારિત્ર કહે છે. આરે આરે! એ...'परमेश्वरका स्वभाव है'. પરમ ઈશ્વર એવો જે આત્મા પોતે જ એક એક ભગવાન ભિન્ન એવો પરમેશ્વરનો સ્વભાવ છે. 'और यही परमेश्वर बननेका उपाय है'. મોં માથું હાથ આવે નહિ સાધારણ માણસને શું કહે છે આ? ઈ કરતાં અમે સામાયિક કરીએ, પોષા કરે, પડિક્કમણા કરે, અપવાસ કરે ને ઊનાં પાણી પીવે, ચૌવિહાર કરે(છોડે). અરે! ઈ તો બધો વિકલ્પની રાગની ક્રિયા છે. એ કંઈ આત્માની ધર્મક્રિયા નથી. સમજાણું કાંઈ? ઘા વાગે એવું છે પૂર્વનો આગ્રહ હોય એને તો.

એ અંતર્દષ્ટિ ભગવાન આત્મા જેને પુણ્ય-પાપનાં શુભ-અશભ ઉપયોગ એવી રાગની ક્રિયાને છોડી અંતર્મુખ સ્વભવને પકડીને ચૈતન્યદળનો અનુભવ કરવો, આ એનું નામ એક જ પરમેશ્વર સ્વભાવ અને મોક્ષનો ઉપાય છે. આહાહા! 'एकद्रव्यस्वभावात्वा' એમ કહ્યું છે ને! જેમાં બીજા દ્રવ્યનો સ્વભાવ રાગનો કંઈ મળે નહિ, ભળે નહિ.

પંડિતજી! 'एकद्रव्यस्वभावत्वा' है संस्कृतमें. આહાહા! ભગવાન આત્મા ચૈતન્યપૂંજ છે, એ જ્ઞાનમાં પ્રકાશનું નૂરનું પુર છે, એકલો જ્ઞાનનો રસકંદ છે, અતીન્દ્રિય આનંદનો સાગર છે, એકરૂપ વસ્તુ અંતર છે, એની અંતર્દષ્ટિ (એ) નિર્વિકલ્પ સમ્યગ્દર્શન. વિકલ્પ નામ રાગનાં આશ્રયનાં અવલંબન વિના ત્રિકાળી જ્ઞાયકભાવનું આશ્રય લઈને જે અનુભવ થાય, એમાં જે પ્રતીત થાય, એને એમાં રમણતા થાય, એને અહીંયા મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. કહો, એનાથી હવે વિરુદ્ધ વાત કરે છે. 'बाह्य दृष्टिसे मोक्ष नहीं है'.

૮મો કળશ. નીચે આઠમો કળશ છે.

वृतं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।
द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्॥८॥

આહાહા! અરે આવું સ્પષ્ટ રૂપ! નિત્ય પ્રસિદ્ધ ભગવાન આત્મા, એને ઓળખ્યા વિના એની દષ્ટિ-અનુભવ કર્યા વિના એને મુક્તિ થાય, ધર્મ થાય, એ ત્રણ કાળમાં બને નહિ. કહો સમજાણું કાંઈ?

આઠમો કળશ છે એનો ઉપર ૧૧મો પદ.

બાહ્યદૃષ્ટિથી મોક્ષ નથી. (સોરઠા)

करम सुभासुभ दोइ, पुद्गलपिंड विभाव मल।
इनसौं मुकति न होइ, नहि केवल पद पाइए॥११॥

**મૂળ શાસ્ત્ર :** શબ્દાર્થ :—સુભાસુભ=ભલા અને બૂરા. વિભાવ=વિકાર. મલ=કલંક.

**અર્થ :**—શુભ અને અશુભ એ બન્ને કર્મમળ છે. પુદ્ગલપિંડ છે, આત્માના વિકાર છે, એનાથી મોક્ષ નથી થતો અને કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કરી શકાતું નથી. ૧૧.

**अर्थ** :–शुभ और अशुभ ये दोनों कर्म मल हैं, पुद्गलपिंड हैं, आत्माके विभाव हैं, इनसे मोक्ष नहीं होता और केवलज्ञान भी नहीं पा सकता है॥११॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કહ્યું એનાથી ઉલટી વાત હવે કહે છે. 'करम सुभासुभ दोइ, पुदगलपिंड विभाव मल, इनसौं मुकति न होइ, नहिं केवल पद पाइए'. 'शुभ और अशुभ दोनों कर्ममल है'. શુભ અને અશુભભાવ. એ દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા, અવ્રત પાપનાં પરિણામ— બેય કર્મનો મેલ છે એ તો. એ સ્વદ્રવ્ય ભગવાન આત્માનો સ્વભાવ નથી. શુભ અને

અશુભ બેય કર્મમળ છે. એ ભગવાનની ભક્તિનો ભાવ કર્મમેલ છે, એમ કહે છે. હવે ક્યાં તો એવું આવે, આપણે તો શ્રીમદ્‌ને માનો, શ્રદ્ધા કરો, મુક્તિ થાશે. એ ભગવાન આંહી કહે છે, એ વાત છે નહિ. કારણ કે સાક્ષાત્ ત્રણ લોકનાં નાથને માને તોય વિકલ્પ રાગ છે, એ કર્મનો મેલ છે, લે. આહાહા! ગજબ વાત છે! એય શેઠી, આવું ક્યાં સુધી સાંભળશે માણસો.

ત્રણ લોકનાં નાથ સાક્ષાત્ પરમેશ્વર તીર્થંકર સમોવશરણમેં બિરાજે છે, લ્યો મહાવિદેહમાં અત્યારે. આ એની ભક્તિ, એનું નામ સ્મરણ, એની પૂજા, એનાં ગુણગાન કહે છે કે એ વિકલ્પ છે, શુભરાગ છે, કર્મનો મેલ છે. (શ્રોતા : એનું નામ લેવું ભલું લખ્યું છે.) ઈ નામ લેવું ભલુંનું અર્થ સ્વરૂપ લક્ષ કરીને (પ્રાપ્ત) કરે ત્યારે એનું નામ ભલું વ્યવહાર કહેવાય છે. એવી વાતો છે બધી. પ્રવચનસારમાં આવે છે ને. પાંચ ગાથામાં પહેલો. નામ સ્મરણમાં નામ મહાવીર પરમાત્મા, એવું પરમાત્માનું સ્વરૂપ અંદર જણાઈ જાય, એ લક્ષે શુભ વિકલ્પ હોય છે. વ્યવહારથી એને વ્યવહારપરોક્ષ કહેવામાં આવે છે. પ્રમાણજ્ઞાનમાં સાથે લેવા માટે. પણ આંહી નિશ્ચય સ્વભાવની દૃષ્ટિમાં....કહો, ભગવાન..ભગવાન..સ્મરણ કરવું તો કહે કે કર્મમેલ છે. આરે, ભારે વાત ભાઈ!

કારણ, ઈ વિકલ્પ ઊઠે છે, વૃત્તિ ઊઠે છે, રાગ છે ઈ, એ આત્માનો સ્વભાવ નથી. એટલે આત્માનો નહિ એટલે કર્મનો ભાવ છે, એમ કહ્યું. પાછા વળી કોઈ એમ કહે, જુઓ ત્યારે કર્મને લઈને રાગ થાય છે કે નહિ? ઈ અહીં પ્રશ્ન નથી. આહા, ભારે ભાઈ તકરારું! આંહી તો આત્મદ્રવ્ય સ્વભાવથી ભિન્ન એ રાગ આદિ તે કર્મ મેલ છે, આત્માનો નિર્મળ ભાવ (નથી.) બસ એટલી વાત કહેવી છે. આહાહા! શું થાય? કોની સાથે આ વાદ–વિવાદ કરે. આખી ખાનિયા ચર્ચા થઈ ગઈ. તોય હજી કહે, કરો ચર્ચા. (શ્રોતા : એ હંમેશ ચાલે તો ય પૂરું ન થાય.) કાંઈ શેનું પૂરું થાય પણ? અંતર સ્વરૂપ ભગવાન આત્મા નિર્વિકલ્પ આનંદનો ધામ, એનો સ્પર્શ અને અનુભવ વિના બધી સમજવા જેવી વાતો છે. પુણ્ય બંધાય. તો બંધાયનો અર્થ શું થયો? આત્મા અબદ્ધસ્વરૂપ અટકી ગયો ઈ તો ત્યાં, એમ કહે છે. આહાહા! પચાવવું કઠણ છે. વસ્તુની સ્થિતિ એવી છે.

'करम सुभासुभ दोइ'. પુણ્ય ને પાપનાં બે ભાવ એ તો કર્મનો મેલ છે. એ પુદ્‌ગલ પિંડ છે, લ્યો. આહાહા! એકકોર ભગવાન આત્મરામ અને એકકોર એ પુણ્ય-પાપનાં વિકલ્પ બધા પુદ્‌ગલપિંડ છે. સ્વદ્રવ્ય નહિ, એમ કહેતાં ઈ પરદ્રવ્ય, એમ સિદ્ધ કરવું છે. ભારે વાત! આહા! ઈ તો નિશ્ચયની વાત તમે કરો છો પણ હવે અચ્છા

વ્યવહાર વચ્ચે આવે છે કે નહિ? વ્યવહાર હોય છે કે નહિ સાધન? અરે, સાધન—ફાધન કહ્યાં એ પણ ઉપચારથી કહ્યાં સાંભળને! આહાહા! ભગવાન નિરાકુળ આનંદનો નાથ પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ પોતે છે. એની દશામાં અનાદિથી ભૂલ છે એની. ભૂલ ન હોય તો પ્રત્યક્ષ આનંદમૂર્તિનો સ્વાદ એને આવવો જોઈએ. એની દશામાં પર્યાયમાં હાલતમાં ભૂલ છે. સમજાણું કાંઈ?

એ ભૂલને ટાળવાનું કારણ, કે દ્રવ્યસ્વભાવ વસ્તુ ભગવાન આત્મા અંતર્મુખ દૃષ્ટિ જ્ઞાન ને રમણતા એ ભૂલ મીટાડવાનો ઉપાય છે. અને એ ભૂલ છે ઈ શું કહે છે? કે પુણ્ય ને પાપનાં બે ભાવ કર્મનો મેલ છે. રાગ, વિકલ્પ ઊઠે છે એ રાગનું કાર્ય છે, એ કર્મનું કાર્ય છે એટલે કે ચૈતન્યશુદ્ધનું નહિ એટલે કે પુદ્‌ગલપિંડ છે અને 'आत्माके विभाव है'. આહાહા! ત્રણ બોલ તો થયા. સમજાણું કાંઈ? એ ભગવાન જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ પુદ્‌ગલપિંડ છે. આહાહા! ગજબ વાત છે ને! હરિભાઈ, સમજાણું કાંઈ? કર્મનો મેલ, પુદ્‌ગલ પિંડ અને વિભાવ, એ આત્મદ્રવ્ય સ્વભાવ નહિ, એ વિભાવ છે. 'इनसे मोक्ष नहि होता. इनसौं मुकति न होइ, नहिं केवल पद पाइए'. એ પુણ્યની દયા-દાન-વ્રત-ભક્તિનાં પરિણામથી મુક્તિ ન મળે. 'न केवल पद पाइए'—કેવળજ્ઞાન ન મળે.

આ શ્રીમદ્‌નાં પુસ્તક વાંચનારા એમાં ગાઠ્યાં કરે ને બસ બીજું વાંચે નહિ, તે કાંઈ ખબર ન પડે કાંઈ. (શ્રોતા : .....) બસ, આખો દિ' વાંચ્યા કરે અને પાઠમાં કાઢી શકે નહિ કાંઈ. એય! આ તો પરમાત્મા પોતે સ્વરૂપ જ છે. એનાથી વિરુદ્ધનો વિકલ્પ જેટલો ઊઠે, પંચમહાવ્રતનો, નામ સ્મરણનો, ભક્તિનો, પૂજાનો, દાનનો, દયાનો એ બધાંને અહીંયા તો કર્મનો મેલ, પુદ્‌ગલ પિંડ, વિભાવભાવ, એનાથી મુક્તિ ન હોય, એનાથી કેવળ ન પામે. 'આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન'. પણ આત્મા કોને કહેવો, ભાવના કોને કહેવી અને કેવળ કોને કહેવું એ ત્રણનાં અર્થ શું? ગોખ્યા કરે 'આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન.'

(શ્રોતા : છે એ ગુરુનું વચન) વચન છે તે શું? વચનમાં શું આવ્યું? એનો ભાવ શું સમજ્યા વિના. આહાહા! આંહી તો કહે છે, એ પુણ્ય ને પાપનાં શુભ-અશુભ ભાવો, એ તો કર્મનો મેલ. નિર્મળાનંદ પ્રભુથી ભિન્ન પરમેશ્વર આત્માથી, એ પુણ્ય-પાપનાં ભાવ તો અજીવ પુદ્‌ગલપિંડ છે અને સ્વભાવથી વિપરીત માટે વિભાવ છે. હવે આમાં ચર્ચા ક્યાં કોની સાથે કરે? અરે ભગવાન! ચર્ચા વિષય ક્યાં તારો ભાઈ! 'इनसौं मुकति न होइ, नहिं केवल पद पाइए'. 'केवलज्ञान भी नहीं पा सकता है', લ્યો. નવમો. નવમો આવ્યો ને?

मोक्षहेतुतिरोधानद्बन्धत्वात्स्वयमेव च।
मोक्षहेतुतिरोधायि भावत्वात्तन्निषिध्यते॥९॥

એનું પદ ૧૨મું.

આ વિષયમાં શિષ્ય-ગુરુના પ્રશ્નોત્તર (સવૈયા એકત્રીસા)

कोऊ शिष्य कहै स्वामी! असुभक्रिया असुद्ध,
सुभक्रिया सुध तुम ऐसी क्यौं न वरनी।
गुरु कहै जबलौं क्रियाके परिनाम रहैं,
तबलौं चपल उपयोग जोग धरनी॥
थिरता न आवै तोलौं सुद्ध अनुभौ न होई,
यातैं दोऊ क्रिया मोख-पंथकी कतरनी।
बंधकी करैया दोऊ दुहूमें न भली कोऊ,
बाधक विचारि मैं निसिद्ध कीनी करनी॥१२॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—અશુભક્રિયા=પાપ. સુભક્રિયા=પુણ્ય. ક્રિયા=શુભાશુભ પરિણતિ. ચપળ=ચંચળ. ઉપયોગ=જ્ઞાનદર્શન. કતરની=કાતર. નિસિદ્ધ=વર્જિત. કરની=ક્રિયા.

**અર્થ** :—કોઈ શિષ્ય પૂછે છે કે હે સ્વામી ! આપે અશુભક્રિયાને અશુદ્ધ અને શુભ ક્રિયાને શુદ્ધ કેમ ન કહી ? ત્યાં શ્રીગુરુ કહે છે કે જ્યાંસુધી શુભ-અશુભ ક્રિયાના પરિણામ રહે છે ત્યાં સુધી જ્ઞાન-દર્શન ઉપયોગ અને મન-વચન-કાયના યોગ ચંચળ રહે છે તથા જ્યાંસુધી એ સ્થિર ન થાય ત્યાંસુધી શુદ્ધ અનુભવ નથી થતો, તેથી બન્નેય ક્રિયાઓ મોક્ષમાર્ગમાં બાધક છે. બન્નેય બંધ ઉત્પન્ન કરનાર છે. બન્નેમાંથી કોઈ સારી નથી, બન્ને મોક્ષમાર્ગમાં બાધક છે-એવો વિચાર કરીને મેં ક્રિયાનો નિષેધ કર્યો છે. ૧૨.

**अर्थ** :-कोई शिष्य पूछता है कि हे स्वामी! आपने अशुभ क्रियाको अशुद्ध और शुभ क्रियाको शुद्ध क्यों न कहा? इस पर श्रीगुरु कहते हैं कि, जब तक शुभ-अशुभ क्रियाके परिणाम रहते हैं तब तक ज्ञान-दर्शन-उपयोग और मन-वचन-कायके योग चंचल रहते हैं तथा जब तक ये स्थिर न होवें तब तक शुद्ध अनुभव नहीं होता। इससे दोनों ही क्रियाएँ मोक्षमार्गमें बाधक हैं, दोनों ही बंध उपजानेवाली हैं, दोनोंमेंसे कोई अच्छी नहीं है। दोनों मोक्षमार्गमें बाधक हैं, ऐसा विचार कर मैंने क्रियाका निषेध किया है॥१२॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ગુરુ ઉત્તર આપે છે. આહાહા! જુઓને આ. આવી એક-એક કડી દિગંબર સંતો ને આ આગમોમાં એવી પડી છે. છે ક્યાંય બધા કેટલા સાંભળ્યા હશે તમે? આહા! સનાતન વીતરાગ માર્ગ એ વીતરાગનાં કેડાયતો ચાલ્યા આવ્યા, એણે આ વીતરાગ કેડાયતની વાતું કરી છે. આહાહા! 'कोऊ शिष्य कहै स्वामी! असुभक्रिया असुद्ध'. શિષ્ય કહે છે પ્રભુ! એ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, કામ, ક્રોધ, માન, એ અશુભક્રિયાને તો તમે અશુદ્ધ કહો. અશુભભાવને તો તમે અશુદ્ધ કહો. પણ 'शुभक्रिया सुद्ध तुम ऐसी क्यों न वरनी?' દયા-દાન-વ્રત-ભક્તિ—નામસ્મરણ, આહાહા! પંચમહાવ્રતનું પાલન, ઈર્યા સમિતિ—જોઈને ચાલે, શુભભાવ ઈર્યા ભાષા—વિચારીને બોલે, નિર્દોષ આહાર લે. અરે આ એવો શુભભાવ એને તમે શુદ્ધમાં કેમ ન નાંખ્યો? 'तुम ऐसी क्यों न वरनी?' લ્યો આ શિષ્યનો પ્રશ્ન છે આ. આરે ભારે કામ!

'गुरु कहै जबलौं क्रियाके परिनाम रहै.' ભગવાન આત્મા આનંદકંદનો નાથ પ્રભુ જ્યાં સુધી એ દયા-દાન-વ્રત-ભક્તિનાં પરિણામનો ભાવ રહે, ત્યાં સુધી એ પરિણામ તો 'जबलौं......तबलौं....चपल' છે ઉપયોગ એ તો. આહા! એ શુભ ઉપયોગ તો ચપળ છે. 'गुरु कहै जबलौं क्रियाके परिनाम रहै'. છે ને અંદરમાં જુઓ. 'तब लग ज्ञान-दर्शन उपयोग और मन-वचन-कायके योग चंचल रहते हैं'. તબ લગ જ્ઞાન દર્શન આનંદમાં ચંચળતા હૈ, એ આત્મામાં સ્થિરતા થતી નથી. આહાહા! એકાંત છે, એમ કહે છે માળા! પણ હા પાડ બાપા, કોની સામે તું કહે છે? આ તો સમ્યક્ એકાંત જ છે ધર્મ, એમ કહે છે. શુભભાવ છે ત્યાં સુધી ચંચળતા છે, ચપળતા છે. આમ કરું..આમ કરું..તેમ કરું. એ જોવું ચપળ છે અને જ્ઞાન દર્શન ચારિત્ર પણ ચપળ વિકલ્પમાં આવી ગયું છે, ઈ તો કહે છે. આહા! 'तबलौं चपल उपयोग ने जोग બેય धरनी'. કહો સમજાણું કાંઈ?

'थिरता न आवै तोलौं सुद्ध अनुभौ न होइ'. જ્યાં સુધી ભગવાન આત્મામાં ઈ ચપળ વિકલ્પે ય ઊઠે. આ વ્રત ને તપ ને દાન ને દયા ને ભક્તિ ને, એવા વૃત્તિનું ઉત્થાન અને વૃત્તિ છે, ત્યાં સુધી આત્માનાં સ્વરૂપનો અનુભવ થઈ શકે નહિ. 'थिरता न आवै तोलौं सुद्ध अनुभौ न होइ', જુઓ શુદ્ધ શબ્દ વાપર્યો છે. તમે શુભમાં શુદ્ધ કેમ કહેતા નથી? શુભને શુદ્ધ કેમ કહેતા નથી? ત્યારે કહે છે કે એ શુભમાં શુદ્ધનો અનુભવ ન હોય. એ વિકલ્પની ચંચળતા વૃત્તિની—ભગવાનનું નામ સ્મરણ, જાપ, શાસ્ત્રપઠન પાઠન એ બધો વિકલ્પની ચંચળતા છે, કહે છે. આહાહા! 'थिरता न आवै तोलौं सुद्ध अनुभौ

न होई'. એ વિકલ્પની જાળમાંથી નીકળ્યા વિના સ્થિરતા આવે નહિ અને શુદ્ધ અનુભવ થાય નહિ. આહાહા!

'यातैं दोउ क्रिया मोख पंथकी कतरनी'. અશુભ ક્રિયા ને શુભનો ભાવ, બેય મોક્ષનાં પંથના માર્ગની કાતર છે, કાતરનારી છે, કાપનારી છે. ચંદુભાઈ, ભારે લ્યો. 'यातैं दोउ क्रिया मोख—पंथकी', જુઓ મોક્ષનો પંથ હોં. મોક્ષના પંથ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વદ્રવ્યનો આશ્રયે પ્રતીતિ, જ્ઞાન ને રમણતા, એવો જે મોક્ષ પંથ છે એને શુભભાવ તો કાતરની છે, કાપી નાખે છે. પ્રેમચંદભાઈ! છે? કેટલા વરસ સુધી ટોપી વગાડી, જુઓ તમે ને અમીચંદભાઈ બેય. અમીચંદભાઈ અને આ બેય જુના માણસ શ્રીમદ્‌નાં અમારે ભગત જાણીતા. અમીચંદભાઈ સાથે તમે બહુ ત્યાં રહેલા ગઢડામાં પણ વાતું બધી આવી કર્યા કરે. આહા!

ભાઈ, તારું સ્વરૂપ છે ને ભગવાન! આમ જ્ઞાન અને પ્રકાશ અને આનંદનું નૂર પ્રભુ, એવું તારું સ્વરૂપ છે પ્રભુ અનાદિ અનંત. આહાહા! એમાં આ પુણ્યનાં ભાવ ઊઠે છે, એ તો આત્માનાં ધર્મનાં સ્વભાવની કાતરની છે, કાપી નાંખે છે. એ ભીખાભાઈ! પહેલાં સાભળે તો રાડ નાંખી દે. હવે તો ત્યાં વરસ ઘણાં થઈ ગયા એટલે. અમારે શેઠી ય પહેલા એમ હતા. ભઈ, આ વાત જ એવી છે, એવી આ વાત ચાલતી નથી બહારમાં. બહારમાં તો આ વ્રત પાળો ને ભક્તિ કરો ને અપવાસ કરો ને પૂજા કરો. ભગવાનનું સ્મરણ કરો, માળા ગણો.

ક્યાં ઓલા અનુપૂર્વી નથી આવતી અનુપૂર્વી? નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં......આડા અવળા ગણે. મન સ્થિર થાય ત્યાં. સ્થિર થાય તો ધર્મ થાય. એ તો કહે છે કે એ વિકલ્પ છે, એમાં સ્થિર થાય નહિ. આહાહા! અનુપૂર્વી આવે છે ને. ગણી છે ને તમે? ગણી જ હોય ને. (શ્રોતા : પાંચ પદની કે નવ પદની) ઈ તો આમ નામ........આપણે ગણી નથી પણ એવું સાંભળ્યું છે. એ વખતે બહું ઓલું નહોતું.

'थिरता न आवै तोलौं सुद्ध अनुभौ न होई'. અંતરમાં આનંદસ્વરૂપમાં સ્થિરતા આનંદનો અનુભવ, જ્યાં સુધી વિકલ્પની ચપળાઈનાં ભાવ રહે ત્યાં સુધી આનંદનો અનુભવ ન થાય. સચ્ચિદાનંદ પ્રભુનાં આનંદના ભેટા, એ જ્યાં સુધી વિકલ્પની ક્રિયાની ચપળતા ઉભી રહે ત્યાં સુધી આત્માનો અનુભવ ન થાય. આહા! મોક્ષ પંથની કતરની...છે ને? મોક્ષમાર્ગની કાતરણી છે, બાધક હૈ. કતરની છે ને કૈંચી. અંદર લખ્યું

છે. કૈંચી હોય ને કાતર–કાતર. એ શુભભાવની ચપળતા મોક્ષપંથની કાતરનારી છે. આહાહા! મહાધામ પ્રભુ અનંત શાંતિનો સાગર છે આત્મા મહાસચ્ચિદાનંદ પ્રભુ છે, પૂર્ણ પરમાત્મ જેનું સ્વરૂપ જ છે એક-એક દ્રવ્યનું. એવા દ્રવ્યના સ્થિરતામાં આ વિઘ્ન કરે છે. કહો કાંતિભાઈ, ભારે આવું!

'बंधकी करैया दोऊ दुहूमें न भली कोऊ'. બેય બંધની કરનાર છે. શુભભાવની ક્રિયા અને અશુભભાવનાં ક્રિયા રાગ હોં, આ ક્રિયા જડની નહિ. ભગવાનનો જાપ, ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત, અહિંસા, સત્યદત્ત, બ્રહ્મચર્ય પાળવાનો વિકલ્પ એ બધો શુભ-અશુભ ભાવ. એક શુભ અને બીજો અશુભ. 'दोऊ दुहूमैं न भली कोऊ', બેયમાં એકેય ભલી છે (નહિ). આહા! 'बंधकी करैया दोऊ दुहूमें न भली कोऊ', કવિ છે ને. 'बंधकी करैया दोऊ दुहूमें न भली कोऊ'. આહાહા! અરે ભારે વાતો કાંઈ! વાડાવાળાને તો એવું લાગે ને ઘા વાગે હાય.....હાય આ! વળી પાછા મંદિર ના હોય, કહે. ભઈ, હોય સાંભળને. ઈ તો એને કારણે હોય, કાંઈ આત્માને કારણે નહિ અને શુભ વિકલ્પ આવે ત્યારે લક્ષ ત્યાં જાય.

પણ ઈ શુભ વિકલ્પ છે તો બંધનું કારણ. પણ પૂર્ણ વીતરાગ જ્યાં સુધી ન થાય ત્યારે એવું વચમાં બાધક ભાવ આવ્યા વિના રહે નહિ. સાધક છે ત્યાં સુધી બાધકપણું હોય વચમાં. આહાહા! શું કરવા એ કરવું ત્યારે? કરવાની ક્યાં વાત છે? વચ્ચે આવે ઈ. આવે છતાં એ મોક્ષનું કારણ નહિ, ધર્મનું કારણ નહિ. આહાહા! એ પ્રકાશદાસજી, આહા! 'बंधकी करैया दोऊ दुहूमें न भली कोऊ, बाधक विचारी मैं निसिद्ध कीनी करनी'. ગુરુ સંત વીતરાગ પરમાત્મા અથવા સંતો એમ કહે છે, એ પુણ્ય ને પાપનાં બેય વિકલ્પો બાધક જાણીને, સ્વરૂપનાં સાધકમાં બાધક જાણીને. આહાહા! 'बाधक विचारी मैं निसिद्ध कीनी करनी'. એ શુભ-અશુભભાવ બેયનો નિષેધ કર્યો સાથે. સમજાણું કાંઈ?

અર્થમાંય લીધું. '(दोनों) क्रियाएँ मोक्षमार्गमें बाधक है, दोनों ही बंध (उपजानेवाली) है. दोनोंमेंसे कोई अच्छी नहीं है, दोनों मोक्षमार्गमें बाधक है, ऐसा विचारकर....' દેખો. ઐસા હમારા જ્ઞાનમેં આયા તો ઐસી ક્રિયાકા નિષેધ કિયા. હવે રાડ પાડે છે બધાય. અરે! આવી ક્રિયાઓ જે ધર્મનું કારણ એને તમે બંધનું કારણ કહો. કોણ કહે છે સાંભળને! આ ભગવાન કહે છે, કોણ કહે છે? સોનગઢ કહે છે? (શ્રોતા : લોકના કલ્યાણનું કારણ છે) કલ્યાણું કારણ છે, ધૂળે ય નથી કલ્યાણનું કારણ! (શ્રોતા : અકલ્યાણનું) દૌર.....આવ્યું નહોતું શું કીધું? 'दौर धूप'. દૌર ધૂપ. બે વાર આવ્યું'તું. ભટકવાનું છે. અનુકૂળ જુદું. 'दौर धूप'–ભટકના. આવ્યું'તું ને. दौर धूप આવ્યું'તું.

'दौरधूप'—ભટકના. ત્રીજામાં (ને આઠમામાં) આવ્યું'તું પદમાં. બીજે ય આવ્યું'તું. બે ઠેકાણે છે. દૌરધૂપ—ભટકના....ભટકના છે ભાઈ!

દસમો કળશ

**संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना**
**संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।**
**सम्यक्त्वादिनिजस्वभाव भवनान्मोक्षस्य हेतुर्भवन**
**नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।।१०।।**

આહાહા! ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપૂંજ, એ 'धावति'—એ દોડે છે પરિણમન કરીને. આહા! પુણ્ય-પાપનાં વિકલ્પની રુચિ છોડી ભગવાન આનંદનો ધામ, એની દૃષ્ટિ કરતાં, એ તો જ્ઞાનનો પિંડ પ્રજ્ઞાબ્રહ્મ આત્મા છે. એ જ્ઞાન દોડે છે, કહે છે, પરિણમે છે. એમ. પુણ્ય-પાપનો નિષેધ કરતાં સ્વભાવનો આશ્રય કરતાં એ જ્ઞાન પરિણમન....જ્ઞાન પરિણમનપણે પરિણમતું દોડે છે, ગતિ કરે છે, કહે છે. પર્યાયમાં એનું પરિણમન થાય છે. ધ્રુવરૂપે જે જ્ઞાન છે એની દૃષ્ટિ કરતાં જ્ઞાન દોડે છે એટલે પર્યાયમાં શુદ્ધતાનું પરિણમન કરે છે. એને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આહા! એ કહે છે જુઓ. 'ज्ञानमात्र मोक्षमार्ग है'.

માત્ર જ્ઞાન મોક્ષમાર્ગ છે. (સવૈયા એકત્રીસા)

मुकतिके साधककौं बाधक करम सब,
आतमा अनादिकौ करम मांहि लुक्यौ है।
एते पर कहै जो कि पाप बुरौ पुन्न भलौ,
सोई महा मूढ़ मोख मारगसौं चुक्यौ है।।
सम्यक् सुभाउ लिये हियेमैं प्रगट्यौ ग्यान,
उरध उमंगि चल्यौ काहूपै न रुक्यौ है।
आरसीसौ उज्जल बनारसी कहत आपु,
कारन सरूप ह्वैके कारजकौं ढुक्यौ है।।१३।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :**—સાધક=સિદ્ધિ કરનાર. લુક્યૌ=છુપાયો. ચુક્યૌ(ચુકૌ)= ભૂલ્યો. ઊરધ(ઊર્ધ્વ)=ઉપર. ઉમંગિ=ઉત્સાહપૂર્વક. આરસી=દર્પણ. ઢુક્યૌ=વધ્યો.

**અર્થ :**—મોક્ષના સાધક આત્માને સર્વ કર્મ બાધક છે, આત્મા અનાદિકાળથી

કર્મોમાં છુપાયેલો છે, એમ છતાં પણ જે પાપને ખરાબ અને પુણ્યને સારું કહે છે તે જ મહામૂર્ખ મોક્ષમાર્ગથી વિમુખ છે. જ્યારે જીવને સમ્યગ્દર્શન સહિત જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે તે અનિવાર્ય ઉન્નતિ કરે છે. પં. બનારસીદાસજી કહે છે કે તે જ્ઞાન દર્પણની સમાન ઉજ્જવળ સ્વયં કારણરૂપ થઈને કાર્યમાં પરિણમે છે અર્થાત્ સિદ્ધપદ પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :—**વિશુદ્ધતાપૂર્વક વધેલું જ્ઞાન કોઈના રોકવાથી રોકાતું નથી, વધતું જ જાય છે, તેથી પૂર્વ અવસ્થામાં જે જ્ઞાન ઉત્પન્ન થયું હતું તે કારણરૂપ હતું, તે જ કાર્યરૂપ પરિણમીને સિદ્ધસ્વરૂપ થાય છે. ૧૩.

**अर्थ :–**मुक्तिके साधक आत्माको सब कर्म बाधक हैं, आत्मा अनादिकालसे कर्मोंमें छुपा हुआ है, इतनेपर भी जो पापको बुरा और पुण्यका भला कहता है वही महामूर्ख मोक्षमार्गसे विमुख है। जब जीवको सम्यग्दर्शन सहित ज्ञान प्रगट होता है तब वह अनिवार्य उन्नति करता है। पं. बनारसीदासजी कहते हैं कि वह ज्ञान दर्पणके समान उज्ज्वल स्वयं कारणस्वरूप होकर कार्यमें परिणत होता है अर्थात् सिद्धपद प्राप्त करता है।

भावार्थ :–विशुद्धतापूर्वक बढ़ा हुआ ज्ञान किसीका नहीं रुकता, बढ़ता ही जाता है, सो पूर्व अवस्थामें जो ज्ञान उत्पन्न हुआ था वह कारणरूप था, वही कार्यरूप परिणमन करके सिद्धस्वरूप होता है॥१३॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહાહા! એવી સાદી ભાષામાં હિન્દીમાં સાદી ભાષામાં. પદ સંસ્કૃત છે એનું આ. 'मुकतिके साधककौ बाधक करम सब'. પહેલી લીટી કા અર્થ. મોક્ષનો આત્માનો સ્વભાવ મોક્ષ આનંદ, એની પૂર્ણ પ્રાપ્તિ એનું જે સાધકપણું સ્વરૂપમાં એકાગ્રતા થવું દૃષ્ટિ જ્ઞાન ને ચારિત્ર. એમાં 'बाधक करम सब', એ વ્રત ને અવ્રતનાં પરિણામ બધાં વિઘ્ન કરનેવાલા છે. સમજાણું કાંઈ? પુણ્ય ને પાપનાં બેય ભાવ શુભ-અશુભ ભાવ—વિભાવ વિકૃત ભાવ એ બધા મુક્તિ મોક્ષનું સાધકપણું એના એ વિઘ્ન કરનારા છે, બાધક છે. કહો, હવે ક્યાંક વ્યવહાર રત્નત્રયને સાધક કહ્યું, કારણ કહ્યું. 'છહઢાળા' માં આવે છે ને, "નિયતકો હેતુ". એય, પંડિતજી! 'છ ઢાળા'માં આતે હૈ કે નહિ? હા, નિયત સત્યાર્થ હૈ. નિયતકો હેતુ વ્યવહાર હૈ. વ્યવહાર કારણ હૈ નિશ્ચય કાર્ય હૈ, લો. 'છ ઢાળા'માં આતા હૈ. એ તો ઉપચાર નિમિત્ત ક્યા હૈ, ઉસકા જ્ઞાન કરાતે હૈં. બહુ વાંધા, અર્થ કરવામાં વાંધા.

આંહી તો ભગવાન કહે છે, આત્મા શુદ્ધ આનંદનો ધામ પ્રભુ છે. એનું અંતરમાં સ્વરૂપમાં સાધન થવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એમાં એ દયા-દાન-વ્રત-ભક્તિનાં પરિણામ એ તો વિઘ્ન કરનારાં છે. એ ધર્મ નહિ ને ધર્મનું કારણ પણ નહિ. ઉનકો વિઘ્ન કરનારાં છે, એમ કહ્યું. હવે એને સાધન કહેવું? એય જેઠાભાઈ, પણ સાધન આવે છે. સાધક છે એ વ્યવહાર, નિશ્ચય સાધ્ય છે. પંચાસ્તિકાયમાં નથી આવતું? (શ્રોતા : મૂળ આચાર્યોએ કહ્યું) મૂળ આચાર્યે કહ્યું છે. પણ શું કારણ કહ્યું સાંભળને! એ તો એ ભૂમિકામાં એવો વિકલ્પની મર્યાદા હોય, એટલું જ્ઞાન કરાવવા એ વાત કરી છે. પણ છે તો વિઘ્ન ને બાધક કરનારા વિકલ્પો. 'मुकतिके साधककौ बाधक करम'—કરમ એટલે ક્રિયા બધી. પુણ્ય ને પાપ, શુભ ને અશુભ ભાવ. વ્રત પાળવા, અહિંસા, સત્યદત્ત, બ્રહ્મચર્ય, પરિગ્રહ—એવો વ્રતનો વિકલ્પ રાગ એ અને અશુભ રાગ પાપનો અહિંસા, જૂઠું, ચોરી, ભોગ, વિષય—એવા બેય ભાવ, 'करम सब बाधक है.

'आतमा अनादिकौ करम मांहि लुकयौ है', કહો. એ પુણ્ય-પાપનાં ભાવમાં એ આત્મા અનાદિથી ઢંકાઈ ગયો છે. પોતાનાં સ્વરૂપની એને ખબર નથી. આત્મા અનાદિ.....કરમ એટલે ક્રિયાકાંડ, વ્યવહાર કરવો, આમ કરવું, આમ કરવું, આમ વ્રત પાળવા ને આમ અતિચાર પાળવા ને આ કરવું ને તે કરવું, આમ અપવાસ કરવા ને આ ઉપધાન કરવા તે. હો.....આહાહા! 'आतमा अनादिकौ करम मांहि लुकयौ है'. પુણ્ય-પાપનાં વિકલ્પમાં ઢંકાઈ ગયો છે. આહાહા! એ વ્રતની ક્રિયા ને દયા-દાનની ક્રિયા ને ભક્તિ ને પૂજાની ક્રિયા—એ રાગમાં ઢંકાઈ ગયો છે, કહે છે. ભગવાન એનું સ્વરૂપ તો રાગરહિત છે. એને ન જાણતાં આ ક્રિયામાં રોકાઈ ગયો, કહે છે. ઢંકાઈ ગયો—'छिपा हुआ', જુઓને.

'एते पर कहै जो कि पाप बुरौ पुन्न भलो'. આવું હોવા છતાં શુભ ને અશુભભાવમાં આત્મા છૂપાઈ જાય છે, ઢંકાઈ જાય છે, અવરાઈ જાય છે. આવું હોવા છતાં, 'एते पर कहै जो कि पाप बुरौ पुन्न भलो'—અશુભ ભાવ ખોટો ને શુભ ભાવ સારો. હવે દુકાને ધંધો પાપનો કરતા, ઈ કરતાં દયા-દાન ને ભક્તિમાં બેઠો હોય એ સારો કે નહિ ભાવ શુભ? કહતે હૈં કે 'एते पर कहै जो कि पाप बुरौ पुन्न भलो'—અશુભ ભાવ ખોટા, શુભ ભાવ સારાં. 'सोई महा मूढ़'—મોટો મૂરખ છે. આહાહા! એ જૈનધર્મને જાણતો (નથી.) વીતરાગ માર્ગને જાણતો (નથી). મહામૂઢ છે, એમ કીધું. एते—આવું હોવા છતાં પણ પાપ બુરો ને પુણ્ય ભલો કહે, મોટો મૂરખ છે, કહે છે.

'महा मूढ़ मोख मारगसौं चुक्यौ है'—મોક્ષમાર્ગથી તો ભૂલો પડ્યો છે. આહાહા!

શુભ-અશુભ ભાવમાં રોકાઈ ગયો. આંહી તો શુભની વાત છે અત્યારે. શુભ સારો, સારો બાપા સારો કહે છે. સારી ક્રિયા કરે છે ને! સત્ ક્રિયા છે કે નહિ? કે ના, ના, એ સત્ ક્રિયા નહિ. એ તો રાગનાં અસત્ ક્રિયા છે. એય ધરમચંદભાઈ! એ 'सोई महा मूढ़', એમ લખ્યું છે ને. 'वही महा मूर्ख'—મોટો મૂરખ છે, કહે છે. આહાહા! મોક્ષમાર્ગથી ચૂક્યો છે, મોક્ષમાર્ગથી ખસી ગયો, ભૂલો પડી ગયો છે. મોક્ષમાર્ગ તો અંદર આત્મદ્રવ્યમાં આનંદમાં એકાકાર થવું એ મોક્ષમાર્ગ છે. આ ક્રિયાકાંડમાં વિકલ્પ ઊઠે ને એમાં મોક્ષમાર્ગ માને, મૂંઢ છે મોટો. મોક્ષમાર્ગથી ચૂક્યો ને ભ્રષ્ટ થઈ ગયો છે. મિથ્યાત્‌માં આવ્યો છે, કહે છે. આહાહા!

'सम्यक् सुभाउ लिये हियेमैं प्रगट्यो ग्यान', હવે સવળું....સવળું લે છે. 'सम्यक् सुभाउ लिये हियेमैं प्रगट्यो ग्यान'. 'जब जीवको सम्यग्दर्शन सहित ज्ञान प्रगट होता है तो वह अनिवार्य उन्नति करता है'. શું ત્યાં છે? આત્મા પૂર્ણાનંદ પ્રભુ અનંત જ્ઞાનસ્વરૂપ છે, એને જ્યાં અંતરમાં અનુભવ ને સમ્યગ્દર્શન થયું. સમ્યગ્દર્શન એટલે પુણ્ય-પાપનાં વિકલ્પથી દૂર થઈને સ્વભાવના અનુભવમાં પ્રતીત થઈ. એવું સમ્યગ્દર્શન થતાં 'हियेमैं प्रगट्यौ ग्यान'. ઓલો વસ્તુ જે જ્ઞાન સ્વભાવ છે તે જ જ્ઞાન પ્રગટ્યું. ઓલા પુણ્ય-પાપનાં વિકલ્પ પ્રગટે છે, એ તો બંધનું કારણ અને દુઃખરૂપ છે. આહાહા! શુભભાવ એ ઝેર છે, એમ કહે છે. 'सम्यक् सुभाउ लिये हियेमैं प्रगट्यौ ग्यान'.

અંતરમાં જ્ઞાન પ્રગટ્યું. 'અરે, હું તો આત્મા...પુણ્ય ને પાપનાં વિકલ્પની ક્રિયાકાંડના રાગથી ભિન્ન મારી ચીજ છે. હું તો શુદ્ધ આનંદમૂર્તિ છું.' એમ જ્યાં સમ્યક્‌જ્ઞાન હૃદયમાં પ્રગટ્યું, 'उरध उमंगि'. બસ ચાલ્યો આવે છે ઉત્સાહપૂર્વક. આગળ..આગળ..આગળ સ્વરૂપમાં સ્થિરતા કરતાં..કરતાં..કરતાં 'उरध उमंगि', ઉત્સાહપૂર્વક પાછો, એમ ઉમંગ છે ને. અનિવાર્ય ઉન્નતિ કરે છે. આહાહા! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદળ આનંદનું ધામ રાગથી નિષ્ક્રિય છે, ભિન્ન છે. રાગની ક્રિયા જે દયા-દાન-વ્રતની ક્રિયા—રાગની ક્રિયાથી ભિન્ન છે. એવા તો તને જ્યાં અંતર્દષ્ટિમાં અનુભવમાં લીધો. એ ઉન્નતિને પંથે પડ્યો. 'उरध उमंगि'. ઓલો અધઃ હેઠે જાતો. પુણ્ય-પાપનાં ભાવને ધર્મ માનીને હેઠે દુર્ગતિમાં જાતો ચાર ગતિ. આહાહા!

હવે આ બનારસીદાસ કહે છે તે એણે વિચાર્યું નહિ હોય કે ક્યાં મૂકું....કોની પાસે મૂકું? આહા! (શ્રોતા : ભ્રમમાં પડ્યો) ભ્રમમાં પડ્યો છે. અરે! પરમાત્મા છે, એને હીણો કેમ દેખે તું? સમજાય છે કાંઈ? એવો સ્વભાવ સમજવાને....સભામાં તો એ જ કહેવું, એમ ટોડરમલજી તો કહે છે. અધ્યાત્મનો ઉપદેશ દેવો. સભામાં તો

અધ્યાત્મનો દેવો, તત્ત્વજ્ઞાનનો દેવો. (શ્રોતા : મોક્ષમાર્ગ.....) મોક્ષમાર્ગ તો ત્યાં છે. બીજે તો મોક્ષમાર્ગ નથી અને આવો મોક્ષમાર્ગ અધ્યાત્મનો ન કહે પછી મોક્ષમાર્ગ થાય શી રીતે લોકોને? સમજાણું કાંઈ?

'उरध उमंगि चल्यौ काहूपै न रुकयौ है'. આહાહા! દ્રવ્ય સ્વભાવ વસ્તુને જ્યાં પકડ્યો એટલે કે અંદરમાં જે શક્તિમાં કેવળજ્ઞાન આદિ છે, એ પ્રગટ્યા વિના રહેશે (નહિ.) સમજાણું કાંઈ? દયા–દાન–વ્રતનાં પરિણામ તો રાગ છે, વિભાવ છે, દુઃખરૂપ ઝેર છે. છોડ એને દૃષ્ટિમાંથી. ચૈતન્ય ભગવાન આનંદ સ્વરૂપની દૃષ્ટિ કર. 'उरध उमंगि', ઉત્સાહથી. દુઃખી થઈને નહિ કે અરે..રે! આ આવું ચારિત્રને આ .......એમ કહે. ભગવાન આત્માનાં અમૃતમાં રમતો અમૃત સ્વરૂપમાં રમતો આગળ વધી જાય છે, કહે છે. આહા! અરે એનાં ઘરની વાતું ય ન સાંભળે. 'અબ હમ કબહૂ ન નિજ ઘર આયે' એ આવે છે ને. 'अब हम कबहू न निज घर आये' એ આમાં છે. શું કહેવાય આ? ખાનિયા ચર્ચા. ૮૯ પાને છે આમાં. ત્યાં બોલતા'તા બહુ.

'हम तो कबहू न निज घर आये,
पर घर फिरत बहुत दिन बीते नाम अनेक धराये,
हम तो कबहू न निज घर आये.
पर पद निज पद मानि मगन व्है पर परनति लपटाये'

એ પુણ્ય ને પાપનાં વિકલ્પો એ તો પર પરિણતિ વિભાવમાં લપટાઈ ગયો, કહે છે. 'परमपद निज पद मान'–પર પદને નિજપદ માની. એ દયા–દાનનાં વ્રતનાં વિકલ્પ તો પરપદ–વિભાવપદ છે. એને,

'निजपद मान मगन व्हैं पर परनति लपटाये,
सुद्ध बुद्ध चिदकंद मनोहर चेतन भाव न भाए.
सुद्ध बुद्ध चिदकंद मनोहर.....
सुद्ध बुद्ध चिदकंद मनोहर चेतन भाव न भाए.
हम तो कहू निज घर आये,
पर घर फिरत बहुत दिन बीते नाम अनेक धराये'

મનુષ્ય છું, દેવ છું, પુણ્ય કરનારો, દયા કરનારો, વ્રત પાળનારો, એ બધા નામ પરઘરનાં નામ ધાર્યા છે, કહે છે. ભગવાન જ્ઞાનાનંદની મૂર્તિ, એવા નિજઘરમાં તો કોઈ દિ' આવ્યો નથી. પરઘરમાં વ્યભિચારી થઈને ફર્યો. આહાહા! કહો ધરમચંદભાઈ! આવે છે ને ઓલું હિન્દીમાં આતે હૈ. આ તો એટલી લીટી આમાં.

'उरध उमंगि चल्यौ काहूपै न रुक्यौ है'. હવે એને આગળ જતાં કોઈ કર્મ અટકાવે—રોકે એવું છે (નહિ.) 'आरसीसौ उज्ञल बनारसी कहत आपु'. ભગવાન ચૈતન્યસ્વરૂપ, એની દૃષ્ટિ ને રમણતાની નિર્મળતા પ્રગટ થઈ. 'आरसीसौ उज्ञल बनारसी', એ તો ઉજજ્વળ ઉજ્જ્વળ દશા થઈ. ઓલી મેલી દશા હતી, પુણ્ય ને પાપ. ભગવાનનાં જ્ઞાનસ્વભાવને અવલંબીને નિર્મળ થતાં 'कारन सरूप ह्वैके'. એ મોક્ષનાં કારણરૂપી આત્માની પર્યાય પ્રગટકર શુદ્ધ આનંદના ધામની 'कारजकौं ढुकयौ है'—પૂર્ણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે મથી રહ્યો છે, એને કેવળજ્ઞાન થશે. આવું કારણ જે સેવે તેને કાર્ય પ્રગટ થશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

આ આત્મા આવી અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનંતને અનંત તરીકે જાણે. એ ભાવને અનંતને અનંત તરીકે જાણે. આવું જે અનંત જ્ઞાન, એને જેમ છે તેમ જાણે અને તે પણ પર છે, માટે નહીં. પર આવું અનંત છે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ, માટે નહીં. એ તો પોતાના જ્ઞાનમાં એવી જ શક્તિ અનંતને અનંત તરીકે જાણવાની આવી શક્તિવાળો તત્ત્વ છે, એમ જેને અંદરમાં બેસે, એની રાગમાં એકતા રહે નહીં ને સ્વભાવની અનંતતા પ્રગટ્યા વિના રહે નહીં. એ તો જ્ઞાને જેમ પૂરું છે તેમ પૂરું જાણ્યું. આહાહા! એવો પૂરો સ્વભાવ જાણવાનો મારો સ્વભાવ બેહદને(જાણે) પણ તેનું જ્ઞાન મારામાં પુરું જાણવાનો સ્વભાવ મારે કારણે. એવા અનંત દ્રવ્ય, અનંત ક્ષેત્ર આદિ અંત વિનાનું તત્ત્વ અને અનંત ગુણો, આવાને જાણવાનો મારો સ્વભાવ એટલે કે હું તો સર્વજ્ઞસ્વભાવી સર્વને જાણવાનો સ્વભાવવાળો છું. આમ જ્યાં સ્વભાવને જ્યાં માને, એની રાગની અલ્પતા ભિન્ન પડ્યા વિના રહે નહીં.

**નાટક સમયસાર પ્રવચન નં. ૫૧નો અંશ**

## પ્રવચન નં. ૫૭, ચૈત્ર સુદ ૨, રવિવાર, તા. ૨૮-૩-૧૯૭૧
## પુણ્ય-પાપ એકત્વ દ્વાર, પદ ૧૪, ૧૫ ઉપર પ્રવચન

આ નાટક સમયસાર પુણ્ય-પાપ અધિકાર છે. પુણ્ય-પાપ એકત્વ અધિકાર છે ને. શુભ અને અશુભ ભાવ જે આત્મામાં થાય છે, તે બેય એક જ સ્વરૂપ છે બંધનું કારણ. પુણ્ય-પાપ અધિકાર છે ને. ૧૧મો કળશ છે.

यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा
कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः।
किंत्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्मबन्धाय तन्
मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः॥११॥

ज्ञान और शुभाशुभ कर्मोंका व्यौरा. વ્યૌરા એટલે વિવેચન.

જ્ઞાન અને શુભાશુભ કર્મોનું વર્ણન (સવૈયા એકવીસા)

जौलौ अष्ट कर्मकौ विनास नांही सरवथा,
तौलौं अंतरातमामैं धारा दोइ बरनी।
एक ग्यानधारा एक सुभासुभ कर्मधारा,
दुहूंकी प्रकृति न्यारी न्यारी न्यारी धरनी॥
इतनौ विसेस जु करमधारा बन्धरूप,
पराधीन सकति विविध बंध करनी।
ग्यानधारा मोखरूप मोखकी करनहार,
दोखकी हरनहार भौ-समुद्र-तरनी॥१४॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**સરવથા (સર્વથા)=પૂરેપૂરો. બરની=વર્તે છે. ધરની=સત્તા. પરાધીન=પરને આશ્રિત. વિવિધ=જાત જાતના. ભૌ (ભવ)=સંસાર. તરની=નૌકા.

**અર્થ :—**જ્યાંસુધી આઠે કર્મ સમ્પૂર્ણપણે નષ્ટ નથી થતાં ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિમાં જ્ઞાનધારા અને શુભાશુભ કર્મધારા બન્ને વર્તે છે. બન્ને ધારાઓનો પરિચય જુદો સ્વભાવ અને જુદી જુદી સત્તા છે. વિશેષ ભેદ એટલો છે કે કર્મધારા

બંધરૂપ છે, આત્મશક્તિને પરાધીન કરે છે તથા અનેક પ્રકારે બંધને વધારે છે; અને જ્ઞાનધારા મોક્ષસ્વરૂપ છે, મોક્ષ આપનાર છે, દોષોને દૂર કરે છે અને સંસાર–સાગરથી તારવા માટે નૌકા સમાન છે. ૧૪.

**अर्थ** :–जब तक आठों कर्म बिलकुल नष्ट नहीं होते तब तक सम्यग्दृष्टिमें ज्ञानधारा और शुभाशुभ कर्मधारा दोनों वर्तती हैं। दोनों धाराओंका जुदा-जुदा स्वभाव और जुदी-जुदी सत्ता है। विशेष भेद इतना है कि कर्मधारा बंधरूप है, आत्मशक्तिको पराधीन करती है तथा अनेक प्रकार बंध बढ़ाती है; और ज्ञानधारा मोक्षस्वरूप है, मोक्षकी दाता है, दोषोंको हटाती है तथा संसार-सागरसे तारनेके लिए नौकाके समान है।।१४।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ક્યા કહતે હૈ? શું કહે છે? સવારે હિંદી હતા ને એ લોકો, એને માટે. તારણસ્વામીના અનુયાયી. ‘जौलौ अष्टकर्मकौ विनास नांही सरवथा.’ શું કહે છે? કે ધર્મી જીવને એટલે કે આત્મા શુદ્ધ આનંદના અનુભવી જીવને, સમજાય છે કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ એવો જે આત્મા, એનો સ્વભાવ સન્મુખમાં—વિભાવથી વિમુખ થઈને જે ધર્મ દશા અનુભવની પ્રગટે, એને જ્યાં સુધી આઠ કર્મનો નાશ ન હોય ત્યારે એને શું હોય છે, એ વર્ણવે છે. ‘जौलौ अष्टकर्मकौ विनास नांही सरवथा, तौलौ अंतरातमामैं धारा दोइ बरनी.’ જ્યાં સુધી પૂર્ણ આઠ કર્મનો નાશ ન થાય ત્યાં સુધી અંતર આત્મામેં, ‘अंतरातमामें’, એમ છે ને!

રાગ ને વિકલ્પથી ભિન્ન પ્રભુ તત્ત્વ એવો જે અંતરસ્વભાવ, બહિર્દ્રષ્ટિ છોડીને અંતરદ્રષ્ટિએ આત્મા અનુભવ કરીને જેને આત્મજ્ઞાન અને અંતરઆત્મા પ્રગટ્યો છે. ત્યાં આ અધિકાર પુણ્ય-પાપનો છે. કહે, એને કાંઈ પુણ્ય-પાપના પરિણામ છે કે નહિ? ‘तौलौ अंतरातमामैं धारा दोइ बरनी.’ પૂર્ણ કર્મનો રાગનો અભાવ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ધર્માત્માને અંતર આત્માને જે અંદર શુભ-અશુભ ભાવ નિષેધ કર્યા. શુભ અને અશુભ ભાવ વિભાવ છે, પુદ્‌ગલપિંડ છે, એ આત્મા નહીં. આત્મા તો અંદર, પુણ્ય-પાપના શુભ-અશુભ ઉપયોગ રહિત શુદ્ધ ઉપયોગી સ્વભાવી આત્મા છે. એવા શુદ્ધ ઉપયોગ દ્વારા જેણે આત્માની પ્રાપ્તિ અને અનુભવ કર્યો, એને અહીંયા અંતરઆત્મા ધર્મી કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

જ્યાં સુધી અંતર આત્માને પણ આઠ કર્મનો નાશ ન થાય, ત્યાં સુધી એને અંતરઆત્મામાં પણ બે ધારા કહે, ભગવાને કીધી છે. ‘वरनी’ છે ને! બે ધારા એટલે

શું? એક જ્ઞાનધારા અને એક શુભાશુભ કર્મધારા. આત્મા અખંડ આનંદ શુદ્ધ ચૈતન્ય, એવું અંતર તત્ત્વનું ભાન, પ્રતીત અને સ્વરૂપની રમણતા આદિ આનંદના અંશને પ્રગટ કરેલો છે, એ તો એની જ્ઞાન ધારા છે. જ્ઞાન નામ આત્માના સ્વભાવની એકાગ્રતાની ધારા. સમજાય છે કાંઈ? આત્મા પોતે ચૈતન્યદળ અખંડ અભેદ, એવું જ્યાં અંતરમાં અનુભવ અને ભાન થયું. ત્યાં તેની દશામાં પણ સમ્યક્જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ વગેરે જે દશાઓ પ્રગટી, એને અહીંયા જ્ઞાનધારા કહેવામાં આવે છે. જ્ઞાનધારા એટલે આત્મધારા. સમજાણું કાંઈ?

'अंतरातमामैं धारा दोइ वरनी'. જોકે અંતર આત્માની રાગધારા નથી, પણ રાગધારા હોય છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? 'एक ग्यानधारा एक सुभासुभ कर्मधारा'. ધર્મી જીવને.....કહે કે ભાઈ આ પુણ્ય-પાપના ભાવો બેય એક છે, બંધ છે, તો પછી ધર્માત્મા તો અબંધ સ્વભાવી આત્માનું ભાન છે એને તો. અબંધ સ્વરૂપી એવો આત્મા એનું ભાન છે. તો એને શું છે? એને એ આત્માના સ્વભાવની જેટલું શરણ લીધું છે, એટલી દશા તેને આત્મધારાની એટલે જ્ઞાનધારાની કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? સવારના નહોતા ને શશીભાઈ? હતા ક્યાં?

'एक सुभासुभ कर्मधारा'. એક તો વસ્તુ ચૈતન્યસ્વરૂપ એનો આશ્રય લઈને પ્રગટેલી વિશુદ્ધ શુદ્ધ ઉપયોગ ધારા, નિર્મળ શુદ્ધ પરિણતી અવસ્થા, એ તો એની ચીજ છે, ધર્માત્માની એ તો એની એ ચીજ છે. સમજાય છે કાંઈ? પણ એક ચીજની સાથે એક શુભાશુભ વિકલ્પની ધારા વહે છે. શુભોપયોગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વગેરે કે અશુભ રાગ વિષય વાસના કામ, ક્રોધની વૃત્તિયો—એ બેય વૃત્તિઓ કર્મધારા છે. કર્મધારા નામ ધર્મધારા નહીં. સમજાય છે કાંઈ? એક જ્ઞાનધારા, એક શુભાશુભ વિકારી પરિણામનું કાર્યધારા. જોકે વિકારી કર્મનો કર્તા છે, એમ નહીં, પણ ત્યાં હોય છે. આઠ કર્મનો નાશ નથી ત્યાં સુધી ભૂમિકામાં આવા શુભાશુભ ભાવ હોય છે, એને અહીંયા કર્મધારા વિકારી ભાવોરૂપી કાર્યધારા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'दुहूंकी प्रकृति न्यारी'—બેયનો સ્વભાવ ભિન્ન છે. ભગવાન આત્મા અંતર્મુખના સ્વભાવને અવલંબીને જે કાંઈ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતાની દશા પ્રગટી, એ તો શુદ્ધ સ્વભાવ છે અને પુણ્ય-પાપનો ભાવ એ અશુદ્ધ સ્વભાવ છે. સમજાણું કાંઈ? 'दुहूंकी प्रकृति न्यारी'—બેયનો સ્વભાવ ભિન્ન છે. ભગવાન આત્મા, પુણ્ય અને પાપના વિકલ્પો હોવા છતાં એનાથી ભિન્ન આત્મા છે, જુદો છે. એવું અંતરમાં સ્વઆત્માને જ્ઞેય બનાવીને જ્ઞાન જેણે અંતરમાં પ્રગટ કર્યું, એને નિર્મળધારા જ્ઞાનધારા કહે છે. અને પુણ્ય-પાપના

વિકલ્પો પણ હોય છે, એમ બતાવે છે. જેથી તો પુણ્ય-પાપના વિકલ્પથી સમ્યક્દૃષ્ટિ— અંતરઆત્મા મુક્ત છે. સમજાણું કાંઈ?

પણ એવો ભાવ ત્યાં હોય છે એ ભૂમિકામાં શુભ અને અશુભ ભાવ, એથી કહે છે કે શુભાશુભ ભાવની પ્રકૃતિ મેલરૂપ સ્વભાવ છે. ભગવાન આત્મા શુદ્ધ ચેતન દ્રવ્ય, એનો અનુભવ, એની દૃષ્ટિ અને નિર્મળ સ્વભાવ છે. બેના સ્વભાવ જુદા છે. અને 'न्यारी-न्यारी धरनी'. બેઉનું હોવાપણું ભિન્ન ભિન્ન છે. 'धरनी' એટલે હોવાપણું. આ આત્મા વસ્તુ અખંડ શુદ્ધ ચૈતન્ય, એનો અનુભવનો સ્વભાવની સત્તા ભિન્ન છે અને પુણ્ય-પાપના હોવાપણાના વિકલ્પની સત્તા સ્વભાવથી ભિન્ન છે. પાછું લાવી દીધું અહીંથી. અંતર આત્મા બે ધારા કહી ખરી. આહાહા! સમજાય છે કાંઈ? ધર્મની વાતો મોંઘી ને મૂલ્યવાન છે. મૂલ્યવાન છે ભાઈ કિંમતી ચીજ છે આ! જગતની આગળ કાંઈ આ તો મૂલ્ય જેના નથી, એવી ચીજ છે. એને તો સમજવા માટે અનંત અનંત ગણો સન્મુખ પુરુષાર્થ જોઈએ. એ કાંઈ લાલાપેઠા કરે ને મળી જાય. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરે અને આત્મા પ્રાપ્ત થાય, એવો ઈ નથી. એવો ઈ આત્મનો સ્વભાવ જ નથી, એમ કહે છે. ઓહો! સમજાણું કાંઈ?

કહે છે કે એક આત્મધારા. આત્મા તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એના સન્મુખની દશા તે તો આત્મધારા, નિર્મળધારા, સ્વભાવધારા, બેનો સ્વભાવ જુદો. પુણ્ય-પાપના(ભાવ) વિભાવધારા, મેલધારા, દુઃખધારા, ઝેરધારા. સમજાય છે? એ આત્માના ચૈતન્ય સ્વભાવની ધારા એ પવિત્ર છે, એની સત્તા જુદી છે અને પુણ્યપાપના વિકલ્પની વૃત્તિ ઉઠે, એનું હોવાપણું, સત્તાપણું એની ભૂમિ જુદી છે. વાડીભાઈ ભારે માર્ગ આવો! માણસને એવું લાગે......એની જાતની માહિમાની ખબર નથી. કેવો ભગવાન છે? આ તો બહારની ક્રિયા કાંડને એકલો ધર્મ માનીને બેસે, મિથ્યાત્વને પોષે. અમે ધર્મી છીએ. શું થાય? અને એવી વાત જગતને ગોઠેય ખરી, એવા સ્વરૂપે મળે. પંડિતજી! એવા પંડિત મળે એને સરખા પકડવા. આ વાત......આ તો સમયસારમાં તો આમ કહે છે ને તેમ કહે છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા-બૂજા, ધર્મ નહીં. સાચી વાત અમને બેસવી ભારે.

આહીં કહે છે, બાપુ! ભગવાન તો મહાપવિત્ર પુણ્ય-પાપના રાગને સ્પર્શ્યો ય નથી, એવો ચીજ છે. જુઓ, સત્તા ભિન્ન કહે છે. ભાઈ! તને ખબર નથી. જેમ અજીવની સત્તાનું હોવાપણું જીવની સત્તાથી જુદી ચાલ ગતિ છે. એમ ભગવાન આત્માના સ્વભાવના સત્તાનું હોવાપણું, એનાથી પુણ્ય દયા, દાન, વ્રત, પરિણામની ધારા, સત્તા, ચાલ, ગતિ ભિન્ન છે. આહાહા! સમજાય છે કાંઈ? બેયની પ્રકૃતિ ન્યારી અને બેયની ધરની(સત્તા)

ન્યારી, એમ. ધરની એટલે સત્તા, ધરવું. એ આત્મા ધારતો નથી, એમ સિદ્ધ કરે છે, ભાઈ! પણ હોય છે એ સત્તા ભિન્ન. સમજાય છે કાંઈ?

'दुहूंकी प्रकृति न्यारी न्यारी-न्यारी धरनी'. બેયની ધરણી—ભૂમિકા—સત્તા જુદી છે. એ દયા, દાન, વ્રત, ભક્તિના, પૂજાના ભાવ એનું હોવાપણું અને એની સત્તા એ જુદી છે. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપનો આશ્રય લઈને અંતર આત્મા થયો, એની જ્ઞાનધારા શુદ્ધવૃત્તિ પરિણતિ ધારા તદ્દન આનંદમય એનું સ્વરૂપ ભિન્ન છે. બેયની સત્તા જ ભિન્ન છે. ઓહો! શુદ્ધતાનું હોવું ને અશુદ્ધતાનું હોવું, બે સિદ્ધ કર્યું. આઠ કર્મ નાશ ન થાય ત્યાં સુધી આવી બે ધારા છે. પણ બેનો સ્વભાવ જુદો અને સત્તા ભિન્ન છે. સમજાણું કાંઈ? જેમ અજીવનું હોવાપણું અને સ્વભાવ જુદો છે. એમ એ પુણ્ય અને પાપના શુભ-અશુભ વિકલ્પોનો સ્વભાવ અને સત્તા જુદી છે. કેમ કે આસ્રવ તત્ત્વ છે ઈ. સમજાય છે કાંઈ?

મૂળ તો ત્યાં 'विहितस्तावन्न काचित्क्षतिः' છે ને પાઠમાં ત્યાં? ઈ આમાં શબ્દ નથી આવ્યો. પદ્યમાં લખેલું છે.....એમાં તકરાર છે. ભાઈ ક્ષતિ છે ને? એમ કે વિરોધ નથી. પણ વાંધો નથી એનો અર્થ એવો કરે છે ઈ કે એ શુભભાવ એ કાંઈ વિરોધ નથી તત્ત્વની સાથે કહે છે. મૂળ એમ નથી. ભગવાન! જેમ સમ્યગ્દર્શન, જ્ઞાનની ભાવમાં જેમ મિથ્યાદર્શન જ્ઞાનનો વિરોધ છે એટલે કે હોઈ શકે નહીં, એમ ત્યાં નથી. એટલે કે સમ્યક્દર્શન, જ્ઞાનની ધારા હોય અને રાગ ધારા ન હોય, એમ નથી. એનો અર્થ ન ક્ષતિ કીધું છે ને. 'काचित्क्षतिः' એટલે કે બેયને વિરોધ નથી. વિરોધ નથી એટલે કે એકસાથે રહેવામાં વાંધો નથી. વિરોધ નથી એનો અર્થ એવો નથી કે શુદ્ધભાવ અને શુભભાવમાં, બે એક જાત છે. ન્યાં વિરોધની વ્યાખ્યા નથી. ભારે ભાઈ વાત! બધે એવું હાલે છે આ તો......બધે અવળું લાવી દે છે. (શ્રોતા : એવું જ ચાલે છે) એવું જ ચાલે છે. આહા!

કહે છે, પ્રભુ! તારો સ્વભાવ જે અંતરઆત્મા થયો પ્રગટ, એ ધારા છે એ પવિત્ર ધારા છે. એ ધારાની સાથે વ્યવહારનું થવું, રહેવું, એ બેને ક્ષતિ નથી એટલે આ ન હોય અને આ હોય, એમ નથી. હો. જેમ સમ્યક્દર્શન હોય ત્યાં મિથ્યાદર્શન ન હોય. એમ જ્યાં સમ્યક્દર્શન અને જ્ઞાન હોય ત્યાં રાગ ધારા ન હોય, એમ નથી. શેઠીજી! આહાહા! આ કરનેકી ચીજ આ હૈ. આહા! હજી સમજમેં આવે નહીં, ક્યા ચીજ શું છે? અહીંયા તો ભગવાન જુઓ, અહીંયા તો બે પાના ભર્યાં છે, કળશ ટીકા. મોટું......વાત સાચી છે.

કહે છે, કેટલાક એમ માને છે કે આ યતિની ક્રિયા ધર્મ છે, આ પંચમહાવ્રત આદિ. એ નહીં, ધર્મ નથી. કેમ કે સમ્યક્દૃષ્ટિની ક્રિયા એ ભલે શુભ આદિ હોય તો ઠીક.

પણ મિથ્યાદૃષ્ટિની યતિની ક્રિયા શુભ છે, એ તો ધર્મ છે, એમ નથી. એ શુભક્રિયા દયા, દાન, ચાહે સો સમ્યક્દૃષ્ટિના હો કે ચાહે સો મિથ્યાદૃષ્ટિના હો, (એ ધર્મ નથી.) વસંતલાલજી! સમજાય છે કાંઈ? આ તો ધીરજના વેપાર છે બાપા! શાંતિના સાગરમાં જાવા છે અંદર એને વચ્ચે અશાંતિ આવે. પણ આવે એ વિરોધ નથી નો અર્થ, છે તો વિરોધ સ્વભાવ. સત્તા કીધી જુદી ને સ્વભાવ જુદો કીધો, પણ તે આત્માના જ્ઞાન-દર્શન ને શાન્તિને તે રાગ છે માટે આ શાંતિ ન હોય, એમ નથી. પંડિતજી! આહાહા! એ આ પદ્ય છે ને, એટલે બધા અર્થ ન આવે. આ પદ્યનો વાંધો છે આખો.

'कर्मज्ञानसमुच्चयोपि विहितस्तावन्न काचित्क्षति' એમ કહે છે. વિરોધ નથી. આત્મધર્મ ભાવ અને શુભભાવ બે વિરોધ નથી, બે અનુકૂળ છે. અરે ભગવાન! માર્ગ તો ભારે જુદો. ઉંધા અર્થ કરવામાં ય આવો. (શ્રોતા : દોનોં સાથ રહ સકતે હૈ) બસ ઈતના. પર દોનોંકો હૈ તો વિરોધ, સ્વભાવ ને વિભાવ બે તો વિરોધ છે. પણ સાથ મેં રહનેમેં વિરોધ નહીં. જેમ સમ્યક્દર્શનને મિથ્યાત્વમેં રહનેમેં વિરોધ છે. સમ્યક્દર્શન હોય ત્યાં મિથ્યાત્વ ન હોય. સમજાય છે કાંઈ? એમ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય આત્મા પવિત્ર ધામ એનો સ્પર્શ થયો એટલે કે અનુભવ થયો. એ અનાદિનો પુણ્ય અને પાપના વિકલ્પનો સ્પર્શને અનુભવ હતો. એ કાંઈ અનુભવ અનાદિનો કંઈ પરનો સ્પર્શ નહોતો કરતો. શરીરને, વાણીને, પૈસા ને દાળ ભાતને એનો એને સ્પર્શ નહોતો કરતો. એ કરતો તો ઈ પુણ્ય અને પાપના વિકલ્પની જાતને મેલનો સ્પર્શને અનુભવ કરતો હતો. એ સંસારી મિથ્યાદૃષ્ટિ. વસંતલાલજી!

હવે ધર્મી થયો ત્યારે. ધર્મ કેમ થયો કે પુણ્યને પાપના વિકલ્પથી જાત ભગવાનની જુદી છે અંદર, એવી ચીજ ને જ્યાં સ્પર્શ્યો, અનુભવ્યો એટલે એની પર્યાયમાં શુદ્ધતારૂપી આનંદ ને શાંતિની ધારા પર્યાયરૂપે થઈ. એ અનુભવના કાળમાં પણ અથવા નિરંતર શુદ્ધ પરિણતિના કાળમાં પણ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પની હૈયાતિ હોય છે. એને વ્યવહારને અને શુદ્ધ પરિણતિ ને વિરોધ નથી કે રાગ હોય તો શુદ્ધ પરિણતિ ચાલી જાય છે. એટલી વાત છે. સમજાણું કાંઈ? અરે! અંતરના પંથે જાવાની આ વાતને મેળ કરવો હોય એને, તો આમ કેમ મેળ થાય? કે શુભ રાગથી આત્માને લાભ થાય, એવું આમાં કહ્યું છે. બેનો વિરોધ નથી. શુદ્ધ અને શુભને વિરોધ નથી. શુદ્ધ અને અશુભને વિરોધ છે, એમ કહે છે. શેઠી! આહા!

પ્રભુ તું ભુલ્યો છો હોં. ભીંત ભૂલ્યો, કહે છે ને. ભાઈ! તારી ધારા તો પવિત્ર હોવી જોઈએ. એ પવિત્ર કેમ કે આત્મા પોતે વસ્તુ જ શુદ્ધ, શુદ્ધ, શુદ્ધ, નિર્મળ, નિર્મળ,

નિર્મળ. એવા નિર્મળ આત્માને અનુભવતા એટલે એને અનુસરીને થતાં શુદ્ધતાના આનંદના સ્વભાવને અનુસરીને દશા થાય; એને જ્ઞાનધારા, આત્મધારા, ધર્મધારા, મોક્ષના કારણરૂપી મોક્ષમાર્ગધારા કહેવામાં આવે છે. એ કાળે એને શુભાશુભ કર્મધારા હોય છે. શુભાશુભ કર્મ શબ્દે પરિણામ. સમજાય છે કાંઈ? ધર્મી જીવને ધર્મનો અથવા ધર્મી એવો આત્મા, એનું ભાન થતાં ધર્મદશા પ્રગટ થાય, તે કાળે એને પુણ્ય-પાપના વિકલ્પ પણ સાથે હોય. એમાં સાથે રહેવું એ વિરોધ નથી. ભાવ વિરોધ છે. સમજાય છે કાંઈ

'दुहूंकी प्रकृति न्यारी न्यारी—न्यारी धरनी, इतनौ विसेस जु करमधारा बंधरूप'. જુઓ હવે, જેટલો સમ્યક્દૃષ્ટિ જીવને પણ શુભ અને અશુભના ભાવો થાય, એ બંધરૂપ છે. એક બાજુ કીધું કે સમ્યક્દૃષ્ટિને બંધ જ નથી. ભાઈ, સમ્યક્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. એ અપેક્ષા બરાબર છે. પણ એની પર્યાયમાં નબળાઈને કારણે થતાં શુભાશુભ ભાવ એવી આ સત્તાથી ભિન્ન હોવા છતાં તે વહે છે ધારા, કે જેનું ફળ બંધ છે. સમ્યક્દૃષ્ટિ અને સમ્યક્જ્ઞાનના પરિણામનું ફળ બંધ છે નહીં. સમજાણું કાંઈ? એ ધર્મી જીવને શુદ્ધ સ્વભાવ ભગવાન અભેદ એકરૂપ, એની જે દૃષ્ટિ અને જ્ઞાન ને લીનતા થઈ, એ બંધરૂપ નથી. કેમ એ ધર્મીને બંધરૂપ ભાવ એનો નથી. છતાં ધારા એવી હોય છે. શુભ-અશુભ પરિણામ હોય છે, એ બંધ છે. તે જ્ઞાનીને બંધ નથી ખરેખર તો, તે પ્રકૃતિનો બંધ છે. એ ધારા જુદી વળી લીધી. એમ મેળવીને પછી કહ્યું કે સમ્યક્દૃષ્ટિને બે ધારા હોય. આહાહા!

એક કોર કહે, સમ્યક્દૃષ્ટિને વ્યવહારથી મુક્તપણું છે. (શ્રોતા : એને બંધ જ નથી). વ્યવહારથી મુક્ત છે પછી બંધ કેવો? એ અપેક્ષા છે. એની ધારામાં, દૃષ્ટિમાં અને એના પરિણમનમાં બંધ ભાવ નથી. કારણ કે ધ્યેય જે ધ્યેય દ્રવ્ય છે, તેનું જે ધ્યાન, એ ધ્યાન જ છે તે તો નિર્મળ છે, અબંધ પરિણામી છે. વસ્તુ જેમ અબંધ છે, એમ એનો ભાવ પ્રગટ થતાં પરિણામ અબંધ પરિણામ છે એ તો. દ્રવ્ય અબંધ, ગુણ અબંધ અને પરિણામ અબંધ, તીનો અબંધ પરિણામ છે. એ સમ્યક્દૃષ્ટિનું સત્તાનું હોવાપણું ને સ્વામીપણું છે. કહો ભીખાભાઈ! ભારે ભાઈ આવું! છતાં આ આઠ કર્મનો અભાવ જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી એને કર્મ ધારા પુણ્ય અને પાપના વિકલ્પની વ્યવહાર વિભાવધારા, નહીં ગોઠતી પણ ધારા, દુઃખરૂપ ધારા, નહીં રુચતી એવી પણ ધારા એને આવે છે. સમજાણું કાંઈ?

'इतनौ विसेस.....' સાથે બે છે ને એમાં વિશેષ શું કહે છે? છે સાથે પણ વિશેષ શું? સ્વભાવ ભિન્ન, સત્તા ભિન્ન, ફેર શું ત્યારે હવે? ઈ તો ફેર કીધો એટલો તો.

જેટલો દયા દાન વ્રત ભક્તિ પૂજાનો વિકલ્પ રાગ સમકિતીની ભૂમિકાની મર્યાદામાં ભિન્નરૂપે દેખાય, એ બંધરૂપ ધારા છે. પ્રકાશદાસજી! પહેલા સાંભળ્યું નહીં કોઈ દિ' આપણે. આ તો માર્ગ ભગવાન તારો જ છે. આ કોઈ પક્ષનો નથી. આ કોઈ વાડાનો માર્ગ નથી કે અમારો માર્ગ આવો ને તારો માર્ગ એવો. આ તો વસ્તુ જે આત્મા છે મહા પ્રભુ છે પૂર્ણાનંદ કૃતકૃત્ય પરમેશ્વરસ્વભાવી, એને કરવું એવું કાંઈ નથી વસ્તુના સ્વભાવમાં. એવો જે વસ્તુનો સ્વભાવ, એવું ભાન થતાં પરિણમન જે થાય છે. પરિણમવું એ પણ કરવું નથી જેને. કારણ કે પરિણમે છે એને પરિણમવું એવું ક્યાં આવ્યું? ક્યાં કહ્યા?

પરિણમે એનો ધર્મ છે. વસ્તુ અખંડ આનંદ સ્વરૂપ પ્રભુ, એવી જ્યાં દૃષ્ટિ થઈ હવે એની દૃષ્ટિ થઈ, ત્યારે એનો પરિણમવું એ તો પર્યાયનો સ્વભાવ છે. પણ પરિણમવું અને પરિણમન કરું, મોક્ષમાર્ગની પર્યાય કરું, એ પણ એમાં રહેતું નથી. તો પછી આ દયા, દાનના વિકલ્પને કરું એ તો ક્યાં રહે ભાઈ! પણ આવી જાય છે, થાય છે, એમ કહે છે. આવો માર્ગ છે બાપા! શું થાય? આ કોઈનો નથી. તારી જાતમાં આવું છે ધારા સમજે ત્યારે. (શ્રોતા :....) સંબંધ હો, એકકોર રખો. ઉદય–નિમિત્તકા યહાઁ કામ નહીં. ઉસકી પર્યાયમેં શુભભાવ હોતા હૈ, ઈતના. (શ્રોતા :....) નિમિત્તકા યહાં કામ નહીં હૈ, ઉસકા કામ નહીં. યહાં તો ઉસકી પર્યાયમેં નિર્મળતા વહ ઉસકી ઔર મલિનતા દૂસરી ધારા કર્મકી નહીં, પર અપને વિકારરૂપી ધારા રહતી હૈ, એમ કહતે હૈ. કર્મના અસ્તિત્વમાં નહીં, કર્મની નહીં. જડ કર્મની નહીં. આહા!

પુણ્ય અને પાપનો વિકલ્પ છે, થાય છે, ધર્મીને હોય છે. ધર્મીને હોય છે, એમ કહેવું એ વ્યવહારનયનાં કથન છે. કારણકે ધર્મીને તો વ્યવહારનયથી કહેવું એ આખી શૈલી જ એવી છે ભાઈ! કથનની શૈલી એવી છે શાસ્ત્રની કે જેને સમજાવવું હોય એની ધારા અંતર શું કહે? કે જ્ઞાનીને રાગ થાય છે. જ્ઞાનીને પણ દયા દાનનો રાગ થાય છે. એક કોર એમ કહેવું કે જ્ઞાનીને રાગ ને વ્યવહાર જુદો પડેલો છે. રાગ એને થતો નથી. એને થાય છે નિર્મળ ધારા. થાય છે હોં એ રીતે. દૃષ્ટિની સત્તા બદલી ગઈ. આમ પર્યાયમાં રમતો, મિથ્યાત્વ હતું. એ દ્રવ્યમાં ગયો, (મિથ્યાત્વ) ખલાસ થઈ ગયું. જેમ પરિણમન છે, એમ પરિણમન ચાલુ છે. ભીખાભાઈ! આવો માર્ગ છે બાપુ! સહજાત્મસ્વરૂપ સહજસ્વરૂપ. આહા!

કહે છે, એ કર્મધારા 'अंतरात्मामें धारा दोई' એમ કીધું. ભાષા લીધી છે ને. ઈ શું કહેવું પણ? સમજાવવું શી રીતે? એની જોડે સત્તા ભિન્ન વર્તે છે, એ બીજાની નથી,

બીજામાં નથી, એની પર્યાયમાં એક ભાગ ત્યાં બીજો વર્તે છે. એક પર્યાય નિર્મળધારાની અને એક ઈ ની ઈ પર્યાયનો અડધો ભાગ. આરે આરે! (શ્રોતા : મિશ્ર પર્યાય). મિશ્ર છે ને. છતાં એમ કહેવાય છે. ખરેખર તો નિર્મળ પર્યાય તે જ જીવની છે. ઓલી તો પુદ્‌ગલની છે, પુદ્‌ગલરૂપ વિભાવ. સમજાણું કાંઈ? કર્મ એટલે રાગ, એમ. કર્મ એટલે જડધારા એમ નહીં. રાગ. રાગધારા એ કર્મધારા કહો કે અચેતનધારા કહો. એ ચૈતન્યના જ્ઞાયકમૂર્તિ, એના ચેતન્યનો અંશ, એમાં રાગ ક્યાં આવ્યો? આહા!

છઠ્ઠી ગાથામાં કહ્યું નહીં કે કેમ પ્રમત્ત અપ્રમત્ત નથી? કે શુભાશુભ ભાવે પરિણમ્યો નથી, માટે નથી. શી રીતે પરિણમ્યો? વસ્તુ શી રીતે હતી? શુભાશુભ ભાવમાં રાગમાં ચૈતન્યનો અંશ નથી, એ તો અચેતન, અજાગૃત ભાવ છે. જાગૃત એવો ભગવાન આત્મા અજાગૃતભાવે થાય શી રીતે? એમ કહે છે. સમજાણું કાંઈ? માટે ભગવાન આત્મામાં પ્રમત્ત અપ્રમત્ત ભાવ છે જ નહીં. હોય તો એમાં નથી, એમ ખરું. નાસ્તિ– એમાં છે એમ નહીં. આહા!

અર્થ કર્યો છે ને ભાઈ, પંડિતજીએ કે શુભાશુભ ભાવે પરિણમતો નથી એટલે કે જ્ઞાયક જડ થતો નથી, એવું કૌંસમાં લખ્યું છે. કૌંસ કરીને, ટીકામાં એ નથી. ખુલાસો કર્યો છે, વાત એ બરાબર છે. કારણ કે આત્મા વસ્તુ એકલો જ્ઞાન પ્રકાશનું પુર છે. એકલો જ્ઞાયક પ્રકાશનો સત્વ ને તત્ત્વ છે. એ જ્ઞાયક તત્ત્વ, જે પુણ્ય અને પાપના વિકલ્પ જે અજ્ઞાયક છે, એમાં ચૈતન્યનો અંશ નથી એ રૂપે કેમ થાય ઈ? સમજાણું કાંઈ? ભારે ભાઈ આવો ધર્મ! ઓલાને હો. હા ફરાફર બબ્બે લાખ માણસો હોય, પાંચ લાખ ખર્ચે, યાત્રા નીકળે, હે હા, તંબુ સાથે, ભગવાનની મૂર્તિઓ સાથે હાલે, તો તો બધો ધર્મ દેખાયે ય ખરો. (શ્રોતા : ધર્મ મૂર્તિમાં છે?) અરે, બાપુ! ધર્મ ઘણો સૂક્ષ્મ! એ તો અંતરજનની સૂક્ષ્મમાં ઉંડે ઉતરતા પ્રગટ થાય, એ ધર્મ છે. આ બહારમાં ભટકવામાં આ ધર્મ હતો? સમજાણું કાંઈ?

આહીં તો કહે છે, કર્મધારા તો બંધરૂપ છે પરાધીન. પરાધીનનો અર્થ પર આધીન છે રાગ, કંઈ તો સ્વ આધીન દશા નથી એ. શુદ્ધથી એ અશુદ્ધ થઈ, એ પરાધીન દશા કહેવાય છે. પર આધીન એને કરે છે, એમ નહીં. રાગને આધીન થઈ જાય એવી પરાધીન દશા છે. સમજાણું કાંઈ? અચ્છી તરહસે નહીં સમજમેં આયા, એમ કહે છે. શેઠીયા હૈ ને. વહ કહતે હૈ, પુણ્યપાપના વિકલ્પ સ્વાધીનના સ્વઆશ્રયસે નહીં હુઆ હૈ, એમ કહતે હૈ. નિમિત્તને આધીન હુઆ હૈ. નિમિત્તે કર્યા કે નિમિત્તને કારણે નહીં. નિમિત્તને આધીન હોકર પરાધીન દશા ઉત્પન્ન હોતી હૈ. સમજાય છે કાંઈ? છે તો

સ્વતંત્ર, ઈ અત્યારે સિદ્ધ નથી કરવું. એની પર્યાયમાં ષટ્કારકરૂપે વિકાર સ્વતંત્ર નિમિત્તની અપેક્ષા વિના (થાય છે.) સમજાય છે?

પરાધીનતા આસ્રવ આત્મા કે આશ્રયસે ઉત્પન્ન હોનેકી ચીજ નહીં. પરાશ્રય સે ઉત્પન્ન હોનેવાલા. આશ્રય કીયા પર્યાયને, પરસે નહીં. ખુદ કી પર્યાય. કહો હિંમતભાઈ! આવો ધર્મ માળા....આવો ધર્મ....સામાયિક પોષા કરતાં. લ્યો, ભાઈ કરતા, સામાયિક કરતા, પડિક્કમણા કરતા. પર્યુષણમાં આવ્યા'તા, ૯૧માં હીરાભાઈના મકાનમાં. બાર મહિનાના ઉપવાસ કરો. આહીં તો કહે છે, એક પ્રતિક્રમણનો વિકલ્પ કર્મધારા છે. એ આત્માધારા (નહીં). આહાહા! બધે એમજ ચાલે છે. શું કરે? જ્યાં જાતની જાત ભાળી નથી. એની રમતું અનાદિથી નવમી ગ્રૈવેયકે ગયો, તો પણ એક સમયની પર્યાયમાં રમ્યો હતો. પર્યાય પાછળ કોણ છે, એ ચીજને સામું જોવાની દરકાર કરી નથી એણે. મરી ગયો મહિના મહિનાના ઉપવાસ, બાર-બાર મહિનાના ઉપવાસ.

"યમ નિયમ સંયમ આપ કીયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લીયો. વનવાસ રહ્યૌ, મુખ મૌન રહ્યૌ, દૃઢ આસન પદ્મ લગાય રહ્યૌ." પણ એ પર્યાયની રમતું છે બધી. વસ્તુ શું ત્યાં શું છે? ત્યાં ડોકીયું મુક્યું નહીં ને ત્યાં નજરો કરી નહીં. અને એ નિધાનની નજરો વિના એના બધા અધર્મ નીકળ્યા એકલા. પંડિતજી! ત્યારે આ ખુલાસો કર્યો. પુણ્ય–પાપ એને ભલે હોય, પણ ધર્મીને તો આવે છે કે નહીં? એને લાભ છે કે નહીં? અશુભ તો ભલે ન હોય વેપારધંધાના વિકલ્પો, પણ દયા દાન ભક્તિ, વ્રત, વાંચન, શ્રવણ, મનન. આ પાંચ પાંચ કલાક આઠ, આઠ કલાક સુધી હાથમાંથી પુસ્તક મુકે નહીં. એ સ્વાધ્યાય કરે. એ છાપામાં આવ્યું'તું, સ્વાધ્યાય કરતાં કો'ક પંડિત મરી ગયો, હાર્ટ ફેઈલ.

આ સમકિતી...ફેલ થઈ ગયો અનાદિથી અજ્ઞાની એમ ને એમ. પર્યાય બુદ્ધિ, એ પુણ્યના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ મારા અને એ મારું કર્તવ્ય, આહા! ફેઈલ થઈ ગયો. એ ફેઈલ થયાની ખબર નથી. આંહી હાર્ટફેઈલ, આહાહા! થઈ જાય. હાર્ટ તો મજબૂત છે અનાદિનું ચૈતન્યને, સાંભળને! એ વિકલ્પો છે એ તો મડદા અચેતન છે. ચૈતન્ય ભગવાન આ તો સચ્ચિદાનંદ પ્રભુ નિરાળો છે. સમજાણું કાંઈ? એવા આત્માને અંતરઆત્માને પણ.....ભાષા શું કહે છે? એનામાં કર્મધારા વર્તે છે. પણ રાગધારા આત્માની નહીં, એનાથી જુદો છે ને. એનામાં નહીં એની સત્તામાં નથી અને એનો સ્વામી (નથી). એની પર્યાયમાં એક પર્યાય હજી આખી પરાધીનપણે કામ કરે છે હજી, એનું એને જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? (શ્રોતા : .......) દ્રવ્યકા આશ્રય પૂર્ણ

નહીં હૈ, ઈતના પરકા આશ્રય ઉસમેં આ જાતા હૈ. આહા! સમજાય છે કાંઈ?

'इतनो विसेस जु करमधारा बंधरुप.' આ સમકિતીને માટે પણ, એની આ અંતર આત્માની વાત છે ને. કોઈ કહે કે આ તો ફલાણાને બંધરૂપ, પણ સમકિતિ આદિ કહે છે આંહીં. સમ્યક્દષ્ટિ ક્ષાયિક સમકિતી, ત્રણે જ્ઞાન, મતિ ને શ્રુત ને અવધિજ્ઞાનની ભૂમિકામાં પડ્યા હોય, તેને પણ શુભ અને અશુભ વિકલ્પ ભાવો બંધરૂપ છે. આહાહા! ઝગડા ને કકળાટ ને વાદવિવાદ કરે, બાપુ આમાં તો મૌન થઈ જવાની વાત છે. (શ્રોતા : .......) બંધરૂપ હૈ. આ કહ્યા ને, આ ગયા ને પહલે સમ્યક્દૃષ્ટિકો રાગસે ભિન્ન કહા, બંધરહિત કહા. વહ દ્રવ્યદષ્ટિના જોરકી અપેક્ષાસે કહા. બસ પર્યાયકી દષ્ટિમેં નબળાઈ કમજોરી હૈ, વહ ઉતનેમેં હોતી હૈ, ઐસે ગિનકર ઉસકો બંધ હૈ, ઐસે કહા. શાંતિભાઈ! આવો માર્ગ છે. આહા! ક્યાંના ક્યાં રોકાણા બિચારા જંગલમાં. કોઈ સાંભળે નહીં, પોકારે. જ્યાં ત્યાં રાગની ક્રિયા ને આ ક્રિયા ને આ ક્રિયા, આહાહા! અરે! તારા રસ્તા આમાં નથી, કહે છે. એ રાગની ક્રિયામાં તારો રસ્તો (નથી). એ રાગની ક્રિયાનો રસ્તો વચમાં આવી જાય, કહે છે, પણ બંધ રૂપ છે. 'पराधीन सकति विविध बंध करनी.' જે જે પરિણામ જે જાતના, તે તે પ્રકારના અનેક પ્રકારના બંધ એને થાય છે.

'ग्यानधारा मोखरूप मोखकी करनहार'. હવે બીજી ધારા. ધર્મીની જ્ઞાન એટલે આત્મધારા. આ તો જ્ઞાનની પ્રધાનતાથી કથન છે ને. જ્ઞાનરૂપી આત્મા એ જ્ઞાનરૂપી એકલું જાણવું, એમ નહીં, ઈ કહેશે પાછળ. એકાંત જ્ઞાન જ્ઞાન કરીને જ્ઞાનનું ધ્યાન નથી જેને અંતરમાં, એ શુષ્કજ્ઞાની અજ્ઞાની, ઈ કહેશે પછી. એકલી ક્રિયા ક્રિયા ક્રિયા દાન, વ્રત, ભક્તિ, ધર્મ એ બધો પાગલ છે, વિકલ્પ મિથ્યાત્વરૂપી ઝેર છે. 'ग्यानधारा मोखरूप मोखकी करनहार'. ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ ત્રિકાળી, એનો આશ્રય થઈને જે જ્ઞાન ને શાંતિ આનંદ સહિતની દશા નિર્મળ પ્રગટ થઈ, તે મોક્ષને કરનહાર. એ જ્ઞાન તો મોક્ષરૂપ જ પહેલું કહ્યું. ઓલું બંધરૂપ, આ મોક્ષરૂપ. સમજાય છે કાંઈ? જે મોક્ષરૂપ હોય ઈ મોક્ષનું કારણ થાય. જે બંધરૂપ હોય તે બંધનું કારણ થાય, એ મોક્ષનું કારણ કેમ થાય? આહા!

હજી જેને સમજણમાંય મોટા(ગોટા). પરલક્ષી સમજણમાં ય ફેર. એને આનાથી થાય અને આનાથી થાય, એ બધા રઝળવાનાં રસ્તા છે, ભગવાન! આહા! જ્ઞાનધારા ધર્મીની ધર્મ ધારા, એ તો મોક્ષરૂપ છે. કેમકે વસ્તુ પોતે અબંધસ્વરૂપ છે. માટે અબંધ કહો કે મોક્ષસ્વરૂપ કહો, વસ્તુ પોતે શક્તિરૂપ તો મુક્તિ ત્રિકાળ છે. એનું જ્યાં ભાન થયું સમ્યક્દર્શન-જ્ઞાનમાં, તો એ પર્યાયને પણ મોક્ષરૂપ કહી દીધી છે. સમજાણું કાંઈ?

'ग्यानधारा मोखरूप'. મોક્ષરૂપ. ઓલાને બંધરૂપ કીધું'તું, આને મોક્ષરૂપ, બેય વહેંચ્યું. 'मोखकी करनहार'. એ આત્માનો સ્વભાવ મુક્તરૂપ છે, મુક્ત જ છે ત્રિકાળ. એવા ત્રિકાળી મુક્ત ભગવાનને અબદ્ધસ્પૃષ્ટને દેખો એમ કહો કે મુક્ત સ્વરૂપને દેખો એમ વાત, શબ્દો ફેર છે. સમજાણું કાંઈ?

૧૪મી-૧૫મી ગાથામાં કહ્યું ને અબદ્ધસ્પૃષ્ટ. ભગવાન આત્મા રાગ અને કર્મના સંબંધથી રહિત છે, અબદ્ધ છે, એટલે કે મુક્તસ્વરૂપ છે. મુક્તસ્વરૂપ એનું જ્યાં અંતર્મુખમાં અનુભવ થયો, કહે છે કે અનુભવ ધારા એ તો મોક્ષની કરનારી છે. પોતે મોક્ષરૂપ છે અને મોક્ષની કરનારી છે. સમજાણું કાંઈ? 'दोखकी हरनहार', દેખો. એ તો વ્યવહાર જે રાગાદિ છે એ દોષને ટાળનારી છે એ તો. રાખનારી નહીં પણ ટાળનારી છે. એ વ્યવહારથી સમજાવે છે ને. સમજાવવું એમાં શું થાય? ટાળનારી ક્યાં ખરેખર તો આમ થાય ત્યારે ટળી જાય છે. એ તો શૈલી એવી જ હોય. ઉપદેશની એવી જ શૈલી હોય. ટુંકામાં કહેવું હોય તો વાણી એવી જ હોય. વાણી એવી હોય ને વાણી કરે કોણ? સમજાણું કાંઈ?

'दोखकी हरनहार'. ભગવાન આત્મા એની અંતરમાં શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા, એ મોક્ષરૂપ છે, મોક્ષની કરણહાર છે, દોષની હરનાર છે, ભવજળ તારણહાર છે. 'भौ-समुद्र-तरनी'. ભવજળના ચોરાશીના અવતારથી તારનારી જ્ઞાનધારા છે. (શ્રોતા : દોષ ઉત્પન્ન હી નહીં હોતા હૈ.) વહ તો કથન ઐસા હૈ. ભાષા......ઉપદેશની શૈલી તો જેમ હોય એમ માર્ગ તો.......સમજાણું કાંઈ? 'दोखकी हरनहार'. આ દોષ છે માટે હરો, એમ છે? એમ જ આવે. ભાષામાં ઉપદેશની શૈલી, વ્યવહારમાં આવા કથન આવે...... દોષ ઉપર નજર કરે તો દોષ ટળે? એ તો પર્યાય બુદ્ધિ થઈ. સ્વભાવનો આશ્રય લેતા દોષની ઉત્પત્તિ ન થાય, ઈ દોષની હરણહાર જ્ઞાનધારાને કહેવામાં આવે છે, એટલે અહીં ઉત્પાદ્ થાય છે ત્યાં રાગનો વ્યય થાય છે એમ, ધ્રુવ તો છે ઈ છે. સમજાણું કાંઈ? 'भौ—समुद्र—तरनी'. ચોરાસીના અવતાર તરી ગયો. 'संसार सागरको तारनेके लिये नौकाके समान है'. કૌન? જ્ઞાનધારા.

'यथायोग्य कर्म और ज्ञानसे मोक्ष'. ૧૧ કળશ થયા ૧૧. હવે ૧૨મો કળશ. (શ્રોતા : યથાયોગ્ય કર્મસે મોક્ષ....) યથાયોગ્ય કર્મ એટલે અહીંયા ક્યા હૈ? એ કહતે હૈ ને. આંહી તો 'ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च'. એમ કે કર્મ કરતો નથી ને પ્રમાદને વશ થાતો નથી. પણ આ શબ્દમાં, યથાયોગ્ય કર્મ કરે પણ મમતા ન કરે, એમ વાત છે. પાઠ એવો નથી. એ તો સમજાવવા માટે એવી શૈલીથી સમજાવાય.

એ યથાયોગ્ય કર્મ કરે, નો અર્થ, એ ભૂમિકાએ એવા વિકલ્પો આવે છે. આહાહા! શું કરે? આમાં પકડે યથાયોગ્ય કર્મ કરે, લો. યથાયોગ્ય વ્યવહારને કરે. વ્યવહાર કરતો હશે? કરે તો નિશ્ચય અને વ્યવહાર એક હો ગયા, એ તો એક થઈ ગયું. શેઠી ઐસા હૈ. શબ્દને પકડે તો ન કામ આવે, ભાવ ક્યા હૈ? જાણ્યું, જાણ્યું, એમ કીધું.

એક ગોરો હતો ને ગોરો, યુરોપીયન. ઈ કહે કે ગુજરાતી બધું જાણું, બધું જાણું 'સાહેબ અમે બાળક ગુજરાતી જાણીએ, એટલું તમે ન જાણો.' બહું સારૂં રહેવા દ્યો. તમારા અંગ્રેજીની વાતો કરો. 'અરે જાણીએ', એક બચ્ચાને બોલાવ્યો, 'એ બચ્ચાં અહીંયા આવ.' પૂછ્યું કાંઈક, એનો ઉત્તર આપ્યો. અરે, જાણ્યું-જાણ્યું. અર્થ કરો, આ ગુજરાતી છે. કહે, જાણ્યું-જાણ્યું. બાળકને પૂછો, કે શું કહ્યું મેં? કે જાણ્યું-જાણ્યું એટલે નથી જાણ્યું, એમ કહે છે. ઓય બાપરે! જાણ્યું-જાણ્યું બે તો નથી જાણ્યું, એમ કહે છે. બાળક એમ કહે છે. એમ બહુ ડંફાસ ન થાય ગુજરાતી ભાષાના અર્થમાં. તમે કંઈક દેશના, અમે કાંઈક દેશના. (શ્રોતા : જાણ્યું એ તો પ્રશ્નાર્થરૂપે છે.) શેઠી! જાણ્યું-જાણ્યું. લ્યો, કરો અર્થ ત્યારે. જાણ્યું જાણ્યું, બે વખત જાણ્યું જાણ્યું. એલા છોકરાં શું કહ્યું મેં તને? કે કાંઈ જાણતો નથી, એમ કહ્યું મને. જો આ વળી આમ કહે છે પાછો. એ પંડિતજી!

એમ શાસ્ત્રની દેશભાષા, આત્મદેશની ભાષા અને પરની ભાષા, એને વિવેક કરીને સમજવું જોઈએ. એમ શાસ્ત્રમાં આ ભાષા આવી અને આ જુઓ, યથાયોગ્ય કર્મ કરે છે. ઈ તો ઈ ભૂમિકામાં એવો રાગ આવે છે. આવે છે. હોય છે, એમ કહેવું એ પણ એકત્વ બુદ્ધિ થઈ જાય છે ત્યાં. જણાવા માટે ભાષા એમ બોલે. અંતર આત્મામાં છે, એમ કહ્યુંને ત્યાં? આત્મામાં ધર્મીને વિકલ્પ હોય છે. એમ કહેવું એ તો બેની એકતા થઈ ગઈ, વ્યવહારની અને નિશ્ચયની. વિકલ્પ આવે છે એને ધર્મી જાણનાર રહે છે. આહા! આવો વસ્તુ સ્વભાવ. આ વીતરાગના માર્ગમાં.

**मग्नाः कर्मनयावलम्बनपरा ज्ञानं न जानन्ति ये,**
**मग्ना ज्ञाननयैषिणोऽपि सततं स्वच्छन्दमन्दोद्यमाः।**
**विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्ताः स्वयम्,**
**ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च॥१२॥**

યથાયોગ્ય કર્મ અને જ્ઞાનથી મોક્ષ છે. (સવૈયા એકવીસા)

**समुझैं न ग्यान कहैं करम कियेसौं मोख,**
**ऐसे जीव विकल मिथ्यातकी गहलमैं।**

ग्यान पच्छ गहैं कहैं आतमा अबंध सदा,
बरतैं सुछंद तेऊ बूड़े हैं चहलमैं॥
जथा जोग करम करैं पै ममता न धरैं,

દેખો ! કરે આવ્યું તો શબ્દની, આહાહા ! પદ્યની દશામાં ગોઠવણી છે. 'जथा जोग कर्म करै पै ममता न धरै'. વ્યવહારનયમાં એમ આવે. પંચમહાવ્રત કરે—પાળે એ બધાં કથન વ્યવહારના શૈલી એવી હોય. જોઈને ચાલવું, વિચારીને બોલવું. શું આવે છે શાસ્ત્રમાં ? એમ બોલાય કે બોલાતું નથી તારાથી, વ્યવહારની ભાષા. 'रहै सावधान ग्यान ध्यानकी टहलमें, तेई भवसागरके ऊपर व्है तरै जीव, जिन्हीकौ निवास स्याद्‌वादके महलमें'. એમ કે સ્યાદ્વાદ અપેક્ષાએ સમજવું જોઈએ. એકબાજુ કહે, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનું ભાન થયું, એ ધર્મીને રાગ અને વ્યવહાર હોતો નથી. બીજી બાજુ કહેવું કે એને રાગ હોય છે, તે બંધનું કારણ એમાં આવ્યા વિના રહેતું નથી. જે રીતે અપેક્ષાએ કહ્યું, તે રીતે એને સમજવું જોઈએ. વિશેષ કહેશે

(પ્રમાણ વચન ગુરુદેવ.)

"મને જ્ઞાનવંત એ વિષયાશારૂપ શત્રુ કાંઈ પણ કરી શકે એમ નથી." એ પ્રકારના જ્ઞાનમદથી ઉન્મત્ત થઈ એ આશારૂપ શત્રુથી જરા પણ ઉપેક્ષિત રહેવું યોગ્ય નથી. ત્રણ લોક જેણે વશ કરી રાખ્યો છે એવા એ આશારૂપ શત્રુને અલ્પ ગણવો યોગ્ય નથી. ત્રણ જગતનો મહાભયંકર અને અદ્વિતીય વેરી એ જ છે. તેને તો સમ્યક્ પ્રકારે વિચારી વિચારીને મૂળથી સર્વથા ક્ષીણ કરવો જોઈએ. જુઓ અનંત અને અગાધ સમુદ્રમાં રહેલો વડવાગ્નિ મહાન સમુદ્રને પણ બાધા ઉપજાવે છે અર્થાત્ શોષણ કરે છે, તેમ નાની સરખી વિષયાશા આત્માના અગાધ જ્ઞાનસમુદ્રને મલિન કરે છે, આવરણ કરે છે. તેનાથી તો નિરંતર સાવચેત રહેવું જોઈએ. વળી જગતમાં પણ જોવામાં આવે છે કે શત્રુએ જેને દબાવી રાખ્યો છે, તેને શાંતિ ક્યાંથી હોય ? (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૩૦)

## પ્રવચન નં. ૫૮, ચૈત્ર સુદ ૩, સોમવાર, તા. ૨૯-૩-૧૯૭૧
## પુણ્ય-પાપ એકત્વ દ્વાર, પદ ૧૫, ૧૬ અને સાર ઉપર પ્રવચન

આ નાટક સમયસાર પુણ્યપાપ એકત્વ અધિકાર, ૧૫મો છે પદ.

યથાયોગ્ય કર્મ અને જ્ઞાનથી મોક્ષ છે. (સવૈયા એકવીસા)

समुझैं न ग्यान कहैं करम कियेसौं मोख,
ऐसे जीव विकल मिथ्यातकी गहलमैं।
ग्यान पच्छ गहैं कहैं आतमा अबंध सदा,
बरतैं सुछंद तेऊ बूड़े हैं चहलमैं।।
जथा जोग करम करैं पै ममता न धरैं,
रहैं सावधान ग्यान ध्यानकी टहलमैं।
तेई भव सागरके ऊपर ह्वै तरैं जीव,
जिन्हिकौ निवास स्यादूवादके महलमैं।।१५।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—વિકલ=બેચેન. ગહલ=પાગલપણું. સુછંદ=સ્વચ્છંદ. ચહલ=કીચડ. સાવધાન=સચેત. ટહલ=સેવા. મહલ=મંદિર.

**અર્થ** :—જે જ્ઞાનમાં સમજતા નથી અને કર્મથી જ મોક્ષ માને છે એવા ક્રિયાવાદી જીવ મિથ્યાત્વના ઝપાટાથી બેચેન રહે છે; અને સાંખ્યવાદી જે ફક્ત જ્ઞાનનો પક્ષ પકડીને આત્માને સદા અબંધ કહે છે-તથા સ્વચ્છંદપણે વર્તે છે તેઓ પણ સંસારના કીચડમાં ફસે છે. પણ જે સ્યાદ્વાદ-મંદિરના નિવાસી છે તેઓ પોતાના પદ અનુસાર ક્રિયા કરે છે અને જ્ઞાન-ધ્યાનની સેવામાં સાવધાન રહે છે તેઓ જ સંસાર સાગરથી તરે છે. ૧૫.

**अर्थ** :-जो ज्ञानमें नहीं समझते और कर्मसे ही मोक्ष मानते हैं ऐसे क्रियावादी जीव मिथ्यात्वके झकोरोंसे बेचैन रहते हैं। और सांख्यवादी जो सिर्फ ज्ञानका पक्ष पकड़के आत्माको सदा अबंध कहते हैं तथा मनमाने वर्तते हैं वे भी संसारकी कीचड़में फँसते हैं। पर जो स्यादूवाद-मंदिरके निवासी हैं वे अपने पदस्थके अनुसार कर्म करते हैं और ज्ञान-ध्यानकी सेवामें सावधान रहते हैं वे ही संसार-सागरसे तरते हैं।।१५।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'समुझै न ग्यान कहैं करम कियेसौं मोख, ऐसे जीव विकल मिथ्यातकी गहलमैं. કહે છે કે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એવા આત્મ સ્વભાવને તો શુદ્ધને તો જાણતો જ નથી અને 'करम कियेसौं मोख'. આ ક્રિયા કરીએ—દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા—એનાથી અમારી મુક્તિ થશે, એ ગહલ—પાગલ છે, કહે છે. 'समुझै न ग्यान कहैं करम कियेसौं मोख'. આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છે, એવો અંતર સ્વભાવ ચૈતન્યનો તો જાણતો નથી અને એના સ્વભાવથી વિરુદ્ધ ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દાન, સ્મરણ આદિ જાત્રા એવી ક્રિયા કરવાથી અમારી મુક્તિ થશે, એમ માનનારા પાગલ છે, મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપનો અધિકાર છે ને. પુણ્ય ને પાપ, શુભ ને અશુભ ભાવ બેય એક જાતના છે. છે ને માથે? પુણ્ય-પાપ એકત્વ દ્વાર. દયા કરે, દાન પાળે, વ્રત પાળે, તપસ્યા કરે, અપવાસ, પૂજા કરે, ભક્તિ કરે, તો એ રાગ છે ને શુભભાવ છે એમાં. અને પાપના હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના એવા પાપભાવ કરે, તોય પુણ્ય ને પાપ જાત એક જ છે. એમાં બેયમાં કોઈ ધર્મ છે નહીં.

'ऐसे जीव विकल मिथ्यात'. મિથ્યાદૃષ્ટિ પાગલ ગાંડા છે. કહો, શું બરોબર આ? જેઠાભાઈ જેવા ડાહ્યા માણસ કહેવાય ઈ કરતો હતો ને. (શ્રોતા : ઊંધે રસ્તે ચડી ગયા.) એ સેઠી! જુઓ, આ સેઠી તો મોટા બડા શેઠ કહેવાય. અહીં તો કહે છે કે હિંસાના ભાવ, જૂઠ, ચોરીના, વિષયના, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, માન આદિ એ પાપભાવ અને પરની દયા પાળવી, અહિંસા પાળવી પરની, જૂઠું ન બોલવું, સત્ય બોલવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય શરીર દ્વારા પાળવું એવો જે વિકલ્પ ભાવ, પરિગ્રહ ન રાખવો એવો જે ભાવ તે બધો શુભ છે. શુભ ને અશુભ બેય કર્મ છે, બેય આતમ ધર્મ નહીં. 'समुझै न ग्यान कहै करम कियेसौं मोख, ऐसे जीव विकल मिथ्यातकी गहलमैं.' મિથ્યાત્વના ઝકોરામાં બેચેન છે, એમ કહે છે. અર્થમાં કહ્યું છે. ભાન નથી કાંઈ, આ શું કરીએ છીએ. માને આ ધર્મ કરતો હોય પાપ એટલે પુણ્ય. એ ભીખાભાઈ! ખુશી ખુશી થઈને કરતો હોય પાછો. (શ્રોતા : શું ખુશ થાય ? બાપુ, આપના કહેવાથી ખુશી.....) આહાહા!

એક વાત. એ કર્મકાંડી ક્રિયાવાદીની વાત કરી. જેને આત્મા શુભ-અશુભના વિકલ્પથી ભિન્ન છે, એવું ભાન તો નથી અને મિથ્યાત્વના જોરમાં એ પુણ્યની ક્રિયાને ધર્મ માની બેઠો છે. 'ग्यान पच्छ गहैं कहैं आतमा अबंध सदा.' બીજો એમ કહે કે આત્મા તો અબંધ છે, શુદ્ધ છે. આત્મામાં વળી અશુદ્ધતા કેવી? એમ કરીને સ્વચ્છંદ સેવે. આત્માના જ્ઞાનમાં અંતર અનુભવ કરવો જોઈએ. એ કરતો નથી અને જાણપણું એકઠું

કરી અને અમે તો અબંધ છીએ, શુદ્ધ છીએ, સિદ્ધ સમાન સદાય છીએ. અમારે કાંઈ જે કાંઈ લાગણી થાતી હોય તે જડની છે, અમારે કાંઈ છે નહીં.

(શ્રોતા : શાસ્ત્રમાં આવે છે). કોને માટે પણ? કોને માટે? જેને આત્મા શુદ્ધ ચૈતન્યનો અનુભવ થયો છે. દૃષ્ટિ જ્યાં આત્મા ઉપર પડી છે ને ખજાનો ખીલી ગ્યો છે. જેને દયા દાન આદિ વિકલ્પની લાગણીથી એકત્વબુદ્ધિ ટળી ગઈ છે અને સ્વભાવ સાથે એકત્વ બુદ્ધિ થઈ છે. એને અંતરમાં સ્વભાવ સન્મુખમાં ઘોલન ચાલે છે એને. એને બધી વિકલ્પ આદિ આવે ઈ જ્ઞાતા છે ને દૃષ્ટા છે, આત્માનો કર્તા, એને માટે છે. આ તો આત્માનું તો ભાન ન મળે, સ્વભાવ સન્મુખની દૃષ્ટિ નહીં, સ્વભાવ સન્મુખનો પ્રયત્ન નહીં, સ્વભાવ સન્મુખનું આચરણ નહીં અને એકલો આ બસ પાપના ભાવ કરે ને અમારે તો અબંધ છે ને અમારે તો.....જ્ઞાનીને બંધ હોતો નથી, એમ કરીને સ્વચ્છંદ સેવે તો એ પણ બૂડેલા છે ભવમાં.

'ग्यान पच्छ गहै.' પક્ષ ગહે, વસ્તુ નહીં જ્ઞાન. હું જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય છું. શુભ અને અશુભના રાગો મારામાં નથી, એમ અનુભવ કરે, પ્રયત્ન કરે, અંતરમાં રહે, સાવધાન રહે, એને માટે આ વાત નથી. આ તો આત્મા અબંધ છે, સિદ્ધ સમાન છે. અમે તો સિદ્ધ જેવા છીએ, આપણે ને કર્મને સાથે કાંઈ સંબંધ નથી, એમ કરીને સ્વચ્છંદ સેવે. વિષય-વાસના-ભોગ સેવે અને કહે કે અમારે બંધ છે નહીં. પંડિતજી! ભારે વાત બેય! એક શુષ્ક જ્ઞાની છે ને એક ક્રિયાકાંડી છે. બેયની વાત લીધી છે. કોઈ જડ ક્રિયા....આવે છે ને? "કોઈ ક્રિયા જડ થઈ રહ્યા શુષ્ક જ્ઞાનમાં કોઈ, માને મારગ મોક્ષનો કરુણા ઊપજે જોઈ". પહેલામાં કોઈ ક્રિયા જડ થઈ રહ્યા એ આવ્યા. આત્મા આનંદ સ્વરૂપ છે, એ દયા, દાન, ભક્તિના વિકલ્પથી ભિન્ન છે, એનું ભાન નથી અને એ વિકલ્પની ક્રિયા— ભક્તિ કરો, ભક્તિ કરો, પૂજા કરો ને જાત્રા કરો ને સમેતશિખર જાવ ને આ ગિરનાર સિદ્ધગિરિની જાત્રા કરો.

(શ્રોતા : એનું નામ સ્વચ્છંદ કહેવાય.) સ્વચ્છંદ એટલે એમાં ભાન તો નથી કાંઈ કે આત્મા શું છે? આત્માના ભાન વિના એ સ્વચ્છંદી શુભભાવને સેવે છે. એમ કરતાં અશુભ પણ એને થાય તો એને દરકાર નથી એની. સમજાણું કાંઈ? આત્મા સન્મુખનું ભાન નથી, સ્વભાવ સન્મુખનું પ્રયત્ન નથી. કહેશે આગળ. मन्द उद्यमा સમજાય છે કાંઈ? मन्दोद्यमा છે. स्वच्छन्दमन्दोद्यमाः એમ છે ને? બે શબ્દ વાપર્યા છે. ઓહો! ભોગની વાસનાની મીઠાશ છે. રતિ ઊઠે એમાં જેને પ્રેમ છે અને કહે છે કે આત્મા અબંધ છે, શુદ્ધ છે, માટે અમારે કાંઈ હરકત (નથી.) મરી જઈશ કહે છે માળા. 'अबंध सदा,

बरतैं सुछंद तेऊ बूड़े है चहलमैं.' એ ૮૪(લાખ જીવયોની)ના કાદવમાં બૂડશે. સમજાણું કાંઈ?

આંહી સાંખ્યમત બધો નાખ્યો છે. અહીં તો સમુચ્ચય જ્ઞાનપક્ષ(ની વાત કરી.) જ્ઞાનપક્ષ ગ્રહે છે પણ જ્ઞાનનો અનુભવ ગ્રહતો નથી, એમ વાત છે. બધાય ગુણોની વાત છે. (શ્રોતા : સ્વચ્છંદતા અશુભમાં પ્રવૃત્તિ છે.) અશુભમાં ય છે ને શુભ કરે તો એ સ્વચ્છંદી જ છે. બેય સ્વચ્છંદી છે. પોતાને ઠીક પડે તેમ ચાલે છે એ સ્વચ્છંદી છે. વસ્તુનું સ્વરૂપ કેમ છે, એમ અંદર અનુભવતો નથી ને એના તરફનો પ્રયત્ન ને પુરુષાર્થેય નથી. સત્ આત્મા અબંધ છે, અમને કાંઈ બંધ નથી. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ કહ્યો છે માટે અમારે ભોગમાં પણ કાંઈ નથી. મરી જઈશ માળા! જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ કહ્યો કોને? જેને આત્માનો આનંદ વર્તે છે, એને કોઈ વિકલ્પ આવ્યો એમાં સ્વામીપણું નથી, અધિકપણું આનંદમાં વર્તે છે. એને અહીંયા દૃષ્ટિના જોરે રાગ આવ્યો તેને ખરી જવાનું કારણ કહે છે. આ તો સેવે રાગને. રાગને સેવે. રાગને સેવતો નથી જ્ઞાની. આહાહા! સમજાણું કાંઈ?

'ग्यान पच्छ गहै कहै आतमा अबंध सदा.' સદાય અબંધ જ છે એમ. અમારે કાંઈ લેપ-બેપ છે જ નહીં. વાત સાચી પણ ઈ દૃષ્ટિનો અનુભવ કરે એને. સમજાણું કાંઈ? દૃષ્ટિના અનુભવની વાતની ખબર ન મળે ને આત્મા અબંધ છે, સિદ્ધ સમાન છે, નિર્લેપ છે, આત્માને કાંઈ છે નહીં. (શ્રોતા : અભવીનો આત્મા અબંધ નહીં હોય?) વસ્તુ તો અબંધ છે જ વસ્તુ તરીકે, પણ દૃષ્ટિમાં ક્યાં છે? અભવીનો આત્મા અબંધ છે, મુક્તસ્વરૂપ જ છે. આત્મા તો મુક્ત સ્વરૂપ જ છે, ભવીનો હો કે અભવીનો હો. વસ્તુ તરીકે મુક્ત જ છે. પર્યાયની સાથે કર્મના નિમિત્તનું સંબંધ છે. દ્રવ્ય સાથે ને ગુણ સાથે કાંઈ સંબંધ છે નહીં. (શ્રોતા : તોય બધા ભૂલ શું કરવા કરે?) આ ભૂલ કરી છે અંદર, અબંધ માને છે ખોટો. દૃષ્ટિ ક્યાં થઈ છે એ અબંધ પર? દૃષ્ટિ અબંધ ઉપર તો છે નહીં. દૃષ્ટિ રાગ પર છે ને એ સ્વચ્છંદ સેવે છે, એમ છે. સમજાય છે કાંઈ?

'बरतै सुछंद तेऊ बूड़े है चहलमैं'. બનારસીદાસ, આ પદ છે ને એટલે મેળ કરવા જરી આમ કરે છે, પાઠમાં એમ નથી. 'ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च', એમ છે ત્યાં, નહીં? ધર્મી તો રાગને કરતો ય નથી. કરતો નથી, આવે તેને જાણે છે પોતામાં રાગથી ભિન્ન રહીને. રાગમાં પડીને જાણે છે, એમ બની શકે નહીં. આહાહા! લ્યો, આ ઈ વાત છે અહીંયા. વસંતલાલજી! આ છ માસનું આવ્યું તું ને? ઈ કહે, આ છ માસનું શું છે? પ્રશ્ન હતો. છ માસમાં મળે આત્મા. અજીવનો અધિકાર છે.

અંતર્મુહૂર્તે (મળે). છ માસ શું? એક સમય. આમ રાગ ઉપર દિશા છે દશા(ની), એ આમ નાખતાં એક સમયમેં મુક્ત, એક સમયમેં મુક્ત.

અબદ્ધ સ્પૃષ્ટ એક સમયમાં, પણ દૃષ્ટિ જ્યાં છે ત્યાંથી ઊઠાવીને, જ્યાં નથી ત્યાં મૂકવી છે ને. છતો છે તેને અછતો કર્યો છે. અને અછતી વસ્તુ રાગાદિ એમાં નથી, તેને છતી અને પ્રસિદ્ધ કરી છે, એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? 'जथा जोग करम करैं', એમ શબ્દમાં છે. પણ એનો અર્થ ઈ. ધર્મીને શુદ્ધ સ્વભાવના ભાનમાં સ્થિર રહી શકે નહીં. ત્યાં આગળ એને શુભરાગ વિકલ્પ આવે છે, પણ આવે છતાં કર્તૃત્વ બુદ્ધિ છે નહીં. સમજાણું? 'जथा जोग करम करैं' એટલે રાગ આવે એને જાણે. કર્તૃત્વ પરિણમન ભલે હો પણ પરિણમન કર્તૃત્વ મારું ઠીક છે, એમ બુદ્ધિ નથી. આહાહા! સમજાણું કાંઈ?

'जथा जोग करम करैं पै ममता न धरैं'. એનો અર્થ શું થઈ ગ્યો કે રાગના વિકલ્પ આવે પણ એ મારા છે, એમ એને અનુભવમાં લે નહીં, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ધર્મ તો આત્માની સમ્યક્દર્શન દશા છે અને એ દશાનું ધ્યેય તો ધ્રુવ ધ્યેય છે. એમ જ્યાં પકડ્યું ત્યાં તો પવિત્ર પરિણમન થઈ ગ્યું એકલું. આનંદ ને શાંતિ ને સ્વચ્છતાનું પરિણમન એ જીવનું કર્તવ્ય છે, ભેદ પાડીને કહીએ તો. પણ રાગનું કર્તવ્ય જીવનું છે નહીં. દયા, દાન, વ્રત, તપસ્યાનો વિકલ્પ ધર્મીને આવે, આવે. કરે, એમ કહેવું એ વ્યવહાર છે. હોય, એમ સ્થાપવું એ પણ એક વ્યવહાર છે. (શ્રોતા : હોતું નથી.) પણ આવે તેને ધર્મી જાણે છે. સ્વચ્છંદતા કરીને તેને સેવતો નથી. સેવે છે આત્માને. જુઓ આવશે. 'रहै सावधान'. ધર્મી જીવ તો રાગના કાળે ને અશુભના કાળે પણ સાવધાન છે. રાગ થયો, એ પછી રાગ ટાળવા જેવો છે એટલે પછી ટાળે, એમ નહીં. રાગના કાળે પણ ધર્મી સ્વરૂપના સાવધાનમાં છે. આહાહા! ભારે! આવો ધર્મ હવે ઈ ધર્મ ગૃહસ્થાશ્રમમાં રહે ને થાય, કહો, અને અધર્મ નગ્ન મુનિ થઈને થાય આહાહા!

આત્મા ચૈતન્ય ભગવાન સહજાત્મમૂર્તિ પ્રભુ એની દૃષ્ટિનું તો ભાનેય નથી, અનુભવ નથી, સ્પર્શ નથી, આશ્રય નથી અને એકલી ક્રિયાકાંડ વ્યવહારની કરીને માને કે અમે ધર્મ કરીએ છીએ. એ તો કહે છે, વિકલ થયેલો મિથ્યાત્વમાં પાગલ છે. આહાહા! દુનિયા એને ડાહ્યો કહે, રાજનું છોડે, બધું છોડે, લ્યો. દુકાન કરોડોની ચાલતી હોય. નગ્ન મુનિ થઈ જંગલમાં જાય, પંચ મહાવ્રત પાળે. પણ કહે છે કે પંચ મહાવ્રતનો વિકલ્પ છે, એ રાગ છે, એ ધર્મ નથી. આહાહા! એને એ ધર્મ માનીને પાગલ રાગમાં ડૂબ્યો છે ઈ, એથી સંસારમાં જ બૂડેલો છે. આહાહા! રાગની જેને એકતા છે, એ સંસારમાં ડૂબેલો છે. અને જેને રાગની એકતા તૂટીને સ્વભાવમાં એકતા થઈ છે, તે

સ્વરૂપમાં સાવધાન છે. રાગ આવે તો એકત્વ બુદ્ધિ થતી નથી, એમ કહે છે. ભારે માર્ગ ભાઈ! ઓહોહો!

'रहै सावधान ग्यान ध्यानकी टहलमैं'. એ જ્ઞાનની સેવામાં રહે છે, કહે છે. રાગ આવે એની સેવા નથી એને. ભગવાન આનંદ સ્વરૂપ આત્મા અને જ્ઞાન ચૈતન્યનો સાગર આત્મા છે, એની સેવામાં ધર્મી રહે છે. રાગ આવે એની સેવામાં નથી, એની પૃથક્તાના જ્ઞાનમાં એ છે. સમજાણું કાંઈ? 'जथा जोग करम करैं पै ममता न धरैं, रहै सावधान ग्यान ध्यानकी टहलमैं'. બે લિયા. એક તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં સાવધાન અને એમાં ધ્યાન—વસ્તુની સ્થિરતા—ચારિત્ર લીધું છે. એની સેવા, એ ભગવાન આત્માની સેવા છે. આવી ગ્યું છે ને પહેલું? જીવ અધિકારમાં આવી ગ્યું છે કે જ્ઞાનને આત્મા તો સદા સેવે છે. આત્માને કાંઈ જ્ઞાન જુદા નથી અને તમે કહો કે જ્ઞાનની સેવા કરો, જ્ઞાનની સેવા કરો. ૧૯મી ગાથામાં આવ્યું છે. 'મહારાજ! તમે કહો છો ને કે આત્મા જે વસ્તુ છે, એ તો જ્ઞાન સ્વભાવનો પિંડ છે. જ્ઞાન ને આત્મા તન્મય, તદાત્મ્ય છે, એકરૂપે છે. વળી એને તમે કહો કે જ્ઞાનની સેવા કરો, આ શું?'

ભાઈ! એ જ્ઞાન ને આત્મા તદ્‌રૂપ છે. પણ એના સન્મુખ થઈને એમાં એકાગ્ર નથી તો જ્ઞાનની સેવા કરતો જ નથી. જ્ઞાન ને આત્મા, બે વસ્તુ તો એક જ છે. ચૈતન્યનો પ્રકાશ ને આત્મા એ તો એક છે. પણ એક છે કોને? જેને રાગથી પૃથક પડીને જ્ઞાનમાં એકાગ્રતા થઈ છે, એને જ્ઞાનમાં એકાગ્રતા, આત્મામાં એકાગ્રતા બેય એક જ જાત છે. સમજાણું કાંઈ? પણ આત્મા ને જ્ઞાન એક તદાત્મરૂપ હોવા છતાં રાગની જ ક્રિયાના સેવનમાં પડેલો છે. એને આત્મા ને જ્ઞાન એક છે, એમ દૃષ્ટિ ક્યાં છે એને? સમજાણું કાંઈ? એ તો રાગ ને આત્મા એક છે, એમ માને છે. માટે આત્માએ જ્ઞાનની સેવા કોઈ દિ' કરી નથી. જ્ઞાનની સેવા કરી નથી, એમ કીધું. આ પરની સેવા કોઈ દિ' કરી નથી એણે. રાગ ને પુણ્ય-પાપના વિકલ્પોની સેવા કરી છે એણે. કહો સમજાણું કાંઈ!

એ સેવા છોડીને જેને આત્મા, સહજાનંદની મૂર્તિ સિદ્ધ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર, જેને આત્મા કહે છે. સ્વભાવ સંપન્ન, સ્વભાવવાન કહો કે સ્વભાવ સંપન્ન કહો. સમજાય છે? એની અંતરમાં એકાગ્રતાથી જે સેવે, રમે, એને આત્માની સેવા જ્ઞાનની સેવા કહેવામાં આવે છે. ઈ આત્માની સેવા તો નિર્જરા છે. આહાહા! ઓહો! તુ કર બંદગી. શું કીધું? 'કર સાહેબકી બંદગી ને દુઃખીકો ટુકડા દે'. ભાઈ કહેતો'તો .... નહીં? શું આવે છે? ટુકડો આવે છે ને. (શ્રોતા : કર સાહેબકી બંદગી, દુઃખીકો અન્ન દે, કહે કબીર કમાલકો, દો બાત શીખ લે.) દો બાત શીખ લે. કહે કબીર કમાલકો, એના દિકરાનું નામ. દો બાત શીખ લે, કર પરમાર્થકી બંદગી ને દુઃખીકો ટુકડા દે.

ભગવાનને ઢુંકડો. એવી સાદી ભાષા લોકોને સારૂં લાગે. દે પરને ટુકડો, પ્રભુ એને ઢુંકડો. આવા ને આવા ગાંડા પાગલ છે. એ પાગલમાં ગયા પહેલાંમાં અને બીજામાં છે જ્ઞાનની વાતું કરનારા. અબંધ છે ને શુદ્ધ છે, ચેતન્ય છે ને રાગથી ભિન્ન છે. એનું ભાન નથી ને ભાન વિના રાગની સેવા કરે છે અને અબંધ છે, એમ માને છે. અબંધ થયો છે ને અબંધ માને તો તો થાય. છે રાગના બંધમાં ને માને છે અબંધ. એ સ્વચ્છંદી રાગ આદિની ક્રિયા કરીને એ પણ બૂડે છે.

ધર્મી તો 'रहैं सावधान ग्यान ध्यानकी टहलमैं.' સેવા કહ્યું. પોતાનો સ્વભાવ જાણન સ્વભાવ જ્ઞાન પ્રકાશનું પૂરનું નૂર, એની સેવા. અહીંયા જ્ઞાન ગુણ (શ્રોતા : એ તો પર્યાય થઈ.) જ્ઞાનગુણ ત્રિકાળની વાત છે અહીં તો. ઈ ધ્યાન વર્તમાન પર્યાય પણ કોનું? ત્રિકાળનું. જ્ઞાનનું જ્ઞાન કરીને જ્ઞાનમાં એકાગ્ર થવું, એનું નામ ધ્યાન છે. વચમાં વિકલ્પો આવે કે હું આવો, હું આવો ફલાણું, એ કાંઈ ધ્યાન-બ્યાન નથી. આહાહા! 'तेई भवसागरके ऊपर व्है तरै जीव', લ્યો. જે આત્મા પોતાના નિજ નિધિ આનંદ ને જ્ઞાનના સ્વભાવનું નિધાન તત્ત્વ, તેની અંતર અનુભવ કરીને, એને અનુસરીને દશા કરે છે ને સ્વભાવમાં સાવધાન રહે છે. રાગ આવે તેને એકત્વપણે કરતો નથી. 'तेई भवसागरके ऊपर व्है', એ ભવસાગરથી ઉપર છે. એ ભવમાં ડૂબવાનો નથી. 'तेई भवसागरके ऊपर व्है तरै जीव', લ્યો.

'जिन्हीकौ निवास स्यादवादके महलमैं', દેખો. અપેક્ષાથી જાણ્યું જ્ઞાન. જ્ઞાન સ્વભાવ અબંધ છું, એ વસ્તુની દૃષ્ટિએ અબંધ છું. પર્યાયમાં અશુદ્ધતા છે. એવી સ્યાદ્વાદ રીતે એ બધું જાણે. એકાંત માને નહીં. લ્યો, ઓલા કહે પર્યાયમાં અશુદ્ધતા નથી. અશુદ્ધતા કેવી? છે ને એક દિલ્હીનો શાહદરા. અશુદ્ધતા પર્યાયમાં નથી, વસ્તુમાં અશુદ્ધતા નથી. વસ્તુમાં શુદ્ધતા છે પણ અશુદ્ધતા નથી. પર્યાયમાં અશુદ્ધતા છે. માળા ઘડીકમાં હા ને ઘડીકમાં ના, એમ કહે છે. સવારે કહે કે આત્મામાં રાગ નથી. બપોરે કહે કે રાગની પર્યાય આત્મામાં ન હોય તો એને દુઃખ હોય નહીં. શું પકડવું આમાં? અમારે ફાવાભાઈ કહેતા, 'સવારે એક પકડીએ ત્યાં બપોરે બીજું આવે. આમાં અમારે નિર્ણય શું કરવો?' બુદ્ધિ જાડી. આહાહા!

ભાઈ, વસ્તુ તો છે ઈ, તત્ત્વદૃષ્ટિએ વસ્તુ દૃષ્ટિએ તો શુદ્ધ જ્ઞાનઘન જ છે. પણ એટલો આત્માને ન માનતાં પરમાણુને માનવો હોય તો પર્યાયના અવસ્થાના ભેદ છે, રાગ છે, અશુદ્ધતા છે. એવું એણે અપેક્ષાથી જાણવું જોઈએ. રાગનું પરિણમન થાય છે મારામાં, મારે કારણે થાય છે, એમ જ્ઞાનીએ જાણવું જોઈએ. (શ્રોતા : એ પુદ્‌ગલના પરિણામ.) એ પુદ્‌ગલના પરિણામ કોને કહ્યા? એ તો જેની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ પર નથી,

એને કહે છે પુદ્‌ગલના. અથવા વસ્તુની અનુભૂતિ કરતાં અનુભૂતિમાં રાગ ભેગો આવતો નથી માટે તે રાગ પુદ્‌ગલનો છે, એમ કહેવામાં આવે છે, એમ છે. અનુભૂતિથી ભિન્ન છે, એમ શબ્દ છે ને. બધાયમાં એમ છે. વાત તો એમ જ છે ને. આત્મા શુદ્ધ જ્ઞાનઘનની સન્મુખ થઈને જ્યાં અનુભવ કરે છે, ત્યાં તો રાગ, કર્મ, શરીર-બરીર કાંઈ હોતું નથી એમાં. આનું નથી એટલે પછી આનું છે, એમ કહી દીધું. કાઢી ગયા, નીકળી ગયા માટે આનું નથી, એમ કહ્યું. તેથી પુદ્‌ગલના છે, એમ કહ્યું. જેના નિમિત્તે થયા, સ્વભાવના લક્ષ વિના થયા, પરને લક્ષે થયા અને અનુભૂતિથી ભિન્ન છે, માટે એને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. એ કાંઈ પરમાણુ નથી. એ કાંઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. આરે ભારે!

(શ્રોતા :.....) આ તો કહેવાય છે કે નહીં? એય! ૧૪મું ગુણસ્થાન પુદ્‌ગલનું, જીવનું નહીં. કઈ અપેક્ષાએ? અભેદ ચૈતન્યના અંતરસન્મુખ જતાં અનુભૂતિ થતાં સ્વભાવને અનુસરીને થતો પરલક્ષી થયેલો ભાવ તેનામાં આવતો નથી. માટે આનો નથી, માટે આનો છે, એમ કહીને કાઢી નખાવા માંગે છે. અજીવ છે, એમ કહી દીધું લ્યો. રાગ તે અજીવ છે, અચેતન છે, જડ છે. એની અપેક્ષાએ વસ્તુ છે, આત્માની અપેક્ષાએ અવસ્તુ છે. આત્મા એટલે ત્રિકાળી સ્વભાવ હોં! પણ જ્યારે એને પ્રમાણજ્ઞાન કરવું હોય.....તેથી નયનું આવ્યું ને ત્યાં ૪૭ નયમાં. ગણધર જેવા જ્ઞાની ચાર જ્ઞાન ને ચૌદ પૂર્વના ધરનાર પણ રાગનું કર્તૃત્વપણું ને પરિણામનું ભોક્તાપણું પર્યાયમાં છે, એટલું જ્ઞાન જાણે છે. પોતાના અસ્તિત્વમાં આટલું છે, એ પર અસ્તિત્વને લઈને નહીં, એમ જ્ઞાન જાણે છે. જ્ઞાન ત્રિકાળને જાણે ને જ્ઞાન પર્યાયને જાણે, બેયને જાણે.

સવિકલ્પી એ જ્ઞાન છે. સવિકલ્પ એટલે વિશેષ પ્રકારે જાણવાની તાકાતવાળું (શ્રોતા : આત્માને જાણે ને પર્યાયને જાણે?) પર્યાય એમાં નથી, એમ જાણે. રાગ આદિ એમાં નથી. (શ્રોતા : એવું પર્યાયનું જ્ઞાન કરે....) એમાં અંદર હોય છે, કરવું છે ક્યાં? એમાં અનુભૂતિમાં આમ આવ્યો એટલે અનુભૂતિની પર્યાય પ્રગટી, એમાં રાગની પર્યાય આવતી નથી. એમાં સહેજે રાગનો અભાવ છે, એવું જ્ઞાન એમાં આવી જાય છે. એય! ભારે આવો ધર્મ ભારે ઝીણો! એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, ત્રેઈન્દ્રિયા ન હણવા..... મિચ્છામિદુક્કડં કરી નાંખવું. કાંઈક ભક્તિ કરી નાખવી ભગવાનની સામે. (શ્રોતા : ભક્તિ તો રાગ છે.) સામે બેસાડ્યાને, અંદરમાં ક્યાં રાખ્યા છે? ભગવાનની ભક્તિ તો, આંહીં અંદરમાં આનંદ સ્વરૂપ ભગવાન છે, એની એકાગ્રતા એ ભગવાનની ભક્તિ છે. આ ભગવાનની ભક્તિ શુભભાવ હોય છે પણ એની મર્યાદા કેટલી? પુણ્ય બંધાય એટલી.

વળી કહે કે પુણ્ય છે, બંધ છે, હેય છે, ધર્મ નથી. વળી પાછા મંદિરો કરે, આ કરે, ભક્તિ કરે, શાસ્ત્રો બનાવે. લાખો શાસ્ત્રો, સાત-આઠ કલાક....ગાડાના ગાડા આવે છે

ને ગાડાના ગાડા જાય છે. (શ્રોતા : એ તો પુદ્‌ગલની પર્યાય છે). ઓલો એક માણસ નથી? ત્યાં મળ્યો હતો ને. બચારો એ અહીંયા જ આવે છે. એક છે ગરીબ માણસ. નામ હોઠે નથી. ન્યાં ક્યાંક મળ્યો હતો. ગ્યા'તા ને ક્યાંક...... ઈ ત્યાં બિચારો કરતો હશે બધુ આ. આપણે કોથળીઓ રાખી છે અહીંયા ઓલા. છોકરાઓના પુસ્તકો લઈ જાય, દઈ જાય. હવે આ ધંધો, પણ ધંધો તો ધંધાના કારણે થાય છે કે આત્માના કારણે થાય છે ઈ? આહાહા! આત્મા કાં એના દ્રવ્યમાં હોય કાં એના ગુણમાં હોય કાં એની પર્યાયમાં હોય. ઈ સિવાય આઘો તો ક્યાંય જાતો નથી. પુણ્ય-પાપના વિકલ્પમાં હોય, કાં દ્રવ્ય-ગુણ-પર્યાયની શુદ્ધતામાં હો, એ સિવાય ક્યાંય એનું હોવાપણું બીજે તો ક્યાંય રજકણ માત્ર ફરતું નથી, ફેરવી શકતો નથી.

કહે છે, 'जिन्हींकौ निवास स्यादवादके महलमैं.' દેખો, 'स्यादवाद-मंदिरके निवासी है.' અપેક્ષાએ જ્ઞાનને જાણવું જોઈએ. ત્રિકાળ જ્ઞાયક ભાવ છે, ઈ ધ્રુવ છે, એ જ નિશ્ચયનો વિષય છે અને એ જ આશ્રય કરીને અનુભવ કરવા લાયક છે. પણ પર્યાયમાં, અવસ્થામાં અશુદ્ધતા છે, એ પર્યાયને જાણવું એ પણ વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનયના વિષયને મેચક પણ કહેવાય છે, મેલું કહેવાય છે. આહાહા! આવી વાણી! છે, એમ સ્યાદ્વાદથી બેય જાણવું જોઈએ. ૧૫મો (૫૬) થ્યો. ૧૩મો કળશ છેલ્લો પુણ્ય-પાપનો.

તેરમો કળશ છે.

**'भेदोन्मादं भ्रमरसभरान्नाटयत्पीतमोहं**
**मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।**
**हेलोन्मीलत्परमकलया सार्द्धमारब्धकेलि**
**ज्ञानज्योतिः कवलिततमः प्रोज्ज्रम्भे भरेण'।।१३।।**

મૂઢ ક્રિયા ને વિચિક્ષણ ક્રિયાનું વર્ણન. અજ્ઞાનીની ક્રિયા ને જ્ઞાનીની ક્રિયાનું વર્ણન.

મૂઢ ક્રિયા તથા વિચક્ષણ ક્રિયાનું વર્ણન. (સવૈયા એકવીસા)

**जैसैं मतवारौ कोऊ कहै और करै और,**
**तैसैं मूढ़ प्रानी विपरीतता धरतु है।**
**असुभ करम बंध कारन बखानै मानै,**
**मुकतिके हेतु सुभ-रीति आचरतु है।।**
**अंतर सुदृष्टि भई मूढ़ता बिसर गई,**
**ग्यानकौ उदोत भ्रम-तिमिर हरतु है।**

करनीसौं भिन्न रहै आतम-सुरूप गहै,
अनुभौ अरंभि रस कौतुक करतु है॥१६॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**મતવારૌ=નશામાં ઉન્મત્ત. મૂઢ પ્રાની=અજ્ઞાની જીવ. બખાનૈ=કહે. માનૈ=શ્રદ્ધા કરે. બિસર ગઈ=દૂર થઈ ગઈ. ઉદોત=પ્રકાશ.

**અર્થ :—**જેમ કોઈ પાગલ મનુષ્ય કહે છે કે કાંઈક અને કરે છે કાંઈક, તેવી જ રીતે મિથ્યાદૃષ્ટિ જીવમાં વિપરીતભાવ રહે છે, તે અશુભ કર્મને બંધનું કારણ સમજે છે અને મુક્તિ માટે શુભ આચરણ કરે છે. પણ સાચું શ્રદ્ધાન થતાં અજ્ઞાન નષ્ટ થવાથી જ્ઞાનનો પ્રકાશ મિથ્યા–અંધકારને દૂર કરે છે અને ક્રિયાથી વિરક્ત થઈને આત્મસ્વરૂપનું ગ્રહણ કરીને, અનુભવ ધારણ કરી પરમરસમાં આનંદ કરે છે. ૧૬.

**अर्थ :–**जैसे कोई पागल मनुष्य कहता कुछ और करता कुछ है उसीप्रकार मिथ्यादृष्टि जीवमें विपरीतभाव रहता है, वह अशुभ कर्मको बंधका कारण समझता है और मुक्तिके लिये शुभ आचरण करता है। पर सच्चा श्रद्धान होने पर अज्ञान नष्ट होनेसे ज्ञानका प्रकाश मिथ्या-अंधकारको दूर करता है और क्रियासे विरक्त होकर आत्मस्वरूपको ग्रहण करके अनुभव धारण कर परमरसमें आनंद करता है॥१६॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'जैसैं मतवारो कोऊ कहै और करै और.' જેમ કોઈ પાગલ મનુષ્ય કહે કાંઈક ને કરે કાંઈક. 'जैसैं मतवारो कोऊ कहै और करै और, तैसैं मूढ प्रानी विपरीतता धरतु है.' વિપરીત શ્રદ્ધા ધરે, વિપરીત માન્યતા ધરે અને માને કે અમે ધર્મી ને જ્ઞાની છીએ. મૂઢ છે, કહે છે. આહાહા! 'असुभ करम बंध कारन बखानै मानै.' અશુભ કર્મને તો કારણ જાણે. પણ 'बखानै मानै, मुकतिके हेतु शुभ रीति आचरतु है'. આ મૂઢનાં લક્ષણ. અશુભ કર્મને બંધ કહે, પણ વખાણે–માને 'मुकतिके हेतु शुभ रीति आचरतु है'. એ દયા, દાન, વ્રત, અપવાસ કરવા એ મુક્તિનું કારણ છે, એમ અજ્ઞાની માને છે. આહાહા! સમજાણું કાંઈ?

'जैसैं मतवारो कोऊ कहै और करै और, तैसैं मूढ प्रानी विपरीतता धरतु है.' 'असुभ करम बंध कारन बखानै मानै, मुकतिके हेतु.'......કારણ તો આવ્યું ને બેયમાં. અશુભ કર્મ બંધ કારણ, એને બંધનું કારણ માને, એમ. અશુભભાવને કર્મબંધનું કારણ માને, પણ વખાણે માને 'मुकतिके हेतु शुभ रीति'. પણ મોક્ષનું કારણ એ દયા,

દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા—એ મોક્ષનું કારણ માને, મૂઢ છે. આહાહા! સમજાણું કાંઈ? અજ્ઞાની છે. એને વીતરાગ માર્ગની કાંઈ ખબર નથી.

'मुक्तिके हेतु सुभ—रीति आचरतु है'. જુઓ, 'वह अशुभ कर्मको बंधका कारण समझता है और मुक्तिके लिये शुभ आचरण करता है.' મોક્ષને માટે અમે આ બધું કરીએ છીએ. તે દિ' પેલો કહેતો હતો, નહીં? જૂનાગઢ, નેમચંદભાઈ હતા, વીરચંદભાઈના ભાઈ. કીધું કે આ ભગવાનની પૂજા-ભક્તિ છે, ઈ શુભભાવ છે, રાગ છે. કહે, 'અમારે ક્યાં રાગ જોવે છે? અમારે તો મુક્તિ માટે કરીએ છીએ.' (સંવત)પંચાવનમાં ગ્યાતા'ને ન્યાં ગિરનારની જાત્રા. ઊતર્યા'તા શ્વેતાંબરની ધર્મશાળામાં, ત્યાં રાત્રે ચર્ચા થઈ. જૂનાગઢ હતા. કીધું, ભગવાનની પૂજા ભક્તિ પણ શુભભાવ, ધર્મ નહીં, રાગ છે રાગ. 'અમારે ક્યાં રાગ જોવે છે? અમારે તો ભક્તિ કરીને મોક્ષ જવું છે'. હવે આને એવા રાગમાં ટેવાઈ ગ્યાને.

પણ તું એ ભગવાન ભક્તિ સામું જે ભક્તિ કરે છે, એ પોતે રાગ છે, સાંભળને! તારે મુક્તિ જોઈતી હોય અને વીતરાગતા જોઈએ, તો ઈ વીતરાગતા છે? મોટી ઊંમરના હોં, ૫૦ વરસના, વીરચંદભાઈના ભાઈ નહીં? વીરચંદ ડાક્ટરના મોટાભાઈ. ક્રિયા તપસ્યામાં ઓલા શું કહેવાય? તપગચ્છમાં ઠીક કહેવાય. આવું બોલતા, લ્યો. ગ્યા'તા જાત્રા. પણ કીધું, ભગવાનની પૂજા ભક્તિ જે છે ને એ શુભરાગ છે. એમાં ધર્મ જરીયે નહીં. 'પણ અમારે ક્યાં રાગ કરવો છે? અમારે ક્યાં રાગ જોઈએ છે?' પણ રાગ જોવે નહીં, એ પોતે રાગ છે. પંડિતજી! ભગવાનની સામે જોઈને સ્તુતિ કરવા બેઠો, એ પોતે રાગ છે. (શ્રોતા : એ ખબર જ પડતી નથી કે એ રાગ છે.)

આમાં ક્યાં રાગ આવ્યો? રાગ તો દુકાને બેઠા હોય, બાયડી પાસે બેઠા હોય, ધંધો કરતો હોય, તે રાગ કહેવાય. આંહીં તો ભગવાનની ભક્તિ કરવા બેઠા, દુકાનનો ધંધો છોડીને. દુકાને બેઠો છે કે ઘરે બેઠો છે? દેરાસરમાં બેઠો હોય. (શ્રોતા : ભલે ભગવાનની પાસે બેઠો હોય). ધૂળેય નથી ભગવાન ત્યાં, સાંભળને! ભગવાન તો આંહી અંદર છે. એની તો તને ખબર નથી. એની ખબર હોય, ભાન હોય ને પછી એવો શુભભાવ હોય. જાણે છે કે આ વસ્તુ આ કાળે એને હોય છે. જાણે છે, અંતર આદરણીય માનતો નથી. વ્યવહારે છે એ માને છે. ભારે કામ ભાઈ! શાસ્ત્ર વાંચન કરવું, સાંભળવું એ શુભભાવ છે, લ્યો. તો કહે છે, શુભભાવ કહે, છોડવાનું કહે ને શાસ્ત્ર સંભળાવે ને શાસ્ત્ર વાંચે. પણ વાત આવે એ જુદી વાત છે અને આદરણીય છે એ જુદી વાત છે. આહાહા! ભારે કામ!

'अंतर सुदृष्टि भई मूढ़ता बिसर गई.' હવે સવળું લીધું, ઓલો અજ્ઞાની લીધો. મુક્તિ માટે હેતુ શુભને માને છે. 'अंतर सुदृष्टि भई मूढ़ता बिसर गई, ग्यानकौ उदोत भ्रम—तिमिर हरतु है'. 'पर सच्चा श्रद्धान होने पर अज्ञान नष्ट होनेसे'....અંતર શુદ્ધ દૃષ્ટિ. આત્મા પરિપૂર્ણ આનંદ સ્વરૂપ સદૃશ એકરૂપ અખંડ પરમાત્મા પોતે છે, એવી અંતર દૃષ્ટિ થઈ. જુઓ, અંતર દૃષ્ટિ સુદૃષ્ટિ. અંતર સુદૃષ્ટિ, એમ. અંતર્મુખ થઈને સુદૃષ્ટિ થઈ. મૂઢતા વિસર ગઈ. 'રાગ ને વિકલ્પ મારો છે ને એ મને લાભ છે', એવી મૂઢતા વિસરી. આનું સ્મરણ થયું ને આનું વિસ્મરણ થયું. 'ग्यानकौ उदोत'—જ્ઞાનનો પ્રકાશ થયો. જ્ઞાનસ્વરૂપ પ્રકાશમય મૂર્તિ પ્રભુ, એનું ભાન થઈ ગયું અંદર જ્ઞાનમાં અને 'भ्रम तिमिर हरतु है'. ઈ જ્ઞાનનો અંતર વેદન પ્રકાશ, એ અજ્ઞાનરૂપી તિમિર નામ ભ્રમણા એનો નાશ કરે છે. કોઈ ક્રિયાકાંડ, નાશ કરે છે અજ્ઞાન ને મિથ્યાત્‌ને, એમ નહીં, એમ કહે છે. પુણ્ય-પાપ અધિકાર છે ને.

(શ્રોતા : આ ક્રિયા નથી ?) એ ક્રિયા જ્ઞાનની ક્રિયા થઈ. આ પુણ્ય-પાપની ક્રિયા ક્યાં થઈ? વિભાવિક ક્રિયા જુદી, સ્વાભાવિક ક્રિયા જુદી, જડની ક્રિયા જુદી. શરીર આદિ જે ચાલે—હાલે એ જડની ક્રિયા છે. આત્મામાં દયા, દાન, વ્રત, કામ, ક્રોધ પરિણામ થાય, એ વિભાવિક ક્રિયા છે. અને એનાથી ભિન્ન પડીને આત્મામાં એકાકાર જ્ઞાનમાં થાય, એ સ્વાભાવિક ક્રિયા છે. આહાહા! સમજાણું કાંઈ? 'ज्ञानको उद्योत भ्रम—तिमिर हरतु है, करनीसौं भिन्न रहे आतम सुरूप गहै'. દેખો, ભાષા. ધર્મી જીવ એને કહીએ કે કરણીના પરિણામ આવે છતાં ભિન્ન રહે. એ વ્યવહારસે વિરક્ત રહે, એમ કહે છે. સમજાણું કાંઈ? 'करनीसौं भिन्न रहे'. પુણ્ય-દયા-દાન, વ્રતના પરિણામ આવે પણ એનાથી તો જુદો રહે. હું એ નહીં. હું છું ત્યાં એ નહીં ને એ છે ત્યાં હું નહીં. એમ કરણીથી ધર્મી જીવ પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન રહે. 'आतम सुरूप गहै'. તો રાગથી ભિન્ન પડીને આત્માના સ્વરૂપને ગ્રહે, શુદ્ધ સ્વભાવને ગ્રહે, શુદ્ધનો અનુભવ કરે, એમ છે. કહો સમજાણું કાંઈ? પદ છે ને એટલે એની શૈલી ગોઠવાય ને એ ભાષામાં.

'आतम सुरूप गहै, अनुभौ अरंभि रस कौतुक करतु है', લ્યો. 'अनुभव धारण कर परमरसमें आनंद करता है.' 'अनुभौ अरंभि'. શરૂઆત આનંદના સ્વરૂપનો અનુભવ કરી રસ કૌતુક કરતુ હૈ. પરમ રસમેં આનંદ કરે છે, એમ 'કૌતુક કરતુ'નો અર્થ. સમજાણું કાંઈ? એ ધર્મીનું, આ જ્ઞાનીનું, ધર્મીનું આ કર્તવ્ય છે. વળી કોઈ કહે, જ્ઞાનીનું ભલે એ કર્તવ્ય હોય, પણ ધર્મીનું બીજું હોય ને. જ્ઞાની બધા ન હોય, પણ ધર્મી હોય એને તો કર્તવ્ય બીજું હોય ને? (શ્રોતા : જ્ઞાની ને ધર્મીનું કર્તવ્ય એક જ છે.) પણ ઈ તો જ્ઞાની કહો, ધર્મી કહો, એક જ છે. જ્ઞાન હોય ઝાઝું માટે જ્ઞાની અને જ્ઞાન ઝાઝું નહીં

અને ક્રિયા કરે એ ધર્મી, એમ નથી. સ્વરૂપ જે આનંદની મૂર્તિ પ્રભુ છે, એને રાગથી વિરક્ત થઈને, જે રાગમાં રક્ત હતો એનાથી વિરક્ત થયો, એ ધર્મી. અજ્ઞાની રાગમાં રક્ત છે, તે અધર્મી.

'अनुभौ अरंभि रस कौतुक करतु है'. પરમ રસમેં આનંદનો અનુભવ કરે. આહાહા! જેનો રસ ભગવાન આત્માનો આનંદ છે, એને અનુભવે. રાગ ને પુણ્યને કરે નહીં, વિરક્ત રહે. એમ ભોગવે નહીં, એમ ભેગું આવી ગયું, આવી ગયું કે નહીં એમાં? ઓલાને કરે નહીં, વે કરે સો ભિન્ન રહે. ધર્મી તો પુણ્ય પાપનાં રાગથી જુદો રહે, એ કર્તા ન થયો. હવે अनुभौ अरंभि. રસ-આનંદના અનુભવને કરે છે એટલે રાગને અનુભવ કરતો નથી. અધ્યાત્મદૃષ્ટિની શૈલીમાં તો એક જ વસ્તુ હોય, બે નહીં. કે થોડું આનંદ ને થોડું દુઃખ, એવી વાત અહીં અધ્યાત્મની એકત્વ અભેદદૃષ્ટિમાં એ વાત નથી. સમજાણું કાંઈ? થોડી વાત કાલે આવી ગઈ હતી. જ્યાં સુધી આઠ કર્મ ન ટળે ત્યાં સુધી બે ધારા હોય. સમજાણું કાંઈ? કાલે આવ્યું'તું કે નહીં? એ અધિકાર પૂરો થયો. પુણ્ય-પાપ અધિકાર પૂરો થયો. એ ચોથા અધિકારનો સાર.

**મૂળ શાસ્ત્ર :**

**જેનો બંધ વિશુદ્ધ ભાવોથી થાય છે તે પુણ્ય અને જેનો બંધ સંક્લેશભાવોથી થાય છે તે પાપ છે. પ્રશસ્ત રાગ, અનુકંપા, કલુષતારહિત ભાવ, અરહંત આદિ પંચ પરમેષ્ઠીની ભક્તિ, વ્રત, સંયમ, શીલ, દાન, મંદકષાય આદિ વિશુદ્ધભાવ પુણ્યબંધના કારણ છે.**

**जिसका बंध विशुद्ध भावोंसे होता है वह पुण्य और जिसका बंध संक्लिष्टभावोंसे होता है वह पाप है। प्रशस्त राग, अनुकम्पा, कलुषता रहित भाव, अरहंत आदि पंच परमेष्ठीकी भक्ति, व्रत, संयम, शील, दान, मंदकषाय आदि विशुद्धभाव पुण्यबंधके कारण हैं ।**

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'जिसका बंध विशुद्धभावोंसे होता है वह पुण्य.' ખુલાસો કરે છે. જેનું બંધન વિશુદ્ધ ભાવથી થાય. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ વિશુદ્ધભાવ છે. એ પુણ્ય, 'और जिसका बंध संक्लिष्ट भावोंसे होता है वह पाप है'. પાપ બંધાય એ સંક્લેશથી—હિંસા, જૂઠ, ચોરી, વિષય, રાગ, દ્વેષ, કામ, ક્રોધ આદિ. હવે प्रशस्त राग—શુભરાગ, એ પુણ્ય બંધનું કારણ. अनुकंपा, એ જીવોની અનુકંપા એ શુભરાગ પુણ્ય છે. અનુકંપા એ ધર્મ નથી. આહાહા! ભારે વાત! એક કોર કહે, એ સમકિતનું લક્ષણ છે. ભાઈ આવ્યા

નથી? શરીરે ઠીક નહીં હોય. (શ્રોતા : તાવ આવે છે.) હિંમતભાઈ, સમજાણું કાંઈ? શું કહ્યું? એક કોર અનુકંપા એ સમકિતનું લક્ષણ છે, એમ કહ્યું. આવે છે? એ આત્માનો અકષાય પરિણામ છે, એને જ અનુકંપા કીધું છે. (શ્રોતા : અનંતાનુબંધીનો અભાવ) ઈ વાત છે. ઓલો વિકલ્પ ઊઠે એ તો વ્યવહાર છે. આંહીં તો કહે છે કે અનુકંપા તો શુભરાગને જ કહીએ છીએ. એ અનુકંપા બંધનું કારણ છે. પુણ્ય બંધનું કારણ માટે એને પુણ્ય કહીએ છીએ, ધર્મ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

હાથીના ભવમાં દયા પાળી, એમ આવે છે ને એનામાં? સસલાની દયા પાળી. મેઘકુમાર સંસાર પરિત કર્યો અનુકંપાએ. આહીં ના પાડે છે કે અનુકંપા એ શુભરાગ, એનાથી ધર્મ થાય નહીં, પરિત સંસાર થાય નહીં. બંધનું કારણ, પણ સાંભળતા'તાને તમે ત્યાં? મેઘકુમારનું ત્યાં. મેઘકુમારનું ત્યાં આવે છે ને જ્ઞાતાસૂત્રમાં આવે છે. હાથી હતો. પગ ઊંચો કર્યો, સસલું પગ નીચે આવી ગ્યું. ત્રણ દિ સુધી આમ રાખ્યું અદ્ધર. પછી બધું વીંખાઈ ગયું......કચ્ચરઘાણ થતાં પડે. દેહ છૂટી જાય છે. જુઓ, અનુકંપા કરી'તી.... એકલા સસલાની નહીં હોં! પાછી સમુચ્ચય વાત છે, સામાન્ય વાત. આ તો એકલું નથી, આ તો બધા જીવો પ્રત્યેનો ભાવ છે. સમજાય છે?

બધા જીવો પ્રત્યે જેને અત્યારે અનુકંપા વર્તે. પણ બધા જીવો પ્રત્યે એ શુભરાગ છે. શુભરાગથી સંસાર પરિત—નાશ ન થાય. જ્ઞાતાસૂત્રમાં લેખ છે શ્વેતાંબરમાં. પરિત સંસાર કરે હાથીના ભવમાં. પરિત સંસાર—અલ્પ સંસાર. અપરિત સંસાર—અનંત સંસાર. પરિત ને અપરિત સંસાર, બે છે. સમકિતીને પરિત સંસારી કહેવાય. મિથ્યાદૃષ્ટિ અપરિત સંસારી, અનાદિ અનંત સંસારી કહેવાય. એ શાસ્ત્રમાં છે ને. અહીં તો પ્રશસ્ત રાગ એ પુણ્યબંધનું કારણ વિશુદ્ધભાવ, એ વિશુદ્ધભાવ પુણ્યબંધનું કારણ. 'अनुकंपा, कलुषतारहित भाव'. કલુષતા ન હોય, સંક્લેશ ન હોય, એવા ભાવ વિશુદ્ધભાવ કહેવાય.

'अरहंत आदि पंच परमेष्ठीकी भक्ति', લ્યો. પંચ પરમેષ્ઠિની ભક્તિ એ શુભરાગ. છે? પછી એમાં ગુરુ આવી ગ્યા કે નહીં? પાંચ પરમેષ્ઠી સર્વજ્ઞ એ પરમગુરુ આવ્યા. પછી પ્રશ્ન શું? સર્વજ્ઞદેવ, પરમગુરુની ભક્તિ, સિદ્ધની ભક્તિ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સાચાની ભક્તિ સાચાની, એ વિશુદ્ધ ભાવ છે, પુણ્યભાવ છે, પુણ્યબંધનું કારણ, ધર્મ નહીં. 'व्रत' એ વ્રતનો ભાવ શુભ છે. પ્રકાશદાસજી! હૈ ઉસમેં? ક્યા હૈ? ......ભક્તિ પછી વ્રત છે. એ વ્રત શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે ને એને ધર્મ માને એ મિથ્યાદૃષ્ટિ છે. ભારે કામ! આ તો વ્રત તો ધર્મ થઈ પડ્યો. (શ્રોતા : મહાવ્રત ને અણુવ્રતના તો આંદોલન ચાલે.)

કુંદકુંદ આચાર્યે પાળ્યા હતા, મહાવ્રત. ઓલા અણુવ્રતનું આંદોલન કર્યું ફલાણે. પુણ્યના ભાવનું કર્યું, અધર્મનું કર્યું આંદોલન કર્યું. એ ચીમનભાઈ! ભારે આકરું કામ! સોનગઢમાં કોઈ સંઘ નહીં. અસંઘમાં રહે તો રહેવા દે એને. આવો, ઊંધા માર્ગે ચડી ગયેલા માળા સાંભળો તો ખરા. એ વજુભાઈ! પંચપરમેષ્ઠીની ભક્તિ, એ શેત્રુંજયની જાત્રા, આ સમેતશિખરની જાત્રા, એ બધો શુભભાવ છે, વિશુદ્ધભાવ શુભભાવ છે, એ પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહીં. 'संयम'. લ્યો, ઈન્દ્રિયોનું દમન કરવું એ પણ શુભભાવ છે પાંચ ઈન્દ્રિયનું (દમન), એ ધર્મ નથી. આહાહા! શીલ પાળવું, લ્યો, બ્રહ્મચર્ય પાળવું. શરીરથી બ્રહ્મચર્ય પાળવું મન-વચન-કાયાથી લ્યો, એ પણ એક શુભભાવ છે. આહાહા! 'दान', લ્યો, પાંચ પચાસ હજારના દાન દેવા, લાખોના દાન એ ધર્મ નહીં, પુણ્ય બંધનનું કારણ છે. કોણ દેતો'તો? એ! દેવાનો ક્યાં એનો અધિકાર હતો? રજકણ તો જ્યાં જવાના હોય ત્યાં જાય. દે કોણ ને લે કોણ? આહાહા! દુનિયાથી ઊંધી જાત છે ભાઈ આ તો! (શ્રોતા :....) વૃત્તિ ઉઠે છે ને કે આ કરું આ કરું. વિકલ્પ છે, પુણ્ય બંધનું કારણ છે.

આ તો કાલ તો એમેય આવ્યું'તું ભાઈ, ઓલા સાગર ધર્મામૃતમાં. કન્યાને(સાચા) ધર્મમાં પોતાના સાધર્મીને દેવી એ પુણ્યનો લાભ છે. એ શિવલાલભાઈ, તમારે કાંઈ નથી એટલે. હોય એ જ્યાં ત્યાં નાખે છે ને. એક જણો કહેતો હતો, બીજે ધર્મમાં ક્યાંક નાખવું ને કૂવામાં નાખવું, બેઉ સરખું છે. કો'ક કહેતું હતું એવું બે ત્રણ દિ' પહેલા. આ શાસ્ત્રમાં પાઠ છે. અહીંયા ધર્મ પામેલ હોય, આ જાતનો જે જાતનો છે એ, વ્યવહારે સંસ્કારી હોય. એને બીજા ધર્મમાં નાખવી, એ પોતાને દેનારને ધર્મની કિંમત નથી. એ જાદવજીભાઈ! (શ્રોતા : ઈ તો દીકરીઓ મોટી થઈ જાય, પોતે સ્વતંત્ર નક્કી કરે) ઈ તો દીકરીઓ કરે, એ જુદી વાત છે. ઈ કોણે કીધું? ક્યાં ગયા કાલીદાસભાઈ? આ તો કાલીદાસભાઈ કહે, મૂંઝાઈએ છીએ અમે. સાત સાત દીકરીયું. એમાં છ પરણાવી. એમાં ક્યાંક છોકરો સારો હોય તો બીજું કાંઈક કાઢે એમાંથી. મહામુશ્કેલ છે કરવું, તે જ્યાં ત્યાં નાખી દઈએ કૂવામાં.

એવો પાઠ છે શાસ્ત્રમાં હોં! છે ને એમાં પુણ્યલાભ કીધો છે હોં. ત્યાં એનો ભાવ એવો છે કે એક બીજો માણસ હોય ઢેડ હરિજન કે ગમે તે, પણ એને ધર્મ સાંભળવાનો ભાવ ઠીક કહેવાય કે નહીં? તો ઘરે બાળક છે, ઘરે આવ્યું છે. ૧૫–૧૭–૧૮ ને વીસ-વીસ વરસની થઈ હોય. આ સંસ્કારને નાખવા ક્યાં? વૈષ્ણવમાં, કે થઈ એની જીંદગી પાયમાલ. પાયમાલ હોં. એમ કહે કે આવવાની છૂટ છે, એમ બધું કહે. કંઠી બાંધીને પારકા થઈ જવાના. જૈનના અંતરમાં વિરોધી થઈ જવાના ૫–૧૦ વર્ષે. આહાહા!

સમજાણું કાંઈ? એ રામજીભાઈ! છે પુસ્તક? ક્યાં છે જુઓને કાઢ્યું છે ક્યાંક તો. આ છોકરા માટે જ કાઢ્યું છે. સાગર ધર્મામૃત છે આશાધરનું. એ રામજીભાઈ! વાત આવે તો બધી આવે કે નહીં? ઓલા શેઠીયાઓને પણ પછી....વાત આવે તો આંહીં પુણ્યની વાત ચાલે છે. ત્યાં સાધર્મીને દેવી એ પુણ્યભાવ છે, એમ કહે છે. ને બીજામાં દેવી એ પાપભાવ છે મિથ્યાત્વનો. આ હતું, કાલ બીજું હતું.

સાધર્મી બંધુઓ કે લિયે કન્યાદાન કરનેકા હેતુ બતલાતે હૈં. પુણ્યની વાત છે. જુઓ આંહી છે સાધર્મીકો સત્ કન્યા દેને સે પુણ્યલાભ હોતા હૈ. ૫૯મો શ્લોક છે. સાગર ધર્મામૃત છે ને. 'सत्कन्यां ददत्ता दत्तः सत्रिवर्गो गृहाश्रमः गृहंहि गृहिणीमाहुर्न कुड्यकटसंहतिम्', એમ કહે છે. ઉત્તમ કન્યાકો દેનેવાલા સાધર્મી ગૃહસ્થને સાધર્મી ગૃહસ્થ કે લિયે ત્રિવર્ગ સહિત ઘર દિયા હૈ. ક્યોંકી વિદ્વાન લોક સ્ત્રીકો હી ઘર કહતે હૈં. કિન્તુ દિવાલ આદિકે સમૂહકો ઘર નહીં કહતે. ઘર આપ્યું ને ઘરમાં જે ધર્મ હશે, એ રહેશે. એ પોપટભાઈ! ૫૯ શ્લોક છે. આ તો શુભભાવની વાત છે હોં! ધર્મ નથી કાંઈ ન્યાં. પણ કન્યાને એ સંસ્કાર ટકી રહે તો સાધર્મી જીવો...એ લોકો ઓછા ગણે. એ મલુકચંદભાઈ! પૈસા હોય, મોટા શું કહેવાય? ફેક્ટરીઓ હોય. ફેક્ટરીયું શું કહેવાય? તમારે કારખાના હોય. કાંઈ ઇંગ્લેંડ જઈ આવ્યો હોય, જર્મન જઈ આવ્યો હોય ભલે પછી નાસ્તિક હોય. ધરમ-બરમ માનતો ન હોય. દુનિયામાં આબરૂ કહેવાય ને? આંહીં આશાધર પંડિત કહે છે કે એ પાપમાં નાખવા જેવું છે. એય!

આંહીં તો કહેવું છે કે દાન છે, એ પુણ્યનું કારણ છે. દાનનું યાદ આવ્યું ને ઓલું. એનો હેતુ ઈ છે. જીવ જ્યાં જાવ તો ત્યાં ધર્મ પોતાનો માનેલો છે. ઈ જાતના સંસ્કાર ઈ ટકી રહેશે, એવો હેતુ છે ને? ઓલા સંસ્કાર નહીં ટકે, બિલ્કુલ નહીં ટકે. બે ચાર પાંચ વરસે બધું ધૂળધાણી, હવા પાણી. મિથ્યાત્વને પાકા સેવશે. સમજાણું કાંઈ? (શ્રોતા : સ્ત્રીવર્ગ....) એ ત્રણ થયું ને, વ્યવહાર છે ને વ્યવહાર. ધર્મ, અર્થ, કામ—ત્રણ ટકે, એમ ત્યાં છે. પુણ્ય પણ રહે ત્યાં, ધર્મ સંસ્કાર ન રહે તો. લક્ષ્મી પણ એના પ્રમાણમાં હોય. 'मंद कषाय', લ્યો. એ રાગની મંદતા નામ સ્મરણ ભગવાનનું આદિ એ બધો પુણ્યભાવ વિશુદ્ધભાવ છે. 'आदि विशुद्धभाव पुण्यबंधके कारण हैं', ધર્મ નહીં. આહાહા! એનાથી શું બંધાય? એ વાત કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૫૯, ચૈત્ર સુદ ૪, મંગળવાર, તા. ૩૦-૩-૧૯૭૧
## પુણ્ય-પાપ એકત્વ દ્વાર અધિકારનો સાર ઉપર પ્રવચન

જેનો બંધ વિશુદ્ધ ભાવોથી થાય છે તે પુણ્ય અને જેનો બંધ સંક્લેશભાવોથી થાય છે તે પાપ છે. પ્રશસ્ત રાગ, અનુકંપા, કલુષતારહિત ભાવ, અરહંત આદિ પંચ પરમેષ્ઠીની ભક્તિ, વ્રત, સંયમ, શીલ, દાન, મંદકષાય આદિ વિશુદ્ધભાવ પુણ્યબંધના કારણ છે અને શાતા, શુભ આયુષ્ય, ઊંચ ગોત્ર, દેવગતિ આદિ શુભનામ પુણ્યકર્મ છે. પ્રમાદ સહિત પ્રવૃત્તિ, ચિત્તની કલુષતા, વિષયોની લોલુપતા, બીજાઓને સંતાપ આપવો, બીજાઓનો અપવાદ કરવો, આહાર, પરિગ્રહ, ભય, મૈથુન—ચારે સંજ્ઞા, ત્રણે કુજ્ઞાન, આર્ત–રૌદ્રધ્યાન, મિથ્યાત્વ, અપ્રશસ્ત રાગ, દ્વેષ, અવ્રત, અસંયમ, બહુ આરંભ, દુ:ખ, શોક, તાપ, આક્રંદન, યોગોની વક્રતા, આત્મપ્રશંસા, મૂઢતા, અનાયતન, તીવ્રકષાય, અશાતા, મોહનીય, નરકાયુ, પશુગતિ, અશુભ નામ, નીચ ગોત્ર, અંતરાય આદિ પાપકર્મ છે.

અશુભ પરિણતિ અને શુભ પરિણતિ બન્ને આત્માના વિભાવ છે, બન્નેય આસ્રવ–બંધરૂપ છે, સંવર–નિર્જરાનાં કારણ નથી, તેથી બન્નેય મુક્તિના માર્ગમાં ઘાતક હોવાથી પાપ અને પુણ્ય બન્નેય એક જ છે. જોકે બન્નેનાં કારણ, રસ, સ્વભાવ, ફળમાં અંતર છે તથા પુણ્ય પ્રિય અને પાપ અપ્રિય લાગે છે, તોપણ સોનાની બેડી અને લોઢાની બેડીની જેમ બન્નેય જીવને સંસારમાં સંસરણ કરાવનાર છે. એક શુભોપયોગ ને બીજો અશુભોપયોગ છે, શુદ્ધોપયોગ કોઈ પણ નથી તેથી મોક્ષમાર્ગમાં એકેયની પ્રશંસા નથી, બન્નેય હેય છે, બન્ને આત્માના વિભાવભાવ છે, સ્વભાવ નથી, બન્ને પુદ્‌ગલજનિત છે, આત્મજનિત નથી, એનાથી મોક્ષ થઈ શકતો નથી, અને કેવળજ્ઞાન પણ પ્રગટ થતું નથી.

આત્મામાં સ્વભાવ, વિભાવ બે પ્રકારની પરિણતિ થાય છે, સ્વભાવ પરિણતિ તો વીતરાગભાવ છે અને વિભાવ પરિણતિ રાગ–દ્વેષરૂપ છે. આ રાગ અને દ્વેષમાંથી દ્વેષ તો સર્વથા પાપરૂપ છે પરંતુ રાગ પ્રશસ્ત અને અપ્રશસ્તના ભેદથી બે પ્રકારનો છે, તેમાં પ્રશસ્ત રાગ પુણ્ય છે અને અપ્રશસ્ત રાગ પાપ છે. સમ્યગ્દર્શન ઉત્પન્ન થવા પહેલાં સ્વભાવભાવનો ઉદય જ થતો નથી માટે મિથ્યાત્વની દશામાં જીવની શુભ અથવા અશુભરૂપ વિભાવ પરિણતિ જ રહે છે. સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થયા પછી કર્મનો સર્વથા

અભાવ થતાં સુધી સ્વભાવ અને વિભાવ બન્ને પરિણતિ રહે છે, ત્યાં સ્વભાવ પરિણતિ સંવર–નિર્જરા અને મોક્ષની ઉત્પત્તિ કરે છે અને વિભાવ પરિણતિ બંધને જ ઉત્પન્ન કરે છે. એનો ખુલાસો આ રીતે છે કે ''જાવત શુદ્ધોપયોગ પાવત નહીં મનોગ, તાવત હી ગ્રહણ જોગ કહી પુન્ન કરની''ની રીતે સમ્યગ્દૃષ્ટિ શ્રાવક અને મુનિ, પાપ પરિણતિથી બચીને શુભોપયોગનું અવલંબન લે છે અને શુભ પરિણતિ તેને આસ્રવ જ ઉત્પન્ન કરે છે. તેને જે ગુણશ્રેણીરૂપ નિર્જરા થાય છે તે શુદ્ધોપયોગના બળથી થાય છે, શુભોપયોગ તો આસ્રવ જ કરે છે. ભાવ એ છે કે જેટલા અંશે રાગ છે તેટલા અંશે બંધ છે અને જેટલા અંશે જ્ઞાન તથા નિશ્ચયચારિત્ર છે તેટલા અંશે બંધ નથી, તેથી પુણ્યને પણ પાપ સમાન હેય જાણીને શુદ્ધોપયોગનું શરણ લેવું જોઈએ.

## पुण्य-पाप एकत्व द्वार अधिकारका सार

जिसका बंध विशुद्ध भावोंसे होता है वह पुण्य और जिसका बंध संक्लिष्टभावोंसे होता है वह पाप है। प्रशस्त राग, अनुकम्पा, कलुषता रहित भाव, अरहंत आदि पंच परमेष्ठीकी भक्ति, व्रत, संयम, शील, दान, मंदकषाय आदि विशुद्धभाव पुण्यबंधके कारण हैं और साता, शुभ आयु, ऊँच गोत्र, देवगति आदि शुभ नाम पुण्यकर्म हैं। प्रमाद सहित प्रवृत्ति, चित्तकी कलुषता, विषयोंकी लोलुपता, दूसरोंको संताप देना, दूसरोंका अपवाद करना, आहार, परिग्रह, भय, मैथुन–चारों संज्ञा, तीनों कुज्ञान, आर्त-रौद्रध्यान, मिथ्यात्व, अप्रशस्त राग, द्वेष, अव्रत, असंयम, बहुत आरंभ, दुःख, शोक, ताप, आक्रंदन, योगोंकी वक्रता, आत्मप्रशंसा, मूढ़ता, अनायतन, तीव्र कषाय आदि संक्लिष्ट भाव हैं—पाप बंधके कारण हैं। ज्ञानावरणीय, दर्शनावरणीय, असाता, मोहनीय, नर्क आयु, पशु गति, अशुभ नाम, नीच गोत्र, अंतराय आदि पापकर्म हैं।

अशुभ परिणति और शुभ परिणति दोनों आत्माके विभाव हैं, दोनों ही आस्रव-बंधरूप हैं, संवर-निर्जराके कारण नहीं हैं, इसलिए दोनों ही मुक्तिमार्गमें घातक होनसे पाप और पुण्य दोनों एक ही हैं। यद्यपि दोनोंके कारण, रस, स्वभाव, फलमें अंतर है तथा पुण्य प्रिय और पाप अप्रिय लगता है, तो भी सोनेकी बेड़ी और लोहेकी बेड़ीके समान दोनों ही जीवको संसारमें संसरण करानेवाले हैं। एक शुभोपयोग और दूसरा अशुभोपयोग है, शुद्धोपयोग कोई नहीं है, इससे मोक्षमार्गमें दोनोंकी सराहना नहीं है। दोनों ही हेय है, दोनों आत्माके विभावभाव हैं, स्वभाव नहीं हैं, दोनों पुद्गलजनित हैं, आत्मजनित नहीं हैं, इनसे मुक्ति नहीं हो सकती और न केवलज्ञान प्रगट होता है।

आत्मामें स्वभाव और विभाव दो प्रकारकी परिणति होती है, स्वभाव परिणति तो वीतरागभाव है और विभाव परिणति राग-द्वेषरूप है। इन राग और द्वेषमेंसे द्वेष तो सर्वथा पापरूप

है, परंतु राग प्रशस्त और अप्रशस्त भेदसे दो प्रकारका है, सो प्रशस्त राग पुण्य है और अप्रशस्त राग पाप है। सम्यग्दर्शन उत्पन्न होनेके पहले स्वभावभावका उदय ही नहीं होता, अतः मिथ्यात्वकी दशामें जीवकी शुभ वा अशुभरूप विभाव परिणति ही रहती है, सम्यग्दर्शनकी उत्पत्ति हुए पीछे कर्मका सर्वथा अभाव होने तक स्वभाव और विभाव दोनों परिणति रहती हैं, सो स्वभाव परिणति संवर-निर्जरा और मोक्षकी जननी रहती है, और विभाव परिणति बंधको ही उत्पन्न करती है। इसका खुलासा इस प्रकार है कि ''जावत शुद्धोपयोग पावत नहीं मनोग, तावत ही ग्रहण जोग कही पुन्न करनी''की रीतिसे सम्यग्दृष्टि श्रावक और मुनि पाप परिणतिसे बचकर शुभोपोगका अवलम्बन लेते हैं और शुभ परिणति उन्हें आस्रव उपजाती है। उन्हें जो गुणश्रेणिरूप निर्जरा होती है वह शुद्धोपयोगके बलसे होती है, शुभोपयोग तो आस्रव ही करता है। भाव यह है कि, जितने अंश राग है उतने अंश बंध है और जितने अंश ज्ञान और निश्चयचारित्र है उतने अंश बंध नहीं है, इसलिए पुण्यको भी पापके समान हेय जानकर शुद्धोपयोगकी शरण लेना चाहिये।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

નાટક સમયસાર. પુણ્ય પાપ એકત્વ દ્વાર અધિકાર ચાલે છે. આત્મામાં શુભ ને અશુભ ભાવ થાય, એ બધાં વિકારી ભાવો છે. બેય એક જાત છે, એમ બતાવવું છે. આત્માનો સ્વભાવ એ નથી. પુણ્ય-પાપના વિકલ્પની લાગણીઓ એ વિનાનું અંતર સ્વરૂપ ચૈતન્ય શુદ્ધ આનંદ છે. એનો ઉપયોગ થાય ત્યારે શુદ્ધ ઉપયોગ થાય, એ ધર્મ છે. પુણ્ય ને પાપનાં બેય પરિણામ ધર્મ નથી, એમ સિદ્ધ કરે છે, એવો સ્વભાવ જીવનો છે. સમજાય છે કાંઈ? જુઓ, અહીંયા સુધી આવ્યું છે. વિશુદ્ધભાવ પુણ્ય બંધના કારણ છે. ચોથી લીટી છે. ચોથા અધિકારનો સાર, ચોથી લીટી. નથી આવ્યું સરખું, શેઠીને સરખું નથી આવ્યું. 'प्रशस्त राग, अनुकम्पा, कलुषतारहित भाव, अरहंत आदि पंचपरमेष्ठीकी भक्ति, संयम, दान, मंदकषाय आदि विशुद्धभाव पुण्यबंधके कारण हैं'. અને શાતા એ કર્મ છે, એમ કહે છે. શાતા એનું ફળ છે શુભભાવનું. 'शाता, शुभआयु, ऊँच गोत्र, देवगति आदि शुभनाम पुण्यकर्म है.' એ પુણ્ય કર્મ છે. આ શુભાશુભ એ ભાવ છે. શુભની વાત કરે છે હજી તો.

હવે પાપભાવની વાત કરે છે. 'प्रमादसहित प्रवृत्ति.' આત્મામાં પ્રમાદ સહિત પ્રવૃત્તિ તે અશુભભાવ છે. ચિત્તની કલુષિતા, મલિનતા એ અશુભભાવ છે. 'विषयोंकी लोलुपता.' પાંચે ઇન્દ્રિયોના વિષયો તરફની આસક્તિ, એ પાપભાવ છે. 'दूसरोंको संताप देना.' બીજાને દુઃખ દેવાનો ભાવ એ પાપભાવ છે. 'दूसरोंका अपवाद करना'. બીજાની નિંદા કરવી એ પણ પાપભાવ છે. 'आहार, परिग्रह, भय, मैथुन चारों संज्ञा' એ

પાપભાવ છે. સમજાણું? આહાર સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા, ભય સંજ્ઞા, વિષય–મૈથુન સંજ્ઞા એ પાપભાવ છે. આહાર તો કરે મુનિ? મુનિને આહાર સંજ્ઞા નથી? સેઠી! આહારસંજ્ઞા નથી. આહારસંજ્ઞા તો અશુભભાવ છે, ગૃદ્ધિભાવ છે. આહાર કરે મુનિ માટે એને આહારસંજ્ઞા છે, એમ નથી. એ પ્રશ્ન ચર્ચાણો છે. બધા ચર્ચાણા(છે.) ઘણાને આકરા પડે.

મુનિને પણ આહારસંજ્ઞા હોય છે, એમ કહે. (શ્રોતા : શાસ્ત્રમાં આવે છે.) આવે છે એનો અર્થ, અવ્યક્ત આહારનો હજી અણાહારી થ્યો નથી, એ અપેક્ષાએ છે. આહારસંજ્ઞા નથી. સંજ્ઞા એ પાપ છે. પંચાસ્તિકાયમાં આ શબ્દો પડ્યા છે. આહાર કરવાનો ભાવ છે, એ પાપભાવ છે. ભય, પરિગ્રહ. આ પરિગ્રહની ગૃદ્ધિ, પરિગ્રહ જડ એ કાંઈ પરિગ્રહ નથી. ખરેખર તો પરિગ્રહની ગૃદ્ધિ (એ) મમતા. (શ્રોતા : પોતાનો ભાવ). હા, ભાવ. કહો સમજાણું કાંઈ? આ પૈસા મારા, છોકરા મારા, એવો ભાવ એ પાપભાવ છે. (શ્રોતા : પોતાનાને પોતાના માને એ પાપભાવ.) પોતાના ક્યાં હતા? ધૂળમાંય નથી. પૈસા પોતાના માનવા એ તો મિથ્યાત્વ છે પણ એની આસક્તિ થવી એ પાપ છે, એમ કહેવું છે આંહી તો. (શ્રોતા : આહાર સંજ્ઞા.....) આહારસંજ્ઞા ગૃદ્ધિ હૈ ગૃદ્ધિ. આહારની ઈચ્છા, ઐસા હો ને ઐસા હો. આહાર કરતે હૈં મુનિ, વહ ખરેખર સંજ્ઞા નહીં હૈ, ખરેખર નહીં હૈ. પરિગ્રહ સંજ્ઞા.

ભય સંજ્ઞા એ પાપ છે. ભય પામવો, ડર પામવો. નિઃશંક ને નિર્ભય છે ને એક શબ્દ? ભાઈ, નિઃશંકતા ને નિર્ભયતાનો પ્રશ્ન થયો' તો, ચંદુભાઈ આગળ પ્રશ્ન કર્યો'તો. આ નિઃશંક ને નિર્ભયમાં શું ફેર? નિઃશંકતા તો સ્વરૂપની અપેક્ષાએ છે ને નિર્ભયતા પરની અપેક્ષાએ છે. વસ્તુ તો એની એ છે. નિઃશંક છે. વસ્તુ અખંડ આનંદ પૂર્ણ શુદ્ધ સ્વરૂપ જ છું, એવી નિઃશંકતા અસ્તિત્વથી બતાવે છે. અને નિઃશંક હોય તે નિર્ભય હોય. એમ છે ને ત્યાં? 'નિઃશંકે નિર્ભયં.....' એટલે પછી પરનો ભય એને હોતો નથી. વસ્તુ જ આવી છે, અખંડ આનંદ મૂર્તિ. એમાં મરણ શું? રોગ શું? શોક શું? દુઃખ શું? એવો જીવનો સ્વભાવ છે. નિર્ભય વસ્તુ છે. નિઃશંક છે ને નિર્ભય છે. એમાં ભય કરવો એ પાપ છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ? દુકાળ પડે, શરીરમાં રોગ આવે, એકલા પડી જાય જંગલમાં રહે કે રસ્તા જડે નહીં. એમાં એવા કાંટા કાંકરા મોટા રસ્તામાં. દસ દસ ગાઉની અંદર ક્યાંય સૂઝ પડે નહીં અને બાવળીયાના કાંટા વચમાં આવી જાય તો ભય પામે. અરે! હાય હાય! હવે શું થશે? ક્યાં જશું? એ ભય પાપ છે, કહે છે.

ઓલો કાગળ આવ્યો તે આપ્યો? ઓલો કાગળ નહીં શિકરનો? (શ્રોતા : ....) ક્યાં? આપો તો ખરા આ લોકોને. હમણાં નહીં પછી, ઠીક. કાગળ આવ્યો છે શિકરથી.

ઇંદોરવાળોને લખ્યો હશે. બહુ માંદો માણસ છે, ખાટલેવશ છે. બહુ લખ્યું છે માળે ઈ.....એમ કે મને કાંઈ શાંતિ ધર્મ (મળે) અથવા પછી કોઈ માણસ મોકલો વિદ્વાન સોનગઢથી મને સમજાવવા તો હું ધર્મ પામું. આ કાંઈ એવું છે કામ? ઇંદોરનો કોઈ ઇંદોરીલાલજી, ઇંદોરીલાલજી છે એના ઉપર કાગળ લખ્યો છે. શિકરનો મોતીલાલ શેઠી. શેઠી ત્યાં હશે? દૂસરે. શિકર (શ્રોતા : ......) મોતીલાલ શેઠી.....બહુ લખ્યું છે. કોઈ મારૂં નથી અત્યારે. દીકરા-દીકરા બધો વિરોધ. ખૂબ લખ્યું બે મોટા પાના. એણે લખ્યું હશે ઓલા કોઈ ઇંદોરીલાલ હશે. ઇંદોરવાળા. એણે આંહીં મોકલ્યું છે. એમ કે આનું સાધન તો ખરેખર તો અત્યારે આંહીં છે. આ સોનગઢનું માણસ...જે કહેને ભાઈ ઈ સાંભળે તો લાભ થાય, બાકી (કાંઈ શરણ નથી). અત્યારે એણે તો એમ લખ્યું' તું રતનલાલને મુખત્યાર.....સેઠી. આંહીંથી એકાદ માણસ જાય વિદ્વાન તો ખર્ચ આપશે. મોટો કાગળ છે. આ વળી યાદ આવ્યું આમાં, ભયમાં. મૈથુન સંજ્ઞા—વિષયવાસના, એ બધી પાપ છે.

'तीनों कुज्ञान' એ પાપ છે. લ્યો, ઠીક. કુમતિ, કુશ્રુત, કુઅવધિ એ પાપ છે. 'आर्त रौद्रध्यान' એ પાપ છે. આર્તધ્યાન થવું, શરીરમાં રોગ આવે, ઠીક ન પડે, ચિંતા થાય, લક્ષ્મી જાય, આબરુ જાય. અરે! શું થશે આમાં? એવો ભાવ એ બધો આર્તધ્યાન છે. અને રૌદ્રધ્યાન હિંસાનુંબંધી ને ચૌર્યાનુબંધી, એ રૌદ્રધ્યાન પાપ છે. કહો 'मिथ्यात्व' એ પાપ છે મૂળ, લ્યો. એ મૂળ પાપ છે. વહ તો મોટો પાપ છે. પર્યાય બુદ્ધિ એક અંશમાં માનવો, રાગમાં ધર્મ માનવો, એ બધો મિથ્યાત્વ મહા પાપ છે. 'अप्रशस्त राग'. ઊંડો રાગ પાપ છે. 'द्वेष' પાપ છે. ''अव्रती' પાપ છે. અવ્રતી ભાવ થાય. ત્યાગભાવ(નથી), રાગનો ત્યાગ નથી અને એટલો રાગ છે, એ પાપ છે. 'असंयम' રાગ એ પાપ છે. 'बहुत आरंभ'. એ 'दुःख ને 'शोक' થવો અંદર એ પાપ છે. દુઃખ લાગે એ ચીજને, કાંઈ સુખ લાગે કે શોક થાય એ પાપ છે.

'ताप, आक्रंदन.', આકુળતાનો તાપ થાય, અંદર આકુળતા થઈ જાય એ પાપ છે. આક્રંદ કરે 'योगवक्रता' મન, વચન ને કાયાની કુટિલતા એ પાપ છે. 'आत्मप्रशंसा' (એ પાપ છે). પોતે પોતાની પ્રશંસા કરે કે હું સારો છું ને આવો છું, આવો છું અને હું આવો, એ બધો પાપ છે. (શ્રોતા : હોય એમાં ન કરે?) હોય એ શેની કરે? શેનું કરે? એનું કામ છે કંઈ કોઈને બતાવવાનું બહાર પડીને, બીજા કહે સારા, એનો અર્થ પાપ છે. સમજાણું કાંઈ? પોતે ધર્મી થયો, સમકિતી થયો, જ્ઞાની થયો એ શું બીજાને કહેવું? કહે, આમ છે, આમ છે, આમ છે. કામ છે શું એનું? દુનિયા દુનિયાની જાણે. દુનિયા માને તો એમાં એની મોટપ થઈ જાય? દુનિયા તો માને બહારથી. સમજાણું કાંઈ? જુઓ, આ આત્મપ્રશંસા. આહાહા!

'मूढता' એ પાપ છે. મૂઢ ભાન નહીં કાંઈ. 'अनायतन' દેવ, ગુરુ, શાસ્ત્ર છે એ વ્યવહાર આયતન છે. એ સિવાય બીજા અનાયતન કુગુરુ, કુદેવ, કુશાસ્ત્ર એ પાપ છે, પાપના સ્થાન છે એ બધા. અને 'तीव्र कषाय आदि संक्लेशभाव है—पापबंधके कारण है.' એ પાપબંધના કારણ છે. પાપબંધના કારણ છે. હવે એનું ફળ બંધમાં. 'ज्ञानावरणीय, दर्शनावरणीय, अशाता, मोहनीय, नरकायु, पशुगति, अशुभ नाम, नीच गोत्र, अंतराय आदि पापकर्म है.' ચાર પુણ્યકર્મ હતા. આઠ પાછા પાપકર્મ છે. જ્ઞાનાવરણીય પાપ, દર્શનાવરણીય પાપ, અશાતા પાપ, મોહનીય પાપ છે. ચાહે તો ચારિત્ર મોહનીય હો કે નરકનું આયુષ્ય પાપ છે, ઢોરની ગતિ પાપ છે, અશુભ નામ કર્મ પાપ છે, નીચગોત્ર અને અંતરાય પાપ છે. માટે આત્માનો સ્વભાવ નથી, છોડવા જેવા છે, એમ કહે છે.

હવે 'अशुभ परिणती और शुभ परिणती दोनों आत्माके विभाव है.' ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હો કે ચાહે તો હિંસા, જૂઠ આદિના પરિણામ હો, બેય આત્માનો વિભાવ છે, બેય અજ્ઞાન છે. અજ્ઞાન એટલે આત્માનો જ્ઞાન સ્વભાવ એ નથી. શુભ પરિણતિ, લ્યો, ઠીક. તીર્થંકર ગોત્ર બંધાવાનો ભાવ એ પણ શુભ પરિણતિ વિભાવ છે, સ્વભાવ નથી. સ્વભાવ અલૌકિક સ્વભાવ, જેમાં વિકલ્પની ગંધ નથી. એવો ઊંડો અંતર આનંદ અનંત જ્ઞાનસ્વભાવ, એ સ્વભાવની દૃષ્ટિ થયા વિના ધર્મ નથી, એમ સિદ્ધ કરવું છે. ગમે એવા પુણ્યની, દયા, દાન, વ્રતની ક્રિયા કરે, પણ એ ધર્મ છે (નહીં). સમજાણું કાંઈ? ઊંડો ઊંડો ભગવાન આત્મા વિભાવના વિકલ્પથી પાર જુદો અંદર છે. સમજાણું કાંઈ? જેનો સ્વભાવ અચિંત્ય છે.

હમણાં દાખલો આવ્યો'તો નહીં? નારિયેળનો દાખલો હું કહેતો હતો વચ્ચે. દાઉદભાઈ હતા જામનગરના. જામનગરનું નથી કોઈ નહીં? દાઉદભાઈ વહોરા હતા ઈ કહે, એક ફેર અમે વહાણમાં જઈ ચડ્યા ધંધે. પછી આવ્યા'તા પાછા વ્યાખ્યાનમાં આવ્યા હતા. વૃદ્ધ હતા. બહુ શાંત વહોરા. એક વખત જઈ ચડ્યા સમુદ્રમાં લોહચુંબકનો ડુંગરો નાનો હશે. અમારું વહાણ ખેંચાઈ ગયું હવે કરવું શું? ન્યાં કોઈ માણસ ન મળે. કાંઈ ખોરાક ન મળે, દાણો ન મળે. (ફક્ત) નારિયેળી. પાણી શું કરવું પાણી ગંધાતા પાણી હોય સડેલા. ન્યાં ક્યાં પાણી ભરેલા હોય તાજા? પણ કહે, પાણી નાખીએ અમે નારિયેળીમાં હેઠે ઉપર ચડી જાય. મીઠું પાણી થઈ જાય. (પાણી) નારિયેળમાં ગરી જાય અંદર.

એય! જુઓ તો સ્વભાવ. ત્યાં પાણી ક્યાં તાજા ભર્યા'તા? (શ્રોતા : ગોળાના) ગોળાના ઠંડા કરીને મૂક્યા'તા.....માટલીઓમાં. ત્યાં તો ભરેલા સડેલા હોય. તૃષા લાગી હોય. આ ખારું પાણી દરિયાનું એ તો કંઈ ભાવે નહીં. પછી ત્યાં પાણી હોય સડેલું.

નાખીએ ઓલામાં નારિયેળના મૂળમાં. પચાસ હાથ ઊંચો. કહો! ટોપો બહાર, અંદર છાલા, અંદર કાચલી, અંદર ટોપરું. એ પાણી અંદર ગરી જાય. સ્વભાવ શું કહેવો? એની વાત. એય! સુના હૈ કે નહીં? ઈ કહે ઉપર ચડીને નારિયેળ તોડીએ ને ફોડીને પાણી પીએ. પાણી ન્યાં ક્યાં મળતા'તા? એમાંથી પાણી પીએ, નારિયેળ ખાઈએ. બે–ત્રણ દિ' ચાલ્યું પછી તો ધજા મૂકી ઉપર કાળી. આવ્યા મદદ કરવા. દરિયામાં વહાણ નીકળે ખરા ને ત્રણ દિ' સુધી કંઈ મળે નહીં.

અહીં તો કહે છે, જુઓ, એક સ્વભાવની અચિંત્યતા કે પાણી નાખે હેઠે ગંદુ ને ઉપર નારિયેળમાં ગરી જાય અંદરમાં (થઈ જાય) ચોખ્ખું નિર્મળ (શ્રોતા : સ્વાદિષ્ટ). પોપટભાઈ! તે કેટલા સોસરવું? ક્યાં પચાસ–સાઠ હાથ ઊંચું નારિયેળી હોય (ને ક્યાં) મૂળિયું. એમાં નારિયેળ ને એમાં માથે ટોપો ને એમાં અંદર છાલા ને એમાં કાંચલી ને એમાં ખોપરું ને એમાં પાણી. સેઠી! સુના હૈ કે નહીં? એમ આવે છે, ગાયન આવે છે. અમે તો વાંચેલું ઘણું ને. જેમ કૃષ્ણને કરવું હોય તે કરે, જેમ નારિયેળ પાણી ચડે. નારિયેળ પાણી ચડે. એમ કહે ભગવાનને કરવું હોય તો શું ન થાય? એમ એ લોકો તો એ રીતે બોલે. પણ આ તો સ્વભાવ એનો છે. ન્યાં ભગવાન ક્યાં કરવા આવતો'તો? આહાહા! ટોપરાના અંદરમાં પાણી આવી જાય તે મીઠું થઈને, ટોપરું. એવો જ કોઈ સ્વભાવ.

એમ ભગવાન આત્મા ગોળો ચૈતન્યનો એવો કોઈ સ્વભાવ છે, ઊંડે અંદર જતાં ઊંડે એમાંથી એકલો આનંદનો ને શાંતિનો રસકંદ છે. એ ભાવનો પત્તો મેળવવો એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? આવી વાત છે. ત્યાં એમાંય એમ આવે. હાથી કોઠું ગળે, આખે આખું નીકળે. જોયેલું ને નજરે જોયેલું, અમે ઉમરાળા જોયેલું. હાથી આવેલા. આ તો ૭૦ વર્ષ પહેલાની વાત છે. છોકરાઓ બધા જોવા ગ્યા'તા. કોઠા ઓલા કાળામશ. મોટા બે–અઢી શેરનું કોઠું. કોઠાના ઝાડ છે નદીકાંઠે. શંકરના દેવળમાં મોટા કોઠા આવડા. બશેર-બશેરનું કોઠું ગળે નીકળે નવટાંક આખું. જઠર જ એવી કોઈ જાતની(રચના કે ફક્ત) રસ ચૂસાય. અંદર રસ ન મળે. આખું નીકળે. જોયું'તું મેં નજરે જોયું'તું. નાની ઉંમરની વાત. પડ્યું'તું કોઠું ..... ભાંગે ભડાક દઈને. કહો, એ વળી કટકા કરે નહીં ને રસ નીકળી જાય. સમજમેં આતે હૈં સમજમેં? (શ્રોતા : સમજે નહીં મહારાજ ક્યા ચીજ હૈ?) સમજ મેં નહીં આતે ક્યા ચીજ? કહો, ગુજરાતી સમજે નહીં, એમ કહે એટલે માંડી વાળ્યું. વહ નારિયેળકા સમજે કે નહીં? (શ્રોતા : હાં વહ તો સમજે)

વો હાથી હૈ ને હાથી કોઠા ગળતે હૈં. કોઠા સમજતે હૈં? કોઠા નહીં સમજતે? (શ્રોતા : શંકરકો જો પાન ચઢાતે હૈં ને ઝાડકા ફળ હોતા હૈ). ઐસા ફળ હોતા હૈ. કોઠા

ઉસકી ચટણી પણ હોતી હૈ, ચટણી ભી હોતી હૈ. કોઠા બશેર બશેર હોતે હૈં. કોઠા બહોત હોતા હૈ યહાં. (શ્રોતા : .......) કોઠા ન્યાં તો નદી (કાંઠે) છોકરાઓ રમવા જતા, ન્યાં આવડા આવડા મોટા કોઠા થતાં, નદીને કાંઠે કોઠા ઈતના બશેર બશેર હોં! તોલ ચીકણું ઐસા. વહ હાથી ખાય જાય ને નીકળે ઐસા ને ઐસા આખા, રસ સૂચી જાય. (શ્રોતા : ......) તોલમેં નવટાંક રહે ને આખું પાછું આમાં નીકળે. આખા સમજે ને? અખંડ—કટકા કટકા નહીં. ભેદ નહીં. ઐસા હી સ્વભાવ હૈ. સ્વભાવમાં તર્કનો અભાવ છે, એમ કહે છે. આહાહા! આ તો જોયેલું હોં નજરે. અમારે ત્યાં હાથી ઘણા આવે ને અને મોટા કોઠા ઉમરાળા થાય છે એને ખવડાવે. મહાવત ખવડાવે ને એ ખાય. નીકળેલું આમ, પડેલું આમ જોયેલું. એ વસ્તુનો સ્વભાવ. હાથીના જઠર એનો રસ લઈ લ્યે ને આખું રહી જાય.

એમ ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો એકલો રસ અનુભવમાં લે અને આનંદનો સ્વાદ આવે. આહાહા! એ સ્વભાવની વાત જ કોઈ અચિંત્ય છે. આ કેટલો કેમ, એ પ્રશ્ન જ નથી ત્યાં. જેનો સ્વભાવ, જેનું સ્વરૂપ જ જેનું અનાદિ એ અનંત બેહદ જેનું જ્ઞાન, બેહદ જેનો આનંદ, એવી સ્વભાવની અપરિમિત શક્તિ, એમાં પુણ્ય-પાપના વિકલ્પની ગંધ નથી. એવા સ્વભાવની દૃષ્ટિ કરે અને અનુભવ કરે એને ધર્મ થાય. બાકી આ દયા, દાન, વ્રત, ભક્તિ એ કાંઈ ધરમ-બરમ નથી. સમજાય છે કાંઈ? એમ ન લેવું કે આટલા શરીર પ્રમાણે આવો આત્મા, આ શું કહે છે? એમ નહીં બાપુ! તને ખબર નથી. ભલે શરીર પ્રમાણે હોય અસંખ્ય પ્રદેશી છે. અરે! એ તો ઠીક પણ નિગોદનો જીવ, લ્યોને. એક શરીરમાં અનંતા જીવ. એક રાઈ જેટલો કટકો બટાટાનો. અસંખ્ય શરીર ને એક શરીરમાં અનંતા જીવ. એક એક જીવ આવા અનંત આત્મધર્મ ને શાંતિથી પડેલું છે તત્ત્વ. આહાહા! પોપટભાઈ!

વિશ્વાસ, વિશ્વાસ લાવ. સ્વભાવ જેનો એક રાઈ જેટલી કટકી બટાટાની આલુની. એ આલુ કહતે હૈં. સક્કરકંદની, મૂળા, ગાજરની એક રાઈ જેટલી કટકીમાં અસંખ્ય તો શરીર અને એક શરીર અંગુલના અસંખ્યમાં ભાગનું. એમાં અનંત આત્મામાં અને એમાં એક આત્મા અનંત અનંત આનંદ અને જ્ઞાનનો સ્વભાવનો પિંડ દ્રવ્ય પડ્યું છે. આહાહા! પંડિતજી, ઈ તર્કનો પ્રશ્ન નથી. સ્વભાવ જ આવો છે. આમ દેખાયને આ બે દાખલા કહ્યા ને. પછી તો શ્રીકૃષ્ણને કરવું હોય તે કરે, એમ કહે ઈ. (શ્રોતા :.....) આ તો શક્તિનો એનો સ્વભાવ તો જુઓ. ઓહોહો! મનુષ્યના જઠરનો એવો સ્વભાવ નહીં ને હાથીના જઠરનો એવો સ્વભાવ, આખા કોઠાનો રસ લઈ લે. એ તો વસ્તુનો સ્વરૂપ છે, ભાઈ સ્વભાવ છે.

એમ આ કહે છે, ભઈ પુણ્ય-પાપ છોડવાનું તમે કહ્યું તો હવે અમારે કરવું શું? એમ આવ્યું ને? અમારા આલંબન શું કહેવાય, શ્રાવક ને મુનિને? પછી કંઈ કરવાનું ભાસ્યું, એને તો તમે કહ્યું, એ તો બંધ છે, એ તો બંધ છે, એ તો બંધ છે. ત્યારે તો હવે આલંબન શું શ્રાવકને ને મુનિને? ભાઈ! આલંબન ભગવાન આખો પડ્યો છે, તને ખબર નથી. આહાહા! અનંત બેહદ જેની શક્તિ. ક્ષેત્ર ન જુઓ. એનો સ્વભાવ બેહદ આનંદ, બેહદ જ્ઞાન. એ વિકલ્પમાં રોકાય છે, ઈ એનો સ્વભાવ નથી. આહાહા! સમજાણું કાંઈ? એવો એનો સ્વભાવ છે. એનાથી વિપરીત શુભ કે અશુભ પરિણતી બેય વિભાવ. આહાહા! અરે, વિચાર તો કર કે એક નિગોદનો જીવ શરીર, એમાં અનંતા જીવ. એમાં એવા એક જીવને શુભ પરિણતી થાય કે મનુષ્ય થાય ને એકને શુભ પરિણતિ થાય પણ એનો એમાં ને એમાં જન્મ લે પાછો, નિગોદમાં ને નિગોદમાં. જુઓ, તો આ એક અસ્તિ સત્ સત્‌નું સત્વ તો શું છે? આહાહા! લોકોને એમ લાગે કે આ શું છે? શું નહીં, એવો વસ્તુનો સ્વભાવ જ છે. સમજાણું કાંઈ?

કહો, એની શુભ પરિણતી ને અશુભ પરિણતિ બેય અજ્ઞાન છે. એ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ જે જ્ઞાન છે, વસ્તુ સ્વભાવ જે જ્ઞાન છે, આનંદ છે. એથી તે કેવલ ઊલટો ભાવ છે ને ઊલટાથી લાભ થાય, એમ કહેવું છે? શુભભાવથી તને ધર્મ થાય? શલ્ય મોટું છે, કહે છે. તારા સ્વભાવની તને ખબર નથી. એ ખરેખર તો સ્વભાવને એ શુભરાગની અપેક્ષા પણ નથી, એમ છે. એવો એનો સ્વભાવ છે. કોનો? (શ્રોતા : આત્માનો.) આત્માનો સ્વભાવ એવો છે કે આ શુભરાગ હોય તો શુદ્ધતા થાય, એવો એનો સ્વભાવ જ નથી. આહાહા! ભઈ પહેલો તો વિકલ્પ હોય કે નહીં? હો, તો તો અનાદિનો છે કહેવો કોને? છતાં કહેવામાં એમ આવે આવે છે ને ઓલામાં, ધર્મી જીવ સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે. એનો અર્થ ઈ કે પહેલો વિકલ્પ આવે છે કે આ જ્ઞાન છે, આનંદ છે, આ સ્વભાવ છે. પછી એ રાગથી ભૂલી સ્વભાવને અનુભવે છે. એને રાગની અપેક્ષા વર્તમાનમાંય નથી ને પૂર્વેય હતી માટે થઈ, એમેય નથી. એવો જ એનો કોઈ અચિંત્ય સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

એના મહાત્મ્ય આવે નહીં ને આ રતનના ને હીરાના ને માણેકના ને પુણ્ય પરિણામના ને શાતા બંધનના ને એના સંયોગના, (શ્રોતા : એમાં અટવાઈ ગયો છે.) એનું મહાત્મ્ય એને લાગે છે. આહાહા! ભાઈ, શરીર સારા હોય, આજીવિકા ઠીક હોય તો ધર્મ થાય. વાત જ ખોટી છે તારી. તું સમજતો નથી તત્ત્વને. વસ્તુનો સ્વભાવ એવો નથી. આહાહા! સમજાણું કાંઈ? આંહીં તો બેયના ફળ બતાવે છે ને. ..... પુણ્યનું હેતુ. પણ કંઈ એ વસ્તુ છે, એ કાંઈ આત્માનો સ્વભાવ નથી ને એને લઈને કાંઈ દુઃખ નથી. સમજાણું કાંઈ?

અશુભ પરિણતિ ને શુભ પરિણતિ, વિકૃતિ—આત્માનો વિભાવ. 'दोनों ही आस्रव-बंधरूप है,' લ્યો. બેય આસ્રવરૂપ છે ને બંધરૂપ છે. 'संवर निर्जराके कारण नहीं'. છે? શુદ્ધતાનું કારણ નહીં, એમ કહ્યું. એમ કહ્યું કે નહીં એમાં? સેઠી! ઉસમેં હૈ? સંવર નિર્જરાનું કારણ નહીં શુભભાવ. એ વ્રતના પરિણામ એ કરતાં કરતાં આપણને શુદ્ધિ થાશે, એમ કહે છે. કહે, ના, ના, મૂઢ છો. તને તારા સ્વભાવની ખબર નથી. સમજાણું કાંઈ? પેલા કહે કે આપણે આ શુભકષાય રાખીએ આ વ્રતાદિ પછી શુદ્ધિનું કારણ છે. તને વસ્તુના સ્વભાવની ખબર નથી. આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતા : આસ્રવ બંધ તત્ત્વકો સમજા હી નહીં). પુણ્ય-પાપ પરિણામ વહ આસ્રવ હૈ નયા હુઆ, વહ આત્મામેં હૈ નહીં ઔર રૂક ગયા વહ બંધ હૈ. ભાવબંધ હોં, દ્રવ્યબંધ એકકોર રહા. આહાહા!

સંવર નિર્જરાકે કારણ કિંચિત નહીં, એમ લેવું. જરી શુભભાવમાં શુદ્ધતાનો અંશ છે, વળી એમ કહે છે ને? એ બીજી વાત છે. આ બીજી વાત છે. આવે છે ને બનારસીદાસમાં? એ બીજી જાતની વાત છે. એ તો ત્યાં અજ્ઞાનીનેય હોય છે. એમાં શું છે? એ વસ્તુની.... ત્યાં તો એક શુભભાવ છે, એમાં જરી અંશની ચારિત્રની શુદ્ધતા ન હોય તો ચારિત્રનો અંશ વધીને ક્યાં જશે? એકલો અશુદ્ધ ભાવ વધે તો અશુદ્ધતા જ વધે. શુદ્ધતાનો અંશ હોય તો શુદ્ધતા વધે, એટલું ત્યાં સાબિત કરવું છે. સમજાણું? જ્ઞાન ને આનંદ. જ્ઞાન વધીને વધે તો જ્ઞાન થાય. મતિ વધીને કેવળ થાય. પણ હવે શુદ્ધતા ચારિત્રની યથાખ્યાત ચારિત્ર થાય, એ ક્યાંથી થાય? એકલો અશુભ હોય એમાંથી વધીને યથાખ્યાત (ચારિત્ર) થાય? એમ. પણ યથાખ્યાત ચારિત્રનું બીજડું ત્યાં અંશે છે. અજ્ઞાનીને શુભભાવમાં અંદર છે, પણ સમ્યક્દર્શન ભાન થતાં એ શુદ્ધ સ્વભાવ તરફ જાય. (શ્રોતા : અંકુર ફૂટે.) અંકૂર ફૂટે. આહાહા! કેવી વાત કરી જુઓ બનારસીદાસે. ઈ ત્યાં શાસ્ત્રમાં છે? એય! એમાં શું? ગમે ત્યારે જ્ઞાનીને અંતરથી આવી હોય ન્યાયથી, ઈ કહે. માનવું ન માનવું, આચાર્યનું જ માનવું, એનો અર્થ શું? સમજાણું કાંઈ?

'दोनों ही मुक्तिमार्गमें घातक होनेसे पाप और पुण्य दोनों एक ही है.' વસ્તુનો સ્વભાવ, એનાથી વિરુદ્ધ બે ભાવ. જેને દુનિયાને તો એ મહાવ્રત પાળવા ને અણુવ્રત પાળવા, ઈ સર્વસ્વ ધર્મ. જાણપણું ભલે તમને થોડું હોય પણ આ કરો એટલે તમે તો કરવાનું હતું, તે તમે કર્યું, જાવ. પ્રકાશદાસજી! ઐસા સુના થા. તમે કહ્યું હતું ને એમાં કે ભઈ કરના કરના હૈ, અંતે તો ધર્મ કરવો છે ને? પછી જાણપણું ઓછું હોય, પાંચ મહાવ્રત પાળો (એ) ધર્મ. તીર્થંકરોને પણ એ કરવું પડ્યું, એમ કહે છે. અરે! સાંભળને ભાઈ, તને ભાન નથી. પાંચ મહાવ્રતના પરિણામ તો વિકલ્પ ને વિભાવ ને અધર્મ છે. આરે! પોપટભાઈ! ઉતાવળી થઈને પડી છે ને તમારી એક ભાઈની દીકરી.

ચંદુભાઈ નામ છે ને? આહાહા! બિચારા શું કરે? ખબર ન મળે. ઉપર ભભકાં ખાલી જોવે. માલ જોવે નહીં, અંદર માલ શું છે? હાલી નીકળ્યા આ લુગડા ફેરવ્યા ને થઈ ગ્યા સાધુ. એ વજુભાઈ! એ બચી ગઈ. તમારી ગઈ ને આની બચી ગઈ. આ એવું છે ભાઈ. આ સંસાર એવો છે.

એવો કોઈ માર્ગ. જેની જાતમાં સ્વભાવ ભરેલા છે. જેને સંસારના ઉદયની જેને ગંધ નથી. સંસાર જેના સ્વભાવમાં નથી અને અનંત અનંત અચિંત્ય આનંદ ને જ્ઞાન જેના ભાવમાં છે. એનો અનુભવ થયા વિના ધરમ-બરમ ક્યાંય છે નહીં. શું સમજાણું? ઈ નારિયેળના મૂળમાં પાણી નાખે તો ઉપર ચડે ને? (શ્રોતા : આત્માના મૂળમાં નાખે તો ચડે.) નારિયેળ ઉપર પાણી નાખે તો ન ચડે પાછું, હોં! એમ આત્મા પુણ્ય પાપના વિકલ્પ વિનાનું મૂળ, મોક્ષનું મૂળિયું ભગવાન છે. એવો શુદ્ધ સ્વભાવ એમાં એકાગ્ર થવાથી મુક્તિ ને ધર્મ થાય. બાકી બધી વાતું છે. સારું લાગે ન લાગે, એકાંત લાગે. તો છે તો એવું, એકાંત જ છે. કેમકે શુભથી પણ ન થાય. ને એમ કહે છે કે આનાથી જ થાય, તો એકાંત થઈ ગયું. એકાંત જ છે, સાંભળને! આહાહા! અરે! આખો ભગવાન છે ને કહે છે ભાઈ! જ્ઞાન સ્વભાવ, આનંદ સ્વભાવ. એમાં તો પરિણતી શુભ-અશુભ તો જ્ઞાનભાવ વિપરીત છે. એ મુક્તિમાર્ગમાં ઘાતક છે. લ્યો, જે ઘાતક છે એ સહાયક છે?

મોક્ષમાર્ગમાં આવે છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. શુભ છેલ્લો હોય છે એટલે એનો....કરે તો નજીક છે. શુદ્ધ ઉપયોગ, એમ. એટલે ઈ નાખે કેટલાક માળા. આહાહા! અરે! એનો તો અભાવ કરે ત્યારે થાય ઈ એનો અર્થ. શુભભાવ પોતે શુદ્ધનું કારણ બિલ્કુલ નથી, એ તો ઘાતક છે. ઈ આવે છે ત્યાં, મોક્ષમાર્ગમાં ક્યાંય સાતમામાં નહીં? જે ઘાતક છે તે બંધનું કારણ છે, એમ શ્રદ્ધવું, શ્રદ્ધા એમ કરવી. શુભ પરિણામ એ આવે છે પદ, આ બાજુ આવે છે. ૭મા અધ્યાયમાં શ્રદ્ધાનો. રાગ છે એ બાધક છે, ઘાતક છે, એમ શ્રદ્ધવું. ઘાતક છે એ આત્માને નુકશાન કરનાર છે. ઈસલિયે દોનોં મુક્તિકા માર્ગ નહીં, એ માટે મુક્તિનો માર્ગ નહીં, માટે પુણ્ય-પાપ એક છે. એક હી હૈ, એમ છે ને?

'यद्यपि दोनोंके कारण'....બેયના કારણોમાં ફેર. બંધનના કારણમાં (ફેર), એકને શુભભાવ ને એકને અશુભ. રસમાં ફેર, સ્વભાવમાં ફેર. બંધનનું અને ફળમાં ફેર ભલે હો, છતાં વસ્તુ તો એક જાત છે. અને દુનિયાને પુણ્ય પ્રિય લાગે છે, પાપ અપ્રિય લાગે છે. આરે! મીઠાશ લાગે આમ. ઓફિસમાં બેઠો હોય ને પાંચ પચ્ચીસ નોકરો હોય. જુઓ, ગ્યા'તાને ત્યાં રામજી હંસરાજ. એનું મકાન છે ન્યાં મોટું મુંબઈમાં. (શ્રોતા : કામાણી હાઉસ) કામાણી હાઉસ. સાથે હતા મોટરમાં સાથે આવ્યા હતા. ત્યાં ગ્યા'તા.

બધાં મોટા મોટા નોકરો ઊભા થઈ ગયા. પેસતાં જ એમ થઈ જાય, આહાહા! (શ્રોતા : આપને શું કરવા તેડી ગયા હતા?) પગલા કરવા માટે ન્યાં. (શ્રોતા : દુઃખી થાવા?) છાપ એવી છે ને કે ભઈ, આ મહારાજના પગલાં થાય તો પૈસા થાશે, આબરૂ વધશે, આ થશે ને આ થશે. એવું છે ને? આહાર કરીને ઘરેથી આવ્યા હતા. આહાર કરીને પછી ગ્યા'તાને મોટરમાં સાથે ગયા હતા. સાથે હતા હંસરાજભાઈ. મોટા મોટા પગારદારો હોં. હજાર હજાર બે હજાર. બાઈ મોટી બેઠી'તી પગારદાર. (શ્રોતા : ટાઈપીસ્ટ) એ વજુભાઈ!

જુઓને, આ દેખાવ અને એક ભંગીયાને ઘરે ગયો હોય ને ઝૂપડું ઘાસનું મેલું મેલું ઘાસ હોય, મેલું ઘાસ. અમારે ઉપર પડદા પડ્યા હોય એવાં. મેલાં મેલાં લૂગડાં મેલાં. હોય ભંગીયો અંદર બેઠો હોય. હોય ભલે સમકિતી, અરે, પ્રિય કેવી લાગે વાત જુઓ! જોઈને બેસવાનું મન થઈ જાય ઓલા સારા સાથે. આને જોઈને....પુણ્ય પ્રિય ને પાપ અપ્રિય. પોપટભાઈ! ધૂળેય નથી, કહે છે, મફતનો ગાંડો પાગલ છો! (શ્રોતા : શાતા વહાલી અને અશાતા અળખામણી) અળખામણી. કોઈના વખાણ કરવા (જેવા નથી). ઈ સાચી વાત. કહે છે લોકો હોં! અશાતા અળખામણી, શાતા (શ્રોતા : શાતા વહાલી અને અશાતા અળખામણી). શાતા વહાલી (શ્રોતા : અથવા પ્રિય કહો) પ્રિય કહો કે વહાલી કહો. નિરોગી શરીર હોય સાંઢડા જેવું, વહાલી લાગે. ધૂળેય નથી સાંભળને! શરીરમાં રોમ રોમ, રૂંવાટે રૂંવાટે રોગ હોય, એ કાંઈ અપ્રિય નથી. એ તો જગતની વસ્તુ ચીજ છે, જ્ઞાન કરવાનું જ્ઞેય છે. આહાહા!

'पुण्य प्रिय और पाप अप्रिय लगता है, तो भी सोनेकी बेड़ी और लोहेकी बेड़ीके समान दोनों ही जीवको संसारमें संसरण करानेवाले है.' ઓલો એમ કહે છે, હેં! શુભભાવ સંસારમાં વધારવાનું કારણ છે. પણ શું કહે છે સાંભળને! આહાહા! (શ્રોતા :.......) ભગવાનની ભક્તિ, વ્રત, સંસારને વધારનાર? શું છે એમાં જુઓ. એ શુભભાવ ભગવાનની ભક્તિ ને દયા ને વ્રત, વ્રતના ભાવ—એ સંસારમેં સંસરણ કરાનેવાલા હૈ. છે સેઠી એમાં? (શ્રોતા : છૂટના હૈ) છૂટના માટે તો કહતે હૈં. હૈ નહીં ઉસમેં. એ તો એમ કહે છે કે કોઈ કરશે નહીં, સેઠી એમ કહે છે. કોણ કરે છે? એ તો એના આવવા કાળે આવે. વસ્તુમાં ક્યાં હતા? આહાહા! આકરું કામ! કોલેજમાં આ છે ને જેમ.

'एक तो शुभोपयोग और दूसरा अशुभोपयोग है'. બેય ઉપયોગ એક જાતના છે, કહે છે. 'शुद्धोपयोग कोई भी नहीं है'. બેમાંથી એકેય શુદ્ધઉપયોગ છે નહીં.

આહાહા! 'इससे मोक्षमार्गमें दोनोंकी सराहना नहीं है'. દેખો, મોક્ષમાર્ગમાં બેયની અનુમોદના છે નહીં. આ ઠીક છે શુભ ને અશુભ અઠીક છે, એવું વસ્તુના સ્વરૂપમાં છે (નહીં.) 'दोनों हेय ही है'. કેટલું સ્પષ્ટ કર્યું. બેય હેય છે. 'दोनों आत्माके विभावभाव है, स्वभावभाव नहीं है, दोनों पुद्‌गलजनित है'. ઘણું સ્પષ્ટ કરે છે. દોનોં પુદ્‌ગલજનિત હૈ. પુદ્‌ગલથી ઉત્પન્ન થયેલાં છે. ચંડાળણીના દીકરા છે, વિભાવ.

'आत्मजनित नहीं'. આત્માથી ઉત્પન્ન થયેલા (નથી), આત્મા તો આનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનાથી ઉત્પન્ન થયેલો ભાવ છે? ભારે કામ! પંડિતજી! આ કામ ભારે આકરું પડે છે લોકોને. ભડકે છે બિચારા. સોનગઢનું પુસ્તક, સોનગઢની વાણી આવે, સોનગઢના વિદ્વાન આવે (એટલે) ભડકે. એ તો એકાંત છે, એકાંત છે. એમ કહે, ઈ તો એકાંત જ કહે છે, મુક્તિના કારણ કહે છે પણ બંધના કારણને બતાવતા નથી. બંધના કારણ બતાવતા છે, એમ કોણે કહ્યું? પણ બંધના કારણથી લાભ છે, એમ બતાવતા નથી, ઈ એને ખટકે છે. દોનોં પુદ્‌ગલજનિત. 'इनसे मुक्ति नहीं हो सकती और न केवलज्ञान प्रगट होता है', લ્યો. છે ને?

'आत्मामें स्वभाव, विभाव दो प्रकारकी परिणति होती है', લ્યો. એક ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ આનંદ નિર્મળની અવસ્થા થવી અને એક વિકારી અવસ્થા થવી. 'स्वभाव परिणति तो वीतरागभाव है.' જ્ઞાન ને આનંદ સ્વભાવ એની સન્મુખતાની જે પરિણતી, એ તો વીતરાગભાવ છે. 'विभाव परिणति राग-द्वेषरूप है.' વિકારી ભાવ તો બધા રાગદ્વેષરૂપ છે. 'इन राग और द्वेषमेंसे द्वेष तो सर्वथा पापरूप है', અહીંયા એ સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? પંચાસ્તિકાયમાં એમ કહ્યું છે ને. એ પ્રમાણે લીધું. આત્માનુશાસનમાં જરી દેવ-ગુરુ શાસ્ત્ર પ્રત્યે પ્રેમ થતાં કોઈ એને દેવ-ગુરુને કોઈ મુનિને સિંહ આદિ જો મારતાં હોય તો એના પ્રતિ જરા દ્વેષ આવે છે, એ પુણ્યનું કારણ છે, શુભભાવ છે. કારણકે એ કાંઈ મારવાનો ભાવ નથી ખરેખર. (શ્રોતા : બચાવવાનો) બચાવવાનો એટલે એ ફક્ત મુનિને બચાવવાનો છે. અહીંથી ખસી જાય ત્યાં મારવા આઘો જાય? (શ્રોતા : નહીં, બિલ્કુલ નહીં.) એટલે સિંહ મારતો હોય મુનિને ત્યાં, તો ધર્મીને એવો રાગ આવે તો એમાં દ્વેષ પણ આવી જાય અંદર. ભારે ગજબ વાતું! આહાહા!

એક જણાએ લખ્યું'તું. રામચંદ્રજીએ ઓલાને માર્યો, કેવો શંબૂક? અને દ્રોણાચાર્યે ઓલાનો અંગૂઠો કાપ્યો. એની વિદ્યા શીખ્યો હતો ને. આવો હિંદુ ધર્મ? નહીં, છોડ હિંદુ ધર્મ. અરે, સાંભળને માળા કઈ અપેક્ષાથી હતી વાત. માળા આવા નીકળ્યા, લ્યો. છાપામાં આવી હતી એ વાત. આવો હિંદુ ધર્મ ન હોય. નીકળ્યો હશે ફાટેલો કો'ક. અરે!

હિંદુ ધર્મ એટલે એ તો રાજા હતા. રાજકાળમાં એવું કોઈ થાય રાજાને, તે શું છે? સ્વભાવમાં ક્યાં છે? એને મારવા જેવું છે, એમ ક્યાં છે? આ મારવાનું ઠીક છે, એમ છે? કરે છે કેમ? કે એમ ભાવ આવ્યો ને ક્રિયા થઈ ગઈ. ઈ તો જાણનાર જ્ઞાની તો છે. ભારે કામ આ તો. (શ્રોતા :.....) મુનિને ન મારવાનું ભાવ છે. (શ્રોતા : ........) શું કીધું ભઈ, ઈ તો વાત હાલે છે આ. પાછી ઈ માંડી પાછી. પકડતા નથી. એ તો માંડી કે આનો શુભભાવ છે ને ઓલાનો મારવાનો અશુભભાવ છે. આંહીં કાંઈ સિંહને મારી નાખવાનો ભાવ નથી. એ તો પહેલા વાત થઈ પકડતાં નથી.

અહીં મુનિને બચાવવાનો ભાવ છે, તેનો શુભ છે અને ઓલાનો સિંહને મુનિને મારી નાખવાનો ભાવ છે. સાધકપણું જગતમાં ન હો, એવો ભાવ છે, એ તો પાપભાવ છે. નરકમાં જાય. સિંહને મારનારો સ્વર્ગમાં જાય. ભારે ભાઈ! આ તો વળી આવ્યું, આવું કેમ હોય? જરી એમ માને આ. ભાઈ, સમજાણું? ઓલા દશરથ નંદન આવું કરે? અને અમારા જેવા સારા માણસ કોઈ દિ' કોઈ જીવને મારે જ નહીં, એમ કહે એમ. અમારા સજ્જન માણસો....આ શું ઈશુ ખ્રિસ્ત જેવા, કોઈને મારવું નહીં. (શ્રોતા : સમયે સમયે પોતાને મારે) એવા જીવ જોઈએ. એ વજુભાઈ! ભાઈ! તને ખબર નથી. શુદ્ધતા અને વચમાં આવનારો શુભ-અશુભભાવ એની મર્યાદા કેટલી છે ને એનું ફળ કેટલું છે જ્ઞાનીને એની તને ખબર નથી. સમજાણું કાંઈ? રાગ ને દ્વેષમેંસે દ્વેષ તો સર્વથા પાપ કીધું આંહીં, પણ કોઈ ઠેકાણે પુણ્ય પણ કહેવાય છે, આત્માનુશાસનમાં.

'परंतु राग प्रशस्त और अप्रशस्तके भेदोंसे दो प्रकारका हैं'. શુભરાગ ને અશુભરાગ, રાગના બે પ્રકાર છે. (શ્રોતા : દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ) દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ. 'प्रशस्त राग पुण्य है और अप्रशस्त राग पाप है। सम्यग्दर्शन उत्पन्न होनेके पहले स्वभावभावका उदय नहीं होता'. અતઃ, માટે ઓલા કહે છે ને કે સમ્યક્દર્શન સ્વભાવ નથી માટે પહેલો શુભભાવ હોય, એ જ સમ્યગ્દર્શન પામવાનું (કારણ) મિથ્યાત્વમાં. અરે સાંભળને હવે! આવા એ ગોટા વાળે છે.

'अतः मिथ्यात्वकी दशामें जीवकी शुभ वा अशुभरूप विभाव परिणति ही रहती हैं'. મિથ્યાત્ શ્રદ્ધા ઊલટી છે. જેને પુણ્ય પરિણામમાં ધર્મ થાય, પાપ પરિણામમાં મજા પડે, એવી મિથ્યાત્વ દશામાં શુભ અશુભભાવ પરિણામ બેય વિભાવ પરિણતી જ હોય. 'सम्यग्दर्शनकी उत्पत्ति हुए पीछे', હવે બીજો બોલ, 'कर्मका सर्वथा अभाव होने तक...' આવ્યું'તું ને એ આઠે કર્મનો નાશ ન થાય ત્યાં બે ધારા છે. 'स्वभाव और विभाव दोनों परिणति रहती हैं'. ધર્મી જીવને આત્માનું ભાન થયું છતાં પૂર્ણ વીતરાગ ન થાય તો

સ્વભાવ ને વિભાવ બેય હોય છે. હોય છે માટે ધર્મ નથી, એમ છે નહીં. અને હોય છે માટે વિભાવ ધર્મ છે, એમ પણ (નથી). આહાહા! સમજાણું કાંઈ? ગજબ વાતું છે. જેના જનમ-મરણના છેડા અંત લાવવા હોય, એની આ વાતું છે. ક્યાંક પણ જો મીઠાશ રહી ગઈ રાગમાં, થઈ રહ્યું, એ તો છે અનાદિનું છે ઈ સંસાર. ભગવાન આત્મા વિકલ્પ વિનાનો એની ભાનદશા થતાં વિભાવ પણ થોડો બાધક છે ને, સાધક છે ખરો ને. બાધકપણું થોડું હોય છે. બાધકપણું હોય છે માટે સાધકપણું ત્યાં નથી, એમ નહીં. એક સાથે સાધકપણું ને બાધકપણું હોઈ શકે. એ પહેલું આવી ગયું હતું. સમ્યક્દર્શન ને મિથ્યાત્ એક સાથે રહી ન શકે, સાધકપણું ને બાધકપણું એક સાથે રહી શકે. એમાં વિરોધ નથી. અનંત જીવોને એવું થયું છે.

'सो स्वभाव परिणति संवर-निर्जरा और मोक्षकी जननी रहती है,' લ્યો. મુનિને, સમકિતીને જેટલી સ્વભાવદશા પ્રગટી છે, એટલી તો સંવર, નિર્જરા ને મોક્ષની જનની, મોક્ષની ઉત્પત્તિ છે સમકિતીને પણ. 'और विभाव परिणति बंधहीको उत्पन्न करती है.' આહાહા! આ તો ધીરાનું કામ છે. અંતર્મુખ દૃષ્ટિ થઈ છતાં એ બહિર્મુખનો વિભાવભાવ પણ હોય છે. સમજાણું કાંઈ? આહાહા! બાહુબલી ને ભરત બેય લડ્યા. એણે ચક્ર માર્યું. કહે, આવું હોય? પણ બાપુ વિભાવ પરિણતીનો ભાગ છે ભાઈ! એનાથી તો મુક્ત છે છતાં હોય છે. લોકો ઈ મુક્ત છે, એવું ન જોઈ શકે. સહિત છે, એવું જોઈ શકે. લ્યો, આવું આ કરે? આવું આ કરે? ફોતરાને ભાળે. અંદર ચોખો કસ ઉત્પન્ન થયો છે એમાંથી, ખબર પડે નહીં. 'विभाव परिणति बंधहीको उत्पन्न करती है.' કોને? સમકિતીને, ધર્મી જીવને. ૪-૫-૬ ગુણસ્થાને જેટલો સ્વભાવ પ્રગટ્યો છે એટલો સંવર નિર્જરા છે. વિભાવ છે એ બંધનું કારણ છે.

'इसका खुलासा इस प्रकार है कि 'जावत शुद्धोपयोग पावत नहीं मनोग, तावत ही ग्रहण जोग कही पुन्न करनी'. એ નાખ્યું એણે જરી. એને હોય છે. શુદ્ધ ઉપયોગ જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી ધર્મીને મનાત પણ થોડો પણ ભાવ એવો હોય છે. મનાત સમજ્યાને? થોડોક......મનોગ, મનોગ. આમ તો મનાત છે બીજે ઠેકાણે તો. થોડો પણ શુદ્ધ ઉપયોગ ન થાય પૂર્ણ, એમ. 'तावत ही ग्रहण जोग कही पुन्न करनी'. ત્યાં સુધી એની.....જ્ઞાન કરાવ્યું છે. 'शुद्धोपयोग पावत नहीं मनोग'. મનને પ્રસન્ન કાર્ય એવો શુદ્ધભાવ. શુદ્ધભાવ તો ચોથેથી ઉત્પન્ન થાય પણ શુદ્ધ ઉપયોગ પૂર્ણ ન થાય ત્યાં સુધી એને ગ્રહણ જોગ કહી પુન્ન કરની. શુભભાવ હોય છે બસ એટલું. ભાષા તો બધી કહી, પુન્ન કરની ગ્રહણ જોગ. ગ્રહણ જોગ ક્યાં હતી? પણ વ્યવહારથી સમજાવવું હોય તો શું સમજાવે? (શ્રોતા : પાપસે બચના) પાપથી બચવાનું કહેવું એ પણ એક અપેક્ષા

છે. (શ્રોતા : વ્યવહાર છે) પણ એ વખતે એવો પુણ્યભાવ એવો હોય જ છે. તે કાળે તે સમયે તે જ ભાવ હોય. પણ પછી બોલવામાં એમ આવે કે પાપથી બચવા માટે વિકલ્પ આવે ખરોને કે આ પાપ ન હોય તો ઠીક, એ અપેક્ષાએ એમ. બાકી ઠીક અઠીક તો કાંઈ નથી. ભારે વાતું!

'.....की रीतिसे सम्यग्दृष्टि श्रावक और मुनि, पाप परिणतिसे बचकर, देखो, शुभोपयोगका अवलंबन लेते हैं।' આવે છે, એનો અર્થ. અવલંબનનો અર્થ નિમિત્તપણે હોય છે, એમ. 'और शुभ परिणति उन्हें आस्रव ही उपजाती है'. ઈ શુભભાવ તો આસ્રવ ઉપજાવે છે. કહો, પાંચ મહાવ્રતના પરિણામ છઠ્ઠે ગુણસ્થાને હોય છે પણ એ આસ્રવ ઉપજાવે છે. અંદર આત્માનો જે અનુભવ થઈને દશા પ્રગટી તેટલી સંવર નિર્જરા છે. સમજાણું કાંઈ? 'उन्हें जो गुणश्रेणिरूप निर्जरा होती है,' ધર્મીને, वो शुद्धोपयोगके बलसे होती है', એમ. આ શુભભાવથી કાંઈ થાતું નથી થતું એને ગુણશ્રેણી નિર્જરા. એ તો બંધનું કારણ છે. 'शुद्धोपयोगके बलसे होती है, शुभ उपयोग तो आस्रव ही करता है.' આસ્રવ હી કરતા હૈ. તબલગ બે થઈને નિર્જરા થાય, આવે છેને રતનચંદજી. જયધવલ. બે થઈને નિર્જરા નહીં તો કોઈ ઉપાય નથી. એ તો પ્રમાણજ્ઞાન કરાવ્યું છે, સાંભળને હવે! ઓહોહો!

'भाव यह है कि जितने अंश राग है उतने अंश बंध है'. પુરુષાર્થ સિદ્ધિ ઉપાય, શ્લોક આવી ગ્યો છે. જીતને અંશે સમકિતીને પણ પાંચ મહાવ્રત આદિનો વિકલ્પ છે, એટલું બંધનું કારણ છે. અને રાગરહિત અંદર આત્મા દ્રવ્યની દૃષ્ટિ થઈ ને રમણતા થઈ, એટલું સંવર નિર્જરા છે. ઈ આત્માનું ભાન નહીં ને એકલા પંચમહાવ્રત પાળે એકલા બંધમાર્ગમાં અજ્ઞાની ને મિથ્યાદૃષ્ટિ છે. 'और जितने अंश ज्ञान और निश्चय चारित्र है उतने अंश बंध नहीं है,' લ્યો. જેટલે અંશે સમ્યક્‌જ્ઞાન થયું આત્મદ્રવ્યનું અને જેટલે અંશે સ્વરૂપમાં ઠરતાં ચારિત્ર થયું, ઈતને બંધ નહીં.

'इसलिये पुण्यको भी पापके समान हेय जानकर शुद्धोपयोगकी शरण लेना चाहिये', લ્યો. પાપને પણ હેય ને પુણ્યના પરિણામને પણ હેય જાણીને શુદ્ધ ઉપયોગનું શરણ લેવું. એનો અર્થ કે શુદ્ધ ઉપયોગ પ્રગટ કરવો. શરણ તો દ્રવ્યનું છે. ભાષા તો એમ આવે ને. આમ ન જા, તો આમ શરણ લેવું. (શ્રોતા : શુદ્ધ ઉપયોગમાં શરણ લેવું.) કહો, સમજાણું કાંઈ? શરણ લેના ચાહિયે, એ ધર્મ છે, એ મંગલિક છે, ઉત્તમ છે ને શરણ છે. એનાથી મુક્તિ છે. પુણ્ય-પાપના બેય વિકલ્પથી મુક્તિ કાંઈ છે (નહીં).

(પ્રમાણ વચન ગુરુદેવ)

# પ્રવચન નં. ૬૦, (ઉપલબ્ધ નથી)
# આસ્રવ દ્વાર પદ ૧, ૨, ૩, ૪

પ્રતિજ્ઞા (દોહરા)

पाप पुन्नकी एकता, वरनी अगम अनूप।
अब आस्रव अधिकार कछु, कहौं अध्यातम रूप॥१॥

**શબ્દાર્થ :**—અગમ=ગહન. અનુપ=ઉપમા રહિત.

**અર્થ :**—પાપ-પુણ્યની એકતાના કથન અને અનુપમ અધિકારનું વર્ણન કર્યું, હવે આસ્રવ અધિકારનું આધ્યાત્મિક રીતે કાંઈક વર્ણન કરું છું. ૧.

**अर्थ** :-पाप-पुण्यकी एकताका गहन और अनुपम अधिकार वर्णन किया, अब आस्रव अधिकारका आध्यात्मिक रीतिसे कुछ वर्णन करता हूँ॥१॥

---

સમ્યગ્જ્ઞાનને નમસ્કાર (સવૈયા એકત્રીસા)

जेते जगवासी जीव थावर जंगमरूप,
तेते निज बस करि राखे बल तोरिकैं।
महा अभिमानी ऐसौ आस्रव अगाध जोधा,
रोपि रन-थंभ ठाड़ौ भयौ मूछ मोरिकैं॥
आयौ तिहि थानक अचानक परम धाम,
ग्यान नाम सुभट सवायौ बल फोरिकैं।
आस्रव पछारयौ रन-थंभ तोरि डारयौ ताहि,
निरखि बनारसी नमत कर जोरिकैं॥२॥

**શબ્દાર્થ :**—થાવર (સ્થાવર)=એકેન્દ્રિય. જંગમ=બે ઇન્દ્રિય વગેરે. અભિમાની=ઘમંડી. અગાધ=અપરિમિત. રોપિ=સ્થાપીને. રનથંભ=યુદ્ધનો ઝંડો. થાનક=સ્થાન. અચાનક=અકસ્માત્. સુભટ=યોદ્ધો. ફોરિકૈં=જાગૃત કરીને. નિરખિ=જોઇને.

**અર્થ :**—જેણે સંસારના બધા ત્રસ-સ્થાવર જીવોને શક્તિહીન કરીને પોતાને આધીન કર્યો છે એવા મહા અભિમાની આસ્રવરૂપ મહા યોદ્ધો મૂછ મરડીને લડાઈનો ઝંડો સ્થાપીને

ઊભો થયો. એટલામાં ત્યાં અચાનક જ જ્ઞાન નામનો મહાયોદ્ધો સવાયુ બળ ઉત્પન્ન કરીને આવ્યો. તેણે આસ્રવને પછાડ્યો અને રણથંભ તોડી નાખ્યો. આવા જ્ઞાનરૂપી યોદ્ધાનો જોઈને પં. બનારસીદાસજી હાથ જોડીને નમસ્કાર કરે છે. ૨.

**अर्थ** :–जिसने संसारके सब त्रस-स्थावर जीवोंको बलहीन करके अपने आधीन किया है, ऐसा बड़ा अभिमानी आस्रवरूप महायोद्धा मूछ मरोड़कर लडाईका झण्डा स्थापित करके खड़ा हुआ। इतनेमें वहाँ अचानक ही ज्ञान नामका महायोद्धा सवाया बल स्फुरित करके आया तो उसने आस्रवको पछाड़ डाला और रणथंभको तोड़ डाला। ऐसे ज्ञानरूपी योद्धाको देखकर पं. बनारसीदासजी हाथ जोड़कर नमस्कार करते हैं।।२।।

---

દ્રવ્યાસ્રવ, ભાવાસ્રવ અને સમ્યગ્જ્ઞાનનું લક્ષણ (સવૈયા તેવીસા)

दर्वित आस्रव सो कहिए जहं,
पुग्गल जीवप्रदेस गरासै।
भावित आस्रव सो कहिए जहं,
राग विरोध विमोह विकासै।।
सम्यक् पद्धति सो कहिए जहं,
दर्वित भावित आस्रव नासै।
ग्यान कला प्रगटै तिहि थानक,
अंतर बाहिर और न भासै।।३।।

**શબ્દાર્થ** :—દર્વિત આસ્રવ=પુદ્‌ગલ પરમાણુઓનું આગમન. ગરાસૈ=ઘેરી લે. ભાવિત આસ્રવ=દ્રવ્ય આસ્રવમાં કારણભૂત આત્માની વિભાવ પરિણતિ. પદ્ધતિ=ચાલ. ગ્યાન કલા=જ્ઞાનજ્યોતિ.

**અર્થ** :—આત્મપ્રદેશોમાં પુદ્‌ગલનું આગમન તે દ્રવ્યાસ્રવ છે, જીવના રાગ–દ્વેષ–મોહરૂપ પરિણામ ભાવાસ્રવ છે, દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવનો અભાવ આત્માનું સમ્યક્ સ્વરૂપ છે. જ્યાં જ્ઞાનકળા પ્રગટ થાય છે ત્યાં અંતરંગ અને બહિરંગમાં જ્ઞાન સિવાય બીજું કાંઈ દેખાતું નથી. ૩.

**अर्थ** :–आत्मप्रदेशोंपर पुद्गलका आगमन सो द्रव्यास्रव है, जीवके राग-द्वेष-मोहरूप परिणाम भावास्रव है, द्रव्यास्रव और भावास्रवका अभाव आत्माका सम्यक् स्वरूप है। जहाँ ज्ञानकला प्रगट होती है वहाँ अंतरंग और बहिरंगमें ज्ञानके सिवाय और कुछ नहीं दिखता।।३।।

---

જ્ઞાતા નિરાસ્રવી છે. (ચોપાઈ)

जो दरवास्रव रूप न होई।
जहं भावास्रव भाव न कोई।।
जाकी दसा ग्यानमय लहिए।
सो ग्यातार निरास्रव कहिए।।४।।

**શબ્દાર્થ** :–દસા=અવસ્થા, ગ્યાતાર=જ્ઞાની. નિરાસ્રવ=આસ્રવરહિત.

**અર્થ** :—જે દ્રવ્યાસ્રવરૂપ નથી હોતા અને જ્યાં ભાવાસ્રવ ભાવ પણ નથી અને જેની અવસ્થા જ્ઞાનમય છે તે જ જ્ઞાની આસ્રવરહિત કહેવાય છે. ૪.

**अर्थ** :–जो द्रव्यास्रवरूप नहीं होता और जहाँ भावास्रव भाव भी नहीं है और जिसकी अवस्था ज्ञानमय है वही ज्ञानी आस्रव रहित कहता है।।४।।

---

મારે કાંઈ પણ જાણવાનું બાકી રહ્યું નથી, દેખવાનું બાકી રહ્યું નથી. તેમ જ કાંઈ પણ આ જગતમાં સમજવાયોગ્ય, કરવાયોગ્ય, કહેવાયોગ્ય, શ્રવણ કરવા યોગ્ય, પ્રાપ્ત કરવા યોગ્ય, કલ્યાણકારી, આદરવાયોગ્ય મારે કાંઈ બાકી રહ્યું નથી. કારણ કે આ જગતમાં અત્યંત પ્રયત્નપૂર્વક જાણવા યોગ્ય, દેખવા યોગ્ય, સમજવા યોગ્ય, અનુભવવા યોગ્ય, કરવા યોગ્ય, કહેવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય, શ્રવણ કરવા યોગ્ય, પ્રાપ્ત કરવા યોગ્ય, શ્રેયરૂપ પરમ કલ્યાણકારી, આદરવા યોગ્ય જો કાંઈ પણ હોય તો તે એક શુદ્ધ ચિદ્રૂપ, શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે, તે તો મહાભાગ્યયોગે જ્ઞાની-ભગવાનની વાણીના આરાધનથી મેં મેળવ્યું છે. માટે તે જ અત્યંત પ્રિય છે. ૩૨૦

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧, ગાથા-૧૯)

## પ્રવચન નં. ૬૧, ચૈત્ર સુદ ૬, ગુરુવાર, તા. ૧-૪-૧૯૭૧
## આસ્રવ અધિકાર પદ : ૫, થી ૧૦ ઉપર પ્રવચન

### સમ્યગ્જ્ઞાની નિરાસ્રવ રહે છે.

(સવૈયા એકત્રીસા)

जेते मनगोचर प्रगट-बुद्धि-पूरवक,
तिह परिनामनकी ममता हरतु है।
मनसौं अगोचर अबुद्धि-पूरवक भाव,
तिनके विनासिवेकौं उद्दिम धरतु है॥
याही भांति पर परनतिकौ पतन करै,
मोखकौ जतन करै भौ-जल तरतु है।
ऐसे ग्यानवंत ते निरास्रव कहावैं सदा,
जिन्हिकौ सुजस सुविचच्छन करतु है॥५॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**મનગોચર=જ્યાંસુધી મન પહોંચે ત્યાં સુધી. મનસૌં અગોચર=જ્યાં મન પહોંચી શકતું નથી તે. ઉદ્દિમ=ઉદ્યોગ પતન=નાશ. જતન=ઉપાય. ભૌ-જળ (ભવજળ)= સંસારસાગર. સુવિચચ્છન=પંડિત.

**અર્થ :—**જેમને મન જાણી શકે એવા બુદ્ધિગમ્ય અશુદ્ધ પરિણામોમાં આત્મબુદ્ધિ કરતો નથી અને મનને અગોચર અર્થાત્ બુદ્ધિગમ્ય ન હોય એવા અશુદ્ધભાવ ન થવા દેવામાં સાવધાન રહે છે; એ રીતે પર પરિણતિનો નાશ કરીને અને મોક્ષમાર્ગમાં પ્રયત્ન કરીને જે સંસાર-સાગરને તરે છે તે સમ્યગ્જ્ઞાની નિરાસ્રવી કહેવાય છે. તેમની વિદ્વાનો સદા પ્રશંસા કરે છે.

**ભાવાર્થ :—**વર્તમાનકાળના અશુદ્ધ પરિણામોમાં આત્મબુદ્ધિ કરતા નથી અને ભૂતકાળમાં થયેલા રાગાદિ પરિણામોને પોતાના માનતા નથી અથવા આગામી કાળમાં થવાવાળા વિભાવ મારા નથી એવું શ્રદ્ધાન હોવાથી જ્ઞાની જીવ સદા નિરાસ્રવ રહે છે. ૫.

**अर्थ :–**जिन्हें मन जान सके ऐसे बुद्धिग्राही अशुद्ध परिणामोंमें आत्मबुद्धि नहीं करता और मनके अगोचर अर्थात् बुद्धिके अग्राह्य अशुद्ध भाव नहीं होने देनेमें सावधान रहता है, इस प्रकार पर-परिणति नष्ट करके और मोक्षमार्गमें प्रयत्न करके जो संसार-सागरसे तरता है वह

सम्यग्ज्ञानी निरास्रवी कहलाता है, उसकी विद्वान लोग सदा प्रशंसा करते हैं।

**भावार्थ :–**वर्तमान कालके अशुद्ध परिणामोंमें आत्मबुद्धि नहीं करता और भूतकालमें हुए रागादि परिणामोंको अपने नहीं मानता वा आगामी कालमें होनेवाले विभाव मेरे नहीं हैं ऐसा श्रद्धान होनेसे ज्ञानी जीव सदा निरास्रवी रहते हैं॥५॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જ્ઞાની નિરાશ્રવ કેમ છે, એનો ભાવાર્થ. અર્થ આવી ગયો છે. ભાવાર્થ છે ને. આત્માનું જ્ઞાન થયું એટલે નિરાશ્રવ છે, એમ સિદ્ધ કરવું છે. એટલે શું? કે આત્મા પુણ્ય અને પાપના વિકલ્પોથી પર છે અને પોતાનો પૂર્ણ શુદ્ધ આનંદ સ્વભાવથી અભેદ છે. એવો અનુભવ થતાં—એવો આત્મા પરિપૂર્ણ અખંડ અભેદ રાગ, કર્મ અને નોકર્મથી રહિત એવું અંતર સમ્યગ્દર્શન થતાં, એ જીવ જ્ઞાની છે અને એને આસ્રવનો બંધ (નથી). આસ્રવે ય નથી અને બંધે ય નથી, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? કેમકે જે આ પુણ્ય અને પાપના વિકલ્પ છે રાગ ભાગ, એનાથી જુદો પડ્યો એટલે એકત્વ રાગ સાથે છે નહિ. એટલે રાગની સાથે એકત્વ નથી એટલે રાગનું બંધન અને રાગના પરિણામ એને છે નહિ. ભિન્ન થઈ ગયાં.

ભાવાર્થ :—वर्तमान कालके अशुद्ध परिणामोंमें आत्मबुद्धि नहीं करता. છે ને ભાવાર્થ. કહાં આયા શેઠી? (શ્રોતા : યહાં) યહાં, અચ્છા. વર્તમાનકાળકે અશુદ્ધ પરિણામોમેં આત્મબુદ્ધિ નહિ. કેમકે જેટલા પરિણામ પુણ્ય અને પાપનાં એ અશુદ્ધ છે અને ધર્મી જીવને તો શુદ્ધ સ્વભાવ સ્વરૂપનું સ્વામીપણું છે. એથી એને અશુદ્ધ પરિણામમાં આત્મબુદ્ધિ નથી. વ્રત-દયા-દાન, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ રાગ 'એ મારો છે', એવી બુદ્ધિ નથી. કેમ? કે રાગથી પૃથ્થક્ થઈને અંતર્મુખ જેનું પરિણમન છે. સમજાણું કાંઈ? સ્વભાવનું અંતર્મુખ પરિણમન છે એટલે રાગ પૃથ્થક્ રહી ગયો એટલે રાગમાં જ્ઞાનીને આત્મબુદ્ધિ—પોતાબુદ્ધિ—સ્વબુદ્ધિ—સ્વામીબુદ્ધિ નથી. કહો, રાગમાં સ્વામીપણું નથી, આત્મબુદ્ધિ નથી. તો પછી આ છોકરા, શરીર ને કર્મ મારાં છે, એવું એને હોતું નથી, એમાં રહ્યા છતાં હોતું નથી, એમ કહે છે. દુનિયા દેખે છે કે એમાં છે. એ તો પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે, એમાં છે. રાગમાં નથી તો શરીર કર્મમાં ય નથી અને પરમાંય નથી. તેથી તેને પુણ્ય-પાપનાં પરિણામમાં સ્વપણું-આત્મપણું-પોતાપણું બુદ્ધિ છે (નહિ). એનું નામ સમ્યગ્દર્શન ને જ્ઞાન કહેવામાં આવે છે.

भूतकालमें हुए रागादि परिणामोंको अपने नहीं मानता. ભાઈ, ગયા કાળમાં શુભ ભાવ થયા, એનાથી પુણ્ય બંધાણું ને એનાથી મનુષ્યદેહ મળ્યો, એ ઠીક કર્યું, એમ જ્ઞાનીને

હોતું નથી. સમજાણું કાંઈ? ગયાકાળમાં શુભભાવ થયા હતા તો એનું પુણ્ય બંધાણું, એને લઈને આ સામગ્રી મળી, સાંભળવાનું મળ્યું માટે ઠીક છે, એમ ધર્મીને હોતું (નથી). આહાહા! સમજાણું કાંઈ? भूतकालमें हुए रागादि परिणामोंको अपने नहीं मानता वा आगामी कालमें होनेवाले विभाव मेरे नहीं है. ત્રણે કાળથી રહિત છે. વર્તમાન પણ આત્મા ઉપર દૃષ્ટિ હોવાથી રાગની સાથે એકત્વ નથી. ગયાકાળમાં થયા એના ઉપરનો મમતાભાવ નથી. પોતાના હતા એમ માન્યા નથી. ભવિષ્યમાં થાય એમાં પણ પોતાપણું માનતો નથી. ऐसा श्रद्धान होनेसे.... શ્રદ્ધામાં તો 'ચૈતન્ય શુદ્ધ પરિપૂર્ણ આનંદ છું' એવી શ્રદ્ધાને કારણે ભવિષ્ય, ભૂત ને વર્તમાન ત્રણેનાં રાગથી તે રહિત છે. આહાહા!

ज्ञानी जीव सदा निरास्त्रवी रहते है. અસ્થિરતાનો રાગ આદિ છે એની એકત્વબુદ્ધિ નથી માટે તેને નિરાશ્રવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? (શ્રોતા : અસ્થિરતાકા રાગ ક્યા હૈ?) અસ્થિરતા.... અસ્થિરતા ન હોતી હૈ? દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિકા રાગ, કોઈ વિષયવાસનાકા વિકલ્પ, પણ એમાં સ્વપણું નથી. ભિન્ન પડી ગયો છે એટલે પોતાપણું એમાં નથી. વર્તમાનમાં નથી એવું ભૂત અને ભવિષ્યમાં ય નથી. કોઈ ગયા કાળમાં રાગ હતો એ ઠીક, જેથી આ બંધ (ઉદય પામ્યો). વળી રાગ અત્યારે થાય તો ભવિષ્યમાં કાંઈક વાણી મળે, કાંઈક સંયોગ મળે સારા, એમાં એ ભાવના જ્ઞાનીને હોતી નથી. કહો, પંડિતજી! (શ્રોતા : તીનોં કાલ રાગરહિત હો ગયા.) તીનોં કાળ રાગ રહિત.

હવે શિષ્યનો પ્રશ્ન

**सर्वस्यामेव जीवन्त्यां द्रव्यप्रत्ययसंततौ।**
**कुतो निराश्रवो ज्ञानी नित्यमेवेति चेन्मतिः॥५॥**

લ્યો, આ जीवन्त्यां આવ્યું. જીવતાં કર્મ છે ને? એમ કહે છે. જીવંત સ્વામી! जीवन्त्यां શબ્દ આવ્યો ને. શું કહ્યું? (શ્રોતા : જીવંતસ્વામી) કોણ? (શ્રોતા : .........) ઈ. (શ્રોતા : યાદ રાખ્યા છે). યાદ રાખ્યું. હતા તમે? જીવંત સ્વામી. એનું નામ જીવતા સ્વામી હતું. જીવંત સ્વામી એમાં લખેલું હોં પ્રતિમા ઉપર. મલૂકચંદભાઈ નહોતા. એ બધા વયા ગ્યા'તા મોઢા આગળ. કારણ કે મોઢા આગળ જાય તો બધી સરખાઈ મળે ને બધી ત્યાં. આણે બધું ત્યાં લખ્યું. એ બધું પણ યાદ કર્યા'તા તે દિ' હોં એમને ન્યાં કે આ.....આ લોકો નથી આંહી. પોપટભાઈ વયા ગ્યા'તા. કહો સમજાણું? એ મૂર્તિ ઉપર લખેલું છે. પોપટભાઈ, જીવંત સ્વામી. ઓહોહો! ભારે કીધું ભાઈ! તીર્થંકરો ૨૪ તો મોક્ષ પધાર્યા છે. સીમંધર ભગવાન તો જીવતાં છે એટલે જીવંત સ્વામી, એમ લખ્યું છે હોં! એમ આંહી કહે છે, જેને કર્મ તો જીવતાં પડ્યાં છે, અસ્તિપણે જીવને, જ્ઞાનીને પણ.

શિષ્યનો પ્રશ્ન (સવૈયા તેવીસા)

ज्यौं जगमैं विचरै मतिमंद,
सुछंद सदा वरतै बुध तैसो।
चंचल चित्त असंजित वैन,
सरीर-सनेह जथावत जैसौ॥
भौग संजोग परिग्रह संग्रह,
मोह विलास करै जहं ऐसो।
पूछत सिष्य आचारजसौं यह,
सम्यकवंत निरास्रव कैसो॥६॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**વિચરૈ=વર્તન કરે. સુછંદ (સ્વચ્છન્દ)=મનમાન્યું. બુધ=જ્ઞાની. વૈન=વચન. સનેહ(સ્નેહ)=પ્રેમ. સંગ્રહ=એકઠું કરવું.

**અર્થ :—**શિષ્ય ગુરુને પ્રશ્ન કરે છે કે હે સ્વામી! સંસારમાં જેવી રીતે મિથ્યાદૃષ્ટિ જીવ સ્વતંત્રપણે વર્તે છે તેવી જ પ્રવૃત્તિ સમ્યગ્દૃષ્ટિ જીવની પણ હમેશાં રહે છે—બન્નેને ચિત્તની ચંચળતા, અસંયત વચન, શરીરનો સ્નેહ, ભોગનો સંયોગ, પરિગ્રહનો સંચય અને મોહનો વિકાસ એકસરખો હોય છે, તો પછી સમ્યગ્દૃષ્ટિ જીવ ક્યા કારણે આસ્રવરહિત છે? ૬.

**अर्थ :–**शिष्य गुरुसे प्रश्न करता है कि हे स्वामी! संसारमें जिस प्रकार मिथ्यादृष्टि जीव स्वतंत्र वर्तता है वैसी ही तो सम्यग्दृष्टि जीवकी हमेशा प्रवृत्ति रहती है–दोनोंके चित्तकी चंचलता, असंयत वचन, शरीरका स्नेह, भोगका संयोग, परिग्रहका संचय और मोहका विकास एकसा होता है। फिर सम्यग्दृष्टि जीव किस कारणसे आस्रव रहित है?॥६॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

પરિગ્રહ–સંગ્રહ, જુઓ કવિ છે ને કવિની શૈલી પણ કેવી જુદી જુઓને.

કહે છે કે જગમાં વિચરે મતિમંદ. स्वामी! संसारमें जिसप्रकार मिथ्यादृष्टिजीव स्वतंत्र वर्तता है वैसी ही सम्यग्दृष्टि जीवकी हमेशा प्रवृत्ति रहती है। એ કાંઈ વેપારમાં, દેખાય, ધંધામાં દેખાય, કહો, વહાણવટામાં ચડ્યા હોય ધંધે, લડાઈમાં હોય. જેવી મિથ્યાદૃષ્ટિની એકત્વ ને આ યે પ્રવૃત્તિ છે એને. નથી એને? એમ કહે છે. આહા! ज्यौं जगमैं विचरै मतिमंद. અજ્ઞાની મતિમંદ એટલે. सुछंद वरतै बुध तैसो. એવી રીતે

સમકિતી પણ એ પ્રમાણે જ કરે. હજી સમકિતીને વળી વ્રત પુણ્યનો ઉદય વિશેષ હોય તો વળી વધારે સંયોગમાં જાય. ઓલો થોડું કરતો હોય અને ઓલો મોટા—મોટા કરોડો અબજો રૂપિયાના મોટા હીરા-માણેકનાં ધંધા હોય, લ્યો. ઓલો સોએક રૂપિયા પેદા કરતો હોય, એટલી નાની દુકાને બેઠો હોય. પ્રવૃત્તિ તો બધી દેખાય છે, આ યે કરે છે ને આ યે કરે છે. તો તમે નિરાસ્રવ શી રીતે કહો તમે એને? એને આસ્રવ નથી? નિરાસ્રવ થઈ ગયો, આ બધું તો થાય છે ને? એમ શિષ્ય પૂછે છે.

चंचल चित, વળી ચિત્તેય ચંચળ છે. એક ઠેકાણે ઠરીને અંદરમાં પડ્યું છે, એવું નથી. ઘડીકમાં વેપારનો વિકલ્પ આવે, ઘડીકમાં ખાવાનો આવે, ઘડીકમાં આ આવે, આ આવે, એવા ચંચળ ચિત્ત એનેય છે. ચિત્ત લીન થઈ ગયો છે આત્મામાં, તો તો આ પ્રવૃત્તિ હોય નહીં. શિષ્યનો પ્રશ્ન છે. ચિત્ત ચંચળ असंजित वैन—અસંયત વચન બોલે. કહો, કામ કરો, આ છોકરાનાં લગન કરો, આ છોડીને સરખે ઠેકાણે વળાવો. લ્યો, બધું બોલે. કહો, મિથ્યાદૃષ્ટિ બોલે અને એવું એ પણ બોલે. હવે એમાં તમે આંતરો ક્યાં રાખ્યો એને? અને આસ્રવ વિનાનો થઈ ગયો? આહાહા!

असंजित वैन કરે ત્યારે એમાં તો મારો, એમેય કહે, લ્યો. લાવ, ચલો લડાઈ કરવા. કોણ છે સામું આવ્યું છે? લ્યો, ભરત ચક્રવર્તી લ્યો, સમકિતી. દેવે આઠ દિવસ સુધી વરસાદ વરસાવ્યો. આ શું છે? આવો વરસાદ શું? આઠ દિ' એકધારો મૂશળધાર કુદરતી વરસાદ આવો ન હોય. મૂશળધારા વરસે એમાં ક્યાંય આંતરો ન પડે, એ કુદરતી વરસાદ નથી. કહો શું છે આ? બોલો, ત્યાં દેવ....દેવ વરસાવે છે આ તો. જાઓ પાછો (શ્રોતા : ........) હા, પોતાનો દિવાન, જાઓ શું કરે છે? કોણ છે? કુદરતી વરસાદ આવો હોય નહિ. કુદરતી ક્યાંક રહી જાય, થોડો પડે, આમ થાય. આ તો એક મૂશળધારા વરસે. આઠ દિ' ને સાત રાત. કહો, આવાં વચનો બોલે અને તમે કહો કે એને નિરાંત થઈ ગઈ. ઠીક! કહો પંડિતજી, એમ શિષ્ય પ્રશ્ન કરે છે.

सरीर-सनेह, શરીરમાં રાગ હોય. શાક ઊના ઊના ન હોય ને ટાઢું થઈ ગયું. કેમ આમ કર્યું? થઈ ગયું શાક. કરો ઊનું ફરીને. હવે આટલો બધો રાગ શરીરને? ઓલો ય એમ કહે, ઉનું નથી કરી લો ફરીથી. શાક ઠરી ગયું છે. અમે આવીએ ત્યારે રોટલી કરજો ઉની, ઉની. કરીને ઓલામાં રાખશો નહીં, ગરવામાં રાખશો નહીં કરીને. આવીએ ત્યારે કરજો તૈયાર ઉતરતી જાય, એમ. કહો, આટલો બધો શરીરનો સ્નેહ અને વળી તમે કહો કે નિરાશ્રવી (છે). यथावत जैसौ. જુઓ, મિથ્યાદૃષ્ટિ હોય એવું બોલે. જુઓ! આહાહા! भोग संयोग परिग्रह संग्रह, ઠીક! ભોગકા સંયોગ ભી હોય. સમ્યગ્દૃષ્ટિ છે.

રાણીઓ હજારો હોય, ઈન્દ્રાણીઓ હજારો-કરોડો છે, જુઓ. ભોગ છે, સંયોગ છે. મોટો સંયોગ હોય.

એના ખાવા પીવાના સાધનો બધા સોના-રૂપા, હીરા-માણેકનાં બધા થાળીઓ હોય. આ લોઢામાં ન ખાય. શું કહેવાય તમારો આ? સ્ટીલ......સ્ટીલ. હમણાં કોઈ આવ્યું'તું ને. હા, સ્ટીલ ને એવું કહે. (શ્રોતા : નિર્મળ) નિર્મળ સ્ટીલ. પછી એમાં કો'ક કહેતું'તું, એશિયાનું મોટો બહું આવી ગયું સ્ટીલ બહારથી એટલે ભાવ ઘટી ગયો છે, પંચ્યાસીનું પિસ્તાલીસ. કો'ક કાંઈ કહે ત્યાં એટલામાં બે જણા બીજા આવ્યા. કહે, ના એમ નહિ. ત્યારે? કહે, ઈ ક્ષયનું કારણ એ વળી બે જણા આવ્યા'તા, એક છોકરો. (શ્રોતા : ભાવે ય ઊતરી ગયો) ભાવે ય ઊતરી ગયો પણ આ કારણે ઊતર્યો છે, કહે. ઓલો કહે, બહુ માલ આવ્યો માટે ઊતર્યો. એક જણો કહે, એમાં ક્ષય થયો છે માટે ઊતર્યો. (શ્રોતા : ......) પણ માન્યું હોય તો આવે હા, આવું કંઈક કહ્યું.

અમારે આયુર્વેદી આવ્યા'તા એક-બે છોકરા. અરૂણભાઈને પૈસા દઈ ગયા. વૈદ. એમાં આવ્યા'તા બે-જણ. નાના હતા. મોટી ઉંમરના હતા ૩૦-૩૫. એમાં વળી વાત નીકળી'તી. બહુ બહુ ભાવ ઘટી ગયો લોઢાનો. તે અમારે પોપટભાઈ કહે, અમારે ચીમનભાઈ સંભાળીને બેઠા'તા પહેલેથી. હા, તે થોડું ઘટાડી દીધું હશે. એમ કે ભાવ ઘટી ગયો. તો ઈ થાળી એવી ન દેખાય ઈ, હીરાની થાળીયું દેખાય. (શ્રોતા : .........) પણ આ તો લોકો કહે છે એમ, એમ આંહી આ દેખાય છે, એમ કહે છે. અજ્ઞાની એ પ્રમાણે દેખાય અને આ યે દેખાય અને તમે કહો કે નિરાશ્રવી છે. ભારે તમારી વાત કાંઈ! એમ કહે.

भोग संयोग परिग्रह संग्रह, પરિગ્રહનો સંગ્રહ કરે. ઠીક! (અન્યમતી) આચાર્ય કહે છે ને ભઈ, પરિગ્રહનો સંચય ઘટાડો તો જગતને મળે પૈસા સરખાઈના, પણ આ પૈસાવાળા બહુ ભેગું કર્યું છે તે બીજાને તાણ પડે છે. તો આ તો પરિગ્રહ સંચય કરે, કરોડો અબજો રાખે. એય! અને તમે કહો કે આને કાંઈ નથી, લ્યો. અબજો રૂપિયાનો સંગ્રહ કરે, જુઓ છે ને. પરિગ્રહ સંગ્રહ કરે, લ્યો. આ ઉંધા આ તે એવા. જે ઝાઝા પરિગ્રહ રાખે છે ને, એથી સાધારણ પ્રાણીને મળતું નથી. હવે ઈ વાત જ ખોટી છે. રાખે કોણ? પણ એને ઝાઝું મળ્યું માટે આને ન મળ્યું એવી ક્યાં વાત છે?

એવા માળા વ્યાખ્યાન ફૂંકે ને ઓલાને આવા સારા લાગે, આહાહા! 'માટે મોટા ગૃહસ્થોએ, ઉદ્યોગપતિઓએ પૈસા ઓછા કરી નાંખો કે જેથી સાધારણ ગરીબ માણસને એનો ભાગ મળે.' ઈ ભાગે ય મળે એના પુણ્ય વિના ન મળે અને આ આને સંઘરવાનું હોય, રહેવાનું હોય એ પુણ્યને લઈને રહે, એમાં શું કરવું? આ તત્ત્વને સમજ્યા વિના

બધા ગોળા મારે છે ગોળા. એય ધીરુભાઈ! પરિગ્રહ સંચય સમકિતી કરે, અબજો રૂપિયા હોય. દેખો, સમજાણું કાંઈ? છ ખંડનું રાજ હોય, છન્નું હજાર સ્ત્રી હોય. હેં હવે આને કરોડો ઈન્દ્રાણીઓ હોય ઈન્દ્રને.

मोह विलास करै जहं ऐसो, એ પણ બસ. હિંડોળા ખાતે હીંચકે સોનાના આમ સળિયા હોય અને આમ પછી આમ બધું કરે અને તમે કહો કે આ નિરાશ્રવ છે. આ માળી આવી વાત તમારે કેવી હાંકી છે? શિષ્ય પૂછે છે, લ્યો. मोह विलास करै, ઠીક. मोहका विकास एकसा होता है. વિકાસ લખ્યું છે એમાં. पूछत सिष्य आचारजसौं यह, सम्यकवंत निराश्रव कैसो? આવા સમકિતીને તમે આસ્રવ એટલે પરિણામ વિકારનાં હોય જ નહિ અને બંધ હોય નહિ, એ શી રીતે તમે લગાવો છો આ? એમ પૂછે છે (શિષ્ય). નીચે છઠ્ઠો શ્લોક છે.

विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः
समयमनुसरन्तो यद्यपि द्रव्यरुपाः।
तदपि सकलरागद्वेषमोहव्युदासा
दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः॥६॥

વસ્તુ નિરાળી જ્યાં અનુભવમાં આવી આત્મા અખંડ આનંદ ચૈતન્ય રતન, એવા સ્વભાવના ભાનમાં કહે છે.

શિષ્યની શંકાનું સમાધાન (સવૈયા એકત્રીસા)

पूरव अवस्था जे करम-बंध कीने अब,
तेई उदै आइ नाना भांति रस देत हैं।
केई सुभ साता केई असुभ असातारूप,
दुहूंसौं न राग न विरोध समचेत हैं॥
जथाजोग क्रिया करैं फलकी न इच्छा धरैं,
जीवन-मुक्तिको बिरद गहि लेत हैं।
यातें ग्यानवंतकौं न आस्रव कहत कोऊ,
मुद्धतासौं न्यारे भए सुद्धता समेत हैं॥७॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—** અવસ્થા=પર્યાય, જથાજોગ=જેવું જોઈએ તેવું. પોતાના પદને યોગ્ય સમચેત=સમતાભાવ. બિરદ=યશ. મુદ્ધતા=મિથ્યાત્વ. સમેત=સહિત.

**અર્થ :—**પૂર્વકાળમાં અજ્ઞાન અવસ્થામાં જે કર્મ બાંધ્યાં હતાં તે હવે ઉદયમાં આવીને ફળ આપે છે, તેમાં અનેક તો શુભ છે જે સુખદાયક છે અને અનેક અશુભ છે જે દુ:ખદાયક છે; ત્યાં સમ્યગ્દષ્ટિ જીવ આ બન્ને પ્રકારના કર્મોદયમાં હર્ષ-વિષાદ કરતા નથી—સમતાભાવ રાખે છે. તેઓ પોતાના પદને યોગ્ય ક્રિયા કરે છે, પણ તેના ફળની આશા નથી કરતા, સંસારી હોવા છતાં પણ મુક્ત કહેવાય છે, કારણ કે સિદ્ધોની જેમ દેહ આદિથી અલિપ્ત છે, તેઓ મિથ્યાત્વથી રહિત અનુભવ સહિત છે, તેથી જ્ઞાનીઓને કોઈ આસ્રવ સહિત કહેતું નથી. ૭.

**अर्थ :–**पूर्वकालमें अज्ञान अवस्थामें जो कर्म बंध किये थे वे अब उदयमें आकर फल देते हैं, उनमें अनेक तो शुभ हैं जो सुखदायक हैं और अनेक अशुभ हैं जो दुःखदायक हैं, सो सम्यग्दृष्टि जीव इन दोनों भाँतिके कर्मोदयमें हर्ष-विषाद नहीं करते–समताभाव रखते हैं; वे अपने पदके योग्य क्रिया करते हैं, पर उसके फलकी आशा नहीं करते, संसारी होते हुए भी मुक्त कहलाते हैं, क्योंकि सिद्धोंके समान देह आदिसे अलिप्त हैं, वे मिथ्यात्वसे रहित अनुभव सहित हैं, इससे ज्ञानियोंको कोई आस्रव सहित नहीं कहता है।।७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહા! जथाजोग क्रिया करै.....કરે ઈ તો એક થાય એની વાત કરે છે હોં.

ઉત્તર : પૂર્વ અવસ્થામાં જો ઈ કર્મ બંધન હતાં, એ હવે ઉદયમાં આવે, દેખે. મારા આત્મસ્વભાવમાં એ ઉદય નથી. આહા! આ તો ધર્મની દૃષ્ટિ બહુ ઊંચી છે. સમ્યગ્દષ્ટિનું મહાત્મ્ય જગતને ખબર નથી. સમજાણું કાંઈ? રાગથી જ્યાં ભિન્ન ભગવાનનો અનુભવ થયો, કહે છે કે એને પૂર્વનાં કર્મનો બંધ તો હો, જીવતાં પડ્યાં છે તો હો. આવે ઉદય, આવે તે શું? આખી દુનિયા છે. પોતામાં એ માનતો નથી. उदै आइ नानाभांति रस देता है—નાના અનેક પ્રકારનાં રસો આવે, કર્મનાં ફળ આવે અનુભાગ. केई सुभ साता केई असुभ असाता. ધર્મીને પણ શરીરમાં શાતાના ઉદયથી અનુકૂળતા ય ઘણી હોય, કોઈને અશાતાના ઉદયથી પ્રતિકૂળતા ય હોય. એ તો બધા કર્મનાં ફળ છે. ધર્મી એને પોતાના માનતો નથી. આહાહા!

શાતાની લાખ સામગ્રી કરોડ અબજ હો, તો મારા સ્વરૂપમાં એ નથી. હું તો આનંદ છું. એ રીતે શાતા-અશાતાની અને અશાતા. શરીરનાં રોમ-રોમે સોય, લાલચોળ કરીને ચોપે. ધર્મીને તેના પ્રત્યેનો આશ્રય નથી, એનું દુઃખ નથી કારણ કે એ ભિન્ન ચીજ છે. રાગથી ભિન્ન પડ્યો છે ત્યાં આવી ક્રિયાથી પણ ઈ તો ભિન્ન છે. આહાહા! સમજાણું કાંઈ? એ શાતાના અનંત સામગ્રીમાં એને 'મને ઠીક છે'—એ માનતો નથી. 'ઈ તો મારું

સ્વરૂપ તો આનંદ છે ઈ મારું સ્વરૂપ છે.' આનંદના વેદનમાં, આનંદની શાંતિના અનુભવમાં શાતાના સંયોગો લાખ-કરોડ-અબજ હો, એમાં એને પ્રીતિ ઉપજતી નથી. આહાહા!

असाता—અશાતાનો ઉદય હોય. સાતમી નરકનો નારકી, જેને કરોડો વીંછી કરડે એવી તો વેદના શરીરમાં હોય. એક આંહી વીંછી કરડે ત્યાં રાડ નાંખી જાય. પણ એ પરમાં થાય છે, માને છે (નહિ). આહાહા! ધર્મી તો ક્ષણે ને પળે પ્રતિકૂળતાના સંયોગમાં પણ અનંતી પ્રતિકૂળતા હોય તો તેનાથી તે અંતરસ્વરૂપ ખસતું નથી. ડગતો નથી કે આ મને આ આવા વેદન ક્યાં સુધી? કોને વેદન છે? આત્મામાં છે નહિ. આહાહા! જુઓ, આ દૃષ્ટિ! આત્માના શાંતિનો અનુભવ તેને ધર્મ કહીએ. એ શાંતિના અનુભવ આગળ શાતા-અશાતાના ગંજ બધા જ્ઞાનનાં જ્ઞેય છે. આહાહા! ક્યાંય એને આમ થાતું કે 'આને સાધારણ અને હું આવો મોટો છું. મને પૈસા ઘણા છે. મારી આબરુ ઘણી છે.' એવું અભિપ્રાયમાં અંદર થાતું નથી. (શ્રોતા : બહાર દેખાતું હોય તો?) દેખાય તો કીધું ઈ તો પહેલું. શિષ્યે પૂછ્યું 'આ બધું દેખાય છે, બોલે છે, આમ કરે છે' પણ અંદરમાં એમ છે નહિ. એ માટે તો સિદ્ધ કરે છે.

ઓલે કહ્યું ને કે મિથ્યાદૃષ્ટિથી આ વળી વધારે હોય ને બધી સામગ્રી ઝાઝી હોય, લ્યો. તો આવા વળી જાણે સ્વચ્છંદી મિથ્યાદૃષ્ટિ વર્તતો હોય એવો જ એ વર્તતો હોય. સમજાણું કાંઈ? કહો, ચક્રવર્તીને કેવાં ખાવા-પીવાના સાધન કે જેનો એક કોળિયો છન્નુ કરોડ માણસ પચાવી ન શકે એવો તો એનો ખોરાકનો સંયોગ હોય છે. (શ્રોતા : એનું પણ શરીર બહું સારું હોય ને.) શરીર સારું તો એ જડ છે, ઈ તો આત્મામાં ક્યાં છે? એના પોતામાં ક્યાં મળે? આહીં તો છે, ઈ તો પર છે. હવે પરમાં મારું છે, ઈ તો છે નહિ. આહાહા! એટલી સામગ્રી છતાં હું આમાં છું અને એ મારાં છે, એ તો છે નહિ. પછી પ્રતિકૂળતા એવી અનંતી હોય લ્યોને, સાતમી નરકની. આ તો ચક્રવર્તીને અનુકૂળ અને ઓલી પ્રતિકૂળ, બેયમાં જ્ઞાનીની આત્મબુદ્ધિ નથી, એકબુદ્ધિ નથી. સ્વામીપણાની બુદ્ધિ નથી માટે તે જ્ઞાની નિરાશ્રવ છે, એમ કહે છે. આહાહા! આ તો મિથ્યાત્વની પ્રધાનતાનું કથન છે ને.

दुहूंसौ न राग न विरोध. એ શાતાના ગંજ હોય તો પ્રેમ નથી. પ્રેમ જ્યાં પ્રભુનો લાગ્યો અંદરનો, આનંદ સ્વરૂપ ભગવાન આત્મા, એના પ્રેમમાં એને આવી શાતાની કોઈ ચીજમાં પ્રેમ ઉત્પન્ન થતો નથી. આહાહા! જુઓ આ ધર્મદૃષ્ટિ! આત્મા ભગવાન આનંદનો દળ કંદ છે. અતીન્દ્રિય આનંદનો એકલું ચૂસણીયું છે ઈ. એમાં ચૂસે તો અતીન્દ્રિય આનંદ આવે, એ આત્મા છે. આહાહા! આઈસ્ક્રીમને ચૂસે તો શું આવે?

એમાંથી અગ્નિ દેખાય? ઠંડું પાણી આવે, આઈસ્ક્રીમ નથી આ ચૂસતાં? કુલ્ફી....કુલ્ફી. રંગ નાંખે કંઈ વળી લીલો ને આ છોકરાં ચાટે એને, આહાહા! માળે હવે ગરમી હોય, હવે થોડી છે. આજ કંઈ ફેર પડ્યો કાલથી. હવે ગરમી પડે અને એમાં પછી ઓલો ચૂસે ટીપાં. આહા! એમ ધર્મીને આત્માના અતીન્દ્રિયનાં ચૂસણીયા આગળ એ શાતા-અશાતાના ભાવમાં પ્રેમ-અપ્રેમ થતો નથી. આહાહા! સમજાણું કાંઈ?

दुहूंसौं न राग न विरोध समचेत, છે ને? સમચેત છે, જુઓ. સમ્યગ્દૃષ્ટિ જીવ-સમચેત. જ્ઞાતા-દૃષ્ટા તરીકે એવી સામગ્રીમાં પણ પોતાપણે આત્મબુદ્ધિ જ્યાં નથી, ત્યાં પોતાપણે સમબુદ્ધિ છે. આહાહા! આવે છે ને નહિ? નિર્જરામાં આવે છે. વજ્રની વીજળીયું પડે ઉપરથી, વજ્રના પ્રહાર પડે એમાંથી. સમકિતી ત્યાંથી ખસતો નથી આત્મામાંથી. બહારથી ખસી જાય એમ દેખાય, પ્લેગ હોય ને વયો જાય. લે! એય! છોકરાંવ હોય ઘણા ને ભઈ, નીકળો આપણે પહેલા. એ પહેલા નીકળે ગામમાંથી. પણ અભિપ્રાયના અંતરમાં, હું નીકળું તો મને આ થઈ (જશે), એ વાત છે નહિ. ભારે.... આરે! કહો સમજાણું કાંઈ?

ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદનું ધામ જ્ઞાનની મૂર્તિ આત્મા છે. એ હીરો જ્યાં લાગુ પડ્યો, આડો, એને આ બધી તુચ્છ સામગ્રી કાંઈ પ્રીતિ-અપ્રીતિ કરતી નથી, આનું નામ ધર્મ છે. ધર્મ એટલે કાંઈ આમ આ દયા પાળવી ને વ્રત કરવા ને પૂજા કરવી, એ ધર્મ નથી. એ તો વિકલ્પ છે, રાગ છે. સમજાણું કાંઈ? ધર્મી એવો આત્મા—અનંતગુણનો ધર્મ ધરનાર એવો જે અનુભવમાં આવ્યું તો અનંતગુણની પર્યાય પ્રગટ વેદનમાં આવી. એ વેદનને લઈને બહારની સામગ્રીમાં ક્યાંય રાગ કે વિરોધ હોતો નથી. આહાહા! સમચેત છે, સમભાવ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ સમતાભાવ રખતે હૈં.

जथाजोग क्रिया करै फलको न इच्छा धरै. જથાજોગ રાગ આદિ ક્રિયા થાય, એમ દેખાય એટલે 'કરે' એવું આપ્યું છે. એની ભૂમિકા પ્રમાણે શુભ-અશુભ ભાવ હોય અને દેહની ક્રિયા પણ એની ઉપયોગિતા પ્રમાણે હોય. फलकी न इच्छा धरै. ઓલા કહે છે ને અનાસક્તિએ કરવું. (શ્રોતા : ઈ ક્યાં છે?) ઈ નથી અહીંયા. એક ફેરી એમ લાગુ પડતા, ઓલા ભાઈ હતા ને ઓલા મગનલાલ દફ્તરી. કિશોર નહીં, મગનલાલ. કિશોર તો મશરૂવાળા, ઈ તો બિચારા વેદાંતી એ તો મળ્યા'તા મળ્યા'તા. ત્યાં પંચાવનમાં, એ તો વેદાંત થઈ ગયા અને આપણે આ તો મગનભાઈ (શ્રોતા : બધું જ્ઞાન છે). મગનભાઈ. બધું આ જ્ઞાન જ છે, બધું વેદાંત છે, એમ જૈનમાં અને એમાં ક્યાં ફેર છે? અરે! કીધું, ફેરનો પાર નથી. સાંભળ તો ખરા! કાંઈક વાંચ્યું નવું, બુદ્ધિનો (ક્ષયોપશમ) જરી મીઠાશ બોલવાની અને ઓલા વાઈસરોયે વખાણેલો. પછી મગજ થઈ ગયું કે

આપણે કાંઈક છીએ, આપણે કાંઈક છીએ. ઈ કહે કે અનાસક્તિ આમ કીધી છે, જુઓ આમ. જુઓ, ફળની આશા ન રાખે એનું નામ.

फलको न इच्छा धरै. પણ ઈ બીજી વાત છે. કરે છે અને ફળની ઈચ્છા ન રહે, એમ નહિ. કરી શકતો જ નથી પરનું. દુનિયાદારીની ક્રિયા વેપારની ધંધાની—વાણીની, આ વ્યાજવટાવની. રામજીભાઈ, ક્યાં આ હીરા-માણેકની શેઠીની. એક હીરો આમથી આમ ફરવો, એ આત્મા કરી શકતો નથી. એવું જ્ઞાનીને અંતર હૃદયમાં પરથી ભિન્નપણાનું ભાન થઈ ગયું છે. આહાહા! સમજાણું કાંઈ? जथाजोग क्रिया करै, ભાષા છે ને. ક્રિયા કરે પણ ઈચ્છા ન કરે કે ફળની ઈચ્છા ન ધરે, એમ. એટલે એમાંથી લગાવે જુઓ, અનાસક્તિથી કરવું. (શ્રોતા : કરવું ક્યાં છે?) કરવાની ક્યાં વાત છે આંહી. થાય છે તેમાં પોતાપણું માનતો નથી, એ વાત છે.

जीवन--मुकतिकौ बिरद गहि लेत है. જુઓ, આત્મભાન થયું ત્યાં જીવન મુક્ત. જીવતાં છતાં રાગ અને પરથી મુક્ત છે. આહાહા! વસ્તુ અબંધ છે ને. મૂળ અબંધ કહો કે મુક્ત કહો. એવું અબંધ સ્વરૂપનું જ્યાં અનુભવ, અબંધ સ્વભાવનું જ્યાં વેદન, એ તો વેદન અબંધ પરિણામનું વેદન છે. સમજાણું કાંઈ? ધર્મીને જીવન મુક્તિનું બિરૂદ છે, કહે છે. આહાહા! અને તેરમે જીવનમુક્તિ તો છે પણ આ તો ચોથે કીધું. આહાહા! बिरद गहि लेत है, લ્યો. संसारी होते हुए भी मुक्त कहलाते है. છે ને હેઠે એમ લખ્યું છે. સંસારી હોવા છતાં મુક્ત કહેવાય છે. એક વિકલ્પમાત્રમાં પોતાપણું નથી અને જ્યાં પોતાપણું છે, ત્યાં વિકલ્પ નથી. આહા!

વીતરાગમાર્ગ અંતર સ્વરૂપે બહુ અલૌકિક વાત છે. એ કંઈ બહારની કોઈ ક્રિયાકાંડની પ્રવૃત્તિથી થઈ જાય, જણાઈ જાય, એવું છે નહિ. આખો અભિપ્રાય ગુલાંટ ખાઈ ગયો. રાગ જ નહિ, શરીરની ક્રિયા માત્રની—અનંતા દ્રવ્યો, એના અનંતાગુણો, એની અનંતી પર્યાય, અનંતો વિભાગ—દરેક ઉપરથી જ્યાં બુદ્ધિ ઊઠી ગઈ. અને અનંત.. અનંત..અનંત..અનંત..અનંત શક્તિવાળું તત્ત્વ, ઊંડું ઊંડું અનંત સ્વભાવથી ભરેલો પદાર્થ એનો જ્યાં પત્તો લીધો, હીરા હાથ આવ્યા. હીરા હાથ આવ્યા. એ પછી કાંકરાનો સ્વામી થાતો નથી, એમ કહે છે. જુઓ આનું નામ ધર્મી ને ધર્મ. સમજાણું કાંઈ?

यातें ग्यानवंतकौ न आस्रव कहत कोऊ. આહીં તો કહે છે કે એ જ્ઞાનવંતને કોઈ આસ્રવ કોઈ કહેતું જ નથી. આસ્રવ એનો નથી માટે આસ્રવ હોય છે, એને એમ કોઈ કહેતું નથી. આહાહા! આ તો એક હિન્દી છે, છપાવ્યું છે. થઈ ગયા ખલાસ? કો'ક કહેતું'તું કે હવે આ ખલાસ થઈ ગયા. અમારે જોવે શું કરવું? તમારે મનસુખનું હતું

કાલ. હવે જાગ્યો નહિ હવે પાછળથી જાગ્યા. વેપારમાં પૈસાનાં દરોડા થાય, એમાં આ સામું ક્યાં જોવું? ત્રણ રાખજો, કહે ત્રણ, ન મળે તો એક તો મારા માટે રાખજો, એમ આવ્યું છે કાલે ત્યાં ગુલાબચંદભાઈને ત્યાં. તે એણે લખ્યું ત્યારે ખબર પડી હોં. હા, એણે કીધું પછી. આણે લખ્યું ત્યારે માંગણી કરી. પાછું એની મેળે નહિ. આ તો આણે લખ્યું કે આ તમે......શું કહેવાય આ? સમયસાર નાટક. મળ્યું છે કે નહિ? લીધું છે કે નહિ? ભઈ, નથી લીધું અમે, ત્રણ રાખજો. ન મળે તો એક તો મારા માટે રાખજો જ તે. ત્રણ ભાઈઓ માટે. પણ ન્યાં અત્યારે રળવાના ઢગલા થાય છે, મોસમ પૈસાની. અરેરે! એ તે રળે છે કે તે ગળે છે? આહાહા! આ પૈસા ઝાઝા હોય તો દાગીનો ભેગો વધારે કરવાનો ભાવ થાય કે નહીં? પછી પહેરવા માટે, લ્યો.

પોરબંદરમાં એ કીધું નહોતું? દાખલો નહોતો આપ્યો એક ફેરી? સાસુ-વહુને બને નહિ બેને અને દીકરી સાથે બને. હવે એ દીકરીને એવું થયું કે કાંઈ પાંચ-પચાસ હજાર પેદા કર્યા હશે ધણીએ એટલે એની મા પાસે આવ્યો કે બા, આપણે આ પચાસ હજાર પેદા કર્યા. પહેલા તો પચાસ હજાર ઘણા ગણાતા ને, અત્યારે તમારે પાંચ-પાંચ લાખ, દસ લાખનો મોટો મોટો આંકડો. એટલે મારે કાંઈક દાગીનો કરવાનો ભાવ થયો છે વહુ માટે ને બેન માટે તો હું કેમ કરું? એ કહો. આપણે પાંચ હજારનો બેન માટે કરીએ અને પાંચ હજારનું વહુ માટે કરીએ. કાંઈ એટલું બધું નહીં, વ્યવહારે થાય. બેન(વહુ) માટે કરને વધારે કરવું હોય તો. ઓલા બેન માટે ઓછું કરને આ વહુ માટે વધું કર. આ વળી વહુ બેઠી હતી ને એમ કે મારી સાથે બનતું નથી અને છતાં મારા માટે વધારે કરે છે, આ શું? કારણ કે એ દાગીનો ઘરે રહશે ને દીકરીનો દાગીનો વયો જશે આંહીથી. હા, માળા ન્યાંય પાછો સ્વાર્થ ઘૂસ્યો ત્યાં.

(શ્રોતા : બહુ ડહાપણ......) ડહાપણ કે મૂર્ખાઈ? એય પોપટભાઈ! આમ વહુ-સાસુને બને નહિ આંખે અને આખો દિ' તકરાર અને ઓલી. આમ કીધું ત્યારે કહે પાંચ-પાંચ હજારનો આપણે બેયનો કરાવીએ. નહિ એમ નહિ, બેન માટે પાંચસો—હજારનો બસ છે. વહુ માટે કર તું ઝાઝુ. આ ઓલ્યો સમજી ગ્યો કે આ શું છે પણ આ? ઠીક, આ વહુ હાટુ કરાવતાં ઘરે રહેશે અને દીકરી માટે કરાવતાં લગન કરીને ન્યાં લઈ જશે. આવા માળા અંદર જુઓ તો ખરા આ સગા. એય મૂલચંદભાઈ! (શ્રોતા : આવું ચાલે છે). (શ્રોતા : લૌકિક ડહાપણ કહેવાય). ધૂળમાંય ડહાપણ ન કહેવાય, મૂર્ખાઈ કહેવાય. કોના માટે કરતો'તો ઈ? આહા! આહીં તો ધર્મીને, કહે છે, ઈ એ કાંઈ છે જ નહિ. એવો કોઈ વિકલ્પ આવ્યો તોય પણ મેં કર્યો છે ને મારો છે, એમ માનતો નથી આહાહા! ભારે વાત ભાઈ!

ऐसे यातें ग्यानवंतकौ न आस्रव कहत कोऊ. કોઊ, જોયું? કેવળી ન કહે ને મુનિ ન કહે, કોઈ ન કહે, જા. આહાહા! સિદ્ધને તો વાણી છે જ ક્યાં? मुद्धतासौं न्यारे એ મૂઢતા મિથ્યાત્વથી તો ન્યારો થઈ ગયો છે, કહે છે. સમજાણું કાંઈ? એક દયા-દાન-વ્રતનાં વિકલ્પ માત્ર મારા છે, એનાથી ન્યારો થઈ ગયો છે. છે જ નહિ મારી, મારામાં એ છે નહિ, મારી ચીજ છે નહિ. मुद्धता નામ મિથ્યાત્વથી ન્યારો, शुद्धता समेत है, એ તો પવિત્રતા સહિત છે. ધર્મી તો પવિત્રતા સહિત છે. અપવિત્ર સહિત નથી. એ અપવિત્ર આસ્રવ સહિત છે જ નહિ. અપવિત્ર સહિત નથી એટલે અપવિત્રતા એને છે એમ કહેવું એ વ્યાજબી નથી, એમ કહે છે. બધી અલૌકિક વાતું છે આ તો! આહા!

મુક્ત, क्योंकि सिद्धोंके समान देह आदिसे अलिप्त है, એમ કહે છે. સિદ્ધને જેમ દેહ મારાં છે એવું નથી એમ સમકિતીને પણ દેહ મારો છે, એમ છે (નહિ). આહાહા! કહો સમજાણું કાંઈ? ભારે મોટી વાતુ! દેહ મારો છે, શરીર મારું છે, આ મારું છે, બાયડી મારી છે, કુટુંબ મારું છે, એવું કહીને અસંખ્ય તો વચન તો બોલે છતાં એને આસ્રવ વિનાનો કહેવો. બાપુ એના અભિપ્રાયમાં એ વાત છે (નહિ). આહાહા! मुद्धतासौं न्यारे. શુદ્ધતા એ આત્માના આનંદના અનુભવ સહિત છે ઈ. આહાહા! શુદ્ધના, પવિત્રતા અનુભવ સહિત છે. કેમકે આત્મા જ એકલો પવિત્રનો ધામ છે, એકલી શુદ્ધતાનો પિંડ છે. એનો જ્યાં અનુભવ થયો, એથી એ આનંદના સહિત એ તો આનંદ સહિત છે. રાગ સહિત કે પક્ષસહિત નથી. આહા! આનું નામ જ્ઞાની ને એને આસ્રવ હોતો (નથી). આહાહા!

આઠ (૫૬) નીચે સાત (કળશ).

**रागद्वेषविमोहानां ज्ञानिनो यदसंभवः।**
**तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम्।।७।।**

રાગ-દ્વેષ-મોહ અને જ્ઞાનનું લક્ષણ (દોહરા)

**जो हितभाव सु राग है, अनहितभाव विरोध।**
**भ्रामिक भाव विमोह है, निरमल भाव सु बोध।।८।।**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**ભ્રામિક=પર દ્રવ્યમાં અહંબુદ્ધિ. નિર્મળ=વિકાર રહિત. બોધ=જ્ઞાન.

**અર્થ :—**પ્રેમનો ભાવ રાગ, ઘૃણાનો ભાવ દ્વેષ, પરદ્રવ્યમાં અહંબુદ્ધિનો ભાવ મોહ અને ત્રણેથી રહિત નિર્વિકારભાવ સમ્યગ્જ્ઞાન છે. ૮.

**अर्थ :–**प्रेमका भाव राग, घृणाका भाव द्वेष, परद्रव्यमें अहंबुद्धिका भाव मोह और तीनोंसे रहित निर्विकारभाव सम्यग्ज्ञान है।।८।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

जो हितभाव—કંઈ પણ વિકલ્પ અને પરમાં પ્રેમભાવ એ રાગ છે, જ્ઞાનીને એ છે નહિ. આહાહા! સર્વ દ્રવ્યના મધ્યમાં પડ્યો જ્ઞાની, એનાથી નિરાળો છે. સર્વ દ્રવ્યના મધ્યમાં પડ્યો અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ પોતાપણે માને છે. जो हितभाव सु राग પ્રેમનો ભાવ પર પદાર્થ પ્રત્યે રાગ છે. તો પર પ્રત્યે રાગ ધર્મીને હોતો નથી. આહાહા! અને अनहितभाव—વિરોધ-અણહિત-ઘૃણા, આ નહિ..આ નહિ એનું નામ દ્વેષ. એ બેય જ્ઞાનીને હોતા નથી. આહાહા! અને भ्रामिक भाव विमोह है. પરદ્રવ્યમેં અહંપણું, પુણ્યના ભાવમાં શરીરના ભાવમાં બધામાં અહંપણું, ઊંડે ઊંડે એમાં પોતાપણું એ ભ્રમણા અજ્ઞાન છે. એ ત્રણેથી રહિત निरमल भाव सुबोध, લ્યો. તીનોંસે રહિત ધર્મીને તો નિર્વિકાર ભાવ સમ્યગ્જ્ઞાન છે. આરે! ધર્મીએ આત્માને પવિત્ર માન્યો છે, અનુભવ્યો છે, જાણ્યો છે. એથી તેને તો રાગ-દ્વેષ અને મોહથી રહિત નિર્મળભાવ બોધના, તે તેના છે. આહાહા!

એમાં તકરાર વળી પાછી. સમકિતીને આ ન હોય. હાથી પાણી લે ને નહાય ને પછી ધૂળ. મુનિને આવી નિર્જરા હોય, ઈ ય વાંધા હવે આવામાં. સમકિતીને એમ કે ક્રિયા આ બધી અપવાસ આદિ તપની અને હાથીનાં સ્નાન વચ્ચે....હાથી નહાય ને વળી ધૂળમાં પાછો રગદોળે. આવે છે ને? પણ ઈ તો ચારિત્રનું જોર દેવા. આંહી સમ્યગ્દર્શન....એની વાત છે ત્યાં. એ આચારશાસ્ત્રમાં આમ રમણતા છે ન્યાં. વીતરાગ..વીતરાગ..મુનિ દશા આહાહા! જેને કાંઈ પડી નથી. શું? (શ્રોતા : .......) ગજસ્નાન, હા. આ રતનજી બહુ લખે. ગજસ્નાન. પણ એનો અર્થ શું? એ તો ચારિત્રનું બહુ જોર. ઘણી વીતરાગતા પ્રગટી જેની મુનિને એની અપેક્ષાએ વાત છે. પણ આંહી દર્શનની અપેક્ષાએ વાતમાં સમકિતીને તો નિર્મળ જ છે. આહા! એની વચ્ચેની વાત છે ઈ તો. ઓલું તો ચારિત્ર ને અવ્રતીની વચ્ચેની વાત છે. આહા!

મુનિદશા—ભગવાન થઈ ગયો એ. આત્માના આનંદનો અનુભવ અતીન્દ્રિય પ્રસંગ આનંદનો પ્રચૂર સ્વસંવેદન. આહાહા! ઓલો દાખલો આપ્યો છે ને. તરંગીણી. શું કહેવાય એને? (શ્રોતા : तत्त्वज्ञान) तत्त्वज्ञान નહિ, ઓલી સુદૃષ્ટિ તરંગિણીમાં, ઓલા છ, ઓલા એક ગુફામાં છ સાધુ બેઠા છે, એમ કહે. એક ગુફાનો દાખલો આપ્યો છે. સુદૃષ્ટિ તરંગિણી હૈ. ટેકચંદજી પંડિત હો ગયે. જૈસે ટોડરમલજી હો ગયે ને ઐસે વહ...ઐસે તો નહિ પણ એક વિદ્વાન તરીકે. આમ તો ફેર છે ઘણો. એવો ટેકચંદજીનો સુદૃષ્ટિ તરંગણી છે એક. એમાં એવું લખ્યું છે કે ભઈ, આ એક ગુફામાં છ સાધુ વીતરાગી હોય વીતરાગી, એને ક્યારે આંહીથી ઊઠવું અને કેમ બોલવું કોઈની પડી નથી એને કે આ પાંચને પૂછીને ઊઠું. છમાં કોઈ કોઈની સામું જોતું નથી. એ છ જણા, વહ કલ કહ્યા'થા ને.

ગુફામાં છ જણા હોય. મુનિ વીતરાગ.....વીતરાગ. પણ એમાં અમારે હાલવું છે તો ભાઈ તમે આવશો ભાગ્યશાળી? એય પડી નથી જેને. વીતરાગી મુનિ છે. બેસે ત્યાં સુધી બેસે, ઊઠે તો ઊઠે, એ ક્રિયા બધી જડની છે. કોઈ કોઈને કાંઈ સંબંધ નથી. એમ આ ચૌદ બ્રહ્માંડની અંદર છ દ્રવ્ય ગુફાની જેમ પડ્યા છે, એમ કહે. છ દ્રવ્ય. કોઈ કોઈને પડી નથી. પોતાનું દ્રવ્ય પોતાથી પરિણતી કરી રહ્યું છે. કોઈની સામું જોતું નથી કે આ આમ કરે તો હું આમ કરું અને આમ કરે તો આમ કરું. છ દ્રવ્ય. અનંતા આત્માઓ, અનંત પરમાણુઓ પોતપોતાનું કામ પોતાથી કરી રહ્યા છે. કોઈની કોઈને કાંઈ પડી નથી. આહાહા! એમ સમ્યગ્દષ્ટિને જગતમાં રહ્યો છતાં કોઈની કાંઈની એને પડી નથી. સમજાણું કાંઈ?

निरमल भाव सुबोध, જુઓ. तीनोंसे रहित निर्विकारभाव सम्यग्ज्ञान है. એને જ્ઞાન કહીએ. જે જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદ આવ્યો હોય, જે જ્ઞાનમાં અનંતાગુણનો પર્યાય પ્રગટ થયો હોય, તેને જ્ઞાન ને જ્ઞાની કહીએ. સમજાણું કાંઈ? એકલો ઉઘાડ જ્ઞાનનો, એ ગુણને એ જ્ઞાન કહેવાય જ નહિ. એને જ નિર્મળ ભાવ સુબોધ. ત્રણથી રહિત, રાગ-દ્વેષ અને ભ્રાંતિથી રહિત, તેવું ભગવાન આત્માનું શુદ્ધ સ્વરૂપ, એનું સ્વસંવેદન એ નિર્મળ છે, એને જ્ઞાની કહેવામાં આવે છે. મલિનતાનાં પરિણામ જેનામાં એકતા કરતો નથી. આહાહા! સમજાણું કાંઈ? નિર્વિકારભાવ સમ્યગ્જ્ઞાન છે. નીચે કળશ છે ને. રાગ-દ્વેષ-મોહ જ આસ્રવ છે, એમ કહે છે, જુઓ.

રાગ-દ્વેષ-મોહ જ આસ્રવ છે. (દોહરા)

राग विरोध विमोह मल, एई आस्रवमूल।
एई करम बढ़ाईकैं, करैं धरमकी भूल॥९॥

**મૂળ શાસ્ત્ર : અર્થ :—**રાગ–દ્વેષ–મોહ એ ત્રણે આત્માના વિકાર છે, આસ્રવનાં કારણ છે અને કર્મબંધ કરીને આત્માનું સ્વરૂપ ભુલાવનાર છે. ૯.

**अर्थ :–**राग-द्वेष-मोह ये तीनों आत्माके विकार हैं, आस्रवके कारण हैं और कर्मबंधके करके आत्माके स्वरूपको भुलानेवाले हैं॥९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આત્મા સિવાય રાગમાં પણ પ્રેમ થવો અથવા અનુકૂળ ચીજને દેખીને રાગ થવો, એ જ્ઞાનીને હોતું નથી. આહીં તો જ્ઞાનીને રાગ-દ્વેષ-મોહ હોતાં નથી, એ સિદ્ધ કરવું છે. રાગ તો દસમા ગુણસ્થાન સુધી હોય છે. હોય છે તે શું છે? બધું ય એને ઘેરે રહ્યું.

આત્મામાં ક્યાં છે ઈ? રાગ, વિરોધ નામ દ્વેષ અને ભ્રાંતિ એ ત્રણ મળ છે. एई आस्रव मूल, એ આસ્રવનું મૂળિયું તો એ છે. બહારની ક્રિયા એ કાંઈ નહિ. પરિણામ જે થયાં એ જ આસ્રવ છે. સમજાણું? एई करम बढाईकैं. એ રાગ-દ્વેષ ને ભ્રાંતિ, એ કર્મ વધારવાનું નિમિત્ત છે.

અને करैं धरमकी भूल—આત્માના સ્વરૂપને ભૂલાવે, કહો. એ करैं धरमकी भूल. આત્મા નિરાવરણ, નિર્લેપ આનંદધામ, એને આ રાગ-દ્વેષ અને મોહ ભૂલાવી નાંખે છે. 'હું આવો છું, મેં આવું કર્યું, મેં આવું કર્યું, મેં દયા પાળી, હું વ્રતી છું. ભક્તિ મેં કરી. મેં ફલાણું કર્યું' અથવા એવા મોહને રાગદ્વેષ એ જીવનાં સ્વરૂપને ભૂલાવે છે. એ જીવનું સ્વરૂપ છે નહિ. કહો સમજાણું? ધર્મીને એ નથી, એમ કહેવું છે ને અહીં તો આસ્રવ વળી. નિરાશ્રવ બતાવવું છે ને. વળી વિશેષ કહે છે. સમ્યગ્દષ્ટિ જીવ નિરાશ્રવ છે.

સમ્યગ્દષ્ટિ જીવ નિરાસ્રવ છે. (દોહરા)

**जहां न रागादिक दसा, सो सम्यक परिनाम।**
**यातें सम्यकवंतकौ, कह्यौ निरास्रव नाम॥१०॥**

**મૂળ શાસ્ત્ર : અર્થ :**—જ્યાં રાગ–દ્વેષ–મોહ નથી તે સમ્યક્ત્વભાવ છે, તેથી જ સમ્યગ્દષ્ટિને આસ્રવરહિત કહ્યો છે. ૧૦.

**अर्थ :**–जहाँ राग-द्वेष-मोह नहीं हैं वह सम्यक्त्वभाव है, इसीसे सम्यग्दृष्टिको आस्रव रहित कहा है॥१०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ચૈતન્ય વસ્તુ એકલી અનાકુળ શાંત રસનો કંદ, એવા મહા અસ્તિત્વ ઉપર અનુભવ આવ્યો. ભાન થયું. કહે છે, ત્યાં રાગ-દ્વેષ-મોહ નથી. ત્યાં રાગ ને દ્વેષ, મિથ્યાત્વ નથી. 'सो सम्यक् परिनाम' એને સમ્યક્ભાવ કહીએ. જે ભાવમાં રાગ-દ્વેષ અને મિથ્યાત્વ નથી, તે ભાવને સમ્યક્ભાવ કહીએ. આહા! સમ્યગ્દષ્ટિના પર્યાયમાં રાગ-દ્વેષ-મોહ નથી. દ્રવ્ય-ગુણમાં નથી તેવી પર્યાયમાં પણ નથી. અજ્ઞાની બહારથી છોડીને બેઠો હોય, બધું પાંચ વ્રત પાળતો હોય પણ અંદરમાં અભિપ્રાય—'રાગ તે હું, કર્તવ્ય મારું છે. મહાવ્રતનાં વિકલ્પ એ મારાં છે અને હું પાળું છું'—એ મિથ્યાદૃષ્ટિ મેલવાળો છે. આહાહા! સમજાણું કાંઈ?

નિર્મોહી, આવે છે ને શ્રાવકરત્નકંડઆચારમાં. ઓ પંડિતજી! વહ શ્રાવકરત્નકંડ-

આચાર, નિર્મોહી. (શ્રોતા : ............મોક્ષમારગ સો નિર્મોહી, નહીં મોહમારગ) ઈ, અણગાર નામ ધરાવે, પણ છે રાગ મારો, એ વિકલ્પ મારો, તો મોહી મિથ્યાદૃષ્ટિ છે. અને ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, 'રાગ-દ્વેષ મારી ચીજ જ નહિ, મારી મહાચીજ જુદી છે,' એવા અનુભવમાં એ મોક્ષમાર્ગી છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં એ મોક્ષમારર્ગી છે. ઓલો નગ્ન મુનિ થયો છતાં એ મોહી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! સંસારમાર્ગી. ભારે આ તો! આમાં બાહ્યત્યાગનું મહાત્મ્ય ઘટી જાય છે, એમ વળી લખે. (શ્રોતા : તે બાહ્યત્યાગનું માહાત્મ્ય હતું કે દિ'?) આ બિચારા બાહ્યત્યાગ કરે ને, પુછાય આમ. કેટલું માન હતું? આ બધું નીકળ્યા પછી બધું માન ઘટી જાય છે. (શ્રોતા : બાહ્યત્યાગનું માન હોય કે અંતર શુદ્ધિનું માન હોય? મહિમા કોની?) આ બહાર બહુ વાત આવી ને.

એક જણાને કહેતા'તા કાલે એક સાધુ. હવે ન્યાં ઓલા કહે, આમ ન હોય. હા ભઈ, બહાર પુસ્તક બહાર પાડ્યાં, હવે પોલ ચાલે એવું નથી, કહે. પુસ્તક તો એટલાં બધા બહાર આવ્યા આંહી, હવે સાધારણની પોલ ચાલી શકે નહિ. જ્યાં ત્યાં મનાવી દેતા ને બહારની ક્રિયા એ અમારું સાધુપણું છે ને પાંચ મહાવ્રત ને અઠ્ઠાવીસ મૂળગુણ એ અમારું સાધુપણું છે. આ દેવી ને દેવલાને માને, ક્ષેત્રપાળ ને પદ્માવતીને, તોય કોઈ પૂછતું નથી. હવે તો પૂછે છે. પૂછે છે કે આ ક્ષેત્રપાળ શા તમારે? સાધુ થઈને આ શું? પદ્માવતી દેવી સાથે ફેરવવા આ શું? એને તો ધર્મનું ભાને ય નથી કાંઈ. પદ્માવતી અને ક્ષેત્રપાળને દેવ માને.

આંહી તો પરમાત્મા પોતે અખંડ દેવનો દેવ છે. દેવાધિદેવને ઓળખનારો અને આત્માને ઓળખનારો એ તો પોતે દેવ છે. એવા દેવમાં કહે છે, 'जहां न रागादिक दसा, सौ सम्यक परिनाम, यातें सम्यकवंतौ कह्यौ निरास्रव नाम;' લ્યો. એથી એને નિરાશ્રવ કહેવામાં આવે છે. સમ્યગ્દૃષ્ટિના સત્ત્વનો વિષય તો એકલો આત્મા છે અને તેથી તેની દૃષ્ટિમાં, વિષયમાં કે એની પર્યાયમાં રાગ-દ્વેષ એકપણે નથી. તેથી જ્ઞાનીને નિરાશ્રવ કહેવામાં આવે છે. આ વાત રાખીને પછી અસ્થિરતા જે છે, એને ટાળવા સ્વરૂપનો પુરુષાર્થ કરે છે ક્ષાયિક. સમજાણું કાંઈ?

સાતમો કળશ થયો હવે આઠમો.

**अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न--**
**मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते।**
**रागादिमुतकमनसः सततं भवन्तः**
**पश्यन्ति बन्धविधुरं समयस्य सारम्॥८॥**

આહા! ધર્મી તો બંધથી રાંડ્યો છે, કહે છે. વિધુર છે વિધુર. આહાહા! આંહી બાયડી મરી જાય એને વિધુર કહે છે ને. ઓલી બાઈને વિધવા કહે અને ઓલો વિધુર થયો. આત્મા, રાગ ને રાગના પરિણામનાં બંધથી વિધુર છે. આહા! એનો સ્વભાવ જ એવો છે. निरास्रवी जीवोंका आनंद. લ્યો, આનંદ.....આનંદ. જેને આત્માનું ભાન છે. આસ્રવ અને બંધરહિત છે એને આનંદસહિત છે. એમ સિદ્ધ કરે છે. અતીન્દ્રિય આનંદના વેદન આગળ એનામાં બીજી ચીજ છે નહિ. આવી વાત છે! મૂળ વાત વિસરી ગઈ. બહારની આ પ્રવૃત્તિ રહી ગઈ, આ કર્યું. ને તે કર્યું. આહા! કહો સમજાણું કાંઈ?

કહો, ધીરુભાઈ, ઓલા આવ્યા'તા બધા. જુઓ, ગલત છે તમારો માર્ગ, ગલતી છે. ધીરુભાઈ હતા ન્યાં. બેઠા'તા. પાછો આવો માર્ગ છે. લોકોનું કલ્યાણ અટકી જાય છે. કાળા કેર અકલ્યાણના કરે છે તું, તને ખબર નથી. રાગની ક્રિયા મેં કરી અને એનાથી લાભ, મહામિથ્યાત્વને પોષે, નિગોદની ગતિમાં જનારા છે. અને વળી કહે, ગલતી છે. હવે સાંભળ કીધું, આ એક જ માર્ગ છે આ તો, બાકી બધા ગલત છે. પણ એમનો ભાઈ બિચારો સજ્જન બહુ. હિંમતભાઈ સમજ્યા? મીઠા....મીઠા. મહારાજ કહે છે કે હવે અમારે ચર્ચા નથી કરવી કંઈ પછી તમે વાત મૂકી. વાત તો ઈ મૂકી છે ને હવે બીજી શું કરવા માંડો છો? એનો ભાઈ આપણો....માળા આ તોફાની! આહાહા!

'રાગની ક્રિયા, વ્રત ને દયા ને દાન, એ બધાં મારાં છે ને મને કલ્યાણ'– મહામિથ્યાત્વને પોષે છે. નિગોદની દશાની સન્મુખ થઈ ગયા છે. સમજાણું કાંઈ? એ નિગોદમાં વાસ કરશે વાસ્તુ અને ધર્મી રાગથી ભિન્ન ભાનવાળા સિદ્ધમાં વાસ કરશે, એમ કહે છે. એને આસ્રવ ને બંધ છે નહિ. આહાહા! સમજાણું કાંઈ? આ તો બંધની ક્રિયાને ધર્મ અને તમે ધર્મ એને કહેતા નથી. લોકોનું કલ્યાણ અટકે છે. ઠીક! એય, ઈન્દ્રલાલજી, રતનલાલજી! આહા! (શ્રોતા : રાગ હૈ કહાં જો અટકેગા?) હૈ હી નહી ને ત્યાં અટકે ક્યાંથી વળી? હજી કલ્યાણનો માર્ગ શું છે એની ખબર નથી. સમજાણું કાંઈ? એ આઠમા કળશમાં કહેશે પછી.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન-૬૨, ચૈત્ર સુદ ૭, શુક્રવાર, તા. ૨-૪-૧૯૭૧
## આસ્રવદ્વાર પદ ૧૧, ૧૨, ૧૩ ઉપર પ્રવચન

નિરાસ્રવી જીવોનો આનંદ (સવૈયા એકત્રીસા)

जे केई निकटभव्यरासी जगवासी जीव,
मिथ्यामत भेदि ग्यानभाव परिनए हैं।
जिन्हिकी सुदृष्टिमैं न राग द्वेष मोह कहूं,
विमल विलोकनिमैं तीनौं जीति लए हैं॥
तजि परमाद घट सोधि जे निरोधि जोग,
सुद्ध उपयोगकी दसामैं मिलि गए हैं।
तेई बंधपद्धति विदारि परसंग डारि,
आपमैं मगन ह्वैके आपरूप भए हैं॥११॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**સુદૃષ્ટિ=સાચું શ્રદ્ધાન. વિમલ=ઉજ્જ્વળ. વિલોકનિ=શ્રદ્ધાન. પરમાદ=અસાવધાની. ઘટ=હૃદય. સોધિ=શુદ્ધ કરીને. સુદ્ધ ઉપયોગ=વીતરાગપરિણતિ. વિદારિ=દૂર કરીને.

**અર્થ :—**જે કોઈ નિકટ ભવ્યરાશિ સંસારી જીવ મિથ્યાત્વ છોડીને સમ્યગ્ભાવ ગ્રહણ કરે છે, જેમણે નિર્મળ શ્રદ્ધાનથી રાગ-દ્વેષ-મોહ ત્રણેને જીતી લીધા છે અને જે પ્રમાદને દૂર કરી, ચિત્તને શુદ્ધ કરી, યોગોનો નિગ્રહ કરી શુદ્ધ ઉપયોગમાં લીન થઈ જાય છે, તે જ બંધ-પરંપરાનો નાશ કરીને, પરવસ્તુનો સંબંધ છોડીને, પોતાના રૂપમાં મગ્ન થઈને નિજસ્વરૂપને પ્રાપ્ત થાય છે અર્થાત્ સિદ્ધ થાય છે. ૧૧.

**अर्थ :**-जो कोई निकट भव्यराशि संसारी जीव मिथ्यात्वको छोड़कर सम्यग्भाव ग्रहण करते हैं, जिन्होंने निर्मल श्रद्धानसे राग-द्वेष-मोह तीनोंको जीत लिया है और जो प्रमादको हटाकर, चित्तको शुद्ध करके, योगोंका निग्रह कर शुद्ध-उपयोगमें लीन हो जाते हैं, वे ही बन्ध-परंपराको नष्ट करके पर वस्तुका सम्बन्ध छोड़कर, अपने रूपमें मग्न होकर निज-स्वरूपको प्राप्त होते हैं अर्थात् सिद्ध होते हैं॥११॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

......પરિણમતો થતો હતો એ તો મિથ્યાત્ ભાવ હતો. એને છેદી, જ્ઞાનસ્વરૂપ આત્મા શુદ્ધ ભાવરૂપે પરિણમે છે. जिन्हीकी सुदृष्टिमैं न राग द्वेष मोह कहूं. જેની દૃષ્ટિમાં પુણ્ય-પાપનાં વિકલ્પ કે ભ્રાંતિ કંઈ છે નહીં. जिन्हींकी सुदृष्टिमैं, ग्यानभाव परिनए हैं, એની દૃષ્ટિમાં, એમ. જ્ઞાનભાવ પરિણમે, એમ લીધું ને પહેલું. ધર્માત્મા એને કહીએ કે જે જ્ઞાનસ્વભાવભાવ શુદ્ધભાવ એ પણે થાય, પરિણમે, એથી એની દૃષ્ટિમાં રાગ-દ્વેષ, મોહ કાંઈ હોતા નથી. ધર્મીની દૃષ્ટિમાં તો આત્મા પૂર્ણ આનંદકંદ એ દૃષ્ટિમાં હોય છે. એથી એને જ્ઞાન અને આનંદનું પરિણમન હોય છે. ભારે!

जिन्हींकी सुदृष्टिमैं न राग द्वेष मोह कहूं, विमल विलोकनिमैं तीनौं जीति लिए है। विमल विलोकनिमैं. આત્મા નિર્મળ આનંદ જ્ઞાનસ્વરૂપ આનંદ છે, એવા અંતરવિલોકન નામ અવલોકનથી શુદ્ધ સ્વભાવ તે પવિત્ર આનંદ અને શાંતિ છે. એવા નિર્મળ સ્વભાવનાં અવલોકનથી ત્રણે જીત્યાં છે. मिथ्यामतभेदि કહ્યું હતું ને. છેદ્યું કેમ પણ છેદાણું ? કે વિમલ ભગવાન આત્મા એનાં વિલોકન—નિર્મળ શ્રદ્ધાનસે, એમ કરીને, અર્થ એવો કર્યો છે. એ નિર્મળ વિલોકન-અનુભવ. (શ્રોતા : વિમલ-નિર્મળ) વિમલ, નિર્મલ શ્રદ્ધાન. विमल विलोकनिमैं. નિર્મળ શ્રદ્ધા વસ્તુસ્વરૂપ શુદ્ધ જ્ઞાન આનંદ એના અવલોકનમાં, એની શ્રદ્ધામાં, એને પોતાનું માનવામાં, એને અનુભવમાં तीनौं जीति लए हैं. રાગદ્વેષ મોહ એની દશામાં છે (નહીં.) એ ત્રણને જીત્યાં છે, એમ કહેવામાં (આવે છે.) કહો, સમજાણું ? પછી આગળ વધે છે હવે.

तजि परमाद घट सोधि जे निरोधि जोग. પ્રમાદને છોડી સ્વરૂપમાં નિષ્પ્રમાદપણે રમે છે. तजि परमाद. ચિત્તકો શુદ્ધ કરીને, એમ લખ્યું છે. घट सोधि जे निरोधि जोग—યોગોનો નિગ્રહ કર. મન વચન ને કાયાનાં અશુદ્ધ પરિણામય અહીં કંપનનો નિગ્રહ કરીને, અશુદ્ધ જે શુભ-અશુભ પરિણામ એને રોકીને, ઉત્પન્ન જેણે શુદ્ધ ઉપયોગ કર્યો છે તે મોક્ષગામી મોક્ષની સન્મુખ થઈ ગયો છે. કહો, આવો માર્ગ ! આહા! સાંભળતા માણસને કહે, આ તે કઈ જાતનો માર્ગ! અપવાસ કરવા, કંદમૂળ ન ખાવા, હવે એ તો સૂઝ પડે. ભગવાનની ભક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કરવી, લ્યો. એમાં આ વસ્તુ! એ વિકલ્પની પાર વસ્તુ છે. એ વિકલ્પને જીતનારો ભગવાન બેઠો છે અંદર. એ જ્ઞાન સ્વભાવનાં અવલોકનની શ્રદ્ધા દ્વારા અનુભવ દ્વારા જેણે રાગનો અનુભવ ઉત્પાદ નાશ કર્યો છે. રાગનો અનુભવરૂપી, ઉત્પાદરૂપી અનુભવ એનો નાશ કર્યો છે. આહા! અને જ્ઞાનનો અનુભવ જેણે કર્યો છે, એમ કહે છે. પોતે ચૈતન્ય જ્ઞાનમય આનંદમય છે, એનું જેણે વેદન કર્યું છે.

અજ્ઞાનમાં જે રાગ અને દ્વેષનું વિકારી વેદન મિથ્યાત્વ ભાવમાં હતું, એ સ્વભાવભાવનાં શ્રદ્ધા, જ્ઞાનના અનુભવ દ્વારા એ ત્રણને રાગદ્વેષ મોહની જેણે ઉત્પત્તિ જેને થતી નથી, એણે જીતી લીધાં છે. અને तजि परमाद घट सोधि जे निरोधि जोग-तजि परमाद घट सोधि जे निरोधि, બસ એમ. અંતરમાં આનંદને શોધી અને આસ્રવને રોકી, એમ કહે છે. સમજાવવાની શૈલી તો એમ આવે ને. शुद्ध उपयोगकी दसामैं मिलि गए हैं. ભગવાન શુદ્ધ સ્વરૂપ પવિત્ર અનાકુળ આનંદ, એના શુદ્ધ વેપારપણે જેનો ઉપયોગ થઈ ગયો છે. આહાહા! એ જીવ-ભવ્ય જીવરાશિ મોક્ષ નામ પરમાનંદની પ્રાપ્તિની તદ્દન નિકટ—નજીક છે. આહાહા! કહો સમજાણું કાંઈ?

सुद्ध उपयोगकी दशा—ભૂમિકા પ્રગટ થઈ ગઈ છે, એમાં લીન થયા છે. तेई बंधपद्धति विदारि—તે જ બંધની પરંપરાને છેદી, परसंग डारि—પરવસ્તુનો સંગ પણ છોડી દઈ, आपमैं मगन व्हैकै आपरूप है. પોતાનો નિજસ્વભાવ શુદ્ધ આનંદ એ આપરૂપ થઈને—મગ્ન થઈને आपरुप भए हैं—પોતામાં મગ્ન થઈને આપરૂપ થયાં છે. સમજાય છે કાંઈ? અથવા સિદ્ધ થાય છે છેલ્લે. પ્રથમ તો સ્વરૂપનાં અનુભવ દ્વારા રાગદ્વેષ મોહની એકતા જેને તૂટી ગઈ છે, પ્રમાદ જેનો ગયો છે, જોગ જેણે નિરોધ્યાં છે. શુદ્ધ ઉપયોગ ઉગ્રપણે જેનું પરિણમન છે, એ અલ્પકાળમાં બંધની પરંપરા અને પર સંગને છેદી પોતામાં મગ્ન થઈને આપરૂપ થઈ ગયો છે. સિદ્ધરૂપ આત્મા સ્વરૂપે જેમ થઈ જાય છે. એને આ સિદ્ધ થવાની રીત છે. આરે! નામ સાંભળતાં પણ કઠણ પડે. શું હશે આ? (શ્રોતા : ભગવાનનો માર્ગ). આવો માર્ગ? મોં માથાં હાથ આવે નહીં કાંઈ.

ખબર ન મળે કે હું કોણ છું અંદર? પૂર્ણાનંદનો નાથ જ્ઞાનાનંદનો સ્વભાવ સાગર એ જગતમાં હું જ છું. રાગ આદિ મારામાં નથી. મારી અપેક્ષાએ તો રાગ-દ્વેષ મોહ નથી. મારામાં નથી એટલે મારી અપેક્ષાએ એ વસ્તુ નથી. આહાહા! મારો સત્તા સ્વભાવ ભગવાન આત્મા, એ જ જુદું તત્ત્વ એનો અનુભવ કરીને રાગ-દ્વેષ મોહને જીત્યાં છે એટલે કે એની દશામાં તે ઉત્પન્ન થતાં નથી, એમ કહે છે. ભારે વાતો ભાઈ? એને અહિંયા ધર્મ કહેવામાં આવે છે. આનું નામ જૈન ધર્મ. જૈનનાં સંસ્કૃતિ આ. જૈનની સંસ્કૃતિ જીતવાની આ. (શ્રોતા : જીતી લઈએ) જીતી લઈએને. જૈન એટલે જેણે રાગદ્વેષ ને ભ્રાંતિ અને જેણે ઉત્પત્તિ કરી નથી અને શુદ્ધભાવની ઉત્પત્તિ કરી છે, એને જૈન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

આ તો પંચમહાવ્રત ને બહારની ક્રિયા ને જોઈને ચાલવું ને આહાર લેવો, એ બધી ક્રિયા જાણે ધર્મની હોય, એમ અજ્ઞાનીએ માન્યું છે. એથી ન્યાંથી જેને પોતાનું માન્યું,

એનાથી પૃથક્ હું છું, એ કેમ જાણે ઈ? આહા! જે દીકરો રળાઉ માને એને જુદો કેમ કરે? દુશ્મન જાણે તો તો કરે કે આ તો ઘર ખાલી કરે છે માળો. એમ રાગ આદિ તો લાભદાયક છે. એના અસ્તિત્વમાં જ મારું અસ્તિત્વ છે. એ રાગ હોય તો હું હોઉં. આહાહા! રાગ વિનાની મારી ચીજ છે, એવી ચીજની હયાતિના સ્વભાવના સ્વીકારમાં રાગની હયાતિની ઉત્પત્તિ જ થતી નથી. સમજાણું કાંઈ? આહા! ભારે માર્ગ ભાઈ! હવે અમારે ગૃહસ્થાશ્રમમાં રહીને ધર્મ કરવો શી રીતે? (શ્રોતા : એ તો આગળ આવી ગ્યું). ઈ તો કહ્યું'તું. સમજાણું?

પહેલાં અર્થ છે ને પહેલાં. (શ્રોતા : પાનું ૧૧૨ ને ૧૧૩). શ્રાવક ને બધું આવ્યું'તું એ છઠ્ઠામાં, સાતમામાં એનો ઉત્તર આપ્યો'તો. માર્ગ એવો છે કે પરની અપેક્ષા વિનાનો નિરપેક્ષ ચૈતન્યસ્વરૂપ છે. આહા! જ્યાં સુધી એને આત્માના આનંદ સિવાય કોઈપણ શુભ-અશુભ રાગમાં કે સંયોગમાં ઉત્સાહિત વીર્ય થાય, ત્યાં સુધી એ મિથ્યાત્વ ભાવ છે. કીધું ને મિથ્યાત્વપણે પરિણમે છે ત્યાં સુધી. સમજાણું કાંઈ? આહાહા! સ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાન અવલોકન કરતાં એની સત્તાના સ્વભાવમાં તો આનંદ ને શાંતિ છે. એ પોતાની હયાતિનું ભાવસ્વરૂપ છે. રાગ આદિ, પુણ્ય આદિ હું નહીં. તો શરીર, વાણી, મન એ ક્યાં રહ્યાં? સમજાણું કાંઈ? એટલો અંદર આંતરો ભેદજ્ઞાનનો પડવો જોઈએ. નહીંતર એ એકત્વપણું ટળે નહીં, એમ વાત છે આ. ભારે ધર્મ ભાઈ આવો! એ ૧૧મો (પદ) થયો. નવમો શ્લોક

**प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु**
**रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।**
**ते कर्मबन्धमिह बिभ्रति पूर्वबद्ध-**
**द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्॥९॥**

નિરાશ્રવની વાત કરી. હવે સ્વઆશ્રય જ્ઞાનીની વાત કરે છે. આ મગનભાઈનાં પ્રશ્નો. મગનભાઈનો પ્રશ્ન હતો આમાં. उपशम तथा क्षयोपशम भावोंकी अस्थिरता.

ઉપશમ અને ક્ષયોપશમ ભાવોની અસ્થિરતા (સવૈયા એકત્રીસા)

**जेते जीव पंडित खयोपसमी उपसमी,**
**तिन्हकी अवस्था ज्यौं लुहारकी संडासी है।**
**खिन आगमांहि खिन पानीमांहि तैसैं एऊ,**
**खिनमैं मिथ्यात खिन ग्यानकला भासी है॥**

जौलौं ग्यान रहै तौलौं सिथिल चरन मोह,
जैसैं कीले नागकी सकति गति नासी है।
आवत मिथ्यात तब नानारूप बंध करै,
ज्यौं उकीले नागकी सकति परगासी है॥१२॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**પંડિત=સમ્યગ્દષ્ટિ. ખયોપસમી=ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ. ઉપસમી=ઉપશમ સમ્યગ્દષ્ટિ. એઊ=તે. ખિન (ક્ષણ)=અહીં ક્ષણનો અર્થ અંતમુહૂર્ત છે. સિથિલ=નબળા. કીલે=મંત્ર અથવા જડીબુટ્ટીથી બાંધી રાખેલા. નાગ=સર્પ. ઉકીલે=મંત્રબંધનથી મુક્ત. સકતિ(શક્તિ)=બળ પરગાસી (પ્રકાશી)=પ્રગટ કરી.

**અર્થ :—**જેવી રીતે લુહારની સાણસી કોઈવાર અગ્નિમાં તપેલી અને કોઈવાર પાણીમાં ઠંડી હોય છે, તેવી જ રીતે ક્ષાયોપશમિક અને ઔપશમિક સમ્યગ્દષ્ટિ જીવોની દશા છે અર્થાત્ કોઈવાર મિથ્યાત્વભાવ પ્રગટ થાય છે અને કોઈવાર જ્ઞાનની જ્યોતિ ઝગમગે છે. જ્યાં સુધી જ્ઞાન રહે છે ત્યાં સુધી ચારિત્રમોહનીયની શક્તિ અને ગતિ મંત્રથી બાંધેલ સાપની જેમ શિથિલ રહે છે અને જ્યારે મિથ્યાત્વ રસ આપે છે ત્યારે તે મંત્રના બંધનથી મુક્ત સાપની પ્રગટ થયેલી શક્તિ અને ગતિની જેમ અનંત કર્મોનો બંધ વધારે છે.

**વિશેષ :—**ઉપશમ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ અને જઘન્ય કાળ અંતમુહૂર્ત છે અને ક્ષયોપશમ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ કાળ છાસઠ સાગર અને જઘન્ય કાળ અંતર્મુહૂર્ત છે. આ બન્ને સમ્યક્ત્વ નિયમથી નષ્ટ થાય જ છે તેથી જ્યાં સુધી સમ્યક્ત્વભાવ રહે છે ત્યાં સુધી આત્મા એક વિલક્ષણ શાંતિ અને આનંદનો અનુભવ કરે છે અને જ્યારે સમ્યક્ત્વભાવ નાશ પામવાથી મિથ્યાત્વનો ઉદય થાય છે ત્યારે આત્મા પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થઈને કર્મ-પરંપરા વધારે છે. ૧૨.

**अर्थ :** जिस प्रकार लुहारकी संडासी कभी अग्निमें तप्त और कभी पानीमें शीतल होती है, उसी प्रकार क्षायोपशमिक और औपशमिक सम्यग्दृष्टि जीवोंकी दशा है अर्थात् कभी मिथ्यात्वभाव प्रगट होता है और कभी ज्ञानकी ज्योति जगमगाती है। जब तक ज्ञान रहता है तब तक चारित्रमोहनीयकी शक्ति और गति कीले हुए सर्पके समान शिथिल रहती है, और जब मिथ्यात्व रस देता है तब वह उकीले हुए सर्पकी प्रगट हुई शक्ति और गतिके समान अनंत कर्मोंका बंध बढ़ाता है।

विशेष :–उपशम सम्यक्त्वका उत्कृष्ट व जघन्यकाल अंतर्मुहूर्त है और क्षयोपशम

सम्यक्त्वका उत्कृष्ट काल छियासठ सागर और जघन्य काल अंतर्मुहूर्त है। ये दोनों सम्यक्त्व नियमसे नष्ट ही होते हैं, सो जब तक सम्यक्त्वभाव रहता है तब तक आत्मा एक विलक्षण शान्ति और आनंदका अनुभव करता है और जब सम्यक्त्वभाव नष्ट होनेसे मिथ्यात्वका उदय होता है तब आत्मा अपने स्वरूपसे चिगकर कर्म-परंपराको बढ़ाता है॥१२॥

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જે તે જીવ પંડિત, નામ સમકિતી. આંહિ સમકિતીને જ પંડિત કહ્યા છે. પંડિતજી! (શ્રોતા : બરાબર મહારાજ, વાત તો એવી છે.) આહા! (શ્રોતા : અર્થ ભી યે હી હૈ મહારાજ). યે હી હૈ ને વસ્તુ તો. (શ્રોતા : ........) આહા! વાત તો યે હી હૈ. આહાહા! જેણે આત્માને રાગનાં વિકલ્પથી પણ જુદો જેણે અનુભવ્યો છે, એને અહિંયા સમકિતી ને પંડિત કહેવામાં આવે છે. આહા! મોટો પંડિત. જાણપણું વિશેષ-ઓછું હો ન હો, એની સાથે કાંઈ સંબંધ નથી. આહા! જેણે દૃષ્ટિમાંથી રાગનો વિકલ્પનો ધ્યેયપણું છોડીને જેણે સ્વભાવના ધ્યેયે આત્માના અનુભવની દશા પ્રગટ કરી છે, એ પંડિત, એ ધર્મી, એ ક્ષયોપશમી અને ઉપશમી. આ બાજુ છે હેઠે. ૧૧૭ પાને નીચે.

અનંતાનુબંધીની ચાર અને દર્શનમોહનીયની ત્રણ, એ સાત પ્રકૃતિઓનો ઉપશમ હોનેસે ઉપશમ સમકિત કહીએ. અનંતાનુબંધીની ચોકડી અને મિથ્યા ને સમકિતમિથ્યા—છ પ્રકૃતિઓનો અનુદય—ઉદય નહીં. સમ્યક્ પ્રકૃતિનો ઉદય એ ક્ષયોપશમ કહ્યું. આ ક્ષયોપશમની વ્યાખ્યા નથી. પણ ક્ષયોપશમથી પડી જાય એની વ્યાખ્યા છે. ભાષા તો એવી છે. (શ્રોતા : શુદ્ધનયથી શુદ્ધ થાય ને.....) એની વાત છે. અને કેટલાક કહે ભઈ, આ ક્ષયોપશમની વ્યાખ્યા છે આ? ઘડીકમાં જેમ છીણી આ લોહારની હોય ને. ટીપે એટલે પાણી પાય. પાણી પાય ઘડીકમાં, ઘડીકમાં અગ્નિમાં નાંખે, ઘડીકમાં પાણીમાં નાંખે. એમ ધર્મી જીવની ક્ષયોપશમી અને ઉપશમીની. ઉપશમ તો અંતર્મુહૂર્તની સ્થિતિ છે, એ વળી જુદી. પણ ક્ષયોપશમ સમકિતી ઘડીકમાં મિથ્યાત્વ પામે અને ઘડીકમાં સમકિત પામે, એમ છે (નહીં). એ અહિંયા વ્યાખ્યા એ નથી આંહી. ફક્ત ક્ષયોપશમવાળો પડી જાય, એની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ ?

ઈ પ્રશ્ન આવ્યો'તોને હમણાં મગનભાઈનો. શ્રીમદ્‌માં આવે છે ને એક? ક્ષયોપશમી કોને કહેવો? ઘડીકમાં સ્મરણ—ઘડીકમાં વિસ્મરણ સમકિતનું, એને ક્ષયોપશમ, એવી વ્યાખ્યા. આ સંતવાણી—અમૃતવાણી આવી હતી ને? એમાં એ છે શબ્દ. એટલે એણે એ વાંચ્યું અને કહે, આ શું? ક્ષયોપશમ સમકિતીની આ તે વ્યાખ્યા છે? ક્ષયોપશમ સમકિતીની વ્યાખ્યા, ક્ષયોપશમ સમકિતી પડી જાય, એને પડે-આવે-પડે

આવે, એની વ્યાખ્યા છે. ક્ષયોપશમ સમકિત તો ૬૬ સાગર સુધી રહે છે. એમાં અવધિ કાંઈ આ પડે ને એમ છે, એમ છે નહીં. સમજાણું કાંઈ? અર્થ ઈ આવ્યો જુઓ આ પાઠમાં.

जे ते जीव पंडित खयोपसमी उपसमी, तिन्हकी अवस्था ज्यौं लुहारकी संडासी है। આ ક્ષયોપશમવાળો. સંડાસી હોય ને એની સાણસી. ઉની કરે ને. અગ્નિમાં નાખે આમ, વળી પાણીમાં નાંખે પાણી ચડાવવા. એમ ધર્મી જીવ ક્ષયોપશમ વાળો, પડે તો એની અવસ્થા કેવી હોય? કે લોહારની સંડાસી જેવી. ઘડીકમાં રાગમાં પ્રેમ થઈ જાય અને ઘડીકમાં ફરીને આનંદમાં પ્રેમ થઈ જાય. એ ક્ષયોપશમની પડવાની અપેક્ષાએ વાત છે. સમજાણું કાંઈ? શ્રીમદ્માં એ વ્યાખ્યા છે. ક્ષયોપશમ એટલે ઈ આ પ્રમાણે લેવું. એવો પ્રશ્ન હતો મગનભાઈને કે આમાં શ્રીમદે કેમ લખ્યું છે? ક્ષયોપશમ સમકિતની વ્યાખ્યા, ક્ષયોપશમમાં રહે તો પડે અને વળી પછી આવે. પણ ઈ તો અસંખ્ય વાર આવે–જાય, એવી અપેક્ષાની વાત છે. ક્ષયોપશમ રહે કાયમ તો એમાં ઘડીકમાં મિથ્યાત્વ ને ઘડીકમાં ઈ છે નહીં, એમ હોતું નથી. સમજાણું કાંઈ?

ઓલા ...... કહ્યું'તું એમને કે આ એક પણ....પણ વિચારમાં પડી ગયા ઈ. આ શું? આવું ક્યાં લખ્યું છે? તો પછી કહે, અમારે વિશ્વાસ શી રીતે કરવો? કહે. (શ્રોતા : હર ક્ષણે પડી જાતો નથી એમ પૂછતા હતા.) એવો પ્રશ્ન કર્યો. કાંતિભાઈ! ભઈ, આ તો કોઈ પડે એની વાત છે. ન પડે એની આ વાત છે (નહીં.) આ તો કોઈ પડે એવી અપેક્ષા લીધી છે. જેમ કુંદકુંદઆચાર્યે લીધી ને પહેલી શરૂઆતમાં. મુનિ છે એ કોઈ સ્વર્ગમાં જાય અને કોઈ ભવનપતિમાં જાય, એવું લીધું છે એ અપેક્ષાથી. ભવનપતિમાં તો મિથ્યાદૃષ્ટિ હોય ઈ જાય. સમકિતી કાંઈ ભવનપતિમાં ન જાય, લ્યો. એક કોર પોતે કહે કે સમ્યક્દૃષ્ટિ એ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, સ્ત્રી, નપુંસક, નારકીમાં અવતરે નહીં. સમ્યક્દૃષ્ટિ જીવ તો સ્વર્ગમાં જ જાય વૈમાનિકમાં. પંડિતજી!

વળી પાછું એમ લખ્યું કે પોતે કુંદકુંદ (આચાર્ય) કહે છે, મુનિ છે એ કદાચ એ સ્વર્ગ વૈમાનિકમાં ય જાય, ત્યાંથી મોક્ષ જાય. કોઈ અસુરકુમારમાં જઈ ન્યાંથી નીકળી મોક્ષ જાય. આવે છે પ્રવચનસાર. (શ્રોતા : શરૂઆતમાં જ આવે છે). શરૂઆતમાં પહેલી ગાથામાં. ઈ આમ અંદર કોઈ જીવને ભ્રમણા અંદર થઈ જાય સૂક્ષ્મ અને એમાં આયુષ્ય બંધાઈ જાય તો ભવનપતિમાં જાય, એમ એ અપેક્ષા લીધું છે. સમજાણું કાંઈ? માટે આમ છે, માટે ડર ખાઈ જાય માણસ કેટલાક, એમ માટે નથી કહ્યું. આ તો એને ચેતવવા માટે કહ્યું છે. સમજાણું કાંઈ? કે ભાઈ! ક્ષયોપશમ સમકિત અનુભવ હોવા છતાં એને

પડવાનો, ત્યાં ન રહે તો પડવાનો સંભવ છે. અને પડે તો એને ક્ષણમાં મિથ્યાત્વ થઈ જાય છે. સમજાણું કાંઈ?

खिन आगमांहि खिन पानीमांहि तैसैं एऊ, લ્યો. ક્ષણમાં પાણીમાં, ક્ષણમાં આગમાં. સાણસી હોય ને સાણસી, ઓલી હોય ને લોઢાની. સાણસીમાં પકડેલું હોય ને કાંઈ, લોઢું છીણી—ઉની કરવી હોય ને ઉની, તે આમ ઉની કરે, વળી પાણીમાં નાંખે, પાણી ચડાવવા. વળી અગ્નિમાં. એમ જેને આત્મજ્ઞાન—આતમભાન છે. પણ એમાંથી ઉંડે ઉંડે રાગની પ્રીત—રુચિમાં જો ગ્યો હોય, મિથ્યાત્વ થઈ જાય. અગ્નિમાં ગ્યો ઈ. ક્યા હૈ શેઠી? (શ્રોતા : ક્ષયોપશમ......) ક્ષયોપશમ સમકિતમેં(સે) પડનેકી બાત હૈ. ક્ષયોપશમમેં રહે, ઉસકી બાત નહીં. (શ્રોતા : ઉપશમમેં તો પડતા હી હૈ). ઉપશમ તો અંતરમુહૂર્ત હૈ. વહ બાત નિકાલ લિયા, પહેલેકી બાત હૈ. (શ્રોતા : ક્ષયોપશમમેં સે ભી......) એ પડી જાતે હૈં, અસંખ્ય વાર આ જાતે—પડતે હૈં. વહ વાત ઘણા કહતે હૈં, કોઈ ઐસે બનતે હૈં ઈ બાત. પણ ઈ એમાં એમ ન કરવું કે આ પડી જાય તો? પડી જાય. પડે શું? આહિં તો જ્યાં સુધી આત્મજ્ઞાન ને આત્મદૃષ્ટિ છે, ત્યાં સુધી તે આસ્રવવાળો નથી પણ અનુભવવાળો છે. શુદ્ધતાવાળો છે, એમ સિદ્ધ કરવું છે. પણ જ્યારે એ શુદ્ધતાનાં ભાવથી ભ્રષ્ટ થાય છે અને અશુદ્ધતાનાં અનુભવમાં એકલો આવે છે ત્યારે તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય (છે), એમ કહે છે. (શ્રોતા : સાવધાની રખનેકો કહા.....) સાવધાની એટલી ન રહી. સમજાણું?

तैसैं एऊ, खिनमैं मिथ्यात खिन ज्ञानकला भासी है. એટલે કોઈ જીવને ક્ષયોપશમ સમકિતમાંથી खिनमैं મિથ્યાત્વ, વિકલ્પની એકતારૂપ મિથ્યાત્વ થઈ જાય. અને ક્ષણમાં જ્ઞાનકળા, રાગથી ભિન્ન પડીને ચૈતન્યની જાગૃતિનું ભાન રહે. આવી સ્થિતિ થવા સંભવ છે, એ અપેક્ષાએ વાત કરી છે. આ ક્ષયોપશમ સમકિતની આ વ્યાખ્યા નથી. શ્રીમદ્‌માંય એમ છે, એક પત્રમાં આવી રીતે. ક્ષયોપશમ સમકિત, ઘડીકમાં સ્મરણ, ઘડીકમાં વિસ્મરણ, પણ ઈ તો આ શૈલીએ વાત કરી છે. સમજાણું કાંઈ? (શ્રોતા : નિયમસે.......) કોણ? નિયમસે ભ્રષ્ટ નહીં હોતા. એ તો એનો કાળ આટલો છે અને રહે—પડે તો, એમ. નિયમસે નહીં. ઈ નિયમસે નષ્ટ હોતા લખ્યું છે એણે. પણ નષ્ટ હોતા હૈ, એ વારની વ્યાખ્યા લીધી છે. ક્ષયોપશમવાળો સદાય રહે, એની વ્યાખ્યા નથી આ. તેથી તો આ....સમજાણું?

એ શ્રીમદ્‌માં એમ આવે છે. એ ચોપડીમાં આવે છે ને કાંઈક વિસ્મરણ. શ્રીમદ્‌માં આવે છે ક્યાંક ઈ. વ્યાખ્યા આવે છે ઈ, પાછળ હોં. ક્ષયોપશમની વ્યાખ્યા છે. હવે તો

શી રીતે ખબર પડે? ઈ તો આમાં હશે ક્યાંક. હાથ આવે છે કાંઈ? ઈ છે એક ક્ષયોપશમની વ્યાખ્યા, એક પત્રમાં છે. એ ક્ષયોપશમ સમકિતનું સ્વરૂપ છે. એ રહે તો ૬૬ સાગર સુધી એમ ને એમ રહે છે. એની સ્થિતિ ૬૬ સાગરોપમ. (શ્રોતા : ..... ઈતના અનુભવ) ઈતના ૬૬ સાગર સુધી રહે. (શ્રોતા : તો ફિર ગીર જાતા હૈ ને). ગીરના પડે ઉસકી તો વ્યાખ્યા કરતે હૈં. કોઈ ૬૬ સાગર પીછે પડ જાય કે ક્ષાયિક હો જાય, ત્યાં પડનેકી બાત પછી બાત કરતે હૈં.

(શ્રોતા : ક્ષાયિક હોતા હૈ કિ યહાંસે હોતા હૈ?) હો, સીધા હોતા હૈ ક્ષાયિક. પણ પંચમકાળમેં ક્ષાયિક નહીં, તો વહ કારણ જરી વર્ણન કિયા હૈ કોઈકો.......અટપટી (વાત છે.) પાછળ છે આમાં જુઓ, હશે ક્યાંક. એક પત્ર નથી પાછળ? લાંબો ત્યાં પત્ર છે. (શ્રોતા : વહ યહાઁ બતલાયા મહારાજ.....કિ ઉપશમ કે સમાન હી પતનશીલ હૈ). આહા! પતનશીલ પણ ક્ષયોપશમ છે ત્યાં સુધી પતનશીલ ન કહેવાયને. (શ્રોતા : હાં પ્રથમ તો નહીં....) પડી જાય તો એને. આહિંથી ક્ષણમાં આગ ને ક્ષણમાં પાણી, એમ લીધું છે ને. એ વાત ક્ષયોપશમને લાગુ નહીં પડતી હૈ.

(શ્રોતા : તો ૬૬ સાગરોપમ કેવી રીતે.......) હાં. (શ્રોતા : અને પછી ક્ષાયિક સમકિત થઈ જાય). તરત ક્ષાયિક થઈ જાય. (શ્રોતા : તો એને શી રીતે લાગુ પડે?) એને આ લાગુ પડતું નથી. (શ્રોતા : યહાઁ સે ક્ષાયિક તુમ કહો તો ફિર નિયમસે નહી હો સકતા) નિયમસે નહીં હોતા. (શ્રોતા : યે બાત હૈ). એ વાત છે એમ પણ એમ પહેલી જાણવી જોઈએ ને. (શ્રોતા : .......) એમાં છે ક્યાંક, વિસ્મરણ. પહેલું પત્રમાં લખ્યું હશે. મારું (પુસ્તક) છે? લાવો. પહેલા પત્રમાં લખ્યું હશે. ઈ પડવાની અપેક્ષાની વાત છે. ક્યા કહતે હૈં પંડિત? સમજમેં આયા? પડતે હૈ ને ક્ષયોપશમ ભાવ અસંખ્ય બાર આતે હૈં, સમકિત અસંખ્ય બાર. તો તો પડનેકી અપેક્ષાસે અસંખ્ય બાર હૈ. ન પડે તો ક્ષયોપશમ સમકિત ૬૬ સાગર રહકર ક્ષાયિક હોકર કેવળજ્ઞાન લે લે. એ અપેક્ષાએ વાત આ છે નહીં.

खिनमैं मिथ्यात खिन ज्ञानकला भासी है, લ્યો. ક્ષણમાં ક્ષણમાં મિથ્યાત્વ, ક્ષણમાં આનંદ જ્ઞાનકળા ભાસે. જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ જ્ઞાતા, એવું સાક્ષીપણું અનુભવમાં આવે. ક્ષણમાં કોઈ રાગ આદિનો સૂક્ષ્મભાવ એકત્વબુદ્ધિ થઈ જાય—મિથ્યાત્ ભાવ થઈ જાય, એમ કહે છે. जौलौं ग्यान रहैं तौलौं सिथिल चरन मोह. આ ભાષા જુઓ. જ્યાં સુધી આત્માનું ભાન—જ્ઞાન અને આનંદ છું, એવું અનુભવ રહે ત્યાં સુધી सिथिल चरन मोह— ચારિત્ર મોહ શિથિલ થઈ જાય. એનું બંધન એને થતું નથી. જો એ બંધન થાય એની

ગણતરી ગણવામાં આવી નથી. કહો સમજાણું કાંઈ? કોની પેઠે? जैसें कीले नागकी सकति गति नासी है. નાગ હોય છે ને નાગ. (શ્રોતા : कीला हुआ) कीला हुआ—कीला हुआ એટલે શું? બાંધ્યો. (શ્રોતા : .........) અને પાણી નાંખે ઠંડું.

અમારે બન્યું'તું ત્યાં પાલેજમાં. વખાર હતી ને પાછળ. કુંવરજીભાઈની દુકાનની પાછળ વખાર હતી. મોટો સર્પ. હવે ઈ હેઠે ગરી ગયેલો. તે એક ઉંચું લાકડું હતું જરી. હવે આને કાઢવો શી રીતે? માથે બધો માલ ભારી. એટલે પછી કોઈ કહે, પાણી છાંટો આને ન્યાં, હલે તો નહીં પછી પકડાશે. ઠંડું પાણી છાંટ્યું પહેલું. મોટો સર્પ. ટાઢું પાણી છાંટ્યું—ઠરી ગયો ન્યાં. પછી સાણસાથી લે. (શ્રોતા : ત્યારે નીકળે). નીકળે, નહિતર નીકાળવો શી રીતે ત્યાંથી? આખી પેટી ખાલી થયે. પેટીમાં માલ હતો આમ ઉપર બધો. હવે પેટી ખાલી કરવી ઉભા ઉભા, સર્પ ન્યાં (ભરાયેલો) કરવું શી રીતે? ખાલી કર્યા વિના ફરે એવી નહોતી પેટી. આ તો ઘણા વર્ષની વાત છે હો. ઘણાં વર્ષ થઈ ગયાં હશે એ તો. (શ્રોતા : ........) क्या कहते हैं? આ વહ તો ઠંડા હો ગયા ને. ઠંડા પાણી નાંખ્યું. ત્યાં એ હલે નહીં, હલ્યો નહીં. આમ ગૂંચળું વળીને પડ્યો છે, એ બધું દેખ્યું છે. અત્યારે દેખાય છે કારણ કે વખતે આમ હતું..... પાછળ વખારમાં.

આ તો ઘણા વરસની વાત છે. ૫૫-૬૦ વરસ થયાં હશે. એ લોકોને યાદ ન હોય. એ બધા વેપારમાં મશગુલ હતા ને. મને તો યાદ છે બરાબર. સર્પ નીકળ્યો મોટો હવે......અને પેટી ખાલી કરવા આમ ઉભા તો ન્યાં રહેવું પડે ને. પેટી ખાલી કરવી હોય તો માલ. તે ઉભા રહેવામાં ડર. મોટો સર્પ. પાણી પહેલું છાંટી ઉપરથી ઠંડું-ઠંડું ગોળાનું લાવ્યા, પછી પકડ્યો. એમ જ્યાં સુધી આત્માનું ભાન રહે, ત્યાં ચારિત્ર મોહ એવો ઢીલો પડી જાય છે. સર્પ ઠંડો જેમ પડે, એમ ઢીલો પડી જાય છે. એની શક્તિ રહેતી નથી. બંધ કરવાની શક્તિ રહેતી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

નિરાશ્રવ ઠરાવવો છે ને અહિંયા. ઓહો! એમાં આવ્યું નહીં? એમાં છે તો ખરું ને. એમાં છે હોં. નથી? ના પણ ક્યાંય....આમાં નહીં હોય. અને એક 'આ તથારૂપ પ્રતીતિપણે પરિણમે તે સમકિત છે. નિરંતર પ્રતીતી વર્ત્યા કરે તે ક્ષાયિક સમકિત છે. ક્વચિત્ મંદ-ક્વચિત તીવ્ર-ક્વચિત્ વિસર્જન-ક્વચિત્ સ્મરણરૂપ એમ પ્રતીતિ રહે, તેને ક્ષયોપશમ સમકિતી કહીએ'. એ આ વ્યાખ્યા હશે. નહિતર ખરેખર આ ક્ષયોપશમ સમકિતની વ્યાખ્યા નથી આ. ભાઈએ પ્રશ્ન કર્યો હતો ને મગનભાઈએ. વાંચે ને વિચારે એને પ્રશ્ન હોય ને? એય! મગનભાઈ લાવ્યા હતા આપણા વઢવાણવાળા, આ કે ક્વચિત્ વિસ્મરણ ને ક્વચિત્ સ્મરણ કેમ? સમકિત છે ને વળી ક્વચિત્ વિસ્મરણ કેમ?

પણ એવી પડવાની સ્થિતિની અપેક્ષાવાળો (શ્રોતા : એક પ્રકાર) એક પ્રકાર છે, એમ વર્ણવ્યું છે. એટલે વિસ્મરણ થઈ જ જાય, એમ છે નહીં. જુઓ, એમ પ્રતીત રહે તેને ક્ષયોપશમ સમકિત કહીએ છીએ. પાનું સાતસે ને વીસ ઓલા મોટા પુસ્તકમાં છે. આમાં નહીં. મોટું પુસ્તક છે. કહો સમજાણું આમાં? કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ ને.

जौलौं ग्यान रहैं तौलौं सिथिल चरन मोह, जैसैं कीले नागकी सकति गति नासी है। બેસી રહે. બેસી રહે ગ્યો નથી પણ પડી રહ્યો છે એમ ને એમ. ઠંડી લાગી તે પડી રહ્યો છે, આમ ગૂંચળું વાળીને. એમ આત્માનું ભાન છે આનંદ અને શુદ્ધ ચૈતન્યનો અનુભવ, ભલે ઉપયોગ વિકલ્પમાં હોય પણ એનું લબ્ધરૂપ ભાન છે ત્યાં સુધી ચારિત્રમોહનું બંધન એને ઢીલું પડી ગયું છે. સર્પ જેમ બહાર ફૂંફાડા મારતો નથી, એમ ચારિત્રમોહનો બંધ થતું નથી, એમ કહે છે. અલ્પબંધ થાય એની ગણતરી ગણી નથી.

आवत मिथ्यात तब नानारुप बंध करै. આહિં તો ઈ ખુલાસો કરવો છે ને. પણ જ્યારે આત્મ અનુભવથી ભ્રષ્ટ થઈ, 'રાગ અને પુણ્યની ક્રિયા મારી', મને લાભદાયી થાય—એવો અભિપ્રાય અંતર થઈ જાય, तब नानारूप बंध करै—અનેક પ્રકારનાં બંધ કરે. આઠે કર્મ બાંધે, સાત બાંધે, વિગેરે. જ્ઞાનીને નિરાશ્રવ અને અજ્ઞાનીને આસ્રવ, એમ બે સિદ્ધ કરવા છે અહિં. સમજાણું કાંઈ? आवत मिथ्यात तब नानारुप बंध करै, ज्यौं उकीलै नागकी सकति परगासी है, લ્યો ઠીક. જેમ વહ સર્પકી પ્રગટરૂપ શક્તિ उकीलै—બહાર નીકળ્યો. અનંત કર્મોંકા બંધ બઢાતા હૈ, લ્યો.

रागादियोगमुपयान्ति એમ શબ્દ છે ને પાઠમાં. प्रच्युत्य शुद्धनयनः पुनरेव ये तु रागादियोगमुपयान्ति—રાગની સાથે જોડાણ થઈ જાય, એમ કહેવું છે. રાગ-વિકલ્પ જે પુણ્યનો છે એની સાથે એકત્વ થઈ જાય, એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ પ્રકાશદાસજી! આ પણ આવી વાત કેવી? મહાવ્રતનાં પરિણામ હોય રાગ, પણ જો એકત્વબુદ્ધિ થઈ તો કહે, મિથ્યાદૃષ્ટિ છે. અનંતા કર્મ બાંધશે. પાઠમાં એમ છે, જુઓને. रागादियोगमुपयान्ति विमुक्तबोधाः જ્ઞાનાનંદ સ્વભાવને છોડી અને રાગની સાથે એકતા થઈ—રાગનો સંબંધ કર્યો—યોગ કર્યો. રાગનો જોગ કર્યો ને સ્વભાવનો જોગ છૂટી ગયો. આહાહા! કહો વસંતલાલજી! બહુ વ્યાખ્યા.

મહાવ્રત એવા ને એવા પાળતા હોય એવી ક્રિયા ઉભી હોય બધી, પણ સમ્યક્દર્શનથી ભ્રષ્ટ થયો ને રાગથી સંબંધ કર્યો—હવે એવું કહે છે, જા. મિથ્યાદૃષ્ટિ અનંત સંસારનું ફળ બાંધે છે અને ગૃહસ્થાશ્રમમાં રહેલો સમકિતી રાગનાં એકત્વમાં નથી. સ્વભાવની એકતામાં છે, એ નિરાશ્રવી અને એને અબંધ કહેવામાં આવે છે (શ્રોતા :

.......) અહિંયા સમકિતી હૈ, આ નિરાશ્રવી અબંધ હૈ. આહા! ત્યાગી થયો, નગ્ન મુનિ રહ્યો, પંચ મહાવ્રત-૨૮ મૂળગુણ (પાળે), પણ એ રાગની સાથે જોગ જોડ્યો, ભ્રષ્ટ થઈ ગયો ઈ મિથ્યાદૃષ્ટિ. સમજાણું કાંઈ? ज्यौं उकीले नागकी. ઓલામાં कीले છે ને આ उकीले છે એટલું. नागकी सकति परकासी. એમ ચારિત્રમોહનો એને બંધ થવા....મિથ્યાત્‌નો બંધ થયો પછી ચારિત્ર મોહનો બંધ ભેગો હોય જ છે, એમ કહે છે.

વિશેષ : જુઓ. (શ્રોતા : ચારિત્રમોહકા તો વિશેષ બંધ હોતા હૈ). અહીં ના પાડે છે અહીં. વહ તો બાત કરતે હૈં જુઓ. ઠંડા સર્પકે જેમ પાણીસે ઠંડા કર દિયા, ઐસે ગતિ–બતિ નહીં હોય, ગતિ નહીં કર સકતે. ઐસા જ્ઞાનીકો ચારિત્રમોહ મંદ હો ગયા હૈ અથવા ચારિત્રમોહસે ભિન્ન હો ગયા હૈ. તો ભિન્ન હો ગયા તો ઉસકા બંધ ઉસકો હૈ નહીં, યૂં કહતે હૈં. આહાહા! ભારે માર્ગ. સમજાણું કાંઈ? વિશેષ આ બાજુ છે ૧૧૭ પાને.

उपशम सम्यक्त्वका उत्कृष्ट व जघन्य अंतर्मुहूर्त है. ઉત્કૃષ્ટ ને જઘન્ય, થોડો અંતર્મુહૂર્ત જ છે. क्षयोपशम सम्यक्त्वका उत्कृष्ट काल छियासठ सागर और जघन्यकाल अंतर्मुहूर्त है। ये दोनों समकित नियमसे नष्ट ही होते है। નષ્ટ હોતા હૈ નો અર્થ કે ક્ષયોપશમ રહતે નહીં–ન રહે એને. લાંબો કાળ રહે એની આ વ્યાખ્યા છે નહીં. દોનોં સમકિત. સો जबतक सम्यक्त्वभाव नष्ट होनेसे मिथ्यात्वका उदय होता है. કહો, રાગથી, વિકલ્પથી, આસ્રવભાવરૂપી વિકલ્પ એનાથી ભિન્ન પડ્યો આત્મા એટલે સમકિતી આનંદનો અને વિલક્ષણ–જગતથી જુદી જાતની શાંતિનો અનુભવ કરે છે. શાંત..શાંત..કહો, સમજાણું? વિલક્ષણ શાંતિ આનંદકા અનુભવ કરતા હૈ. जबतक सम्यक्त्वभाव नष्ट होनेसे मिथ्यात्वका उदय होता है, બસ ઈ જ વાત લીધી, तब आत्मा अपने स्वरूपसे चिगकर कर्म-परंपराको बढाता है, લો.

હવે શાસ્ત્રનો સાર. ૧૦મો કળશ.

इदमेवात्र तात्पर्य्यं हेयः शुद्धनयो न हि।
नास्ति बन्धस्तदत्यागात्तत्यागाद्बन्ध एव हि॥१०॥

બહુ ટૂંકો સાર. अशुद्धनयसे बंध और शुद्धनयसे मुक्ति.

અશુદ્ધનયથી બંધ અને શુદ્ધનયથી મોક્ષ છે. (દોહરા)

यह निचोर या ग्रंथकौ, यहै परम रसपोख।
तजे सुद्धनय बंध है, गहै सुद्धनय मोख॥१३॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**નિચોર=સાર. પોખ=પોષક. ગહૈ=ગ્રહણ કરવાથી. મોખ=મોક્ષ.

**અર્થ :—**આ શાસ્ત્રમાં સાર વાત એ જ છે અને એ જ પરમ તત્ત્વની પોષક છે કે શુદ્ધનયની રીત છોડવાથી બંધ અને શુદ્ધનયની રીત ગ્રહણ કરવાથી મોક્ષ થાય છે. ૧૩.

**अर्थ :–**इस शास्त्रमें सार बात यही है और यही परम तत्त्वकी पोषक है कि शुद्धनयकी रीति छोड़नेसे बन्ध और शुद्धनयकी रीति ग्रहण करनेसे मोक्ष होता है।।१३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આ શાસ્ત્રનો નિચોડ—સાર એ છે કે परमतत्त्वकी पोषक है कि शुद्धनयकी रीति छोड़नेसे...શું કહે છે? એ રાગની એકતા તૂટી છે, એને રાગની એકતા ન કરવી જ્યાં સુધી શુદ્ધનયની રીતિ છે, તત્ત્વની પોષક છે. એ શુદ્ધનય પ્રાપ્તિ છોડનેસે બંધ હૈ. અનુભવ આત્માનો રાગથી ભિન્ન એવા અનુભવને છોડવાથી બંધ છે. परमतत्त्वकी पोषक है कि शुद्धनयकी रीति छोड़ने बंध...અર્થાત્ આત્માકા અનુભવ છોડવાથી રાગના અનુભવ કરવાથી બંધન છે, એમ કહે છે. ભારે ભારે ઝીણું! ચાહે તો દયા-દાન-વ્રતનાં પરિણામ હો પણ એ પરિણામનો અનુભવ એ શુદ્ધનયથી ભ્રષ્ટ છે. શું ધરમચંદજી, પછી આ વાંચ્યું છે કે નહીં આ? આ ક્યા હૈ? એ इदम एवम् तात्पर्यम्—આ આખા સમયસારનો રહસ્ય છે કે—રહસ્ય છે કે. છે નીચે? यहै परम रसपोख. અને પરમતત્ત્વની પોષક એ શુદ્ધનય છે. રાગ અને વિકલ્પથી રહિત એવો શુદ્ધ સ્વભાવ, એનો અનુભવ એ તત્ત્વનાં રસનો પોષક છે. એ તત્ત્વનાં રસનો ત્યાં અનુભવ છે. આત્માના આનંદનો અનુભવ છે. માટે તે શુદ્ધનય છોડવા લાયક નથી.

नास्ति बन्ध तत् अत्यागात्, त्यागात् बन्ध, લ્યો. લ્યો, આ ત્યાગ અને અત્યાગની વ્યાખ્યા. આહાહા! અંતરસ્વરૂપ શુદ્ધ આનંદસ્વરૂપ, એનો અનુભવનો ત્યાગ નથી ત્યાં સુધી એને બંધ નથી. એનો અનુભવનો ત્યાગ કરીને રાગનો અનુભવ થયો, એ શુદ્ધનયને છોડ્યું એને બંધ છે. જુઓ આ જૈનદર્શન ને સમયસારનું આ માખણ! સમજાણું કાંઈ? नास्ति बन्ध अत्यागात्, એમ. એને ન છોડે તો બંધ છે (નહીં). શુદ્ધનય એટલે અનુભવ. પછી ઓલામાં આપણે બે અર્થ કર્યા છે. ઉપયોગરૂપ અનુભવ અને બીજી વાત બે બે કરી છે હેઠે અર્થમાં સમયસારમાં. હવે આહિં તો એટલી વાત છે.

શુદ્ધ સ્વરૂપ આત્મા આનંદસ્વરૂપ એનો અનુભવ દૃષ્ટિ, એકતા, રાગની પૃથક્તા એ શુદ્ધનય, એને છોડે બંધ છે. અને રાગની એકતા, સ્વભાવને પૃથક્ કરવું એવી બુદ્ધિ,

એ શુદ્ધનયથી ભ્રષ્ટ છે, એને બંધ છે. આહાહા! કહો, આવી ક્રિયા હિંસાની કરે ને ફલાણી કરે ઈ બંધ છે, એવી આહિં વાત લીધી જ નથી. શેઠી ! કે આટલા પરિગ્રહ રાખે ને આટલો પરની હિંસા કરે ને ફલાણું કરે બાહરની તો એને બંધ થાય, એમ તો આહિં લીધું નથી આમાં. ઈ છે જ નહીં. બહારની ક્રિયા બંધનું કારણ છે જ નહીં. રાગની સાથે એકતાબુદ્ધિ અને સ્વભાવના અનુભવનો ત્યાગ, બસ એ બંધનું કારણ છે. (શ્રોતા : રાગનું લક્ષ રાખવું કે ન રાખવું ?) મૂળ વાત એ છે. કહો સમજાય છે કાંઈ ? અનુભવનો ત્યાગ, રાગનું ગ્રહણ, એ બંધનું કારણ.

અનુભવનો ત્યાગ, રાગનો અત્યાગ. સમજાણું કાંઈ ? અનુભવનો અત્યાગ અને રાગનો ત્યાગ, એ સમ્યક્. એ બંધનું અકારણ, એને બંધન છે નહીં. આવું ઝીણું છે એ જગજીવનભાઈ ! અહિંયા મેળ ખાય એવુ નથી વાડા સાથે—સંપ્રદાય સાથે ક્યાંયે. મકરંદભાઈના દીકરા. કહો સમજાણું કાંઈ ? હસમુખભાઈ, એ તો તમારા પરિચયથી સમજાયું છે હોં. આ ઝટ દઈને સમજાય એવું નથી આ. આજનો તો એવો માલ હતો. કોઈ પરિચયે સમજાય એવું છે. (શ્રોતા : સમજાય એવું છે) સમજાય એવું જ છે. પણ બહુ પરિચયે (સમજાય), એમ કીધું. ન સમજાય એવી વાત છે જ નહીં આહિં. સમજાણું કાંઈ ? વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

---

અસંખ્ય પ્રદેશાત્મક, એક વાત. ચૈતન્યપણું, ચૈતન્યપણું પણ એવું ને એવું ગયા સમયે, વર્તમાન ને ભવિષ્યે એમ ને એમ રહેશે. અરૂપીપણું, અરૂપી તો ભૂતકાળે પણ અરૂપી હતો, અત્યારે અરૂપી છે અને ભવિષ્ય પણ એમને એમ રહેશે. એ આદિ સમસ્ત સ્વભાવ તે છૂટવા ઘટતા નથી. ભાષા વાપરી જુઓ! એવો જે ભગવાન આત્મા ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશ, ગુણેથી અનંતરૂપ, કાળથી એવો ને એવો અનંતકાળથી ત્રિકાળ એવો ને એવો રહેશે. એવા સમસ્ત સ્વભાવ એ છૂટવા ઘટતા નથી. એવું જે સમપણું, આ સમતાની વ્યાખ્યા કરી. સમ+તા શબ્દ છે ને, સમપણું એમ લીધું. 'તા' શબ્દ છે ને સમતા એટલે સમ્ પણું—સરખાપણું, એમ લીધું. અસંખ્યપ્રદેશી, અનંતગુણ સંપન્ન ચૈતન્ય, અરૂપી—આદિ જેના એવા ભાવ છે, છે, એમ ને એમ સમપણે ભૂતે, વર્તમાને અને ભવિષ્યે. એવો ભગવાન આત્મા, તેને સમપણું—સમતા તે જેનામાં લક્ષણ છે, તે જીવ છે. આવું જેનું લક્ષણ એને જીવ કહેવામાં આવે છે.

**નાટક સમયસાર પ્રવચન નં. ૭નો અંશ**

## પ્રવચન નં. ૬૩, ચૈત્ર સુદ ૮, શનિવાર, તા. ૩-૪-૧૯૭૧
## આસ્રવ અધિકાર પદ ૧૪, ૧૫ તથા સાર ઉપર પ્રવચન

નાટક સમયસાર. આસ્રવ અધિકાર. નીચે છે નીચે.

धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबध्नन्धृतिम्
त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वंकषः कर्मणाम्।
तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यब्दहिः
पूर्णं ज्ञानघनौधमेकमचलं पश्यन्ति शान्तं महः।।११।।

એનું ૫દ. जीवकी बाह्य तथा अंतरंग अवस्था

જીવની બાહ્ય અને અંતરંગ અવસ્થા (સવૈયા એકત્રીસા)

करमके चक्रमैं फिरत जगवासी जीव,
ह्वै रह्यौ बहिरमुख व्यापत विषमता।
अंतर सुमति आई विमल बड़ाई पाई,
पुद्गलसौं प्रीति टूटी छूटी माया ममता।।

મમતા છે ને? (શ્રોતા : મમતા હોય તો ટાળે) નહીંતર ક્યાંથી? બેઉ ટાળી. કારણ કે એક ... એમ ન જોઈએ. (શ્રોતા : આગળ) આગળ આવી ગયું છે. મમતા જોઈએ. આવી જશે આગળ. જડ છે ભઈ એ તો. (શ્રોતા : પુદ્‌ગલનું પરિણમન થવાનું હોય.......)

सुद्धनै निवास कीनौ अनुभौ अभ्यास लीनौ,
भ्रमभाव छांड़ि दीनौ भीनौ चित्त समता।
अनादि अनंत अविकलप अचल ऐसौ,
पद अवलंबि अवलोकै राम रमता।।१४।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**બહિર્મુખ=શરીર, વિષય-ભોગ આદિ બાહ્ય વસ્તુઓનો ગ્રાહક. વિષમતા=અશુદ્ધતા. સુમતિ=સમ્યગ્જ્ઞાન. ભીનૌ=લીન.

**અર્થ :—**સંસારી જીવ કર્મના ચક્કરમાં ભટકતો મિથ્યાદષ્ટિ થઈ રહ્યો છે અને

તેને અશુદ્ધતાએ ઘેરી લીધો છે. જ્યારે અંતરંગમાં જ્ઞાન ઊપજ્યું, નિર્મળ પ્રભુતા પ્રાપ્ત થઈ, શરીર આદિથી સ્નેહ છૂટ્યો, રાગ–દ્વેષ–મોહ છૂટ્યા, સમતારસનો સ્વાદ મળ્યો, શુદ્ધનયનો સહારો લીધો, અનુભવનો અભ્યાસ થયો, પર્યાયમાં અહંબુદ્ધિ નાશ પામી ત્યારે પોતાના આત્માના અનાદિ, અનંત, નિર્વિકલ્પ, નિત્યપદનું અવલંબન કરીને આત્મસ્વરૂપને દેખે છે. ૧૪.

**अर्थ** :–संसारी जीव कर्मके चक्करमें भटकता हुआ मिथ्यात्वी हो रहा है और उसे अशुद्धताने घेर रक्खा है। जब अन्तरंगमें ज्ञान उपजा, निर्मल प्रभुता प्राप्त हुई, शरीर आदिसे स्नेह हटा, राग-द्वेष-मोह छूटा, समता-रसका स्वाद मिला, शुद्धनयका सहारा लिया, अनुभवका अभ्यास हुआ, पर्यायमें अहंबुद्धि नष्ट हुई तब अपने आत्माका अनादि, अनंत, निर्विकल्प, नित्यपद अवलम्बन करके आत्मस्वरूपको देखता है॥१४॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આહા! બધા શબ્દાર્થ ન આવે. નહીંતર આ कृतिभिः સમકિત છે. कृतिभिः નો અર્થ ત્યાં સમ્યક્—નિર્મળ ઓલું પદ છે ને. कृतिभिः છે ને. સમકિતી છે. અનાદિ......कृतिभिः વચમાં છે ને એ સમકિતીનું પદ છે. હવે આ બધા પદ છે ને એટલે શબ્દાર્થ છૂટા ન પડે. અનાદિનો આત્મા દેહમાં સત્તા હોવાપણે પદાર્થ હોવા છતાં પોતાનાં અંદર આનંદ ને શુદ્ધતાના ભાન વિના करमके चक्रमैं फिरत जगवासी जीव. પુણ્ય ને પાપનાં ભાવ જે કર્મનાં નિમિત્તે ઉત્પન્ન થતા એવા કર્મચક્ર—પુણ્ય ને પાપ, પુણ્ય ને પાપ, ચક્ર છે ઈ. આસ્રવ અધિકાર છે ને. હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગવાસના એ પાપકર્મ છે, પાપભાવ. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા આદિ પુણ્ય ભાવ. બે ય કર્મચક્ર છે. વ્રત-પૂજા-દયા આદિ.

करमके चक्रमैं फिरत. પોતે પોતાનાં સ્વભાવને ભૂલી આનંદ અને જ્ઞાનનું સ્વરૂપ જેનું છે, એવો ભગવાન આત્મા અનાદિથી પોતાના નિજ પરમાત્માને ભૂલી કર્મનાં ચક્રમાં જગવાસી જીવ ફરે છે. વ્રત પાળવા, ભક્તિ કરવી, પૂજા કરવી એ મારું કર્તવ્ય છે. હિંસા-જૂઠું, ચોરી, વિષય, કામ-ક્રોધ એ મારી મજા મને એમાં પડે છે. એવા પુણ્ય ને પાપનાં ચક્રમાં-ચક્ર કેમ કહ્યું? બે ઘંટીના પડ હોય ને. ઘંટી સમજતે હૈં? (શ્રોતા : ચક્કી આટા પીસને કી). ચક્કી. થોડી થોડી હિન્દી-ગુજરાતી સમજ લેના હવે. ચક્કીમેં દો પડ હોતા હૈ ને દો પડ. ઐસે પુણ્ય ને પાપકા દો ભાવકા કર્મચક્ર હૈ વહ. સમજમેં આયા? એમ વહ કર્મચક્રમેં આત્માકી શાંતિ પીસાઈ જાતી હૈ. આહા! કહો, વસંતલાલજી!

હવે વહ કહતે હૈં કે ભઈ, શુભભાવ કંઈક ઠીક હૈ અચ્છા હૈ ને અશુભ અઠીક નહીં. અહિં તો દો કો કર્મચક્ર કહા. હો, પણ એ હૈ દુઃખરૂપ ને કર્મચક્ર. અસ્તિપણે હો,

વિકલ્પ આતે હૈ. સમજેં? પણ હૈ દુ:ખરૂપ. પુણ્ય ને પાપ બે ય ચક્ર છે, જોયું કર્મચક્ર છે. આસ્રવ છે ને. કાં પાપભાવ કરે ને કાં પુણ્યભાવ કરે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા-જાત્રા-પરોપકાર, એવા ભાવ અને કાં હિંસા-જૂઠું-ચોરી-વિષય-ભોગવાસના, પણ બેય કર્મચક્ર છે, બે ય આસ્રવ છે, બંધનું કારણ છે. કહો સમજાય છે કાંઈ?

करमके चक्रमैं फिरत जगवासी जीव. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો ધામ જ્ઞાતા-દૃષ્ટાનાં સ્વભાવથી ભરેલો, એને અનાદિથી ભૂલીને શુભ અને અશુભ ભાવ એ કર્મચક્ર છે, એ આસ્રવ છે, એ દુ:ખરૂપ છે. રાગ આગ....આ આવે છે ને? એય! (શ્રોતા : राग आग दहै सदा) છહ ઢાળામાં આવે છે. રાગ એ આગ છે. ચાહે તો શુભ હો કે અશુભ હો. આહા! ભારે આકરું કામ! પોતાનો શાંત અવિકારી અકષાય સ્વભાવ, એનાથી ઉલટા બે વિકલ્પની શુભ અને અશુભની જાત છે. એમાં જ એની રુચિ અનાદિથી (શ્રોતા : ભરી પડી છે). જગમાં વસનારા એકેન્દ્રિયથી પંચેન્દ્રિય, નવમી ગ્રૈવેયકથી નીચે સાતમી નરક કે નરક સાતમીથી નવમી ગ્રૈવેયક. જગતનાં પ્રાણી પોતાના સ્વભાવની અંતર્મુખ દૃષ્ટિ કર્યા વિના બહિર્મુખનો પુણ્ય ને પાપના ચક્રમાં ફસાણા છે. ભાવમાં હોં, જડમાં નહીં, કર્મમાં નહીં. એ જડ-કર્મ તો પરચીજ છે.

करमके चक्रमैं. પાપ બદલીને પુણ્ય થયું ત્યાં એને એમ થઈ ગયું, કાંઈક આપણે ધર્મ કર્યો. એ ધર્મ નથી. સમજાણું કાંઈ? એ તો કર્મચક્ર છે. શેઠી, હવે તો ક્યાંય ના પડાય એવું છે? હવે તો ક્યાંયે. આહા! શાંત સ્વરૂપ પોતાનું તો અવિકારી વીતરાગી સ્વરૂપ છે. એમાં આસ્રવ ઉત્પન્ન થવા એ તો દુ:ખ છે, કર્મચક્ર છે, આત્માને અહિતકર છે. પણ જગવાસી જીવ ફિરત ઉસમેં. ह्वे रह्यौ बहिरमुख व्यापत विषमता. આટલા વ્યાપક શબ્દ વાપર્યા. बहिरमुख—એ પુણ્ય ને પાપના વિકલ્પ—શુભ-અશુભાવ, એ બહિર્મુખ છે. આત્માની શાંતિના સ્વભાવથી બહિર્મુખ છે. અંતર્મુખ એ સ્વભાવ છે (નહીં). આહાહા!

કહો, તો આ બધી ભક્તિ ને પૂજા ભગવાનની, આ પરોપકારનાં ભાવ અને આ દયા-દાન-વ્રતનાં ને તપસ્યાનાં ને અપવાસનાં બધા, કહે છે કે એ ભાવ બધો બહિર્મુખ ભાવ છે, વિકલ્પ—રાગ છે. ભારે આકરું પડે માણસને હોં! જરાક ધર્મ માનતા હોય ને એમાં. પણ દુકાને બેઠા હોય તો પાપ કરે પણ ઉપાશ્રય કે દેરાસરમાં બેઠા હોય તો પાપ થાય ન્યાં? (શ્રોતા : મિથ્યાત્વનું મોટું પાપ થાય ન્યાં). ત્યાં ભગવાનની ભક્તિ થાતી હોય, લ્યો એ ઝમટ-ઝમટ વાગતી હોય આ. પણ ભાઈ એ તો ભગવાનની ભક્તિ ઉપર લક્ષ છે ને તારું, એ બધો શુભરાગ છે, એ કર્મચક્રની જાત છે, એ આત્માની જાત નથી. આહાહા!

ह्वै रह्यौ बहिरमुख. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. એમાંથી આ ઇન્દ્રિયજન્ય વિકલ્પો બધા બહિર્મુખ છે. કહો સમજાણું કાંઈ? આ દયા પાળવાનો ભાવ ને અપવાસનો ભાવ ને રાત્રે ચાર આહાર ન કરવા ને એવો જે ભાવ ને એ બધો વિકલ્પ બહિર્મુખ ભાવ છે, એમ કહે છે. એય......ભાઈ, આ તમારા ગોવાળિયામાં બધું મુશ્કેલ પડે બધા કુટુંબમાં. (શ્રોતા : એમાં ધર્મ મનાવ્યો). આહિં તો બેય ચક્ર છે બાપુ. તું ફર્યો છો. પાપનું ચક્ર પલટીને પુણ્યમાં, પણ છે તો કર્મની જાત. એ કોઈ ધર્મની જાત નથી. આહાહા! ભારે કામ આકરું પડે માણસને!

પછી પ્રશ્ન ઉઠે ને કોઈક વાર. ભગવાનની ઉપર લક્ષ જાય છે, ત્યાં ક્યાં કષાય છે? (શ્રોતા : ક્યાં કષાય છે?) આમ પરમાત્મા બિરાજતા હોય આમ ત્રિલોકનાથ તીર્થંકર સમવસરણમાં, લ્યો. હવે કોઈકનું આવ્યું કો'કનું, ક્યાનું હશે કોને ખબર? કાંઈ છે ખરું. એમાં કો'ક પત્ર આવ્યો છે. કોણ વાંચવાનો એ? એમાં ક્યાંક કાલે આપણે બધા, એમ કહે, તમે ને આપણે બધા મહાવીર (ભગવાનના) સમવસરણમાં મહાવીરમાં ભેગા હતા. ફલાણું હતું, ઢીકણું હતું, એવું લખ્યું છે. એ કો'કનું સમુચ્ચયે લખ્યું હશે. ધોળું છે એક ધોળું પાનું. અહિંયા હતું ખરું એ. કો'કનું માણસને અત્યારે ભેગું કરવાનું કારણ કે કાયમ જુદા રહે. કાંઈ પાનું હતું આમાં હોં. આમાં હશે. આ હતું જુઓ. આ પાનું એક નાંખ્યું છે કો'કે. કોણે શું છે? ભાઈ વાંચજો.

પત્ર છે ક્યાંકનો. 'આપકો વિશ્વાસ કરાતા હું, આપ ઔર મૈં ભગવાન મહાવીરસ્વામી કે સમવસરણમેં રહ ચૂકે હૈ'. એવું કહીને આ ભગવાનનું આ થવાનું છે, એમ (શ્રોતા : આ આવે છે ને હવે) એમ કહ્યું કાંઈક. ભાવ નાંખે છે. આ કાગળમાં છે. પણ એમ સમવસરણમાં અનંતવાર રહ્યો છે, લે કહે. ભગવાનનાં સમવસરણમાં અનંતવાર ગયો ને ભગવાનની વાણી પણ સાંભળી અનંતવાર, પણ એ તો બધો શુભ વિકલ્પ રાગ હતો. (શ્રોતા : એમાં જ્ઞાન ક્યાં છે?). સહજાત્મને છોડીને એ બધું આ ભગવાનની વાણી અને એનાથી મને લાભ થશે. ભગવાન ત્રણલોકનાં નાથ મળ્યા કેવળી, આહાહા! ભગવાનનાં ભેટા. પણ ઈ ભગવાન કે આ ભગવાન? (શ્રોતા : એ ભગવાન ક્યાં હતા? એ એનાં ભગવાન હતા. તારા ભગવાન.......) સમવસરણમાં અનંતવાર ગયો.

આને તો એમ કાંઈ કહેવું છે. હવે પણ કોણ વાંચે લાંબુ એકસરખું. કાંઈક આ ૨૫૦૦ વરસનું હશે કાં ૨૫૦૦ વરસનું કે એ બધાને કાંઈ કરવું, પણ શું છે? કાંઈ ખબર પડતી નથી. એવું કાંઈક લાગે. જુદું આપ્યું છે કાગળ. બધાને લખ્યું છે ઘણાંને. કહો, ભગવાનનાં સમવસરણમાં હતા કે નહીં, કહે છે કેટલી વાર? અનંતબૈર.

પરમાત્મપ્રકાશમેં લિખા હૈ. 'ભવોભવે જિનવર પૂજિયા'. ભવોભવ ઘણા અનંતા ભવમાં જિનવરની પૂજા પરમાત્મા સમવસરણમાં રતન મણિરતનનાં દીવા, કલ્પવૃક્ષના ફૂલ અને હીરા મોટા કરોડ-કરોડનાં હીરા, એય! (શ્રોતા : આ હીરાલાલ.......) ક્યાં ગયા હીરાલાલ? એને માટે યાદ કર્યાને એના કાકાને. કહો સમજાણું કાંઈ? બાપ તો મરે કે ન મરે એનું ગમે એમ થાય, પણ માળું સગપણ કર્યું એને તો આપણે પૈસા દયો પહેલા, ન્યાં કરો એનું સરખું. આ તો મરશે કે નહીં મરશે. જીવે તો શું? એ તો મરતાવાળા મરે ય ખરા. (શ્રોતા : ધર્મ કરવા આવ્યા તો મરે જ નહીં). ક્યાં છે? કહો સમજાણું?

ह्वै रह्यौ बहिरमुख. એ સમવસરણમાં ગયો તોય શુભભાવ બહિર્મુખ જાય. (શ્રોતા : સમવસરણ બહિર છે.) કાંતિભાઈ, આહા! આ વિમલચંદભાઈને ઠીક નથી ભાઈ! આમ આ બિચારા કેટલો બુદ્ધિવાળો માણસ ક્ષયોપશમ ઘણો. કાંઈક થઈ ગઈ છે હાલત. બધે હવે એક પછી એક કાંઈક થયા જ કરે છે. માળે કામ એવા છે ને. આહાહા! ભગવાન આત્મા કહે છે, એ સમવસરણમાં પણ ગયો ભાઈ. પણ એ ભાવ બહિર્મુખ શુભ હતો, અંતર્મુખ ચૈતન્યનો એ ભાવ નહીં. આહાહા! ભગવાનની સાક્ષાત્ દિવ્યધ્વનિ સાંભળી, પણ એ વાણી સાંભળવાના લક્ષ તો શુભરાગ હતો (શ્રોતા : જહાં જાય સૂનને કો) હાં, (શ્રોતા : તો વહાઁ યે કુછ.......) એ સુનાયા કે હમારા ઉપદેશ સુનતે હો, એ તેરા શુભરાગ હૈ. ઐસા આયા ઉસમેં. (શ્રોતા : ધર્મ હૈ, ઐસા નહીં સુનાયા). કહો. એય ભીખાભાઈ! આહાહા! (શ્રોતા : આપ કહો એમાં શું ખામી? ભગવાન). આહા!

करमके चक्रमें फिरत जगवासी जीव, ह्वै रह्यौ बहिरमुख व्यापत विषमता. દેખો, એ શુભ અને અશુભ બેય ભાવ વિષમભાવ છે, વિષમભાવ છે. આહાહા! ભગવાનના સમવસરણમાં અનંતવાર ગયો અને રહ્યો. પણ કહે છે કે ઈ પણ શુભભાવ વિષમભાવ છે. એય વસંતલાલજી, ભારે વાતું ભાઈ! આજે રામજીભાઈ ઉપર પ્રશ્ન આવ્યો હતો ક્યાંકથી. શુભભાવને ભઠ્ઠી કેમ કહો છો? લ્યો. એવું બે-ત્રણ વાર આવ્યું હતું. પછી આહિં આવ્યું હતું. પ્રશ્ન થયા થોડા, આવ્યા ત્યારે. બાપ! શાંત સ્વભાવ ભગવાન આત્મા એમાંથી જેટલી વૃત્તિઓ ઉઠે, એ બધી કષાય અગ્નિ છે, ભાઈ! આહાહા! સમજાય છે કાંઈ? ह्वै रह्यौ बहिरमुख व्यापत विषमता—એમ કહ્યું છે ને. વિષમતા વ્યાપી છે. વિષમતા એટલે મિથ્યાદૃષ્ટિપણે અશુદ્ધ થઈ રહ્યો છે. આહાહા! સમજાય છે? બહિર્મુખ મિથ્યાદૃષ્ટિ થઈ, વિષમતા—અશુદ્ધતા થઈ ગઈ છે. આહાહા!

ભગવાનની સાક્ષાત્ વાણી સાંભળી, સમવસરણમાં રહ્યો. સમજાણું? (શ્રોતા : ભગવાને ય પર અને વાણી ય પર). આહા! એ તો પર છે ભગવાન તો, કાંઈ એ આત્મા નથી. ભગવાન તો ભગવાનનાં, આત્માથી પર છે. એના ઉપર જેટલું લક્ષ જાય એ બધો

શુભ ભાવ છે, વિષમતા છે, સમતાથી વિરુદ્ધભાવ છે. આરે, ભારે વાતું ભાઈ! (શ્રોતા : પછી દૃષ્ટિ થઈ જાય અને અંતર તરફ વળે). ઈ વળે, એનાથી વળે નહીં. ઈ વિષમતાથી સમતા ન આવે. ઈ તો થઈ રહ્યું. એનાથી ન થયું. એય હીરાભાઈ! એ તો બહિર્મુખ ભાવસે અંતર્મુખભાવ હોતા હૈ? આહાહા! ભગવાન અંદર આનંદમૂર્તિ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ સિદ્ધરૂપ સ્વરૂપ છે. આત્મા જેવો સિદ્ધ છે પરમાત્મા 'નમો સિદ્ધાણં' એવું જ આનું સ્વરૂપ છે. સિદ્ધમાં રાગ-દ્વેષ હોય તો આત્મામાં હોય. આહા! કહો આ વિષમતા આવ્યું કે નહીં? શુભભાવ અને અશુભભાવ બેય વિષમ છે, અશુદ્ધ છે. બહિર્મુખ વ્યાપત મિથ્યાત્વમાં વ્યાપે છે. ત્યારે એ પરિણમે છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

अंतर सुमति आई, ઈ આવ્યું ભાઈ, कृतिभिः अंतर सुमति आई विमल बड़ाई पाई. પણ ઈ પુણ્ય-પાપનાં વિકલ્પોનાં ભાવથી હું ભિન્ન છું. ચૈતન્ય ચમત્કાર આનંદની મૂર્તિ આત્મા છું, એમ અંદર ભાન થયું. सुमति आई-अंतर सुमति आई, દેખો, अंतर सुमति आई. ઓલું બહિર હતું, આ અંતર. આહાહા! ભગવાનઆત્મા અંતરમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ નિર્મળાનંદ સહજાનંદની મૂર્તિ આત્મા છે. એની જ્યાં अंतर सुमति आई—સમ્યક્દર્શન થયું, સ્વસન્મુખ થઈને મતિમાં સુમતિપણું જ્ઞાન થઈ ગયું. અશુદ્ધતાને પોતાની જે માનતો હતો, પલટીને 'શુદ્ધ છે તે હું છું', એમ માનવા લાગ્યો અને અનુભવવા લાગ્યો. આહા! अंतर सुमति आई विमल बड़ाई पाई. ઓહો! આ તો પરમાત્મા તો નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે, એમ સમ્યક્જ્ઞાનમાં ભાન થયું. અંતર્મુખ થતાં એમ ભાન થયું, એનું નામ ધર્મ કહેવાય છે. ભારે કામ આકરું ભાઈ!

લોકોને તો બહારથી આ સેવા કરીએ ને પરોપકાર કરીએ ને દેશસેવા કરીએ ને દેરાસર બંધાવી દઈએ અને બધાથી ધર્મ થાય. ધૂળમાં ય ધર્મ નથી સાંભળને! ઈ તો બધા કર્મચક્ર છે. આરે, આરે! ૧૦-૧૦ લાખનાં દેરાસર—૧૫-૧૫ લાખનાં, વીસ લાખનાં, લ્યો. ઓહોહો! શું ધર્મ! શું ધર્મ! બાપા, ધર્મ ક્યાં છે? ભાઈ! પરદ્રવ્ય ઉપરનું લક્ષ છે, એ બહિર્મુખવૃત્તિ છે, એ અશુદ્ધતા છે, એ વિષમતા છે, એ સમતાનો એમાં અભાવ છે. ન્યાય સમજાય એવું છે આ. એવું અંદર જ્ઞાનાનંદ સ્વરૂપ છે. આ તો બધા હાડકાં-જડ-માટી-ધૂળ. આ તો અંદરના શુભાશુભ પરિણામનાં આસ્રવની અપેક્ષાએ વાત ચાલે છે. આસ્રવપણે પરિણમે છે, કહે છે કે ઈ બહિર્મુખદૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

अंतर सुमति आई विमल बड़ाई पाई—પોતાની નિર્મળતા એ મોટી મોટપ છે. નિર્મળતા—પ્રભુતા પ્રાપ્ત હુઈ, લ્યો. અંતરમેં જ્ઞાન ઉપજ્યું. નિર્મળ પ્રભુતા. મારી પ્રભુતા રાગથી અતિ ભિન્ન છે. એ પુણ્યપાપનાં વિકલ્પનાં ચક્રથી મારી અધિકતા—પ્રભુતા ભિન્ન

છે, એમ અંદર ભાન થતાં એ ધર્મી થયો. ત્યારે ધર્મી થાય છે. આહા! विमल बड़ाई पाई–નિર્મળને કારણે પ્રભુતા પ્રગટી. નિર્મળ તે મારી અધિકાઈ–બડાઈ છે.

पुद्गलसौं प्रीति टूटी छूटी माया ममता. આહા! ભગવાન ચૈતન્યનાં જ્ઞાનભાનથી, પુદ્ગલ નામ આત્માથી વિરુદ્ધ અજીવ તત્ત્વ, એનાથી પ્રીતિ તૂટી, પ્રેમ નાશ થયો. छूटी माया ममता. એ મારી ચીજ છે, હું એનો છું, એવી જે એક માયા અથવા મમતા છૂટી ગઈ. હું તો જ્ઞાનસ્વરૂપ છું. ત્રિકાળ એક જ્ઞાયકભાવે રહેલ છું. કોઈ દિ' હું શુભ-અશુભ ભાવે થયો નથી. આહાહા! સમજાણું કાંઈ? હું થયો નથી. પર્યાય થઈ હતી એટલે હું તો નહોતો એમાં. (શ્રોતા : પર્યાય છે જ ક્યાં પણ તારી?) એ જ. આહાહા! જુઓ, पुद्गलसौं प्रीति टूटी छूटी माया ममता.

પછી सुद्धनै निवास कीनौ. બહિર્મુખ વૃત્તિ છૂટીને અંદર શુદ્ધનય એટલે સ્વરૂપશુદ્ધ આનંદ ધામ એમાં વાસ કર્યો. અનાદિથી પુણ્ય ને પાપનાં વિકલ્પમાં વાસ હતો. લ્યો, આ વાસની વસ્તુ. આહા! અનાદિથી ભગવાન પોતાનો આનંદ ને જ્ઞાન સ્વરૂપને ભૂલ્યો અને અજ્ઞાનમાં એનો વાસ પુણ્ય-પાપનાં વિકલ્પમાં હતો. મકાન–ફકાનમાં, કર્મમાં નહોતો. સમજાણું કાંઈ? (શ્રોતા : .....પુણ્ય-પાપમાં) પુણ્ય-પાપમાં, આ બધા મકાન આવડા કરાવશે એમાં? (શ્રોતા : મકાન ક્યાં એનું હતું?) હવે ભાઈ, હમણાં પૈસા ખર્ચ્યા. ૩૬ હજારની તો જમીન લીધી છે.

(શ્રોતા : જમીન જમીનમાં રહી, પૈસા પૈસામાં રહ્યા). બે તો બંગલા બનાવશે છોકરાઓ બધા. (શ્રોતા : છોકરાઓ આવે). (શ્રોતા : હસમુખભાઈ માટે જોઈશે ને) કોણ કરે કોના? (શ્રોતા : ત્રણ બનાવશે). ત્રણ-ત્રણ. છના ત્રણ નાંખ્યા છે. છ ન બનાવે કારણ કે ત્રણ વારાફરતી આવેને. ન્યાં વેપાર ત્રણ-ત્રણ કરે. મલૂકચંદભાઈ! (શ્રોતા : આપણે તો ત્રણ–અમારે તો ત્રણ બનાવ્યા છે. એ ભાવ કરે છે ને) કોણ બનાવે? આહિં તો રજકણો ખડકાવાના હશે ને તે ખડકાશે. એનો ભાવ બનાવવાનો છે. એ ભાવ એની પાસે રહ્યો. એ બહારની ચીજ કાંઈ ભાવને લઈને બને છે? (શ્રોતા : એ આપ કાઢી નાંખો તો શુભ સમાચાર....) ઈ તો હાલે છે. આહા!

सुद्धनै निवास कीनौ अनुभौ अभ्यास लीनौ. શુદ્ધ ચૈતન્ય પુણ્ય-પાપનાં રાગને આસ્રવથી અનાશ્રવી ચીજ તદ્દન ભિન્ન છે. એવા ભાન થતાં શુદ્ધનયમાં વસ્યો. શુદ્ધનય કહો કે શુદ્ધભાવ દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ, એમાં દૃષ્ટિ સ્થપાણી. अनुभौ अभ्यास लीनौ– આનંદનો સ્વાદ લીધો. કહો સમજાણું કાંઈ? આહા! જે રાગ, કર્મને અનુસરીને પુણ્યપાપનાં ચક્રને સેવીને રહેતો હતો. એ ભગવાન આત્મા અખંડ આનંદ મૂર્તિ છે, એમ

એને અનુસરીને તેમાં રહેવા લાગ્યો, તો આનંદનો નિવાસ થયો. આનંદનો સ્વાદ આવ્યો (એ) અનુભવ. આહાહા! ભારે! એ આનંદ તારામાં છે એમાંથી આવ્યો, એમ કહે છે. એનું નામ સમકિત અને ધર્મ કહેવામાં આવે છે. આહા! ભારે કામ ભાઈ! પ્રકાશદાસજી! ક્યા હૈ પણ આ તો આવું આકરું. (શ્રોતા : ઈ તો પ્રકાશના દાસ છે ને ઈ કાંઈ અંધકારના દાસ થોડા છે?)

લો, सुद्धनै निवास कीनौ अनुभौ अभ्यास—અભ્યાસ હોં. અભ્યાસ એ અંતરમાં અનુભવનો અભ્યાસ. ઓલો અનાદિનો રાગનો અભ્યાસ હતો. એ ગયો ને હવે આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે સચ્ચિદાનંદ—સત્ શાશ્વત ચિદ્—જ્ઞાન ને આનંદ, એને અનુસરીને થવાની દશા થાય એને અનુભવ કહેવામાં આવે છે. भ्रमभाव छांड़ि दीनौ, લ્યો. અહંબુદ્ધિ છોડી દીધી—છૂટી ગઈ. રાગને વિકલ્પમાં અહંબુદ્ધિ હતી. એ વ્યવહારનો રાગ આદિ શુભરાગમાં અહંબુદ્ધિ હતી, છૂટી ગઈ. આહા! જે સ્વભાવમાં અહંબુદ્ધિ નહોતી અને દયા-દાનનાં વ્રત આદિ વિકલ્પ કરતો એમાં અહંબુદ્ધિ હતી, એ છૂટી ગઈ. भ्रमभाव छांड़ि दीनौ भीनौ चित्त समता. પણ આત્માની શાંતિમાં ભીનો થઈ ગયો. શાંત અનુભવના અભ્યાસમાં. કહો સમજાણું કાંઈ? ચિત્તમાં સમતા આવી, વીતરાગતા આવી. સ્વભાવ વીતરાગ સ્વરૂપ છે, એમાં ઠરતાં વીતરાગી પર્યાય આવી, એ અનાશ્રવી દશા થઈ. આ માર્ગ છે. આહા!

भीनौ चित्त समता—સમતાથી રંગાઈ ગયો, કહે છે. અનાદિથી રાગમાં રંગાઈ ગયો હતો. પુણ્ય-પાપનાં રાગમાં વિકારમાં બહિર્મુખભાવમાં રંગ ચડી ગયો હતો. એ અંતર્મુખદૃષ્ટિ કરતાં આત્માનાં આનંદનો રંગ ચડી ગયો. भीनौ—ભીંજાઈ ગયો, આનંદથી ભીંજાઈ ગયો, કહે છે. રાગને પુણ્ય-પાપનાં મેલથી ભીંજાતો હતો. આહાહા! ધર્મની રીત જ સાંભળવા મળતી નથી હોં. એટલે લોકો બિચારા ભટકા-ભટક. જાણે પાલીતાણા જાઈએ, જાણે સમ્મેતશિખર જાઈએ, કાંઈક આ કરીએ ને ફલાણું કરીએ, લ્યો. પુસ્તક સોનાના ને ચાંદીના બનાવવા, લ્યો. એમાં ધર્મ હશે કે નહીં? (શ્રોતા : ના) નહીં! (શ્રોતા : બન્યા તો ખરા ઘણાં મંદિરો. આમણે બનાવ્યું છે) કોણ બનાવે? એ તો છે, કહ્યું. ઓલો કરનારનો ભાવ હોય—શુભ વિકલ્પ છે, ઈ પણ રાગ છે, કર્મચક્ર છે. માળે ભારે!

જેઠાભાઈ, આ તો બધું ઊંધું નીકળ્યું, કહે છે. અત્યાર સુધી...(શ્રોતા : ઓલું ઊંધું, આ તો સવળું નીકળ્યું). એમ કહે છે કે આ બધું ઊંધું કાઢ્યું માળે. અત્યાર સુધી આપણી પરંપરા જે હતી—પરંપરા હતી એ બધી તોડી નાંખી. પરંપરા તો સત્ય આ હતી. (શ્રોતા : આ પરંપરા છે....) એમ કહે છે હોં લખાણમાં. આપણી આચાર્યોની પરંપરા

અનાદિથી તો વ્રત પાળવાં, તપસ્યા કરવી, ભક્તિ કરવી એ પરંપરા હતી. અને આ તો તોડી નાંખી કહે, પરંપરા. અરે, એ પરંપરા નહોતી. આહા! આહા! સમજાણું કાંઈ? આ તો આત્માની પરંપરા શરૂ થઈ.

કહે છે ને જુઓ, સમતામાં ભિંજાઈ ગયો અને अनादि अनंत अविकलप अचल ऐसौ. એને અવલંબ્યો. આહા! રાગ ને વિકલ્પને અનાદિથી અવલંબીને ઘેરાઈ ગયો'તો રાગથી. રાગની બુદ્ધિમાં–વિકારની બુદ્ધિમાં ઘેરાઈ ગયો હતો. આખું ચક્ર આખું ધર્મનું ઘેરી નાંખ્યું હતું. છૂટી ગયું, કહે છે. અંતર સ્વરૂપ અનાદિ અનંત એવો ભગવાન આત્મા अविकलप–નિર્દોષ, નિર્વિકલ્પ એટલે અભેદ, અચળ-નિત્યપદ, ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ નિત્ય ભગવાન નિત્ય...નિત્ય...નિત્ય...નિત્ય એવા પદને અવલંબતો, अवलोकै राम रमता. આહાહા! એ આત્મા આનંદ રામ, એ આનંદમાં રમતો રામ આત્મા એને ઓળખી જા, એમ કહે છે. ભારે કામ ભાઈ!

છે ને, अवलंबन करके आत्मस्वरूपको देखता है. अवलोकै राम रमता. આતમરામ, રાગમાં રમતો એ આત્મામાં રમવા લાગ્યો એ આતમરામ. રાગમાં રમતો એ જડરામ. જડમાં રમતો અનાત્મા. આહાહા! વ્યવહારનો તો ભૂક્કો ઉડાડ્યો છે આમાં. સાધન છે, હેતુ છે. આ બધી તકરારો હોં. અરે, ભગવાન! એ તકરાર કોની સાથે તું કરે? તારી સાથે કરે. તારો ભાવ તને ગોઠતો નથી. રાગને રુચિમાં લઈ અંતર્મુખ થવાનો પ્રયત્ન કરતો નથી. અનાદિ અનંત નિર્વિકલ્પ નિત્ય પદ અવલંબન કરકે આત્માને અવલોકે છે એટલે આત્માનો અનુભવ કરે છે. આત્માના આનંદનો અનુભવ કરે, આ એનું નામ ધર્મી અને સમકિતી કહેવામાં આવે છે. હવે, शुद्ध आत्मा ही सम्यग्दर्शन है. આસ્રવનો છેલ્લો શ્લોક.

**रागादीनां झगिति विगमात्सर्वतोऽप्यास्त्रवाणां**
**नित्योद्योतं किमपि परमं वस्तु सम्पश्यतोऽन्तः।**
**स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा-**
**नालोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत्॥१२॥**

આહા! એક–એક કળશ એવો બનાવ્યો છે. (શ્રોતા : એકમાં પુરું).

શુદ્ધ આત્મા જ સમ્યગ્દર્શન છે. (સવૈયા એકત્રીસા)

**जाके परगासमैं न दीसैं राग द्वेष मोह,**
**आस्रव मिटत नहि बंधकौ तरस है।**

तिहूं काल जामैं प्रतिबिंबित अनंतरूप,
आपहू अनंत सत्ता नंततैं सरस है॥
भावश्रुत ग्यान परवान जो विचारि वस्तु,
अनुभौ करै न जहाँ वानीकौ परस है।
अतुल अखंड अविचल अविनासी धाम,
चिदानंद नाम ऐसौ सम्यक् दरस है॥१५॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**પરગાસ=પ્રકાશ. તરસ (ત્રાસ)=કષ્ટ. પ્રતિબિંબિત=ઝળકે છે. વાની=વચન. પરસ=પ્રવેશ–પહોંચ. અતુલ=અનુપમ.

**અર્થ :—**જેના પ્રકાશમાં રાગ–દ્વેષ–મોહ રહેતા નથી, આસ્રવનો અભાવ થાય છે. બંધનો ત્રાસ મટી જાય છે, જેમાં સમસ્ત પદાર્થોના ત્રિકાળવર્તી અનંત ગુણ–પર્યાય ઝળકે છે અને જે પોતે સ્વયં અનંતાનંત ગુણપર્યાયોની સત્તા સહિત છે, એવો અનુપમ, અખંડ, અચળ, નિત્ય, જ્ઞાનનું નિધાન ચિદાનંદ જ સમ્યગ્દર્શન છે. ભાવશ્રુતજ્ઞાન–પ્રમાણથી પદાર્થનો વિચાર કરવામાં આવે તો તે અનુભવગમ્ય છે અને દ્રવ્યશ્રુત અર્થાત્ શબ્દશાસ્ત્રથી વિચારવામાં આવે તો વચનથી કહી શકાતું નથી. ૧૫.

**अर्थ** :–जिसके उजालेमें राग-द्वेष-मोह नहीं रहते, आस्रवका अभाव होता है, बंधका त्रास मिट जाता है, जिसमें समस्त पदार्थोंके त्रैकाल्यवर्ती अनंत गुणपर्याय प्रतिबिम्बित होते हैं और जो आप स्वयं अनंतानंत गुण-पर्यायोंकी सत्ता सहित है; ऐसा अनुपम, अखंड, अचल, नित्य, ज्ञानका निधान चिदानंद ही सम्यग्दर्शन है। भावश्रुतज्ञान-प्रमाणसे पदार्थ विचारा जावे तो वह अनुभवगम्य है और द्रव्यश्रुत अर्थात् शब्द-शास्त्रसे विचारा जावे तो वचनसे कहा नहीं जा सकता॥१५॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

जाकै परगासमैं न दीसैं राग द्वेष मोह. ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ એનામાં એનું ભાન થતાં, जाके परगासमैं न दीसैं राग द्वेष मोह, आस्त्रव मिटत नहि बंधकौ तरस है। બંધનો ત્રાસ નથી. तिहूं काल जामै प्रतिबिंबित अनंतरुप, आपहूं अनंत सत्ता नंततैं सरस है॥ भावश्रुत ग्यान पखान जो विचारि वस्तु, अनुभौ करै न जहां बानीकौ परस है। વાણીનો સ્પર્શ નથી. જ્યાં વાણી અડતી નથી. આહાહા! अतुल अखंड अविचल अविनासी धाम, अतुल अखंड अविचल अविनासी धाम, चिदानंद नाम ऐसौ सम्यक दरस है। આહાહા!

जाके परगासमैं न दीसैं राग द्वेष मोह. આસ્રવની વ્યાખ્યા છે ને. પુણ્ય, પાપ ને મોહ તો આસ્રવ છે પરિણામ. ભગવાન આત્માનાં જ્ઞાનપ્રકાશનાં પૂરમાં જ્યાં નજર પડી, ત્યાં કહે છે કે રાગ દ્વેષ મોહ ત્યાં દેખાતા નથી. આહા! जाके परगासमैं न दीसैं राग द्वेष मोह, आस्त्रव मिटत नहि बंधकौ तरस है. જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા, એની દૃષ્ટિ થતાં, એનું શરણ મળતાં એને પુણ્ય-પાપ ને રાગદ્વેષ ભાવ થતા નથી. તેથી આસ્રવ મટી જાય છે. નવાં કર્મ આવવાનું કારણ એવા પુણ્ય-પાપનાં ભાવ તેને ઉત્પન્ન થતાં નથી. તેથી बंधकौ तरस નથી. બંધનો ત્રાસ એને (શ્રોતા : હોતો નથી). કષ્ટ નથી, એમ. આહા! ધર્મી થયો ત્યાં બંધ નથી. આહાહા! આ આવી વાત છે.

ભગવાન આત્મા એ તો આનંદ ને જ્ઞાનનો પૂર, અનંત અનંત બેહદ જેનો જાણવાનો-દેખવાનો, વીર્યનો, આનંદનો સ્વભાવ એવા નૂર-તેજમાં જ્યાં પડ્યો. રાગનાં અંધકારમાં ભર્યો હતો એ તો સંસારનો ત્રાસ છે, કહે છે. એને તો નવા બંધનો ય ત્રાસ છે. આવો ભગવાન આત્મા અંતર્મુખ જોતાં જેને રાગ-દ્વેષ ને મોહ ટળી જાય છે અને ટળતાં એને આસ્રવ ટળતાં બંધનું કષ્ટ હોતું નથી એટલે બંધ થતો નથી. સમજાણું કાંઈ? કેમકે આત્મા પોતે અબંધ સ્વરૂપી, અબંધ સ્વભાવી છે. પુણ્ય-પાપનાં વિકલ્પ છે. એનામાં છે (નહીં). એવો અબંધ ભગવાન.

આવે છે ને जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं (સ.સાર ગા. ૧૪). એનો અર્થ ઈ કે રાગ ને કર્મનાં સાથે બંધ છે જ નહીં એને સંબંધ, એવી એ ચીજ છે. આહા! એવો ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવી આત્મા પોતાનાં સ્વરૂપને જાણતાં, બંધનો આસ્રવનું કારણ જે બંધનું એ આસ્રવ હોતા નથી, તે બંધ પણ હોતો નથી. तिहूं काल जामैं प्रतिबिंबित अनंतरुप. ભાવશ્રુત જ્ઞાનમાં એટલે નીચે છદ્મસ્થ દશામાં એમ ભાસ્યું કે આત્મા તો અનંત અનંત પદાર્થને જાણનાર દેખનાર છે. કોઈ પદાર્થને મારા માનીને ભેગો રાખે એવો એ સ્વભાવ (નથી.) આહાહા! સમજાણું કાંઈ? રાગને ભેગો રાખીને રાગ રાખે આત્મા, એવો એનો સ્વભાવ નથી. એ તો રાગ અને આખી દુનિયાનો જાણનાર—દેખનાર છે. આહા! સમજાણું કાંઈ?

'तिहूं काल जामै'.. 'अनंत गुणपर्याय प्रतिबिंबित होते हैं'. એટલે કે સમ્યક્‌જ્ઞાનમાં એવું ભાસ્યું, આ આત્મા તો ત્રણ કાળ—ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાયને, એમાં પોતે પણ આવ્યો, જાણનાર દેખનાર છે. પુણ્ય-પાપનાં રાગનો કરનારો અને પરિણમનારો એ આત્મા નહીં. આહાહા! નિશ્ચય વાત લાગે લોકોને હોં. નિશ્ચય એટલે એકાંત લાગે. આ સમ્યક્ નિશ્ચય એક એકાંત ધર્મ છે. આહાહા! સમજાણું કાંઈ? એમાં

યે વાંધા. સમ્યક્ નિયત, એ નિયત નહીં. આમ છે ને તેમ છે ને ફલાણું છે. અરે, ભગવાન! ભૂલે છો બાપુ હોં.

(શ્રોતા : નિયતપણે સત્તામાં છૂટી જાય છે ને કર્તામાં રહી જાય છે.) કાંઈ નથી કોને કરે? રાગને કરે ઈ ક્યાં વસ્તુ છે? આહાહા! જ્ઞાન તે રાગને કરે કે જ્ઞાન તે જ્ઞાનને કરે? સમજાણું કાંઈ? तिहूं काल जामै, प्रतिबिंबित अनंतरूप. એ તો સમજાવવા તો એમ સમજાવે ને, લોકાલોક પ્રતિબિંબ થાય છે. પ્રતિબિંબિત એટલે કે એનું આહિં જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? અનંતરૂપ—ત્રણ કાળનાં અનંતા દ્રવ્યો ગુણ-પર્યાય જેના જ્ઞાનમાં જણાઈ જાય છે.

आपहूं अनंत सत्ता नंततैं सरस है, લ્યો. કહે છે, आप स्वयं अनंता अनंत गुण पर्यायोंकी सत्ता सहित है. પોતે પણ અનંતા ગુણ સહિત છે. અનંતને જાણે, ત્રણ કાળને જાણે છતાં પોતે પણ અનંતગુણસહિત છે. आपहूं अनंत सत्ता नंततैं सरस है, લ્યો. બધા અનંત કરતાં એનું અખંડ જુદું છે. अनंता अनंत गुणपर्यायोंकी सत्ता सहित है આહા! જ્ઞાન-દર્શન-આનંદ આદિ અનંત અનંત શક્તિઓ, જે ૪૭ કહી, એવી અનંત શક્તિઓ સહિત છે. રાગરહિત થયો એટલે અનંત જ્ઞાન સહિતપણું જાય છે, એમ છે (નહીં). ઈ તો એનાથી સહિત થાય છે. આસ્રવની દૃષ્ટિ છોડતાં અનંતગુણ સહિત એવા આત્માને અનુભવે છે. એવી એની સત્તા અનંતગુણવાળી છે.

भावश्रुत ग्यान परवान जो विचारि वस्तु. અંતરમાં શુદ્ધ ઉપયોગ ભાવશ્રુત જ્ઞાનથી તપાસીને જીવને, विचारि वस्तु—અંતરમાં ઢળ્યો. ભાવશ્રુત જ્ઞાન તે જ જૈનશાસન છે. એમાં આત્માનો પત્તો મેળવ્યો એમાંથી. ભાવશ્રુત એટલે આ વાણી એકલી નહીં, (પણ) અંદર ભાવ જ્ઞાન. જ્ઞાન દ્વારા આત્માને—જ્ઞેયને પકડ્યો. જે અંતરજ્ઞાનથી આત્માને પકડ્યો, એ જ્ઞાનને અહીંયા ભાવશ્રુત કહેવામાં આવે છે. દ્રવ્યશ્રુતથી નથી પમાતો, એમ કહે છે. આહાહા! સમજાણું? પોતાનો આત્મા ભાવશ્રુતજ્ઞાન દ્વારા જ્ઞેય થઈ શકે છે. भावश्रुत ग्यान परवान जो विचारि वस्तु, લ્યો. એમાં અર્થ કર્યો છે. ભઈ, દ્રવ્યશ્રુતથી વિચારે તો એ કાંઈ શબ્દથી પાર પડે એવું નથી. શબ્દસે કહા નહીં જા સકતા. શબ્દમેં કંઈ કહી શકાય (નહીં). શી રીતે કહેવાય? અનંત ગુણ હોય ને શબ્દ શી રીતે (કહે)? જડની દશા એક એક ક્રમને કહે, એ પૂર્ણ સ્વરૂપને સમજાવવાની તાકાત એમાં નથી. દ્રવ્યશ્રુત (अर्थात् शब्दशास्त्रसे) विचारा जावे तो वचनसे कहा नहीं जा सकता, એમ કહે.

अनुभौ करै न जहां बानीकौ परस है, લ્યો. અનુભવ કરે આત્મા પોતાની

દશામાં. આનંદનો સ્વાદિયો તો આનંદને સ્વાદે. આહા! ભૂંડ વિષ્ટાને ચાટે. અજ્ઞાની રાગ દ્વેષને ચાટે. જે કાઢી નાખવા જેવી ચીજ રાગ-દ્વેષ, આહા! એને અનુભવે. જ્ઞાની તો अनुभौ करै न जहाँ वानीकौ परस है—વાણીને ક્યાંય અડતી નથી. વિચાર શું કરે? વાણી ક્યાં સ્પર્શે? વચનાતીત વિકલ્પાતીત વસ્તુ ભગવાન અંતર ચૈતન્યનાં તેજથી ભરેલો પ્રભુ, એને વાણી ને વિકલ્પ અડતો નથી. ભારે વાતુ ભાઈ આવી! પણ કો'ક કહે કે ભાઈ, આ પણ હવે આનું કંઈ સાધન હશે? હવે આ કરવું એ સાધન. વસંતલાલજી! એ બહુ પૂછે છે આની કોર. કેમ કે.....ઈ અંતરમાં સમજવું સ્વને, એ જ એનું સાધન છે. રાગ આદિનો વિકલ્પ એ સાધન છે (નહીં). આસ્રવ સાધન હોય? આકરું કામ.

બહુ પ્રથા આખી એવી ફરી ગઈ ને. મોટા મોટા સાધુ નામ ધરાવનારા નગ્ન કે આ લૂગડાવાળા નામ ધરાવનાર હોં. આહા! ધમાધમ ભારે એટલે આ વાત લાગે કે આ તો માળો નિશ્ચયનું કાંઈ સોનગઢનો ધર્મ કોઈ જુદો સ્થાપવા લાગે છે, વળી એમ કહે. પણ આ સોનગઢનું પુસ્તક છે આ. (શ્રોતા : ઘણાએ તો સાંભળ્યું નથી.) સાંભળ્યું નથી એટલે એને ખબર નથી. આ શાસ્ત્ર કોનું? જુઓ, આ તો બનારસીદાસનું કરેલું, તે પણ કળશ છે અમૃતચંદ્ર આચાર્યનું. એનો અર્થ રાજમલ્લે કર્યો એમાંથી આ કાઢ્યું છે. એમાં આ છે, લ્યો. ઘણા એમ કહે કે સોનગઢનો ધર્મ....(શ્રોતા : રાજમલ્લના અર્થમાં ફેર છે) જરી યે ફેર નથી. એને ભાન ન મળે. અર્થ સવળા કરવા માગે છે. વચ્ચે કરતા હતા. એ આહિં ગપ્પે ગપ્પ માર્યા છે. આહાહા! શું થાય?

ઉપાદાનની યોગ્યતા અનેક પ્રકારની, જેવું નિમિત્ત મળે તેવું કાર્ય થાય. તો આવો આત્મા. એ તો નિમિત્તે જ કામ કર્યું આમાં, આણે તો કાંઈ કામ કર્યું નહીં. આત્માનાં ઉપાદાનની કાર્ય કરવાની યોગ્યતા ઘણા પ્રકારની છે. (શ્રોતા : હવે એ તો પણ દ્રવ્યની છે. અહિં તો પર્યાયની યોગ્યતા લીધી છે). હા, તો પર્યાયની યોગ્યતામાં આ અનેક પ્રકારની છે, કહે છે. (શ્રોતા : પર્યાયની તો એક જ પ્રકારની હોય). જેવા નિમિત્તો સામા મળે, પાણીમાં યોગ્યતા ઊનું થવાની, બળવાની, ટળવાની બધી છે. (શ્રોતા : નહીં) તો અગ્નિ આવે તો ઊનું થાય, (શ્રોતા : એક સમયે એક જ હોય) અને ઢોળી નાંખે તો ગારો થઈ જાય. (શ્રોતા : એક જ પ્રકારની છે). તેમ બાપા. એક વસ્તુની એક સમયની જે પર્યાય તેની યોગ્યતા એક જ પ્રકારની છે. નિમિત્તો આવે એટલે બીજા એમાં પલટે; શું થાય? લૂંટાણો છે તે. અને એને લૂંટનારા એવા મળ્યા પાછા. કહે છે, भावश्रुत ग्यान...अनुभौ करै न जहां बानी कौ परस है—વાણી અડતી નથી. આહાહા!

अतुल अखंड अविचल अविनासी धाम. अतुल—જેની ઉપમા નથી. ભગવાન

આત્માને ઉપમા શી? જ્ઞાનનો સ્વભાવથી ભરેલ વસ્તુ—આનંદ ને જ્ઞાનનાં સ્વભાવથી પરિપૂર્ણ અનંત સત્ સ્વભાવનો સાહિબો, એને ઉપમા કોની દેવી? તુલના કોની કરવી, કહે છે. અખંડ વસ્તુ છે. વસ્તુ છે ને પોતે. શરીરમાં રાગથી ભિન્ન અખંડ વસ્તુ છે. એક વસ્તુ છે તે અખંડ છે. આહા! અવિચલ છે. પોતાના ધ્રુવધામથી કોઈ દિ' ખસી નથી. આહા! ઓલામાં તો કીધું ને, પર્યાયમાં ય આવી નથી. પેલો અર્થ થયો'તો ને ઓલો, નિત્ય છે એ અનિત્યમાં નથી આવ્યો. ઈ વાત ભાવ બરાબર છે. પણ ત્યાં શબ્દનો અર્થ એવો મૂક્યો. ભગવાન અનાદિ અનંત ધ્રુવ, એ કોઈ દિ' નિગોદની ને સિદ્ધની પર્યાયમાં આવતો જ નથી. અનિત્ય પર્યાય ને પોતે નિત્ય ત્રિકાળ. આહાહા!

એને ઠેકાણે રાગમાં ને ઘરમાં ને બાયડી-છોકરાં પાસે જાય ને. આહાહા! પણ હવે ત્યાં દુકાને જાય તો ખરું કે નહીં? આહાહા! (શ્રોતા : કોણ દુકાને બાપુ જાય?) પણ હવે હીરાભાઈ થોડુંક સંભાળશે ને બે કલાક સંભાળવા જવું. આ સંભાળવા જાય. શું કરે છે? આ ભાણિયો શું કરે છે એની ઉપર. (શ્રોતા : આ તો ભ્રમ થઈ ગયો છે.) પેદાશ ઝાઝી થાય તો હોંશ આવે, હરખ આવે, લ્યો. આહાહા! એક દિ'માં સો-સો રૂપિયાની પેદાશ...... (શ્રોતા : એમને આવી). હીરાભાઈને આવે. એ તો હીરાભાઈ એનો છોકરો છે કે નહીં? (શ્રોતા : હીરાભાઈને ય ન આવે ને હીરાભાઈનાં પિતાજીનેય ન આવે). એમ હશે મલુકચંદભાઈ? આહાહા! આહીં તો કહે છે, રાગની સાથે સંબંધ નથી. આસ્રવનાં વિકલ્પની સાથે સંબંધ વિનાની ચીજ છો તું. તું કોનો સંબંધ વાળો તને કહેવો? આહાહા! આમ મોક્ષને માટે ધર્મના દરવાજાં ખોલવાની કળા બહુ ઝીણી છે. ભર્યો છે અંદર ભગવાન પૂરો, પણ એને ખોલવાની કળા અંતર્મુખની દૃષ્ટિ કર્યા વિના એ કળા હાથ આવે એવું નથી. કહો સમજાણું કાંઈ?

अतुल अखंड अविचल अविनासी धाम, चिदानंद नाम ऐसौ, चिदानंद नाम ऐसौ. ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ. જેનો જ્ઞાન અને આનંદ સ્વભાવ સ્વરૂપ ऐसौ सम्यक दरस છે, એને સમ્યક્દૃષ્ટિ કહીએ. કહો સમજાણું કાંઈ? આવો અખંડ આત્મા એની અંતર અનુભવ થઈને પ્રતીતિ થવી, એ સમ્યક્દર્શન પ્રમાણે આત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? ક્ષેત્રની અપેક્ષાએ. આ તો સમ્યક્દર્શન આખા દ્રવ્યમાં વ્યાપ્યું છે ને. ભાવની અપેક્ષાએ ત્રિકાળ નથી વ્યાપ્યું. પણ એટલું અત્યારે એટલી વાત છે ને આહિં. સમ્યક્દર્શન જેટલો આત્મા છે, એમ. એ રાગ જેટલો અને વિકલ્પ જેટલો નહીં એટલો, એટલું કહેવા. अतुल अखंड अविचल अविनासी धाम પ્રભુ, એમાં દૃષ્ટિ મૂકતાં જે દર્શન થાય, એ દર્શન આત્મા જેટલું દર્શન છે. કારણ પૂર્ણને પ્રતીત કરનાર તે પૂર્ણ સ્વરૂપ જ છે. પ્રતીત પણ પૂર્ણ સ્વરૂપ છે. આહા! ભારે વાત ભાઈ આવી!

ज्ञानमुन्मग्नमेतत् લ્યો, ચિદાનંદ છે ને. उन्मग्नम्-उन्मग्नम्—બહાર આવ્યું. ડૂબતું હતું અંદર, એ બહાર આવ્યું. ઉન્મગ્નમ્—નિમગ્નમ્. આહા! આવે છે નદી બે આવે છે ને. ઉન્મગ્નજલા, નિમગ્નજલા. (શ્રોતા : પ્રવચનસારમાં). આવે છે ઓલા વૈતાલ પર્વતમાં બે નદીઓ આવે છે. ચક્રવર્તી જાય ને સાધવા ઓલા ૩ ખંડ સાધવા જાય. વચમાં બે નદીં આવે, પુલ બાંધે. બે નદીમાં એક નદી એવી જો કોઈ પાણીની અંદર પગ—પાંદડું પડે, માણસ પડે પણ એને ઊંડા લઈ જાય અને એક નદી એવી છે જે કોઈ પડે એને ઊંચું આવે. એ નદીનો પાણીનો સ્વભાવ જ એવો છે.

બે નદીઓ છે. ઉન્મગ્નજલા અને નિમગ્નજલા. ઉન્મગ્નજલા, નિમગ્નજલા. વૈતાલ પર્વતમાં છે. આ ચક્રવર્તી ૩ ખંડ સાધવા જાય છે ને ત્યારે વચમાં એ આવે. બારણાં બંધ હોય ને કરોડો અબજો વર્ષથી, ખોલે. હાથમાં એક હજાર દેવો સેવા કરતા હોય, એવો એક દંડ હોય. હજાર દેવો સેવા કરે એવો ઘોડો હોય. ઘોડા ઉપર બેસી મારે. બારણું ખૂલે તો અગ્નિ નીકળે એમાંથી. જ્યાંથી પાછો ઘોડો ઉછાળે છે. ૧૨ જોજન છેટે લઈ જાય નહીંતર અગ્નિમાં બળી જાય એવી અગ્નિ. બંધ હોય ને અબજો વર્ષથી અંદર. પણ એમાં પછી રસ્તો કરે જવાનો ઓલીપણે જવાનો. એમાં વચ્ચે બે નદીઓ આવે છે. સમજાણું કાંઈ?

એમ આત્મામાં અજ્ઞાનભાવે રખડે, એ નિમગ્ન નદી છે, ઊંડો ઊંડો લઈ જાય. આ ઉન્મગ્ન છે આ. ઉન્મગ્ન છે ને. (શ્રોતા : ઉન્મગ્નનો અર્થ) ઉછળ્યો. છે ને ઉન્મગ્નનો અર્થ ઈ જ મૂળ તો. આ તો પદમાં તો અમુક આવે ને. ચિદાનંદ છે એવો નામ. સમ્યક્દર્શન આ તો....શબ્દાર્થ હોય ત્યારે જુદો અર્થ હોય ને. ઉન્મગ્ન—ઉછાળા માટે છે અંદરથી. જ્ઞાન અને આનંદનો જોર પડે માળા. પર્યાયમાં આત્માનું ભાન થતાં પર્યાયમાં આનંદ ને જ્ઞાનનો ઉછાળો આવે છે. પ્રવચનસમુદ્રમાં બિંદુમાં ઉછળી આવે—ઈ આવે છે ને. આહા! એ આસ્રવ અધિકારનાં પદ પૂરા થયા.

## પાંચમા અધિકારનો સાર

રાગ–દ્વેષ–મોહ તો ભાવાસ્રવ છે અને અશુદ્ધ આત્મા દ્વારા કાર્મણવર્ગણારૂપ પુદ્‌ગલપ્રદેશોનું આકર્ષિત થવું તે દ્રવ્યાસ્રવ છે. આ દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવથી રહિત સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શનનો ઉદય થતાં જ જીવનું વર્તમાન જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાય છે, આ સમ્યગ્જ્ઞાનની દશામાં આસ્રવનો અભાવ છે. સમ્યગ્જ્ઞાની અવ્રતી પણ કેમ ન હોય, તોપણ તેમને આસ્રવ નથી થતો, એનું કારણ એ છે કે અંતરંગમાં સમ્યગ્દર્શનનો ઉદય થવાથી તેઓ શરીર આદિમાં અહંબુદ્ધિ રાખતા નથી અને વિષય આદિમાં તલ્લીન નથી થતા.

## पाँचवें अधिकारका सार

राग-द्वेष-मोह तो भाव-आस्रव हैं, और अशुद्ध आत्माके द्वारा कार्माणवर्गणारूप पुद्गल प्रदेशोंका आकर्षित होना द्रव्य-आस्रव है। तथा इन द्रव्य-आस्रव और भाव-आस्रवसे रहित सम्यग्ज्ञान है। सम्यग्दर्शनका उदय होते ही जीवका मौजूद ज्ञान सम्यग्ज्ञान कहलता है, इस सम्यग्ज्ञानकी दशामें आस्रवका अभाव है। सम्यग्ज्ञानी अव्रती क्यों न हों, तो भी उन्हें आस्रव नहीं होता, इसका कारण यह है कि अंतरंगमें सम्यग्दर्शनका उदय होनेसे वे शरीर आदिमें अहंबुद्धि नहीं रखते और विषय आदिमें तल्लीन नहीं होते।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

पाँचवे अधिकारका सार. राग-द्वेष-मोह तो भावाश्रव है. તે રાગમાં પછી દયા-દાન-વ્રત-પૂજા-ભક્તિ આવી ગયા કે નહીં? રાગ દ્વેષ મોહ તો ભાવાશ્રવ છે, વિકારી પરિણામ છે. ભાવાશ્રવ એટલે વિકારી દશા છે. और अशुद्ध आत्माके द्वारा, અને એ અશુદ્ધ પરિણામના દ્વારા, कार्मणवर्गणारुप पुद्गल प्रदेशोंका आकर्षित होना द्रव्य आस्रव है. એ અશુદ્ધ પરિણામ, પેલા પુણ્ય ને પાપનાં મેલાં પરિણામ દ્વારા કર્મનું આવવું. મેલા પરિણામ એ ભાવ આસ્રવ અને કર્મનું આવવું—રજકણો એ દ્રવ્ય આસ્રવ. જડનાં રજકણો આવે. तथा इन.... આકર્ષિત હોના નામ અર્થ આવવું. इन द्रव्यास्त्रव और भाव आस्त्रवसे रहित सम्यग्ज्ञान है, આત્માનો સ્વભાવ સમ્યક્જ્ઞાન તો દ્રવ્ય જડથી અને ભાવાશ્રવથી ભિન્ન છે. દ્રવ્યાશ્રવ અને ભાવાશ્રવસે રહિત. એ પુણ્યનાં, પાપનાં વિકલ્પ અને રજકણો એનાથી રહિત એવો ભગવાન આત્મા, એનું જ્ઞાન તે સમ્યક્જ્ઞાન છે.

सम्यग्दर्शनका उदय होते ही जीवका मौजुदा ज्ञान सम्यग्ज्ञान कहलाता है. શું કહે છે? અંતર આત્માનું ભાનમાં સમ્યક્દર્શન પ્રતીત થતાં એ ઉદય હોતા હૈ. जीवका मौजुदा ज्ञान, છે જીવમાં જે જ્ઞાન, એ જ્ઞાન સમ્યક્જ્ઞાન કહલાતા હૈ. જ્ઞાનની પર્યાયને પણ સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન થાય ત્યારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? इस सम्यग्ज्ञानकी दशामें आस्त्रवका अभाव है. સમ્યક્જ્ઞાન દશામેં આસ્રવ છે નહીં. વસ્તુમાં આસ્રવ પુણ્ય-પાપ નહીં, એના ગુણમાં નહીં અને એનું ભાન થતાં એની પર્યાયમાં ય નહીં, એમ સિદ્ધ કરવું છે આહિં તો. વસ્તુ જે આત્મા—દ્રવ્ય વસ્તુ છે ત્રિકાળી, એમાં ય પુણ્ય-પાપ નથી. ગુણ છે શક્તિઓ અનંત, એમાં ય નથી અને એના તરફની દૃષ્ટિ ને અનુભવનું જ્ઞાન થયું, એ જ્ઞાનની પર્યાયમાં પણ પુણ્ય-પાપ વિકલ્પ નથી. આહાહા!

सम्यग्ज्ञानकी दशामें आस्त्रवका अभाव है. એ જ્ઞાનનો આસ્રવ હોતો નથી. सम्यग्ज्ञानी अव्रती भी क्यों न हो, દેખો, એ ધર્મી કદાચિત અવ્રતી હો તો ભી ઉન્હેં

આસ્રવ નહીં હોતા. ૪થે ગુણસ્થાને અવ્રતી હો, રાજા હો, ચક્રવર્તી હો. (શ્રોતા : નારકી હો). નારકી સાતમી નરકનો નારકી હો. આહાહા! દેવ હોય, દેવી હોય, એમાં શું છે? સ્ત્રીમાં ચંડાળણી હોય, ઢેડ ગરોળી હોય સમકિતી, ઢેડ ગરોળી. માણસને આ થાય ને ઓલા જાનવર શું કહેવાય? ઢેડ ગરોળી કહેવાય. ઓ! ક્યા કહતે હૈં? (શ્રોતા : છિપકલી) છિપકલી. પંડિતજી ક્યા? છિપકલી હોતી હૈ ને વહ પણ સમ્યક્દર્શન પામે. આત્મા છે કે નહીં? આહાહા!

કહે છે, सम्यग्ज्ञानी अव्रती भी क्यों न हो. વ્રત ન હોય. એય, પ્રકાશદાસજી! વ્રત ન હોય ને જ્ઞાની! વ્રત લે, ત્યાગ કરે પછી......(શ્રોતા : વ્રત તો રાગ છે). ભઈ, ત્યાં તો એકલાં વ્રત પાળવા, એ બધો જ્ઞાન-જૈન દર્શનનો સાર હતો. આહિં તો અવ્રતી હોય—વ્રત ન હોય, અવ્રત ભાવ હોય છતાં તેને આસ્રવ નથી, એમ સિદ્ધ કરવું છે. કારણ કે અવ્રત છે, ઈ તો રાગનો ભાગ છે. એનાથી તો રહિત આત્માનું ભાન થયું, એને અવ્રત-બવ્રત છે (નહીં), લે. સમજાણું કાંઈ? सम्यग्ज्ञानी अव्रती भी क्यों न हो, तो भी उन्हें आस्त्रव नहीं होता, इसका कारण यह है कि अंतरंगमें सम्यग्दर्शनका उदय होनेसे शरीर आदिमें अहंबुद्धि नहीं, લ્યો. અંતરમે રાગમાં ને શરીરમાં પોતાપણાની બુદ્ધિ નથી. પોતાપણાની બુદ્ધિ શુદ્ધ આનંદ ને જ્ઞાનમાં છે. માટે અવ્રતી જ્ઞાનીને પણ આસ્રવ હોતા નથી. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

આંધળો તો કૂવામાં પડે એ અચરજ નથી પણ દેખતો પડે એ અચરજ છે, તેમ આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે અને સંસારકૂપમાં પડે છે એ મોટું આશ્ચર્ય છે, મોહઠગે તેના માથે ઠગોરી નાખી છે તેથી તે પરઘરને જ પોતાનું માની નિજઘર ભૂલ્યો છે. જ્ઞાનમંત્રથી મોહ ઠગોરીને ઉતારે ત્યારે નિજઘરને પામે. શ્રીગુરુ વારંવાર નિજઘર પામવાનો ઉપાય બતાવે છે કે પોતાના અખંડિત ઉપયોગ નિધાનને લઈ અવિનાશી રાજ્ય કર! તારી હરામજાદીથી જ પોતાનું રાજ્યપદ ભૂલી કોડી કોડીનો જાચક કંગાલ થયો છે, તારું નિધાન તારી પાસે જ હતું પણ તેં સંભાળ્યું નહિ તેથી તું દુઃખી થયો.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૨૬)

## પ્રવચન નં. ૬૪, ચૈત્ર સુદ ૯, રવિવાર, તા. ૪-૪-૧૯૭૧
## આસ્રવ અધિકારના સાર ઉપર પ્રવચન

## પાંચમા અધિકારનો સાર

રાગ–દ્વેષ–મોહ તો ભાવાસ્રવ છે અને અશુદ્ધ આત્મા દ્વારા કાર્મણવર્ગણારૂપ પુદ્‌ગલપ્રદેશોનું આકર્ષિત થવું તે દ્રવ્યાસ્રવ છે. આ દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવથી રહિત સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શનનો ઉદય થતાં જ જીવનું વર્તમાન જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાય છે, આ સમ્યગ્જ્ઞાનની દશામાં આસ્રવનો અભાવ છે. સમ્યગ્જ્ઞાની અવ્રતી પણ કેમ ન હોય, તોપણ તેમને આસ્રવ નથી થતો, એનું કારણ એ છે કે અંતરંગમાં સમ્યગ્દર્શનનો ઉદય થવાથી તેઓ શરીર આદિમાં અહંબુદ્ધિ રાખતા નથી અને વિષય આદિમાં તલ્લીન થતાં નથી. જોકે બાહ્યદ્રષ્ટિથી લોકોના જોવામાં મિથ્યાદ્રષ્ટિ જીવો અને અવ્રતી સમ્યગ્દ્રષ્ટિઓના વિષય–ભોગ, પરિગ્રહ–સંગ્રહ આદિની પ્રવૃત્તિ એકસરખી દેખાય છે પરંતુ બન્નેના પરિણામોમાં મોટો તફાવત હોય છે. અજ્ઞાનીઓની શુભ–અશુભ ક્રિયા ફળની અભિલાષા સહિત હોય છે અને જ્ઞાની જીવોની શુભાશુભ ક્રિયા ફળની અભિલાષાથી રહિત હોય છે, તેથી અજ્ઞાનીઓની ક્રિયા આસ્રવનું કારણ અને જ્ઞાનીઓની ક્રિયા નિર્જરાનું કારણ થાય છે. જ્ઞાન–વૈરાગ્યનો એવો જ મહિમા છે. જેવી રીતે રોગી અભિરુચિ ન હોવા છતાં પણ ઔષધિનું સેવન કરે છે અને ઘણા લોકો શોખ માટે શરબત, મુરબ્બા વગેરે ચાખે છે, તેવી જ રીતે જ્ઞાનીઓના ઉદયની બળજોરીથી આસક્તિ રહિત ભોગવેલ ભોગોમાં અને મોજ માટે ગૃદ્ધિ–સહિત અજ્ઞાનીઓના ભોગોમાં મોટો તફાવત છે.

આસ્રવનું થવું તેરમા ગુણસ્થાન સુધી યોગોની પ્રવૃત્તિ હોવાથી રહે છે અને ચોથા ગુણસ્થાનમાં તો સિત્તેર પ્રકૃતિઓનો બંધ કહ્યો છે. વળી સમ્યગ્દ્રષ્ટિ જીવોને અવ્રતની દશામાં જે નિરાસ્રવ કહ્યા છે તેનો અભિપ્રાય એ છે કે અનંત સંસારનું મૂળ કારણ મિથ્યાત્વ અને તેની સાથે અનુબંધ કરનારી અનંતાનુબંધી ચોકડીનો ઉદય સમ્યક્ત્વની દશામાં રહેતો નથી. તેથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી જનિત એકતાળીસ પ્રકૃતિઓનો તો સંવર જ રહે છે, બાકીની પ્રકૃતિઓનો બહુ જ ઓછા અનુભાગ અથવા સ્થિતિવાળો બંધ થાય છે અને ગુણશ્રેણિ નિર્જરા શરૂ થાય છે. તેથી અજ્ઞાનીના સિત્તેર ક્રોડાક્રોડી સાગર–પ્રમાણ અને તીવ્રતમ અનુભાગની સામે જ્ઞાનીનો આ બંધ કોઈ ગણતરીમાં નથી, તેથી જ્ઞાનીઓને નિરાસ્રવ કહ્યા છે. વાસ્તવમાં મિથ્યાત્વ જ આસ્રવ છે અને તે સમ્યક્ત્વના ઉદયમાં નથી રહેતું. આસ્રવ વિભાવ–પરિણતિ છે, પુદ્‌ગલમય છે, પુદ્‌ગલજનિત છે, આત્માનો નિજ–

સ્વભાવ નથી, એમ જાણીને જ્ઞાનીઓ પોતાના સ્વરૂપમાં વિશ્રામ લે છે અને અતુલ, અખંડ, અવિચળ, અવિનાશી, ચિદાનંદરૂપ સમ્યગ્દર્શનને નિર્મળ કરે છે.

## आस्रव अधिकारका सार

राग-द्वेष-मोह तो भाव-आस्रव हैं, और अशुद्ध आत्माके द्वारा कार्माणवर्गणारूप पुद्गल प्रदेशोंका आकर्षित होना द्रव्य-आस्रव है। तथा इन द्रव्य-आस्रव और भाव-आस्रवसे रहित सम्यग्ज्ञान है। सम्यग्दर्शनका उदय होते ही जीवका मौजूद ज्ञान सम्यग्ज्ञान कहलता है, इस सम्यग्ज्ञानकी दशामें आस्रवका अभाव है। सम्यग्ज्ञानी अव्रती क्यों न हों, तो भी उन्हें आस्रव नहीं होता, इसका कारण यह है कि अंतरंगमें सम्यग्दर्शनका उदय होनेसे वे शरीर आदिमें अहंबुद्धि नहीं रखते और विषय आदिमें तल्लीन नहीं होते। यद्यपि बाह्यदृष्टिसे लोगोंके देखनेमें मिथ्यादृष्टि जीवों और अव्रती सम्यग्दृष्टियोंके विषय-भोग परिग्रह-संग्रह आदिकी प्रवृत्ति एकसी दिखती है परन्तु दोनोंके परिणामोंमें बड़ा अन्तर होता है, अज्ञानीयोंकी शुभ-अशुभ क्रिया फलकी अभिलाषा सहित होती है और ज्ञानी जीवोंकी शुभाशुभ क्रिया फलकी अभिलाषासे शून्य रहती है, इसीलिए अज्ञानीयोंकी क्रिया आस्रवके लिए और ज्ञानियोंकी क्रिया निर्जराके लिये होती है, ज्ञान-वैराग्यकी ऐसी ही महिमा है। जिस प्रकार रोगी अभिरुचि नहीं रहते हुए भी औषधि सेवन करता है और बहुतसे लोग शौकके लिए शर्बत, मुरब्बे आदि चखते हैं, इसी प्रकार ज्ञानीयोंके उदयकी बलजोरीमें आसक्तता रहित भोगे हुए भोगोंमें और मौजके लिए गृद्धता सहित अज्ञानीयोंके भोगोंमें बड़ा अंतर है।

आस्रवकी दौड़ तेरहवें गुणस्थान तक योगोंकी प्रवृत्ति होनेसे रहती है और चौथे गुणस्थानमें तो सत्तर प्रकृतियोंका बंध कहा है, फिर सम्यग्दृष्टि जीवोंको अव्रतकी दशामें जो निरास्रव कहा है उसका अभिप्राय यह है कि अनंत संसारका मूल कारण मिथ्यात्व है और उसके साथ अनुबंध करनेवाली अनंतानुबंधी चौकड़ीका उदय सम्यक्त्वकी दशामें नहीं रहता, इसलिए मिथ्यात्व और अनंतानुबंधीजनित इकतालीस प्रकृतियोंका तो संवर ही रहता है, शेष प्रकृतियोंका बहुत ही कम अनुभाग वा स्थितिमें बंध होता है और गुणश्रेणि निर्जरा शुरू होती है इसलिए अज्ञानीके सत्तर क्रोड़ाक्रोड़ी सागर-प्रमाण और तीव्रतम अनुभागके समक्ष ज्ञानीका यह बंध किसी गिनतीमें नहीं है, इसलिए ज्ञानियोंको निरास्रव कहा है। वास्तवमें मिथ्यात्व ही आस्रव है और यह सम्यक्त्वके उदयमें नहीं रहता। आस्रव विभाव-परिणति है, पुद्गलमय है, पुद्गल-जनित है, आत्माका निज-स्वभाव नहीं है, ऐसा जानकर ज्ञानी लोग अपने स्वरूपमें विश्राम लेते हैं और अतुल, अखंड, अविचल, अविनाशी, चिदानंदरूप सम्यग्दर्शनको निर्मल करते हैं।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આસ્રવ અધિકાર. આસ્રવ એટલે કે આત્મા જે આનંદ અને શુદ્ધ સ્વરૂપ છે, એનાથી વિપરીત પુણ્ય ને પાપનાં કષાય-અજ્ઞાન-રાગ-દ્વેષ આદિ પરિણામ, એ બધા આસ્રવ છે. આસ્રવ એટલે જીવને નવાં આવરણો આવે છે. એ આ આસ્રવ અનાદિથી અજ્ઞાનીને નિરંતર થયા કરે છે. આત્મા વસ્તુ શું છે? ચૈતન્યમૂર્તિ આનંદકંદઘન એવા સ્વભાવ સન્મુખની દૃષ્ટિનાં અભાવને લઈને રાગ આદિ પુણ્ય આદિનાં પરિણામ છે એ મારાં છે, એવા અસ્તિત્વનો સ્વીકાર કરીને એને મિથ્યાત્વ આદિ પરિણામ થઈને ઘણા આવરણો આવે, એવું આસ્રવ થાય છે. જ્ઞાનીને થતો નથી, એ વાત ચાલે છે. આહિં ચાલે છે, જુઓ.

सम्यग्ज्ञानी अव्रती भी क्यों न हो, પાંચમી લીટી છે. પાંચમો અધિકાર. સમ્યક્જ્ઞાની એટલે આત્મા શુદ્ધ આનંદ એનો જ્યાં અનુભવ વર્તે છે, એને અનુસરીને જ્ઞાન અને આનંદની દશા જેને છે. એ ભલે અવ્રતી જીવ હોય, કહે છે, तो भी उन्हें आस्त्रव नहीं होता. આહાહા! ચૈતન્ય ભગવાન આત્મા અનાકુળ આનંદનો ધામ, એવું જ્યાં અનુભવમાં આવ્યું. પછી કહે છે કે એને ભલે અવ્રત હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગવાસના એનો એને ત્યાગ ન હો સ્થિરતામાં, અસ્થિરતાનાં એવાં પરિણામ હો, છતાં એને આસ્રવ નથી, એમ કહેવામાં આવે. આહાહા! (શ્રોતા : આસ્રવ નથી, કે આસ્રવ નથી એમ કહેવામાં આવે છે). ઈ નથી કહેવામાં આવે છે કેમ કે અંતર છે છતાં દૃષ્ટિનાં જોરને લઈને શુદ્ધ પરિણમન છે, તેને અશુદ્ધ પરિણમન નથી એમ કહેવામાં આવે. અશુદ્ધ પરિણમન છે તો ખરું. સમજાણું કાંઈ? પોપટભાઈ! લ્યો આહિં આવ્યું ને.

સમ્યક્જ્ઞાની એટલે કે આત્મા અખંડ આનંદ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે. મારો આનંદ મારામાં છે. મારો આનંદ ક્યાંય બીજે (નથી.) શરીરમાં નથી, લક્ષ્મીમાં નથી, કુટુંબ-કબીલા, સ્ત્રી આદિ પૈસા, લક્ષ્મી, આબરું ક્યાંય સુખ નથી. તેમ મારું સુખ તે પુણ્ય-પાપનાં રાગમાં ય નથી અને મારું આખું સુખ તો એક સમયની પર્યાયમાં ય નથી. પૂર્ણ સુખનો સાગર હું આત્મા છું. એ આત્માનું સ્વરૂપ જ એ છે. આનંદ સ્વરૂપ પ્રભુ એવો જ્યાં અંતરમાં જેવો છે એવો અનુભવ થયો, સમ્યક્જ્ઞાન થયું, એથી અવ્રતી પરિણામ હોવા છતાં એને આસ્રવ છે, એમ કહેવામાં આવતું નથી. થોડા અવ્રત છે, એમ તો કીધું. અવ્રતી છે. સમજાણું કાંઈ? પણ એને અવ્રતનાં પરિણામથી દૃષ્ટિમાં વિરક્તતા વર્તે છે. આરે, ભારે!

શું કહે છે, જુઓ. તો ભી ઉન્હેં આસ્રવ.....इसका कारण यह है कि अंतरंगमें सम्यग्दर्शनका उदय होने से..... ભગવાન આત્મા ચૈતન્ય સૂર્યપ્રભુ છે આત્મા, એવો

ચૈતન્યસૂર્યની અંતર જાગૃતદશા થઈ છે. પછી ભલે આઠ વર્ષનો બાળક હો શરીરથી કે આઠ વર્ષની બાલિકા હો કે દેડકો હોય, શરીર હોં. અંતરમાં આત્મા આનંદ ને જ્ઞાનનું સ્વરૂપ એવું તત્ત્વ અનુભવમાં, રાગ ને પુણ્યથી ને વિકલ્પથી ભિન્ન પડીને સ્વભાવનું ભાન થયું. પછી ભલે કહે છે કે ગૃહસ્થાશ્રમમાં દેખાય એ, હજારો રાણીઓમાં બેઠો દેખાય, અંદરમાં મારું કોઈ છે નહીં, હું છું આનંદ. એથી એને સમ્યક્‌દર્શનનો અંતરંગમાં ઉદય થયો છે. અંતરંગમાં—અંતર અંગ અંદરમાં શુદ્ધ સ્વરૂપ છું, પવિત્ર છું એવો અનુભવ સ્વભાવના આનંદનો અનુભવ—વસ્તુ તત્ત્વનો અનુભવ થયો છે, એને સમ્યક્‌દર્શનનો ઉદય હોનેસે, એમ કહ્યું. સમ્યક્ અનુભવ પ્રગટ થયો છે.

वे शरीर आदिमें अहंबुद्धि नहीं रखतें. શરીર આદિ તો જડ છે. પુણ્ય-પાપનાં પરિણામ પણ એ વિકારી છે. ઈ શરીર આદિમાં અહંબુદ્ધિ નહીં. विषय आदिमें तल्लीन नहीं होते. વિષયભોગની વાસનાનો વિકલ્પ હો, પણ એમાં તલ્લીન ધર્મી હોતો નથી. કેમ કે આત્માનો આનંદ જ્યાં અનુભવ્યો છે, એ આનંદ તો કાંઈ વિકલ્પનાં વિષયમાં છે (નહીં.) સમજાણું કાંઈ? અહંબુદ્ધિ શરીર આદિમેં નહીં અને વિષય આદિમેં તલ્લીન નહીં, એમ બે. શરીર આદિમેં અહંપણું નથી અને વિષય આદિની વાસના છે, કહે છે. પણ એમાં તલ્લીન નહીં.

મારું સ્વરૂપ તો આનંદ છે. હું આત્મા જ આનંદની મૂર્તિ છું. આહા! આ ધર્મનું રૂપ છે. એવું જ્યાં ધર્મરૂપ સ્વરૂપ જ્યાં ભાનમાં આવ્યું, કહે છે કે ભલે અવ્રતી દેખાય, બાહ્યમાં ત્યાગી નથી પણ અંતરંગમાં એને પર વસ્તુનું અભિમાન નથી અને વિષય વાસના આદિમાં તલ્લીન નથી. આહાહા! એ રળવા આદિના કામનાં વ્યાપારમાં દેખાય, પણ એનો વિકલ્પ જે ઉઠે એમાં એકમેક નથી. સમજાય છે કાંઈ? વસ્તુ આખી ભગવાન ચૈતન્ય બ્રહ્મ આનંદકંદ એવો અનાદિઅનંત, એનું જ્યાં ભાન થયું. એને કહે છે, વિકલ્પ આદિ આવે પણ એમાં એકતા રહેતી (નથી), એકતા થતી (નથી), એનું નામ ધર્મ છે. એમ સમ્યક્‌દર્શન માટે એને આસ્રવ હોતા (નથી.) આહા! ભારે કામ.

જુઓ, यद्यपि बाह्यदृष्टिसे लोगोंके देखनेमें मिथ्यादृष्टि जीवों और अव्रती सम्यग्दृष्टियोंके विषय–भोग परिग्रह–संग्रह आदिकी प्रवृत्ति एकसी दिखती है. અંદરમાં રાગનાં ભાગની સાથે એકતા બુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ અને વિકલ્પથી ભિન્ન દૃષ્ટિવાળો સમ્યક્‌દૃષ્ટિ, એવાં બેની આમ પ્રવૃત્તિ—ક્રિયા એક દેખાય. રાજપાટ કરતો હોય, ખાતો-પીતો હોય એવું જાણે. સમજાણું કાંઈ? શું કહે છે? એ બેની વિષય-ભોગ, પરિગ્રહ-સંગ્રહ. લો, એ પાંચ-પચાસ લાખ પૈસા હોય અને સંગ્રહમાં વિકલ્પ હોય અને એવું હોય,

એમ દેખાય. (શ્રોતા : છ ખંડનું રાજ હોય) હા, તે એટલું અત્યારે દેખાતું નથી (એટલે) નો કીધું, આ પૈસાવાળા દેખાય. એય, પોપટભાઈ!

મિથ્યાદૃષ્ટિ અને સમ્યક્દૃષ્ટિમાં ફેર શું? કે મિથ્યા-જૂઠ્ઠી દૃષ્ટિવાળો આત્મા આનંદ છે એમ ન માનતાં, પુણ્ય-પાપનાં ભાવમાં શરીરમાં જે ચીજ એમાં નથી; એમાં આનંદ છે, એમ માને છે. એથી એ મિથ્યા નામ જૂઠ્ઠી દૃષ્ટિ—અજ્ઞાનદૃષ્ટિ, એને પ્રવૃત્તિ એની આમ દેખો તો બધી એવી લાગે. અરે, મિથ્યાદૃષ્ટિ હોય અને સાધુ થયેલો દેખાય, બાહ્યથી નગ્નમુનિ થાય, લ્યો અને સમકિતીની પ્રવૃત્તિ એટલી બધી લાગે. કહો વસંતલાલજી! બે ય કહે છે, અંદરમાં ફેર છે. મિંદડી ઉંદરને પકડે ને મિંદડી એનાં બચ્ચાંને પકડે એક ઘરથી બીજા ઘેર લઈ જવા, પકડ—પકડમેં ફેર હૈ. બિલ્લી-બિલ્લી. ઉંદર પકડે તો આમ જોરથી અને મિંદડી એનાં બચ્ચાંને પકડે એકથી બીજા ઘરે લઈ જવા, ઓલો આમ સાચવીને લઈ જાય. એના દાંત એને વાગે નહીં અને દાંતમાં રાખે. બીજું તો ક્યાં એને સાધન છે, પગમાં પકડે તો ચાલવું શી રીતે?

(શ્રોતા : એને બચાવવાનો ભાવ છે, એને મારવાનો ભાવ છે). બચાવવાના ભાવમાં એની ક્રિયાનો બહુ ફેર છે. પરિણામમાં એને ફેર છે. એમ અજ્ઞાનીનાં પરિણામમાં ફેર છે. ત્યાં પકડાઈ જાય જ્યાં ત્યાં અને ધર્મી ક્યાંય પકડાતો નથી. આહાહા! ઈન્દ્રાણીનાં વિષય અને સુખની સામગ્રી હોય, પકડાતો નથી. આ નહીં રે...નહીં, એ તો ઝેરની વાસનાનાં અણુ છે. આહાહા! (શ્રોતા : એ તો બધું જાણે છે ને. કરે છે તો શું કરવા?) ક્યાં કરે છે, ઈ જ કહે છે. અંદર મિઠાશ નથી, ઉડી ગઈ છે. પણ પરિણામ એવાં કર્મનાં નિમિત્તમાં જોડાતાં આવે છે, ઈ એ કોઈ સમાધાન થતું નથી. આમ લાગે છે કે અરે, આ નહીં, આ નહીં, આ નહીં. છતાં એવાં પરિણામ થાય છે. છતાં એમાં તલ્લીન છે નહીં. આહાહા! આ બહુ ફેર છે. (શ્રોતા : પણ સાધુપણું દઈ દેવું જોઈએ ને.) સાધુપણું તો કંઈ આવતું હશે, કેમ? એય, શેઠી!

એ અમારે કહેતા, ૭૭ની સાલમાં મોટો, ૭૭માં આ વચ્છરાજભાઈ આવ્યા. ભાઈ આપણે ગુજરી ગયા ને શરદભાઈ (શ્રોતા : .....) મોહનલાલ નહીં, એક બીજા કો'ક, નહીં આફ્રિકામાં છે? કેવા એ ધ્રોળનાં ઠાકરસીભાઈ. એને આફ્રિકામાં છે ક્યાંક કોઈ. ઠાકરસીભાઈ ધ્રોળનાં એ આવેલા. ૭૭ની સાલની વાત છે. કેટલાં વરસ થયાં? (શ્રોતા : ૫૦ વરસ). પચાસ વરસ થયાં. બોટાદ આવેલા બોટાદ. એમાં આ કોઈ આ બધા વીરચંદ ભૂરાના, અપૂર્વ અવસર ગાતા'તા. એ અમારે મૂલચંદજીને સહન ન થાય. 'એને કોણે મૂર્ખાને કહ્યું હતું કે સંસાર છોડી દે કે ન છોડે. સંસાર રાખીને અપૂર્વ અવસર હવે કેવો આવશે-આવશે. ત્યાગી થવું'તું ને. સાધુ થઈ જવું'તું ને. કોણ રોકતું'તું એને?'

હવે એવું બોલ્યા, લ્યો. (શ્રોતા : વિચારવા જેવું કે નહીં?) ના, ના, બિલ્કુલ વિચારવા જેવું નહીં.

મેં કહ્યું પછી કીધું, શાસ્ત્રમાં લેખ નથી? ઠાણમમાં ત્રીજે ઠાણે. પાંચમાં ગુણસ્થાનવાળો એ ભાવના ભાવે છે. ક્યારે હું અલ્પ અને ઘણો પરિગ્રહ છોડું? ક્યારે હું મુનિ થાઉં? ક્યારે હું બધા શાસ્ત્રોનું જ્ઞાન કરું? એવા મનોરથ-મનોરથ નથી. મનોરથનું કહ્યું, હેઠે કહ્યું, એને ન કહેવાય. ઈ તો મહા કષાયી હતા. પણ ઓલા ઉજમશીભાઈ છે ને? (શ્રોતા : હીરજીભાઈ) ના, ના, ઉજમશીભાઈ. હીરજીભાઈ તો ગુજરી ગયા. એના છોકરા પૈસાવાળા છે બધા. આ તો ઓલી બીડીયું. એને ઘેર પણ આવું શાસ્ત્ર હાલે છે ને આ શું કરે છે કીધું આ? શાસ્ત્રમાં તો એવું આવે.

આ ૫૦ વરસ પહેલાંની વાત છે આ તો. શાસ્ત્રમાં નથી આવતું? શ્રાવક હોય ને અબજો રૂપિયા હોય એની પાસે. દીકરા-દીકરી, કુટુંબ પરિવાર—રાજ હોય. વિચારે છે, 'ઓહોહો! આ ચીજ ક્યારે હું છોડું રાગને અને રાગનાં નિમિત્ત ક્યારે છૂટે? મારી ભાવના તો અંતર વીતરાગ આનંદમાં રહેવાની છે'. આવી ભાવના હોય ઈ એ મૂર્ખો છે? ઈ છોડી દે તો એની ભાવના સારી કે સાચી કહેવાય, એમ કહેવાય? તે દિ' વાત થઈ હતી. (શ્રોતા : નક્કી કરવા જેવું તો......) શું નક્કી કરવું છે? આ તો ૫૦ વરસ પહેલાં બોટાદમાં વાત થઈ'તી, લ્યો. એમ ન હોય બાપુ! (શ્રોતા : આ વાત તો પછીની ને......)

પ્રભુ આત્મા અંદર છે ને. એ તો અતીન્દ્રિય આનંદના સ્વાદથી ભર્યો પડ્યો છે. સચ્ચિદાનંદ છે ઈ આત્મા તો. સત્-શાશ્વત જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનો પિંડ છે. માણસને ખબર નથી, અમે કોણ? આ પામર છીએ ને આ શરીરવાળા છીએ ને રાગવાળા છીએને. એવું નથી ભગવાન! તારી જાત તો અંદર એવી છે, અનાદિ અનંત સચ્ચિદાનંદ સ્વરૂપ છે તારું. એવું જ્યાં અંતરમાં આનંદના ભાનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો, એને અહીં સમ્યક્દૃષ્ટિ ને ધર્મી કહેવામાં આવે છે. પછી એની ક્રિયાઓ પ્રવૃત્તિ તો મિથ્યાદૃષ્ટિ જેવી પણ દેખાય, પણ અંતરમાં પકડ-પકડમાં ફેર છે. આહાહા!

આ લોકોને બાહ્ય ત્યાગ ઉપર બહુ વયું ગયું છે ને. બાહ્ય ત્યાગ કરો, ત્યાગ કરો બાહ્ય. શેના ત્યાગ પણ સાંભળને! ત્યાગ જ છે બહારનો તો. અંદરની રાગથી એકતાનો ત્યાગ જ્યાં સુધી નથી, ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ પૂરો અત્યાગી છે. સમજાય છે કાંઈ? આહા! મારગડા એવા જુદા છે ભાઈ! જો કે સમકિતી અને મિથ્યાદૃષ્ટિની બાહ્ય દૃષ્ટિસે લોગોંકે દેખનેમેં એવી આવે કે વિષય-ભોગ, પરિગ્રહ-સંગ્રહ, ઠીક, આદિકી પ્રવૃત્તિ એક-

સી દિખતી હૈ. એક સી દેખાય, લ્યો. સગા બે ભાઈઓ હોય, એક હોય સમકિતી ને એક હોય મિથ્યાદષ્ટિ. બેય વેપારમાં દુકાને બેસતા હોય, લ્યો, સાથે ખાવાનું સાથે ખાતા હોય. સમજાણું કાંઈ?

परंतु दोनोंके परिणामोंमें बड़ा अंतर होता है. બેયનાં પરિણામમાં આંતરો છે. આહા! એક મા ને દેખે છે ને એક બાયડીને દેખે છે. બેય દેખવાનાં ફેર છે કે નહીં? છે તો બેય સ્ત્રીઓ. ભાવ જુદા છે. ટગ-ટગ કરીને જોવે માને અને સ્ત્રીને પણ ટગ-ટગ કરીને જોવે, જોવા-જોવામાં ફેર છે ભાઈ! આ તો જનેતા છે મારી, જેના પેટમાં સવા નવ મહિના રહ્યો છું. મારી મા છે એને હું જોઉં છું તો ઈ કેવી કોમળ ને શું છે? ઈ વાત છે. એના પરિણામમાં ઘણો આંતરો છે. અને સ્ત્રીને જોવે છે, એના અવયવોને અને એના પરિણામમાં ફેર છે. આહાહા! એમ આત્મામાં જ્ઞાની અને અજ્ઞાનીમાં મોટો આંતરો છે. આહાહા! સમજાણું કાંઈ?

આદિકી એક-સી દિખતી હૈ, परंतु दोनोंके परिणामोंमें बड़ा अंतर है, अज्ञानियोंकी शुभ-अशुभ क्रिया फलकी अभिलाषा सहित...દેખો. અજ્ઞાનીને જે શુભ અને અશુભ ભાવ થાય, એમાં એને મીઠાશ છે અને એનું ફળ ઇચ્છે છે. આહાહા! (શ્રોતા : ફલમેં એકતા બન ગઈ). એકતા બુદ્ધિ હૈ. શુભ-અશુભ એકતા બુદ્ધિનો અર્થ જ આનું કંઈક ફળ આવો. મને કાંઈ ફાલ હો આનંદનો, ઈ નથી. આહા! દયા-દાન-વ્રત આદિનાં વિકલ્પ હોય એને. સમજાય છે? ફળની અભિલાષા. આ કર્તા...પછી એમ નથી હોં કે અનાસક્તિએ કરવું ને ફળની અભિલાષા ન રાખવી, એમ નથી. કરવાની આહીં વાત નથી. ખાસ દેખાય એવી ક્રિયા અજ્ઞાનીને. પણ અજ્ઞાનીને એવી દેખાય. પણ અજ્ઞાનીને શુભ-અશુભભાવમાં ફળની અભિલાષા એટલે કે ઈ જ છું, એમ માને છે એટલે એના ફળમાં મને કંઈક ઠીક પડે છે, એવું ઈ માને છે. આહાહા! સમજાણું કાંઈ? બહુ આંતરો અંદરમાં. (શ્રોતા : ............કા ભાવ વહ દઢ કૈસા હોતા હૈ?) આ કહે છે ને.

और ज्ञानी जीवोंकी शुभाशुभ क्रिया फलकी अभिलाषासे शून्य रहती है. શુભ-અશુભ પરિણામ જ મારી ચીજ નથી, પછી આનું ફળ હો અને મીઠાશ હો, એ તો હોતું (નથી.) બહુ વાત આકરી છે ભાઈ! સમજાણું કાંઈ? (શ્રોતા : ઈતનીસી) ઈતનેમેં સમજમેં નહીં આતા. જ્ઞાની જીવોંકી શુભાશુભ ક્રિયા પરિણામ-પરિણામ એની અભિલાષા નથી, ભાવના નથી. એનો તો જ્ઞાની જ્ઞાતા-દૃષ્ટા છે. આહાહા! જે ચીજ પોતાની નથી માની, એની એને ભાવના કેમ હોય કે આ વધે ને રહે. વધે, ટકે ને રહે, એવી ભાવના હોય? શું કીધું? ધર્મી જીવનો તો આત્મા ઉપર જેનો પ્રેમ અને રસ લાગ્યો છે. એને

શુભાશુભ પરિણામ રહો, થાઓ, ટકો, વધો એમ કેમ હોય? એને તો આત્મા અંતર આનંદસ્વરૂપ છું, એમાં હું વધું, અંદર એકાગ્ર વિશેષ થાઉં, એવી ભાવના હોય છે. સમજાય છે કાંઈ?

ज्ञानी जीवोंकी शुभाशुभ क्रिया फलकी अभिलाषासे शून्य होती है, इसलिए अज्ञानियोंकी क्रिया आस्रवके लिए....દેખો. આહાહા! શુભ અને અશુભ વિકાર-વિભાવ જે પોતાનો નિજ સ્વભાવ નથી, ભગવાન આત્માનો. શુભ અને અશુભ ભાવ એ આત્માનો સ્વભાવ નથી. સ્વભાવ તો વીતરાગ આનંદ સ્વરૂપ પ્રભુ છે. જ્ઞાનનો સૂર્ય છે. એ જ્ઞાનનાં સૂર્યમાં શુભાશુભ ભાવ ક્યાં આવ્યા? ધર્મીને શુભાશુભ ભાવમાં અભિલાષા નથી. અજ્ઞાનીને ઈ શુભાશુભ ભાવ જ હું છું, એમ માને છે. તેથી એને આસ્રવ લિયે, એને આસ્રવ થાય છે. નવાં આવરણો આવે છે. આ તો અંતરદૃષ્ટિનો વિષય છે ભઈ. ज्ञानियोंकी क्रिया निर्जराके लिए होती है, દેખો ફેર. ધર્મીને એવો શુભ-અશુભ વિકલ્પ હો, પણ ખરી જાય છે. એકતા નથી, એકતા નથી, પૃથક્તા રાખીને થાય છે. સમજાણું કાંઈ? શુભ ને અશુભ ભાવ ધર્મીને પૃથક્પણે હોય છે. સમજાણું કાંઈ?

શું કહે છે? નોખાલી-નોખાલી શું કીધું? (શ્રોતા : નોઆખલી). નોઆખલીમાં નહોતું બન્યું? ખબર છે? મુસલમાનોનું હિન્દુ પર બહુ જોર. (શ્રોતા : અત્યાચાર બહુ) અત્યાચાર. માતા અને બહેન, જનેતા અને સહોદરી—એક ઉદરમાં રહેલા. એની બહેનને ઊભી રાખે મુસલમાનો. નાગી રાખે. પોતાને (ભાઈને) નાગા કરે નગ્ન. બેયને ભીડ કરે. અંદરથી, અર...ર...ર ! પ્રભુ શું છે આ? પૃથ્વી માર્ગ આવે તો સમાય જઈએ, એમ એને ભાવ છે. એટલો ભાવ છે. આમ માતા-જનેતા હોય ૪૦ વર્ષની ઉંમર, છોકરો ૨૦ વર્ષનો, બેયને નાગાં કરે અને બેય બાજુ આમ, બેય બાજુ ભીડ કરે, ભેગાં કરે. અરર...ર ! પ્રભુ પ્રભુ! આંખમાંથી આંસુ ધારા હાલતી હોય. શરીર અડેલા દેખાય આમ ભેગાં ઓલાં બેય. પરિણામમાં ફેર છે.

એમ ધર્મીને રાગાદિનાં પરિણામની એકતાબુદ્ધિ અંદરથી તૂટી ગઈ છે. એની સાથે પ્રેમ રહ્યો નથી. આહાહા! અજ્ઞાનીને રાગનાં વિકલ્પની સાથે પ્રેમ પડ્યો છે. એ ભીડો કરીને બેઠો છે અંદર રાગથી. વિકલ્પથી, રાગથી છૂટો થતાં એ છૂટો અનુભવતો નથી, એક પણે અનુભવે છે. એને નવાં આસ્રવો થઈ બંધન થાય છે. જ્ઞાનીને એ રાગ આદિ આવે, એકતા નથી. વ્યભિચાર આ છે, મારું સ્વરૂપ નથી. મારાં ભગવાન ચૈતન્યના આનંદમાં આ તો ઝેર છે રાગ. શુભ રાગ પણ ઝેર જેવો લાગે. આહાહા!

આ કષાય અગ્નિની ભઠ્ઠીમાં બાળે, એનો જરી ખળભળાટ થઈ ગ્યો'તો ને.

સોગાનીએ, ભાઈ શુભભાવ ઉઘાડું કરી નાંખ્યું એણે. એ રાગ છે. માછલું પાણીમાં પડ્યું હોય તો દુઃખી નથી. અગ્નિમાં આવે તો બહુ દુઃખ હોય. પથ્થરમાં આવે તોય દુઃખ હોય. એટલેથી ઓલું ઉઘાડું ન પડે એને. પણ ઓલો શુભભાવ એ ભઠ્ઠી છે, જ્યાં આવ્યું, રાડ નાંખી ગયા લોકો. એય! પોતાનો શાંત અવિકારી નિર્મળ સ્વભાવ પ્રભુ છે, એમાંથી (વિરુદ્ધ) વૃત્તિ ઉઠે એ બધી જ્વાળા છે. કોની સાથે, અપેક્ષાએ? પોતાનો શાંત અવિકારી સ્વરૂપ છે. એની અપેક્ષાએ તો (રાગ) જ્વાળા છે. પણ ઓલી અપેક્ષા બીજી ભિન્ન પડી એને જ્વાળા લાગે. જેને ભિન્ન પડી નથી, એને તો ઈ એકતા લાગે એટલે એ જ હું છું. આહા! સમજાય છે કાંઈ?

કહે છે, જ્ઞાનીઓની ક્રિયા નિર્જરાને હેતુ છે. આહાહા! અરે, એ પરિણામ આવે પણ જ્યાં એકતા નથી, મીઠાશ નથી, પ્રેમ નથી, રુચિ નથી, ઈ ચાલ્યા જાય છે. એ પરિણામ ખરી જાય છે જ્ઞાનીને. અજ્ઞાનીને આસક્તિ છે. આહાહા! સમજાણું કાંઈ? સારો છોકરો પાક્યો, બાયડી સારી થઈ, છોકરી ભણીને બહુ આગળ વધી. સાંભળે ત્યાં એને આમ રસ લાગી જાય, અજ્ઞાનીને. (શ્રોતા : દુઃખ થાય?) દુઃખ છે, પણ માનતો નથી માળો મૂરખ. દુઃખ થાય છે એને. (શ્રોતા : જ્ઞાની કેમ કહે કે મારી દીકરી આમ પાસ થઈ?) બોલે પણ બોલે શું? કીધું ને ભાષા તો એવી હોય. પણ અંદર વિકલ્પની અંદરમાં એકતા તૂટી ગઈ છે. હવે એ તૂટેલી ગાંઠને કોણ જુએ? સમજાય છે કાંઈ? એ રાગની વૃત્તિ જ તૂટી ગઈ છે. મારી ચીજમાં એ વસ્તુ નથી. ત્રણ કાળમાં હતી નહીં, છે નહીં. કહો પંડિતજી, આહાહા! આવો માર્ગ. એવું એનું સ્વરૂપ છે. એનાં ઘર જોયા વિના એને પુણ્ય ને પાપમાં પ્રેમ થયા વિના રહે (નહીં.) આહા! સમજાણું કાંઈ?

ज्ञान-वैराग्यकी ऐसी ही महिमा है. આહાહા! દેખો, જ્ઞાન ને વૈરાગ્ય—સ્વરૂપનું ભાન ને રાગથી ઉદાસીન. (શ્રોતા : બેય સાથે નથી). જ્ઞાન અસ્તિ છે તેનું જ્ઞાન, રાગનો અભાવ એનું નામ વૈરાગ્ય. સમજાણું કાંઈ? વસ્તુ અખંડ અભેદની પ્રતીતિનું જ્ઞાન અને આહીં રાગનાં અભાવની નાસ્તિ, રાગનો અભાવ નામ એ વૈરાગ્ય. વૈરાગ્ય બીજો કોઈ નહીં. પુણ્ય-પાપનાં વિકલ્પથી અભાવરૂપ પરિણમન એ વૈરાગ્ય. આહાહા! સમજાણું કાંઈ?

जिस प्रकार रोगी अभिरुची नहीं रहते हुए भी औषधि सेवन करे. રોગીને રોગ થયો અને કરિયાતું પીવે, ગળો પીવે ગળો. કડવી બહુ ગળો આવે. આ લીમડાંની બહુ કડવી, પાણી પીતો હોય એમ પીવે, પણ પીવામાં ફેર છે. તૃષા લાગી હોય ને મોસંબી પીતો હોય અને રોગમાં ઈ પીતો હોય ગળો. કમળાંની એક દવા આવે છે.

કમળો થાય ને કમળો શરીરમાં. એવી એક દવા આવે છે જે કૂતરાની વિષ્ટા જેવી ગંધ, દેશી–દેશી દવા હોં. ઈ તો કૂતરાની વિષ્ટા જેવી ગંધ મારે. એવી ગંધ મારે. એને ઓલો કમળો હોય ને. એ રોગની એને ભાવના છે? રહેજો અને આ પીવાનું દરરોજ રહેજો. બાટલા ભરી રાખો ઘરમાં, એમ ભાવના હોય? કમળાનો ભાઈ એક રોગ થાય છે રોગ. આ કમળો થાય છે ને? પીળું બધું પડી જાય. પછી એમાંથી કમળી થઈ જાય તો તો થઈ રહ્યું. આમ થઈ રહ્યું પતી જાય. આ કમળો.

આ છોકરો બિચારો એક મરી ગયોને હમણાં. કુંડલા ૧૮ વર્ષની (ઉંમર) પરીક્ષા શરૂઆત થવાની તૈયારી હતી ને કમળાંનો રોગ. એટલે નબળાઈ લાગી ને મનમાં મૂંઝાઈ ગયો. કાલે આવ્યા'તાને એના બાપ ને. કુંડલાવાળા. ભાઈ રહે છે ત્યાં રાજકોટ. (શ્રોતા : સાવરકુંડલા). કિરીટ. છોકરો ૧૮ વર્ષનો, મૂંઝાઈ ગયો. તે આ, શું કહેવાય? માંકડની દવા. (શ્રોતા : માંકડ મારવાની) મારવાની દવા હોય ને માંકડની, પીધી. પછી ઉલટી થઈ ત્યારે ખબર પડી કે આ કંઈ પીધી લાગે છે. દસેક તો ઈન્જેકશન આપ્યા. બે-ત્રણ-ચાર દિવસ રહ્યો, મરી ગયો. મૂંઝાઈ ગયો કે કમળો છે, શરીર નબળું, એમાં આ પરીક્ષા આવી. કારણ મગજ સાધારણ હોય, બહું ન હોય, મેટ્રિકમાં પાસ થવું ભારે આકરું લાગે ને! (શ્રોતા : જંગમાં જવા જેવું) જંગ......જુઓને, આ છોકરાઓને ક્યારેક પરીક્ષાનું, એક તો ભણે આખો દિ' રાત ને દિ', યાદ જેને ઓછું રહે તે બહુ ભણતા હશે.

આહીં તો કહે છે કે ઈ જેમ રોગની દવા રાખે-પીવે પણ એની ભાવના હોતી નથી, કહો. रोगी अभिरुची नहीं रहते हुए भी औषधि सेवन करे. આહા! ગળો પીવે, કરિયાતાં પીવે. और बहुतसे लोग शौकके लिए शर्बत-मुरब्बे आदि चखते है, લો. આ શોખ. શરબત-મુરબ્બા. લાવ તો ખરા ભઈ ચાખ્યે થોડુંક, કેવું છે? લાવો. શોખને લઈને. (શ્રોતા : ઉનાળામાં દેશમાં તો શરબત જોઈએને). ઉનાળામાં ધૂળમાં ઉનાળામાં ગયા. મરી ગયો ન્યાં. અનંતી ઉષ્ણતા નરકમાં હતી, ભૂલી ગયો માળો. આહાહા! (શ્રોતા : ત્યારે સહન કરવાની શક્તિ હતી. આજે તો......) સહન કરવાની શક્તિ તો બધી હતી, ઈ અનાદિની પડી નથી? ઈ ઉંધી રીતે સહનશક્તિ કરી.

આહીં એકલો પડ્યો હોય ને કોઈ ન હોય, શું લ્યો? પોરબંદરમાં ચોમાસું હતું. તે એક બાઈ સાડા ત્રણ વરસથી બિચારી આમ ઊંધે પડીને સૂએ. પીડા એવી પીડા કોક પેટની, આમ ઊંધે હોં. વહોરવા ગયેલા ને એમાં કહે, મહારાજ! સાડા ત્રણ વરસથી હું નરકમાં છું. કંઈ કોની? તોય પીડા આમ સૂએ એમ. પેટમાં કાંક.....આમ એમ થયું કે બાપા, એ પીડા હું ભોગવું છું, એકતાની માનેલી છે. પીડાની અવસ્થા આત્માને ક્યાં છે?

શરીરની દશા એવી થવી, એ આત્મામાં ક્યાં છે? પણ માની છે કે મારી છે, એથી એને દુઃખ થાય છે. એમ ઔષધ સેવવામાં, અજ્ઞાની ઓલા રોગી સેવે, પણ સેવવાનો ભાવ નથી. કહે છે, રોગ રહેજો?

इसी प्रकार ज्ञानियोंके उदयकी बरजोरीमें आसक्तता रहित भोगे.....જરી અંતરની વાતો છે હોં. અંતરમાં નથી ચેન પડતું, કોઈ રીતે આત્મા સિવાય, છતાં ય ઈ પરિણામ એવા આવે કે એને કોઈ રીતે સમાધાન થાય. એટલે પરિણામમાં જોડાય છે, એમ કહેવાય, પણ ખરેખર જોડાતો (નથી.) આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતા : .......) ઈ જોરનો અર્થ ઈ કે પોતાને પ્રેમ નથી, એમ રુચિ નથી. પણ પરિણામ એવા નબળાઈના આવે એનું નામ કર્મની જોરાવરી. રુચિ નથી, રસ નથી, પણ નબળાઈની ભૂમિકા પ્રમાણે એવા પરિણામ આવે. સમજાણું?

આસક્તિ રહિત-મજા પડતી નથી છતાં ભોગવે, એમ બહારમાં દેખાય. આહાહા! હવે ઈ આંતરો તે શી રીતે કરે? બળજોરી, ઉદયની બળજોરીનો અર્થ કે પોતાનાં પુરુષાર્થની ત્યાં કમી છે અને રાગનો પુરુષાર્થ વધી ગયો છે ઉંધો. ધર્મીને પણ હોં. આહા! ચારિત્ર્યમોહની વાત છે ને આ. રસ નથી, રુંવાટે-રુંવાટે રસ નથી રાગમાં. પણ એવો રાગ આવે, તો એમ દેખાય. भोगोंमें और मौजके लिए गृद्धता सहित अज्ञानीयोंके भोगोमें बड़ा अंतर है. ઓલો ઓસડ ખાય ને ઓલો મોજથી શરબત ને મુરબ્બા ચાખે, બેયનાં પરિણામમાં મોટો ફેર છે. કહો સમજાણું?

आस्रवकी दौड़ એટલે પુણ્ય-પાપનાં ભાવ અથવા આવરણો આવવાનાં ભાવ, એ तेरहवें गुणस्थान तक योगोंकी प्रवृत्ति होने से रहती है. કેવળીને પણ હોય થોડો આસ્રવ, સર્વજ્ઞ થાય એને. चौथे गुणस्थानमें तो सत्तर प्रकृतियोंका बंध कहा है. સિત્તેર-સિત્તેર, અમારી ભાષામેં. સત્તર કહેને સિત્તેર તમારે. સિત્તેર-સત્તર. અમારે સત્તર (૧૭) એક ને સાતને સત્તર કહે. તમારે હિન્દીમાં ૭૦ ને સત્તર કહે. (શ્રોતા : સાતને મીંડાને સાતને મીંડું.) હાં, સત્તર લખ્યું છે જુઓ. સત્તર પ્રકૃતિયાઁ. સત્તર એટલે સિત્તેર. આત્માનું જ્ઞાન થાય, આત્મામાં આનંદનું ભાન થાય, આત્મા શું છે એવો અનુભવ થાય, છતાં એને ૭૭ પ્રકૃતિનો બંધ પડે છે. (શ્રોતા : ૭૦) ૭૭. (શ્રોતા : ૭૦) ના, ૭૦. સત્યોતેર શું સિત્તેર. સમજાણું કાંઈ?

फिर सम्यग्दृष्टि जीवोंको अव्रतकी दशामें जो निरास्त्रव कहा है, લો. ૭૦ પ્રકૃતિનો બંધ પડે છે આત્મજ્ઞાનીને પણ, છતાં એને અવ્રતીકી દશામાં નિરાશ્રવ કહા હૈ. उसका अभिप्राय यह है कि अनंत संसारका मूल कारण मिथ्यात्व है, લ્યો. એ રાગનો

વિકલ્પ શુભ કે અશુભ, એની એકતાબુદ્ધિ મહા મિથ્યાત્વ ને મહા પાપ છે. સમજાણું કાંઈ? આવ્યું'તું ને આપણે નહીં રાગ યોગ? એમ આવ્યું'તુંને. આસ્રવમાં આવ્યું'તું નહીં? રાગ નહોતું આવ્યું? હા, નવમો કળશ. 'रागादियोगमुपदान्ति विमुक्तबोधाः' નવમો કળશ છે ને. ફેર કેટલો છે કે આત્માનું ભાન થનારને રાગનો યોગ હોવા છતાં રાગ સાથે એકતા નથી. અજ્ઞાનીને બાહ્યત્યાગ હોવા છતાં અંદરની રાગ સાથે એકતા બુદ્ધિ છે. રાગનાં યોગને પામે છે, એમ છે ને એમાં! રાગનાં સંબંધને પામે છે તે મિથ્યાદૃષ્ટિ છે. રાગનાં સંબંધને તોડે ને જુદો રહે છે, તે સમકિતી છે. આરે ઝીણું પડે ભાઈ! સમજાણું કાંઈ?

ઉસકા અભિપ્રાય અનંત સંસારનું મૂળ કારણ મિથ્યાત્વ છે. ચારિત્રનો દોષ છે ઈ કાંઈ અનંત સંસારનું કારણ નથી અને ઈ મૂળ એ સંસારે ય નથી. મૂળ સંસાર મિથ્યાત્વ છે. જે ભગવાન પૂર્ણાનંદનો નાથ એનો સ્વભાવનો સ્વીકાર નહીં ને પુણ્ય-પાપનાં વિકલ્પનો સ્વીકાર અને એ હું, એ મારાં, એવો જે મિથ્યાત્વભાવ તે જ ખરેખર સંસાર છે. કહો સમજાણું કાંઈ? એમાં બાયડી-છોકરાં તો ક્યાંય રહી ગયા. હીરાભાઈ તો ક્યાંય રહી ગયા આમાં! (શ્રોતા : એ મુંબઈ પહોંચી ગયા એ) મુંબઈ રહી ગયા. (શ્રોતા : હમણાં અહિંયા જ છે.......) આહા! પણ એક છોકરો હોય તો ઘણો રાગ ન્યાં જ હોય પછી. ઓલા ચાર-પાંચ-છ હોય ને રાગ વહેંચાઈ જાય. પોપટભાઈ! પોપટભાઈને છ છોકરાં છે, લ્યો.

(શ્રોતા : રાગ ઓછો થાય ને?) રાગ વહેંચાઈ જાય એટલે એકલો એકાકાર રાગ એકમાં હોય, એના કરતાં રાગ આમાં એકાકાર, આમાં એકાકાર, થોડો ફરક પડી જાય. (શ્રોતા : બધે હોય છે એકાકાર) બધે એકાકાર.......(શ્રોતા : પણ વાદળા ઓછા થઈ ગયા, એમ નહીં). આહિં એમ કહે, થોડો થયો, આહિં થોડો થયો એમ. (શ્રોતા : ......) ના, ના, બધા એકાકારનાં ભાવ પુદ્‌ગલનાં. આ નહીં ......એવા છોકરા જાગ્યા છે આભના થોભ જેવા. (શ્રોતા : થોભ જોઈ લોને) આભના થાંભલા, જુઓ એવા મોટો થયા. અમારી પણ દરકાર નથી, અમને પણ પૂછે નહીં ને પેદા કરે. માણસને એમ થઈ જાયને. કોનાં છોકરા ને કોનાં મા-બાપ ને બાપુ ક્યાં છે ભાઈ? આહાહા!

કહે છે, અંદરનો પ્રેમ અજ્ઞાનીને એટલો હોય છે કે રાગની સાથે એકતા બુદ્ધિ કરીને બેઠો છે. ધર્મીને અનંત સંસારનું કારણ એકતાબુદ્ધિ તુટી ગઈ છે. સંસારનું મૂળ કારણ તો મિથ્યાત્વ છે. ત્યારે આ કહે, ભાઈ બહાર બાયડી છોકરા સંસારનું કારણ છે, માટે છોડો, છોડો. બિચારા હવે ઈ ક્યાં ગરી ગ્યા'તા તારામાં? ઈ તો બહાર છે.

મિથ્યાત્વ ગરી ગયું છે એને તો છોડ હવે પહેલાં, ઈ તો છોડવાની ખબર ન મળે. (શ્રોતા : ઈ દેખાતું નથી. અને આ દેખાય છે.....) શું દેખાય છે? ભાનેય નથી કાંઈ એને. આહા! બાયડી-છોકરા છોડો. ધંધા છોડો બસ. પછી એવો ઉપદેશ આપે. એય ચેતનજી! કે દ્વેષ કરો. એવો ઉપદેશ કરો કે કોઈ દિ' એના પર પ્રેમ ન થાય. ત્યારે આ દ્વેષ કર, તો ઈ તો ઈ નું ઈ જ છે.

આ સાધુઓ ઉપદેશ આપે છે આવા, સાધુ થવા માટે. કહો, તમારે સંસાર સારા લાગે છે? એમ પૂછે. આહા! જો ન સારો લાગે તો આવી જા અહિં અમારી પાસે. ઠીક, આ સંસાર છૂટ્યો છે એને. મોટો સંસાર પડ્યો છે મિથ્યાત્વનો. આહાહા! સમજાણું કાંઈ? બહુ આકરી વાત! અરે, સંસારનો વિકલ્પ માત્ર બહારથી જ તો નહીં પણ સંસારરૂપી ઉદયભાવ જે છે, ઈ આત્મામાં નથી. એમ પૃથક્ પડે ત્યારે સંસાર મિથ્યાત્વનો છોડ્યો, એમ કહેવામાં આવે. (શ્રોતા : ક્યા ફરમાયા?) લ્યો, ક્યા ફરમાયા. ધ્યાન રાખવું'તું ને ક્યા ફરમાયા તે. ઈ પછી કંઈ આવે? યાદ હોય છે કાંઈ. એય, એય! (શ્રોતા ; ઉદયભાવી). ઉદયભાવ એ સંસાર છે. (શ્રોતા : એ સ્વભાવમાં નથી). એ સંસાર છે, પહેલું ઈ જ વાત આવી.

ઉદયભાવ રાગ આદિ સંસાર છે. એને છોડ્યા વિના સંસાર છોડ્યો, એમ કહી શકાય (નહીં.) બહારથી બાવો અનંતવાર થયો. (શ્રોતા : બાવો જ છે ને) સાધુ થયો, નગ્ન મુનિ થયો, દિગંબર થયો. એક લંગોટીનો તાણો ન રાખે. પણ અંદરમાં રાગનો વિકલ્પ સંસાર, તેની એકતાબુદ્ધિ ટાળતો નથી. આહાહા! જેનાથી પૃથક્ થવું જોઈએ, એનાથી પૃથક્ થતો નથી અને બીજાથી તો પૃથક્ છે, છતાં પૃથક્ થાઉં એ જ માન્યતા મિથ્યાત્વ છે. પૃથક્ છે એને પૃથક્ થાઉં, એનો અર્થ શું થયું? (શ્રોતા : એક માન્યું) (શ્રોતા : વહ અનાદિસે એક માનતા હૈ). હા, સંસારકા મૂળ કારણ તો મિથ્યાત્વ છે. આહા! વિપરીત શ્રદ્ધા—એ રાગભાવમાં મીઠાશ, શરીર આદિમાં અસ્તિત્વનું હોવાપણું, બાયડી, છોકરાં, પૈસા, આબરૂ, મકાનમાં—આ મારા એવો જે અંદરનો મિથ્યાત્વ ભાવ, એ જ મૂળ સંસારનું કારણ છે.

उसके साथ अनुबंध करनेवाली अनंतानुबंधी चौकड़ीका उदय सम्यकत्वकी दशामें नहीं रहता, લ્યો. એની સાથે અનંતાનુબંધી કષાય છે. સમ્યક્દર્શન થતાં આ રહેતો નથી. અનંતાનુબંધી અનંત સંસારનું કારણ સમકિતની દશામેં નહીં રહતા હૈ. इसलिए मिथ्यात्व और अनंतानुबंधीजनित इकतालीस प्रकृतियोंका तो संवर ही रहता है, આહાહા! દૃષ્ટિ રાગથી ઉઠીને સારા આનંદ ઉપર પડી છે. ધર્મીની દૃષ્ટિ અથવા જ્ઞાન

ને જ્ઞાનની પર્યાયમાં આખો જ્ઞેય આત્મા પડ્યો છે જ્ઞેયમાં, રાગ આદિ જ્ઞાનીનો તો જ્ઞેય નથી. એથી એને કહે છે, આત્માનું ભાન થયા અને ક્રિયાઓ બધી એવી દેખાય, છતાં એને ૪૧ પ્રકૃતિઓનો તો સદાય નિરંતર સંવર ધર્મ છે. ૪૧ પ્રકૃતિ તો એને બંધ પડતી નથી. (શ્રોતા : અને એ જ બધી સંસારનું કારણ) એ જ સંસારનું કારણ છે, છૂટી ગઈ. (શ્રોતા : ૪૧ કેવી?) કહો ને પછી.

મિથ્યાત્વ અને અનંતાનુબંધ અનંત સંસારનું કારણ એવો ક્રોધ-માન-માયા અથવા મિથ્યાત્વનો સંબંધ કરનારી અનંતી, વહ મિથ્યાત્વ. એને અનુબંધ કરનારી ક્રોધ-માન-માયા-લોભ, એનો તો એને જ્ઞાનીને અભાવ હોય છે, સંવર હોય છે, કહો. આહાહા! લડાઈમાં ઉભો હોય સમકિતી તો પણ એને ૪૧ પ્રકૃતિનો તો અભાવ—સંવર છે ત્યાં. અજ્ઞાની ધ્યાનમાં બેઠો હોય આમ. પણ વિકલ્પની સાથે જ્યાં એકતા છે, તે પૂરી પ્રકૃતિઓનો બંધ બધોય છે. બાયડી-છોકરા છોડી, વેપાર-ધંધો છોડી વનમાં જંગલમાં રહે. પણ અંદરમાં સંયોગી ભાવ, જે ચીજ પર છે એ સંયોગી ભાવની સાથે એકતા છે, ઈ ધર્મનો ત્યાગી છે અને રાગનો ભોગી છે. આહાહા!

અને જેને આત્મદર્શનનું જ્ઞાન થયું, રાગથી વિરક્ત થયો છે, એને ધર્મ છે અને રાગનો ત્યાગ છે. સમજાણું કાંઈ? રાગ થવા છતાં રાગનો ત્યાગ છે. એવા પરિણામને લઈને એને ૪૧ પ્રકૃતિઓનો બંધ છે નહીં. (૨) शेष प्रकृतियोंका बहुत ही कम अनुभाग वा कम स्थितिबंध होता है. ૪૧ સિવાય ૭૧ પ્રકૃતિ છે કર્મની. આઠ કર્મ છે એના પેટા ભેદ ૧૪૮. એમાં સમકિતીને જે બંધાય થોડી, એનો સ્થિતિ થોડી ને રસ થોડો, રસ થોડો. અનુભાગ એટલે રસ. અનુભાગ, કમ અનુભાગ અને કમ સ્થિતિ મર્યાદામાં—મર્યાદિત સ્થિતિ હોય થોડી. और गुणश्रेणी निर्जरा शुरु होती है, લ્યો. આહિં ગુણશ્રેણી (શ્રોતા : કાયમ રહે) ઓલમાં પાંચમે-છઠ્ઠે. કહો સમજાણું કાંઈ?

ગુણશ્રેણિ શુરૂ હોતી હૈ. ગુણશ્રેણિ એટલે ગુણધારા—પરિણતી શુદ્ધ ધારા વહે છે, એમ કહે છે. શુદ્ધ પરિણતી ચાલુ થઈ ગઈ, ધારાવાહી. ડુંગરમાંથી જેમ પાણી ઝરે, એમ શુદ્ધતાના દ્રવ્યમાંથી શુદ્ધતા ઝરે છે. એ શુદ્ધતા તો એની કોઈ સમયે જાતી (નથી.) આહાહા! કહો સમજાણું કાંઈ? इसलिये अज्ञानीके सत्तर क्रोड़ाक्रोड़ी सागर प्रमाण, લ્યો. સત્તર એટલે સિત્તેર. ઓલાને સિત્તેર પ્રકૃતિનો બંધ નહીં ને આને સિત્તેર ક્રોડાક્રોડીનો બંધ, એમ. ઓલાને સિત્તેર પ્રકૃતિનો બંધ નહીં ચોથે. આને સિત્તેર ક્રોડાક્રોડીનો બંધ. (શ્રોતા : બેય સિત્તેર થયા) બેય સિત્તેર થયા.

વસ્તુ ભગવાન આત્મા નિર્મળાનંદ પ્રભુ છે. એવા નિર્મળાનંદની સાથે રાગનાં

નાનામાં નાનાં કણને મેળવાળો કરીને એકત્વ થવું, એને કહે છે કે સિત્તેર ક્રોડાક્રોડી મોટી ઐસી કર્મની સ્થિતિ બંધાય એને, ભલે સાધુ હોય. આહાહા! સમજાણું કાંઈ? .....तीव्रतम अनुभागके समक्ष ज्ञानीका यह बंध किसी गिनतीमें नहीं है. આવા કર્મનાં બંધની આગળ, જ્ઞાનીને અલ્પબંધ પડે એની ગણતરી ગણવામાં આવતી નથી. જુઓ, આ મિથ્યાત્વનું માહાત્મ્ય અને સમકિતનું માહાત્મ્ય. કહો, હવે ઈ મિથ્યાત્વ અને સમકિત, બેયમાં આંતરો શું છે? એની ખબર ન મળે. બહારમાં છોડ્યું ને મૂક્યું ને ત્યાગ્યું, એનો આંતરો પાડ્યો કે આને મેં છોડ્યું, જુઓ, આ ત્યાગી થયો. (શ્રોતા : તો ધંધો છોડે એનો કાંઈ લાભ નહીં?) કોણે છોડ્યો? કે દિ' કરતો'તો ઈ? ભાવ કરતો'તો, ત્યાં ધંધો કરતો'તો. સમજાણું કાંઈ?

(શ્રોતા : આ વકીલાત છોડીને આહિં આવીને બેઠા.) વકીલાત છોડ્યો ક્યાં ધૂળ છોડ્યું'તું? વકીલાત કરતા'તા કે દિ' ત્યાં? ભાવ કરતા'તા ભાવ. આ વકીલાત છોડીને બેઠા છે ૩૦ વરસથી, કહે છે તોય કાંઈ નહીં, એમ કહે છે. (શ્રોતા : એ બધું ય પાણીમાં?) આહા! હતો કે દિ', પણ કરતા'તા કે દિ'? એનો ભાવ કરતા'તા. એ ભવ મારા જ્ઞાનીને ભાવ કરતા'તા તો ઈ છે. એ ભાવનો ત્યાગ સ્વભાવનો આશ્રય લીધા વિના થાય (નહીં.) આહાહા! કહો જેઠાભાઈ, લોકોને આ ભારે આમ એકાંત છે, એકાંત લાગે હોં. એકાંત છે એકાંત. પણ ઈ એકાંત જ છે આ. એકાંત એટલે એક ધર્મનો નિશ્ચય સ્વભાવ તે આ જ છે, લ્યો.

इसलिये ज्ञानीयोंको निरास्रव कहा है, લો. આનો ખુલાસો કર્યો. આવા કારણે ધર્મીને બંધનના કારણોનાં પરિણામનો અભાવ કહ્યો છે. અબંધ સ્વરૂપી ભગવાન આત્મા જે રાગથી બંધાયેલો જ નથી. છતાં રાગથી બંધાયેલો માને છે, એ મિથ્યાદૃષ્ટિને ૭૦ ક્રોડાક્રોડી સ્થિતિનો ઉત્કૃષ્ટ બંધ પડે, સ્થિતિ. આહા! અને રાગ ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને સ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ, ત્યાં રાગનો અભાવ થઈને પરિણમન થયું, એને અલ્પ રાગ આદિ કોઈ હોય છે, એનો અલ્પસ્થિતિ, રસ આદિ કર્મ પડે એની કાંઈ ગણતરી છે (નહીં). वास्तवमें मिथ्यात्व ही आस्त्रव है, લ્યો. ખરેખર તો રાગ મારો છે, એની એકતા જ એ જ આસ્રવ છે. કહો છે? આ લખનારે એવું લખ્યું છે, જુઓ ખુલાસો.

ખરેખર मिथ्यात्व ही आस्त्रव है. ભગવાન આત્મા વીતરાગી આનંદની મૂર્તિ, એમાં પુણ્યનાં પાપનાં વિકલ્પની એકતા, એ મિથ્યાત્વભાવ એ જ આસ્રવ છે. આસ્રવ એટલે એ જ પરિણામ નવા બંધનું કારણ છે. (શ્રોતા : એટલે એમ થયું ને એ બધો વ્યવહારે બંધ છે?) એ તો વ્યવહાર બંધ ઈ અભૂતાર્થ છે, વાસ્તવિક નથી, નિશ્ચયથી.

આહાહા! (શ્રોતા : એમ જ છે આમ) એમ જ છે ને ગણતરી ક્યાંય વ્યવહારનો અર્થ અભૂતાર્થ, છે જ નહીં એને ઈ. આણે કર્યું નથી કાંઈ, કહે છે. રાગનાં સંબંધમાં, આહિં તો જુઓને દયા-દાન-વ્રત-ભક્તિનાં પરિણામ એટલો ધર્મ છે, એનો અર્થ ઈ કે એ મારાં છે. આહાહા! (શ્રોતા : બધું મિથ્યાત્વ). મહા મિથ્યાત્વ સંસારનું કારણ છે. એ મિથ્યાત્વ જ આસ્રવ છે. (वह) सम्यक्त्वके उदयमें नहीं रहता. ઈ મિથ્યાત્વ આસ્રવ આત્મજ્ઞાનીની દૃષ્ટિમાં રહેતું નથી.

आस्त्रव विभाव परिणति है, હવે ખૂબી કરે છે જુઓ. એ પુણ્ય ને પાપનાં ભાવ થાય છે સંયોગી, એ વિભાવ–વિકારી દશા છે. બરાબર છે? (શ્રોતા : એમ જ છે.) દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા,–મહાવ્રત—એ બધી વિભાવ પરિણતિ છે. આરે. આરે ભારે! આ કહે કે ધર્મ છે ને આ કહે, વિભાવ. એય! મહાવ્રત પાળો, અણુવ્રત પાળો આપણે કરી–કરીને ઈ કરવું છે ને. (શ્રોતા : કરવાનું કે દિ' હતું?) લ્યો. આહા! મારી નાખ્યા જગતને, વગર મોતે માર્યા. (શ્રોતા : વ્યવહાર ધર્મ હૈ). વ્યવહાર ધર્મ હૈ, એ જૂઠો. એ તો નિશ્ચયકા ભાન હો, તબ રાગકી મંદતાકા ભાવમેં વ્યવહાર ધર્મકા આરોપ આતા હૈ. અજ્ઞાનીકો (શ્રોતા : એ વ્યવહારધર્મ છે એટલો તો સાથ દ્યો) પણ કોને? (શ્રોતા : એનું શું કામ છે? વ્યવહાર છે.) વ્યવહાર તો જ્યાં નિશ્ચય-રાગથી ભિન્ન પડીને ભાન થયું છે, એને રાગની મંદતા ને આરોપથી એ પણ આરોપથી, વ્યવહારધર્મ કહેવાય છે. ખરેખર તો પુણ્યબંધનું જ કારણ છે. સમજાણું કાંઈ? આહા!

आस्त्रव विभाव-परिणति है, पुद्गलमय है, ઈ તો, ઠીક. (શ્રોતા : પુદ્‌ગલના આશ્રયે થાય). કર્મનાં લક્ષે, જડનાં લક્ષે પુણ્ય-પાપનાં ભાવ તેને આહિં જડ કહેવામાં આવે છે. એટલે પુદ્‌ગલને......પુદ્‌ગલજનિત છે બીજી ભાષાએ, આત્મજનિત નથી. પુણ્ય-પાપ કાંઈ આત્માની અંદર ખાણમાં નથી કે પ્રગટ થાય. એની ખાણમાં તો અતીન્દ્રિય આનંદ ને નિર્દોષ દશા–વીતરાગભાવ પડ્યો છે. શુભ ને અશુભભાવ પુદ્‌ગલ–જડજનિત છે. आत्माका निज स्वभाव नहीं. કહો, વ્રતનાં પરિણામ, દયા-દાનનાં, ભક્તિનાં એ આત્માનો નિજસ્વભાવ નહીં. આરે આરે! ऐसा जानकर ज्ञानी लोग अपने स्वरूपमें विश्राम लेते हैं. ધર્મી તો ફરી-ફરીને વિકલ્પ આવે છતાં સ્વરૂપમાં ઠરવાની જ એની ભાવના હોય છે. રાગ કરવાની ભાવના નથી, એમ કહે છે મૂળ. પણ ઈ ભક્તિ ભગવાનની ને એમાં રાગ છે, ઈ વાત બેસવી કઠણ પડે ઈ. (શ્રોતા : એમાં લક્ષ શું હોય?) બહુ પ્રશ્ન ઉઠ્યો છે ને જુઓને. એમ કહે, ભગવાન પાસે આમ અમારું ધ્યાન છે, ત્યાં ક્યાં રાગ આવ્યો? (શ્રોતા : ........)

ઈ ૯૫માં આવ્યું'તું. નેમચંદભાઈ હતા એક. જૂનાગઢ. વીરચંદનાથના ભાઈ હતા એ મોટા. તે ઈ કહે કે 'પણ આ ભગવાનની ભક્તિમાં તમે રાગ કહો છો. રાગ નહીં, અમારે ક્યાં રાગ જુએ છે, અમારે તો વીતરાગતા જુએ છે', કહો. ૮૫માં આ પ્રશ્ન થયેલો જૂનાગઢ. છેલ્લું મકાન છે ને ઈ સ્ટેશનનું ધરમશાળા. ભાઈ! શાંત સમુદ્ર પ્રભુ ઈ જ્યારે વિકલ્પમાં આવે છે, ત્યારે ઈ એક કષાય છે બહાર, ઈ કષાયનો ભાવ છે. કહે કે અમારે રાગ જોઈતો નથી. પણ ઈ પોતે રાગ છે. જોતો નથી કે ન જોતો, એનો ક્યાં પ્રશ્ન ઉઠે છે. આહા! ભગવાનની ભક્તિ-સ્તવન-સ્તુતિનો જે વિકલ્પ છે, ઈ તો પોતે રાગસ્વરૂપ જ છે. આહાહા! જ્ઞાની તો રાગથી રહિત પોતાનાં સ્વરૂપમાં વિશ્રામ લેતે હૈં.

और अतुल, अखंड, अविचल, अविनाशी, चिदानंदरुप सम्यग्दर्शनको निर्मल करते है, લ્યો. अतुल હતું ને અહિંયા? ૧૨મા શ્લોકમાં. नालोकान्तादचलमतुलं, — એ(શ્રોતા : હિન્દીમાં य છે ને સંસ્કૃતમાં य છે). છે ને પાઠમાં છે. કેવો છે ભગવાન આત્મા અંદર? અરે, પણ કોઈ દિ' એણે સાંભળ્યો ન હોય એટલે આત્મા વળી શું હશે હવે આ? બાપા, આ પદાર્થ એક બહારની જડ ચીજ છે તો તને એમ લાગે છે કે આહાહા! આ શીખંડ ને આ બરફી ને આ મોસંબીને. તો આ એક મહાપદાર્થ પ્રભુ છે અંદર, એ તો અતીન્દ્રિય આનંદનો રસિયો આત્મા છે. આહા! એનું ભાન થતાં અતીન્દ્રિય આનંદનો રસિક થઈ જાય છે ઈ. રાગનો રસ એને છૂટી જાય. હો, રાગ હો ખરા, રસ છૂટી જાય રસ, એમ કહે છે.

'અતુલ'—જેની કોઈ તુલના નથી, લ્યો. ઉપમા નથી, કોની ઉપમા દેવી એને? જેનો અંતર સ્વભાવ—ત્રિકાળ શુદ્ધ આનંદ, એને કોની ઉપમા દેવી? 'અખંડ'—એ તો અખંડ વસ્તુ છે, મહાપદાર્થ પ્રભુ આત્મા. 'અવિચલ'—પોતાના સ્વભાવથી કોઈ દિ' ચલ્યો નથી. ભગવાન ધ્રુવ કોઈ દિ' રાગમાં આવ્યો નથી, પર્યાયમાં આવ્યો નથી, એવો અચળ છે. 'અવિનાશી'—નાશ ન થાય એવું એ તત્ત્વ છે એ તો. 'ચિદાનંદરૂપ,' લ્યો. એ જ્ઞાનનાં આનંદરૂપ સમ્યક્દર્શનકો નિર્મળ કરતે હૈં, એમ. જ્ઞાન ને આનંદનું સ્વરૂપ છે આત્મા, એમાં એકાકાર થઈને સમ્યક્દર્શન-જ્ઞાન આદિ નિર્મળ પ્રગટ કરે છે. એને આસ્રવ હોતો નથી. એને ધર્મ હોય છે, નિર્જરા હોય છે, એમ કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૬૫, ચૈત્ર સુદ ૧૦, સોમવાર, તા. ૫-૪-૧૯૭૧
## સંવર અધિકાર પદ ૧, ૨, ૩ ઉપર પ્રવચન

નાટક સમયસાર. સંવર અધિકાર. સંવર દ્વાર હૈ ને.

પ્રતિજ્ઞા (દોહરા)

आस्रवकौ अधिकार यह, कह्यौ जथावत जेम।
अब संवर वरनन करौं, सुनहु भविक धरि प्रेम॥१॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**આસ્રવ=બંધનું કારણ. જથાવત=જેવું જોઈએ તેવું. સંવર=આસ્રવનો નિરોધ. વરનન=કથન.

**અર્થ :—**આસ્રવના અધિકારનું યથાર્થ વર્ણન કર્યું, હવે સંવરનું સ્વરૂપ કહું છું, તે હે ભવ્યો! તમે પ્રેમપૂર્વક સાંભળો. ૧.

**अर्थ** :–आस्रवका अधिकार यथार्थ वर्णन किया, अब संवरका स्वरूप कहता हूँ, सो हे भव्यो! तुम प्रेमपूर्वक सुनो॥१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ક્યા કહતે હૈં? કે આસ્રવનો અધિકાર. અર્થાત્ આત્માકા સ્વભાવ શુદ્ધ આનંદ અને જ્ઞાન હૈ, ઉસમેં વિપરીત મિથ્યાત્ભાવ, રાગ અને દ્વેષ આદિ ભાવ ઉસકો યહાઁ આસ્રવ કહતે હૈં. એ આસ્રવનો અધિકાર કહ્યો. કહનેમેં આયા હૈ. कह्यौ जथावत—જેમ છે તેમ. એ દુઃખદાયક આત્મભ્રાંતિ, પુણ્ય-પાપકા પરિણામમેં સુખબુદ્ધિ, પરમેં સુખબુદ્ધિ—હિતબુદ્ધિ એવો જે મિથ્યાત્ ભાવ અને ઈષ્ટ-અનિષ્ટનાં રાગદ્વેષનું ઉત્પન્ન થવું, એ ભાવને અહીંયા આસ્રવ-દુઃખદાયક ભાવ કહનેમેં આતા હૈ. (શ્રોતા : કહનેમેં આયા, હૈ કે નહીં હૈ?) હૈ, કહનેમેં આયા નામ કહે છે, એમ વાત આ છે. સમજમેં આયા? (શ્રોતા : લોગોંકો તો સુખદાયક લગતા હૈ). સુખદાયક લાભ ધૂળમેં હૈ નહીં. સુખદાયક કહાં આયા? આ પૈસા-બૈસામેં સુખ લગતા હૈ મૂઢકો. મૂઢ હૈ, એમ કહતે હૈં યહાં તો. અપના સ્વભાવમેં સુખ હૈ ઈસકી દૃષ્ટિ છોડકર; શરીર, બાહ્ય પદાર્થ ઔર પુણ્ય-પાપકા ભાવ હોતા હૈ. ઉસમેં ઠીક હૈ હિતબુદ્ધિ, એ સુખબુદ્ધિ, વહ હી મિથ્યાત્કા ભાવ પ્રસિદ્ધ હોતા હૈ. અજ્ઞાનભાવ હૈ વહ. આહાહા! સમજમેં આયા?

आस्त्रवकौ अधिकार कह्यौ जथावत जेम. જૈસા હૈ ઐસી બાત કહા. વહ વિશેષ આયેગા. अब संवर वरनन करौ. સંવર નામ આત્મામેં એ વિકારકી ઉત્પત્તિકા રૂકના અથવા અનુત્પત્તિ હોના ઔર અપના શુદ્ધ આત્મા ઉસકે આશ્રયસે શાંતિ, શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગી પર્યાયકા હોના, ઉસકા નામ સંવર કહતે હૈં. सुनहु भविक धरि प्रेम. હે, ભવ્ય જીવો! પ્રેમથી સાંભળો, એમ કહા. નીચે શ્લોક હૈં પહેલો. સંસ્કૃત. આચાર્યકૃત, અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત વનવાસી. નીચે હૈ ને શ્લોક ૧. એક શ્લોક હૈ.

**आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रव--**
**न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं सम्पादयत्संवरम्।**
**व्यावृत्तं पररुपतो नियमितं सम्यक्स्वरुपे स्फुर-**
**ज्ज्योतिश्चिन्मयमुज्ज्वलं निजरसप्राग्भारमुज्जृम्भते।।१।।**

એનું પદ છે હવે. આ છે સંસ્કૃત (કળશ), એનું (પદ). બનારસીદાસ કવિ થયા છે મહાજ્ઞાની. પહેલે વ્યભિચારી થે. પીછે હુએ આત્મજ્ઞાની. વહ પીછે આત્મજ્ઞાની હુએ પીછે આ બનાયા હૈ. સમયસારકા ટીકાકાર અમૃતચંદ્ર આચાર્ય ઉન્હોંને બનાયે કળશ ઔર કળશકી બનાયી ટીકા રાજમલ્લ—કળશટીકા હૈ. ઉસમેંસે યહાઁ આ બનાયા પદ. ज्ञानस्वरूप संवरको नमस्कार.

જ્ઞાનરૂપ સંવરને નમસ્કાર (સવૈયા એકત્રીસા)

**आतमकौ अहित अध्यातमरहित ऐसौ,**
**आस्रव महातम अखंड अंडवत है।**
**ताकौ विसतार गिलिबेकौं परगट भयौ,**
**ब्रह्मंडकौ विकासी ब्रह्मंडवत है।।**
**जामैं सब रूप जो सबमैं सबरूपसौ पै,**
**सबनिसौं अलिप्त आकास-खंडवत है।**
**सोहै ग्यानभान सुद्ध संवरकौ भेष धरै,**
**ताकी रुचि-रेखकौं हमारी दंडवत है।।२।।**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—** અહિત=બૂરું કરનાર. અધ્યાતમ=આત્મ અનુભવ. મહાતમ=ઘોર અંધકાર. અખંડ=પૂર્ણ. અંડવત=અંડાકાર. વિસતાર=ફેલાવો. ગિલિવેકૌં=ગળી જવાને માટે. બ્રહ્મખંડ(બ્રહ્માંડ)=ત્રણ લોક. વિકાસ=અજવાળું. અલિપ્ત=અલગ. આકાસ ખંડ=આકાશનો પ્રદેશ. ભાન (ભાનુ)=સૂર્ય. રુચિ-રેખ=કિરણરેખા, પ્રકાશ. દંડવત=પ્રણામ.

**અર્થ :—**જે આત્માનો ઘાતક છે અને આત્મ-અનુભવથી રહિત છે એવો આસ્રવરૂપ મહા અંધકાર અખંડ ઇંડાની જેમ જગતના બધા જીવોને ઘેરી રહેલ છે. તેનો નાશ કરવાને માટે ત્રણ લોકમાં ફેલાતા સૂર્ય જેવો જેનો પ્રકાશ છે અને જેમાં સર્વ પદાર્થો પ્રતિબિંબિત થાય છે અને પોતે તે બધા પદાર્થોના આકારરૂપ થાય છે તોપણ આકાશના પ્રદેશની જેમ તેમનાથી અલિપ્ત રહે છે, તે જ્ઞાનરૂપી સૂર્ય શુદ્ધ સંવરના વેષમાં છે, તેના પ્રકાશને અમારા પ્રણામ છે. ૨.

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

**अर्थ** :–जो आत्माका घातक है और आत्म-अनुभवसे रहित है ऐसा आस्रवरूप महा अंधकार अखंड अंडाके समान जगतके सब जीवोंको घेरे हुए है। उसको नष्ट करनेके लिए त्रिजगत् विकासी सूर्यके समान जिसका प्रकाश है और जिसमें सब पदार्थ प्रतिबिम्बित होते हैं तथा आप उन सब पदार्थके आकाररूप होता है, तो भी आकाशके प्रदेशके समान उनसे अलिप्त रहता है, वह ज्ञानरूपी सूर्य शुद्ध संवरके भेषमें है, उसकी प्रभाको हमारा प्रणाम है॥२॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

મંગળાચરણમેં ધર્મ-અધર્મકા સ્વરૂપ દો હી બતાયા. ક્યા કહતે હૈ, દેખો. आतमकौ अहित. જો મિથ્યાત્ અને શુભ-અશુભ ભાવ હૈ, એ આત્માકા અહિત કરનેવાલા હૈ. આસ્રવ હૈ ને આસ્રવ. હિંસા-જૂઠું-ચોરી-વિષય-ભોગવાસના વહ પાપ આસ્રવ હૈ—પાપભાવ હૈ ઔર દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા-ભગવંતસ્મરણ (શ્રોતા : શાસ્ત્ર વાંચન) એ શાસ્ત્રવાંચન સૂનના—કહેના, યે સબ વિકલ્પ પુણ્ય આસ્રવ શુભભાવ હૈ. બન્ને आतमकौ अहित. આસ્રવ ભાવ હૈ આસ્રવ. આ—મર્યાદિત શ્રવવું. જે પરિણામસેં નયા આવરણ આતે હૈં, ઐસા ભાવકો આસ્રવ કહનેમેં આતા હૈ. તો વહ આસ્રવ જો હૈ, મિથ્યાશ્રદ્ધા ઔર રાગ-દ્વેષ, શુભ-અશુભભાવ એ आतमाको अहित है.

अध्यातमरहित. અહિત હૈ વહ આત્માકા અનુભવસે રહિત હૈ. ભગવાન આત્મા તો આનંદમૂર્તિ જ્ઞાન સ્વભાવ, ઉસકા અનુભવમેં તો આનંદ અને શાંતિ અને વીતરાગદશા હોતી હૈ, ઉસકા નામ આત્મઅનુભવ. વહ આત્મઅનુભવસે અધ્યાત્મસે રહિત હૈ. યે પુણ્ય-પાપકા ભાવ ઔર મિથ્યાત્ભાવ, એ અધ્યાત્મ અનુભવસે રહિત હૈ. આત્માકી અનુભવદશાસે વહ ભાવરહિત હૈ. આહાહા! સમજાય છે કાંઈ? आतमकौ अहित. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સત શાશ્વત, ચિદ્—જ્ઞાન અને આનંદ જેનું રૂપ, ઐસા આત્મામેં જો આ પુણ્ય-પાપ, શુભ-અશુભ ભાવ, મિથ્યાત ભાવ વહ ભી અશુભ ભાવ હૈ અને દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા નામસ્મરણ પરમાત્માકા, વહ સબ ભાવ

પુણ્યરૂપી આસ્રવ રાગભાવ હૈ. એ આત્માકા સ્વભાવસે ભિન્ન ચીજ હૈ. આહાહા! અહિત હૈ. પંડિતજી!

अध्यातमरहित. પુણ્ય ને પાપ, શુભ ને અશુભ ભાવમેં આત્માકા અનુભવકા અભાવ હૈ, યે તો વિકારકા અનુભવ હૈ. આહાહા! સમજમેં આયા? આ તો પર્યાયકી બાત ચલતી હૈ. દ્રવ્ય તો ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ આનંદકંદ હૈ. પણ ઉસકા ભાન વિના રાગ અને દ્વેષ અને મિથ્યાભાવકે કારણ વહ અહિતભાવ હૈ ને અનુભવકા અભાવ હૈ ઉસમેં. સમજમેં આયા? ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપૂંજ હૈ આત્મા ઔર અનાકુળ અતીન્દ્રિય આનંદકા સ્વભાવસે પૂરા ભરા હૈ. ઐસા ભગવાન આત્માસે, એ શુભ-અશુભની વિકલ્પની વૃત્તિઓ ઉઠે છે—ઉઠતી હૈ, વહ અહિતકર હૈ ઔર અપના અનુભવસે રહિત હૈ.

ऐसौ आस्रव महातम—મહા અજ્ઞાન અંધકારરૂપ હૈ. આહાહા! (શ્રોતા : અખંડ). પીછે, અખંડપદ પીછે લિયા. હજી એક શબ્દ તો લે. महातम. ભગવાન આત્મા પ્રકાશકા પૂંજ હૈ તો યહ આસ્રવ—વિકારીભાવ મહા અજ્ઞાનભાવ હૈ. આહાહા! સમજમેં આયા? શુભ-અશુભ દો પ્રકારકી વિકલ્પ વૃત્તિ ઉઠતી હૈ. વૃત્તિ—રાગ, દો હી અજ્ઞાન હૈ, અપના સ્વરૂપકી ચીજસે વિપરીત હૈ. આહાહા! સમજમેં આયા? आस्रव महातम. પહેલું તો એ આસ્રવ છે તે અજ્ઞાન હૈ, એમ કહતે હૈં. પુણ્ય-પાપકા ભાવ ઔર મિથ્યાત્‌ભાવ અજ્ઞાન હૈ. અજ્ઞાન કહતે, અપના જ્ઞાનપ્રકાશસે વહ વિરુદ્ધ હૈ. આહા!

अखंड अंडवत है. એ અનાદિસે પુણ્ય-પાપ કી એકતા, એ અખંડ અનાદિસે અજ્ઞાનકી અજ્ઞાનીમેં હૈ. કભી અજ્ઞાનમેં ખંડ પડ્યા નહીં. ક્યા કહતે સમજમેં આયા? अंड—ઇંડું હોય ને ઇંડા, અખંડ ઇંડા. અખંડ ઇંડા. ઐસે અજ્ઞાનભાવ અખંડ કભી ખંડ નામ અલ્પ હુઆ હી નહીં. મંદ-તીવ્રકી પ્રશ્ન કરતે હૈ ને. એય! (શ્રોતા : સાચું, તડ પડી જ નહીં કોઈ દિ'). ભીખાભાઈ ! શું મંદ-મંદ-મંદ. ........ ભાઈ કાંઈ પૂછતા'તાને શું? યહાં તો કહતે હૈં કે ભગવાન ચૈતન્ય જ્યોત સત્ શાશ્વત અનંત અનાકુળ આનંદકા છલોછલ ભર્યા હુઆ તત્ત્વ હૈ, આત્મા. એ આત્માસે પુણ્ય-પાપકા ઔર મિથ્યાત્વકા ભાવ અખંડ અજ્ઞાનમય હૈ. એ ખંડમાં અજ્ઞાનમેં જરી તડ પડી નહીં. તડ ક્યા કહતે હૈં? (શ્રોતા : તડા, તિરાડ) તિરાડ જરી નહીં પડા, એમ કહતે હૈં. મંદ હૈ તો ય પણ અખંડ હૈ, એમ કહતે હૈં. આહા! સમજમેં આયા?

માર્ગ ભાઈ, વીતરાગકા માર્ગ હૈ આ તો. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જે પ્રગટ કિયા, ઐસા ફરમાયા. તો અપની પર્યાયમેં, અવસ્થામેં હોં, વસ્તુ તો ધ્રુવ ત્રિકાળ હૈ નિત્યાનંદ. પણ અવસ્થા નામ હાલતમેં—દશામેં વર્તમાનમેં જો પુણ્ય ને પાપ અને મિથ્યાત્

ભાવ હૈ, યે અખંડ હૈ અનાદિસે અજ્ઞાનીકો. આહાહા! સમજમેં આયા? નવમી ગ્રૈવેયક તક ગયો જૈન મુનિ હોકર. मुनिव्रत धार अनंतबैर ग्रैवेयक उपजायो, पै आतमज्ञान बिन लेश सुख न पायो। તો યહ અખંડ અજ્ઞાનધામમેં આયો, એમ કહતે હૈં. આહાહા! ઐસા શુભભાવ, બીજા દેવલોકકી ઈન્દ્રાણી ચળાવે તો ચળે નહીં, ઐસા બ્રહ્મચર્યકા શુભભાવ હો, તો ભી પરિણામ તો મિથ્યાત્વ હૈ. વહ વિકલ્પ રાગ હૈ ને દયા-દાન-વ્રતકા, ઉસમેં એકત્વબુદ્ધિ હૈ, તે महातम-अखंड ઈંડાવત હૈ. આહાહા! સૂક્ષ્મ બાત હૈ ભાઈ!

અનંત સ્વરૂપ ભગવાન આત્મા, ઉસકી પર્યાયમેં ક્યા હૈ ને વસ્તુમેં ક્યા હૈ? ઉસકી ઉસકો ખબર નહીં. આહાહા! જો ઉસકી દશામેં ઐસા અજ્ઞાન ન હો, તો તો અંતરદશાકા આનંદકા વેદનમેં આનંદ અતીન્દ્રિય આના ચાહિયે. પોપટભાઈ! આહાહા! अखंड अंडवत है—ઈંડું જેમ અખંડ છે ઈંડા. ઐસે મિથ્યાત્વ અને પુણ્ય-પાપકા ભાવ અખંડ હૈ, ત્યાં જરી ભી તડ પડી નહીં, તિરાડ પડી નહીં, છેદ હુઆ નહીં, ભંગ હુઆ નહીં. આહાહા! કહો ચેતનજી, ક્યા બરાબર હૈ? પણ અખંડ રાગ મંદ કિયા ઈતના તો (શ્રોતા : નિશ્ચયનો પક્ષ) લ્યો ભઈ, રામજીભાઈ કહે, ઓલા શુદ્ધનયકા પક્ષ તો આયા ને ઉસમેં થોડા. (શ્રોતા : નહીં). નહીં આયા હૈ, એમ કહતે હૈં. આહાહા!

સહજાનંદ નિર્મળાનંદ પ્રભુ આત્મા તો હૈ. વસ્તુમેં આનંદ ને અકેલા જ્ઞાન હી પડા હૈ પ્રભુમેં. તો ઉસસે વિરુદ્ધમેં એક સંકલ્પ-વિકલ્પ ભી થોડા રાગકા હો ઔર ઉસકી સાથ એકત્વબુદ્ધિ હો, તો કહતે હૈં કી યે અજ્ઞાન અખંડ હૈ, મિથ્યાત્વ અખંડ હૈ. ઈંડું જેમ અખંડ હૈ એમ અખંડ અજ્ઞાન હૈ. આહા! મંદ નહીં કિયા, એમ કહતે હૈં, ખંડ નહીં કિયા. ઐસૈ ને ઐસે અખંડભાવ અનાદિસે અનંતબૈર (કિયા). યહ વ્યવહાર રત્નત્રયકા રાગ, વહ રાગ મેરા હૈ ઔર રાગસે મેરે લાભ હોગા, ઐસા મિથ્યાત્ભાવ મહાતમ અજ્ઞાન અખંડ અંડવત હૈ. સંસાર ઉસકો અખંડ પડા હૈ, એમ કહતે હૈં. આહા! ભારે કામ! જગતને સાધારણ પ્રાણીને આ માર્ગ બેસવું (કઠણ). (શ્રોતા : બેસે) બેસે એની ચીજ જ એવી છે. ઈ ચીજમાં આસ્રવ હૈ હી નહીં. આહાહા!

યે કહતે હૈં, દેખો. ताकौ विसतार गिलिबेकौं परगट भयौ. ઐસા જો અજ્ઞાનભાવ, શુભ-અશુભભાવ, મિથ્યાત્ ભાવ એકરૂપ અનાદિસે અખંડ પડા હૈ, ઉસે गिलिबेकौं. વિસ્તાર જો અજ્ઞાનકા વિસ્તાર અનંત હૈ અંદર અજ્ઞાન ભાવ. થોડા રાગ હો તો ઠીક હૈ, વિકલ્પ હૈ ઠીક હૈ—ઐસા અજ્ઞાનકા વિસ્તાર હૈ, મિથ્યાભ્રમકા જો વિસ્તાર હૈ, उसे गिलिबेकौं प्रगट भयौ—ખાઈ જવાને—ગળી જવાને પ્રગટ ભયો સંવર. જુઓ, गिलिबेकौं ત્યાં મોટું થયો. સંવર મોટી દશા થઈ, એમ. સમજમેં આયા? महातम अखंड अंडवत,- जगतके सब जीवोंको घेरे हुए है, એમ. અંડવત છે ને, એનો અર્થ કર્યો છે અહીં, સર્વ

જીવને ઘેરી રાખ્યા છે. આહાહા! સાધુ થાય, નગ્ન થાય, મુનિ થાય, મુનિ હોતા હૈ. તો ભી અંતરમેં મહાવ્રતકા પરિણામ હૈ, દયા-દાનકા પરિણામ હૈ, ઉસમેં એકત્વબુદ્ધિ હૈ તો અખંડ સંસાર પડા હૈ ઉસમેં. આહાહા! સમજમેં આયા.

ताकौ विसतार गिलिबेकौं परगट भयौ. એ આસ્રવને નાશ કરનેકા ભગવાન ચૈતન્ય સૂર્ય અપના સ્વભાવ સન્મુખ હોકર, જો સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનરૂપી પ્રકાશ ત્રિજગતકો પ્રકાશનેવાલા ભગવાન અપના ચૈતન્યસે સન્મુખ હોકર જો પ્રકાશ પ્રગટ હુઆ, ब्रहमंडकौ विकासी—ચૌદ બ્રહ્માંડ અને ત્રણકાળકો જાનનેકી શક્તિસે વિકાસ હુઆ. બસ જાનનેકા વિકાસ (હુઆ). રાગ નહીં, વિકલ્પ નહીં, વહ ચીજ મેરી નહીં. સમજમેં આયા? ब्रहमंडकौ विकासी ब्रहमंडवत है. ત્રિકાળ જ્ઞાયક સૂર્યવત હૈ. યે તો ચૈતન્યસૂર્ય, વિકલ્પ-રાગ આદિસે ભિન્ન હોકર ભેદજ્ઞાનરૂપી સૂર્ય પ્રગટ હુઆ, વહ સંવર હૈ, વહ ધર્મ હૈ. વહ સંવરે આસ્રવકો નાશ કર દિયા. આરે! ભારે ઝીણી વાત કરી.

આ મેં કીધુંને અખંડ બ્રહ્માંડવત હૈ. ब्रहमंडकौ विकासी ब्रहमंडवत है. ત્રિકાળ ત્રિકાળસૂર્ય. त्रिजगत विकासी सूर्यके समान जिसका प्रकाश है, લ્યો. પોતે પ્રકાશ ચૈતન્ય અપના સ્વભાવ તરફકા ઝુકાવ હુઆ, પુન્ય-પાપકા, વિકલ્પકા પરિણામ આસ્રવ-બંધસે ભિન્ન હુઆ, ઐસા અપના ત્રિજગત પ્રકાશી સૂર્ય પ્રગટ હુઆ. સમજમેં આયા? એ અપની દશામેં ભી, વસ્તુ તો ત્રિજગત પ્રકાશક શક્તિ હૈ હી, પણ પર્યાયમેં રાગસે ભિન્ન હોકર ભેદજ્ઞાન હુઆ, એ તો સબકો પ્રકાશને વાલા પ્રગટ હુઆ. રાગ આદિ હો, પણ અપનેમેં નહીં પણ ઉસકા પ્રકાશ કરનેવાલા મૈં હૂઁ, જાનનેવાલા મૈં ઐસા પ્રગટ હુઆ. આહા! ભાષા ય કઠણ.

ब्रहमंडकौ विकासी—ત્રણ લોકકો જાનનેવાલા, બસ એક કોર સબ જ્ઞેય અને એક કોર જ્ઞાન. અપના જ્ઞાનસ્વભાવમેં પુણ્ય-પાપકા રાગસે અપના અસ્તિત્વ ચૈતન્ય જ્યોત ઉસકા જ્યાં અનુભવ ને પ્રતીત હુઆ તો ત્રિજગતકો-બ્રહ્માંડકો વિકાસી ત્રણ કાળ-ત્રણ લોકને જાનનેકી શક્તિકા વિકાસ હુઆ. ભલે પર્યાય હો. (શ્રોતા : પર્યાયમાં પ્રગટ). સંવર પર્યાય છે ને. આહાહા! પર્યાય એટલે અવસ્થા. પર્યાય અખંડ દશા. વસ્તુ તો ત્રિકાળી અખંડાનંદ પ્રભુ હૈ ધ્રુવ. પણ ધ્રુવકે અવલંબનસે જો ઉત્પાદ શાંતિકા હુઆ, સમ્યક્દર્શન-જ્ઞાન આદિકા હુઆ, વહ ભી ત્રણ જગતકો દેખનેકા વિકાસવાળી શક્તિ હૈ. ત્રણ જગત અનાદિ અનંત દૂસરી ચીજો, વહ અપની હૈ ઐસે માનતે થે, તો ઉસમેં ત્રણ જગતકી જાનનેકી શક્તિ રૂંધ હો ગઈ થી, અટકી-રૂક ગઈ થી. જ્યાં સમ્યક્ હુઆ, ત્રણ જગતકે જાનનેકી શક્તિકા વિકાસ હુઆ. કોઈ વિકલ્પ આદિ મેરા હૈ, ઐસા નહીં. પણ વિકલ્પ

આદિ હો, ઉસકા અપનેમેં રહકર અપના જ્ઞાન કરનેસે વહ પરકા જ્ઞાન ઉસમેં આ જાતા હૈ. આરે, આરે ભારે!

**ब्रह्मंडकौ विकासी ब्रह्मंडवत है.** વહ બ્રહ્મંડવત્ સૂર્યસમાન હૈ, એકલો ચૈતન્ય સૂર્ય. જાનના-દેખના વહ હી મેરી ચીજ હૈ. મૈં જાનના-દેખનાકી ક્રિયામેં રમું વહ મેરી ચીજ હૈ. પુણ્યપાપમેં રમના વહ મેરી ચીજ નહીં. સમજમેં આયા? **गिलिबेकौं परगट भयौ.** આખો, જેમ અજગર હૈને અજગર. અજગરનો અર્થ અજ એટલે બોકડો, ગળ એટલે ગળી જાય. અજગર હોતા હૈ ને, અજગર નહીં હોતા હૈ? ક્યા કહતે હૈં? (શ્રોતા : મોટા સાપ). મોટા અજગર. ઉસકા નામ અજગર. અજ નામ બકરા હૈ. એ ગળી જાય તો અજગર કહતે હૈં. એ પોપટભાઈ! મોટા અજગર, એ હમણાં નહોતું આવ્યું.

થોડા વરસ પહેલાં, એક મોટો અજગર નીકળ્યા હતા જંગલમાં. તો સિંહ નિકલા સિંહ. તો અજગરે સિંહકો ભરડા લે લિયા, પકડ લિયા પેટ સિંહકા હોં. અજગર બડા થા. તો ઐસે પકડ લિયા તો પગ ઐસા હો ગયા ચાર. ઐસે ઐસે રહ ગયા પગ. અજગરકો તો કુછ કર શકે નહીં. અજગરકો તો કોઈ કર શકે નહીં. કેમકે ઐસા પગ રહ ગયા, ઐસા પગ. કિતના દિન? દો દિન તો સવેરા તક દો કી લડાઈ હુઈ. લડાઈ નામ સિંહ છૂટવા માટે પ્રયત્ન આમ, પણ પગ જ ઐસા હો ગયા, પકડે ક્યાંથી? પણ અજગરે ઐસા ભીંસ લિયા તો સેંકડો માણસ દેખતે થે. રેલ નીકળતી હૈ ને રેલ, ઉસકે નીચે હુઆ થા. પછી દો-તીન દિન રહા ભીંસ, સિંહ મર ગયા. (શ્રોતા : અહીંયા આસ્રવ છે એ મરી ગયો). ભરડા લિયા, ગળી ગયો ને કીધું. આ ગળવા ઉપરથી અજગરનો ખ્યાલ આવ્યો. અજગર છે ને, સારા સિંહકો માર ડાલા. લોકો આમ દેખતે દેખતે હોં. દો દિન લડાઈ. ખાડા પડ ગયા નીચે ખડ્ડા. સિંહ ઐસા પગ જોર કર, આ બાજુ તો ચલે નહીં. મોઢા ઐસા લિયા. મુઁહ ઐસા હો ગયા, પગ ઐસા હો ગયા. ભરડા લિયા તો મુખ સે કોઈ પકડી ન શકે અજગરને. મુખ રહ ગયા ઐસા. પગ રહી ગયા ઐસા ચાર.

ઐસે ભગવાન આત્મા, પુણ્ય-પાપકા જો ભાવ હૈ ઉસકો ગળવેકો તૈયાર હો ગયા અંદરસે. આહાહા! 'શુભાશુભ પરિણામ વહ મૈં નહીં. મૈં તો આનંદ ને જ્ઞાન સ્વરૂપકા અનુભવ કરનેવાલા હૂઁ. મૈં તો અનુભવ આનંદકા રસીલા મૈં આત્મા હૂઁ. અતીન્દ્રિય આનંદકા રસીલા મૈં આત્મા હૂઁ. મૈં પુણ્ય-પાપકા અનુભવ કરનેવાલા મૈં આત્મા નહીં'. આહાહા! શેઠી. આહા! ભારે કામ ભાઈ! વસંતલાલજી.

**जामैं सब रुप जो सबमैं सबरुपसौ पै.** ઐસા જ્ઞાનપ્રકાશ હુઆ કિ સર્વ જ્ઞાનકા

જ્ઞેય પરિણતી અપને જ્ઞાનમેં આ ગયી. જિતના જ્ઞેય હૈ ઉસકા જ્ઞાનરૂપભાવ અપનેમેં જ્ઞેયાકાર હુઆ. પણ વહ (જ્ઞાન) જ્ઞેયરૂપ નહીં હુઆ. સમજમેં આયા? વહ રાગ હૈ, શરીર હો તો ઉસકો જાનનેમેં શરીર ને રાગકા જ્ઞાન હુઆ, તો જ્ઞેયાકારસે જ્ઞાન હુઆ અપના પણ વહ રાગ ને શરીરરૂપ ન હુઆ આત્મા. ઉસકા નામ સંવર અને ધર્મ અને ભેદજ્ઞાન હૈ. આહા! આરે! સમજમેં આયા? આ તો માખણકી બાત ચલતી હૈ. આહા! ઉસકા નામ ધર્મ હૈ. ધર્મ કોઈ સાધારણ ચીજ નહીં હૈ. ટીલા-ટપકાં કર દિયા ને ભગવાન-ભગવાન ભજન કર દિયા, એમ કાંઈ. સમજમેં આયા? આંખ્યું મીંચીને ઓમ....ઓમ....ઓમ....ઓમ કરે એ તો વિકલ્પ આસ્રવ હૈ, રાગ હૈ. એ સબકો નાશ કરનેમેં નિગલનેમેં તૈયાર હુઆ. જ્ઞાન સહજાત્મસ્વરૂપ મૈં પ્રત્યક્ષ અપનેસે હોનેવાલા. રાગકા જ્ઞાન હોતા હૈ, પણ વહ રાગકા જ્ઞાન હોને પર ભી રાગરૂપ જ્ઞાન નહીં હોતા. આહાહા! સમજમેં આયા?

जामैं सब रुप जो सबमैं सबरुपसौ पै. જેની અંદરમેં જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશકા પૂંજ ઐસા જ્યાં અનુભવ–ધર્મ સમ્યક્ હુઆ, તો કહતે હૈં કે સબ ચીજકો જાનનેકી ચીજ પ્રગટ હો ગઈ, પણ સબ ચીજ રૂપ હોના વહ હુઆ નહીં. આહાહા! પંડિતજી, ક્યા કહતે હૈં આ? દેખો. અત્યારે તો ઐસી બાત ચલતી હૈ કિ આ બાત ઉસકો ઐસી લગે કે આ ક્યા કહતે હૈં આ? (શ્રોતા : સંવરકા સ્વરૂપ હૈ). આ તો સંવર ઉસકો કહતે હૈં. ધર્મદશા કહો, સંવરદશા કહો, અનાસ્રવી દશા કહો, મોક્ષકા માર્ગકી દશા કહો, વહ એ હૈ. ચૈતન્યપ્રકાશ ત્રિકાળ સૂર્ય પ્રભુ, ઉસમેં અંતર પુણ્ય-પાપકા મિથ્યાત્વકા વિકલ્પરૂપી મેલ આસ્રવસે ભિન્ન હોકર ભેદજ્ઞાનરૂપી સૂર્ય જ્યાં પ્રકાશ હુઆ. વહ કહતે હૈં કે સબકો જાને છતાં કોઈરૂપ હો નહીં. અપના રૂપ છોડકર રાગ વ્યવહારરૂપ ભી હોતા નહીં. ધર્મીકો વ્યવહાર દયા-દાન વિકલ્પ હોતા હૈ, એમ કહેના વહ ભી વ્યવહાર હૈ. આહાહા!

ધર્મીકો જ્ઞાનસ્વરૂપ ભગવાન પૂર્ણ અસ્તિ પૂર્ણાનંદ મહાનંદ કંદ પ્રભુ આત્મા, ઐસા જ્યાં અનુભવમેં પ્રતીતમેં જ્ઞાનમેં જ્ઞેય હોકર આયા તો વહ જ્ઞાન સબકો જાને, સબરૂપ હોય નહીં. આરે, ભારે વાત આવી! પૂનમચંદજી, ક્યા હૈ આ? આવો ધર્મ! આ તો એકાંત હો જાયેગા. (શ્રોતા : હોને દો). શેઠી! એને શેઠીને આ ઘરમાં વાત જયપુર એકાંત હૈ રે એકાંત. સોનગઢકા એકાંત હૈ. અરે ભગવાન! સૂન તો સહી. (શ્રોતા : ખુદકા એકાંત હૈ. ઉસકો ક્યા માલૂમ હૈ)? આહા! પ્રભુ તેરે પડખે ચડનેકી બાત હૈ. વહ રાગ ને પુણ્ય કે પડખે-પડખું સમજતે હૈં? વહ તરફકા ઝૂકાવ, વહ છોડકર ભગવાન આત્મા કા પડખે-પડખે ક્યા કહતે હૈં? (શ્રોતા : પક્ષ) પક્ષ નહીં. (શ્રોતા : બાજુ) બાજુ.

બાજુ કહતે હૈં. આત્માકી બાજુ. વહ રાગકી બાજુ હૈ દૂસરે બાજુમેં અનાદિસે પડા હૈ. આહા! ભારે માર્ગ ભાઈ આવો!

માણસને સાંભળતાં એકવારમાં પાઠ માંડ માંડ પકડાય. કહે કે, પૂછે કે શું સાંભળીને આવ્યા? આમ કાંઈ કહેતા હતા કે આમ ભિન્ન છે ને, આ આમ છે ને, આ આમ છે ને આમ. (શ્રોતા : મહારાજ બહુ સારું...) સારું તે શું સારું કહે છે? અંદર સમજ્યા વિના. (શ્રોતા : બહુ મીઠું લાગે છે.) મીઠું તો ઓલી વાણી જરી ઓલી ને વૈરાગ્યથી આવે, એમ દેખાય તે મીઠું લાગે જાણે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! ભગવાન આત્મા! કહતે હૈં કે પુણ્ય-પાપકા અખંડ આસ્રવ ઈંડાવત જો અખંડ થા, ઉસકો અખંડ સ્વરૂપકે આશ્રયસે અખંડ (આસ્રવ)કા નાશ કર દિયા. અખંડકા ખંડ નહીં પણ નાશ કર દિયા. આહાહા! અખંડ નથી આવતું ઓલામાં? સોગાની. કહે છે કે ભાઈ ચક્રવર્તી છ ખંડ સાધે છે. કહે, ના, એ તો અખંડ સાધે છે. એ વખતે એક એવો શબ્દ નીકળી ગયો. એય ભીખાભાઈ!

ચક્રવર્તી છ ખંડકો સાધને જાતે હૈં. છ ખંડ હૈ ને, તીન અંદર ને તીન બાહ્ય. કહે, ના. ના. વહ છ ખંડ સાધતે નહીં, ઈ તો અખંડકો સાધતે થે. ઉસમેં હૈ, સોગાનીકા. સમજમેં આયા? એય, પ્રકાશદાસજી! આ ભગવાન પ્રકાશકી બાત ચલતી હૈ. આહા! પણ માળે એવો થઈ ગયો છે ને એને આવડો મોટો હું? અરે, એવડો મોટો આત્મા તો, આ તો ઈ પર્યાયને સંવર કહે, વહ તો અનંતમાં ભાગે. એ તો ભગવાનકો ભેખ હૈ, એ તો એક વેષ હૈ, વસ્તુ આખી નહીં. આગળ કહેગા. संवरकौ भेष धरै, દેખોને; ભેખ હૈ એ તો. એક સમયમેં તીનકાલ-તીનલોકકો જાનનેકી જ્ઞાનશક્તિ પ્રગટ હુઈ. શ્રુતજ્ઞાન ભલે હો. ઔર પરકો જાનને દેખનેમેં એ અપની પર્યાયમેં અપનેસે પરકો છૂએ બિના. અપની પર્યાયમેં અપનેસે અપનેકો છૂકર, રાગ અને પરકો છૂએ બિના પર કા જ્ઞાન અપનેસે હોતા હૈ. પણ પરરૂપ વહ જ્ઞાન હોતા (નહીં), ઐસા ભિન્ન પડી ગયા અંદરમેં. આહાહા! સમજમેં આયા? કહો હીરાભાઈ, આહાહા!

सबनिसौं अलिप्त, દેખો ભાષા, आकास खंडवत. આકાશ હૈ, ઉસમેં ગમે તેટલાં ચિતરામણ કરો. આકાશ અરૂપી સર્વવ્યાપક અરૂપી. ચિતરામણ ને બાદલ હો, તો ક્યા આકાશમેં લેપ હોતા હૈ ઉસકા? (શ્રોતા : ના નહીં). આકાશ અરૂપી સર્વવ્યાપક હૈ અરુપી સર્વવ્યાપક, લોક અલોક. આ લોક હૈ ૧૪ બ્રહ્માંડ ઔર ખાલી ભાગ અલોક હૈ. લોકાલોક હૈ એ તો સૃષ્ટિ જિતની દિખતી હૈ, એ તો અસંખ્ય જોજનમેં હૈ. આ કંઈ અનંત જોજનમેં નહીં. ખાલી-ખાલી ખાલી ભાગ અનંત હૈ. તો ખાલી અનંત-અનંત-અનંત-અનંત-

અનંત-અનંત ખાલી દસે દિશાએ. બિચમેં ઈતના હી પરમાણુ જિતના ચૌદ બ્રહ્માંડ. તો કહતે હૈં કે લોક અને અલોક. આહાહા! ઐસે આકાશ જો વ્યાપક હૈ ઉસમેં ગમે તેટલા ચિતરામણ, કૌનસા ઉદય ધુમાડા નીકળે, અગ્નિ બળે તે, આકાશકો છૂતે હૈં વહ? (શ્રોતા : નહીં) સમજમેં આયા? ઐસે ભગવાન આત્મા, ઈતની ચીજ હૈ પણ ઉસસે અનંતગુણી કાળની ચીજ હો, તો પણ આત્મા જાનનેકી શક્તિ રખતે હૈં. છદ્મસ્થમેં હોં શ્રુતજ્ઞાનમેં, એમ કહતે હૈં યહાઁ. આહાહા! સ્વભાવકી મહિમા આહા! સમજમેં આયા?

सबनिसौं अलिप्त आकास-खंडवत है, सबरुपसौ, સબરૂપ થાય છે એટલે કે જ્ઞેયાકારરૂપ જ્ઞાન થાય છે, હોતા હૈ, પણ જ્ઞેયરૂપે હોતા નહીં. સમજમેં આયા? सबनिसौं अलिप्त आकास-खंडवत है. આકાશ જેમ અલિપ્ત પડા હૈ. લોકાકાશ સિવાયકા આકાશ તો એકલા આ સાવ વસ્તુકા સંગ્રહ વિનાકી ચીજ હૈ. આ તો એક એટલું ખંડ આતા હૈ નાનો, દેખો. ઉસમેં લોક હૈ સારા, તો ભી આકાશકા ખંડમેં કુછ ઉસકા અસર હૈ (નહીં). આહાહા! સમજમેં આયા? સારા આકાશ હૈ અરૂપી અસ્તિ સ્વભાવવાળા અવગાહન દેનેકી શક્તિવાળા. નિશ્ચયસે અવગાહન અપનેમેં અપને હી રખતે હૈં. ઐસા આકાશ ઉસકા એક ખંડ ભાગ બ્રહ્માંડ હૈ, આ ૧૪ રાજુ. તો ઉસમેં ૧૪ રાજુમેં બહુ ગમે તે બનો, કસાઈખાનાં બને, ઐસા બને, પાપી હો, ગૃહીત મિથ્યાદૃષ્ટિ હો, નિગોદ પણ, વહ આકાશમેં કુછ હોતા (નહીં). આહાહા! સમજમેં આયા? આરે ભારે ભાઈ!

सबनिसौं अलिप्त आकास-खंडवत है. खंडवतનો અર્થ આવો કર્યો. થોડો છે ને આટલો આ. ૧૪ બ્રહ્માંડમાં શું થોડો? હવે આખો આકાશ છે એમાં એને, આમાં આ છે માટે આને કાંઈ ફેર-લેપ છે કંઈ આ? લોકનો લેપ છે ઉસમેં? (શ્રોતા : જરાય નહીં). આહાહા! ઐસે આત્મા અનંત બેહદ જ્ઞાનસ્વરૂપ જેમ અલોક હૈ, ઐસા દ્રવ્ય હૈ. પણ ઉસકી પર્યાયમેં તો થોડા ભાગ આયા, ઉસમેં ભી સારી વિચિત્રતા દેખનેમેં આતી હૈ, છતાં રાગરૂપ જ્ઞાનકી પર્યાય હોતી (નહીં). આહા! સમજમેં આયા? આહા! આ ઉસકા નામ ભેદજ્ઞાન, ઉસકા નામ સંવર, ઉસકા નામ ધર્મ. ભારે ધર્મ ભાઈ! અહિંસા પાળે તો ધર્મ, દયા પાળે તો ધર્મ, ભક્તિ કરે તો.....

सो है ग्यानभान सुद्ध संवरकौ भेष धरै, सो है ग्यानभान. સૂર્ય ચૈતન્ય ભગવાન. ભાનુ—જ્ઞાનકા ભાનુ પ્રભુ ચૈતન્ય સૂર્ય અનાદિ અનંત ધ્રુવ. વહ ग्यानभाव सुद्ध संवरकौ भेष धरै. એ રાગસે ભિન્ન, વિકલ્પસે ભિન્ન, ઐસી દશામેં સંવર નામ વિતરાગી દશાનો ભેખ દ્રવ્યે ધાર્યા હૈ. પર્યાય હૈ ને આ સંવર. આહાહા! સમજમેં આયા? ઓહોહો! કહતે હૈં કે ઈતના જ્ઞાનસ્વભાવ હૈ ઉસકા, સમજમેં આયા? આકાશકા અંત નહીં, ઐસે વર્તમાન પર્યાયમેં ઐસા અંત બિનાકા જ્ઞાન હુઆ તો વહ જ્ઞાનકી પર્યાયમેં

સબ જાનનેમેં આયા. ઐસા સંવર જ્ઞાનકી નિર્મળ પર્યાયકા દ્રવ્ય સ્વભાવ ત્રિકાળે ભેખ ધારણ કિયા હૈ. સમજમેં આયા?

એ કાયમ રહેનેવાલી ચીજ નહીં સંવર, ક્યુંકી ઉસકા અભાવ હોકર કેવળજ્ઞાન હો જાયેગા, સિદ્ધ હો જાયેગા. ક્યોંકિ કેવળજ્ઞાન ભી એ ભી દ્રવ્યકી ભેખ હૈ. આહાહા! કેવલજ્ઞાન સિદ્ધપદ પરમાત્મપદકી પર્યાય પ્રગટ હો, વહ ભી ત્રિકાળી દ્રવ્યમેં તો એક ભેખ હૈ. સાદિ અનંત ભેખ હૈ. સમજમેં આયા? આહાહા! सोहै ग्यानभान सुद्ध संवरकौ भेख धरै—શુદ્ધ સંવરકો ભેખ. જુઓ, આસ્રવનો ભેખ ધારણ કર્યો'તો. આસ્રવકા ભેખ ધારણ કિયા થા, અજ્ઞાનભાવ. રાગસે કલ્યાણ હૈ, રાગ મેરી ચીજ હૈ ને પુણ્યસે મેરે લાભ હૈ, વ્યવહાર કિયા કરતે કરતે મેરે ધર્મ હોગા, ઐસા જો મિથ્યાત્વભાવ થા, વહ ભી એક ભેખ થા મલિન. ઉસકા નાશ કરકે संवरकौ भेख धरै. ताकि रुचि-रेखकौ हमारी दंडवत है. આહાહા! દેખો.

કહે છે, वह ज्ञानरूपी सूर्य शुद्ध संवरके भेषमें है, उसकी प्रभाको हमारा प्रणाम है. જેની રુચિ રેખા, આહાહા! સમ્યક્દર્શનની રુચિ ને એમાં જ્ઞાનકી રેખા નીકળી. उसमें हमारा दंडवत है–ઉસકો હમારા દંડવત્ હૈ. ઉસકો હમ નમન કરતે (હૈ). આહાહા! રાગ આદિ પુણ્ય આદિકો નમને કરતે નહીં. હમારા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ચૈતન્ય સૂર્ય ધ્રુવ ઉસમેંસે જો વિકાસ હુઆ શાંતિ અને આનંદકી દશા, ભેદજ્ઞાનકી દશા પ્રગટ હુઈ, એની સાથે એક ઐસા અંશકો ભી મૈં નમન કરતા હૂઁ, કહે છે. આહા! સમજમેં આયા? જુઓ, हमारी दंडवत है. આ મંગલાચરણ કિયા સંવર.

વહ હૈ ને અધ્યાત્મસંગ્રહ. શું કહેવાય? 'અધ્યાત્મતરંગિણી.' ઉસમેં તો આ સંવર અધિકારમેં તો ઓમ્ સત્ પડા હૈ. બીજે ઐસા શબ્દ નહીં લિયા હૈ. ઓમ સત્. ભેદજ્ઞાન નયા કરના હૈ ને. ઓમ્ એમ શબ્દ હૈ કાંઈક. આહા! સંવર. એમાં છે જુઓ. ૐ નમઃ अथ संवरं सूचयति, એમ ન્યાં શરૂ કર્યું. અથ શબ્દ છે ને. અથ આવ્યું'તું ક્યાંક. ઓમ નમઃ કરીને શરૂ કર્યું છે. ઓમ નમઃ પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન મારા ઉસકો મૈં નમન કરતા હૂઁ. ઉસકી સ્થિતિમેં મેરા ઝુકાવ હૈ, વહ હી સંવર હૈ. વસ્તુ સ્વભાવમેં ઝુકાવ હુઆ વહ હી ધર્મ અને સંવર હૈ. આરે ભારે વાત આવી!

પરરૂપ તો છે ને. સંવરનું નિત્ય વિજય થયો. હા, એટલું રહી ગયું છે એમાં હોં, ઓલું આસ્રવનો હતો એ વિજય હતો અનાદિનો, પણ વહ તો નાશ હો ગયા અને સંવરકા તો નિત્ય વિજયં. એમ છે ને ભાઈ અંદર. એ થયું ને બ્રહ્માંડવત્માં સંસ્કૃતમાં છે ને. એ શબ્દાર્થ હોય ત્યારે વધારે જરીક પણ. આ તો પદ છે ને. એટલે અમુક શબ્દ કહે.

એ આવી ગયું. ब्रह्मांडको विकासी ब्रह्मांडवत है. નિત્ય જિસકા વિજય હુઆ. હુઆ હી હુઆ, એમ કહતે હૈં. રાગકા મનસે, તનસે ભિન્ન હોકર ભગવાન આત્મા સંવરમેં આયા, શુદ્ધતાકી દશા પ્રગટ હુઈ, ઐસા સંવરકા હી નિત્ય વિજય હૈ. ઉસકા હી વિજય હૈ. હવે રાગ અને પુણ્યકા વિજય થાય, ઉસકા ઝંડા તોડ ડાલા. શેઠી! વહ રાજા હોય ને તો ઉસકે ઝંડા હોય ને ઝંડા. એક ઠેકાણે ઘણે દિવસ થયા માણસ મરી ગયા. રાજા મરી ગયા એમાં. મર ગયા થા ન રાણપુરમેં. (શ્રોતા : આસ્રવ યોદ્ધાકા નાશ કર દિયા). યોદ્ધાકા નાશ કર દિયા.

'મૈં આત્મા અનંત હૂઁ, વિકલ્પસે રહિત હૂઁ. પુણ્ય-પાપસે મેરા ચીજ કોઈ લિપ્ત નહીં. પુણ્ય-પાપકા વિકલ્પસે ભી મેરે લિપટા નહીં'. ઐસી ચીજ હૈ ભગવાન. એય પોપટભાઈ ! આહાહા! માણસને સત્ સાંભળ્યું નથી એટલે એં...એં...એં કરે. પામરતા કરી ને બહારમાં. (શ્રોતા : આ ક્યા દેશની વાત છે?) આ આત્માના દેશની. 'હમ પરદેશી પંખી સાધુ. હમ પરદેશી પંખી સાધુ. આર્યદેશના નાહિં રે. હમ પરદેશી પંખી સાધુ. આર્યદેશકે નાહિં રે. એ રાગ ને ભરતક્ષેત્રના અમે નહીં, એમ કહે છે સમજાય છે કાંઈ? અમારો દેશ તો આનંદનો ધામ ભગવાન બિરાજમાન આત્મા. પૂર્ણાનંદકા નાથ, એ હમારા ધામ, યે હમારા દેશ હૈ, આ દેશ નહીં. સમજમેં આયા? માળે પણ પદે કેવા રચ્યાં, જુઓને! ઓલું થોડું એમાંથી લઈએ ને રાજમલ્લજી.....વિજય હુઆ.

'सम्पादयत्संवरम् व्यावृत्तं पररुपतो इति' (શ્રોતા : પરરૂપ થયા નહીં. વ્યાવૃત થયા) ઓલામાં તો એ અર્થ કર્યો ઈ કે જ્ઞેયાકાર હુએ છતે જ્ઞાન જ્ઞેયાકાર હુઆ નહીં. ઈ પરરૂપે, પરરૂપ એટલે ઈ. હવે ઓલામાં હવે થોડુંક લીધું. આસ્રવ ન હુઆ. 'नियमितं सम्यक्स्वरूपे स्फुर ज्ञोतिश्चिन्मयमुज्ञवलं निजरसप्राग्भारमुज्ज्रन्मभते'. આહાહા! અનંતુ અનંતુ જ્યાં જ્ઞાનનું તેજ જ્યાં પ્રગટ હુઆ, ઉસકા ભાર પ્રાગભાર મહાબોજો હૈ. વહ બોજો રાગ સહન કરી શકે (નહીં). જ્ઞાન સહન કરી શકે. લ્યો, આ જ્ઞાનભાનુ. ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય અપની શક્તિસે સંવર પ્રગટ કિયા ને ધર્મ પ્રગટ કિયા તો ઉસકી ધર્મકી આ દશા હૈ. આહાહા! ભારે કામ ભાઈ! સમજાય છે કાંઈ?

આહીં તો કહે છે કે ત્રણ લોકના નાથ ભગવાન પરમેશ્વર વીતરાગ કેવળી એક સમયમેં તીનકાલ જાને વહ ભી મેરા ભગવાન નહીં. મેરા ભગવાન તો મેરી પાસ પૂર્ણ પડા હૈ બસ. મેરા ભગવાનકી અપેક્ષાએ વહ તો પરરૂપ હૈ. આરે ભારે વાત ભાઈ! સમજમેં આયા? 'तिन्नाण तारयाणं' આવે છે ને. એ બધા વ્યવહારનાં શબ્દો એવા હોય, વ્યવહારનાં કથનો. 'तिन्नाण तारयाणं'—પોતે પોતાને તરે ને તારે. આહાહા! ઐસા અંતરજ્ઞાનભાનુ, પુણ્યપાપકા વિકલ્પસે ભિન્ન હોકર જ્યાં સ્વરૂપકા ભાન હુઆ, ઐસા

હમારો દંડવત્ હૈ, ઉસકો મૈં નમસ્કાર કરતા હૂઁ લ્યો. ઐસી ગુણ દશાકો મેરા નમસ્કાર હૈ. ભેખકા બહાર હૈ ને સાધુકા ને વિકલ્પ ને પંચમહાવ્રત ને ઉસકો નમસ્કાર નહીં મેરા, એમ કહતે હૈં. પરકો તો નહીં પણ મેરે મેરા જ્ઞાન પ્રગટ હુઆ ઉસકો મેરા નમસ્કાર નહીં, એમ કહતે હૈં. લો એક શ્લોક હુઆ. ત્રીજો. પદ ત્રીજું અને કળશ બીજો કળશ હૈ ને આ બાજુ.

चैद्रूप्यं जड़रूपता च दधतोः कृत्वा विभागं द्वयो–
रन्तर्दारुणदारुणेन परितो ज्ञानस्य रागस्य च।
भेदज्ञानमुदेति निर्मलमिदं मोदध्वमध्यासिताः
शुद्धज्ञानघनौघमेकमधुना सन्तो द्वितीयच्युताः ।।२।।

આહાહા! એનું પદ છે. આ કળશ છે, એનું પદ છે.

ભેદવિજ્ઞાનનું મહત્ત્વ (સવૈયા તેવીસા)

सुद्ध सुछंद अभेद अबाधित,
भेद-विग्यान सुतीछन आरा।
अंतरभेद सुभाव विभाऊ,
करै जड़–चेतनरूप दुफारा।।
सो जिन्हके उरमैं उपज्यौ,
न रुचै तिन्हकौं परसंग-सहारा।
आतमको अनुभौ करि ते,
हरखैं परखै परमातम-धारा।।३।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**સુદ્ધ(શુદ્ધ)=નિર્વિકાર. સુછંદ(સ્વચ્છંદ)=સ્વતંત્ર. અભેદ=ભેદ-રહિત—એક. અબાધિત=બાધા રહિત. સુતીછન(સુતીક્ષ્ણ)=અતિશય તીક્ષ્ણ. આરા=કરવત. દુફારા=બે ભાગ.

**અર્થ :—**શુદ્ધ, સ્વતંત્ર, એકરૂપ, નિરાબાધ, ભેદવિજ્ઞાનરૂપ તીક્ષ્ણ કરવત અંદર પ્રવેશીને સ્વભાવ–વિભાવ અને જડ–ચેતનને જુદા જુદા કરી નાખે છે. તે ભેદવિજ્ઞાન જેમના હૃદયમાં ઉત્પન્ન થયું છે તેમને શરીર આદિ પરવસ્તુનો આશ્રય રુચતો નથી, તેઓ આત્મ–અનુભવ કરીને પ્રસન્ન થાય છે અને પરમાત્માનું સ્વરૂપ ઓળખે છે.

**ભાવાર્થ :—**જ્ઞાન પરભાવથી રહિત છે તેથી શુદ્ધ છે, નિજ–પરનું સ્વરૂપ બતાવે છે

તેથી સ્વતંત્ર છે, એમાં કોઈ પરવસ્તુનો મેલ નથી તેથી એક છે, નય–પ્રમાણની એમાં બાધા નથી તેથી અબાધિત છે. આ ભેદવિજ્ઞાનની તીક્ષ્ણ કરવત જ્યારે અંદર પ્રવેશ કરે છે ત્યારે સ્વભાવ–વિભાવનું પૃથક્કરણ કરી નાખે છે અને જડ–ચેતનનો ભેદ બતાવે છે. તેથી ભેદવિજ્ઞાનીઓની રુચિ પરદ્રવ્યમાંથી ખસી જાય છે. તેઓ ધન, પરિગ્રહ આદિમાં રહે તોપણ ખૂબ આનંદથી પરમતત્ત્વની પરીક્ષા કરીને આત્મિક રસનો આનંદ લે છે. ૩

**अर्थ** :–शुद्ध, स्वतंत्र, एकरूप, निराबाध, भेदविज्ञानरूप तीक्ष्ण करौंत भीतर प्रवेश करके स्वभाव-विभाव और जड़-चेतनको जुदे जुदे कर देता है। वह भेद-विज्ञान जिनके हृदयमें उपजा है उन्हें शरीर आदि पर वस्तुका आश्रय नहीं सुहाता, वे आत्म-अनुभव करके प्रसन्न होते हैं और परमात्माका स्वरूप पहचानते हैं।

भावार्थ :–ज्ञान, परभावसे रहित है इसलिए शुद्ध है, निज-परका स्वरूप बतलाता है इसलिये स्वच्छंद है, इसमें कोई पर वस्तुका मेल नहीं है इसलिये एक है, नय-प्रमाणकी इसमें बाधा नहीं है इसलिए अबाधित है सो इस भेदविज्ञानकी पैनी करौंत जब अंतरमें प्रवेश करती है तब स्वभाव-विभावका पृथक्करण कर देती है और जड़-चेतनका भेद बतलाती है। इससे भेदविज्ञानीयोंकी रुचि परद्रव्यसे हट जाती है। वे घन परिग्रह आदिमें रहें तो भी बड़े हर्षसे परम तत्त्वकी परीक्षा करके आत्मिक रसका आनंद लेते हैं।।३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ઐસા હિંદી હૈ. ઈતના વરસસે પડા હૈ પુસ્તક. યહાઁ તો ૨૫૦૦ છપા, ખલાસ હો ગયા. યહ અભી બહાર આયા, ત્યાં તો ખલાસ હો ગયા. કહો, પણ કોણ માણસ કો'ક કહેતું હતું?..... નાટક ભાઈ આ તે. દૂલીચંદજી. તુમ કહતે થે ને વહ નાટક.... (શ્રોતા : ઢુંઢારીકા ભાવ.......) એક તો ન્યાં પહોંચ ગયા ને, એક તો પહોંચ ગયા હૈ. દુલીચંદજી પાસ. એક પુસ્તક ગયા હૈ. (શ્રોતા : .........) ઠીક ન્યાં છે, અચ્છા.

કહતે હૈ, सुद्ध सुछंद अभेद अबाधित, भेद-विग्यान सुतीछन आरा, દેખો. આહાહા! (શ્રોતા : ભેદવિજ્ઞાનની તીક્ષ્ણ આરા). આહાહા! પુણ્ય-પાપકા વિકલ્પ જો રાગ હૈ ઉસસે ભિન્ન પડનેવાલા ભેદજ્ઞાન, હૈ તો પર્યાય, હૈ તો દશા. જૈસે રાગ આદિ ભાવ દશા હૈ મલિન, ઐસે રાગસે ભિન્ન હોકર અંતર્મુખ હોકર જો ભેદજ્ઞાનકી દશા પ્રગટ હુઈ. હૈ તો દશા-અવસ્થા-પર્યાય-હાલત. ત્રિકાળ કી અપેક્ષાસે અંશ, પણ હૈ શુદ્ધ. એ શુદ્ધ હૈ જ્ઞાન. અપના સ્વભાવ સન્મુખ હોકર, રાગસે વિમુખ હોકર વિકલ્પકી જાળ જો હૈ ભક્તિ આદિકા પરિણામ, વહ ભી વિકલ્પ-જાળ હૈ.

કહો, આ સમ્મેતશિખરકા એકવાર દર્શન કરે તો, નથી આવતું ક્યા હૈ? એક વાર

દર્શન કરે તો શું? (શ્રોતા : એકવાર વંદે......) એક વાર વંદે જો કોઈ, પછી પશુ કે નરક ન હોય તે ઉસમેં ક્યા આયા? એ તો શુભભાવ હો તો એક-દો એકાદ ભવમેં પશુ કે નરક ન હો. પણ કોઈ ધર્મ ચીજ નહીં. (શ્રોતા : બીજું સમ્મેતશિખર ગોતો) સમ્મેતશિખર આ છે. સમ્મેતશિખર તો ભગવાન અનંત અનંત પર્યાયમેં મુક્તિ પાનેવાલા આત્મા હૈ યહાઁ, એ સમ્મેતશિખર હૈ. આહાહા! અહો, કૈસા હૈ ભગવાન ભેદજ્ઞાન? રાગ ને વિકલ્પસે ભિન્ન પડ્યા, આત્માકા આશ્રય લિયા, ઐસા જો સમ્યક્જ્ઞાન વહ શુદ્ધ હૈ, એ સ્વચ્છંદ હૈ, સ્વતંત્ર સ્વચ્છંદ હૈ. સ્વચ્છંદી એ જ્ઞાન હૈ. અપને જ્ઞાન કે આશ્રયસે જ્ઞાન પરિણમતા હૈ, રાગકા આશ્રય લેતે નહીં. આહાહા! પરકા સહારા નહીં. સમજમેં આયા?

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, ઉસમેંસે વિકલ્પસે ભિન્ન પડકે અપના ભેદજ્ઞાન હુઆ, વહ જ્ઞાન સંવર હૈ. આસ્રવ નામ મલિન પરિણામકી ઉત્પત્તિ હોને દેતે નહીં. વહ ભેદજ્ઞાન જો હૈ, વહ હી સ્વતંત્ર ને સ્વચ્છંદી હૈ. સવળા આત્મા સ્વચ્છંદી હૈ. એ જ્ઞાનકી પર્યાયકો તો ગિનતી નહીં. જિસ બાતસે તીર્થંકર ગોત્ર બંધે, વહ ભી ગિનતી નહીં. નહીં, તુમ ભી આસ્રવ હૈ. (શ્રોતા : તુમ નહીં હમ). કહો સમજમેં આયા? લોકો તો ખુશી થઈ જાય કે આહાહા! તીર્થંકર ગોત્ર બાંધે, તીર્થંકર થાય. મોટા સો ઈન્દ્ર પૂજે. સમવસરણની અંદરમાં કેવળી પરમાત્મા થાય. ધર્મની સભા, પણ એમાં આત્માને ક્યા હુઆ? આહાહા! (શ્રોતા : અલૌકિક બાત હૈ) લૌકિકમેંસે નીકલને કો અલૌકિકકી બાત હોતી હૈ ને. આહાહા! કહતે હૈં કે, ભેદજ્ઞાન કૈસા હૈ? હોં વહ શુદ્ધ હૈ, સ્વચ્છંદી હૈ, સ્વતંત્ર હૈ. અપના શુદ્ધકા અવલંબનસે જો સંવર પ્રગટ હોતા હૈ, ઉસમેં વ્યવહાર અને નિમિત્તકી કુછ અપેક્ષા નહીં, એમ કહતે હૈં. સમજમેં આયા?

सुद्ध सुछंद अमेद अबाधित—અભેદનો અર્થ એકરૂપ છે. જો આસ્રવ અનેકરૂપ વિકલ્પ હોતે થે ને, ઉસમેં ભગવાન આત્મા ધ્રુવસ્વરૂપ પ્રભુ ઉસકા આશ્રય લેનેસે એકરૂપ શુદ્ધ દશા ઉત્પન્ન હોતી હૈ. સમજાય છે કાંઈ? અભેદમાં એ શુદ્ધતાના અંશ ભલે વધે, પણ વહ એકરૂપ શુદ્ધતાકી દશા એકરૂપ હૈ. વિકલ્પમેં અનેકરૂપતા થી વહ હૈ નહીં. આરે! આ તો બધી ભાષા યે જાણે ગ્રીક-લેટિન જેવી. અભેદ—ભેદ નહીં. વહ રાગસે ભેદ પડતા થા ને. પડતે થે, વહ સ્વભાવકી સન્મુખ હોકર પર્યાય અભેદ હુઈ. અભેદકા અર્થ કે એકરૂપ રહેતી હૈ. શુદ્ધરૂપ રહે એકરૂપ. ચાહે તો વધે તો પણ એકરૂપ રહેતી હૈ, ખંડ હોતા નહીં. આહા! અબાધિત—ઉસકો બાધા-વિઘ્ન કરનેવાલી ચીજ કોઈ હૈ નહીં દુનિયામાં. આહાહા!

કહતે હૈં કે ભાઈ, કર્મ ઐસા આવે ને કર્મ. અરે! પણ કર્મ આવે નહીં, ને તેરેમેં

તો કર્મ હૈ નહીં. વહ તો કર્મકી પર્યાય ભી તેરેમેં હૈ નહીં. કહાઁસે આવે? તેરેમેં તો આનંદ ને જ્ઞાન હૈ. તો ફિર ઐસે માને કે કર્મ ઐસા આતે હૈં ને તો. પણ હવે ક્યાં માંડી તું? આત્મા તું નથી ઐસા માંડી એ તો. કર્મ હૈ ને મૈં નહીં. કર્મ હૈ, મૈં નહીં. આહિં તો મૈં હૂઁ અને કર્મ મેરેમેં નહીં. પોપટભાઈ! પોપટ ઉડે એટલે પછી એને કાંઈ ભૂંગળીમાં ચોંટેને આમ. કોઈએ પકડ્યો નથી. આમ છોડે તો તો ન્યાં તો આમ ને આમ ઉડી જાય પાછો સીધો. આમ ભૂંગળી હોય ને ભૂંગળી. પોપટ પકડે તે આમ થઈ જાય. એ મને કો'કે પકડ્યો. કોઈએ પકડ્યો નથી સાંભળને!

એ વિકલ્પમેં તેં પકડ્યા હૈ તેરી માન્યતાસે. વિકલ્પરૂપ હુઆ હી નહીં કભી તીનકાલ. માન રખા હૈ કી 'મૈં વિકલ્પ હૂઁ, મેલા હૂઁ, મૈં અશુદ્ધ હૂઁ', વહ હી મિથ્યાત્‌ભાવ હૈ. આહાહા! અબાધિત ઉસકો વિઘ્ન કરનેવાલી કોઈ ચીજ નહીં. ઐસા ભેદવિજ્ઞાન સુતીક્ષ્ણધારા, ચક્રધારા. રથ હાલેને. આખા પૈડાવાળા સોનાના હોય ને રતનનાં, ખણ ખણ ખણ ચાલે તીક્ષ્ણ. એવી ભેદવિજ્ઞાન, પુણ્ય-પાપકા વિશ્રવ-આશ્રયસે ભિન્ન ઐસી અપની ચીજકા અવલંબનસે પુષ્ટિસે નિર્મળ દશા હુઈ, વહ સુતીક્ષ્ણ ધારા હૈ. વિશેષ કહેગા.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

---

એ વસ્તુમાં બે ભાગલા પાડીને જ્યારે વાત કરવી હોય, પણ પર વસ્તુથી જુદી પાડીને કહેવું હોય ત્યારે તો એ આત્મા પોતાનાં પરિણામનો કર્તા, એ ક્રિયા એની અને એનો કર્તા એ આત્મા. પણ એક ત્રિકાળ રહેનારી ચીજ અને એક અવસ્થા પૂરતી એક સમયની દશા, એવા બેને જ્યારે જુદા સમજાવવા હોય અને ધ્રુવનું માહાત્મ્ય કરાવવા આમાં ઠરવાનું કહેવું હોય, ત્યારે તે ઠરનારી પર્યાય તે ધ્રુવમાં નથી. ભાઈ, એને અપેક્ષાથી જે સ્વરૂપનાં જ્ઞાનની અપેક્ષા છે, તે અપેક્ષાએ તેને જાણવું જોઈએ. જે પડખે જે રીતથી કહે છે, તે રીતે તેનું જ્ઞાન કરવું જોઈએ.

**નાટક સમયસાર પ્રવચન નં. ૫૨નો અંશ**

## પ્રવચન નં. ૬૬, ચૈત્ર સુદ ૧૧, મંગળવાર, તા. ૬-૪-૧૯૭૧
## સંવર દ્વાર પદ ૩, ૪ ઉપર પ્રવચન

ત્રીજું પદ છે.

सुद्ध सुछंद अभेद अबाधित,
भेद-विग्यान सुतीछन आरा।
अंतरभेद सुभाव विभाऊ,
करै जड़—चेतनरूप दुफारा॥
सो जिन्हके उरमैं उपज्यौ,
न रुचै तिन्हकौं परसंग-सहारा।
आतमको अनुभौ करि ते,
हरखैं परखै परमातम-धारा॥३॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**સુદ્ધ(શુદ્ધ)=નિર્વિકાર. સુછંદ(સ્વચ્છંદ)=સ્વતંત્ર. અભેદ=ભેદ-રહિત—એક. અબાધિત=બાધા રહિત. સુતીછન(સુતીક્ષ્ણ)=અતિશય તીક્ષ્ણ. આરા=કરવત. દુફારા=બે ભાગ.

**અર્થ :—**શુદ્ધ, સ્વતંત્ર, એકરૂપ, નિરાબાધ, ભેદવિજ્ઞાનરૂપ તીક્ષ્ણ કરવત અંદર પ્રવેશીને સ્વભાવ-વિભાવ અને જડ-ચેતનને જુદા જુદા કરી નાખે છે. તે ભેદવિજ્ઞાન જેમના હૃદયમાં ઉત્પન્ન થયું છે તેમને શરીર આદિ પરવસ્તુનો આશ્રય રુચતો નથી, તેઓ આત્મ-અનુભવ કરીને પ્રસન્ન થાય છે અને પરમાત્માનું સ્વરૂપ ઓળખે છે.

**ભાવાર્થ :—**જ્ઞાન પરભાવથી રહિત છે તેથી શુદ્ધ છે, નિજ-પરનું સ્વરૂપ બતાવે છે તેથી સ્વતંત્ર છે, એમાં કોઈ પરવસ્તુનો મેલ નથી તેથી એક છે, નય-પ્રમાણની એમાં બાધા નથી તેથી અબાધિત છે. આ ભેદવિજ્ઞાનની તીક્ષ્ણ કરવત જ્યારે અંદર પ્રવેશ કરે છે ત્યારે સ્વભાવ-વિભાવનું પૃથક્કરણ કહી નાખે છે અને જડ-ચેતનનો ભેદ બતાવે છે. તેથી ભેદવિજ્ઞાનીઓની રુચિ પરદ્રવ્યમાંથી ખસી જાય છે. તેઓ ધન, પરિગ્રહ આદિમાં રહે તોપણ ખૂબ આનંદથી પરમતત્ત્વની પરીક્ષા કરીને આત્મિક રસનો આનંદ લે છે. ૩

**अर्थ** :–शुद्ध, स्वतंत्र, एकरूप, निराबाध, भेदविज्ञानरूप तीक्ष्ण करौंत भीतर प्रवेश करके स्वभाव-विभाव और जड़-चेतनको जुदे जुदे कर देता है। वह भेद-विज्ञान जिनके हृदयमें उपजा है उन्हें शरीर आदि पर वस्तुका आश्रय नहीं सुहाता, वे आत्म-अनुभव करके प्रसन्न होते हैं और परमात्माका स्वरूप पहचानते हैं।

**भावार्थ** :–ज्ञान, परभावसे रहित है इसलिए शुद्ध है, निज-परका स्वरूप बतलाता है इसलिये स्वच्छंद है, इसमें कोई पर वस्तुका मेल नहीं है इसलिये एक है, नय-प्रमाणकी इसमें बाधा नहीं है इसलिए अबाधित है सो इस भेदविज्ञानकी पैनी करौंत जब अंतरमें प्रवेश करती है तब स्वभाव विभावका पृथक्करण कर देती है और जड़-चेतनका भेद बतलाती है। इससे भेदविज्ञानीयोंकी रुचि परद्रव्यसे हट जाती है। वे घन परिग्रह आदिमें रहें तो भी बड़े हर्षसे परम तत्त्वकी परीक्षा करके आत्मिक रसका आनंद लेते हैं।।३।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

શું કહે છે? જેને વાસ્તવિક આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે અને પુણ્ય-પાપના શુભ-અશુભ રાગ, તે વિકાર જડ—અચેતન છે. એમ જેને અંતરમાં ભેદજ્ઞાન—બેની જુદાઈ અનુભવમાં આવી. વહ ચાલતે હૈ ત્રીજા પદ. એ ભેદવિજ્ઞાન. ભેદવિજ્ઞાનનો અર્થ આ શરીર, વાણી, મન તો જડ અજીવ છે; પણ અંદર પુણ્ય-પાપ વિકલ્પ ઉઠે છે, એ પણ વિકાર-દોષ-અપરાધ છે. એનાથી ભિન્ન ચૈતન્ય છે. શુદ્ધ આનંદનું ધામ એકલો જ્ઞાનરસ. એવું જેને ધર્મનું, રાગ ને સ્વભાવથી ભિન્ન પડીને ભાન થયું છે, એ શુદ્ધ સ્વરૂપે ભેદવિજ્ઞાન છે. એ રાગથી, પુણ્ય-પાપથી જુદો, એવું ભાન થતાં એ ભાવ શુદ્ધ છે. શુભભાવ એ રાગ છે, એનાથી ભિન્ન પડેલું ભાન તે શુદ્ધ છે, એમ કહ્યું છે. ધર્મની પહેલી શરૂઆત.

सुछंद છે. સુછંદ છે. એ રાગ ને વિકલ્પથી ચૈતન્ય પ્રભુ ભિન્ન ભાનમાં આવતાં એ સુછંદ છે. એ રાગને નિમિત્ત ને સહારો લેતું (નથી). અભેદ છે. છે ને અંદર? ભેદ રહિત એક છે, એમ. એટલે કે શુભ-અશુભ રાગ છે, વિકલ્પો છે, એ તો અનેક છે. એનાથી અંતરમાં સ્વભાવનું ભાન થતાં જે અભેદ નામ એકરૂપ જ્ઞાન શુદ્ધ પ્રગટ્યું, એ એકરૂપ દશા રહે છે. એમાં અનેકતા, વિવિધતા, વિકાર થતો નથી. આ ઝીણી વાત છે! સમજાણું કાંઈ? ધર્મ એટલે આત્માની શાંતિના પંથે પડતો, મુક્તિના પૂર્ણ શુદ્ધના રસ્તે જતો, એવો ભેદવિજ્ઞાની ધર્મી જીવ, ભલે ગૃહસ્થાશ્રમમાં હો, રાજપાટમાં દેખાય. છતાં એ પોતાના શુદ્ધ સ્વરૂપમાં એકાકાર દૃષ્ટિ છે, એમાં એને ભંગ-ભેદ પડતો નથી. આરે, આરે! અબાધિત છે. એના અંતર સ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના ભાન દ્વારા, એને કોઈ વિઘ્ન કરે એવી ચીજ છે (નહીં).

'भेदविज्ञान सुतीछन आरा'. ત્યાં સુધી આવ્યું'તું. જેમ શેરડી હોય છે ને ગન્ના, ગન્ના, શેરડી. એનો કૂચો અને રસ જુદો પાડે ત્યારે એને રસનો સ્વાદ આવે. એમ પુણ્ય અને પાપ, શુભ-અશુભ વિકલ્પ રાગ...પાઠ છે ને 'चैद्रूप्यं जड़रूपतां च दधतोः कृत्वा

विभागं द्वयो'. લ્યો સંસ્કૃત છે, એનો અર્થ છે. ઝીણી વાત છે ભાઈ! ધર્મ લોકો માને છેને, એવું ધર્મનું રૂપ નથી. સમજાણું કાંઈ? ભક્તિ કરવી, ભગવાનની પૂજા કરવી કે દયા પાળવી, વ્રત પાળવા, ઉપવાસ કરવા; એ કોઈ ધર્મ નથી. એ તો એક શુભ વિકલ્પ છે, રાગ છે. (શ્રોતા : ધર્મનું કારણ તો થાય ને?) કારણ-ફારણ (કાંઈ નહીં), રાગ તે કારણ થાય? ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. શુદ્ધ ધ્રુવ ચૈતન્ય પિંડ છે. એને રાગથી પૃથક્ કરીને ભાન થાય, તે શુદ્ધ સ્વચ્છંદ સ્વતંત્ર એક અને તીક્ષ્ણધારા એ જ્ઞાનની, જે ચૈતન્ય ને જડને બે જુદા અનુભવે. ઝીણી વાત છે! સમજાય છે કાંઈ?

'भेदविग्यान सुतीछन आरा'...તીક્ષ્ણ આરા છે ને કરવત, કરૌંત, કરૌંત, કરવત હોતી હૈ ને. જેમ લાકડા ઉપર કરવત મૂકતાં બે ભાગ પડી જાય. એમ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ અને પુણ્ય-પાપનો વિકલ્પ જે ઉઠે વૃત્તિ રાગ, બેને ભિન્ન પાડવા એ ભેદવિજ્ઞાનરૂપી કરવત છે. કરવત છે. આહાહા! સમજાણું કાંઈ? 'अंतरभेद सुभाव विभाऊ'. અંદરમાં ધર્મી જીવને વિભાવ અને સ્વભાવની જુદાઈ ભાસે છે. આહાહા! આત્મા આનંદસ્વરૂપ છે તે સ્વભાવ છે, એવું આનંદનું ભાન થાય, સ્વાદ આવે અને વિભાવનું જે વિકલ્પ ઉઠે, તે વિકાર છે. બેનું અંદરમાં ભેદ પડે છે. ધર્મી જીવ એને કહીએ કે જેને રાગ, સ્વભાવથી ભિન્ન ભાસે અંદરમાં. રાગની વૃત્તિ ઉઠે, ભક્તિ-દયા-દાન, આ કહેવું-સાંભળવું, એ વૃત્તિ હોય છે રાગ. પણ રાગથી ચૈતન્ય સ્વભાવ ભિન્ન ભાસે અને ચૈતન્ય સ્વભાવથી રાગ ભિન્ન ભાસે. આહાહા! એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, ભેદજ્ઞાન અને એને ધર્મ કહેવામાં આવે છે.

'अंतरभेद सुभाव विभाऊ करै जड़ चेतनरूप दुफारा'. આમ બે ફાડ કરે, બે કટકા કરે કટકા. दुफारा છે ને? દુફારાકા ક્યા અર્થ કિયા હૈ? દો હિસ્સે, દો ભાગ. એક જ્ઞાનાનંદનો ભાગ અને એક રાગનો વિકલ્પનો ભાગ. કેમકે રાગ ને વિકાર તો છે અનાદિનો એની દશામાં, ન હોય તો સંસાર એને હોય જ નહીં રખડવાનો. એ પુણ્ય ને પાપનો ભાગ અને ભગવાન આત્મા, બે ને દૂફારા—બે હિસ્સા જુદા પાડે. આનંદનો હિસ્સો અનુભવે અને રાગના હિસ્સાને છોડી દે. ભારે ભાઈ! સમજાણું કાંઈ? જેમ ચુરમું ખાય, લાડુ ખાય, એમાં કાંકરી આવે. કાંકરી આમ જીભ દ્વારા છોડી દે છે ને? કાંકરી, પથરી. અને માલ-માલ ખાઈ જાય અંદર, ચુરમુ કે શ્રીખંડ કે. કાંકરી નિકાલ દે. એમ ધર્મી જીવ પોતાનો આનંદ સ્વરૂપને અનુભવે અને કાંકરી—પુણ્ય-પાપના વિકલ્પ કાંકરીને દૂર કરે. દૂર થઈ જાય, આ તો ઉપદેશ તો ઈ જ અપાય ને. આહાહા! આવો ભારે ભાઈ ધર્મ!

કરવું શું આ બધું? 'આ કરવું, ધરવું કાંઈ નહીં ને બહુ આનંદ છે હોં', એક જણો કહે (શ્રોતા : આગ્રામાંથી). દો સાલ પહલે ગયે થે ને આગ્રા. આગ્રામાં એક પંડિત હતા પંડિત. ચૈત્રસુદ બારસ હતી. આજ શું છે? અગિયાર છે, લ્યો. ચૈત્ર સુદ બારસ હતી. તેરસે તો પછી ત્યાં વ્યાખ્યાન આપ્યું. ઘણા માણસો બહુ માણસો આવતાં. વ્યાખ્યાન સાંભળ્યું. આ પાટણીનું મકાન છે ને એમાં નેમીચંદ પાટણી(એનું) મકાન છે ત્યાં. એની જોડે હતા. વ્યાખ્યાન હતું. માણસો ઘણા માણસો હતા. બે-ત્રણ હજાર માણસો. એમાં એક પંડિત હતા લાંબા. 'બહુ આનંદ', કહે 'કરના ધરના કુછ નહીં', એમ કહે, આ કંઈ કરવું, આવું કરવું એમ. ભગવાન! કરવું ક્યાં? કરના, આ વિકલ્પ કરના વહ તો મરના હૈ. એમ કહીને મશ્કરી કરી. ઠીક બાપુ! બીજું શું થાય? માર્ગ તો આ છે. અંતર ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા સ્વરૂપી પોતે, પોતે પરમાત્મા છે. બીજા પરમાત્મા એના રહ્યા, ઈ અહીંયાના પરમાત્મા ત્યાં ક્યાં આવે છે? પરમાત્મા એ કાંઈ આત્માને કરતા નથી, ધરતા નથી, આત્માને દેતા નથી. આ પરમાત્મા કહે છે છેલ્લે, 'हरखै परखै परमातम-धारा'. શુદ્ધ ચૈતન્ય આનંદનું ધામ ધ્રુવધામ, એને અનુભવે અને જડને વિભાવને જુદા પાડે. દો ભાગ કરી નાખે હિસ્સા દો.

'सो जिन्हके उरमें उपज्यौं'. રાગનો વિકલ્પ અને ભગવાન નિર્વિકલ્પ સ્વરૂપ, બેનો અંતરભેદ જ્યાં અંતરમાં ઉપજ્યો. 'न रुचै तिन्हकौ परसंग सहारा'. એને પુણ્ય-પાપના વિકલ્પનો સંગ અને સંયોગ સંગ રુચે નહિ. આહાહા! 'सो जिन्हकै उरमें उपज्यों'. કૈસે ઉપજ્યો? ભેદવિજ્ઞાન. 'न रुचैं तिन्हकौ परसंग सहारा'. એ શુભ-અશુભ રાગનો સંગ પરિચય એને ગોઠે નહિ, રુચે નહિ. જ્યાં ભગવાન અતીન્દ્રિય આનંદ સ્વભાવ, એનું જ્યાં ભાન અને રુચિ ધર્મીને થઈ. એ આનંદની આગળ એ પુણ્ય-પાપના વિકલ્પ ને ઝેર જાણતો તેને રુચે નહિ. આહાહા! 'न रुचै तिन्हकौ परसंग सहारा' 'वह भेदविज्ञान जिनके हृदयमें उपजा है, उन्हें शरीर आदि परवस्तुका आश्रय नहीं सुहाता'. સુહાતા નથી. શરીરનો આશ્રય તો સોહાતો નથી, પણ પુણ્ય-પાપના ભાવનો આશ્રય સોહાતો નથી. ભારે ધર્મ!

'आतमको अनुभौं करि तें'. તે આત્મા ભેદજ્ઞાની ધર્મી ભગવાન આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ પ્રભુ તેનો અનુભવ કરી 'हरखें'—આનંદને વેદે. 'परखें परमातम-धारा'. એ નિજ શુદ્ધ ધ્રુવસ્વરૂપ એને પરમાત્મા તરીકે જાણીને પરખે કે 'આ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ તે હું છું'. ભારે કામ ભાઈ આવું! એ મનસુખલાલજી! આ ધર્મમાં કંઈ સંપ્રદાયમાં તો આવું ચાલે નહિ. બધા કહે, વ્રત કરો, તપસ્યા કરો, સમ્મેદશિખરની જાત્રા કરો, લ્યો. એ હોય છે, પણ એ ભાવ શુભ છે, પુણ્યભાવ છે. એ આત્મભાવ ધર્મભાવ નહિ. આહાહા! કહો,

ભગવાનની પૂજા. (શ્રોતા : નહોતા કરતા, અહીયા આવીને કરવા લાગ્યા ને તમે કહો ધર્મ નહીં). ઈ પહેલેથી ન્હોતા માનતા એટલે અહીંયા પછી ધર્મ ને એમ માનવા લાગ્યા, એમ કહે છે. એય! પહેલેથી માનતા નહોતા. સ્થાનકવાસીમાં હતા ત્યારે. ઈ તો પહેલેથી નથી, એ ના એ સંસ્કાર રહ્યા છે એના, વળી એમ કહે છે. અરે! ભગવાન તું ય ખરો! એમ કહે, સ્થાનકવાસીમાં હતા ત્યારે મૂર્તિને માનતા નહોતા. ઈના ઈ સંસ્કાર, એ મૂર્તિમાં ધર્મ માનતા નથી. એ જેઠાલાલભાઈ! તમે તો પહેલેથી માનતા હતા. (શ્રોતા : એ ધર્મ માનતા હતા, હવે ફરી ગયા). એ ધર્મ માનતા હતા પહેલા. આરે ભારે! એ ભગવાન ત્રિલોકનાથ હો કે સાક્ષાત્ પ્રતિમા હો કે પ્રભુ હો, એના તરફ ભક્તિનો ભાવ ઉઠે છે, ઈ બધો રાગ છે, શુભરાગ છે, પુણ્ય છે, આત્મા નહિ, આત્માનો સ્વભાવ નહિ. આહાહા! સમજાણું કાંઈ?

'आतमको अनुभौ करि ते हरखें'. આત્મા અનુભવમાં પ્રસન્ન રહે. આહાહા! એની પ્રસન્નતા ધર્મીની આત્માના આનંદની છે. 'परखें' આત્મધારા 'परमातम धारा'. પરમસ્વરૂપ, એ સવારે કહ્યું હતું. ધ્યાન, ધ્રુવ ...... સ્વરૂપ પરમ સ્વભાવ જે શુદ્ધભાવ ત્રિકાળ એને પરખે, એની પરીક્ષા કરે, આ જ આત્મા, રાગાદિ આત્મા (નહીં). ભારે કામ ભાઈ! (શ્રોતા : ધ્રુવ ઉપર લક્ષ જાય તો આનંદ કે પર્યાય ઉપર ?) ધ્રુવ ઉપર. ધ્રુવ ઉપર લક્ષ જાય એ આનંદ. લક્ષ જાય તે કહેવું, પર્યાયને ધ્રુવ ઉપર વાળવી એ કરતા ધ્રુવ ઉપર જાય છે, એ પર્યાય ગઈ, એમ કહેવામાં આવે છે. વેદનમાં આનંદનો ખ્યાલ (શ્રોતા : ઉપયોગપૂર્વક) ઉપયોગમાં અને ઉપયોગ ન હોય તોય આનંદ તો સદાય લબ્ધમાં હોય જ છે. (શ્રોતા : નિર્વિકલ્પમાં ઉપયોગ....) ઉપયોગ છે અને આ ઉપયોગ નથી લબ્ધ છે, આનંદ છે આમાં, એવું ભાન સદાય નિરંતર ચોવીસે કલાક રહે છે.

(શ્રોતાઃ ધ્રુવ ઉપર ને આનંદ પર્યાય ઉપર, બેઉ ઉપર ઉપયોગ?) ઉપયોગ તો એક જ ઉપર હોય સ્વ ઉપર. ઉપયોગ રાગ ઉપર હોય? ભલે એમ પ્રશ્ન કર્યો. ભેદ પાડ્યો ત્યારે રાગ ઉપર ઉપયોગ છે જ નહીં, ખરેખર ઉપયોગ અંદર લબ્ધમાં દૃષ્ટિ પડી છે. વસ્તુ ઉપર દૃષ્ટિ છે, રાગ ઉપર દૃષ્ટિ નથી. રાગને જાણે ભલે એ કહેવું, એ વ્યવહારે જણાઈ જાય છે. રાગ એ જાણવો નથી, રાગ જણાઈ જાય છે. આ તો અંતરમાં એકાકાર થઈને અનુભવ કરે છે. (શ્રોતા : જણાઈ જાય એટલે શું? ) જણાઈ જાયનો અર્થ શું? કે જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે, એથી રાગ ત્યાં જણાણો, એમ કહેવામાં આવે છે. આમ રાગ જાણું, એમ નહિ. આ રાગ જાણું, એમ નહિ. રાગ જાણવું, એ તો પર ઉપર લક્ષ જાય છે. હવે વાત ઝીણી છે ભાઈ! આ તો માર્ગ એવો છે.

અંતરમુખ થતા તે જ્ઞાનની સ્વ-પર પરિણતિમાં રાગનું અસ્તિત્વ પર છે, તેવું પણ જેને જ્ઞાનમાં નથી. જ્ઞાનના અસ્તિત્વમાં સ્વ અને પરનું જ્ઞાન રહે છે. સમજાણું કાંઈ?

(શ્રોતા : અભેદરૂપ જ્ઞાન?) જ્ઞાન અભેદ હુઆ ને, દ્રવ્યકા અભેદ હુઆ. અભેદકા અર્થ ધ્રુવ અને પર્યાય એક હુઈ. જૈસા શુદ્ધ ધ્રુવ થા ઐસી પર્યાય શુદ્ધ હુઈ. બાકી એક કહેતા, ધ્રુવ અને એક પર્યાય એક હો જાતી નહીં હૈ, દો ભાગ હૈ ઉસમેં, ઝીણી વાત ભાઈ! વસ્તુસ્થિતિ એવી છે. અહીં તો કહે છે કે અનુભવરસ વેદે परखें परमातम-धारा. એ તો કથન તો એમ જ આવે ને, શું આવે? આ પરમાત્મા છે, એમ. 'આ પરમાત્મા છે એટલે હું આત્મા છું', એવો વિકલ્પ છે ને ત્યાં. આહાહા! અહીંયા તો અનુભવને કરે છે અને પરમાત્મા ત્યાં જણાય છે, એમ એટલું. પરમાત્મા એટલે પૂર્ણ શુદ્ધ સ્વરૂપ તરફ વલણ છે એટલે પરમાત્મા પોતે છે, એમ અનુભવમાં આવે છે, બસ. મારો પરમાત્મા કોઈ બીજો (નથી). મારે કોઈ કર્તા ઈશ્વર છે ને ઈશ્વરે મને બનાવ્યો છે ને હું છું, એ બધી ભ્રાંતિ અજ્ઞાનીઓની છે. સમજાય છે કાંઈ?

મારી પર્યાયનોય કર્તા ખરેખર હું નથી. પણ આવે છે એટલે પરિણમે છે એટલે પર્યાયનો કર્તા એને કહેવાય છે, એવી વાત છે. બહુ ઝીણી વાતું ભાઈ! ધર્મની જાત એવી છે. વસ્તુ તદ્દન નિરાળી. પુણ્ય-પાપના વિકલ્પથી નિરાળી. શરીર-કર્મથી તો અજીવપણે પરિણમતા એ તો અજીવમાં છે, તે તો તદ્દન નિરાળી છે જ. અહીંયા તો કહે છે, ભેદજ્ઞાન સમજાવવું છે ને! રાગથી ભિન્ન પડતાં પોતાનો પરમાત્મા 'આ ધ્રુવ છે,' એનો અનુભવ રહે છે અને રાગ જુદાપણે જણાઈ જાય છે. આ તો સમ્યગ્દર્શન થતા આ થાય છે, એમ કહે છે. ચોથા ગુણસ્થાનમાં આવતા. શ્રાવકની દશા એ તો ક્યાંય ઉંચી રહી અને મુનિની દશા તો ક્યાંય ઉંચી દશા! આ વાડાના માનેલાની વાત નથી. વાડામાં ચીભડા હોય, ત્યાં કાંઈ સાટા હોય? સાટા કોને કહેવાય? વાડામાં સાટા તળાય? સાટા સમજ્યા ને ક્યા કહતે હૈં? સાટા ક્યા કહતે હૈ? ખાજા. વહ મીઠા ખાજા નહી હોતા હૈ? ચીભડા હોતા હૈ ને ચીભડા સમજતે હૈં? ખરબૂજા-ખરબૂજા, ઠીક, ખરબૂજા. સાકરટેટી હોતી હૈ, ખરબૂજા હોતા હૈ. એ વાડામાં તો ઈ હોય ભાઈ!

ભગવાન આત્મા સંપ્રદાયની દૃષ્ટિની બહારની ચીજ છે. આહાહા! એ કહે છે, પરમાત્માધારા ને પરખે. પરમાત્મા ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ, એ ઉપર એની દૃષ્ટિ હોય છે. કહો શેઠી! આવું ઝીણું તત્ત્વ હવે આમાં ક્યા? એ પેલા કો'ક કંઈક કહેતા હોય ને પૈસા મળી જાય, પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ, લ્યો. જાઓ આમ કરશો તો તમને પૈસા મળશે, લાવો બક્ષીસ. આહાહા ! બહારમાં સારુંય લાગે. પૈસા થાય બે કરોડ-પાંચ કરોડ. પણ પ્રકાશદાસજી કહે, કરોડપતિ તો વેશ્યા ય હોય. વાત સાચી છે. વહ વેશ્યા-વેશ્યા કરોડપતિ નહીં, વહ અમેરિકાકા વહ હૈ ન કતલખાના. કરોડો (રૂપિયા) માણસ અબજોપતિ. ઘણા કરોડપતિ. દોઢ માઈલમાં તો એના કારખાના છે ઢોરને કાપવાનું, દોઢ

માઈલ મોટું. રૂપાની ખુરશીએ બેસનારો, મરીને જનારો નરકે. અત્યારે તે બહારમાં આ ખુરશી દેખાય, હા-હો દેખાય. આહાહા!

કરોડ એટલે શું? કરોડપતિ એટલે શું? પ્રકાશદાસજી કહે, એ તો વેશ્યાને ય કરોડ રૂપિયા હોય છે. વાત સાચી છે. એય મલુકચંદભાઈ! વેશ્યાને પણ કરોડ રૂપિયા હોય છે. ઘણા મોટા, આ મોટો નહોતો આવ્યો મુંબઈમાં? પોપ, શું કહેવાય? પોપ. મુંબઈમાં નહોતો આવ્યો? પોપ મોટો. કેટલા કરોડો રૂપિયા ખર્ચાઈ ગયા. કેટલા માણસો, ઘોડાઓ ને કેટલા? એક-બે મોટર મોટી હતી બે ચાર-પાંચ લાખની મોટી મોટર. આખી આગબોટ ભરી ગયો. ભેટ મળી ભેટ. એટલું ભેટ મળ્યું એને, આવ્યું'તું ને છાપામાં આવ્યું'તુ. કોઈ પાંચસો મુકે ને કોઈ હજાર મુકે ને કોઈ ચાંદીનું ઓલું મુકે ને કોઈક કંઈક મુકે, આખી આગબોટ ભરી ગયો. કેટલી કિંમતની કેટલા કરોડની? શું છે પણ એમાં? ધૂળમાંય નથી. એમાં હૈ ક્યા? એ તો માટી ધૂળ છે. એનાથી મોટા મૂઢ કહેવાય.

અહીં તો કહે છે કે એ તો ચીજ ક્યાંય રહી ગઈ. એ મારી છે, માનનારો મૂઢ. પાડા જેવો, પાડા જેવો જડ છે. આહાહા! અહીંયા તો રાગનો ભાગ એક દયા-દાન-વ્રત-ભક્તિનો ઉઠે એ પણ રાગ મને કલ્યાણ કરશે ને રાગ મને સહાયક થશે અંતર શાંતિમાં, (એમ માનનાર) મૂઢ છે, દીન છે, દુઃખી છે, ભિખારી છે, પાપી છે. એ, પોપટભાઈ! આવું છે અહીંયા તો. ભારે ભાઈ! ત્યાં મુંબઈ જાય ત્યાં ખમ્મા ખમ્મા થાય. શેઠ આવો, શેઠ સાહેબ આવ્યા છે. અહીંયા કહે છે, લ્યો, ધૂળમાં કાંઈ નથી. ધૂળમાં નહિ પણ એના જે ભાવ વર્તમાન પુણ્યનો થાય, શુભ વિભાવ, એમાં પણ કાંઈ નથી અને તું નથી અને તને લાભદાયક (નથી). આહાહા! એનાથી જુદો પડ અને જુદો છો. ઈ સ્વતંત્ર થઈને પરમાત્માને ઓળખે. ભાવાર્થ, લ્યો. અર્થ છે ને અર્થ એ આવી ગયો.

ભાવાર્થ :—'ज्ञान परभावसे रहित है'. આ બાજુ ૧૨૩(પાનું). જ્ઞાન એટલે ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ, એ તો પ્રકાશ જ્ઞાનપ્રકાશનું પુંજ પ્રભુ આત્મા છે. એ પરભાવસે રહિત હૈ. એ પુણ્ય-પાપના રાગથી તે જ્ઞાન સ્વભાવ ભિન્ન રહિત છે. આહાહા! 'इसलिये शुद्ध है'. શુદ્ધની વ્યાખ્યા કરી. પહેલો બોલ છે ને શુદ્ધ. આહાહા! 'निज-परका स्वरूप बतलाता है इसलिए स्वतंत्र है'. સ્વતંત્ર-સ્વતંત્ર. પોતાને ને પરને જાણવામાં એ સ્વતંત્ર છે. એટલે કે રાગ છે, શરીર છે, માટે તેનું આ જ્ઞાન થાય છે, એમ નથી. જ્ઞાનનો ભાવ છે, માટે જ્ઞાન સ્વ-પરનું થાય છે. સમજાણું કાંઈ? આ શરીર જ્ઞેય છે અને તેથી તે જ્ઞાન જ્ઞેયને જાણે. એથી જ્ઞાનમાં જ્ઞેયની કાંઈ મદદ છે, જ્ઞેયને જાણવામાં. કહે, ના. એ તો સ્વ ને પરને જાણવાની સ્વતંત્ર તાકાત રાખે છે. તેથી તેને સ્વતંત્રતા પરની અપેક્ષાએ પરતંત્રતા છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આ!

'इसमें कोई परवस्तुका मेल नहीं है इसलिये एक है'. એકની વ્યાખ્યા કરી. પહેલા અભેદની. એકરૂપ છે. રાગના અંશનો પણ જેમાં મેળ નથી—ભેળ નથી. એવી ચૈતન્ય ચીજ ભગવાન આત્મા અંતરમાં નિરાળી છે. એને ધર્મીએ ઓળખીને અનુભવી છે, એને ભેદજ્ઞાની કહેવામાં આવે છે. આહાહા! ભેદજ્ઞાનમાં તો ઘણું કબૂલ થયું કે પહેલાં વિકાર હતો. વિકારમાં નિમિત્ત લક્ષ કરવાની બીજી ચીજો પણ હતી. કારણ વિકાર પોતાના લક્ષે નથી થતો. પોતે તો શુદ્ધ છે. વિકાર તો પરલક્ષે (થાય છે.) તો પરવસ્તુ પણ છે. વિકાર છે. એ વિકાર પર્યાય એટલે અવસ્થા છે. એ ઉત્પન્ન થાય છે માટે નાશ થઈ શકે છે. આત્માના ગુણ ને આત્માથી ઉત્પન્ન થયેલો નથી. એ છે, છે ને છે, માટે તેનું ઉત્પન્ન થવું ને નાશ થવું આત્મામાં (નથી). આહાહા! સમજાણું કાંઈ? પણ એને સમજનારી જે દશા છે, એ દશા અનાદિની નહોતી ને ઉત્પન્ન થાય છે અને પૂર્વની દશા નાશ થાય છે, એવું છે. પણ એ ઉત્પાદ-વ્યય જે થાય છે એ અંતરમાં નથી. આ વિસદૃશ છે, ઓલી એકરૂપ સદૃશ છે. આ રીતે જ વસ્તુની સ્થિતિ છે, એ રીતે જ્યાં સુધી એના ખ્યાલમાં ન આવે, ત્યાં સુધી આત્મા તરફનું વલણ એનું અંતરમાં યથાર્થપણે ન થાય. સમજાણું કાંઈ ?

ઈસમેં કોઈ વસ્તુનો, પરનો ભેળ નથી એટલે મેળ નથી, ઈસલિયે એક હૈ. 'नय प्रमाणकी इसमें बाधा नहीं है'. કે નય ને પ્રમાણથી જાણ્યું પહેલો આત્મા વિકલ્પથી, માટે હવે એની સહાય છે આમાં, એમ નથી. આહાહા! સમજાણું કાંઈ ? નિશ્ચયનયથી ધ્રુવ શુદ્ધ છે, પર્યાયથી વર્તમાનમાં અશુદ્ધ છે. વ્યવહારે અશુદ્ધ છે, નિશ્ચયથી શુદ્ધ છે. અશુદ્ધ પર્યાય નિશ્ચયનયથી, અશુદ્ધ પર્યાય એ નિશ્ચયનયથી અશુદ્ધ છે, ત્રિકાળી શુદ્ધ છે. એવું જે નય અને પ્રમાણથી જે વિકલ્પથી નિર્ણય કરેલો હતો, એ વિકલ્પ અહીંયા વિઘ્ન કરતો નથી. છોડીને સ્વરૂપનો અનુભવ કરે એમાં અહીંયા વિકલ્પનો સહારો નથી. સમજાણું કાંઈ?

'सो इस भेदविज्ञानकी पैनी करौंत जब अंतरमें प्रवेश करती है। भेदविज्ञानकी पैनी करौंत'—તીખી કરવત. તીક્ષ્ણ ધાતુ છે ને. તીખી 'पैनी करौंत जब अंतरमें प्रवेश करती है तब स्वभाव-विभावका पृथ्थकरण कर देती है'. હંસની ચાંચ જેમ દૂધ અને પાણીમાં પડતાં દૂધ અને પાણી બે જુદા પડી જાય છે. ચાંચમાં ખટાશ છે. હંસ હોય ને હંસ. અધમણ દૂધ ને દશ શેર પાણી હોય. ચાંચ નાખતા દૂધનો લોચો થઈ જાય ને પાણી અલગ (પડી જાય). એમ ધર્મી જીવની ભેદજ્ઞાનની એવી તીખાશતા છે, આહાહા! કે સ્વભાવ- વિભાવનું પૃથક્કરણ કરે છે. જેમ પાણી ને દૂધ ને પૃથક્કરણ કરે છે હંસ, એમ આ ભાવ અંતરજીવ રાગ વિભાવ ને ચૈતન્યને બે પૃથક્ કરી નાખે છે. સમજાણું કાંઈ? આ ક્રિયા છે, લ્યો. ભેદજ્ઞાનની આ ક્રિયા. એ ક્રિયાની સૂઝ પડે નહી, પછી બીજી ક્રિયામાં

વળગી પડ્યા છે. 'इससे भेदविज्ञानियोंकी रुचि परद्रव्यसे हट जाती है।'

'न रुचै परसंग' આવ્યું ને. રાગ ને પરદ્રવ્યનો પ્રેમ હટી જાય છે. હજારો રાણીઓ આદિ સંયોગ દેખાય, અંદરમાં એના પ્રત્યેની રુચી હટી ગઈ છે. ધર્મીને આનંદની રુચિનો ભાવ થયો. અતીન્દ્રિય આનંદ પરમાત્મા પોતે છે, એમ અનુભવ થયો, પરના સંગની રુચિ હવે થતી નથી. 'रुचि परद्रव्यसे हट जाती है। धन परिग्रह आदिमें रहे'. દેખાય લક્ષ્મીમાં 'तो भी बड़े हर्षसे परम तत्त्वकी परीक्षा करके'. દેખો, આ 'परखैं' આવ્યું. 'आत्मरसका आनंद लेते है।' 'हरखैं'—આત્માનો અનુભવ કરે છે. પોતાની નિરાળી ચીજ છે ભિન્ન, એને બહાર પરિગ્રહમાં દેખાતો છતાં એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા! પોતાનો નિજ પ્રભુ પૂર્ણાનંદનો નાથ એનો અનુભવ કરે છે, એનો આનંદ લે છે. બીજા કળશનું ત્રીજું પદ થયું.

'सम्यक्त्वसे सम्यग्ज्ञान और आत्मस्वरूपकी प्राप्ति।' ત્રીજો કળશ નીચે. સંસ્કૃત નીચે. આ શ્લોક પણ એને વહાલો હતો, નહીં? ગુલાબરાય નાગર. રેલના ઉપરી હતી એક જુનાગઢ. ગુલાબરાય કરીને. એની દીકરીને ક્ષય હતો, મોટી હતી. અહીં આવી ગયા છે. આ મકાનમાં રહેલા, અત્યારે ખીમચંદભાઈ રહે છે ને, આ ચંદુભાઈના મકાનમાં રહેતા. છોડીને ઘણા વરસ થઈ ગયા. તરત તૈયારીમાં ૯૪-૯૫માં તમારા મકાનમાં રહેતાં. જુવાન બાઈ હતી. છોડી વિધવા હતી. ક્ષય થઈ ગયો હતો. એનો બાપ ગુલાબરાય નાગર, ઈ આ શ્લોકને બહુ પસંદ કરતો. ઈ આંહિ સાંભળવા આવતો ને, ઓહોહો! આ શું કહે છે?....આમ તો વેદાંત માનનારા વેદાંત. પણ સંસ્કૃતને.....આ ત્રીજો કળશ છે ને. પછી અહીંથી અમે ગ્યા'તા. જ્યારે ૯૫માં ત્યારે ત્યાંય મળ્યા હતા. એના પહેલાં હોં. પંચાણુ પહેલા. પંચાણુમાં ત્યાં ગ્યા'તા, ૯૬માં ગ્યા'તા. ૯૫નું ચોમાસુ, ૯૬માં ગ્યા'તા. એ પહેલાં અહીંયા હતા. ગામનું મકાન થયું કે તરત જ. નાગર ગુલાબરાય. ગુજરી ગયા. નાની ઉંમર હતી.

**यदि कथमपि धारावाहिना बोधनेन**
**ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते।**
**तद यमुदयदात्माराममात्मानमात्मा**
**परपरिणतिरोधाच्छुद्धमेवाभ्युपैति॥३॥**

એમણે શ્લોક મોઢે કર્યો હતો. વેદાંતી હતા. પણ આ વસ્તુ ક્યા? વેદાંતમાં પણ તો વ્યાપક છે ને શુદ્ધ છે, એટલી વાત. પણ અનંત છે ને એની પર્યાયો આ બદલે છે ને. બદલે તો એ રાગ ટાળીને શુદ્ધતા પ્રગટ થાય છે. એવી સ્થિતિનું સ્વરૂપ જ ક્યાં છે?

સમજાય છે કાંઈ? નથી, નથી, નથી. એ તો ઉપરથી ભલે કહે પણ, એમાં છે જ નહી આ વાત. એનો કળશ ચોથો.

સમ્યક્ત્વથી સમ્યગ્જ્ઞાન અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ (સવૈયા તેવીસા)

जो कबहूं यह जीव पदारथ,
　　औसर पाइ मिथ्यात मिटावै।
सम्यक् धार प्रबाह बहै गुन,
　　ज्ञान उदै मुख ऊरध धावै॥
तौ अभिअंतर दर्वित भावित,
　　कर्म कलेस प्रवेस न पावै।
आतम साधि अध्यातमके पथ,
　　पूरन ह्वै परब्रह्म कहावै॥४॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—કબહૂં=કોઈવાર. ઔસર(અવસર)=મોકો. પ્રવાહ=વહેણ. ઊરધ=ઊંચે, ધાવૈ=દોડે અભિઅંતર(અભ્યંતર)=અંતરંગમાં. દર્વિતકર્મ=જ્ઞાનાવરણીય આદિ દ્રવ્યકર્મ. ભાવિત કર્મ=રાગ–દ્વેષ–મોહ આદિ ભાવકર્મ. કલેસ=દુઃખ. પ્રવેસ–પહોંચ. પંથ=માર્ગ. પૂરન=પૂર્ણ. પરબ્રહ્મ=પરમાત્મા.

**અર્થ** :—જ્યારે કોઈવાર આ જીવપદાર્થ અવસર પામીને મિથ્યાત્વનો નાશ કરે છે અને સમ્યક્ત્વરૂપ જળના પ્રવાહમાં વહીને જ્ઞાનગુણના પ્રકાશમાં ઊંચે ચઢે છે ત્યારે તેના અંતરંગમાં દ્રવ્યકર્મ અને ભાવકર્મનું દુઃખ કાંઈ અસર કરતું નથી. તે આત્મશુદ્ધિના સાધન એવા અનુભવના માર્ગમાં લાગીને પરિપૂર્ણ અવસ્થાને પ્રાપ્ત થાય છે. તેને જ પરમાત્મા કહે છે.

**ભાવાર્થ** :—અનંત સંસારમાં પરિભ્રમણ કરતો જીવ કોઈવાર કાળલબ્ધિ, દર્શનમોહનીયનો અનુદય અને ગુરુ–ઉપદેશ આદિનો અવસર પામીને તત્ત્વશ્રદ્ધાન કરે છે ત્યારે દ્રવ્યકર્મોની શક્તિ શિથિલ થઈ જાય છે અને અનુભવના અભ્યાસથી ઉન્નતિ કરતાં કરતાં કર્મબંધનથી મુક્ત થઈને ઊર્ધ્વગમન કરે છે અર્થાત્ સિદ્ધગતિને પામે છે. ૪.

**अर्थ** :–जब कभी यह जीवपदार्थ मौका पाकर मिथ्यात्व नष्ट करता है और सम्यक्त्वरूप जलकी धारामें बहकर ज्ञानगुणके प्रकाशमें ऊपरको चलता है तब उसके अंतरंगमें द्रव्यकर्म और भावकर्मका दुःख कुछ असर नहीं करता। वह आत्मशुद्धिके साधन अनुभवके मार्गमें लगकर परिपूर्ण अवस्थाको प्राप्त होता है। उसीको परमात्मा कहते हैं।

**भावार्थ** :–अनंत संसारमें संसरण करता हुआ जीव कभी काललब्धि, दर्शनमोहनीयका

अनुदय और गुरु-उपदेश आदिका अवसर पाकर तत्त्वश्रद्धान करता है तब द्रव्यकर्म वा भावकर्मोंकी शक्ति शिथिल हो जाती है और अनुभवके अभ्याससे उन्नति करते-करते कर्मबंधनसे मुक्त होकर ऊर्ध्वगमन करता है अर्थात् सिद्धगतिको प्राप्त होता है।।४।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એનો અર્થ :—'जो कबहु यह जीव पदारथ'. ભગવાન જીવ આત્મા, औसर कबहूँ—કોઈ કાળે. અનંતકાળથી રખડે છે. અનંતકાળથી અનંતગતિમાં અનંત-અનંત ભવો કર્યા. ઓહોહો! આદિ વિનાનો કાળ. અનાદિથી નિગોદના, બટાટાના, સક્કરકંદના, એક ઈન્દ્રિયના એવા જીવ જાણે અનંતા ભવ કર્યા. કીડી, મકોડા એવા ભવ અનંત કર્યા. અરે! અનંતવાર ધનાઢ્ય થયો, અનંતવાર ગરીબ થયો. એ બધા અજ્ઞાનના અનંતભવ કર્યા. એ કંઈ નવીન અને વિશેષતા (નથી). સમજાણું કાંઈ? આ પ્રકાશદાસજીએ કીધું કે માળા વેશ્યાને પણ કરોડો રૂપિયા હોય છે. વાત સાચી છે. એવા ય અત્યારે હોય છે ને, ઘણા હોય છે, ઘણા હોય છે. એમાં કરોડપતિની વિશેષતા શી? એ, મલુકચંદભાઈ! નહીં? આહાહા! ભગવાન આત્માની પાસે કંઈ પરની કિંમત જ નથી. અખંડઆનંદ પ્રભુ સચ્ચિદાનંદ સાહેબો મોટો પ્રભુ. આહાહા!

આનંદઘનજી કહેતા, 'સાહેબા તું ચૂકીશ મા અવસર લહીં જી'. જુઓ અહીંયા અવસર લીધું છે. સાહેબા તું ચૂકીશ મા. આ જીવ તને મળ્યો હવે સાહેબા, તું ચૂકીશ મા ભાઈ! અવસર લહી. આનંદઘનજી દેરાવાસીમાં હતા. એને ભૂતડા તરીકે માને છે. આવું કહે ને, લોકો ગાંડા, જ કહે. ગાંડાઓ છે તે ગાંડા જ કહે. ગાંડા સમજે? પાગલ પાગલ દુનિયા છે એ ધર્મીને પાગલ કહે. માળા પાગલ છે માળા પાગલ! વાત તો સાચી છે બહારની દૃષ્ટિએ. લ્યો, આ આત્મા આવો છે. શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પ્રભુ તારામાં શું ખામી છે? તારામાં શું નથી? અને તારામાં શું અપૂર્ણતા છે? આહાહા! વસ્તુ તરીકે, તત્ત્વ તરીકે પ્રભુ તું છો! તારી પ્રભુતામાં શું કચાશ છે? શું ખામી છે? એ પ્રભુતા તેરી તારી પાસે પડી છે.

'कबहु यह जीव पदारथ, औसर पाई'. અવસર કાળ પામીને....પછી લીધું'તું ને ઓલામાં કાળલબ્ધિ પામીને. એ ઓલામાં ગોઠતું નથી વળી રતનચંદજીને, કાળલબ્ધિ નહીં. (શ્રોતા : એમાં શું વાંધો છે?) એ નહીં. એને બધા અર્થ ઉંધા કરવા છે. અર્ધ પુદ્‌ગલ સંસાર રહે છે ને ત્યારે એ 'औसर पाई' એમ એનો અર્થ જુદો છે. બધું પામે ત્યારે બધું કરી નાખે. અર્ધપુદ્‌ગલ હોય ને પામે છે, એમ નહીં. વાંધા, નહિ તો પછી નિયત થઈ જાય છે. અરેરે! 'जो कबहु या जीव पदारथ'. કોઈ કાળે અનંતકાળે

મનુષ્યપણા પણ અનંતવાર મળ્યા, ત્યાગી અનંતવાર થયો, ધર્મને નામે ધર્મી કહેવડાવ્યો, એવી ક્રિયાઓ ત્યાગ વૈરાગ્ય અનંતવાર કર્યા. પણ એમાં આત્મા શું ચીજ છે, એનો એણે પતો લીધો નહિ. આહાહા! એનાથી બહારમાં માથાકૂટ કરીને મરી ગયા.

'कबहु औसर पाई मिथ्यात्व मिटावैं', એમ કહ્યું, જોયું. કર્મ મટે તો મિથ્યાત્વ મટે, એમ નથી. આ તો કહે, દર્શનમોહ મટે તો મિથ્યાત્વ મટે. ઈ જ પાધરો શબ્દો. અહીં તો કહે, 'औसर पाई मिथ्यात्व मिटावैं'. ભ્રમણા આત્મા મટાવે, જીવ મટાવે...કબહુ જીવ મિટાવે, એમ કહ્યું છે ને! કર્મ મટાડવાની ક્યાં વાત છે? આહાહા! એ આત્માને રાગવાળો માન્યો. પુણ્યવાળો માન્યો, પરવાળો માન્યો. એવો જે મિથ્યાત્વભાવ, એને 'હું તો આનંદમૂર્તિ' એવો આત્મા એમ ભાન કરીને મિથ્યાત્વને ટાળે, ભ્રમણાને નાશ કરે. 'सम्यक्धार प्रवाह बहै गुन', ત્યારે તેની જ્ઞાનધારા સમ્યક્ પ્રકારે એકાકાર વહે. જ્ઞાનધારા—જ્ઞાનની ધારા, રાગની નહિ જ્ઞાનધારા. ચૈતન્ય સ્વભાવ સન્મુખ થઈને મિથ્યાત્વને ટાળ્યું.

'सम्यक्धार प्रवाह बहै गुन'. 'उपरको चलता है', લખ્યું છે ને. 'सम्यक्त्वरूपी जलकी धारामें बहकर ज्ञानगुणके प्रकाशमें ऊपरको चलता है।' ઓલીકાર આવશે. એટલે કે આત્મા જ્યાં રાગથી ભિન્ન પડ્યો, રાગની એકત્વબુદ્ધિનો નાશ કર્યો એટલે જ્ઞાનની ધારા નિર્મળ વહે. 'कथमपि धारावाहिना'. એ કથમપિ શબ્દનો અર્થ હતો ને પહેલો. 'सम्यक्धार प्रवाह बहै गुन, ज्ञान उदै मुख ऊरध धावै'. અહો! પછી આત્માના શુદ્ધ સ્વભાવ તરફની જેની ગતિ વહે. જ્ઞાન આત્માનું ભાન. એનું જ્ઞાન 'मुख उदै मुख उरध धावै'. લ્યો, સ્વભાવ સન્મુખ જાય. રાગરૂપ એકતામાં રાગની ધારા વહેતી હતી અનાદિથી, એની પૃથક્ધારા કરીને ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપીની ધારા વહી એ ધર્મધારા. આહાહા! એ દશાની વાત છે હોં આ!

સવારના તો એ આવ્યું કે નાશવાન પર્યાય છે, એનાથી દૂર છે. ત્યારે તો દ્રવ્યની વ્યાખ્યા, વસ્તુની કરવી હતી ધ્રુવની. આમાં ભાન થયેલા દશાની વાત કહેવાય. આવ્યું'તુ ને વિલય, નાશવાન. આ ધર્મની પર્યાયેય નાશવાન છે. કારણ કે એ પર્યાય છે, અવસ્થા છે, હાલત છે, બદલતી છે. વસ્તુ છે તે ત્રિકાળ ધ્રુવ, એનું અંતરભાન થતાં જ્ઞાનની ધારા સમ્યક્ધારા વહે છે. એ છે પર્યાય, અવસ્થા, હાલત પણ શુદ્ધ ને સ્વતંત્ર છે. આહાહા! અધ્યાત્મની ભાષા કડક. ઓલું તો આવું સીધું લાગે; દયા પાળવી ને ભગવાનની ભક્તિ કરવી, મંદિર બે-ચાર બનાવવા, જાત્રા કરો ભાઈ, આવો પાંચ હજાર ભેગા લઈને એય સમ્મેદશિખર. કહો, હજાર માણસ થઈને ગયા હતા ને ૭૦ મોટરું એક હજાર એકસાથે.

દેખાય તો ખરું કે આ કાંઈ કરે છે. એ તો ક્રિયાને કાળે રાગ હોય, એ રાગને જણાવે છે. જાણનારો, રાગમય થતો નથી ત્યાં પણ. આહાહા!

'ज्ञान उदै मुख ऊरध धावै, ऊरध मुख' એમ મુખ ઉરધ છે ને. એ અંતર સ્વભાવમાં રાગથી ભિન્ન પડીને ધર્મી આગળ વધે છે. અંતરમાં એકાગ્ર થતો થતો ઉર્ધ્વમુખ, અધોમુખ જે દશા હતી, એ ઉર્ધ્વમુખ થઈ. આહાહા! પુણ્ય ને પાપના પરિણામને પોતાના માનીને ત્યાં અનુભવ કરતો, એ અધોદશાના લક્ષણ હતા. આ 'उरध मुख धावै'. પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદ, એની દશામાં એની પરિણતિ વહે 'तो अभिअंतर दर्वित भावित, कर्मकलेस प्रवेस न पावै'. દ્રવ્યકર્મ એવા, જ્ઞાનાવરણીય આઠ છે ને કર્મ. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય, અંતરાય, આયુ, નામ, ગોત્ર, વેદનીય— એ આઠ કર્મ રાગથી ભિન્ન પડેલા ભાનમાં ધારાવાહી જ્ઞાન વધતું હોય આત્મા, એમાં એ કર્મ પ્રવેશ કરતા નથી. જેનાથી જુદો પડ્યો, તે તેમાં આવતા નથી. આરે, આરે!

'तो अभिअंतर दर्वित भावित'. ભાવકર્મ. ઓલા અભ્યંતર દ્રવ્યકર્મ લીધા જડ, એનો પ્રવેશ નથી. ભિન્ન પડેલું તત્ત્વ એના અનુભવમાં, જ્ઞાનધારામાં શુદ્ધની શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિની ધારામાં કર્મનો પ્રવેશ નથી. અને દયા, દાન, વ્રત આદિ ભાવકર્મના વિકલ્પનો પણ જ્યાં પ્રવેશ નથી. ભારે મોંઘું ભાઈ! આવું કહે છે. આવું મોંઘુ નિશ્ચય એકાન્ત, એમ કહીને અહીં કાઢી નાખે. એ સોનગઢનું નિશ્ચય એકાંત. અમારું અનેકાંત. ભગવાન! તને ખબર નથી. નિશ્ચય એકાંત એટલે શું? હજી રાગની ક્રિયા સમ્યક્ત્વીને જણાય, ધર્મ માને, વ્રતના પરિણામ શુભ, એને ધર્મ માને અને કરતા કરતા ધર્મ માને; મિથ્યાદૃષ્ટિ-મિથ્યાત્વને ઘૂંટે છે. અનંત સંસારની વૃદ્ધિ થાય છે ત્યાં ક્ષણે ક્ષણે. હવે એને ધર્મ માને. જુઓ, અમે કાંઈ કરીએ છીએ ને. ભાષા બરાબર સમજમેં આતી હૈ ભૈયા? હિંદી હૈ ને હિંદી. થોડી થોડી આતી હૈ. ક્યા ગામથી આવ્યા? ફિરોઝકોટા, અચ્છા. જ્ઞાનચંદજી થે ને કોટામેં. બાબુ યુગલકિશોર ને જ્ઞાનચંદજી. વે પુનમચંદ શેઠને ઘરે રહેતે થે. યુગલકિશોર હૈ ને યુગલકિશોર હૈ. આ તો દૂસરા એક હમારા હિંદી તારાચંદજી થા.

'कर्म कलेस प्रवेस न पावै'. ક્યા કહતે હૈ? કર્મ પુણ્ય-પાપના ભાવ, તે ક્લેશ છે અને જડ કર્મ એ તો અજીવ છે, અજીવ હૈ. વહ વસ્તુ ભગવાન શુદ્ધ ચૈતન્ય, એનું જ્યાં ભાન થયું, એ ભાનની દશામાં એ રાગ ને પરનો પ્રવેશ નથી. હિંદી ને ભાષાય સાદી છે. 'आतम साधी अध्यात्मके पंथ'. અધ્યાત્મ પંથ, અંતર આત્માનો આશ્રય લઈને રાગનો આશ્રય છોડી દઈ અંતર, આનંદના પંથે આત્મા અધ્યાત્મના પંથે વળ્યો, એ આત્માનું સાધન કરે છે, એ આત્માને સાધે છે. આહાહા! પૂર્ણ દશા પ્રાપ્ત થઈ નથી જ્યાં

સુધી પરમાત્માની પોતાની, ત્યાં સુધી આત્માના સ્વભાવ તરફનું સાધન કરે છે. અંતરમાં એકાગ્રતાથી સાધ્ય પૂર્ણ સિદ્ધ તેને પામવાની સાધકધારા એને હોય છે.

'पूरन ह्वै परब्रह्म कहावै'. એ ભગવાન આત્મા, પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડીને પોતાના સ્વરૂપમાં અનુભવ કરતાં-કરતાં આનંદની એકાગ્રતાના વેદન કરતાં-કરતાં પૂર્ણ હે. એ પૂર્ણ પરમાત્માની દશા પામી જાય. જેવું પરમાત્મા સ્વરૂપ ધ્રુવમાં છે, એવું પર્યાયમાં પૂર્ણ પરમાત્મા થઈ જાય. પરમ બ્રહ્મ, એને પરમ બ્રહ્મ કહેવામાં આવે છે. પરમ બ્રહ્મ એટલે પરમ આનંદ. કોઈ પરમબ્રહ્મ બીજો કોઈ કર્તા-ધર્તા છે આ જગતનો ઈશ્વર, એ કોઈ છે કોઈ (નહીં). સમજાણું કાંઈ? 'पूरन ह्वै परब्रह्म कहावै'. આનું નામ પરમબ્રહ્મ છે. વસ્તુનો સ્વભાવ ચૈતન્યપ્રભુનો, જ્યાં સ્વભાવનું રાગથી ભિન્ન પડીને સાધન થયું, ત્યાં ઈ આત્માનું સાધન કરીને પરમબ્રહ્મ પોતે થાય છે. વ્યવહારથી વિકલ્પથી ય થાય છે ને નિમિત્તથીય થાય છે, એમ નહીં, એમ કહે છે.

'आतम साधि अध्यातमके पथ, पूरन ह्वै परब्रह्म कहावै'. આહાહા! વિકલ્પથી તો જુદો પડ્યો છે, એ વિકલ્પ સાધન થાય ને કારણ થાય. ભારે તકરારું ભાઈ! વ્યવહાર સાધન છે, વ્યવહાર કારણ કહ્યો છે. ભાઈ! એ તો તે કાળે તેવો રાગ હોય છે, એનું જ્ઞાન કરાવ્યું છે. એને સાધનનો ઉપચાર કર્યો છે. સાધકનો ઉપચાર છે, વસ્તુ સાધકપણે એ છે (નહીં). સાધના તો પોતાના સ્વભાવની કરે, એ વખતે એ ભૂમિકા પ્રમાણે રાગનો ભાગ હોય છે. એને વ્યવહાર સાધનનો આરોપ આપીને એનું જ્ઞાન કરાવ્યું છે. આટલું બધું લાંબું કોણ સમજે ત્યાં? 'पूरन ह्वै परब्रह्म कहावै'. પૂર્ણ થઈને પરમબ્રહ્મ કહાવે, લ્યો.

ભાવાર્થ : 'अनंत संसारमें संसरण करता हुआ जीव....' ઓલી કોર છે. અર્થ તો આવી ગયો આપણે. ભાવાર્થ છે ને. 'अनंत संसारमें संसरण करता'.... ઓહોહો! જ્યાં આદિ નથી એટલા અનંત સંસાર સંસાર ભૂતકાળનો ભાવ દેખે તો અનંત સંસારમાં રખડતો. 'कभी काललब्धि' અપના પોતાની પર્યાયની પ્રાપ્તિ, શુદ્ધતાની પ્રાપ્તિ, એ કાળલબ્ધિ. સ્વકાળ છે ને ઈ. દર્શનમોહનીયનો અનુદય. આને તો હજી કાળલબ્ધિ ને એમ કહે છે અને દર્શનમોહનો કર્મ જડ છે ને એનો અનુદય, એમ કહે છે. અંદર કર્મ છે જડ એક. વિપરીત માન્યતા કરે ત્યાં કર્મ જડ છે, એમાં નિમિત્ત કહેવાય છે. અને વિપરીત માન્યતા ટાળે ત્યારે કર્મની જડ અવસ્થા એને કારણે ટળી જાય છે, એને દર્શનમોહનો અણઉદય હોય છે. અહીં કર્મ જડનો અણઉદય એટલે પ્રગટ નથી.

'गुरु उपदेश आदिका अवसर पाकर', લ્યો. પહેલી વાણી તો એને મળવી

જોઈએ ને કાને, કહે છે, જુઓ આવ્યું. કાળલબ્ધિ, કર્મ...ને ગુરુ ઉપદેશ, ત્રણ આવ્યા બહાર. ગુરુ ઉપદેશ આદિ. પણ એ ઉપદેશ કેવો એને મળ્યો હોય? કે જે એને રાગથી ભિન્ન કરવું છે, એવો એને ઉપદેશ મળ્યો હોય. એવો ઉપદેશ હોય. એ રાગ કરતા થાય, એ ગુરુનો ઉપદેશ નથી. એ ગુરુ પણ નહીં. જે કોઈ એમ કહે કે ભગવાનની ભક્તિ કરતાં કરતાં તમારું કલ્યાણ થાશે, એ ગુરુ નહિ. સમજાણું કાંઈ? એ ગુરુનો ઉપદેશ જ જૂઠો છે એ તો. આહાહા!

અહીંયા તો ગુરુનો ઉપદેશ એવો હોય કે જે એને કરવું છે, તે એનો ઉપદેશ હોય. ભાઈ! વ્યવહારના વિકલ્પ દયા....કીધું ને ભેદજ્ઞાન કર્યું ને. પુણ્યત્વના વિકલ્પ તે રાગ છે, એનાથી તું જુદી ચીજ છો. એને બે ફાડ કર, હિસાબે જુદા કર. હિસાબ જુદાનો અર્થ—મૂળ હિસ્સો તે તારો રાખ, રાગનો હિસ્સો જુદો પાડી દે. એવો જેનો ઉપદેશ છે એ તત્ત્વ ઉપદેશ અને તે ધર્મને ઉપદેશ તે ગુરુનો ઉપદેશ કહેવામાં (આવે છે), બાકી બધા ગપગોળા. એ દેશના કહેવામાં આવે છે. નારણભાઈ! આ બધું ઝીણું તત્ત્વ છે! ઉપર ટપકે સરખું લાગે આમ જાણે. તળાવમાં પાણી હોય ને. કાંઠામાં પાણી ને અંદરમાં સરખું લાગે. એમ કેટલોક ઉપદેશ એવો હોય કે આમ સરખો લાગે. પણ પાણીનું માપ કરવા જાય કે કાંઠાનું, ઉંડાણમાં ફેર છે મોટો. ઉપર સપાટી લાગે. કાઠે થોડું હોય ઊંડું. ઊંડા ક્યા કહતે હૈં? ગહરા. પાણી મધ્યમેં બહોત ગહરા હો, ઉપરની સપાટી સરખી લાગે, પણ ઘણો ફેર છે. એ ફેર તો માપવા જાય એને ખબર પડે. ઉપર સપાટી દેખે તેને ખબર પડે (નહિં). સમજાય છે કાંઈ?

'अवसर पाकर तत्त्व श्रद्धान करता है'. તત્ત્વશ્રદ્ધાન એટલે સમ્યગ્દર્શન. 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं', છે ને. તત્ત્વ શ્રદ્ધાન. તત્ત્વ નામ જ્ઞાયકભાવ તત્ત્વ, જ્ઞાયક ચિદાનંદ તત્ત્વ એની શ્રદ્ધાન કરે છે. એમાં આ પુણ્ય-પાપ આદિ નથી, એની શ્રદ્ધા ભેગી આવી જાય છે, એમાં એ નથી. 'तब द्रव्यकर्म वा भावकर्मोंकी शक्ति शिथिल हो जाती है'. જડકર્મ છે એ પણ શિથિલ થઈ જાય છે. ભાવકર્મ પણ નાશ થઈ જાય છે. 'और अनुभवके अभ्याससे उन्नति करते करते', આત્માના આનંદના અનુભવમાં એકાગ્રતા કરતા, 'कर्मबंधनसे मुक्त होकर उर्ध्वगमन करता है।' 'मुख उरध धावै' એમ આવ્યું હતું ને. 'अर्थात् सिद्धगतिको प्राप्त होता है'. સિદ્ધ પરમાત્મા જ્યાં વસે છે ભગવાન ઉપર, એ ગતિને પામી જાય. અંતરમાં આનંદના અભ્યાસ દ્વારા રાગના પૃથક્ દ્વારા આવા ભાવથી મુક્તિ થાય છે, બીજી રીતે થતું નથી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૬૭, ચૈત્ર સુદ ૧૨, બુધવાર, તા. ૭-૪-૧૯૭૧, સંવર દ્વાર પદ ૫, ૬, ૭, ૮ ઉપર પ્રવચન

આ નાટક સમયસાર. સંવર અધિકાર. ચોથો કળશ છે.

निजमहिमरतानां भेदविज्ञानशक्त्या
भवति नियतमेषां शुद्धतत्त्वोपलम्भः।
अचलितमखिलान्यद्रव्यदूरेस्थितानां
भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः।।४।।

એનો પાંચમો પદ. सम्यग्दृष्टिकी महिमा. આત્માની દૃષ્ટિ થતાં, શુદ્ધ ચૈતન્ય વસ્તુ પુણ્ય-પાપથી રહિત પૂર્ણ શુદ્ધ આનંદ, એની દૃષ્ટિ થતાં તે સમ્યગ્દૃષ્ટિ સાથે દૃષ્ટિવંત થાય. એની મહિમા વર્ણવે છે.

સમ્યગ્દૃષ્ટિનો મહિમા (સવૈયા તેવીસા)

भेदि मिथ्यात सु बेदि महारस
भेद-विज्ञान कला जिन्ह पाई।
जो अपनी महिमा अवधारत,
त्याग करैं उर सौंज पराई।।
उद्धत रीति फुरी जिन्हके घट,
होत निरंतर जोति सवाई।
ते मतिमान सुवर्न समान,
लगै तिन्हकौं न सुभासुभ काई।।५।।

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :–ભેદિ=નષ્ટ કરીને. વેદિ=જાણીને. મહારસ=આત્માનુભવનું અમૃત. અવધારત=ગ્રહણ કરતો. ઉદ્ધત=ચઢતી. ફુરી(સ્ફુરિત)=પ્રગટ સુવર્ન=સોનું. કાઈ=મળ.

**અર્થ** :–જેમણે મિથ્યાત્વનો વિનાશ કરીને અને સમ્યક્ત્વનો અમૃતરસ ચાખીને જ્ઞાનજ્યોતિ પ્રગટ કરી છે, પોતાના નિજગુણ–દર્શન, જ્ઞાન, ચારિત્ર ગ્રહણ કર્યા છે, હૃદયમાંથી પરદ્રવ્યોની મમતા છોડી દીધી છે અને દેશવ્રત, મહાવ્રતાદિ ઊંચી ક્રિયાઓનું ગ્રહણ કરીને જ્ઞાનજ્યોતિની સવાઈ વૃદ્ધિ કરી છે, તે વિદ્વાનો સુવર્ણ સમાન છે; તેમને શુભાશુભ કર્મમળ લાગતો નથી. ૫.

**अर्थ :** जिन्होंने मिथ्यात्वका विनाश करके और सम्यक्त्वका अमृतरस चाखकर ज्ञानज्योति प्रकट की है, अपने निजगुण–दर्शन, ज्ञान, चारित्र ग्रहण किये हैं, हृदयसे परद्रव्योंकी ममता छोड़ दी है और देशव्रत, महाव्रतादि ऊँची क्रियाएँ ग्रहण करके ज्ञानज्योतिको सवाया बढ़ाया है, वे विद्वान सुवर्णके समान हैं; उन्हें शुभाशुभ कर्ममल नहीं लगता है॥५॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

મતિમાનને સુવર્ણ સમાન સાથે કહ્યા બધા, કવિની શૈલી....

શું કહે છે? 'भेदि मिथ्यात सु वेदि महारस'. જેણે મિથ્યાત્વને ટાળ્યો છે, નાશ કર્યો છે મિથ્યાત્‌ભાવને. એટલે આત્મા અખંડ અભેદની દૃષ્ટિ છોડીને 'હું પુણ્યવાળો-પાપવાળો, એક પર્યાય જેટલો નિમિત્તના સંગવાળો હું', એવી જે મિથ્યાત્‌ માન્યતા અનાદિની છે. એણે અખંડ પદાર્થની દૃષ્ટિ કરીને મિથ્યાત્‌ને ટાળ્યો છે. કહો સમજાણું કાંઈ? 'भेदि मिथ्यात'. અનાદિનું મિથ્યાત્‌ એવું હતું–સ્વરૂપની ભ્રમણા. અખંડ આનંદની મૂર્તિ પ્રભુ એની પ્રતીતિ છોડીને 'પર હું, રાગ હું, પુણ્ય હું, એક સમયની અવસ્થા જેટલો તેટલો હું', એવી દૃષ્ટિ જે હતી તે મિથ્યાદૃષ્ટિ હતી. એ હતી એમ સિદ્ધ કર્યું. પહેલે મિથ્યાત્‌ ભાવ હતો. એને ભેદ્યો, હતો એને ટાળ્યો. 'भेदि मिथ्यात सु वेदि महारस'. મિથ્યાશ્રદ્ધામાં મિથ્યાદૃષ્ટિ રાગ અને દ્વેષના વિકલ્પોની અશાંતિને વેદતો હતો. સમજાય છે કાંઈ? મિથ્યાત્‌ના ભાવમાં રાગ-દ્વેષના પરિણામ શુભ-અશુભ આદિ એને વેદતો હતો. એને કરતો હતો, એને વેદતો હતો. એ સ્વરૂપ તેટલો હું છું, એમ માનતો હતો. એને ભેદિ–ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ એનો આશ્રય લઈ અને મિથ્યાત્‌ને જેણે ટાળ્યું છે. જુઓ આ મિથ્યાત્‌ છે અને મિથ્યાત્‌ ટાળવાની આ રીત. આહા! સમજાણું કાંઈ?

'वेदि महारस'. ધર્મી થાય એટલે કે સમ્યગ્દૃષ્ટિ થાય એટલે આત્માનો આનંદ મહા આત્મા આનંદમૂર્તિ એવા આનંદરસને વેદે. જે વસ્તુના સ્વરૂપના અજ્ઞાનમાં ચૈતન્ય અનાકુળ આનંદરસનો કંદ એના અભાનમાં એટલે કે મિથ્યાત્‌ભાવમાં રાગ અને દ્વેષ, સુખ અને સુખબુદ્ધિ પરમાં કે દુઃખબુદ્ધિ એવી કલ્પનાના વિકાર ને ઝેરનું વેદન ને અનુભવ હતો, એ અધર્મદશા. 'भेदि मिथ्यात सु वेदि महारस'. ભેદી ને વેદી પાછો આમ. એય! કવિ છે ને. લ્યો, ભાઈ અમારા પંડિતજી. 'भेदि मिथ्यात सु वेदि महारस'. કવિના શબ્દો પણ કેવા જુઓને! પંડિતજી! 'भेदि मिथ्यात सु वेदि महारस'. ભગવાન આત્મા આનંદનો ભાન અનાકુળ આનંદમૂર્તિ, એનાથી વિપરીત જે માન્યતા મિથ્યાત્‌ કે આ અમે દયા-દાન, વ્રત પાળીએ તો ધર્મ થાય, ભક્તિ-પૂજા કરીએ તો ધર્મ થાય, પાપના પરિણામમાં 'ઠીક છે', સુખબુદ્ધિ રહે, એ બધો મિથ્યાત્‌ભાવ છે.

એવા 'भेदि मिथ्यात' અને 'वेदि महारस'. આત્માનો અનુભવ કર્યો, એમ કહે છે. મહારસ આત્મા આનંદ સ્વરૂપ જેના અતીન્દ્રિય આનંદમાં એક ક્ષણ પણ આનંદનું વેદન એ શાંતિનું છે. સ્વરૂપ તો આનંદ છે પણ સમ્યગ્દર્શન થતાં ધર્મની પહેલી દશા ઉત્પન્ન થતાં મહારસને અનુભવે. કહો સમજાણું કાંઈ? એ અમૃતનો અનુભવ કરે, એમ કહે છે. મિથ્યાત્ભાવમાં ઝેરનો અનુભવ હતો. આ બધા કરોડપતિઓ અને અબજોપતિ એ કહેવાય છે ને? એ બધા ઝેરના અનુભવ કરનારા છે, કહે છે એય! (શ્રોતા : રૂપિયા ઝેર). રૂપિયા નહિ, એના પ્રત્યે આ હું છું, એવી માન્યતા તે ઝેર છે. (શ્રોતા : મહારસ તે હું છું). હાં...નજીક આવો ભાઈ, પાછળ ઘણી જગ્યા જુઓ મોઢા આગળ....મોઢા આગળ ય છૂટ હોય ને, આવીને બેસે.

બહું ટૂંકું. 'भेदि मिथ्यात वेदि महारस'. એક શબ્દમાં આખી વ્યાખ્યા. કહો પંડિતજી, આહા! એટલે કે અખંડ ધ્રુવ અભેદ...જુઓ સવારમાં વ્યાખ્યા ચાલે છે ને આત્મા—શુદ્ધભાવ. એ ત્રિકાળી ધ્રુવ શુદ્ધભાવ એનો આશ્રય લઈ અને જે આનંદનો અનુભવ મહારસનો આવ્યો, એ ઉત્પાદ થયો અને રાગ-દ્વેષનું વેદન હતું તેને છેદ્યું, એ મિથ્યાત્ને છેદ્યું. કનુભાઈ! આવો માર્ગ ભારે આકરો! જુઓ, ધર્મ થાય ત્યારે તો કહે અમૃતને અનુભવે અને ધર્મ ન થાય એ બધા પાપને અને ઝેરને અનુભવે, એમ કહે છે. એ પોપટભાઈ! આ શું બધા તમે પૈસાવાળા ને બધા ઝેરને અનુભવો છો, એમ કહે છે. હવે પૈસા તો કહે તો ઈ વેશ્યાઓ પાસે પણ હતા, અમારા પ્રકાશદાસજી કહે. હવે પૈસા એટલા શું પણ? એય! ઝેરનો અનુભવ છે ઈ. આહાહા! પાંચ-પાંચ હજારનાં દસ-દસ હજારનાં પગારદાર, અમે આવા અમલદાર, અમે અમલદાર, અમે અધિકારી, એ ઝેરના અનુભવ છે રાગના. શું કહે છે?

(શ્રોતા : જબરું કામ છે) લે, એ દુકાને બેસે ત્યાં બંગડીમાં. સો રૂપિયાની પેદાશ આ ભાળે કે આહાહા.... મહિને ત્રણ હજાર ને બાર મહિને છત્રીસ હજાર. (શ્રોતા : દર મહિને). આ તો બાર મહિનાનું ગણે. પછી એ મૂડી હોય એમાં આટલું ખરચ થયું ને આટલું નાખ્યું એમ વધે પછી બાર મહિનાનું બીજું પાછું. છત્રીસ હજારમાં તો દસ હજારનું ખરચ થયો ને છવ્વીસ હજાર વધ્યા, આવું (શ્રોતા : ઝેર વધ્યું આપ શું કહો છો?) એ ના...ઈ નહિ ઝેર. (શ્રોતા :.......) એના ઉપર રંગ ચડ્યો છે રાગનો કે અમને મળ્યા છે. એ રાગના ઝેર જેણે પ્યાલા પીધા છે. આહાહા! એય, કાળીદાસભાઈ! બરાબર છે, લ્યો!

'भेदि मिथ्यात सु वेदि महारस'. ભારે કવિ પણ કવિ પણ છે ને! 'भेद-विज्ञान कला जिन्ह पाई'. ભેદવિજ્ઞાન કહેતાં બે ચીજ છે, એક નહિ. એક હોય તો ભેદ-વિજ્ઞાન

થઈ શકે નહિ. એટલે રાગ-પ્રેમ પણ છે, કર્મ છે, શરીર છે અને એકકોર ભગવાન અખંડાનંદ પ્રભુ આત્મા છે. બે ને ભેદ-વિજ્ઞાન કળા. રાગનો વિકલ્પ શુભ-અશુભથી ભગવાન ભિન્ન ચૈતન્યમૂર્તિ, એવી જે ભેદજ્ઞાનની કળા પ્રગટી. 'जिन्ह पाई'. પ્રગટી—પાઈ છે નવી. કંઈ ભેદવિજ્ઞાન અનાદિનું ન હોય. સમજાય છે કાંઈ? 'भेदविज्ञान कला जिन्ह पाई, जो अपनी महिमा अवधारत'. તે ધર્મી એને કહીએ કે જે પોતાના આનંદ જ્ઞાનસ્વરૂપની મહિમાના નિર્ણયમાં મહિમામાં હોય છે. ધર્મીને પુણ્ય-પાપના પરિણામ, એના ફળ આ બધા ધૂળનાં ઢગલા, એનો મહિમા ધર્મીને હોતો નથી. સમજાય છે કાંઈ?

'जो अपनी महिमा अवधारत'. ભગવાન આત્મા શુદ્ધ આનંદ અતીન્દ્રિય ધામ એની મહિમા ધારે, અવધારે, નક્કી કરે. સમજાણું કાંઈ? પોતાનો મહિમા જેણે ગ્રહણ કર્યો છે, એને સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહીએ. જેને પુણ્ય ને પાપના ભાવનો પણ મહિમા જેનો થયો છે અને પુણ્ય-પાપનાં ફળરૂપે મળતી બહારની ચીજ એનાથી અધિક કાંઈ વધ્યો છું, એવો ભાવ એ મિથ્યાત્‌ભાવ છે. સમજાણું કાંઈ? એ મહિમા પરની કાંઈક થાય, પોતાના સ્વભાવથી બીજી ચીજમાં અધિકાઈ, અતિશયતા, વિશેષતા, મહિમા જણાય તો એ ભાવ મિથ્યાત્‌ છે. આહા! 'अपनी महिमा अवधारत'. ધર્મી જીવની શરૂઆતમાં પહેલી દશામાં ભગવાન પરિપૂર્ણ પ્રભુ, એનો જ મહિમા જેણે અંતરમાં ગ્રહણ કર્યો છે. આહાહા! જેને ઈન્દ્રના પદ ને, ભાઈ મરીને સ્વર્ગમાં જશું અહીંથી, એની મહિમા ધર્મીને હોતી નથી. આહાહા! એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ કે શ્રાવક સાચા કે મુની પંચમકાળમાં તો દેહ છૂટીને સ્વર્ગમાં જ જાય, વૈમાનિક દેવ થાય. પુરુષવેદે દેવ થાય, દેવી ન થાય, વ્યંતર, ભવન, જ્યોતિષમાં ન જાય પણ કહે છે કે ધર્મીને મહિમા પોતાના સ્વરૂપની છે, એને ભવની મહિમા છે (નહિ). આહા!

આમ ઈન્દ્રાણી સાથિયા પૂરે હીરાનાં, અબજો રૂપિયાની કિંમતનો એક સાથિયો હોય. એવા સમકિતી ધર્માત્મા એની પાસે ઈન્દ્રાણીયું આવે અને આટલી મહિમા કરે તો પણ ધર્મીને એની મહિમા લાગતી નથી. સમજાણું કાંઈ? આહાહા! જેમના ઈન્દ્રો મિત્ર હોય. સમકિતી ચક્રવર્તી આદિ હોય, એના તો ઈન્દ્ર મિત્ર હોય. હીરાનાં સિંહાસનોમાં બેઠા હોય, ઈન્દ્ર આવીને બેસે. સભા કરોડો આમ, આહાહા! ધર્મીને એ બાહ્યચીજની મહિમા જરીય લાગી નથી. સમજાણું કાંઈ? આહાહા! 'निजमहिमारतानां' છે ને? ત્યાંથી ઉપાડ્યું છે ને ઈ. 'निजमहिमारतानां भेदविज्ञानशक्त्या'. ભગવાન આત્મા જેણે રાગ પુણ્યના પરિણામથી જુદો પવિત્રને જુદો પાડીને જાણ્યો, જુદો પાડીને અનુભવ્યો, એવા સમકિતીને પોતાના સ્વરૂપની મહિમા જ ગ્રહણ થાય છે. બીજી કોઈ મહિમા આવતી નથી. આહાહા!

જુઓ આવો ધર્મ હોય. આ સામાયિક કરીને બેઠા ને પોષા કર્યા ને પડિક્કમણા કર્યા ને જાત્રા કર્યા ને ધર્મ થઈ ગયો. ધૂળેય નથી ધર્મ સાંભળને! ધર્મ તો વસ્તુના ચૈતન્ય સ્વભાવમાં ભરેલો છે. એ સ્વભાવની મહિમાની ખબર નથી ને પરની મહિમામાં ગૂંચી ગયો છે. કહો જેઠાભાઈ, શું હશે આ? (શ્રોતા : પરની મહિમા.....) આહાહા! દસ-દસ, બાર-બાર છોકરા હોય કલૈયા કુંવર જેવા. બાર-બાર હોય છે ને. અત્યારે બાર, પહેલા તો હજારો હોય. બારભાયા કહેવાય. (શ્રોતા : બારભાયાની શેરી છે ને.) છે ને બારભાયા. બાર ભાયું એક સાથે. પાળિયાદમાં છે બારભાયા, વિસા શ્રીમાળી (શ્રોતા : મુંબઈમાં....) મુંબઈમાં રહે છે....બારભાઈઓ હોં. દસ ભાઈઓ તો અત્યારે છે ને આ ધન્યકુમારને. ધન્યકુમાર દસ ભાઈઓ. એક હજાર એકર જમીન, નવ પરણેલા ને પોતે બ્રહ્મચારી. આવે છે ને અહીંયા. ધન્યકુમાર, એને લઈને ગ્યા'તા ને કોર્ટ ત્યાં. (શ્રોતા : અંતરીક્ષ પાર્શ્વનાથ) અંતરીક્ષ. ત્યાં તો અજાણ્યો મહારાષ્ટ્ર. પણ એનું બહુ....એની છાપ બહુ હોં ત્યાં. આહાહા!

આટલા માણસો.... બાર-બાર હજાર.... પંદર હજાર. બહાર બોલાતું પંદર-વીસ હજાર પણ બાર-તેર હજાર હશે, એવું લાગે છે અનુમાન. લ્યો, એની મહિમા, દસ ભાઈઓ, નવની વહુરો, એક-એકના દાગીના પાંચ-દસ હજારનાં કે વીસ-વીસ હજારના જુદા. એ મહિમા હશે? એય! નહિ? આ તમારા છોકરાએ આપ્યું કો'ક હમણાં કહેતું હતું, લ્યો. સગપણ કર્યું ને ૨૭ હજારનો હીરો, આપ્યો જમાઈને. (શ્રોતા : જમાઈને આપ્યો એમાં નવાઈ શું કરી?) પણ ગામમાં એવું થયું લોકોને કેમ ખબર પડે? સગપણ ચાંદલો કર્યો ૨૭ હજારનો હીરો, એમ સામેથી કોઈક વાતું કરતા હોય. આપણે ક્યાં જોવા ગયા છીએ? એનો કાકો વાત કરતા હતા. કહો, મહિમા હશે ને ઈ? પણ કેટલું લાગે ઈ વખતે, આહાહા! ધૂળેય નથી સાંભળને હવે! તારા ચામડાના પૂતળાના એની સાથે સગપણ કર્યું ને પાછો હીરો અને એની મહિમા. ધૂળેય નથી. એય ભીખાભાઈ! આ તો જેને અનંત આનંદનો કંદ પ્રભુ એની સાથે સગાઈ કરી સમકિતીએ.

આવે છે ને સગાઈ કરી સમકિત સાથે, ઓલામાં આવે છે ભજનમાં આવે છે. સમકિત સાથે સગાઈ કીધી. ત્યાં કંઈ ભૂલી ગયા ભાષા છે, આનંદઘનમાં. સમજાણું કાંઈ ? સમકિત સાથે સગાઈ કીધી, આવે છે....(શ્રોતા : સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર સુગાઢી......) બસ ઈ લ્યો, વાંચ્યું હોય તો બધું યાદ હોય? વાંચ્યું તો હજારો શાસ્ત્રો વાંચ્યા હશે બધાય. આનંદઘનજીના બધા એક-એક. 'સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર સુગાઢી' અનંતગુણનો માલ ભગવાને એની સાથે સગાઈ કરી. ગાઢી કરી પણ હોં. હવે લગન કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા એટલી વાર છે, કહે છે. આહાહા! એ આંહી કહે છે

કે નિજ અપની મહિમામાં ગ્રહણ કરી છે વસ્તુ. અમારા આત્માના આનંદની મહિમા આગળ કોઈ જગતમાં ચીજ મહિમા છે જ નહિ. આહાહા! નિજ મહિમા આગળ તીર્થંકર ત્રિલોકનાથ સમવસરણની પણ મહિમા નહિ. એમ છે ને 'निजमहिमरतानां'. મોટું સમવસરણ આમ ભગવાનની વાણી મળે ને, આહાહા! સમજાણું કાંઈ?

'त्याग करैं उर सौंज पराई'. ધર્મી જીવ પોતાના આત્માના મહિમાના સ્વભાવમાં રત છે અને 'त्याग करैं उर' હૃદયમાં રાગથી માંડીને 'सौंज' નામ પર વસ્તુ 'पराई' એનો ત્યાગ કરે. આહાહા! લ્યો, આ ત્યાગ, ત્યાગ નથી? આ તો બહારનાં ત્યાગ કરીને માન્યા કે અમે ત્યાગ કર્યા. ધૂળેય નથી ત્યાગ કર્યા સાંભળને! 'त्याग करैं उर सौंज पराई'. પરવસ્તુ એને દૃષ્ટિમાં છોડી દે છે. રાગ પુણ્યનો ભાવ એ હું નહિ, એના ફળ હું નહિ, મારી ચીજમાં છે તે હું. આ તે હું છું નહિ. જેનો મિથ્યાત્નો ત્યાગ થતાં વિકલ્પ આદિનો ત્યાગ દૃષ્ટિમાં થઈ જાય છે. આહાહા! ભારે આ! સમજાણું કાંઈ? 'त्याग करैं उर'. હૃદયમાં પણ, એમ જ્ઞાનમાં એનો ત્યાગ થઈ જાય. આહા! રાગાદિનો ધણીપતુ ઉડી જાય. ધર્મીને રાગ આદિ, ભગવાનનાં જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, એ ભાવનો પણ ત્યાગ છે દૃષ્ટિમાં. આ નહીં...આ નહીં. એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્દર્શનની દશાના ધ્યેયમાં વસ્તુની મહિમા પરની મહિમા બધી ઉડી ગઈ છે. આહાહા!

'उद्धत रीति फुरी जिन्हके घट'. આત્મા પોતાના અંતર આનંદના સ્વભાવમાં ઉદ્ધત, રાગ ને કર્મના નિમિત્તને નહિ ગણતો, એને નહિ ગણતો, પોતાના શુદ્ધ સ્વરૂપને ગણતો આગળ વધી જાય છે. પોતાના ઉન્નતિ ક્રમમાં સ્વભાવના ડુંગરે ચડતો જાય છે અંદર. આરે, ભારે વાતું! એ હીરાલાલજી, ઝાઝી વાતું છે, જુઓ. (શ્રોતા : સ્વરૂપનું ધ્યાન કરતી). આહાહા! ભગવાન, તું તો પરમાત્માનું રૂપ લઈને પડ્યો પણ સંતાડી દીધું તેં, કહે. શુભ રાગના મહિમામાં, શુભ રાગના અસ્તિત્વના સ્વીકારમાં ભગવાન સંતાઈ ગયો અંદરમાં. આહાહા! પણ જેણે અંતરમાં રાગના વિકલ્પથી જુદો આત્માને જાણ્યો. 'त्याग करैं उर सौंज पराई उद्धत रीति फुरी', લ્યો. 'अपने निजगुण-दर्शन, ज्ञान, चारित्र ग्रहण किये हैं'. આંહી તો આ જ્ઞાનજ્યોતિ પ્રગટ કરી, એની વાત છે. 'हृदयसे परद्रव्योंकी ममता छोड दी'—એ 'सौंज पराई' આ. પરદ્રવ્ય એટલે 'सौंज'—પરવસ્તુ.

देशव्रत, महाव्रतादि ऊँची क्रियाएँ ग्रहण करके'.... એ તો વિકલ્પથી વાત લીધી છે પણ આંહી તો 'उद्धत रीति फुरी जिन्हके घट'. અખંડજ્ઞાનની ધારા નિર્મળ પુરુષાર્થની ઉગ્રતા દ્વારા ધારા વધી જાય છે અંદરમાં, શુદ્ધતા અંદર વધે છે એ ઉદ્ધત ધારા. કર્મને ગણતો નથી, રાગને ગણતો નથી, મારી ચીજ છે એને ગણે છે. ગણતરીમાં ગણે તો એના ગુણને ગણે ને સ્વભાવને ગણે છે કે અમારી કાંઈ ગણતરી ? રાગ ભાવ

આવે, પુણ્યભાવ આવે એની કંઈ ગણતરી ખરી અમારી આમાં? આહાહા! ઘણીવાર નથી કહેતા એના ઘરનાં છોકરા પાસે, પણ અમારી તો ગણતરી જ નહિ. ઓલો ડોસો થાય તો ગણે નહિ કોઈ. કાંઈ હરખું ન હોય. પછી અમે હવે ગણતરીમાં નહિ. આ બધું અમે કમાણા ને ફમાણા ને. એમ હોય છે કે નહિ?

(શ્રોતા : કહેવત છે). કહેવત નહિ આ તો છે નજરે બધું જોયેલા. રળીને બેઠો દસ-દસ લાખ રૂપિયા. ઈ છોકરા હોંશિયાર થઈ ગ્યા ને પોતે એક કોર ડોહા બેસે. એની ઘરમાં ગણતરી નહિ, એનું ધાર્યું થાય નહિ. (શ્રોતા : પણ હવે આમેય કોઈ કોઈનું ધાર્યું ક્યાં થાય છે?) પણ ઈ માને ને એનું ધાર્યું થાય એમ માને ને આમ કંઈ થાય. ઓલા છોકરા-બોકરા ગણે નહિ ગણતરીમાં. રળીને બેઠો ઈ, પૈસા રળ્યા એણે. (શ્રોતા : આજના જમાનાના બધા....) ઈ નામ-ઠામ ન અપાય, છે ને બધા નમૂના ઢગલા આંહી આપણા હાથમાં છે ઈ. આ છોકરા ગણે નહિ કાંઈ. પેદાશ પચાસ-પચાસ હજારની, દસ-દસ લાખની મૂડીયું. ભેગા કર્યા છે એણે અને હવે બેઠા ઓલા... આને આવડત નથી, લ્યો. તમારે અહીંયા રહેવું હોં, અમારી આજ્ઞા બહાર ન જવું તમારે. શરીરે ઠીક ન હોય તમને, એમ કહીને પાછું. હા, માળે મારી નાખ્યા, ગજબ કર્યું છે કાંઈક.

આંહી તો કહે છે કે 'उद्धत रीति फुरी'. એ બહારની ચીજોની પ્રતિકૂળતાને પણ ઈ ગણતો નથી. અનુકૂળતાને પણ ગણતો (નથી), પોતાના સ્વભાવની શ્રેણીએ ચાલ્યો જાય છે. જુઓ આ વસ્તુ. આનું નામ સંવર. ઓલા....પચ્ચક્ખાણ જામનગરમાં કરે છે. ઓલા આઠમના બધા ભેગા થાય. પાંચ-દસ જણા પચ્ચક્ખાણ કરો સવાર સુધી, લ્યો થઈ ગયો સંવર. જામનગરમાં વધારે છે. આખા કાઠિયાવાડમાં, જામનગરમાં આઠમ-ચૌદશ-પાંખી, પાંખી કરે. પાંચ-પચ્ચીસ-પચાસ જણ પોષા કરે, સંવર કરે, બેસે. બારે માસ હોં, બારે માસ. ઓલા અપાસરે શું કહેવાય?....ના અપાસરે. અરે, ભાઈ! એ સંવર નહિ. સંવર તો અંતર આત્માના આનંદનો આશ્રય કરીને મહિમા પ્રગટ કરી અને વિકલ્પ માત્રની મહિમા છોડીને ઉદ્ધત થઈને આગળ વધી જાય છે. એને શુદ્ધતા વધતાં અશુદ્ધતા ટળી જાય છે. 'जिन्हके घट'. જેના જ્ઞાનમાં, ઘટ શબ્દે હોં હૃદયમાં અંદર, સ્ફુરિત. 'उद्धत रीति फुरी, होत निरंतर जोति सवाई'. એ તો ગોઠવવા માટે કર્યું. સ્વભાવમાં અનંત નિર્મળતા વધતી જાય છે. 'होत निरंतर जोति सवाई'. ચૈતન્ય જ્યોત ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ જ્ઞાન પ્રકાશની મૂર્તિ સવાયો થઈને નિરંતર જ્યોતિ વધતી જાય છે. એ તો પદ ગોઠવવા માટે सवाई (નાંખ્યું છે.)

'ते मतिमान सुवर्न समान', લ્યો. 'ते मतिमान सुवर्न समान'. કવિ પણ છે ને!

સવારમાં સાંભળ્યું કે નહિ ગાયન ઓલું? લ્યો, ઈ પોતે ગાયું એણે. કોણ લાવ્યું છે ઈ? (શ્રોતા :......) ઠીક. હા, ઠીક. એકનું છે કે બીજું છે? બીજા ઘણા. ઈ આપણે ગાયન નહોતું ગાયું ઈ રમેશ પોતે ગાતો'તો વિંછીયામાં. પ્રેમચંદભાઈનો પૌત્ર. આ કવિ છે આ તો. 'ते मतिमान सुवर्न समान, लगै तिन्हकौं न सुभासुभ काई'. આહાહા! જેને સમ્યગ્દર્શન પ્રગટ્યું છે એટલે જેને આત્મા છે તે અનુભવમાં આવ્યો છે, એનું નામ સમ્યગ્દર્શન. એને કહે છે, 'ते मतिमान'. તે મતિમાન છે. બુદ્ધિવાળો ઈ છે કે જેણે સાચી ચીજ તેને પકડી. ખોટી છે એને છોડી દીધી અંદરમાંથી. 'ते मतिमान सुवर्न समान', સોનાના જેવો છે. સુવર્ણને કાટ ન લાગે. સુવર્ણને કાટ—'काई, काई' (ન લાગે).

'लगै तिन्हकौं न सुभासुभ काई', લ્યો. એ સમકિતીને પુણ્ય-પાપના પરિણામનો મેલ લાગતો નથી. એ શુદ્ધતા વધતી જાય, એમાં મેલ લાગતો નથી, એમ કહે છે. આહા! ભારે ભાઈ! એય શેઠીજી, આવું તમારા જયપુરમાં સાંભળ્યું'તું કાંઈ આવું? જયપુરમાં સુના થા કિ નહિ ઐસા? તો હવે.....આહાહા! સમયસાર નાટક તો થા તમારે ઘેરે બનારસીદાસજીકા. આહાહા! કેટલું ગોઠવ્યું છે જુઓ ને! 'ते मतिमान सुवर्न समान, सो उर सौंज'.....ચોખ્ખા આ પાના નથી પડતા સોનાનાં. શું કહેવાય ઈ? (શ્રોતા : વરખ). વરખ પાટો. બરફીમાં આમ ચોડે, ઓલામાં ચોડે, લ્યો. આ બરફી—બરફી પીરસી તેમાં કાંઈક હતું કો'ક કહેતું ત્યાં, પાળિયાદ.

અમુક જણાને આમંત્રણ આપ્યું હતું ને મહેમાન આવ્યા'તા ને બધાને બરફી ને કો'ક કહેતુ'તું, એક સોનાનો વરખ ચડ્યો'તો ઝીણો. એક મોટા....બે લાખનું પછી પાળિયાદમાં તમારે. કાઠી. મહેમાન ને બધા જમે. (શ્રોતા :......) બધાની ઓલીમાં રકાબી ને, એક-એક રકાબીમાં બબ્બે રૂપિયાની ચીજો. બરફી ને ફલાણું ને ઢીકણું. મહારાજ સાથે માણસ આવ્યા છે. અને અમે આંહી દૂધ પીધું ને....ખાધું. માણસને કેવું લાગે આમ, આહાહા! મોઢું ભાંગી નાંખે, લ્યો. સોનાના વરખવાળી બરફી, રૂપાના વરખવાળી બરફી, લાડવા એવું કાંઈક હતું, કહેતાં'તા બધું......માણસને થયું, અમે રોટલો મોટો ને બહાર એની મહિમા લાગે જગતમાં. જગ્યા પાળિયાદની જગ્યા. દસ વાગે ઘંટ વાગે. ગમે તે ગરીબ માણસ આવો. આવો, ખાઈ (જમીને) જાઓ. એમ કે લોકોમાં એટલી પ્રસિદ્ધિ છે ને અમારે પ્રકાશદાસજી કહે છે ને. એનો ટુકડો....શું કીધું પ્રકાશદાસ? 'રોટલાનો ટૂકડો, એને ભગવાન ઢૂંકડો'

અરે ભગવાન! ત્યાં રોટલાનો ટુકડો ઈ નહીં, આ તો આનંદનો ટુકડો સંવરનો, એને ભગવાન ઢૂંકડો. પ્રકાશદાસજી! આ આત્માનો અનુભવનો રસનો ટૂકડો લીધો, ત્યાં

ભગવાન ઢૂંકડો છે. ઈ એનો ખોરાક છે. હવે આ ધૂળના ખોરાકમાં માળા. સમજાણું કાંઈ? ઈ બધું શીખેલા છે ને, બધે જ્યાં ત્યાં ફર્યા છે. વાત સાચી. લોકો એમાં મૂંઝાઈ જાય. પૈસા ને જુઓને આ એક ઠેકાણે શું કહેવાય? જલારામ (શ્રોતા : વીરપુર) વીરપુર, લ્યો. કેટલા રૂપિયા આવે છે ઘણા લાખો. આફ્રિકામાંથી ને. એ હમણાં હોં, પહેલાં કાંઈ નહોતું. હવે હમણાં થયું. દસ-દસ લાખના મકાન કરાવે છે. (શ્રોતા : પચાસ ટકા વાણિયા....) વાણિયા હશે. એ તો વાણિયા એટલે વહાણ વિનાના વાણિયા. એને જલારામને ચઢાવો, પાંચ હજાર આપે, દસ હજાર આપે, લ્યો. એ હમણાં, પહેલા નહોતું. (શ્રોતા : ભાગ કાઢી.....). ભાગ કાઢી નાખે એટલે જમા....આપે એને આપે. આંહી તો આનંદમૂર્તિ પ્રભુ છે. આ એને અંદરમાં દૃષ્ટિમાં અનુભવમાં લીધો, કહે છે કે એને હવે મેલ-બેલ કાઈ લાગતી નથી. આ એની લક્ષ્મી અંતરની વધી જાય છે. આહાહા! પાંચમો શ્લોક કળશ કળશ.આ બાજુ છે ને.

**सम्पद्यते संवर एव साक्षाच्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात्।**
**स भेदविज्ञानत एव तस्मात्तद्भेदविज्ञानमतीव भाव्यम्।।५।।**

ભેદવિજ્ઞાન, સંવર-નિર્જરા અને મોક્ષનું કારણ છે. લ્યો, સંવર એટલે શુદ્ધતાની ઉત્પત્તિ, નિર્જરા નામ શુદ્ધિની વૃદ્ધિ, મોક્ષ નામ શુદ્ધિની પરિપૂર્ણતા. એ ભેદવિજ્ઞાનને કારણે સંવર-નિર્જરા અને મોક્ષ હોય. કોઈ વ્રત ને નિયમ ને તપસ્યા ને ક્રિયાકાંડ ને એ સંવર-નિર્જરા, મોક્ષ હોઈ શકે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

ભેદજ્ઞાન, સંવર-નિર્જરા અને મોક્ષનું કારણ છે. (અડિલ્લ છંદ)

**भेदग्यान संवर-निदान निरदोष है।**
**संवरसौं निरजरा, अनुक्रम मोष है।।**
**भेदग्यान सिवमूल जगतमहि मानिये।**
**जदपि हेय है तदपि, उपादेय जानिये।।६।।**

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :**–નિદાન=કારણ. નિરદોષ=શુદ્ધ, નિરજરા=કર્મોનું એકદેશ ખરવું. અનુક્રમ=ક્રમે ક્રમે. સિવ=મોક્ષ. મૂલ=મૂળિયું. હેય=છોડવા યોગ્ય. ઉપાદેય=ગ્રહણ કરવા યોગ્ય

**અર્થ :**–લોકમાં ભેદવિજ્ઞાન નિર્દોષ છે, સંવરનું કારણ છે; સંવર નિર્જરાનું કારણ છે અને નિર્જરા મોક્ષનું કારણ છે. તેથી ઉન્નતિના ક્રમમાં ભેદવિજ્ઞાન જ પરંપરાએ મોક્ષનું કારણ છે. જો કે તે ત્યાજ્ય છે તોપણ ઉપાદેય છે.

**ભાવાર્થ :—**ભેદવિજ્ઞાન આત્માનું નિજસ્વરૂપ નથી તેથી મોક્ષનું પરંપરા કારણ છે, મૂળ કારણ નથી. પરંતુ તેના વિના મોક્ષના અસલ કારણ સમ્યક્ત્વ, સંવર, નિર્જરા થતાં નથી તેથી પ્રથમ અવસ્થામાં ઉપાદેય છે અને કાર્ય થતાં કારણ–કલાપ પ્રપંચ જ હોય છે તેથી શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતાં હેય છે. ૬.

**अर्थ :**–लोकमें भेदविज्ञान निर्दोष है, संवरका कारण है; संवर निर्जराका कारण है और निर्जरा मोक्षका कारण है। इससे उन्नतिके क्रममें भेदविज्ञान ही परम्परा मोक्षका कारण है। यद्यपि वह त्याज्य है तो भी उपादेय है।

भावार्थ :–भेदविज्ञान आत्माका निजस्वरूप नहीं है इसलिए मोक्षका परंपरा कारण है, असली कारण नहीं है। परंतु उसके बिना मोक्षके असली कारण सम्यक्त्व, संवर, निर्जरा नहीं होते, इसलिए प्रथम अवस्थामें उपादेय है, और कार्य होनेपर कारण-कलाप प्रपंच ही होते हैं इसलिए शुद्ध आत्म-स्वरूपकी प्राप्ति होनेपर हेय है॥६॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

ભેદવિજ્ઞાન સંવરનું નિદાન નામ હેતુ છે. નિર્દોષ લોકમેં નિર્દોષ ભેદવિજ્ઞાન. વિકલ્પથી ભિન્ન પાડીને ભગવાનને ભાવવો અને અનુભવવો, એવું જે ભેદવિજ્ઞાન તે જ આ જગતમાં નિર્દોષ અને ધર્મનું કારણ છે. સંવર નામ ધર્મ. આ ધર્મ. આહા! 'भेदग्यान संवर-निदान निरदोष है'. નિદાન નામ જરૂર, એમ કે હેતુ. સંવર એ જ હેતુ છે. ભેદજ્ઞાન—સંવરનું કારણ જ ભેદજ્ઞાન, એમ કહે છે. સંવર જ હેતુ છે ભેદજ્ઞાનનો, એમ. 'संवरसौ निरजरा'. અને જેને એ સંવર થયો, રાગ ને વિકલ્પથી પ્રભુ નિર્વિકલ્પ વસ્તુનું અંતર આરૂઢ થયો, એને સંવર થયો અને સંવરથી એને નિર્જરા થાય. એની શુદ્ધિ વધતી જાય અને અશુદ્ધિ ટળતી જાય. લ્યો, ઓલો કહે, અપવાસ કરે તો નિર્જરા થાય, તપસ્યા કરે તો નિર્જરા. પણ કઈ તપસ્યા? આ ભેદજ્ઞાનની તપસ્યા, એ તપસ્યા. આહાહા! લાંઘણું કરે અપવાસની, વર્ષીતપ કર્યા ને આ બધા અઠ્ઠમ, છઠ્ઠ ને એ લાંઘણ છે, ત્રાગાં છે ભગવાન આત્મા પાસે.

ત્રાગાં નથી કરતાં? લોહી કાઢે ને. ઓલો પૈસા માંગવા આવે ને પૈસા ન આપે તો છરી મૂકે આમ. પછી ઈ પૈસો અડાડી એને દુકાન ઉપર નાંખી દે. એવા માળા ક્રોધી હોય ઈ બાવા. હવે તો ઓછું થઈ ગયું છે. આપણે પહેલાં જરી, હવે થોડું ઓછું. આ તો ૬૦-૭૦ વરસ પહેલા દુકાન ઉપર અમે હોઈએ ને ત્યારે આવતા બાવા. લાવો પૈસા. ત્યારે હું તો તરત જ (આપી દઉં). અમારે શિવલાલભાઈ જરી. એક વાર ફકીર આવ્યો ત્યારે બહુ વિરોધ કર્યો. માળે લુગડું ઉડાડ્યું. અંતે આઠ આના-રૂપિયો દેવો પડ્યો. એક

ફકીર હતો ત્યાં પાલેજમાં. પછી ફકીર ત્યાં....એવા હોય ત્રાગા. એમ ભગવાન આત્મા નિર્વિકલ્પ નિરાકુળ સ્વરૂપ, એની પાસે આવા ક્લેશના ભાવ ત્રાગાં છે, કહે છે. ત્રાગાંને શું શબ્દ છે તમારે હિન્દીમાં? (શ્રોતા : મુંડચિરા એટલે શિર ફોડવાવાળા). શિર ફૂટે એ. માથું ફાડે. આહાહા! 'भेदग्यान संवर-निदान निरदोष है'. દેખો, એમાં દોષનું જરી એક કણું નહિ. રાગથી ભિન્ન પાડવું એ નિર્દોષ આત્માની દશા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

'संवरसौं निरजरा, अनुक्रम मोख है'. અને ભેદ પાડતાં...પાડતાં....પાડતાં ન્યાં વિશેષ ભેદ થઈને સ્થિર થયો—નિર્જરા થઈ. પૂર્ણ સ્થિર થઈ ગયો એ મોક્ષ છે. સમજાણું કાંઈ? ભેદ અભ્યાસ આવે છે ને. કળશમાં નથી આવતું? ભેદ અભ્યાસ....(શ્રોતા : નિયમસારમાં) હા, નિયમસારમાં આવે છે ને ભેદ અભ્યાસ. ચારિત્રનું ત્યાં લે છે. આમાંય આવે છે સમયસારમાં. ચારિત્રનું એટલે ભેદ અભ્યાસ કરતાં કરતાં ચારિત્ર થયું. 'भेदग्यान सिवमूल', લ્યો. અનુક્રમે મોક્ષ થઈ ગયો. શુદ્ધતાના સ્વભાવનો આશ્રય લઈ અને રાગથી ભિન્ન પાડીને ભગવાનને અવલંબ્યો છે. ચૈતન્યમૂર્તિ પરમાત્મા પોતે તેના ભેટા અંદરમાં થયા છે. એને સંવર થાય છે, એને શુદ્ધતા વધતાં નિર્જરા થાય છે અને એને જ પૂર્ણ શુદ્ધતા થઈને મોક્ષ થાય છે. અનુક્રમે એને પડે છે. સંવર વખતે કાંઈ મોક્ષ નથી. પણ સંવર અને શુદ્ધતા વધતાં વધતાં એને મોક્ષ થાય છે. એ દશાથી મોક્ષ થાય છે. 'भेदग्यान सिवमूल'— એ મોક્ષનું મૂળિયું ભેદજ્ઞાન. મોક્ષનું કારણ એ ભેદજ્ઞાન.

'जगतमहि मानिये'. આ જગતની અંદર પર વિકલ્પથી માંડીને પરથી ભગવાન ભિન્ન અનુભવમાં—અભ્યાસમાં આવે, એ ભેદજ્ઞાન શિવ નામ મોક્ષનું મૂળિયું છે. 'जगतमहि मानिये'. જગતની અંદર આ મૂળ છે. 'जदपि हेय है', અધૂરી દશા છે ને. ભેદજ્ઞાન અધૂરી દશા એટલે ભેદરૂપ છે ને. 'हेय है तदपि उपादेय जानिये'. તો પણ પૂર્ણ થવા લગી એને સ્વભાવનો આશ્રય લઈને આંહીથી ભેદ પાડીને રહેવું, એ ઉપાદેય વ્યવહારે કહેવામાં આવે છે. જેમ કેવળજ્ઞાનનું સ્વરૂપ છે એવું આ સ્વરૂપ નથી. ભેદ પડે છે ને એટલો, આ નહિ ને આ. આ નહિ ને આ. અને અપૂર્ણ છે એટલો ભેદ છે ને. અપૂર્ણ છે એટલો ભેદ છે એટલે ખરેખર એ નિશ્ચયથી આદરણીય નથી. હેય છે તદપિ ઉપાદેય જાણીએ, લ્યો. (શ્રોતા : શ્રુતજ્ઞાનનો વ્યય થાય ત્યારે કેવળજ્ઞાન થાય). (શ્રુત)જ્ઞાન છે ને. જ્ઞાનેય હેય છે ને. લ્યો ભાવાર્થ છે એમાં.

ભાવાર્થ : 'भेदविज्ञान आत्माका निजस्वरूप नहीं है'. અધૂરી દશા છે ને એ રાખીને. 'इसलिए मोक्षका परंपरा कारण है', પૂર્ણ પવિત્રતાનું પરંપરા કારણ છે, असली

कारण नहीं है. અસલી કારણ તો ત્રિકાલી દ્રવ્યસ્વભાવ કારણપરમાત્મા છે. 'परंतु उसके बिना मोक्षके असली कारण'...પરથી ભિન્ન પાડવાની સમ્યગ્જ્ઞાન કળા એના વિના મોક્ષનું અસલી કારણ સમ્યક્ત્વ સમકિત મોક્ષનું ખરું કારણ છે. (સમ્યક્ત્વ) 'संवर, निर्जरा नहीं होती इसलिये प्रथम अवस्थामें उपादेय हैं'. કારણરૂપ છે ને એટલે, એમ. 'कार्य होने पर कारण-कलाप प्रपंच ही होते हैं'. થઈ, પૂર્ણ પર્યાય થઈ પછી એ પર્યાય અધૂરી રહેતી નથી. 'शुद्ध आत्मस्वरूपकी प्राप्ति होने पर हेय हैं'. પછી હોતું જ નથી, એમ. સમજાણું કાંઈ? કહો, ભેદજ્ઞાનનો અંશ પણ હેય છે. હવે પૂર્ણાનંદની પ્રાપ્તિ પૂર્ણ થઈ જવી એ જ ઉપાદેય છે.

છઠ્ઠો કળશ

**भावयेद्भेदविज्ञानमिदमिच्छिन्नधारया।**
**तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्टते॥६॥**

भेदग्यान तबलौं भलौ, जबलौं मुक्ति न होइ। भेदग्यान तबलौं भलो, तबलौं, भलौ...ने जबलौं. કવિ છે ને કવિ! કેવી કવિતા!

આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતાં ભેદજ્ઞાન હેય છે. (દોહરા)

भेदग्यान तबलौं भलौ, जबलौ मुकति न होइ।
परम जोति परगट जहां, तहां न विकलप कोइ॥७॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :**—તબલૌં=ત્યાં સુધી. ભલૌ=સારું. પરમ જોતિ=ઉત્કૃષ્ટ જ્ઞાન. પરગટ(પ્રગટ)=પ્રકાશિત.

**અર્થ :**—ભેદવિજ્ઞાન ત્યાં સુધી જ પ્રશંસનીય છે જ્યાં સુધી મોક્ષ અર્થાત્ શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ ન થાય અને જ્યાં જ્ઞાનની ઉત્કૃષ્ટ જ્યોતિ પ્રકાશમાન છે ત્યાં કોઈ પણ વિકલ્પ નથી. (ભેદવિજ્ઞાન તો રહેશે જ કેવી રીતે ?) ૭.

**अर्थ** :–भेदविज्ञान तभी तक सराहनीय है जबतक मोक्ष अर्थात् शुद्धस्वरूपकी प्राप्ति नहीं होती और जहाँ ज्ञानकी उत्कृष्ट ज्योति प्रकाशमान है वहाँ कोई भी विकल्प नहीं है। (भेदविज्ञान तो रहेगा ही कैसे?)॥७॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'भेदग्यान तबलौं' જ્યાં સુધી ભેદજ્ઞાન તેને ભલો કહીએ, 'जबलौं मुकति न होइ मुक्ति न होइ', ત્યાં સુધી એ અધૂરી દશા ભેદજ્ઞાનની હોય છે, મુક્તિ ન હોય ત્યાં સુધી. 'परम जोति परगट जहां', ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપે પ્રસિદ્ધ જ્યાં

પામ્યો. જેવું એનું શક્તિરૂપે પૂર્ણ સ્વરૂપ છે, એ રીતે પર્યાયમાં પૂર્ણ સ્વરૂપે પ્રસિદ્ધિને પામ્યો, એનું નામ મુક્તિ. એવી પરમ જ્યોતિ પ્રગટ થઈ ચૈતન્ય જ્યોત. 'तहां विकलप कोइ' ત્યાં ભેદ કોઈ રહેતો નથી. રાગેય નથી ને ભેદેય નથી. કહો સમજાણું કાંઈ? ભારે વાતુ ભાઈ! આવું આમાં (ભાંગજડ). માણસ કહે, કરવું શું આમા? કરવું ઈ, અંદરથી ભિન્ન પાડવું ઈ. અંતર્મુખ થવું અને બહિર્મુખથી જુદું પડવું. આહાહા! ભારે આવું ઝીણું! વ્રત ને તપ ને ભાવ આવે ખરો ને મુનિને પણ, હવે ઉપલો ભાવ જોયો પણ અંદરમાં શું કસ છે, એને જોયો નહિ. (શ્રોતા : ફોતરા જોયાં) ફોતરા જોયાં ફોતરા.

દાખલો આપ્યો છે ને ઓલો બાઈનો. એક શેઠાણી હતી મોટી લાખોપતિ. ખાંડણામાં ખાંડતી હતી ચાવલ ચાવલ-ચોખા કમોદ...કમોદ. એ કમોદ આમ છૂટો પડીને ચોખો અંદરમાં જાય ખાંડણીમાં અંદર, ખાંડણી હોય ને ખાંડણી. આ શું કહેવાય? ખાંડણી ખાંડવાની ઊંડો હોય એટલે ઓલો ખાંડે એના ચોખા તૂટીને હેઠે જાય. ફોતરા રહે ઉપર ભૂસા. એમાં કોઈ બાઈ નીકળી આસપાસની ગરીબ હશે. કહે, આ અમારા શેઠાણી તો ફોતરા ખાંડે છે, લાવોને એમાં કાંઈક હશે. ઘરે ધણીને કહે, આવા લઈ આવો થોડા ફોતરા, દસ શેર—પંદર શેર. શું કરવા? ખાંડશું એમાં કાંઈક હશે. તે વિના શેઠાણી ખાંડે? હાલ તો લઈ આવું, કહે. ફોતરા ખાંડવાથી કાંઈ આ તમારું નીકળ્યું તો નહિ આમાં. શેઠાણીને પૂછ્યું કે પણ તમે તો ખાંડતા હતા ને ફોતરા કાંઈક. (શેઠાણી કહે) ભાઈ, ખાંડતા હતા પણ એમાં ચોખા છૂટા પડીને ચોખા અંદર ગરતા હતા. એકલા ફોતરા નહિ.

એમ ધર્મી ઉપલા મહાવ્રતના એવા વિકલ્પના ફોતરા ઈ કાંઈક દેખાય તો બીજો કહે, ઈ પાળે છે લાવ ને હું ય પાળું. ઓલા ફોતરાની પાછળ કસ છે આનંદકંદનો, રાગથી ભિન્ન પડેલો ભેદજ્ઞાનનો ભાવ, એને તો એ જોતો નથી. વસંતલાલજી! આ બધા ઈ ત્રાગાં કરે છે બધા. ભગવાને તપ કર્યો હતો. બાઈયું વરસીતપ કરે. એક દિ' ખાવું ને એક દિ' ન ખાવું, લ્યો. ઋષભદેવ ભગવાને એવું નહોતું કર્યું, (જેવું) તું કહે છે સાંભળને! એને તો આત્માના આનંદમાં મસ્તીમાં રહેતા વિકલ્પ આવતો. આહાર લેવા જતાં. પહેલાં છ મહિના (વિકલ્પ) નહોતા. એને આહાર ન મળ્યો પછી આનંદમાં રહેતા. અતીન્દ્રિય આનંદમાં રહેતા. ઈચ્છાની વૃત્તિ તૂટી જતી, એને તપ કહેતા.

આ એક દિ' ખાય ને એક દિ' ન ખાય....થઈ ગયો તપ પછી બાર મહિનાનું ઉજવણું ઉજવે ને. પછી કાંઈક પૈસાવાળા હોય, કાંઈક બેરાં સારા હોય કે ધણી સારો હોય કે બે-પાંચ હજાર ખરચાવે ત્યારે હરખ આવે એને. નહીં તો શું આ મેં, શું કીધું?

આ કાંઈક લાંઘણું કરી છે મેં, એમ કહે, ખાનગી કહે. (શ્રોતા : આપ તો એમ જ કહો છો, લાંઘણું જ કરી છે.) લાંઘણું જ છે તારી સાંભળને! આહાહા! (શ્રોતા : નજીક આવ્યો). આ નજીક આવ્યો. વૈશાખ સુદ ત્રીજ આવશે હવે, પાલીતાણામાં હજારો માણસો. આહાહા! એય જેઠાભાઈ! તમે કર્યા હશે ને કોઈ દિવસ વરસીતપ? (શ્રોતા : નથી કર્યો.) બૈરાએ? (શ્રોતા : નહિ) એણે નહિ, ઠીક....આહા! આંહી તો કહે છે, ભેદજ્ઞાન જ્યાં અંદર પ્રગટ્યું. જ્યાં સુધી મુક્તિ ન હોય ત્યાં સુધી પરથી જુદાની દશા ત્યાં હોય છે. પૂરી થઈ પછી જુદાનો એને ભેદ રહેતો નથી.

સાતમો કળશ : भेदविज्ञान परंपरा मोक्षका कारण है

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन॥७॥**

ઓલામાં અતિભાવ્ય આવ્યું'તું ને. પહેલે આવી ગયું. જ્ઞાનની ઉપાધિ જાણવી. ત્યાં સુધી ભાવવું. બધા શબ્દના સમાન આમ ન આવે. પદ છે ખરું અમુક શૈલીના. કારણ કે આમાં તો એમ આવ્યું ને, 'भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया', એમ. પછી અર્થમાં કંઈ એટલું બધુ ન આવે. 'भेद भलो जब लग मुकति न होइ', એમ આવ્યું. બાકી જ્યાં સુધી મુક્તિ ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવવું અચ્છિન્નધારયા—વચ્ચે ખંડ પડ્યા વિના. સમજાણું કાંઈ? આ બદામમાંથી તેલ કાઢવું હોય ને તો બદામ પાછળ નાખે ને બે ઘસરકા મારે ચાર-પાંચ, વળી ઉઠે, ઘસે, ઉઠે. એ તેલ નીકળે, જુદા પડે? (ના), એકધારું જોર કરે. આ ચોસઠ પહોરી કરે છે ને? પીપર નહિ? ચોસઠ પહોરી હોં, ઘૂંટાઘૂટ કરે. આ ડાહ્યા જેઠાને ત્યાં હતું વઢવાણ. ઈ લોકો ગૃહસ્થ માણસને લોકો માટે રાખી મૂકે પાંચ-છ-દસ શેર ઘરે. ડાહ્યા જેઠા. હા, પીપર રાખતા. ચોસઠ પહોરી ઘરે ભૈયાને બોલાવીને. વારાફરતી ભૈયા ચોસઠ પહોર ઘૂંટ્યા જ કરે. એક મિનિટ ન છોડે. ઘરે રાખતા, પછી કોઈ ગરીબ માણસ હોય તે લઈ જાય.....

ચોસઠ પહોરી તિખાશ સમજતે હૈં? પીપર....પીપર હોતી હૈ ને? ચોસઠ પહોરી પીપર ઘૂંટતે ઘૂંટતે ચોસઠ...બહોત શરદી હોય ને શરદી, ઠંડી બહોત. થોડી આપે તો ગરમી હો જાય, શાતાનો ઉદય હોય તો.... નહીં તો મરી જાય, ગળે વળગે. કહે છે કે ઈ જેમ ઘૂંટવામાં એને વચ્ચે વિસામો નથી, એમ ભેદવિજ્ઞાન અચ્છિન્નધારયા. આહાહા! નિરંતર એને રાગથી ભિન્ન, રાગથી ભિન્નનો અનુભવ કર્યા કરે. આહાહા! 'तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं'. જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનમાં ન સમાય તે મુક્તિ ન થાય, એમ લખ્યું ને પછી જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનમાં પ્રતિષ્ઠતે—સ્થિર ન થઈ જાય ત્યાં

સુધી તે રાગથી ભિન્નની ભેદજ્ઞાનની ભાવના હોય છે, હોય છે એને કરવી, એમ કહે છે અને આ તો સાતમો કળશ તો એ છે લ્યો.

ભેદજ્ઞાન પરંપરા મોક્ષનું કારણ છે. (ચોપાઈ)

भेदज्ञान संवर जिन्ह पायौ।
सो चेतन शिवरूप कहायौ॥
भेदज्ञान जिन्हके घट नांही।
ते जड़ जीव बंधै घट मांही॥८॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ** :—ચેતન=આત્મા. સિવરૂપ=મોક્ષરૂપ. ઘટ=હૃદય.

**અર્થ** :—જે જીવોએ ભેદજ્ઞાનરૂપ સંવર પ્રાપ્ત કર્યો છે તેઓ મોક્ષરૂપ જ કહેવાય છે અને જેના હૃદયમાં ભેદવિજ્ઞાન નથી તે મૂર્ખ જીવો શરીર આદિથી બંધાય છે. ૮.

**अर्थ** :–जिन जीवोंने भेदविज्ञानरूप संवर प्राप्त किया है वे मोक्षरूप ही कहलाते हैं और जिनके हृदयमें भेदविज्ञान नहीं है वे मूर्ख जीव शरीर आदिसे बंधते हैं॥८॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

બહું ટૂંકું પાછું લખ્યું છે. જુઓ, 'भेदज्ञान संवर जिन्ह पायौ' એટલે કે ભેદવિજ્ઞાનથી જ સિદ્ધિ થાય છે. અત્યાર સુધી જેટલા મુક્તિને પામ્યા એ બધા ભેદવિજ્ઞાનથી પામ્યા છે. કોઈ વ્યવહારની ક્રિયા કે દયા-દાન ને વ્રતની ક્રિયાથી પામ્યા છે, એવો એકેય દાખલો છે નહિ, એમ કહે છે. એનાથી જુદો પડી સ્વભાવનો આશ્રય લઈને પામ્યા છે. આહાહા! 'भेदज्ञान संवर जिन्ह पायौ, सो चेतन शिवरूप कहायौ'. જેટલા ભેદજ્ઞાનવાળા સિદ્ધ થયા, એ બધા ભેદજ્ઞાનથી સિદ્ધ થયા, એમ કહેવું છે. અત્યાર સુધી જેટલા સિદ્ધ ભગવાન થયા એ બધા વ્યવહારના વિકલ્પથી જુદા પડીને થયા છે, વ્યવહારને રાખીને થયા નથી. વ્યવહાર એટલે શું? શુભ વિકલ્પ—શુભ ઉપયોગ. એનાથી ભિન્ન પાડીને થયા છે. એને રાખીને એને શરણે મુક્તિ થઈ નથી. 'सो चेतन सिवरूप कहायौ', લ્યો. એ મોક્ષરૂપી કહલાયા હૈ. ભેદજ્ઞાન થયું તો મુક્તિ થઈ ગઈ, એમ કીધું અહીં. અને આંહી તો એમ છે કે જેટલા મુક્તિ પામ્યા બધા ભેદવિજ્ઞાનથી પામ્યા.

'भेदग्यान जिन्हके घट नांही'. જેને ભેદજ્ઞાનનો અભાવ છે, 'अस्यैवाभावतो बद्धा'. કર્મને લઈને બંધાણા અને કર્મના જોરને લઈને બંધાણા ને, એમ નથી કહ્યું આંહી. રાગ ને પુણ્યના ભેદજ્ઞાનથી મુક્તિ પામ્યા અને એનાથી અભાવ ન કર્યો એનો (મોક્ષ નથી). ભેદજ્ઞાનનો જેને અભાવ છે, એમ રાગનો અભાવ જેણે જુદો ન કર્યો. આહાહા!

સમજાણું કાંઈ? 'अस्यैवाभावतो बद्धा', એમ છે ને. તે 'जड़' એટલે શું? ભેદજ્ઞાન જેને નથી એટલે રાગથી જુદો પડ્યો નથી અને રાગથી જુદા પડવાનું ભેદજ્ઞાન જેને અભાવપણે છે એટલે નથી એટલે રાગને એકપણે જે માને છે. 'ते जड़ जीव बंधै घट मांही', લ્યો. તે જીવ બંધાય છે. આમાં તો એના આત્મા ઉપર મુક્યું. કાંઈ ફલાણાને લઈને આમ ને તેમ ને.

બે કારણથી કાર્ય થાય ઉપાદાન ને નિમિત્ત. મોટો ઝઘડો, ઓહોહો. આંહી તો એક જ કારણ મૂક્યું. ભલે નિમિત્ત હો એ વખતે એ તો જ્ઞાન કરવા કીધું. આરે, એવી તકરાર! સવા-સવા, દોઢ-દોઢ પાના ભર્યા. નિયતક્રમના ને અનિયતક્રમના. કેવળી ને....કેવળી જાણે ઈ નિયતક્રમ હોય, જે સમયે જે થવાનું હોય. શ્રુતજ્ઞાનીને નિયતક્રમ ને અનિયતક્રમ. કેમ? કે એને કારણ-કાર્ય શ્રુતજ્ઞાની શોધે છે. કારણ-કાર્યથી મુક્તિથી થાય એટલે એને અનિયતક્રમ હોય છે. પણ તારે ઓલા નિયતક્રમ બેસે છે, એને નિયતક્રમવાળા ને પાછો કારણ-કાર્યનો વાંધો ન આવ્યો તારે? શ્રુતજ્ઞાનીને બે છે. એને બે છે. નિયતક્રમ ને અનિયતક્રમ.

છે એમાં ખાનિયાચર્ચામાં. શ્રુતજ્ઞાનીને કોઈ નિયતક્રમ હોય થોડો, કોઈ વખતે અનિયતક્રમ હોય—એમ બે હોય. કેવળીને એ અપેક્ષાએ નિયતક્રમ. પહેલાં નિયતક્રમ નિશ્ચયથી ક્રમે જ્યારે મુક્તિ થાય, એવો પણ કો'ક ભાગ છે જીવમાં, તો પછી એને કારણ-કાર્યનો ન્યાં વિરોધ કેમ ન આવ્યો? આહાહા! આંહી તો એક જ કહે છે, જુઓને આ 'भेदविज्ञानतः सिद्धाः'. રાગથી જુદા પડ્યા ને અંદરમાં ગયા તે મુક્તિને પામ્યા. ફલાણું નિમિત્ત હતું ને કાંઈ, એમ અહીં છે (નહિ.) શેઠી! (શ્રોતા :........) હમારે પંડિતજી ભી ઐસે કહતે હૈં. (શ્રોતા :......) વસ્તુસ્થિતિ આ છે. (શ્રોતા :.....) સાચી વાત છે. બાત ઐસી હૈ, બાત ઐસી હૈ. લોકો તકરાર કરે. ભાઈ, રહેવા દે બાપુ! લક્ષ્મી ચાંદલો કરવા આવી ને મોઢું ધોવા જાઉં આવે ને!

આંહી તો બે ધડાકા માર્યા છે, જુઓને. ભેદવિજ્ઞાનથી મુક્તિ પામ્યા. વળી નિમિત્ત ભેગું હતું ને પામ્યા? (એમ નથી). 'अस्येवाभावतो बद्धा'. એ ભેદજ્ઞાનનો અભાવે બંધાણા. એને નિમિત્ત બીજું હતું કર્મના ઉદયનું માટે બંધાણા, એમ કાંઈ કહ્યું નથી. પંડિતજી! ઉપાદાનની જ વાત કરી છે એકલી. અશુદ્ધ ઉપાદાનવાળો રાગની એકતા માનવાવાળો તે બંધાણા અને રાગને તોડનારો ભેદજ્ઞાન કરનારો તે મુક્તિ પામ્યા. બસ એક જ વાત કરી છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ).

## પ્રવચન નં. ૬૮, ચૈત્ર સુદ ૧૩ ગુરુવાર તા. ૮-૪-૭૧
## સંવર દ્વાર પદ ૯, ૧૦, ૧૧ તથા સાર ઉપર પ્રવચન (હિંદી)

આ નાટક સમયસાર ૮મા કળશ હૈ. ૧૨૭ પાનુ હૈ ને નીચે ૮મો કળશ.

भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्वोपलम्भा-
द्रागग्राम पलयकरणात्कर्मणां संवरेण।
विभ्रत्तोषं परममलालोकमम्लानमेकं
ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत्॥८॥

'भेदज्ञानसे आत्मा उज्वल होता है'. આત્માકો ભેદજ્ઞાનસે ધર્મ હોતા હૈ, એમ કહતે હૈં. ભેદજ્ઞાનકા અર્થ, કે આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ હૈ. વહ પુન્ય-પાપકા વિકલ્પ જો શુભ રાગ હૈ ઉસસે ભિન્ન કરકે અપના અનુભવ કરના, ઉસકા નામ ભેદજ્ઞાન હૈ. ઉસકા નામ ધર્મકી પ્રથમ શરૂઆત હૈ

ભેદજ્ઞાનથી આત્મા ઉજ્જ્વળ થાય છે. (દોહરા)

भेदग्यान साबू भयौ, समरस निरमल नीर।
धोबी अंतर आतमा, धौवै निजगुन चीर॥९॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**સમરસ=સમતાભાવ, નીર=પાણી. અંતર આતમા=સમ્યગ્દૃષ્ટિ, ચીર=કપડાં.

**અર્થ :—**સમ્યગ્દષ્ટિરૂપ ધોબી, ભેદવિજ્ઞાનરૂપ સાબુ અને સમતારૂપ નિર્મળજળથી આત્મગુણરૂપ વસ્ત્રને સાફ કરે છે. ૯.

**अर्थ :–**सम्यग्दृष्टिरूप धोबी, भेदविज्ञानरूप साबुन और समतारूप निर्मल जलसे आत्मगुणरूप वस्त्रको साफ करते हैं॥९॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

બહુ ટૂંકી ભાષા. 'धोबी अंतर आतमा'. ધોબી અપના ચીર ધોતે હૈં ને ક્યા કહતે હૈં, ધોતે હૈં? (શ્રોતા : કપડા) કપડા ધોતે હૈ ને. સાફ કરતે હૈં. ઐસે આત્મા અંતરાત્મા, અંતરાત્મા કહો કે સમકિતી કહો. જીસને અપના શુદ્ધ આનંદ-જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ, વહ રાગ ને વિકલ્પસે ભિન્ન અનુભવ કિયા, ઉસકો પ્રથમ સમ્યક્દૃષ્ટિ ને ધર્મી કહનેમેં આતા

હૈ. ધર્મ ત્યાં સે શરૂ હોતા હૈ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના પરિણામ, વહ કોઈ ધર્મ નહીં, વહ પુન્ય હૈ. વહ પુન્યસે અપની પવિત્રતા પરસે પૃથક કરકે અંતરાત્મા રાગકો અપના માનના વહ બહિરાત્મા હૈ. પુન્ય-પાપકા વિકલ્પ જો દયા, દાન, વ્રતાદિ ભાવ હૈ વહ તો અપના માનના વહ તો બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ હૈ. ઉસકો તો ધર્મ કહીં હોતા નહીં. અંતરાત્મા હૈ ને ત્રીજો બોલ. 'धोबी अंतर आतमा'. અર્થમેં પહેલો એને લીધો છે. પાઠમાં ભલે ભેદજ્ઞાન પહેલા લીધું. અંતરાત્મા વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય, અનંત આનંદ ને અનંત જ્ઞાન સ્વભાવ ભાવ ઐસા અપના ત્રિકાળી શુદ્ધ ધ્રુવ સ્વભાવ, ઉસકો અંતરમેં દૃષ્ટિ કરકે અનુભવ કિયા, એ અંતરાત્મા. સમજમેં આયા?

અપના જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય, ઉસકો છોડકર શરીર, વાણી, મન, પુન્ય-પાપકા ભાવ જો પર હૈ, વિભાવ હૈ, દોષ હૈ. ઉસકો અપના માનના, ઉસકા નામ બહિરાત્મા— મિથ્યાદૃષ્ટિ જીવ હૈ. ચાહે તો એ સાધુ થયો હોય બાહ્યસે, પણ અંતરસે તો એ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા હૈ. સમજમેં આયા? પોપટભાઈ! સાધુ થયો હોય બહારથી નગ્નમુનિ, બહારથી કહ્યો ને! અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય. અઠ્યાવીસ મૂળગુણ નામ વિકલ્પ છે, વહ શુભરાગ હૈ, પુન્યાશ્રવ હૈ. વહ હી ધર્મ હૈ ને ઉસસે મેરે ધર્મ હોગા. ઐસા આત્માકો ભગવાન બહિરાત્મા, જે આત્માકે સ્વભાવમેં નહીં, ઉસકો અપના માનના વહ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ કહતે હૈં. યે જૈન નહીં. તો કહતે હૈં કે 'अंतर आतमा'—અંતર અપના નિજ શુદ્ધ ધ્રુવ નિત્યાનંદ સ્વરૂપ, ઉસકો અપના માનકર રાગસે પૃથક અપના જ્ઞાન રખતે હૈં, ઉસકા નામ અંતરાત્મા સમ્યક્‌દૃષ્ટિ ધર્મી ઉસકો કહનેમેં આતા હૈ, સમજમેં આયા? તો 'धोबी अंतर आतमा'. અંતર સ્વરૂપની દૃષ્ટિવંત, રાગ ને પુન્યસે વિમુક્ત પ્રભુ આત્મા ઉસકી જીસકો દૃષ્ટિ હુઈ, એ ધોબી અંતરાત્મા. એ અંતરાત્મા ધોબી હુઆ. ક્યા કરતે હૈં? કે 'भेदग्यान साबू भयौ'. યે રાગસે પૃથક જ્ઞાન કરના, વહ સાબુ હૈ. અંતરાત્મા, વહ સમ્યક્‌દૃષ્ટિ લિયા. તીનોં બોલ સમા લિયા હૈ, સમ્યક્ દર્શન, જ્ઞાન ને ચારિત્ર. સમજમેં આયા?

સંવર અધિકાર હૈ ને! આત્મા શુદ્ધ ચૈતન્ય સિદ્ધસ્વરૂપી આત્મા, ઉસકો અંતર પકડ કરકે રાગ ને વિકલ્પકો છોડકર જો અંતરાત્મા હુઆ, વહ ભેદજ્ઞાન સાબુસે ક્રમે ક્રમે રાગકો ભિન્ન કરતે, કરતે, કરતે 'भेदग्यान साबू भयौ, समरस निरमल नीर'. એમાં સમતા-રાગ વિનાના પરિણામ-વીતરાગી પરિણામ સમરસ નિર્મળમેં અંતરાત્મા રાગસે ભિન્ન અનુભવ કરનેવાલા જીવ ધર્મી યે ભેદજ્ઞાન ક્રમે ક્રમે રાગસે ભિન્ન કરતે, કરતે સમતારસમેં અપના આત્માકો રખતે હૈં, વહ નિરમલ સમરસ નીર, ધોવૈ નિજગુન ચીર. એ આનંદ ને જ્ઞાનગુણની દશામેં રાગાદિ જો હૈ, ઉસકો નિકાલ દેતે હૈં. જેઠાભાઈ! ભારે

ભાઈ આવી ક્રિયા! દર્શન, જ્ઞાન ને ચારિત્ર ભેદજ્ઞાન સાબુ ભયો ને અંતરાત્મા ધોબી અને તેને સમતાભાવ-પુન્ય ને પાપ દોઈ એકસરખા હૈ.

'મેરી ચીજમેં નહીં', ઐસી જીસકો વીતરાગતા, વૈરાગ્યતા અંતરમેં વૈરાગ્યતા પ્રગટ હુઈ હૈ. યે સમરસ નિર્મળ નીરમેં રાગદ્વેષકા પરિણામ, આત્માકી પરિણતિમેંસે નિકાલ દેતે હૈં, છોડ દેતે હૈં. ઉસકા નામ ભેદજ્ઞાન ને ધર્મ કહનેમેં આતા હૈ. એ શેઠી! ક્યા કરના આમ કહતે હૈં, આ કરના. (શ્રોતા : ધોબી હો જાવ). દેહાદિ તો જડ હૈ માટી, ઉસસે તો કુછ સંબંધ હૈ નહીં. અંદરમેં પુન્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા ભાવ હોતા હૈ ઔર હિંસા, જૂઠ, ચોરી, વિષય, ભોગવાસનાકા હો, તો હો હી ભાવ વિભાવ વિકાર હૈ. ઉસસે ભેદ કરકે અંતરાત્મા હુઆ હો, વહ ભેદજ્ઞાની જીવ અંતરાત્મા અપના સમતારસમેં મલિન પરિણામકો ધોતે હૈં. સમજમેં આયા? આ ઉસકા નામ સંવર. આરે, ભારે વાત! આ બહારનું તો કાંઈ આવ્યું નહીં આમાં? (શ્રોતા : છે જ નહીં ને) છે જ નહીં.

અર્થમાં કહ્યું જુઓ, 'सम्यग्दृष्टिरूप धोबी' એ ત્રીજા પદનો અર્થ કર્યો છે. ત્રીજા પદકા અર્થ કિયા હૈ. ઔર 'भेदविज्ञानरूप साबु और समतारूप निर्मल जलसे आत्मगुणरुप वस्त्रको साफ करते है'. ઉસકા નામ ધોબી અંતરાત્મા કહનેમેં આતા હૈ. આહાહા! 'अब भेदज्ञानकी क्रियाके दृष्टांत'. આત્મા ચૈતન્યદળ ધ્રુવ પૂર્ણાનંદ પ્રભુ અપના સ્વરૂપ, ઉસસે ભિન્ન જો વિકલ્પ ઊઠતે હૈં, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ યે રાગ હૈ. ઉસકો જેમ ધૂળધોયા........અહીંયા કહતે હૈં ધૂળધોયા. એ, પંડિતજી! (શ્રોતા : રજશોધા) રજશોધા, ન્યારીયા—ન્યારીયા. આમાં લખ્યું છે? કોણ વાંચવા નવરૂં છે? લખ્યું છે આમાં? શબ્દ નહીં હૈ. ધૂળધોયા ધૂળ. વહ ન્યારીયા હોતા હૈ ને સોની પાસે વહ ધોતે હૈં ન ધૂળ. ન્યારીયામેં હૈ નહીં ઉસકા અર્થ. રાતે તો તમને પૂછ્યા થા. ઉસમેં હૈ નહીં. અહીં તો રજશોધા આયા હૈ પાઠ. સમજમેં આયા? ધૂળ શોધનેવાલા.

ભેદવિજ્ઞાની ક્રિયાનાં દષ્ટાંત (સવૈયા એકત્રીસા)

**जैसे रजसोधा रज सौधिकैं दरब काढ़ै,**
**पावक कनक काढ़ि दाहत उपलकौं।**
**पंकके गरभमैं ज्यौं डारिये कतक फल,**
**नीर करै उज्जल नितारि डारै मलकौं॥**
**दधिकौ मथैया मथि काढ़ै जैसे माखनकौं,**
**राजहंस जैसैं दूध पीवै त्यागि जलकौं।**

तैसें ग्यानवंत भेदज्ञानकी सकति साधि,
वेदै निज संपति उछेदै पर-दलकौं॥१०॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**રજ=ધૂળ. દરબ(દ્રવ્ય)=સોનું, ચાંદી. પાવક=અગ્નિ. કનક=સોનું. દાહત=બાળે છે. ઉપલ=પત્થર. પંક=કાદવ. ગરભ=અંદર. કતક ફલ=નિર્મળી. વેદૈ=અનુભવ કરે. ઉછેદૈ(ઉચ્છેદૈ)=ત્યાગ કરે. પર-દલ=આત્મા સિવાયના બીજા પદાર્થો.

**અર્થ :—**જેવી રીતે ધૂળધોયો ધૂળ શોધીને સોનું–ચાંદી ગ્રહણ કરે છે, અગ્નિ ધાતુને ગાળીને સોનું જુદું પાડે છે, કાદવમાં નિર્મળી નાખવાથી તે પાણીને સાફ કરીને મેલ દૂર કરી દે છે, દહીંનું મંથન કરનાર દહીં મથીને માખણ કાઢી લે છે. હંસ દૂધ પી લે છે અને પાણી છોડી દે છે; તેવી જ રીતે જ્ઞાનીઓ ભેદવિજ્ઞાનના બળથી આત્મ-સંપદા ગ્રહણ કરે છે અને રાગ–દ્વેષ અથવા પુદ્‌ગલાદિ પરપદાર્થોને ત્યાગી દે છે. ૧૦.

**अर्थ :**–जैसे रजसोधा धूल शोधकर सोना चांदी ग्रहण कर लेता है, अग्नि घाउको गलाकर सोना निकालती है, कर्दममें निर्मली डालनेसे वह पानीको साफ करके मैल हटा देती है, दहींका मथनेवाला दही मथकर मक्खनको निकाल लेता है, हंस दूध पी लेता है और पानी छोड़ देता है; उसी प्रकार ज्ञानी लोग भेदविज्ञानके बलसे आत्म-सम्पदा ग्रहण करते हैं और राग-द्वेष आदि वा पुद्गसादि पर पदार्थोंको त्याग देते हैं॥१०॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'जैसे रजसोधा रज सोधिकें दरब काढ़ौ'. જુઓ, કાઢે શબ્દ આતા હૈ હિન્દીમેં? આ હિંદી ભાષા હૈ.

'जैसे रजसोधा', ઓલામાં લખ્યું છે ને અર્થમાં, 'जैसे रजसोधा, धूल शोधकर सोना चांदीको ग्रहण कर लेता है'. શબ્દ ઈ જ વાપર્યો છે. કહતે હૈં ક્યા કહતે હૈં ધર્મી? કે જો રજકા ધૂળકા શોધનેવાલા હૈ. ઉસમેં દ્રવ્ય આયા ને, રજ શોધી દ્રવ્ય કાઢે. ઔર સોનાકા ટુકડા હો વહ નિકાલ લે. રજમેંસે નિકાલ લે. તો ઉસકો પિછાનનેમેં આતા હૈ કિ નહીં? કે આ રજ હૈ ઔર આ સોના હૈ. પિછાન બિના શી રીતે સોના નિકાલે ઔર રજકો કૈસે નિકાલ દે? કારણ કે ધૂળમેં રજ હોતી હૈ. સૂક્ષ્મ ધૂળ ઔર પિત્તળકા ભી ટુકડા કટકા ઝીણા હોતા હૈ પીળા. ઔર આ બંગડી હોતી હૈ ને બંગડી કંગન, તો બંગડીમેં પીળા વળ હોતા હૈ ને પીળા વળ, તો વહ ભી ભૂકા હો તો ઉસકા ટુકડા પીળા હો જાતા હૈ. તો રજ, પીળા ટુકડા ઔર પિત્તળકા થોડા રજકણ, ઉસકો પિછાનતે હૈં કિ

આ પિત્તળ હૈ, આ કાચ છે ને આ રજ હૈ, અને ઉસમેં સે સોના ભિન્ન હૈ. સોનાકી પીળાશ વિશેષે, ચીકાશ વિશેષે ને તોલ વિશેષે. સમજમેં આયા? સોનામાં, પિત્તળમેં, બંગડીમેં, ધૂળમેં, કટકામેં—દરેકમેં ભિન્ન હૈ, ઐસા ઉસકો ભેદજ્ઞાન હૈ ઉસ પ્રકારકા. તો 'रजसोधा रज सोधिकै दरब काढै', સોના લે લે ઉસમેંસે. સમજમેં આયા? દૃષ્ટાંત તો બહુ ઊંચા દિયા હૈ, સમજમેં આવે ઐસા.

'ऐसे ग्यानवंत भेदज्ञानकी सकति साधि'. આખિરકા પદકી સાથમેં મેળ. ઐસે ધર્મી જીવ, 'મૈં તો જ્ઞાન પ્રકાશનું નૂર, આનંદનું પૂર હૂઁ.' ઐસા અપના જ્ઞાનવંત ભેદજ્ઞાનકી શક્તિ. વહ પુન્ય-પાપકા વિકલ્પ હો શુભ કે અશુભ, જૈસે વહ પિત્તળકા ટુકડા હો, બંગડીકા બંગડી કહતે હૈં ને વહ? બંગડી ઉસકો અંદર હોય ને વળ પીળા, તો ટુકડા હો જાતા હૈ ઝીણા ઝીણા બહોત બારીક બારીક ઔર ધૂળ તીનોંકો પિછાનતે હૈં ઔર સોના ભિન્ન પિછાનતે હૈ. ઐસે ધર્મી જ્ઞાની જડકી ક્રિયા શરીરકી પિછાનતે હૈં કિ આ જડ હૈ. કરમકી ઉદયકી ક્રિયા પિછાનતે હૈં કિ આ સંયોગ મિલા ને રાગ-દ્વેષ હુઆ સમજમેં આયા? આહાહા! એ પુન્ય ને પાપના વિકલ્પ તો પિત્તળના ટુકડા જૈસા હૈ. સમજમેં આયા?

એમાં પણ શુભભાવ પિત્તળના ટુકડા જૈસા ને અશુભભાવ બંગડીના પીળા ટુકડા જૈસા અને શરીરની ક્રિયા રજ જૈસી, ધૂળકી. સમજમેં આયા? ઉસમેંસે આત્મા ભેદજ્ઞાનસે વહ શરીરસે, શરીરકી ક્રિયાસે, પુન્ય-પાપકા વિકલ્પસે શુભ અશુભ દો હી સે, ભિન્ન અપના ચૈતન્ય સ્વરૂપકો રજશોધા રજકો શોધ કરકે દ્રવ્ય કાઢતે હૈ, સોના લે લેતે હૈં. ઐસે ધર્મી અપના આનંદ ને જ્ઞાન સ્વભાવકો પકડ કરકે રાગસે ભિન્ન હોકર અનુભવ કરતે હૈ. આવી વાત! સમજમેં આયા? જુઓ તો બનારસીદાસે લખ્યું છે એમાં.

'जैसे रजसोधा रज सोधिकैं दरब काढ़ै', દ્રવ્યનો અર્થ કર્યો જુઓ સોનાચાંદી. સોનું મૂળ તો સોનાચાંદી, ઈ દૃષ્ટાંત. એમ ધર્મી જીવ અપના સ્વરૂપમેંસે પુન્ય-પાપકા વિકલ્પ ને શરીરકી ક્રિયાસે ભિન્ન અપના સ્વરૂપ હૈ, ઐસા આનંદ ને જ્ઞાનકો અનુભવ કરતે હૈં ઔર રાગાદિ ક્રિયા અંદરસે દૂર કરતે હૈં. આહાહા! સમજમેં આયા? બહુ આકરી ચીજ આવી ગઈ. એય, વસંતલાલજી! ધર્મની ક્રિયા આકરી કહતે હૈં બહોત કઠણ. ભગવાન કઠણ નહીં હૈ, તેરી ચીજમેં હૈં. તેરી ચીજમેં હૈ, તું ચૈતન્ય પ્રકાશકા પુર હો. ચૈતન્યકા નૂર ને ચૈતન્યજ્ઞાન સ્વભાવી તેરી ચીજ હૈ વહ પુન્ય-પાપકા વિકલ્પ શરીર આદિ તેરી ચીજ નહીં હૈ. તો જેમ રજધોયા રજકો દૂર કરકે સોના નિકાલ લેતે હૈં. એમ ધર્મી રાગાદિકો દૂર કરકે અપની જ્ઞાન ને શાંતિકા સ્વભાવકા અનુભવ કરતે હૈં, આ ઉસકા નામ ધર્મ હૈ. સમજમેં આયા? દુનિયાસે દૂસરી ચીજ હૈ.

'जैसे रजसोधा रज सोधिकैं दरब काढ़े, पावक कनक काढ़ि दाहत उपलकौं'. દૂસરા દૃષ્ટાંત. પાવક નામ અગ્નિ સોના લેકર ઉપલ નામ પત્થરકો બાળી નાખે, ભિન્ન કરી દે. છે ને અંદર. અગ્નિકો ધાતુકો ગળાકર સોના નિકાલતી હૈ. અગ્નિ—અગ્નિ. કુલડીમેં હોતા હૈ ને સોના આદિ તો અગ્નિ કરતે-કરતે સોના આદિ નિકાલ લેતા હૈ ઔર ઉસમેં જો પિત્તળકા ઔર કથીરકા ભાગ હો વહ નિકાલ દેતે હૈં. અગ્નિ, અગ્નિકા ઐસા સ્વભાવ હૈ. ઐસે જેમ અગ્નિ અપના શુદ્ધ સ્વભાવ કનકકો કાઢકર સોનાને લેકર દાહત ઉપલકો—પત્થરકો બાળી નાખતે હૈ. ઐસે ધર્માત્મા સમ્યક્દૃષ્ટિ જીવ, ધર્મકા કરનેવાલા, અપની જ્ઞાનાગ્નિસે સોનાકા ભાવ શુદ્ધ હૈ અપના, વહ નિકાલ લેતે હૈં ઔર રાગકા ભાવકો પત્થર જાનકર જલા દેતે હૈં. ભારે ધર્મ ભાઈ આવો! સમજમેં આયા?

'पावक कनक काढ़ि दाहत उपलकौ. પથરાને બાળી નાશ કર દેતે હૈં અગ્નિ. ઐસે ભેદજ્ઞાન, 'ग्यानवंत भेदग्यानकी सकति साधि, वेदै निज संपत्ति उछदै पर-दलको'. એમ છે ને છેલ્લો સરવાળો. ધર્માત્મા અપના આનંદ ને જ્ઞાન સ્વભાવકો અનુભવતે હૈં, નિજ સંપત્તિ. જેમ કનકકા દૃષ્ટાંત દિયા થા, નિજ સંપત્તિ સોના સમાન આનંદને જ્ઞાનકી નિજ સંપદા ઉસકો વેદતે હૈં, અનુભવતે હૈં, 'उछदै पर-दलको'.—પુન્ય-પાપકા વિકલ્પકો ઉચ્છેદ કરતે હૈં; નાશ કરતે હૈં. જુઓ, ભેદજ્ઞાનકી ધર્માત્માકી ક્રિયા. ભારે આકરી ભાઈ! સમજમેં આયા?

તીસરા. 'पंकके गरभमें ज्यौं डारिये कतक फल', પાણીમેં જો કાદવ દિખતે હૈં જલમેં, ઉસમેં નિર્મળ ઔષધિ ડાલકર જળ ઔર મેલકો ભિન્ન કરતે હૈં, જુદા કર દેતે હૈં. 'कर्दममें निर्मली डालनेसे वह पानीको साफ करके मैल हटा देती है'. જળ—જળ મૈલા હો તો નિર્મળી ઔષધિસે ભિન્ન કર દેતે હૈં. ભેદજ્ઞાનકા દૃષ્ટાંત હૈ ને. ઐસે ધર્મી અપના આનંદ ને જ્ઞાન સ્વરૂપસે અપનેમેં વેદન કરતે હૈં, રાગકો નિકાલ દેતે હૈં. સમજમેં આયા? કતક ફળકા દૃષ્ટાંત ભેદજ્ઞાનકી અપેક્ષાસે હૈ. ઔર પાણીમેં જેમ કાદવ દિખતે હૈં. એમ ભગવાન આત્મામેં પુન્ય-પાપકા મૈલ જો દિખતે હૈં, ઉસકો નિકાલ દેતે હૈં.

'पंकके गरभमें ज्यौं डारिये कतक फल' तैसे ग्यानवंत भेदग्यानकी सकति साधि'. એમ ધર્મી જીવ ચાહે તો શરીર સ્ત્રીકા હો, પુરુષકા હો, નારકીકા હો, સ્વર્ગકા હો, પણ અપના પરસે ભેદજ્ઞાન કરકે અપના સ્વરૂપ સાધતે હૈં અને રાગકો નિકાલ દેતે હૈં. આહાહા! ભારે આ દૃષ્ટાંત આવ્યું ઉપરાઉપર! હજી દૃષ્ટાંત. ઉસમેંસે 'नीर करै उज्जवल नितारि डारै मलको' જળને ઉજ્જવળ કરી નાખે નિર્મળ ઔષધિસે અને નિતારી નિતારી નાખે મલકો, મલકો છોડ દે. એમ ભગવાન આત્મા અપના શુદ્ધ નિર્મળ સ્વભાવમેં દૃષ્ટિ કરકે અપના

નિર્મળ પરિણામકો અનુભવતે હૈં ઔર રાગકો દૂર કર દેતે હૈં. રાગ મૈલ હૈ. ચાહે તો શુભરાગ હો કે અશુભ રાગ હો, મેલકો નિકાલ દેતે હૈં. લ્યો, ત્રણ દૃષ્ટાંત હુઆ. પાંચ દૃષ્ટાંત હૈ.

'दधिकौ मथैया मथि काढ़े जैसे माखनकौ'. દધિકો મથૈયા. આ દહીંને મથે છે ને દહીંને. ક્યા કહતે હૈં? જેરણી, મથની. આ દહીંમેં લાકડાકી નહીં મથની નાખતે હૈ? (શ્રોતા : .......) જેરના. જેર કરતે હૈં જેર. દહીં હોય ને એને જેર કરે. 'दधिकौ मथैया मथि काढ़े' એમ શબ્દ છે. 'दहींका मथनेवाला दहीं मथकर मक्खनको निकाल लेता है'. માખણ નિકાલ લે ને છાશ દૂર કરે. છાશ સમજે મઠ્ઠા. ઐસે આત્મા અપના જ્ઞાન સ્વભાવ અનુભવ કરતે હૈં ઔર મઠ્ઠા સમાન રાગાદિ વિકલ્પકો દૂર કર દેતે હૈં. આહાહા! કહો સેઠી! દૃષ્ટાંત તો બહોત બડા. (શ્રોતા : અચ્છા દૃષ્ટાંત હૈ.) અચ્છા દૃષ્ટાંત હૈ. દ્રષ્ટાંત સે તો સિદ્ધાંત સમજનેમેં વહ સરળ પડે. 'दधिको मथैया मथि काढ़े जैसे माखनकौं'. શુદ્ધ સ્વરૂપ અપના નિર્મળ એ રાગથી ભિન્ન પાડવાના મંથન ક્રિયાથી અપના આનંદ સ્વરૂપકો નિકાલ લેતે હૈં ઔર રાગાદિ પાનીકા સમાન છોડ· દેતે હૈં.

'राजहंस जैसे दूध पीवै त्यागि जलकौं' લ્યો, પાંચમા દૃષ્ટાંત. રાજહંસ હોં પાછા સાધારણ હંસ ન લિયા. રાજહંસ. 'राजहंस जैसे दूध पीवै.' જળ ઔર દૂધ એક સ્થાનમાં હો, પણ રાજહંસ હૈ વહ દૂધ હી પી લેતે હૈં, જળ નિકાલ દેતે હૈં. 'राजहंस जैसे दूध पीवै त्यागि जलकौं', જલકો છોડ દેતે હૈં. દૂધકા કોકડા વાળતે હૈં કોકડા એકલા (ઉસકો) પીવે, જળ છોડ દે. 'तैसें ग्यानवंत भेदग्यानकी सकति साधि', લ્યો. આ દૃષ્ટાંત આયા. (મહાવીર) ભગવાનના જન્મ દિવસે. પાંચ તો દૃષ્ટાંત આવ્યા. (શ્રોતા : પંચ પરમેષ્ઠિ). પંચ દૃષ્ટાંત આયા. ભાઈ! ભગવાન તુમ તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ હો પ્રભુ, તેરી રાગસે ભિન્ન ક્રિયા વહ તેરી ક્રિયા હૈ. ભગવાન મહાવીરે કેવળજ્ઞાનમેં એ કહા. જ્ઞાનવંત ભેદજ્ઞાનકી શક્તિ, ભેદવિજ્ઞાનકી શક્તિને સાધી, એમ છે ને? અંતરમાં રાગ ને પુન્યસે ભિન્ન હોકર જ્ઞાની લોગ ભેદવિજ્ઞાનકે બળસે આત્મસંપદા ગ્રહણ કરતે હૈં, આત્મ સંપદાકા અનુભવ કરતે હૈં. આહા! 'उछेदै पर-दलको' અને પુન્ય-પાપકા ભાવકો નિકાલ દેતે હૈં. 'पुद्गलादि पर पदार्थोको त्याग देते है'. એ પુન્ય-પાપકા વિકલ્પ એ ખરેખર પુદ્‌ગલ હી હૈ, એ અપના પુદ્‌ગલ સ્વભાવ હૈ હી નહીં. કહો, સમજમેં આયા?

'वेदै निज संपति'. અહીં તો નિજ સંપત્તિ આનંદકા વેદન કરે, અનુભવ કરે વહ આત્મા ઔર રાગકા અનુભવ છોડ દે અનાત્માકા, ઉસકા નામ આત્મા. મગનભાઈ! વાત ભારે! હવે આમાંથી દુકાનનું કરવું કે છોકરાનું કરવું? કોના કિસકા કરના? (શ્રોતા :

કોણ કરે પ્રભુ? આપ તો છૂટા પડાવો છો બધી રીતે.) છૂટા હોય એને છૂટા પડે કે છૂટા ન હોય એને છૂટા પડે? (શ્રોતા : હોય તે, છૂટા જ છે.) બહુ સરસ. પાંચ દૃષ્ટાંત આયા. ન્યારીયાકા–રજસોધાકા, અગ્નિકા, જલ અને કાદવકા, દહીં મથનકા, રાજહંસકા. આહાહા! પ્રભુ તારું ચૈતન્યદળ આનંદ સ્વરૂપ હૈ. આહાહા! ઉસકો શરીર આ તો માટી જડ હૈ. વહ તો અજીવ તત્ત્વ હોકર રહા હૈ અને પુન્ય-પાપકા વિકલ્પ વહ તો આસ્રવ તત્ત્વ હોકર રહા હૈ. તુમ તો આનંદ ને જ્ઞાન હોકર રહા હૈ. તો રાગસે–વિકલ્પસે, રાજહંસ જૈસે નિકાલ દેતે હૈં પાનીકો ઔર દૂધ પીતે હૈં, ઐસા આત્મા અપના શુદ્ધ શુદ્ધ પવિત્ર સ્વરૂપ ઉસકો–અનુભવતે હૈં ઔર રાગકો દૂર કર દેતે હૈં. આ અનુભવે તો રાગ દૂર હો જાતા હૈ. કથન ઉપદેશ કૈસે આવે? આહાહા!

જુઓ આ ધર્મ! માળે આવો ધર્મ કહે. આનું નામ સંવર, ઉસકા નામ સંવર, કહતે હૈં. સંવર, આમ બહાર ત્યાગ કરીને બેઠા ઐસા સંવર હૈ નહીં. અપના ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ હૈ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે મહામહિમાવંત આત્માકો કહા હૈ. એ મહિમાવંત જો આત્મપદાર્થ આનંદ હૈ, ઉસકી મહિમા કરકે વેદના ઔર રાગકી મહિમા છોડ દેના. પુન્ય-પાપકા વિકલ્પકી મહિમા છોડ દેના, ઉસકા નામ ભેદજ્ઞાન ને ધર્મ હૈ. આહાહા! પૈસાસે ધર્મ હોતા હૈ ને ધૂળસે હોતા હૈ. પૈસામાં તો બહુ રાજી રાજી થાય. એ મલુકચંદભાઈ! પૈસાવાળા હોય તો એવું હશે તો કો'ક દિ' ધર્મ કરશે, પૈસા હોય તો ધર્મ કરશે. શું પૈસા–બૈસા ખરચશે. ખર્ચે એમાં ક્યાં ધર્મ હોતા હૈ? ધૂળમેં! વહ તો જડ હૈ. જડસે તો ભિન્ન આત્મા જડકો મૈં આપતા હૂં, દેતા હૂં–યે તો મહામિથ્યાદૃષ્ટિ માનતે હૈ, બહિરાત્મા હૈ. ઉસસે ધર્મ હોતા હૈ પૈસાસે? તો શું કરવા દેતે હૈં અહીંયા, ધર્મ નહીં હોતા હૈ તો? એમ કહતે હૈં ને લોકો, લ્યો.

(શ્રોતા : કોણ દે?) પૂછ્યું તું, કેટલા પૈસા આવ્યા આમાં? શું કહેવાય આ તમારે આગમ. પૂછ્યું'તું કાગળ લઈને આવ્યા'તા ને મગનભાઈનો. તમારો કાગળ લઈને આવ્યા'તા પ્રવીણભાઈ. બે કાગળો હતા કાંઈક. આજે આવ્યા. હું આહાર કરીને ફરતો'તો ત્યાં લઈને આવ્યા. મગનભાઈ આવવાના છે. શું કીધું હમણાં? (શ્રોતા : બે કાગળ લઈને) હા, બે. કંઈક હતું ખરું બીજું? (શ્રોતા : પુસ્તક........) હા, પુસ્તક મોક્ષમાર્ગ પ્રકાશક, એમના તરફથી પચીસ દેવા અને આ આવવાના છે, એમ કહેતા'તા. એ તો આજ મને કહ્યું. અહીંયા તો કહતે હૈં, તેરી કોઈ ચીજ હૈ, ઉસમેં કોઈ શક્તિ હૈ કે નહીં? તુ હૈ આત્મા તો તેરેમેં કુછ શક્તિ હૈ કે નહીં? ક્યા રાગ ને પુન્ય-પાપ વહ તેરી શક્તિ હૈ? દયા, દાન, શરીર, મન, વાણી, વહ તેરી શક્તિ હૈ? વહ તો જડ હૈ. તેરી શક્તિ તો અનંત આનંદ ને અનંત જ્ઞાન વહ તેરી શક્તિ હૈ. યે શક્તિ કી સંભાળ કરના ઔર

રાગાદિકી સંભાળ છોડ દેના, ઉસકા નામ ભેદજ્ઞાનરૂપી ધર્મ કહનેમેં આતા હૈ. હજી એક કળશ. કળશ નથી. 'मोक्षका मूल भेदविज्ञान है', મોક્ષનું મૂળ ભેદવિજ્ઞાન. ૧૨૮ પાને

મોક્ષનું મૂળ ભેદવિજ્ઞાન છે. (છપ્પા છંદ)

प्रगटि भेद विज्ञान, आपगुन परगुन जानै।
पर परनति परित्याग, सुद्ध अनुभौ थिति ठानै॥
करि अनुभौ अभ्यास, सहज संवर परगासै।
आस्रव द्वार निरोधि, करमधन-तिमिर विनासै॥
छय करि विभाव समभाव भजि,
निरविकलप निज पद गहै।
निर्मल विसुद्धि सासुत सुथिर
परम अतीन्द्रिय सुख लहै॥११॥

**મૂળ શાસ્ત્ર : શબ્દાર્થ :—**પરિત્યાગ=છોડીને, થિતિ ઠાનૈ=સ્થિર કરે. પરગાસૈ(પ્રકાશે)=પ્રગટ કરે. નિરોધિ=રોકિને, તિમિર=અંધકાર. સમભાવ=સમતાભાવ. ભજિ=ગ્રહણ કરીને, સાસુત(શાશ્વત)=સ્વયંસિદ્ધ. સુથિર=અચળ. અતીન્દ્રિય=જે ઇન્દ્રિયગોચર ન હોય તે.

**અર્થ :—**ભેદવિજ્ઞાન આત્માના અને પરદ્રવ્યોના ગુણોને સ્પષ્ટ જાણે છે, પરદ્રવ્યોમાંથી પોતાપણું છોડીને શુદ્ધ અનુભવમાં સ્થિર થાય છે અને તેનો અભ્યાસ કરીને સંવરને પ્રગટ કરે છે. આસ્રવદ્વારનો નિગ્રહ કરીને કર્મજનિત મહા અંધકાર નષ્ટ કરે છે, રાગ-દ્વેષ આદિ વિભાવ છોડીને સમતાભાવ ગ્રહે છે અને વિકલ્પરહિત પોતાનું પદ પ્રાપ્ત કરે છે તથા નિર્મળ, શુદ્ધ, અનંત, અચળ અને પરમ અતીન્દ્રિય સુખ પ્રાપ્ત કરે છે. ૧૧.

**अर्थ :–**भेदविज्ञान आत्माके और परद्रव्योंके गुणोंको स्पष्ट जानता है, परद्रव्योंसे आपा छोड़कर शुद्ध अनुभवमें स्थिर होता है और उसका अभ्यास करके संवरको प्रगट करता है, आस्रवद्वारका निग्रह करके कर्मजनित महा अंधकार नष्ट करता है, राग-द्वेष आदि विभाव छोड़कर समताभाव ग्रहण करता है और विकल्परहित अपना पद पाता है तथा निर्मल, शुद्ध अनंत अचल और अतीन्द्रिय सुख प्राप्त करता है॥११॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

એકદમ માખણ હૈ અહીંયા તો પદમાં. 'प्रगटि भेद विग्यान'. જીસકો અપના

આત્મામેં શરીર, વાણી, કર્મ ને પુન્ય-પાપકા ભાવ, ઉસસે અપના આત્મા ભેદ હૈ—ભિન્ન હૈ, ઐસા ભેદવિજ્ઞાન પ્રગટ હોતા હૈ. 'आपगुन परगुन जानै'. 'મૈં જ્ઞાન ને આનંદ હું' યે આપગુણ ઔર પુન્ય-પાપકા વિકલ્પ હૈ, યે પરગુણ. આહાહા. સમજમેં આયા? 'प्रगटि भेद विग्यान, आपगुन परगुन जानै'. ભેદવિજ્ઞાન વિના અપના સ્વરૂપ ને પરકા સ્વરૂપ જાનતે નહીં. આહાહા! 'મૈં આતમરામ નિજાનંદ સ્વરૂપ હૂં', ઐસા અપના ગુણકો જ્ઞાની ધરમાત્મા ચોથા ગુણસ્થાનવાળા અવિરત સમ્યક્દૃષ્ટિ હો, તો ભી અપના સ્વભાવ જ્ઞાન ને આનંદ (હૈ), ઐસા જાને ઔર પરગુણ જાને, વિકલ્પ ઔર રાગાદિ વિકલ્પ એ પરભાવ પરદ્રવ્ય પુદ્‌ગલકા પરિણામ, અપના નહીં. આહાહા! શરીર તો જડ હૈ ઔર પુન્યના ભાવ ભી જડ હૈ. યે પરગુણ હૈ, અપના ગુણ હૈ (નહીં). આહાહા! ભારે ગળે ઊતરવું. નજર પડે નહીં ને નજર પડ્યા વિના એ સમજાય નહીં, એમ કહે છે જુઓ.

'प्रगटि भेद विग्यान, आपगुन परगुन जानै'. અંતરમુખ આત્મામેં દૃષ્ટિ કરતાં, અપનેમેં દૃષ્ટિ કરતે, અપના નિજગુણ કો જાને. 'મૈં તો જ્ઞાન ને દર્શન-આનંદ હૂં ઔર પરગુણ વિકલ્પ આદિ દયા, દાનકા વિકલ્પ, વહ પર હૈ'. ઐસે ભેદજ્ઞાની અપના આત્મજ્ઞાનકે બલસે ઐસા જાનતે હૈં. આરે, આરે! બધી નિશ્ચયની વાતું, અધ્યાત્મની વાતું, એમાં વ્યવહાર ક્યાંય આવતો નથી. કહે, આવ્યો ને! વ્યવહાર સે મૈં ભિન્ન હૂં, ઐસા ભાન કરના ને વ્યવહારકો છોડના ઉસકા નામ ભેદજ્ઞાન. દૃષ્ટિમેં સે વ્યવહારકો છોડના, વહ આતે હૈં કિ નહીં? આહાહા!

'प्रगटि भेद विग्यान, आपगुन परगुन जानै'. અહીંયા તો એ કહા કિ અપના રાગસે મલિનતાસે (ભિન્ન) નિર્મળ આનંદ પ્રભુ ભેદજ્ઞાન કરકે જાનનેમેં આતા હૈ, તબ અપના આપગુણકો ગુણ ઔર પરગુણકો જાનનેમેં આતા હૈ. સમજમેં આયા? 'पर परिनति परित्याग'. પીછે અપના નિજગુણ જાણે ને પરગુણ રાગાદિ ઐસે જાને. 'पर परिनति परित्याग'. પરપરિણતિકે ઉપર લક્ષ છૂટ ગયા હૈ ઔર અપના સ્વભાવમેં લક્ષ આ ગયા હૈ તો પરપરિણતિકા ત્યાગ કરે, ઐસા કહનેમેં આતા હૈ. પર પરિણતિ, દેખો, પુન્ય-પાપના ભાવકો પરપરિણતિ કહા. હૈ કે નહીં?

परद्रव्योसे आपा छोडकर शुद्ध अनुभवमें स्थिर होता है, લ્યો. 'पर परिनति परित्याग'. અપના શુદ્ધ ચૈતન્ય જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ ત્રિકાળ, ઉસમેં એકાકાર હોકર પર પરિણતિકા ત્યાગ કરે. વિકલ્પ આદિ મલિન પરિણામ મેરેમેં લાતે નહીં. આતે હૈં વહ શુદ્ધ ચૈતન્યમૂર્તિ અપની પરિણતિ આતી હૈં. ભારે! 'शुद्ध अनुभो थिति ठानै'. એ શુભ ને અશુભ વિકલ્પ જો રાગ હૈ, ઉસકો છોડકર શુદ્ધ અનુભવ (કરતે હૈં.) વહ પુન્ય-પાપકા

ભાવ તો અશુદ્ધ હૈ, મલિન હૈ. ભારે વાત ભાઈ! એને છોડીને શુદ્ધનો અનુભવ થિતિ ઠાને. શુદ્ધ અનુભવમેં સ્થિર રહે એટલે ત્યાં દૃષ્ટિમેં એકાકાર ન થાય. ભારે ક્રિયા! એવી વસ્તુ વિના જનમમરણ મટે એવા નથી, કહે છે.

આમ વાતું કર્યે કાંઈ વડા પાકે નહીં. એમ નથી કહેતા આપણે લોકમાં? સમજતે હૈં, વાતું કરે વડા ન પાકે? પંડિતજી! નહીં સમજતે હૈં. વડા નહીં કહતે હૈં, વડા નહીં હોતે હૈ? અડદકા અડદકા, વડા હોતે હૈં ને. (શ્રોતા : ઉડદના) વડા કહેવાય......આ અડદના, મગના નથી થતા? (શ્રોતા : વડા હી કહતે હૈં) વડા કહતે હૈં. તો વાતુ કરતાં વડા પાકે? (શ્રોતા : ચૂલા ઉપર હોય તો) ચૂલા ઉપર હોય, તેલ હોય, અડદ હોય ને આવડત હોય પાછી. એમને એમ લોટ મૂકે તો પાકી જાય? વડા હોતા હૈ ને, અંદર પોલું રાખે જરી. પોલું તો પાકે સરખું. એ ક્રિયા કરે તો પાકે, એમ રાગથી ભિન્ન પાડે તો આત્મા પાકે. (શ્રોતા : ક્રિયા છે ખરી). એ ક્રિયા છે. હેમચંદજી! આ માણસ કહે છે ને, આ સોનગઢનું નિશ્ચય નિશ્ચય. પણ નિશ્ચય એટલે આ સાચું. વ્યવહાર એટલે ઉપચાર ને ખોટું. આહાહા!

રસ લાગી ગ્યો. એ ગિરધરભાઈ! રસ છે. રાગનો રસ. રાગના પડદા પાછળ પ્રભુ પવિત્ર સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન બિરાજે છે, ઉસકા તરફ નજર નહીં તો મહિમા નહીં, અધિકતા રાગસે ભિન્ન ભાસતી નહીં. સમજમેં આયા? 'सुद्ध अनुभौ थिति ठानें', ત્યાં સ્થિર થાય છે. રાગાદિકો છોડકર શુદ્ધ ચૈતન્યદળમેં સ્થિરતા કરે, વહ અનુભવ. 'करि अनुभौ अभ्यास.' લ્યો, આ અભ્યાસ, શાસ્ત્રનો અભ્યાસ એ નહીં. આત્મા શુદ્ધ આનંદકા અભ્યાસ કરે અંદર. અતીન્દ્રિય આનંદરસ સ્વરૂપ અતીન્દ્રિય ઉસકા અંતરમેં અભ્યાસ એકાગ્ર કરે. 'सहज संवर परगासै', ત્યાં સ્વાભાવિક ધર્મ પ્રગટ થાય છે, પ્રગટ હોતા હૈ. અનુભવ અભ્યાસમાં સ્વાભાવિક ધર્મ પ્રકાશ હોતા હૈ, એમ કહતે હૈ. આ તે ભારે! આ બધું કરે, ઈ ક્યાં ગ્યું ત્યાં? વ્રત કરે ને અપવાસ કરે.

(શ્રોતા : સંસાર વધે.....) ઈ સંસાર માટે કરતા હશે બધા? (શ્રોતા : ઈ તો ભ્રમણા છે બધી.) પણ એને સંસાર છે કે રાગ છે, એની ખબર ક્યાં છે? આ ભક્તિ કિયા ભગવાનની, જાત્રા કિયા, વ્રત લે લિયા હો ગયા ધર્મ. ધૂળમેંય ધર્મ નહીં, સુન તો સહી! યે તો વિકલ્પ હૈ રાગ હૈ. અહીં તો કહતે હૈં કે રાગકા અભ્યાસ છોડકર ચૈતન્યકા અભ્યાસ કરે. જુઓને પૈસા માટે ને છોકરા કેટલા અભ્યાસ કરે? પરીક્ષા પરમ દિ' થવાની છે કાંઈક. ૧૦મી તારીખ. એટલા બિચારા મહેનત કરે છે. આહાહા! પણ આત્માનો અભ્યાસ માટે વખત મળતો નથી, મળતો નથી વખત. કહે, મરી જઈશ ત્યારે

મળશે હવે. (શ્રોતા : એ વખત જ જોતો નથી). એ નટુભાઈ! ઘેરો ઘાલ્યો છે ને પણ માયાએ ચારે તરફ પાછું, લ્યો.

પણ તું અંદર જ્ઞાનાનંદ સ્વરૂપ તેરી ચીજ હૈ. આહાહા! તું સુખસે ને આનંદસે ખાલી નહીં. શાંતિ ને આનંદસે ખાલી નહીં. ભગવાન તેરે ખબર નહીં. તેરી ચીજમેં ક્યા હૈ ને કૈસે પ્રાપ્ત હો, અનંતકાળમેં કંઈ કિયા નહીં. ધર્મને નામે પણ ક્રિયા કરો ને આ કરો ને પોષા કરો. કહતે હૈં, અનુભવનો અભ્યાસ કદી કર્યો નહીં. એ અનુભવ અભ્યાસ કર. ભગવાન આત્મા! યે પુન્ય-પાપકા ભાવસે રહિત, એનો અનુભવ કર. 'सहज संवर परगासैं'. સ્વાભાવિક ત્યાં ધર્મકી દશા પ્રગટ હોતી હૈ. 'आस्रव द्वार निरोधि, करमघन-तिमिर विनासै।' પુન્યને પાપની લાગણીઓ ઊઠે છે, એ વિકાર ને આસ્રવ બંધનું કારણ. ઉસકો રોકકર કર્મઘન, એ કર્મનો ઘનપિંડ અને અજ્ઞાનને વિનાસે. 'कर्मजनित महा अंधकार नष्ट करता है', એમ લખ્યું છે. કર્મઘન, એમ કહતે કર્મ જે જડ છે, ઉસસે ઉત્પન્ન હુઈ અજ્ઞાનદશા, યે તિમિર વિનાશે અંધકાર.

ચૈતન્યપ્રકાશનો પ્રભુ નૂરનું પુર આત્મા, એનો અંતર પ્રકાશમાં અનુભવમાં આવી અને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે, એને ધર્મી ને ધર્મ કહેવાય છે. આહાહા! ભારે ભાઈ ધર્મ આવો! આ બધા લાખો કરોડો માણસો હો હા કરતા હશે ને! એમાં જુવાનિયાઓને તો આ વળી શું ધર્મ હશે આવો? જેઠાભાઈ! આ શરીર—બરીર ઠીક હોય, ચામડું કંઈ રૂપાળું હોય, પૈસા બે પાંચ લાખ હોય, બે પાંચ હજારનો પગાર હોય મહિને, થઈ રહ્યું હું પહોળો ને શેરી સાંકડી. આહાહા! છોટાભાઈ! મહિને બે-ચાર હજાર રળતો હોય. રળતો, સમજાય? કમાતો હોય.

(શ્રોતા : એ તો કર્મી કહેવાય.) કર્મી-કર્મનો કરનાર, ધર્મી નથી કાંઈ, એ તો કરમનો કરનાર હૈ. લોકો એમ કહે છે ને, અમારા કુળમાં કર્મી પાક્યો, એમ કહે છે ને! કે ધર્મી પાક્યો? એમ કહે કે કર્મી પાક્યા, અમારે કનુભાઈ પાક્યા એ કનુભાઈ, મોટા જજ થયા અમદાવાદમાં. ક્યાં ગયા વાસુદેવ? અમારા કુટુંબમાં કર્મી પાક્યો. કર્મીને કરમ કરનારને? અધર્મ કરનારને? ધર્મી નહીં ને. ઓ નટુભાઈ! બાપુ તારી ચીજ કોઈ જુદી છે. આહાહા! અંદર અતીન્દ્રિય આનંદનો નાથ છે આત્મા, એની એને ખબર ક્યાં છે? જ્યાં ત્યાં ફાંફાં નાખીને અહીં સુખ છે, અહીં સુખ છે, અહીં સુખ છે. ત્યારે કહે, ધર્મી હોય એ પણ હજી તો આવું હોય ધર્મીને? હોતું નથી ભાઈ. હોય, ધર્મનો ભાન થયા છતાં એના બાયડી છોકરા રાજપાટ દેખાય, પણ અંદરમાં એનાથી ભિન્ન અનુભવ કરતો હોય છે. આહાહા! સમજાણું છે કાંઈ?

'आस्रव द्वार निरोधि, करमघन-तिमिर विनासै छय करि विभाव'. જુઓ, પાછું આવ્યું એ. શુભ અશુભ ભાવનો વિકલ્પ છે એને ક્ષય કરીને, નાશ કરકે અપના આત્માકા સ્વભાવમેં એકાગ્ર હોકર સમભાવ ભજે. શાંતિ...શાંતિ, વીતરાગતા, નિર્દોષતા આત્માનું સેવે, વીતરાગભાવને આત્મા સેવે, આ ઉસકા નામ સંવર ને ધર્મ કહતે હૈં. 'निरविकलप निज पद गहै', લ્યો. આત્મા નિર્વિકલ્પ અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનો નાથ, સનાથ છે. સુખથી સનાથ છે, દુઃખથી સનાથ નથી. એવો આત્મા અંતર્મુખ વસ્તુ એને નિર્વિકલ્પ છે એ વસ્તુ. ભેદ વિનાની રાગ વિનાની અભેદ ચીજ અંતર, એ નિજપદ. અપના નિજપદ ગહે, અપના નિજસ્વરૂપ એને ગ્રહે. આહાહા! એ આઠ વરસની બાલિકા પણ જો ધર્મ પામે તો નિજપદને ગ્રહે, એમ કહે છે. આહાહા! નિજપદ છે ને! 'समतभाव ग्रहण करता है और विकल्परहित अपना पद पाता है'. શુદ્ધ પદ ચૈતન્ય જ્ઞાનઘન, ઐસા અપના પદ ધર્મી, સમકિતી, ભેદજ્ઞાની પામતે હૈ.

'निर्मल विशुद्धि सासुत सुथिर', લ્યો આહાહા! કૈસા હૈ ભગવાન આત્મા? કૈસી પ્રાપ્તિ કરતે હૈં? અપના સ્વરૂપ સંસારની કલ્પનાસે પાર ઔર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના, ભગવાનના સ્મરણ નામ વિકલ્પ-રાગ સે ભી પાર, ઐસા નિર્મળ પ્રભુ અનુભવમેં આતે હૈં. ધર્મીકો યે નિર્મળ અનુભવમેં આતે હૈં. શુદ્ધ, અનંત, અચળ. આહાહા! પરમાત્મા પોતે શુદ્ધ આનંદસ્વરૂપ પોતાનું નિજ સ્વરૂપ હૈ, ઉસકો પ્રાપ્ત કરકે અનંત અનંત ઉસકી પર્યાયમેં ભી અનંતા હૈ. સમજમેં આયા? વસ્તુ જે છે અનંત અતીન્દ્રિય સ્વરૂપ હૈ, ઉસસે રાગ ને વિકલ્પસે ભિન્ન કરકે અનુભવમેં યે અનંતતા આનંદકી આતી હૈ, એમ કહતે હૈં. સમજાણું કાંઈ? અચળ છે, અપના નિજ સ્વરૂપથી ચળે નહીં, ઐસા હૈ. અચળ આનંદ સ્વરૂપ પર્યાય હૈ ને? પર્યાય લેની હૈ ને આંહિ તો. પરમ અતીન્દ્રિય સુખ પ્રાપ્ત કરતા હૈ, લ્યો. ઐસા પરમ અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત હો, ઉસકા નામ મુક્તિ ને ઉસકા નામ મોક્ષકા મારગ કા ફળ કહતે હૈં. ભેદજ્ઞાનકા વહ ફળ.

## છઠ્ઠા અધિકારનો સાર

પૂર્વ અધિકારમાં કહેતા આવ્યા છીએ કે મિથ્યાત્વ જ આસ્રવ છે, તેથી આસ્રવનો નિરોધ અર્થાત્ સમ્યક્ત્વ તે સંવર છે. આ સંવર–નિર્જરાનું અને અનુક્રમે મોક્ષનું કારણ છે. જ્યારે આત્મા સ્વયં બુદ્ધિથી અથવા શ્રીગુરુના ઉપદેશ આદિથી આત્મા–અનાત્માનું ભેદવિજ્ઞાન અથવા સ્વભાવ–વિભાવની ઓળખાણ કરે છે ત્યારે સમ્યગ્દર્શનગુણ પ્રગટ થાય છે. સ્વને સ્વ અને પરને પર જાણવું એનું જ નામ ભેદવિજ્ઞાન છે, એને જ સ્વપરનો વિવેક કહે છે. 'તાસુ જ્ઞાનકૌ કારન સ્વ–પર વિવેક

બખાનૌ' અર્થાત્ ભેદવિજ્ઞાન સમ્યગ્દર્શનનું કારણ છે. જેવી રીતે કપડા સાફ કરવામાં સાબુ સહાયક છે તેવી જ રીતે સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં ભેદવિજ્ઞાન સહાયક થાય છે અને જ્યારે કપડાં સાફ થઈ જાય ત્યારે સાબુનું કાંઈ કામ રહેતું નથી અને જો સાબુ હોય તો એક ભાર જ લાગે છે; તેવી જ રીતે સમ્યગ્દર્શન થયા પછી જ્યારે સ્વ–પરના વિકલ્પની આવશ્યકતા નથી રહેતી ત્યારે ભેદવિજ્ઞાન હેય જ હોય છે. ભાવ એ છે કે ભેદજ્ઞાન પ્રથમ અવસ્થામાં ઉપાદેય છે અને સમ્યગ્દર્શન નિર્મળ થયા પછી તેનું કાંઈ કામ નથી, હેય છે. ભેદ–વિજ્ઞાન જોકે હેય છે તોપણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું કારણ હોવાથી ઉપાદેય છે, તેથી સ્વગુણ અને પરગુણની ઓળખાણ કરીને પર–પરિણતિથી વિરક્ત થવું જોઈએ અને શુદ્ધ અનુભવનો અભ્યાસ કરીને સમતાભાવ ગ્રહણ કરવો જોઈએ.

पूर्व अधिकारमें कह आये हैं कि मिथ्यात्व ही आस्रव है, इसलिए आस्रवका निरोध अर्थात् सम्यक्त्व संवर है। यह संवर निर्जराका और अनुक्रमसे मोक्षका कारण है। जब आत्मा स्वयंबुद्धिसे अथवा श्रीगुरुके उपदेश आदिसे आत्मअनात्मका भेदविज्ञान अथवा स्वभाव-विभावकी पहिचान करता है तब सम्यग्दर्शन गुण प्रगट होता है। स्वको स्व और परको पर जानना इसीका नाम भेदविज्ञान है, इसीको स्व-पर विवेक कहते हैं। 'तासु ज्ञानकौ कारन स्व-पर विवेक बखानौ'की उक्तिसे भेदविज्ञान सम्यग्दर्शनका कारण है। जिस प्रकार कपड़ा साफ करनेमें साबु सहायक है उसी प्रकार सम्यग्दर्शनकी उत्पत्तिमें भेदविज्ञान सहायक होता है और जब कपड़े साफ हो जावे तब साबुनका कुछ काम नहीं रहता और यदि साबुन हो तो एक बोझ ही होता है; उसी प्रकार सम्यग्दर्शन हुए पीछे जब स्व-परके विकल्पकी आवश्यकता नहीं रहती तब भेदविज्ञान हेय ही होता है। भाव यह है कि भेदज्ञान प्रथम अवस्थामें उपादेय है और सम्यग्दर्शन निर्मल हुए पीछे उसका कुछ काम नहीं है, हेय है। भेदविज्ञान यद्यपि हेय है तो भी सम्यग्दर्शनकी प्राप्तिका कारण होनेसे उपादेय है, इसलिए स्वगुण और परगुणकी परख करके परपरिणतिसे विरक्त होना चाहिये और शुद्ध अनुभवका अभ्यास करके समताभाव ग्रहण करना चाहिए।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

છટ્ઠે અધિકારનો સાર. સાર છે ને સાર. 'पूर्व अधिकारमें कहा है कि मिथ्यात्व ही आस्रव है'. પોકાર કરે છે. આ જગતમાં પુન્યના પરિણામસે ધર્મ હોતા હૈ, રાગકી ક્રિયાસે ધર્મ હોતા હૈ, શરીર કી ક્રિયા 'મૈં' કર સકતા હૂં, પરસે મેરેકો કુછ લાભ હોતા હૈ', ઐસા

જો મિથ્યાતભાવ વહ હી અધર્મ ને આસ્રવ હૈ. આસ્રવ નામ બંધકા કારણ હૈ. જુઓ અહીં તો મિથ્યાત્વને જ આસ્રવ કહ્યો. પીછે રાગ-દ્વેષકા પરિણામ થોડા રહતે હૈં, પણ ભિન્ન હૈ માટે ઉસકો મુખ્યાશ્રવ માનતે નહીં. ક્યા કહતે હૈં? પૂર્વ અધિકારમેં કહા હી હૈ કે મિથ્યાત્વ હી આસ્રવ હૈ. સંવરકા અધિકાર હૈ ને. તો આસ્રવ કા અધિકાર આ ગયા પહેલે.

વિપરીત માન્યતા વહ હી સંસાર ને આસ્રવ ને મેલ હૈ. એક અંશ પણ રાગ ને પુન્યકો અપના માનના, યે મિથ્યાત્ હી આસ્રવ ને બંધકા કારણ હૈ. માથું ઊંચું કર્યું નથી કોઈ દિ' એણે, ક્યા ચીજ હૈ ને ક્યા મૈં હૂઁ? ક્યા કરતા હૂઁ? એ તો ઓઘે ઓઘે કૂટે. અનાદિથી ધર્મને નામે કરે ક્રિયા પુન્યની ને માને ધર્મ. આહાહા! કહતે હૈં, મિથ્યાત હી આસ્રવ હી એમ લિયા, દેખો. એટલું બધું જોર! ભગવાન પૂર્ણાનંદકા નાથ આત્મા. અનંત જ્ઞાનકા સ્વભાવકા ભંડાર આત્મા, ઉસકો અલ્પજ્ઞ માનના, રાગસહિત માનના, દ્વેષ સહિત માનના, કર્મ સહિત માનના, પર સહિત માનના એ મિથ્યાત્. અપના રહિત માનના એ ઉસસે સહિત માનના. સમજમેં આયા? ઉસકા નામ મિથ્યાત્વ. મિથ્યાત્વ નામ મહા ઘોર પાપ. અહીંયા ભગવાન એમ કહતે હૈં કે આ જગતમેં મિથ્યાત્ હી બડા પાપ હૈં. અપના નિજ સ્વરૂપ શુદ્ધ આનંદકંદકો ભૂલકર દેહ, વાણી, મન મેરા હૈ ને વહ ક્રિયા મૈં કરતા હૂં જડકી ઔર મેરેમેં જો શુભ અશુભ ભાવ હોતા હૈ પુન્ય-પાપ, 'યે મેરા હૈ ઔર મેરે લાભદાયક હૈ', ઐસા મિથ્યાત્ભાવ ઘોર પાપ હૈ. આહાહા! ભારે! જે નથી તેરા, ઉસકો તેરા માનના, વહ હી વિપરીત મિથ્યાત મહા ઘોર અંધકાર પાપ હૈ. મિથ્યાત્વ હી આસ્રવ હૈ.

'इसलिये आस्रवका निरोध ही सम्यक्त्व संवर है', એમ કહેવું છે ને! આહાહા! એ મિથ્યાત્ વિપરીત માન્યતા. અપના નિજ સ્વરૂપ જ્ઞાનાનંદ, જ્ઞાન ને આનંદકા ધામ જો હોય તો એ આત્મા હૈ. આનંદ ને જ્ઞાન દૂસરેમેં હૈ નહીં. ઐસા જ્ઞાન ને આનંદકા ભગવાન આત્મા, ઉસકો છોડકર કંઈ પણ પુન્ય-પાપકે ભાવમેં ઠીક હૈ—મગ્ન હૈ, ઐસી માન્યતા મહા ઘોર મિથ્યાત્વ સંસાર હૈ ઔર વહ મિથ્યાતકા રોકના વહ ધર્મ ને સંવર હૈ. આહાહા! સમજમેં આયા? સુખ તો મેરેમેં હૈ, મેરા સુખ મેરેસે દૂર ન હો. દૂરકી ચીજમેં મેરા સુખ હૈ હી નહીં. ભારે ગળે ઊતરવું કઠણ! મલુકચંદભાઈ! આ બધા પૈસાવાળા. જુઓને, તમારા છોકરાના કેટલા વખાણ કરે માળા. એટલા બધા પૈસા હશે, કરોડો હશે તો કોક દિ' ધર્મ કરશે. ધૂળેય નથી ધર્મ! ધર્મ કે દિ' પૈસાવાળાને?

પૈસાવાળા, એ કહેવું એ માન્યતા જ મિથ્યાત્વ છે. પૈસો એટલે જડ. જડવાળો આત્મા? શાંતિભાઈ! શું હશે આ? આત્મા તો આનંદ ને જ્ઞાનવાળો સ્વરૂપ ભગવાન

આત્મા છે. ઉસકો પૈસાવાળા માનના, એ મૂઢ ને પાપ હૈ બડા ઘોર પાપ હૈ. ભારે વાત ભાઈ! એ પાપકી તો ખબર નહીં અને કોઈ હિંસા કરે ને જૂઠું બહારમાં બોલે, યે પાપ હૈ. અરે સાંભળને હવે! બહારના જૂઠાણાની તો. અંતરના સત્‌ને અસત્ માનવું, માનના વહ બડા પાપ હૈ. ઉસકો રોકના વહ બડા ધર્મ હૈ. વિપરીત અભિપ્રાય છોડકર અવિપરીત અભિપ્રાય સત્ સમ્યક્દર્શન અંતર સ્વરૂપકી રુચી અનુભવમેં પ્રગટ કરના, વહ હી સંવર હૈ. સંવર નામ અધર્મકો રોકતે હૈ ને ધર્મ હોતા હૈ. બાકી બહારસે ક્રિયાકાંડસે ઐસા કરે ને ફૈસા કરે ધર્મ હોતા હૈ, ધૂળમેં ય ધર્મ નહીં! પાંચ દસ લાખની પૂંજી હોય ને બે લાખ ખરચ ડાલે, ધર્મ હો ગયા. લોકો કહેનાર હોય ને દસ લાખ હોય ને બે લાખ ખરચે, ઓહોહો! એ સેઠી! ધૂળમેંય ધર્મ નહીં.

અને પૈસા મિલા યે હમારા પ્રયત્નસે મિલા હૈ. હમ વ્યવસ્થા વિચિક્ષણ હૈ તો પૈસા હમકો મિલતે હૈં. મૂઢ હૈ, પાપી હૈ. આહાહા! સમજમેં આયા? એ હીરાભાઈ! ભારે આકરું કામ! ડાહ્યા નહીં તો તમારા બાપા પાસે આટલા પૈસા નહોતા, લ્યો! આ લોકો વાતું કરે. આહાહા! અરે, ઈ તો બહારના પૈસા ધૂળ મિલના વહ તો પૂર્વકી કર્મકા રજકણ હોય તો આતી હૈ, તેરે ક્યા આયા ઉસમેં? વહ તો જડમેં રહા હૈ પૈસા. પૈસા જડ હોકર રહા હૈ. તેરા હોકર રહા હૈ? તો મૂઢ માનતે હૈ કિ મૈં પૈસાવાળા હૂં, વહ હી મૂઢ મિથ્યાત્વી અજ્ઞાની હૈ. ભારે વાત છે ભાઈ આ તો! દરબાર કહતે હૈં કિ માળે પૈસાવાળાને ધોકા પડે છે. (શ્રોતા : આંહી પૈસાવાળો છે જ ક્યાં? તે ધોકા એને પડે) આંહી તો કહતે હૈં, જો પરવસ્તુ પરરૂપે હૈ અને સ્વવસ્તુ સ્વરૂપે હૈ. તો પરકો અપના માનના મહા મિથ્યાત્વભાવ હૈ. એ અપના સ્વરૂપકો જાનકર, પરકો પર જાનકર છોડ દે દૃષ્ટિમેંસે, દૃષ્ટિમેંસે હોં. તો ઉસમેં ધર્મ હોતા હૈ ને સંવર હોતા હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચનના

છ ભાગના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશી

**રૂા. ૧૦૦૦૦૦=૦૦**

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દિગંબર જૈન દિવાળી યાત્રા ગ્રુપ

**રૂા. ૫૧૦૦૦=૦૦**

શ્રી અંજુબેન માણેકલાલ (કૌશિકભાઈ), મુલુંડ

ડૉ. લીનાબેન અનિલકુમાર મોદી, પાર્લા

શ્રી ઈવેટ મીલન શાહ, એન્ટવર્પ

**રૂા. ૧૫૦૦૦=૦૦**

શ્રી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર

**રૂા. ૧૧૦૦૦=૦૦**

શ્રી ધીરજબેન દાદભાવાળા

શ્રી રંજનબેન શાહ

શ્રી મંજુલાબેન ગાલા

ડૉ. હીરાબેન સી. શાહ

શ્રી પ્રસન્નભાઈ બ્રોકર

શ્રી મંજુલાબેન કિશોરભાઈ ગોપાણી

શ્રી વિપુલભાઈ ભરવાડા

શ્રી સરોજબેન

શ્રી કનકબેન અનંતરાય શેઠ પરિવાર

શ્રી ચંદ્રાબેન મધુભાઈ શાહ પરિવાર

શ્રી જયાબેન જયંતીલાલ દોશી પરિવાર

શ્રી મીરા અનીલભાઈ શાહ, મસ્કત

શ્રી છગનલાલ કાલીદાસ વાઘર પરિવાર

શ્રી એક મુમુક્ષુબેન

**રૂા. ૭૫૦૦=૦૦**

શ્રી નીતાબેન મધુભાઈ દોશી પરિવાર

**રૂા. ૫૦૦૦=૦૦**

શ્રી દક્ષાબેન બાબુલાલ ગાંધી

શ્રી ચંદ્રમણિબેન મણિયાર

શ્રી સંધ્યાબેન શૈલેષભાઈ લોડાયા (ઘાટકોપર)

શ્રી ઉષાબેન કીર્તિભાઈ કોઠારી

શ્રી દેવાંગ

શ્રી મમતાબેન ભાવીન શાહ

શ્રી હસમુખભાઈ વસાણી

શ્રી કસુંબાબેન અમૃતલાલ શેઠ, હ. સુધાબેન રજનીકાંત શેઠ

શ્રી હીરાબેન મણિલાલ શાહ

શ્રી દિવાળીબેન ભાણજીભાઈ ગડા

શ્રી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ

શ્રી લાભુબેન મનુભાઈ કામદાર, પરિવાર

શ્રી કનકબેન કે. શાહ, કે. કે. શાહ

શ્રી મીતાબેન નીતિનભાઈ ઉદાણી

શ્રી ચંદ્રાબેન

શ્રી ઈન્દુબેન એમ. શાહ

શ્રી રૂપાબેન બ્રોકર

શ્રી નયનાબેન સંઘવી

શ્રી કોકીલાબેન નલીનભાઈ શાહ

### રૂા. ૫૦૦૦=૦૦

શ્રી રજનીભાઈ શાહ

શ્રી ધનલક્ષ્મીબેન પ્રાણલાલ કામદાર પરિવાર

શ્રી લીનાબેન સંઘવી

શ્રી તરુબેન વી. શાહ

શ્રી ઈન્દુબેન જસવંતભાઈ મહેતા

શ્રી કાંતાબેન માસ્તર,
હ. મધુરીબેન નંદુ, સોનગઢ

શ્રી વસુમતી બાબુલાલ મોદી

શ્રી સેજલબેન મહેતા

શ્રી મીતેશ જે. મહેતા

શ્રી ઈન્દુભાઈ પીપલીયા, હ. મહેન્દ્ર પીપલીયા,
મનીષ પીપલીયા

શ્રી લક્ષ્મીબેન સાવલા

### રૂા. ૩૦૦૦=૦૦

શ્રી ઝરણા કેતન શાહ

શ્રી બેલા કેતન દફતરી

શ્રી જ્યોતિબેન પ્રવીણભાઈ મહેતા

શ્રી હર્ષાબેન જનકભાઈ ટીમ્બડીયા

શ્રી ઈન્દિરા ધીરજલાલ શાહ

શ્રી નીકિતા ઋષભ મહેતા

### રૂા. ૨૫૦૦=૦૦

શ્રી ચંદ્રકાંતભાઈ કે. શાહ

શ્રી રંજનબેન પ્રવીણભાઈ અજમેરા

શ્રી બચુભાઈ પારેખ

શ્રી શાંતાબેન કે. શાહ

શ્રી રૂપાબેન કિરીટભાઈ જોબાળિયા

શ્રી પ્રતીભાબેન છેડા

શ્રી પૂર્ણિમાબેન રોહિત માલીયા

શ્રી ભારતીબેન સાવલા

શ્રી રસિલાબેન આર. કે. શાહ

### રૂા. ૨૧૦૦=૦૦

શ્રી પ્રીતિબેન સંજીવભાઈ કોઠારી

### રૂા. ૧૧૦૦=૦૦

શ્રી કુંદનબેન ધીમંતભાઈ શેઠ

શ્રી ભાનુબેન સૂર્યકાંત કામદાર

### રૂા. ૧૦૦૦=૦૦

શ્રી કલ્પના ઉદય ગોસલીયા

શ્રી દેવીબેન નીતિનભાઈ અજમેરા

શ્રી રીદ્ધિ ઋષભ વોરા

શ્રી અંકિતા કિરણ દેસાઈ

### રૂા. ૫૦૦=૦૦

ડૉ. દીપક શેઠ

શ્રી નલીની મિલન સંઘવી

શ્રી ભારતીબેન દિ. દોશી

શ્રી અંશ દેવેન દોશી

શ્રી અર્હન કૈનેશ શાહ

શ્રી પૂનમ પરાગ દેસાઈ

શ્રી હર્ષાબેન શાહ



**શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર**
**(વિલે પાર્લા) મુંબઈ**